જૂનો કરાર તેની રચના તથા તેનો સંદેશો



લેખક : રેવ. ડો. જ્યોર્જ વિલ્સન, ડી.ડી.

9BGJ2

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

CHELTENHAM PA 19012-2709

જૂનો કરાર
તેની રચના
તથા તેનો સંદેશો

લેખકઃ રેવ. ડો. જ્યોર્જ વિલ્સન, ડી.ડી.

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન,
એલિસબ્રીજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬.

❖ પુસ્તકનું નામ : જૂનો કરાર તેની રચના તથા તેનો સંદેશો

❖ પ્રકાશક : ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન,
એલિસબ્રિજ, અમદાવાદ - ૬.

❖ પ્રથમ આવૃત્તિ : ૧૯૪૮

❖ દ્વિતિય આવૃત્તિ : મે - ૨૦૦૦

❖ પ્રત : ૧૧૦૦

❖ કિંમત : રૂા. ૬૫-૦૦

❖ મુદ્રક : સ્કીન ડોટ પ્રિન્ટર્સ
૪, દિવ્યવસુંધરા કોમ્પલેક્ષ,
મિરઝાપુર કોર્ટ સામે,
મિરઝાપુર, અમદાવાદ - ૧.
ફોન : ૫૬૨ ૩૭ ૬૧

પ્રકાશકનાં બે બોલ

આ મિલેનિયમ વર્ષ યાદગાર બની રહે તે માટે વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન વિવિધ સ્તરે કરવામાં આવ્યું છે. બાઇબલ, પુસ્તક તરીકે છપાઇને આપણાં હાથમાં મૂકવામાં આવે તેમાં જર્મનીના ગુટનબર્ગનો ફાળો અગ્રગણ્ય રહ્યો છે. આ વર્ષે તેમની ૬૦૦મી જન્મજયંતિ આવી રહી છે કે જેણે મુદ્રણકળાની શોધ કરી અને સૌથી પ્રથમ પુસ્તક 'બાઇબલ' છાપવામાં આવ્યું.

આ મૂલ્યવાન વારસાને જાળવવા માટે બાઇબલની અનેક આવૃત્તિઓ વિવિધ ભાષામાં પ્રગટ કરવામાં આવી. તેની સાથે સાથે બાઇબલની સમજૂતી આપતા પુસ્તકો વિશાળ સંખ્યામાં પ્રગટ થતાં રહ્યા છે.

આ દિશામાં 'જૂનો કરાર, તેની રચના તથા સંદેશો' સરળ ભાષામાં ઇશ્વર વિદ્યાશાળાના વિદ્યાર્થીઓ ઉપરાંત સામાન્ય વાચક પણ સમજી શકે તે પ્રકારનું પુસ્તક ડો. રેવ. જી. વિલ્સન સાહેબે ૫૦ વર્ષ પહેલા તૈયાર કર્યું હતું, જે આઇ.પી.મિશન પ્રેસ, સુરતમાં છાપવામાં આવ્યું હતું. બાઇબલ અભ્યાસ માટે ઉપયોગી થાય એવા પુસ્તકની જરૂરિયાત લાંબા સમયથી ઊભી થઇ હતી. અને નવો કરાર અને તેનો સંદેશો સમજવા માટે જૂના કરારની રચના અને સંદેશાને સમજવું અનિવાર્ય છે.

છેલ્લા કેટલાંક સમયથી ગુજરાતના ચોક્કસ વિસ્તારોમાં ખ્રિસ્તી મંડળીની વૃદ્ધિ થઇ રહી છે. તેમજ શહેરની મંડળીઓમાં પણ એવો એક વર્ગ ઊભો થયો છે કે, જેઓ બાઇબલ શિક્ષણને ગંભીરતાથી લે છે. તે બાબતને લક્ષમાં રાખી ડો. વિલ્સન સાહેબના પુસ્તકને પુનઃમુદ્રિત કરવામાં આવ્યું છે. અનિવાર્ય

જણાય ત્યાં ભાષાકીય ફેરફારો કરવામાં આવ્યા છે. પણ પુસ્તકનો મૂળભૂત સંદેશો અને હેતુ જે નવી પેઢી માટે પણ આવશ્યક છે, તેની અર્થપૂર્ણ રજૂઆત જાળવી રાખવામાં આવી છે.

અમને એ ખાતરી છે કે 'જૂનો કરાર, તેની રચના તથા સંદેશો' આપણા લોકોને તેમના ખ્રિસ્તી વિશ્વાસમાં મજબૂત કરવામાં બહુમૂલ્ય ફાળો આપશે તેવી અમારી ખાતરી છે.

આ પુસ્તકના પ્રકાશનને માટે અમેરિકાના ડો.સેસીલ દેસાઇના માતા-પિતા સ્વ. ડૉ. ફ્રેન્કલીન દેસાઈ અને સ્વ. શ્રીમતી મુક્તાબહેન ફ્રેન્કલીન દેસાઈના સ્મરણાર્થે રૂા. ૧૦,૦૦૦/- તેમજ શ્રીમતી રવિનાબહેન સેસીલ દેસાઈના માતા-પિતા સ્વ.કાલ્વીનભાઇ શાહ તથા સ્વ. મણિબહેન કાલ્વીનભાઇ શાહના સ્મરણાર્થે રૂા. ૧૦,૦૦૦/- એમ કુલ રૂા.૨૦,૦૦૦/- નાં ઉદાર દાન પ્રાપ્ત થયા છે, તે બદલ તમામ સ્નેહીજનોનો હૃદયના ઊંડાણથી આભાર માનીએ છીએ, અને એ બાબતની નોંધ લઇએ છીએ કે, દાતા મિત્રો પ્રિ. ભગવતપ્રસાદ ચૌહાણ સાહેબના કુટુંબીજનો જ છે, કે જેઓએ ખ્રિસ્તી સાહિત્ય પ્રકાશન માટેની પ્રેરણા પ્રિ. ભગવતપ્રસાદ ચૌહાણ સાહેબ પાસેથી મેળવી હતી તે તેમણે જાળવી રાખી છે. અને ટ્રાક્ટ સોસાયટીના વિવિધ સેવા અને પ્રોજેક્ટ માટે ઉદાર દાનો આપ્યા છે.

આ પુસ્તક સૌને માટે આશીર્વાદનું કારણ બને તે પ્રાર્થના સહ.

રેવ.નિકોલસ પરમાર
સેક્રેટરી
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

ઇસ્ટર-૨૦૦૦

સ્વ. સુબેદાર કાલવિન રણછોડભાઇની જીવન ઝરમર

"યહોવાની દૃષ્ટિમાં તેના ભક્તોનું મરણ કીમતી છે"



શ્રી. કાલવિન રણછોડભાઈનો જન્મ પિતા શેઠ રણછોડદાસ ભગવાનદાસ અને માતા નાથીબહેન રણછોડદાસનાં ઘરે તા.૨૪-૧૦-૧૯૧૦ નાં રોજ મુક્તિપુર કોલોનીમાં થયો હતો. શેઠ રણછોડદાસ અને નાથીબહેનનાં દામ્પત્ય જીવનમાં ઈશ્વરે તેમને છ દીકરા અને ત્રણ દીકરીઓનું દાન આપેલું હતું તે પૈકીનાં કાલવિનભાઈ તેમનાં ચોથા નંબરનાં પુત્ર હતા. તેમના બધાં જ બાળકોનો ધાર્મિક સંસ્કાર આપીને ઉછેર કરવામાં આવ્યો હતો. જેથી તેમણે નાનપણથી જ ધાર્મિકતા અને નમ્રતા ગ્રહણ કરી હતી. કાલવિનભાઈ ધાર્મિક અને ઉત્સાહી હોવાને કારણે તેમને સૌ પ્રથમ મુક્તિપુર પલટણનાં કોરકડેટ ગાર્ડીયન્સ તેમજ સુબેદારની સનદ આપવામાં આવી હતી.

પાછલા છેલ્લા સમયમાં તેમની તબિયત સારી રહેતી નહોતી. જેથી તેમણે તેમનાં બાળકોને સ્વદેશ બોલાવ્યાં અને તે પોતાનાં બાળકોને મળ્યાં અને તેમના બાળકોની સાથે આનંદ કર્યો, અને ઈશ્વરપિતાના તેડાને આધીન થવાની તૈયારી બતાવીને તેમણે તેમના પુત્રને તેમની છેલ્લી ઈચ્છા પૂર્ણ કરવા જણાવતાં કહ્યું કે, જ્યારે મારું મૃત્યુ થાય ત્યારે મને મારો લાલકોટ પહેરાવીને જ આ ઘરમાંથી વિદાય

આપજો અને મને તમારી માની પાસે જ દફનાવજો. ત્યારબાદ પોતાના દીકરાના હાથે છેલ્લું પાણી પીને, બે હાથ જોડીને છેલ્લા પ્રણામ સાથે જીવનની સંધ્યાને ઈશ્વરના હાથોમાં સોંપી દઈ તા.૧૧-૧૨-૯૭ના રોજ સાંજના પાંચ વાગે આ વિશાળ દુનિયામાં પોતાનાં બાળકોને તથા પૌત્રો પૌત્રીઓને વિલાપ કરતાં મૂકી "સારા તથા વિશ્વાસુ ચાકર" ની યાત્રાએ જવા ચાલી નીકળ્યા. આ પૃથ્વી પરની તેમની મુસાફરી પૂરી થઈ છે. પરંતુ તેમનાં સંસ્મરણો ચિરસ્મરણિય રહેશે. તેમનું પ્રિય ગીત આ હતું.

જો કે ભૂલો પડું સૂરજ ડૂબાય
ચોફેર થાય અંધારૂં શીલા સુવાય
ત્યારે એજ ગવાશે લાવ મને તુજ
પાસે લાવ અને તુજ પાસે વધુ પાસે.

સ્વ. મણિબહેનનો જન્મ ભરૂચ જિલ્લાના મોરતલાવ ગામે તા. ૧૬-૧૧-૧૯૧૧ ના રોજ થયો હતો. માતા કૃપાબહેન (લવીન્યાબહેન) પિતા તુલસીદાસ વિશ્રામભાઈ ક્રિશ્ચિયનનું તેઓ પ્રથમ સંતાન હતાં. તેમનું લગ્ન ૨૫ વર્ષની ઉંમરે અમદાવાદ જિલ્લાના સાલ્વેશન આર્મીના પરા મુક્તિપુરાના શેઠ રણછોડદાસના સુપુત્ર કાલવિનભાઈ સાથે થયા હતાં. તેઓ ૩૭ વર્ષનું લાંબુ દાંપત્ય જીવન જીવ્યા.

તેમના દાંપત્યજીવનમાં એક પુત્ર અને ત્રણ પુત્રીઓનું દાન ઈશ્વરપિતાએ આપ્યું. બધાં બાળકો યુ.એસ.એ.માં સ્થાયી થયાં છે. નાની દીકરી રવિનાના લગ્ન ડૉ. ફ્રેન્કલીન દેસાઈના સુપુત્ર ડૉ. સેસીલ દેસાઈ સાથે થયા. ડૉક્ટર ચાઈલ્ડ સ્પેશીયાલીસ્ટ છે. યુ.એસ.એ.માં પોતાનું નર્સિંગહોમ ધરાવે છે.

બંને ધર્મપરાયણ અને કર્તવ્યનિષ્ઠ હોવાને કારણે તેમના બાળકોનો ઉછેર પણ વ્યવસ્થિત થવાને કારણે, આજે માતાપિતા તેમજ ઈશ્વરપિતાને માન મહિમા મળે એવું ઉત્તમ પ્રકારનું જીવન પરદેશમાં જીવે છે. તા. ૧૩-૨-૧૯૭૨ના રોજ વિશાળ પરિવારને મૂકી પ્રભુની ગોદમાં સદાના વિસામો લેવા પહોંચી ગયા.

તેમના દીકરી રવિનાબહેન તરફથી તેમના માતપિતાના સ્મરણાર્થે આ પુસ્તકના પ્રકાશન માટે રૂા. ૧૦,૦૦૦/- નું ઉદાર દાન મળ્યું છે જેની આભાર સાથે નોંધ લઈએ છીએ.

સ્વ. ડૉ. ફ્રેન્કલીન દેસાઈ તેમ જ સ્વ. મુક્તાબહેન દેસાઈ

"યહોવાની દૃષ્ટિમાં તેના ભક્તોનું મરણ કીમતી છે"

સ્વ. ડૉ. ફ્રેન્કલીન દેસાઈ તે મેથોડિસ્ટ ચર્ચના આગેવાન શ્રી મગનભાઈ દેસાઈના પુત્ર હતા. ધાર્મિક કુટુંબમાં જન્મી સ્વબળે આગળ વધી તે ડૉક્ટર બન્યા. રેવ. રણછોડભાઈ ભગવાનભાઈના પુત્રી સ્વ. મુક્તાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. આણંદની એમરી હોસ્પિટલમાં અને ત્યારબાદ પોતાની સ્વતંત્ર ડિસ્પેન્સરીમાં વર્ષો સુધી સેવા આપી. સુવાર્તા પ્રચારમાં ખૂબ રસ ધરાવનાર ડૉ. ફ્રેન્કલીન દેસાઈએ વર્ષો સુધી આણંદ મંડળીમાં વડીલ તરીકે તેમજ ક્વાયરના સભ્ય તરીકે અવિસ્મરણીય સેવા આપી. ડૉ. ફ્રેન્કલીન દેસાઈના પુત્ર ડૉ. સેસીલ દેસાઈ (ટેકસાસ) અને તેમના પત્ની રવિનાબહેન તરફથી તેમના માતા-પિતાશ્રીની સ્નેહસ્મૃતિમાં બહાર પડતાં આ પુસ્તકના પ્રકાશન માટે રૂા. ૧૦,૦૦૦/- નું ઉદાર દાન મળ્યું છે, જેની આભાર સાથે નોંધ લઈએ છીએ.

ઉપોદ્‌ઘાત

"આખું શાસ્ત્ર (=જૂનો કરાર) ઈશ્વરદત્ત છે, અને બોધ, નિષેધ, સુધારા તથા ન્યાયીપણાના શિક્ષણને સારુ ઉપયોગી છે" (૨ તી. ૩;૧૬), એવા વિશ્વાસને ધોરણે આ પુસ્તક રચવામાં આવ્યું છે. તેના નામ ઉપરથી તે લખવાનું ધ્યેય સૂચવાય છે, અને મારી આશા છે કે તેનો અભ્યાસ કરવાથી વાચકવર્ગને નીચેની ત્રણ વાત સ્પષ્ટ રીતે સમજાશે :-

(૧) ઇતિહાસ, નિયમશાસ્ત્ર, ભજનક્રિયાઓ તથા નીતિશિક્ષણનાં જુદાં જુદાં સ્વરૂપમાં જૂના કરારની રચના રફતે રફતે થતી ગઈ;

(૨) રફતે રફતે ઈશ્વર પોતાને હેબ્રી લોકને ઓળખાવતો ગયો, તેમ જ માનવજાત સંબંધી પોતાનો મનોરથ તે રફતે રફતે પ્રગટ કરતો ગયો;

(૩) એ સર્વની મારફતે આવનાર મસીહ (=ખ્રિસ્ત) કે જેનામાં નિયમશાસ્ત્ર, પ્રબોધકનાં વચન તથા ગીતશાસ્ત્રમાં ગર્ભિત રહેલો દરેક શબ્દ સંપૂર્ણ થએલો છે, તેને માટે ઈશ્વર એક માર્ગ તૈયાર કરતો હતો. "ઇસ્ત્રાએલની અભિલાષા" નો (૫૨.૧૪;૮) ધીરે ધીરે થતો વિકાસ-એ જ આ પુસ્તકનો મુખ્ય વિષય છે.

પ્રભુ ઈસુ પુત્ર હોવા છતાં દુઃખસહનદ્વારા આજ્ઞાપાલન શીખ્યો, અને દુઃખસહનદ્વારા તારણના સરદાર તરીકે તેને પરિપૂર્ણ કરવામાં આવ્યો, એવું નવા કરારમાં જણાવેલું છે (હેબ્ર. ૨;૧૦: ૫;૮). દુઃખસહનની શાળામાં ઇસ્ત્રાએલીઓને પણ કેળવવામાં આવ્યા, અને સંકટરૂપી ભઠ્ઠીમાં શુદ્ધ કરાએલા પોતાના સેવકોને ઈશ્વરે પોતા વિષેનાં સહુથી મહત્વનાં સત્યો પ્રગટ કર્યા. એવું જૂના કરારમાં શીખવેલું છે. આવી જ રીતે કેળવાએલો ઇસ્ત્રાએલ દુનિયાનો ધર્મશિક્ષક બની ગયો, અને સમય પૂરો થયે તે પ્રજામાંથી જગદુદ્ધારક પ્રભુ ઈસુ પણ ઊભો થયો. સંકટથી શુદ્ધ કરાએલી ખ્રિસ્તી મંડળીની મારફતે ઈશ્વરે પોતાનાં સહુથી મહાન સેવાકાર્યો કરાવ્યાં છે, અને હજુ પણ કરાવશે.

જૂના કરારની રચનાનો ખુલાસો કરવામાં મેં હેબ્રી નિયમગણની ગોઠવણી પ્રમાણે તેનાં પુસ્તકોની ગોઠવણ રાખેલી છે, કેમ કે તેનું અનુકરણ કરવાથી ઉપરોક્ત વાતોનું વધારે સારું સ્પષ્ટીકરણ થાય એમ છે.

આ કાર્યમાં મને મદદ તથા ઉત્તેજન આપનાર ઘણા મિત્રોનો હું ઋણી છું. પણ જે મદદગારોનો હું ખાસ આભાર માનવા બંધાએલો છું, તેઓનાં નામ નીચે પ્રમાણે છે :-

રેવ.હિંમતલાલ આશીર્વાદભાઇ, મુંબઇ, કે જેઓએ મારા હસ્તલેખનો ઘણોખરો ભાગ વાંચીને તેમાં જોઇતો સુધારો કર્યો :

વડીલ ધીરજલાલ આશીર્વાદભાઇ, રાજકોટ, કે જેઓએ મારા હસ્તલેખની અથેતિ શુદ્ધ નકલ કરી;

રેવ.આર.એસ.ડિકી સાહેબ, રાજકોટ, કે જેઓએ પૂરેપૂરો હસ્તલેખ વાંચીને તેમાં જાતજાતનો સુધારો કરવાની કીમતી સૂચનાઓ કરી; અને

મિ.મોરાર ડુંગરભાઇ, સૂરત મિશન છાપખાનાના "પ્રૂફ રીડર," કે જેઓએ પુસ્તક છાપતી વેળા તેની શૈલી સુધારવામાં તથા તેમાં રહેલી ભૂલો કાઢવામાં અતિશય શ્રમ ઊઠાવ્યો છે.

વળી મિશન પ્રેસના સુપરિન્ટેન્ડેન્ટ મહે. બ્રોલી સાહેબનો તેમ જ પ્રેસના સ્ટાફનો આભાર માનું છું કે જેઓએ આ પુસ્તક છાપવાની પૂરતી સગવડ કરી આપી છે. એ સર્વ મિત્રોનો આભાર માનતાં હું કૃતાર્થ થાઉં છું.

મદદગારો તો ઘણા હતા ખરા, તોપણ જે જે ખામીઓ હજુ પુસ્તકમાં રહેલી છે, તેમની તેમ જ પુસ્તકમાં સમાએલા બોધની સર્વ જવાબદારી મારે શિર છે. પુસ્તક ઘણી બાબતે અપૂર્ણ દેખાય છે, છતાં જેઓ તેનું અધ્યયન કરે, તેઓને જૂના કરારનો અભ્યાસ કરવામાં વધુ આનંદ પ્રાપ્ત થશે, તેમ જ તે દ્વારા તેઓને ઇસુ, કે જેણે જૂના કરાર વિષે કહ્યું છે, કે "મારા વિષે શાહેદી આપનાર એ જ છે," તેના મહિમાનું નવું દર્શન થશે, એવી મારી આશા તથા પ્રાર્થના છે.

પ્રમાણ તરીકે જે વાક્યોની નોંધ કરેલી છે, તે પર હું વાચકોનું ધ્યાન ખેંચવાની રજા લઉં છું.

(RVm = બાઇબલની સુધારેલી અંગ્રેજી આવૃત્તિના હાંસિયામાં સૂચવાએલો જુદો તરજુમો).

રાજકોટ : ૧૫-૭-૧૯૪૮. G.W.

અનુક્રમણિકા

પૃષ્ઠ-૧

પ્રસ્તાવના : (૧) જૂના કરારનો સંદેશો ૧

(૨) હેબ્રી શાસ્ત્રનો નિયમગણ ૮

ભાગ ૧લો : પંચગ્રંથ-પ્રસ્તાવના ૧૭

૧ (૧) ઉત્પત્તિ ૩૫

૨ (૨) નિર્ગમન ૫૩

૩ (૩) લેવીય ૮૯

૪ (૪) ગણના ૧૧૩

૫ (૫) પુનર્નિયમ ૧૩૩

ભાગ ૨જો : આગલા પ્રબોધકો :- ૧૫૨

(૧) યહોશુઆ ૧૫૨

(૨) ન્યાયાધીશો ૧૫૯

(૩) ૧લો ને ૨જો શમૂએલ ૧૬૮

(૪) ૧લો ને ૨જો રાજાઓ ૧૮૯

ભાગ ૩જો : પાછળના પ્રબોધકો : સામાન્ય વ્યાખ્યાન ૨૧૭

(૧) આમોસ ૨૩૯

(૨) હોશીઆ ૨૪૭

(૩) યશાયા (૧-૩૯) ૨૫૯

(૪) મીખાહ ૨૮૪

(૫) સફાન્યા ૨૯૧

(૬) યર્મિયા ૨૯૬

(૭) નાહૂમ ૩૨૬

(૮) હબાકકૂક ૩૩૧

(૯) હઝકિયેલ ૩૩૬

(૧૦) ઓબાદ્યા ૩૬૩

(૧૧) યશાયા (૪૦-૬૬) ૩૬૫

ઈરાની રાજ્યનો સમય ૩૮૧
(૧૨) હાગ્ગાય ૩૮૬
(૧૩) ઝખાર્યા (૧-૮) ૩૯૧
(૧૪) માલાખી ૩૯૭
(૧૫) યોએલ ૪૦૨
(૧૬) ઝખાર્યા (૯-૧૪) ૪૦૬
(૧૭) યૂના ૪૧૪

પૃષ્ઠ

ગ્રીક રાજ્યનો સમય ૪૧૯
જૂના કરારમાં મળી આવતી ભાષાઓ ૪૨૩
ભાગ ૪થો : (અ) કાવ્યરૂપ (૧) ગીતશાસ્ત્ર ૪૨૫
જ્ઞાનવર્ગનું સાહિત્ય તથા તેનાં લક્ષણ ૪૪૩
(૨) નીતિવચનો ૪૪૮
(૩) અયૂબ ૪૫૩
(આ) ઓળિયાં
(૧) ગીતોનું ગીત ૪૬૯
(૨) રૂથ ૪૭૨
(૩) યર્મિયાનો વિલાપ ૪૭૬
(૪) સભાશિક્ષક ૪૮૦
(૫) એસ્તેર ૪૮૭
(ઇ) પરિશિષ્ટ
(૧) દાનિયેલ ૪૯૨
(૨) એઝરા-નહેમ્યા ૫૧૧
(૩) ૧લો ને બીજો કાળવૃત્તાંત ૫૨૨

અધ્યાય ૧ લો
જૂના કરારનો સંદેશો

જૂનો કરાર એટલે શું? તેમાં ઇસવી સન પૂર્વેનાં સૈકાંનો યહૂદી કોમનો ઇતિહાસ સમાએલો છે. પણ ઇતિહાસના એક પાઠ્યપુસ્તક કરતાં તે કંઇક જુદો જણાય છે. તે ઇતિહાસરૂપ છે ખરો, પરંતુ તેમાં જે કાળવૃત્તાંત આવે છે, તે ધર્મદૃષ્ટિબિંદુથી લખેલો છે; કેમ કે જેમ ખ્રિસ્તી ધર્મ એક ઐતિહાસિક બીનાની સાથે, એટલે આપણા પ્રભુ ઇસુના જન્મ, મરણ, પુનરુત્થાન તથા સ્વર્ગારોહણની સાથે સંકળાએલો છે, તેમ યહૂદી ધર્મનો પાયો પણ તેના જેવા એક ચમત્કારિક કૃપામય બનાવ પર નંખાએલો છે. મિસર દેશમાંથી ઇશ્વરે હેબ્રીઓનો ઉદ્ધાર કર્યો, તે બીનાથી યહૂદી પ્રજાનો જન્મ થયો (હો.૧૧;૧). તે કાર્ય તો ઐશ્વરી કૃપાનું કાર્ય હતું (નિ.૨૦;૧), તેને લીધે યહૂદીઓમાં ઇશ્વર પરનો વિશ્વાસ ઉત્પન્ન થયો, અને તે વિશ્વાસને તેઓ અંત સુધી વળગી રહ્યા. વળી માત્ર નિર્ગમન અંગેની બીનાઓમાં તેઓએ ઇશ્વરની આંગળી જોઇ, કેવળ એમ નહિ પણ વિશ્વાસનાં ચક્ષુઓએ પોતાના ઇતિહાસમાં બનતા સર્વ બનાવોમાં સુખમાં તેમ જ દુઃખમાં, વિજયમાં તેમ જ પરાજયમાં તેઓ ઇશ્વરનો લંબાવેલો હાથ નિહાળતા હતા (મી.૬;૪,૫). નિર્ગમન થયા પછી ઘણાં સૈકાં બાદ જ્યારે તેઓને બંદિવાસમાં લઇ જવામાં આવ્યા, ત્યારે અમારા બાપદાદાઓને મિસર દેશમાંથી જે યહોવાએ છોડાવ્યા હતા, તે જ યહોવા વધુ કૃપા તથા વધુ સામર્થ્યથી અમને બાબેલોનમાંથી પણ છોડાવશે, એવો વિશ્વાસ પર તેઓ અવલંબ્યા (૫૨.૨૩; ૭,૮). (બાબેલ=હેબ્રી ભાષાનું. બાબેલોન=ગ્રીક (૧પી.૫; ૧૩; પ્ર. ૧૮;૮) તથા અંગ્રેજી ભાષાનું).

જૂનો કરાર એક ઐતિહાસિક પુસ્તક છે ખરું, પણ ઇતિહાસની સાથે સાથે તે જ ઇતિહાસનો માર્મિક ખુલાસો પણ આપેલો છે. તે ઉપરાંત તે પ્રકટીકરણરૂપ પણ છે, એટલે એક ઇશ્વરપરાયણ પ્રજાને ઐતિહાસિક બનાવોદ્વારા ઇશ્વરે પોતાનાં ગુણલક્ષણોનું તેમ જ પોતાના ઇરાદાઓનું જે પ્રકટીકરણ કર્યું, તે જેમ જેમ એક પછી એક ઐતિહાસિક બનાવોદ્વારા તે પોતાને પ્રગટ કરતો ગયો, તેમ તેમ યહૂદીઓ તેનાં ગુણલક્ષણોને પરમપવિત્ર અને તેના સંકલ્પને પણ પવિત્ર પ્રેમનો

સમજતા ગયા (હો.૧૧:૧-૩). વળી આગળ જતાં ઈશ્વરનો ઇરાદો પૂર્ણ કરવામાં આવશે, એવી તેઓ અભિલાષા રાખતા હતા. તેથી હેબ્રીઓનો ઇતિહાસ અર્થભરેલો છે. વળી ઇતિહાસનો સર્વાધિકારી તો ઈશ્વર છે, એવી તેઓની દૃઢ માન્યતા હતી, જેમ તેમના એક કવિએ કહ્યું છે, કે "યહોવા જળપ્રલય સમયે રાજા તરીકે બિરાજ્યો હતો;

વળી યહોવા સર્વકાળ રાજા તરીકે બિરાજેલો છે" (ગી.૨૯;૧૦) તેમ.

જે રાત્રે હેબ્રીઓને મિસર દેશમાંથી છોડાવવામાં આવ્યા, તે રાત્રે યહૂદી પ્રજાની ઉત્પત્તિ થઈ, એવું ઉપર કહેવામાં આવ્યું છે ખરું તોપણ તે પ્રજાના આદિપિતાઓના સમયમાં ઈશ્વરનો ઇરાદો ક્યારનોય પ્રગટ કરવામાં આવ્યો હતો. ઇબ્રાહીમને તેડું આપનાર યહોવા હતો (ઉત.૧૨;૧). "તમારા પિતૃઓનો દેવ યહોવા, એટલે ઇબ્રાહીમનો દેવ, ઇસ્હાકનો દેવ, તથા યાકૂબનો દેવ." એવા નામથી ઈશ્વરે મૂસાની આગળ પોતાને પ્રગટ કર્યો હતો (નિ.૩;૧૫). તે પુરાતન સમયે બનેલા બનાવોમાં યહોવાની કૃપા તથા રહેમ દીપી આવતી હતી, એવી પ્રબોધકોની માન્યતા હતી (હો.૯;૧૦: હઝ.૧૬; ૧-૧૪, વગેરે). હેબ્રીઓ પસંદ કરાએલી તથા તેડાએલી પ્રજા હતા, એ નિર્વિવાદ વાત છે (પુ.૭; ૬-૮: યશા.૪૧;૮). તેઓ માનવજાતની સેવા કરે, તેમ જ ઈશ્વરનો ઇરાદો પાર પાડવાને માટે તેઓ સાધનરૂપ બને, તે માટે તેઓને પસંદ કરવામાં આવ્યા હતા (ઉત.૧૨;૩: યશ.૪૯;૬). તેઓથી ઈશ્વરની એ પ્રધારણા પૂરેપૂરી ફળીભૂત થઇ નહિ એ વાત ખરી, તોપણ જે બાળકને જોઇને વયોવૃદ્ધ શિમઓન ઈશ્વરની સ્તુતિ કરતાં બોલી ઊઠ્યો, કે

"વિદેશીઓને પ્રકાશ આપવા સારુ તથા તારા ઇસ્ત્રાએલી લોકોનો મહિમા થવા સારુ તે અજવાળારૂપ છે" (લૂ. ૨;૩૨),

તેને સારુ યહૂદી પ્રજા તો માર્ગ તૈયાર કરનારી થઇ. તે પ્રકાશ કેવી રીતે સૂર્યપ્રકાશની પેઠે રફતે રફતે વધતો ગયો, અને ઈશ્વરનો સંકલ્પ કેવી રીતે વિકાસ પામતો ગયો, તેનો વૃત્તાંત જૂના કરારમાં સમાએલો છે. જૂના કરારની રચના તથા તેનો સંદેશો એ બંને હેબ્રીઓને લખેલા પત્રની પ્રસ્તાવનામાં સ્પષ્ટ રીતે જણાવેલાં છે, એટલે કે "પ્રાચીન કાળમાં પ્રબોધકોદ્વારા આપણા પૂર્વજોની સાથે ઈશ્વર

વિવિધ ભાગમાં તથા વિવિધ રીતોએ બોલ્યા પછી (જૂના કરારના જમાનાઓની વાત) આ છેલ્લા સમયમાં પુત્રદ્વારા આપણી સાથે બોલ્યા છે" (નવા કરારની જમાનાની વાત).

આખા જગતને પ્રકાશ આપવા સારુ જે પ્રજા પસંદ કરાએલી હતી, તેના વસવાટ માટે પસંદ કરાએલો પાલેસ્ટાઈન દેશ એક અજોડ દેશ હતો. જોકે બીજા સર્વ દેશોમાં તે સહુથી નાનો છે. નાઝારેથ યરુશાલેમથી માત્ર ૯૫ માઈલ દૂર છે તોપણ પ્રથમથી આજ પર્યંત તે જગતનું કેન્દ્રસ્થાન ગણાય છે. તે ત્રણ જુદા જુદા ખંડો વચ્ચેનો રાજમાર્ગ જેવો છે (યશા.૧૯;૨૩). જૂના કરારના સમયમાં દક્ષિણ તરફથી મિસર રાજ્યનાં, ઉત્તર તરફથી અરામ, આશ્શૂર તથા બાબેલોનનાં, અને ત્યાર પછીના વખતમાં ગ્રીસનાં લશ્કરો આ જ ધોરી માર્ગરૂપ પાલેસ્ટાઈનમાં થઈને એકબીજા પર ચઢાઈ કરવા કૂચ કરતાં હતાં, અને તેથી ડગમગતા વિશ્વાસના યહૂદીઓને પોતાના સંરક્ષણાર્થે ઈશ્વર પર આધાર રાખવા કરતાં આજુબાજુનાં જુદાં જુદાં પરદેશી રાજ્યોની સાથે કોલકરાર કરવાની લાલસા વારંવાર થયા કરતી હતી. આવા નાનકડા દેશમાં એવા વિષમ સંજોગોદ્વારા ઈશ્વર પોતાની પસંદ કરેલી યહૂદી પ્રજાઓને કેળવ્યે જતો હતો. કે જેથી કરીને તે પ્રજાની મારફતે જગતની સમક્ષ તે આખરે પોતાનું સર્વોત્તમ પ્રકટીકરણ કરાવે. "તારણ યહૂદીઓમાંથી છે," એ આપણા પ્રભુ ઈસુનું સૂત્ર છે (યો.૪;૨૨).

સમયાનુસાર આ પ્રજાના ઈતિહાસના જુદા જુદા ભાગવિભાગ પાડી શકાય છે; અને જેવા તે જુદા જુદા સમયો તેવાં જૂના કરારમાં સમાએલા જુદા જુદા સમયના લેખોનાં લક્ષણો પણ જુદાં જુદાં જણાય છે.

૧. પ્રથમ વિભાગ તો ઈબ્રાહીમથી તે મૂસાના સમય સુધીનો છે. તે વખત દરમિયાન હેબ્રીઓ તો રખડાઉ લોક હતા. તેઓ નગરમાં નહિ તેમ જ ગામડાંમાં નહિ, પણ તંબુઓમાં રહેતા હતા (હેબ.૧૧;૯).તેઓ રબારી લોક જેવા હતા (ઉત.૪૬;૩૧-૩૪). જ્યારે પાલેસ્ટાઈનમાં દુકાળ પડ્યો ત્યારે તેઓ મિસર દેશમાં ઊતરી પડ્યા. કાળાંતરે તેમના ઉપરી અધિકારીઓની ઈર્ષાને લીધે તેઓ મિસરીઓના દાસ બની ગયા (નિ.૧;૧૧).

આદિ ગોત્રપિતૃઓ સંબંધી જે રોમાંચક વાર્તાઓ ઉત્પત્તિના પુસ્તકમાં સમાએલી છે, તે તે જ સમયની છે. આખી દુનિયાના સમસ્ત સાહિત્યમાં જે વાર્તાઓ સહુથી આકર્ષક ગણાય છે, તે વર્ગમાં આ વાર્તાઓ પણ ગણાવાજોગ છે. વળી તે સમયનાં કેટલાંએક સુંદર કાવ્યો પણ છે, તેમાં અલંકારિક રીતે તે વખતે પ્રવર્તી રહેલ અશાંતિ તથા જંગલીપણું આલેખેલાં દેખાઈ આવે છે. (દા.ત. ઉત. ૪;૨૩,૨૪:૯;૨૫-૨૭:૨૫;૨૩).

૨. ત્યાર પછી નિર્ગમનનો સમય આવ્યો. તે સમય કેવળ ૪૦ વર્ષ જેટલો હતો, તોપણ તે દરમિયાન બનેલી બીનાઓ ઘણી મહત્વની હતી. ઈશ્વરના હાથ તળે મૂસા ઈસ્ત્રાએલીઓનો છોડાવનાર બન્યો. જે માસમાં મિસરમાંથી તેઓનું નિર્ગમન થયું, તે યહૂદી સંવતનો પ્રથમ માસ ગણાયો, જેમ ઈસવી સન પ્રભુ ઈસુના જન્મથી ગણાય છે તેમ. વળી તે વખતે તેઓ માત્ર એક પ્રજા બની ગયા, કેવળ એમ નહિ પણ તેઓ એક પવિત્ર પ્રજા, એટલે પવિત્ર કરારની મારફતે યહોવાની સાથેના ગાઢ સંબંધમાં બંધાએલી તથા તેના પવિત્ર નિયમને આધીન, એવી એક પવિત્ર પ્રજા બની ગયા (નિ.૧૯;૬). તે સમયે ટૂંકો હતો ખરો, તોપણ તે એટલો બધો મહત્વનો હતો કે વાર્ષિક ક્રિયાઓ કરીને તેનું સ્મરણ તાજું રાખવામાં આવતું હતું (નિ.૧૨;૨૬: યહો.૪;૬). જેથી તેઓના ઉદ્ધારનાર દેવ યહોવા પરનો તેમનો વિશ્વાસ ૧ણ દૃઢ ને દૃઢ રહેતો હતો. આ સમયની છાપ ઈસ્ત્રાએલીઓના બાકીના સર્વ ઈતિહાસ તથા વૃત્તાંત પર પડેલી જણાય છે.

૩. ત્રીજો વિભાગ તો કનાન દેશ સર કરવાનો સમય હતો. તે દરમિયાન જેઓ તે ઘડી સુધી રખડતા રબારી લોક જેવા હતા, તેઓ ગામોમાં રહેનારા અને ખેતીવાડી કરનારા બની ગયા. તે આખો વખત પોતાના બચાવને સારુ તેઓને લડવું પડતું હતું, જેથી સાહિત્ય લખવાનો અથવા સામાજિક વ્યવસ્થામાં પ્રગતિ કરવાનો અવકાશ તેઓને મળતો નહોતો. તે વિષેનો વૃત્તાંત યહોશુઆના પુસ્તકમાં સમાએલો છે. તે પછીના પુસ્તકમાં, એટલે ન્યાયાધીશોના પુસ્તકમાં, જુદાં જુદાં મહાવીરોએ કરેલાં સાહસિક કૃત્યો વર્ણવેલાં છે. તેમનાં વ્યક્તિગત ગુણગાન જુદાં જુદાં કાવ્યોમાં ગવાય. એ સ્વાભાવિક છે. જે "દબોરાહનું ગીત" (ન્ય.૫) કહેવાય છે, તે જૂના કરારમાં સમાએલાં

સહુથી સુંદર ગીતોમાંનું એક છે. આ બે પુસ્તકોનો આપણે જ્યારે વિગતવાર અભ્યાસ કરીશું, ત્યારે (અ) પોતાના બચાવને સારુ તેઓને લડવાની જરૂર પડતી હતી તે, તેમ જ (આ) તેઓની ચોગરદમ કનાનીઓની જે અધમ ધર્મક્રિયાઓ નિરંતર દૃષ્ટિગોચર થતી હતી, તેમ જ તેની જે અસર ઇસ્ત્રાએલીઓ પર થતી ગઇ, તે બંને બાબતો આપણા જાણવામાં આવશે.

૪. ન્યાયાધીશોનો સમય વીતી ગયા બાદ ઇસ્ત્રાએલ એક રાજાશાહી કોમ બની. આ સમયથી માંડીને રાજયના વહીવટનો વ્યવસ્થિત અહેવાલ રાખવામાં આવતો હતો (૨ શમૂ.૮;૧૬), તે કારણને લીધે તેનો લેખિત ઇતિહાસ વધુ વિગરવાર બન્યો. આ સમયમાં ઇસ્ત્રાએલીઓના સામાજિક તેમ જ ધાર્મિક જીવન પર અસર કરનારી જુદી જુદી ઘણી બાબતો હતી, જેમાંની મુખ્ય ત્રણ નીચે પ્રમાણે છે, એટલે (૧) નનામા પ્રબોધકોનાં ટોળાં, અને ૮મા તથા ૭મા સૈકાના નામાંકિત પ્રબોધકો, જેવા કે આમોસ, હોશીઆ, યશાયાહ, વગેરે; (૨) પરધર્મી રાજકુંવરીઓની સાથે લગ્નસંબંધ; અને (૩) પરદેશીઓ સાથે વેપારધંધાનો વધતો જતો સંબંધ. આ સંબંધ ખમીર જેવો હતો, જે વડે ઇસ્ત્રાએલીઓમાં સડો પેઠો. પરિણામે ૭૨૨ની સાલમાં ઉત્તર ઇસ્ત્રાએલના રાજયનું અને ૫૮૬ની સાલમાં યહુદાહના રાજયનું પતન થવા પામ્યું. આ સમય દરમિયાન જૂના કરારનાં ઐતિહાસિક પુસ્તકો તથા જગવિખ્યાત મહાન પ્રબોધકોનાં પુસ્તકો રચવામાં આવ્યાં.

૫. યરુશાલેમનું પતન થયા બાદ તેઓના બંદીવાસનો સમય આવ્યો. પરાજીત યહૂદીઓને બાબેલોનમાં લઇ જવામાં આવ્યા. આ સમય દરમિયાન યહૂદી પ્રજાનો નવો જન્મ થયો. પરાજય પામેલી પ્રજા તરીકે તેઓને બાબેલોનમાં લઇ જવામાં આવ્યા હતા ખરા,પણ વિજયી મંડળી તરીકે તેઓ ત્યાંથી પાછા આવ્યા. વળી બંદિવાસનું બીજું એક સારું પરિણામ નીપજયું. સ્વદેશથી તથા ત્યાંના પવિત્ર મંદીરથી અલગ કરાએલા હોવાને લીધે તેઓ પોતાની માતૃભૂમિના ઇતિહાસનો, રાષ્ટ્રિય નિયમોનો તથા મંદિરમાં ચાલતી ધર્મક્રિયાઓનો પૂર્ણ હેવાલ મેળવવા ઘણા આતુર થયા, જેથી કાળવૃત્તાંતની ઝીણવટથી તપાસ કરી કરીને એ બધી બાબતો વિગતવાર ગોઠવવા લાગ્યા. એવા દેવભક્તોનો સરદાર એઝરા શાસ્ત્રી ગણાતો હતો (એઝ.૭;૧૧,૧૨). યરુશાલેમના

મંદિરનો નાશ થઈ ગયો હતો, પણ હવે તેને બદલે ઠેકઠેકાણે સભાસ્થાનો ઊભાં થયાં હતાં; મંદિરમાંની વેદી તોડી પાડવામાં આવી હતી, પણ તેને બદલે હવે લોકની સમક્ષ પવિત્ર શાસ્ત્ર ઉઘાડવામાં આવતું હતું. "કિતાબના લોક" એ નામથી હજરત મહંમદ પેગમ્બર સાહેબ યહૂદી લોકોને સંબોધે છે, જે નામ બંદીવાસના સમયથી માંડીને તેઓને બંધબેસતું થયું છે.

૬. ઈશ્વરકૃપાએ ઈરાનના રાજા કોરેશે યહૂદીઓને બંદીવાસમાંથી છોડયા (એઝ.૧;૧). બંદીવાસમાંથી પાછા આવેલા યહૂદીઓની સ્થિતિ શાંતિમય તથા ઘણી આબાદ થશે, એવી માંગલિક આગાહી એક નનામો પ્રબોધક કરી ગયો હતો (યશા.૬૦). પરંતુ એ પ્રમાણે નહિ થતાં બંદીવાસ પછીનો જમાનો જુદી જુદી આપત્તિઓ તથા મુશ્કેલીઓથી ભરપૂર બન્યો. તે કારણને લઈને તે જમાનો ચાલતી આવેલી માન્યતાઓ તથા પુરાતન કાળથી રખાએલા વિશ્વાસ વિષે શંકા ઊઠાવવાનો તથા તર્કવિતર્ક કરવાનો સમય થઈ પડ્યો. તેવે સમયે "અયૂબ" તથા "સભાશિક્ષક" ના પુસ્તક જેવાં પુસ્તકો તેમ જ "ગીતશાસ્ત્ર" માંનાં ઘણાંખરાં ગીત રચવામાં આવ્યાં હશે. તે આખા સમય દરમિયાન યહૂદી રાષ્ટ્ર તથા તેનો ધર્મ જોખમમાં આવી પડેલાં હતાં. તે પરથી આપણે સમજવું કે નવા બંધાએલા મંદિરમાં તેઓએ જે "વચ્ચેની આડી ભીંત" ઊભી કરી હતી (એફ.૨;૧૪), તે તેમના મનના સંકુચિતપણાને લીધે કે તેઓના હૃદયની કઠણતાને લીધે તો નહિ, પણ કેવળ તેમના પોતાના તથા તેમના ધર્મના બચાવને અર્થે જ તે તેઓએ ઊભી કરી હતી.

૭. છેવટે ગ્રીક રાજા અંત્યોખસ એપીફાનીસે યહૂદીઓની જે ભારે સતાવણી કરી, તેનો સમય આવી પહોંચ્યો (૧૭૫-૧૬૪). તે વખતે મક્કાબી નામનું એક કુટુંબ ઊભું થયું, તેના મહાવીરોની સરદારી તળે યહૂદીઓએ બળવો કર્યો, અને ગ્રીક લશ્કરોને હરાવીને દાઊદના રાજ્યની પુનઃસ્થાપના કરી. દાનિયેલના પુસ્તકમાં વિજયી વિશ્વાસની જે અમર વાર્તાઓ તથા ઈશ્વરભક્તોના થનાર રાજ્યનું જે દર્શન વર્ણવેલાં છે, તે આજ સમયને લગતાં છે. જગતના ઈતિહાસનો મર્મ તેમ જ માનવજાત સંબંધી ઈશ્વરનો જે તારણદાયક ઈરાદો છે, તેનો સ્પષ્ટ ખુલાસો પહેલી જ વાર આ પુસ્તકમાં કરેલો છે. સૂર્યોદય

અગાઉની છેલ્લી ઘડી જેમ આખી રાતમાં સહુથી અંધારી ઘડી ગણાય છે, તેવો જ આ જમાનો પણ હતો. પરંતુ જેમ રાત વિશેષ અંધારી, તેમ તારાઓનો ઝગઝગાટ પણ વધારે હોય છે, તેજ પ્રમાણે આ સમયમાં ઇસ્ત્રાએલની અભિલાષારૂપ તારો સહુથી વધારે તેજસ્વી દેખાતો હતો.

ઉપર દર્શાવેલા અનેકવિધ સમયોમાં જૂના કરારનાં પુસ્તકો રચવામાં તથા ગોઠવવામાં આવ્યાં. તે જીવતું પુસ્તક ગણાય છે, કેમ કે જીવતાં માણસોને જીવતા ઈશ્વરનો જે જાતઅનુભવ થયો હતો, તેનું જ વર્ણન તેમાં કરેલું છે. વિલાયતના એક પુસ્તકાલયમાં જૂના કરારનો એક હસ્તલેખ સંઘરી રાખેલો છે, જેના દસ્તક ઘણા સુંદર છે, પંણ "પંચગ્રંથ" નાં પ્રથમ તથા છેલ્લાં પૃષ્ઠો પર લાલ ડાઘા પડેલા છે, તે તો લોહીના ડાઘા હોય, એ સંભવિત છે. ઈશ્વરના સંતોને જૂનો કરાર ઘણો જ વહાલો છે. તે દીવાકર સૂર્ય નહિ, પણ માત્ર પ્રભાતના પ્રકાશિત તારા જેવો છે ખરો, તોપણ આપણે સારુ તેમાં એક શુભ સંદેશો સમાએલો છે. તેમાં પાપ તથા પાપનિવારણ કરનાર કૃપા, વળી ઉત્પન્ન કરનાર દેવ કે જે ઉદ્ધારનાર પણ છે, અને આપણાં સંબંધી તેનો પવિત્ર તથા પ્રેમમય સંકલ્પ, તેમ જ કદી પણ ન શરમાવે એવી અભિલાષા એવાં એવાં વચનો મળી આવે છે. વળી તેનો સંદેશો અધિકારયુક્ત છે, કેમ કે જેટલી વાર આપણે તેનું અધ્યયન કરીએ છીએ, તેટલી વાર ઈશ્વર પવિત્ર આત્મા આપણા આત્માની સાથે તે સંબંધી સાક્ષી આપે છે. પરંતુ આપણે આટલું તો જરૂર જાણવું જોઈએ કે જેઓની આંખો ઊઘડી ગએલી છે, તેઓને જ તેની શોભા દેખાય છે, બીજાઓને તો નહિ. માટે જેમ મૂસાના નિયમશાસ્ત્રમાં, પ્રબોધકોનાં પુસ્તકોમાં તથા ગીતશાસ્ત્રમાં પોતા સંબંધી જે જે લખેલું હતું, તે સર્વ સમજવા સારુ પ્રભુ ઈસુએ પોતાના શિષ્યોનાં મન ખોલ્યાં (લૂક.૨૪;૪૪), તેમ આપણા પર પણ એવી જ કૃપા રાખીને તે આપણાં મનચક્ષુ ઉઘાડે, એવી આ પુસ્તકનો અભ્યાસ આરંભતાં જ આપણે તેને વિનંતી કરીએ.

અધ્યાય ૨જો

હેબ્રી શાસ્ત્રનો નિયમગણ

૧. આપણા ગુજરાતી કરારમાંનાં પુસ્તકોની અનુક્રમણિકા પ્રમાણે જૂના કરારમાં સમાએલાં પુસ્તકો ૩૯ છે. અંગ્રેજી બાઇબલમાં પણ જૂના કરારનાં પુસ્તકોની સંખ્યા એટલી જ છે. પરંતુ હેબ્રી શાસ્ત્રમાં માત્ર ૨૪ જુદાં જુદાં પુસ્તકો સમાએલાં છે. પુસ્તકોની કુલ સંખ્યામાં જે ફેરફાર જણાય છે, તેનું કારણ એ છે, કે હેબ્રી નિયમગણમાં શમૂએલનાં બે પુસ્તક, રાજાઓનાં બે પુસ્તક, "નાના" પ્રબોધકોનાં બાર પુસ્તક તથા એઝરા ને નહેમ્યાહનાં બે પુસ્તક એકેક પુસ્તક ગણાય છે (નીચેના ખરડામાં જુઓ). વળી તેમનો અનુક્રમ પણ આપણા બાઇબલથી તદ્દન જુદો છે. એવો ફેરફાર હોવાનું કારણ એ છે, કે આપણા ગુજરાતી બાઇબલમાં પુસ્તકોનો જે અનુક્રમ છે તેનો આધાર અંગ્રેજી બાઇબલના અનુક્રમ પર રહેલો છે. અંગ્રેજી બાઇબલનો આધાર વલ્ગેટ (ઇ.સ.૪૪૦) નામના જેરોમકૃત લાટિન ભાષાના તરજુમા પર રહેલો છે, અને વલ્ગેટનો આધાર પણ સપ્તતિ (LXX,ઇ.સ.પૂ. ૨૮૫-૧૫૦) નામના ગ્રીક ભાષાના તરજૂમા પર રહેલો છે. સપ્તતિના સંપાદકોએ પહેલવહેલાં હેબ્રી શાસ્ત્રની ગોઠવણીમાં જે ફેરફાર કર્યો, એ ફેરફાર આજ સુધી જૂના કરારનાં જુદાં જુદાં અસંખ્ય ભાષાંતરોમાં કાયમ રહેલો દેખાય છે.

૨. તો હેબ્રી શાસ્ત્રની ગોઠવણી તથા તેનાં પુસ્તકોની અનુક્રમણિકા કેવી છે?

(૧) લૂક. ૨૪;૪૪માં સૂચવ્યા પ્રમાણે હેબ્રી પવિત્ર શાસ્ત્રના ત્રણ જુદા જુદા વિભાગ હતા, જે "નિયમશાસ્ત્ર," "પ્રબોધકોનાં પુસ્તકો," અને "ગીતશાસ્ત્ર" ના નામથી ઓળખાતા હતા. ત્રીજા વિભાગનું ખરું નામ તો "લખાણો" હતું, પરંતુ તે "લખાણો"માં ગીતોનું પુસ્તક પ્રથમ તથા સૌથી લાંબું હોવાને લીધે તે આખા વિભાગનું નામ "ગીતશાસ્ત્ર" પડ્યું.

(૨) વિભાગો તથા તેમાં સમાએલાં પુસ્તકો નીચે પ્રમાણે :-

A. નિયમશાસ્ત્ર.

૧. ઉત્પત્તિ. ૨. નિર્ગમન. ૩. લેવીય. ૪. ગણના. ૫. પુનર્નિયમ.

B. પ્રબોધકો.

(અ) આગલા પ્રબોધકો.

૬. યહોશુઆ. ૭. ન્યાયાધીશો. ૮. ૧લું, ૨જું શમૂએલ.

૯. ૧લું, ૨જું રાજાઓ.

(આ) પાછલા પ્રબોધકો.

૧૦. યશાયા. ૧૧. યર્મિયા. ૧૨. હઝકિયેલ. ૧૩. બાર પ્રબોધકોનું પુસ્તક.

C. લખાણો.

(અ) કાવ્યરૂપ પુસ્તકો.

૧૪. ગીતશાસ્ત્ર. ૧૫. નીતિવચનો. ૧૬. અયૂબ.

(આ) ઓળિયાં. પાંચ મહાપર્વ વખતે એકેક ઓળિયું વાંચી સંભળાવવામાં આવતું હતું.

૧૭. ગીતોનું ગીત (પાસ્ખાપર્વ). ૧૮. રૂથ (પચાસમાનું પર્વ). ૧૯. યિર્મેયાહનો વિલાપ (યરુશાલેમના પતનની યાદગીરીમાં). ૨૦. સભાશિક્ષક (માંડવાપર્વ). ૨૧. એસ્તેર (પૂરીમપર્વ).

(ઇ) પરિશિષ્ટરૂપ અન્ય ત્રણ પુસ્તકો.

૨૨. દાનિયેલ. ૨૩. એઝરા-નહેમ્યાહ. ૨૪. ૧લું,

૨જું કાળવૃત્તાંત.

જૂના કરારના દરેક વાચકને સારુ ઉપરોક્ત ગોઠવણી ઘણી ઉપયોગી થઈ પડે એવી છે, કેમ કે એ ગોઠવણીથી તે પુસ્તકો લખવાનો તેમ જ તેમને નિયમગણમાં દાખલ કરવાનો સમય એકંદરે સૂચવાએલો છે.

હેબ્રી પુસ્તકો વિષેની એની વાતો ધ્યાન આપવા લાયક છે.

(૧) હેબ્રી લિપિ અંગ્રેજીના જેવી સંયુક્ત નથી. તે ગુજરાતી

જેવી લિપિ છે, જેમાં દરેક અક્ષર એકબીજાથી છૂટો લખવામાં આવે છે. (ઉર્દૂ લિપિની માફક તે જમણી બાજુથી શરૂ કરવામાં આવે છે). પુરાતન વખતમાં જ્યારે લહિયો કંઈ લેખ લખતો, ત્યારે તે એકલા વ્યંજનો જ લખતો. સ્વરો તો વાચક પોતે જ ઉમેરી ઉમેરીને વાંચી લેતો. આથી અક્ષરો ઉકેલવામાં ભૂલો થાય એ સહેજે સમજી શકાય, એમ છે. દા.ત. ધારો કે હસ્તલેખમાં "પડ" શબ્દ લખેલો છે, અને વાચક કાનો, માત્રા, અજજુ, વરડુ, અનુસ્વાર વગેરે ઉમેરીને વાંચે તો એવા સ્વરોથી તેનાં ઘણાં જુદાં જુદાં સ્વરૂપ થઈ શકે, જેવાં કે "પાડે" "પડે", "પાડો" "પડું" "પીડ" વગેરે પરંતુ તેનું કયું સ્વરૂપ ખરું છે, તે ઘણું કરીને પૂર્વાપર સંબંધ પરથી નક્કી કરવામાં આવતું. તોપણ તેમાં ભૂલ થવાનો સંભવ તો રહેતો હતો. એવી ભૂલોના કેટલાક દાખલા બાઇબલમાં મળી આવે છે. દા.ત.ઉત.૪૭;૩૧માં લખેલું છે, કે "ઇસ્ત્રાએલ પથારીના ઓસીકા પર નમ્યો," પણ હેબ.૧૧;૨૧માં આ વાક્યનો એવો ઉતારો કરેલો છે, કે "યાકૂબે પોતાની લાકડીની મૂઠ પર ટેકીને આરાધના કરી." એવો ફેરફાર થવાનું કારણ સ્પષ્ટ છે. હેબ્રી મૂળ ભાષાનો શબ્દ "મટટહ" છે. હવે જેઓએ સ્વરો ઉમેરીને તેનું રૂપ "મિટ્ટાહ" કર્યું, તેઓએ એ શબ્દનો અર્થ "પલંગ" કર્યો; પણ LXXનો તરજુમો કરનારાઓએ સ્વરો ઉમેરીને "માટ્ટેહ" વાંચ્યું, જેનો અર્થ "લાકડી" થાય છે (સરખાવો યશા.૯;૪). અને હેબ્રીઓના પત્રમાં આ વાક્યનો જે ઉતારો છે, તે LXX પ્રમાણેનો છે.

એવી ભૂલો ન થવા પામે, માટે શાસ્ત્રીઓએ કાનામાત્રાનું ધોરણ યોજી કાઢીને, જેમાં દરેક શબ્દનું પૂર્ણ સ્વરૂપ આપેલું હોય, એવો એક હસ્તલેખ તૈયાર કર્યો. એ મહાન કાર્ય ઈ.સ.૮૦૦ને સુમારે પૂરું થયું, અને આજ પર્યંત મોજુદ રહેલો સહુથી જૂનો હેબ્રી હસ્તલેખ તૈયાર કર્યો, તેઓ "માસ્સોરેટ," એટલે "વંશપરંપરાની રીતભાત જાણનારા" કહેવાય છે. તેઓને જ સંપ્રદાયની રીત પ્રમાણે પવિત્ર શાસ્ત્ર લખતાં આવડતું હતું. એવી રીતે લખાયલો હસ્તલેખ "માસ્સોરેટિક" હસ્તલેખ કહેવાય છે.

(૨) "જૂના કરારનાં પુસ્તકો" એમ બોલવાની આપણી રીત છે ખરી, પરંતુ તેઓ આજકાલનાં પૂઠાંવાળાં પુસ્તકોના જેવાં હતાં, એવું

આપણે સમજવું નહિ. લેખ તો છૂટક છૂટક પૃષ્ઠ પર લખેલો હતો. પૃષ્ઠોના આકાર પરથી તેઓ "બારણાં" કહેવાતાં હતાં (૪૨.૩૬;૨૩). પાનાં ખાંડેલા બરૂનાં, કાંતો ચામડાનાં બનાવેલાં હતાં. જો બરૂનાં હોય, તો ગુંદર વડે તેમને એકબીજાની સાથે જોડી દેવામાં આવતાં હતાં; અને જો ચામડાનાં હોય, તો તેમને દોરીથી બાંધી લેવામાં આવતાં હતાં. આ ઉપરથી સમજી શકાય છે, કે ઓળિયાની વચમાં અથવા તેને છેડે વધુ પૃષ્ઠો દાખલ કરવાં હોય, તો તેમ સહેલાઈથી કરી શકાય. દા.ત.યશાયાહના પુસ્તકનો પૂર્વાર્ધ આહાઝ તથા હિઝકીયાહની કારકિર્દીના સમયનો છે (ઈ.સ.પૂ.૭૩૫-૬૯૬). તોપણ આ વિભાગની વચમાં બાબેલના થએલા નાશ સંબંધીનું એક મહેણારૂપ ગીત (અધ્ય.૧૪) આવે છે. બાબેલનો નાશ ૫૩૮ની સાલમાં થયો. તેજ રીતે યશ.૪૦-૬૬ સુધીના અધ્યાયો બંદીવાસ પછીના છે. ("ઓળિયું" તો કાગળનું લાંબું વાળેલું પુસ્તક સૂચવે છે).

(૩) બંદીવાસ પૂરો થયા પછી યહુદાહ પ્રાંતમાં ઠેકાણે ઠેકાણે જે જે સભાસ્થાનો બાંધવામાં આવ્યાં ત્યાં બધે જ જાહેર ભજનસેવા વખતે જૂના કરારનાં પુસ્તકો નિયમિત રીતે વાંચી સંભળાવવામાં આવતાં હતાં. નિયમશાસ્ત્રના વિભાગના અધ્યયન પર વિશેષ ધ્યાન આપવામાં આવતું. તેમાંનું તેઓ એક એક પ્રકરણ દરેક સાબ્બાથને દિવસે વાંચી સંભળાવતા હતા. વળી પાંચેય પુસ્તકોનાં પ્રકરણ એવી રીતે વિભાગેલાં હતાં, કે જેથી દર ત્રણ વર્ષમાં આખું નિયમશાસ્ત્ર પૂરેપૂરું વંચાઈ રહે (જુઓ પ્રે.૧૫;૨૧). પ્રબોધકોનાં પુસ્તકોમાંથી પણ વાચનપાઠ કરવામાં આવતો હતો ખરો, પણ નિયમશાસ્ત્રના જેવી નિયમિત રીતે નહિ (જુઓ પ્રે.૧૩;૧૫). પ્રબોધ વિભાગમાંના વાચનપાઠ પસંદ કરવાની છૂટ વાંચી સંભળાવનારને આપેલી હોય, એમ લાગે છે (લૂક.૪;૧૭).

વિષય પરથી દરેક પ્રકારનું નામ પાડવામાં આવેલું હતું (જુઓ માર્ક ૧૨;૨૬). (૩.૧૧;૨માં "એલિયા" શબ્દ આવે છે, તે પણ એક પ્રકરણનું નામ છે. મૂળ ભાષાનો તરજુમો "એલિયામાં" એટલે "એલિયા સંબંધીના પ્રકરણમાં" છે).

★ આ પુસ્તકમાં સમાએલી જૂના કરારની બધી સાલ "ઈસવી સન પૂર્વે સમજવી."

નિયમશાસ્ત્રનાં હસ્તલેખોની તથા તેને વિધિસર વાંચી સંભળાવવાની વિશેષ કાળજી રાખવામાં આવતી હતી, કેમ કે યહૂદીઓની માન્યતા પ્રમાણે નિયમશાસ્ત્રનો જ વિભાગ પવિત્ર શાસ્ત્રરૂપ ગણાતો હતો. બાકીનાં સર્વ પુસ્તકો નિયમશાસ્ત્ર સંબંધીના ટીકાગ્રન્થો ગણાતા. તેથી હેબ્રી શાસ્ત્રીઓ નિયમશાસ્ત્રના અક્ષરેઅક્ષરની પુષ્કળ કાળજી રાખતા હતા, જેથી તે વિભાગમાં જેને વિષે સંપૂર્ણ ખાતરી ન હોય, એવા બહુ જૂજ શબ્દો મળી આવે છે. (જુઓ ૧લા શમૂએલની પ્રસ્તાવના).

હવે સવાલ એ થાય છે, કે ઉપલા વિભાગ ક્યારે પાડવામાં આવ્યા? અને વિશેષે કરીને, તેમાં સમાએલાં પુસ્તકો ક્યારે નિયમગણિત ગણાયાં? એટલે જનસમાજમાં તે ક્યારથી દેવદત્ત શાસ્ત્ર તરીકે માન્ય થવા લાગ્યાં? આ બાબત સંબંધી જૂના કરારમાંથી કંઈ વીગત હાથ આવે છે શું?

A. (૧) અમુક એક પુસ્તકમાં જે જે લખેલું છે, તે સર્વ ઈશ્વરદત્ત તરીકે સ્વીકારીને અમે તેના નિયમોને આધીન થઈશું, એવી સામાજીક જાહેર કબૂલાતનો પ્રથમ દાખલો નિ.૨૪;૧-૧૧માં વર્ણવેલો છે. તે પ્રસંગે જે "કરારનું પુસ્તક" કહેવાય છે, તે સ્વીકારીને તેઓએ તેના નિયમોને આધીન રહેવાનું વચન આપ્યું. (તે પુસ્તક વિષેનું વિવેચન નિર્ગમનના પુસ્તકમાં યોગ્ય સ્થળે કરવામાં આવેલ છે).

(૨) બીજો દાખલો ૨ રા.૨૨ ને ૨૩માં અધ્યાયમાં મળી આવે છે. મંદિરનું સમારકામ ચાલતું હતું, ત્યારે અનાયાસે જે ઓળિયું મળી આવ્યું, તે યોશીયાહની આગળ જ્યારે વાંચી સંભળાવવામાં આવ્યું, ત્યારે એકદમ તેણે તે ઓળિયાને અધિકારયુક્ત માની લીધું. પછી બધા લોક મંદિરમાં એકઠા થયા, અને તેઓની આગળ જ્યારે તે વાંચી સંભળાવવામાં આવ્યું, ત્યારે રાજાએ તે ઓળિયાના સઘળા નિયમો પૂરેપૂરા પાળવાનો જે કરાર યહોવાની સમક્ષ કર્યો, તેમાં તેઓ બધા સમ્મત થયા, એટલે જાણે કે તે ઓળિયું નિયમગણિત ગણાયું. હવે તે ઓળિયામાં પુનર્નિયમના પુસ્તકનો ઘણોખરો ભાગ સમાએલો હતો, એવો આજના લગભગ બધા સાક્ષરોનો મત છે. (જુઓ પુનર્નિયમની પ્રસ્તાવના).

(૩) ત્રીજો દાખલો નહે. ૮માં સમાએલો છે. જ્યારે એઝરા શાસ્ત્રી બાબેલથી યરુશાલેમ પાછો આવ્યો (૪૫૮), ત્યારે "મૂસાના નિયમશાસ્ત્રનું પુસ્તક" સાથે લઈને તે આવ્યો હતો. તે પુસ્તકમાં સમાએલાં વચન જ્યારે એકત્ર થએલા લોકોને વાંચી સંભળાવવામાં તથા સમજાવવામાં આવ્યાં, ત્યારે ઉપલા દાખલા પ્રમાણે તેઓએ પણ મનમાં વીંધાઇ જઈને આંસુસહિત તે વચનો સ્વીકારીને એઝરા તથા નહેમ્યાહની આગેવાની નીચે મૂસાનું નિયમશાસ્ત્ર પાળવાનો કરાર કર્યો (નહે.૯;૩૮). આવી રીતે પંચગ્રંથ હેબ્રી શાસ્ત્રના નિયમગણમાં દાખલ થવાથી તે યહૂદીઓને સારુ અધિકારયુક્ત "તોરાહ" બની ગયો. ("તોરા" એટલે "શિક્ષણ"). અને જો કે જૂના કરારનાં બાકીનાં પુસ્તકોમાં પુષ્કળ શિક્ષણ સમાયેલું છે ખરું, તોપણ યહૂદીઓના માનવા પ્રમાણે એ જ ખરો તોરાહ છે બાકીનાં સર્વ પુસ્તક કરતાં તે વિશેષ પવિત્ર છે, અને તેમાં જ ઈશ્વરનું સંપૂર્ણ પ્રકટીકરણ સમાએલું છે.

ક્યાં લખાણો ઈશ્વરપ્રેરિત (૨તી.૩;૧૬) કહી શકાય, તે સવાલનો કંઈક ખુલાસો ઉપરના છેલ્લા બે દાખલા પરથી મળી શકે છે. એ દાખલાઓમાં લોકોએ યોશીયાહ રાજાના કહેવાથી કે એઝરા શાસ્ત્રીના સમજાવ્યાથી તો નહિ, પણ કેવળ ઓળિયામાં સમાએલાં વચનોથી થએલી અસરને લીધે તે વચનોને ઈશ્વરદત્ત તથા ઈશ્વરપ્રેરિત તરીકે કબૂલ કર્યા. પ્રભુ ઈસુએ કાપરનાહૂમના સભાસ્થાનમાં ઉપદેશ કર્યો, ત્યારે તે ઉપદેશમાં રહેલા સત્યનો તથા તેમાં રહેલા પરાક્રમનો લોકને સ્પર્શ થયો, અને એ સ્પર્શ થતાં જ તેઓમાંથી હૃદયોદ્‌ગાર નીકળી પડ્યા, કે "આ શું છે? આ તો નવો ઉપદેશ છે! અધિકારથી તે આજ્ઞા કરે છે" (માર્ક ૧;૨૧-૨૮). ખરેખર, સત્યને આધીન થએલું હૃદય સત્યને ઓળખ્યા વગર રહી શકતું નથી. (યો.૭;૧૭).

જે પુસ્તક એઝરા શાસ્ત્રી પોતાની સાથે બાબેલથી લાવ્યો હતો, તે તો જૂના કરારનાં પહેલાં પાંચ પુસ્તક જે "પંચગ્રંથ" કહેવાય છે, તે જ હતું, એમ ઉપર કહેવામાં આવ્યું છે. વળી એ પ્રમાણે કહેવાનું ખાતરીપૂર્વકનું એક પ્રમાણ એ છે કે સમરૂનીઓ એકલા પંચગ્રંથને પવિત્ર શાસ્ત્ર તરીકે સ્વીકારે છે. નહેમ્યાના સમય સુધી સમરૂનીઓનો તથા યહૂદીઓનો સંબંધ બરાબર હતો, પરંતુ સાન્બાલ્લાટને જમાઇ જે યાજકવર્ગનો હતો, તેને જ્યારે નહેમ્યાએ યરુશાલેમથી હાંકી કાઢ્યો,

ત્યારે તેણે સમરૂન જઈને સમરૂનીઓના એક જુદા પંથની સ્થાપના કરી. તે પંથે યરુશાલેમમાં માન્ય થએલા પંચગ્રંથને જ પોતાના તોરાહ તરીકે માન્ય રાખ્યો, જેથી આજ સુધી પંચગ્રંથ જ સમરૂનીઓનું બાઇબલ ગણાય છે.

B. પણ બીજા તથા ત્રીજા વિભાગ વિષે, એટલે "પ્રબોધકોનાં પુસ્તકો" તથા "લખાણો" વિષે, આપણે શું સમજવું?

(૧) જે પુસ્તકો ઐતિહાસિક કહેવાય છે તે ક્યા કારણને લીધે "પ્રબોધકોનાં પુસ્તક" કહેવાય? ઘણું કરીને તેનું કારણ એ છે, કે તેમાં યહોશુઆ તથા શમૂએલ જેવા મહાન સરદારો તથા પ્રબોધકોનું વર્ણન કરેલું છે, અને તેઓ જ તે પુસ્તકોના લેખકો પણ હતા, એવું યહૂદીઓનું માનવું હોય, એમ લાગે છે. ગમે તેમ હોય, તોપણ આપણે સારુ તો આ ઇતિહાસનાં પુસ્તકો પ્રબોધકો જેવાં જ બોધ ભરેલાં છે. યહોવા કેવળ પોતાના સેવકોની મુખજુબાનીથી જ નહિ, પણ અધ્ય. ૧લામાં કહ્યા પ્રમાણે પોતાના હાથનાં કૃપામય કૃત્યો વડે પણ પોતાને પ્રગટ કરતો ગયો. હેબ્રીઓના ઇતિહાસના લેખકો પ્રબોધ કરનારા પણ હતા.

(૨) આગલા પ્રબોધકોનાં તથા પાછલા પ્રબોધકોનાં પુસ્તકો કેવી રીતે લખવામાં આવ્યાં તથા કેવી રીતે તેઓનો સંગ્રહ કરવામાં આવ્યો, એ સંબંધી ઘણી સૂચનાઓ જૂના કરારમાં સમાએલી છે (દા.ત.૧ શમૂ. ૧૦;૨૫ : યર.૩૬;૧૮). પણ તે પુસ્તકોને ગોઠવવા અથવા માન્ય કરવા સંબંધી બાઇબલમાં કંઇ પણ જણાવેલું નથી. ખરૂં છે, કે દા.૯;૨માં કહેલું છે કે "તેઓની ગણતરી હું દાનિયેલ (પવિત્ર) પુસ્તકોથી સમજી ગયો." આ પરથી સમજી શકાય છે, કે દાનિયેલનું પુસ્તક લખવામાં આવ્યું, તે સમયે યર્મિયાનું તથા બીજા મહાન પ્રબોધકોનાં પુસ્તકો "પવિત્ર" મનાતાં હતાં. પરંતુ ક્યારે અને કેવી રીતે તેઓ માન્ય થયાં, તે તો કેવળ અનુમાનથી કહી શકાય. આટલું જ આપણે કહી શકીએ કે જેમ યોશીયા તથા એઝરાના વખતમાં શાસ્ત્રમાં વચન સાંભળીને પણ "પ્રભુ યહોવાએ મને કહેલું છે" એવો જે દાવો પ્રબોધકો કરતા હતા, તે તેઓએ સાચો માની લીધો હશે.

(૩) આ બે વિભાગ વિષે જૂના કરારમાં કંઇ પણ જણાવેલું નથી

ખરું, પરંતુ આપોક્રિફામાં તે બાબત સંબંધી બે જુદી જુદી સૂચનાઓ મળી આવે છે. "એક્કલેસીઆસ્ટિક્સ" નામનું ઈસુકૃત એક હેબ્રી ભાષાનું પુસ્તક હતું. તે ઈ.સ. પૂર્વે ૧૮૦ને સુમારે રચવામાં આવ્યું હતું, તેનો ગ્રીક ભાષાનો તરજૂમો આપોક્રિફામાં સમાએલો છે. તે પુસ્તકના એક પ્રકરણમાં યહૂદી મહાવીરોનાં જયગાન ગાવામાં આવેલાં છે. (સર.હેબ.૧૧મો અધ્યા). પ્રથમ નામ તો હનોખનું છે, અને છેલ્લાં નામ તો ઊતરતા બાર પ્રબોધકો, ઝરુબ્બાબેલ, પ્રમુખ યાજક યહોશુઆ તથા નહેમ્યાનાં છે. તેમાં દાનિયેલનું નામ આપેલું નથી. આ પરથી આપણે સમજી શકીએ છીએ કે જૂના કરારનો ઘણો મોટો ભાગ આ પુસ્તકના લેખકના હાથમાં હતો.

ઈ.સ.પૂર્વે ૧૩૨ની સાલમાં ઈસુના પૌત્રે તે પુસ્તકનો ઉપરોક્ત ગ્રીક ભાષાનો તરજુમો કર્યો, તેની પ્રસ્તાવનામાં તેણે નીચે પ્રમાણે બે જુદી જુદી વાર જૂના કરારનાં પુસ્તકો વિષે ટૂંકી ટૂંકી નોંધ કરેલી છે.(૧) "નિયમશાસ્ત્ર, પ્રબોધનાં વચન, અને બાકીનાં પુસ્તકો." તે વખતે જૂના કરારના ત્રણ જુદા જુદા વિભાગ હતા, અને વળી પ્રથમ બે વિભાગનાં પુસ્તકો નક્કી કરેલાં હતાં, પણ ત્રીજા વિભાગનાં પુસ્તકોની સંખ્યા હજુ મોઘમ હતી, એવું ઈસુના પૌત્રના ઉપરના શબ્દો પરથી માલૂમ પડે છે. નવા કરારમાં એ ને એજ ત્રણ વિભાગ સૂચવેલા છે (લૂક.૨૪;૪૪). પરંતુ તે સમયે એસ્તેર, ગીતોનું ગીત અને સભાશિક્ષક એ ત્રણ પુસ્તકને હેબ્રી શાસ્ત્રના નિયમગણમાં દાખલ કરવાં કે કેમ, તે વિષે ચર્ચા ચાલતી હતી; અને જ્યાં સુધી ઈ.સ.૯૦માં જમ્નીઆમાં યહૂદી શાસ્ત્રીઓની પરિષદ ભરાઇ નહોતી, ત્યાં સુધી જૂના કરારનો નિયમગણ નક્કી કરવામાં આવ્યો નહોતો.

જૂના કરારનું જે ગ્રીક ભાષાંતર "સપ્તતિ" (= LXX)કહેવાય છે, તે વિષે પૂરી નોંધ પછીથી કરવામાં આવશે. અહીં આટલું જ કહેવાનું છે, કે જૂના કરારમાં મળી આવતાં નથી, એવાં ૧૪ પ્રકરણ તેમાં સમાએલાં છે. એ બધાં પ્રકરણો ગ્રીક ભાષામાં લખેલાં છે, અને વળી તેઓને પાછળનાં સમયમાં લખવામાં આવ્યાં હતાં એવાં એવાં કારણોને લીધે યહૂદી ધર્મશાસત્રીઓએ તે પ્રકરણ જૂના કરારના નિયમગણમાં દાખલ થવા દીધાં નહિ. તે ૧૪ પુસ્તકો "સંતાડેલાં" (-આપોક્રિફલ) કહેવાતાં હતાં, અને તેમનો જુદો કરાએલો સમૂહ

"આપોક્રિફા" નામથી ઓળખાય છે. તેમાં મક્કાબીઓના સમયનો ઇતિહાસ, નીતિવચનોના જેવાં જ્ઞાનવાળાં પુસ્તકો, તથા દાનિયેલ, એસ્તેર તથા બીજા દેવભક્તો વિષેની જુદી જુદી લોકવાયકાઓ, ઇત્યાદિ એવા નાના પ્રકારના લેખો સમાએલા છે. રૂમી મંડળીએ તે ૧૪ પુસ્તકોમાંના ૧૧ પુસ્તક ઇશ્વરપ્રેરિત માનીને અધિકારયુક્ત સ્વીકાર્યાં છે. ચર્ચ ઓફ ઇંગ્લાંડમાં તે ચૌદે અધિકારયુક્ત તો નહિ, પણ બોધરૂપ ગણાય છે.

અધ્યાય ૩જો

પંચગ્રંથ

A.

૧. જૂના કરારનો અભ્યાસ કરવો એ હિન્દી વિદ્યાર્થીને ઘણું સહેલું પડે એમ છે, કેમ કે જૂના કરારના જમાનાઓમાં ઇસ્ત્રાએલીઓમાં ચાલતી ધાર્મિક તેમ જ વ્યાવહારિક ઘણી રીતભાતો જો કે પાલેસ્ટાઇનમાં ક્યારનીયે બંધ થઇ ગએલી છે ખરી, તોપણ હિંદમાં એના જેવી ઘણી રીતભાતો હજુ ચાલે છે. પાલેસ્ટાઇન હાલ આરબ લોકોના તાબામાં છે, તેથી મૂર્તિજાદા તથા હોમહવન કરવાની રીત તે દેશમાંથી નાબૂદ કરવામાં આવેલી છે. પણ જેમ જૂના કરારના સમયમાં કનાનીઓનાં ઉચ્ચસ્થાનોમાં સર્વત્ર મૂર્તિપૂજા ચાલતી હતી, તેમ આ દેશમાં પણ તેનું પૂજન બધે હરહંમેશ જોવામાં આવે છે, અને યરુશાલેમના મંદિરની માફક કલકત્તા શહેરમાં આજે પણ કાલિઘાટમાં વધ કરેલ બકરાના રક્તની ધારા વહે છે. જ્યારે આમોસ પ્રબોધક ઉપદેશ કરવા માટે બેથેલ ગયો, ત્યારે કાર્તિક પૂનમ વખતે ડાકોર, સિદ્ધપુર,વૌઠા કે શુકલતીર્થ મુકામે ભરાતા મેળાનો જેવો દેખાવ થઇ રહે છે, તેવો જ દેખાવ તેને પણ બેથેલ આગળ દૃષ્ટિગોચર થયો હતો.

૨. જૂનો કરાર એક ઇતિહાસરૂપ પુસ્તક છે ખરું, પણ ઇતિહાસ લખવાની તે વખતની અને આધુનિક રીતમાં જે તફાવત છે, કે સમજવાની જરૂર છે. ઇતિહાસકાર તો સંપાદક જેવો છે, એટલે ભૂતકાળના વૃત્તાંતમાંથી જોઇતી સામગ્રી સંપાદન કરીને તે તેને ગોઠવે છે અને પ્રસિદ્ધ કરે છે. એક ને એક બનાવની જુદી જુદી નોંધમાં જે કંઇ ફેરફાર હોય, તે દૃષ્ટિગોચર ન થાય, એવો પ્રયત્ન આધુનિક ઇતિહાસકાર કરે છે. પરંતુ પુરાતન વૃત્તાંતમાં કોઇ પણ બનાવનાં જુદાં જુદાં વર્ણન કરેલાં હોય, તો તેમાં કાંઇ પણ સુધારોવધારો કર્યા વગર એમ ને એમ રહેવા દેવાં, એવી હેબ્રી ઇતિહાસકારોની રીત હતી. વળી કેવળ સારાંશ ન આપતાં પુરાતનકાળની વાર્તાને જેવા રૂપમાં જૂના કથાકારો જાહેર કરતા હતા, તેવા જ રૂપમાં હેબ્રી ઇતિહાસકાર પણ તે લખીને બહાર પાડતા.એ કારણને લીધે જૂના કરારમાં સમાએલી ઘણી વાર્તાઓમાં વર્ણવેલી બીનાઓ આપણને આબેહૂબ સરખી દેખાય છે.

૩. (અ) આ બાબત સંબંધી બીજી એક વાત યાદ રાખવા લાયક છે, તે એ કે હિંદની માફક હેબ્રી લોકમાં શરૂઆતે ઐતિહાસિક બીનાઓનું વર્ણન કરવામાં આવતું નહોતું, પણ ભાટચારણો કથારૂપે તે યાદ કરાવતા હતા. "યહોવાના યુદ્ધનું પુસ્તક" (ગણ.૨૧;૧૪). તથા "યાશારનું પુસ્તક" (યહો.૧૦;૧૩:૨શમૂ.૧;૧૮), એ નામના કાવ્યસંગ્રહોમાં ભાટકાવ્યના દાખલા આપણને મળી આવે છે.

(આ) આમોસ, હોશીઆ વગેરે "લેખિત ભાષણ કરનારા પ્રબોધકો" કહેવાય છે. પરંતુ એ પરથી આમોસ બોધભાષણ લખીને બેથેલ જઈ લોકને તે વાંચી સંભળાવતો હતો, એમ આપણે સમજવું નહિ. જેમ જેમ ઈશ્વર તેને પ્રેરણા કરતો, તેમ તેમ બોલતો (૨પી.૧;૨૧). બેથેલના રાજમંદિર આગળથી તેને હાંકી કાઢવામાં આવ્યો, ત્યાર પછી જ બેથેલમાં બોલેલાં વચન તેણે અથવા તેના અનુયાયીઓએ નોંધી લીધાં હશે. યશાયાને પણ એમ જ થયું. લોકે તેના પ્રબોધકોની કંઈ પણ દરકાર ન કરી, ત્યારે જ અગાઉ બોલેલાં વચન તેણે એક ઓળિયામાં લખીને પોતાના શિષ્યગણને તે વાંચી સંભળાવ્યાં (૮;૧૬). યર્મિયાની વાત પણ એવી જ છે (૩૬;૨).

(ઇ) વળી પ્રબોધકો બોધભાષણ કરતા, ત્યારે ઘણે ભાગે તેઓ કાવ્યના રૂપમાં તે કરતા. (આ વાતનો સહુથી સ્પષ્ટ દાખલો યશા. ૪૦-૫૫માં મળી આવે છે). આ દેશમાં કથા તથા ગીતોદ્ધારા બોધ કરવાની જેવી પ્રથા છે, તેવી જ પ્રથા હેબ્રીઓમાં પણ ચાલતી હતી. સંગીત સહિત એલીશા ભવિષ્ય ભાખતો હતો. જ્યારે જ્યારે "બજવૈયો વાજિંત્ર વગાડતો, ત્યારે ત્યારે એમ બનતું કે યહોવાનો હાથ તેના પર આવતો હતો" (૨ ૨૧.૩;૧૫. જુઓ ૧ શમૂ. ૧૦;૫). આગલા સમયમાં એમ જ થતું હતું. પરંતુ પાછલા સમયમાં પણ મહાન પ્રબોધકો જોકે સસંગીત બોલતા નહિ, તથાપિ તેઓ પણ હમેશાં પોતાનો બોધ કાવ્યના રૂપમાં પ્રગટ કરતા હતા.

(ઇ) નિયમો પણ પહેલવહેલાં લખવામાં આવ્યા હશે અને પછી પ્રગટ કરવામાં આવ્યા હશે, એ માનવું મુશ્કેલ લાગે છે. હેબ્રી ભાષામાં નિયમ સુચવનારો શબ્દ તો "તોરાહ" છે. જૂના કરારમાં તે શબ્દ ૨૧૬ વાર મળી આવે છે. અંગ્રેજી બાઇબલમાં તેનો તરજૂમો "નિયમ" કરેલો

છે, પણ હાંસિયામાં " Instruction " ("શિક્ષણ"), એટલે અમુક બાબત સંબંધી કરેલી સૂચના, એવો તેનો અર્થ આપેલો છે. બાપે પોતાના દીકરાને આપેલું શિક્ષણ પણ "તોરાહ" કહેવાય છે. તોરાહ શબ્દનું મૂળ તો "બાણ ફેંકવું" છે. યહો. ૧૮;૬માં ચિઠ્ઠીઓ નાખવાનો અર્થ સુચવવા સારુ જે મૂળ શબ્દ વાપરેલો છે તે તો "તોરાહ" છે. પુરાતન સમયમાં ઈશ્વરની ઇચ્છા જાણવા પણ બાબતનો કરેલો ફેંસલો, એવો તોરાહનો અર્થ થતો ગયો. એવા ફેંસલા કરવાની મૂસાની મુખ્ય ફરજ હતી. પણ ખરો ન્યાયાધીશ તો યહોવા હતો (નિ.૧૮;૧૯ : ૧શમૂ. ૨;૨૫. (નિ.૨૧;૬: ૨૨;૮,૯, ૨૮માં જયાં જયાં "ન્યાયાધીશો" શબ્દ આવે છે, ત્યાં દરેક ઠેકાણે તેનો "ઈશ્વર" શબ્દથી તરજુઓ કરવો, એ વધારે બંધબેસતું છે). તેથી આ બાબત સંબંધી મૂસાએ પોતાના સસરાને એવો જવાબ આપ્યો, કે "ઈશ્વરની સલાહ લેવાને લોક મારી પાસે આવે છે,...અને હું વાદીપ્રતિવાદીઓના ઇન્સાફ કરું છું, અને તેમને ઈશ્વરના વિધિઓ તથા તેનો તોરાહ (નિયમ) જણાવું છું." બલકે, રજૂ કરેલી બાબતનો ઈશ્વરે જે ફેંસલો કર્યો હોય, તે "તોરાહ" કહેવાય છે. આ વાતના ઘણા દાખલા પંચગ્રંથમાં મળી આવે છે. જ્યારે કોઈ નવા પ્રકારની ફરિયાદ મૂસાની આગળ રજૂ કરવામાં આવતી, ત્યારે તે સંબંધી ઈશ્વરની શી ઇચ્છા હશે, તે જ્યાં સુધી મૂસાને જણાવવામાં ન આવે, ત્યાં સુધી તેનો ફેંસલો કરવાનું મુલવતી રાખવું, એવી તેની રીત હતી (જુઓ લે.૨૪;૧૦-૨૩: ગણ.૯;૧૪: ૧૫;૩૧-૩૮:૨૭; ૧-૧૧). વળી ન્યાયાધીશ તો ઈશ્વર છે, તેથી ન્યાય કરવાનું મુખ્ય સ્થળ મંદિર હોય, એ સ્વાભાવિક છે. યાજકોની પાસે "તોરાહ" એટલે નિકાલ કરવાનું કામ ખૂટે નહિ, એવું યર્મિયા ૧૮;૧૮માં કહેલું છે. "પગાર લઈને યાજકો તોરાહ કરે છે, એટલે લાંચ ખાઈને તેઓ ફેંસલા કરે છે," એમ મીખાહનું કહેવું છે (૩;૧૧), અને હા.૨;૧૧માં યાજકની પાસે ફેંસલો કરાવવાનો એક દાખલો આપેલો છે. શુદ્ધાશુદ્ધ સંબંધી તોરાહ (સલાહ) પૂછવા યહોવાએ હાગ્ગાયને યાજક પાસે જવાનું કહ્યું (હા.૨;૧૦-૧૩).

ટૂંકમાં તોરાહનો અર્થ વિધિ જેવો જ છે. આપ્ટેકૃત સંસ્કૃત શબ્દકોશમાં "વિધિ" નો જે અર્થ કરેલો છે તે એ છે, કે "કંઈ પણ બાબત સંબંધી પ્રથમ આપેલો હુકમ કે જે જતે દહાડે વ્યાવહારિક નિયમ

બને છે." તેજ રીતે કોઈ શંકામય બાબત સંબંધી પહેલો જે ફેંસલો કરવામાં આવ્યો હોય, તે હેબ્રીઓમાં "તોરાહ" કહેવાતો હતો. પછીથી તે ફેંસલો નિયમસૂચક થતો. જેમ આ દેશમાં અશોક મહારાજાએ બહાર પાડેલા કાયદાઓ પથ્થરના સ્તંભો તથા ખડકની સપાટી પર કોતરવામાં આવ્યા છે (ગીરનારની તળેટીએ એવી રીતે કોતરેલો એક લેખ છે), તેમ ઈસ્ત્રાએલમાં પણ પહેલવહેલા તોરાહના સર્વ શબ્દો "મોટા પથ્થર" પર કોતરવામાં આવતા હતા (પુ.૨૭;૨-૮: યહો. ૮;૩૨). ઓળિયામાં પણ તે નોંધી રાખવામાં આવતા હતા (યહો.૨૪;૨૬--"તોરાહનું પુસ્તક"). પછી સમયાનુસાર જેમ જેમ ઈસ્ત્રાએલીઓની સ્થિતિની ઉત્ક્રાંતિ થતી ગઈ, તેમ તેમ પુરાતન કાળના નિયમોમાં સુધારોવધારો થતો ગયો. આખરે ચાલતા આવેલા સર્વ નિયમોનો જે સંગ્રહ બંદીવાસ વખતે કરવામાં આવ્યો, તેજ હાલ "પંચગ્રંથ" નામે ઓળખાતા પુસ્તકમાં બહાર પાડવામાં આવ્યો હોય, એવો ઘણાનો મત છે.

પ્રથમ ફેંસલા મૂસા પોતે આપતો હતો. પણ જ્યારે તેના એકલાથી ઊંચકી શકાય નહિ એટલું બધું એ કામ ભારે થઈ પડ્યું, ત્યારે નાની નાની તકરારોનો ન્યાય કરવા સારુ તેણે હોશિયાર માણસોને ચૂંટી કાઢીને નીમ્યા. પણ અઘરા મુકદ્દમાના ફેંસલા તો તે પોતે કરતો હતો (૧૮;૨૫,૨૬). રાજાશાહી સમયમાં રાજાઓ ન્યાયાધીશ તરીકે બિરાજતા હતા (૧ ૨૧.૩;૯: ૭;૭). તોપણ "ન્યાયકરણનું ઉરપત્ર" પ્રમુખયાજકનું જ હતું, તેમાં "ઉરીમ" ને "તુમ્મીમ" નામના પથ્થરો રાખેલા હતા, જે વડે યહોવાની આગળ યાજક ઈસ્ત્રાએલપુત્રોનો ન્યાય કરતો હતો (નિ.૨૮; ૧૩-૩૩).

૪. છેવટે જેમ હિંદીઓ વિક્રમ રાજાને અને ગુજરાતીઓ સિદ્ધરાજ જયસિંહને માન આપીને ઈતિહાસમાં વર્ણવેલાં ઘણાંખરાં મહાન કૃત્યો તેમનાથી જ થએલાં સમજે છે, તેમ ઈસ્ત્રાએલીઓ પોતાના સહુથી પંકાએલા મહાવીરોને માન આપતાં કહેતા હતા, કે અમારા સર્વ નિયમોનો રચનાર તો મૂસા હતો, સર્વ ગીતોનો રચનાર તો દાઉદ હતો, અને જ્ઞાનમય સાહિત્યનાં સર્વ પુસ્તકોનો લેખક તો સુલેમાન હતો. એમ કહેવું સ્વાભાવિક જ હતું; કેમ કે તેઓનો મોટામાં મોટો સરદાર તેમ જ પ્રથમ તથા સહુથી મહત્ત્વના નિયમોનો ઘડનાર તો

મૂસા હતો. એજ પ્રમાણે દાઉદ પણ પ્રખ્યાત ગવૈયો હતો, જેની કીર્તિ ઈસ્ત્રાએલનાં ગીતોમાં આજ સુધી ગવાય છે. (૨ શમૂ.૨૩;૧). વળી જ્ઞાનની બાબતમાં સુલેમાનની કીર્તિ જગજાહેર હતી (૧ ૨૧.૪;૩૧).

B.

પંચગ્રંથનું અધ્યયન ફરીફરીને કરતાં તેના જુદા જુદા વિભાગને એકબીજા સાથે સરખાવવા, એજ તેનું તાત્પર્ય સમજવાની સહુથી સારી રીત છે. હેબ્રીઓની દૃષ્ટિમાં "તોરાહ" નામનું એક જ પુસ્તક હતું. પણ તેના પાંચ વિભાગ હતા. તે દરેક વિભાગનું નામ તે વિભાગના પ્રથમ શબ્દો પરથી પાડવામાં આવેલું છે, જેમ કે પ્રથમ વિભાગનું નામ "આદિએ" (ઉત.૧;૧). બીજા વિભાગનું નામ "તેમનાં નામ" (નિ.૧;૧), વગેરે. પરંતુ LXX તરજૂમો કરવામાં આવ્યો, તે પહેલાં ઉપરના પાંચે વિભાગ જુદાં જુદાં પાંચ ઓળિયાં બની ગયા હતા. તેનો તરજુમો કરનારાઓએ તેમનાં નામ તેમાં સમાએલાં મુખ્ય વિષયોને આધારે "ઉત્પત્તિ," "નિર્ગમન" વગેરે પાડ્યાં. તે નામ લાટિન બાઇબલમાં (વલ્ગેટ) દાખલ થયાં, તેને આધારે અંગ્રેજી શાસ્ત્રમાં પણ તે જ નામ સ્વીકારવામાં આવ્યાં છે.

આ પાંચ પુસ્તક જેમ જેમ આપણે વાંચતાં જઈશું, તેમ તેમ તેમાં ત્રણ જુદી જુદી ઢબ વપરાએલી આપણને જણાશે. એ ત્રણ ઢબ કઈ કઈ છે, અને તે દરેકનાં ક્યાં ક્યાં લક્ષણ છે, એ હવે આપણે જોઈએ.

(૧) વર્ણનરૂપ ઢબ. પંચગ્રંથનો ઘણો મોટો ભાગ કથારૂપ છે. એવી ઢબને આપણે વર્ણનરૂપ કહીએ. ઉત્પત્તિ, નિર્ગમન તથા ગણના, એ ત્રણ પુસ્તકમાં, પણ વિશેષે કરીને ઉત્પત્તિના પુસ્તકમાં, આ પ્રકારની લખવાની ઢબ મળી આવે છે. એ પુસ્તકમાં આખી દુનિયામાં પ્રખ્યાત થએલી હૃદયભેદક ઘણી વાર્તાઓ સમાએલી છે, જેવી કે જગતમાં પાપ તથા દુઃખનો પ્રવેશ (૨;૪-૪;૩), સદોમ તથા ગમોરાહનો નાશ (અધ્ય. ૧૮,૧૯), યજ્ઞમાં અર્પેલો ઈસ્હાક (૨૨), ઈસ્હાક તથા રિબકાહનાં લગ્ન (૨૪), વગેરે. યૂસફ સંબંધીની આકર્ષક વાર્તા પણ એજ ઢબની છે. નિ. ૩; ૧-૬; ૧:૧૫; ૧-૨૭ ને ૩૧;૧૮-૩૪;૨૮માં વર્ણવેલી બીનાઓ, 'ગણના' માં નોંધાએલી બલઆમની બીના (અધ્ય. ૨૨-૨૪), એ ઉપરાંત અરણ્યમાં બનેલી

બીજી કેટલીએક બીનાઓ તે જ શૈલીમાં વર્ણવેલી છે. પરંતુ લેવીયના પુસ્તકમાં એ શૈલીનો એક પણ દાખલો હાથ આવતો નથી.

વળી આ વાર્તાઓની વધારે તપાસ કરતાં માલૂમ પડે છે, કે રસિકતા તથા આકર્ષકપણામાં જોકે આ બધી વાર્તાઓ સરખી છે ખરી, તોપણ તેમાં કેટલોક ફેરફાર પણ જણાઈ આવે છે. એ ફેરફારને લીધે તે વાર્તાઓના બે જુદા જુદા ભાગ પાડી શકાય છે. કેટલીકએક વાર્તાઓમાં ઈશ્વરને સૂચવવા સારુ "યહોવા" (Jehovah) અને બીજી કેટલીકએકમાં "એલોહીમ" (Elohim=દેવ) એવાં જુદાં જુદાં નામ વપરાએલાં છે. એ લક્ષણો પરથી અસલ હસ્તલેખ બે હતા, એટલે યહોવાવાળો (J) ને એલોહીમવાળો (E) એવો આધુનિક ઘણાખરા સાક્ષરોનો મત છે. ઉપલાં ચિહ્નો સાથે બીજાં કેટલાંક ચિહ્નો પણ ધ્યાનમાં લેતાં ઘણાઓનું એવું માનવું છે કે J નામનો હસ્તલેખ યહૂદાહમાં, અને E નામનો હસ્તલેખ ઉત્તર ઈસ્ત્રાએલમાં લખવામાં આવ્યો. પરંતુ જો કે આ બે હસ્તલેખ પહેલવહેલાં એકબીજાથી જુદા હતા, તોપણ તેમને એટલી વહેલી તકે ભેગા કરી દેવામાં આવ્યા હતા, કે હવે તેમને એક ગણતાં આપણને કંઈ બાધ આવે, એમ નથી.

તેઓમાં કંઈક ફેરફાર તો છે, તોપણ ફેરફારની સાથે તેઓમાં ઘણી સમાનતા પણ છે. તેનું મુખ્ય લક્ષણ એ છે, કે તેમાં ઈશ્વર વિષેની વાત માનવી ઢબ પ્રમાણે કરેલી છે. દા.ત. "યહોવાએ વાડી બનાવી" (ઉત.૨;૮). "દિવસને ઠંડે પહોરે યહોવા દેવ વાડીમાં ફરતો હતો" (૩;૮); "તેણે વહાણનો દરવાજો બંધ કર્યો" (૭;૧૬); "નગરચર્યા જોવા તે ઊતરી આવ્યો" (૧૧;૫: ૧૮;૨૧), વગેરે. ઈશ્વરે વિષે આવી રીતે બોલવાથી તેના પ્રત્યેનો પૂજ્યભાવ ખામીયુક્ત લાગે છે, એવું સમજવાની કશી જરૂર નથી. ઉલટું એવા પ્રકારના વર્ણનથી ઈશ્વરની સમક્ષતા તથા તેનું પરાક્રમ વધારે દીપી આવે છે. આ ઢબની વાર્તાઓ ઘણી પુરાતન છે, એવું એ લક્ષણથી સાબિત થાય છે.

અત્યાર સુધી આ ઢબની વાર્તાઓ સિવાય બીજી જાતના દાખલા આપવામાં આવ્યા નથી. પરંતુ કેટલાએક નિયમો પણ JEના હસ્તલેખમાં સમાએલા છે, જેવા કે નિ.૨૦-૩૦ સુધીમાં જાહેર કરેલા નિયમો. તે નિયમો પણ વાર્તાઓની પેઠે પુરાતન કાળના છે. જેઓની

સામાજિક પરિસ્થિતિ ઘણી જ સાદી તથા સંસ્કૃતિ વગરની હોય, એવા લોકોને લગતા આ નિયમો છે, એવું એ નિયમોનો વધારે ઊંડો અભ્યાસ કરવાથી માલૂમ પડ્યા વગર રહેશે નહિ. ઇસ્ત્રાએલના સહુથી પ્રાચીન નિયમો તે જ છે.

છેલ્લું, પંચગ્રંથમાં સમાએલા ઘણાંખરાં ગીતો JEના હસ્તલેખમાંથી ઉતારેલાં છે, જેવાં કે લામેખનું ગીત (ઉત.૪;૨૩,૨૪), યાકૂબે પોતાના દીકરાઓને આપેલો આશીર્વાદ (ઉત.૪૯), અને અરણ્યમાં કૂચ કરતી વેળા જે જે ગીતો ઇસ્ત્રાએલીઓ ગાતા હતાં તે (ગણ.૨૧).

(૨) બોધરૂપ ઢબ. આ ઢબ વિશેષે કરીને પુનર્નિયમના પુસ્તકમાં મળી આવે છે. તે પુસ્તકની શૈલી વાચકને તદ્દન જુદા પ્રકારની જણાશે. તેની રસિકતા તથા તેનું આકર્ષકપણું, JEની વાર્તાઓના જેવાં જ છે, પણ તેમાં તેના જેવી સાદાઇ નથી. જાણે કોઇ છટાદાર વક્તાનું વ્યાખ્યાન સાંભળતાં તેની ભાષાની શોભામાં તથા તેણે જાહેર કરેલા તેના પોતાના ઉમદા વિચારોમાં આપણે તલ્લીન થઇ ગયા ન હોઇએ, એવી અસર તે પુસ્તક વાંચતાં થાય છે. ગુજરાતી તરજુમામાં પણ આ શૈલીનું લક્ષણ તરત દેખાઇ આવે એમ છે.

પુનર્નિયમના પુસ્તકમાં જે જે નૈતિક શિક્ષણ તથા જે જે નિયમો સમાએલાં છે, તે સર્વનો આધાર એક જ છે, એટલે "યહોવા આપણો દેવ તે એકલો યહોવા છે" (૬;૫. મૂળભાષાના શબ્દો : "યહોવા આપણો દેવ, યહોવા એક (છે))." આજદિન સુધી એ ટૂંક વાક્ય.જ હેબ્રીઓનું આખું "વિશ્વાસનામું" છે. યહોવા એકરૂપ છે, તેથી ઇસ્ત્રાએલી પ્રજા એકરૂપ છે. તેને યહોવાએ પસંદ કરીને તેના પર પ્રેમ રાખ્યો, એ માટે કે તેઓ તેના પવિત્ર લોક થાય. યહોવા એક છે, તેથી સ્વેચ્છાએ કરેલાં યજ્ઞાર્પણદ્વારા યહોવાની જે ભક્તિસેવા તેઓ કરે, તે પણ એકરૂપ થાય, એ જરૂરનું છે; તેથી આખા દેશમાંથી જે એક જ સ્થળ (એટલે યરુશાલેમ) તે પસંદ કરે, ત્યાં જઇને તેઓએ તેની આરાધના કરવી, એવો બોધ ઘણા માયાળુપણાથી તેમ જ ઘણા આત્મિક ભાવથી આ પુસ્તકમાં આપવામાં આવેલો છે.

આ પુસ્તક લખવાની ઢબ વર્ણનરૂપ ઢબથી છેક જુદી છે. તેન જો

આપણે બોધરૂપ કહીએ, તો ચાલે. એ ઢબના બેચાર દાખલા બીજાં પુસ્તકોમાં અને વિશેષે કરીને રાજાઓનાં બંને પુસ્તકોમાં મળી આવે છે. તે બોધરૂપ છે, તેથી તે સહેલાઈથી ઓળખી શકાય એમ છે. જેમ કે ન્યા.૨;૬-૩;૬: ૨ ૨૧.૧૭; ૭-૨૩. પુનર્નિયમના પુસ્તકના અંગ્રેજી નામના આદ્યક્ષર પરથી (Deuteronomy) આ હસ્તલેખનું નામ D પડેલું છે.

(૩) **વિધિરૂપ ઢબ.** ઉપલા બે પ્રકારની શૈલી ઉપરાંત એક ત્રીજા પ્રકારની શૈલી પણ છે. ગણનાનું પુસ્તક આપણે તપાસીએ તો તેમાં ઉપર કહ્યા પ્રમાણે અરણ્યમાં થએલી રખડપટ્ટી સંબંધીની ઘણી રસિક વાર્તાઓ સમાએલી માલૂમ પડે છે, જેવી કે લોકે કરેલી કચકચ (૧૫), બલઆમની વાર્તા (૨૨-૨૪), વગેરે. આ સર્વ રસિક વાર્તાઓ ગણનાના ઉત્તરાર્ધમાં મળી આવે છે. પરંતુ તેના પૂર્વાર્ધમાં આવેલા પ્રકરણની તપાસ કરીએ, તો તેઓની શૈલી જુદા જ પ્રકારની જણાશે. એમાં વ્યવસ્થિત રચના, પુનરુકિત, અને કર્મક્રિયાના વિધિઓનો વિગતવાર ખુલાસો મળી આવે છે. તે સમયનું રાજતંત્ર તો ઈશ્વરશાહી હતું, તે કારણસર સમાજની સર્વ સંસ્થાઓ તથા તેમને લગતાં સર્વ ધારાધોરણ ઘણી ઝીણવટથી સવિસ્તર નોંધેલાં છે. જાણે કે રાજાધિરાજની દૃષ્ટિ આગળ જ બધું લખવામાં આવતું હોય એમ લાગે છે. આ ઢબના લખાણનો ઘણોખરો ભાગ ધાર્મિક વિધિઓ તથા કર્મક્રિયા સંબંધીનો છે. તે પરથી તે "P" એટલે યાજકવાળો (=Priestly) હસ્તલેખ કહેવાય છે.

વિધિરૂપ ઢબ પંચગ્રંથનાં પ્રથમ ચાર પુસ્તકોમાં મળી આવે છે. લેવીયના પુસ્તકમાં તો તે સિવાય બીજા કોઈ પ્રકારની શૈલી નથી. નિર્ગમનના પુસ્તકમાં પવિત્ર મંડપ બાંધવા સંબંધી યહોવાએ મુસાને આપેલી સૂચનાનું વર્ણન તેમ જ મંડપ બાંધવાનું વર્ણન જે જે અધ્યાયોમાં સમાએલું છે, તે સર્વ અધ્યાયો (૨૫-૩૧ ને ૩૫-૪૦) આ ઢબના છે. ઉત્પત્તિના પુસ્તકમાં પણ આ ઢબના કેટલાએક દાખલા મળે છે, દા.ત. જુદી જુદી વંશાવળીઓ (અધ્ય.૫,૧૦,૧૧, વગેરે). વળી અધ્ય.૧; ૧-૨;૪ અ સુધીનું લખાણ પણ આ ઢબનું છે. તેમાં તેનાં લક્ષણ સ્પષ્ટ દેખાય છે, જેમ કે તેની ક્રમ વાર રચના, અને એ ને એજ વાક્યોની પુનરુકિત. પણ કોઈ વાચક પૂછે કે આ અધ્યાયોમાં એક સુંદર વાર્તા

નથી શું? હા, છે. ઉત્પત્તિનું વર્ણન એવી એક સુંદર વાર્તા છે, પણ જોકે બીજે ઠેકાણે તેના જેવી બીજી રસિક વાર્તાઓ મળી આવે છે ખરી, તોપણ તપાસ કરતાં માલૂમ પડશે, કે આ ઢબની દરેક વાર્તામાં કોઈ ને કોઈ વિધિ કે સંસ્કારનો ખુલાસો કરેલો છે. ઉત્પત્તિનું વર્ણન વાર્તારૂપે કરેલું છે ખરું, પણ તે તો સાબ્બાથ દિવસ પવિત્ર પાળવાના વિધિની પ્રસ્તાવનારૂપ છે (૨;૨,૩:નિ.૨૦;૧૧). આ વાતના બીજા દાખલા ઉત.૯; ૧-૧૭ માં (નૂહની સાથે કરેલો કરાર), ઉત.૧૭; ૧-૨૭માં (સુન્નત સંસ્કાર), ને નિ.૧૨;૧-૨૦માં (પાસ્ખાપર્વ) મળી આવે છે.

તે ઉપરાંત યાજકવાળા હસ્તલેખનાં બીજાં પણ લક્ષણ છે. JEની વાર્તાઓમાં ઈશ્વર સંબંધીની વાત માનવી ઢબે કરેલી છે, એ દાખલા સહિત ઉપર કહેવામાં આવ્યું છે. વળી દૂતોદ્વારા (ઉત.૧૬;૭:૧૯;૧:૨૮;૧૨,વગેરે)તથાસ્વપ્નોદ્વારા (ઉત.૩૧;૧૧:૪૦;૫,વગેરે) ઈશ્વર પોતાની ઇચ્છા પોતાના સેવકોને જણાવે છે, એમ એ ઢબના હસ્તલેખમાં કહેલું છે. પરંતુ P હસ્તલેખની વાર્તાઓમાં પોતે બોલેલાં વચન વગર બીજી કોઈ પણ રીતે ઈશ્વર પોતાની ધારણા જાહેર કરતો જણાતો નથી. નિર્ગમનના ત્રીજા અને છઠ્ઠા અધ્યાયમાં યહોવાએ કરેલા પ્રકટીકરણનાં બે જુદાં જુદાં વર્ણન મળી આવે છે, તેઓની સરખામણી જો આપણે કરીએ, તો આ વાતનો સારો દાખલો મળે એમ છે. અધ્યાય ત્રીજો JE હસ્તલેખનો છે; તેમાં લખ્યા પ્રમાણે યહોવાએ બળતા ઝાડવાની મારફતે મૂસાને દર્શન દીધું. પણ અધ્યાય છઠ્ઠો P હસ્તલેખનો છે; તેમાં લખેલા વર્ણન પ્રમાણે યહોવાએ માત્ર શબ્દદ્વારા પોતાને ઓળખાવ્યો, સિનાય પહાડ ઉપરથી ઈશ્વરે પોતાના મહિમાનું દર્શન કરાવ્યું, એ એક જ પ્રસંગ સિવાય P વાળી વાર્તાઓમાં બીજી કોઈ પણ વખતે ઈશ્વર દૃશ્યમાન થતો જણાતો નથી.

જેમ JE તથા D ના હસ્તલેખોમાં કેટલાએક લાક્ષણિક શબ્દો મળી આવે છે જે એકલા તેઓમાં જ છે, તેમ Pમાં પણ ઘણા એવા શબ્દો છે, કે જે માત્ર તેમાં જ મળે છે. પરંતુ ગુજરાતી શાસ્ત્રમાં એવો શબ્દફેર બધે ઠેકાણે જાળવવામાં આવ્યો નથી, તેથી એ વાતના દાખલા આપવામાં કંઈ લાભ નથી. (મૂળ ભાષાનો શબ્દ "એદાહ"

(Congregation) એકલા Pનાં લખાણોમાં મળે છે. પણ ગુજરાતીમાં તે એક ને એક શબ્દના ત્રણ જુદા જુદા તરજૂમા કરેલા છે, એટલે "સમુદાય" (નિ.૧૨;), "જમાત" (૧૨;૫,૧૯), અને "સભા" (૩૪;૩૧)).

જે ત્રણ જુદા જુદા પ્રકારની ઢબનો ખુલાસો ઉપર કરવામાં આવ્યો છે. તે ત્રણેય ઢબના દાખલા યહોશુઆ પુસ્તકમાં પણ મળી આવે છે, જેથી પંચગ્રંથ ન કહેતાં ઘણાખરા આધુનિક સાક્ષરો જૂના કરારનાં પ્રથમ છ પુસ્તકોને "ષડગ્રંથ" કહે છે.

C.

ઉપરોક્ત ત્રણ જુદી જુદી ઢબના હસ્તલેખનાં જુદાં જુદાં લક્ષણોનો જે ખુલાસો ઉપર કરવામાં આવ્યો છે, તે પરથી તે જુદા જુદા હસ્તલેખો લખવાના અથવા તેમને ગોઠવવાના સમય સંબંધી કંઈ અનુમાન કરી શકાય કે કેમ, એવો સવાલ સહેજે ઉપસ્થિત થાય છે.

૧. JE.આ હસ્તલેખમાં સમાએલી સર્વ વાર્તાઓ પુરાતન કાળની છે એવું ઉપર કહેવામાં આવ્યું છે ખરું, પણ તેઓનો સંગ્રહ ક્યારે કરવામાં આવ્યો, તે ચોકસાઈથી કહેવાય એમ નથી. પણ આટલું તો સ્પષ્ટ જ છે, કે કનાન દેશ સર કરાયા અગાઉ તેમનો સંગ્રહ થયો નહોતો (ઉત.૧૨;૬:૧૩;૭). વળી રાજાશાહી તંત્ર દાખલ થયા પછી તેઓનો સંગ્રહ કરવામાં આવ્યો હોય, એવી અટકળ ન્યાયા. ૧૭;૬:૧૮;૧:૨૧;૨૫ પરથી કરી શકાય છે. વળી આમોસ તથા હોશીઆના સમયમાં આ હસ્તલેખની ઘણી વાર્તાઓ લોકમાં પ્રચલિત હતી (આમ.૨;૯:૩;૧:૫;૨૫: હો.૯;૧૦:૧૧;૧:૧૨;૩,૧૨,૧૩). આ પ્રમાણ મહત્વનું છે. આમોસ યહુદાહનો રહીશ, અને હોશીઆ ઉત્તર ઈસ્ત્રાએલનો રહીશ હતો. તેઓ સુમારે ઈ.સ.પૂ.૮૦૦-૭૫૦ના ગાળામાં બોધ કરતાં હતા. તેથી શમૂએલના વખતમાં રાજાશાહી સંસ્થાની સ્થાપના થઈ, તે વખતે રાષ્ટ્રીય હિલચાલે ઘણું જોર પકડ્યું; અને તે હિલચાલને ટેકો આપતાં દેશબંધુઓને ઉત્તેજિત કરવા સારુ "પ્રબોધકના દીકરા" કહેવાતા જે જુવાનો છૂટાછવાયા મઠોમાં રહેતા હતા, તેઓએ પોતાના ધર્મપિતૃઓ સંબંધીની આ વાર્તાઓનો સંગ્રહ કર્યો હોય, એમ માનવું અસંભવિત નથી.

૨. D. આ હસ્તલેખ લખવાનો સંભવિત સમય નક્કી કરી શકાય એમ છે. ઈ.સ.પૂ.૬૨૨ની સાલમાં યરુશાલેમનું મંદિર સમારતી વખતે એક ઓળિયું મળી આવ્યું, તેમાં પુનર્નિયમનું આખું પુસ્તક અગર તેનો મોટો ભાગ સમાએલો હતો. આ વાત પુનર્નિયમનના પુસ્તકની પ્રસ્તાવનામાં પણ આગળ જતાં ચર્ચવામાં આવશે. નિર્ગમન વખતે મૂસાએ જે મૂળ પાયારૂપ કાયદા જાહેર કર્યા હતા, તેમાં સમાજની બદલાતી જતી સ્થિતિને અનુલક્ષીને દેવભક્તોએ મહાન પ્રબોધકોના શિક્ષણને આધારે જોઈતો ફેરફાર કરીને તે કાયદાઓ નવેસરથી લખ્યા હોય એમ એ હસ્તલેખ પર વાચકને લાગ્યા વગર રહેતું નથી.

૩. P. આ હસ્તલેખનાં લક્ષણ JEનાં લક્ષણથી તદ્દન જુદાં છે, એવું ઉપર કહેવામાં આવ્યું છે. તેમાં પુરાતન કાળની સાદાઈ જણાતી નથી. લેખનકળામાં જેઓ કુશળ હતા, તેઓના હાથનું કામ આ હસ્તલેખમાં જણાઈ આવે છે, એમ કહીએ તો ચાલે. વળી આ હસ્તલેખમાં જે વિગતવાર નિયમો તથા વિધિઓ આપેલા છે, તે પરથી એવું અનુમાન કરવું ઘટે છે, તેઓનો એવો વિકાસ થતાં પહેલાં ઘણા જમાના વ્યતીત થયા હશે. તો સવાલ એ ઉપસ્થિત થાય છે કે પુનર્નિયમનો હસ્તલેખ બહાર પડ્યા પછી P નામનો હસ્તલેખ લખવામાં આવ્યો હશે કે કેમ? ત્યાર પછી લાંબે વખતે તે પ્રસિદ્ધ થયો હોય, એવું માનવાનાં ઘણાં પ્રમાણ મળી આવે છે : (અ) તેમાં ઈશ્વર વિષેનો જે ખ્યાલ જાહેર કરેલો છે, તે બીજા બે હસ્તલેખમાં સમાએલા ખ્યાલથી ઘણો ચઢીઆતો છે. ઉત્પત્તિના વર્ણનમાં આ વાતની સાબિતી મળશે (ઉત.૧; ૧-૨; ૪). વળી મુલાકાતમંડપની દરેક પ્રકારની વ્યવસ્થામાં યહોવાની પવિત્રતા દીપી આવે છે. તે છાવણી મધ્યે ઊભો કરવામાં આવતો હતો, અને તેની સેવા કરનારા યાજકો તેની આજુબાજુએ રહીને તેને સાચવતા હતા. "હું ઇસ્રાએલપુત્રોની મધ્યે રહીને તેઓનો દેવ થઈશ," તે વચનના ચિહ્નરૂપ તે હતું (નિ.૨૯;૪૫).

(આ) પણ ઉપરોક્ત પ્રમાણ કરતાં વધારે સબળ એવું બીજું એક પ્રમાણ છે. (૧) JEનો હસ્તલેખ સહુથી જૂનો છે. તેમાં જણાવ્યા પ્રમાણે સોનાના વાછરડાની પૂજા કરવાનો અપરાધ થયો, તે વખતે કેવળ લેવીકુળના પુત્રો તે અપરાધમાં ફસાયા નહોતા, જેના બદલા

તરીકે "તેઓ યહોવાની હજૂરમાં જાથુ ઊભા રહે અને તેની સેવા કરે" (નિ.૩૨;૨૮: પુન.૧૦;૮),તદ્નુસાર મૂસાએ એ કામ લેવી પુત્રોને સોંપ્યું. (ત્યાર પહેલાં મૂસા પોતે યાજકની ફરજ બજાવતો હતો (નિ.૨૪;૬-૮). તે પ્રસંગે મૂસાના હુકમથી કેટલાએક જુવાનોએ દહનિયાપર્ણ ચઢાવ્યાં હતાં.). પણ જો કે મૂસાએ લેવીપુત્રોને યાજકો તરીકે નીમ્યા હતા, તોપણ ઘણા વખત સુધી ગમે તે કુળના કોઈ પણ સરદારને યજ્ઞ કરવાની છૂટ હતી, એમ જણાય છે. ગિદિઓન મનાશ્શેહના કુળનો અને માનોઆહ દાનના કુળનો હતો, તોપણ આ બેઉ માણસોએ સ્વહસ્તે યજ્ઞો ચઢાવ્યા (ન્યા.૬;૨૬:૧૩;૧૯). મીખાહ એફ્રાઈમી હતો, તોપણ તેણે પોતાના દીકરાને પોતાના દેવસ્થાનનો પુરોહિત નીમ્યો (ન્યા.૧૭;૫). શાઉલ રાજાના લોકોએ લૂંટી લીધેલાં ઢોર "મોટા પથ્થર" ની વેદી પર પોતાના હાથથી વધ કરીને અર્પી દીધાં. (૧ શમૂ.૧૪;૩૪). શમૂએલ એફ્રાઈમના કુળનો હતો (૧ શમૂ.૧;૧), તોપણ યાજક તરીકે તે શણનો એફોદ પહેરતો હતો (૨;૧૮). (૧ કાળ.૬;૧૬,૨૮માં શમૂએલ તથા તેનો બાપ લેવીપુત્રોના વર્ગના ગણાય છે. પ્રાચીન કાળમાં જે કોઈ માણસ યાજકને લગતી ફરજ બજાવતો, તેને "લેવી" ગણવામાં આવતો હોય, એમ લાગે છે. ઉપર કહ્યા પ્રમાણે જે જુવાનની દીક્ષા મીખાહે કરી, તે જો કે યહૂદાહ કુળનો હતો, તોપણ તે "લેવી" કહેવાય છે (ન્યા.૧૭;૭).

(૨) પુરાતન કાળમાં એવી છૂટ હતી ખરી, પણ પુનર્નિયમના પુસ્તક પ્રમાણે તો કેવળ લેવીપુત્રો જ યાજકો ગણાય છે, જેઓની ફરજોને લગતાં ધારાધોરણો રચવામાં આવેલાં માલૂમ પડે છે. તે પુસ્તકમાં "લેવી યાજકો" એ શબ્દો વારંવાર મળી આવે છે (૧૭;૯, ૧૮:૧૮;૧,વગેરે)

(૩) પરંતુ Pનાં લખાણો પ્રમાણે એકલા હારૂનપુત્રો યાજકો ગણાય છે, અને વળી તેઓના હવાલામાં લેવીપુત્રોને સોંપી દેવામાં આવેલા છે, એ માટે કે તેઓ યાજકોની સેવા કરે (ગણ.૩;૫-૧૦). લેવીઓની પાસે જે બીજા પ્રકારની સેવા હારૂનના દીકરાઓ કરાવતા હતા, તેનું વિસ્તારપૂર્વક વર્ણન ગણનાના પ્રથમ અધ્યાયોમાં કરેલું છે. દા.ત. જ્યારે જ્યારે મુલાકાતમંડપ પાડવામાં આવે, ત્યારે ત્યારે તેની સોનાની વેદી તથા નિત્યની રોટલીની મેજ ઊંચકી લેવાની લેવી

કહાથના દીકરાઓની ફરજ હતી; તોપણ જ્યાં સુધી હારૂન તથા તેના દીકરાઓ પવિત્રસ્થાનમાં જઈને તે "પરમ પવિત્ર વસ્તુઓને" કપડાથી ઢાંકે નહિ, ત્યાં સુધી લેવીઓને તેને અડકવાની સખત મના હતી. "તેઓ કોઈ પવિત્ર વસ્તુને ન અડકે, રખેને તેઓ માર્યા જાય" (૪;૧-૧૬). આવી રીતે ઈસ્ત્રાએલપુત્રોના પ્રથમ જન્મેલાને બદલે લેવીઓને હારૂનપુત્રોના હવાલામાં સોંપવામાં આવ્યા; તેમ જ ઈસ્ત્રાએલીઓનાં પ્રથમ જન્મેલાંને ઢોરઢાંકરને બદલે લેવીઓનાં ઢોરઢાંકર લેવામાં આવ્યાં. (૩;૪૧).

વળી લેવીઓની દીક્ષાક્રિયા યાજકોની દીક્ષાક્રિયા કરતાં ઊતરતા પ્રકારની હતી. લેવીઓ પર અભિષેકનું પવિત્ર તેલ રેડવામાં આવતું નહોતું, પણ તેને બદલે "શુદ્ધિનું પાણી" (મૂળાર્થ "પાપનું પાણી" એટલે પાપ-નિવારક પાણી) વાપરવામાં આવતું હતું. ત્યાર પછી બીજા ઈસ્ત્રાએલપુત્રોને બદલે તથા તેઓને માટે પ્રાયશ્ચિત કરવા સારુ તેઓને હારૂનના હવાલામાં સોંપવામાં આવતા (ગણ.૮;૫-૧૯. યાજકોની દીક્ષાક્રિયાનું વર્ણન લેવીયના ૮માં અધ્યાયમાં કરેલું છે).

લેવીઓના દરજ્જામાં એવો ફેરફાર શાને લીધે થયો? પુનર્નિયમના પુસ્તક પ્રમાણે તેઓ યાજકપદ ભોગવતા હતા; પણ ગણનાના પુસ્તકના પૂર્વાદ્ધ પ્રમાણે તેઓ યાજકવર્ગની સેવાચાકરી કરનારા બની ગએલા માલૂમ પડે છે. એવો ફેરફાર થવાનું શું કારણ હશે?

યોશીયાહની કારકિર્દીને સમયે મંદિરમાંથી એક ઓળિયું મળી આવ્યું હતું. પરંતુ જ્યાંસુધી તે મળ્યું નહોતું, ત્યાંસુધી નિ.૨૦;૨૪,૧૫માં વેદી બાંધવાની અપાએલી છૂટનો અમલ કરતાં લોક ગામેગામ વેદીઓ બાંધતા હતા. દા.ત.જ્યારે શાઉલ તથા તેનો નોકર પ્રબોધક શમૂએલને મળવા ગયા, ત્યારે સૂફ પ્રાંતના એક ગામમાં જે ઉચ્ચસ્થાન હતું, ત્યાં આગળ યજ્ઞ કરતો તે તેઓને મળ્યો (૧ શમૂ.૯;૧૨). કાર્મેલ પહાડ પર પણ યહોવાની પાડી નાંખેલી એક વેદી હતી, તેને યહોવાને નામે સમારીને એલિયાહે ત્યાં આગળ બઆલના પ્રબોધકોને હરાવ્યા (૧ રાજા.૧૮;૩૦). જ્યાં જ્યાં એવી વેદીઓ હતી, ત્યાં ત્યાં લેવી પૂજારીઓ વસવાટ કરીને તેની સેવા કરતાં હતા. પરંતુ જતે દહાડે કનાનીઓની મૂર્તિપૂજાની અસરથી ભ્રષ્ટ થઈને તે લેવીઓ યહોવાને નામે બાંધેલી વેદી પર બઆલ તથા સૂર્ય, ચંદ્ર

તથા તારામંડળને નામે ધૂપ ચઢાવવા લાગ્યા હતા. તે કારણને લીધે પુનર્નિયમના પુસ્તકમાં તે સઘળી વેદીઓને પાડી નાખીને એકલા યરુશાલેમમાં યહોવાની ભક્તિસેવા કરવાનો કાયદો જાહેર કરવામાં આવ્યો (૧૨;૧-૧૪). તો પછી તે વેદીઓના પૂજારીઓનું શું થયું? તે જ પુસ્તકના બીજા એક કાયદા પ્રમાણે તેઓને સારુ (૧૮;૬-૮) એવી વ્યવસ્થા કરવામાં આવી કે તેઓ યરુશાલેમ આવીને ત્યાંના લેવી ભાઈઓની સાથે રહે, અને મંદિરમાં ચાલતી ભજનસેવામાં ભાગ લે. પરંતુ તેઓ આ પરવાનગીનો લાભ ન લેતાં પોતપોતાનાં ગામોમાં જ રહ્યા, એવું ૨ રા.૨૩;૯ પરથી માલૂમ પડે છે.

ઉપલી વાત તો ઈ.સ.પૂર્વે ૬૨૨ની છે. ત્યાર પછી પચીસમે વર્ષે યરુશાલેમનું પતન થયું (૫૯૭), ત્યારે હઝકીએલ યાજકને બીજા કેદીઓની સાથે બંદીવાસમાં લઈ જવામાં આવ્યો. બીજાં અગિયાર વર્ષ પછી યરુશાલેમ ફરી સર કરાયું, અને મંદિર સુદ્ધાં તેનો સમૂળગો નાશ કરવામાં આવ્યો (૫૮૬). બંદીવાસ વખતે હઝકીએલે યરુશાલેમ ફરી બાંધવાની યોજના તૈયાર કરી. તે પ્રમાણે નવા નગરનું તેમ જ તેના સર્વ વ્યવહારનું કેન્દ્રસ્થાન મંદિર જ થાય, એ સ્વાભાવિક હતું. વળી મંદિરની પવિત્રતા જાળવી રાખવા સારુ પ્રબોધકે યાજકવર્ગને લગતા નવા નિયમો ઘડી કાઢ્યા. તેમાં એવું ફરમાવેલું હતું, કે લેવીઓ યહોવાની ભક્તિસેવા પડતી મૂકીને મૂર્તિપૂજામાં મશગૂલ થઈ ગયા હતા, તેથી યાજકપદ પરથી તેઓને બરતરફ કરીને તેઓને મંદિરના નોકર બનાવવા (હઝ.૪૪;૧૦-૧૪). લેવી સાદોકના દીકરાઓ યહોવાની સેવામાં એકનિષ્ઠાથી ટકી રહ્યા હતા, તેથી તેઓ એકલા જ યાજકપદ ભોગવવા લાયક ગણાયા (૪૪;૧૫). સાદોક યાજક તો દાઊદ રાજાનો નિમકહલાલ સેવક હતો, તેને સુલેમાન રાજાએ અબ્યાથારને બદલે પ્રમુખયાજક નીમ્યો (૧ રા.૨;૩૫), ત્યારથી માંડીને સાદોકવંશના પુત્રો યરુશાલેમના મંદિરની વેદીની સેવા કરતા આવ્યા હતા.

આવી જ રીતે બીજા બધા લેવીઓ પદભ્રષ્ટ થતાં તેઓ લેવી સાદોકના પુત્રોના સેવકો બની ગયા. ઉપરોક્ત વાતની મતલબ એ છે, કે પુરાતન કાળમાં લોકના આગેવાનોને યજ્ઞાર્પણ કરવાની છૂટ હતી (JE). પછીથી લેવીપુત્રો યાજકપદ ભોગવવા લાગ્યા (D). પણ ગામોમાં

રહીને ભ્રષ્ટ થઈ ગએલા લેવીઓ બંદીવાસમાંથી પાછા આવ્યા પછી યરુશાલેમવાસી લેવી સાદોકના પુત્રોના સેવક તરીકે મંદિરને લગતું હલકું કામ કરનારા બન્યા (P).

બંદિવાસમાં પડેલા યહૂદીઓ તેઓના વહાલા માતૃદેશથી અલગ કરાએલા હતા, એ દરમિયાન તેઓએ પોતાના લોકના કાળવૃત્તાંતના તથા વિશેષે કરીને ચાલતી આવેલી ધર્મક્રિયાના જે જુદા જુદા સંગ્રહ હતા, તે એકઠા કરવામાં તથા ગોઠવવામાં કામે લાગ્યા. તે કામ શાસ્ત્રી કહેવાતા એક વર્ગના માણસોએ ઊપાડી લીધું. તેઓમાંનો એઝરા નામે એક જણ જે સાદોકના વંશનો હતો, તે સહુથી પ્રખ્યાત હતો. બંદીવાસનો અંત પ૩૭ની સાલમાં આવ્યો, પરંતુ ૪૫૮ પહેલાં એઝરા યરુશાલેમ આવ્યો નહોતો. તેથી તે અરસામાં પંચગ્રંથ આજે જેવો છે, તેવાં રૂપમાં લખવામાં આવ્યો હોય, એવો ઘણો સંભવ છે. શાસ્ત્રીઓના હાથમાં ઇતિહાસ લખવાનાં ઘણાં સાધનો પણ હતાં. JE નાં હસ્તલેખમાં જે પુરાતન કાળની વાર્તાઓ તથા ભાટકાવ્યો હતાં તે, તેમ જ ૬૨૨ની સાલમાં મળી આવેલું ઓળિયું, એ સર્વે તેઓની પાસે હતાં. વળી તે ઉપરાંત શમૂએલ તથા રાજાઓનાં પુસ્તકો તથા મહાન પ્રબોધકોએ લખેલાં ઓળિયાં એ સર્વ સાધનોનો પણ તેઓ ઉપયોગ કરતા હતા.

હઝકીએલના શિક્ષણથી દોરવાએલા શાસ્ત્રીઓનું બેવડું ધ્યેય હતું એટલે (અ) યરુશાલેમમાં રહેવા પાછા ગએલા યહૂદીઓને પ્રકાશ તથા પ્રેરણારૂપ થાય એવા પ્રકારનો ઇતિહાસ પ્રસિદ્ધ કરવો, અને (બ) સમાજની ઉન્નતિને સારુ પાયારૂપ નીવડે, એવા ધારાધોરણોનો સંગ્રહ કરવો. આવાં આવાં કારણોને લીધે પંચગ્રંથમાં વંશાવળીઓ (ઉત.૫,૧૦,૧૧વગેરે), કુળો (ગણ.૧-૪), જુદાં જુદાં કુળોમાં કનાન દેશની વહેંચણી (યહો.૧૭-૨૨), અને જુદી જુદી ધર્મક્રિયાઓનો આરંભ, જેવો કે સુન્નતસંસ્કાર (ઉત.૧૭). પાસ્ખાપર્વ (નિ.૧૨), વગેરે વિષયોને મહત્વનું સ્થાન આપવામાં આવ્યું. પુરાતન કાળની વાર્તાઓ એમ ને એમ વર્ણવેલી છે. તેઓને સારુ ઉપલી જુદા પ્રકારની વાતો ચોકઠારૂપે છે, એમ કહીએ તો ચાલે.

આ ખુલાસાનો એવો સારાંશ છે, કે પંચગ્રંથનાં પુસ્તકો એક જ દેવભક્તના હાથે સામટાં લખવામાં આવ્યાં એમ તો નહિ, પણ જુદા

જુદા સમયના કાળવૃત્તાંતના સંગ્રહ પરથી એઝરા શાસ્ત્રીના વખતમાં તે રચવામાં આવ્યાં. આવી જે જુદી જુદી રીતે પંચગ્રંથની રચના થઈ, તે પરથી આ ગ્રંથના દરેક પૃષ્ઠ પર ઘણો પ્રકાશ પડે છે. આ વાતના બે દાખલા આપણે લઈએ.

૧. કેટલીએક બાબતોમાં જે બે જુદાં જુદાં પંચગ્રંથમાં કરેલાં છે, તેનો ખુલાસો મળે છે.

(૧) ઉત.૧;૧-૨;૪માં અને ૨;૪-૨૫માં સૃષ્ટિની ઉત્પત્તિનાં જે બે જુદાં જુદાં વર્ણન કરેલાં છે, તેમાં ઘણો તફાવત જણાય છે,

(૨) જળપ્રલયના વર્ણનમાં ઉત્પત્તિ ૬;૫-૯;૧૭) કેટલીએક ઉલટીસુલટી વાતો મળી આવે છે.

(૩) બેથેલ (૨૮;૧૯ ને ૩૫;૧૫) અને ઈસ્ત્રાએલ (૩૨;૨૮ ને ૩૫;૧૦), એ બે નામ પડવાનાં જુદાં જુદાં કારણો આપેલાં છે.

(૪) યૂસફને ઈશ્માએલીઓને વેચી દેવામાં આવ્યો, પરંતુ મિસરમાં લઈ જવાયા પછી તેને વેચનારાઓને તો મિદ્યાનીઓ તરીકે ઓળખાવવામાં આવે છે (૩૭;૨૫,૨૬).

(૫) નિ.૩;૧-૬; ૧માં મૂસાને આપેલું દર્શન વર્ણવેલું છે;પણ ૬;૨-૭; માં એ જ દર્શનનું કંઈક જુદું વર્ણન કરેલું છે.

(૬) કોરાહ, દાથાન તથા અબીરામની વાર્તામાં પણ કંઈક મિશ્રણ થયું હોય, એમ લાગે છે (ગણ.૧૬;૧-૩૫).

(૭) યરદન નદી ઓળંગવાના બનાવની (યહો.૩-૪) વીગતોમાં ભેળસેળ થએલી માલૂમ પડે છે.

ઉપરના ચોથા દાખલા સિવાય બીજા બધા દાખલામાં જે મુશ્કેલી નડે છે, તેનો એવો ખુલાસો છે, કે પુરાતન કાળના હસ્તલેખમાં (JE) જે વાર્તા લખેલી હતી તથા શાસ્ત્રીઓએ તૈયાર કરેલા હસ્તલેખમાં જે વાર્તા લખેલી હતી, તે બન્ને જુદી જુદી વાર્તાઓ સાથે સાથે ઉતારી લેવામાં આવી છે. આ વાતનો સહુથી સ્પષ્ટ દાખલો ઉત્પત્તિનું વર્ણન છે, તેમાં જૂના સમયના લેખકોનું તથા નવા સમયના લેખકોનું જે દૃષ્ટિબિંદુ હતું, તે ધ્યાનમાં રાખીએ તો વર્ણનરૂપ ઢબના હસ્તલેખમાં (JE) તથા વિધિરૂપ હસ્તલેખમાં (P) જે ફેરફાર દેખાય છે, તેનો ખુલાસો મળે છે. એજ પ્રમાણે જેમ કેટલીકએક વાર્તાઓમાં તેમ

કેટલાએક નિયમોમાં પણ જે અસમાનતા માલૂમ પડે છે, તેનો પણ એવો જ ખુલાસો થાય છે.

૨. પંચગ્રંથ એ એક જ પુસ્તક ગણાય છે ખરું,પણ તેમાં જુદા જુદા સમયોમાં સંપાદન કરેલા જુદા જુદા હસ્તલેખો ભેગા કરેલા છે, એ વાત ધ્યાનમાં રાખીશું, તો ઈશ્વર વિષેના પ્રકટીકરણનો વિકાસ રફતે રફતે કેવી રીતે થતો ગયો,તે આપણે વધારે સ્પષ્ટતાથી સમજી શકીશું. દા.ત.ઉત.૧લા અધ્યાયમાં જે વાત પ્રગટ કરેલી છે, તે દેવદત્ત સત્યના કે મહાન શિખર જેવી છે. "આદિએ ઈશ્વરે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યા"--તે વાતમાં અને હિંદુ ધર્મસિદ્ધાંતમાં આભજમીન જેટલું અંતર છે. અધ્યાય બીજામાં વાતાવરણ તેને તેજ છે. તેમ છતાં સત્ય જાહેર કરનારા શબ્દોમાં તથા ઉપમાઓમાં કેટલો બધો ફેરફાર જણાય છે! અધ્યાય પહેલાનું શિક્ષણ પ્રૌઢ માણસોને સારુ છે, પણ અધ્યાય બીજાનું જાણે કે બાળકોને સારુ હોય, એવું લાગે છે; અને એમ જ છે. કેમ કે અધ્યાય બીજામાં ઉત્પત્તિનું જે વર્ણન કરેલું છે (JE), તે પુરાતનકાળના પિતૃઓના જમાનામાં જે સ્વરૂપમાં તે પ્રચલિત હતું, તેવું જ છે. પરંતુ અધ્યાય પહેલામાં જે ઉત્પત્તિવર્ણન સમાએલું છે (P), તે બંદિવાસના સમયનું છે, કે જ્યારે ઈસ્ત્રાએલપુત્રો લાંબા વખત સુધી દુઃખો તથા આપત્તિઓ વડે કેળવાઈને યહોવા એક છે, અને તે સર્વસમર્થ તથા સર્વઅધિકારી છે, એવા મૂળપાયાના સિદ્ધાંત પર આવ્યા હતા.

આ વાતના બીજા દાખલા પછીથી આવશે. પણ અહીં આગવ એક જ બીજો દાખલો લઈએ. પંચગ્રંથનું પુસ્તક શાસ્ત્રીવર્ગના માણસોએ સંપાદન કર્યું હતું, એમ ઉપર કહેવામાં આવ્યું છે. હવે "ઓ શાસ્ત્રીઓ તથા ફરોશીઓ, ઢોંગીઓ, તમને અફસોસ છે," એવા આપણા પ્રભુ ઈસુએ ઉચ્ચારેલા વચનને લીધે આપણે શાસ્ત્રીવર્ગનું નામ કંઈ વિસાતમાં લેખવતા નથી. પણ બંદીવાસ વખતના શાસ્ત્રીઓ એવા તિરસ્કારપાત્ર નહોતા. તેઓને એક દારુણ પરાજયનો તેમ જ એક મહાન ઉદ્ધારનો અનુભવ થયો હતો, એટલે નબૂખાદનેસ્સાર રાજાએ કરેલો યરુશાલેમનો નાશ અને કોરેશ રાજાએ કરેલો બંદિવાસીઓનો છૂટકારો. એ અનુભવ ઉપરથી તેઓની આંખો આંસુઓથી ભીંજાઈ ગઈ હતી, તેથી તેઓનાં મનચક્ષુની દૃષ્ટિ ઘણી તીક્ષ્ણ થઈ ગઈ હતી. પ્રબોધકોએ કહેલી શાસનરૂપ અગમવાણીઓ તેઓને હવે સત્ય માલૂમ

પડી હતી. (ઝખ.૧;૫,૬). હવે "હું શું લઈને યહોવાની હજૂરમાં આવું ને મહાન દેવને નમસ્કાર કરું?" (મીખા.૬;૬), એવો જે સવાલ તેઓ પોતાને પૂછતા હતા તે સહુથી અગત્યનો હતો. આખી પ્રજાનું જાણે કે પરિવર્તન થયું હતું. તે કારણથી પ્રાયશ્ચિત્તનાં અર્પણ રીતસર ચઢાવવાની તેઓ વિશેષે કાળજી રાખવા લાગ્યા (જુઓ લેવીયનું પુસ્તક). આધુનિક ખ્રિસ્તીઓને તેમાંના કેટલાએક ધારા વહેમરૂપ લાગે છે ખરા; પણ ઉદ્ધાર પામેલા ઇસ્ત્રાએલના શેષને જગતથી નિર્લેપ રાખવો, એ સિવાય તે નિયમો તથા મનાઇ હુકમો કાઢનારા શાસ્ત્રીઓનો બીજો કોઇ ઉદ્દેશ નહોતો. યહૂદીઓ તથા બિનયહૂદીઓની વચમાં તેઓએ એક "આડી ભીંત" ઊભી કરી હતી ખરી, પણ તે વડે યહૂદી ધર્મ સુરક્ષિત રહ્યો; અને જ્યાં સુધી ઇસુ ખ્રિસ્તે આવીને તે આડી ભીંત પાડી નાખીને "દૂરના તથા પાસેનાની" આગળ શાંતિની સુવાર્તા પ્રગટ કરી નહિ, ત્યાં સુધી તે ધર્મ ટકી રહ્યો (એફે.૨;૧૪-૧૭).

(કાળવૃત્તાંતોનું પુસ્તક ઘણું મોડું લખવામાં આવ્યું. તે પણ યાજકવર્ગના માણસોએ લખ્યું. આ પુસ્તકના બન્ને ભાગોમાં યાજકવર્ગના લેખકોનું કેવું દૃષ્ટિબિંદુ હતું, તેના ઘણા દાખલા મળી આવે છે. એક જ દાખલો આપણે લઈએ. ૨ રા.૧૧;૪-૧૬ પ્રમાણે જ્યારે પ્રમુખયાજક યહોયાદાએ રાજમાતા અથાલ્યાહને પદભ્રષ્ટ કરીને કિશોર વયના યોઆશને ગાદીપતિ બનાવવાનો નિશ્ચય કર્યો, ત્યારે તેણે કારીઓની બે ટુકડીઓને યહોવાના મંદિરની ચોકી કરવાનો હુકમ કર્યો. (૭); અને તે પ્રમાણે તેઓ મંદિરમાં જઇને વેદી તથા મંદિરની આગળ ઊભા રહ્યા (૧૧). કારીઓ તો રાજાના અંગરક્ષક સૈનિકો હતા. તેઓ એશિયા માઇનરના વતની હોવાથી પરદેશી તથા પરધર્મી હતા. હવે તે જ બનાવનું વર્ણન ૨ કાળ. ૨૩;૧-૨૧માં પણ કરેલું છે. પરંતુ તે પુસ્તકના લેખકના માનવા પ્રમાણે મંદિર પવિત્ર સ્થળ હતું, કે જેમાં કોઇ પણ પરધર્મીને પગપેસારો પણ કરવાની સખ્ત મનાઇ હતી. તેથી કારીઓની વાત પર ઢાંકપિછોડો કરીને યહોવાએ યહુદાહ પ્રાંતનાં સર્વ ગામોમાંથી "લેવીઓને" બોલાવીને તેઓને રાજાનું રક્ષણ કરવાનું ફરમાવ્યું, કેમ કે "તેઓ પવિત્ર ગણાય છે." (૬).

અધ્યાય ૪

ઉત્પત્તિ

I. **નામ.** હેબ્રી બાઇબલમાં આ પુસ્તકના પ્રથમ શબ્દો એટલે કે "આદિએ" એજ તેનું મથાળું છે. પણ "ઉત્પત્તિ" તેનું બંધબેસતું નામ છે. તેમાં જુદી જુદી પ્રવૃત્તિઓનાં મૂળ જણાવેલાં છે, જેમ કે આકાશ તથા પૃથ્વીના ઉત્પત્તિવર્ણન ઉપરાંત તેમાં ઢોરઢાંકર પાળવાની શરૂઆત (૪;૨૦), ધાતુ ગાળવાના ધંધાની શરૂઆત (૪;૨૨), અને ખેતીવાડી કરવાની તથા દ્રાક્ષવાડી રોપવાની શરૂઆત (૯;૨૦) કેવી રીતે થઈ તે વર્ણવેલું છે. પણ તેમાં સમાએલી ખાસ વાત તો ઈસ્ત્રાએલી કોમની ઉત્પત્તિ કેવી રીતે થઈ તે છે.

II. વિભાગો. તેના મુખ્ય બે વિભાગ છે :--

૧. ૧-૧૧. ઈબ્રાહીમના તેડા અગાઉનો ઇતિહાસઃ-

(૧) ૧-૫. આદમના દીકરાઓનો ઇતિહાસ.

(૨) ૬-૧૧. નૂહના દીકરાઓનો ઇતિહાસ.

૨. ૧૨-૫૦. ગોત્રપતિઓનો હેવાલ.

ઇબ્રાહીમ (૧૨;૧-૨૫;૮);ઇસ્હાક (૨૫;૯-૩૬;૪૩);યાકૂબ (યૂસફ સુદ્ધાં ૩૭;૧-૫૦;૨૬).

III. રચના. આ પુસ્તક ઘણે ભાગે વાર્તારૂપ છે. પરંતુ તેમાં જુદાં જુદાં પ્રકરણ છે, ને દરેક પ્રકરણનું મથાળું "...ની વંશાવાળી આ છે," એજ છે. (આ બાબતમાં એક અપવાદ છે, એટલે ૨;૪માં "આકાશ તથા પૃથ્વીનું ઉત્પત્તિવર્ણન એ છે" એવા શબ્દો મળે છે. તે શબ્દો ઉત્પત્તિવર્ણનના મથાળારૂપ તો નહિ, પણ તેની સમાપ્તિરૂપ છે). આ મથાળું અગિયાર વખત મળી આવે છે, જે નીચે પ્રમાણે છેઃ--

(૧) ૨; ૪. ઉત્પત્તિ. (૨) ૫; ૧. આદમ.

(૩) ૬; ૯. નૂહ. (૪) ૧૦;૧. નૂહના પુત્રો.

(૫) ૧૧;૧૦, શેમ. (૬) ૧૧;૨૭. તેરાહ.

(૭) ૨૫;૧૨. ઇશ્માએલ. (૮) ૨૫; ૧૯. ઇસ્હાક.

(૯) ૩૬; ૧. એસાવ. (૧૦) ૩૬;૯. અદોમી લોક.

(૧૧) ૩૭;૨. યાકૂબ.

(ગણ.૩;૧માં પણ એવું જ મથાળું મળી આવે છે, એટલે "હારૂન તથા મુસાની વંશાવળી આ પ્રમાણે છે").

આ વંશાવળીઓ ખાલી નામની લાંબી ટીપ જેવી લાગે છે ખરી, તોપણ તેઓમાં ઊંડો અર્થ રહેલો છેઃ (અ) બીજી પ્રજાઓની સાથે ઇસ્ત્રાએલને શો સંબંધ હતો, તે તેઓમાં દર્શાવેલો છે. દા.ત. ૧૦મા અધ્યાય પ્રમાણે યાફેથપુત્રો ઉત્તર દિશામાં (૨-૫), હામપુત્રો દક્ષિણ દિશામાં (૬-૨૦), અને શેમ જે ઇસ્ત્રાએલીઓનો આદિપિતા હતો, તેના પુત્રો ઉપલી બીજી બે કોમની વચમાં વસેલા જણાય છે (૨૧-૩૧). (જુઓ યશા.૧૯;૨૪. "તે દિવસે મિસર (દક્ષિણમાં) તથા આશૂરની (ઉત્તરમાં) સાથે...ભળીને ઇસ્ત્રાએલ પૃથ્વીની મધ્યે આશીર્વાદરૂપ થઇ જશે.") (આ) આ વંશાવળીઓની મારફતે ઈશ્વરનો સંકલ્પ રફતે રફતે જાહેર કરવામાં આવે છે. જેમ ઉપર કહેવામાં આવ્યું છે, તેમ સંકટરૂપી ભઠ્ઠીમાં પરખાયા બાદ જ શાસ્ત્રીઓ પોતાના લોકના ઇતિહાસમાં સમાએલો મર્મ સમજવા પામ્યા હતા. તેના પ્રકાશથી દોરવણી પામીને તદનુસાર તેઓએ આ પુસ્તક સંપાદન કર્યું, અને તે જ કારણને લીધે તેઓએ પુરાતન કાળની વાર્તાઓની સાથે ઉપલી વંશાવળીઓ જોડી દીધી. એક પછી એક અનેક કોમોની અવગણના કરીને ઈશ્વરે આખરે ઇસ્ત્રાએલીઓને પસંદ કર્યા, એવું ઉપલી વંશાવળીઓ પરથી સ્પષ્ટ જણાય છે. નૂહના બીજા બે દીકરાઓની અવગણના કરીને ઈશ્વરે શેમને પસંદ કર્યો (૧૧;૧૦), ઇબ્રાહીમના બે દીકરામાંથી ઇસ્હાકને પસંદ કરવામાં આવ્યો (૨૫;૧૯), ઇસ્હાકના બે દીકરામાંથી એસાવને નાપસંદ કરવામાં આવ્યો, અને યાકૂબને પસંદ કરવામાં આવ્યો (૩૭;૨). (તેજ ધોરણ અનુસાર ૧ કાળ.૧;૧-૨;૨માં સમાએલી વંશાવળીઓ ગોઠવેલી છે).

1V. પુસ્તકનો સંદેશો.

(૧) <u>ઈશ્વરનું સર્વોપરીપણું.</u> આ તેનો મૂળ પાયાનો સિદ્ધાંત છે. ઈશ્વર પૃથ્વી પર રાજ ચલાવે છે, તેમ જ માનવજાતનો જીવનવ્યવહાર તેના હાથમાં છે. ઈબ્રાહીમને તેડનાર ઈશ્વર હતો (૧૨;૧). યૂસફને મિસરમાં મોકલનાર પણ ઈશ્વર હતો (૪૫; ૫: ગી. ૧૦૫; ૧૭,૩૬). તે સર્વસમર્થ છે, તેથી તે સર્વનો ઉત્પન્નકર્તા છે. તે ઈન્સાફી છે, તેથી સમસ્ત દુનિયાનો ન્યાયાધીશ પણ તે છે (૧૮;૨૫). તે દીનદળાળ છે, તેથી તે ક્ષમાવાન, વિશ્વસનીય તથા પ્રાર્થનાનો સાંભળનાર દેવ છે. તે પોતાના સેવકોની સાથે રહેનાર દેવ છે (૨૧;૨૨:૨૬;૨૮). તે ન્યાયી છે, તેથી એનાથી દુષ્ટતા સહન કરાય નહિ; અને તે કારણસર જ આદમને એદન વાડીમાંથી હાંકી કાઢવામાં આવ્યો, કાઈનને દેશનિકાલ કરવામાં આવ્યો, જળપ્રલયથી દુષ્ટ માણસોનો નાશ કરવામાં આવ્યો, અને નાસ્તિક એસાવને નાપસંદ કરવામાં આવ્યો. એ સર્વ ઉપરાંત ઈશ્વર કૃપાળુ છે, તેથી પતિત થએલા આદમને તેણે આવનાર ઉદ્ધારકનું વચન આપ્યું (૩;૧૫), કાઈનને સારુ તેણે એક રક્ષણકારક ચિહ્ન ઠરાવ્યું (૪;૧૫), વહાણદ્વારા ન્યાયી નૂહનો બચાવ કર્યો (૭;૧). અને જો કે પસ્તાવાનાં આંસુ પાડ્યા છતાં એસાવ પ્રથમજનિતનો આશીર્વાદ પ્રાપ્ત કરવા પામ્યો નહિ, તોપણ જે ભાઈને તેણે ઠેર મારી નાખવાનો નિશ્ચય કર્યો હતો, તેની સાથે તેણે આખરે સમાધાન કરાવ્યું (૨૭;૪૧:૩૩;૯).

(૨) <u>માનવજાતની ઉચ્ચતા.</u> ઈશ્વરની પ્રતિમા પ્રમાણે માણસને ઉત્પન્ન કરવામાં આવ્યું છે, તે કારણસર તેનું ખૂન કરવાની મના કરેલી છે (૯;૬). જેમ બીજાં સર્વ પ્રાણીઓને જીવન (૧;૩૦, અંગ્રેજીમાં =Life. મૂળાર્થ જીવતું પ્રાણી) આપવામાં આવ્યું, તેમ માણસોને પણ જીવન આપવામાં આવ્યું છે; પણ **"જીવનનો શ્વાસ"** (એટલે ઐશ્વરી જીવન) એકલાં માણસોમાં ફૂંકવામાં આવ્યો (૨;૭). તેજ રીતે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના શ્વાસથી, એટલે પવિત્ર આત્માથી (યો.૨૦;૨૨), માણસો નવો જન્મ પામે છે.

(૩) <u>ઈશ્વરનો સંકલ્પ.</u> સ્ત્રીને આપેલું વચન (૩;૧૫), નૂહની સાથે કરાએલો કરાર (૯;૯), પણ વિશેષે કરીને ઈબ્રાહીમની સાથે (૧૭;૨), ઈસ્હાકની સાથે (૨૬;૧), યાકૂબની સાથે (૨૮;૧૩)

કરાએલા એક ને એક કરારની મારફતે, અને મિસર જવા સારુ નીકળતી વખતે યાકૂબને આપેલા વચનની મારફતે (૪૬;૩૪) ઈશ્વરનો ઇરાદો સ્પષ્ટ રીતે જણાઇ આવે છે. તે ઇરાદો તારણસાધક છે, વળી તે અનિવાર્ય પણ છે. યૂસફનું જીવનચરિત્ર આ વાતના ઉદાહરણરૂપ છે. "તમે તો મારું ભૂંડું કરવાનું ધાર્યું, પણ ઈશ્વરે તેમાં ભલું કરવાનું ધાર્યું," એમ યૂસફે પોતાના ભાઇઓને કહ્યું (૫૦;૨૦. સરખાવો ૩.૮;૨૮).

ઈશ્વર પોતાનાં પસંદ કરેલાં પાત્રોદ્વારા પોતાનો ઇરાદો સંપૂર્ણ કરાવે છે (પ્રે.૯;૧૫). હેબ.૧૧ પ્રમાણે તેઓ વિશ્વાસના વીર કહેવાય છે. તેઓ ઈશ્વરના પસંદ કરાએલા સેવકો છે, તેની નરી કૃપાદ્વારા તેના તરફથી માણસોનું તેડું કરવામાં આવે છે. તેડાના એ કાર્યમાં માણસોએ આપવાનો ફાળો તો આજ્ઞાંકિતપણું છે. ઇબ્રાહીમ "વિશ્વાસ રાખનારાનો આદિપિતા" કહેવાય છે (૩.૪;૧૬), કેમ કે ઈશ્વરે તેને તેડ્યો, ત્યારે "પોતે ક્યાં જાય છે, એ ન જાણ્યા છતાં તે ચાલી નીકળ્યો (હેબ.૧૧;૮). આ પુસ્તકમાં ચાર એવાં પસંદ કરાએલાં પાત્રોનું વર્ણન કરેલું છે.

(૧) **<u>ઇબ્રાહીમ.</u>** ત્રણ જુદા જુદા ધર્મના અનુયાયીઓ ઇબ્રાહીમને પોતાના ધર્મપિતૃ તરીકે સ્વીકારે છે, એટલે યહૂદીઓ ખ્રિસ્તીઓ તથા મુસલમાનો આ પરથી તે કેવો મહાવીર હતો, તે સમજી શકાય છે. ઈશ્વર પર તેનો જે વિશ્વાસ હતો, એજ તેના ચારિત્ર્યનું મુખ્ય લક્ષણ હતું. વિશ્વાસથી તેણે પોતાનો દેશ તજી દીધો. (૧૨;૧). વિશ્વાસથી તે લોટની આગળ નમી ગયો (૧૩;૯). નછોરવો હોવા છતાં રેતી જેટલાં સંતાનનો પૂર્વજ થવાનું ઈશ્વરે આપેલું વચન તેણે વિશ્વાસથી માની લીધું (૧૫;૬). અદલ ઇન્સાફ કરનાર ન્યાયાધીશ પર વિશ્વાસ રાખીને તેણે સદોમ તથા ગમોરાહ નગરોના હકમાં ઈશ્વરની આગળ કાલાવાલા કર્યા (૧૮;૨૫). વિશ્વાસથી તેણે ઇસ્હાકને અર્પી દેવાનો હુકમ માની લીધો (૨૨;૧-૧૯). વિશ્વાસે કરીને તેણે સારાહને દાટવા સારુ જમીન વેચાતી રાખી (અધ્ય.૨૩) વિશ્વાસથી તેણે પોતાની માતૃભૂમિમાંથી ઇસ્હાકને સારુ કન્યા પસંદ કરી તેડાવી મંગાવી (અધ્ય.૨૪). ઇસ્ત્રાએલમાં "ઈશ્વરનો મિત્ર" એ નામે તે ઓળખાતો હતો (યશ.૪૧;૮:૨ કાળ.૨૦; ૭:યી. ૨;૨૩). પૃથ્વી પર સ્વદેશ શોધનાર

એક પરદેશી તથા પ્રવાસી જેવો પોતાને ગણીને વિશ્વાસમાં ને વિશ્વાસમાં તેણે પ્રાણ છોડ્યો. "તેથી ઈશ્વર તેઓનો દેવ કહેવાતાં શરમાતો નથી; કેમ કે તેણે તેઓને સારુ એક શહેર તૈયાર કર્યું છે" (હેબ.૧૧;૧૬). લોકકથા પ્રમાણે માખ્પેલાહની ગૂફા હેબ્રોન શહેરની વચ્ચોવચ છે. તે ઉપર ખ્રિસ્તી પ્રાર્થનાગૃહ બાંધવામાં આવ્યું હતું; પણ બારમા સૈકામાં મુસલમાનોએ હેબ્રોન જીતી લઈને તે દેવળની જગાએ મસ્જિદ બાંધી, જેથી તે શહેરનું નામ "ખલીલ-એર-રહમાન" એટલે "કૃપાળુનો મિત્ર" (ઈબ્રાહીમ) કહેવાય છે.

(૨) <u>ઈસ્હાક.</u> તે અનેક બાબતે પોતાના બાપના જેવો દેવભક્ત નહોતો. તોપણ તે ભાવિક તો હતો. પ્રભુમાં તે પોતાના બાપને આધીન થયો (૨૨;૯). સંધ્યાકાળે સીમમાં જઈને એકાંતમાં ઈશ્વરનું મનન કરવાની તેની ટેવ હતી (૨૪;૬૩). "ઈસ્હાકનું ભયાસ્પદ" (૩૧;૪૨,૫૩) અને "મારા બાપ ઈસ્હાકનો દેવ" (૩૨;૯: ૪૬;૧), એવી સંજ્ઞાથી ઈશ્વરને સંબોધીને યાકૂબ પોતાના બાપનો આત્મિક ભાવ જાહેર કરતો હતો. પસંદ કરાએલાંના મંડળમાં ઈશ્વરે ઈસ્હાકને પણ સ્થાન આપ્યું છે.

(૩) <u>યાકૂબ.</u> "યાકૂબ" નામનો અર્થ "એડી પકડીને સપડાવનાર" થાય છે (૨૫;૨૬); અને એના નામનો જેવો અર્થ, તેવી તેની કપટભરી ચાલચલગત પણ હતી. તો એવો માણસ પસંદ કરાએલું પાત્ર શી રીતે બન્યો? સંકટદ્વારા તેનું શુદ્ધિકરણ થયું હતું તેથી. જેણે પોતાના બાપને ઠગ્યો હતો, તેને તેના પોતાના દીકરાઓએ ઠગ્યો (૩૭;૩૧); જેણે પોતાના ભાઈને છેતર્યો હતો, તેને તેનાં સગાંવહાલાંએ છેતર્યો (૩૧; ૩૮-૪૨) એમ છતાં યાકૂબ અધર્મી હતો, એવું આપણે માનવું નહિ. બેથેલ આગળ તેને જે સ્વપ્ન આવ્યું, તેનો મર્મ બરાબર સમજીને તે બોલી ઊઠ્યો, કે "ખચીત યહોવા આ ઠેકાણે છે" (૨૮;૧૬). પાદ્દાનારામમાં તેની મહેનતનું જે ફળ તેને મળ્યું, તે યહોવાની કૃપાનું પરિણામ હતું, એવું તેણે કબૂલ કર્યું (૩૦;૩૦). તે જ દૂર દેશમાં યહોવા તેની સાથે વાત કરી, કે તરત તેણે તેની વાણી ઓળખીને કહ્યું કે, "મારા બાપનો દેવ મારી સાથે છે" (૩૧;૫). દેવદૂતો તેને સામે મળ્યા, ત્યારે તેઓને પણ તે ઓળખી ગયો (૩૨;૧). તે સર્વ ઉપરાંત પનૂએલ આગળ જ્યારે યહોવાની સાથે તેણે

બાથ ભીડી, ત્યારે તે વિજય પામ્યો. તેના જીવનમાં તે પ્રસંગ અણીનો હતો. તે વખત પહેલાં પણ તે ઈશ્વર પ્રત્યે તો પૂજ્યભાવ રાખતો હતો ખરો, પણ માણસો પ્રત્યે તે છેતરપીંડીથી વર્તતો હતો. તેના છળકપટથી તેની ધાર્મિકતા ઢંકાઈ જતી હતી. તે પ્રસંગે તે પોતાના ભાઈ એસાવની સાથે સમાધાન કરવાની ઇચ્છા રાખતો હતો ખરો, પણ તેમ થયા પહેલાં ઈશ્વરની સાથે તેનું સમાધાન થાય, એ જરૂરનું હતું. તેનું જૂનું માણસપણું નષ્ટ થવાની જરૂર હતી ખરી, પણ નવું માણસપણું તો કેવળ ઈશ્વર પાસેથી પ્રાપ્ત થઈ શકે છે. આખી રાત મલયુદ્ધ કર્યા પછી અરુણોદય થતાં જ્યારે તે બોલ્યો, કે "મને આશીર્વાદ દે, નહિ તો હું તને જવા દેવાનો નથી" (૩૨;૨૬) ત્યારે તે મોટો વિજય પામ્યો. જીતનાર તો ખરો, પણ નમ્ર થયેલો. નમી જવાથી તે ઊંચો થયો. હવે જૂના સ્વભાવનો યાકૂબ મરણ પામ્યો, અને ઈસ્ત્રાએલ નામના નવા યાકૂબનો જન્મ થયો. એજ માનનીય નામથી હેબ્રી પ્રજા પાછળથી ઓળખાવા લાગી (૩૨;૨૨-૨૯). મિસરમાં પણ મરતી વેળા મને મારા પિતૃઓની સાથે માખ્પેલાહની ગુફામાં દાટજો, એવો હુકમ પોતાના દીકરાઓને આપીને તેણે યહોવાએ આપેલા વચન પરનો પોતાનો વિશ્વાસ જાહેર કર્યો (૪૯;૨૯).

(૪) **<u>યૂસફ.</u>** આ સરદાર પણ દુઃખદ્વારા સંપૂર્ણ કરાયો હતો હેબ.૨;૧૦). બાલ્યાવસ્થામાં તેના પિતાજીએ તેને લાડ લડાવ્યાં હતાં. તેણે તેને લાંબી બાંહ્યવાળો ઝભ્ભો સીવરાવી આપ્યો હતો (મૂળાર્થ : "હથેલીનો અંગરખો," એટલે હાથ ઢાંકી દે, એવી લાંબી બાંહ્યવાળો અંગરખો). તે પરથી એમ સમજવાનું હતું કે તેને તેના બીજા ભાઈઓની માફક ઘેટાં સાચવવાની તનતોડ મહેનત કરવાની અથવા બીજો કંઈ પણ કામધંધો કરવાની જરૂર નહોતી. આવી રીતે ઉછેરવાથી અભિમાની થવાનું જોખમ તેના પર ઝઝૂમી રહેલું હતું. એ જોખમ લાંબો વખત તો ટક્યું નહિ. તેના અદેખા ભાઈઓએ ૩૦ રૂપિયામાં તેને ગુલામ તરીકે વેચી દીધો (૩૭;૨૮). નિર્દોષ હોવા છતાં, વીસરાઈ ગએલો હોવાથી, તે બે પૂરાં વર્ષ કારાગૃહમાં એમ ને એમ પડી રહ્યો (૪૦;૨૩); તોપણ એક વખત ગુલામ તરીકે જે જુવાને મિસરમાં પ્રવેશ કર્યો હતો; તે એ સર્વ સંજોગો પર જીત મેળવીને ઈશ્વરનિર્મિત સમયે મિસર દેશનો પ્રધાન તથા પોતાના લોકનો

ઉદ્ધારનાર થયો. પોતાના ભાઇઓને ક્ષમા કરવામાં તેનો પ્રભુ ઇસુ ખ્રિસ્તના જેવો સ્વભાવ દીપી આવે છે. (૪૫; ૪-૮). જેમ પોતાના જીવનની છેલ્લી રાતે પ્રભુ ઇસુએ પોતાના શિષ્યોને દિલાસો દીધો, તેમ યાકૂબનું મરણ થયા પછી યૂસફે વ્યગ્ર થએલાં પોતાના ભાઇઓની સાથે પ્રેમભાવથી વાત કરીને તેઓની મૂંઝવણ શમાવી. અને વિશ્વાસથી તેઓને વચનનો દેશ પ્રાપ્ત થવાની ખાતરી આપી. એમ કરવામાં તેની ખ્રિસ્તતૂલ્યતા બીજા પ્રસંગો કરતાં વિશેષ શોભી નીકળે છે.

આવી રીતે ઉપરોક્ત ચાર દેવભક્તોની મારફતે આપણે ઇશ્વરનો સનાતન સંકલ્પ વિકાસ પામતો જોઇ શકીએ છીએ.

કેટલીએક વિગતવાર નોંધ

૧;૧-૨;૨૦. ઉત્પત્તિનાં જે બે જુદાં જુદાં વર્ણન અહીં કરેલાં છે, તે બેઉ જરૂરનાં છે. પહેલામાં ઇશ્વરના સર્વોપરીપણા વિષેનું શિક્ષણ, અને બીજામાં માણસની ઉચ્ચતા તથા તેમાંથી થયેલા તેના પતન વિષેનું શિક્ષણ આપેલું છે. મતલબ કે ઇશ્વર વિષે તથા માનવજાત સાથેના તેના સંબંધ વિષે હેબ્રી શાસ્ત્રમાં જે સહુથી ઉચ્ચ સિદ્ધાંત સમાએલો છે, તે એમાં દર્શાવેલાં છે. એ કારણને લીધે આ બે અધ્યાય જૂના કરારની આદર્શ પ્રસ્તાવના ગણાવા યોગ્ય છે. તેઓમાં પ્રગટ કરેલું સત્ય યહૂદી ધર્મનો તેમ જ ખ્રિસ્તી ધર્મનો મૂળ પાયો છે.

ઉત્પત્તિનાં બે વર્ણન એકબીજાથી જુદાં જુદાં જણાવાનાં પ્રમાણ નીચે પ્રમાણે છેઃ-

૧લું વર્ણન : (૧;૧-૨;૪અ)

(૧) માણસ સર્વાધિકારી હોવા છતાં છેલ્લું પેદા થયું (૨૭).

(૨) સ્ત્રી અને પુરુષ એકે વખતે ઉત્પન્ન થયાં (૨૭).

(૩) ઇશ્વર "એલોહીમ" નામથી ઓળખાય છે (૧,૨,૩ વગેરે).

(૪) ઢબ ઊંચ પ્રકારની, નિયમિત અને પુનરુક્તિ સહિતની છે.

(૫) ઇશ્વર વિશ્વથી પર જણાય છે.

બીજું વર્ણન (૨;૪આ-૨૫)

(૧) માણસને સૌથી પહેલો ઉત્પન્ન કરવામાં આવ્યો (૭)

(૨) જાનવરોમાંથી આદમને લાયક કોઇ સહાયકારી મળી નહિ, ત્યાર પછી જ હવાને ઉત્પન્ન કરવામાં આવી (૧૮-૨૨).

(૩) ઇશ્વર "યહોવા એલોહીમ" નામથી ઓળખાય છે.

(૪) ઢબ તો રસિક તાદશ્ય વાર્તારૂપ છે.

(૫) ઇશ્વર લગોલગ છે. વાડી બનાવનાર ઇશ્વર છે (૮), આદમ પાસે જાનવરો તેડી લાવનાર ઇશ્વર છે (૧૯), આદમ તથા હવાને સારુ વસ્ત્રો બનાવનાર ઇશ્વર છે (૩;૨૨).

એવાં એવાં લક્ષણો પરથી અનુમાન કરી શકાય છે, કે બીજું વર્ણન પુરાતન કાળનું, અને પહેલું વર્ણન બંદીવાસ વખતના યાજકો તથા શાસ્ત્રીઓથી કરાએલું છે.

તેમાં સમાએલા શિક્ષણોનો સાર નીચે પ્રમાણે છે :-

(૧) ઇશ્વર એક છે. તેની ઇચ્છા પ્રમાણે આખું વિશ્વમંડળ તેના સામર્થ્યથી પેદા કરવામાં આવ્યું. વિશ્વ તેનામાંથી એમ ને એમ નીકળેલો અંશ છે એવું કેટલાએક લોકો માને છે, પણ એમ નથી. જીવાત્મા ને પરમાત્મા એકરૂપ નથી. સૃષ્ટિથી તે પર છે, તે પોતાની બુદ્ધિથી તેને ધરી રાખે છે.

(૨) પૃથ્વી ઉત્પન્ન કરવાનો ઇશ્વરનો ઇરાદો પ્રેમમય હતો. તે કારણસર તેણે પોતાની પ્રતિમા માણસને ઉત્પન્ન કર્યું (૯;૬). સૃષ્ટિસૌંદર્ય જોઇને ઇશ્વરે કહ્યું, કે "જુઓ, તે ઉત્તમોત્તમ છે." જેવું તેણે ધાર્યું હતું, તેવું જ તેણે તેનું સ્વરૂપ બનાવ્યું. વિશ્વ એક પણ ખામી રહિતનું હતું.

(૩) માણસ ઇશ્વર સાથેની સંગતમાં રહીને સર્વ વાનાં પર ન્યાયીપણે અધિકાર ચલાવે, એવો તેનો ઇરાદો હતો. પરંતુ માણસ પતિત થયું. તોપણ પ્રભુ ઇસુ ખ્રિસ્ત જે પોતે માણસ થયો (૧તી.૨;૫), તેનામાં આખરે ઇશ્વરનો સનાતન સંકલ્પ સંપૂર્ણ કરવામાં આવ્યો.

આ અધ્યાયોમાં તારણની સુવાર્તા બીરૂપે ગુપ્ત રહેલી છે.

૧;૬. "અંતરિક્ષ." હઝ.૧;૨૨,૨૩ વગેરે પ્રમાણે આ શબ્દનો તરજુમો "આકાશનો ઘૂમટ" કરેલો છે, જે બરાબર છે. ગગન તો છાપરા જેવું છે, એવું પુરાતન કાળના હેબ્રીઓનું માનવું હતું (સરખાવો "આકાશ કે જે ગાળેલી (ધાતુની) આરસીના જેવું છે" અયૂબ ૩૭;૧૮). જે જળાશયોમાંથી સમુદ્રો, નદીઓ, સરોવરો પેદા થાય છે, તે જળાશયો તો છાપરા તળે એટલે પૃથ્વી તળે રાખી મૂકેલા હતા. તેમાં "આકાશની બારીઓ" મૂકેલી હતી (૭;૧૧:૨ ૨૧.૭;૨), ને તેમાં જ્યોતિઓ પણ જડેલી હતી (૧૪).

૧;૨૬. "આપણે." આ બહુવચન પરથી આપણે શું સમજવું? ૩;૨૨:૧૧;૭ ને યશા. ૬;૮માં એજ રૂપ મળી આવે છે. તે (અ) માનસૂચક હોય, અથવા (આ) યહૂદીઓના માનવા પ્રમાણે ઈશ્વર દૂતોની સલાહ પૂછતો હોય. પરંતુ તેમાં ઈશ્વરની ત્રિએકતા સૂચવાએલી હોય, એવું સમજવાનું નથી. તેનો ગમે તે અર્થ હોય; તોપણ માનવજાતની ઉત્પત્તિમાં તથા બીજી સર્વ વસ્તુઓની ઉત્પત્તિમાં ઘણો ફેર છે, એટલું તો તે પરથી સ્પષ્ટ સમજી શકાય છે. "માણસો થાઓ," એમ નહિ બોલતાં "આપણે માણસ બનાવીએ," એમ બોલી ઈશ્વરે તેને ઉત્પન્ન કર્યું. બીજાં સઘળાં પ્રાણીઓ કરતાં માણસ સાથેનો ઈશ્વરનો સંબંધ વધારે નિકટનો છે.

અધ્ય. ૩જો. માણસનું પતન. જે વિષે લક્ષણને લીધે આદમ ઈશ્વરની પ્રતિમા પ્રમાણે પેદા કરાએલો ગણાય છે, તે તેને ઈશ્વરે આપેલું ઇચ્છાસ્વાતંત્ર્ય છે. તે દાનનો તેણે કેવો દુરુપયોગ કર્યો, તેનું વર્ણન આ અધ્યાયમાં કરેલું છે. તેમાં લાલસા, તથા લાલસાને આધીન થવાથી ઉપજેલા પાપની જે વાર્તા વર્ણવેલી છે, તે વાસ્તવિક છે. દરેક પાપનું ચિત્ર પણ તેમાં આબેહૂબ આલેખેલું છે. "પાપનું મૂળ અભિમાન," એવી આપણી એક કહેવત છે, અને એ કહેવત અનુસાર અભિમાનને લીધે આદમ પતિત થયો. ઇચ્છાસ્વાતંત્ર્યનો દુરુપયોગ કરવાથી તેણે તે ગુમાવી દીધું. કેવળ પ્રભુ ઈસુ ખ્રિસ્તને આધીન થવાથી આપણે તે દાન પાછું મેળવી શકીએ છીએ (યો. ૮;૩૫).

સાપને (૧૪) અને જમીનને (૧૮) શાપ દેવામાં આવ્યો ખરો,

પણ આદમ તથા હવાને શાપ દેવામાં આવ્યો નહિ, તોપણ ત્યાર પછી સર્વ પ્રકારની આધિ, વ્યાધિ અને ઊપાધિ તેઓના વિશ્વાસઘાતથી ઉત્પન્ન થયાં. હવે પછીથી સ્ત્રીઓને સારુ પ્રસૂતિકાળ દુઃખદ થશે, પરસેવો ઉતારીને માણસોને પેટ ભરવું પડશે, અને તેઓનું આખું આયુષ્ય દુઃખમાં ને દુઃખમાં વ્યતીત થશે, એવી સંકટસૂચક આગાહી યહોવાએ તેઓને કહી સંભળાવી. તોપણ આવા ઘોર અંધકારમાં વચનરૂપી એક તારો દેખાયો. ભલાઈ અને ભૂંડાઈ વચ્ચે સદા ચાલુ રહેનાર દારુણ યુદ્ધમાં "તે તારું માથું છૂંદાશે ને તું તેની એડી છૂંદશે," એવો સર્પને શાપ દેવામાં ઈશ્વરે માનવજાતનો પક્ષ લીધેલો જણાય છે, જેથી આખરનો વિજય તો માણસનો થશે જ થશે; અને એમ જ બન્યું છે. માણસે જાતે તો નહિ, પણ માણસો વતી તારણનો જે સરદાર માણસ થઈને રણક્ષેત્રમાં ઊતરી આવ્યો, તેણે જીત મેળવી છે (હેબ. ૨;૯), અને તેને આશરે આપણે પણ શેતાન તથા જગત પર વિશેષ જય પામીએ છીએ (રૂમી. ૮;૩૭).

૪;૧-૨૬. વખત જતાં માણસોની પરિસ્થિતિ બદલાતી ગઈ. તેઓ યજ્ઞાર્પણો કરવા લાગ્યા. તેઓની વસ્તી ઘણી વધી ગઈ. જોકે કોઈ લેખિત નિયમ નહોતો ખરો, તોપણ વેર વાળવાનો રિવાજ ચાલતો હતો. માણસો વધારે ને વધારે ભ્રષ્ટ થતાં ગયાં. સ્વાર્થ, ઈર્ષા, ખૂન, જૂઠ એવાં એવાં પ્રથમ પાપનાં માઠાં ફળ માણસો ચાખવા લાગ્યાં. પોતાનું ઉલ્લંઘન કબૂલ કરતાં આદમને શરમ લાગી, પણ દોષિત કાઈનને એવી કંઈ લાગણી થએલી જણાતી નથી. પાપનું પાપિષ્ટપણું જેમ જેમ વધતું ગયું, તેમ તેમ પાપની શિક્ષા પણ વધતી ગઈ. "હું સહી શકું તે કરતાં મારી સજા વધારે છે," એમ પોતાના ભાઈનું ખૂન કરનાર બોલી ઊઠ્યો, (૪;૧૩). ("પૃથ્વીથી" નહિ, પણ "જમીનથી" એટલે ખેડાણ જમીન કે જ્યાં માણસો વસીને નભી શકે, ત્યાંથી કાઈનને હાંકી કાઢવામાં આવ્યો.)

૪;૨૨. ધાતુઓનો પ્રથમ ગાળનાર તથા તેનાં અસ્ત્ર બનાવનાર પ્રથમ માણસ તુબાલકાઈન હતો. લોખંડી હથિયાર તેના હાથમાં હોવાને લીધે તેનો દીકરો લામેખ તેના શત્રુઓ પાસેથી સાતગણો બદલો લેવાનું અભિમાન કરી શક્યો.

૬;૧-૮. દેવના દીકરાઓ માણસોની દીકરીઓને પરણવા લાગ્યા, એ વાર્તા ઘણી પ્રાચીન છે. ૨ પી. ૨;૪ તથા યહૂદા ૬માં દેવદૂતોએ કરેલા પાપ સંબંધી જે વાત આવેલી છે, તે આ બાબતને લગતી હોય, એવું સંભવિત છે. આ વાતથી બે જુદી જુદી બાબતનો ખુલાસો થાય છે, એટલે કે (અ) તે સમયે રાક્ષસો (ગણ.૧૩;૩૩) પૃથ્વી પર હતા (૬), અને (આ) પૃથ્વી દુષ્ટતાથી ભરાઈ ગઈ (૧૧), જેને લીધે પછીથી જળપ્રલયદ્વારા ન્યાયશાસન કરવામાં આવ્યું.

૬;૧૩-૯;૬૯. જળપ્રલય. માણસના પાપથી દુનિયાના એક કાળનો અંત આવ્યો. ઈશ્વરની કૃપાથી એક જ કાળનો ઉદય થયો (૮;૨૨).

પુરાતન કાળમાં એક ત્રાસદાયક ભારે રેલ આવી હતી, એવી લોકકથા દરેક દેશમાં પ્રચલિત છે. (રેલના પૂરમાંથી વેદનો બચાવ કરવા સારુ વિષ્ણુએ પ્રથમ અવતાર લીધો, એવી હિંદુઓની માન્યતા છે.) પણ હેબ્રી શાસ્ત્રમાં જળપ્રલયનું જે વર્ણન કરેલું છે, તે બીજી બધી દંતકથાથી ઘણું જુદું જણાય છે. હેબ્રીઓની માન્યતા પ્રમાણે તે માણસોની દુષ્ટતાના શાસનરૂપ હતું. વળી તેની સર્વ વીગતોમાં ઈશ્વરનું પરાક્રમ, તેનું ન્યાયીપણું તથા તેની કૃપા દીપી આવે છે. ન્યાયશાસન કર્યા પછી તેણે નૂહની સાથે કૃપાનો કરાર કર્યો. મેઘધનુષ્ય ઈશ્વરનાં ધૈર્ય તથા તેની કરુણાનું ચિહ્ન થયું, અને જે વહાણમાં ચઢીને નૂહ સહકુટુંબ બચી ગયો, તે આપણા બચાવનાર ખ્રિસ્તની એધાંણીરૂપ થયું. સ્વર્ગમાં ઈશ્વરનું સિંહાસન છે, તેની આસપાસ એક મેઘધનુષ્ય છે (પ્રક. ૪;૩).

જળપ્રલયની વાર્તામાં કેટલીએક મુશ્કેલીઓ છે ખરી, પરંતુ તે વાર્તાના જુદા જુદા ભાગ બે જુદા જુદા હસ્તલેખમાંથી એટલે JE તથા P માંથી ઉતારી લીધેલા છે, તે જો આપણે ધ્યાનમાં રાખીએ, તો તે મુશ્કેલીઓ દૂર થશે. મુશ્કેલ ના દાખલા :-

(૧) પુનરુક્તિ. (અ) માણસોની વધતી જતી ભ્રષ્ટતા (૬;૫-૮ (J) : ૬;૯-૧૨ (P)). (આ) નૂહ વહાણમાં પેઠો (૭;૭ (J) : ૭;૧૩ (P)) વગેરે.

(૨) ફેરફાર. (અ) સર્વ જાનવરોમાંનાં બબ્બે વહાણમાં દાખલ કરવામાં આવ્યાં (૬; ૧૯:૭;૧૫ (P); અશુદ્ધ જાનવરોમાંનાં બબ્બે અને શુદ્ધમાંનાં સાત સાત દાખલ કરવામાં આવ્યાં (૭;૨,૩ (J)).

(આ) જળપ્રલય ઉપરથી પડતા વરસાદથી થયો (૭;૧૨:૮;૨૩ (J)); પૃથ્વી તળેથી (૧;૬) ચઢી આવેલા પાણીને લીધે તે થયો (૭;૧૧(P)).

(ઇ) ચાળીસ દિવસ લગી વરસાદ પડ્યા કરતો હતો (૭;૧૨ (J)); દોઢસો દિવસ લગી પાણીનું જોર ચાલ્યું (૭;૨૪(P)).

(૩) શબ્દફેર. જુદી જુદી ઢબ પ્રમાણે વપરાએલા શબ્દો પરથી બે જુદા જુદા હસ્તલેખ એટલે J ને P એકબીજાથી નોખા માલૂમ પડી આવે છે, જેમ કે "એલોહીમ" (P) ને "યહોવા" (J), "દરેક જીવતું પ્રાણી" (J) ને "સર્વ દેહ," (P), "નર તથા તેની માદા" (J) ને "નરનારી,"(P) વગેરે. પરંતુ મૂળ ભાષામાં આવો જે શબ્દફેર જણાય છે, તે ઈશ્વરનું નામ સૂચવવા સારુ જે બે જુદા શબ્દો વપરાએલા છે, તે સિવાય બીજો શબ્દફેર ગુજરાતીમાં જણાતો નથી. અંગ્રેજી સુધારેલી આવૃત્તિમાં તે તફાવત જાળવવામાં આવેલો છે.

બે જુદી જુદી શૈલી પરથી હસ્તલેખો એકબીજાથી જુદા પડે છે, કેવળ એમ નહિ, પણ જુદા જુદા ઐતિહાસિક બનાવોનું વર્ણન કરવામાં સંપાદકોના દૃષ્ટિકોણ પણ જુદા જુદા હતા. આ વાતનો એક જ દાખલો આપણે આ વાર્તા પરથી લઈએ. શાસ્ત્રીઓના લખવા પ્રમાણે (P) ઈશ્વરે શુદ્ધ તેમ જ અશુદ્ધ સર્વ જાનવરોમાંનાં બબ્બે નૂહને વહાણમાં લઈ જવાનો હુકમ કર્યો (૬;૧૯,૨૦); પરંતુ ૭;૨,૩ પ્રમાણે (J) શુદ્ધ પશુઓમાંનાં સાત સાત નરનારી અને અશુદ્ધમાંનાં કેવળ બબ્બે વહાણમાં લઈ જવામાં આવ્યાં. એ તફાવતનું શું કારણ હશે? કારણ એ છે કે પુરાતન કાળમાં ચાલતી માન્યતા પ્રમાણે શુદ્ધાશુદ્ધનો ભેદ લાંબા સમયથી ચાલ્યો આવતો હતો, તેથી શુદ્ધ જાનવરોમાંનાં સાત સાત જીવતાં રાખવામાં આવ્યાં. પણ જ્યાં સુધી મૂસાએ શુદ્ધાશુદ્ધ આહાર સંબંધીના કાયદા જાહેર કર્યા નહોતા (લે.૧૧), ત્યાં સુધી જાનવરોમાં કંઈ પણ ભેદ જાળવવામાં આવતો નહોતો, એવું શાસ્ત્રીઓનું માનવું હતું; તદનુસાર જળપ્રલય વખતે સર્વ જાતનાં જાનવરો સરખાં હોવાને લીધે તે સર્વમાંનાં બબ્બે રાખવામાં આવ્યાં, એજ આ અમળતાપણાનું કારણ જણાય છે. તફાવત તો કારણસર છે. વળી એજ કારણને લીધે નૂહને તો દરેક પ્રાણી ખાવાની છૂટ હતી (૯;૩(P)).

૯; ૧-૭ આદમને જે આશીર્વાદ આપવામાં આવ્યો હતો (૧;૨૮), તે ને તેજ આશીર્વાદ નૂહને પણ આપવામાં આવ્યો. આશીર્વાદની સાથે સાથે કેટલાએક મનાઈહૂકમો પણ ફરમાવવામાં આવ્યા. (૧) માંસાહાર કરવાની છૂટ હતી ખરી, પણ લોહી સાથે નહિ, કેમ કે લોહીમાં માંસનો જીવ છે (૪:લે. ૧૭;૧૧). (૨) ખૂન કરવાની મનાઈ છે, તેનાં બે કારણ આપેલાં છેઃ (અ) સર્વ માણસો ભાઈઓ છે, તે કેવો ઉમદા વિધિ! (આ) ઈશ્વરે પોતાની પ્રતિમા પ્રમાણે માણસ ઉત્પન્ન કર્યું હતું, તે (૬). માણસ પતિત થયું હતું ખરું, પરંતુ ઈશ્વરની પ્રતિમા માણસના આત્મા પરથી સાવ ભૂંસાઈ ગઈ નહોતી.

૧૦; ૮-૧૭. નૂહની સાથે કરેલો કરાર. જે જુદા જુદા અનેક કરારો ઈશ્વરે માણસની સાથે કર્યા, તેમાંનો આ તો પહેલો તેમ જ ઘણો મહત્વનો છે. તેમાં મૂળ પાયાના બે સિદ્ધાંત પ્રગટ કરેલા છેઃ (૧) અખિલ વિશ્વ નિયમ પ્રમાણે ચાલે છે. આ વાત પર સંપૂર્ણ ભરોસો રાખતાં વિજ્ઞાનીઓ તથા રસાયણશાસ્ત્રીઓ સંશોધન કરવાની હિમ્મત ધરાવે છે. (૨) ઈશ્વર પ્રેમરૂપ છે, તે પોતાનાંની સંભાળ રાખે છે. મેઘધનુષ્ય કંઈ નવી બનાવેલી વસ્તુ નહોતી, તોપણ તે દિવસથી તે પ્રગટ કરાએલા નવા સત્યના ચિહ્નરૂપ બની ગયું. તેજ રીતે "જો કોઈ માણસ ખ્રિસ્તમાં છે, તો તે નવી ઉત્પત્તિરૂપ છે....સર્વ નવું થયું છે" (૨ કરિ.૫;૧૭).

૧૧; ૧-૯. "બાબેલ" = ગૂંચવણ (૯), ભેળસેળ થએલું. પચાસમાના દિવસે પવિત્ર આત્માની જે વૃષ્ટિ થઈ, તે વડે બાબેલમાંથી ઉપજતો ત્રાસ ટળ્યો. સત્યના આત્માની વાણી સાંભળીને જેટલા તેને આધીન થાય છે. તે સર્વે તેનું બોલવું સમજી શકે છે. બાબેલને સમયે માણસોમાં જે ભિન્નતા ઉત્પન્ન થઈ હતી, તે પ્રભુ ખ્રિસ્તમાં નષ્ટ થાય એવી ઈશ્વરની ઇચ્છા છે (કલ. ૩;૧૧).

૧૨; ૧૦-૨૦. (જુઓ ૨૦;૧-૧૮: ૨૬;૬-૧૧). આપણે સારુ પ્રભુ ઈસુએ એક નવી તથા આ કરતાં ઊંચી આજ્ઞા જાહેર કરેલી છે. "પુરાતન કાળના લોકને એમ કહેવામાં આવ્યું હતું...પણ હું તમને કહું છું..." (મા.૫).

૧૪; ૧૮-૨૦. મેલ્ખીસેદેક. ટૂંકમાં વર્ણવેલો આ બનાવ ઘણો માર્મિક છે, એવું હેબ્રીઓને લખેલા પત્ર પરથી માલૂમ પડે છે. હેબ.૭;૨ પ્રમાણે (૧) "મેલ્ખીસેદેક" નામનો અર્થ "ન્યાયીપણાનો રાજા" છે. પણ "ન્યાયીપણું મારો રાજા છે," એવો પણ તેનો અર્થ કરી શકાય. (૨) તે શાલેમનો (યરુશાલેમ) રાજા એટલે "શાંતિનો રાજા" છે. (૩) તે રાજા તેમ જ યાજક હતો. તે એલએલ્યોન એટલે પરાત્પર દેવનો યાજક હતો, જાણે કે તે ઉત્પન્નકર્તા દેવનો ઉપાસક હતો. પણ યહોવા જેણે પોતાને ઇબ્રાહીમને ઓળખાવ્યો હતો, તેને મેલ્ખીસેદેક ઓળખતો હતો, તોપણ તે ખરા દેવનો ભજનાર હોવાથી ઇબ્રાહીમે તેને લૂંટમાંનો દશાંશ આપ્યો. (૪) તે સનાતન છે. હેબ્રીઓની માન્યતા પ્રમાણે તે આવનાર મસીહના પ્રતિકરૂપ હતો (ગીત.૧૧૦;૪).

૧૫; ૧-૬. "ન્યાયીપણું." પહેલામાં પહેલી જ વખતે આ શબ્દ અહીં વપરાએલો છે. ૭;૧ માં વિશેષણરૂપ શબ્દ "ન્યાયી" છે, એટલે જેનું હૃદય ઈશ્વરની આગળ ચોખ્ખું (મૂળાર્થ-પાધરું) છે તે મોટા દસ હૂકમો હજી જાહેર કરવામાં આવ્યા નહોતા. પણ ઈશ્વર પ્રત્યે ઇબ્રાહીમે વિશ્વાસનો તથા આજ્ઞાંકિતપણાનો જે ભાવ દેખાડ્યો, તેમાં ધર્મનું મૂળ રહેલું છે, તેથી જેટલાએ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર સંપૂર્ણ વિશ્વાસ રાખીને પોતાને તેના હવાલમાં સોંપી દીધા છે, તે સર્વેનો ઇબ્રાહીમ પિતા કહેવાય છે (રૂ.૪;૧૬).

૧૫; ૭-૨૦. કરાર નક્કી કરવાની રીત. આ રીત ઘણી પ્રાચીન છે. જેમ વાછરડી તથા બકરીના બબ્બે ટુકડા કરવામાં આવ્યા, તેમ જ આ કરાર જે કોઇ તોડે તેના ટુકડે ટુકડા કરી નાખવામાં આવશે, એવો તેમાં ગર્ભિત અર્થ રહેલો છે (યર. ૩૪; ૧૮-૨૦). કરાર તો સરખી સ્થિતિના બે પક્ષો વચ્ચે પરસ્પર કરાએલી કબૂલાત છે. પણ ઇબ્રાહીમ કરતાં ઈશ્વર તો મોટો છે. મતલબ કે ઈશ્વરે પોતાની નરી કૃપાથી ઇબ્રાહીમની સાથે આ કરાર કર્યો. તેની કૃપાથી જ તે આપણો દેવ અને આપણે તેના લોક છીએ. આ પણ મહત્વનો કરાર હતો, તોપણ નિષ્ફળ નીવડ્યો. પરંતુ એથી ચઢિયાતો તથા મહત્વનો એક નવો કરાર કરવામાં આવશે, એવી પ્રબોધકે કરેલી આગાહીનો (યર.૩૧;૩૧) સંપૂર્ણ અમલ જે રાતે પ્રભુ ઈસુએ હાથમાં પ્યાલો લઈને કહ્યું કે "આ મારા રક્તમાં નવો કરાર છે," તે રાતે કરાવામાં આવ્યો હતો (લૂક ૨૨;૧૦).

"મિસરની નદી," એટલે નીલ. મિસરનું નાળું--જુઓ ગણ.૩૪;૫.

૧૬; ૧-૧૬. "ઇશ્માએલ." તે નામનો અર્થ "દેવ સાંભળે છે" એવો થાય છે. ઇસ્ત્રાએલીઓ કરતાં ઇશ્માએલીઓની પ્રજા જૂની છે ખરી; પરંતુ હાગાર મિસરી હતી તેથી, તેમ જ ઇશ્માએલ એક મિસરી કન્યાને પરણ્યો હતો, તેથી ઇસ્ત્રાએલીઓ તેઓને મલેચ્છ ગણતા હતા. આરબો ઇશ્માએલના વંશના છે, તેને લીધે મુસલમાનો ઇબ્રાહીમને પોતાનો આદિપિતા માને છે. ઇશ્માએલ વચન પામેલો, પ્રેરિત તથા પ્રબોધક હતો, તેથી કુરાન પ્રમાણે મહંમદ પેગમ્બરને હનોખ, મૂસા તથા હારૂનની હરોળમાં ઇશ્માએલનું પણ સ્મરણ રાખવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેર વર્ષની ઉંમરે ઇશ્માએલની સુનત કરવામાં આવી (૧૭;૨૫), તેથી તે જ ઉંમરે મુસલમાનો આજદિન સુધી તે સંસ્કાર કરાવે છે. મુસલમાનોના માન્યતા પ્રમાણે જેનું યજ્ઞાર્પણ કરવાનું ઇબ્રાહીમને ફરમાવવામાં આવ્યું, તે તો ઇસ્હાક નહિ, પણ ઇશ્માએલ હતો. તેની યાદગીરીમાં બકરી ઇદનો તહેવાર પળાય છે.

૧૭; ૧-૨૭. સંસ્કારની સ્થાપના. મિસરીઓ તથા બીજા ઘણા લોક સુનત કરાવતા હતા (યર.૯;૨૫,૨૬), પરંતુ તેઓ ઘણે મોટે અંશે આરોગ્યને અંગે જ તે કરાવતા હતા; પણ યહૂદીઓના માનવા પ્રમાણે તે ધર્મનો સંસ્કાર હતો, અને હજી પણ છે. જે કરાર ઈશ્વરે તેઓના પિતૃઓની સાથે કર્યો હતો, તેના ચિહ્નરૂપ તે હતું. પણ હૃદયની સુનત વગર દેહની સુનત શૂન્ય જેવી છે, એવું પ્રબોધકોનું શિક્ષણ હતું (યર. ૪;૪).

૧૭;૧૯. ઇસ્હાક - "તે હસે છે." ૧૭;૧૭ પ્રમાણે (P) ઇબ્રાહીમ હસી પડ્યો, તેથી તેના દીકરાનું આ નામ પડ્યું. પરંતુ ૧૮;૧૨ ને ૨૧;૬ પ્રમાણે (JE) સારાહના હાસ્યની સાથે તે નામનો સંબંધ છે. ઇસ્હાકનો જન્મ આનંદકારક હતો. (જુઓ યો.૮;૫૬).

૨૨; ૧-૧૯. ઇસ્હાકનું કરાએલું અર્પણ. તે સમયમાં શેમના વંશજોમાં પુત્રનો યજ્ઞ કરવાની પ્રથા ચાલુ હતી. પુત્રાર્પણ કરવાથી અમે અમારું જે સર્વશ્રેષ્ઠ છે, તે જ ઈશ્વરને અર્પી દઈએ છીએ, એમ તેઓ સમજતા હતા. તેથી જ્યારે ઇબ્રાહીમને ઇસ્હાકનું બલિદાન

આપવાનો વિચાર થયો, ત્યારે તે વિચાર ઈશ્વરપ્રેરિત માની લઈને તેણે તે અમલમાં મૂકવાનો નિર્ધાર કર્યો. પોતાના દીકરાનું અર્પણ કરી દેવામાં વંશવૃદ્ધિની તમામ આશાને તે નષ્ટ કરી નાખતો હતો ખરો, તોપણ એમ કરવાથી ઈશ્વર પરનો પોતાનો પ્રેમભાવ વિધર્મીઓના કરતાં કોઈ રીતે ઓછો નથી, એ દર્શાવવાની તેની ઉમેદ હશે. તેથી વિશ્વાસથી ઈસ્હાકનું બલિદાન આપીને તે પોતાના વિશ્વાસનું ફળ પામ્યો (હેબ. ૧૧;૧૭-૧૯). તે જ રીતે વિશ્વાસથી પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતાના પિતાની ઇચ્છાને આધીન થઈને અને વિજય પામીને તેની આજ્ઞા પાળનારા સર્વને સારુ અનંત તારણનું કારણ થયો (હેબ.૫;૭-૧૧). બાળયજ્ઞ કરવાની રીત ઈસ્રાએલીઓમાં તેઓના રાજ્યના અંત સુધી વત્તેઓછે અંશે ચાલુ રહી (ન્યા.૧૧;૨૯;૨ ૨૧.૧૬; ૩: ૨૧;૬: ૨૩;૧૦). બીજી કેટલીએક પ્રજાઓમાં પણ તે પ્રચલિત હતી ૨ ૨૧. ૩:૨૭: ૧૭;૩૧). નિયમશાસ્ત્રમાં તો તેમ કરવાની સખત મનાઈ હતી (પુ. ૧૨;૩૧: ૧૮;૧૦).

૨૩; ૧-૨૦. માખ્પેલાહની ગૂફામાં સારાહ ઉપરાંત ઈબ્રાહીમ (૨૫;૯), ઈસ્હાક (૩૫;૨૭,૨૯), રિબ્હાક અને લેઆહ (૪૯;૩૧), અને યાકૂબને (૫૦;૧૩) દાટવામાં આવ્યાં.

૨૫;૧૯-૩૪. એસાવ અને યાકૂબ. કોઈ કોઈ વખત એકાદ માણસનું નામ તેનામાંથી ઉત્પન્ન થતી સમસ્ત પ્રજાને પણ લાગુ પડે છે, એવું આ વાર્તા પરથી માલૂમ પડે છે. અદોમનો અર્થ "લાલ" થાય છે. એસાવ "લાલ" રંગનો અવતર્યો (૨૫), તેણે "લાલ" શાક ખાધું, તેથી તેનું નામ બદલાઈને "અદોમ" પડ્યું (૩૦). એસાવ અદોમીઓનો પૂર્વજ હતો (૩૬;૧). સહોદર ભાઈઓ હોવા છતાં એસાવ તથા યાકૂબ વચ્ચે જીંદગી પર્યંત વેરભાવ ચાલ્યો હતો, તે જ રીતે અદોમીઓ તથા ઈસ્રાએલઓ હંમેશાં સામસામા લડતા હતા (યશ. ૬૩; ૧-૫:હઝ.૨૫;૧૨-૨૪, વગેરે).

૨૫;૩૧,૩૩. "આજ, આજે," તેને બદલે "પહેલવહેલાં" એવો અર્થ કરવો ઘટે છે (૧શમૂ. ૨;૧૬ (હમણાં જ) : ૨૧.૨૨;૫ (આજ)).

૨૮;૧-૨૨ બેથેલ (="દેવનું ઘર"). જ્યાં સુધી ઈસ્રાએલનું

એટલે ઉત્તરનું રાજ્ય ટકી રહ્યું, ત્યાં સુધી બેથેલ આગળનું પ્રખ્યાત મંદિર પણ ટકી રહ્યું. શીલોહથી (યહો.૧૮;૧) કરારકોશ બેથેલ લઇ જવામાં આવ્યો (ન્યા.૨૦; ૧૮,૨૭). યરોબઆમ (૧લા) રાજાએ પોતાના રાજ્યની દક્ષિણ સીમા પર જે મંદિર બંધાવ્યું, તે તેણે બેથેલમાં બંધાવ્યું (૧ રા.૧૨;૨૯). બેથેલમાં જ્યાં રાજમંદિર હતું, ત્યાં જઈને આમોસે થનાર ન્યાયશાસનને લગતો બોધ પ્રગટ કર્યો (૭;૧૩). (યાકૂબના આવ્યા પહેલાં પણ બેથેલ એક પ્રખ્યાત સ્થળ હતું. અંગ્રેજી તરજૂમામાં "Jacob lighted upon a certain place" એવું છે, પણ મૂળ ભાષા પ્રમાણે તેનો અર્થ-- upon *the* place થાય છે, એટલે કંઈ કારણસર તે સ્થળ જાણીતું હતું જ. ત્યાં કનાનીઓનું બઆલનું એક દહેરૂં હોવાથી તે સ્થળ જાણીતું થએલું હોય, એવું કેટલાએકનું માનવું છે.)

૩૧;૯. "ઘરમૂર્તિઓ"-તરાફીમ (૧ શમૂ.૧૯;૧૩). શબ્દ તો માનસૂચક બહુવચન છે (સરખાવો "એલોહીમ"), પણ મૂર્તિ તો એક જ હતી. તેનો આકાર માણસના જેવો હતો (૧ શમૂ.૧૯;૧૬). તે દહેરામાં રાખવામાં આવતી (ન્યા.૧૭;૫: હો.૩;૪), અને ભવિષ્ય જાણવાના કામમાં વાપરવામાં આવતી (હઝ.૨૧;૨૧: ઝખ.૧૦;૨).

૩૮;૧૫,૨૧. "વેશ્યા." મૂળ ભાષાનો અર્થ "દેવને સારુ અલગ કરાએલી, પવિત્ર" છે. બઆલનાં દહેરામાં એવી દેવદાસીઓ રાખવામાં આવતી હતી, તે કારણને લીધે પ્રબોધકો ઘણી વાર મૂર્તિપૂજાને વ્યભિચારની ઉપમા આપતા હતા (હઝ. ૧૬; ૧૫-૪૩: હો.૪; ૧૪,વગેરે). નામમાં તેમ જ કામમાં મૂર્તિપૂજા વ્યભિચાર સમાન જ હતી.

૪૯;૧૦. "શીલોહ." શીલોહ નગર યહૂદાહ પ્રાંતમાં આવેલું નહોતું, તેથી આ શ્લોકમાં તે બંધબેસતું નથી, પણ LXX તથા બીજાં ઘણાંખરાં ભાષાંતરોમાં "શીલોહ"ને બદલે "શેલોહ" મળી આવે છે. તેનો એવો અર્થ થાય છે, કે "જેનો હક છે, તે જ્યાં સુધી નહિ આવે ત્યાં સુધી" (હઝ.૨૧;૨૭), એટલે જ્યાં સુધી મસીહ નહિ આવે, ત્યાં સુધી યહૂદાહ અધિકાર ચલાવતો રહેશે. અને એમ જ બન્યું. જેઓએ મસીહનો અંગીકાર કર્યો નહિ, તેઓની પાસેથી રૂમીઓએ અધિકાર

ખૂંચવી લીધો (યો.૧૧;૪૮), અને તેને સ્થાને ઈશ્વરના ખરા ઇસ્ત્રાએલનું રાજ્ય સ્થાપન કરવામાં આવ્યું (ગલ. ૬;૧૬).

આ પુસ્તકમાં મળતાં ઈશ્વરનાં જુદાં જુદાં નામ

૧. "એલ"=દેવ કે ઈશ્વર. આ નામ અરબી અને બીજી ભાષાઓમાં મળી આવે છે. "એલોહીમ" નામની સાથે તેનો કંઈ સંબંધ છે કે કેમ, એ સ્પષ્ટ નથી. (એલોહીમ બહુવચનમાં છે, તેનું એકવચનરૂપ "એલોઆહ" છે). આ નામ ભાગ્યે જ એકલું આવે છે (૩૫;૧,૩:૪૬;૩); પણ કાવ્યોમાં તે ઘણી વાર વપરાએલું છે, જેમ કે અયૂબના પુસ્તકમાં (૫૫ વાર) ને ગીતશાસ્ત્રમાં (૬૯ વાર).

બીજાં લખાણોમાં તે ઘણું કરીને વિશેષણની સાથે જોડાએલું મળે છે,

દા.ત.:-

(૧) એલ એલ્યોન (૧૪;૧૮) - પરાત્પર દેવ.

(૨) એલ શાદાઇ (૧૭;૧) - સર્વસમર્થ દેવ.
(અયૂબમાં આ નામ ૪૪ વાર મળી આવે છે).

(૩) એલ ઓલામ (૨૧;૩૩) - સનાતન દેવ.

(૪) એલ રોઇ (૧૬;૧૩) - જોનાર દેવ.

(૫) એલ બેથેલ (૩૧;૧૩: ૩૫;૭) - બેથેલનો દેવ.

(૬) એલ-એલોહે-ઇસ્ત્રાએલ (૩૩;૨૦) - દેવ, ઇસ્ત્રાએલનો દેવ.

૨. "એલોહીમ." આ શબ્દ માનસૂચક બહુવચન રૂપમાં છે. વિધર્મીઓના દેવો સૂચવવા માટે પણ આ નામ વપરાએલું છે.

૩. "યહોવા." J નામના હસ્તલેખમાં આ નામ શરૂઆતથી જ વપરાય છે (૨;૪). પરંતુ E તથા P નામના હસ્તલેખોમાં જ્યાં સુધી ઈશ્વરે એ નામ પ્રગટ કર્યું નહોતું, ત્યાં સુધી તે વપરાએલું નથી. આ નામનો અર્થ નિ.૩;૧૫ વિષેની નોંધમાં બતાવેલો છે.

૪. "ઇસ્હાકનું ભયાસ્પદ" (૩૧;૪૨,૫૩).

૫. "યાકૂબનો સમર્થ" (૪૯;૨૪).

૬. "ઇસ્ત્રાએલનો પથ્થર" (૪૯;૨૪).

નિર્ગમન

૧. **નામ.** હેબ્રી શાસ્ત્રમાં આ પુસ્તકનું નામ હેબ્રી રીતે "આ તેમનાં નામ" છે. અથવા ટૂંકમાં માત્ર "નામ" છે. LXX ના તરજૂમા પરથી તેનું નામ "નિર્ગમન" પડ્યું. આ નામ બંધબેસતું નામ છે, કેમ કે ઇબ્રાહીમના તેડા પછી ઇસ્ત્રાએલીઓના ઇતિહાસમાં તેઓનું મિસરમાંથી નીકળી જવું, એ સહુથી મહત્વનો બનાવ હતો.

૨. **વિભાગ.** યૂસફના મરણથી માંડીને નિર્ગમનના બીજા વર્ષના પહેલે દિવસે અરણ્યમાં મુલાકાતમંડપ ઊભો કરવામાં આવ્યો ત્યાં સુધીમાં જે જે બન્યું, તે સર્વ આ પુસ્તકમાં વર્ણવેલું છે. તેના વિભાગ નીચે પ્રમાણે છે :-

(૧) અધ્ય. ૧-૧૧. નિર્ગમન પહેલાંનો હેવાલ.

(૨) અધ્ય. ૧૨-૧૮. મિસરમાંથી નિર્ગમન, અને રફીદીમ સુધી કરેલી કૂચ.

(૩) અધ્ય. ૧૯-૪૦. સિનાય આગળ બનેલી બીનાઓ.

પરંતુ જ્યાં સુધી ઇસ્ત્રાએલીઓ છાવણી ઊપાડીને ફરીથી આગળ ચાલવા લાગ્યા નહિ, ત્યાં સુધીમાં બનેલી બીજી બધી બીનાઓ પણ આ પુસ્તકમાં દાખલ કરવામાં આવી હોત તો ઠીક; એ રીતે જોતાં ગણ. ૧૦;૧૧ માં નિર્ગમનના ઇતિહાસનું પ્રથમ પ્રકરણ સમાપ્ત થએલું સમજવું. કેમ કે લેવીયના પુસ્તકમાં જાહેર કરેલા નિયમો સિનાય પહાડ આગળ મૂસાને આપેલા કહેવાય છે, તેમ જ લોકની વસતીગણતરી તથા કૂચને સારૂ કરેલી વ્યવસ્થા પણ સિનાય આગળ કરવામાં આવી હતી, એટલે ઉપરના ત્રીજા વિભાગમાં આ વાતોનો પણ સમાવેશ થવો ઘટે છે. વળી બારીક અભ્યાસ કરવાથી માલૂમ પડશે કે આ બધી વાતો મુલાકાતમંડપ તથા કરારકોશને લગતી છે. પહેલાં મુલાકાતમંડપ બનાવવામાં આવ્યો (અધ્ય. ૩૬-૪૦), ત્યાર પછી યજ્ઞાર્પણના જુદા જુદા વિધિઓ જાહેર કરવામાં આવ્યા (લેવીયનું આખું પુસ્તક), અને આખરે લોકની ગણતરી તથા લેવીવર્ગની ગોઠવણ કરવામાં આવી. બાદ કૂચ કરવાની એવી વ્યવસ્થા કરવામાં આવી, કે જેથી મુલાકાતમંડપની તેમ જ કરારકોશની પવિત્રતા પૂરી રીતે સચવાય (ગણ. ૧-૧૦).

૩. **સમાએલો હેવાલ :** ઉત્પત્તિનો ઘણોખરો ભાગ વાર્તારૂપ છે. આ પુસ્તકમાં વાર્તાઓ અને નિયમો બંને મળી આવે છે. ઈસ્ત્રાએલીઓને મિસરીઓના બંધનમાંથી છોડાવવામાં આવ્યા, એ આ પુસ્તકમાં સમાએલી મુખ્ય વાત છે. ઈબ્રાહીમનું તેડું થયું ત્યારે ખરા તથા જીવતા દેવની ઉપાસના કરનારા એક કુટુંબનો જન્મ થયો; પણ મિસરમાંથી થએલા નિર્ગમનનો બનાવ એ તો ઈશ્વરનું ખાસ ધન થવા સારુ પસંદ કરાએલી તથા તેડાએલી એક પ્રજાનો જન્મ હતો (૧૯:૫). આ પવિત્ર લોકનું સામાજિક તેમ જ આધ્યાત્મિક જીવન વ્યવસ્થિત રીતે ચાલે, માટે વાર્તાની સાથે જે વ્યાવહારિક નિયમો આ પુસ્તકમાં સમાએલા છે, તે આપવામાં આવ્યા. તે નિયમો ઘણા મહત્ત્વના છે, કેમ કે તે ઈસ્ત્રાએલીઓના જીવન-વ્યવહારના મૂળ પાયારૂપ છે.

આ સર્વ કારણોને લીધે "નિર્ગમન" તો અભ્યાસ કરવા યોગ્ય પુસ્તક છે. તે ધર્મોપદેશનો ભંડાર છે. ઈબ્રાહીમને તેડવામાં ઈશ્વરનો શો ઉદ્દેશ હતો, તે આપણે અગાઉ શીખી ગયાં છીએ (ઉત. ૧૨; ૩:૧૮; ૧૮). હવે પોતાનો એ ઉદ્દેશ પૂર્ણ કરવા સારુ ઈશ્વરે કેવી રીતે પોતાના પસંદ કરાએલા લોકને કેળવ્યા, તે આ પુસ્તક પરથી શીખી શકાશે. ઈબ્રાહીમને આપેલું વચન રફતે રફતે વિકાસ પામતું જાય છે. નિર્ગમનનો અભ્યાસ કર્યા વગર જૂના કરારનાં બાકીનાં બીજાં પુસ્તકોની બરાબર સમજણ નહિ પડે, કેવળ એમ નહિ, પણ તે જાણ્યા વગર ખ્રિસ્તી ધર્મનું ઘણુંખરું શિક્ષણ પણ અર્થશૂન્ય રહે એમ છે. ખ્રિસ્તી સાહિત્યનું સહુથી વધારે ફેલાવ પામેલું પુસ્તક તો "યાત્રાકારી" અર્થાત્ "ખ્રિસ્તી મુસાફર" છે, જેનું ખરું મથાળું "આ જીવલોકથી પરલોક સુધીનો યાત્રાળુએ કરેલો પ્રવાસ" છે. તે પણ મુસાફરીનું વાર્તારૂપ પુસ્તક છે. વચનનો દેશ તો સ્વર્ગ છે, જ્યાં પહોંચ્યા પહેલાં મોતરૂપી યરદન નદી આપણે ઓળંગવાની છે.

આ પુસ્તકમાં વર્ણવેલા સર્વ બનાવોમાં મૂસા મહાન સરદાર જેવો જણાય છે. રાજકીય બાબત હોય કે ધાર્મિક હોય, પણ તેને અંગે જેને મૂસા કરતાં મહાન ગણી શકાય, એવો એક પણ માણસ આખી દુનિયામાં કદી ઊભો થયો નથી એમ કહેવામાં કંઈ ખોટું નથી. આ પુસ્તકમાં તથા ગણનાના પુસ્તકમાં તેનું જીવનચરિત્ર સમાએલું છે.

પુનર્નિયમના છેલ્લા અધ્યાયમાં તેના મરણનું હૃદયભેદક વર્ણન કરેલું છે. પ્રવાસનાં સર્વ દુઃખ વેઠ્યા બાદ જે સરદાર વચનનો દેશ કેવળ દૂરથી નિહાળવા પામ્યો, પણ તેમાં જે પ્રવેશવા પામ્યો નહિ, તે તેજ છે. તે એક આદર્શ આગેવાન હતો, ને બીજા બધા મહાવીરની પેઠે ને વિશેષે કરીને આપણા પ્રભુ ઈસુની પેઠે ("ખ્રિસ્તની સાથે નિંદા સહન કરવી" - હેબ. ૧૧;૨૬) તે દુઃખદ્વારા પરિપૂર્ણ કરાયો (હેબ. ૨; ૧૦:૫; ૮).

મૂસા વિષે કેટલીક ધ્યાન આપવા લાયક બાબતો નીચે મુજબ છેઃ

(૧) શરૂઆતથી જ ઈશ્વરનો કલ્યાણકારી હાથ તેના પર રહેલો જણાય છે. રડતા બાળકની એક રાજકુમારીને દયા આવી (૨;૬).

(૨) રાજમહેલમાં રહીને તે મિસરીઓની સર્વ વિદ્યા શીખી ગયો. (પ્રે. કૃ. ૭;૨૨). તેનો વાસ રાજમહેલમાં હતો ખરો, તોપણ તે સર્વ વખત તેના હૃદયની લાગણી સીમાડા પાસેનાં ઝૂંપડાંમાં પડેલા તેના ઇસ્ત્રાએલી ભાઈઓ પ્રત્યે વળેલી હતી.

(૩) તે રાજપુત્ર ગણાતો હતો, તોપણ તે દરિદ્રીઓ તથા દલિતોની હિમાયત કરનાર હતો. જેમ યૂસફમાં તેમ મૂસામાં ગર્વનો કંઈક અંશ હોય, એમ લાગે છે. તેને લીધે આ હથિયારને કામને લાયક બનાવવાની અને આ પાત્રને કુંભારની ઇચ્છા પ્રમાણે ઘડવાની જરૂર હતી. તેથી મૂસાને મિદ્યાન દેશમાં નાસી જવું પડે એવું ઈશ્વરે નિર્માણ કર્યું. જેમ પાદ્દાનારામમાં યાકૂબ, કારાગૃહમાં યૂસફ, અરબસ્તાનમાં પાઉલ પ્રેરિત, અરણ્યમાં પ્રભુ ઈસુ પોતે જીવનયુદ્ધની તૈયારીને સારુ આત્મિક તાલીમ પામ્યા. તેમ મૂસા ચાળીસ વરસ સુધી મિદ્યાનમાં રહ્યો (૭; ૭: પ્રે. કૃ. ૭; ૨૩). ત્યાં જે ભગીરથ કાર્ય કરવાનું તેને સારુ નિયત કરેલું હતું, તેને લાયક તેને બનાવવામાં આવ્યો. ત્યાં ઈશ્વરે પોતાનું પરાક્રમ (૩;૩), પોતાની પવિત્રતા (૩;૫), તથા પોતાનું પ્રેમભર્યું નવું નામ તેને પ્રગટ કર્યું (૩;૧૪). એવી રીતે સુસજ્જ થઈને તે મેદાને પડ્યો.

(૪) ઇસ્ત્રાએલીઓના છૂટકારાને અંગે મિસરના રાજા અને મૂસા વચ્ચે જે વાક્યયુદ્ધ થયું, તેમાં બંને જણા નિશ્ચલ સ્વભાવના જણાય છે. ફારૂન રાજા બાહુબળને લીધે બળવાન હતો, પણ પ્રબોધક તો

આત્મબળથી બળવાન હતો, તેથી આખરી વિજય ઈશ્વરપરાયણ મૂસાનો જ થયો. તેના સંબંધી ઈશ્વરે એવી સાક્ષી આપી, કે "મારો સેવક મૂસા મારા આખા ઘરમાં વિશ્વાસુ છે" (ગણ. ૧૨;૭). તેને યહૂદીઓ (૨ કાળ. ૨૦; ૭:યશ. ૪૧;૮), ખ્રિસ્તીઓ (યા. ૨;૨૩), તેમ જ મુસલમાનો "ઈશ્વરનો મિત્ર" માને છે.

(૫) પરંતુ મૂસાનો ખ્રિસ્તતુલ્ય સ્વભાવ પોતાના લોકનું હઠીલાપણું તથા તેમની ચંચળતા સહન કરી લેવામાં વધારે દીપી આવ્યો છે. તેઓ મિસરના બંધનમાંથી છૂટતાં જ આદમની પેઠે પોતાની સ્વતંત્રતાનો દુરૂપયોગ કરીને પોતાના સરદારની વિરુદ્ધ કચકચ કરવા લાગ્યા. મૂર્તિપૂજાના ફાંદામાં તેઓ સપડાઈ ગયા. તેઓએ મિસરમાં પાછા જવાનું કાવતરું પણ રચ્યું (ગણ. ૧૧;૪-૬), અને એક પ્રસંગે મૂસાનો અનાદર કરીને કનાન દેશ પર ચઢાઈ કરવાનો પણ તેઓએ પ્રયત્ન કર્યો (ગણ.૧૪;૪૪) એ સર્વેમાં મૂસા એકલો તથા અસહાય જેવો રહ્યો હતો (ગણ. ૧૨;૧), કેમ કે તેનો ભાઈ હારૂન તો જેટલો સહાયરૂપ હતો (ગણ. ૧૬; ૪૮), તેટલો જ ઠોકરરૂપ પણ જણાય છે. (નિ. ૩૨; ૪: ગણ. ૧૨;૧,૨). તોપણ મૂસા કદી હિંમત હારી ગયો નહિ (નિ. ૧૪;૩). યહોવાને એક પ્રસંગે પોતાનો ઈરાદો ફેરવવાનો તેણે આગ્રહ કર્યો, પણ પોતે તો અચળ રહ્યો (નિ. ૩૨;૧૨). તે પ્રભુ ઈસુના જેવો નમ્ર સ્વભાવનો હતો (ગણ. ૧૨;૩: મા. ૧૧;૨૯), અને ઈસુની પેઠે તે પણ પાપમાં પડેલા પોતાના લોકને બદલે પોતાનો જીવ અર્પી દેવા તૈયાર હતો (નિ. ૩૨; ૩૨: માર્ક ૧૦;૪૫).

મૂસાના મહાત્મ્યનો શો ભેદ હતો? હનોખની પેઠે તે નિત્ય ઈશ્વરની સંઘાતે ચાલતો હતો, તેજ તેનો ભેદ હતો. જે રાવટી તે છાવણી બહાર તાણતો હતો, તે તેનું પ્રાર્થનાગૃહ હતું, ત્યાં જઈને તે ઈશ્વર સાથેની સંગતદ્વારા જોઈતી સહાય પામતો હતો (નિ. ૩૩;૭). જ્યારે તેનું જીવન કસોટીની અણી પર આવ્યું, ત્યારે "મિસરમાંના દ્રવ્યભંડાર કરતાં ખ્રિસ્તની સાથે નિંદા સહન કરવી અધિક સંપત્તિ" (હેબ્રી. ૧૧;૨૬) ગણીને તેણે શ્રમ તથા દુઃખનો માર્ગ પસંદ કર્યો. એવા એકનિષ્ઠ સેવકને ઈશ્વરે પોતાનું જે દર્શન દીધું, તે જ્યાં સુધી ન્યાયીપણાનો દીવાકર ઊગ્યો નહોતો, ત્યાં સુધી અંધારી રાત્રિમાં

ચળકતા તારા જેવું હતું. નિયમશાસ્ત્રના ઘણાએક નિયમો મૂસાના સમય પછીના હશે, એવું અગાઉ કહેવામાં આવ્યું છે. પણ મૂળ પાયાના બધા નિયમો તથા વિધિઓ તો તેના જ છે. બુદ્ધિ તેમ જ આત્મિક બળમાં બીજા બધા કરતાં તે એટલો બધો મોખરે પડતો હતો, કે ઇસ્ત્રાએલના સર્વ નિયમો પર તથા તેના બાકીના સર્વ ઇતિહાસ પર રાજતંત્રી તેમ જ પ્રબોધક તરીકે તેની જ છાપ પડેલી જણાય છે. રૂપાંતર વખતે જ્યારે વધસ્તંભ પર થનાર શાપિત મરણથી પ્રભુ ઈસુ આકુળવ્યાકુળ થયો, ત્યારે જૂના કરારના જે સંદેશાદ્વારા તે દિલાસો તથા સહાય પામ્યો, તે જૂના કરારના બે મહાન સરદારો મૂસા તથા એલિયાહના હોઠોથી તે પામ્યો. એ બંને સરદારો મહાન હતા ખરા, પણ મૂસા તો વિશેષ મહાન હતો; કેમ કે એલિયાહ તથા બીજા પ્રબોધકો નવો ઉપદેશ ન કરતાં મૂસાએ પહેલવહેલાં જે ધર્મશિક્ષણ આપ્યું હતું, એ ને એજ શિક્ષણ બેદરકાર બનેલા લોકોની આગળ ફરી ફરીને પ્રગટ કરતા હતા. તેથી સ્વર્ગના ચળકતા સમુદ્ર પાસે ઊભા ઊભા પાર ગએલા દેવભક્તો જે કિર્તન ગાય છે, તે તો "મૂસા તથા હલવાનનું" છે (પ્રક. ૧૫;૨). વિજય પામેલા હલવાનના બુલંદ નામની સાથે દેવના સેવક મૂસાનું નામ પણ સદા જોડાએલું છે (નિ. ૧૪;૩૧:ગણ. ૧૨:૭:પુન. ૩૪;૫).

૪. **પુસ્તકની રચના :** (૧) આ પુસ્તક વાર્તારૂપ અને વિધિરૂપ એમ બે જુદી જુદી ઢબે લખવામાં આવ્યું છે, તે દરેક વાચકને સહેજે માલૂમ પડી આવશે. [બોધરૂપી શૈલીનો (D) એક પણ દાખલો નિર્ગમનમાં મળી આવતો નથી.] એકંદરે બધાં ખ્રિસ્તી છોકરાં જાણતાં હોય, એવી ઘણી આકર્ષક તથા રસિક વાર્તાઓ ઉત્પત્તિના પુસ્તકની પેઠે આ પુસ્તકમાં પણ સમાએલી છે. વળી વાર્તાઓની સાથે રીતસરની વંશાવળીઓ (દા.ત. ૧; ૧-૬ : ૬ ; ૧૪-૨૭) તથા જાતજાતના નિયમો પણ (અધ્ય. ૨૫-૩૦) આપેલાં છે. અધ્ય. ૩૨-૩૩માં વાછરડાની મૂર્તિની પૂજાનું જે વર્ણન કરેલું છે. તે અથવા અધ્ય-૩૪મા મૂસાએ દીધેલાં યહોવાના મહિમાના દર્શનનું જે વર્ણન કરેલું છે, તે વાંચીને જો આપણે મુલાકાતમંડપ બાંધવા સંબંધીની જે જે વાતો અધ્ય. ૨૫-૩૦માં આવે છે, તેની સાથે સરખામણી કરીએ,તો J અને P ના હસ્તલેખમાંની શૈલીમાં જે મોટો તફાવત છે, તે તરત જણાશે.

(૨) વળી જેમ ઉત્પત્તિના પુસ્તકમાં તેમ આ પુસ્તકમાં પણ કેટલાએક બનાવોનાં બે જુદા વર્ણન કરેલાં માલૂમ પડે છે. તેનો સહુથી સ્પષ્ટ દાખલો તો મૂસાને ઈશ્વરે કરેલું પ્રકટીકરણ છે. ૩;૧-૬;૧ સુધીમાં મૂસાનું તેડું વર્ણવેલું છે, તોપણ એ ને એજ બનાવનું સાવ જુદું જ વર્ણન ૬;૨-૭;૭ સુધીમાં કરેલું છે. વળી ૧૬;૧૩ પ્રમાણે સાંજે લાવરીઓ અને સવારે ઝાકળરૂપ માન્ના ઈશ્વરકૃપાએ એક જ પ્રસંગે આપવામાં આવ્યાં; પણ ગણ. ૧૧;૪-૩૪ પ્રમાણે લોક લાંબો વખત માન્ના ખાઈને કંટાળી ગયા હતા, ત્યાર પછી જ લાવરીઓ સમુદ્ર તરફથી પવનના બળે ઘસડાઈ આવી હતી.

(૩) તે ઉપરાંત એકબીજાની સાથે મળતી ન આવે એવી પણ કેટલીએક વાતો મળી આવે છે, જેમ કે (અ) મૂસાને યહોવા તરફથી એક ચમત્કારિક લાકડી આપવામાં આવી (૪;૧૭-"આ લાકડી તું હાથમાં લે"). તે "દેવની લાકડી" કહેવાય છે. (૪;૨૦:૧૭ ; ૯: સરખાવો ગણ. ૨૦;૮, ૯), તેનો ઉપયોગ યહોવાના ફરમાવ્યા મૂજબ મૂસા કરતો હતો (૯; ૨૩:૧૦; ૧૩:૧૪; ૧૬:૧૭; ૫,૯). પરંતુ જે લાકડી વડે ચમત્કારો કરાયા હતા, તે તો ચાર જુદે જુદે પ્રસંગે હારૂનની લાકડી પણ કહેવાય છે (૭;૯, ૧૯:૮; ૫, ૧૭). (આ) ૧૬;૩૪ પ્રમાણે એક ઓમેર માન્ના સાક્ષ્યકોશની આગળ રાખી મૂકવામાં આવ્યું, પણ સાક્ષ્યકોશ તે સમયે હજુ બનાવવામાં આવ્યો નહોતો (૩૭; ૧-૯).

(૪) એક ને એક નિયમમાં પણ ફેરફાર કરાએલો માલૂમ પડશે. (અ) **<u>પાસ્ખા પર્વ.</u>** ૧૨; ૧-૨૮માં તે પર્વ પાળવાનો વિધિ આપેલો છે, પણ તે વિધિનાં બે જુદાં જુદાં રૂપ હોય, એમ લાગે છે. ક. ૨૧-૨૭માં જે રાતે વિનાશક દૂત મિસર દેશ પર થઈને ગયો, તે પ્રસંગે જે સાદી ક્રિયા કરવાનું મૂસાએ વડીલોને સમજાવ્યું હતું તે જાહેર કરેલી છે, જે પ્રમાણે લોકને ઝૂફા તથા વાસણનો ઉપયોગ કરવાનું સૂચવેલું છે. પણ ૧-૨૦માં એ ચીજો સંબંધી કંઈ કહેલું નથી. વળી તે રાતે લોકને તેઓના પોતાના ઘરમાંથી બહાર નીકળવાની મનાઈ હતી. ક. ૨૧-૨૭નું સાંધણ ૧૧;૮ની સાથે બંધ બેસે છે. પણ ૧-૨૦માં સમાએલો નિયમ પાછળના સમયના જેવો લાગે છે. વધ કરવાના હલવાનને ૧૦માં દહાડાથી ૧૪માં દહાડા સુધી રાખવાનો જે નિયમ હતો, તે

ઉતાવળથી નીકળવાના ફરમાનની સાથે બંધબેસતો નથી. વળી આ પ્રકરણમાંના કેટલાએક શબ્દો વિધિરૂપ હસ્તલેખમાં વપરાએલા શબ્દોને મળતા છે, જેવા કે "જમાત" (=congregation :૩, ૬, ૧૯), "સાંજે" (=between the two evenings :૬), "તે માણસ ઈસ્ત્રાએલમાંથી નાબૂદ કરાશે" (૧૫; ૧૯), અને "વંશપરંપરા" (=throughout your generations : ૧૪ ; ૧૭), વગેરે.

(આ) કરારનું પુસ્તક (૨૦; ૨૨-૨૪ ; ૧૮). આ પ્રકરણનો જ્યારે અભ્યાસ કરવામાં આવશે ત્યારે તેમાં સમાએલા સાદા નિયમો અને બાકીના અધ્યાયોમાં જાહેર કરેલા નિયમોમાં કેટલો બધો તફાવત છે, તે માલૂમ પડશે. દા.ત. તેમાં સૂચવેલી માટીની વેદીની (૨૦;૨૪) સાથે ૨૭; ૧-૮માં વિગતવાર ફરમાવેલી વેદીની સરખામણી કરો.

(ઈ) મુલાકાતમંડપ જે નાના તંબુની વાત ૩૩ : ૭ -૧૧માં કરેલી છે, તે અને ઈશ્વરે જે મંડપનો નમૂનો પહાડ પર મૂસાને દેખાડ્યો તે બેમાં જે ફેરફાર હતો, તે તરત જણાઈ આવે છે.

ઉપરના દાખલા જેવી મુશ્કેલીઓ છે તો ખરી, પરંતુ જો કે ઉપર કહ્યા પ્રમાણે ઈસ્ત્રીએલના સામાજિક તેમ જ આધ્યાત્મિક જીવનના મૂળપાયારૂપ નિયમોનો સ્થાપનાર તો મૂસા હતો, તોપણ નિર્ગમનનું પુસ્તક હાલ જે સ્વરૂપમાં છે, તેજ સ્વરૂપ અસલથી જ મૂસાને જ હસ્તે થયું હતું. એમ કહેવું વધારે પડતું છે. તેમાં જે જે નિયમો જાહેર કર્યા, તેમાં જતે દહાડે જુદા જુદા જમાનાની પરિસ્થિતિને અનુકૂળ સુધારોવધારો થયા બાદ તેનો આખરનો સંગ્રહ બંદીવાસ સમયના શાસ્ત્રીઓએ કરીને પૂરા પંચગ્રંથ તરીકે તે પ્રસિદ્ધ કર્યો હોય, એ સંભવિત લાગે છે. એ વિષે આગળના બીજા અધ્યાયમાં પ્રમાણ સહિત કહેવામાં આવ્યું છે. માટે આવનાર ઉદ્ધારકની જે શુભાશા રાખતાં તે સમયના દેવભક્તોએ આ પુસ્તક ગોઠવ્યું, તે ધ્યાનમાં રાખીને, તેમ જ ઈશ્વરની નરી કૃપાએ તે આશા આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં કેવી રીતે ફળીભૂત થએલી છે,તે યાદ રાખીને જો આપણે તેઓની દૃષ્ટિથી આ પુસ્તકનું અધ્યયન કરીએ, તો તે આપણે સારુ પણ માર્મિક શિક્ષણથી ભરપૂર જણાયા વગર રહેશે નહિ. નિર્ગમન સંબંધીનું એક સરસ ગીત છે,તેની સમાપ્તિરૂપે કવિરાજે આવો શ્લોક ઉમેર્યો, કે "ધન્યવાદ હો પ્રભુને,કે જે રોજ આપણો બોજો ઊંચકી લે છે" (ગી. ૬૮;૧૯),

એટલે નિર્ગમન વખતે જે આપણા પિતૃઓની આગળ આગળ ચાલ્યો હતો (૭), જેણે મોટા સૈન્યના સેનાધિપતિઓને તેઓની આગળથી નસાડી મૂક્યા હતા (૧૨), તેજ દેવ આપણી સાથે પણ સદા રહેતાં દિનપ્રતિદિન આપણો સહાયકારી થાય છે, એવો નિર્ગમનના ચમત્કારના બનાવને આધારે દરેક ઇસ્ત્રાએલી દૃઢ વિશ્વાસ રાખતો હતો. તેઓની સાથે આપણ ખ્રિસ્તીઓ કેટલી બધી વિશેષ ખાતરીથી સહર્ષ કહી શકીએ, કે "દેવ આપણે સારુ તારણનો દેવ છે" (૨૦.મૂળાર્થ-વારંવાર બચાવ કરનાર દેવ). "તું તેનું નામ ઇસુ (-યહોવા તારણરૂપ) પાડશે, કેમ કે પોતાના લોકોને તેઓનાં પાપમાંથી જે તારશે, તે એજ છે."

કેટલીએક વિગતવાર નોંધ

૧;૧૧. "પીથોમ તથા રામસેસ." કેરો શહેરથી આશરે ૬૦ માઇલ છેટે પીથોમનાં ખંડિયેર ૧૮૮૩ની સાલમાં ખોદી કાઢવામાં આવ્યાં હતાં. એ ખોદકામ કરતાં એક શિલાલેખ હાથ આવ્યો, જે પરથી માલૂમ પડે છે, કે તે શહેરનો બંધાવનાર ફારૂન (-રાજા) રામસેસ બીજો હતો (ઇ.સ. પૂ. ૧૩૦૦-૧૨૩૫). મિસરની પૂર્વ તરફની હદનું રક્ષણ કરવા સારુ તે તે સીમા પર બાંધવામાં આવ્યું હશે. વળી મિસરી સૈન્ય પૂર્વ દિશાએ કૂચ કરવા નીકળે ત્યારે તેમને માટે જોઇતી સામગ્રી તે શહેરમાં રાખી મૂકવામાં આવતી. જો કે રામસેસ નગરનો કંઇ પણ અવશેષ હજી સુધી હાથ લાગ્યો નથી. તોપણ ઇસ્ત્રાએલીઓ પર જોરજુલમ ગુજારનાર રાજા તો તેજ નામનો હતો એ ખાતરીપૂર્વક વાત છે. તેનો દીકરો મેરેન્પ્તાહ નામનો હતો, તેની કારકિર્દીમાં (૧૨૩૪-૧૨૧૪) ઇસ્ત્રાએલઓને છોડાવવામાં આવ્યા હોય, એવું અનુમાન ૨;૨૩ ને ૪;૧૯ પરથી કરી શકાય છે. તેથી નિર્ગમન આશરે ઇ.સ.પૂર્વે ૧૨૩૦ની સાલમાં થયું, એમ કહીએ તો ચાલે.

યાકૂબ તથા તેના કુટુંબને મિસરમાં આવી પહોંચ્યાને ૪૩૦ વર્ષ થયાં હતાં (૧૨;૪૦ : પ્રે.કૃ. ૭;૬ : ગલ. ૩;૧૭), એટલે આશરે ઇ.સ.પૂ.૧૬૩૦ની સાલમાં ઇસ્ત્રાએલીઓ પહેલવહેલાં મિસર આવીને તેમાં વસવા લાગ્યા હશે. તે વખતે ભરવાડ નામના એક વંશના રાજાઓ મિસરની ગાદીએ બિરાજમાન હતા. તેઓ એશિયાથી આવેલ

હતા, તેથી તેઓ એશિયાવાસી યાકૂબ તથા તેના પરિવારનો આનાકાની વગર અંગીકાર કરે, તે સ્વાભાવિક હતું. પણ ઈ:સ.પૂ.૧૫૮૭ની સાલમાં મિસરીઓએ તે વંશની વિરુદ્ધ બંડ ઊઠાવીને તેની જગાએ એક મિસરીને ગાદીપતિ નીમ્યો. રામસેસ ફારૂન એ વંશનો હતો. તેને ઈસ્ત્રાએલપુત્રોની આબાદાની જોઈને અદેખાઈ આવે, એ પણ સ્વાભાવિક હતું.

એક બીજી વાત ધ્યાન આપવા લાયક છે. તે સમયે જંગલમાં રહેનાર કનાનીઓ વિવેક રહિત તથા સંસ્કૃતિ રહિત હતા એમ સમજવું નહિ. જેમ ઉપર કહેવામાં આવ્યું, તેમ પાલેસ્ટાઈન દેશ જુદાં જુદાં કારણોને લીધે કબજે કરવા લાયક દેશ હતો; તે જુદે જુદે વખતે બાબેલોન, અરામ અને મિસરના તાબામાં આવ્યો હતો. નિર્ગમનને સમયે તે ત્રણસો વર્ષ થયાં મિસરને તાબે હતો. રામસેસ બીજાના તથા તેની પહેલાંના રાજાઓના સમયમાં પાલેસ્ટાઈન દેશમાંથી અનેક જુવાનીઆઓને ગુલામ તરીકે મિસરમાં લાવવામાં આવ્યા હતા. તેઓમાંના પણ કેટલાએક યૂસફની પેઠે ઊંચી પાયરીએ ચઢ્યા હશે, એમ માનવાનો પૂરાવો પ્રાચીન લેખો પરથી મળી આવે છે. તેથી મિસર દેશની સંસ્કૃતિ તેમ જ તેની સામાજીક વ્યવસ્થા તથા તેનાં ધારાધોરણો કનાનીઓની જાણ બહાર હોય, એ બનવાજોગ નથી. કનાન દેશમાં પણ પાઠશાળાઓ તથા પુસ્તકાલયો, નિપુણ કારીગરો તથા તેમના હાથના ભવ્ય મહેલો, વેપારીઓ તથા તેમના મોટા મોટા કાફલાઓ, એ બધું હતું. પણ રામસેસ બીજાના મરણ પછી કનાન પરથી મિસરની સત્તા ઘટવા લાગી, જેથી પાલેસ્ટાઈનમાં બળવો સળગી ઊઠ્યો, એવું રામસેસના પુત્રની કારકિર્દીના શિલાલેખ પરથી માલૂમ પડે છે. પરિણામે કનાનમાં વસેલી જુદી જુદી પ્રજાઓ વચ્ચે ઝગડા થવા લાગ્યાં, જેને લીધે તેની આસપાસની બીજી પ્રજાઓને તેના પર ચઢાઈ કરવાનું ફાવ્યું. આવે સમયે ઈસ્ત્રાએલીઓ મિસરના બંધનમાંથી મુક્ત થઈને પાલેસ્ટાઈન દેશને કબજે કરવામાં ફાવી ગયા.

૨;૧૮ "રેઉએલ." ૩;૧ : ૪;૧૮ : ૧૮;૧, ૨ પ્રમાણે મુસાના સસરાનું નામ યિથ્રો હતું. ગણ.૧૦;૨૯ની નોંધ જુઓ.

૩; ૧-૧૫ "યહોવા" નામનું પ્રગટ કરાવું. આ પ્રકરણ વાંચતાં આપણે સતધર્મના એક બીજા ઊંચ શિખર પર ઊભેલા હોઈએ એમ લાગે છે. જેમ બી ઊગીને દિનપ્રતિદિન વધતું વધતું આખરે મોટું ઝાડ બની જાય છે તેવી રીતે, અથવા જેમ સૂર્યનો પ્રકાશ ઉદયકાળથી માંડીને મધ્યાહ્ન સુધી પળેપળે વધતો જાય છે, તેવી રીતે ઈશ્વર વિષેના જ્ઞાનનું પ્રકટીકરણ પ્રદીપ્ત થયું ગયું, એવું સમજવાની ભૂલ રખે કોઇ કરે. એથી ઉલટું તે તો એક પંથ જેવું છે, કે જે વખતે પહાડ પર ચઢે, અને વખતે ખીણમાં પણ ઊતરે, તેજ રીતે જૂના કરારના કેટલાક સમયો પ્રકાશમય અને કેટલાએક અંધકારમય જણાય છે. દર પળે તો નહિ, પણ પોતે ઇચ્છેલે પ્રસંગે ઈશ્વર પોતાના પસંદ કરાએલા સેવકોને પોતાનું પ્રકટીકરણ કરતો હતો. ઈબ્રાહીમનું તેવું એવો એક પ્રસંગ હતો. મૂસાનું તેવું એવો બીજો એક પ્રસંગ છે. આ બનાવદ્વારા ઈશ્વર આપણને તેના આશ્ચર્યકારક અજવાળામાં આગળ દોરી લઇ જવા માગે છે.

હોરેબ પહાડ આગળ મૂસાને આ દર્શન થયું. (E અને D નામના હસ્તલેખોમાં પહાડ હોરેબ નામથી ઓળખાય છે (૧૭;૬ : ૩૩;૬. પુ.૧;૨,૬;૧૯;૪;૧૦, ૧૫ વગેરે). J અને Pનાં લખાણોમાં તે સિનાય નામથી ઓળખાય છે. (૧૬;૧ : ૧૯;૧, વગેરે). મૂસાની સાથે જેણે પહેલવહેલાં વાત કરી, તે યહોવાનો દૂત કહેવાય છે (૨), પણ તે ખુદ યહોવા હતો (૪) બળતું ઝાડવું ઈશ્વરના પરાક્રમનું તેમ જ તેની કૃપાનું ચિહ્ન હતું. અગ્નિમાં ભસ્મ કરી નાખવાનો તેમ જ શુદ્ધ કરવાનો ગુણ રહેલો છે. ઈશ્વર અદલ ઇન્સાફ કરે છે. ખરો, પણ તેનો ઇન્સાફ કરુણામિશ્રિત હોય છે (હબ.૩;૨). "બળતું ઝાડવું" આપણી મંડળીની મુદ્રિકા છે.

મૂસાની સાથે જે દેવે વાત કરી તે કોઇ નવો દેવ નહોતો. જે ઈબ્રાહીમ, ઇસ્હાક તથા યાકૂબનો દેવ હતો, તે જ તે હતો. વળી "યહોવા" તે એકદમ નવું નામ પણ નહોતું. E તથા P ના હસ્તલેખ પ્રમાણે તે નામ હજી સુધી પ્રગટ કરવામાં આવ્યું નહોતું. અત્યાર સુધી "એલશાદાઇ" નામથી ઈશ્વરે પોતાને ઓળખાવ્યો હતો (૬;૧૩), એવું તેમાં જણાવેલું છે. પરંતુ Jના હસ્તલેખ પ્રમાણે આદમ હજી હયાત હતો, એ દરમિયાન "લોક યહોવાને નામે પ્રાર્થના કરવા લાગ્યા" હતા (ઉત્પ. ૪;૨૬). મૂસાની માતાનું નામ યોખેબેદ હતું, જેનો અર્થ "યાહ (-યહોવા) મહિમારૂપ છે," એવો છે (૬;૨૦).

"યહોવા" નામનું મૂળ "હોવું" અર્થના એક ક્રિયાપદની સાથે સંબંધ ધરાવે છે. તેથી તેનો મૂળાર્થ "સ્વયંભૂ" જેવો થાય છે. પણ શબ્દનું મૂળસ્વરૂપ શું હતું. તે ખાતરીપૂર્વક કહી શકાય એમ નથી. શરૂઆતે હેબ્રી ભાષાના વ્યંજનો કાનોમાત્રા વગર લખવાની પ્રથા હતી, એવું ઉપર આપણે જોઈ ગયાં. તે પ્રથા પ્રમાણે જ્યારે ઈશ્વરનું નામ લખવાનું હોય, ત્યારે "ય-હ-વ-હ" એ પ્રમાણે લહિયો લખે. તો આ વ્યંજનોની સાથે ક્યા ક્યા સ્વરો જોડવા, એ સવાલ રહ્યો. પણ ઈશ્વરનું નામ એવું પવિત્ર છે, કે તેનું ઉચ્ચારણ કરાય નહિ, એમ હેબ્રીઓ માનતા હતા, તેથી "અડોનાઈ" (-પ્રભુ) શબ્દના સ્વરો લઈને તેઓ ય-હ-વ-હમાં દાખલ કરવા લાગ્યા, જેથી કરીને તે નામનું રૂપ "યહોવા" બન્યું. તેના મૂળસ્વરૂપ વિષે હજી સાક્ષરોમાં એક મત નથી, પણ તે "યાવેહ" હોય, એવો આજકાલના ઘણાખરાનો મત છે.

તો આ દર્શનદ્વારા શું નવું પ્રગટ કરવામાં આવ્યું? (૧) તે દ્વારા યહોવા પોતાને પોતાના લોકના દીનદયાળ રક્ષક દેવ તરીકે ઓળખાવે છે. "તેઓનો ખેદ હું જાણું છું; તેઓને છોડાવવા સારુ...હું ઊતર્યો છું" (૩;૭,૮). ઈબ્રાહીમનો દેવ ઉદ્ધારનાર દેવ છે. (૨) તે ઉપરાંત એક બીજી મહત્વની વાત આ દર્શનદ્વારા પ્રગટ થઈ. "હું જે છું તે છું" એવો "યહોવા" નામનો અર્થ અત્યાર સુધી કરવામાં આવતો હતો; પરંતુ તેને બદલે "હું જે થઈશ તે થઈશ," એવો અર્થ વધારે સ્વીકાર્ય બનવા પામ્યો છે, એટલે હવે પછી મારા લોકની જરૂરીયાત જેવી જણાશે, તેવા જ રૂપમાં હું પરાક્રમી, કૃપાવાન, પુષ્કળ રહેમી જણાઈશ. "જુઓ, હું જગતના અંત સુધી સર્વકાળ તમારી સાથે છું," તે વચનની આગાહી આ નામના અર્થમાં રહેલી છે. હવે પછીથી બનતા દરેક બનાવ વડે ઈશ્વર પોતાના લોકની સાથે વાત કરે છે, અને તે જે કહેવા માગે તેનો ભેદ લોકોને સમજાવનારા તો મહાન પ્રબોધકો છે (આમ.૩;૭). સંસારના ઈતિહાસનું ઓળિયું ઈશ્વરના હાથમાં છે (પ્રક. ૫;૧), તેને જેમ જેમ યહોવા ઉકેલતો જાય, તેમ તેમ ઈસ્ત્રાએલ ઈશ્વર વિષેનો તથા તેના તારણદાયક સંકલ્પ વિષેના જ્ઞાનમાં આગળ વધતો જાય, એવી તેની ઈચ્છા હતી. ખ્રિસ્તમય જીવન એ પણ જ્ઞાનમાં પ્રગતિ કરવાનું જીવન છે "મારી પાસેથી શીખો" એવું આપણા પ્રભુનું કહેવું છે. "આપણા પ્રભુ તથા તારનાર ઈસુ ખ્રિસ્તની દયામાં તથા

જ્ઞાનમાં વધતા જાઓ," એવી પ્રેરિત પીતરે આપણને શિખામણ આપેલી છે. આવા પ્રકારના દર્શનદ્વારા ઈશ્વર મહાન પ્રબોધકોને બોલાવીને તેઓને સોંપેલા કાર્યને સારુ સજ્જ કરતો હતો, જેમ કે યશાયા (૬; ૬-૯), યર્મિયા (૧; ૪-૧૯), હઝકિયેલ (૨; ૯-૩;૩), પાઉલ (પ્રે. ૯; ૧-૬). આ દર્શનથી મૂસા જાણે કે નવો જન્મ પામ્યો હોય, એવું તેનામાં મોટું પરિવર્તન થએલું જણાય છે. ચાળીસ વર્ષ અગાઉ પોતાના બાહુબળ પર ભરોસો રાખીને તેણે પોતાના લોકને જોરજુલમમાંથી છોડાવવાનું ધાર્યું હતું, પણ તેનું ધારેલું પાર પડ્યું નહિ. પણ જેમ આસન પર બિરાજમાન યહોવાનું દર્શન નિહાળીને યશાયા પોતાનું દોષિતપણું સમજી ગયો, તેમ આ પ્રંસગે યહોવાના પરાક્રમનું તથા તેની રહેમનું દર્શન થતાં મૂસાને પોતાની નિર્બળતા તથા નાલાયકીનો ખ્યાલ આવ્યો અને નમ્ર થઈને "મારું સામર્થ્ય" નિર્બળતામાં સંપૂર્ણ થાય છે" એ ઈશ્વરના વચનનો આશીર્વાદ તે પામ્યો (૨ કર. ૧૨;૯). જેમ પ્રભુ ઈસુ યરુશાલેમમાં થનાર વધસ્તંભનું શાપિત મરણ સહન કરવા માટે રૂપાંતરના પહાડ ઉપર નવા બળથી વેષ્ટિત થયો, તેમ મૂસા પણ હોરેબ પહાડ પર નવું બળ પામીને ઈશ્વરનાં સર્વ હથિયારથી સજ્જિત થઈને ઊતર્યો.

૪;૨૫. "રક્તનો વર." માર્ગમાં મૂસા મરણતોલ માંદો પડ્યો (૨૪), ત્યારે મારા દીકરા ગેરશોમની સુનત હજી કરાવવામાં આવી નથી, તેથી મારા ધણી પર આ ભારે સજારૂપ માંદગી આવી છે, એમ સમજીને સિપ્પોરાહે પોતાના હાથથી ગેરશોમની સુનત કરી, અને કાપેલી અગ્રત્વચા મૂસાને અડાડીને તે બોલી, કે "તું તો મારે સારુ રક્તનો વર છે." ("પાસે નાખવું" તેને બદલે "અડકાડવું" એવો અર્થ કરવો ઘટે છે). અથવા રાજમહેલમાં રહેવાને લીધે મૂસાની સુનત કરવામાં નહિ આવી હોય, તેથી મૂસાને બદલે સિપ્પોરાહે ગેરશોમની સુનત કરી હશે, એમ માનવું સંભવિત છે. "ચકમકનો પથ્થર" (૨૫)- જુઓ યહો. ૫;૨,૩.

૭; ૧૪-૧૧;૧૦. પ્રથમ નવ અનર્થો. એ અનર્થો સંબંધી નીચેની નોંધ ધ્યાનમાં રાખવા લાયક છે :-

(૧) એક તરફ જોતાં દસેય અનર્થ મિસરમાં ઋતુ પ્રમાણે જે જે બનાવો વર્ષોવર્ષ બને છે, તેમના જેવા કુદરતી કહી શકાય. પહાડો

પરનું હિમ પીગળી જવાથી જ્યારે નીલ નદીમાં રેલ આવે છે, ત્યારે તેનું પાણી લોહીના જેવો દેખાવ છે. જુઓ, માખીઓ, તીડો વગેરે તેમની મોસમે અવારનવાર આવી આજે પણ મિસરીઓને હેરાન કરે છે. (માન્ના તથા લાવરીઓની પણ એવી જ વાત છે).

(૨) પ્રથમ બે અનર્થોની નકલ મિસરના જાદુગરો પણ કરી શક્યા હતા.

(૩) એમ છતાં એ અનર્થો મિસરીઓને ચિહ્નરૂપ લાગ્યા, તેનું કારણ એ હતું કે જો કે એવી આપત્તિઓનો અનુભવ તેઓને અગાઉ વારંવાર થયો હતો, તોપણ આ સમયે આ અનર્થો યહોવાનાં હુકમ અનુસાર આવ્યા હતા, અને તેના હુકમ અનુસાર દૂર થયા હતા; જેથી જેમ જેમ એક પછી એક તે થતા ગયા, તેમ તેમ તેમની અસર મિસરીઓ પર વધુ ને વધુ થતી ગઈ, જેમકે (અ) ૮;૧૯ (જુઓ)-- "દેવની આંગળી આમાં છે," એવું જાદુગરો ફારૂનને કહેવા લાગ્યા. (આ) ૯;૨૦ (કરા)--ફારૂનના કેટલાક અમલદારો મૂસાનું ધમકીવચન ધ્યાનમાં લઈને સીમમાંથી પોતપોતાનાં ઢોરઢાંકર લઈ ગયા. ફારૂને પણ કરા જોઈને પોતાનું પાપ કબૂલ કર્યું (૯;૨૭). (ઇ) ૧૦;૭ (તીડો)-- દરબારી માણસોએ ફારૂને ઇસ્રાએલીઓને જવા દેવાની વિનંતી કરી. તીડો જોઈને ફારૂને ફરી વાર યહોવા તથા તેના લોકની વિરુદ્ધ કરેલા અપરાધો કબૂલ કર્યા (૧૦;૧૬). પણ તેનો પસ્તાવો કેવળ ક્ષણભરનો હતો. જ્યાં સુધી વિપત્તિનું જોર ચાલુ હોય, ત્યાં સુધી તેઓ ઇશ્વર આગળ નમતા રહે;પણ તે મટી જાય, કે તરત તેઓ તેનાથી વિમુખ થાય. માણસનો પશ્ચાતાપ પણ એવો છીછરો તથા ઊંડાણ રહિતનો હોય છે. ફારૂન એવું કરે, તેમાં કંઇ વિશેષ નવાઇ જેવું નથી. પણ જેઓના છૂટકારાને સારુ આ બધા ચમત્કારો કરવામાં આવ્યા. તેઓના વર્તન વિષે ગીતકર્તાએ જે કહ્યું છે, તે આપણે સાંભળીએ :-

"મિસરમાંના તારા ચમત્કારો અમારા પિતૃઓ સમજ્યા નહિ;

તેઓએ તારી અપાર કૃપા નહિ સંભારીને

સમુદ્ર પાસે, હા, સૂફ સમુદ્રની પાસે તને ચીડવ્યો" (ગી.૧૦૬;૭).

પણ કોઈ કદાચ એવો વાંધો ઊઠાવે કે ઈશ્વરે જ ફારૂનનું હૃદય હઠીલું કર્યું, એમ શાસ્ત્રમાં કહેલું નથી શું? (૪;૨૧). તેના જવાબમાં એમ કહી શકાય કે એમ બોલવાની હેબ્રીઓની રીત હતી. (૧) સર્વ બાબતોમાં કાર્ય કરાવનાર તો ઈશ્વર છે એવી તેઓની માન્યતા હતી. આપણી પોતાની ઇચ્છાથી આપણે આપણાં મનચક્ષુઓને બંધ કરીએ છીએ, તેથી પાપ તે આપણી પોતાની ઇચ્છાનું જ પાપ છે, છતાં યશ. ૬;૧૦ પ્રમાણે લોકનાં મન જડ તથા તેમના કાન ભારે કરવાનું અને તેમની આંખો મીંચાવવાનું યશાયાને ફરમાવનાર ઈશ્વર હતો. ઈશ્વર તો કદી કોઈની પાસે કંઈ પણ કામ પરાણે કરાવે નહિ, એ આપણે સારી પેઠે જાણીએ છીએ. "કોની સેવા તમે કરશો, તે આજે જ પસંદ કરો," એવું વયોવૃદ્ધ યહોશુઆનું કહેવું હતું (યહો.૨૪;૧૫). "હું બારણા આગળ ઊભો રહીને ખખડાવું છું. જો કોઈ મારી વાણી સાંભળીને બારણું ઊઘાડે, તો..," એવું ઉત્થાન પામેલા ખ્રિસ્તનું કહેવું છે. દેવની વાણી ફારૂને ઓળખી ખરી, પણ માની નહિ. સરખાવો હેરોદ (માર્ક ૬;૨૦), ફરોશીઓ (મા.૨૧;૨૭), ફેલિક્સ (પ્રે.કૃ.૨૪;૨૧).

૮;૨૬. "મિસરીઓને અમંગળ લાગે." મિસરીઓ ઘણાં જાનવરોને પવિત્ર માનતા હતા, તેથી મિસરમાં મિસરીઓના દેખતાં બળદ કે ઘેટાંનો વધ કરવામાં આવે તો તેઓને સ્વાભાવિક રીતે જ માઠું લાગે.

૧૨;૧-૧૩;૧૦. પાસ્ખાપર્વ અને બેખમીર રોટલીનું પર્વ.

(૧) આબીબ માસની પૂનમે પાસ્ખાપર્વ પાળવાનું હતું. આબીબનો અર્થ "કણસલાં" છે, તે ફાગણ માસને મળતો માસ છે. બાબેલોનમાં પ્રથમ માસનું જે નામ ચાલતું હતું, તે નામ, એટલે નિસાન, પછીથી દાખલ કરવામાં આવ્યું (નહે.૨;૧: એસ્ત.૩;૭). કાપણીની મોસમ પછી જેમ હિંદુ સાલની શરૂઆત થાય છે, તેમ પહેલવહેલાં હેબ્રીઓ પણ કાપણી પછી નવા વર્ષની શરૂઆત ગણતા હતા. (ખ્રિસ્તી મંડળીમાં સાલ ગણવાની બે જુદી જુદી પદ્ધતિ આજદિન સુધી ચાલે છે, એટલે સામાજીક સાલ જાન્યુઆરીથી ગણાય છે, પણ ધાર્મિક સાલ પ્રભુ ઈસુ ખ્રિસ્તના જન્મદિવસ અગાઉના ચોથા રવિવારથી (Advent) લેખાય છે).

(૨) પાસ્ખાપર્વ અને બેખમીર રોટલીનું પર્વ એકબીજાથી જુદાં હતાં (બેખમીર રોટલીના પર્વનો વિધિ ગણ. ૨૮;૧૭-૨૫માં વિગતવાર આપેલો છે). કંઈ પણ ખમીરવાળી વસ્તુ ખાવાની મનાઈ હતી (૧૫). ખમીર તો ભ્રષ્ટતાનું ચિહ્ન મનાતું હતું, તેથી બે યજ્ઞાર્પણ સિવાય (લે.૭;૧૩:૨૩;૧૭) બીજા કોઈ પણ યજ્ઞાર્પણમાં તે નાખવાની મના હતી (લે.૨;૧૧). નવા કરારમાં પણ એક જ દૃષ્ટાંત સિવાય (મા.૧૩;૩૩) બીજે સર્વ ઠેકાણે પાપ તથા તેના ફેલાવને ખમીરની ઉપમા આપેલી છે (મા.૧૬;૬,૧૧). બે વાર પાઉલ પ્રેરિતે તે જ દૃષ્ટાંતનો ઉપયોગ કર્યો છે (૧ કર.૫;૬ :ગલ. ૫;૯). પરંતુ જો કે ખમીર ભ્રષ્ટતાની ઉપમારૂપ છે ખરું, તોપણ મિસરમાંથી ઉતાવળથી નીકળવું પડ્યું, તે રાતે ખમીર નહિ વાપરવાનું કારણ એવું નહોતું (૧૨;૩૯). પાસ્ખાપર્વ પળાઈ ગયા પછીને પહેલે દિવસે બેખમીર રોટલીના પર્વનો આરંભ થતો. કોઈ વખત બેઉ તહેવાર એક જ નામથી ઓળખાય છે (માર્ક ૧૪;૧ : લૂક ૨૨;૧).

(૩) અધ્ય. ૧૨માં પાસ્ખાનાં બે જુદાં જુદાં વર્ણન સમાએલાં છે ખરાં, એટલે વાર્તારૂપ વર્ણન (૨૧-૨૭) અને વિધિરૂપ વર્ણન (૧-૨૦) તોપણ બંને વર્ણનનો અર્થ એક જ છે. ખ્રિસ્તી મંડળીમાં પાસ્ખાપર્વ માનનીય છે, કેમ કે તેને આધારે પ્રભુભોજનના સંસ્કારની સ્થાપના થઈ (મા.૨૬;૧૭). પાઉલ પ્રેરિતે પ્રભુ ઈસુને "આપણા પાસ્ખાયજ્ઞ" એ સંજ્ઞા આપેલી છે, વળી "છંટકાવના લોહીથી" (હે.૧૨;૨૪) આપણો બચાવ થયો છે, તેથી આપણું જીવન જિંદગી પર્યંત પાસ્ખાના આનંદોત્સવરૂપ હોવું જોઈએ એ વાત પર પાઉલ ભાર મૂકે છે (૧ કર. ૫;૭,૮). પ્રેરિત યોહાને પણ પ્રભુ ઈસુને "દેવનું હલવાન" એવી ઉપમા આપીને પાસ્ખાપર્વની સાથે આપણા તારનારના મરણનો નિકટનો સંબંધ પોતાના લેખોમાં જાહેર કર્યો છે (યોહા.૧;૨૯, ૩૬-પ્રક.૫;૬:૧૩;૮).

૧૨;૩૮ "મિશ્રીત લોકો." જુઓ ગણ. ૧૧;૪. પાસ્ખાપર્વમાં પરદેશીઓના હક વિષે આ પ્રકરણમાં જે નિયમ દાખલ કરેલો છે તે આ "મિશ્રિત લોકો"ને લીધે હતો. (ક.૪પને ક.૪૮માં જે પ્રવાસીઓની વાત કરેલી છે, તે બંને જુદા જુદા વર્ગના હતા. બંને વર્ગ તો પરદેશી

હતા ખરો, પણ પ્રથમ વર્ગ (૪૫) પ્રવાસી જ ગણાતો હતો, એટલે તેનો કોઈ પણ પ્રકારનો સામાજીક હક નહોતો, એમ કહીએ તો ચાલે. બીજો વર્ગ (૪૮) પણ જોકે પરદેશી હતો, તોપણ ઘણી બાબતોમાં ઇસ્ત્રાએલીઓના જેવો તેનો હક હતો, જેમ કે સાબ્બાથ દિવસે તેની પાસે કામ કરાવાય નહિ (૨૦;૧૦), અને ત્રણે વાર્ષિક તહેવારોમાં તેને ભાગ લેવાની છૂટ હતી (પુ.૧૬;૧૧). ગી.૩૯;૧૨માં બંને શબ્દ દૃષ્ટાંતરૂપે મળી આવે છે :-

"હું તારી સાથે પ્રવાસી તરીકે છું.

મારા સર્વ પિતૃઓની પેઠે હું પણ મુસાફર છું."

અંગ્રેજીમાં "Sojourner" (૪૫) અને "Stranger" (૪૮). લે.૨૫;૨૩માં આ બે શબ્દનો અર્થ બરાબર આપેલો છે).

૧૩;૧૧-૧૬. પ્રથમજનિતોનો લગતો વિધિ. (૧) મનુષ્યોના તેમ જ પશુઓના માત્ર નરો યહોવાને અર્પી દીધેલા ગણાતા. મૂલ્ય આપીને નર બાળકને છોડાવી શકાતો. જે પ્રથમજનિત જાનવરનું એવું અર્પણ કરાતું, તેનું માંસ અર્પણ દેનારે તથા તેના કુટુંબનાં માણસોએ ખાવાનું હતું (પુ.૧૫;૨૦). (પછીથી બહાર પાડેલા નિયમ પ્રમાણે તેવાં જાનવરોના માંસ પર યાજકનો હક રહેતો હતો (ગણ.૧૮;૧૭,૧૮). (૨) દયાળુ ઈશ્વરનો આભાર માનવા ખાતર આ નિયમ પાળવામાં આવતો હતો. મિસરમાંથી નીકળવાની રાત્રીએ વિનાશક દૂતે મિસરીઓને પ્રથમજનિતોનો નાશ કર્યો, પણ ઇસ્ત્રાએલીઓના પ્રથમ જનિતોને તેણે કંઈપણ ઈજા કરી નહિ તે કારણને લીધે પ્રથમજનિતોનું અર્પણ ઉપકારાર્થે કરવાનો નિયમ સ્થાપવામાં આવ્યો (૧૫). "ઇસ્ત્રાએલ મારો પુત્ર, મારો જ્યેષ્ઠ પુત્ર છે, તેને તેં જવા દેવાનો ઇન્કાર કર્યો છે; તો, જો, હું તારા જ્યેષ્ઠ પુત્રને મારી નાખીશ," એવું યહોવાના ફરમાનથી મૂસાએ અગાઉથી ફારૂનને કહી સંભળાવ્યું હતું (૪;૨૨).

ગણ. ૩; ૪૦-૫૧ પ્રમાણે હારૂનનાં વંશના યાજકોની સેવાચાકરી કરવા સારુ પ્રથમ જન્મેલાને બદલે લેવીઓને ચૂંટી કાઢવામાં આવ્યા હતા. યહોવાની સેવાને અર્થે પુત્રને અર્પી દેવો એ પ્રશંસનીય છે (૧ શમૂ. ૧;૨૮.).

૧૩; ૧૭-૨૨. "અરણ્યમાંનો માર્ગ." ઈશ્વરે નિયમ કરેલો લાંબો માર્ગ હમેશાં આપણે સારુ ટૂંકો જ તથા લાભદાયી નિવડે છે (યશ. ૫૫;૮). વચનના દેશમાં પહોંચવાનો રસ્તો લાંબો હોવાને લીધે ઈસ્ત્રાએલીઓનો આત્મા કંટાળી ગયો હતો (ગણ.૨૧;૪), તોપણ ચાળીસ વર્ષ જેટલા લાંબા સમયનો માર્ગ કાપતાં કાપતાં તેઓ આત્મિક તેમ જ શારીરિક તાલંતો પામતા ગયા જેથી આખરે તેઓ કનાન દેશ પર ચઢાઈ કરવા હિમ્મતવાન બની ગયા (પુ. ૮;૨,૩).

મેઘ તથા અગ્નિસ્તંભ ઈશ્વરની સમક્ષતા સૂચવતા હતા. મેઘસ્તંભરૂપે તે ઈસ્ત્રાએલીઓની આગળ આગળ ચાલીને તેમને માર્ગ દેખાડતો હતો (૧૪;૧૯). જ્યારે જ્યારે મૂસા છાવણી બહાર તાણેલાં તંબુમાં પ્રાર્થના કરવા જતો, ત્યારે ત્યારે જ્યાં સુધી મૂસા યહોવાની સાથે વાત કરતો, ત્યાં સુધી મેઘસ્તંભ ઊતરીને તંબુના બારણા આગળ થોભતો (૩૩;૯). વળી જ્યાં સુધી છાવણી કોઈ પણ સ્થળે અમુક દિવસ કાયમ રહે, ત્યાં સુધી મંડપ પર આચ્છાદન કરીને તે તેનું તથા તેની આસપાસ રહેનાર લોકનું રક્ષણ કરતો (ગણ.૯;૨૨). ખરેખર, દોરવણી તથા રક્ષણ કરનાર આ સ્તંભ પવિત્ર આત્માનું એક મનોરંજક દૃષ્ટાંત છે.

૧૪; ૧-૧૫;૨૧. સૂફ સમુદ્ર ઓળંગવો. (૧) અંગ્રેજીમાં જે "લાલ સમુદ્ર" કહેવાય છે, તેનું ખરું નામ "સૂફ સમુદ્ર" છે (૧૦;૧૯:૧૩;૧૮: ૧૫;૪,૨૨ વગેરે). (ગી.૧૦૬;૭,૯માં તથા ગી.૧૩૬; ૧૩,૧૫માં ગુજરાતીમાં તેને "લાલ" સમુદ્ર કહેલો છે. સૂફ તો હેબ્રી ભાષાનો શબ્દ છે, જેનો અર્થ "બરુ" થાય છે. તો તે સૂફ સમુદ્ર ક્યાં હતો? (૨) સુએઝ નામનો જે અખાત છે, તેનું પાણી આજે સુએઝની નહેરની અધવચ્ચે જ્યાં "ખારાં" નામનાં બે સરોવર આવે છે, ત્યાં સુધી પ્રાચીન કાળમાં પ્રસરેલું હતું. તેનું પાણી છીછરું હતું, વળી તેમાં બરુ ઊગી નીકળે એવું, તેમ જ ઊંડાણ નહિ હોવાથી પવનથી આમતેમ ખસી જાય એવું હતું. જેવી રીતે કુદરતી સાધનોનો ઉપયોગ કરીને ઈશ્વર મિસર દેશ પર આપત્તિ લાવ્યો હતો, તેવી જ રીતે સમુદ્ર આગળ તેણે ચાહ્યું ત્યારે પૂર્વ તરફના વાયુદ્વારા તેણે પાણી એક બાજુએ ખસેડ્યું (૧૪;૨૧ : ૧૫;૮,૧૦), અને ચાહ્યું ત્યારે તે સમુદ્રનું પાણી અસલ સ્થિતિમાં આણી દીધું. તે રાતે મિસરીઓની

છાવણીમાં ઉલ્લાસ (૫), પણ ઇસ્ત્રાએલી લોકની છાવણીમાં ગભરાટ હતો (૧૧,૧૨). આવી પડેલા સંકટમાં મૂસાનો વિશ્વાસ ડગવાને બદલે ઉલટો વધારે દીપી નીકળે છે (૧૩,૧૪).

આ બનાવને પરિણામે ઇસ્ત્રાએલપુત્રો યહોવા પ્રત્યે વધારે પૂજ્યભાવથી વર્તવા લાગ્યા. "યહોવા પર તથા તેના સેવક મૂસા પર તેઓનો વિશ્વાસ બેઠો" (૩૧).

(૧૪;૨૫. "તેણે...પૈડાં કાઢી નાખ્યાં." LXX પ્રમાણે "તેણે તેમના રથોનાં પૈડાં અટકાવ્યાં," એટલે કાદવમાં તે ચીટકી ગયાં).

૧૫; ૨૨-૨૬. "મારાહ" -કડવાશ. "મને નાઓમી ન કહો, મને તો મારાહ કહો" (રૂથ ૧;૨૦). ઇશ્વરના કહેવાથી મૂસાએ કડવા પાણીમાં એક વૃક્ષ નાખ્યું, જેથી તરત તે પાણી મીઠું બની ગયું. બીજા એક ઝાડના ગુણથી સંસારનું કડવું તથા ઝેરી પાણી આરોગ્યકારક બની જાય છે, એટલે જે "ઝાડ" પર ચઢીને (૧ પી. ૨;૨૪) ઇસુ ખ્રિસ્ત પોતે પોતાના શરીરમાં આપણાં પાપ માથે લીધાં, તે.

૧૬; ૧-૩૬. માન્ના અને લાવરીઓ. (૧) માન્ના - હેબ્રી ભાષામાં "માન હૂ," એટલે "એ શું છે." (૨) ફરીથી એક કુદરતી સાધનની મારફતે ઇશ્વરે એક મોટો ચમત્કાર કર્યો. સિનાયના પ્રદેશમાં કેટલીએક જાતનાં ઝાડ ઊગે છે, જેની છાલમાંથી મધ જેવો મીઠો રસ ઝર્યા કરે છે. સવારના ઠંડા પહોરમાં તે ગુંદર જેવો ચીકણો હોય છે, પણ બપોરના તાપમાં ઓગળી જવાથી તે જમીન પર પડીને શોષાઇ જાય છે. અરણ્યવાસી આરબો તેને સવારે વીણી લે છે, પછી તેને ઊકાળીને તથા ગાળીને તેઓ ચામડીની કોથળીમાં ભરી રાખે છે, અને બેખમીર રોટલી પર તે ચોપડીને ખાય છે. તેઓ તેને "સ્વર્ગીય માન્ના" કહે છે. (૩) તો એવા બનાવમાં શું ચમત્કારિક જેવું હતું? જેમ વગડામાં પ્રભુ ઇસુએ પાંચ જ રોટલીથી પાંચ હજારને જમાડ્યા, તેમ સીનની અરણ્યમાં યહોવાએ ઇસ્ત્રાએલીઓના મોટા સમુદાયનું પોષણ કર્યું. દરેક માણસ પોતપોતાની જરૂરીયાત પ્રમાણે તૃપ્ત થયું હતું (૧૮) સાબ્બાથના આગલા દિવસે દરેકને રોજ કરતાં બમણું મળતું (૨૩). તે ઇશ્વરે આપેલું દાન હતું. "સ્વર્ગીય ભોજન," "દેવદૂતોની રોટલી," "આકાશમાંની રોટલી," એવા એવાં નામ ગીતકર્તાઓએ તેને આપ્યાં

હતાં (૭૮;૨૪, ૨૫:૧૦૫;૪૦). આપણ ખ્રિસ્તઓને માટે માન્ના ઈશ્વરના પ્રેમનું દૃષ્ટાંત છે. તે આવનાર મસીહની એંધાણી હતું: "જે જીવતી રોટલી આકાશમાંથી ઊતરી છે, તે હું છું; વળી જે રોટલી હું આપીશ, તે મારું માંસ છે, તે જગતના જીવનને સારુ હું આપીશ" (યો. ૬;૫૧), એવું જેણે કહ્યું છે, તેનામાં જ તે દૃષ્ટાંતનો અર્થ પણ સંપૂર્ણ થયો છે. મસીહ આવશે, ત્યારે ફરીથી માન્ના વરસાવવામાં આવશે, અને માણસો સ્વર્ગીય રોટલી ખાઈને જીવશે, એવી યહૂદીઓની માન્યતા હતી. "જે જીતે છે, તેને હું ગુપ્ત રાખેલા માન્નામાંથી આપીશ," એવું ઉત્થાન પામેલા ખ્રિસ્તે આપણને વચન આપ્યું છે (પ્રક. ૨;૧૭). માન્નાની વાર્તા ઘણા બોધથી ભરપૂર છે. "લાવરીઓ." ગણ. ૧૧;૪ની નોંધ જુઓ.

૧૭; ૧-૭. "માસ્સાહ"-પારખી જોવું. "મરીબાહ"-તકરાર, ઝગડો, બંને શબ્દ ક. રમાં મળી આવે છે, એટલે યહોવાની "પરીક્ષા" કરવી અને મૂસાની સાથે "તકરાર" કરવી. ઘણાં વર્ષ પછી જ્યાં બીજી વાર ચમત્કારિક રીતે પાણી આપવામાં આવ્યું, તેનું નામ પણ મરીબાહ હતું (ગણ.૨૦;૧૩), પરંતુ તે સ્થળનું બીજું નામ "મરીબાહ-કાદેશ" હતું (ગણ.૨૭;૧૪). આ બે જુદા જુદા પ્રસંગની વાર્તાઓ અનેક રીતે સરખી છે, પરંતુ સમાનતાના જેટલી જ અસમાનતા પણ છે. (પાંચ હજારને અને પછીથી ચાર હજારને પ્રભુ ઈસુએ જમાડ્યા, તે બે ચમત્કારોનાં વર્ણન સરખાવો.

૧૭; ૮-૧૬. અમાલેકીઓનો પરાજય. પ્રાર્થનામાં રહેલા પરાક્રમનો આ એક દાખલો છે (યા.૫;૧૬). દરેક ખ્રિસ્તીના હાથમાં એજ હથિયાર હોવું જોઈએ (એફે. ૬;૧૮). ઈસ્ત્રાએલી લોકો અમાલેકીઓની દુશ્મનાવટ કદી ભૂલી ગયા નહિ (પુ. ૨૫;૧૭-૧૯:૧ શમૂ. ૧૫;૨,૩).

૧૮; ૧-૨૭. યિથ્રોએ લીધેલી મૂસાની મુલાકાત. આ પ્રકરણમાં વર્ણવેલી વાતો મહત્ત્વની છે. બનાવનું વર્ણન ઘણું સાદું તથા રસિક છે. યિથ્રોની સલાહથી ઈસ્ત્રાએલની સામાજીક વ્યવસ્થામાં જે સુધારો કરવામાં આવ્યો તે, તેમ જ કેવી રીતે નિયમશાસ્ત્રમાં વધારો થતો ગયો, તે બંને જરૂરની વાતો તેમાં સમાએલી છે. વળી પુરાતન કાળની

કેટલીએક ધર્મક્રિયાઓનો હેવાલ પણ તેમાં મળી આવે છે. દા.ત. (૧) "દેવની હજૂરમાં (-વેદી આગળ) રોટલી ખાવી." યહોવાની આરાધના કરનાર તથા તેના સાથીઓ પવિત્ર ભોજન કરે, તે યજ્ઞક્રિયાનો એક અગત્યનો ભાગ હતો (ઉત. ૩૧;૫૪. જુઓ લે. ૭;૧૫). (૨) "દેવની સલાહ લેવી" (૧૫). એસાવ તથા યાકૂબનો જન્મ થયો, તે પહેલાં રિબ્હાક "યહોવાની સલાહ લેવા ગઇ," એમ કહેલું છે (ઉત.૨૫;૨૨.જુઓ ૧ શમૂ. ૯;૯). મુશ્કેલીને પ્રસંગે રિબકાહ પ્રાર્થના કરવા ગઇ હશે. પણ જો તકરારનો પ્રસંગ હોય, તો બંને પક્ષ ઈશ્વરની સલાહ લેવા જતા, એટલે મંદિરના પૂજારીને ઈશ્વરના એલચી સમાન સમજીને બન્ને પક્ષ ગામના મંદિરે જઈને તેની પાસે દાદ માંગતા. (ઉરીમ તથા તુમ્મીમની નોંધ જુઓ (૨૮;૩૦). મૂસા જે જે ફેંસલા કરતો તે "દેવનો તોરાહ" કહેવાતા (૧૫). યિથ્રોએ આપેલી સલાહ અનુસાર મૂસા મદદનીશ ન્યાયાધીશો નીમીને તેમને વજનદાર મુકદ્દમા સોંપતો (૨૬).

૩. સિનાય આગળ. અધ્યાય ૧૯-૪૦.

ઇસ્ત્રાએલીઓના ઇતિહાસમાં સિનાય પહાડ એક ત્રીજા માર્ગસ્તંભ સમાન છે. યહોવાએ તેઓના આદિપિતા ઇબ્રાહીમને તેડ્યો હતો, તેના વંશજોને યહોવાએ મિસરમાંથી છોડાવ્યા હતા. સિનાય આગળ તેણે તેઓને છોડાવવાનો ભેદ વ્યક્ત કર્યો, એટલે કે તે તેઓનો દેવ થાય અને તેઓ તેના લોક છે તેઓનો સમાજ ઈશ્વરશાસિત છે યહોવા તેઓનો દેવ છે, તેથી તેની ઇચ્છા તેઓને સારુ નિયમરૂપ છે. બાઇબલમાં અનેક પ્રખ્યાત પહાડોની વાત આવે છે. એવા પહાડોમાંનો એક સિનાય છે. તેની વિશેષતાના ત્રણ કારણ છેઃ (૧) તે પ્રકટીકરણનો પહાડ છે. તેના શિખર પર ઈશ્વરે પોતાને વધારે સ્પષ્ટ રીતે મૂસાને ઓળખાવ્યો (૩૪;૬,૭). (૨) તેની આગળ ઇસ્ત્રાએલીઓ એક દીક્ષિત પ્રજા બની ગયા (૧૯;૫,૬). (૩) આ પહાડ આગળ ધર્મ સાથેનો નીતિનો અખંડ સંબંધ પહેલવહેલાં જાહેર કરવામાં આવ્યો (૨૦; ૧-૧૭). એમ છતાં તે કરતાં પણ વધારે પ્રખ્યાત તથા પવિત્ર બીજો એક પહાડ છે, તે તો સિયોન પહાડ, એટલે સ્વર્ગીય યરુશાલેમ છે, જ્યાં બળતી આગ તથા ગર્જનાના ધડાકાથી નહિ, પણ જેનું રક્ત હાબેલના

કરતાં સારું બોલે છે, તેના દ્વારા, એટલે નવા કરારના મધ્યસ્થ ઈસુદ્વારા, ઈશ્વર પોતાની ઇચ્છા માણસોને કહી જણાવે છે (હે.૧૨;૨૩,૨૪).

૧૯; ૧-૨૫. નિયમના પ્રકટીકરણને સારુ કરેલી તૈયારી. પોતાની સાથે ઇસ્ત્રાએલનો કેવો નિકટનો તથા પ્રેમભર્યો સંબંધ છે, તે ઈશ્વરે મૂસાને જણાવીને તેની સાથે એક કરાર કરવાનું કહ્યું. કરારની શરતો પણ ઈશ્વરે મૂસાને જણાવી, એટલે (૧) મિસરમાંથી કરાએલો ઇસ્ત્રાએલીઓનો છૂટકારો (ક.૪), (૨) તેઓનું આજ્ઞાંકિતપણું (ક.૫), (૩) તેઓના પર ઈશ્વરનો વિશેષ પ્રેમ (ક.૫) અને (૪) ઇસ્ત્રાએલીઓનો વિશેષ હક તેમ જ તેમને સોંપેલી વિશેષ ફરજો. (ક.૬). આ બધી શરતો લોકે માન્ય કરી, તેથી થોડા સમય પછી ગંભીર ક્રિયાઓથી કરાર કરવામાં આવ્યો (૨૪; ૧-૧૧).

૨૦; ૧-૧૭. દસ હુકમ. આ હુકમો આપણને એટલા બધા જાણીતા છે, કે તેમની પ્રભુતા આપણાથી ઘણી વાર ભૂલી જવાય છે. તે સદાચારી જીવનના સારામાં સારા ભોમિયારૂપ છે. તે સાર્વત્રિક છે. ખ્રિસ્તી ઉપદેશક સુવાર્તા પ્રગટ કરવા લાગે, ત્યારે ખ્રિસ્તી શ્રોતાજનો સુવાર્તા પ્રત્યે વખતે આડા કાન કરે તો કરે, પણ દસ હુકમનો અનાદર કોઇ કરે એવો સંભવ નથી. તેમનો ખુલાસો પ્રભુ ઈસુએ પોતે કરેલો છે (માથ્થી. ૫;૨૧-૩૨). સતધર્મનો મૂળ પાયો તેમાં રહેલો છે, કેમ કે (૧) જેનું ઐશ્વર્ય આત્મારૂપ તથા વ્યક્તિરૂપ છે, એવો ઈશ્વર આ દસ હુકમોમાં પ્રગટ કરાએલો છે. (૨) તેમાં નીતિ તથા ધર્મનો સંબંધ દર્શાવેલો છે. છેલ્લા છ હુકમોમાં જે નૈતિક જીવન ગાળવાનું ફરમાવેલું છે, તેનું મૂળ પ્રથમ ચાર હુકમોમાં રહેલું છે. "પોતાના ભાઇ પર જે કોઇ પ્રેમ રાખતો નથી, તે દેવ પર પ્રેમ રાખી શકતો નથી" (૧ યો.૪;૨૦). "તમારે અદ્દલ ત્રાજવાં રાખવાં; તમને મિસર દેશમાંથી કાઢી લાવનાર હું યહોવા તમારો દેવ છું" (લે. ૧૯;૩૬). (૩) આ દસ હુકમ માણસના આખા જીવનને લાગુ પડે એવા છે. તે કૌટુંબિક જીવનથી માંડીને સમસ્ત સમાજના તમામ વ્યાવહારિક જીવનને સારુ દોરવણીરૂપ છે. આપણે હમેશાં કર્મકાંડ પર ભરોસો રાખવાના જોખમમાં હોઇએ છીએ; પણ ઇસ્ત્રાએલની પ્રભુતા એ છે, કે જ્યારથી

તે પ્રજાનો જન્મ થયો, ત્યારથી જ તેના ધર્મશિક્ષણમાં આંતરિક ભાવ તથા સત્યતા પર તેમ જ પરોપકારિતા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

(પુન. ૫; ૭-૨૧માં દસ હુકમની એક બીજી ટીપ સમાએલી છે, તેમાં સાબ્બાથ દિવસ પવિત્ર પાળવાનું જે જુદું કારણ આપેલું છે, તે ધ્યાન આપવા લાયક છે).

૨૦; ૧૮-૨૧. આ કલમો "કરારના પુસ્તક" ની પ્રસ્તાવનારૂપ છે.

૨૦; ૨૨-૨૩; ૩૩. "કરારનું પુસ્તક." (૧) જૂના કરારમાંના સહુથી જૂના ભાગમાંનો આ એક ભાગ છે. તેમાં સમાએલા નિયમો પુરાતન કાળના છે, જે ખેતીવાડી કરનારાને લાગુ પડે છે. દા.ત. વેદી માટીની, અથવા અણઘડ પથ્થરોની બનાવવી (૨૦;૨૪,૨૫). આશ્રયસ્થાન તો ગામના મંદિરની વેદી (૨૧;૧૪). જમીન તથા ઢોર એજ માત્ર ખેડૂતનું ધન હતું. જો કોઈ ગુનો કરે, તો તેને માટે ગુનાનો જે પ્રકાર, એ જ પ્રકારની સજા ઠરાવેલી હતી, એટલે વેરનો બદલો લેવો (દા.ત.૨૧;૨૩--"આંખને બદલે આંખ") અને નુકસાની ભરી આપવી (૨૨; ૫-૧૭).

(૨) આ પ્રકરણમાં "યહોવાની વાતો" તથા "તેના કાનૂનો" સમાએલાં છે (૨૪;૩). કાનૂનો (૨૧;૧) તો અગાઉ જાહેર કરેલાં ફેંસલા હતા, તે ભવિષ્યના મુકદ્દમાને સારુ માર્ગદર્શક હતા. તેના સંગ્રહમાં મૂસાએ કરેલા ફેંસલા તેનો મુખ્ય ભાગ હોય જ. આવી રીતે નિયમશાસ્ત્ર રફતે રફતે રચવામાં આવ્યું હશે.

(૩) કરારના પુસ્તકમાં સમાએલા નિયમો બે પ્રકારના છે, એટલે આધ્યાત્મિક તથા સામાજીક, પરંતુ તે વિષયાનુસાર ગોઠવેલા નથી. (અ) ભજનસેવા સંબંધીના મુખ્ય વિધિઓ નીચે પ્રમાણે છેઃ અન્ય દેવો સંબંધી (૨૦;૨૩:૨૨;૨૦), વેદી બાંધવા સંબંધી (૨૦;૨૪,૨૫), ઈશ્વરનિંદા સંબંધી (૨૨;૧૮), પ્રથમજનિત તથા પ્રથમફળ સંબંધી (૨૨;૨૯,૩૦), અને ત્રણ વાર્ષિક તહેવાર સંબંધી (૨૩;૧૪-૧૭). (હેબ્રી ભાષામાં પર્વસૂચક શબ્દ "હજ" છે, એટલે યાત્રાએ જવું (૧૦;૯). સરઘસરૂપે ગામના મંદિરે જવું, એ પણ હજ કરવી કહેવાય. હજ કરનારા માર્ગે જતાં જતાં (૨ શમૂ.૬;૧૪) અથવા દહેરા આગળ

નૃત્ય કરતા (૩૨;૫,૬). આવા પ્રકારની મૂર્તિપૂજા ઘણીવાર આપણા જોવામાં આવે છે. (આ) ધર્મક્રિયા સંબંધીના નિયમો થોડા ને સાદા છે. (૧) અશુદ્ધતા એક જ જાતની ગણાતી હતી, એટલે વનમાં જાનવરે ફાડી નાખેલું માંસ ખાવું તે (૨૨;૩૧), અને (૨) કેવળ બે પ્રકારનાં યજ્ઞાર્પણ કરવાનું ફરમાવેલું છે, એટલે દહનીયાર્પણ અને શાંત્યર્પણ (૨૦;૨૪).

એ સર્વમાં એક નિયમ આપણને નિર્દય લાગે એવો છે, એટલે "જાદુગરેણને તું જીવતી રહેવા ન દે" (૨૨;૧૮). તોપણ ખ્રિસ્તી મંડળીમાં પણ એ નિયમ ઘણાં સૈકાં સુધી ક્રૂર રીતે પાળવામાં આવતો હતો.

એકંદરે કરારનાં પુસ્તકમાં સમાએલા નિયમો ઉચ્ચ પ્રકારના છે, તે દ્વારા ઇસ્ત્રાાએલીઓ ઇન્સાફ કરવામાં, દયાભાવ દર્શાવવામાં તથા યહોવાનો ભય રાખવામાં કેળવાતા ગયા (મી.૬;૮)

(૨૨;૨૦. "સંહાર કરવો." આવો હુકમ પહેલવહેલો અહીં જ આવેલો છે, તેનો ખુલાસો લે.૨૭;૨૮ની નોંધમાં આપેલો છે).

૨૪; ૧-૧૧. કરાર કરવાની ક્રિયાઓ. આ કરારથી ઇસ્ત્રાએલ યહોવાહની સેવા કરવા અલગ કરાએલો છે, અને યહોવા તેનો દેવ થવા જાણે કે બંધાએલો છે. આ સંબંધ નક્કી કરવાની જુદી જુદી ક્રિયાઓનો આપણે વિચાર કરીએ. (૧) લોકે યહોવાની આજ્ઞાઓ પાળવાનું વચન આપ્યું (ક.૩). (૨) યહોવાની સર્વ વાતો કરારના પુસ્તકમાં નોંધવામાં આવી (ક.૪). કરારના સાક્ષીઓ થવા સારુ વેદી (યહોવાહને નામે) તથા બાર સ્તંભ (ઇસ્ત્રાએલનાં બાર કુળોને નામે) ઊભાં કરવામાં આવ્યાં (ક.૪). આખરે અર્પિત બળદોનો રક્તનો અર્ધ ભાગ મૂસાએ વેદી (યહોવાનું ચિહ્ન) પર, અને બાકીનો અર્ધ ભાગ યહોવાની આજ્ઞાઓ પાળવાનું બીજી વાર વચન આપનાર લોક પર છાંટ્યો (ક.૬,૮). યજ્ઞના લોહીથી યહોવા તથા લોક વચ્ચેનો સંબંધ વિધિસર જોડાયો.

ખરેખર આ પ્રકરણમાં સમાએલી વાત થનાર સારી વસ્તુની પ્રતિછાયા છે (હે.૧૦;૧). આપણી સાથે જે નવો કરાર કરવામાં

આવ્યો છે, તે પણ રક્તથી સ્થાપિત કરવામાં આવ્યો હતો (૧ કરિં. ૧૧;૨૫). પ્રભુ ઈસુના લોહીથી આપણને ન્યાયી ઠરાવવામાં આવ્યા છે, એટલે દેવપુત્રના મરણદ્વારા દેવની સાથે આપણો મિલાપ થયો છે (રૂમી.૫;૯, ૧૦). હવે દેવ આપણા પક્ષનો તો આપણી સામો કોણ?

અધ્ય. ૨૫-૩૧. "મંડપનો નમૂનો"

૧. મંડપનાં જુદાં જુદાં નામઃ (૧) પવિત્રાસ્થાન (૨૫;૮:૩૬;૪).

આ નામ લેવીય તથા ગણનાના પુસ્તકમાં ઘણી વાર મળી આવે છે. (દા.ત. ગણનાના ૭મા અધ્યાયમાં ૧૭ વાર). અહીં તે આખો મંડપ સૂચવે છે. પણ ઘણી વાર મંડપ માંહેના ભાગમાં જે "મકાન" યહોવાનું રહેઠાણ-કહેવાય છે. (નીતેનો ત્રીજો ફકરો જુઓ), તે પણ તેજ નામથી સૂચવાએલું છે. દા.ત. ૨૬;૩૩ : ગણ.૩;૩૧,વગેરે.

(૨) તંબુ. આ નામના બે અર્થ થાય છે : (અ) આખો મંડપ (૨૬;૯:૩૧;૭, વગેરે), અને (આ) પવિત્રાસ્થાન પર નાખેલા ભરતકામના સુંદર પડદાના રક્ષણાર્થે બકરાના વાળનો જે બીજો પડદો બનાવવામાં આવ્યો હતો, તે (૨૬;૭,૧૩).

(૩) મંડપ. (અ) મૂળ શબ્દ તો મિશકાન (-મકાન) છે, એટલે રહેવાનું ઠેકાણું. તેથી ખરું જોતાં "મંડપ" નામ પરમપવિત્રસ્થાન સૂચવે છે, કેમ કે તે યહોવાનું રહેઠાણ હતું. દા.ત.અધ્ય. ૨૬માં જે મંડપનું વર્ણન કરેલું છે, તે મુલાકાતમંડપની માંહે જે પવિત્રાસ્થાન હતું, તે જ છે. (ક.૬માં "આખો મંડપ," તે પણ માંહેનું "મકાન" સમજવું). (આ) પરંતુ તે ને તેજ શબ્દ ઘણી વાર આખો મુલાકાતમંડપ પણ સૂચવે છે, જેમ કે ૨૭;૯:૪૦;૧૭, વગેરે.

(૪) સાક્ષ્યમંડપ. કરારકોશમાં દસ હુકમની જે બે પાટી રાખવામાં આવતી હતી (૪૦;૨૦), તે પરથી આ નામ પડયું હશે (૩૮;૨૧).

(૫) મુલાકાતમંડપ (૨૭;૨૧). તેમાં યહોવા મૂસાને મળીને તેની સાથે વાત કરતો હતો (૨૫;૨૨), તેથી આ નામ પાડવામાં આવ્યું. સહુથી સાધારણ નામ આ છે.

"તેઓ મારે સારુ પવિત્રસ્થાન બનાવે, કે હું તેઓ મધ્યે રહું," એ વચનમાં મંડપ બંધાવવાનો ઈશ્વરનો ઇરાદો જાહેર કરેલો છે (૨૫;૮). જેમ જેમ આપણે આગળ ને આગળ વાંચતાં જઈશું, તેમ તેમ આપણને માલૂમ પડતું જશે, કે મુલાકાતમંડપદ્વારા બે મહત્વની વાત લોકની આગળ નિત્ય પ્રગટ કરવામાં આવતી હતી, એટલે (અ) ઈશ્વરની સમક્ષતા, અને (આ) તેની પવિત્રતા.

૨. તે બનાવવા સંબંધી નીચેની ક્રમ વાર સૂચનાઓ આપવામાં આવી :-(૧) મંડપનો સરસમાન (ક.૨૫). (૨) પડદા તથા પાટિયાં (ક.૨૬). (૩) વેદી, મંડપનું આંગણું, અને બત્તીઓને સારુ તેલ (ક.૨૭). (૪) હારૂન તથા તેના દીકરાઓને સારૂ પવિત્ર વસ્ત્રો (ક.૨૮). (૫) યાજકોની દીક્ષાક્રિયા (ક.૨૯). (૬) ધૂપવેદી, ખંડણીનાં નાણાં, પિત્તળનાં હોજ, અભિષેકનું તેલ, અને ધૂપ (ક.૩૦). (૭)બે મિસ્ત્રીઓ નીમવા (૩૧; ૧-૧૧). (૮) સાબ્બાથ દિવસ પવિત્ર પાળવા સંબંધીની સૂચના. સરસમાન બનાવવાની વાર્તાની પ્રસ્તાવનામાં આ હુકમ ફરી વાર આપેલો છે (૩૫; ૧-૬). તેની એવી મતલબ છે, કે જો કે મંડપ બાંધવાનું કામ પવિત્ર હતું, તોપણ તે સારુ સાબ્બાથ દિવસ પવિત્ર પાળવાનો નિયમ તોડાય નહિ.

૩. કોશ (૨૫;૧૦). મંડપની પેઠે કોશનાં પણ જુદાં જુદાં નામ હતાં, જેવાં કે સાક્ષ્યકોશ (૨૫;૧૬,૨૨), કરારકોશ (ગણ. ૧૦;૩૩), યહોવાનો કોશ (ન્યા. ૩;૧૩), અને દેવનો કોશ (૧ શમ. ૩;૩ અને ઘણી વાર).

કોશ ઈશ્વરના સાન્નિધ્યનું ચિહ્ન ગણાતું. જ્યાં કોશ છે, ત્યાં દેવ પણ છે (ગણ. ૧૦;૩૫. જુઓ ૧ શમૂ. ૪;૩-૮) એવું મનાતું. સૈન્ય યુદ્ધ કરવા નીકળે, ત્યારે તે કોશ સાથે લઈને જાય (૨ શમૂ. ૧૧;૧૧). તેથી જ્યાં કોશ નથી, ત્યાં ઈશ્વર પણ નથી, એવું પણ મનાતું (ગણ. ૧૪;૪૨,૪૪).

તેમાં દસ હુકમની બે સાક્ષ્યપાટી રાખી મૂકવામાં આવતી હતી (૪૦;૨૦. Pના હસ્તલેખ પ્રમાણે સાક્ષ્ય=દસ હુકમ). વળી તેમાં માન્ના ભરેલું વાસણ (૧૬;૩૩) અને હારૂનની લાકડી (ગણ. ૧૭;૧૦) પણ રાખી મૂકવામાં આવતાં હતાં. હેબ્રી ધર્મનું વિશેષ લક્ષણ એ છે, કે

તેના કેન્દ્રસ્થાને મૂર્તિ તો નહિ, પણ બે સાક્ષ્યપાટી મૂકેલી હતી. તેનો પાયો નૈતિક ધારાધોરણો પર નાખેલો હતો. તે કારણને લઈને, જો કે કળાકૌશલ્યની બાબતમાં યહૂદીઓ બીજી કેટલીએક પ્રજાઓ કરતાં પછાત ગણાય છે ખરા, તોપણ દુનિયાને ઊંચામાં ઊંચું ધર્મશિક્ષણ આપનારા તેઓ જ હતા. આખરે તેઓમાંથી જ જગદ્‌ગુરુ પ્રભુ ઈસુ જન્મેલા.

કોશનો પાછલો ઇતિહાસ. યરદન નદી ઓળંગતી વખતે તેમજ યરેખો શહેરની પ્રદક્ષિણા કરતી વેળા તે ઊંચકી લેવામાં આવ્યો (યહો. ૩;૩ : ૬;૬). યહોશુઆએ શીલોહમાં મુલાકાતમંડપ ઊભો કર્યો, તેમાં તે રાખી મૂકવામાં આવ્યો (યહો. ૧૮;૧:૧ શમૂ. ૩;૩). તે પલિસ્તીઓના હાથમાં આવી ગયો (૧ શમૂ. ૪;૧૧), તે જ્યારે તેઓએ પાંછો મોકલાવ્યો, ત્યારે લાંબા વખત સુધી તે કિર્યાથ-યઆરીમ ગામના અબીનાદાબના ઘરમાં રહ્યો (૧ શમૂ. ૭;૧,૨). ત્યાંથી લવાયા બાદ દાઉદ રાજાએ તૈયાર કરેલા મંડપમાં તે મુકવામાં આવ્યો (૨ શમૂ. ૬;૧૭). સુલેમાન રાજા મંદિર બંધાવી રહ્યો, ત્યારે તેણે કોશ મંડપમાંથી લાવીને મંદિરમાં ગોઠવ્યો (૧ રા. ૮;૧), તે વખત પછી કોશનું શું થયું, તેની કંઈ પણ ખબર શાસ્ત્રમાંથી મળી આવતી નથી. મંદિરમાં તે રહ્યો હશે, અને ૫૮૬ની સાલમાં યરુશાલેમનો સમૂળગો નાશ કરવામાં આવ્યો, ત્યારે કોશનો પણ નાશ થયો હશે. બંદીવાસીઓએ પાછા આવીને જે નવું મંદિર બાંધ્યું, તેમાં કોશ નહોતો.

ઉપર કહ્યા પ્રમાણે કોશ યહોવાની સમક્ષતાનું ચિહ્ન હતો, તેથી ન્યાયાધીશોના તથા રાજાઓના સમયમાં તે ઈસ્ત્રાએલીઓને સારુ ઉત્તેજન તથા સહાયરૂપ હતો. પણ એવી મૂર્તિરૂપ વસ્તુ સદા ટકી શકે નહિ. આત્મારૂપ દેવે આપણે સારુ એ કરતાં કંઈક ઉત્તમ ઠરાવ્યું હતું. જ્યારે "યહોવાનો કરારકોશ" એમ લોક બોલશે નહિ, તેમ જ ફરીથી કોશ બનાવવામાં આવશે નહિ, એવા એક દિવસની આગાહી યિર્મેયાહ પ્રબોધકે જાહેર કરી (૩;૧૬). તે દિવસ તો ક્યારનોયે આવી ગએલો છે, કેમકે "દેવે આપણા હૃદયમાં પ્રકાશ પાડ્યો છે, કે જેથી ઈસુ ખ્રિસ્તના મોં પર દેવનો જે મહિમા છે, તેના જ્ઞાનનો તે પ્રકાશ પાડે" (૨ કર. ૪;૬).

૨૫;૧૭. દયાસન. હેબ્રી ભાષાના શબ્દનો મૂળાર્થ "પ્રાયશ્ચિત્તનું સ્થળ," અને પ્રાયશ્ચિત્તનો અર્થ તો "ઢાંકી દેવું" થાય છે. જ્યાં આપણાં પાપ ઉદ્ધારનાર રક્તથી ઢાંકી દેવામાં આવે છે, તે જ તે છે. પ્રાયશ્ચિત્તને દિવસે તેના પર લોહી છાંટવામાં આવતું હતું (લે. ૧૬;૧૫). ઈસુ ખ્રિસ્ત આપણું "દયાસન" કહેવાય છે (રૂ. ૩;૨૫), અને જ્યાં આપણો પ્રમુખયાજક છે, ત્યાં જ "દયાનું રાજ્યાસન" છે. (હે.૪;૧૫).

દયાસનને બેઉ છેડે સોનાનો એકેક કરૂબ હતો, તેમની પાંખો તેના પર આચ્છાદન કરતી હતી (૨૦). તે મહિમાદર્શક કરૂબો કહેવાતા હતા (હે.૯;૫), કેમ કે તેઓ પણ ઈશ્વરની સમક્ષતા તથા તેના મહિમાનાં ચિહ્ન હતા (૧ શમૂ. ૪;૪ : ગી. ૧૮;૧૦). બે કરૂબોની વચમાંથી યહોવા મૂસાની સાથે વાત કરતો હતો (૨૨). અહીં આગળ પ્રમુખયાજક વર્ષ દહાડે માત્ર એક જ વાર પ્રવેશ કરી શકતો, પણ તે "રક્ત વગર નહિ" (હે.૯;૭).

૨૫;૩૦. અર્પેલી રોટલી તે "સમક્ષતાની રોટલી" છે, એટલે ઈશ્વરની સમક્ષ રાખેલી રોટલી. ગણ.૪;૭ પ્રમાણે તે "નિત્યની રોટલી" પણ કહેવાતી હતી. પુરાતન કાળમાં હોમાએલી વસ્તુ પણ "દેવની રોટલી" કહેવાતી હતી (લે. ૨૧;૬,૮), પણ અર્પેલી રોટલી સદા ચાલતા ઉપકારાર્થાર્પણ જેવી હતી. વિગતવાર સૂચના લે. ૨૪; ૫-૯માં મળી આવે છે.

૨૬;૩૩. પવિત્રસ્થાન અને પરમપવિત્રસ્થાન વચ્ચેનો પડદો. આ પડદાનો લાક્ષણિક અર્થ હેબ્ર. ૯;૮ ને ૧૦;૨૦માં કરેલો છે. તે દ્વારા "પવિત્ર આત્મા એમ જણાવે છે, કે જ્યાં સુધી પહેલો મંડપ ઊભેલો છે, ત્યાં સુધી પરમપવિત્રસ્થાનમાં જવાનો માર્ગ ઊઘાડો થયો નથી." પણ જ્યારે હાથથી નહિ બનાવેલા એવા સ્વર્ગીય મંડપમાં ખ્રિસ્તે પોતાના રક્તદ્વારા પ્રવેશ કર્યો, ત્યારે મંદિરનો પડદો ઉપરથી તળે સુધી ફાટીને તેના બે ભાગ થઇ ગયા. હવે પરમપવિત્રસ્થાનમાં જવાનો માર્ગ ખુલ્લો મૂકવામાં આવેલો છે. તેથી, "ભાઇઓ, તેણે પડદામાં એટલે પોતાના શરીરમાં થઈને આપણે સારુ એક નવો તથા જીવતો માર્ગ ઉઘાડયો છે, તેમાં થઈને આપણે ઈસુના રક્તદ્વારા પૂરેપૂરા નિશ્ચયથી વિશ્વાસ રાખીને ઈશ્વરની સન્નિધ જઈએ." મોતદ્વારા પોતાના

દેહરૂપ ફાટેલા પડદામાં થઈને પ્રભુ ઈસુ સ્વર્ગમાં પ્રવેશ કરીને ત્યાં આપણે સારુ મધ્યસ્થી કરે છે.

૨૭; ૯-૧૭. મંડપનું આંગણું.



આંગણાનું માપ : ૧૦૦ x ૫૦ હાથ (ક્યૂબિટ=હાથ). પેસવાનો દરવાજો પૂર્વ બાજુએ મૂકેલો હતો. આંગણું ઉપરથી ખુલ્લું હતું, તેની ચારે બાજુએ લાકડાના થાંભલા પર શણના પાંચ હાથ ઊંચા પડદા લટકાવેલા હતા. પૂર્વ તરફના ભાગની વચમાં યજ્ઞદેવી મૂકેલી હતી (૨૭; ૧-૮), તેની તથા પવિત્રસ્થાનના બારણાની વચ્ચે હાથપગ ધોવાનો હોજ આવ્યો (૩૦;૧૭-૨૧). પશ્ચિમ ભાગમાં ખરો "મંડપ" એટલે યહોવાનું રહેવાનું "મકાન" ઊભું કરેલું હતું. તે ૩૦ હાથ લાંબું ને ૧૦ હાથ પહોળું હતું. તેની પૂર્વ બાજુએ સુંદર બુટ્ટાદાર પડદો ટાંગેલો હતો, અને આખા મકાન ઉપર ઝીણા કાંતેલા શણના નીલ, જાંબુઆ, તથા કિરમજી રંગના કરૂબોવાળા પડદા ઢાંકેલા હતા (૨૬;૧). આ મકાનના બે ભાગ હતા, એટલે ૨૦ હાથ લાંબું તથા ૧૦ હાથ પહોળું પવિત્રસ્થાન, અને ૧૦ ઘનહાથ માપનું પરમપવિત્રસ્થાન. આ બે ભાગ એક સુંદર ભરત ભરેલા રંગિત પડદાથી (Veil: મૂળાર્થ=અવરોધક પડદો) એકબીજાથી અલગ કરાએલા હતા (ક.૩૩). પવિત્રસ્થાનમાં તેની ઉત્તર તરફ અર્પેલી રોટલીની મેજ, અને દક્ષિણ તરફ સોનાનું દીપવૃક્ષ (ક. ૩૫), અને વચમાં પડદાની આગળ ધૂપવેદી (૩૦;૬)-એ પ્રમાણે પવિત્રસ્થાનનો સરસામાન ગોઠવવામાં આવ્યો હતો. (હે. ૯;૪ પ્રમાણે ધૂપવેદી પરમપવિત્રસ્થાનમાં રાખેલી હતી). પરમપવિત્રસ્થાનમાં ફક્ત કોશ તથા તેના ઉપર મૂકેલું દયાસન જ હતાં. અહીં તો યહોવાનું રહેઠાણ

હતું. અહીં તેનું રાજ્યાસન હતું. અહીં દયાસન પણ હતું. જૂના કરારમાં પણ કૃપા તથા ક્ષમાની સુવાર્તા પ્રગટ કરાએલી છે.

૨૭; ૨૦-૨૧. નિરંતર સળગતી બત્તીને સારુ કૂટીને કાઢેલા ને ગાળેલા ચોખ્ખા જૈતતેલની જરૂર હતી (લે. ૨૪;૨: ગણ. ૨૮;૫). આપણે આપણું જે સહુથી મૂલ્યવાન છે, તે દેવની સેવાની વેદી પર હોમી દઈએ, એ ઘટતું જ છે (માર્ક ૧૪;૩).

૨૮; ૧-૪૨. યાજકોનાં વસ્ત્રો. મંડપ બાંધવાની સૂચનાઓ પૂરી થયા પછી કેવળ બીજી બે વાત બાકી રહી, એટલે મંડપમાં સેવા કરનારા યાજકોને સારુ જોઈતાં પવિત્ર વસ્ત્રો (અધ્ય. ૨૮), અને યાજકોની દીક્ષા (અધ્ય. ૨૯).

એફોદ (૨૮;૬-૧૨, ૩૧-૩૫). એફોદ એટલે શું, તે ખાતરીથી કહેવાય એમ નથી. (૧) નિર્ગમન તથા લેવીયનાં પુસ્તકોમાં તેનું જે વર્ણન કરેલું છે, તે પરથી તેમ જ ૧ શમૂ.૨;૧૮ ને ૨ શમૂ.૬;૧૪ પરથી તે પહેરવાના ઝભ્ભા જેવું કંઈક હતું એમ સમજાય છે. (૨) પરંતુ ન્યા.૮;૨૭ પરથી તે મૂર્તિ જેવું કંઈક હતું એમ સમજાય છે. (૩) વળી ૧ શમૂ.૨૩;૬ ને ૩૦;૭,૮ પરથી યહોવાની સલાહ પૂછતી વખતે કામમાં આવે તેવું કંઈક તે હતું એમ સમજાય છે (૨૩;૯ પ્રમાણે અબ્યાથાર એફોદ હાથમાં લઈને આવ્યો). તે સર્વ પરથી અનુમાન કરી શકાય છે, કે ઘણે ભાગે એફોદ તો ટૂંકાં ઝભ્ભા જેવો હતો, જેને યાજકો પોતાની પાસે રાખતા, અને ઈશ્વરની સલાહ પૂછતી વેળા પહેરતા.

૨૮; ૯-૨૯. સ્મારક પાષાણો. જ્યારે જ્યારે પ્રમુખયાજક પવિત્રસ્થાનમાં પ્રવેશ કરતો, ત્યારે ત્યારે બંને ખભા પર બે ગોમેદ પાષાણો કે જેના પર બાર કુળનાં નામ કોતરેલાં હતાં, તે તેમ જ છાતી (મૂળ-હૃદય) પર ન્યાયીકરણનું ઉરપત્ર કે જેમાં બાર નામ કોતરેલી ચાર જુદી જુદી હારમાં જડેલાં હતાં, તે પહેરીને તે જતો. ખભો અધિકાર તથા બળસૂચક, અને હૃદય કરુણા તથા રહેમસૂચક છે. પૂરા બળથી તેમ જ પૂરા પ્રેમથી પાળકે પોતાના લોકને સારુ પ્રાર્થના કરવી, એવું આપણે આ વાત પરથી શીખી શકીએ છીએ.

૨૮;૩૦. ઉરીમ તથા તુમ્મીમ. અણીને પ્રસંગે ઈશ્વરની ઇચ્છા જાણવાનું તે એક પવિત્ર સાધન હતું, એ સ્પષ્ટ છે. ૧ શમૂ. ૧૪;૪૧ની નોંધમાં તેનો ખુલાસો કરેલો છે.

૨૮;૩૬. "યહોવાને સારુ પવિત્ર." પ્રમુખયાજક ઈશ્વરની સમક્ષ પવિત્ર પ્રજાનો પવિત્ર પ્રતિનિધિ હતો, તેથી લોકે ધર્મક્રિયામાં કંઇ ચૂક કરી હોય તો તેનો દોષ તેને માથે રહેતો હતો, તેમ જ તેની ખાતર લોકે કરેલાં અર્પણ માન્ય કરવામાં આવતાં. આ વાતમાં પાળકો તથા વડીલોને સારુ ઘણો બોધ કરેલો છે. પરંતુ એવો એક દિવસ આવશે, કે જ્યારે સર્વ માણસો તથા સઘળી વસ્તુઓ "યહોવાને સારુ પવિત્ર" બની જશે (ઝખ. ૧૪;૨૦,૨૧).

૨૯; ૪૦-૪૩. હારૂનના પુત્રો. તેઓ સામાન્ય વર્ગના યાજકો ગણાતા હતા, તેથી તેઓનાં વસ્ત્રો હારૂનનાં વસ્ત્રો કરતાં ઓછાં ભપકાદાર હતાં, તોપણ તેઓ પોતાનાં વસ્ત્રો "ગૌરવ તથા શોભાને અર્થે" પહેરતાં હતા. પ્રભુ ખ્રિસ્તના દીનમાં દીન સેવકને સારુ પણ આ વાત ઉત્તેજનદાયક છે.

૨૯; ૧-૩૭. યાજકોની દીક્ષાક્રિયા. જુઓ લે. અધ્ય. ૮મો.

૨૯;૨૭. ઉચ્છાલીયાર્પણ, એટલે કાપેલા ઘેટામાંથી "ઉઠાવી લીધેલો" ભાગ. તેમ કરવામાં કંઇ ક્રિયા રહેલી નહોતી. ફક્ત યાજકના હકનો હિસ્સો "ઉઠાવી લઇને" તેને આપવો, એટલો જ અર્થ તેમાં સમાએલો છે (લે.૭;૩૪).

૩૦; ૧-૩૮. મંડપને સારુ જાતજાતનો સરસમાન. આ અધ્યાય પરિશિષ્ટ જેવો જણાય છે. (૧) ધૂપવેદી (૧-૧૦). જુઓ ૨૯;૩૫. વર્ષમાં એક વાર તેને સારૂ પ્રાયશ્ચિત કરવાનો નિયમ હતો. (૨) મંડપની સેવાને સારુ નાણાંની વ્યવસ્થા (૧૧-૧૬). વસ્તીગણતરી કરવામાં આવે ત્યારે જ ખંડણીના પૈસા ભરવા, એવા નિયમનું શું કારણ હશે? તેનાં બે કારણ હોઇ શકે, કાં તો વસ્તી ગણતરી વખતે સંખ્યાબળમાંથી ઉપજતા અભિમાનને સારુ (૨ શમૂ. ૨૪૦), કાં તો નામ નોંધાવતી વખતે દરેક પુરુષને પોતપોતાનાં પાપ યાદ આવે, તેને સારુ પ્રાયશ્ચિત કરવું એવું કારણ હોય. (૩) હોજ (૧૭-૨૧). (૪) પવિત્ર અભિષેકનું તેલ (૨૨-૩૩). (૫) સુગંધી દ્રવ્ય (૩૪-૩૮).

અધ્ય. ૩૨-૩૪. સોનાના વાછરડાનું પૂજન, તથા ત્યાર પછીના બનાવો. આ પ્રકરણનું અનુસંધાન ૨૪;૧૮ની સાથે છે. અહિં JEનું વાર્તારૂપ રસિક તથા આકર્ષક વર્ણન ફરીથી શરૂ થાય છે. વાર્તા સ્પષ્ટ છે, તેનો ખુલાસો કરવાની જરૂર નથી. (૧) ઇસ્ત્રાએલી રાજ્યનો અંત આવ્યો ત્યાં સુધીમાં તેના લોક વારંવાર મૂર્તિપૂજાના પાશમાં ફસાઇ જવાના જોખમમાં રહેતા હતા. યરુશાલેમનું પ્રથમ પતન થયું, ત્યાર પછી પણ જાતજાતની અમંગળ, મૂર્તિપૂજા ફરીથી ઉપસ્થિત થઇ (હઝ.૮). (૨) વાછરડાની પૂજા કરતાં અમે યહોવાનું જ ભજન કરીએ છીએ, એમ ઇસ્ત્રાએલીઓ સમજતા હતા (૪) બીજે દિવસે જે ઉત્સવ તેઓએ કર્યો તે "યહોવાને સારુ" પાળવામાં આવ્યો. (૫) યરોબઆમે સોનાના બે વાછરડા બનાવ્યા, ત્યારે તેણે પણ એ જ વચન ઉચ્ચાર્યું, કે "હે ઇસ્ત્રાએલ, મિસર દેશમાંથી જે તને કાઢી લાવ્યો તે આ છે," એટલે યહોવા (૪ઃ ૧ ૨ા. ૧૨;૨૮). હેબ્રી ભાષાના મૂળ શબ્દનો અર્થ "નાનો આખલો" છે. ખેતીવાડી કરનારા લોકની દૃષ્ટિમાં આખલો તો બળનું ચિહ્ન છે. મિસરીઓ આખલાની મૂર્તિની પૂજા કરતા નહોતા, પણ જીવતા આખલાને માન આપતા હતા. (૩) મૂસાની ખ્રિસ્તસમાનતા વિષે ઉપર નોંધ કરવામાં આવી છે. (૪) લેવી પુત્રો વફાદાર રહ્યા, તેથી તેઓને બદલા તરીકે યાજકપદ ભોગવવાનું આપવામા આવ્યું (પુ.૧૦;૮. પણ જુઓ ગણ.૩;૧૨). (૫) આ બનાવ બન્યા પછી મૂસાને યહોવાએ જે બીજું દર્શન દીધું, તે સતધર્મના ઇતિહાસમાં એક બીજો મહત્વનો પ્રસંગ હતો. (અ) મૂસાને ક્યે સ્થળે આશ્રય મળ્યો, તે જુઓ--"ખડકની ફાટમાં" (૩૩;૨૨). તે પરથી આપણા તારનારને એ ઉપમા આપવામાં આવેલી છે--"જીવતી ખડક, ખરી આડ." (આ) "તું મારી પીઠ જોશે." તે શબ્દનો મૂળાર્થ "મારી પછવાડે જે છે તે તું જોશે," એટલે જાણે કે તું સૂર્ય દેખી ન શકે, પણ સૂર્યાસ્ત થયા પછી થોડી જ વારનો જે ચળકાટ આકાશમાં ખીલી રહે છે, તે જ તારા જોવામાં આવશે, (ઈ) પ્રગટ કરેલા વચનમાં (૩૪;૬,૭) જૂના કરારના ધર્મબોધનો સારાંશ સમાએલો છે. જેમ ગીત ગાતાં ગાતાં ટેક વારંવાર ગવાય છે, તેમ જૂના કરારમાં આ વચનનો ધ્વનિ વખતોવખત સંભળાય છે. મહાન પ્રબોધકો એજ સંદેશો પ્રગટ કરતા હતા (દા.ત.હો.૧૪;૧૪ઃ યશા.૧;૧૮ : વગેરે). કવિઓ પોતાના ગીતમાં

તેના મનોહર શબ્દો શ્લોકરૂપે દાખલ કરતા (૮૬;૧૫: ૧૧૧;૪). વળી છેલ્લા વખતમાં લખેલા એક ઐતિહાસિક પુસ્તકમાં પણ તેના તેજ શબ્દો મળી આવે છે (નહે. ૯;૧૭). સમાધાનનો સંદેશો તેજ છે :-

"કૃપા તથા સત્યતા એકબીજાની સાથે મળેલી છે;

ન્યાયીપણાએ તથા શાંતિએ એકબીજાને ચુંબન કર્યું છે" (ગી. ૮૫;૧૦).

૩૩; ૭-૧૧. મુલાકાતમંડપ (૭). અધ્ય. ૨૫-૩૦માં જે મુલાકાતમંડપનો નમૂનો આલેખેલો છે, તેમાં અને આમાં કેટલો બધો તફાવત છે! (આ પ્રકરણમાં મંડપસૂચક જે મૂળ શબ્દ છે. તે "તંબુ" છે, "મકાન" નહિ. તે તથા જે તંબુઓમાં લોક રહેતા હતા (૮), તે બંનેનો એક જ મૂળ શબ્દ છે). (૧) તે નાનો હતો. મૂસા પોતે તે લઈને તાણતો (૭). (૨) તે છાવણી બહાર ઊભો કરવામાં આવતો હતો (૭). (૩) યહોશુઆ તે સાચવતો હતો (૧૧). (૪) તેના ઉપર મેઘસ્તંભ ઊતરતો (૯). જેમ માણસ પોતાના મિત્રની સાથે વાત કરે, તેમ આ નાના તંબુ માંહે યહોવા મૂસાની સાથે મોઢામોઢ વાત કરતો (૧૧). જ્યારે જ્યારે મૂસા તંબુમાં જવા નીકળે, ત્યારે ત્યારે લોક પણ પોતપોતાનાં તંબુ બહાર આવીને તેને જતો જોઈ ભજન કરે (૧૦). (ઉપલું વર્ણન JEના હસ્તલેખમાંથી ઉતારી લીધેલું છે. Pના હસ્તલેખ પ્રમાણે મુલાકાતમંડપ છાવણીની મધ્યે ઊભો કરેલો હતો (ગણ. ૧;૫૦ : ૨;૧૭), પણ JEમાંની વાર્તા પ્રમાણે મંડપ તો છાવણી બહાર રાખવામાં આવતો હતો (ગણ.૧૧;૨૬ : ૧૨;૪).

૩૪; ૧૦-૨૮. લોકોએ કરેલું પાપ તો યહોવાએ માફ કર્યું ખરૂં; પણ એક વખતે માન્ય કરાએલો કરાર તેઓએ તોડ્યો હતો, તેથી નવે નામે ફરીથી કરાર કરવોર પડ્યો (૧૦). ક.૧૧-૨૭માં ધર્મક્રિયાઓ ૧૦ સંબંધીના મુખ્ય વિધિઓ બીજી વાર જાહેર કરેલા છે. તેમ જ બે નવી પાટી પર મૂસાએ દસ હુકમો કોતર્યા, તે પણ જાહેર કરેલું છે.

૩૪; ૨૯-૩૫. મૂસાનો પ્રકાશિત ચહેરો. જ્યારે મૂસા પહાડ પરથી ઊતર્યો, ત્યારે તેનો ચહેરો પ્રકાશિત (મૂળાર્થ-કિરણો પ્રસારતો) જણાયો. ઈશ્વર અજવાળારૂપ છે (ગી.૩૬;૯), તેની સંગતમાં જે કોઈ આવીને રહે, તેનો ચહેરો પ્રકાશિત થયા વગર રહે જ નહિ

(ગી.૩૪;૫. ૨ કરિં. ૩;૧૮). મૂસા તંબુમાં જઈને યહોવાની સાથે વાત કરતો અથવા લોકને તે યહોવાહની ઇચ્છા કહી જણાવતો (૩૪) તે બે પ્રસંગ સિવાય ચહેરા પરનો પ્રકાશ ઢાંકવા સારુ મૂસા પોતાના મોં પર ઘુંઘટ રાખતો હતો. ટળી જનારૂં તેજ લોકથી જોઈ શકાતું નહોતું, તે માટે મૂસા મુખપટ પહેરતો હતો, એવો પાઉલ પ્રેરિતે આ વાતનો ખુલાસો કર્યો છે (૨ કર.૩;૧૩), એટલે નિયમશાસ્ત્રનો મહિમા થોડી વારનો પણ સુવાર્તાનું ગૌરવ સદાનું છે.

અધ્ય. ૩૫-૪૦. મુલાકાતમંડપનું બંધાવું. (૧) બાંધવાના તથા શણગારવાના કામમાં સર્વ લોકે-સ્ત્રીપુરુષોએ ભાગ લીધો (૩૫;૨૨,૨૫). (૨) તેઓએ જે જે આપ્યું, તે સર્વ તેઓએ સ્વેચ્છાથી આપ્યું (૨૯). જોઈએ, તે કરતાં તેઓએ વધારે આપ્યું (૩૬;૭). (૩) મંડપ તૈયાર થયો, ત્યાર પછી યહોવાએ તેને માન્ય કરીને પોતાના મહિમાથી તેના પાવન કર્યો (૨૯;૪૨ : ૪૦;૩૪).

ઉપર મુજબ મુલાકાતમંડપનું વર્ણન છે. પરમપવિત્રસ્થાનની અંદર યહોવાનું જે રહેઠાણ હતું તેનું, પણ વિશેષે કરીને કોશનું રક્ષણ કરવા સારુ તે બાંધવામાં આવ્યો. પરંતુ કોશનો ત્યાર પછીનો જે ઇતિહાસ ઉપર આપવામાં આવ્યો છે, તેમાં આવા ભવ્ય મંડપની વાત મળી આવતી નથી. જો કે મંડપ સહેલાઈથી તાણી તથા પાડી શકાય એવો હતો, તોપણ તે ખરેખર ભવ્ય હતો. પવિત્રસ્થાન પર નાખેલા પડદા ઝીણા શણના તથા સુંદર ભરતકામના બનાવેલા હતા. જુદા જુદા પ્રકારના સરસમાનને અંગે વપરાએલું સોનું રૂા.૨૬,૦૦,૦૦૦ અને રૂપું રૂા.૬,૦૦,૦૦૦ જેટલી કિંમતનું હતું. યાજકો ઉપરાંત મંડપની સેવા કરનારા ૮,૫૮૦ લેવીઓ હતા (ગણ.૪).

કોશ સંબંધી ઉપર થોડુંઘણું જણાવેલું છે. વળી કનાન દેશ વશ કરતી વેળા યહોશુઆએ મુલાકાતમંડપ શીલોહમાં ઊભો કરાવ્યો (યહો.૧૮;૧), ને શમૂએલની યુવાવસ્થા દરમિયાન હજી તે ત્યાંજ હતો (૧ શમૂ.૧;૩). તે સમયે તે ઘરના જેવો હતો (૧ શમૂ. ૧;૭). તે "મંદિર" કહેવાય છે (૧;૯), તેને બારણાં પણ હતાં, અને એલી, તેના બે પુત્રો તથા છોકરો શમૂએલ તે સાચવતા હતા. લોકની ભ્રષ્ટતાને લીધે આ મંડપનો નાશ કરવામાં આવ્યો (૪૨.૭;૧૨,૧૪). ત્યાર પછી

અબીનાદાબના ઘરમાં લાંબો વખત કોશ સંભાળી રાખવામાં આવ્યો, ત્યાંથી તેને જ્યારે દાઉદ યરુશાલેમ લઈ આવ્યો, ત્યારે તેનું રક્ષણ કરવા સારુ એક "તંબુ" (મંડપ તો નહિ) તૈયાર કરવામાં આવ્યો હતો (૨ શમૂ.૬;૧૭) જ્યાં સુધી સુલેમાનનું મંદિર બંધાઈ રહ્યું નહોતું, ત્યાં સુધી કરારકોશને તેજ તંબુમાં રાખવામાં આવ્યો. ઉપલી હકીકતની અંદર નિર્ગમનમાં વર્ણવેલા વિશાળ તથા ભપકાદાર મુલાકાતમંડપ જેવા કોઈ પણ મકાનની વાત હાથ આવતી નથી. તો તે વિષે આપણે શું સમજવું?

મુલાકાતમંડપના નમૂનાનું વર્ણન વિધિરૂપ ઢબમાં, એટલે બંદીવાસના સમયના યાજકોએ તૈયાર કરેલા લેખની ઢબમાં કરેલું છે. અરણ્યમાં જે મંડપ ઊભો કરવામાં આવ્યો હતો, તે તેઓના જોવામાં કદી આવ્યો નહોતો; પરંતુ યરુશાલેમનો નાશ થયા અગાઉ સુલેમાન રાજાનું બુલંદ મંદિર તેઓને દરરોજ દૃષ્ટિગોચર થતું હતું. વળી નવા યરુશાલેમનો તથા તેમાંના નવા મંદિરનો જે નકશો હઝકિયેલ પ્રબોધકે યોજ્યો હતો, તેના પર તેઓએ ઘણું ધ્યાન આપ્યું હતું. તે નકશા પ્રમાણે નવું નગર તથા તેમાંનું મંદિર એવી સરસ તથા વ્યવસ્થિત રીતે બંધાવાનાં હતું, કે ત્યાર પછીથી તે નગરનું નામ યરુશાલેમ તો નહિ, પણ "યહોવા શામ્માહ"-યહોવા ત્યાં છે એવું પડવાનું હતું (હઝ.૪૮;૩૫). તેથી જ્યારે બંદીવાસના શાસ્ત્રીઓ મુલાકાતમંડપનું વર્ણન કરવા બેઠા ત્યારે પોતાની આંખ આગળ સુલેમાનનું નાશ પામેલું ભવ્ય મંદિર તથા ત્યાર પછી તે કરતાં પણ વધારે તેજસ્વી થનાર નવા મંદિરનો ખ્યાલ દૃષ્ટિ સમક્ષ રાખીને તેઓ લખવા લાગ્યા. તેથી ખરું જોતાં જે મુલાકાતમંડપની રૂપરેખા તેઓએ આલેખેલી છે, તે તો એક આદર્શ મંડપ હતો, અને એ આદર્શ મંડપ તે વાસ્તવિક મંડપ પણ હતો, કેમ કે યરુશાલેમ પાછા ગયા પછી બંદીવાસીઓ જે નવું મંદિર બાંધવાના હતા, તેનો નકશો આ જ હતો. પવિત્ર લોકની મધ્યે ઊભા થનાર પવિત્ર મંડપનો તે નકશો હતો.

મુલાકાતમંડપનો એવો ખુલાસો કરીએ, તો તે પરથી આપણને ઘણો બોધ મળે એમ છે. અત્યાર સુધી મંડપના કરેલા ખુલાસાનું તાત્પર્ય એ છે, કે (૧) તે યહોવાનો મંડપ (-"મકાન"), એટલે તેનું રહેઠાણ

છે, તેથી તે તેની સમક્ષતાનું ચિહ્ન છે. (૨) જ્યાં મુલાકાતમંડપ છે, ત્યાં યહોવા પોતાના સેવકોને મળે છે. (૩) તે સાક્ષ્યમંડપ છે, તેથી તે ઈશ્વરના આપણા પરના સર્વોપરિપણાનું ચિહ્ન છે.

વળી મંડપની માફક તેમાંના સરસમાનની ગોઠવણ પણ બોધદાયક છે. (૧) વેદી, તે આંગણાના દરવાજા તરફના ભાગમાં મૂકેલી હતી (૨૭;૧). "રક્ત વહેવડાવ્યા વગર પાપની માફી મળતી નથી" (હે.૯;૨૨). (૨) વેદી પરનું દહનીયાપર્ણ. તે દિનપ્રતિદિન ચઢાવવામાં આવતું હતું (૨૯;૩૮). આપણું દરરોજનું જીવન ભક્તિસેવારૂપ હોવું જોઈએ (કલ. ૩;૧૩). (૩) હોજ (૩૦;૧૮). આપણને નિરંતર શુદ્ધ કરાવાની જરૂર છે (યો.૧૩;૧૦). (૪) અર્પેલી રોટલી (૨૫;૩૦). દરરોજની રોટલીને સારુ આપણે દરરોજ ઈશ્વરનો આભાર માનવો (મા. ૬;૧૧). (૫) દીપવૃક્ષ (૨૫;૩૧). જગતને અજવાળું આપવા સારૂ ઈસ્ત્રાએલને પસંદ કરવામાં આવ્યો હતો (યશ.૪૯;૬). આપણો પ્રભુ ઈસુ જગતનું અજવાળું છે, તેની સંગતમાં રહેવાથી આપણે પણ અજવાળારૂપ થઈએ છીએ (મા.૫;૧૪).(૬) ધૂપવેદી (૩૦;૧). સંતોની પ્રાર્થનાઓ ઈશ્વર આગળ ચઢતા ધૂપના સુંગધીદાર ધુમાડા જેવી છે (પ્રક. ૫;૮). (૭) પરમપવિત્રસ્થાન માંહેનો કરારકોશ (૨૬; ૩૩,૩૪). આ તો સામાજીક જીવનનું કેન્દ્રસ્થાન હતું, ત્યાં (અ) દસ હુકમની બે પાટી, (આ) ઈશ્વરની સમક્ષતા દર્શાવનાર કરૂબો, તથા (ઈ) દયાસન રાખેલાં હતાં. આથી શીખવવામાં આવતું હતું કે નવો જન્મ પામેલી પ્રજાને સારુ ધોરણરૂપ જે ત્રણ મુખ્ય વાત જરૂરની છે તે એજ છે. એટલે (અ) ઈશ્વરની ઈચ્છા, (આ) ઈશ્વરની સમક્ષતા, અને (ઈ) ઈશ્વરની દયા.

વળી ઉપયોગી થઈ શકે તે પહેલાં વેદી, પડદા, કોશ, અને બીજો સર્વ સરસમાન શુદ્ધ કરાય, તેમ જ યાજકોની દીક્ષા કરવામાં આવે અને તેઓને ભપકાદાર પવિત્ર વસ્ત્રો પહેરાવવામાં આવે એ જરૂરનું હતું. આખો મંડપ સરસ રીતે શણગારેલો હતો, પણ સહુથી કિંમતી વસ્તુઓ તો પવિત્રસ્થાન તથા પરમપવિત્રસ્થાનને શણગારવા સારુ વાપરવામાં આવી હતી. સોનાનો એક જ નક્કર કટકો મંડપમાં હતો, અને તે દયાસન પર મૂકેલો હતો (૨૫;૧૭).

મતલબ કે આપણે ઈશ્વરની હજૂરમાં ખરા પૂજ્યભાવથી તેમ જ પશ્ચાત્તાપ રૂપ તથા આજ્ઞાંકિતપણારૂપ મૂલ્યવાન દાનો લઈને આવવું.

પરમપવિત્રસ્થાનનું માપ દસ ઘનહાથ હતું. તેની પહોળાઈ, લંબાઈ તથા ઊંચાઈ સરખી હતી. તે યહોવાની સંપૂર્ણતા દર્શાવતું હતું. નવું યરુશાલેમ પણ એવું જ છે (પ્રક.૨૧;૧૬).

મુલાકાતમંડપ આટલો બધો સુંદર હતો, તોપણ આપણી મધ્યે તે કરતાં પણ મહાન તથા સુંદર કંઈક છે. પ્રભુ ઈસુ આપણો મુલાકાતમંડપ છે.

"શબ્દ સદેહ થયો, અને આપણી મધ્યે રહ્યો" (મૂળ ભાષા-મંડપરૂપે રહ્યો), એમ લખેલું છે (યો.૧;૧૪). તેનામાં આપણો ઈશ્વર સાથેનો મેળાપ થાય છે, તેના દ્વારા આપણને ઈશ્વરનાં દર્શન થાય છે (યો.૧૪;૯).

અરણ્યમાંનો મંડપ આકાશમાંના મંડપની "પ્રતિમા તથા પ્રતિછાયા" હતી, ત્યાં આપણા પ્રમુખ યાજક ઈસુએ પોતાના લોહીદ્વારા પ્રવેશ કરીને આપણે સારુ સનાતન ઉદ્ધાર મેળવ્યો છે, એમ હેબ્રીઓના પત્રમાં લખેલું છે (૮;૫ : ૯;૧૨). પણ પ્રથમ બનેલી વાતો જતી રહેશે, ત્યારે નવા આકાશમાં મંદિર નહિ હોય, "કેમ કે સર્વશક્તિમાન પ્રભુ દેવ તથા હલવાન એજ તેનું મંદિર થશે," એમ પણ શાસ્ત્રમાં કહેલું છે (પ્રક.૨૧;૨૨). તે સમય આવશે, ત્યારે આપણા જીવનનો આલ્ફા તથા ઓમેગા, તેનો આદિ તથા તેનો અંત ઈસુ થશે, અને તેનામાં આપણું સમસ્ત જીવન આરાધનારૂપ બનશે.

લેવીય

જાહેર ભજનસેવા વખતે આ પુસ્તકમાંનાં વચન ભાગ્યે જ વાંચી સંભળાવવામાં આવે છે, ભાગ્યે જ તેમાંનાં વચનને આધારે બોધભાષણ કરવામાં આવે છે. તોપણ ધ્યાન આપવા લાયક પુસ્તકોના વર્ગમાં તે પણ ગણાવા યોગ્ય છે. લેવીયના પુસ્તકમાં યજ્ઞાર્પણોની રૂઢિ, તેમ જ તે સંબંધીના વિધિઓ તો ક્યારનાંય રદ કરવામાં આવેલાં છે, તેથી તે આપણા કામનું નથી, એવો વાંધો લઈ શકાય ખરો. તોપણ ખ્રિસ્તી ધર્મના મૂળ સિદ્ધાંતનો પાયો તો અર્પેલું બલિદાન, એટલે એક પાપાર્થાર્પણ છે (રૂમી. ૮;૩). પ્રભુભોજનનો સંસ્કાર પણ યજ્ઞરૂપ છે (મા. ૨૬;૨૬), અને દરેક ખ્રિસ્તમય જીવન પવિત્ર તથા ઈશ્વરને પસંદ પડતું અર્પણ હોવું જોઈએ (રૂ.૧૨;૧). ઉત્પત્તિથી માંડીને (૪; ૩,૪) તે માલાખી સુધી (૧;૭,૮) યજ્ઞાદિની રક્તવર્ણી રેખા આખા જૂના કરારમાં દેખાઈ આવે છે. નવા કરારનો સંદેશો આપણે વધારે સારી રીતે સમજી શકીએ, તે માટે આ પુસ્તકમાં સમાએલા યજ્ઞાર્પણોના વિધિઓનો અભ્યાસ કરવાની અગત્ય છે.

વળી આ દેશમાં પણ વેદસમયથી યજ્ઞાર્પણો ચઢાવવાની જે રીતિ ચાલતી આવેલી છે, તે આપણી જાણ બહાર નથી. બંને રૂઢિની સરખામણી કરીએ તો સારૂં, એટલે યહૂદીઓની રૂઢીનું જે ધ્યેય હતું તેની, તથા હિંદુ રૂઢીનું જે ધ્યેય છે, તેની સરખામણી થાય, તો સારું (હે.૧૦; ૯,૧૦).

૧. **નામ.** હેબ્રી મથાળું તો "તેણે બોલાવ્યો" એવું છે. લેવીય નામ LXX પ્રમાણેનું છે. પણ તે નામ બંધબેસતું નથી, કેમ કે આ પુસ્તકમાં ૨૫; ૩૨,૩૩ સિવાય લેવીઓ સંબંધીની એક પણ વાત મળી આવતી નથી. તે યાજકો તેમ જ ગૃહસ્થાને સારુ ભજનસેવા, વિશેષે કરીને યજ્ઞાર્પણદ્વારા કરવામાં આવતી ભજનસેવાનું પદ્ધતિરૂપ પુસ્તક છે. મુલાકાતમંડપની વાત પૂરી ભજનસેવાના વિધિઓની વાત આવે, તે યોગ્ય જ છે.

૨. **તેના વિભાગો**

(૧) અધ્ય. ૧-૭. યજ્ઞાર્પણોના નિયમો.

(૨) અધ્ય. ૮-૧૦. યાજકોની દીક્ષાક્રિયાઓ.

(૩) અધ્ય. ૧૧-૧૬. શુદ્ધાશુદ્ધનો નિયમ.

(૪) અધ્ય. ૧૭-૨૬. "પવિત્રાઈનું નિયમશાસ્ત્ર."

(૫) અધ્ય. ૨૭. પરિશિષ્ટ. વ્રતો વગેરેના નિયમો.

૩. **તેની રચના.** તપાસ કરતાં ખબર પડશે કે આ પુસ્તકમાં નિયમોના જુદા જુદા સંગ્રહ સમાએલા છે. દરેક સંગ્રહ તે દરેકના સમાપ્તિવચનથી ઓળખી શકાય છે, જેમ કે ૭;૩૭,૩૮ : ૧૧;૪૬,૪૭ : ૧૩;૫૯ : ૧૪; ૫૪-૫૭ : ૧૫;૩૨,૩૩ અને ૨૬;૪૬.

"પવિત્રાઈનું નિયમશાસ્ત્ર" નામનું પ્રકરણ એવો એક સંગ્રહ છે, તે વિષે ખાસ નોંધ નીચે કરવામાં આવશે. વળી આ પુસ્તકમાં વખત જતાં નિયમોમાં થએલા સુધારાના દાખલા પણ મળી આવે છે. દા.ત.નિ.૨૦;૨૪ પ્રમાણે ફક્ત બે પ્રકારનાં અર્પણ ચઢાવવાનો હુકમ હતો, એટલે દહનિયાર્પણ તથા શાંત્યર્પણ. પણ આ પુસ્તક પ્રમાણે પાંચ જુદી જુદી જાતનાં અર્પણ કરાવાનાં હતાં. નિ.૨૩;૧૭ પ્રમાણે ત્રણ વાર્ષિક તહેવારો પાળવાનો નિયમ હતો, પણ આ પુસ્તકમાં જાહેર કરેલા નિયમ પ્રમાણે સાત વાર્ષિક તહેવારો પાળવાના હતા (અધ્ય.૨૩). તેમાં પ્રાચીન કાળની કેટલીક ઘણી જૂની રીતો તથા અર્વાચીન કાળના કેટલાંક રિવાજો ભેગાં કરાએલાં જણાય છે.

શાસ્ત્રીઓની લખવાની શૈલીનાં ચિહ્નો એકદમ ઓળખી શકાય છે. આખું પુસ્તક તેજ ઢબનું છે. નિયમો ઉપરાંત માત્ર બે જ બનાવો તેમાં વર્ણવેલાં છે, અને ખરું જોતાં તે અમુક નિયમોનાં દૃષ્ટાંત છે (૧૦; ૧-૭ : ૨૪; ૧૦-૧૨).

વિગત વાર કેટલીક નોંધ

અધ્ય.૧-૭. જુદાં જુદાં યજ્ઞાર્પણોના નિયમો.

જે જે યજ્ઞાર્પણો વર્ણવેલાં છે, તે નીચે પ્રમાણે છે :-

(૧) દહનીયાર્પણ (અધ્ય.૧), (૨) ખાદ્યાર્પણ (૨), (૩) શાંત્યર્પણ (૩), (૪) પાપાર્થાર્પણ (૪; ૧-૫;૧૩), (૫) દોષાર્થાર્પણ (૫; ૧૪-૬;૭).

યજ્ઞાર્પણ ચઢાવવાની રૂઢી સાર્વત્રિક છે, તે જગતના મંડાણથી ચાલતી આવેલી છે (ઉત્પ.૪;૩), તેથી તેને લગતી ક્રિયાઓના જુદા જુદા ઘણા નિયમો કરવામાં આવ્યા હોય, તે સ્વાભાવિક છે. શરૂઆતથી જ સર્વ પ્રકારનાં અર્પણોમાં પ્રાયશ્ચિત કરવાનો ભેદ કાંઇક અંશે રહેલો હતો (દા.ત. ૧ શમૂ.૩;૧૪ : ૨૬;૧૯ : ૨ શમૂ.૨૪;૨૫ : મી.૬;૬,૭), તે બાબત પર આ પુસ્તકમાં સમાએલા નિયમો પ્રમાણે વિશેષ ભાર મૂકવામાં આવેલો છે. તેમ હોવાનું કારણ સ્પષ્ટ છે. નિયમો તો ઘણા જૂના વખતના હતા ખરા, પરંતુ જેઓને યરુશાલેમના પતનનો તેમ જ બંદીવાસની હાડમારીનો જાતનુભવ થયો હતો, તેઓને હસ્તે આ નિયમોની આખરનો સંગ્રહ કરવામાં આવ્યો. તેઓને તે આફતોના અનુભવથી પાપ તથા તેના પાપીષ્ટપણાનો નવો ખ્યાલ આવ્યો હતો, જેથી કરીને એમ બન્યું, કે તેઓ પોતાના બાપદાદાઓ કરતાં યજ્ઞાદિના નિયમો વધારે અક્ષરશઃ પાળવાની કાળજી રાખતા હતા. તે જ કારણને લઈને આ પુસ્તકમાં પાપાર્થાર્પણ અને દોષાર્થાર્પણને વિશેષ સ્થાન આપેલું છે.

જૂના કરારમાં યજ્ઞાર્પણની રૂઢિના અનેક દાખલા મળી આવે છે ખરા, તોપણ તેની ક્રિયાઓમાં શુ રહસ્ય સમોલું હતું, તેનો કંઈ પણ સ્પષ્ટ ખુલાસો કોઇ પણ ઠેકાણે કરેલો નથી. પરંતુ અનુમાનથી નીચેની વાતો કહી શકાય એમ છેઃ-

(૧) જે અર્પવામાં આવતું હતું, તે ઈશ્વરને આપેલા દાનરૂપ હતું. તે "કુરબાન" એટલે "પાસે લાવેલુ" કહેવાય છે (માર્ક ૭;૧૧). તેથી દરેક ભજનાર પોતાનું જે શ્રેષ્ઠ હતું, તેજ ઈશ્વરને આપતો. (૨) જેમ આ દેશમાં ઈષ્ટ દેવને પ્રસાદ ધરાવાનો રિવાજ છે, તેમ બેશક પ્રાચીન કાળના ઇસ્ત્રાએલીઓ અર્પેલી વસ્તુઓને દેવનો આહાર સમજતા હતા. જુદાં જુદાં અર્પણો દેવનો "ખાદ્ય પદાર્થ" (લે.૩;૧૧,૧૬), "દેવની રોટલી" (૨૧;૬, ૨૧,૨૨ : ૨૨;૨૫), "મારાં અન્ન" (રોટલી) (ગણ.૨૮;૨) કહેવાય છે. માલ. ૧;૭માં વેદી "યહોવાની મેજ" કહેવાય છે. (૩) જેમ વેદના સમયમાં અર્પિત વસ્તુઓ જમીન પર મૂકવાની રીત હતી, તેમ ઈસ્ત્રાએલમાં પણ શરૂઆતમાં તેવી જ રીત ચાલતી હશે, એમ માની શકાય. પરંતુ વેદી બાંધી તેના પર અર્પિત વસ્તુઓને બાળી મુકવાની પ્રથા નવી જ

ઉપસ્થિત થઇ હશે. "બાળવું" એ શબ્દનો અર્થ સમજવાની જરૂર છે. અંગ્રેજીમાં તેમ જ ગુજરાતીમાં કંઇ પણ વસ્તુની ખાખ કરી નાખવી, એવો બાળવાનો અર્થ થાય છે. પણ હેબ્રી ભાષા પ્રમાણે "જેમ ધૂપનો ધુમાડો ચઢી જાય છે, તેમ ઈશ્વરની આગળ અર્પણ ચઢાવવું" એવો તે શબ્દનો અર્થ થાય છે, જેમ ૧;૯માં--" તે યહોવાને સારુ સુવાસિત દહનીયાર્પણ, એટલે હોમયજ્ઞ છે." ગીત. ૬૬;૧૫ પ્રમાણે મેંઢાઓનો યજ્ઞ "મેંઢાઓનો ધૂપ" કહેવાય છે. હોમયજ્ઞનો ધુમાડો ઈશ્વરને ગમતો હતો, તેને તેની સુગંધ આવતી હતી (ઉત.૮;૨૧). તેથી પુ.૩૩;૧૦માં યાજકો વિષે કહેલું છે, કે "તેઓ તારી આગળ (મૂળાર્થ-તારાં નસકોરાંમાં) ધૂપ બાળશે, અને તારી વેદી પર દહનીયાર્પણ ચઢાવશે." અગ્નિની ઉષ્ણતાથી સુગંધીદાર ધુમાડો ઈશ્વર આગળ ચઢતો હતો. પ્રભુ ઈસુએ આપેલું બલિદાન "દેવની આગળ સુવાસને અર્થે આપણી ખાતર કરેલું સ્વાર્પણ" કહેવાય છે (એફ. ૫;૨). તેમજ ખ્રિસ્તમય જીવન (૨ કર. ૨;૧૫) તથા ખ્રિસ્તમય પ્રેમભાવ (ફિ.૪;૧૮) "સુગંધરૂપ" કહેવાએલાં છે.

(૪) યજ્ઞાર્પણ કરવાનું ધ્યેય ત્રિવિધ હતું, એટલે (અ) ઈશ્વરનો કોપ શમાવવો, (આ) ઈશ્વરની કૃપા પામવી અને (ઇ) તેનો આભાર માનવો.

૨. પુરાતન કાળમાં જે યજ્ઞાર્પણ વધારે પ્રચલિત હતો, તે તો શાંત્યર્પણ જેવો હતો. યજ્ઞ કર્યા પછી ભજનારાઓ ભોજન પણ કરતા. યજ્ઞ કર્યા પછી યાકૂબ અને લાબાન જમવા બેઠા (ઉત.૩૧;૫૪). તેમ કરવાથી એકબીજાની સાથેનું થએલું સમાધાન તેમ જ ઈશ્વરની સાથેનું થએલું તેઓનું સમાધાન મુદ્રિત થયું, નિ.૧૮;૧૨ : ૨૪;૧૧ : ૧ શમૂ. ૧; ૪-૭ : ૯; ૨૨-૨૪માં યજ્ઞની સંઘાતે કરેલા ભોજનના બીજા દાખલા મળી આવે છે. તેને લગતો નિયમ લે.૭;૧૫ : પુન.૧૨;૭,૧૮માં સમાએલો છે. ઈશ્વરે કરેલા ઉપકાર યાદ કરીને (ગી.૧૦૩;૨) તેના સેવકો શાંતિ પામીને હર્ષાનંદ સહિત જમતા હતા. પ્રભુભોજન એવા પ્રકારનું ભોજન છે વધસ્તંભ રૂપવેદી પર દેવનું હલવાન હોમાઇ ગયું છે, તે દ્વારા દેવની સાથે આપણું સમાધાન થએલું છે. હવે આપણે તેની તથા એકબીજાની સંગતમાં આવીને પ્રેમભોજન કરીએ.

૩. શરૂઆતથી જ દરેક પ્રકારના યજ્ઞાર્પણમાં પ્રાયશ્ચિત્તનો ભેદ વત્તે ઓ છે અંશે રહેલો હતો (દા.ત. ૧ શમૂ.૩;૧૪ : ૨૬ ; ૧૯, વગેરે), પણ પાછળના સમયમાં પાપાર્થાર્પણ તથા દોષાર્થાર્પણમાં તે ગુણ વધારે પ્રમાણમાં રહેલો છે. (૪; ૧-૬;૭), એવી માન્યતા ઉપસ્થિત થઈ, એમ ઉપર કહેવામાં આવ્યું. તો પાપનું પ્રાયશ્ચિત કરવાનો અધિકાશામાં રહેલો હતો? આ સવાલનો જવાબ યજ્ઞાર્પણોને લગતા પ્રકરણમાં મળતો નથી, પરંતુ શિકાર કરેલા જાનવરનું લોહી ખાવા સંબંધીના મનાઈ હુકમમાં તેનો જવાબ આપેલો છે, એટલે "શરીરનો જીવ રક્તમાં છે, અને વેદી પર તે તમારા આત્માને સારુ પ્રાયશ્ચિત કરે. એ માટે મેં તમને તે આપ્યું છે, કેમ કે રક્તથી જ પ્રાયશ્ચિત થાય છે, કેમ કે તેમાં જીવ છે" (૧૭;૧૧). આમાં ઘણું ઊંડું સત્ય રહેલું છે, તે સુવાર્તાની સાથે સંકળાએલું છે. "તેના પુત્ર ઈસુનું રક્ત આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે" (૧ યો.૧;૭). રક્તને લીધે તો નહિ, પણ રક્તમાં રહેલા જીવને લીધે આપણાં પાપનું નિવારણ થાય છે, એવું આ વચનથી શીખવેલું છે. "ઘેટાંને સારુ હું મારો જીવ અર્પી દઉં છું" (યો.૧૦;૧૫). રક્ત વહેવડાવવાથી એટલે મરણ નિપજાવવાથી પ્રાયશ્ચિત કરવા સારુ જીવ છૂટો કરવામાં આવે છે (હે.૧૦;૧૦).

(૪) પરંતુ આ છેલ્લાં બે યજ્ઞાર્પણથી જે જે પાપોનું પ્રાયશ્ચિત કરવામાં આવતું હતું, તે સઘળાં "અજાણે" કરેલાં પાપ હતાં (૪;૨,૧૩,વગેરે). "મદોન્મત્તપણાથી" (મૂળાર્થ-ઊંચે હાથે) કરેલા પાપને સારુ તો પ્રાયશ્ચિત કરી શકાય નહિ (ગણ.૧૫:૩૦). તો જાણીજોઈને જે કોઈ માણસ પાપ કરે, તે પસ્તાવો કરીને કોને શરણે જાય? અથવા ઈસ્ત્રાએલમાં જાણીજોઈને પાપ કરનાર કોઈ નહોતો શું? હઝકીએલે નવા બંધાએલા યરુશાલેમનું નામ "યહોવા શામ્માહ"-"યહોવા ત્યાં રહે છે"-એવું પાડવાનું કહ્યું હતું (૪૮;૩૫). તો એવા પવિત્ર નગરમાં રહેનાર દેવભક્તો કેમ કરીને પાપમાં પડે? ભૂલચૂક તો થાય જ, પણ જાણીજોઈને - મદોન્મત્તપણાથી--નિયમનું ઉલ્લંઘન કોઈ ન કરે. એવા આદર્શ નગર તથા તેના પવિત્ર રહેવાસીઓને સારુ યજ્ઞાર્પણોના વિધિઓનો આખરનો સંગ્રહ આ પુસ્તકમાં કરવામાં આવ્યો હતો.

એમ છતાં પાપી માણસો પાપ તો કરે જ. તો પસ્તાવો કરનારને ક્યાંથી આશ્રય મળતો? તે કોને શરણે જતો? ઈશ્વરને જ. તે બીજા કોની પાસે જાય? ઈશ્વરની જ સાથે કરાર કરવામાં આવ્યો હતો. તેથી કરાર તોડનારને એકલો ઈશ્વર ક્ષમા આપી શકે. એવા પ્રકારનાં પાપની વિરુદ્ધ મહાન પ્રબોધકો ધમકીરૂપ બોધભાષણ કરતા હતા (યશ.૧;૧૩-૧૬ ને બધે). પણ ઈશ્વરને ક્ષમાવાન જાણીને પ્રબોધકો ક્ષમાની વધામણી પણ પ્રગટ કરતા હતા. "તારા જેવો દેવ કોણ છે?" કેમ કે તું તો પાપ માફ કરે છે; તું તેઓનાં સર્વ પાપો સમુદ્રનાં ઊંડાણમાં ફેંકી દેશે" (મી.૭;૧૮,૧૯). "જે પોતાની ખાતર તારા અપરાધોને ભૂંસી નાંખે છે, તે હું, હું જ છું" (યશ.૪૩;૨૫). યજ્ઞમાં રેડેલું લોહી ભૂલચૂકો "ઢાંકી" શકે ખરું, પણ મહા પાતકોનું પ્રાયશ્ચિત્ત તો એકલી ઈશ્વરકૃપાથી થાય. ન્યાયશાસનોની સાથે એજ સંદેશો સિનાય પહાડ પરથી પ્રગટ કરવામાં આવ્યો હતો (નિ.૩૪;૬).

નવા કરારનો સંદેશો એવો જ છે. આપણે "સઘળાંએ પાપ કર્યું છે, અને દેવના મહિમા વિષે સઘળાં અધૂરાં જણાઈએ છીએ" (રૂ.૩;૨૩); પણ તેજ સંદેશામાં જાહેર કરેલું છે, કે એક યજ્ઞાર્પણદ્વારા ઈશ્વરનો ઉદ્ધારક પ્રેમ પ્રગટ કરવામાં આવ્યો છે, જેથી કરીને જૂના કરારના શિક્ષણમાં જે બે બાબત, એટલે ઈશ્વરની કૃપા અને યજ્ઞાર્પણની રૂઢી, એકબીજાથી અલગ જેવી દેખાય છે, તે નવા કરારની સુવાર્તામાં એકરૂપ થએલી જણાય છે. "દેવે જગત પર એટલી પ્રીતિ કરી, કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો." આવી જ રીતે પવિત્ર શાસ્ત્રદ્વારા ઈશ્વર આપણને સત્યરૂપી મંદિરના બહારના આંગણામાંથી પગલે પગલે પરમપવિત્રસ્થાનની અંદર દોરી લઈ ગયો છે.

૫. તેથી યજ્ઞની ક્રિયામાંનું સહુથી મહત્વનું કાર્ય તો રક્તને લગતું હતું. જેમ ગુન્હાઓ જુદા જુદા પ્રકારના હતા, તેમ તેમનું પ્રાયશ્ચિત કરવાનું રક્ત વાપરવાની રીત પણ જુદી જુદી હતી દા.ત. ગુનો કરનારની સમાજમાં જેવી પંક્તિ, તેવી તેના ગુન્હાથી તેને લાગતી અશુદ્ધતા હતી, એટલે જેમ પંક્તિ વધારે ચઢિયાતી તેમ અશુદ્ધતા પણ વધારે ગણાતી હતી, અને તેથી તેનું વધારે પૂર્ણ પ્રાયશ્ચિત કરવાની જરૂર પણ હતી. જો ગુન્હેગાર પ્રમુખયાજક હોય તો એક બળદનો વધ કરીને તેનું રક્ત પવિત્રસ્થાન અને પરમપવિત્રસ્થાન વચ્ચેના અવરોધક

પડદા પર સાત વાર છાંટવાનો નિયમ હતો (૪;૬). જો ગુન્હો કરનાર આખો સમાજ હોય, તો તેમ જ કરવું (૧૪); પણ ગુનેગાર કોઈ સરદાર કે ગૃહસ્થ હોય, તો ઓછી કિંમતનું અર્પણ ચાલતું, તેમ જ લોહી પવિત્રસ્થાનમાં ન લઈ જતાં તેને યજ્ઞાર્પણની વેદીનાં શિંગ પર ચોપડવવામાં આવતું હતું (૨૫,૩૦). પરંતુ પ્રાયશ્ચિત્તને દિવસે આખી જમાતનાં સર્વ પાપોનું પ્રાયશ્ચિત કરવામાં આવતું, ત્યારે રક્ત પરમપવિત્રસ્થાનના પડદાની માંહે લઈ જઈને ત્યાંના દયાસન પર છાંટવામાં આવતું હતું (૧૬;૧૪). તે દૃષ્ટાંત પ્રમાણે પ્રભુ ઈસુ ખ્રિસ્તે આપણે સારુ મેળવેલો ઉદ્ધાર તે સનાતન ઉદ્ધાર છે, કેમ કે "પોતાના જ રક્તથી તે પરમપવિત્રસ્થાનમાં એક જ વખત ગયો" (હે.૯;૧૨). (છાંટવું (૧;૫,વગેરે). મૂળ ભાષાના શબ્દનો અર્થ "ઢોળી નાખવું," "વાસણમાંથી જોરથી ફેંકી દેવું." ૪;૬,૧૭,વગેરેમાં જે "છાંટવું" મળી આવે છે, તેનો મૂળ શબ્દ જુદો છે, જેનો અર્થ "આંગળીથી છૂટું છૂટું નાખવું" થાય છે).

હેબ્રી ભાષા પ્રમાણે પ્રાયશ્ચિત્તનો મૂળાર્થ "ઢાંકવું" છે. છાંટેલા રક્તથી કરેલાં પાપ "ઢંકાએલાં" હોવાથી ઈશ્વરની હજૂરમાં જવાનો માર્ગ ખુલ્લો થતો હતો. પરંતુ યાદ રાખવું જોઈએ, કે "યહોવાહ, યહોવા, દયાથી ભરપૂર તથા કૃપાળુ," એવા વચનદ્વારા જેણે પોતાને પ્રગટ કર્યો હતો, તેની જ આગળ યજ્ઞાર્પણો ચઢાવવામાં આવતાં હતાં, એટલે ઈશ્વરની નરી કૃપાને લીધે જ અર્પણ કરનારનો અંગીકાર કરવામાં આવતો હતો. અર્પણો ચઢાવવાથી ઈસ્ત્રાએલીઓ ઈશ્વરની કૃપા સંપાદન કરતા હતા, એમ તો નહિ, પણ તે દ્વારા તેઓ તેની કૃપા પામીને તેને વળગી રહેતા હતા. ઈશ્વરની સંગત ઈચ્છનારને નડતા અંતરાયો દૂર કરવાના સાધન તરીકે ઈશ્વરની જ કૃપાથી યજ્ઞાર્પણની રૂઢી માન્ય રાખવામાં આવી હતી.

૬. યજ્ઞ કરવાની જુદી જુદી ક્રિયાઓ નીચે પ્રમાણે હતી :-

(૧) જે જાનવરનો વધ કરવાનો હોય, તેને અર્પણ ચઢાવનાર મુલાકાતમંડપની બારણા આગળ લાવીને રજૂ કરતો (૧;૩).

(૨) અર્પણ કરનાર પોતાનો જમણો હાથ તેના માથા પર મૂકતો (૫). એમ કરવાનો શો હેતુ હતો, તે સ્પષ્ટ જણાતો નથી. હાથ

મૂકવાથી જો અર્પણ દેનારનાં પાપ જાનવરને માથે આવે, તો જાનવર અશુદ્ધ બની જાય એમ સમજવું પડે. પ્રાયશ્ચિત્તને દિવસે જે બકરાંને માથે લોકનાં પાપ મૂકવામાં આવતાં, તે અશુદ્ધ થવાથી તેને અરણ્યમાં મોકલી દેવામાં આવતો હતો. જાનવરના માથા પર હાથ મૂકીને તેનું અર્પણ કરનાર ઈશ્વરને તે સોંપી દેવા માગતો હોય, એટલે જે "સાધારણ" ગણાતું હતું, તે "પવિત્ર" બની જાય છે (૧ શમૂ. ૨૧;૪), એવી માન્યતા હોવાનો સંભવ છે.

(૩) વેદીની ઉત્તર તરફ જાનવરનો વધ કરવામાં આવતો (૧૧). જો અંગત અર્પણ હોય, તો અર્પનાર પોતે તેનો વધ કરે, એવો નિયમ હતો.

(૪) ત્યાર પછી રક્તને લગતી જે નિયમિત ક્રિયા હોય, તે કરવામાં આવે (૫). તે ક્રિયા વિષે ઉપર નોંધ કરેલી છે.

(૫) પ્રાયશ્ચિત્તની ક્રિયા કરાયા પછી જાનવર ઈશ્વરને આપવામાં આવે, તે માટે તેને તૈયાર કરવામાં આવતું. પહેલવહેલાં તેનું ચામડું ઊતારવામાં આવતું (૬). પાપાર્થાર્પણાર્થે જે જાનવર અર્પવામાં આવતું, તેનું આખું ખોળિયું છાવણી બહાર બાળી મૂકવામાં આવતું (૪;૧૨), પણ બીજાં બધાં અર્પેલાં જાનવરોનાં ચામડાં પર યાજકનો હક રહેતો.

(૬) આખરે કાપેલા ટુકડા વેદી પર ગોઠવવામાં તથા બાળી મૂકવામાં આવતા (૯).

૭. અર્પણોના બે જુદા જુદા વર્ગ હતા, એટલે "પવિત્ર" તથા "પરમપવિત્ર." શાંત્યર્પણો તથા પ્રથમ ફળનાં અર્પણ "પવિત્ર" ગણાતાં હતાં (૨૩; ૧૯,૨૦); પણ ખાદ્યાર્પણ (૨;૩), પાપાર્થાર્પણ (૬;૨૫), દોષાર્થાર્પણ (૭;૬), તથા અર્પેલી રોટલી (૨૪;૯) "પરમપવિત્ર" ગણાતાં હતાં. "પવિત્ર" વસ્તુઓ યાજકો તથા તેનાં કુટુંબનાં માણસોને ગમે તે સ્વચ્છ જગાએ ખાવાની છૂટ હતી (૧૦;૧૪), પણ "પરમપવિત્ર" વસ્તુઓને કેવળ યાજકોને ખાવાની રજા હતી, અને વળી તે તેઓને મુલાકાતમંડપના આંગણામાં ખાવી પડતી (૬;૧૬,૨૬).

અર્પણોની જુદી જુદી ગંભીર ક્રિયાઓદ્વારા ઇસ્ત્રાએલીઓને યહોવાની પરમપવિત્રાઇ નિત્ય યાદ દેવડાવવામાં આવતી હતી. વળી હૃદયને પાપમાંથી શુદ્ધ કરવાની ક્રિયાઓની નિષ્ફળતા જોઇ ને માણસોનાં મનમાં એવી આશા સળગતી રહેતી હતી, કે જેઓને કાઢી મૂકવામાં આવેલા છે, તેઓ તેનાથી સદા દૂર ન રહે, એવો ઉપાય યોજ્યા વિના ક્ષમાવાન ઇશ્વર રહેશે નહિ (૨ શમૂ. ૧૪;૧૪). "દેવનું હલવાન કે જે જગતનું પાપ હરણ કરે છે," તે સંપૂર્ણ કરનાર યજ્ઞની પ્રતિછાયા આ ક્રિયાઓમાં રહેલી છે. "રક્ત વહેવડાવ્યા વગર પાપની માફી મળતી નથી" (હે.૯;૨૨), એવો સંદેશો લોહીથી ખરડાએલી વેદી નિત્ય પ્રગટ કરતી હતી. તે સર્વમાં રહેલી આગાહી ઇસુ ખ્રિસ્તમાં સંપૂર્ણ કરવામાં આવેલી છે, જે "છેલ્લા કાળમાં પોતાના બલિદાનથી પાપને દૂર કરવા માટે એક જ વખત પ્રગટ થયો" (હેબ.૯;૨૩).

(હેબ.૯;૧-૧૦ ; ૧૮માં યજ્ઞાર્પણની રૂઢીનો જે ખુલાસો કરેલો છે, તે જુઓ).

વિગતવાર નોંધ

A. યજ્ઞાર્પણોના નિયમો (અધ્ય. ૧; ૧-૧૭).

૧; ૧-૧૭. **દહનિયાર્પણ.** (હેબ્રી ભાષાના શબ્દનો મૂળાર્થ "જે ચઢી જાય છે, તે છે, એટલે અગ્નિદ્વારા ઇશ્વરની આગળ જે ચઢાવવામાં આવે છે, તે"). જુઓ ૬; ૮-૧૩ : નિ.૨૯; ૧૫-૧૮). નિયમ પ્રમાણે તે તમામનું દહન કરવામાં આવતું હતું, તેથી તે કોઇ વાર "સકળ દહનિયાર્પણ" પણ કહેવાતું હતું (પુ.૩૩;૧૦ : ગી.૫૧;૧૯). આ પ્રકારનું અર્પણ કરીને અર્પણ દેનાર ઇશ્વરને પોતાનું પૂર્ણ સ્વાર્પણ કરવાની ઇચ્છા જાહેર કરવા માગતો હતો. નિત્યનું દહનીયાર્પણ (નિ.૨૯; ૩૮-૪૬) ઇશ્વરની સેવાને અર્થે અલગ કરાએલા આખા સમાજના સ્વાર્પણનું ચિહ્ન હતું.

૨; ૧-૧૬. **ખાદ્યાર્પણ.** (વળી ૬; ૧૪-૨૩ : ૧૦;૧૨,૧૩ : ગણ.૧૫; ૧-૧૫). આ અર્પણદ્વારા અર્પી દેનાર પોતાના ખેતરની સર્વ પેદાશ યહોવાની જ છે, એવું કબૂલ કરતો હતો. આ અર્પણ એકલું ચઢાવી શકાતું, તેમ જ દહનિયાર્પણ અથવા શાંત્યર્પણની સાથે પણ તે ચઢાવી શકાતું (ગણ.૧૫; ૧-૯). અર્પેલું અન્ન કાચું (૧-૩) કે રાંધેલું

(૪-૭) હોઇ શકે. (અ) તેના પર તેલ રેડવાનો તથા લોબાન નાખવાનો નિયમ હતો (પણ "સંશયના ખાદ્યાર્પણનો નિયમ" જુઓ: ગણ.૫;૧૫). તેમ જ તે મીઠાથી સલૂણું હોવાની અગત્ય હતી (૧૩). (આ) પણ તેમાં ખમીર અને મધ નાખવાનો પ્રતિબંધ હતો (૧૧). મીઠું દરેક પ્રકારના ખોરાકમાં નાખવામાં આવે છે (યૂ. ૬;૬). તેમાં ખાદ્ય પદાર્થને તાજો રાખવાનો ગુણ છે, તેથી તે જીવન તથા તાજગીપણાનું ચિહ્ન છે. પણ ખમીર સડા તથા મોતનું ચિહ્ન છે. વળી કોઇનું મીઠું ખાવું તે મિત્રાચારીની મુદ્રા છે. ઉપકાર નહિ ભૂલનાર તો "નિમકહલાલ" કહેવાય છે. જે કદી તોડવામાં આવે નહિ, તેવો કરાર "લૂણનો કરાર" કહેવાય છે (૧૩;ગણ. ૧૮;૧૯). આ અર્પણ "પરમપવિત્ર" ગણાતું હતું, તે ખાવાનો નિયમ ૧૦;૧૨,૧૩માં મળી આવે છે. માર્ક ૯;૪૯,૫૦ જુઓ.

૩; ૧-૧૭. **શાંત્યર્પણ** (અથવા ઉપકાર્થાર્પણ). જુઓ ૭; ૧૧-૨૧, ૨૮-૩૪. પુરાતન કાળમાં સહુથી સાધારણ અર્પણ એજ હતું, તેમાંથી કાળાંતરે તેના જુદા જુદા પ્રકાર ઉપસ્થિત થયા હતા, જેમ કે ઉપકાર માનવાનું વ્રત પાળવાનું અને ઐચ્છિકાર્પણ (૭;૧૬). તેનો સહુથી સારો ભાગ યાજકને આપવામાં આવતો (૭;૩૨). તે "પવિત્ર" અર્પણ કહેવાતું હતું, તેથી યાજકના હિસ્સાનું જે કંઇ હોય, તે યાજક તથા તેના કુટુંબીજનોને ગમે તે સ્વચ્છ જગાએ ખાવાની છૂટ હતી (૭;૩૧ : ૧૦;૧૪). બાકીનું તો અર્પણ દેનાર તથા તેનાં સગાં પ્રેમભોજન તરીકે ખાતાં હતાં (૭;૧૫). આ અર્પણ ઈશ્વર સાથેના થએલા સમાધાનનું ચિહ્ન હતું.

૪; ૧-૫;૧૩. **પાપાર્થાર્પણ.** આ અર્પણથી અજાણે કરેલાં પાપનું પ્રાયશ્ચિત્ત કરવામાં આવતું હતું (૨). એવાં પાપ જુદા જુદા પ્રકારનાં હતાં, જેમ કે (૧) ધર્મક્રિયાઓમાં થએલો દોષ (૩,૧૩,૨૨,૨૭), (૨) અમુક પાપ, જેવાં કે (અ) જાણ્યા છતાં સાક્ષી નહિ આપવી તે (૫;૧), (આ) સ્પર્શથી થએલી આભડછેટ (૨,૩) અને વગર વિચારે સોગન ખાવા તે (૪). વળી જેવો ગુનેગાર તેવું અર્પણ : (૧) જો પ્રમુખ યાજક ભૂલમાં પડે, તો જુવાન વાછરડો અર્પવો પડતો હતો (૪;૩). (૨) આખી જમાતને સારુ પણ એજ અર્પણ કરવાનું હતું (૧૪.ગણ.૧૫;૨૪ પ્રમાણે બકરો ચઢાવવો પડતો હતો).

(૩) સરદારને સારુ બકરો (૨૩), અને સાધારણ માણસને સારુ બકરી (૨૮) કે નારી હલવાન (૩૨). પણ જો તે સાધારણ માણસ ગરીબ હોય, તો બકરી કે હલવાનને બદલે બે હોલા કે કબૂતરનાં બે બચ્ચાં (એક દહનિયાર્પણને સારુ ને એક પાપાર્થાર્પણને સારુ) અર્પવાની છૂટ હતી (૫;૭).

૫; ૧૪-૬;૭. **દોષાર્થાર્પણ.** જે જે ગુનાને લીધે બદલો આપી શકાય, એવા ગુનાને સારુ આ અર્પણ કરવામાં આવતું હતું. એવા ગુનાઓ બે પ્રકારના હતા, એટલે (અ) મંદિરને લગતા ગુનાઓ, વિશેષે કરીને "યહોવાની પવિત્ર વસ્તુઓને" લગતા ગુનાઓ, જેવા કે અનિયમિત રીતે અર્પણ કરવું, મંદિરનો ઓછો વેરો ભરવો, વગેરે (૧૫); અને (આ) પડોશીની વિરુદ્ધ કરેલા ગુન્હાઓ, જેવા કે તેના પૈસાનો ગેરવહીવટ કરવો, જૂઠી સાક્ષી આપવી, વગેરે (૬;૨,૩). ગુનેગાર ખૂટતી રકમમાં અથવા ચોરી લીધેલી વસ્તુની કિંમતમાં એક પંચમાંશ ઉમેરીને તેનાં નાણાં પાછાં ભરી આપે એવો નિયમ હતો (૫;૧૬ : ૬;૫).

B. યાજકવર્ગને સારુ ધર્મક્રિયાની પદ્ધતિ (૬; ૮-૭;૩૮).

આ પદ્ધતિ સુધારાવધારા સહિત આગલા નિયમોને આધારે તથા તેના ક્રમ પ્રમાણે (શાંત્યર્પણ સિવાય) ગોઠવેલી છે. તેના પ્રત્યેક વિભાગને માટે "ફલાણા અર્પણનો નિયમ આ છે"--એવા શબ્દો મૂકેલા છે (૬;૯,૧૪,૨૫ વગેરે). હેબ્રીમાં આ તેનો "તોરાહ" છે). ૭;૩૭,૩૮ તેનું સમાપ્તિવચન છે. સામાન્ય વર્ગ નાં મનુષ્યોની જાણને સારુ આપેલી પદ્ધતિના નિયમો યહોવાએ મૂસાને મુલાકાતમંડપમાં કહી જણાવ્યા (૧;૧), પણ આ બીજી પદ્ધતિના નિયમો સિનાય પહાડ પરથી જાહેર કરવામાં આવ્યા (૭;૩૮).

C. યાજકપદની સ્થાપના (અધ્ય. ૮-૧૦).

૮; ૧-૩૬. હારૂન તથા તેના પુત્રોની દીક્ષા. જોઈતી સામગ્રી તૈયાર કરવામાં આવી (૧-૫). હારૂનનું તથા તેના પુત્રોનું સ્નાન થયા બાદ (૬) હારૂનને તેનાં વસ્ત્રો પહેરાવવામાં આવ્યાં (૭-૯), અને તેને માથે અભિષેકનું તેલ રેડવામાં આવ્યું (૧૧). આ ક્રિયાની સાથે

ખ્રિસ્તીઓનું સ્નાન (યો.૧૩;૧૦), તેઓનાં વસ્ત્રો (એફ.૪;૨૨-૨૪) તથા તેઓનો અભિષેક (એફ.૫;૧૮) સરખાવો. ત્યાર પછી પાપાર્થાર્પણ કરવામાં આવ્યું (૧૪-૧૭). હારૂને તથા તેના દીકરાઓએ પ્રથમ પોતાનાં પાપ કબૂલ કર્યાં (હે.૫;૩). ત્યાર પછી દહનીયાર્પણ કરવામાં આવ્યું (૧૮-૨૧). એમ કરીને હારૂને તથા તેનાં પુત્રોએ ઈશ્વરને પોતાનું સ્વાર્પણ કર્યું. ત્યાર પછી પ્રતિષ્ઠાના ઘેટાંનો વધ કરવામાં આવ્યો, તેનું રક્ત હારૂનના તથા તેના પુત્રોના જમણા કાન પર, જમણા હાથના અંગુઠા પર તથા જમણા પગના અંગુઠા પર લગાડવામાં આવ્યું (૨૨-૩૨). શરીર દેવનું છે, તેથી તેનાં સર્વ અંગો આપણે દેવની સેવામાં વાપરવાં. "મૂલ્ય આપીને તમને ખરીદવામાં આવ્યા હતા; તો તમારા શરીર વડે દેવને મહિમા આપો" (૧કર. ૬;૨૦). અભિષેકની ક્રિયાઓ સાત દિવસ ચાલી હતી, તે બધો વખત મૂસા તો યાજકનો હોદ્દો ભોગવતો હતો, અને તે દરમિયાન હારૂન સાધારણ પંક્તિનો માણસ ગણાતો હતો (૩૩).

૯; ૧-૨૪. હારૂનનું તેડું. ઈશ્વર તરફથી હારૂનને યાજકપદને સારુ તેડવામાં આવ્યો (૭). ઈશ્વર તરફથી દરેક પાળકને તેડું આપવામાં આવે છે (હેબ.૫;૪). પહેલવહેલાં તેણે પોતાને સારુ તથા પોતાના ઘરનાં સર્વને સારુ (LXX તથા ૧૬;૧૧ પ્રમાણે) પ્રાયશ્ચિત્ત કર્યું. દરેક ઈશ્વરપ્રેરિત પાળકે પોતાની નિર્બળતા જાણીને અજ્ઞાનીઓ તથા ભૂલા પડેલાઓ પ્રત્યે સહાનુભૂતિથી વર્તવું (હેબ.૫;૨). ત્યાર પછી તેણે લોકને સારુ (૧) પાપાર્થાર્પણ (૧૫), (૨) દહનીયાર્પણ (૧૬), (૩) ખાદ્યાર્પણ (૧૭), તથા (૪) શાંત્યર્પણ (૧૮)--એ જુદાં જુદાં અર્પણ કર્યાં. પછી તેણે લોકને આશીર્વાદ આપ્યો (૨૨ : ગણ.૬; ૨૪-૨૬), પોતે આશિષ પામ્યા બાદ તે બીજાઓને આશિષ પમાડનાર થયો. આખરે મૂસાએ તથા હારૂને બેઉએ લોકને આશીર્વાદ દીધો (૨૩). તેઓને યહોવાના ગૌરવનું દર્શન થયું, અને અગ્નિએ ઊતરી આવીને વેદી પરનું દહનીયાર્પણ ભસ્મ કરી નાખ્યું (૨૩).

૧૦; ૧-૫. નાદાબ તથા અબીહૂનો શિક્ષારૂપ દેહાંત. તેજ રીતે ખ્રિસ્તી મંડળીની બાલ્યાવસ્થામાં અનાન્યા તથા સાફીરાના ભયકારક મરણથી તે સમયના ખ્રિસ્તીઓને ગંભીર ચેતવણી આપવામાં આવી. એવી જ રીતે આખાનનો દેહાંતદંડ પણ ચેતવણીરૂપ હતો.

૧૦; ૬,૭:૨૧; ૧૦-૧૨ પ્રમાણે આ નિયમ માત્ર પ્રમુખયાજકને લાગુ પડતો હતો.

૧૦; ૮,૯. મુલાકાતમંડપમાં જાહેર ભજનસેવા ચલાવવા જતી વખતે યાજકોને દ્રાક્ષારસ કે દારૂ પીવાની મના હતી (હઝ.૪૪;૨૧).

૧૦; ૧૦,૧૧. યાજકને સોંપેલી જુદી જુદી ફરજો.

૧૦; ૧૨-૧૫. યાજકના હિસ્સાનું માંસ ખાવાને લગતા જુદા જુદા નિયમો.

૧૦; ૧૬-૨૦. હારૂને કરેલી ભૂલ. ૬;૨૬ પ્રમાણે લોકને માટે કરેલા પાપાર્થાર્પણમાં યાજકનો જે હિસ્સો હતો, તે ખાવાની યાજકોની ફરજ હતી (૧૮), પણ આ પ્રસંગે તે બાળી મૂકવામાં આવ્યું હતું (૧૯). આથી મૂસા ક્રોધાયમાન થયો હતો (૧૬). પરંતુ મારા પુત્રોના ગુનાથી (૧,૨) હું અશુદ્ધ થએલો હોવાથી કેમ કરીને તે ખાઉં, એમ કહીને હારૂને મુસાનો રોષ શમાવ્યો.

III. શુદ્ધાશુદ્ધને લગતા નિયમો (અધ્ય. ૧૧-૧૬).

આ દેશમાં પણ અમુક વસ્તુઓ તથા અમુક પ્રકારની પરિસ્થિતિઓ પાક અને બીજી નાપાક ગણવાનો ધારો છે. એવો રિવાજ ક્યાંથી ઉપસ્થિત થયો, તે કહેવું મુશ્કેલ છે. શહેરમાં તેમ જ જંગલમાં, ભણેલા તથા અભણ વર્ગોમાં--બધે તે મળી આવે છે. કેટલીએક વસ્તુઓ બેશક કંટાળો ઉપજાવે એવી હોય છે, એથી તે અશુદ્ધ ગણાય તે સ્વાભાવિક છે. વળી કેટલીએક વસ્તુઓ આરોગ્યને નુકસાનકારક છે, તે કારણને લઈને તે અશુદ્ધ ગણી શકાય. આ આરોગ્યને નુકસાનકારક છે, તે કારણને લઈને તે અશુદ્ધ ગણી શકાય. આ રિવાજનું કારણ ગમે તે હોય, તોપણ એટલું તો ખરું કે તે રિવાજ ઘણો જ પુરાણો છે. ઈસ્ત્રાએલમાં મૂસાની અગાઉ લાંબા સમયથી એવી પ્રથા ચાલતી હતી (દા.ત.ઉત.૩૧;૩૫), પણ લોકને સારુ તે રિવાજ બોધદાયક થાય, માટે મૂસાએ તથા મૂસા પછીના યાજકોએ આ પ્રકરણમાં સમાએલા જુદા જુદા વિધિઓ ઠરાવ્યા હશે. પવિત્ર દેવનું ભજન કરનારાઓએ પવિત્ર હોવું જોઈએ (યો.૪;૨૪). અશુદ્ધ માણસ તેની સંગતમાં શી રીતે આવે? એજ આ પ્રકરણનો વિષય છે. હવે

૧૦;૧૦ પ્રમાણે "પવિત્ર અને સાધારણ વચ્ચે, ને શુદ્ધ અને અશુદ્ધ વચ્ચે ભેદ રાખવો," એ યાજકોની મુખ્ય ફરજ હતી.

"બહારથી માણસમાં પેસીને તેને વટાળી શકે, એવું કંઈ નથી; પણ માણસમાંથી જે નીકળે છે, તેજ માણસને વટાળે છે," એમ કહીને એ એક જ વચનથી પ્રભુ ઈસુએ અસ્પૃશ્યતાની માન્યતાનું ખંડન કર્યું (માર્ક ૭;૧૫). આભડછેટના વહેમના બંધનથી જેણે આપણને છોડાવ્યા છે, તેના આપણે કેટલા બધા ઋણી છીએ! ગમે તેમ હોય, તોપણ ઈસ્ત્રાએલીઓને વહેમી ગણવાની ભૂલ આપણે ન કરવી, કેમ કે આ સાર્વત્રિક રિવાજ વિષે બીજા લોક ચાહે તેમ માને, તોપણ ઈસ્ત્રાએલીઓમાં તો તે સંબંધીના નિયમો ઈશ્વર પ્રત્યે ખરા પૂજ્યભાવથી પ્રેરણા કરનારા નીવડ્યા હતા. જેઓ આ વિધિઓથી કેળવાએલા હતા તેઓની જ આગળ શુદ્ધાશુદ્ધનો નવો નિયમ, એટલે કે શુદ્ધતા ને અશુદ્ધતા સ્પર્શમાં નહિ, પણ વિચારમાં--શરીરમાં નહિ, પણ આત્મામાં રહેલો છે, તે નિયમ પ્રભુ ઈસુએ પ્રગટ કર્યો. આ પ્રકરણમાં ખાલી અશુદ્ધતાના નિયમો મળી આવે છે ખરા, તોપણ તે નિયમો ઘણા ઉમદા છે. "તમારો દેવ થવા સારુ મિસર દેશમાંથી તમને કાઢી લાવનાર હું યહોવા છું; માટે તમે પવિત્ર થાઓ, કેમ કે હું પવિત્ર છું" (૧૧;૪૫).

૧૧; ૧-૨૩. શુદ્ધાશુદ્ધ આહારનો નિયમ. ચોપગાં જાનવરો (૩-૮), જળચર (૯-૧૨), પંખીઓ (૧૩-૧૯), ને પાંખવાળાં સર્પટીઆં (૨૦-૨૩).

૧૧; ૨૪-૪૦. શબના સ્પર્શથી થતી અશુદ્ધતા. માટલું (૩૩) સૂક્ષ્મ છિદ્રવાળું હોય છે, તેથી તેને અશુદ્ધતા વધારે પ્રમાણમાં લાગે છે, જે ધોઈ નાખી શકાય નહિ. તેથી અશુદ્ધ થએલું દરેક માટલું ફોડી નાખવાનો નિયમ હતો, પણ પિત્તળ તથા બીજી વસ્તુઓનાં બનેલાં વાસણ માત્ર ધોવાની જરૂર હતી (૩૨). (૬;૨૮ પ્રમાણે માટીના વાસણને અશુદ્ધતા લાગેલી છે, તેથી તે ફોડી નાખવું. પવિત્ર સેવામાં જે કંઈ ચીજ વાપરવામાં આવી હોય, તે બીજા કોઈ કામમાં વાપરી શકાય નહિ, નહિ તો અર્પિત વસ્તુના સ્પર્શથી સાધારણ મનુષ્યને જોખમ નડે, એમ તેઓ માનતા હતા.)

૧૧; ૪૧-૪૫. પેટે ચાલનારાં જીવડાં.

૧૨; ૧-૮. લૂક ૨;૨૪ જુઓ.

૧૩; ૧-૧૪;૫૭. કોઢને લગતા નિયમો. આ પ્રકરણમાં જે રોગનું વર્ણન કરેલું છે, તે વિષે આપણે શું સમજવું? કેમ કે માણસોને લાગે એટલું જ નહિ, પણ વસ્ત્રોને (૧૩;૪૭) તથા ઘરોને (૧૪;૩૪) પણ લાગે, એવો તે હતો. તે ચેપી નહોતો. કોઢ ચેપી હતો તેથી નહિ, પણ કોઢિયો અશુદ્ધ ગણાતો હતો, તેથી તેને ગામ બહાર રહેવું પડતું હતું (૧૩;૪૫,૪૬). તેની કંઈ દવા કરવામાં આવતી હોય, એમ લાગતું નથી. કોઢિયાની ચિકિત્સા કરીને રોગ મટી ગયો છે કે કેમ, તે નક્કી કરવાની યાજકની ફરજ હતી (માર્ક ૧;૪૪). તે મટાડી શકાય એવો હતો. બેથાનીઆ ગામમાં જેણે પ્રભુ ઈસુનો આદરસત્કાર કર્યો, તે કોઢિયો હતો (માર્ક ૧૪;૩) ખરો, પરંતુ તેનો રોગ ક્યારનોય મટી ગયો હશે, નહિ તો તેનાથી કોઈનું સ્વાગત થઈ શકે નહિ. કોઢ તો ઘણું કરીને ચામડીનો જ રોગ હતો, રક્તપિત્ત નહિ. પણ તે ગમે તેવો હોય, તોપણ જેને તે લાગેલો હોય, તે માણસને ઈશ્વરની સંગતમાં તેમ જ સમાજની સંગતમાં આવતાં રોકવામાં આવતો હતો.

૧૩; ૧-૫૯. આઠ જુદા જુદા પ્રકારનો કોઢ.

૧૪; ૧-૩૨. કોઢિયાના શુદ્ધિકરણની ક્રિયાઓ. ક્રિયા બેવડી હોય, એમ લાગે છે. ક.૮ પ્રમાણે કોઢિયો શુદ્ધ થએલો કહેવાય છે, જેથી તેને છાવણી માંહે આવવાની રજા આપવામાં આવી. પણ ક.૯ પ્રમાણે તે હજુ શુદ્ધ થએલો નહોતો. જો એમ હોય, તો એક ઘણી જૂની (૧-૮) અને એક નવા સમયની તથા નવી પદ્ધતિની (૯-૨૦), એવી બે જુદી જુદી ક્રિયાઓ ભેગી ચાલતી હતી એમ સમજવું પડે છે. "લાલ વાછરડી"ની ક્રિયા ઘણા જૂના સમયની હતી, તેમાં પણ એરેજવૃક્ષનું લાકડું, સિંદૂર તથા ઝૂફો વાપરવામાં આવતાં હતાં (ગણ.૧૯;૬). વળી જે પક્ષી ખુલ્લા મેદાનમાં છોડી દેવાનું હતું, તેને કોઢિયાને લાગતી અશુદ્ધતા લગાડવામાં આવતી હતી, એ માટે કે તે ઊડીને લઈ જાય. એવી જ રીતે પ્રાયશ્ચિત્ત ને દિવસે અઝાઝેલને સારુ જે બકરો પસંદ કરવામાં આવતો, તે તેને માથે મૂકેલાં આખા સમાજનાં પાપ અરણ્યમાં લઈ જતો (૧૬;૨૧). (ગામનાં ઢોરમાં જો રોગ પેસે તો ગામના લોક

માતાનો રથ બનાવીને તેમાં રોગ લાવીને ગામ બહાર તાણી લઈ જાય છે, એવું ઘણાના જોવામાં આવ્યું હશે). ત્યાર પછી કોઢિયો સ્નાન કર્યા બાદ શુદ્ધ થએલો ગણાતો હતો, જેથી તેને છાવણીમાં આવવાની રજા મળતી (૧-૮). પણ નવા સમયના નિયમ પ્રમાણે (૯-૨૦) બીજા સાત દિવસ પછી તેને ફરીથી માથું મુંડાવવાનું, લૂગડાં ધોઈ નાખવાનું તથા સ્નાન કરવાનું હતું. પછી રીતસરનાં જુદાં જુદાં ત્રણ અર્પણો એટલે દોષાર્થાર્પણ તથા પાપાર્થાર્પણ અને દહનિયાર્પણ લાવવાં પડતાં. ત્યાર પછી બીજી જુદી જુદી ક્રિયા કરાયા બાદ કોઢિયો શુદ્ધ ગણાઈને "યાજકોના રાજ્યમાં" (નિ. ૧૯;૬) પાછો દાખલ થઈને ફરીથી ઈશ્વરની સંગતમાં આવવા લાયક થતો.

૧૪; ૩૩-૫૩. ઘરને લાગેલો કોઢ.

૧૪; ૫૪-૫૭. કોઢ વિષેના પ્રકરણનું સમાપ્તિવચન.

૧૫; ૧-૩૧. વીર્યસ્ત્રાવથી થતી અશુદ્ધતા--પુરુષો (૧-૮) ને સ્ત્રીઓ (૧૯-૩૦).

૧૫; ૩૨,૩૩. અશુદ્ધતાના નિયમ (તોરાહ) નો અંત.

૧૬; ૧-૨૮. પ્રાયશ્ચિત્તના દિવસની ખાસ ક્રિયાઓ.

આ દિવસના હોમયજ્ઞમાં બીજાં બધાં યજ્ઞાર્પણોનું રહસ્ય રહેલું છે. બીજાં યજ્ઞાર્પણોમાંનાં ઘણાંખરાં તો અંગત તથા પ્રસંગોપાત હતાં. પણ આ દિવસે કરેલો યજ્ઞ નિયત વખતનો (એટલે વાર્ષિક) તથા સામાજિક હતો. અર્થ બાબતે સહુથી ઊંડો, પરિસીમા બાબતે સહુથી વિશાળ, અને અસર બાબતે સહુથી સાર્થક યજ્ઞ તે હતો. તેની ક્રિયાઓ પરથી (૧) પાપની પાપિષ્ટતા,(૨) પ્રાયશ્ચિત્ત કરવાની તથા શુદ્ધ કરાવાની જરૂર,ને (૩) પતિત માણસો પ્રત્યે ઈશ્વરની કૃપા સમજવાની છે. કેવળ આજ દિવસે યહૂદીઓને આત્મકષ્ટ (-ઉપવાસ) કરવાનો નિયમ હતો (૨૯). પ્રે.કૃ.૨૭; ૯માં પ્રાયશ્ચિત્તના દિવસને "ઉપવાસનો દિવસ" કહેવામાં આવેલો છે.

આ દિવસે ચાલતી ક્રિયાઓમાં પણ બે જુદી જુદી ક્રિયાઓ એટલે જૂના સમયની એક (૫-૧૦) ને નવા સમયની એક, (૧૧-૨૮) ભેગી કરાએલી હોય એમ લાગે છે. "અઝાઝેલ" એ કોઈ વનદેવતાનું નામ હોવાનો સંભવ છે (૧૭;૭. યશ.૩૪;૧૪માં રાની બકરો =

વનદેવતા). એમ જો હોય, તો આ ક્રિયા પુરાણા વખતથી ચાલતી આવેલી સમજવી જોઈએ. વળી ૫-૧૦માં જે ક્રિયા વર્ણવેલી છે, તે એક ક્રિયા તરીકે તો પૂરેપૂરી છે, તેમાં કંઈ બાકી રાખવામાં આવેલું નથી.

ત્યાર પછી નવા સમયનો વિધિ જાહેર કરેલો છે, તેના ત્રણ જુદા જુદા વિભાગ છે, એટલે :--(૧) ૧૧-૧૪. યાજકે રજૂ કરેલું પાપાર્થાર્પણ (૧૧), પરમપવિત્રસ્થાનમાં ધૂપ બાળવાનું (૧૨,૧૩), અને દયાસાન પર રક્ત છાંટવાનું (૧૪). કોઈ પણ માણસ ઈશ્વરને જોઈને જીવતો રહી શકે નહિ (નિ.૩૩;૨૦), તેથી પહેલવહેલાં યાજક ધૂપ બાળીને "ધૂપના મેઘથી" દયાસન ઢાંકી દે એવી જરૂર હતી. અત્યાર સુધી પ્રમુખયાજકે બે વાર, એટલે પહેલી વખતે ધૂપદાની લઈને, અને બીજી વખતે રક્ત લઈને પરમપવિત્રસ્થાનમાં પ્રવેશ કર્યો છે. આ બે કાર્યોથી તે પોતાને અર્થે, તથા પોતાના ઘરનાંને અર્થે પ્રાયશ્ચિત્ત કરી ચૂક્યો.

(૨) ૧૫-૧૯. યહોવાના બકરાનું લોહી છાંટવું. સમાજને સારુ કરેલા પાપાર્થાર્પણમાંનું રક્ત લઈને પ્રમુખયાજકે દયાસન પર તે છાંટ્યું (૧૫). એમ કરીને તેણે લોકની અશુદ્ધતાથી પરમપવિત્રસ્થાનને (૧૫) જે કંઈ અશુદ્ધતા લાગેલી હોય તેનું, તેમજ પવિત્રસ્થાનનું (૧૬) પ્રાયશ્ચિત્ત કર્યું. પછી બહાર આવીને અશુદ્ધ થએલી વેદીને સારુ તેણે પ્રાયશ્ચિત્ત કર્યું. (૧૮,૧૯).

(૩) ૨૦-૨૨. અઝાઝેલના બકરાને છોડી દેવાની ક્રિયા. તેને શિર લોકનાં સઘળાં પાપ મૂકવામાં આવ્યા પછી તેને અરણ્યમાં મોકલી દેવામાં આવ્યો.

પછીથી પ્રમુખયાજકે "પવિત્ર વસ્ત્રો" ઊતાર્યાં, અને સ્નાન કરીને તથા હમેશનાં લૂગડાં પહેરીને તેણે પોતાને સારુ દહનિયાર્પણો ચઢાવ્યાં, એટલે યાજકે તથા લોકે બંનેએ પાપની ક્ષમા પામીને યહોવાહની સેવાને અર્થે ફરીથી પોતાનું સ્વાર્પણ કર્યું, એમ સમજવું (૨૪-૨૮).

છેલ્લે આ તહેવારની તારીખ વગેરે વિષેના કેટલાક નિયમો આપેલા છે (૨૯-૩૪).

પ્રભુ ઈસુ ખ્રિસ્તે પોતાનું બલિદાન આપીને આખા જગતનાં પાપનું જે પ્રાયશ્ચિત્ત કર્યું (૧ યો.૨;૨), તેની પ્રતિછાયા પ્રાયશ્ચિત્તના દિવસની ગંભીર ક્રિયાઓમાં રહેલી છે, એવી માન્યતા ખ્રિસ્તી મંડળીમાં શરૂઆતથી જ ચાલતી આવેલી છે. હેબ્રીઓને લખેલા પત્રમાં તારણ સંબંધીનું જે વિવેચન કરેલું છે, તે આ દિવસની ક્રિયાને આધારે કરેલું છે. "પણ ખ્રિસ્તે હવે પછી થનારાં વાનાં સંબંધી પ્રમુખ યાજક થઈને અધિક મહાન તથા અધિક સંપૂર્ણ મંડપમાં થઈને બકરા તથા વાછરડાના લોહીથી નહિ, પણ પોતાના જ રક્તથી પરમપવિત્રસ્થાનમાં એક જ વખત પેસીને સનાતન ઉદ્ધાર મેળવ્યો" (હેબ.૯;૧૧,૧૨).

IV "પવિત્રાઈનું નિયમશાસ્ત્ર" (અધ્ય.૧૭-૨૬).

આ પ્રકરણમાં અને આગલાં પ્રકરણોમાં કેટલો બધો તફાવત છે, તે દરેક વાચકને સહેજે માલૂમ પડી આવે એમ છે. (૧) તેનું મથાળું નવું છે. જેના વિષે આગલા વિભાગમાં સૂચના આપવામાં આવેલી છે, તેવી ઘણી બાબતો આ વિભાગમાં પણ ફરીથી મળી આવે છે. અધ્ય.૨૬મો આ પ્રકરણનું સમાપ્તિ કરનારું લાગુકરણ છે. (૨) તેની ઢબ પણ પૂર્વાર્ધની ઢબથી જુદી જણાય છે. તે એકંદરે પુનર્નિયમની ઢબ જેવી છે, એટલે તે બોધદાયક છે, તેમ જ તેમાં છટાદાર ભાષા પણ ઠેકાણે ઠેકાણે મળી આવે છે. વળી તેમાં નવા રૂપનાં કેટલાંક વાક્ય મળે છે, જે વારંવાર આવ્યા કરે છે. એવાં વાક્યનો મુખ્ય દાખલો તો "હું યહોવા પવિત્ર છું"--એ છે. આ પ્રકરણમાં આ જ વાક્ય ૪૭ વાર મળી આવે છે. પંચગ્રંથનાં બાકીના પુસ્તકોમાં તે માત્ર ૬ વાર મળી આવે છે, પરંતુ હઝકીએલના પુસ્તકમાં તે ૭૮ વાર આવેલું છે. (૩) આ પ્રકરણમાં યજ્ઞાર્પણ બાબતે થોડી ઘણી સૂચનાઓ સમાએલી છે ખરી, તોપણ તેના શિક્ષણનો ઘણોખરો ભાગ આત્મિક તથા નૈતિક છે. વળી એ શિક્ષણનું વિશેષ લક્ષણ તેનું માયાળુપણું છે. આપણી પ્રત્યેક ઈશ્વરના પ્રેમને બદલે આપણે તેના પર તથા એકબીજા પર પ્રેમ રાખવો, અને ઈશ્વર જેવો પવિત્ર છે, તેવા પવિત્ર તેના સેવકોએ પણ થવું જોઈએ. "તમે પવિત્ર થાઓ; કેમ કે હું યહોવા તમારો દેવ પવિત્ર છું"--એ વાક્ય આ પ્રકરણનો પ્રધાન સૂર છે (૧૯;૨), અને તેજ કારણને લીધે આ વિભાગ "પવિત્રાઈનું નિયમશાસ્ત્ર" કહેવાએલો છે. તેનો સંદેશો આપણા પ્રભુ ઈસુએ આપેલા શિક્ષણ જેવો છે, એટલે કે

"એ માટે જેવો તમારા આકાશમાંનો બાપ સંપૂર્ણ છે, તેવા તમે સંપૂર્ણ થાઓ" (મા.૫;૪૮). અધ્ય.૧૯મો જૂના કરારનું "પહાડ પરનું ભાષણ" કહેવાય.

તો નિયમોનો આ સંગ્રહ ક્યાંથી આવ્યો હશે? શાસ્ત્રીઓએ કરેલી ગોઠવણ પ્રમાણે તે લેવીયના પુસ્તકની અધવચે મૂકવામાં આવ્યો છે ખરો, તોપણ તે પુસ્તકના બીજા વિભાગોમાં સમાએલા નિયમો કરતાં તે જૂનો છે, એ સપ્રમાણ વાત છે. (૧) આ સંગ્રહ "કરારના પુસ્તક" જેવો છે, તેમાં સમાએલા નિયમો સર્વ લોકની આગળ પ્રગટ કરવામાં આવ્યા (નિ.૨૦;૨૨). વળી આ પ્રકરણના નિયમો પણ કરારના પુસ્તકના નિયમો જેવા ટૂંકા તેમ જ મોટે ભાગે ખેતીવાડી સંબંધીના છે. તેમાં માત્ર બે અર્પણ એટલે દહનીયાર્પણ તથા શાંત્યર્પણ ચઢાવવાનો હુકમ છે (નિ.૨૦;૨૪;: લે.૧૭; ૫,૮). (૨) તેનું વાતાવરણ પુનર્નિયમના જેવું છે ખરું, તોપણ આ સંગ્રહ કરતી વેળા યહોવાનાં પવિત્રસ્થાન અનેક હતાં (૨૧;૨૩.મૂળ શબ્દ બહુવચનમાં છે. "તેઓને શુદ્ધ કરનાર" એટલે મારાં પવિત્રસ્થાન). પુનર્નિયમના વિધિ પ્રમાણે અર્પણ કરવાનું એક જ સ્થળ એટલે યરુશાલેમમાંનું મંદિર હતું (૧૭;૪.પુ.૧૨;૧૧). (૩) શિક્ષણ તથા શૈલી બાબતે આ પ્રકરણને હઝકીએલના પુસ્તકની સાથે ઘણી સમાનતા છે, એમ ઉપર કહેવામાં આવ્યું. આવાં તથા તેના જેવાં બીજાં પ્રમાણ પરથી અનુમાન કરી શકાય છે, કે આ સંગ્રહમાં સમાએલા નિયમો જુદા જુદા સમયના છે, અને વળી સંગ્રહ કરનાર તો મહાન પ્રબોધકોના શિક્ષણમાં તલ્લીન થઇ ગએલો એવો એક દેવભક્ત હતો.

A. યજ્ઞાર્પણોને લગતા નિયમો (અધ્ય.૧૭).

૧૭; ૧-૯. મુલાકાતમંડપના દ્વાર આગળ દરેક અર્પેલા જાનવરનો વધ કરવો. લોક હજૂર અરણ્યમાં રખડતા હતા, તે વખત, નહિતર બંદીવાસીઓ પાછા આવીને યરુશાલેમમાં રહેતા હતા, તે વખત, એ બે સિવાય બીજા કોઇ સમયમાં આ હુકમ બધા લોકથી પાળી શકાય એવો નહોતો. (વનદેવતાઓની પૂજા કરવાની વાત પર ધ્યાન આપવું ક.૭).

૧૭; ૧૦-૧૬. માંસ સાથે લોહી ખાવાનો મનાઇ હુકમ.

B. સામાજિક નીતિને લગતા નિયમો (અધ્ય.૧૮-૨૬).

૧૮; ૧-૩૦. પ્રસ્તાવના (૧-૫) ; કોની કોની સાથે લગ્નનો સંબંધ ન જોડાય એવા તથા બીજા કેટલાક નિયમો (૬-૨૩). (ક.૨૧-મોલેખ. ૨૦;૨ની નોંધ જુઓ).

૧૯; ૧-૩૭. યહૂદીઓના કહેવા પ્રમાણે આ અધ્યાય દસ હુકમના ખુલાસારૂપ છે, અને તે વાત સ્વીકારવા લાયક છે. ક.૩-૮માં સમાએલી આજ્ઞાઓ દસ હુકમની પ્રથમ ચાર આજ્ઞાઓ જેવી છે, અને ૧૧-૧૮માંની આજ્ઞાઓ બાકીની છ સમાન છે. ગરીબો પ્રત્યે દયાભાવ, આંધળા તથા બહેરા પ્રત્યે માયાળુપણું, પડોશી પ્રત્યે પ્રેમભાવ, વયોવૃદ્ધ પ્રત્યે પૂજ્યભાવ આપણે રાખવો-એ તથા તેના જેવા બીજા સર્વ હુકમોના પાલનનો આધાર આપણી પ્રત્યેના ઈશ્વરના તારણદાયક પ્રેમભાવ પર રહેલો છે. "તું બહેરાને શાપ ન દે; આંધળાને ઠેસ ન ખવાડ : હું યહોવા છું" (૧૪). યહોવાએ આપણા પર રાખેલા પ્રેમને લીધે આપણે તેને ગમતું કરવું, તેમ જ તેને ન ગમતું આપણે ન કરવું (૨૬-૨૯,૩૫,૩૬). આ અધ્યાયના શિક્ષણમાં જે અધૂરું હતું, તે ભલા સમરૂનીનું દૃષ્ટાંત (લૂક.૧૦; ૩૦-૩૭) કહીને પ્રભુ ઈસુએ પૂરું કર્યું છે.

(ક.૧૯. બે જાતનાં બી સાથે વાવવાં નહિ, એ પ્રતિબંધ વિષે આપણે શું સમજવું? તેના ત્રણ અર્થ કરી શકાય : (૧) કુદરતી રીતે જે જે વાનાં એકબીજાથી જુદાં હોય છે, તે ભેગાં નહિ કરવા; (૨) કુદરત વિરુદ્ધનાં કામો નહિ કરવાં; અને (૩) મૂર્તિપૂજક લોકની સાથે ઈસ્ત્રાએલીઓ સંબંધ ન રાખે તેનું દૃષ્ટાંત. પુ.૨૨; ૯-૧૧ જુઓ)

૨૦; ૧-૨૧,૨૭. અધ્ય. ૧૮માં જે જે મનાઈ હુકમો જાહેર કરેલા છે, તે તોડવાને અંગે ઠરાવેલી સજા.

<u>મોલેખ.</u> આ નામનું ખરું રૂપ મેલેખ (=રાજા) છે, જેમકે અબીમેલેખ (=રાજાનો બાપ, ઉત.૨૦;૨),પણ "આડોનાઇ" (=પ્રભુ) શબ્દના કાનામાત્રા લઈને "યહોવાહ" શબ્દની જોડણી થઈ (નિ.૩;૧૪), તેજ રીતે બોશેથ (=શરમ) શબ્દના કાનામાત્રા મ-લ-ખ-માં ઉમેરીને મો-લે-ખ થયો. મોલેખ એ આમ્મોનીઓ તથા

બીજા આસપાસના લોકનો ઇષ્ટદેવ હતો (પુ.૧૮;૧૦), તેની પૂજા સુલેમાન રાજાના વિશ્વાસઘાતથી ઇસ્ત્રાએલમાં દાખલ થઇ (૧ ૨૧.૧૧;૭). તેની સેવામાં બાળકોનું બલિદાન આપવામાં આવતું હતું. ઇસ્ત્રાએલી રાજ્યનાં છેલ્લાં વર્ષોમાં આ જાતની પૂજા ઘણી વધી ગઇ હતી (૨ ૨૧.૧૬;૩ : ૨૧;૬ : ૨૩;૧૦). યરુશાલેમના કોટ બહાર હિન્નોમ નામની ખીણ હતી, તે આવા યજ્ઞો કરવાનું સ્થળ હતું. ત્યાંની વેદીઓ યોશીયા રાજાએ પાડી નંખાવી (૨ ૨૧. ૨૩;૧૦).

૨૦; ૨૨-૨૬. સમાપ્તિરૂપ લાગુકરણ.

૨૧-૨૨. યાજકોને તથા યજ્ઞાર્પણોને લગતા નિયમો. ટૂંકામાં આ પ્રકરણમાં સમાએલી મુખ્ય વાત એ છે, કે યાજક તરીકે જે કોઇ શખ્સ ઇશ્વરની હજૂરમાં આવવા માગે તેણે શુદ્ધ (૨૧;૧-૧૫) તથા ખોડખાંપણ વગરના (૧૬-૨૪) હોવું જોઇએ, તેમ જ જે કંઇ અર્પી દેવામાં આવે, તે પણ એબ વગરનું હોવું જોઇએ (૨૨; ૧૭-૨૫). તે ઉપરાંત બીજા કેટલાક પરચુરણ નિયમો પણ છે. (આ બે અધ્યાયોમાં પ્રસ્તાવનારૂપી જે જુદાં જુદાં વાક્ય મળી આવે છે (૨૧;૧,૧૭;૧,૧૭), તે પરથી સમજવું કે તેમાં નિયમોના જુદા જુદા સંગ્રહ ભેગા કરેલા છે)

૨૩; ૧-૪૪. વાર્ષિક તહેવારોની ટીપ. સાબ્બાથ (૩), પાસ્ખા (૫), બેખમીર રોટલી (૬-૧૪), પચાસમાનો દિવસ (૧૫-૨૨), રણશિંગડાં (૨૩-૨૫), પ્રાયશ્ચિત્તનો દિવસ (૨૬-૩૨), અને માંડવા (૩૩-૩૬,૩૯-૪૪), (લાગુકરણ ક.૩૭, ૩૮માં સમાએલું છે, પરંતુ પછીથી છેલ્લો ફકરો ઉમેરવામાં આવ્યો).

આ તહેવારોમાંના ત્રણ, એટલે (૧) બેખમીર રોટલીનો, (૨) પચાસમાના દિવસનો, અને (૩) માંડવાનો તહેવાર, એ ત્રણે ખેતીવાડીને લગતા હતા. (૧) બેખમીર રોટલીનો. તે દરમિયાન જવની પ્રથમ પૂળી યહોવાને ધરવામાં આવતી હતી (૧૦). આમ કરીને ખેડૂત ઇશ્વરનો આભાર માનતો હતો, તેમ જ પોતાના ખેતરમાં પાકેલા સર્વ ઉપરનો ઇશ્વરનો હક તે કબૂલ કરતો હતો. પણ પુન.૧૬;૩ જુઓ. (૨) ઘઉં પાક્યા બાદ (૧૬). લોકનો જે સાધારણ ખોરાક હતો તેની એટલે ખમીરવાળા મેંદાની બે રોટલી ઇશ્વર આગળ રજૂ કરવામાં

આવતી હતી (૧૭). નવા કરારમાંના પચાસમાને દિવસે દેવના વચનરૂપી રોપેલાં બી (યો.૧૨;૪૨) ની પ્રથમ ફસલ વાઢવામાં આવી, તે દિવસે પાકેલા શુદ્ધ ઘઉંની સાથે ખમીર પણ મિશ્ર કરેલું હતું, તે આપણે દુઃખ સહિત કબૂલ કરવું પડે છે. (૩) ખેતરમાં તેમ જ દ્રાક્ષવાડીમાં જે પાકેલું હતું, તે સંઘરવાની ખુશાલીમાં માંડવા પર્વની ઉજવણી કરવામાં આવતી હતી (૪૦: નહે.૮;૧૪). અરણ્યમાંની રખડામણી યાદગીરીમાં પણ તે તહેવાર પાળવામાં આવતો હતો (૪૩). યોહાન ૭;૩૭માં જે પર્વની વાત છે, તે આ જ છે.

("સાંજે" (૫)="બે સાંજ વચ્ચે," એટલે સૂર્યાસ્ત અને રાત વચ્ચેનો ટૂંક સમય.

"સાતમા માસનો પહેલો દિવસ" (૨૪). મોસમ પ્રમાણે આ તો બેસતા વર્ષનો પહેલો દિવસ હતો. પણ ધર્મવિધિ પ્રમાણે વર્ષનો પ્રથમ માસ આબીબ હતો (નિ.૧૩;૪).

૨૪; ૧-૨૩. પરચુરણ નિયમો. (૧) ૧-૪. અખંડ જ્યોતિને સારુ તેલ નિ.૨૭;૨૦. (૨) ૫-૯. અર્પેલી રોટલી. નિ.૨૫;૩૦. (૩) ૧૦-૨૩. ઈશ્વરનિંદા વિરુદ્ધનો નિયમ. કાયદાઓ કેવી રીતે એક પછી એક યોજી કાઢવામાં આવ્યા, તેનો એક દાખલો આ છે (જુઓ ગણ.૧૫; ૩૨-૩૬ : ૨૭; ૧-૧૧).

૨૫; ૧-૭, ૧૮-૨૪. દરેક સાતમે વર્ષે જમીન પડતર રાખવામાં આવતી. એ વર્ષ "સાબ્બાથ" વર્ષ કહેવાતું હતું. તે વર્ષે માણસો શું ખાઈને જીવે? ઈશ્વરકૃપાએ દરેક છઠ્ઠા વર્ષે વિશેષ સારો પાક થતો હતો (૨૧). આ નિયમદ્વારા માણસોને યાદ દેવડાવવામાં આવતું હતું, કે જમીન ઈશ્વરની જ છે (૨૩). આ નિયમ પ્રત્યે ઈસ્ત્રાએલીઓ જતે દહાડે બેદરકાર બની ગયા, તેથી ઘણા લાંબા સમય દરમિયાન જમીનને જે આરામ મળ્યો નહોતો, તે તે બંદીવાસનાં સિત્તેર વર્ષ દરમિયાન પામી, એમ ૨ કાળ.૩૬;૨૧માં કહેલું છે. (નિ.૨૩;૧૧ પ્રમાણે ગરીબોના લાભને અર્થે આ નિયમ પાળવાનું ફરમાવવામાં આવ્યું હતું).

૨૫; ૮-૧૭, ૨૫-૫૫. પચાસમું પવિત્ર વર્ષ, એટલે જે "જ્યુબિલી" કહેવાય છે, તે (૧૦). હેબ્રી ભાષામાં રણશિંગડાને માટે "યોબેલ" શબ્દ છે, તે પરથી આ વર્ષનું "જ્યુબિલી" નામ પડ્યું. જેમ

દરેક સાતમે વર્ષે જમીન પડતર રાખવાનો નિયમ હતો, તેમ આ વર્ષે પણ જમીન પડતર રહેતી હતી (૧૧). વળી તેમાં ગુલામોને છોડી દેવામાં આવતા હતા (૩૯-૫૫). તે ઉપરાંત ગરીબાવસ્થામાં આવી પડ્યાને લીધે કોઈ માલિકને જે કંઈ જમીન વેચવાની જરૂર પડી હોય, તે જમીન તેને પાછી મળે એવો નિયમ હતો (૧૩-૨૮). હેબ્રી નિયમ પ્રમાણે જમીન કાયમ માટે વેચાય નહિ. આ નિયમ પરથી પણ લોકને એવું શિક્ષણ આપવામાં આવતું હતું, કે જમીન ઈશ્વરની જ છે, અને તેઓ ઈશ્વરની સમક્ષ માત્ર પરદેશી તથા પ્રવાસી જેવા છે (૨૩). જ્યુબિલીના બાકી રહેલા વખતના પ્રમાણમાં જમીનની વેચાણ કિંમત ઠરાવવામાં આવતી હતી (૧૪-૨૬). કોટવાળાં નગરમાંનાં ઘરો અપવાદરૂપ હતાં (૨૯,૩૦), પણ ગામમાંનાં ઘર જમીનની સાથે ગણાતાં હતાં (૩૧). ઈસ્ત્રાએલીઓને જાતભાઈઓ પાસેથી વ્યાજ લેવાની મના હતી (૩૬ : નિ.૨૨;૨૫). વળી કોઈ પણ ઈસ્ત્રાએલીને ગુલામ કરી શકાય નહિ (૩૯), પણ તેને ફક્ત ચાકર તરીકે રાખી શકાય (૪૦) એવો નિયમ પણ હતો. તેના માલિકે તેને સાબ્બાથ અથવા જ્યુબિલીને વર્ષે છોડી દેવો પડતો હતો. આ નિયમમાં પણ બોધ રહેલો હતો, એટલે કે "ઈસ્ત્રાએલીઓ મારા દાસ છે, કે જેઓને હું મિસર દેશમાંથી કાઢી લાવ્યો : હું યહોવા તમારો દેવ છું" (૫૫). છેવટે જે કોઈ ઈસ્ત્રાએલીએ પોતાને કોઈ પરદેશીને વેચી દીધો હોય, તેને ખંડી લેવાની તેના કોઈ નજીકના સગાની ફરજ હતી (૪૭-૫૫). પુ.અધ્ય.૭ જુઓ.

(ઉપલા નિયમોની "કરારના પુસ્તક" ના નિયમો સાથેની સમાનતા દરેક વાચકને માલૂમ પડી હશે).

૨૬; ૧-૪૬. પવિત્રાઈના નિયમશાસ્ત્રનું સમાપ્તિરૂપ લાગુકરણ. જેવી રીતે કરારના પુસ્તકમાં (નિ.૨૩; ૨૦-૩૩) તથા પુનર્નિયમમાં સમાએલા નિયમોના સંગ્રહનાં છેલ્લાં વચન (પુ.૨૮; ૧-૬૮) ચેતવણીરૂપ છે, તેમ આ વિભાગનો છેલ્લો અધ્યાય લાગુકરણરૂપ છે. વળી તેમાંના ઘણાં વાક્ય હઝકીએલના પુસ્તકમાંનાં વચનોની સાથે મળતાં છે. ઓછામાં ઓછાં ૩૭ એવાં વાક્ય આ અધ્યાયમાં મળી આવે છે. (૧) ૧,૨ પ્રસ્તાવના મૂળપાયારૂપ બે નિયમો, એટલે મૂર્તિપૂજા અને સાબ્બાથ સંબંધીના (૧૯; ૪,૩૦) ફરી આપેલા છે.

(૨) ૩-૧૩.આજ્ઞાપાલનથી પ્રાપ્ત થતા આત્મિક તેમ જ આર્થિક આશીર્વાદો. (૩) ૧૪-૩૯.આજ્ઞાભંગથી મળતી સજા. પાંચ પ્રકારની વધતી જતી સજા જાહેર કરેલી છે, એટલે મંદવાડ અને પરાજય (૧૬-૧૮), દુકાળ (૧૯,૨૦), જંગલી શ્વાપદો (૨૧,૨૨), શહેરને ઘાલેલો ઘેરો (૨૩-૨૬), અને આખરે દેશનું શત્રુઓને વશ થવું (૨૭-૨૯). (૪) ૪૦-૪૫. પસ્તાવાને આધારે કૃપા રાખવાનું વચન. (૫) ૪૬. સમાપ્તિવચન.

પરિશિષ્ટ

૨૭; ૧-૨૪. વ્રત અને દશાંશ, તથા તે બંને ખંડી લેવા સંબંધીના નિયમો.

આ દેશમાં પણ પાપક્ષય અથવા ફળપ્રાપ્તિને માટે વ્રત લેવાની સામાન્ય પ્રથા ચાલે છે. ઈસ્ત્રાએલમાં જાતજાતનાં વ્રત લઈ શકાતાં, જેવાં કે (૧) મનુષ્યની આહૂતિ (૨-૮), (૨) જાનવર (૯-૧૩), (૩) ઘર (૧૪,૧૫), અથવા જમીનનો કટકો (૧૬-૨૫). વ્રત પ્રમાણે જે કંઈ વસ્તુનું અર્પણ કરવાનું હતું, તે ખંડી લેવાની છૂટ હતી, તેથી જુદી જુદી વસ્તુઓ ખંડી લેવા બાબતે પણ નિયમો આપેલા છે. ફલાણું ફલાણું કરવું (જેમ અહીં), અથવા ફલાણું ફલાણું નહિ કરવું (જેમ ગણ. ૬; ૧-૨૧માં)--એવાં બે પ્રકારનાં વ્રત હતાં.

૨૭; ૨૬-૨૯. ઉપલા નિયમોને લગતા બે અપવાદ : (૧) પશુઓના પ્રથમ જનિતની (૨૬,૨૭), અને (૨) જે કંઈ વસ્તુનું સમર્પણ કરવામાં આવ્યું હોય તેની (૨૮,૨૯) ખંડણી કરી શકાય નહિ. તે તો યહોવાનાં જ હતાં.

"સમર્પણ કરવું." જુઓ યહો.૬;૧૭. ઘણેખરે ઠેકાણે તેનો તરજૂમો "સંહાર કરવો" એવો કરેલો છે, કેમ કે જો કે કંઈ પણ વસ્તુ "સમર્પિત" કરી શકાય ખરી, તોપણ જૂના કરારમાં તેનો વિશેષ અર્થ શત્રુઓના નાશને લગતો છે. નિયમ પ્રમાણે ત્રણ જુદા જુદા પ્રકારનો સંહાર કરી શકાય, એટલે (૧) જેમ યરેખો વશ કરતી વેળા તેના રહીશોનો તેમ જ તેઓના સર્વસ્વનો પૂરો નાશ કરવામાં આવ્યો, તેમ. (૨) સ્ત્રીપુરુષો તથા છોકરાંને મારી નાખવામાં આવતાં, પણ ઢોરઢાંકર લૂટ તરીકે જીવતાં રાખવામાં આવતાં (પુ.૨; ૩૪,૩૫). અથવા (૩) એકલા પુરુષોને મારી નાખવામાં આવતા (પુ.૨૦; ૧૩,૧૪). વળી

યહોવાનો ત્યાગ જે કોઇ કરે, તેનો સંહાર કરવાનો નિયમ પણ હતો (નિ.૨૨;૨૦). વળી વિશ્વાસઘાત કરનાર નગર પણ સમર્પિત કરવામાં આવતું હતું (પુ.૧૩; ૧૨-૧૮). (પુ.૭;૨૬. "વિનાશપાત્ર" મૂળ શબ્દ=સમર્પિત, તેથી સંહાર કરાવા લાયક).

૨૭; ૨૦-૩૩. દશાંશો ખંડી લેવાનો નિયમ. ક.૩૪. સમાપ્તિરૂપ વચન છે.

ગણના

૧. **નામ.** હેબ્રી મથાળું તો "અરણ્યમાં" છે (૧;૧). LXX પ્રમાણે તો "ગણના" છે, કેમ કે આ પુસ્તકમાં બે જુદી જુદી વસતિ-ગણતરી એટલે નિર્ગમનની બીજી સાલમાં (અધ્ય.૧) અને ચાળીસમી સાલમાં (અધ્ય.૨૬, કરેલી ગણતરી વર્ણવેલી છે. બીજા પ્રકારની ગણતરીઓનો અહેવાલ અધ્ય.૩,૪ ને ૬માં મળી આવે છે.

૨. **તેના વિભાગ.** ઇસ્ત્રાએલીઓ સિનાય પહાડ આગળથી ઊપડ્યા પછી તેઓને કનાન દેશની સરહદ પર બીજી વાર પહોંચતા જે ૩૯ વર્ષ થયાં, તે સમયનો ટૂંક હેવાલ આ પુસ્તકમાં સમાએલો છે. તેના વિભાગ નીચે પ્રમાણે છે :--

૧. ૧; ૧-૧૦;૧૦. સિનાય આગળ.

૨. ૧૦; ૧૧-૨૦;૧૩. અરણ્યમાં બનેલા જુદા જુદા બનાવો.

૩. ૨૦; ૧૪-૩૬;૧૩. કાદેશથી મોઆબના મેદાન સુધીનું પર્યટન.

૩. **તેની રચના.** નિર્ગમનના પુસ્તકની પેઠે આ પુસ્તકમાં પણ મુસાફરીના અહેવાલની સાથે વિધિઓ, કાનૂનો વગેરે આપેલાં છે. વળી તેમાં વાર્તારૂપ અને વિધિરૂપ એવી બે જુદી જુદી ઢબના લેખ મળી આવે છે. જેમ આગલાં પુસ્તકોમાં તેમ આ પુસ્તકમાં પણ જૂના તેમજ નવા સમયનાં લખાણ ભેગાં કરેલાં છે. દા.ત.૩૩મા અધ્યાયમાં કૂચની મજલોની મૂસાના હાથથી કરાએલી યાદી સમાએલી છે. "યહોવાનાં યુદ્ધ" નામના કાવ્યસંગ્રહનો ઘણો જૂનો એક ગ્રંથ હતો, તેમાંથી એક ગીત ઊતારી લેવામાં આવેલું છે (૨૧;૧૪). તે ગીત ઉપરાંત બીજી પુરાણી લોક-કવિતાઓ પણ આપેલી છે (૨૧; ૧૭,૨૭). પરંતુ

મિદ્યાનીઓના સંપૂર્ણ નાશનું જે વર્ણન કરેલું છે (અધ્ય.૩૧), તે નવા સમયની ઢબ પ્રમાણેનું છે. વળી જાહેર કરેલા નિયમો તથા વિધિઓમાં જૂનું તથા નવું ભેગું કરેલું જણાય છે. કસોટી કરીને સત્ય તપાસી જોવાની રીત (૫; ૧૧-૩૧), તેમ જ "લાલ વાછરડી" નામની ક્રિયા (અધ્ય. ૧૯) ઘણા જૂના સમયની હશે; પણ અધ્ય.૩માં લેવીવર્ગને લગતો સમાએલો નિયમ નવા સમયનો છે. વળી કાળાંતરે નિયમોનાં થતા ફેરફારના દાખલા પણ આ પુસ્તકમાં મળી આવે છે, જેવો કે ૪;૩, ૨૩, વગ. પ્રમાણે મંદિરમાં સેવા કરનાર લેવીઓએ ત્રીસ વર્ષની ઉંમરના હોવું જોઈએ, પણ ૮;૨૪ પ્રમાણે પચીસ વર્ષની ઉંમરથી માંડીને તેઓ સેવા કરતા હતા. (૧ કાળ.૨૩;૨૪ પ્રમાણે વીસ વર્ષની ઉંમરનો નિયમ ચાલતો હતો). છેલ્લું, "યરદનને પેલે પાર" શબ્દો (૨૨;૧ : ૩૪;૧૫ : ૩૫;૧૪), એટલે યરદનની પૂર્વ તરફ, એવા પરથી એમ સમજાય છે કે આ પુસ્તકનો સંપાદક યરદનની પશ્ચિમ તરફ રહેતો હોવો જોઈએ (સર.પુ.૧;૧).

ગણનામાં સમાએલા હેવાલની મુદ્દત ૩૯ વર્ષની છે. પરંતુ તે લાંબા સમયની શરૂઆતે (૧૪;૩૩) તથા તેના અંતે બનેલા થોડાઘણા બનાવો સિવાય બીજું કશું જણાવેલું નથી. તે ૩૯ વર્ષ દરમિયાન લોકની સ્થિતિ કેવી હતી, તે આપણી જાણ બહાર છે. કાદેશ-બાર્નેઆ તેઓનું મથક હોય, એવું માનવું સંભવિત છે ખરું, તોપણ સિનાયના આખા પ્રદેશમાં તેઓ ટોળીબંધ છૂટાછવાયા પડી રહ્યા હોય, એ પણ અસંભવિત નથી.

૪. **તેનો સંદેશો.** (૧) નિર્ગમનના પુસ્તકમાં સમાએલા ઇતિહાસ તથા બોધની સાથે ગણનાના પુસ્તકનું સાંધણ છે. "હું યહોવા છું," એવું જે નામ આગલા પુસ્તકમાં દર્શનદ્વારા પ્રગટ કરવામાં આવ્યું હતું, તેના અર્થ પ્રમાણે એટલે "હું જે થાઉં તે થાઉં" તે અર્થ પ્રમાણે ઈશ્વર પોતાના લોકની સાથે વર્ત્યો હતો, એવું આ પુસ્તકમાં સાબિત કરવામાં આવ્યું છે. ભૂખ્યાઓને યહોવા ખવાડે છે (અધ્ય.૧૧), પતિત થએલાને તે ક્ષમા દે છે (અધ્ય.૨૧), શાપમાંથી તે પોતાનાંને બચાવે છે (અધ્ય. ૨૨-૨૪). વિશેષે કરીને જેઓ તેને હાંક મારે છે, તેઓની પાસે તે રહે છે. પોતાના સેવક મૂસાની સાથે તે મોઢેમોઢ વાત કરતો હતો (૧૨;૮). વિશ્વાસુઓને તે વરદાન આપે છે (૧૪;૩૦). તે ભસ્મ

કરી નાખનાર અગ્નિ પણ છે, તે વિશ્વાસઘાતીઓનો નાશ કરે છે (૧૧; ૧-૩, વગેરે). મેઘ તથા અગ્નિસ્તંભની વાત (૯; ૧૫-૨૩) ઈશ્વરના રક્ષક તથા માર્ગદર્શક પ્રેમ તથા તેની સહનશીલતાનું ઘણું સુંદર દૃષ્ટાંત છે. (૨) જેમ નિર્ગમનના પુસ્તકમાં તેમ ગણનામાં મુખ્ય પાત્ર તો મૂસા છે. જેમ જેમ લોકનું હઠીલાપણું વધતું ગયું, તેમ તેમ મૂસાની ઈશ્વરપરાયણતા વધારે ને વધારે દીપી ઉઠી. તેનો નમ્ર સ્વભાવ (૧૨;૩), તેનો દૃઢ વિશ્વાસ (૧૦; ૨૯-૩૨), તેનો ભક્તિભાવ (૧૨; ૬-૮), તેનો સ્વનકાર (૧૩;૧૮), તેનું મોટું મન (૧૧;૨૯), તેમ જ વખતોવખત દેખાતું તેનું અધીરાપણું તથા તેનું નાસીપાસપણું (૧૧; ૧૧-૧૫ : ૨૦;૧૦) આ સર્વ તેનાં લક્ષણ સ્પષ્ટ રીતે આલેખેલાં છે. એવો ઈસ્રાએલીઓનો સરદાર હતો, એમ છતાં શરૂઆતથી તે અંત સુધી તેઓ બંડખોર વગર બીજું કશું વર્તન ચલાવતા નહોતા (પુ.૯;૭). તેનો મોટામાં મોટો દાખલો તો કાદેશ-બાર્નેઆ આગળ તેઓએ જે વિશ્વાસઘાત કર્યો, તે જ છે. અરણ્યમાં ચાળીસ વર્ષ લગી તેઓ રખડે, એવી સજા તેમના અવિશ્વાસ લીધે તેઓને ફરમાવવામાં આવી (૧૪;૩૪). આ પુસ્તક કેટલું બધું બોધદાયી છે, તે નવા કરારનાં જુદાં જુદાં લખાણમાં આ પુસ્તકમાંથી ઊતારી લીધેલાં ઉદાહરણ પરથી સમજી શકાય છે (૧ કરિં. ૧૦; ૩-૧૦ : હેબ.૩;૨,૧૭ : યહુ.૧૧). તે ઉપરાંત આપણા પ્રભુ ઈસુએ ઊંચા કરાએલા સર્પનું તેમ જ રાનમાં વહેતા પાણીનું દૃષ્ટાંત પોતાને લાગુ પાડ્યું (યો.૩;૧૫ : ૭;૩૭). "આપણને બોધ મળે, તેને સારુ એવા દાખલા લખવામાં આવ્યા," એવું પ્રેરિત પાઊલનું કહેવું છે (૧ કરિં.૧૦;૧૧).

વિગતવાર કેટલીક નોંધ.

I. ભાગ ૧લો. ૧; ૧-૧૦ ;૧૦. સિનાય આગળ.

૧; ૧-૫૪. પ્રથમ ગણતરી, પુખ્ત ઉંમરના પુરુષોની સંખ્યા ૬,૦૩,૫૫૦ હતી (૪૬). ચાળીસમે વર્ષે લોકની સંખ્યા ૬,૦૧,૭૩૦ થઈ હતી (૨૬;૫૧), એટલે ૧,૮૨૦નો ઘટાડો. જો આટલા પુરુષ હતા, તો સ્ત્રી, પુરુષ તથા છોકરાં બધાં મળીને ૩૦,૦૦,૦૦૦ જેટલાં સમજવાં પડે.

૨; ૧-૩૪. કૂચ કરતી વેળા કુળોની વ્યવસ્થા. પૂર્વ દિશા માનનીય ગણાતી હતી, તે તરફ યહૂદાહનું કુળ આગળ આવ્યું.

(૧૦; ૧૭-૨૧ પ્રમાણે મુલાકાતમંડપ ઊંચકી લેવાની જરા જુદી વ્યવસ્થા જણાવેલી છે).

૩; ૧-૪; ૪૯. લેવીઓ તથા તેઓની જાતજાતની ફરજો. (આ બાબત અધ્ય. ૩, ભાગ ૩જામાં ચર્ચવામાં આવી છે). (૧) ૧-૪. હારૂનના પુત્રો. (૨) ૩-૧૦, લેવીઓને બીજા ઇસ્ત્રાએલીઓની વતી હારૂન તથા તેના પુત્રોના હવાલામાં સોંપી દેવામાં આવ્યા. (૩) ૧૧-૧૩. પ્રથમ જન્મેલા યહોવાના છે, તેઓને જ બદલે લેવીઓને અલગ રાખવામાં આવ્યા છે, એમ કહેલું છે. (૪) લેવી કુળની વસતિ-ગણતરી. (અ) ૨૧-૨૬. ગેર્શોનનું કુટુંબ (૭,૫૦૦). મંડપ (=મકાન, એટલે પવિત્રસ્થાન), તંબુ (એટલે પવિત્રસ્થાનના ઝીણા શણના સુંદર પડદા), અને તેનું આચ્છાદન (એટલે પડદા સાચવવાને માટે બકરાના વાળની વણેલી મોદ), આ વસ્તુઓની સંભાળ રાખવાની તેઓની ફરજ હતી. (આ) ૨૭-૩૨. કહાથનું કુટુંબ (૮,૬૦૦. પણ ખરી સંખ્યા ૮,૩૦૦ છે). પવિત્રસ્થાનનાં વાસણ તથા તેની આગળનો પડદો તેમને સોંપવામાં આવ્યાં. (ઇ) મરારીનું કુટુંબ (૬,૨૦૦). મુલાકાતમંડપનાં પાટિયાં તેઓના હવાલામાં રહ્યાં.

૩; ૪૦-૫૧. પ્રથમ જન્મેલાની ગણતરી. તેઓની સંખ્યા ૨૨,૨૭૩ થઈ. પરંતુ લેવીઓની સંખ્યા માત્ર ૨૨,૦૦૦ જેટલી હતી, તેથી માણસદીઠ પાંચ પાંચ શેકેલ આપીને બાકી રહેલા ૨૬૩ પ્રથમ જનિતોને ખંડી લેવા પડ્યા.

૪; ૧-૩૩. સામાન ઊંચકી લઈ જવાની લેવીઓની જુદી જુદી ફરજો ઊપાડનાર લેવીઓને પવિત્રસ્થાનનાં પાત્રોને કેવળ અડકવાની જ એમ નહિ, પરંતુ તે જોવાની પણ સખ્ત મના હતી. બીજો સરસામાન લઈ જવા સારુ બીજા લેવીઓને બેલગાડાં આપવામાં આવ્યાં (૭;૩, વગેરે), પણ કહાથપુત્રોને પવિત્રસ્થાનનો બધો સામાન પોતાને ખભે ઊંચકી લેવાનો નિયમ હતો (૭;૯). આ વાત ઘણી બોધદાયક છે. (દાઊદ રાજા પહેલવહેલાં કરારકોશ એક નવા ગાડા પર મૂકીને યરુશાલેમ લાવવા માગતો હતો. પછીથી તેઓ તે ઊંચકીને યરુશાલેમ લઈ આવ્યા (૨ શમૂ.૬;૩,૧૨).

૪; ૩૪-૩૯. સેવા કરતા ઉંમર લાયક લેવીઓની કુટુંબદીઠ સંખ્યા :

કહાથવાળા-૨૭૫૦, ગેર્શોનવાળા-૨૬૩૦, મરારીવાળા-૩૨૦૩, એટલે કુલ-૮૫૮૦. (લેવીઓ સંબંધીના બીજા નિયમો ૮; ૫-૨૬ : ૧૮; ૧-૭ : ૩૧; ૨૫-૩૦ : ૧-૩૪માં મળી આવે છે).

૫; ૧-૩૧. પરચુરણ વિધિઓ. (૧) ૧-૪. અશુદ્ધતાને લીધે ક્યા ક્યા માણસોને છાવણી બહાર રાખવાં તે. (૨) ૫-૧૦. ગીરો મૂકેલાં નાણાંના ગુન્હા સંબંધીના નિયમમાં કરેલો સુધારો (લે.૬;૧-૭). જો વાડીનો કોઇ સગો ન હોય, તો નુકસાની યાજકને આપવામાં આવતી હતી. (૩) ૧૧-૩૧. સ્ત્રી અપતિવ્રતા છે, એવી શંકા જો તેના પતિને આવેલી હોય, તો કસોટી કરીને તેની તપાસ કરવા સંબંધી. કસોટી કરીને સત્યની પરીક્ષા કરવાની રીતે પૂર્વ તરફના ઘણા દેશોમાં ચાલે છે. તેવી તપાસ કરવાની જુદી જુદી ઘણી રીતો ગુજરાતમાં પણ પ્રચલિત છે. અહીં વર્ણવેલી રીત ઘણી જૂની હતી, પણ આ નિયમદ્વારા નવો અર્થ તેમાં દાખલ થવા પામ્યો. હવે તે ગુપ્ત રહેલાં પાપોને જાહેરમાં લાવવાનું ઈશ્વરે નિયત કરેલું એક સાધન થયું. યહોવાને નામે સોગન ખાવામાં આવતા હતા, કેમ કે નિર્દોષને બચાવ્યા વગર અને દોષિતને શોધી કાઢયા વગર ઈશ્વર રહેશે નહિ, એવી સહુ લોકની ખાતરી હતી (૨૧,૨૨). ("પવિત્ર પાણી" (૧૭). એક જ વાર આ શબ્દો વાપરવામાં આવ્યા છે, તે શબ્દો પરથી હોજમાંથી લીધેલું પાણી સૂચવાતું હશે. પરંતુ LXX પ્રમાણેનો તરજુમો તો "શુદ્ધ, જીવતું (એટલે વહેતું) પાણી" છે).

૬; ૧-૨૧. નાજીર વ્રત સંબંધી. નાજીરનો અર્થ "જુદું કરવું" છે. (ઉત.૪૯;૨૬). વ્રત તો જીંદગી પર્યંતનું કે અમુક મુદતનું થઇ શકે. વ્રતની ત્રણ શરત હતી, તે નીચે પ્રમાણે : (૧) મદ્યપાનનો નિષેધ કરવો (૩,૪); (૨) માથું મુંડાવવું નહિ (૫); અને (૩) મૂએલામાંથી દૂર રહેવું (૬). પણ જો કંઇ કારણસર આ ત્રીજી શરત તોડવી પડે, તો લાગેલી અશુદ્ધતાનું પ્રાયશ્ચિત્ત કરીને નાજીરીને નવે નામે વ્રત ફરી લેવું પડતું હતું (૯-૧૨). વ્રતની મુદત પૂરી થયા પછી નાજીરીને રીતસરનાં અર્પણ ચઢાવવાં પડતાં હતાં (૧૩-૨૧). શામશૂન (ન્યા. ૧૩;૫ :

૧૬;૧૭), શમૂએલ (૧ શમૂ.૧;૧૧), અને યોહાન બાપ્તિસ્મા કરનાર (લૂક. ૧;૧૫) જીંદગી પર્યંતનું નાજીરવ્રત પાળનાર હતા. આમોસ પ્રબોધક નાજીરીઓને ખરા દેવભક્ત માનતો હતો (૨;૧૧,૧૨).

૬; ૨૨-૨૭. યાજકે ઉચ્ચારેલું આશીર્વચન. લોકને આશીર્વાદ આપવો, એ યાજકોની મુખ્ય ફરજોમાંની એક ફરજ હતી (પુ.૧૦;૬). "તેઓના પર મારું નામ મૂકવું" (૨૭). નામ તો ચારિત્ર્ય સૂચવે છે. ઈશ્વરપિતાનું નામ પ્રગટ કરવું, એને જ પ્રભુ ઈસુ પોતાનું કામ સમજ્યો હતો (યો.૧૭;૬,૧૬). યહોવાનું નામ આપીને યાજક લોકને તેની સમક્ષતા તથા તેની કૃપાની ખાતરી આપતો હતો. આની સાથે ખ્રિસ્તી આશીર્વચન સરખાવો (૨ કરિં. ૧૩;૧૪).

૭; ૧-૮૩. મુલાકાત મંડપની સેવાને અર્થે બાર અધિપતિઓએ કરેલાં અર્પણ. બારે અર્પણ સરખાં જ હતાં, એટલે (૧) મંડપનો સરસામાન લઈ જવા સારુ છ છ ગાડાં તથા બાર બાર બળદ ; (૨) સોનાનાં તથા રૂપાનાં જુદાં જુદાં વાસણ ; અને (૩) યજ્ઞને સારુ જુદાં જુદાં જાનવર.

૭; ૮૪-૮૯. સમાપ્તિ.

"તેની સાથે બોલ્યો" (=તેણે તેને કહ્યું), આ વાક્ય અધૂરું છે, ક.૮૯માં કોઈ અમુક પ્રસંગની વાત વર્ણવેલી છે, પણ તે પ્રસંગે ઈશ્વરે મૂસાને જે કહ્યું તેના શબ્દો કોઈ પણ રીતે લોપ થઈ ગયા છે. માર્ક ૧૬;૮ સરખાવો.

૮; ૧-૨૨. લેવીઓની પ્રતિષ્ઠાક્રિયા. (૧) ૧-૪. દીપવૃક્ષની સંભાળ (લે.૨૪; ૧-૪). (૨) ૫-૨૩. ૩; ૫-૧૩માં આપેલા હુકમ અનુસાર ક્રિયા કરવામાં આવી. લેવી વર્ગને અલગ કરવામાં બંને કારણ સાથે આપેલાં છે (૧૦ ને ૧૬).

૯; ૧-૧૪. અધિક પાસ્ખાપર્વ પાળવાનો નિયમ--ઈશ્વર તરફથી મળનાર સલાહની રાહ જોવાનો બીજો દાખલો.

૯; ૧૫-૨૩. મેઘસ્તંભ તથા અગ્નિસ્તંભ. ઉપર કહ્યા પ્રમાણે આ વાર્તા સરસ બોધથી ભરપૂર છે. ગીત ૨૭;૧૪ સરખાવો.

૧૦; ૧-૧૦. રૂપાની બે ભૂંગળ. આ તો રણશિંગડાથી (-યોબોલ) જુદી હતી, તે તુરાઇ જેવી હતી. તેને કયે કયે પ્રસંગે તથા કેવી રીતે ફૂંકવામાં આવતી હતી, તેના નિયમો (૩-૧૦).

II. ૧૦; ૧૧-૨૦;૧૩. અરણ્યમાં બનેલા જુદા જુદા બનાવો.

મિસરમાંથી નીકળ્યા બાદ ત્રીજા માસે ઇસ્ત્રાએલપુત્રો સિનાય આગળ આવી પહોંચ્યા હતા (નિ.૧૯;૧), ત્યાંથી બીજા વર્ષના બીજે મહિને ઊપડીને (૧૦;૧૧) તેઓ અગિયારમે દિવસે કાદેશ આવ્યા (પુ.૧;૨). કાદેશના મુકામથી કનાન દેશની બાતમી કાઢી લાવવા માટે જાસૂસોને મોકલવામાં આવ્યા (૧૩;૨). તેજ સ્થળે વિશ્વાસને અભાવે તેમને ચાળીસ વર્ષની રખડામણની સજા ફરમાવવામાં આવી. ચાળીસ વર્ષ વીત્યા પછી તેઓ કાદેશ પાછા આવ્યા, ત્યાં ચાળીસમા વર્ષના પ્રથમ માસમાં મરિયમ મરણ પામી (૨૦;૧). રખડામણના સમય દરમિયાન બનેલા બનાવોમાંના એકનું જ એટલે મૂસા તથા હારૂનની વિરુદ્ધ કોરાહ, દાથાન તથા અબીરોમે ઊઠાવેલા બંડનું વર્ણન કરેલું છે (અધ્ય.૧૬). બીજા બધા વર્ણવેલા બનાવો કનાનની સરહદ પર આવ્યા પછીના વખતના છે.

૧૦; ૧૧-૧૨;૧૬. સિનાયથી કાદેશ-બાર્નેઆ સુધીની મુસાફરી.

૧૦;૨૯. "હોબાબ." મૂસાના સસરાનાં ત્રણ નામ જુદે જુદે ઠેકાણે મળી આવે છે, એટલે રેઉએલ (નિ.૨;૧૮), યિથ્રો (નિ.૩;૧ : ૪;૧૮ : ૧૮; ૧,૨ વગેરે), ને હોબાબ (ગણ.૧૦;૨૯). પણ હોબાબ મૂસાનો સાળો પણ કહેવાય છે (ન્યા. ૧;૧૬ : ૪;૧૧). પરંતુ (RV) m પ્રમાણે આ બે ઠેકાણે તેનો તરજૂમો સસરો કરવો એ વધુ બંધબેસતો છે. તેથી એમ સમજવું એકંદરે સહેલું છે, કે મૂસાના સસરાનાં બે નામ હતાં, એટલે યિથ્રો ને હોબાબ, અને રેઉએલ હોબાબનો બાપ હતો.

૧૧; ૧-૩. તાબએરાહ (=બળવું) આગળ લોકે કરેલી કચકચ. ૪-૩૫. ક્બ્રોથ-હાત્તાવાહ (=વિષયવાસનાની કબરો (૩૪) આગળ મિશ્રિત લોકે (નિ.૧૨;૩૮) કરેલી કચકચ, અને તેને પરિણામે ઊડી આવેલી લાવરીઓ, આ પ્રસંગે નમ્ર સ્વભાવનો મૂસા (૧૨;૩) અધીરો

તથા નિરાશ બનેલો દેખાય છે (૧ ૨૧.૧૯;૪ સરખાવો). મૂસાને સહાય કરવા સારુ ઈશ્વરના કહેવાથી સિત્તેર વડીલો નિમાયા (૧૬,૧૭), તેઓને ઈશ્વરે મૂસાના આત્માનો કંઈ અંશ લઈને આપ્યો (૨૫). પણ તેઓમાંના બે જણ છાવણીમાં રહી ગયા હતા, ત્યાં પણ તેઓના પર દેવનો આત્મા ઊતર્યો (૨૬), તે જોઈને કેટલાએક મૂસાની આગળ ફરિયાદ રજૂ કરવા ગયા; પણ "પરમેશ્વર કરો કે યહોવાના સર્વ લોક પ્રબોધક થાય," એવો જવાબ આપીને મૂસાએ પોતાનું ઉદાર મન દર્શાવ્યું (૨૯; લૂક ૯;૫૦). તેનો કોપ કેવળ ક્ષણભરનો હતો ; બાદ તરત તેના મનની મોટાઈ ફરી દીપી આવી.

જેમ મિસરમાં કરેલા અનર્થ વિષે બન્યું હતું, તેમ જ લાવરીઓ મોકલતાં પણ ઈશ્વરે કુદરતી સાધનનો ઉપયોગ કર્યો, એમ સમજવું. કુદરતી રીતે, શિયાળાની મોસમમાં લાવરીઓ હમેશાં મિસર દેશમાં આવીને રહે છે, અને વસંત આવ્યે તે ઉત્તર દિશાના મુલકોમાં પાછી ઊડી જાય છે. વાતા પવનની સંઘાતે ઊડવું એવી તેમની રીત હોય છે, અને તે થાકી જાય છે ત્યારે સહેલાઈથી પકડાય છે. ઈશ્વરની આજ્ઞાથી લાવરીઓ પ્રસંગોપાત મોકલવામાં આવી. લોકે જે માગ્યું, તે તેઓને મળ્યું. પણ ઈશ્વરની ઇચ્છાનુસાર તેઓએ માગ્યું નહોતું (માર્ક ૧૪;૩૬), તેથી આ બનાવનું નાશકારક પરિણામ ઊપજ્યું. ગીત.૧૦૫;૪૦માં કહેલું છે, કે

"તેણે તેઓની માગણી પ્રમાણે તેમને આપ્યું ;

પણ તેમના આત્માઓમાં તેણે શુષ્કતા મોકલી."

તેમ સ્વચ્છંદતા આત્મનાશ કરનારી છે. ઈશ્વરને આધીન થવામાં આપણું જીવન રહેલું છે. (આ વાર્તા વાંચતાં માલૂમ પડ્યું હશે, કે મુલાકાતમંડપ છાવણી મધ્યે નહિ (૧;૫૦) પણ છાવણી બહાર ઊભો કરેલો હતો (૨૪,૨૬).

૧૨; ૧-૧૬. મૂસાની હારૂન તથા મરિયમને આવેલી ઈર્ષા. મૂસા પ્રબોધકવર્ગમાંનો મોટામાં મોટો પ્રબોધક છે, એવું યહોવાએ આ પ્રસંગે સહુને દેખાડ્યું (પુ.૩૪;૧૦). ઈશ્વર પોતાની ઇચ્છા બીજા પ્રબોધકોને દર્શન તથા સ્વપ્નદ્વારા જણાવે છે, પણ "મારા સેવક મૂસાની સાથે હું મોઢામોઢ વાત કરું છું," એવું યહોવાએ મૂસાની સમક્ષ

હારૂન તથા મરિયમને કહ્યું (૬,૮). આત્માની સાથે આત્માનો સંબંધ એજ ખરી પ્રેરણા કહેવાય છે. એવા પ્રકારની પ્રેરણાથી પ્રેરાઈને મહાન પ્રબોધકો ઈશ્વરનાં વચન પ્રગટ કરતા હતા (૨ પી.૧;૧૯), તેથી તેઓએ કરેલો બોધ અત્યાર સુધી જીવતો તથા અસરકારક રહેલો છે.

૧૩; ૧-૧૪;૨૫. બાર જાસૂસો. આ વાર્તા સ્પષ્ટ છે. એક જ વ્યકિત હોય કે સમસ્ત પ્રજા હોય, તોપણ વિશ્વાસથી તેમના પર થએલી અસર, અને વિશ્વાસના અભાવથી તેમના પર થએલી અસર, એ બેમાં આબજમીનનો જે ફેર છે, તે ફેર આ બનાવથી સ્પષ્ટ રીતે દેખાડવામાં આવેલો છે. આ પ્રસંગે એક આખી પ્રજાએ સ્વર્ગીય દર્શનની અવગણના કરી, અને એ અવગણનાનું જે પરિણામ થયું તે આપણા બોધને સારુ જણાવેલું છે. એથી ઉલટું, દેવ પરનો ખરો વિશ્વાસ મુશ્કેલીઓ નો ભક્ષ કરીને બળવાન થતો જાય છે, એવું શિક્ષણ પણ આ વાર્તામાં રહેલું છે.

(વાર્તામાં બેચાર એવી વાત છે, કે જે સમજવી મુશ્કેલ છે ખરી, પરંતુ તેના સંદેશાને તે કંઈ પણ નડતર કરતી નથી. વળી અહીં પણ બે જુદા જુદા લેખ ભેગા કરેલા છે, એમ જો આપણે સમજીએ, તો ઘણીખરી મુશ્કેલીઓ ટળી જાય એમ છે. દા.ત.વાર્તારૂપ લેખ પ્રમાણે જાસૂસો નેગેબ (એટલે દક્ષિણમાં) ગયા (૧૭,૨૨. "થઈને--RVm. "into"),ત્યાંથી તેઓ દ્રાક્ષોની એક લૂમ તથા બીજાં સરસ ફળ લાવ્યા (૨૩. એશ્કોલ=લૂમ). પણ વિધિરૂપ લેખ પ્રમાણે તેઓ હમાથના બારા સુધી (=છેક ઉત્તર તરફ સુધી) ગયા (૨૧). (૨) ક.૨૬ પ્રમાણે જાસૂસોએ લોકને ખુશખબર કહી સંભળાવી, પણ ક.૩૨ પ્રમાણે તેઓ "માઠો સંદેશો" લાવ્યા. (૩) બે લેખમાં સહુથી મોટો તફાવત એ છે, કે ૧૩;૨૦ પ્રમાણે કાલેબ એકલાએ લોકને સમજાવીને શાંત પાડયા, અને ૧૪;૩૪ પ્રમાણે એકલા કાલેબને જ તેના વિશ્વાસનો બદલો આપવામાં આવ્યો. પણ ૧૪;૬માં કાલેબ અને યહોશુઆ બેઉનાં નામ આપેલાં છે, અને ક.૩૦,૩૮ પ્રમાણે બંનેને ઈનામ આપવામાં આવ્યું.

કાલેબ તો કનિઝઝી કહેવાય છે (૩૨;૧૨), એટલે તે એસાવના પૌત્ર કનાઝનો વંશજ હતો (ઉત.૩૬;૧૧). જાતે તે અદોમી હતો, પણ કોઈક વખતે તેને ઈસ્ત્રાએલમાં દાખલ કરવામાં આવ્યો હશે. ૧ કાળ.૪;૧૩-૧૫ પ્રમાણે તે યહૂદાહ કુળનો હતો.

૧૫; ૧-૩૧. જુદાં જુદાં અર્પણોને લગતા નિયમો. (૧) ૧-૧૬. દહનીયાર્પણ (૩) તથા શાંત્યર્પણની સાથે (૮) કાપેલા જાનવરના પ્રમાણમાં ખાદ્યાર્પણ (૫) તથા પેયાર્પણ (૬) કરવામાં આવતાં હતાં. (૨) ૧૭-૨૧. પ્રથમ પોળીનું અર્પણ. (૩) ૨૨-૩૧. અજાણતાં કરેલી ચૂકના પ્રાયશ્ચિત્તને લગતો નિયમ, લે.૪;૧-૫;૧૩ પ્રમાણે એવા ગુન્હા કરનાર ચાર જુદા જુદા વર્ગના હતા. પણ આ ફકરામાં માત્ર બે વર્ગની વાત છે, એટલે (૧) આખી જમાત (૨૪) ને (૨) કોઇ એક વ્યક્તિ (૨૭). વળી અહીં ફરમાવેલી ક્રિયાઓ લેવીય કરતાં સાદી છે, અને જે સાદું તે ઘણું કરીને જૂનું પણ હોય છે.

અહીં કહેલું છે, કે મદોન્મત્તપણાથી (=ઊંચે હાથે) કરેલા પાપનું પ્રાયશ્ચિત્ત કરી શકાતું નથી. "ઊંચે હાથે આપવું" એમ આ દેશમાં બોલવાની જે રીત છે, તેનો અર્થ સહુ કોઇ જાણે છે. પણ હેબ્રી ભાષા પ્રમાણે મારવા સારુ હાથ ઊંચો કરાએલો છે, તેથી ઊંચે હાથે કરેલું પાપ ઈશ્વરની વિરુદ્ધ જ કરેલું પાપ સમજવું.

૧૫; ૩૨-૩૬. સાબ્બાથભંગ. આ તો "ઊંચે હાથે" કરેલું પાપ છે. (આવા ગુન્હાની શી શિક્ષા કરવી--તે સંબંધી લે.૨૪;૧૨ સરખાવો). ("ઇસ્ત્રાએલપુત્રો અરણ્યમાં હતા" (૩૨), તે શબ્દો પરથી આ પુસ્તક સંપાદન કરવાના સમય વિષે અનુમાન કરી શકાય એમ છે).

૧૫; ૩૭-૪૧. વસ્ત્રોની કોરને ફૂમતું લગાડવાનો નિયમ (પુ.૨૨;૧૨). જેમ ઉચ્ચ વર્ણના હિન્દુઓ ડાબે ખભે જનોઇ, અને પારસીઓ કમ્મરે કસ્તી રાખે છે, તેમ યહૂદીઓ વસ્ત્રની કોરે સીવેલાં ફૂમતાં પહેરતાં હતા. પહેલવહેલાં તે ઝભ્ભાને ચારે ખૂણે લગાડવામાં આવતાં હતાં. નવા કરારના સમયમાં પણ તે રાખવાની રીત ચાલતી હતી (મા.૨૩;૫). જે શબ્દનો તરજૂમો "કોર" કરાએલો છે, તો LXX પ્રમાણેનો અર્થ "ફૂમતું" છે. રક્તસ્રાવવાળી સ્ત્રીએ પ્રભુ ઈસુના ઝભ્ભાની જે કોરને અડકવાનો નિશ્ચય કર્યો હતો, તે તો ઝભ્ભાને લગાડેલાં ફૂમતાં હતાં. તે પવિત્રાઈની નિશાની છે, તેથી તેમાં કંઇ પણ પરાક્રમ રહેલું હશે, એવું આ સ્ત્રીએ ધાર્યું હશે.

૧૬; ૧-૨૩. કોરાહ, દાથાન, અબીરામ અને ઓને કરેલું

ફિતૂર. (ક.૧ સિવાય ઓનનું નામ ફરી આવતું નથી). આ વાર્તાનું ધ્યાનપૂર્વક અધ્યયન કરવામાં આવે, તો તેમાં બે જુદા જુદા પ્રકારની હિલચાલો, એટલે (૧) મૂસાની રાજયસત્તા વિરુદ્ધ દાથાન, અબીરામ તથા ઓને જે ફિતૂર કર્યું તે, અને (૨) લેવી (૭) કોરાહે અઢીસો અધિપતિઓ સુદ્ધાં મૂસા તથા હારૂનની ધર્મસત્તાની વિરુદ્ધ જે બંડ ઊઠાવ્યું તે, એવી બે હિલચાલો વર્ણવેલી હોય એમ વાચકને લાગ્યા વગર રહેશે નહિ. એમ કહેવાનાં કારણો નીચે પ્રમાણે છે:--(૧) બે જુદા પ્રકારના આક્ષેપ. (અ) "તું અમારા પર ધણીપણું ચલાવે છે," એવો આરોપ દાથાન તથા અબીરામે મૂસા પર મૂક્યો (૧૩). (આ) જે તહોમત કોરાહે મૂસા તથા હારૂન પર મૂક્યું, તેના જવાબમાં "તમે યાજકપદ પણ માગો છો," એવું મૂસા બોલ્યો (૧૦). (૨) જુદા જુદા આગેવાનો. (અ) ક.૧૬ પ્રમાણે એકલા કોરાહની સાથે મૂસાએ વાત કરી. પણ (આ) ક.૨૫ પ્રમાણે મૂસા "દાથાન તથા અબીરામ પાસે ગયા." (૩) જુદાં જુદાં સ્થળ. (અ) દાથાન તથા અબીરામ પોતાના તંબુઓની આગળ ઊભા રહ્યા (૨૭). (આ) કોરાહ તથા તેના પક્ષના અધિપતિઓ મુલાકાતમંડપના દ્વારમાં ઊભેલા હતા (૧૮). (૪) જુદી જુદી સજા. (અ) દાથાન, અબીરામ તથા તેઓનાં સર્વ માણસો ફાટી ગએલી જમીનમાં ગરક થઇ ગયાં (૩૨). (આ) કોરાહ તથા અઢીસો અધિપતિઓને અગ્નિથી ભસ્મ કરી નાખવામાં આવ્યા. (ક.૨૪,૨૭. "કોરાહનો તંબુ." પણ મૂળ શબ્દનો અર્થ "મકાન," એટલે મંડપમાંનું "પવિત્રસ્થાન," યહોવાનું રહેઠાણ (નિ.૨૫;૯). આ કલમોમાં કંઇ ફેરફાર કરવામાં આવ્યો હશે, કેમ કે આખી જમાત મુલાકાતમંડપના દ્વાર પાસે એકઠી થઇ હતી (૧૯).

૨૭;૩માં એકલા કોરાહનું નામ આવેલું છે, પણ પુ.૧૧;૬માં દાથાન તથા અબીરામને જે શિક્ષા કરવામાં આવી, તે એકલાની વાત વર્ણવેલી છે. કોરાહે જે બંડ ઊઠાવ્યું, તે તેણે યાજકવર્ગની વિરુદ્ધ ઊઠાવ્યું હતું, તેથી તેનું વર્ણન Pના (યાજકવાળા) લેખમાં કરવામાં આવ્યું છે. દાથાન તથા અબીરામની વાત JEના (વાર્તારૂપ) લેખમાંથી ઊતારી લેવામાં આવી હશે.

૧૬; ૩૬-૪૦. હવે પછીથી એકલા હારૂન તથા તેના પુત્રોને યહોવાની સમક્ષ ધૂપ બાળવાનો અધિકાર હતો.

૧૬; ૪૧-૫૦. બળવો કર્યાને લીધે મરકીથી લોક સંખ્યાબંધ મરી ગયા. પણ જીવતા તથા મૂએલાઓની વચ્ચે ઊભા રહીને હારૂને ધૂપ બાળીને મરકી બંધ કરી. મધ્યસ્થતાની પ્રાર્થનામાં રહેલા પરાક્રમનો આ એક સરસ દાખલો છે (હે.૭;૨૫), તે દરેક પાળકને સારુ ઘણો બોધદાયક છે.

૧૭; ૧-૧૧. હારૂનનો અધિકાર સાબિત કરાયો. કોરાહે યાજકવર્ગની વિરુદ્ધ કરેલી હિલચાલથી લોક પણ ઉશ્કેરાઇ ગયા હતા (૧૬;૪૧), તેથી હારૂનના દેવદત્ત અધિકારનું આ બીજું પ્રમાણ આપવામાં આવ્યું. કળી ફૂટેલી લાકડી સાક્ષ્ય (એટલે સાક્ષ્યકોશ) સમક્ષ રાખી મૂકવામાં આવી. પણ કોશની અંદર તે મૂકવામાં આવી, એવી માન્યતા પાછળથી ઉપસ્થિત થઇ (હે.૯;૪).

૧૭; ૧૨-૧૮;૭. લોકમાં થએલી ગભરામણ. ઉપરના જુદા જુદા બનાવોને લીધે લોક ગભરાઇ ગયા, રખેને મંડપ પાસે જવાથી તેઓ બધા નાશ પામે (૧૭;૧૩). પરંતુ હવે પછી "પવિત્રસ્થાનનો અન્યાય" એટલે ધર્મક્રિયામાં અજાણતાં કરેલી ભૂલનો અન્યાય, યાજકોને શિર રહેશે, એવી મૂસાની મારફતે યહોવાએ લોકને ખાતરી કરી આપી (૧૮;૧).

૧૮; ૮-૩૨. યાજકો તથા લેવીઓના નિભાવને લગતા જુદા જુદા નિયમો. (અ) ૮-૨૦. ખાદ્યાર્પણ, શાંત્યર્પણ, પાપાર્થાર્પણ, તથા દોષાર્થાર્પણમાંથી મળતા હિસ્સા (લે.૬; ૮-૭; ૧૪,૩૨-૩૪) ઉપરાંત યાજકોને તેલ, દ્રાક્ષારસ વગેરેનું પ્રથમફળ (૧૨,૧૩), સર્વ સમર્પિત વસ્તુઓ (૧૪; લે.૨૭;૨૮), ખંડણીનાં નાણાં (૧૫) તથા ઢોરનાં પ્રથમજનિત મળતાં હતાં (૧૭). (આ) લેવીઓને અનાજ તથા દ્રક્ષારસનો દશાંશ (૨૧) મળવો જોઇએ, તેમાંનો એક દશાંશ તેઓએ યાજકોને ભરી આપવો પડતો હતો (૨૬).

(ક.૧૯. "લૂણનો કરાર." લે.૨; ૧-૧૬ જુઓ).

૧૯; ૧-૨૨. લાલ વાછરડીની ક્રિયા સંબંધી. મુડદાના સ્પર્શથી માણસ અશુદ્ધ થાય છે, એવી માન્યતા આ દેશમાં પણ પ્રચલિત છે.તેવી અશુદ્ધતા દૂર કરવા સારુ જે ક્રિયા યહૂદીઓમાં ચાલતી હતી તે આ અધ્યાયમાં બતાવેલી છે. (૧) ૧-૧૦. લાલ વાછરડી

(=ગાય(ઉત.૪૧; ૨-૪)) ની રાખ પાણીમાં મેળવીને અશુદ્ધતા નિવારણનું પાણી (૯) તૈયાર કરવામાં આવતું હતું. (૨) ૧૧-૧૬. કયે કયે પ્રસંગે તે પાણીનો ઉપયોગ કરવો તે. (૩) ૧૭-૩૨. પાણીનો ઉપયોગ કેવી રીતે કરવો તે. હેબ.૯;૧૩માં આ ક્રિયાનું દૃષ્ટાંત મળી આવે છે, એટલે કે "વાછરડીની રાખ શરીરને શુદ્ધ કરીને પવિત્ર કરે છે," પણ એકલા ખ્રિસ્તનું રક્ત હૃદયને નિર્જીવ કામોથી શુદ્ધ કરે છે.

૨૦; ૧-૧૩. સીનના અરણ્યમાં બનેલા બનાવો. (૧) ૧.મરિયમનું મરણ "પહેલે માસે"--ઘણું કરીને ચાળીસમાં વર્ષનો પહેલો માસ. (૨) ૨-૧૩. મરીબાહ (=તકરાર) આગળ લોકે કરેલી કચકચ. તેઓના વિશ્વાસના ક્ષણિક અભાવ તથા અભિમાનને લીધે મૂસા તથા હારૂનને કનાન દેશમાં પ્રવેશ કરવાની મનાઈ ફરમાવવામાં આવી. "તમે મારા વચનની વિરુદ્ધ દંગો કર્યો," એવું તહોમત યહોવાએ પછીથી મૂસા તથા હારૂન પર મૂક્યું (૨૪:૨૭;૧૪). ગી.૧૦૬;૩૩ પ્રમાણે મૂસાનું પાપ અવિચારીપણે બોલવામાં સમાએલું હતું. જુઓ પુ.૩૨;૫૧,૫૨. ગમે તેમ હોય, તોપણ તેઓની અધીરાઇ પ્રત્યે ઈશ્વરે આંખ આડા કાન કર્યા હોત, તો કોણ જાણે કેવી માઠી અસર લોક પર થઇ હોત.

III. ૨૦;૧૪-૩૬;૧૩. કાદેશથી મોઆબના મૈદાન સુધીનું કૂચ.

કાદેશ-બાર્નેઆ કનાનની દક્ષિણ સરહદે મૃત સમુદ્રના કિનારાથી ૩૦ માઇલ છેટે આવેલું હતું, ત્યાંથી જો યોગ્ય લાગ્યું હોત, તો ઇસ્ત્રાએલીઓ કનાન પર ચઢાઇ કરી શકત. પરંતુ દક્ષિણમાં રહેનાર કનાનીઓ તેઓની સામા થયા હતા (૨૧;૧), જેથી તે તરફ ચઢાઇ કરવાનું મુશ્કેલ થઇ પડ્યું. કાદેશની પૂર્વ બાજુએ અદોમ દેશ હતો, તેમાં થઇને જવાની રજાની જ્યારે મૂસાએ માગણી કરી, ત્યારે ત્યાંના રાજાએ રજા આપવાની ના પાડી (૨૦;૨૧). એસાવ તથા યાકૂબ વચ્ચેની દુશ્મનાવટ તેઓના વંશજોમાં અંત સુધી ચાલુ રહી (ઉત.૨૫; ૨૩-૨૬. જુઓ ઓબાદ્યાનું પુસ્તક).

ઉપલાં કારણોને લીધે દક્ષિણ તરફ વળીને ઇસ્ત્રાએલીઓ અકાબાહના અખાત (="સૂફ સમુદ્ર") પાસે પહોંચી ગયા (૨૧;૪), ત્યાંથી નીકળીને તેઓ અદોમની પૂર્વ હદને માર્ગે ચાલીને આર્નોન નદી

કે જે મોઆબની ઉત્તર હદ હતી, તેના તટ પર જઈ પહોંચ્યા (૧૩). આર્નોન નદી મૃત સમુદ્રમાં તેના પૂર્વ કિનારાની અધવચે મળે છે. તેની પેલી પાર અમોરી લોક રહેતા હતા. તેઓએ પણ ઇસ્ત્રાએલીઓને પોતાના મુલકમાં થઈને જવાની રજા આપી નહિ, તેથી ઇસ્ત્રાએલીઓએ તેમના પર હુમલો કરીને તેઓને હરાવ્યા (૨૧; ૨૧-૩૧). તેઓએ બાશાનના રાજા ઓગને પણ એમ જ કર્યું (૩૨-૩૫). આખરે યાબ્બોક નદી સુધી વિસ્તરેલું મોઆબનું આખું મેદાન વશ કરીને તેઓએ યરદનને પૂર્વ કાંઠે યરેખો સામી છાવણી નાખી (૨૨;૧). આ મુસાફરીના વખત દરમિયાન હારૂન ચાળીસમા વર્ષને પાંચમે માસે મરણ પામ્યો (૨૦; ૨૨-૨૯). હોર નામના પર્વત પર તે મરણ પામ્યો, તે મોઆબ દેશમાં મૃત સમુદ્રનાં દક્ષિણ કિનારાથી પચાસ માઈલને સુમારે આવેલો એક પહાડ છે. તેનો પુત્ર એલઆઝાર તેને બદલે પ્રમુખ યાજક નિમાયો.

લાંબો ચકરાવો ખાવો પડયાને લીધે થાકી જવાથી લોક ફરીથી યહોવા તથા તેના સેવક મૂસાની વિરુદ્ધ બોલવા લાગ્યા (૨૧;૪-૯). કચકચ કરવાનો આ છેલ્લો પ્રસંગ હતો ખરો પણ પાપ કરવાનો છેલ્લો પ્રસંગ નહિ, કચકચ કર્યાને લીધે આગિયા સાપો મોકલીને ઈશ્વરે તેઓને સજા કરી ખરી, પણ તેઓનો નાશ ન થાય એવો ઉપાય તેણે પોતાની કૃપાએ યોજી કાઢ્યો. સર્પને ઊંચો કરવાના કૃત્યદ્વારા તેની કૃપા સહુના દેખતાં પ્રગટ કરવામાં આવી, તેના પર ભરોસો રાખીને પિત્તળના સાપને નિહાળનાર હરેક જણ બચી ગયો. તેજ રીતે માણસનો દીકરો ઊંચો કરાવાથી આપણું તારણ થયું છે, અને તેનાદ્વારા જગત પરનો ઈશ્વરનો અનહદ પ્રેમ સંપૂર્ણ રીતે પ્રગટ કરવામાં આવેલો છે (યો.૩;૧૪-૧૬).

અધ્ય.૨૧માં ત્રણ લોકકાવ્ય સમાએલાં છે. (૧) પહેલું કાવ્ય "યહોવાનો યુદ્ધગ્રંથ" નામના પુસ્તકમાંથી લીધેલું છે. આપણાં યુદ્ધ યહોવાનાં જ છે, એમ ઇસ્ત્રાએલીઓ માનતા હતા (૧ શમૂ.૧૮;૧૭ ; ૨૫;૨૮ વગેરે), તેથી આ કાવ્યસંગ્રહમાં કનાનીઓની સાથે ચલાવેલાં યુદ્ધ તથા તેઓના પર મેળવેલા વિજયો માટેનાં કીર્તનો દાખલ કરવામાં આવ્યાં હશે. (૨) બીજું તો બેએર (=કૂવો. ઉત.૨૧;૩૧) ગામમાં

કૂવો ખોદતી વેળા ગાવામાં આવ્યું હતું. (૩) ત્રીજું મોઆબના પરાજય સંબંધીનું છે. કમોશ (૨૯) મોઆબીઓનો રાષ્ટ્રદેવ હતો, તેની આગળ મનુષ્યોનો વધ કરવામાં આવતો હતો (૨ ૨૧.૩;૨૭). પાછળથી સુલેમાન રાજાએ તેના નામમાં એક ઉચ્ચસ્થાન યરુશાલેમમાં બંધાવ્યું (૧ ૨૧.૧૧;૭).

અધ્ય. ૨૨-૨૪. બલઆમ. જૂના કરારમાં સમાએલી સહુથી હૃદયભેદક વાર્તાઓમાંની એક વાર્તા છે. "જેને ઈશ્વરે શાપ દીધો નથી, તેને હું કેમ શાપ દઉં," એ વાક્ય આ વાર્તાના સારરૂપ છે (૨૩;૮).

બલઆમ વિષે આપણે શું સમજવું? તેના સંબંધી યહૂદીઓની શી માન્યતા હતી, તે વિષે કશો સંશય નથી. તેમના માનવા પ્રમાણે તેનામાં દ્રવ્યલોભ મૂર્તિમાન થયો હતો (૨ પી.૨;૧૫,૧૬ : યહુ.૧૧), તેમ જ માણસોની આગળ વિષયવાસનાની લાલસા મૂકનાર તે હતો (પ્રક.૨;૧૪). પણ આ ત્રણ અધ્યાયમાં વર્ણવેલી વાર્તા JEના લેખમાંથી ઉતારી લીધેલી છે, તે પ્રમાણે તો બલઆમ યહોવાના એકનિષ્ઠ તથા આજ્ઞાંકિત સેવક તરીકે ઓળખાય છે. યહોવાની આજ્ઞાનુસાર તેણે બાલાકના પ્રથમ આમંત્રણનો અસ્વીકાર કર્યો. બીજી વાર આપેલું આમંત્રણ સ્વીકારીને તેણે પોતાનાં આત્મા જોખમમાં નાખ્યો ખરો, તોપણ ઈશ્વરેચ્છા પ્રમાણે જ તેણે તે સ્વીકાર્યું હતું (૨૨;૨૦). તેની વિશ્વાસુ ગધેડીની હઠીલાઈ દ્વારા ઈશ્વરે પોતાની કૃપાથી તેની આંખો ઊઘાડી. આ બનાવે બલઆમને પોતાના આત્માની જોખમ ભરેલી સ્થિતિનું ભાન કરાવ્યું. તેથી એમ બન્યું કે જ્યારે તે બાલાકની હજૂરમાં આવી પહોંચ્યો, ત્યારે "શું હવે હરકંઈ બોલવાની મને કંઈ સત્તા છે? જે વાત દેવ મારા મુખમાં મૂકે, તેજ હું બોલીશ," એવો તેણે નીડરપણે બાલાકને જવાબ આપ્યો (૨૨;૩૮). જેવો તેણે રાજાને જવાબ આપ્યો, તેવાં જ તેના પ્રબોધકાવ્યો પણ જણાય છે. તેમાં ઇસ્ત્રાએલને સારુ યહોવાએ જે વૈભવી ભાવિ નિર્માણ કર્યું હતું, તે પ્રગટ કરેલું છે. આ ગીતોમાંના ઘણા શ્લોક યાદ રાખવા લાયક છે. ઇસ્ત્રાએલ સંબંધી જે જે કહેલું છે, તે વિશેષ ધ્યાન આપવા લાયક છે. દા.ત.

"જુઓ, તેઓ અલાહિદા રહેનાર લોક છે,

અને દેશજાતિઓ ભેગા તેઓ ગણાશે નહિ" (૨૩;૯).

"યાકૂબમાં નિશ્ચે કંઈ મંત્ર નથી,

તેમ જ ઇસ્ત્રાએલમાં કંઈ શુકન નથી ;

હવે યાકૂબ તથા ઇસ્ત્રાએલ વિષે કહેવાશે, કે

ઈશ્વરે કેવું કર્યું છે" (૨૩;૨૩ : ગી.૧૨૬;૨)

("યાકૂબ પર." પણ મૂળાર્થ તો "યાકૂબ સાથે," એટલે "યાકૂબમાં" છે).

"જે તને આશીર્વાદ આપે, તે હરેક આશીર્વાદિત થાઓ,

અને જે તને શાપ દે, તે હરેક શાપિત થાઓ" (૨૪;૯).

ત્રીજા તથા ચોથા ગીતમાં દૃષ્ટાંતનો મનોરંજક ચિતાર આપેલો છે. તેની આંખો બંધ છે ખરી, પણ તેનાં મનચક્ષુ ઉઘાડાં છે, તે વડે તે અદૃશ્ય વાનાં નિહાળી શકે છે (૨૪;૩,૪,૧૫,૧૬). (છેલ્લાં ગીતમાં અદોમ તથા બીજા દેશો સંબંધીની આગાહીના જે શ્લોક મળી આવે છે તે પછીથી ઉમેરવામાં આવ્યા હશે).

કામ પતી ગયું, એટલે બલઆમ ઊઠીને ચાલ્યો ગયો, ને ફ઼ાત નદી પાસે પથોર નામના પોતાને ગામ તે પાછો ગયો (૨૨;૫ : ૨૪;૨૫). JEના લેખ પ્રમાણે આપણે બલઆમની વાર્તા સમાપ્ત થએલી સમજવી. એમ જો હોય, તો બલઆમ મેલ્ખીસેદેક જેવો એટલે બિનઇસ્ત્રાએલી હોવા છતાં ખરા દેવનો ઉપાસક હતો; કોઈ પણ દેશમાં કોઈ પણ સમયમાં "ઈશ્વર પોતાને વિષે સાક્ષી આપ્યા વગર રહ્યો નથી" (પ્રે.૧૪;૧૭), એ સત્‌વચનનું એક બીજું પ્રમાણ આ વાર્તામાં રહેલું છે, એવું પણ આપણે સમજવું.

પરંતુ Pના લેખ પ્રમાણે વાર્તા હજુ અધૂરી છે. થોડા વખત પછી ઇસ્ત્રાએલીઓ લલચાઈને મૂર્તિપૂજાના તથા કુકર્મના પાશમાં સપડાઈ ગયા (૨૫;૧-૫). ૩૧;૩૬ પ્રમાણે બલઆમની જ સલાહથી તે કારણને લઈને મિદ્યાનના રાજાઓને યુદ્ધમાં મારી નાખવામાં આવ્યા. તે જ વખતે બલઆમ પણ માર્યો ગયો (૩૧;૮). આ દુષ્કૃત્યને લીધે નવા

કરારના લેખોમાં બલઆમ ધિક્કાર તથા નાશપાત્ર ગણાએલો છે.

બઆલ-પેઓર આગળ કરેલું મહાપાતક કદી ભૂલી જવામાં આવ્યું નહિ (પુ.૪;૩). તે સંબંધી હોશીઆ પ્રબોધકે આ પ્રમાણે કહ્યું છે: "પણ તેઓ બઆલ-પેઓર જઈને ત્યાંની લજ્જાકારક વસ્તુને સમર્પિત થયા, ને પોતાને પ્રિય લાગતી વસ્તુના જેવા તેઓ ધિક્કારપાત્ર થયા" (૯;૧૦ : ગી.૧૦૬;૨૮). પેઓર પહાડ ક્યાં આવેલો છે, તે ખાતરીપૂર્વક કહેવાય એમ નથી. પરંતુ તે પિસ્ગાહથી (૨૧;૨૦ : પુ.૩૪;૧) દૂર નહિ હોય, એટલે તે મૃત સમુદ્રને ઈશાને હોવાનો સંભવ છે.

(JEના લેખ પ્રમાણે (૨૫; ૧-૫) જે સ્ત્રીઓની સાથે ઇસ્ત્રાએલીઓએ કુકર્મ કર્યું તે "મોઆબની દીકરીઓ" હતી; પણ Pના લેખ પ્રમાણે (અધ્ય.૩૧) ઇસ્ત્રાએલીઓને લલચાવનારી સ્ત્રીઓ તો "મિદ્યાનની સ્ત્રીઓ" હતી. વળી બલઆમે યોજી કાઢેલી યુક્તિની કંઈ પણ વાત પુ.૨૩; ૪,૫માં નથી).

૨૫; ૧-૫. બઆલ-પેઓર પરનાં ઉચ્ચસ્થાનો (૨૨;૪૧ સરખાવો) આગળ ઇસ્ત્રાએલીઓએ કરેલો વ્યભિચાર તથા મૂર્તિપૂજાનું પાપ.

૨૫; ૬-૧૫. ફીનહાસની ધર્માસ્થા તથા તેને મળેલો બદલો (૧ કાળ. ૬; ૪-૧૫). (અહીંથી માંડીને તે છેલ્લા અધ્યાય સુધી આખું વર્ણન વિધિરૂપ, એટલે યાજકવાળા લેખમાંથી ઊતારી લીધેલું છે. તેનાં લક્ષણ દરેક પૃષ્ઠ પર દેખાઈ આવે છે).

૨૫; ૧૬,૧૭. મિદ્યાનીઓને હેરાન કરવાનો હુકમ. આ હુકમનો અમલ કર્યાની હકીકત અધ્ય.૩૧માં મળી આવશે.

૨૬; ૧-૬૫. બીજી વસતિ ગણતરી. કુલ સરવાળો ૬,૦૧,૭૩૦ છે, એટલે પહેલી ગણતરી કરતાં ૧,૮૨૦ જેટલો ઓછો થએલો જણાય છે.

૨૭; ૧-૧૧. દીકરીઓ વારસ થવાના હકને લગતો નિયમ. આ ફરિયાદ પણ મૂસાએ યહોવાની આગળ રજૂ કરી (૫). વળી માણસ

નછોરવો કે સગાં વગરનો મરી જાય, તો તેના વારસાનું શું કરવું તે વિષેનો નિયમ પણ તેજ વખતે જાહેર કરવામાં આવ્યો (૮-૧૧).

૨૭; ૧૨-૧૪. મૂસાનું થનાર મોત. અબારીમ નામના પહાડોની હારમાં નબો (પુ.૩૪;૧) તથા પેઓર (૨૫;૩) શિખર આવેલાં હતાં.

૨૭; ૧૫-૨૩. મૂસાના માગ્યા પ્રમાણે મૂસાને બદલે સરદાર તરીકે યહોશુઆની નિમણૂક તથા તેની દીક્ષા. યહોશુઆ સરદાર નિમાયો ખરો, પણ ખરું જોતાં પ્રધાન સ્થાને તો પ્રમુખયાજક એલઆઝાર હતો. અત્યાર સુધી "મૂસા તથા એલઆઝાર" એવા ક્રમે તે બેનાં નામ આપેલાં છે (૩૧;૫૧,૫૪), પણ હવે પછી ક્રમ જુદો એટલે "એલઆઝાર તથા યહોશુઆ" થાય છે (૩૪;૧૭ : યહો.૧૪;૧ : ૧૯ ; ૫૧).

૨૮; ૧-૨૯;૪૦. દરરોજ તેમ જ જુદા જુદા તહેવાર વખતે જે જે અર્પણ કરવાનાં હતાં, તેનો નિયમ. આ બાબત સંબંધી "કરારના પુસ્તકમાં" પણ નિયમો આપેલા છે. તે થોડા તથા સાદા છે, પણ અહીંના નિયમો ઘણા વિગતવાર તથા વિસ્તૃત છે. નિ.૨૩;૧૫ પ્રમાણે કોઈએ ખાલી હાથે મંદિરમાં આવવું નહિ, એટલું જ કહેલું છે (પુ.૧૬;૧૭), પણ હવે દરેક તહેવાર વખતે શાનું અર્પણ કરવું, તે વિગતવાર ફરમાવેલું છે. વળી રીતસરનાં અર્પણ આ નિયમ પ્રમાણે બહુ ભારે હતાં. દા.ત. માંડવાપર્વના સાત દિવસ દરમિયાન ૭૧ બળદ, ૧૫ ઘેટાં,૧૦૫ હલવાન તથા ૮ બકરા હોમવાં એવો નિયમ હતો.

૩૦; ૧-૧૬. વ્રત લેવા તથા તે પાળવા સંબંધીનો નિયમ.

૩૧; ૧-૫૪. મિદ્યાનીઓ પર વેર વાળ્યાની વાત. આ વાર્તા વાંચતાં કેટલીક વાતો પર ધ્યાન ખેંચાયા વગર રહેતું નથી, જેવી કે :- (૧) ઇસ્ત્રાએલીઓનું અનહદ નિર્દયપણું. સઘળા પુરુષોને (૭) ને સઘળી સ્ત્રીઓ તથા છોકરીઓને મારી નાખવામાં આવ્યાં (૧૭), પણ સર્વ છોકરીઓને ગુલામ તરીકે જીવતી રાખવામાં આવી (૧૮), એટલે સમસ્ત મિદ્યાની પ્રજાનો સમૂળગો નાશ કરવામાં આવ્યો, એમ સમજવાનું છે. પરંતુ તેનો નાશ થયો નહિ, એવું ન્યા.૬-૮ પરથી માલૂમ પડે છે. (૨) એક પણ ઇસ્ત્રાએલી સૈનિક માર્યો ગયો નહિ

(૪૯). (૩) ઇસ્ત્રાએલી સૈન્યનો સેનાપતિ તો યહોશુઆ નહિ, પણ ફીનહાસ હતો. વળી પવિત્રસ્થાનનાં પાત્રો રણક્ષેત્રમાં લઇ જવામાં આવ્યાં, એમ કહેલું છે (૬). (૪) યુદ્ધ થયા પછી શુદ્ધિકરણ કરવાનો (૧૩-૨૪) તેમ જ લૂટ વહેંચવાનો નિયમ જાહેર કરવામાં આવ્યો. પરંતુ ૧ શમૂ.૩૦; ૨૦-૨૫ પ્રમાણે લૂટ વહેંચવાનો નિયમ દાઉદ રાજાએ પહેલવહેલાં સ્થાપન કર્યો.

આ અધ્યાય કાળવૃત્તાંતનાં પુસ્તકોની ઢબના જેવો છે, એવું ઉપર કહેવામાં આવ્યું છે. તે પુસ્તકોમાં "ટીકાગ્રંથ" શબ્દ બે વાર મળી આવે છે (૨ કાળ.૧૩;૨૨ : ૨૪;૨૭), તે કોઇ પણ વિષયનું વિવેચન નહિ, પણ કોઇ બોધદાયક વાર્તા સૂચવે છે. આ પણ એવી એક વાર્તા છે, તેમાં નીચેનો બોધ સમાએલો છે :--

(૧) યહોવાના વિશ્વાસુ સેવકોનો વિજય : (૨) તેના દગાબાજ શત્રુઓનો નાશ : (૩) શુદ્ધિકરણ કરવાની જરૂર : (૪) લૂટની કાળજીપૂર્વક વહેંચણી કરવી.

૩૨; ૧-૨૭. યરદનની પૂર્વ બાજુના પ્રદેશમાં રેઉબેન, ગાદ તથા મનાશ્શેહના અર્ધકુળનો વસવાટ.

૩૩; ૧-૪૯. અરણ્યમાંની મુસાફરીની જુદી જુદી મજલોની ટીપ. તેના ત્રણ જુદા જુદા ભાગ છે, એટલે (૧) મિસરથી સિનાય સુધી (૫-૧૫) : (૨) સિનાયથી કાદેશ સુધી (૧૬-૩૬) : અને (૩) ચાળીસ વર્ષને અંતે કાદેશથી મોઆબના મેદાન સુધી (૩૭-૪૯).

૩૩; ૫૦-૫૬. કનાનીઓને તેમના દેશમાંથી હાંકી કાઢવાનો, તેમ જ તેમની મૂર્તિઓ તથા તેમના મંદિરનો નાશ કરવાનો હુકમ.

૩૪; ૧-૨૯. (અ) ૧-૧૫. કનાનની સરહદો--દક્ષિણ (૩-૫), પશ્ચિમ (૬), ઉત્તર (૭-૯), અને પૂર્વ (૧૦). (ક.૫. "મિસરની નદી." તે તો નીલ નદી નહિ, પણ મિસર તથા પાલેસ્ટાઇન વચ્ચે આવેલું એક નાળું હતું. તેની વાત જૂના કરારમાં વારંવાર મળી આવે છે (યહો.૧૫;૪,૪૭ : ૧.૨૧.૮;૬૫ : ૧.૨૧.૨૪;૭ : ૨ કાળ. ૭;૮ : યશ.૨૭;૧૨ : આમ.૬;૧૪). (આ) ૧૬-૨૯. દેશની વહેંચણી કરવા સારુ એલઆઝાર તથા યહોશુઆના મદદગાર દસ અધિપતિઓ. (બે કુળ યરદનની પેલી પાર ક્યારનાંયે વસેલાં હતાં).

૩૫; ૧-૩૪. આશ્રયનગરો. (અ) ૧-૮. લેવીઓને ૪૮ નગરો મળવાનાં હતાં. વળી નગરોની આસપાસનાં પાદરો પણ તેઓને આપવાનાં હતાં. (૧૮;૨૦ : ૨૬;૬૨ પ્રમાણે લેવીઓને કંઈ પણ જમીન મળવાની નહોતી). તે નગરોમાંથી છ આશ્રયનગર, એટલે યરદનની પૂર્વ બાજુએ ત્રણ તથા તેની પશ્ચિમ બાજુએ ત્રણ પસંદ કરવાનાં હતાં. (આ) ૯-૩૪. આશ્રયનગરોમાં કોને આશ્રય મળે તેને લગતો નિયમ. ક.૧૯. "લોહીનું વેર લેનાર" (હેબ્રીમાં-ગોએલ). તે સહુથી નજીકનો સગો હતો. તેણે અમુક ફરજો બજાવવાની હતી, તેમજ તેના અમુક હક પણ હતા. દા.ત.(૧) જો કંઈ કારણસર કુટુંબમાં ઊતરી આવેલી જમીન વેચી દેવી પડે, તો તે વેચાતી રાખવાનો પ્રથમ હક તેનો જ હતો. આ વાતનો સહુથી સારો દાખલો યિર્મેયા છે (૩૨.૩૨;૮). (૨) જો જમીન બીજાને ક્યારનીયે વેચી દેવામાં આવી હોય, તો તે પાછી વેચાતી રાખવાનો તેનો હક હતો (લે.૨૫;૨૫). તેનો દાખલો તો બોઆઝ છે (રૂથ ૪;૩). (૩) જો કોઈનું ખૂન થાય, તો તેનું વેર વાળવાની તેની જ ફરજ હતી (૨૧). (૪) જો કોઈ માણસ ગુલામ તરીકે પોતાને વેચી દે, તો તેની ખંડણી ભરી તેને છૂટો કરવાની તેની ફરજ હતી (લે.૨૫;૪૮). તેથી ઈશ્વર ઘણી વાર ઈસ્ત્રાએલનો "ગોએલ" કહેવાય છે (ગી.૧૯;૧૪ : યશ.૪૧;૧૪, તથા અધ્ય.૪૦-૬૩માં બીજી અગિયાર વાર : ૪૨. ૫૦;૩૪). ઈશ્વર મારો "ગોએલ," મારો ઉદ્ધાર કરનાર છે, તે મને બચાવશે, એવો દાવો કરવાની દુઃખિત અયૂબે એક વખત હિમ્મત ધરી હતી (૧૯;૨૫).

૩૬; ૧-૧૨. દીકરીઓ બાપની વારસ થઈ શકે, તે નિયમમાં કરેલો વધારો (૨૭;૮). તેઓ પોતાના કુળ બહારના પુરુષોની સાથે લગ્ન કરી શકે નહિ, એવો સુધારો તે નિયમમાં કરવામાં આવ્યો, આ પણ નિયમશાસ્ત્રની ખીલવણીનો બીજો એક દાખલો છે.

પુનર્નિયમ

૧. **નામ.** પંચગ્રંથનાં બીજાં પુસ્તકની પેઠે આ પુસ્તકનું નામ પણ LXX પ્રમાણેનું છે. હેબ્રી શાસ્ત્રમાં હેબ્રી નિયમ પ્રમાણે તેનું મથાળું તો તેના પ્રથમ શબ્દો છે. પણ ૧૭;૧૮માં જે ત્રણ શબ્દો એટલે "આ નિયમની નકલ" મળી આવે છે, તેનો તરજુમો LXX માં "પુનર્નિયમ" કરેલો છે.

જૂના કરારમાંનાં એટલું જ તો શું, પણ આખી દુનિયામાંનાં સહુથી મહાન પુસ્તકોમાંનું એક પુસ્તક પુનર્નિયમ ગણાય છે. સાહિત્ય તરીકે તે ઉત્કૃષ્ટ વકતૃત્વનો ભંડાર છે. ધર્મશાસ્ત્ર તરીકે તેમાં ઈશ્વર વિષેના તથા માણસના મુખ્યાર્થ વિષેના સર્વોત્તમ વિચારોની સુવાસ બધે પ્રસરી રહેલી છે. તે આપણા પ્રભુ ઈસુને ઘણું વહાલું લાગતું હતું, એવું આપણે અગાઉ કહી ગયા છીએ. ઇસ્ત્રાએલના ઇતિહાસ તરફ જોતાં આ પુસ્તકને ઘણું મહત્ત્વનું સ્થાન આપવું ઘટે છે, કેમ કે ભૂતકાળની તેમ જ ભવિષ્યકાળની વાતો પર પ્રકાશ પાડતાં પાડતાં તે ઈશ્વરે પોતાના લોકને રફતે રફતે કરેલા પ્રકટીકરણના એક માર્ગસ્તંભ જેવું છે.

૨. **તેનું શિક્ષણ તથા તેનાં લક્ષણ.** (૧) આ પુસ્તકમાં ઇસ્ત્રાએલના ખરા મહત્ત્વનું કારણ સ્પષ્ટ દેખાડેલું છે. તેનું મહત્ત્વ તેની સંખ્યામાં (૭;૭) તેમ જ તેના પરાક્રમમાં (૪;૩૮) રહેલું નહોતું, પણ તેના પ્રત્યેના ઈશ્વરે દર્શાવેલા પ્રેમભાવમાં રહેલું હતું. તેઓના પિતૃઓ પર યહોવાએ પ્રેમ રાખ્યો હતો, તેથી જો કે તેમની સંખ્યા જૂજ હતી, તોપણ તેઓને પસંદ કરીને તે તેમને બીજી મોટી દેશજાતિઓ મધ્યેથી કાઢી લાવ્યો (૪; ૩૪-૩૭). તેઓને તેણે પોતાને પ્રગટ કર્યો હતો, અને જેના બીજી કોઇ પણ પ્રજાને હતા જ નહિ, એવો ઉચ્ચ વિધિઓ તથા કાનૂનો તેણે તેઓને આપ્યા હતા (૪;૮). તેણે તેમને પોતાને પ્રગટ કર્યો હતો. ખરો, પણ તેની કાંઇ પણ આકૃતિ તેઓના જોવામાં આવી નહોતી, ફક્ત દેવવાણી સંભળાઇ હતી (૪;૧૨). તો એવી કઇ મોટી દેશજાતિ છે, કે જેની સાથે કોઇ દેવ આટલો નિકટનો સંબંધ રાખે? (૪;૮). એવી કઇ મોટી પ્રજા છે કે જે પોતાના ઇષ્ટદેવની આવી નિકટ સંગતમાં આવીને જીવતી રહેવા પામી હોય? તથાપિ ઇસ્ત્રાએલને

એવો અજોડ અનુભવ થયો હતો. યહોવા આપણા દેવે પોતાનું ગૌરવ તથા પોતાનું માહાત્મ્ય આપણને દેખાડ્યું છે, ને અગ્નિજવાળા મધ્યેથી પોતાની વાણી આપણને સંભળાવી છે. ઈશ્વર મનુષ્યની સાથે બોલે છે, છતાં તે મનુષ્ય જીવતો રહે છે, એમ આપણે આજે જોયું છે, એવું ઇસ્ત્રાએલનું કહેવું તદ્દન વાસ્તવિક હતું (૫;૨૪-૨૬). તેજ અનુભવ ઇસ્ત્રાએલી પ્રજાના મહત્વનો પાયો થયો. તે પાયા પર જો તેઓ અંત સુધી ટકી રહ્યા હોત, તો કેવું સારું! પણ તેઓએ પોતાના ગઢના ખડકનું વિસ્મરણ કરીને (યશ.૧૭;૧૦) તેનો અનાદર કર્યો, અને પરિણામે તેઓ વેરવિખેર થઇ ગયા (લૂ.૨૦;૧૮). તો ઇસ્ત્રાએલ સંબંધી યહોવાનો જે ઇરાદો હતો, તે વ્યર્થ નીવડ્યો સમજવો? એ સવાલનો જવાબ પ્રેરિત પાઉલે બીજી ઉપમા વાપરીને આપ્યો છે, એટલે કે "જો તેઓ પોતાના અવિશ્વાસમાં રહેશે નહિ, તો તેઓ કલમરૂપે મેળવાશે; કેમ કે ઈશ્વર તેઓને કલમરૂપે પાછા મેળવી શકે છે" (રૂ.૧૧;૨૩).

(૨) આ પુસ્તકમાં સમાએલા શિક્ષણનું તાત્પર્ય એક જ વાક્યમાં રહેલું છે, એટલે કે "હે ઇસ્ત્રાએલ, સાંભળ : યહોવા આપણો દેવ, યહોવા એકલો જ છે" (૬; ૪-૯. સરખાવો ઝખ.૧૪;૯ : માર્ક ૧૨;૨૯). આ ટૂંકું વાક્ય યહૂદીઓનું વિશ્વાસનામું કહેવાય છે. (હેબ્રીમાં "સાંભળ"-શમા, તે પરથી યહૂદીઓનું વિશ્વાસનામું "શમા" કહેવાય છે). દરેક યહૂદી બાળકને જે પ્રાર્થના સવારે તથા સાંજે કરવાનું શીખવવામાં આવેલું છે તેની પ્રસ્તાવનામાં આ વાક્ય ઉચ્ચારવામાં આવે છે. મૃત્યુપળે પણ આ વાક્યના શબ્દોએ પોતાના કાન પર છેલ્લામાં છેલ્લા પડે, એવી દરેક યહૂદીની ઇચ્છા હોય છે. તેમાં ઇશ્વરનું માહાત્મ્ય તેમ જ તેનું અનન્યપણું જાહેર કરેલું છે, તે કારણસર મૂર્તિપૂજા મહાપાતક ગણાતી હતી (૬;૧૪ : ૧૩;૬-૧૮ : ૧૭; ૨-૭). તે કારણને લીધે કનાનીઓની સાથે તેઓએ કંઇ પણ સંબંધ રાખવાનો નહોતો (૭; ૧-૫). તેઓના જે રિવાજો અત્યાર સુધી ચાલુ રહેલા હતા, તેમાંના કેટલાએક હવે રદ કરવામાં આવ્યા. દા.ત.બેથેલ આગળ યાકૂબે એક પથ્થર ધર્મસ્તંભ તરીકે ઊભો કર્યો હતો (ઉત.૨૮;૧૮). વળી બંદિવાસ વખતે ઇસ્ત્રાએલપુત્રોને ભજનસ્તંભ રહિત લાંબી મુદ્દત સુધી રહેવું પડશે, એવી હોશીઆએ

આગાહી કરી હતી (૭૫૦.૩;૪). યશાયાએ પણ ભવિષ્ય ભાખીને કહ્યું હતું, કે ઇસ્ત્રાએલ તથા યહોવાના સ્મરણાર્થે એક ભજનસ્તંભ ઊભો કરવામાં આવશે (૭૨૦.૧૯;૧૯). પરંતુ આ પુસ્તકના ધારા પ્રમાણે એવા ધર્મસ્તંભો ઊભા કરવાની સખત મના છે (૧૬;૨૨. ત્યાંની નોંધ જુઓ).

(૩) યહોવા એકરૂપ છે, તેથી તે અખિલ વિશ્વનો પ્રભુ છે (૪;૩૯ : ૧૦;૧૪). તેની ઇચ્છા એજ સમસ્ત માનવજાતને સારુ નીતિનિયમ છે. વળી ન્યાયાધીશ તરીકે તે દરેકનો અદલ ઇન્સાફ કરે છે. આ વાત ઇબ્રાહીમ (ઉત.૧૮;૨૫), અને મૂસાની (નિ.૧૯;૫) જાણ બહાર નહોતી; તેમ છતાં જાણે નવો ઉપદેશ પ્રગટ કરવાનો હોય, એવા જુસ્સાથી આમોસે (અધ્ય.૧), યશાયાએ (૬;૩ ને બધે) તથા તે સમયના બીજા પ્રબોધકોએ તે વાત પ્રગટ કરી હતી.

(૪) યહોવા ઇન્સાફનો નિધિ છે કેવળ એમ નહિ, પરંતુ તે પ્રેમસાગર દેવ પણ છે. ઇસ્ત્રાએલીઓ હંજુ થોડા જ હતા, એટલામાં તેણે તેઓને પસંદ કરીને તેઓને પોતાનો પ્રેમભાવ જાહેર કર્યો (૭;૭,૮ : ૧૦,૧૫), અને જેવો પ્રેમ તે તેમના પર રાખતો હતો, તેવો વળતો પ્રેમ તેઓએ તેના પર રાખવાનો હતો (૬;૫ : ૧૦;૧૨). તે જીવતો, પ્રેમ રાખનાર દેવ છે, તેથી તેની સ્તુતિ તથા પ્રાર્થના કરવી માણસોને છાજે છે. આનંદ કરતાં કરતાં તથા સ્તવન ગાતાં ગાતાં આપણે તેની હજૂરમાં આવવું (૧૨;૧૮ : ૧૪;૨૬ : ૨૬;૧૧). તેજ કારણને લીધે તેઓ કનાનીઓમાં ચાલતી નિરાશાજનક અંતિમ ક્રિયાઓથી દૂર રહે, એવું ફરમાવવામાં આવ્યું (૧૪;૧,૨ : લે.૧૯;૨૮). ભજનસેવાનું મૂળ દયાનિધિ ઉદ્ધારનારનો આભાર માનવામાં રહેલું છે, તેથી સર્વ માણસોની સાથે દયાભાવથી વર્તતાં અને વિશેષે કરીને નિરાધાર તથા પરદેશીઓ પર પરોપકાર કરતાં કરતાં આપણે આપણો ઇશ્વર પરનો પ્રેમ સાબિત કરવો (૨૪;૧૦-૨૨ ને ઘણી વાર). શત્રુઓની સાથે પણ દયાભાવથી વર્તવું (૨૩;૭). સહુથી કંગાલોને માન આપવું (૨૪;૧૦-૧૩). પશુપક્ષીઓ પર દયા રાખવી (૨૨;૧-૪,૬,૭). આપણે જે કંઇ કરીએ, તે બીજાઓનું શ્રેય ધ્યાનમાં રાખીને આપણે કરવું (૨૨;૮). આ બધી સૂચનાઓ હુકમરૂપ હતી ખરી, તોપણ તેમની કંગાલાવસ્થાના સમયમાં યહોવા તેઓની

સાથે કેવા પ્રેમભાવથી વર્ત્યો હતો, તેનું સ્મરણ કરવાથી જે હુકમરૂપ હતું તે ગીતરૂપ થઇ ગયું (૧૦;૧૯ : ગી.૧૧૯;૫૪). આ બોધ આખા પુસ્તકમાં છવાઇ રહેલો છે. જ્યારે જ્યારે આપણે તેનું વાંચન કરીએ છીએ ત્યારે "મારી યાદગીરીમાં આ કરો"-બધું કરો એ આપણા પ્રભુ ઇસુનું બોલેલું વચન આપણને યાદ આવ્યા વગર રહેતું નથી.

(૫) વળી દયાનિધિ ઇશ્વરે પોતાના લોકની સમક્ષ પોતાનું પ્રકટીકરણ કર્યું છે. જૂના કરારમાં સમાએલો ઇતિહાસ ઇશ્વરે કરેલા પ્રકટીકરણના વર્ણન સિવાય બીજું કંઇ નથી (અધ્ય.૪ જુઓ. આ અધ્યાય ઊંડો અભ્યાસ કરવા લાયક છે). આ કારણને લીધે વિધિઓ તથા આજ્ઞાઓ જાહેર કરાયા પહેલાં મિસરમાંથી કરાએલા છૂટકારાનું તથા અરણ્યમાં થએલી રખડામણનું વર્ણન કરેલું છે (૧; ૧-૪;૪૦ : ૫; ૧-૧૧;૩૨). દસ હુકમ પ્રગટ કરનાર તે તો તેઓને ગુલામગીરીના ઘરમાંથી છોડાવનાર દેવ છે (૫;૬). તે ઉદ્ધારક કૃત્યની યાદમાં તેઓએ મહાન પર્વો પાળવાનાં હતાં--સાબ્બાથ (૫;૧૫), પાસ્ખા (૧૬;૩), પચાસમાનો દિવસ (૧૬;૧૨). તે સર્વ ઉપરાંત ફસલ વખતે માત્ર અન્નપ્રાપ્તિને સારુ તો નહિ, પણ આરંભથી માંડીને ઇબ્રાહીમના વંશજો પર યહોવા જે દયાભાવ રાખતો આવેલો હતો, તેને સારુ પણ તેમણે પોતાનું ઉપકારાર્થાર્પણ ચઢાવવાનું હતું (૨૬; ૧-૧૧). ખેતરનું ફળ બઆલીમ દેવતાઓથી અપાએલું દાન છે, એવી માન્યતા પ્રત્યે ઇસ્ત્રાએલીઓ વારંવાર ખેંચાઇ જતા હતા (હો.૨; ૫-૮), પણ ઉત્તમ દાનોનો દાતાર તો એકલો ઇશ્વર જ છે, એવું આ નિયમિત ભજનસેવા ક્રિયા દર વર્ષે તેઓને યાદ દેવડાવતી હતી. ઉપરના દાખલા પરથી આપણને માલૂમ પડે છે, કે આ પુસ્તકમાં સમાએલો બોધ ઘણી વાતોમાં નવા કરારના બોધ જેવો છે.

૩. વળી તેમાં જાહેર કરેલા નિયમો તરફ જોતાં સહુથી મોટો અગત્યનો નિયમ એ છે કે, ગામોમાં બંધાએલાં સર્વ મંદિર પાડી નાખવામાં આવે, અને હવે પછી નિયમિત ભજનસેવા એકલી એક પસંદ કરાએલી જગાએ કરવામાં આવે (૧૨; ૪-૧૯). તે સંબંધીનો હુકમ સ્પષ્ટ છે, એટલો કે "તમારાં સર્વ કુળોમાંથી જે સ્થળ યહોવા તમારો દેવ પોતાનું નામ રાખવા સારુ પસંદ કરશે, ત્યાં....તમારે તમારાં દહનિયાર્પણ...લાવવાં અને ત્યાં યહોવા તમારા દેવની આગળ

તમારે જમવું" (૧૨;૫,૬,૭). આ હુકમ વારંવાર તેઓને કહી સંભળાવવામાં આવતો હતો. તે સ્થળ તો યરુશાલેમ હતું. આ હુકમનો અમલ થવાથી લોકના ધાર્મિક જીવનનું આખું વાતાવરણ બદલાઇ ગયું. દા.ત. (અ) અત્યાર સુધી પાસ્ખાપર્વ ઘેરઘેર કૌટુંબિક તહેવાર તરીકે પાળવામાં આવતું હતું (નિ.૧૨;૨૧); પણ હવે પછી તે એક મોટો રાષ્ટ્રિય તહેવાર બની ગયો. તે કારણને લીધે આપણા પ્રભુ ઈસુના છેલ્લા અઠવાડિયા દરમિયાન લોકના મોટા સમુદાયો યરુશાલેમમાં ભેગા થએલા જણાય છે. (આ) અત્યાર સુધી ગામમાં રહેનાર યાજકો ગામના મંદિર આગળ ફરિયાદોના ફેંસલા કરતા હતા (નિ.૨૧;૬ : ૨૨;૮); પણ જોકે ન્યાયધીશો હજુ ગામમાં રહેતા હતા ખરા, તોપણ હવે પછી તેઓનાથી જે કંઇ તકરારનો નિર્ણય ન થઇ શકે, તેનો ફેંસલો યરુશાલેમ જઇને કરાવવો પડતો હતો. (ઇ) અત્યાર સુધી ગામના મંદિરમાં અજાણતાં ગુનો કરનારને આશ્રય મળતો હતો (નિ.૨૧;૧૪); પણ હવે પછી ગામનાં મંદિરો પાડી નંખાએલા હોવાને લીધે આશ્રયનગરો અલગ કરવામાં આવ્યાં (૧૯; ૧-૩).

(ઇ) વળી મૂસાએ જાહેર કરેલા નિયમ પ્રમાણે જ્યાં જ્યાં યહોવા પોતાનું નામ સ્થાપે, તે દરેક સ્થળે માટીની વેદી બનાવવાની છૂટ હતી (નિ.૨૦;૨૪), તેને પરિણામે એવી વેદીઓ ઠેકાણે ઠેકાણે ઊભી કરવામાં આવી હતી. (ન્યા.૬;૨૪ : ૧૩;૨૦ : ૨૧;૪ : ૧ શમૂ.૭;૧૭,વગેરે). બેથેલ,ગિલ્ગાલ તથા દાનમાં પણ મંદિરો બાંધેલા હતાં; અને જો કે આમોસ (૪,૪) તથા હોશીઆ (૬;૬) તેમાં ચાલતી વ્યર્થ ક્રિયાઓની વિરુદ્ધ કઠોરતાથી બોલ્યા ખરા, તોપણ ત્યાંનાં મંદિરો વિષે તેઓ કંઇ પણ બોલ્યા નહિ, તેમ જ લોકને યરુશાલેમના મંદિરે જઇને ભજનસેવા ત્યાં કરવાનું સમજાવવાની તેઓએ કંઇ પણ મહેનત કરી નહિ (આ;૭૫૦). યશાયાના ઉપદેશથી દોરવાઇને હિઝકીયા રાજાએ પહેલવહેલાં ગામડાંમાંનાં મંદિર પાડી નાખીને એકલા યરુશાલેમના મંદિરમાં ભજનસેવા ચલાવવાની પદ્ધતિ દાખલ કરવા પ્રયત્ન કર્યો, પણ રાબશાકેહે હિઝકીયાહની જે ઠઠ્ઠામશ્કરી કરી, તે પરથી આપણે સમજવું કે રાજાની ધર્માસ્થા લોકને ગમતી નહોતી (૨ ૨૧.૧૮;૪,૨૨). પરંતુ તે જ ઘડીએ સાન્હેરીબના હાથમાંથી થએલા યરુશાલેમના ચમત્કારિક છૂટકારાથી (૭૦૧) તેમ જ તે પહેલાં

થોડાં વર્ષ અગાઉ સમરૂન નગરના થએલા પતનથી (૭૨૨) બેથેલ તથા દાન આગળ ચાલતી ધર્મક્રિયાની વ્યર્થતા અને મોટા રાજાના નગર યરુશાલેમનું અચળપણું એ બે વાત પુરવાર થઈ. હવે એ પરથી નવી પરિસ્થિતિને વધારે લાગુ પડે, એવા રૂપમાં ચાલતા આવેલા જૂના નિયમો સુધારીને પ્રસિદ્ધ કરવા કેટલાક દેવભક્તોએ મહેનત કરી હોય, એવો સંભવ છે. પણ હિઝકીયા પછી તેનો પુત્ર મનાશ્શેહ ગાદીપતિ થયો, તેની કારકિર્દીમાં મૂર્તિપૂજા તથા તેને લગતી બધી અશુભ ક્રિયાઓ ફરીથી દાખલ થઈ. મનાશ્શેહે બઆલનાં ઉચ્ચસ્થાનો પાછાં ઊભાં કરાવ્યાં, અશેરાહ બનાવી, અને મંદિર માંહે તારામંડળના માનાર્થે વેદીઓ બંધાવી, વળી તેણે પોતાના દીકરાને અગ્નિમાં હોમ્યો. એ સર્વ ઉપરાંત ભૂવાઓ તથા જાદુગરો સાથે તે વ્યવહાર રાખતો હતો (૨ ૨૧.૨૧; ૨-૭). (પુનર્નિયમમાં એ સર્વ રીતરિવાજોનો સખ્ત નિષેધ કરેલો છે). જે માર્ગમાં મનાશ્શેહ ચાલ્યો હતો, તેજ માર્ગમાં તેનો પુત્ર આમોન પણ રાજા થયા પછી ચાલતો હતો (૨૧;૨૧).

ત્યાર પછી જુવાન ને ધર્મશીલ યોશીયા રાજા થયો. તેની કારકિર્દીને અઢારમે વર્ષે ઈશ્વરકૃપાથી નિયમશાસ્ત્રનું એક ઓળિયું સમારકામ ચાલતી વેળા મંદિરમાંથી હાથ આવ્યું; તેમાં લખેલાં વચન જ્યારે લોકને વાંચી સંભળાવવામાં આવ્યાં, ત્યારે રાજા તથા રૈયત પર ઘણી અસર થઈ. ઉપર કહ્યા પ્રમાણે ધાર્મિક જીવનનું સમસ્ત વાતાવરણ તરત બદલાઈ ગયું (૨ ૨૩.અધ્ય.૨૨,૨૩).

તો તે ઓળિયામાં કયા કયા નિયમો સમાએલા હતા? તે નિયમોને અનુસરીને યોશીયાહે જે જે કર્યું તથા કરાવ્યું, તે પરથી નિયમો કેવા હતા, તે પણ માલૂમ પડે છે. (૧) તેણે ગામમાંનાં ઉચ્ચસ્થાનોનો નાશ કરાવ્યો (૨ ૨૩.૨૩; ૮-૧૩-પુ. ૧૨; ૧-૩). (૨) તેણે મંદિરમાંથી અશેરાહ કાઢી નંખાવી (૨૩;૬, ૧૪-પુ.૧૬; ૨૧,૨૨). (૩) તેણે પુંમૈથુનીઓનાં ઘર તોડી નંખાવ્યાં (૨૩;૭-પુ.૨૩;૧૭). (૪) તેણે જ્યોતિમંડળની પૂજા અને મોલેખના માનમાં બાળકો હોમવાની પ્રથા બંધ કરાવી (૨૩;૫,૧૦,૧૧, ૧૩-પુ.૧૭;૩;૧૮;૧૦). (૫) જાદુગરો, ભૂવાઓ વગેરેને તેણે દૂર કર્યા (૨૩;૨૪--પુ.૧૮;૧૦,૧૧ દૂર કરવું--હેબ્રીમાં "બાળી નાખીને નાશ કરવો." તે શબ્દ પુનર્નિયમમાં અગિયાર વાર, પણ બાકીનાં પુસ્તકોમાં માત્ર બે વાર,

એટલે ન્યા. ૨૦;૧૩ તથા ૨ ૨૧.૨૩;૪૨માં, મળી આવે છે). છેવટે (૬) તેણે પાસ્ખાપર્વ યરુશાલેમમાં પળાવ્યું (૨૩;૨૩--પુ.૧૬;૬). ઉપર આપેલી મળતી આવતી કલમો પરથી વાચકને માલૂમ પડ્યું હશે, કે જે જે પ્રતિબંધો યોશીયાહે ફરમાવ્યા, તે સર્વ પુ.૧૨-૨૬માં અધ્યાયોમાં સમાએલા નિયમો પ્રમાણેના છે, જે પરથી મંદિરમાંથી મળી આવેલું ઓળિયું પુનર્નિયમનું આખું પુસ્તક ન હોય, તો તેનો અમુક વિભાગ તો હતો જ, એવો મત આજકાલના ઘણાખરા સાક્ષરો ધરાવે છે.

જો એમ હોય તો તે ઓળિયું ક્યારે લખવામાં આવ્યું હશે? ચાળીસ વર્ષ સુધીની રખડામણને અંતે મરણને શરણ થયા અગાઉ મૂસાએ ઇસ્ત્રાએલપુત્રોની સમક્ષ મોઆબના મેદાનમાં જે ત્રણ જુદાં જુદાં ભાષણ કર્યાં તથા જે બે ગીત તેમના બોધને સારુ તેણે રચ્યાં, તે સર્વ આ ઓળિયામાં સમાએલું છે, એ પરથી તે મૂસાકૃત પુસ્તક તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યું હોય, એમ માનવું પડે છે.

(૧) પરંતુ ૧;૧માં મળતા "યરદન પાર" શબ્દો પરથી અનુમાન કરવું પડે છે, કે પંચગ્રંથનાં બીજાં પુસ્તકોની પેઠે આ પુસ્તક પણ પાલેસ્ટાઇન દેશમાં સંપાદન તથા પ્રસિદ્ધ કરવામાં આવ્યું હશે. તે ને તેજ શબ્દો બીજી કેટલીક વાર પણ મળી આવે છે (૩;૮ : ૪;૪૧,૪૬,૪૭,૪૯).

(૨) "કરારનું પુસ્તક" નામના પ્રકરણમાં સમાએલા ધારાધોરણ સંબંધી અગાઉ નોંધ કરવામાં આવેલી છે (નિ.૨૦-૨૩). જો તેમની સાથે પુનર્નિયમમાં જાહેર કરેલા નિયમો સરખાવવામાં આવે, તો પુનર્નિયમના કાયદાઓ અગાઉ કરતાં સુધરેલા સમાજને લાગુ પડે એવા છે, એમ માલૂમ પડશે. કેટલાક જૂના નિયમો લગભગ અક્ષરશઃ ફરીથી બહાર પાડેલા છે ખરા (૭;૫--નિ.૩૪ : ૧૩:૧૪;૨૧--નિ.૨૨;૩૧ : ૨૩;૧૯), પણ એકંદરે પુનર્નિયમમાં જાહેર કરેલા નિયમોમાં કરારના પુસ્તકના નિયમો કરતાં વધુ દયાભાવ તથા માનવબંધુત્ત્વ દેખાઈ આવે છે, એટલે તે નિયમો નવા તથા સુધરેલા સમયના હોય, એમ સમજવું. દા.ત.(૧) સાતમે વર્ષે દાસીઓને પણ છોડી દેવી; (૨) વળી જે દાસ કે દાસીને છોડવામાં આવે, તેને ખાલી હાથે જવા દેવાં નહિ; (૩) કાન

વીંધવાનું માલિકના ઘરમાં એટલે એકાંતમાં થઇ શકે (૧૫; ૧૨-૧૮--નિ.૨૧; ૧-૬). વળી એવો દયાભાવ દર્શાવવાનું એક જ કારણ હતું, એટલે કે "મિસર દેશમાં તું પણ દાસ હતો, તે યાદ કરતાં તારે તારા દાસ પર દયા રાખવી" (ક.૧૫). આ પુસ્તકના સર્વ કાયદાઓમાં એજ ભલમનસાઇનું લક્ષણ દીપી આવે છે, જેથી કરીને ઘણી બાબતોમાં તેનું શિક્ષણ નવા કરારના શિક્ષણ જેવું જણાય છે.

(૩) એક બાજુ "કરારનું પુસ્તક" તથા પુનર્નિયમ વચ્ચે આવા પ્રકારની અસમાનતા રહેલી દેખાય છે, પરંતુ બીજી બીજુ લેવીયનો જે વિભાગ "પવિત્રાઇનું નિયમશાસ્ત્ર" કહેવાય છે (લે.૧૭-૨૬). તેની અને પુનર્નિયમની વચ્ચે ઘણી સમાનતા દેખાય છે. ઇશ્વર પ્રત્યે કૃતગ્નતા અને ગરીબ માણસો તેમ જ સર્વ જાનવરો પ્રત્યે દયાભાવ--આ બેઉ બાબત પર બંને પુસ્તકમાં ભાર મૂકેલો છે. હવે "પવિત્રાઇનું નિયમશાસ્ત્ર" ક્યારે સંપાદન કરવામાં આવ્યું હશે, તે વાતનું વિવેચન કરતાં કહેવામાં આવ્યું છે, કે ઇસ્ત્રાએલી રાજયના છેલ્લા સમયમાં તે શાસ્ત્ર લખાયું એવો સંભવ છે.

(૪) અત્યાર સુધી તો આ પુસ્તકમાં સમાએલા માત્ર નિયમોનાં લક્ષણ પર ધ્યાન આપવામાં આવ્યું છે. પણ તેમાં લખેલી ઐતિહાસિક વાતોની જો આપણે તપાસ કરીએ, તો માલૂમ પડશે, કે તે સર્વ વાતો વાર્તારૂપી લેખમાંથી (JE)ઉતારી લીધેલી છે. દા.ત. (અ) કોરાહની વાત (P) પડતી મૂકવામાં આવેલી છે, અને દાથાન તથા અબીરામે જે બળવો કર્યો, તે એકલાની વાત પુનર્નિયમમાં દાખલ કરવામાં આવેલી છે (૧૧;૬). (આ) બાર જાસૂસોમાંનો એકલો કાલેબ (JE)વિશ્વાસુ કહેવાય છે (૧;૩૬). (ઇ) બલઆમ શાપ દેવા આવ્યો, એટલું જ તેના વિષે કહેલું છે (૨૩;૪). હવે વાર્તારૂપ (JE) લેખ આમોસ તથા હોશીઆના સમયનો છે (૭૫૦), પણ યાજકવાળો લેખ (P) બંદિવાસના સમયનો છે, એવું ઉપર કહેવામાં આવ્યું તે વાચકના ધ્યાન બહાર નહિ હોય.

૪. **તેની રચના.** તો ઉપરોક્ત બધી વાતો ધ્યાનમાં લેતાં પુનર્નિયમનું પુસ્તક ક્યારે સંપાદન કરવામાં આવ્યું. એ વિષે શું કહી શકાય? એ સવાલનો ખાતરીપૂર્વક જવાબ આપી શકાય એમ નથી. હિઝકીયા રાજાની કારકિર્દીમાં યશાયા કરેલા ઉપદેશને પરિણામે

ધર્મજાગૃતિ થઈ, એ તો આપણે ક્યારનાં શીખી ગયાં. પણ તેના પુત્ર મનાશ્શેહના વખતમાં ફરીથી મૂર્તિપૂજાનો સડો પેઠો, તે વખતે ધર્માંધતા બધે પ્રસરી જવાથી દેશની જે પાયમાલી થવાનો સંભવ હતો તે ધ્યાનમાં લઈ યશાયાના શિષ્યમંડળના કેટલાક ભક્તોએ શું આ પુસ્તક સંપાદન કરીને તે બહાર પાડ્યું નહિ હોય? કેમ કે તેમાં ઈસ્ત્રાએલની સ્થાપના કરનાર મૂસાએ પોતાના લોકની આગળ જે સંદેશો પ્રગટ કર્યો હતો, એટલે કે "યહોવા આપણો દેવ યહોવા એકરૂપ છે," તે તેમાં ફરીથી જાહેર કરેલો છે એટલું જ નહિ પણ જે વડે ઈસ્ત્રાએલી પ્રજાનો બચાવ થાય, એવા નવા રૂપમાં જૂના નિયમો પ્રસિદ્ધ કરેલા જણાય છે. પણ બીજો સવાલ એ ઉપસ્થિત થાય છે, કે ઓળિયું પાછળથી શા માટે સંતાડી રાખવામાં આવ્યું હશે? જવાબ એજ આપી શકાય કે તે સમયે મનાશ્શેહે "એટલું બધું નિર્દોષ રક્ત વહેવડાવ્યું હતું, કે તેનાથી યરુશાલેમ એક છેડાથી તે બીજા છેડા સુધી ભરાઇ ગયું" (૨ રા.૨૧;૧૬). તો એવે વખતે ઓળિયું સંતાડી રાખવામાં આવે, તેમાં શાની નવાઇ? વળી તેજ સમયે ઓળિયું લખવામાં આવ્યું, એમ જો ધારીએ, તો આ પુસ્તકમાં મહાન પ્રબોધકના બોધનો (દા.ત.૧૦; ૧૨-મી. ૬;૮) તેમજ "પવિત્રાઇના નિયમશાસ્ત્રના" ના ખ્રિસ્તમય શિક્ષણનો જે ધ્વનિ બધે સંભળાય છે તેનો ખુલાસો પણ મળી રહે છે. એ કરતાં આ પુસ્તક રચવાના સમય સંબંધી કંઇ જ વધારે ચોકસાઇથી કહી શકાય એમ નથી.

વિભાગો

I. ૧; ૧-૪;૪૯. મૂસાએ કરેલું ભાષણ

II. ૫; ૧-૨૬; ૧૯ અને ૨૮;૧-૨૯;૧. બીજું ભાષણ. તેમાં નિયમો જાહેર કરેલા છે. (અધ્ય.૨૭મો કનાન દેશમાં પહોંચ્યા પછી નિયમો પ્રગટ કરવાની વ્યવસ્થા સંબંધીનો છે).

III. ૨૯; ૨-૩૦;૨૦. ત્રીજું ભાષણ.

IV. ૩૧;૧-૩૪;૧૨. મૂસાનાં છેલ્લાં વચન અને તેનું મરણ.

કેટલીએક વિગતવાર નોંધ

I. પ્રથમ ભાષણ (૧; ૧-૪;૪૯).

અધ્ય.૧-૩. આ ભાષણ નિયમશાસ્ત્રની પ્રસ્તાવનારૂપ છે, તેમાં અરણ્યમાં ચાળીસ વર્ષ સુધી થએલી રખડામણના વર્ણનનું પુનરાવર્તન કરેલું છે. એ પુનરાવર્તન નિયમોની પ્રસ્તાવના ગણાવા લાયક છે. કેમકે "મિસર દેશમાંથી એટલે ગુલામીના ઘરમાંથી તને કાઢી લાવનાર હું યહોવા તારો દેવ છું," એ વચનમાં નિયમો આપવાનો યહોવાનો અધિકાર તેમજ તે નિયમોને આધીન થવાનું ઈસ્ત્રાએલીઓનું કર્તવ્ય એ બંને સમાએલાં છે. બે વાત ઈસ્ત્રાએલીઓએ કદી વિસારે મૂકવાની નહોતી, એટલે "તું મિસરમાં દાસ હતો" તે (૫;૧૫ ને ઘણી વાર) અને "જે આખે રસ્તે મેં તને ચલાવ્યો, તે તું યાદ રાખ" (૮;૨). પહેલી વાત યાદ રાખતાં તેઓએ સર્વ માણસોની સાથે વિવેકથી તથા દયાભાવથી વર્તવાનું હતું. બીજી વાતનું સ્મરણ કરતાં તેઓએ પોતાના રક્ષક દેવથી કદી વિમુખ થવાનું નહોતું. ખ્રિસ્તી ધર્મનું રહસ્ય પણ એવા જ પ્રકારનું છે (એફ. ૫;૧,૨).

૧;૨. "હોરેબ," એટલે સિનાય. ૩૩;૨ સિવાય આ પુસ્તકમાં સિનાયનું એજ નામ વાપરેલું છે. (જુઓ નિ.૩;૧). જ્યાં ઘાતકી ઈઝેબેલના મોં આગળથી નાસી જઈને એલિયાએ આશ્રય લીધો તે પણ એજ પહાડ હતો (૧ રા.૧૯;૮).

૩;૧૧. "લોઢાનો પલંગ." ઘણું કરીને આ તો પથ્થરનો બનાવેલો શબકોશ હતો. આજ સુધી આરબ લોક કાળા પાષાણને "લોઢું" જ કહેતા આવેલા છે. યરદનના પૂર્વ તરફના પ્રદેશમાં ખોદકામ કરતાં પથ્થરના એવા કેટલાએક કોશ મળી આવ્યા છે.

અધ્ય.૪થો. આ અધ્યાય પહેલા ભાષણની સમાપ્તિરૂપ છે, તેમાં મૂસાએ લોકને નિયમો પાળવાની આગ્રહપૂર્વક વિનંતી કરેલી છે. તે એક હૃદયભેદક ભાષણ છે. ઈસ્ત્રાએલ પ્રત્યે ઈશ્વરનો નર્યો પ્રેમ, તેણે કરેલી ઈસ્ત્રાએલની પસંદગી, મિસરમાંથી તેણે કરેલો તેઓનો છૂટકારો, તેઓનાં ઉલ્લંઘનોની તેણે આપેલી ક્ષમા તથા તેઓ વિષે તેણે રાખેલી ધીરજ-એ સઘળી વાતોને લીધે ઈસ્ત્રાએલીઓ પોતાના દેવ

યહોવાને તન, મન, અને ધનથી માનવા તથા તેને જ વળગી રહેવા બંધાએલા છે, એવું આ અધ્યાયમાં સ્પષ્ટ રીતે, વિષયને શોભતી ઉચ્ચ ભાષામાં પ્રગટ કરેલું છે. ખરેખર આ અધ્યાયમાં સમાએલો સંદેશો સુવાર્તાની પ્રતિછાયા જેવો છે.

II. બીજું ભાષણ (૫; ૧-૨૬; ૧૯ ને ૨૮; ૧-૨૯;૧).

૫; ૧-૨૬;૧૯. આ અધ્યાયોમાં નિયમો જાહેર કરેલા છે. તોપણ નિયમો પ્રગટ કર્યા પહેલાં ઈસ્ત્રાએલની સાથે યહોવાનો પ્રેમમય સંબંધ લોકને યાદ દેવડાવીને મૂસાએ ફરીવાર તેઓને આજ્ઞાંકિત રહેવાની અરજ કરી (અધ્ય. ૬-૧૧). આ ભાષણની પણ પ્રસ્તાવના છે, એટલે સિનાય આગળ આપેલા મોટા દસ હુકમ. (અહીં ૪થો હુકમ પાળવાનું જે કારણ તેની સાથે જોડેલું છે, તે પર ધ્યાન આપવું).

૬; ૪,૫. આ યહૂદી લોકનું વિશ્વાસનામું છે, તેની સાથે ખ્રિસ્તીઓનું વિશ્વાસનામું સરખાવવું જોઈએ, તેમ જ બંનેની સાથે મુસ્લિમ ભાઈઓનું વિશ્વાસનામું, એટલે "લા ઈલાહ ઈલ્લલાહ મુહંમદુરસૂલુલ્લાહ" (ઈશ્વર એક છે, ને મહંમદ એના રસૂલ છે) સરખાવવું. આપણા પ્રભુ ઈસુના કહેવા પ્રમાણે પુ.૬;૫ તેમ જ લે.૧૯;૧૮માં નિયમશાસ્ત્રનો સારાંશ રહેલો છે.

૬; ૮,૯. આ હુકમ અક્ષરશઃ પાળવામાં આવતો હતો. ત્રણ જુદી જુદી વાતો ઈસ્ત્રાએલીઓને ઈશ્વરનું સ્મરણ તાજું કરાવતી હતી, એટલે (૧) ઝભ્ભાની કોરે લગાડેલાં ફૂમતાં (ગણ. ૧૫; ૩૭-૪૧) : (૨) સવારની પ્રાર્થના વેળા કપાળે તથા ડાબે હાથે બાંધેલાં તાવીજ. તેમાં કાગળના ચાર કટકા પૂરેલાં હતા, જેના પર નિ.૧૩; ૧-૧૦, ૧૧-૧૬ : પુ.૬; ૪-૯ : ૧૧; ૧૩-૨૧ લખેલા હતાઃ (૩) બહારના દરવાજાની તેમ જ દરેક કોટડીની બારસાખ પર બાંધેલું એક નાનકડું ખોખું જેમાં પુ.૬; ૪-૯નું લેખિત વચન મૂકી રાખવામાં આવ્યું હતું. (આ તો બોધદાયક એક સુંદર દૃષ્ટાંત છે). (મા.૨૩;૧માં કપાળભૂષણનો તરજુમો "સ્મરણપત્રો" કરેલો છે. પરંતુ હેબ્રીમાં કપાળભૂષણનો મૂળાર્થ "બાંધવું" છે, અને તેનો ગ્રીક ભાષાનો જે શબ્દ છે, તેનો તરજુમો તો "રક્ષાબંધન" છે (અંગ્રેજીમાં= phylacteries, i.e. protectors)).

અધ્ય. ૭-૧૧. આ અધ્યાયોમાં ઈશ્વરપરાયણ રહેવાની વિનંતી હજુ ચાલુ છે. ઈશ્વરે પોતાના પ્રેમભાવથી જ ઈસ્ત્રાએલને પસંદ કર્યો,તે વાત ફરીથી કરેલી છે (૭; ૭,૮), તેમજ અરણ્યમાં થએલા સર્વ અનુભવ પરથી શિખવવામાં આવેલો પાઠ, એટલે કે "માણસ ફક્ત રોટલીથી જ જીવતું નથી," તે તેઓને યાદ દેવડાવવામાં આવે છે (૮;૩). અધ્ય.૧૧મો આ ઉત્તેજનદાયક પ્રસ્તાવનાની સમાપ્તિરૂપ છે, તેમાં દિગ્વિજય પામવાનું વચન--"તમારી આગળ કોઇ પણ માણસ ટકી શકશે નહિ" (૨૫) તેમને આપેલું છે. છેવટે આશીર્વાદ તેમ જ શાપ તેઓની આગળ મૂકેલા છે (૨૬-૨૮). શાપના શબ્દો તો ૨૭;૧૫-૨૬માં આપેલા છે, પણ આશીર્વાદનાં વચન આપેલાં નથી. (પણ અધ્ય.૨૮મો જુઓ).

અધ્ય. ૧૨-૨૬. ઉદ્ધાર કરનાર તથા ઉદ્ધાર પામનાર વચ્ચેના પાયારૂપ સંબંધ પર બાંધેલા નિયમો. તેના બે વિભાગ થાય છે :--

A. અધ્ય. ૧૨-૧૬. ધર્મને લગતી ફરજો.

૧૨; ૧-૩૦. હવે પછીથી યરુશાલેમ સિવાય બીજે કોઇ પણ ઠેકાણે યજ્ઞક્રિયાઓ કરવી જ નહિ. કનાનીઓનાં સઘળાં ઉચ્ચસ્થાનોનો નાશ કરવો.

૧૨;૩. "અશેરીમ" (બહુવચન). અશેરાહ તો કનાનીઓની કોઇ દેવીનું નામ હતું. તેની મૂર્તિ પણ અશેરાહ કહેવાય છે, તે મૂર્તિ લાકડાની બનાવવામાં આવતી, ને તે બઆલની દરેક મૂર્તિની પાસે રાખવામાં આવતી હતી (ન્યા.૬;૨૫). અન્નપ્રાપ્તિને સારુ તે બંનેની પૂજા સાથે કરવામાં આવતી હતી. આહાબ રાજાએ બઆલના મંદિરમાં એક અશેરાહ પધરાવી (૧ ૨ા.૧૬;૩૨,૩૩). જુઓ નિ.૩૪;૧૩.

૧૩; ૧-૧૮. મૂર્તિપૂજા સંબંધી ચેતવણી. વખતે કોઇ જૂઠો પ્રબોધક (૧-૫), વખતે કોઇ પ્રાણપ્રિય મિત્ર (૬-૧૧) અથવા વખતે કોઇ નગરની વિશ્વાસઘાત કરનારી તમામ વસતિ (૧૨-૧૮) તેમને મૂર્તિપૂજા કરવા લલચાવે એવી ધાસ્તી હતી.

૧૪; ૧-૨૯. પરચુરણ નિયમો. (૧) મૈયત વખતે કનાનીઓની ક્રિયાઓ કરવાનો નિષેધ (૧,૨), (૨) શુદ્ધાશુદ્ધ આહારને (૩-૨૧) અને (૩) દશાંશને (૨૨-૨૯) લગતા નિયમો.

૧૫; ૧-૨૩. દરેક સાતમાં વર્ષનો ઉત્સવ. તે વરસે ગુલામોને છૂટા કરવા પડતા, કેવળ એમ નહિ પણ જો જાતભાઈનું કંઈ દેવું હોય, તો તે માંડી વાળવું પડતું, પણ પરદેશીઓનું નહિ (૧-૬).

૧૫;૯. ગરીબો પ્રત્યે કંઈ હલકો વિચાર મનમાં રાખવો નહિ. એ શિક્ષણ પહાડ પરના ભાષણના શિક્ષણને કેટલું બધું અનુરૂપ છે! (મા.૫;૨૨,૨૮). આપણા શબ્દોથી નહિ, પણ આપણા મનોભાવ પ્રમાણે આપણો ન્યાય કરવામાં આવશે.

૧૬; ૧-૨૧. (૧) ૧-૧૭. ત્રણ વાર્ષિક તહેવારો. કરારના પુસ્તકમાં એજ ત્રણ પર્વ પાળવાનો હુકમ સમાએલો છે (નિ.૨૩; ૧૪-૧૭). પણ હવે ત્રણે પર્વ યરૂશાલેમ જઈને પાળવાનાં હતાં (૨,૧૧,૧૫). પંચાંગ પ્રમાણેની તારીખો આપેલી નથી. પાળવાનો વખત મોઘમ રાખવામાં આવેલો છે. દા.ત.ધાન્ય તથા દ્રાક્ષારસ ઘેર આણ્યા પછી માંડવાપર્વ પાળવું, આટલું જ કહેલું છે (૧૩). પણ ગણ.૨૯;૧૨માં તે તહેવાર કઈ તારીખે પાળવો તે ચોક્કસ જણાવેલું છે. એમ કરવાનું કારણ એ હતું, કે યાજકવાળો લેખ (P) બંદીવાસ વખતે સંપાદન કરવામાં આવ્યો હતો, તે સમયે સર્વ દેશોમાં વિખરાઇ ગએલા યહૂદીઓની જાણને સારુ તહેવારોની નક્કી તારીખ અગાઉથી ઠરાવીને જાહેર કરવાની જરૂર હતી. (૨) ૧૮-૨૦. ન્યાયાધીશો, તેઓની લાયકાત કેવા ઊંચા પ્રકારની હતી! (૩) ૨૧,૨૨. અશેરાહ તથા ધર્મસ્તંભ વિરુદ્ધની સૂચના. સ્તંભો ઊભા કરવાનાં જુદાં જુદાં કારણ હતાં, જેમ કે (૧) રાહેલની કબર ઉપર યાકૂબે એક સ્તંભ ઊભો કર્યો (ઉત.૩૫;૨૦). (૨) યાકૂબ તથા લાબાન વચ્ચે જ્યારે સમાધાન કરવામાં આવ્યું, ત્યારે તેની સાક્ષીરૂપે એક સ્તંભ ઊભો કરવામાં આવ્યો (ઉત.૩૧;૪૫,૫૧,૫૨.જુઓ નિ.૨૪;૪). (૩) જ્યાં દેવવાણી થઇ હોય, ત્યાં પણ સ્તંભો ઊભા કરવામાં આવતા હતા (ઉત.૨૮;૧૮ : ૧ શમૂ.૭;૧૨). (૪) પણ તે ઉપરાંત ગામેગામ બઆલનાં જે મંદિર હતાં, તેમાંના દરેકમાં એક ધર્મસ્તંભ ઊભો કરવામાં આવેલો હતો. તેનો આપણે શો અર્થ કરવો? કનાનીઓમાં ચાલતી મૂર્તિપૂજાની સાથે તેનો સંબંધ હતો. તે પથ્થરના હતા, તેના પર અર્પેલા જાનવરોનો વધ કરવામાં આવતો હોય, એવું કેટલાએકનું માનવું છે (જુઓ ૧ શમૂ.૧૪;૩૩). પણ ઘણું કરીને તે લિંગ જેવી કોઈ પૂજ્ય નિશાની

હશે. આ સ્તંભો ઇસ્ત્રાએલીઓને ઠોકરરૂપ થતા હતા, તોપણ કનાનીઓનાં મંદિર પાડી નહિ નાખતાં તેઓ તે સ્તંભોને એમ ને એમ રહેવા દેતા હતા, જેથી તેઓ મૂર્તિપૂજાના પાશમાં ફસાઇ જતા હતા (ન્યા.૩;૭). હોશીઆના વખતમાં પણ એવા ધર્મસ્તંભો ઊભા કરવાની પ્રથા હતી (૧૦;૧).

B. અધ્ય. ૧૭-૨૦. સામાજિક ધારાધોરણો.

૧૭; ૧-૨૦. પરચુરણ નિયમો.

૧૭; ૨-૭. મૂર્તિપૂજા કરનારની સજાને લગતો નિયમ. સૂર્ય, ચંદ્ર તથા તારામંડળની પૂજા વિશેષ રીતે વખોડી કાઢવામાં આવેલી છે. તે જાતની પૂજા પહેલવહેલાં આશ્શૂર દેશમાં ઉપસ્થિત થઇ હતી, ત્યાંથી મનાશ્શેહે યહૂદાહમાં તે દાખલ કરી હતી (૨ ૨ા.૨૧;૩). યર્મિયાએ (૮;૨ : ૧૯;૧૩ : ૩૨;૨૯) તથા સફાન્યાહે (૧;૫) તેની વિરુદ્ધ પ્રબોધ કર્યો હતો. યોશીયાએ એ નાબૂદ કરી નાખી (૨ ૨ા.૨૩;૫).

૧૭; ૮-૧૩. અઘરા મુકદ્દમાનો ફેંસલો યરુશાલેમ જઇને કરાવવા સંબંધી.

૧૭; ૧૪-૨૦. રાજયનો નિયમ. "આ પુસ્તક આપને આપીને દુનિયામાં જે સહુથી મૂલ્યવાન વસ્તુ છે, તેનું અમે આપને અર્પણ કરવા માગીએ છીએ. આમાં બુદ્ધિ છે, આ તો રાજમાન્ય નિયમ છે. આ તો ઇશ્વરનાં જીવંત વચનો છે," એમ ક્હીને અભિષેકક્રિયા વખતે ઇંગ્લાંડના મહારાજાને એક બાઇબલ આપવામાં આવે છે. ૨ કાળ.૨૩;૧૧ પ્રમાણે યહોઆશ ગાદીપતિ થયો, ત્યારે તેને "સાક્ષ્ય" આપવામાં આવ્યું.

૧૮; ૧-૨૨. (૧) ૧-૮. યાજકોના નિભાવ સંબંધીનો નિયમ. ગણ. ૧૮મા અધ્યાય પ્રમાણે મંદિરમાં સેવા કરનારાના બે જુદા વર્ગ હતા, એટલે (અ) હારૂન તથા તેના પુત્રો અને (આ) લેવીઓ. પણ પુનર્નિયમમાં કરેલા વર્ણન પ્રમાણે લેવી કુળના સર્વ પુરુષો યાજકો ગણાય છે. તેઓ ગામમાંનાં મંદિરોના પૂજારી જેવા હતા; પરંતુ જ્યારે ૧૨; ૧-૧૯માં જાહેર કરેલા નિયમાનુસાર ગામનાં મંદિર પાડી નાખવામાં આવ્યાં, ત્યારે ગામોમાં રહેનાર લેવીઓને યરુશાલેમ જઇને

રહેવાની છૂટ આપવામાં આવી, તેમ જ ત્યાંના લેવીઓના જેટલો જ હિસ્સો મેળવવાને તેઓ પણ હકદાર થયા. (૨) ૯-૧૪. શકૂન જોવા વગેરેનો નિષેધ. (૩) ૧૫-૨૨. સાચા અને જૂઠા પ્રબોધકો. હવે પછી જોષી કે શકૂન જોનારાની જરૂર પડશે નહિ, કેમ કે ઈશ્વરની ઇચ્છા લોકને જે કહી જણાવે એવા પ્રબોધકોને ઈશ્વર વખતોવખત ઊભા કરશે. ("એક પ્રબોધક" નો એવો અર્થ કરવો). આ વચન આખરે પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં સંપૂર્ણ થયું (પ્રે.૩;૨૨).

૧૯; ૧-૨૧. (૧) ૧-૧૩. અલગ કરેલાં ત્રણ આશ્રયનગરો તથા તેને લગતા નિયમો. આ ત્રણ નગર જવાના રસ્તા હમેશાં ખુલ્લા તથા સારી હાલતમાં રાખવાના હતા (૩). જો આગળ જતાં દેશનો વિસ્તાર વધે, તો બીજાં ત્રણ નગર અલગ કરવાનું કહેલું હતું (૯). (૨) ૧૪. પડોશીના ખેતરનું બાણ ખસેડવાની મના. (૩) ૧૫-૨૧. સાક્ષી આપવા સંબંધી. બદલો વાળવાનો નિયમ "કરારના પુસ્તક" માંથી ઉતારી લીધેલો છે (નિ.૨૧;૨૩).

૨૦; ૧-૨૦. યુદ્ધ જાહેર કરવા તથા યુદ્ધ ચલાવવા સંબંધીના નિયમો. કોઇ સૈનિક બીકણ હોય, તો તેને ઘેર પાછો મોકલી દેવાનો હતો. તે વાત ધ્યાન આપવા લાયક છે. ભય ચેપી છે : ટોળીમાંના એકને જો ભય લાગે, તો બધાને લાગે (ન્યા.૭;૩). હિંમત પણ એવી જ હોય છે. એકના મક્કમપણાથી બીજા ઘણા પણ મક્કમ બની જાય (પ્રે.૨૭;૩૫,૩૬).

C. અધ્ય. ૨૧-૨૬. વ્યાવહારિક તથા કૌટુંબિક નિયમો.

આગળના પ્રકરણમાં (II ૫ (c)) પુનર્નિયમનાં જે જે ખાસ લક્ષણ આલેખવામાં આવ્યાં, તે આ અધ્યાયોમાં સ્પષ્ટ રીતે દેખાઇ આવે છે. તેમાં સમાએલાં ઘણાં વાક્યોનો ઉતારો નવા કરારમાં કરેલો છે (૨૧;૨૩, ૩૫ : ૨૩ : ૨૪;૧ : ૨૫; ૩,૪). તેનું મુખ્ય લક્ષણ તો માનવબંધુત્વ છે. ગરીબને માન આપવું (૨૪;૧૦-૧૩), કોઇ પણ ગુનેગારને હદ બહારની સજા કરવી નહિ (૨૫; ૧-૩ : ગલ.૬;૧)-- એવા એવા દાખલા લક્ષ દેવા લાયક છે. મિસર દેશમાં તેઓ પોતે દાસત્વમાં હતા, તે વાત તેઓએ કદી ભૂલી જવાની નહોતી (૨૩;૭ :

૨૪;૧૮,૨૨). ગતકાળની આપણી દયાપાત્ર અવસ્થા આપણ ખ્રિસ્તીઓએ પણ વીસરી ન જવી (પ્રે.૨૬;૯-૧૫ : ૧ કરિં.૬;૧૧ : ૧૫;૯,૧૦). માનવબંધુત્વનો નિયમ હોવા છતાં કોઈ પણ આમ્મોની કે મોઆબી કદી ઇસ્ત્રાએલમાં દાખલ થઈ શકે નહિ, એવું હતું (૨૩;૩-૬. "દસમી પેઢી સુધી"-સદા (ક.૬)). તે નિયમ આપવાનું કારણ પણ આપેલું છે (૪). તોપણ આ પ્રકરણમાંના બીજા નિયમોની નીતિ સાથે તે મળતો આવતો નથી. કેવી રીતે એક મોઆબેણ ઇસ્ત્રાએલમાં દાખલ થઈ અને ઇસ્ત્રાએલના દેવ યહોવાની પાંખો તળે તેને આશ્રય મળ્યો, તે સરસ વાર્તા રૂથના પુસ્તકમાં વર્ણવેલી છે (૨;૧૨).

૨૫; ૧૭-૧૯. જુઓ નિ.૧૭;૧૬. શાઉલ રાજાના હાથે આ હુકમનો અમલ કરવામાં આવ્યો (૧ શમૂ.૧૪;૪૮ : ૧૫;૩૩).

૨૬; ૧-૧૯. (૧) ૧-૧૧. ફસલ વખતે ઉપકારસ્તુતિ કરવાની ઘણી મનોહર ભજનપદ્ધતિ.

(૨) ૧૨-૧૫. ગરીબોને માટે અર્પેલા ત્રીજા વર્ષના દશાંશને લગતો નિયમ.

(૩) ૧૬-૧૯. આ પ્રકરણની સમાપ્તિ, પણ તેનું અંતિમ લાગુકરણ અધ્ય.૨૮માં સમાએલું છે.

૨૭; ૧-૨૬. કનાન દેશમાં નિયમશાસ્ત્ર જાહેર કરવાની વ્યવસ્થા (૧-૮), અને તે સાથેનો આશીર્વાદ તથા શાપ (૯-૨૬). આશીર્વાદનાં વચન આપેલાં નથી.

૨૮; ૧-૨૯;૧. જેથી લાગણી થાય, એવું આગ્રહભર્યું ભાષણ. આજ્ઞાંકિતપણામાં રહેલા આશીર્વાદો અને અડિયલપણામાં રહેલા શાપ લોકની સમક્ષ મૂકેલા છે.

III. ત્રીજું ભાષણ (૨૯; ૨-૩૦;૨૦).

આ ભાષણમાં પણ અરણ્યમાં થએલા અનુભવ પરથી શિખામણ આપેલી છે (૨૯; ૨-૯). ભવિષ્ય વિષે ચેતવણી આપતાં કહેલું છે કે જો લોક યહોવાનો ત્યાગ કરે, તો તેઓને વિખેરાઇ જઈને બંદીવાસમાં

જવું પડશે (૧૦-૨૯). તેની સાથે બંદીવાસમાં જેટલા પસ્તાશે, તે સઘળા પર યહોવા દયા રાખીને ઉગારી લેશે, એમ પણ કહેલું છે (૩૦; ૧-૧૦). ત્યારે પછી પ્રૌઢ અર્થના શબ્દો વડે ધર્મ તો બાહ્ય નહિ, પણ અભ્યંતર તથા આંતરિક છે, એવું મૂસાએ તેઓને દેખાડ્યું (૧૧-૧૪). (એજ વચનો પાઉલ પ્રેરિતે સુવાર્તાને લાગુ પાડ્યાં, રૂ.૧૦; ૬-૮). છેવટે તેઓની આગળ જીવન તથા મરણ, ભલું તથા ભૂંડું મૂકીને મૂસાએ તેઓને જીવન પસંદ કરવાની અને યહોવા પર પ્રીતિ રાખવાની તથા તેને વળગી રહેવાની વિનંતી કરી (૧૫-૨૦). આ હૃદયભેદક વચનોમાં પણ સુવાર્તાની પ્રતિછાયા દેખાઈ આવે છે. "તેઓને જીવન મળે, અને તે પુષ્કળ મળે માટે હું આવ્યો છું," એવું ઉત્તમ ઘેટાંપાળકનું કહેવું છે (યો.૧૦;૧૦).

IV. મૂસાનાં છેલ્લાં વચન અને તેનું મરણ (૩૧-૩૪).

૩૧; ૧-૩૦. લોકને ઉત્તેજીત કર્યા પછી (૧-૮) મૂસાએ નિયમશાસ્ત્ર લેવી યાજકોને તથા વડીલોને સોંપી દીધું (૯-૧૩). ત્યાર બાદ યહોશુઆને બોલાવવામાં આવ્યો, અને તેને સોંપણી કરીને લોકની વિરુદ્ધ સાક્ષીરૂપ થવા સારુ (૧૯) મૂસાએ એક ઈશ્વરપ્રેરિત ગીત રચ્યું, તે ભેગી થએલી આખી જમાતને કહી સંભળાવવામાં આવ્યું (૩૦).

૩૨; ૧-૪૩. મૂસાકૃત ગીત. યહોવાનું વિશ્વાસુપણું, અને ઈસ્ત્રાએલની કૃતઘ્નતા તથા તેનો વિશ્વાસઘાત, એ આ ગીતનો પ્રથમ વિષય છે (૧-૧૮). ("યશૂરૂન" -ઈસ્ત્રાએલનું એક અલંકારિક નામ છે (૩૩;૫,૨૬ : યશ.૪૪;૨). "યાશાર" (યહો.૧૦;૧૩), એટલે યથાર્થ. તે શબ્દની સાથે યશૂરૂનનો સંબંધ છે. ઈસ્ત્રાએલ કંઈક મુદત સુધી યહોવા પ્રત્યે યથાર્થ રીતે વર્ત્યો ખરો; પણ પછીથી "પુષ્ટ થઈને તેણે લાત મારી : જેણે તેને બનાવ્યો, તે યહોવાનો તેણે ત્યાગ કર્યો" (૧૫)). ઈસ્ત્રાએલે કરેલા ધર્મત્યાગને લીધે ક્રોધિત થઈને યહોવા તેને સજા કરશે, એવી આગાહી કરેલી છે (૧૯-૩૩). તોપણ આપત્તિને દિવસે યહોવા તેઓના પર દયા રાખીને "પોતાના સેવકોના લોહીનો બદલો લેશે," ને તેમ કરીને "તે પોતાના દેશનું તથા પોતાના લોકનું પ્રાયશ્ચિત્ત કરશે" (૩૪-૪૩).

૩૨;૪૪. "હોશીઆ." ગણ.૧૩;૮,૧૬ પ્રમાણે યહોશુઆનું અસલ નામ એ હતું. તેનો અર્થ "તારણ" છે. યહોશુઆ (ઇસુ), તેનો અર્થ "યાહ (યહોવા) તારણ" છે.

૩૩; ૧-૨૯. ઈશ્વરભક્ત મૂસાકૃત બીજું ગીત. આ ગીતમાં ઇસ્ત્રાએલનાં બાર જુદાં જુદાં કુળોનો વસવાટ વિગતવાર વર્ણવેલો છે. અલંકારિક ભાષામાં દરેક પ્રદેશ તથા તેની પેદાશ આલેખેલા છે. (૧) રેઉબેન (૬). તે કુળ યરદનને પૂર્વ કાંઠે વસેલું હતું, ત્યાં તેના લોકને હંમેશ મોઆબ અને આમ્મોન તરફના સંભવિત હુમલાના જોખમમાં રહેવું પડતું હતું. એવા હુમલાઓને લીધે વસતિની સંખ્યા ઓછી રહેવાનો સંભવ હતો. (૨) યહુદાહ (૭). આ કુળ યુદ્ધમાં મોખરે હતું (ન્યા.૧;૨ : ૨૦;૧૮). (૩) લેવી (૮-૧૧). યાજકોની ત્રણ મુખ્ય જુદી જુદી ફરજ બતાવેલી છે, એટલે ઉરીમ તથા તુમ્મીમનો ઉપયોગ કરવાની (૮), નિયમ (તોરાહ) શિખવવાની તથા યજ્ઞક્રિયાઓ ચલાવવાની (૧૦). (૪) બિન્યામીન (૧૨). યરુશાલેમ બિન્યામીન તથા યહૂદાહ વચ્ચેની હદ પર બાંધેલું હતું, જેથી મંદિરનું પવિત્રસ્થાન્ બિન્યામીનની હદમાં, પણ મંદિરનું આંગણું યહૂદાહની હદમાં આવેલું છે, એવી કહેવત હતી. "ખાંધોની વચ્ચે" પહાડોમાં. (૫) ને (૬) યૂસફ (એફ્રાઇમ તથા મનાશ્શેહ, (૧૩-૧૭). તેની ફળદ્રુપતાને લીધે એફ્રાઇમનો પ્રદેશ પ્રખ્યાત હતો (ઉત.૪૯;૨૨). (૭) ઝબૂલૂન (૧૮). "તારા બહાર જવામાં." ઝબૂલૂનનો મુલક સમુદ્ર કિનારે હતો, અને તેના બંદરેથી ઘણી ચીજોની નિકાસ કરવામાં આવતી હતી. (૮) યિસ્સાખાર (૧૮,૧૯). આ મુલક ગાલીલ સમુદ્રને પશ્ચિમ કિનારે આવેલો હતો, ત્યાંના વેપારીઓ ઝબૂલૂનનાં બંદરોદ્વારા પોતાનો માલ દેશાવર મોકલતા હતા. ("રેતીમાંના ગુપ્ત ભંડારો." આ શબ્દો બેલસ નામની નદીના મુખ આગળની રેતીનો કાચ સૂચવે છે, એમ કેટલાએકનું માનવું છે. કાચની બનાવટ વિષે એવી લોકકથા છે, કે ત્યાં એક વખત કેટલાક ખારવાઓએ દેવતા સળગાવ્યો હતો, તેના તાપથી રેતી પીગળી જઈને પહેલામાં પહેલો કાચ બન્યો.) (૯) ગાદ (૨૦,૨૧) યરદનની પૂર્વ બાજુએ ગાદે ઘાસચારાવાળા પ્રદેશમાં રહેવું પસંદ કર્યું હતું. (૧૦) નાફતાલી (૨૩). તે મુલક ગાલીલ સમુદ્રને અગ્નિકોણે આવેલો હતો, તે રળિયામણો તથા ફળદ્રુપ દેશ હતો. ત્યાં ઉપજતાં જૈતુન તથા તેનું

તેલ હાલ પણ વખણાય છે. "આશેરમાં તેલનો નદીના જેવો પ્રવાહ વહે છે," એવી કહેવત હજુ પણ ચાલુ છે.

૩૪; ૧-૨૧. મૂસાનું મરણ જેવું તેનું જીવન હતું, તેવું તેનું મરણ પણ થયું. જીવતાં એકલો રહીને તે ઈશ્વરની સંગતમાં ચાલતો હતો. મરતાં તેની સાથે ઈશ્વર એકલો હતો. યહોવાએ તેને ચુંબન કર્યું, એટલે તે ઊંઘી ગયો, એવી યહૂદીઓમાં દંતકથા ચાલે છે. તે એકસો ને વીસ વર્ષની ઉંમરે પહોંચેલો હતો છતાં "તેની આંખ ઝાંખી પડી નહોતી, તેમ જ તેનું કૌવત ઘટ્યું નહોતું" (૭). યહોવાએ તેને દાટ્યો (૬), પરંતુ યહૂદા ૯ પ્રમાણે પ્રમુખ દૂત મીખાએલે તેના શબ વિષે શેતાનની સાથે તકરાર કરી. તે વાત "મૂસાનું સ્વર્ગારોહણ" નામના પુસ્તકમાં વર્ણવેલી છે. તેજ પુસ્તકમાં બીજી એક દંતકથા સમાએલી છે, એટલે કે મૂસાની મરણવેળાએ યહોવાએ તેને દર્શન દીધું, તે દ્વારા મૂસાની આંખ આગળ ઈસ્ત્રાએલનો અંત સુધીનો ઇતિહાસ પસાર થયો. પણ તે દુઃખદ દશ્યથી મરતા દેવભક્તને શો દિલાસો પ્રાપ્ત થાય? તેને શો આનંદ મળે? પણ રૂપાંતરના પહાડ પર જ્યારે માનવપુત્ર પ્રભુ ઈસુને દિલાસો દેતાં યરુશાલેમમાં થવાના તેનો મરણ સંબંધી તેણે તથા એલિયાએ તેની સાથે વાત કરી, ત્યારે જ તેની અભિલાષા તથા તેનો આનંદ સંપૂર્ણ થયાં, કેમ કે ઈસુના મરણદ્વારા (મૂળાર્થ-નિર્ગમન) એક જ કુળનો તો નહિ, પણ પાપની ગુલામીમાં પડેલા આખા જગતનો છૂટકારો કરવામાં આવનાર હતો, એવું મૂસા જાણવા પામ્યો હતો.

ઈસ્ત્રાએલનો મહાવીર મૂસા છે, તેના વિષે લખતાં આ પુસ્તકના સંપાદકે કહ્યું છે, કે "મૂસા કે જેને યહોવા મોઢામોઢ ઓળખતો હતો, તેના જેવો પ્રબોધક હજી સુધી ઈસ્ત્રાએલમાં ઊઠ્યો નથી" (૧૦). તેના કરતાં પણ મહાન, એવો એકલો એક પ્રબોધક ઊભો થયો છે, એટલે દેવપુત્ર ઈસુ ખ્રિસ્ત. "મૂસાની મારફતે નિયમશાસ્ત્ર આપવામાં આવ્યું ખરું, પણ કૃપા તથા સત્યતા ઈસુ ખ્રિસ્તની મારફતે આવી" (યો.૧;૧૭).

ભાગ બીજો. આગલા પ્રબોધકો

૧. યહોશુઆ

૧. **"આગલા પ્રબોધકો"** નામના વિભાગનું પ્રથમ પુસ્તક આ છે. તે પ્રબોધકનું પુસ્તક કહેવાય છે, કેમ કે હેબ્રીઓના માનવા પ્રમાણે ઇતિહાસ પણ પ્રબોધરૂપ ગણાતો હતો, એટલે ઐતિહાસિક બનાવોદ્વારા પણ ઈશ્વર પોતાની ઇચ્છા તથા પોતાના ઇરાદા પ્રગટ કરે છે. જૂના કરારમાં જે ઇતિહાસ સમાએલો છે, તે ખરું જોતાં રાજદ્વારી નથી પણ ધાર્મિક છે, એટલે જે જે બનાવો તેમાં આલેખેલા છે, તે હમેશાં યહોવા પરના વિશ્વાસના દૃષ્ટિબિંદુથી આલેખાએલા છે, અને એજ દૃષ્ટિબિંદુથી તેમનો અર્થ કરાએલો છે.

યહોશુઆનું પુસ્તક જૂના કરારના બીજા વિભાગનું છે ખરું, તોપણ પ્રથમ વિભાગની સાથે એટલે "પંચગ્રંથ" ની સાથે તેનો નિકટનો સંબંધ છે. દા.ત. (અ) "પંચગ્રંથ" માં જે વાર્તાનો આરંભ કરેલો છે, તેનો અંત યહોશુઆના પુસ્તકમાં વર્ણવેલો છે. તેમાં ઇબ્રાહીમને આપેલાં વચન (ઉત.૧૨;૧-૩) સંપૂર્ણ થએલાં જણાય છે. છેક નાનામાંથી હજાર ઉત્પન્ન થયા છે, જે નાનકડો તે બળવાન પ્રજા બની દઇ છે. (યશ.૬૦;૨૨). જે વચનનો દેશ હતો, તે હવે માલિકીનો દેશ થઇ ગયો છે. મરણની ઘડીએ યૂસફે સોગન સાથે આપેલું વચન પૂરું કરવામાં આવેલું છે (ઉત.૫૦;૨૫ : યહો.૨૪;૩૨). મૂસાને બદલે જે સરદાર નીમાએલો હતો, તે તેને સોંપેલું કર્તવ્ય (ગણ.૨૭;૨૩). પૂરું કરીને લોકપ્રિય થઇને વૃદ્ધાવસ્થામાં મરણ પામ્યો (યહો.૨૪;૨૯). (આ) વળી જો ભાષા તથા શૈલી પર આપણે લક્ષ લગાડીએ, તો "પંચગ્રંથ" ના જેવાં ઘણાં લક્ષણ તેમાં પણ આપણને માલૂમ પડશે. તેમાં "પંચગ્રંથ"માં સમાએલી વાર્તા જેવી રસિક વાર્તાઓ (JE) જણાશે. નામ, સંખ્યા વગેરેની ટીપ (P) તેમજ બોધદાયક ભાષણો પણ (D) તેમાં મળી આવશે. રાહાબ (અધ્ય.૨), યરદન નદી ઓળંગવી (અધ્ય.૩,૪), યહોવાના સૈન્યના સરદારનું દર્શન (૫; ૧૩-૧૫), અને આખાને કરેલું ઉલ્લંઘન તથા તેની સજા (અધ્ય.૭) એવી જીવંત તથા આકર્ષક વાર્તાઓ આ પુસ્તકના પૂર્વાધમાં મળી આવે છે. તેના ઉત્તરાર્ધમાં સર કરાએલા દેશની વહેંચણી

વિગતવાર આપેલી છે, અને અધ્ય.૧લા તથા ૨૩માં પુનર્નિયમના જેવો ઉચ્ચ ભાષાનો ઉત્તેજનદાયક બોધ સમાએલો છે.

૨. **મુખ્ય પાત્ર તો યહોશુઆ છે,** તે પરથી પુસ્તકનું નામ પણ પડેલું છે. રાનમાં રખડામણ દરમિયાન તેનામાં પ્રવીણ સેનાપતિને લાયક ગુણો દેખાયા હતા. તેની સરદારી હેઠળ મૂસાની મધ્યસ્થતાની સહાયથી બિનઅનુભવી ઇસ્ત્રાએલીઓએ અમાલેકીઓને હરાવ્યા હતા (નિ.૧૭; ૯,૧૦). તે ધાર્મિક ને ચારિત્ર્યવાન હતો, તેથી મૂસાએ પોતાનો સાથી થવા સારુ તેને પસંદ કર્યો હતો. મૂસા સિનાય પહાડ પર ચઢ્યો, ત્યારે યહોશુઆ તેની સાથે ગયો હતો (નિ.૨૪;૧૩). છાવણી બહાર ઊભા કરેલા પ્રાર્થનાગૃહમાં તે કાયમ રહેતો હતો (નિ.૩૩;૧૧). તેનું અસલ નામ હોશીઆ (તારણ) હતું. પરંતુ તે બદલીને મૂસાએ તેનું બીજું નામ યહોશુઆ (=ઈસુ, આહ તારણ છે. ગણ ૧૩;૧૬ પાડ્યું) યહોવાએ તેને મૂસા પછી સરદાર થવા સારુ પસંદ કર્યો, તેને યહોવાની આજ્ઞાથી મૂસાએ પ્રતિષ્ઠિત કર્યો (ગણ.૨૭; ૧૮-૨૩ : પુ.૩૧;૧૪). યહોવા પોતાના વચન પ્રમાણે અંત સુધી તેની સાથે રહ્યો (૧;૫); અને જેમ જેમ આપણે આ પુસ્તકનો અભ્યાસ કરતાં જઈશું તેમ તેમ યહોશુઆ યુદ્ધ ચલાવવામાં બાહોશ (અધ્ય.૧૦,૧૧), રાજતંત્ર ચલાવવામાં ન્યાયી તથા નિષ્પક્ષપાત (૧૪; ૬-૧૫ : ૧૭; ૧૪-૧૮ વગેરે), અને ચાલચલગતમાં યહોવાનો વિશ્વાસુ સેવક (૨૪;૧૫) જણાતો જશે.

૩. **કનાન દેશનું સર કરાવું.** પ્રથમ જ હુમલો યરેખો પર કરવામાં આવ્યો, તે યહોશુઆની બાહોશી ભરેલી સરદારીની સાબિતી છે. લડાઈ તરફ જોતાં યરેખો શહેરને મહત્ત્વનું સ્થાન આપવું પડે છે, એટલે (અ) પૂર્વ તરફથી આવનાર જે કોઈ સૈન્ય પાલેસ્ટાઈનની પશ્ચિમ તરફના ફળદ્રુપ પ્રદેશમાં પેસવા માગતું હોય, તેને સારુ યરેખો શહેર તે પ્રદેશમાં પેસવાના દ્વાર જેવું છે. (આ) વળી જો તે કોઈ શત્રુને વશ થાય, તો તેની ઉત્તર તરફ રહેનાર તથા તેની દક્ષિણ તરફ રહેનારા કનાનીઓ તરત જ એકબીજાથી અલગ થઈ જાય, તેથી યરેખો તથા આયના પતનને પરિણામે ઇસ્ત્રાએલીઓની ધાક દેશના સર્વ લોકો પર બેઠી (૯;૧ : ૧૦;૧,૨) યરેખો જીતી લીધા પછી યહોશુઆએ પોતાનો મુખ્ય પડાવ ગિલ્ગાલમાં નાખ્યો હોય, એમ લાગે છે (૧૦; ૬,૧૫).

ત્યાંથી ઓચિંતા નીકળીને એક પછી એક અતિશય ત્વરાથી હુમલાઓ કરીને તેણે પહેલવહેલાં બેથહોરોન આગળ દક્ષિણ પ્રદેશના પાંચ રાજાઓને (અધ્ય.૧૦), અને ત્યાર બાદ મેરોમ સરોવર આગળ ઉત્તર તરફના રાજાઓને હરાવ્યા (અધ્ય.૧૧). મેરોમ સરોવર ગાલીલ સમુદ્રની ઉત્તર તરફ, હેર્મોન પહાડની તળેટીએ આવેલું છે.

અત્યાર સુધી ઈસ્ત્રાએલીઓનાં જુદાં જુદાં કુળોએ સંયુક્ત રીતે યુદ્ધ ચલાવ્યું હતું, પરંતુ હવે પછીથી કુળોએ એક બીજાથી જુદાં રહીને કનાન દેશના જુદા જુદા ભાગ પર જુદી જુદી ચઢાઈઓ કરીને પોતપોતાને સારુ જમીન કબજે કરી લીધી હોય, એમ લાગે છે. દા.ત. કાલેબની સરદારી નીચે યહૂદાએ હેબ્રોન શહેર જીતી લીધું (૧૪; ૬-૧૫); દેશની મધ્યે આવેલો પહાડી મુલક યૂસફપુત્રોએ વશ કર્યો (૧૭; ૧૪-૧૮). એમ છતાં યહોવાના નામમાં તથા તેની ઉપાસનામાં કુળોનું જે ઐક્ય રહેલું હતું તે કદી તૂટી ગયું નહિ, તેમ જ તેઓ સર્વે એક જ આશાને તથા એક જ ધ્યેયને વળગી રહેતા હતા, એ આપણે વીસરી જવું નહિ.

"એમ યહોશુઆએ આખો દેશ કબજે કર્યો," એમ એક વાર કહેલું છે (૧૧;૨૩), અને "દેશ યુદ્ધથી પરવાર્યો," એવું ઘણી વાર લખેલું છે (૧૧;૨૩ : ૧૪;૧૫ : ૨૧;૪૪ વગેરે). પરંતુ બીજી કેટલીએક કલમો પરથી માલૂમ પડે છે, કે દેશનો કબજો પૂરેપૂરો કરાએલો નહોતો (૧૩;૧૩ : ૧૫;૬૩ : ૧૬;૧૦ : ૧૭; ૧૨,૧૩). "ન્યાયાધીશોના" પહેલા અધ્યાય પરથી આ વાત વધારે પૂરવાર થાય છે. એકદમ પૂરેપૂરો કબજો કરી શકાયો નહિ, તેનું કારણ તો સ્પષ્ટ છે. આખો પાલેસ્ટાઈન એકદમ પહાડી દેશ છે, પણ પહાડો વચ્ચેની ખીણો તથા ભૂમધ્ય સમુદ્રને કિનારે આવેલું મેદાન એ તેના સહુથી રસાળ વિભાગો છે. તે ખીણોમાં તથા તે મેદાન પર કનાનીઓની વસતિ વધારે હતી. તેઓ લોઢાના રથોની મારફતે પોતાનું રક્ષણ કરતા હતા (૧૧;૬ : ૧૭; ૧૬-૧૮), અને તેવાં શસ્ત્રોની સામે નિઃશસ્ત્ર ઈસ્ત્રાએલીઓ ટકી શક્યા નહિ (૧૭;૧૬ : ન્યા.૧;૧૯ : ૪;૩). વળી પહાડો પર બાંધેલા સર્વ શહેરો મોટાં તથા કોટવાળાં હતાં (ગણ.૧૩;૨૮), તે જીતી લેવાનાં સાધન ઈસ્ત્રાએલીઓ પાસે નહોતાં. યબૂસીઓનું રાજનગર યરુશાલેમ હતું, તે એક પહાડ પર વસેલું હતું; તે લાંબા કાળ

સુધી યબૂસીઓના હાથમાં રહ્યું. આખરે દાઉદ રાજાએ પોતાની બહાદૂરીથી તે સર કર્યું (૨ શમૂ.૫;૭), ત્યારે જ તે યબૂસીઓના હાથમાંથી ઇસ્ત્રાએલના હાથમાં આવ્યું (૧૫;૬૩). ઉપલા કારણ ઉપરાંત કબજો પૂરો ન થવાનું બીજું કારણ પણ હોઇ શકે. "દેશનો કબજો લેવા જવાને તમે ક્યાં સુધી ઢીલ કરશો?" એ યહોશુઆના પ્રશ્ન પરથી જણાય છે કે લોકે બેપરવાઇના દોષને પાત્ર હતા (૧૮;૩).

૪. **પુસ્તકનો સંદેશો.** (૧) ઇસ્ત્રાએલના ઇતિહાસમાં આ તો અણીનો સમય હતો. પણ ઇશ્વર પોતાનાં વચન પાળવામાં કેટલો બધો વિશ્વાસુ અને પોતાનો ઇરાદો સંપૂર્ણ કરવામાં કેટલો બધો દૃઢ છે, તે આ પુસ્તકમાં વર્ણવેલી વાતો પરથી જણાય છે. "મારો સેવક મૂસા મરી ગયો છે.....જેમ મૂસાની સાથે હું રહ્યો હતો, તેમ તારી સાથે પણ રહીશ" (૧;૨,૫) એજ આ પુસ્તકના સંદેશાનો સાર છે. "ઇશ્વર પોતાના કામદારોને લઇ લે છે ખરો, પણ પોતાનું કામ તે ચાલુ રાખે છે," એવો જે મુદ્રાલેખ જોન વેસ્લીની સ્મારક-તકતી પર કોતરેલો છે, તેજ આ પુસ્તકનું તાત્પર્ય પણ છે. (૨) જેમ અરણ્યમાં યહોવા મેઘ તથા અગ્નિસ્તંભદ્વારા પોતાના લોકને દોરવણી આપતો હતો, તેમ કનાનમાં પણ ઇસ્ત્રાએલીઓનો સરદાર તથા તેઓને જય પમાડનાર તેજ હતો. તે "જીવતો દેવ" છે, તે પોતાના લોકની મધ્યે રહેનાર દેવ છે (૩;૧૦). "મેં...આણીને...ફેરવ્યો" (૩), "મેં મોકલ્યા" (૫), "મેં...કાઢી આણ્યા" (૬), મેં...આણ્યા...મેં તેઓનો નાશ કર્યો" (૮), વગેરે અધ્ય.૨૪માં જે આખું વર્ણન કરેલું છે, તે ધ્યાન આપવા લાયક છે. કનાન "વચનનો દેશ" હતો ખરો, તોપણ વચનની પ્રાપ્તિને સારુ ઇસ્ત્રાએલીઓને ઘણો શ્રમ લેવો પડ્યો. તારણ તો ઇશ્વરદત્ત છે ખરું (એફ.૨;૮), તોપણ ભય તથા કંપારી સહિત આપણામાંના દરેકે પોતપોતાનું તારણ સાધી લેવા પ્રયત્ન કરવો પડે છે (ફિલ.૨;૧૨). કનાનીઓ તો ખેતીવાડી કરનારા હતા, તેઓ ધનવાન હતા, અને તેમનો સમાજ વ્યવસ્થિત હતો. એથી ઊલટું, ઇસ્ત્રાએલીઓ તો રબારીઓના એક મોટા સમુદાય જેવા હતા. (ગણ.૧૪;૩૩માં કહેલું છે, કે "તમારાં છોકરાં...અરણ્યમાં ભટકતાં ફરશે," પણ મૂળાર્થ-ભરવાડો થશે). એમ છતાં ઇસ્ત્રાએલીઓ કનાનીઓને ખસેડી શક્યા, કારણ કે તે માત્ર સશસ્ત્ર યુદ્ધ હતું એમ નહિ, તે ધાર્મિક યુદ્ધ પણ હતું.

ઇસ્ત્રાએલી સૈન્યનો જે ખરો સરદાર હતો, તે યહોવાના સૈન્યનો સરદાર હતો. બાર જાસૂસોમાંના જે બે વફાદાર સેવક જણાયા હતા, એટલે યહોશુઆ તથા કાલેબ, તેમનાં વચન ખરાં પડ્યાં, એટલે કે "તેઓ તો આપણો ભક્ષ છે; તેઓથી આશ્રય (મૂળાર્થ - આચ્છાદાન) તેઓની પાસેથી જતો રહ્યો છે; તેઓથી બીહો મા" (ગણ.૧૪;૯). આજના ખ્રિસ્તી સૈન્યનો પણ એજ સરદાર છે, એટલે આપણા તારણનો અધિકારી ઇસુ ખ્રિસ્ત (હે.૨;૧૦), અને તેણે આપણને એનું એજ વચન આપ્યું છે, એટલે "જુઓ, હું સર્વકાળ તમારી સાથે છું,"

(૩) આજ્ઞાંકિતપણાનો માર્ગ તે હમેશાં આશીર્વાદનો માર્ગ પણ છે (લૂ.૧૭;૧૪). ઇસ્ત્રાએલીઓના વિશ્વાસથી તથા તેમની આધીનતાથી યરેખોનો કોટ જમીનદોસ્ત થઇ ગયો (હે.૧૧;૩૦). અનાજ્ઞાંકિતપણાથી પરાજય થાય છે. આખાન સંબંધીની વાર્તા આપણા બોધને સારુ વર્ણવેલી છે (૧ કરિં.૧૦;૧૧). "આપણામાંનો કોઇ પણ પોતાને અર્થે જીવતો નથી" (રૂ.૧૪;૭), તે ધોરણ મુજબ આખાને કરેલા પાપને લીધે આખી કોમ પર ભારે આપત્તિ આવી પડી. "એકને પાપે વહાણ ડૂબે," એ કહેવત સાચી છે.

વ્યક્તિગત પાપનું જે કડવું ફળ નીપજ્યું, તેવું જ ફળ સમસ્ત પ્રજાએ કરેલા પાપનું નીપજ્યું. કનાનીઓ ઇસ્ત્રાએલીઓ કરતાં સંસ્કારી લોક હતા ખરા, પણ તેઓમાં ચાલતો ધર્મ ઘણા હલકા પ્રકારનો તેમ જ અશુભ ક્રિયાવાળો હતો. ઇસ્ત્રાએલીઓ પર તેની કેવી અસર થઇ શકે, તે બઆલ પેઓરના દહેરા આગળ જે બન્યું હતું, તે પરથી સમજી શકાય છે (ગણ.૨૫; ૧-૬ : હો.૯;૧૦). તે કારણને લીધે કનાનીઓની સાથે કંઇ પણ સંબંધ નહિ રાખવો, તથા તેઓનાં ઉચ્ચસ્થાનોનો સમૂળગો નાશ કરવો, એવા એવા સખ્ત હુકમો આપવામાં આવ્યા હતા (નિ.૨૩; ૩૧-૩૩). પરંતુ ઇસ્ત્રાએલીઓએ આ હુકમોનો અમલ કરવા પ્રત્યે બેપરવાઇ રાખી, તેનું માઠું ફળ ઘણાં સૈકાં સુધી તેમને ભોગવવું પડ્યું. જે કનાનીઓને તેઓએ પોતાની મધ્યે રહેવા દીધા, તેઓ તેમને "ફાંદા તથા ફાંસારૂપ, તેઓની કૂખોમાં કાંટારૂપ અને તેઓની આંખોમાં કણીરૂપ થઇ પડ્યા" (નિ.૨૩;૩૩ : યહો.૨૩;૧૩ : ન્યા.૨;૨).

અનુક્રમણિકા

A. અધ્ય.૧-૧૨. કનાન દેશનું સર કરાવું.

અધ્ય.૧. યહોશુઆની ઈશ્વરથી કરાએલી પ્રતિષ્ઠાપન ક્રિયા

અધ્ય.૨. યરેખોની બાતમી કાઢનાર બે જાસૂસો. રાહાબને યહૂદાની કોમમાં પાછળથી દાખલ કરવામાં આવી. તેના વંશમાં ચોથી પેઢીએ દાઉદ રાજા થયો (મા.૧;૫,૬). "વિશ્વાસને કારણે રાહાબનો નાશ થયો નહિ" (હે.૧૧;૩૧).

૪. યરદન નદી ઓળંગવી. અહીંની હકીકત પ્રમાણે બે જુદા જુદા સ્મરણસ્તંભ ઊભા કરવામાં આવ્યા, એટલે ગિલ્ગાલમાં એક (૪; ૧-૮, ૨૦-૨૪) અને "યરદન મધ્યે" એક (૪;૯). એકનાએક બનાવનાં બે જુદાં જુદાં વર્ણન ભેગાં કરેલાં હોય એવો સંભવ છે.

૫. સુન્નત સંસ્કાર અને પાસ્ખાપર્વનું પાળવું. ક.૯. "મિસરનો દોષ." અરણ્યમાં જન્મેલા છોકરાઓની સુન્નત કરવામાં આવી નહોતી (૭), તેથી મિસરીઓની દૃષ્ટિમાં તેઓ ધિક્કારપાત્ર બને એવી ધાસ્તી હતી.

૬ક્ક. યરેખોનું પતન. ક.૧૭. "યહોવાને સમર્પિત," જુઓ લે. ૨૭;૨૮,૨૯. અંગ્રેજી બાઈબલમાં "સમર્પિત" ના જુદા જુદા તરજુમા કરેલા છે. જેવા કે "devoted," "accursed," and "utterly destroyed." ગુજરાતીમાં "સમર્પિત કરવું" સાધારણ રીતે, "સંહાર કરવો." જુઓ પુ.૧૩;૧૫. તે લડાઈને લગતો એક નિયમ હતો, તે નિયમ પ્રમાણે ચેતન તથા અચેતન સર્વનો નાશ કરવામાં આવતો હતો, પરંતુ જે કંઈ માલમિલકત બચાવવામાં આવી હોય, તે યહોવાની સેવાને સારુ અલગ રાખવામાં આવતી. યરેખો નગર યહોવાને "સમર્પિત" છે, એવો ઢંઢેરો યહોશુઆએ સાતમે દહાડે પિટાવ્યો (૧૭), તેથી જ્યારે "સમર્પિત" વસ્તુઓમાંથી ચોરી લઈને આખાને આજ્ઞાભંગ કર્યો, ત્યારે તેના પાપને પરિણામે ઈસ્ત્રાએલીઓની સમસ્ત છાવણી "સમર્પિત" (શાપિત) બની ગઈ (૬;૧૮ : ૭;૧૨. વળી જુઓ ૧ શમૂ.૧૫;૩,૯,૧૫).

અધ્યાય ૮મો. આયનું સર કરાવું.

અધ્યાય ૯મો. ગિબઓનીઓએ કરેલી યુક્તિ.

અધ્યાય ૧૦મો. બેથહોરોન આગળ દક્ષિણ તરફના રાજાઓનો પરાજય. ક.૧૨,૧૩. આ ગીત "યાશારનું પુસ્તક" નામના એક પુરાતન કાવ્યસંગ્રહમાંથી ઉતારી લીધેલું છે (૧ શમૂ.૧;૧૮). ("સ્થિર રહે" - મૂળાર્થ, છાનો રહે, એટલે પ્રકાશ પાડતો મા. મોટા મોટા કરાના વરસાદથી જે ઘોર અંધકાર થયો (૧૧), તે વધારે વખત ટકી રહે, એવો આ શ્લોકનો એક અર્થ કરી શકાય એમ છે, અને તે કાવ્યમાં આલંકારિક રીતે જણાવેલો છે. જુઓ હબા.૩;૧૧.)

અધ્યાય ૧૧મો. મેરોમ સરોવર આગળ ઉત્તર તરફના રાજાઓનો પરાજય.

અધ્યાય ૧૨મો. સર કરાએલા જુદા જુદા મુલકોની ટીપ.

B. અધ્ય.૧૩-૨૧. ૧૨ કુળોમાં કરાએલી દેશની વહેંચણી.

(૧) વહેંચણીના બે વિભાગ છે, એટલે (અ) યરદનની પૂર્વ તરફના પ્રદેશની (અધ્ય.૧૩), અને (આ) ગિલ્ગાલમાં અલેઆઝર તથા યહોશુઆની આગળ તેની પશ્ચિમ તરફના પ્રદેશની કરેલી વહેંચણી (અધ્ય.૧૪-૧૭). (૨) ત્યાર પછી દેશના જે જે ભાગો હજુ સર કરવામાં આવ્યા નહોતા, તેની શીલોહમાં એકલા યહોશુઆની રૂબરૂ વહેંચણી થઇ (અધ્ય.૧૮,૧૯). વાચકનું ધ્યાન કાલેબ વિષેની વાર્તા પર ખેંચાયું હશે (૧૪; ૬-૧૫) પંચ્યાસી વર્ષની ઉંમરનો હોવા છતાં તેનું બળ એવું ને એવું રહેલું હતું, તેમ જ તેનો વિશ્વાસ જેવો ને તેવો અચળ રહેલો હતો. વળી યૂસફપુત્રોની (એટલે એફ્રાઇમ તથા મનાશ્શેહ) બડાઇ પણ વાચકને માલૂમ પડી હશે. શરૂઆતથી જ એફ્રાઇમની મગરૂરીને લીધે તેની તથા બાકીનાં કુળો વચ્ચે, પણ વિશેષે કરીને તેની તથા યહૂદા વચ્ચે અણબનાવ થવાનો સંભવ હતો (ન્યા.૮;૧ : ૧૨;૧). બળવો કરીને ઉત્તર તરફનાં કુળોએ યહૂદાહ તથા બિન્યામીનથી જુદાં થઇને બીજું રાજય સ્થાપ્યું, એવું તે અણબનાવનું છેવટનું પરિણામ નીપજ્યું.

અધ્યાય ૨૦મો. આશ્રયનગરો. જુઓ પુ.૪; ૪૧-૪૩ : ૧૯; ૨-૯.

અધ્યાય ૨૧મો. યાજકોને (એટલે હારૂનપુત્રોને) તથા લેવીઓને સારુ અલગ કરાએલાં નગરો.

C. અધ્ય. ૨૨-૨૪. યહોશુઆનાં છેલ્લાં વર્ષ તથા તેનું મરણ.

અધ્ય. ૨૨મો. રેઉબેન, ગાદ તથા મનાશ્શેહના અર્ધ કુળે યરદનની પેલી પાર જે વેદી બાંધી, તે સંબંધીની તકરાર તથા તેનું સમાધાન. આખા દેશમાં એક જ વેદી હોવી જોઈએ, તે નિયમના ટેકામાં આ વાર્તા આવા રૂપમાં વર્ણવેલી છે (૧૯,૨૯). તે નિયમ પ્રમાણે બીજી વેદી બાંધવી તે "યહોવાનો દ્રોહ" કરવો કહેવાય છે (૧૬). પરંતુ જુઓ પુનર્નિયમની પ્રસ્તાવનામાં ૩ તથા તેનો અધ્ય.૧૨. પરદેશ તો અશુદ્ધ દેશ પણ છે, એવી માન્યતાનો એક દાખલો ક.૧૯માં મળી આવે છે (આમ.૭;૧૭).

અધ્ય.૨૩મો. યહોશુઆનું વિદાયગીરીનું પહેલું ભાષણ.

અધ્ય.૨૪મો. યહોશુઆનું બીજું ભાષણ. તે પરથી ત્રણ બાબત શીખવાની મળે છે, એટલે (૧) ઈબ્રાહીમના તેડાથી માંડીને યહોવાએ પોતાના લોકને આપેલી દોરવણી ; (૨) એમ છતાં તેના લોકનું ઢચુપચુપણું મિસરમાં (૧૪), અરણ્યમાં (૮,૧૫), અને કનાનમાં પણ (૨૩). (૩) યહોશુઆની ઈશ્વરપરાયણતા. "પણ હું ને મારા ઘરનાં સર્વ માણસો તો યહોવાની જ સેવા કરીશું" (૧૫).

ન્યાયાધીશો

૧. આ પુસ્તકનો સમય. ન્યાયાધીશો તો આગલા પ્રબોધકોનું બીજું પુસ્તક છે. તેમાં કનાન દેશ સર કરાયાના વખતથી માંડીને શમૂએલના વખત સુધીમાં બનેલા કેટલાક બનાવો વર્ણવેલા છે. તે સમયનાં કુલ વર્ષ ૪૧૦ થાય છે, એટલે :--

પરદેશી રાજ્યોને તાબે--૧૧૧;

"મોટા" ન્યાયાધીશોને તાબે--૨૨૬;

"નાના" ન્યાયાધીશોને તાબે--૭૩.

પરંતુ એટલાં બધાં વર્ષ થયાં હોય, એવો સંભવ નથી (જુઓ ૧

૨૧.૬;૧). તો સમય વિષે આપણે શું સમજવું? કેટલાએક બનાવો સમકાલિન હતા. તેઓ જુદે જુદે સ્થળે બન્યા પણ સમય તો તે ને તેજ. ૨;૬-૧૦ની મારફતે આ પુસ્તકનું અનુસંધાન યહોશુઆના પુસ્તક સાથે કરેલું છે (૨; ૭-૯=યહો.૨૪; ૨૯-૩૧).

૨. તેના વિભાગ.

(૧) ૧; ૧-૨;૫. ઈસ્ત્રાએલીઓએ કનાન દેશ સર કર્યો તેનો હેવાલ.

(૨) ૨; ૬-૧૬;૩૧. બાર ન્યાયાધીશો.

(૩) અધ્ય. ૧૭-૨૧. પરિશિષ્ટ.

૩.તેની રચના.

(૧) ૧; ૧-૨;૫. "હવે યહોશુઆના મરણ પછી એમ થયું, કે...," એવા આ પ્રકરણના પ્રથમ શબ્દો છે. પરંતુ ખરું જોતાં યહોશુઆ હજુ હયાત હતો, તે અરસામાં બનેલા કેટલાક બનાવોનો સારાંશ આ પ્રકરણમાં સમાએલો છે. દા.ત. હેબ્રોન ને દબીર જીતી લેવાનું (૧;૧૦-૧૫=યહો. ૧૫; ૧૩-૧૯), યરુશાલેમ વિષેની વાત (૧;૨૧=યહો.૧૫;૬૩), મનાશ્શેહપુત્રોની વાત (૧;૨૭,૨૮=યહો. ૧૭; ૧૧-૧૩), વગેરે.

એમ છતાં બે કારણોને લીધે આ પ્રકરણમાં જણાવેલી હકીકત ધ્યાન આપવા લાયક છે, એટલે (૧) તે પરથી માલૂમ પડે છે, કે એકંદરે એકલદોકલ કુળોના પ્રયાસથી કનાન દેશ સર થયો. ઈસ્ત્રાએલીઓએ કનાન દેશમાં પ્રવેશ કર્યો, તે વખત સિવાય સર્વ કુળો એક બીજાને જોઈએ તેવો સહકાર આપતાં નહોતાં. યહૂદાહની આગેવાની નીચે શિમઓન તથા બિન્યામીને દક્ષિણ તરફનો પ્રદેશ (૧; ૧-૨૧), અને યૂસફપુત્રો તથા બાકીનાં કુળોએ ઉત્તર પ્રદેશ (૧;૨૨-૩૪) કબજે કરી લીધો.

(૨) વળી તે પરથી માલૂમ પડે છે કે લીધેલો કબજો ઘણી રીતે અધૂરો હતો. એવું યહોશુઆના પુસ્તકમાં પણ સૂચવેલું હતું (૧૭;૧૨,૧૩ વગેરે). દા.ત.ઈસ્ત્રાએલીઓ યરુશાલેમ જીતી લેવામાં ફાવ્યા નહિ, તેથી જ્યાં સુધી દાઉદ રાજા થયો નહિ, ત્યાં સુધી તેના

ગઢની મજબૂતાઈને લીધે તેના રહીશો દેશના આખા દક્ષિણ ભાગ પર વત્તેઓછે અંશે સત્તા ચલાવતા હતા, અને જો કે આખરે દાઉદે તે જીતી લીધું ખરું, તોપણ યબૂસીઓનો વસવાટ તેમાં ચાલુ રહ્યો. અરાવ્નાહ નામના જે ખેડૂતની પાસેથી દાઉદે ખળી વેચાતી રાખી, તે પણ યબૂસી હતો (૨ શમૂ.૨૪;૧૮). બીજી પણ ઘણી કલમો પરથી આ વાત સાબિત થાય છે, જેમ કે ૧;૨૮ ("કનાનીઓને તેઓએ છેક કાઢી મૂક્યા નહિ"), ૧;૨૯ ("કનાનીઓ તેઓની મધ્યે રહ્યા"), ૧;૩૦ વગેરે. આવા સહવાસનું કેવું પરિણામ આવ્યું, તેનું વિવેચન નીચે [(૪ (૨)] કરવામાં આવશે.

(૨) ૨; ૬-૧૬;૩૧. આ પ્રકરણ અમુક ગોઠવણ પ્રમાણે રચેલું છે.

(અ) ૨; ૬-૩;૬. આ કલમો આખા પ્રકરણની પ્રસ્તાવનારૂપ છે. પ્રથમ ફકરાનો આગળના વિભાગની સાથે કોઈ પ્રકારનો સંબંધ જણાતો નથી. તેનો સંબંધ યહો.૨૪;૩૦ની સાથે છે, એવું ઉપર કહેવામાં આવ્યું છે. ત્યાર પછી ઈસ્ત્રાએલના સામાન્ય ઇતિહાસનું અવલોકન કરવામાં આવે છે (૨; ૧૧-૩;૬), તેમાં બનેલા બનાવોનું વર્ણન કરવામાં આવતું નથી, પણ બનાવોના અર્થનો ખુલાસો કરેલો છે. પછીના ભાગમાં જે જે કૃત્યોનો હેવાલ સમાએલો છે, તે પરથી આપણે શી શિખામણ લેવી, તે જાહેર કરેલું છે.

(આ) ૩;૭-૧૬;૩૧. આમાં બાર જુદા જુદા ન્યાયાધીશો તથા તેઓની પ્રવૃત્તિઓનો વૃત્તાંત લખેલો છે. તેઓમાંના છ ન્યાયાધીશો વિષેની વાત જાણે કે એક ને એક ચોકઠામાં ગોઠવેલી છે, તે નીચે પ્રમાણે છે. યહોવાનો ત્યાગ કર્યાને લીધે ઈસ્ત્રાએલીઓ કોઈ પરદેશી રાજાની હકુમતમાં આવે છે. ત્યાર પછી તેઓ પસ્તાવો કરે છે, જેથી યહોવા તેઓ પર દયા લાવીને તેઓને સારુ એક શૂરવીરને ઊભા કરે છે, કે જે તેઓનો ઉગારનાર ન્યાયાધીશ બને છે. તેની સહાયથી તેઓ કંઈક મુદત સુધી શાંતિ ભોગવે છે. આપણે પ્રથમ ન્યાયાધીશ ઓથ્નીએલની વાતનો દાખલો લઈએ. ક.૭. લોકે કરેલો વિશ્વાસઘાત. ક.૮. અરામ નાહરાઈના (=ઈરાક) રાજાના કબજામાં. ક.૯. તેઓએ કરેલો પશ્ચાત્તાપ, જેથી યહોવાએ તેઓનો પોકાર સાંભળીને ઓથ્નીએલને ઊભો કર્યો. ક.૧૦. ઓથ્નીએલના હાથથી તેઓનો છૂટકારો. ક.૧૧.શાંતિનો સમય.

બધા મળીને બાર ન્યાયાધીશ હતા. (તે વર્ગમાં અબીમેલેખ ગણાતો નહોતો, તે રાજા કહેવાય છે (૯;૨૨ = "was prince over"). પણ ઉપલી રૂપરેખા પ્રમાણે માત્ર ૬ ન્યાયાધીશોનાં કૃત્યો વર્ણવેલાં છે. તેઓ "મોટા" ન્યાયાધીશ કહેવાય છે. તેમનાં નામ ઓથ્નીએલ (૩; ૭-૧૧), એહૂદ (૩; ૧૨-૩૦), દબોરાહ (અધ્ય.૪,૫), ગિદિઓન (અધ્ય.૬-૮), યિફતાહ (૧૧; ૧-૧૨;૭), અને શામશૂન (અધ્ય. ૧૩-૧૬) છે. જે છ ન્યાયાધીશો "નાના" કહેવાય છે, તે શામ્ગાર (૩;૩૧), તોલા અને યાઇર (૧૦; ૧-૫), ઇબ્સાન, એલોન ને આબ્દોન (૧૨; ૮-૧૫) છે.

ન્યાયાધીશો વિષેની વાર્તાઓ પ્રાચીન કાળથી ઊતરી આવેલી છે. તે આબેહૂબ ને વિગતવાર કરાએલી કથાઓ છે. હેબ્રી ભાટચારણોના મુખથી ઊતરી આવેલી એ કથાઓ શ્રોતાજનો આનંદથી સાંભળતા હશે. પણ જુદી જુદી વાર્તાઓમાં પ્રસ્તાવના તથા દરેક વાર્તા પરથી લીધેલી શિખામણ તે સંપાદકના હાથનું કામ છે. તે કોણ હતો, તે ખાતરીપૂર્વક કહેવાય એમ નથી, પણ તે પછીના સમયનો યહોવાનો કોઇ ચુસ્ત ઉપાસક હશે, એ નિર્વિવાદ વાત છે, વળી તેનું શિક્ષણ મહાન પ્રબોધકોના શિક્ષણની સાથે મળતું આવે છે. વિશ્વાસઘાતનું ફળ તો સત્યાનાશ છે; બંદીવાસ એ આજ્ઞાભંગનું ફળ છે, અને બચાવ કેવળ ઈશ્વરની નરી કૃપાથી થાય છે. સરખાવો ૨ ૨ા.૧૭; ૭-૨૩.

આ પુસ્તક ક્યારે રચવામાં આવ્યું, તે સવાલનો જવાબ પુસ્તકમાંથી જ મળી આવે છે. તેમાં ત્રણ જુદી જુદી વાર એમ કહેલું છે, કે "તે વખતે ઇસ્ત્રાએલમાં કોઇ રાજા નહોતો" (૧૭;૬ : ૧૮;૧ : ૧૯;૧). તે શબ્દો પરથી અનુમાન કરી શકાય છે, કે પુસ્તક પ્રસિદ્ધ કરતી વેળા ઇસ્ત્રાએલમાં રાજા હતો. પણ પુસ્તક મોડું રચવામાં આવ્યું. એમ માનવાનું બીજું સબળ પ્રમાણ છે. ૧૮;૩૦ પ્રમાણે મૂસાના વંશના યાજકો "દેશના ગુલામગીરીના દિવસ સુધી" દાનમાં ઊભી કરાએલી મૂર્તિની સેવા કરતા હતા. તે વાક્યમાં ઇ.સ.પૂ.૭૨૨ની સાલમાં થએલું સમરૂનનું પતન, નહિતર ૫૮૬ની સાલમાં થએલો યરુશાલેમનો નાશ સૂચવેલો છે, આજે ન્યાયાધીશોના પુસ્તકને આધારે બોધભાષણ કરવામાં આવે છે. ખરાં, પરંતુ તે બહાર પડ્યું તે વખતે પણ તે દાખલા રૂપ વાર્તાઓ સહિતના ભાષણસંગ્રહના પ્રખ્યાત પુસ્તક જેવું હતું, જે

વાંચીને કાંતો નીનવેહમાં, કાંતો બાબેલોનમાં પડેલા યહૂદી બંદીવાસીઓને કેટલું બધું ઉત્તેજન મળ્યું હશે, તેનો ખ્યાલ સહેલાઈથી કરી શકાય એમ છે.

(ઈ) અધ્ય.૧૭-૨૧. આ અધ્યાયોનો આગલા અધ્યાયોની સાથે કંઈ પણ સંબંધ નથી. તેમાં ન્યાયાધીશોના સમયના બે જુદા જુદા બનાવો નોંધેલા છે.

(૧) અધ્ય.૧૭,૧૮. અધ્ય.૧૭માં મીખાહે પોતાને ત્યાં જે દેવસ્થાન બનાવ્યું, તેની વાત, અને અધ્ય.૧૮માં દેશની ઉત્તર તરફમાં રહેવાનું સ્થળ શોધી કાઢનાર દાનના કુળના જે લોક તે દેવસ્થાનની મૂર્તિ, એફોદ તથા તરાફીમ તેના પૂજારી સુદ્ધાં ઊપાડી ગયા, તેની વાત વર્ણવેલી છે. આ વાર્તાઓ પ્રમાણે યહોવાની સેવા તદ્દન અવ્યવસ્થિત હતી, અથવા જો તેને લગતાં કોઈ વિધિઓ જાહેર કરવામાં આવ્યા હોય, તો તેની અવગણના કરવામાં આવતી હોય, એમ સમજાય છે. દાન શહેરમાં (એટલે લાઈશમાં (૨૯) આ મૂર્તિ પધરાવવાથી દાન તો પ્રખ્યાત યાત્રાસ્થળ બની ગયું. એજ કારણને લઈ ને યરોબઆમે ઉત્તર ભાગમાં જે એક સોનાના વાછરડાની મૂર્તિ ઊભી કરી, તેને સારુ તેણે તે શહેર પસંદ કર્યું (૧ રા.૧૨;૨૯). પૂજારી તો લેવી કહેવાય છે (૧૭;૭-૧૨). તે સમયે પૂજા કરતાં જે કોઈને આવડે, તે "લેવી" નામથી ઓળખાતો હતો. જે જુવાન માણસને પૂજા કરવા માટે રાખવામાં આવ્યો હતો, તે યહૂદાહ કુળનો હતો (૧૭;૭). તે પહેલાં મીખાહનો પુત્ર તે સેવા કરતો હતો, તેની પ્રતિષ્ઠાક્રિયા તેના પિતાએ કરી હતી (૫);પણ તેના કરતાં યહૂદાહ કુળનો આ ભાઈ પૂજાપાઠ કરવામાં હોશિયાર હશે કે કારણથી અથવા બીજા કોઈ એવા કારણથી મીખાહે પોતાના પુત્રને બદલે તેને રાખ્યો, તેની પ્રતિષ્ઠાક્રિયા પણ મીખાહે પોતાના યહોવાની સેવાને અંગે મૂર્તિઓ, એફોદ તથા તરાફીમનો ઉપયોગ કરવામાં આવતો હતો, એવું આ વાર્તા પરથી સાબિત થાય છે.

(**આ**) અધ્ય.૧૯-૨૧. આ પ્રકરણમાં વર્ણવેલો બનાવ હારૂનના પૌત્ર ફીનહાસના વખતમાં બન્યો (૨૦;૨૮), એટલે યહોશુઆના મરણ પછી વાર્તામાં કુળોની દેખાઈ આવતી એકતા વિશેષ ધ્યાન આપવા લાયક છે (૨૦;૧,૮,૧૧ વગેરે). તે વાતનો એક બીજો

દાખલો પણ આ પુસ્તકમાં મળી આવે છે. લોકની ભ્રષ્ટતા તથા તે પરથી ઉપજતી આફતની પ્રસ્તાવનારૂપી નોંધ કરતાં સંપાદકે વારંવાર લખ્યું છે, કે "ઇસ્ત્રાએલપુત્રોએ જે ભૂંડું હતું, તે કર્યું" (૨;૧૧ : ૪;૧ : ૬;૧ વગેરે), જાણે કે સમસ્ત પ્રજાએ પાપ કર્યું હોય, એવા રૂપમાં તેણે તે વાત જણાવેલી છે.

૪. **પુસ્તકનો સંદેશો.** (૧) પુસ્તકના સંપાદકે પોતે તેનો સંદેશો જાહેર કર્યો છે. જેમ આમોસે (૩; ૧-૮), હોશીઆએ (અધ્ય.૨), યિર્મેયાએ (૨; ૧-૨૮) અને હઝકીએલે (અધ્ય.૧૬,૨૩) ઇસ્ત્રાએલીઓની આગળ તેમના ઇતિહાસનો મર્મ પ્રગટ કર્યો હતો, તેમ આ પુસ્તક રચનાર પણ પોતાના સમકાલિનોને તેનો અર્થ સમજાવવા માગતો હતો. આખું પુસ્તક બોધભાષણરૂપ છે. ભાષણનું આધારવાક્ય ૨;૧૧-૩;૬ છે, અને બાકીના ભાગમાં સમાએલી વાર્તાઓ તેના દાખલારૂપ છે.

(૨) વળી કેવી રીતે રાષ્ટ્રિય ઐક્યનો વિકાસ થતો ગયો, તેમ જ જગતને સારુ ઇશ્વરનો જે સંકલ્પ હતો તે પૂર્ણ કરવામાં ઇસ્ત્રાએલીઓ ઇશ્વરના હાથમાં કેવી રીતે સાધનરૂપ બનતા ગયા, તે આ પુસ્તક પરથી શીખી શકાય છે. ઐક્ય ઉપજાવનારાં બે મુખ્ય કારણ હતાં : (અ) પહેલું તો ઇસ્ત્રાએલીઓ પર આસપાસના શત્રુઓએ કરેલી ચઢાઇ હતું. જેમ એરણ ઉપર ધાતુને ટીપવામાં આવે છે તેમ લડાઇરૂપી એરણ પર ઇસ્ત્રાએલનું ઐક્ય ઘડવામાં આવ્યું. તેમ છતાં બારેબાર કુળોને એકઠાં થવાની જરૂર પડી હોય, એવો ભારે હુમલો દબોરાહના વખત સિવાય બીજે કોઇ પ્રસંગે કરવામાં આવ્યો નહોતો. તે વખતની ચઢાઇ કરનારા તો કનાનીઓ હતા, તેઓની સામા થવા સારુ દબોરાહે બારે કુળોના સૈનિકોને બોલાવ્યા, બાર કુળમાંના માત્ર છ કુળોએ તેના પડકારને માન આપ્યું, એટલે એફ્રાઇમ, બિન્યામીન, મનાશ્શેહ, ઝબૂલૂન, નાફ્તાલી અને યિસ્સાખારે (૫;૧૪,૧૫,૧૮). જે ચાર કુળો, એટલે રેઉબેન, ગાદ, દાન અને આશેર, "બળવાન સામે યહોવાહની મદદે આવ્યાં નહિ" (૨૩), તેઓની વિરુદ્ધ દબોરાહે તિરસ્કારભર્યા શ્લોક રચ્યા. દબોરાહકૃત ગીતમાં યહૂદાહ તથા શિમઓનનું નામનિશાન નથી. (૪;૬,૧૦ પ્રમાણે એકલા નાફ્તાલી તથા ઝબૂલૂનના સૈનિકોને બોલાવવામાં આવ્યા). વળી જ્યારે યિફ્તાહે આમ્મોનીઓને હરાવ્યા,

ત્યારે તેની સંઘાતે એકલા તેના જાતિભાઈઓ હતા (૧૨;૨). શામશૂન એકલે હાથે પલિસ્તીઓને રંજાડતો હતો.

ઇસ્ત્રાએલ પર જે જે ચઢાઈઓ કરવામાં આવી તે ઘણું કરીને સમસ્ત દેશ પર એક સામટી નહિ, પણ દેશના જુદા જુદા વિભાગ પર કરવામાં આવતી હતી. વળી જુદી જુદી ચઢાઈઓ જુદી જુદી પ્રજાઓથી કરવામાં આવી, જેનો સામનો જુદા જુદા મોટા ન્યાયાધીશો એક પછી એક કરતા હતા. ઓથ્નીએલે પોતાના લોકને ઇરાકના રાજાના કબજામાંથી (૩;૮), એહૂદે મોઆબના હાથમાંથી (૩;૧૨), દબોરાહે કનાનીઓના હાથમાંથી (૪;૨૩), ગિદિઓને મિદ્યાનીઓના હાથમાંથી (૮;૨૮), યિફતાહે આમ્મોનીઓના હાથમાંથી છોડાવ્યા (૧૫;૨૦). પલિસ્તીઓએ ઇસ્ત્રાએલીઓ પ્રત્યે જે દુશ્મનાવટ રાખી અને તેઓના પર તેઓએ જે જોરજુલમ ગુજાર્યો, તે શાઉલ રાજાની કારકિર્દીમાં બારે કુળોનું પૂરેપૂરું ઐક્ય ઉત્પન્ન કરવાનું એક સબળ કારણ બન્યું.

(આ) પરંતુ જુદાં જુદાં કુળોમાં ઐક્ય ઉપજાવનારું સહુથી મોટું કારણ તો તેઓનો દેવ યહોવાની સેવા હતું. પણ જેમ કનાન દેશને કબજે કરતાં તેઓને વાર લાગી, તેમ યહોવા વિષેના જ્ઞાનમાં તથા તેના પરના સંપૂર્ણ વિશ્વાસમાં આગળ વધતાં પણ તેઓને ઘણી વાર લાગી. કનાનીઓને હાંકી કાઢવાનો તેઓનો પ્રયાસ નિષ્ફળ ગયો, તેથી તે બંને પ્રજાઓને એકબીજાના સહવાસમાં રહ્યા વગર છૂટકો નહોતો, એ આપણે અગાઉ શીખી ગયા છીએ. હવે કનાનીઓ તો ખેતી કરનારા તેમ જ મૂર્તિપૂજા કરનારા હતા. જમીનની પેદાશ દેવદેવીઓના આશીર્વાદથી થાય છે એવી માન્યતા સર્વ મૂર્તિપૂજક દેશોમાં પ્રચલિત છે, એ તો જાણીતી વાત છે, પરંતુ ઇસ્ત્રાએલીઓને ખેતીવાડીનો અનુભવ નહોતો, તેથી જે કસ વગરના પહાડી મુલકો તેઓએ કબજે કરી લીધા હતા, તે જ્યારે તેઓ ખેડવા લાગ્યા, ત્યારે ફળ આપનાર જે દેવતાઓની આગળ કનાનીઓ નમીને ફળની માગણી કરતા હતા, તેમની આગળ નમવાના પરીક્ષણનું જોખમ ઇસ્ત્રાએલીઓ સમક્ષ પણ હમેશાં ખડું રહેતું હતું. આ વાતનો એક સ્પષ્ટ દાખલો હોશીઆના પુસ્તકમાં આપેલો છે. દ્રાક્ષારસ તથા તેલ, ઊન તથા શણ--સર્વ જોઈતાં વાનાં આપનાર એકલો યહોવા છે, એવો તે પ્રબોધકના પ્રથમ ભાષણનો સાર હતો (૨; ૫-૮). ન્યાયાધીશોના સમયમાં

ઇસ્ત્રાએલપુત્રોનું મુખ્ય પાપ એજ હતું (૩;૭ : ૧૦;૬). એવા પાપમાં લોક ન ફસાય તે માટે રેખાબી નામનો પંથ પછીથી સ્થાપન કરવામાં આવ્યો. જુઓ ૪૨.૩૫; ૧-૧૧.

એ સર્વ છતાં યહોવાનું નામ તથા તેની ઉપાસના નષ્ટ થયાં નહિ. જ્યારે જ્યારે ઇસ્ત્રાએલીઓ દુઃખદ્વારા ચેતવણી પામીને પસ્તાવો કરતા, ત્યારે ત્યારે તેઓ યહોવા ભણી પાછા ફરીને તેનો જ આશ્રય શોધતા હતા (૩;૯,૧૫ : ૪;૩ વગેરે). બારાકની વહારે જેઓ દોડી આવ્યા, તેઓ "યહોવાની મદદે" આવ્યા હતા, એમ દબોરાહનું કહેવું હતું (૫;૨૩). પણ હજુ સુધી ઇસ્ત્રાએલીઓમાં અજ્ઞાન તથા તેમાંથી ઉપજતા વહેમનું જોર ઘણું પ્રબળ હતું. યહોવાના માનમાં વાપરવા સારુ ગિદિઓને એક એફોદરૂપી મૂર્તિ બનાવી, તેની પાછળ સર્વ ઇસ્ત્રાએલ વંઠી ગયા, અને તે ગિદિઓન તથા તેના કુટુંબને ફાંદારૂપ થઇ પડી (૮;૨૭,૩૩). યહોવાના નામનાં યિફતાહે જે માનતા લીધી હતી, તે ઉતારવામાં તેણે પોતાની દીકરીનો વધ કર્યો (૧૧;૩૧,૩૯). વળી બઆલનો અર્થ ધણી કે પ્રભુ છે, તેથી બઆલનું નામ લઇને ઇસ્ત્રાએલીઓ યહોવાની જ ભજનસેવા કરવા માગતા હોય, એવો પણ સંભવ છે. પણ જેમ સોનાનું એફોદ ગિદિઓનને ઠોકરરૂપ થઇ પડ્યું, તેમ બઆલનું નામ તથા તેની પૂજા ઇસ્ત્રાએલને ફાંદારૂપ નીવડ્યાં (જુઓ હો.૨; ૮-૧૭). ખરેખર યહોવા વિષેનું તેઓનું જ્ઞાન તથા તેના પરનો તેઓનો વિશ્વાસ મંદમંદ સળગતી દીવેટના જેવાં હતાં. પણ યહોવાએ તેઓની સાથે દયાભાવથી વર્તીને તે હોલવાઇ જવા દીધાં નહિ, જેથી જેમ સોનુંરૂપું ભઠ્ઠીમાં ગળાવાથી શુદ્ધ થાય છે, તેમ આખરે ઘણાં સંકટોરૂપી ભઠ્ઠીમાં ગળાવાથી ઇસ્ત્રાએલીઓનું આંતિરક જ્ઞાન તથા વિશ્વાસ તેજોમય બની ગયાં.

કેટલીક નોંધ.

૧;૯. "પહાડી મુલક." આ શબ્દોથી પહાડોની જે હાર કરોડરજ્જુનની પેઠે પાલેસ્ટાઇનની વચમાં હેબ્રોનથી સમરૂન સુધી ફેલાએલી છે, તેનો દક્ષિણ છેડો સૂચવાએલો છે. જે "પહાડી દેશમાં" મરિયમ એલીસાબેતની મુલાકાત લેવા ગઇ હતી (લૂક૧;૩૯), તે એજ છે. તેનો ઉત્તર છેડો "એફ્રાઇમનો પહાડી મુલક" કહેવાય છે (૩;૨૭ : ૧૦;૧ વગેરે). (આ હારને ઉત્તર છેડે એક મોટું તથા ઘણું રસાળ

મેદાન આવેલું છે, તે ભૂમધ્ય સમુદ્રના કિનારાથી યરદન નદી સુધી વિસ્તરેલું છે. તે યિઝ્રએલની ખીણ કહેવાય છે (યહો.૧૭;૧૬). તે પાલેસ્ટાઇનનું રણક્ષેત્ર હતું, તેમાં થઈને કીશોન નદી વહે છે, ત્યાં ગિદિઓને મિદ્યાનીઓને હરાવ્યા (૬;૩૩). મેદાનમાં આવેલું સહુથી મહત્ત્વનું નગર મગિદ્દો હતું, કેમ કે જે ઘાટમાં થઈને વેપારી કાફલા યિઝ્રએલથી "નિચાણના પ્રદેશમાં" જતા હતા, તેના માર્ગનું રક્ષણ તે વડે થતું હતું. તે શહેરને પડખે ઘણી લડાઈઓ થઈ. પ્રક.૧૬;૧૬ પ્રમાણે છેલ્લામાં છેલ્લું યુદ્ધ પણ ત્યાં આગળ થશે, કેમ કે "હાર-માગેદોન" તે મગિદ્દોની હાર છે).

"નેગેબ" (મૂળાર્થ=સૂકાપણું.) હેબ્રોનની દક્ષિણ તરફ આવેલું સૂકું મેદાન નેગેબ કહેવાય છે. બેર-શેબા નેગેબમાં હતું (ઉત.૨૧;૧૪). "દક્ષિણનાં નાળાં," તે નેગેબનાં નાળાં છે (ગી.૧૨૬;૪). તે પ્રદેશમાં અમાલેકીઓ તથા અદોમીઓ વસતા હતા.

"નિચાણનો પ્રદેશ" = ભૂમધ્ય સમુદ્રને કિનારે વિસ્તાર પામેલું ફળદ્રુપ મેદાન. તે પલિસ્તીઓના કબજામાં હતું.

૬;૩૪. "યહોવાનો આત્મા ગિદિ્રઓન પર આવ્યો." મૂળાર્થ=ગિદિઓનથી યહોવાના આત્માએ પોતાને વેષ્ટિત કર્યો. સરખાવો ૧ કાળ.૧૨;૧૮ : ૨ કાળ.૨૪;૨૦ : યૂ.૨૯;૧૪.

૧૧;૧. યિફતાહની મા વેશ્યા હતી, તે પરથી તે યહૂદેણ નહોતી, એવું આપણે સમજી શકીએ છીએ (લે.૧૯;૨૯ : પુ.૨૩;૧૭). તે કારણને લીધે હેબ્રી સમાજમાં યિફતાહનો કંઈ હક નહોતો.

૧૩;૭,૮. નાજીરવ્રત. જુઓ ગણ.૬; ૧-૧૨. પોતાનું માથું મુંડાવવાથી તેણે પોતાનું વ્રત તોડ્યું, એટલે યહોવાની વિરુદ્ધ પાપ કર્યું, તે શામશૂન સારી પેઠે જાણતો હતો (૧૬;૧૭).

૧લું તથા ૨જું શમૂએલ

૧. **નામ.** સહુથી પુરાણા હેબ્રી હસ્તલેખ પ્રમાણે આ બે પુસ્તક એક ગણાય છે, અને તેનું નામ શમૂએલ છે. પણ LXXપ્રમાણે શમૂએલના બે ભાગ છે, અને તે રાજાઓનાં પુસ્તકોની સાથે જોડેલા છે, જેમનાં નામ રાજાઓનું ૧લું, ૨જું, ૩જું, ને ૪થું પુસ્તક એ પ્રમાણે પાડવામાં આવેલાં છે.

૨. **અનુક્રમણિકા.** આ બે પુસ્તકોમાં શમૂએલના જન્મથી માંડીને દાઉદ રાજાની કારકિર્દીના અંત સુધીના સમયમાં બનેલા બનાવોનું વર્ણન કરેલું છે. (LXXના એક હસ્તલેખમાં દાઉદના મરણ સુધીના બનાવોના હેવાલનો (એટલે ૧૨૧.૨;૧૧ સુધી) સમાવેશ થાય છે). સમય તો આશરે ઈ.સ.પૂ.૧૦૫૦-૯૭૦ સુધીનો હતો. ઠેકાણે ઠેકાણે સારરૂપ જે પ્રકરણ મળી આવે છે, તે પરથી આ પુસ્તકોની રૂપરેખા સ્પષ્ટ દેખાઈ આવે છે. તે પ્રકરણો નીચે પ્રમાણે છે :--

(૧) ૧ શમૂ.૧૪;૪૭-૫૧. શાઉલે કરેલાં જુદાં જુદાં યુદ્ધ, તેના દીકરાઓ તથા અમલદારોનાં નામ.

(૨) ૨ શમૂ.૮. દાઉદે કરેલાં જુદાં જુદાં યુદ્ધ, અને તેના અમલદારો.

(૩) ૨ શમૂ.૨૦.૨૩-૨૬ દાઉદના અમલદારોનાં નામોની પુનરુક્તિ. અધ્ય.૨૧-૨૪ પરિશિષ્ટ જેવા છે.

(ઉપરની રૂપરેખાની સાથે સરખાવો પ્રે.કૃ.ની રચના). ઉપરોક્ત રચના અનુસાર પુસ્તકોના વિભાગ નીચે પ્રમાણે કરેલા છે :--

I. ૧ શમૂ. ૧-૧૪. શમૂએલ અને શાઉલ. (૧) શમૂએલની યુવાવસ્થા (૧-૩). (૨) કરારકોશને લગતી વાત (૪-૭). (૩) રાજયની સ્થાપના (૮-૧૨). (૪) પલિસ્તીઓની વિરુદ્ધ શાઉલે ચલાવેલું પ્રથમ યુદ્ધ (૧૩-૧૪).

II. ૧ શમૂ.૧૫.૨ શમૂ.૮. શાઉલ અને દાઉદ. (૧) શાઉલનો રાજા તરીકે અનાદર તથા દાઉદનો સ્વીકાર, અને તે પરથી દાઉદ પર શાઉલને ઉપજેલી ઈર્ષા (૧૫-૨૦). (૨) દાઉદની નાસભાગ તથા રખડામણ (૨૧-૨૬). (૩) પલિસ્તીઓની સાથે દાઉદનો સહવાસ, પલિસ્તીઓએ કરેલો હુમલો અને શાઉલનું મરણ (૨૭-૩૧). (૪)

દાઉદ પહેલવહેલાં યહૂદાહનો ને પછી સમસ્ત ઈસ્ત્રાએલનો રાજા (૨ શમૂ. ૧-૮).

III. ૨ શમૂ.૯-૨૦. દાઉદના દરબારને લગતી વાતો. (૧) મફીબોશેથ પ્રત્યે દાઉદનો ઉપકાર (૯). (૨) દાઉદે કરેલું મહાપાતક (૧૦-૧૨). (૩) આમ્નોન અને આબ્શાલોમ (૧૩-૧૪). (૪) દાઉદની વિરુદ્ધ આબ્શાલોમે કરલો બળવો (૧૫-૧૯). (૫) શેબા તથા ઉત્તરના ઈસ્ત્રાએલીઓએ કરેલું બંડ (૨૦).

IV. ૨ શમૂ. ૨૧-૨૪. પરિશિષ્ટ. (૧) (અ) દુકાળ, અને તોડેલા કરારને અર્થે ખૂનથી કરાએલું પ્રાયશ્ચિત. (આ) પલિસ્તીઓની સામે કરેલા વિગ્રહ (૨૧). (૨) દાઉદકૃત ઉપકારસ્તુતિનું ગીત (૨૨). (૩) (અ) દાઉદનાં છેલ્લાં વચન. (આ) બે જુદા જુદા વર્ગના શૂરવીરોની ટીપ (૨૩). (૪) વસતિગણતરી તથા તેનું પરિણામ (૨૪).

૩. **પુસ્તકોનાં લક્ષણ.** એવો કોઈ પણ વાચક નહિ હોય, કે જેને આ પુસ્તકોમાં રહેલી ખૂબી દેખાઈ આવે નહિ. ઉત્પત્તિની પેઠે આ બે પુસ્તક પણ સર્વ ખ્રિસ્તી બાળકોને માટે રસિક તથા મનોરંજક વાર્તાઓથી ભરપૂર છે. શમૂએલનું તેડું, પોતાના બાપનાં ગધેડાંની શોધમાં નીકળેલો શાઉલ, દાઉદ અને ગોલ્યાથ, યોનાથાન તથા દાઉદની દિલોજાન દોસ્તી, વગેરેના જેવી બીજી સરસ સુવાર્તા સિવાય અન્યત્ર મળતી નથી. બળવો કરનાર પુત્ર આબ્શાલોમની આગળથી વયોવૃદ્ધ દાઉદ રાજાએ કરેલી નાસભાગ, અને અણકહ્યાગરા પણ માર્યા ગએલા દીકરાને સારુ દાઉદે કરેલો વિલાપ આપણા તારનાર પ્રભુ ઈસુના દુઃખસહનના છેલ્લા અઠવાડિયાના બનાવોના વર્ણન સિવાય આખા બાઇબલમાં આના જેવી બીજી કોઇ દિલ પિગળાવનારી વિગતવાર વાર્તા નથી.

વળી જેમ જેમ આપણે આ બે પુસ્તકોનો અભ્યાસ કરતા જઈશું, તેમ તેમ તે સમયના લોકજીવન સંબંધી આપણને પુષ્કળ જાણવાનું મળતું જશે. લોકના ધાર્મિક જીવનનું વર્ણન કરવું એ આ પુસ્તકો રચનારનું વિશેષ ધ્યેય હતું ખરું, તેમ છતાં તેમાં સમાએલી વાર્તાઓનું ચાલતું આવેલું જે સ્વરૂપ હતું, તે એમ ને એમ રહેવા દઈને તેણે આપણી જાણને સારુ સામાજિક જીવનની ઘણીખરી વિગતો પણ જાળવી રાખી

છે. એવી રીતે તે સમયના લોકજીવનનો જે આબેહૂબ ચિતાર આ પુસ્તકોમાં આપણી આગળ રજૂ થાય છે, તેવો ચિતાર જૂના કરારના બીજા કોઇ પણ પુસ્તકમાં દેખાઇ આવતો નથી. વળી તે સમય દરમિયાન દેશની રાજકીય પરિસ્થિતિમાં ઘણો ફેરફાર થયો, તેનો અહેવાલ પણ ઝીણવટથી તેમ જ નિષ્પક્ષપાતપણે કરેલો છે, જે પરથી કેવી રીતે દાઉદના તખ્તનો પાયો યરુશાલેમમાં દૃઢ થયો, તેમ જ કેવી રીતે સિયોન "મોટા રાજાનું નગર" બની ગયું, તે સર્વનું આપણે પગલે પગલે નિરિક્ષણ કરી શકીએ છીએ. છેવટે, તે સમયના લોકનું ધાર્મિક જીવન પણ એવી જ રીતે આલેખેલું છે. આપણે આ ત્રણ વાતોની વધારે તપાસ કરીએ.

(૧) **સામાજિક જીવન.** પ્રથમ બે અધ્યાયોમાં એક હેબ્રી કુટુંબનું જે દૃશ્ય આપણી આગળ રજૂ કરવામાં આવે છે, તે કેવું સુંદર છે! તેનો ખ્યાલ કરતાં લૂકની સુવાર્તામાં આપણા પ્રભુ ઈસુની બાલ્યાવસ્થાનું જે ચિત્ર દોરેલું છે, તે આપણને યાદ આવ્યા વગર રહેતું નથી. તે તો એક ઈશ્વરપરાયણ શાંતિમય ગૃહનું ચિત્ર છે. પરંતુ તેનાથી તદ્દન જુદું એવા એક કુટુંબનું વર્ણન અધ્ય.૨૫માં કરેલું છે, તે પણ ધ્યાનમાં લો. નાબાલ તો ખાતોપીતો માણસ હતો ખરો, પણ બહારવટિયાઓને લીધે તેનું જીવન ભયગ્રસ્ત હતું. તેનો દેખાવ એટલો બધો આબેહૂબ આલેખેલો છે, કે જાણે ગઇ કાલે જ બનેલી વાત હોય, એમ વાચકને લાગે છે. તેની સાથે સાથે ઘેટાંના વાળ કાતરવાની ખુશાલીનો પ્રસંગ તથા તે આનંદી પ્રસંગે પડેલો ખૂની માર-તેની છબી પણ જુઓ (૨ શમૂ.૧૩; ૨૩-૨૯). સામાજિક જીવનના બીજા ઘણા દાખલા આ પુસ્તકોમાં મળી આવે છે (જેવા કે ૧ શમૂ.૯; ૬-૧૪ : ૧૬; ૪-૧૩ : ૧૭;૧૭,૧૮ : ૨૦;૨૯ વગેરે).

(૨) **રાજકીય જીવન.** શમૂએલનાં પુસ્તકોમાં આ બાબત સંબંધી સમાએલી વાતો ઘણી મહત્ત્વની છે.

(અ) શમૂએલ જન્મ્યો, તે વખતે યહોવાની ઉપાસના સિવાય ઈસ્ત્રાએલનાં બાર કુળો વચ્ચે બીજો કોઇ સંબંધ નહોતો, એમ કહીએ તો ચાલે, પણ દાઉદ રાજાનું મરણ થયું, ત્યારે એક જ ગાંઠથી જોડાએલાં એ બાર કુળો એક સંયુક્ત પ્રજા બની ગએલાં હતાં, અને તે સમયનાં બીજાં મોટાં રાજ્યોની સાથે ઈસ્ત્રાએલને પણ સ્થાન મળ્યું

હતું. ઈશ્વરકૃપાએ આ તો રાજાશાહી સ્થાપવાનું છેવટનું પરિણામ હતું. પણ જ્યાં સુધી પલિસ્તીઓનો પૂરેપૂરો પરાજય થયો નહોતો, ત્યાં સુધી ઇસ્ત્રાએલની ગાદી સ્થાપિત થએલી કહેવાય નહિ. તેથી ઇસ્ત્રાએલનો પ્રથમ રાજા તથા તેનાં સૈન્યનો સરદાર થવા સારુ શમૂએલે શાઉલને તેડું આપ્યું (૯;૧૬). સરદાર તરીકે શાઉલ ન્યાયાધીશોમાંના એક જેવો હતો, કારણ કે તેને પણ અણીને પ્રસંગે પોતાના લોકનો ઉગારનાર થવા સારુ બોલાવવામાં આવ્યો હતો. પણ રાજા તરીકે તેનો હોદ્દો જુદો જ હતા. તે યહોવાથી પસંદ કરાએલો હતો ખરો (૧૦;૧). તોપણ લોકની સંમતિથી તેને રાજા નીમવામાં આવ્યો (૧૦;૨૪ : ૧૧;૧૫). યાબેશ-ગિલઆદના લોકને આમ્મોનીઓના હાથમાંથી છોડાવવામાં આવ્યા, એ શાઉલ રાજાનું પહેલામાં પહેલું કૃત્ય હતું (૧૧; ૧-૧૩), અને તેની યાદગીરીમાં તેઓએ પોતાના જીવને જોખમે માર્યા ગએલા શાઉલ તથા તેના દીકરાઓનાં શબ બેથ-શાનના કોટ પરથી ઊતારી લઇ જઈને તેની માનસહિત દફનક્રિયા કરી (૩૧; ૧૧-૧૩). મોઆબ, અદોમ તથા બીજાં રાજ્ય વિરુદ્ધ પણ તેણે વિગ્રહ ચલાવ્યો (૧૪;૪૭); પરંતુ ઇસ્ત્રાએલના સહુથી કટ્ટા દુશ્મન તો પલિસ્તીઓ હતા, તેઓની સાથે જીંદગી પર્યંત તે યુદ્ધ ચલાવતો રહ્યો હતો (૧૪;૫૨), અને આખરે તેમની સાથે લડતાં લડતાં જ તે માર્યો ગયો (૩૧; ૧-૬). તે તેમનો પરાજય કરી શક્યો નહિ એ ખરું છે, તોપણ તેણે તેઓ પર જે જે પ્રહાર કર્યા હતા, તેને પરિણામે જ દાઉદ રાજા પછીથી તેમના પર ફાવી શક્યો (૨ શમૂ.૮;૧).

(આ) રાજાશાહી સ્થાપન થયા પછી બીજો જે રાજકીય સુધારો થયો, તે દાઉદની કારકિર્દીને આશ્રયે ઉત્તરનાં તથા દક્ષિણનાં કુળોનું થએલું સંગઠન હતું (૨ શમૂ.૫; ૧-૩). તેમનું જોડાણ રક્તપાત થયા વગેરે થયું નહિ ખરું, તોપણ તે બાબતે દાઉદ દોષપાત્ર ઠરે એમ નથી (૨ શમૂ.૩; ૩૧-૩૯ : ૪;૧૧). સંયુક્ત ઇસ્ત્રાએલનો રાજા થયા પછી તરત જ તેણે પલિસ્તીઓ પર હુમલો કરીને તેઓને હરાવ્યા (૫;૧૭-૨૫). તે જાતે લડવૈયો હતો (૧૭;૮), તેની સરદારી તળે તેનાં લશ્કર દમસ્ક સુધી પહોંચવા પામ્યાં (૮;૬). આખા પાલેસ્ટાઇન ઉપર એટલે દાનથી તે બેરશેબા સુધી તેની સત્તા ચાલતી હતી (૨૪;૨). આવી રીતે સુલેમાનની કારકિર્દીમાં દેશની જે આબાદાની થવાની હતી, તેની પૂર્વ

ભૂમિકા તૈયાર કરીને જેની સાથે બીજાં રાજ્યો કોલકરાર કરવા માગે, એવું પંકાતું રાજ્ય દાઉદે ઇસ્ત્રાએલને બનાવ્યું.

ઉપર તો "સંયુક્ત ઇસ્ત્રાએલ" વિષે વાત કરવામાં આવી છે ખરી, પરંતુ અસલથી જ ઉત્તર અને દક્ષિણ કુળો વચ્ચે અણબનાવ ચાલતો હતો એ આપણે ધ્યાનમાં રાખવું (યહો.૧૭;૧૪ : ન્યા.૮;૧). શાઉલના વખતમાં પલિસ્તીઓને લીધે સમાધાન કરવાની આવશ્યકતા ઉપસ્થિત થઈ હતી. તેનું મરણ થયા પછી ફરી તેઓ એકબીજાથી જુદાં પડી ગયાં, પણ જ્યારે ઉત્તરનાં દસ કુળોનાં રાજા ઇશ-બોશેથે પોતાના સેનાપતિ આબ્નેરની સાથે તકરાર કરી, ત્યારે આબ્નેરે તેને તજી દઈને દાઉદનો પક્ષ લીધો. (૨ શમૂ.અધ્ય.૩માં એ બનાવનું વિસ્તૃત વર્ણન કરેલું છે). દાઉદ બારે કુળનો રાજા થયો, ત્યાર પછી કેટલાંક વર્ષ સુધી સલાહશાંતિ રહી. હેબ્રોન છોડીને દાઉદે યરુશાલેમને પોતાનું રાજનગર બનાવ્યું હતું, તેને લીધે તે બે શહેર વચ્ચે અણબનાવ થયો, તેનો લાભ લઈને જ્યારે આબ્શાલોમે બળવો કરવાનું ધાર્યું, ત્યારે હેબ્રોન જઈને તેણે બળવાની ધજા ફરકાવી (૧૫;૯). એ બળવો દાબી દેવામાં આવ્યો ખરો, પણ વિજયને પ્રસંગે પોતપોતાની વફાદારી સંબંધી ઇસ્ત્રાએલ અને યહૂદાહ વચ્ચે ઝગડો થયો (૧૯; ૧૧-૧૪,૪૦,૪૩). ત્યાર પછી થોડા વખતમાં શેબાએ ઉત્તર ઇસ્ત્રાએલનાં કુળોને સ્વતંત્ર થવા સારુ ઉશ્કેર્યાં. (૨૦;૧,૨). યોઆબે આ બંડ પણ શમાવી દીધું, તોપણ અસલનો અણબનાવ તો ચાલુ જ રહ્યો, જેથી સુલેમાનના દીકરા રહાબઆમની મૂર્ખાઈને લીધે બે પક્ષ વચ્ચે જે ફાટફૂટ પડી, તે કદી શમી ગઈ નહિ (૧ ૨ા.૧૨;૧૯).

(ઇ) પરંતુ યરુશાલેમ સર કરીને દાઉદે તે શહેરને પોતાનું રાજનગર બનાવ્યું, તે ઐતિહાસિક બનાવોમાં સહુથી મહત્ત્વનો ગણાય એમ છે. તે હેબ્રોન કરતાં મધ્ય સ્થળે હતું, તેથી ઉત્તર તરફનાં કુળોને તે હેબ્રોન કરતાં વિશેષ પસંદ પડતું હતું. તે ઇસ્ત્રાએલ તથા યહૂદાહની હદ પર આવેલું હતું. વળી પહાડ પર વસેલું હોવાથી તે અજેય મનાતું હતું.

પણ યરુશાલેમ એ દેશનું પાટનગર હતું કેવળ એમ નહિ, પણ દાઉદે કરારકોશ ત્યાં મંગાવી લાવીને તેને દેશનું મુખ્ય ધર્મસ્થાન પણ

બનાવ્યું. તેમ કરવામાં દાઉદની ધર્માસ્થા તેમ જ તેની બુદ્ધિ દેખાઈ આવે છે. હજુ દેશમાં અહીંતહીં ઘણાં ઉચ્ચસ્થાન હતાં. પણ થોડા જ સમયમાં યરુશાલેમનો વૈભવ તે સહુ કરતાં વિશેષ દીપી આવ્યો. તેમાં ખરા ધર્મનું રક્ષણ કરવામાં આવતું હતું. લાંબા સમય પછી બાબેલોનમાં લશ્કરોએ યરુશાલેમ શહેર તથા તેના મંદિરનો સમૂળગો નાશ કરી નાખ્યો ખરો, તોપણ બંદીવાસ પૂરો થયા પછી હાગ્ગાયે એવું ભવિષ્ય ભાખ્યું, કે સુલેમાનના ભવ્ય મંદિર કરતાં નવા બંધાયેલા મંદિરનું ગૌરવ વધારે થશે. વળી "આ સ્થળે હું શાંતિ સ્થાપીશ," એવું સૈન્યનો દેવ યહોવા કહે છે, એમ પણ તેણે પ્રગટ કર્યું (૨;૯). આ વચન સંપૂર્ણ પણ થયું, કેમ કે એજ યરુશાલેમમાં જગતના તારનારને વધસ્તંભે જડવામાં આવ્યો, અને એજ યરુશાલેમમાંથી શાંતિની સુવાર્તા પહેલવહેલાં પ્રગટ કરવામાં આવી.

ઉપરોક્ત સર્વ બનાવોમાં કોઈને પણ ઈશ્વરની આંગળી દેખાયા વગર રહેશે નહિ. વળી ધીમે ધીમે ઈશ્વરનો વિકાસ પામતો ઈરાદો પણ સ્પષ્ટ થતો જશે.

(૩) ધાર્મિક જીવન. આ બાબત વિષે પણ આ બે પુસ્તકમાંથી ઘણી માહિતી મળી આવે છે. ભજનસેવા વખતે, કાં તો કોઈના ઘરમાં, કાં તો મંદિરમાં આપણે પોતે હાજર હોઈએ, એવી સરસ રીતે તેનો વૃત્તાંત આલેખેલો છે. વાર્ષિક યાત્રા કરતા એક કુટુંબની છબી આપણે ક્યારનાયે જોઈ ગયા છીએ. બીજે ઘણે ઠેકાણે એના જેવા બીજા ચિતાર મળી આવે છે, જેમ કે ૯;૧૧-૧૪, ૨૨-૨૪ : ૧૬; ૧-૧૩ : ૨૦;૬,૨૯. જણાવેલી હકીકત ઓછી છે ખરી, પણ જેમ નાની બારીમાંથી મોટું દૃશ્ય જોઈ શકાય છે તેના જેવી એ હકીકત છે. ધર્મક્રિયાઓ વિષે આપણને ઘણું જાણવાનું મળે છે.

(અ) કરારકોશ. લોક તેને યહોવાનું રહેઠાણ માનતા હતા. જ્યાં કોશ છે, ત્યાં યહોવા પણ છે, એમ તેઓ સમજતા હતા. એમ માનીને તેઓ વખતોવખત રણક્ષેત્રમાં તે લઈ જતા હતા (૧ શમૂ.૪; ૩-૭ : ૨ શમૂ.૧૧;૧૧). જ્યારે દાઊદને આબ્શાલેમ આગળથી નાસી જવું પડ્યું, ત્યારે તેના સેવકો કરારકોશ સાથે લઈ જવા માગતા હતા, તેનું કારણ એમની એ માન્યતા જ છે. (૨ શમૂ.૧૧;૨૪). જ્યારે કોશ પલિસ્તીઓના હાથમાં પડ્યો ત્યારે ફીનહાસની સ્ત્રીએ મરતી વેળા

કહ્યું, કે "ઇસ્ત્રાએલમાંથી ગૌરવ જતું રહ્યું છે" (૧ શમૂ.૪;૨૧. મૂળાર્થ=બંદીવાસમાં ગયું છે). "મારી સમક્ષતા તારી સાથે આવશે," એવું યહોવાનું જે વચન હતું (નિ.૩૩;૧૪), તે કરારકોશની પ્રત્યક્ષતાથી મુદ્રિત કરવામાં આવતું હતું. પરંતુ નિર્ગમનના ઉત્તરાર્ધમાં જેવો મંડપ વર્ણવેલો છે, તેવા ભવ્ય માંડવામાં એ કોશ રાખવામાં આવતો હોય, એવું કોઈ પ્રમાણ આ બે પુસ્તકો પરથી મળતું નથી. પહેલવહેલાં તે શીલોહમાં રાખવામાં આવતો હતો, ત્યાં જે મકાનની અંદર તે રાખવામાં આવેલો તે "યહોવાનું ઘર" (૧;૭) અને "યહોવાનું મંદિર" (૯) કહેવાય છે. તે મકાન એલી તથા તેના બે દીકરા અને છોકરો શમૂએલ સાચવતા હતા. જ્યારે દાઉદ રાજા તે કોશ યરુશાલેમ લાવ્યો, ત્યારે તેણે તેને સારુ એક "તંબુ" ઊભો કરાવ્યો (૨ શમૂ.૬;૧૭). લડાઈ વખતે તેને રણભૂમિ પર લઈ જવામાં આવતો ત્યારે તેને એક "રાવટીમાં" રાખવામાં આવતો હતો (૧૧;૧૧). (૧શમૂ.૨;૨૨ પ્રમાણે એલીના દીકરા "મુલાકાતમંડપના" દ્વાર આગળ કામ કરનારી સ્ત્રીઓની (નિ.૩૮;૮) સાથે કુકર્મ કરતા હતા. પણ આ કલમ LXXમાં મળતી નથી. LXXવિષેની ખાસ નોંધ નીચે આવેલી છે).

(આ) એફોદ. જુઓ નિ.૨૮; ૬-૧૨. (૧) તે લૂંગી જેવું વસ્ત્ર હતું. તે કમ્મરે વિંટાળવામાં આવતું (૧ શમૂ.૨;૧૮ : ૨ શમૂ.૬;૧૪). ("પહેરીને" =કમ્મરે વિંટાળેલું). (૨) તે મૂર્તિ જેવું હોય એમ લાગે છે. "એફોદની પાછળ" ગોલ્યાથની તરવાર રાખી મૂકેલી હતી (૧ શમૂ.૨૧;૯). (૨) હાથમાં ઊંચકી લઈ શકાય, એવી એ વસ્તુ હતી (૧ શમૂ.૨૩;૬). ઘણું કરીને તે યહોવાની ઇચ્છા જાણવાનું કંઈ સાધન હતું (૧ શમૂ.૨૩;૯,૧૦ : ૩૦; ૭,૮), એવું આગળ કહેવામાં આવ્યું છે.

(ઇ) તરાફીમ. જુઓ ઉત.૩૧;૧૯. આ મૂર્તિ માણસના આકારની હતી (૧ શમૂ.૧૯;૧૩). ભવિષ્ય ભાખવામાં તેનો ઉપયોગ કરવામાં આવતો હતો (હઝ.૨૧;૨૧).

(ઇ) ઉરીમ તથા તુમ્મીમ (૧ શમૂ.૨૮;૬). ૧ શમૂ. ૧૪;૪૧ની નોંધ જુઓ.

(ઉ) ઉચ્ચસ્થાનો અને યાજકો. (૧) દરેક ગામમાં એકાદ ઉચ્ચસ્થાન હતું (૧ શમૂ.૯;૧૨ : ૧૦;૫ : ૨ શમૂ. ૧૫;૩૨). જ્યાં

ચાહે, ત્યાં કોઇ પણ માણસને વેદી બાંધવાની છૂટ હતી (૧ શમૂ.૭; ૧૭: ૧૪;૩૫ : ૨ શમૂ.૨૪;૨૫). તેમ જ સર્વેને યજ્ઞ કરવાની પણ છૂટ હતી (૧ શમૂ.૭;૯ : ૯;૧૨ : ૨૦;૬ : ૨ શમૂ.૬;૧૭). બેથ-શેમેશના લોકે યહોવાની આગળ દહનિયાર્પણ કર્યું (૧ શમૂ.૬;૧૪). આબ્શાલોમે પણ યજ્ઞ કર્યો (૨ શમૂ.૧૫;૧૨). (૨) ગમે તે કુળનો પુરુષ યાજક થઇ શકતો હતો. શમૂએલ એક એફ્રાઇમીનો પુત્ર હતો (૧ શમૂ.૧;૧. પરંતુ ૧ કાળ. ૬;૩૪ પ્રમાણે શમૂએલ લેવી કુળનો કહેવાય છે). દાઉદના દીકરાઓ યાજકપદ ભોગવતા હતા (૨ શમૂ. ૮;૧૮. "મુખ્ય કારભારી" =હેબ્રીમાં યાજકો. મૂળ શબ્દનો બીજો કોઇ અર્થ નથી. ૧ કાળ.૧૮;૧૭માં "યાજક" શબ્દ પડતો મૂકીને માત્ર "મુખ્ય" શબ્દ લખવામાં આવ્યો છે). ઇરા યાઇરી પણ યાજક હતો (૨ શમૂ.૨૦;૨૬). તે યાઇરી હતો, એટલે તે ગિલઆદ પ્રાંતનો રહેવાસી (ન્યા.૧૦;૩), તેથી તે મનાશ્શેહ કુળનો હતો (ગણ.૩૨;૩૯. જુઓ અંગ્રેજી જૂના કરારની સુધારેલી આવૃત્તિ). પ્રથમ થએલા રાજાઓ પણ યાજકપદ ભોગવતા હતા, એવાં પ્રમાણ આ પુસ્તકોમાંથી મળી આવે છે. તેઓ "યહોવાના અભિષિકત" હતા (૧ શમૂ.૧૨;૩. "અભિષિકત" =હેબ્રી ભાષામાં "મસીહ"). કરારકોશ યરુશાલેમમાં લાવ્યા પછી દાઉદે યહોવાની આગળ યજ્ઞાર્પણો ચઢાવ્યાં અને તેને નામે લોકને આશીર્વાદ દીધો (૨ શમૂ.૬; ૧૭,૧૮). હવે યાજકોની ત્રણ મુખ્ય ફરજોમાંની એક ફરજ આશીર્વચન ઉચ્ચારવાની પણ હતી (પુ.૧૦;૮ : ૧ ૨૧.૮; ૧૪,૫૫).

(૩) ધાર્મિક જીવનનું હજી એક લક્ષણ જોવાનું બાકી રહેલું છે, એટલે પ્રબોધનો આરંભ. શમૂએલ પહેલો જ પ્રબોધક હતો એમ નથી. ઇબ્રાહીમને પણ "પ્રબોધક" કહેવામાં આવેલો છે (ઉત.૨૦;૭). પરંતુ તે યહોવા સાથેની સંગતમાં નિમગ્ન હતો, તેથી એ સંજ્ઞા તેને આપવામાં આવી હતી. હારુન મૂસાનો પ્રબોધક કહેવાતો હતો (નિ.૭;૧), કેમ કે મૂસાને તે મુખરૂપ હતો (નિ.૪;૧૬). મરિયમને "પ્રબોધિકા" કહેવામાં આવેલી છે (નિ.૧૫;૨૦), કેમ કે ઉપકારસ્તુતિનું ગીત ગાવામાં ને પ્રત્યુત્તર આપનારી હતી. દબોરાહને પણ "પ્રબોધિકા" કહેવામાં આવેલી છે (ન્યા.૪;૪), કેમ કે તે ઇસ્ત્રાએલનો ન્યાય કરતી હતી. ઇસ્ત્રાએલને ઉત્તેજનદાયક સંદેશો

આપનાર એક "પ્રબોધક" હતો (ન્યા.૬;૮). પણ એ સર્વથી શમૂએલ કંઈક જુદો જણાય છે. ઈસ્ત્રાએલનો બચાવ કરનારા ન્યાયાધીશોમાંનો તે છેલ્લો, અને મહાન પ્રબોધકોમાંનો પહેલો જ હતો. પ્રબોધક તરીકે તે યહોવાની ઇચ્છા લોકની આગળ પ્રગટ કરતો હતો (૧ શમૂ.૪;૧ : ૭;૩). પ્રબોધક તથા યાજક તરીકે તેણે શાઉલ તથા દાઉદને તેડીને તેમનો અભિષેક કર્યો (૧૦;૧ : ૧૬;૧૩). તે "દ્રષ્ટા" પણ કહેવાય છે. એ નામથી પ્રબોધકો પહેલવહેલાં ઓળખાતા હતા, એવો સંપાદકે તે નામનો ખુલાસો કર્યો છે (૯;૯). તે નામમાં કંઈ પણ અપમાન સૂચવેલું છે, એમ સમજવાનું નથી. ૧લા કાળવૃત્તાંતમાં તે સિવાય શમૂએલ બીજા કોઈ નામથી ઓળખાતો નથી (૯;૨૨ : ૨૬;૨૮ : ૨૯;૨૯). તે બંને પુસ્તકોમાં બીજા અનેક પ્રબોધકો પણ "દ્રષ્ટા" કહેવાય છે (૧ કાળ.૨૧;૯ વગેરે). જ્યારે કોઈ માણસ દ્રષ્ટાની પાસે સલાહ પૂછવા જાય, ત્યારે ભેટ લઈને જવાનો રિવાજ હતો (૧ શમૂ. ૯;૭,૮. પા શેકેલ=આઠ આના. ૧ ૨૧.૧૪;૩ : ૨ ૨૧.૫;૫ : ૮;૮). "દ્રષ્ટા" નામ પ્રબોધકને બંધબેસતું છે, કેમ કે "આકાશી દર્શન" નિહાળ્યા પછી તે બોધ કરનાર થાય છે. એવું દર્શન પાઉલને થયું હતું (પ્રે.૨૬;૧૯), તેથી જ "જો હું સુવાર્તા પ્રગટ ન કરું, તો મને અફસોસ છે," એમ તે બોલ્યો. દરેક ખરો પાળક પણ દ્રષ્ટા છે.

પ્રબોધકોની ટોળીઓ પહેલવહેલાં શમૂએલના વખતમાં ઉપસ્થિત થઈ, તે સંબંધી રાજાઓનાં પુસ્તક પરથી આપણને વધારે માહિતી મળશે. પણ શમૂએલ પોતે એ સંસ્થાનો સ્થાપનાર હોય, એવું અનુમાન ૧ શમૂ.૧૯;૨૦ પરથી કરી શકાય છે. તે પ્રબોધકો યહોવાના ચુસ્ત ઉપાસકો હતા, અને તેની ઉપાસના ચાલુ રાખીને તેઓ મહાન પ્રબોધકોને સારુ માર્ગ તૈયાર કરનાર થયા.

(૪) ધર્મના મુખ્ય સિદ્ધાંતો. તે સમયે લોકમાં જે જે સિદ્ધાંતો પ્રચલિત હતા, તે વિષે આ પુસ્તકને આધારે આપણને ઘણું શીખવાનું મળે છે.

(અ) યહોવા એકલો ખરો તથા જીવતો દેવ છે, એવું તે સમયના લોક હજુ પૂરેપૂરી રીતે સમજતા નહોતા. યશાયા અન્ય દેવદેવીઓને "મીંડાં" કહેતો હતો (૨;૮ વગેરે). પણ એટલે સુધીનું ભાન દાઉદ તથા તેના સમકાલિકોને થયું નહોતું (૧ શમૂ.૨૬;૧૯. પરંતુ જુઓ ૨ શમૂ.૭;૨૨).

(આ) વેર વાળવાના નિયમનો (નિ.૨૧;૩૩,૩૪) હજુ અમલ કરવામાં આવતો હતો, ગિબઓનીઓની સાથે કરાએલો કોલકરાર જ્યારે શાઉલ રાજાએ તોડ્યો, ત્યારે ઈશ્વરે પોતે તેનું વેર વાળ્યું. જ્યાં સુધી શાઉલના ઘરના સાત દીકરાઓનો વધ કરવામાં આવ્યો નહિ, ત્યાં સુધી દેશના હકમાં કરેલી પ્રાર્થના ઈશ્વરે માન્ય કરી નહિ (૨ શમૂ.૨૧; ૧-૧૪). વહેવડાવેલા રક્તનું પ્રાયશ્ચિત્ત રક્તથી જ કરવામાં આવ્યું (ક.૩).

(ઈ) ગાંડપણ તેમ જ દરેક પ્રકારનો મંદવાડ ભૂતપિશાચોથી થાય છે, એવી માન્યતા તે સમયે પ્રચલિત હતી. હવે યહોવા સર્વ આત્માઓનો પ્રભુ છે, તેથી પ્રત્યેક આત્મા પછી તે હોય સારો કે હોય નઠારો-તોપણ તે યહોવા પાસેથી આવેલો છે એવું તેઓનું માનવું હતું (૧ શમૂ.૧૬;૧૪). યહોવા પોતાના ક્રોધાવેશમાં દાઉદને વસતિ ગણતરી કરવા ઉશ્કેર્યો, જેથી દાઉદ પાપમાં પડ્યો (૨ શમૂ.૨૪; ૧-૭. પરંતુ ૧ કાળ.૨૧;૧ પ્રમાણે દાઉદને ઉશ્કેરનાર તો શેતાન હતો). પણ રફતે રફતે એવા સર્વ વિચારનો અંત આવવાનો હતો. શમૂએલનો સમય તે પ્રકટીકરણના અરૂણોદય જેવો હતો, અને જેમ જેમ આપણે બાકીનાં પુસ્તકોનો અભ્યાસ કરતા જઈશું, તેમ તેમ મધ્યાહ્ન સુધી વધતો જતો પ્રકાશ આપણા જોવામાં આવશે.

(ઈ) આવનાર મસીહ સંબંધીની અભિલાષા. એવી કોઈ સ્પષ્ટ અભિલાષા આ પુસ્તકોમાં જણાતી નથી ખરી, તોપણ દાઉદનું કુટુંબ તથા રાજ્ય સદા અવિચળ રહેશે, એવું જે વચન તેને આપવામાં આવ્યું, તે આ અભિલાષાના મૂળરૂપ થયું (૨ શમૂ.૭;૧૬). તેજ વચન પ્રબોધકોએ કરેલા બોધનો પાયો પણ હતું (યશા.૧૧;૧,૧૦ : રૂ.૧૫;૧૨). "દાઉદના દીકરાને હોસાન્ના," એવો જયપોકાર જ્યારે પ્રભુ ઈસુની આગળ તથા પાછળ ચાલનારાઓએ કર્યો, ત્યારે આ વચન પર અવલંબેલી આશા સંપૂર્ણ થઈ (મા.૨૧;૯).

ઈશ્વરનો ઈરાદો. જેમ આગલા જમાનાઓમાં, તેમ આ સમય દરમિયાન પણ ઈશ્વર પોતાનાં પસંદ કરાએલાં પાત્રોદ્વારા પોતાનો સંકલ્પ સંપૂર્ણ કરતો ગયો. એ પાત્રોમાંના મુખ્ય ત્રણ તો શમૂએલ, શાઉલ અને દાઉદ હતા.

(૧) શમૂએલ સંબંધી કેટલુંક અગાઉ કહેવામાં આવ્યું છે. તે

ન્યાયાધીશ હતો (૧ શમૂ.૭;૧૫), તે પ્રબોધક પણ હતો (૧૦;૧૬). પણ પ્રાર્થનાવાદી તરીકે તેના નામનું વિશેષ સ્મરણ ઇસ્ત્રાએલમાં કરવામાં આવતું હતું.

"તેના યાજકોમાં મૂસા તથા હારૂન,

અને તેના નામને હાંક મારનારાઓમાં શમૂએલ" (ગીત.૯૯;૬).

ખરેખર તે પ્રાર્થના કરનાર દેવભક્ત હતો. તેના અધિકારનો મર્મ તેણે કરેલી પ્રાર્થનાઓમાં રહેલો હતો (૧ શમ.૭;૫,૯ : ૮;૬,૨૧ : ૧૨;૧૮ : ૧૫;૧૧ : ૧૬;૧).

(૨) દેખાવમાં, લડવાની કળામાં, લોકપ્રિયતામાં શાઉલ રાજા થવા યોગ્ય હતો. લડાઈ વખતે જેવો પ્રસંગ, તેવું તેનું વર્તન હતું, એટલે જો ધીરજ રાખવાની જરૂર હોય, તો તે ધીરજ રાખે (૧૭;૧૬), જો હુમલો અચાનક કરવો પડે, તો ત્વરાથી તે તે કરે (૧૧;૭). તેણે કોઈ નવા કાયદા રચ્યા હોય, એવું જણાતું નથી. જૂના નિયમો પળાવવા એજ પોતાની ફરજ છે, એવું તે સમજતો હતો (૨૮;૩ : નિ.૨૨;૧૮). જો કે રાજા થયા પછી થોડા જ વખતમાં તેનો અનાદર કરવામાં આવ્યો (૧૩;૧૪ : ૧૫;૨૮), તોપણ અંત સુધી લોક તેની પ્રત્યે વફાદારી દર્શાવતા રહ્યા. દાઉદની વિરુદ્ધ જેવો તેઓએ બળવો કર્યો, તેવો શાઊલની વિરુદ્ધ બળવો કદી કરવામાં આવ્યો નહિ. પણ જ્યારે શમૂએલ સાથેનો તેનો સંબંધ તૂટ્યો (૧૫;૩૫. પણ જુઓ ૧૯;૨૪), ત્યારે દાઉદની અદેખાઈ કરવાના પાશમાં તે ફસાઈ ગયો. અભિષેક થતી વેળા તે પ્રબોધ કરવાના આત્માથી વેષ્ટિત થયો હતો (૧૦;૧૦) પણ તે આત્માનો પ્રકાશ થોડા જ વખતમાં ઝાંખો પડવા લાગ્યો, અને આખરે શાઊલનું અંતઃકરણ ઘોર અંધકારથી ભરપૂર થઈ ગયું (૧૮;૧૦). વળી ઈશ્વરે તેને તજી દીધો છે, તે તે જાણતો હતો (૨૮;૧૫). તોપણ ઈર્ષા પશ્ચાત્તાપમાં ગરક થઈ ગઈ હોય, એવો એક પ્રસંગ આવ્યો (૨૬;૨૧), અને તેના મરણને અંગે વિલાપગીત રચીને દાઉદે શાઊલ તથા યોનાથાનની કિર્તી ગાતાં કહ્યું, કે

"શાઊલ તથા યોનાથાન જીવતાં પ્રેમપાત્ર તથા આનંદદાયક હતા" (૨ શમૂ.૧;૨૩).

તેને દેવથી તજાએલો તથા એકલો પડેલો જોઈને આપણામાંના કોની લાગણી નહિ દુખાય? તેણે ઈશ્વરનું કહેવું ગણકાર્યું નહોતું; તેથી

હવે ઈશ્વર તેનું કહેવું ગણકારતો નહોતો (૨૮;૬,૧૫). મેલી વિદ્યા જાણનારાઓને તેણે કાઢી મૂક્યા હતા, તોપણ આખરે વ્યાધિગ્રસ્ત બનતાં તેઓમાંની એકની પાસે સહાય માગવા તે વેષ બદલીને એક વખત દોડી ગયો.

(૩) દાઉદનો અર્થ "વહાલો" છે, અને ખરેખર દાઊદ આપણ સર્વેને વહાલો છે જ. એવું ક્યું બાળક હશે કે જે દાઉદ ને ગોલ્યાથની વાત જાણતું નહિ હોય, અથવા જેને ૨૩મું ગીત ગાતાં આવડતું નહિ હોય? પ્રેમપાત્ર થવા લાયક અનેક સદ્‌ગુણો દાઉદમાં હતા ખરા, તોપણ જો આપણે તેનામાં રહેલી ખામીઓ પર, એટલે વિશેષ કરીને બાથશેબાની સાથે તેણે કરેલું કુકર્મ (૨ શમૂ.૧૧), પોતાનું ઘર ચલાવવામાં તેની શિથિલતા (૧ રા.૧;૬), મરણશય્યા પરથી પણ તેણે કાઢેલાં નિર્દય વચન (૧ રા.૨; ૫-૯), તે સર્વ પર લક્ષ લગાડીએ, તો તે "યહોવાનો મનગમતો માણસ" (૧ શમૂ.૧૩;૧૪) કહેવાતો હતો, તે જાણીને આપણને અજાયબી લાગ્યા વગર રહે નહિ. તે ઈશ્વરને વહાલો હતો, તેમ જ તે પોતાના લોકને પણ પ્રિય હતો (૨ શમૂ.૩;૩૬). તેના પોતાના પુત્રે તેની વિરુદ્ધ બંડ કર્યું ખરું, તોપણ તેના પોતાના લોકને તો તે પ્રાણ સમાન પ્રિય હતો (૧૮;૩), અને જ્યારે માર્યા ગએલા બળવાખોર આબ્શાલોમને સારુ તેણે વિલાપ કર્યો, ત્યારે તેની સંઘાતે તેઓએ પણ રૂદન કર્યું (૧૯; ૧,૨). તેઓના પરની તેની સત્તા પાર વિનાની હતી. "તેણે યહૂદાહના સર્વ માણસોનાં દિલ એક માણસના દિલની પેઠે મનાવી લીધાં," એમ કહેલું છે (૧૯;૧૪). તેઓની દૃષ્ટિમાં તે "ઈસ્ત્રાએલનો દીવો" હતો (૨૧;૧૭).

દાઉદમાં રહેલા આવા આકર્ષકપણાનો શો ભેદ હતો? તે તેની ઉદાર તથા સમભાવી મનોભાવનામાં રહેલો હતો. તેની ઉદારવૃત્તિના અનેક દાખલા તરત હાથ આવે છે, જેમકે તેણે શાઉલને જવા દીધો તે (૧ શમૂ.૨૪ ને ૨૬), આબ્નેરની હત્યાને લીધે તેને થએલી લાગણી (૨ શમૂ.૩;૩૫,૩૮), પરદેશી ઈત્તાય પર તેણે રાખેલી અસાધારણ મહેરબાની (૧૫;૧૯), નિર્દોષ રૈયતને સારુ તેની દિલસોજી (૨૪;૧૭,૨૧), વગેરે. એજ કારણને લીધે તે યોનાથાનને પ્રાણપ્રિય લાગતો હતો (૧ શમૂ.૧૮;૧ : ૨૦;૧૭,૪૧ : ૨૩;૧૬). તેણે પાપ કર્યું ખરું, પણ જો તે પાપ કરતો તો તે તેનો અંતઃકરણપૂર્વક પસ્તાવો

પણ કરતો, તે આપણે યાદ રાખવું (૨ શમ.૧૨;૧૩ : ૨૪;૧૭). તેની કદરદાનીનો સહુથી સરસર દાખલો ૨ શમ.૨૩;૧૪-૧૭માં વર્ણવેલો છે. પોતા પર થએલો ઉપકાર તે કદી વીસરી જતો નહિ (૨ શમૂ.૨;૬). એવા એવા ગુણોને લીધે દાઉદે પોતાના લોકનો પ્રેમ સંપાદન કર્યો.

યુવાવસ્થાથી માંડીને તે કુશળ ગવૈયો હતો (૧ શમૂ.૧૬;૧૮). વળી તે કવિ પણ હતો. શાઉલ તથા યોનાથાન માર્યા ગયા, ત્યારે તેઓને સારુ તેણે વિલાપનું જે ગીત રચ્યું, તેના જેવાં સુંદર ગીત બહુ થોડાં જ છે (૨ શમૂ.૧; ૧૯-૨૭). તેનાં કાવ્યો લોકપ્રિય હતાં. ૨ શમૂ.૨૩;૨નો મૂળાર્થ "ઇસ્ત્રાએલનાં ગીતોમાં આનંદદાયક," એવો છે. તેના બે જુદા જુદા તરજુમા કરી શકાય એમ છે, એટલે "ઇસ્ત્રાએલનો મધુર ગીતકર્તા" (૧૯૦૩) અને "ઇસ્ત્રાએલનાં ગીતોમાં જેની કિર્તી ગવાય છે, તે" (૧૯૨૮). બંને તરજુમા ખરા છે. દાઉદ એક કવિરાજ હતો, એવું કહેતાં બીજા કવિઓ તેનાં ગુણગાન કરતા હતા.

દાઉદ તો ધર્મનિષ્ઠ માણસ હતો. એની યુવાવસ્થામાં ભરવાડ તરીકે રાત્રિએ નિર્જન વગડામાં રહેતાં તેને જે અનુભવ થયો, તે પરથી તે યહોવાની રક્ષક અનુકંપા પર ભરોસો રાખતાં શીખ્યો (૧ શમૂ.૧૭;૩૭), અને એ ભરોસામાં તે અંત સુધી ટકી રહ્યો. તેનો એક દાખલો ૨ શમૂ.૧૫;૨૫માં મળી આવે છે. જ્યાં કરારકોશ છે, ત્યાં ઈશ્વર પણ પ્રત્યક્ષ છે, એવું દાઉદ તથા તેના લોક માનતા હતા, છતાં "દેવના કોશને તું નગરમાં પાછો લઈ જા," એવો તેણે સાદોક યાજકને હુકમ કર્યો. તેણ જે કર્યું હતું તે પાપ છે એવું જાણ્યા પછી તેણે પસ્તાવા તેમજ વિશ્વાસ સહિત પોતાને ઈશ્વરના હાથમાં સોંપ્યો. જાણે કે "જો ઈશ્વર મને માફ કરે," તો પછી કોશ હોય પાસે કે હોય દૂર, તોપણ તે પોતાનો હાથ લંબાવીને મને ઉગારી શકે છે," એવો તેના બોલવાનો ભાવાર્થ સમજાય છે.

પાછળના સમયના યહૂદીઓ દાઉદની કારકિર્દીનો ખ્યાલ કરીને તેને આદર્શ રાજા માનતા હતા. બંદીવાસ વખતે જ્યારે પ્રબોધકે યહોવાના હાથથી થનાર છૂટકારાની ભવિષ્યવાણી પ્રગટ કરી, ત્યારે દાઉદનું દૃષ્ટાંત લઈને તેણે કહ્યું, કે "હું તેમના પર એક પાળક

સ્થાપીશ, તે એટલે મારો સેવક દાઉદ તેમનું પોષણ કરશે; ને તે તેઓનો પાળક થશે, એમ યહોવા કહે છે" (હઝ.૩૪;૨૩ : ૩૭;૨૪,૨૫). તેથી જ્યારે ઉત્તમ ઘેંટાપાળક માણસોની મધ્યે રહેવા આવ્યો, ત્યારે કંગાલો તથા નિરાધારો તેને "હે દાઉદના દીકરા" એવા નામથી સંબોધે (મા.૯;૨૭ : ૧૫;૨૨ : ૨૦;૩૦), અથવા "દાઉદના દીકરાને હોસાન્ના! આપણા બાપ દાઉદનું જે રાજ્ય પ્રભુને નામે આવે છે, તે આશીર્વાદિત છે"! એવો જયપોકાર કરીને યહૂદીઓનો મોટો સમુદાય તેનો આનંદભેર સત્કાર કરે, તેમાં નવાઇ જેવું કંઇ નથી (મા.૨૧;૯ : માર્ક ૧૧;૧૦). આખરે "હું દાઉદનું થડ તથા સંતાન છું," એમ કહીને મહિમાવાન થએલા ખ્રિસ્તે પણ દાઉદને માન તથા મહિમાનો મુગટ પહેરાવ્યો છે (પ્રક.૨૨;૧૬).

(૪) ઉપલા ત્રણ આગેવાન ઉપરાંત બીજા પણ ઘણા શૂરવીરોનાં ચિત્ર ધ્યાન આપવા લાયક છે, જેવા કે યોનાથાન જે જાની મિત્ર છે તે; અને દાઉદના લશ્કરનો સેનાપતિ યોઆબ કે જેણે પોતાની બહાદૂરીથી યરુશાલેમ જીતી લીધું. (૧ કાળ.૧૧;૬), વળી જે દાઉદનો વિશ્વાસુ મિત્ર પણ હતો, કે જેણે પોતાની બુદ્ધિથી બેચાર વખત દાઉદને આડે રસ્તે જતાં વાર્યો તે (૨ શમૂ.૩;૨૫ : ૧૯; ૫-૭). પોતાની આબરૂની પરવા કર્યા વગર તે રાજાને માન આપવા ચાહતો હતો (૧૨;૨૮), તોપણ ઉરીયાહનું ખૂન કરાવવામાં તે દાઊદની સાથે સામેલ હતો (૧૧; ૧૬-૨૨). એ સર્વ છતાં દાઉદ તેનાથી ડરતો હતો (૨ શમૂ.૩;૨૯,૩૯ : ૧૬;૧૦ : ૧૯;૨૨). અહીથોફેલની વાત પણ બોધભરેલી છે. તે બાથશેબાનો દાદો હતો (૨ શમૂ.૧૧;૩ : ૨૩;૩૪), તેથી બળવા વખતે તેણે આબ્શાલોમનો પક્ષ લીધો (૧૬;૧૫). તેણે આપેલી સલાહ જો આબ્શાલોમે માની હોત, તો દાઉદનો નાશ થયા વગર રહેત નહિ (૧૭; ૧-૪). પરંતુ "યહોવાએ અહીથોફેલની સારી સલાહ નિષ્ફળ કરવાનું નિર્માણ કર્યું હતું" (૧૭;૧૪), તે જોઈને અહીથોફેલ યરુશાલેમથી નીકળીને ઘેર ગયો, અને ત્યાં ફાંસો ખાઈને મરી ગયો (૧૭;૨૩). માણસોના સમજવા પ્રમાણે અહીથોફેલનો નાશ હૂશાયની વધુ હોશિયારીને પરિણામે થયો, પણ જેમ બીજી બધી બાબતોમાં તેમ અહીથોફેલના નાશમાં પણ હેબ્રી ભક્તને ઈશ્વરની આંગળી દેખાઇ આવી.

૫. પુસ્તક રચનાર. પહેલા પુસ્તકમાં શમૂએલને અગ્રસ્થાન આપવામાં આવેલું છે, તેથી બંને પુસ્તક તેના નામથી ઓળખાય, એ સ્વાભાવિક હતું. રાજાશાહી સ્થાપનાર તે હતો. વળી "તેણે રાજનીતિ એક પુસ્તકમાં લખી" (૧ શમૂ.૧૦; ૨૫). અને ૧ કાળ.૨૯;૨૯ પ્રમાણે "દાઉદ રાજાનાં પહેલાં તથા છેલ્લાં કૃત્યો શમૂએલ દષ્ટાના...ઇતિહાસમાં નોંધેલા છે." પરંતુ દાઉદ રાજા થયો, તે પહેલાં શમૂએલ મરણ પામ્યો હતો (૧ શમૂ.૨૫;૧). આ બે પુસ્તકમાં સમાએલી વાર્તાઓ પુરાતન કાળની છે. ૨ શમૂ.૧૧-૨૦માં બનેલા બનાવોનું વર્ણન એટલું બધું જીવંત છે કે તે બનાવો બન્યા પછી થોડા જ વખતમાં તેમની નોંધ કરી લેવામાં આવી હશે એમ માનવું પડે છે. યહૂદાહનું રાજ્ય હજુ ચાલતું હતું, તે અરસામાં આ બે પુસ્તક સંપાદન કરવામાં આવ્યાં હશે (૧ શમૂ.૨૭;૬).

વળી સંપાદકે જુદા જુદા હસ્તલેખને આધારે આ પુસ્તકો તૈયાર કર્યાં. એ વાતનાં ઘણાં પ્રમાણ ૧ શમૂએલમાંથી મળી આવે છે. (૨ શમૂએલમાંથી ઓછાં પ્રમાણ મળે છે, કેમકે તેનો મોટો વિભાગ, એટલે અધ્ય.૯-૨૦, એક જ હાથનું સ્પષ્ટ તથા મિશ્રણ વગરનું લખાણ છે). દા.ત.(૧) ૧ શમ.૧૬; ૧૪-૨૩ પ્રમાણે દાઉદ શાઉલના દરબારમાં રહેવા ગયો, અને શાઉલ તેના પર ઘણી પ્રીતિ રાખતો હતો, પણ ૧૭; ૫૫-૫૮ પ્રમાણે શાઉલ દાઉદને ઓળખ્યો નહિ. તેજ રીતે ૧૬;૧૮ પ્રમાણે દાઉદ પરાક્રમી લડવૈયો હતો, પણ ૧૭;૧૫ પ્રમાણે તે હજુ પોતાના બાપનાં ઘેટાં સાચવતો હતો. (૨) રાજાશાહીની સ્થાપનાનાં બે જુદાં જુદાં વર્ણન કરેલાં હોય, એમ લાગે છે (સરખાવો ૮;૪-૯ અને ૯;૧૫,૧૬). શાઊલ રાજાનો અનાદર કરવાનાં બે જુદાં જુદાં કારણ આપેલાં છે (૧૩;૧૩,૧૪ ને ૧૫;૨૮).

૬. LXX (The Septuagint), નીચેની નોંધમાં LXXનામના હસ્તલેખની વાત વારંવાર મળી આવવાની છે, તો તે વિષે આપણે શું સમજવું? તેમજ શમૂએલનાં પુસ્તકનો ખુલાસો કરવામાં તેનો વિશેષ ઉપયોગ કરવાનું શું કારણ છે?

(અ) LXX નામનો હસ્તલેખ જૂના કરારનો ગ્રીક ભાષાનો તરજુમો છે. તે ઇ.સ.પૂર્વે ૨૫૦-૧૫૦ દરમિયાન કરવામાં આવ્યો. તે સમયના સર્વમાન્ય હેબ્રી હસ્તલેખોને આધારે તે કરવામાં આવ્યો.

અંગ્રેજી ભાષાંતર કરનારના હાથમાં જે સહુથી જૂનો હેબ્રી હસ્તલેખ હતો, તે ઈ.સ.૯૧૬ની સાલનો છે. તો LXXના લેખકોના હાથમાં તે કરતાં પુરાણા તથા માનનીય હસ્તલેખો હતા, તે ચોક્કસ છે.

(આ) પરંતુ હેબ્રી લહિયાઓ નકલ કરવામાં એટલી બધી કાળજી રાખતા હતા, કે જો કે ઈ.સ.પૂ.૧૫૦ અને ઈ.સ.૯૧૬ના ગાળામાં જૂના કરારની ઘણી નકલો કરવામાં આવી હતી, તોપણ તેઓમાં કલમદોષ ભાગ્યે જ થએલો જણાય છે. પંચગ્રંથની નકલ કરતાં તેઓ વિશેષ ચોકસાઈ રાખતા હતા. હેબ્રી ભાષાની દૃષ્ટિએ જોતાં તે ગ્રંથ પરમપવિત્રસ્થાન સમાન છે, અને તેના હસ્તલેખોમાં એક અક્ષર જેટલી ચૂક પણ જવલ્લેજ દેખાય.

(ઈ) પણ બાકીનાં પુસ્તકોની એટલી બધી સંભાળ રાખવામાં આવતી નહોતી, અને ૧ લા શમૂએલના LXX અને અંગ્રેજી તરજુમામાં (એટલે જૂના હેબ્રી હસ્તલેખોને તથા નવા વખતના હેબ્રી હસ્તલેખોને આધારે કરાએલી બે જુદા જુદા તરજુમામાં) વિશેષ તફાવત જણાય છે. એ તફાવત પર જો આપણે ધ્યાન આપીએ, તો આપણા ગુજરાતી તરજુમામાં જે થોડીઘણી વાત સમજવી મુશ્કેલ લાગે છે, તેમનો સ્પષ્ટ ખુલાસો થાય, એમ છે. આપણે આ વાતના કેટલાક દાખલા લઈએ :--
(૧) જુદું ભાષાંતર. (અ) ૧ શમૂ.૫;૬. વિગતવાર નોંધ જુઓ. જુઓ. (આ) ૧ શમૂ.૮;૧૬. "તમારા ઉત્તમ જુવાનોને" તેને બદલે "તમારાં ઉત્તમ ઢોરઢાંખર." (ઈ) ૯;૨૫. ૧૯૦૩ની આવૃત્તિમાં જે ફેરફાર કરેલો છે, એટલે "શાઉલને સારુ પલંગ બિછાવ્યો, અને તે સૂઈ ગયો," તે LXX પ્રમાણે કરવામાં આવેલો છે (ઈ) ૨૬;૨૦. "એક ચાંચડને" તેને બદલે "મારો જીવ." તે ઉપરાંત જુદા ભાષાંતરના બીજા ઘણા દાખલા છે.

(૨) પડતાં મૂકેલાં વાક્યો. આનો સહુથી સારો દાખલો ગોલ્યાથને લગતી વાતનો છે. વિગતવાર નોંધ જુઓ.

(૩) ઉમેરેલાં વાક્યો. આ તો ઘણાં જ છે. તેના બે દાખલાની નોંધ નીચે કરવામાં આવી છે, એટલે ૬;૧ ને ૧૪;૪૧.

(હેબ્રી નિયમગણના ત્રીજા ભાગની પ્રસ્તાવનામાં LXX વિષે વિવેચન કરવામાં આવેલું છે).

વિગતવાર કેટલીએક નોંધ.

A. ૧ શમૂએલ.

૫;૬-૭;૧. પલિસ્તીઓ કરારકોશ રણક્ષેત્રમાંથી પડાવી લઈને સાથે લઈ ગયા, કે તરત તેઓમાં મરકી ફાટી નીકળી (૫;૬). હવે આપણામાંનાં કેટલાંકને પ્લેગનો જે અનુભવ થયો છે, તે પરથી આપણે સારી પેઠે સમજીએ છીએ કે ઉંદર પરના ચાંચડથી તે રોગનો ફેલાવ થાય છે. LXX પ્રમાણે તે સમયના પલિસ્તીઓને પણ એ વાતની જાણ હતી. તે પ્રમાણે ક.૫માં "આશ્દોદ તથા તેની સરહદમાં," તેને બદલે "તે પ્રદેશની મધ્યે ઉંદરો પેદા થયા, અને શહેર પર ભારે તથા મૃત્યુજનક આપત્તિ આવી પડી," એવા શબ્દો આવેલા છે. વળી LXX પ્રમાણે ૬;૧માં આવા શબ્દો ઉમેરેલો છે, કે "તેઓના આખા દેશમાં ઉંદરો પુષ્કળ થયા." આ વાક્યો જો ઉમેરવામાં આવે, તો "સોનાના પાંચ ઉંદરો" દાષાર્થાર્પણ તરીકે મોકલવાનો ખુલાસો થાય, એમ છે (૬;૪).

અધ્ય.૮-૧૧. રાજાશાહીની સ્થાપના. અધ્ય. ૮ પરથી સમજાય છે કે રાજાની માગણી કરવી તે યહોવાનો નકાર કરવા બરાબર છે (૭), તેથી લોકે કરેલી માગણી વિરુદ્ધ બોલવાનું શમૂએલને ફરમાવવામાં આવ્યું (૯). પરંતુ અધ્ય.૯ ને ૧૦ પ્રમાણે લોકે કરેલી વિનંતી સ્વીકારીને યહોવાએ તેઓને પલિસ્તીઓના કબજામાંથી છોડાવે એવો રાજા તેઓને સારુ પસંદ કર્યો (૯;૧૬ : ૧૦;૧).

૧૦;૧. LXX પ્રમાણે આ કલમના બીજા ભાગમાં એવા શબ્દો ઉમેરવા, કે "યહોવાએ પોતાના લોક પર સરદાર થવા સારુ તારો અભિષેક કર્યો નથી શું? તેથી તું યહોવાના લોક પર સત્તા ચલાવીને તેઓને પલિસ્તીઓના હાથમાંથી ઉગારશે. વળી યહોવાએ પોતાના વતન પર સરદાર થવા સારુ તારો અભિષેક કર્યો છે, તેનું આ ચિહ્ન થશે." આ શબ્દો પરથી "આ ચિહ્નો" (ક.૭) સમજી શકાય એમ છે.

૧૪;૨૪. વ્રત બે પ્રકારનાં હતાં, એટલે (૧) ઈશ્વરને કંઈ વસ્તુ અર્પી દેવાનું વચન આપવું તે, જેવું કે યાકૂબે (ઉત.૨૮; ૨૦-૨૨) કે યિફતાહે (ન્યા.૧૧;૨૯-૪૦) લીધેલું વ્રત; અને (૨) સ્વનકાર કરવાનું વચન આપવું તે, જેવું કે નાજીરવ્રત.

૧૪;૪૧. અહીં આગળ LXX પ્રમાણેનો ઉમેરો ઘણો મહત્ત્વનો

છે, તે પરથી ઉરીમ તથા તુમ્મીમનો કેવો ઉપયોગ કરવામાં આવતો હતો, તેનો કંઈક ખુલાસો થાય, એમ છે. "શાઉલે કહ્યું, હે યહોવા, ઈસ્ત્રાએલના દેવ, તેં તારા સેવકને આજે પ્રત્યુત્તર કેમ આપ્યો નહિ? જો દોષ મારો અથવા મારા પુત્ર યોનાથાનનો હોય, તો, હે ઈસ્ત્રાએલના દેવ, ઉરીમ દે. પણ દોષ તો તારા લોક ઈસ્ત્રાએલનો છે, એમ જો તું કહે, તો તુમ્મીમ દે."

૧૫;૩. "તેનો પૂરેપૂરો નાશ કર." જુઓ લે.૨૭;૨૮ : યહો.૬;૧૭.

૧૭; ૧-૧૮;૫. આ વાર્તાનો ખુલાસો કરવામાં જે મુશ્કેલીઓ ઊભી થાય છે, તે વિષેની નોંધ ઉપર કરવામાં આવી છે. LXX ૧૭; ૧૨-૩૧,૨૧ ૫૫-૧૮;૫ મળતી નથી. જો આટલી કલમો કાઢી નાખવામાં આવે, તો કેટલીએક નડતરરૂપ વાત પણ દૂર થાય. જેમ કે (૧) ભરવાડ તરીકે દાઉદની કોઈ પણ વાત LXXમાં મળતી નથી. તે પ્રમાણે તે શાઉલનો શસ્ત્રવાહક થઈને રાજાની સાથે રણક્ષેત્રમાં ગયો, ત્યાં તેનો પોતાનો તંબુ પણ હતો (૫૪). (૨) રાજાનો શસ્ત્રવાહક હોવાને લીધે તેને શાઉલની હજૂરમાં જઈને રાજાની સાથે વાતચીત કરવાની છૂટ હતી (૩૨). તોપણ કેટલીએક શંકાસ્પદ વાતો બાકી રહે છે, જેવી કે "દાઉદે પલિસ્તીનું માથું યરુશાલેમ આણ્યું" (૫૪). પણ યરુશાલેમ હજુ જીતી લેવામાં આવ્યું નહોતું (૨ શમૂ.૫;૭). ૨ શમૂ.૨૧;૧૯ પ્રમાણે ગોલ્યાથ નામના એક પલિસ્તીને એલ્હાનાન નામના એક શૂરવીરે મારી નાખ્યો. ૧ કાળ.૨૦;૫ પ્રમાણે જેને તેણે મારી નાખ્યો, તે ગોલ્યાથનો ભાઈ હતો. (આ વાર્તાનો જેટલો ભાગ LXXમાં મળી આવે છે, તેનો ધ્યાનપૂર્વક અભ્યાસ જો આપણે કરીએ, તો (૧૭;૪ સિવાય) જેને દાઉદે મારી નાખ્યો, તે "આ પલિસ્તી" અથવા "પલિસ્તી" કહેવાય છે (૧૦,૩૨,૩૩,૩૬,૩૭,૪૦,૪૧, ૪૨,૪૩,૪૪,૪૫,૪૮,૪૯,૫૦,૫૧,૫૪). હવે જેને એલ્હાનાને મારી નાખ્યો, તે જો ગોલ્યાથ નામનો હોય, તો જેની સાથે દાઉદ લડ્યો, તે કોઈ નનામો શૂરવીર હશે કે કેમ, તે ચોક્સાઈથી કહેવાય એમ નથી).

૨૨;૨૦. અબ્યાથારે દાઉદનો આશ્રય લીધો, તેથી દાઉદના પક્ષને ઘણો ટેકો મળ્યો. હારૂનના વંશના યાજકોમાંનો તે એકલો જ રહ્યો હતો. જ્યારે દાઉદ મરણ પામ્યો ત્યારે અબ્યાથારે સુલેમાનની

વિરુદ્ધ અદોનીયાહનો પક્ષ લીધો, જેથી જ્યારે સુલેમાન ગાદીપતિ થયો ત્યારે તેણે તેને યાજકપદ પરથી બરતરફ કર્યો (૧ રા.૧;૭ : ૨;૨૬).

B. ૨ શમૂએલ.

૧;૧૮. "યાશારનું પુસ્તક." જુઓ યહો. ૧૦;૧૩

૨;૮. "ઈશ-બોશેથ." "ઈશ"=માણસ. "બોશેથ=શરમ. એ નામનું મૂળ સ્વરૂપ તો ઈશ-બઆલ" હતું (૧ કાળ.૮;૩૩). પણ પછીથી "બઆલ" કાઢીને તેને બદલે "બોશેથ" લખવામાં આવ્યું. ૪;૪માં મફી-બોશેથ=મરીબ-બઆલ (૧ કાળ.૮;૩૪).

અધ્ય.૬. કરારકોશ યરુશાલેમ પાછો લઈ આવવાની વાત. આ બનાવનો જે હેવાલ ૧ કાળ.૧૩;૬-૧૪ : ૧૫;૨૧-૧૬;૩માં મળી આવે છે, તેમાં જે ફેરફારો કરાએલા જણાય છે, તે ધ્યાન આપવા લાયક છે.

૬;૧૦. "ઓબેદ-અદોમ." તે "ગિત્તી" હતો, એટલે તે ગાથ શહેરનો વતની હતો. તે જાતે પલિસ્તી હતો. પણ નિ.૧૨;૪૮ના નિયમ પ્રમાણે તેને ઈસ્ત્રાએલમાં કંઈ હક આપવામાં આવ્યો હશે. ૧ કાળ.૧૫;૧૮ પ્રમાણે ઓબેદ-અદોમ બીજી પાયરીના લેવી વર્ગનો કહેવાય છે. દાઉદનાં અંગરક્ષકોની એક ટોળીના ૬૦૦ માણસો પણ ગાથ શહેરના પલિસ્તીઓ હતા (૧૫;૧૮).

૭; ૧-૧૭. દાઉદે યહોવાના માનને સારુ એક ઘર બાંધવાની પોતાની ઇચ્છા નાથાન પ્રબોધકને જાહેર કરી, તેના જવાબમાં નાથાને કહ્યું, કે "યહોવા તારે સારુ ઘર બંધાશે" (૧૧), એટલે "તારું કુટુંબ અવિચળ થશે" (૧૬.મૂળશબ્દ તો "ઘર" છે.) આ વચનની સાથે આવનાર મસીહની આશાનો જે સંબંધ છે, તેની નોંધ ઉપર કરવામાં આવી છે.

૭;૧૮. "યહોવાની સન્મુખ બેઠો," ભજનસેવા વખતે ભજન કરનાર બેઠો, એવું આખા શાસ્ત્રમાં આ એક જ વાર કહેલું છે. જેમ બંદગી કરતી વેળા મુસ્લિમ ભાઈઓ પાની પર અઠીંગીને બેસે છે, તેમ અહીં પણ સૂચવેલું હોય, એવો સંભવ છે.

૮;૧૭. અસલના વાક્યમાં શબ્દો ભેળસેળ થઈ ગયા છે. ૧ શમૂ.૨૨;૨૦ પ્રમાણે અહીટૂબના દીકરા અહીમેલેખનો દીકરો અબ્યાથાર હતો.

અધ્ય.૯-૨૦. આ પ્રકરણમાં બાઇબલમાંની સહુથી જીવંત તથા આબેહૂબ વાર્તાઓમાંની એક સમાએલી છે. તેના પહેલા શબ્દથી તે છેલ્લા સુધી તેમાં વર્ણવેલા બનાવો માળાના મણકાની પેઠે એક બીજાની સાથે જોડેલા છે. પાપરૂપ બીની ઉત્કાંતિ એટલે તે કેવી રીતે વધતું જાય છે, અને તેનું આખરે કેવું કડવું ફળ આવે છે, તે સ્પષ્ટ રીતે દેખાઇ આવે છે. "જેવું વાવીએ તેવું લણીએ," એ કહેવત સાચી છે-જો ઇશ્વર કૃપા ન રાખે, તો.

૧૩;૨૧. LXX પ્રમાણે જે ઉમેરો આ કલમમાં કરાએલો છે, તે જો સ્વીકારવામાં આવે તો સારું, એટલે "છતાં દાઉદે તેના દીકરા આમ્નોનના આત્માને દુઃખ દીધું નહિ, કેમ કે તે તેનો પ્રથમજનિત હોવાને લીધે દાઉદ તેના પર વિશેષ પ્રેમ રાખતો હતો." દાઉદના ચારિત્ર્યમાં આ જે ખામી હતી તેનો બીજો દાખલો ૧ ૨૧.૧;૬માં મળી આવે છે.

૧૫;૧૯. "ઇત્તાય." તે પલિસ્તી હતો. રજવાડાઓમાં પરદેશી અંગરક્ષકો રાખવાનો જેવો રિવાજ અગાઉ હતો, તેવો જ રિવાજ દાઉદના દરબારમાં પણ ચાલતો હતો. કરેથીઓ અને પલેથીઓ પણ પરદેશી સૈનિકો હતા (ક.૧૮:૮;૧૮). ઇત્તાય પરદેશી હતો, તોપણ દાઉદ તેની તથા તેના માણસોની કેટલી બધી કાળજી રાખતો હતો! ઇત્તાય દાઉદની સાથે રહ્યો. આબ્શાલોમની સામે દાઉદે યુદ્ધવ્યુહ રચ્યો, ત્યારે સૈન્યના ત્રીજા ભાગની આગેવાની તેણે ઇત્તાયને સોંપી (૧૮;૨).

૨૦;૧૮,૧૯. હેબ્રી હસ્તલેખ પ્રમાણે આ કલમનો સ્પષ્ટ અર્થ કરી શકાય, એમ નથી. પણ LXX પ્રમાણે અર્થ નીચે મુજબ છે; "ઇસ્ત્રાએલના વિશ્વાસુઓએ જે કંઇ નિયત કર્યું હોય, તે કદી વ્યર્થ ગયું કે કેમ, તે આબેલ જઇને પૂછજો. પણ તું...નાશ કરવાની પેરવી કરે છે." આબેલવાસી હેબ્રીઓ વફાદાર ગણાતા હતા. ("એક માતા"=આબેલ શહેર. આસપાસનાં ગામ તેની દીકરીઓ કહેવાય છે (ગણ.૨૧;૨૫. "હેશ્બોન તથા તેનાં "સર્વ ગામ" =તેની સર્વ દીકરીઓ). એવા બીજા ઘણા દાખલા મળી આવે છે).

૨૧;૯,૧૦. "કાપણીના આરંભથી આકાશમાંથી પાણી પડ્યું ત્યાં સુધી" =એપ્રિલથી તે ઓક્ટોબર માસ સુધી.

૨૩;૮-૩૯. જેનો ખુલાસો કરી શકાય નહિ, એવી ઘણી કલમો આ અધ્યાયના અસલ હેબ્રી હસ્તલેખમાં મળી આવે છે. પરંતુ ૧૯૨૮ની ગુજરાતી આવૃત્તિમાં LXX પ્રમાણે સુધારો કરવામાં આવ્યો છે. તે પરથી એમ સમજાય છે કે દાઉદના શૂરવીરોના બે વર્ગ હતા, એટલે જે "પેલા ત્રણ" (૯-૧૨) -The Three - કહેવાય છે તે, અને જે "પેલા ત્રીસ" (૨૪-૨૯) કહેવાય છે તે. LXX પ્રમાણે "મુખ્ય સરદાર યોશેબ" તેને બદલે "ત્રણનો સરદાર ઈશ-બઆલ" હતો. હેબ્રી દસ્કતમાં ત્રણ અને ત્રીસના આંકડામાં થોડો જ ફેર છે, તેથી તે લખતાં ભૂલ થવાનો સંભવ હમેશાં રહેલો છે. જેમ કે ક.૧૮ પ્રમાણે અબીશાય "તે ત્રણેમાં" મુખ્ય કહેવાય છે. પણ ક.૧૯ પ્રમાણે તે "તે પેલા ત્રણમાં "દાખલ થવા પામ્યો નહી. LXX પ્રમાણે તે" પેલા ત્રીસનો મુખ્ય" કહેવાય છે (૧૮), તેમજ "તે શું ત્રીસમાં સહુથી નામીચો નહોતો"? (૧૯૨૮ની ગુજરાતી આવૃત્તિમાં LXXને આધારે એવા કેટલાએક સુધારા કરવામાં આવ્યા હતા, પણ ૧૯૪૦ની આવૃત્તિમાં ૧૯૦૮નો જૂનો તરજુમો પાછો દાખલ કરવામાં આવ્યો છે).

૨૪;૧-૧૭. વસતિગણતરી કરાવવામાં દાઉદે શું ખોટું કર્યું? તેણે માત્ર યુદ્ધ કરવા લાયક પુરુષોની ગણતરી કરાવી. પરંતુ તે પરથી તે માનવબળ પર ભરોસો રાખતો હોય, એવું અનુમાન કરી શકાય છે. તેણે વ્યર્થાભિમાન કર્યું.

૨૪;૧૮-૨૫. આ ફકરામાં દાઉદની ઉદારતાનો બીજો સરસ દાખલો મળી આવે છે. તે દિવસે તેણે જમીનનો જે કટકો વેચાતો રાખ્યો, તે તો હવે અખિલ દુનિયાનું સહુથી પવિત્ર સ્થળ બની ગયું છે. ત્યાં સુલેમાને ભવ્ય મંદિર બંધાવ્યું. ત્યાં બાળ ઈસુને પ્રભુની આગળ રજૂ કરવામાં આવ્યો. ત્યાં આજે મુસ્લિમ ભાઈઓએ બાંધેલું સુંદર ઘુમટવાળું મકાન ઊભેલું છે. ત્રણ જુદા જુદા ધર્મના અનુયાયીઓને યહૂદી, ખ્રિસ્તી તથા મુસ્લિમ ભાઈઓને તે જગા પરમપવિત્રસ્થાન સમાન લાગે છે.

૧લું ને ૨જું રાજાઓનું પુસ્તક

૧. **નામ.** જુઓ શમૂએલનું પુસ્તક-૧. આપણા બાઈબલમાં રાજાનાં જે બે પુસ્તક છે, તે હેબ્રી શાસ્ત્રમાં એક જ છે. LXXના સંપાદકોએ પહેલવહેલાં એકનાં બે કર્યાં. આ બે પુસ્તક પ્રસિદ્ધ કરવાનો વખત નક્કી કરી શકાય એમ છે, કેમ કે તેમાં બંદીવાસની પચ્ચીસમી સાલને (૫૬૧) લગતી એક વાત સમાએલી છે. તે સાલે બાબેલોનમાં રાજાએ યહૂદાહના રાજા યહોયાખીનને છૂટો કરીને તેને પોતાની પાસે બેસાડ્યો. વળી યહોયાખીનને મરણપર્યંત રાજા તરફથી દરરોજનું ભત્તું મળ્યા કરતું (૨ ૨ા.૨૫;૨૭-૩૦). તે પરથી અનુમાન કરી શકાય છે, કે તે સાલ પછી એટલે બંદીવાસનાં છેલ્લાં વર્ષ દરમિયાન (૫૮૬-૫૩૮) આ બે પુસ્તક રચવામાં આવ્યાં હશે. આ વાત ધ્યાનમાં રાખવા લાયક છે, કેમ કે બંદીવાસમાં પડેલા જુવાન ઈસ્ત્રાએલીઓને પોતાની માતૃભૂમિના ઇતિહાસની તથા તેમાં સમાએલી શિખામણની કંઈ જાણ મળે, એવો આ ઓળિયું રચનારનો એક હેતુ હતો તે નિઃસંદેહ વાત છે.

૨. **અનુક્રમણિકા.** દાઉદ રાજાના મરણથી માંડીને તે યહોયાખીનના બંદિવાસની સાડત્રીસમી સાલ સુધી, એટલે ઈ.સ.પૂ.૧૦૦૦થી ૫૬૧ સુધી બનેલા બનાવોની વત્તીઓછી હકીકત આ બે પુસ્તકમાં નોંધેલી છે. તેના વિભાગો નીચે પ્રમાણે છે :--

I. ૧ રાજા. ૨;૧૨-૧૧;૫૩. સુલેમાનની કારકિર્દીમાં સંયુક્ત ઈસ્ત્રાએલ.

II. ૧ ૨ા. ૧૨; ૧-૨ ૨ા.૧૭;૪૧. સમરૂનના પતન (૭૨૨) સુધી વિભાગેલું રાજ્ય.

III. ૨ ૨ા. ૧૮; ૧-૨૫;૩૦. બંદીવાસ સુધીનો માત્ર યહૂદાહનો ઇતિહાસ.

૩. **હેતુ.** આ પુસ્તકદ્વારા બોધ આપવામાં આવે, એવા હેતુથી તે રચવામાં આવ્યું, એમ ઉપર કહેલું છે. આ વાત તેની રચનાની ઢબથી સાબિત થયા છે, તેનાં કેટલાંક પ્રમાણ નીચે પ્રમાણે છેઃ-- (૧) ઈશ્વરના સેવકોને એટલે પ્રબોધકોને--પછી તેઓ હોય નનામા (૧ ૨ા.અધ્ય.૧૩ : ૨૦; ૧૩-૨૮, ૩૫-૫૩), કે પછી હોય નામવાળા, તે દરેક વાચકને માલૂમ પડતું હશે.

(૨) વળી એ પણ માલૂમ પડતું હશે કે રચનારે બનાવોની જે જે ટીકા અહીંતહીં કરેલી છે, તે સર્વ ઉત્તેજન અથવા ચેતવણી આપનારી શિખામણરૂપ છે. આ વાતના ઘણા દાખલા હાથ આવે છે, જેવા કે ૧ ૨૧.૩;૩ : ૧૧; ૯-૧૧ : ૧૫;૩ વગેરે. આનો સહુથી સારો દાખલો ૨ ૨૧.૧૭;૭-૨૩માં મળી આવે છે. તે પ્રકરણમાં ઉત્તર ઈસ્ત્રાએલના નાશ પરથી લીધેલો ગંભીર બોધ આપેલો છે. આ દાખલાથી રચનારનો હેતુ પણ સ્પષ્ટ જણાઈ આવે છે. પુનર્નિયમના પુસ્તકની સાથે શૈલીમાં તેમ જ શિક્ષણમાં આ અધ્યાયની જે સમાનતા છે, તે વાંચનારને માલૂમ પડ્યા વિના રહેશે જ નહિ. યહૂદાહ રાજ્યનાં છેલ્લાં વર્ષોમાં યહોવાના જે થોડાઘણા ચુસ્ત સેવકો રહેલા હતા. તેઓને તે પુસ્તક દિલાસા તથા આશાના દીપક જેવું થઈ પડતું હતું, તેથી બંદીવાસ વખતે જ્યારે તેઓએ સ્વદેશનો ઈતિહાસ લખવાનું હાથમાં લીધું, ત્યારે તેઓ તેનું ઉમદા શિક્ષણ તેમ જ તેની છટાદાર શૈલી ધ્યાનમાં, રાખીને લખે, તેમાં કંઈ નવાઈ જેવું નથી. તે પુસ્તકથી થએલી અસરનો એક દાખલો (ન્યા.૨; ૧૧-૨૩) અગાઉ આપણે જોઈ ગયા છીએ. શમૂએલનાં બે પુસ્તકોમાં તેની અસરનો એક પણ દાખલો મળતો નથી, કેમ કે તે પુસ્તકોમાં સમાએલી વાર્તાઓ જાતે જ બોધદાયક છે. પણ રાજાઓનાં બે પુસ્તકમાં તેના ઘણા દાખલા મળી આવે છે.

(૩) વળી આ બાબત સંબંધી આ પુસ્તકોની રચનાની પદ્ધતિ પણ પ્રમાણબદ્ધ છે. દરેક કારકિર્દીનો હેવાલ એકને એક નમૂના પ્રમાણે આલેખેલો છે, એવું બેચાર અધ્યાય વાંચ્યા પછી વાંચનારને માલૂમ પડે છે. એકને એક ચોકઠામાં દરેક કારકિર્દીનો ઈતિહાસ ગોઠવેલો છે. યહૂદાહના રાજાઓના ઈતિહાસની રૂપરેખા નીચે પ્રમાણે છે :--

(૧) ગાદીએ બેસવાનું વર્ષ, અને ઈસ્ત્રાએલના સમકાલીન રાજાની કારકિર્દીનું ચાલતું વર્ષ. (૨) રાજાની ઉંમર. (૩) તેની કારકિર્દીનાં કુલ વર્ષો. (૪) રાજમાતાનું નામ. (૫) રાજા તથા તેનાં આચરણ સંબંધી રચનારનો અભિપ્રાય. (૬) હેવાલનો આધાર. (૭) રાજાનું મરણ, તથા તેની દફનક્રિયા. (૮) તેના પછીનો ગાદીપતિ. ઈસ્ત્રાએલના રાજાઓનો હેવાલ પણ એવા જ પ્રકારનો છે, તફાવત એટલો જ છે કે તેમાં રાજમાતાનું નામ આપેલું નથી.

કેટલીક વાર તો ઉપરની ખાલી રૂપરેખા ઉપરાંત રાજા વિષે બીજું કંઇ જણાવેલું નથી (દા.ત.૨ રા.૧૫). આ રૂપરેખામાંની પમી વાત એટલે રચનારનો અભિપ્રાય સહુથી મહત્ત્વની વાત છે. વળી થોડી જ વારમાં અભ્યાસીને માલૂમ પડી જશે, કે રચનારાના સમજવા પ્રમાણે રાજાઓના માત્ર બે જ વર્ગ છે, એટલે (૧) જેઓએ દાઉદની પેઠે ચાલીને યહોવાની દૃષ્ટિમાં જે સારું તે કર્યું તેઓ : અને (૨) જેઓએ યરોબઆમની પેઠે તથા જે પાપ વડે તેણે ઇસ્ત્રાએલ પાસે પાપ કરાવ્યું, તેમાં ચાલીને યહોવાની દૃષ્ટિમાં જે ભૂંડું, તે કર્યું તેઓ. પહેલા વર્ગના રાજાઓનો સદ્‌ગુણ કયો હતો? શાસ્ત્રપાલન સંબંધી, અને વિશેષે કરીને એકલા યહોવાની ઉપાસના કરવા તથા તે ઉપાસના કનાનીઓની મૂર્તિપૂજાની ક્રિયાઓથી નિર્લેપ રાખવા સંબંધી તેઓમાં જે આસ્થા હતી તે. વળી ધર્મચુસ્ત રાજાઓ, જેવા કે આસા, યહોઆશ, હિઝકીયાહ અને યોશીયાહ મંદિરની વિશેષ કાળજી રાખનારા હતા. તો બીજા વર્ગના રાજાઓનો દુર્ગુણ કયો હતો? ઉચ્ચસ્થાનો તથા ત્યાં આગળ ચાલની મૂર્તિપૂજા તેઓએ એમને એમ રહેવા દીધા તે બીજી બધી બાબતોમાં તે ભલે દાઉદ જેવો હોય, પણ જો ઉચ્ચસ્થાનો વિષે તે બેપરવા રહે, તો તેના બીજા સદ્‌ગુણો કંઇ વિસાતમાં ગણાતા નહોતા. દા.ત.કહેલું છે કે "આસાએ યહોવાની દૃષ્ટિમાં જે સારું હતું તે કર્યું; તોપણ ઉચ્ચસ્થાનો કાઢી નાખવામાં આવ્યાં નહિ" (૧ રા.૧૫;૧૧,૧૪ : ૨૨;૪૩ : ૨ રા.૧૨;૩ : ૧૪;૪ : ૧૫; ૪,૩૫). મૂર્તિપૂજા કરવી તથા યહોવાનું રહેઠાણ થવા સારુ સુલેમાને યરુશાલેમમાં જે મંદિર બંધાવ્યું હતું, તે પ્રત્યે બેદરકારી દેખાડવી એ મહાપાતક ગણાતું હતું, એટલે જે પાપ કરવામાં યરોબઆમ અગ્રેસર જેવો હતો તે, તે પાપ તેણે પોતે કર્યું, કેવળ એમ નહિ પણ બીજાઓની પાસે પણ તે તે પાપ કરાવતો હતો. યશાયાના શિક્ષણથી પ્રેરાઇને હિઝકીયાહે "ઉચ્ચસ્થાનો" કાઢી નાખ્યાં ખરાં (૨ રા.૧૮;૪), પણ જ્યાં સુધી મંદિરમાંથી મળી આવેલા ઓળિયાનાં વચનોથી યોશીયા તથા તેનાં લોક ચેતી ગયા નહિ, ત્યાં સુધી ગામડાંમાંનાં ઉચ્ચસ્થાનોનો પૂરેપૂરો નાશ કરવામાં આવ્યો નહિ, ત્યાર પછીથી તે ઓળિયામાં લખ્યા પ્રમાણે (પુ.૧૨;૧૧) એકલા યરુશાલેમમાં યહોવાની ભજનસેવા કરવામાં આવતી હતી. ઉપર કહ્યા પ્રમાણે આ પુસ્તકો રચનાર પેલા ઓળિયાના બોધમાં તલ્લીન

હતો, તેથી યરોબઆમે કરાવેલા પાપને પરિણામે યરુશાલેમનો નાશ થયો, એવું તે માનતો હતો (૨ રા.૨૪;૩). (૪) છેવટે જે દરબારી દફતરોને આધારે રચનારે આ પુસ્તકો લખ્યાં, તેમનો તેણે જે ઉપયોગ કર્યો, તે પરથી પણ તેના હેતુ વિષે અનુમાન કરી શકાય એમ છે. એવાં ત્રણ જુદાં જુદાં દફતર હતાં, એટલે (૧) સુલેમાનનાં કૃત્યોનું (૧ રા.૧૧;૪૧), (૨) ઇસ્ત્રાએલનાં રાજાઓનાં કાળવૃત્તાંત (૧ રા.૧૪;૯ વગેરે), અને (૩) યહૂદાહના રાજાઓનાં કાળવૃત્તાંત (૧૪;૨૯). બેશક તે મોટાં ચોપડામાં દરેકની કારકિર્દીની પૂરેપૂરી હકીકત નોંધેલી હતી. પરંતુ રચનારે પોતાની યોજના તથા પોતાના હેતુથી સાથે જેટલું બંધબેસતું હતું, તેટલું જ તેમાંથી ઉતારી લીધું. કારકિર્દીનો હેવાલ સમાપ્ત કરતાં તે ઘણી વાર આમ લખતો હતો, કે "તેનાં બાકીનાં કૃત્યો તથા તેણે જે કર્યું તે સર્વ કાળવૃત્તાંતના પુસ્તકમાં લખેલાં નથી શું?" (૧ રા.૧૧;૪૧ ને ઘણી વાર). "બાકીનાં કૃત્યો" જાણવા સારુ આપણે શી કિંમત ન આપીએ? દફતરમાં સુલેમાનનું જ્ઞાન નોંધેલું હતું (૧૧;૪૧). કેવી રીતે યરોબઆમે યુદ્ધ કર્યું તથા કેવી રીતે તેણે રાજ ચલાવ્યું તે પણ તે પુસ્તકમાં લખેલું હતું (૧૪;૪૯). આહાબે હાથીદાંતનું જે ઘર બંધાવ્યું, તેનો હિસાબ કાળવૃત્તાંતના પુસ્તકમાં લખેલો હતો (૨૨;૩૯). જે હાથીદાંતનાં ઘરો સંબંધી આમોસ ભવિષ્યવાણી બોલ્યો, તેમાંનું જ કોઈ ઘર તે ન હોય શું? (૩;૧૫). હિઝકીયાહે "ગરનાળું" બનાવીને નગરમાં પાણી આણ્યું" (૨ રા. ૨૦;૨૦). શિલોઆહનું જે ધીમે ધીમે વહેતું પાણી યહોવાની સમક્ષતાનું દૃષ્ટાંત હતું (યશ.૮;૬), તે એજ હશે કે કેમ? એવા એવા ઘણા પ્રશ્નો પૂછી શકાય. પણ આ પુસ્તકોના લેખકનો હેતુ કેવળ માહિતી આપવી, એ નહોતો. તેઓની માતૃભૂમિનો ઇતિહાસ બંદીવાસીઓ સમક્ષ તેમ જ યરુશાલેમમાં રહેલી દયાપાત્ર યહૂદીઓની નાની ટોળી સમક્ષ રણશિંગડાઓની પેઠે પોકારીને વિશ્વાસઘાત કરનાર ઘણાને ચેતવણી આપે અને વિશ્વાસ રાખનાર થોડાને દિલાસો દે, એજ તેનો ઉદ્દેશ હતો. દરબારી દફતરમાં તો બનાવોની ખાલી નોંધ કરવામાં આવતી હતી. કોઈ પણ બનાવ વિષેનો અભિપ્રાય આપવો તે ઇતિહાસકારની ફરજ નહોતી, છતાં યહૂદાહના રાજાઓના કાળવૃત્તાંતના પુસ્તકમાં આપેલા અભિપ્રાયનો એક દાખલો મળી આવે

છે, તે મનાશ્શેહ સંબંધીનો છે. "તેણે જે કર્યું તે સર્વ, ને જે પાપ તેણે કર્યું, તે," એ ગુનો પણ રાજાએ કરેલો ગુનો દફ્તરમાં નોંધવામાં આવ્યો હતો. મનાશ્શેહે કરેલું પાપ જોયું ન જોયું કરી શકાય નહિ, એવું મોટું તથા ભારે આફત ઉપજાવનારું હતું.

આ પુસ્તકોમાં દરબારી દફ્તરોમાંથી કરેલા ઉતારા ઉપરાંત બીજું કંઈ સમાએલું ન હોત, તો તે એકંદરે આપણને નીરસ લાગત. પણ તે ઉપરાંત તેમાં જુદા જુદા પ્રબોધકો સંબંધી રસિક તથા ઘણી સરસ વાર્તાઓ આપણને મળી આવે છે. આ વાર્તાઓ સંપાદકે ક્યાંથી જાણી હશે, તે ખાતરીથી કહેવાય એમ નથી. આટલું જ કહી શકાય કે "પ્રબોધકોના દીકરા" નામના જે મઠવાસીઓ હતા, તેઓએ એલિયા તથા એલીશા જેવા પ્રબોધકોનાં વચન તથા કૃત્યોની નોંધ રાખી હશે. આ ટોળીઓ વિષે હવે પછી વિવેચન કરવામાં આવશે.

યરોબઆમ બીજાની કારકિર્દીની જે થોડીઘણી હકીકત આપેલી છે, તે આ પુસ્તકો રચનારના હેતુનો સહુથી બંધબેસતો દાખલો છે. "તેણે ઇસ્ત્રાએલની સરહદ હમાથના નાકાથી તે અરાબાહના સમુદ્ર સુધી પાછી કબજે કરી," આટલું જ રચનારે યરોબઆમની ઘણી પ્રવૃત્તિઓ સંબંધી જણાવેલું છે (૨ રા.૧૪;૨૫). પરંતુ યરોબઆમના વખતમાં વેપારરોજગાર તેજીથી ચાલતો હતો, તે આમોસ તથા હોશીઆનાં પુસ્તકમાં દોરેલા ચિત્ર પરથી માલૂમ પડે છે. તેજ રીતે આહાઝ અને હિઝકીયાહનાં વખતમાં દેશની કેવી પરિસ્થિતિ હતી, તે જો આપણે જાણવું હોય, તો આપણે યશાયા પ્રબોધકના પુસ્તકનું અધ્યયન કરવું પડે. આશ્શૂરના વૈભવી સામ્રાજ્યના નાશને લગતી એક પણ વાત રાજાઓના પુસ્તકમાં મળતી નથી, પણ નાહૂમના નાનકડા પુસ્તકમાં ઘેરો ઘાલેલા નગર નીનવેહનું આબેહૂબ ચિત્ર આલેખેલું છે. તેમ જ આ પુસ્તકોમાં તો નહિ, પણ યર્મિયા કરેલા હૃદયભેદક પ્રબોધમાં યહૂદાહમાં ચાલતી ધર્માંધતા તથા બેદરકારી વર્ણવેલી છે. પાયમાલ થએલા યરુશાલેમની પુનઃસ્થાપનાની તેમજ ખરા ધર્મનું પુનરુત્થાન થવાની આશા હઝકીએલના પુસ્તકમાં જાહેર કરેલી છે. ત્યાં જ કહેલું છે કે નવું યરુશાલેમ બાંધવામાં આવશે, તેનું નવું નામ "યહોવા--શામ્માહ" એટલે "યહોવા ત્યાં છે," એવું પાડવામાં આવશે.

૪. વિભક્ત રાજ્યોના ઈતિહાસનો ટૂંક સાર.

યહૂદાહ	ઈસ્રાએલ
દાઉદનો વંશ (૯૩૭-૫૮૬):	નાના રાજાઓ (૯૩૭-૮૮૭):
રહાબઆમ (૯૩૭-૯૨૦).	યરોબઆમ (૯૩૭-૯૧૫).
બળવો,	સોનાના વાછરડા.
શીશાકે કરેલો હુમલો.	યહૂદાહની સાથે લડાઈ.
અબીયામ (ઉર્ફે અબીયાહ) (૯૨૦-૯૧૭).	” ” ”
આસા (૯૧૭-૮૭૬).	નાદાબ (૯૧૫-૯૧૩).
ધર્મસુધારો.	બાઅશાએ કરેલું તેનું ખૂન.
	બાઅશા (૯૧૩-૮૮૯).
અરામ પાસેથી માગેલી સહાય.	તેણે રામાહ બંધાવ્યું.
	એલાહ (૮૮૯-૮૮૭).
	ઝિમ્રીએ કરેલું તેનું ખૂન,
	ઝિમ્રી (૭ દિવસ લગી).
	ઓમ્રીએ કરેલું તેનું ખૂન.
	ઓમ્રીનો વંશ (૮૮૭-૮૪૨):
	ઓમ્રી (૮૮૭-૮૭૫).
	તેણે સમરૂન બંધાવ્યું.
યહોશાફાટ (૮૭૬-૮૫૧).	આહાબ (૮૭૫-૮૫૩).
ધર્મસુધારો.	એલિયાહ.
આહાબ સાથે કોલકરાર.	રામોથ-ગિલઆદનું યુદ્ધ.
અહાઝયાહ સાથે કોલકરાર.	અહાઝયાહ (૮૫૩-૮૫૧).
યહોરામ સાથે કોલકરાર.	યહોરામ(ઉર્ફે યોરામ) (૮૫૧-૮૪૨).
યહોરામ (૮૫૧-૮૪૩).	એલીશા.
અદોમે કરેલો બળવો.	અરામે સમરૂનને ઘાલેલો ઘેરો.
અહાઝયાહ (૮૪૩-૮૪૨).	
યેહૂના માણસોથી માર્યો ગયો.	યેહૂએ કરેલો બળવો.
	યેહૂનો વંશ (૮૪૨-૭૪૦):
રાજમાતા અથાલ્યાહ (૮૪૨-૮૩૬).	યેહૂ (૮૪૨-૮૧૪).

અંગરક્ષકોથી મારી ગઇ.
આવી.
યોઆશ (૮૩૬-૭૯૬).
ધર્મસુધારો-તેનો વિશ્વાસઘાત-
તેનું ખૂન.
અમાસ્યાહ (૭૯૬-૭૮૮).
યહોઆહાઝથી હારી ગયો.
બંડખોરોએ કરેલું તેનું ખૂન.
ઉઝઝીયાહ (ઉર્ફે અઝાર્યાહ)
(૭૮૮-૭૪૦).
તેને કપાળે કોઢ ફૂટી નીકળ્યો.
રાજ્યવહીવટ તેના પુત્ર યોથામના
હાથમાં.

યોથામ (૭૪૦-૭૩૫).

આહાઝ (૭૩૫-૭૨૭).
યશાયા ને મીખાહ.

હિઝકીયાહ (૭૨૭-૬૯૨).
ધર્મસુધારો.
આશ્શૂરે કરેલો હુમલો.

બઆલની પૂજા નાબૂદ કરવામાં

હઝાએલે કરેલા હુમલાઓ.
યહોઆહાઝ (૮૧૪-૭૯૭).
અરામી હુમલાઓ ચાલુ.
યહોઆશ (૭૯૭-૭૮૧).
એલીશાનું મરણ.

યરોબઆમ ૨જો (૭૮૧-૭૪૦).

આમોસે ને હોશીઆ.
રાજ્યની સરહદનો વધારો.

પરચુરણ રાજાઓ (૭૪૦-૭૨૨).
શાલ્લુમે કરેલું તેનું ખૂન
ઝખાર્યા (૭૪૦-૬માસ લગી).
શાલ્લૂમ (૭૪૦-૧ માસ લગી).
મનાહેમે કરેલું તેનું ખૂન.
મનાહેમ (૭૪૦-૭૩૭).
આશ્શૂરને ભરેલી ખંડણી.
પકાહ્યાહ (૭૩૭-૭૩૫).
પેકાહે કરેલું તેનું ખૂન.
પેકાહ (૭૩૬-૭૩૨).
યહૂદાહ પર કરેલો હુમલો.
તિગ્લાથ-પિલેસેરે ગાલીલ પ્રાંત
કબજે કરી લીધો.
હોશીઆએ કરેલું તેનું ખૂન.
હોશીઆ (૭૩૨-૭૨૨).
આશ્શૂરને ભરેલી ખંડણી.
આશ્શૂરની વિરુદ્ધ મિસરની સાથે
કરાએલું કાવતરું.

બાબેલોનથી આવેલા એલચીઓ. રાજનગર સમરૂનનું પતન.
ઇસ્ત્રાએલીઓને બંદીવાસમાં લઇ
જવામાં આવ્યાં.

માત્ર યહૂદાહનું રાજ્ય

મનાશ્શેહ (૬૯૨-૬૩૮). ધર્મની અધોગતિ. તેને આશ્શૂરમાં લઇ જવામાં આવ્યો, પણ પછીથી પાછો ગાદીએ બેસાડવામાં આવ્યો.

આમોન (૬૩૮-૬૩૭). મૂર્તિપૂજાનો ફેલાવ.

યોશીયાહ (૬૩૭-૬૦૮).

યર્મિયા, સફાન્યા ને નાહૂમ.
મંદિરમાંથી મળેલું ઓળિયું, તેને આધારે કરાએલો
ધર્મસુધારો (૬૨૨).
મગિદ્દો રણક્ષેત્રમાં રાજા માર્યો ગયો.

યહોઆહાઝ (૬૦૮-૩ માસ લગી).

તેને મિસરમાં લઇ જવામાં આવ્યો.

યહોઆકીમ (૬૦૮-૫૯૭).

હબાકકૂક.
બાબેલની વિરુદ્ધ કરેલો બળવો.
લડતાં તે માર્યો ગયો.

યહોયાખીન (૫૯૭-૩ માસ લગી).

યરુશાલેમ પહેલી વાર જીતી લેવાયું.

ઊંચ વર્ગના યહૂદીઓને બંદીવાસમાં લઇ જવામાં આવ્યાં.

સિદકીયાહ (૫૯૭-૫૮૬).

બાબેલ વિરુદ્ધ કરાએલો બળવો (૫૮૮).
મિસરની સાથે કરાએલો કરાર.
યરુશાલેમનું પતન તથા તેનો પૂરો નાશ.
બાકીના લોકને બંદીવાસમાં લઇ જવામાં આવ્યા.

ઉપરોક્ત સાર ઘણો અધૂરો છે, છતાં તેનો અભ્યાસ કરવાથી કેટલીક વાસ્તવિક હકીકતો તરત મળી આવે છે.

(૧) નાથાને દાઉદને આપેલા વચન પ્રમાણે(૨ શમૂ.૭;૧૬). જે છ વર્ષ લગી આહાબની દીકરી અથાલ્યાહ રાજમાતા રાજવહીવટ ચલાવતી હતી, તે વખત બાદ કરતાં દાઉદનાં સમયથી તે યરુશાલેમના

પતન સુધી યહુદાના સર્વ ગાદીપતિઓ દાઉદના ગોત્રજ હતા. એથી ઊલટું ઉત્તર ઈસ્ત્રાએલમાં અશાંતિ, બળવા તથા રક્તપાતનો કંઈ પાર નહોતો.

(૨) યહૂદાહ તથા ઈસ્ત્રાએલ વચ્ચે લગભગ નિરંતર લડાઈ ચાલતી હતી.

(૩) ઈસ્ત્રાએલની ઉત્તર સરહદ પર જે બે રાજ્ય આવેલાં હતાં, એટલે અરામ તથા આશ્શૂર, તેઓ તેના ઉપર ચઢાઈ કરે, એવી ધાસ્તીમાં ઈસ્ત્રાએલ પ્રાંત હમેશાં રહેતો હતો ; પણ યહૂદાહ જે નાનો પ્રાંત હતો, તે પહાડી હોવાને લીધે નિર્ભયસ્થાન જેવો હતો. તે કારણને લીધે ઈશ્વરપ્રેરિત પ્રબોધકો યહૂદી નેતાઓને આસપાસનાં રાજ્યોની સાથે કોલકરાર કરવાની ખટપટથી અલગ રહેવાની સલાહ આપ્યા કરતા હતા. પરંતુ લોક તેની અવગણના કરતા હતા, જેથી આખરે ઈશ્વર પરના વિશ્વાસના અભાવને પરિણામે તેઓના શત્રુઓને તેઓનો સમૂળગો નાશ કરવાની તક મળી (૨ રા.૨૪;૧).

(૪) ચાર જુદે જુદે પ્રસંગે યહૂદાહમાં ધર્મસુધારો થયો, એવું યહૂદાહ રાજ્યના કાળવૃત્તાંતમાં લખેલું છે, પણ ઈસ્ત્રાએલના ઇતિહાસમાં એક જ પ્રસંગે કરાએલા ધર્મસુધારાની નોંધ કરેલી છે. તે પરથી અનુમાન કરી શકાય છે કે યહોવાની ઉપાસના બઆલની પૂજામાં ગરક થઈ જાય, એવી દહેશત ઈસ્ત્રાએલમાં કાયમ રહેતી હતી. ઈસ્ત્રાએલનો એક જ રાજા મૂર્તિપૂજાનો નાશ કરવા સારુ ઊભો થયો, તે ઘાતકી યેહૂ હતો. તે એલીશાના બોધથી પ્રેરાએલો હતો ખરો, પણ તેણે પોતાને સોંપેલા કાર્યમાં એવી નિર્દયતા વાપરી કે ત્યાર પછીથી યેહૂ શાપપાત્ર ગણાયો (હો.૧;૪. સરખાવો ૧ રા.૧૫;૨૯ ને ૧૬;૭). પણ યહૂદાહમાં જે વિશ્વાસુ યાજકો તથા ઈશ્વરપ્રેરિત પ્રબોધકો ધર્મનો દીવો સળગતો રાખતા હતા, તેઓના અસરકારક બોધને લીધે ધર્મજાગૃતિ વારંવાર થવા પામતી હતી.

(૫) કેટલાંએક પરદેશી રાજ્યોના નામે ઊપલી ટીપમાં મળી આવે છે, પરંતુ તપાસ કરતાં માલૂમ પડે છે, કે લડાઈ વગર તેમનો યહૂદાહ તથા ઈસ્ત્રાએલની સાથે બીજો કંઈ સંબંધ નહોતો. દાઉદ તથા સુલેમાનની કારકિર્દીમાં બીજા રાજાઓ સંયુક્ત ઈસ્ત્રાએલની સાથે કરાર કરવા તથા વેપારની આપલે કરવા ખુશી હતા. પણ વિભક્ત

ઇસ્ત્રાએલને તેઓ લૂટના જ ગણતા હતા, અને છેવટે એક પછી એક બંને રાજ્ય પરદેશી રાજાઓના કબજામાં આવી ગયાં. તોપણ તેઓ સંબંધી ઈશ્વરનો જે અવિચળ સંકલ્પ હતો, તે વ્યર્થ ગયો નહિ, કેમ કે જ્યારે ઇસ્ત્રાએલીઓનો રાજકીય વૈભવ અસ્ત થયો, ત્યારે તેઓના હવાલામાં સોંપાએલા ધર્મનો ઉદય થયો, જેનો પૂર્ણ પ્રકાશ પ્રભાકર ઈસુ ખ્રિસ્તમાં દશ્યમાન થાય છે.

૫. જુદી જુદી લડાઈઓની સંક્ષિપ્ત હકીકત.

A. યહૂદાહ અને ઇસ્ત્રાએલ વચ્ચેની લડાઈઓ.

૧. યરોબઆમ અને રહાબઆમ વચ્ચે (૧ ૨ા.૧૪;૩૦), યરોબઆમ અને અબીયામ વચ્ચે (૧૫;૭), અને બાઅશા તથા આસા વચ્ચે (૧૫; ૧૬,૩૨) સર્વ દિવસો પર્યંત લડાઈ ચાલુ હતી, એમ કહેલું છે. જ્યારે બાઅશા યરુશાલેમથી પાંચ માઈલ છેટે આવેલા રામાહ ગામમાં ગઢ બાંધવા ગયો, ત્યારે તેને રોકવા સારુ આસાએ પોતાની મદદે અરામના રાજા બેન-હદાદને મોટી લાંચ આપીને બોલાવ્યો (૧૫;૧૮).

(ઓમ્રીના વંશના રાજાઓ. તેઓના સમય દરમિયાન યહૂદાહ અને ઇસ્ત્રાએલ વચ્ચે સારો સંબંધ હતો. આહાબ (૨૨;૨) તથા તેના દીકરાઓ અહાઝયાહ (૨૨;૪૪) ને યહોરામની સાથે (૨ ૨ા.૩;૭) યહૂદાહના રાજા યહોશાફાટે કરાર કરીને રામોથ-ગિલઆદ આગળ અરામીઓની વિરુદ્ધ તેમ જ પછીથી મોઆબીઓની વિરુદ્ધ તેઓને સહકાર આપ્યો. યહોશાફાટ તાર્શીશી (=મોટાં) વહાણ રાખીને દરિયાઈ વેપાર ખેડતો હતો, તેમાં અહાઝયાહે ભાગ લેવા માગ્યો, પણ યહોશાફાટે ના પાડી (૨૨;૪૯). પરંતુ તેથી કરાએલા કરારને કંઈ પણ ખલેલ પહોંચવા પામી નહિ. ઉલટું આહાબ અને ઈઝેબેલની દીકરી અથાલ્યાહની સાથે યહોશાફાટે પોતાના દીકરા યહેરામને પરણાવીને એ કરાર વધારે સબળ કર્યો. યહોરામનો દીકરો અહાઝયાહ હતો. તે જ્યારે પોતાના મામા યોરામની સાથે અરામની વિરુદ્ધ લડવા ગયો, ત્યારે તેનો મામો ઘાયલ થયો (૮;૨૮). તે હજુ તો યિઝ્રએલમાં પથારીવશ હતો, એટલામાં યેહૂએ બળવો કર્યો. એ બળવામાં યોરામ તથા અહાઝયાહ કે જે યોરામને જોવા યિઝ્રએલ આવ્યો હતો, તે બંને

રાજાઓને મારી નાખવામાં આવ્યા (૯; ૨૪-૨૮).

૨. અમાસ્યાહ. બે રાજ્ય વચ્ચે સમાધાનનો સંબંધ હોવા છતાં અદોમીઓ પરની જીતથી ફૂલાઈ જઈને તેણે ઈસ્ત્રાએલના રાજા યહોઆહાઝને લડવાની હાકલ કરી. તે સ્વીકારીને યહોઆહાઝે તેનો પરાજય કર્યો (૨ રા.૧૪; ૮-૧૪).

૩. આહાઝ. જ્યારે આશ્શૂરે અરામ તથા ઈસ્ત્રાએલ પર ચઢાઈ કરી, ત્યારે તે બે રાજ્યના રાજાઓએ આહાઝની પાસે સહાય માગી, તે આપવાની આહાઝે ના પાડી. તેથી જ્યારે તેઓએ યહૂદાહ પર હૂમલો કર્યો, ત્યારે યશાયાની સલાહ નહિ સ્વીકારતાં તેણે આશ્શૂરના રાજાને મોટી લાંચ આપીને પોતાની મદદે બોલાવ્યો (૧૬; ૬-૯). આ બનાવની પૂરી હકીકત યશ. ૭ ને ૮માં મળી આવે છે. ત્યાર પછી થોડા જ સમયમાં આશ્શૂરીઓના હાથે ઈસ્ત્રાએલનો સંહાર થયો (૭૨૨).

B. મિસર સાથેની લડાઈ.

૧. રહાબઆમ. મિસરના રાજા સાથે સુલેમાન રાજાને સારો સંબંધ હતો (૧ રા.૩;૧ : ૯;૧૬), છતાં તેણે સુલેમાનના વેરીઓ અદોમી હદાદ તથા એફ્રાઈમી યરોબઆમને આશ્રય આપ્યો. યરોબઆમે કરેલો બળવો સફળ થએલો જોઈને તેની પછીના રાજા શિશાકે યહૂદાહ પર ચઢાઈ કરીને યરુશાલેમનું મંદિર તેમ જ રાજમહેલનો ભંડાર લૂટ્યાં, અને તેમાંથી પુષ્કળ મિલકત મેળવી (૧૪; ૨૫,૨૬). આ દેશનાં ઘણાં મંદિરની માફક યહૂદીઓનું મંદિર પણ જાતજાતની ધનદોલતથી ભરપૂર હતું. શત્રુઓ અનેક વાર તે ધનદોલત લૂંટી લેતા, તેમ જ લાંચ કે ખંડણી તરીકે યહૂદીઓ તેનો દુરુપયોગ કરતા, એવું આ પુસ્તક પરથી માલૂમ પડે છે (૧ રા.૧૪;૨૬ : ૧૫;૧૮ : ૨ રા.૧૨;૧૮ : ૧૪;૧૪ : ૧૬;૮,૧૭,૧૮ : ૧૮;૧૫,૧૬ : ૨૪;૧૩ : ૨૫;૧૩-૧૭).

આ બાબત પર સંપાદકે વિશેષ લક્ષ આપ્યું હોય, એમ લાગે છે. બેથેલના મંદિરમાં દ્રવ્યનો એવો સંગ્રહ નહોતો (૨ રા.૧૫;૧૯,૨૦).

૨. યોશીયાહ. ત્રણસો વર્ષ પછી (૬૦૮) તે સમયનો ફારૂન પાલેસ્ટાઈનમાં થઈને આશ્શૂર પર ચઢાઈ કરવા ગયો, તેની સામે યોશીયાહ લશ્કર લઈને નીકળ્યો. મગિદ્દો આગળ જ્યારે તેઓ

સામસામા મળ્યા, ત્યારે ફારૂને "યોશીયાહને જોઈને તેને મારી નાખ્યો" (૨ રા.૨૩;૨૯. જુઓ ૨ કાળ.૩૫; ૨૦-૨૪). યોશીયાહની જગાએ લોકે તેના નાના પુત્ર યહોઆહાઝને રાજા બનાવ્યો; પણ ત્રણ માસ પછી ફારૂન-નકોહ પાછો આવીને યહોઆહાઝના મોટા ભાઈ યહોયાકીમને ગાદીએ બેસાડીને યહોઆહાઝને કેદ કરી તેને મિસરમાં લઈ ગયો (૨૩;૩૪. જુઓ યર.૨૨;૧૧,૧૨).

આશ્શૂર રાજ્ય નાશ પામવાની તૈયારીમાં હતું, તેમાંથી કોઈ ભાગ પડાવી લેવાની ઈચ્છાથી ફારૂન-નેકોહે તેના પર ચઢાઈ કરી. પણ ફારૂનના લશ્કરને આશ્શૂર તરફ જતાં યોશીયાહ રોકવા ગયો, તેમ કરવાનું શું કારણ હતું, તે જણાતું નથી. કદાચ ઉત્તર ઈસ્ત્રાએલનો પ્રદેશ પાછો કબજે કરી લઈ ને દાઉદ તથા સુલેમાનના સમયના મોટા રાજ્યની પુનઃસ્થાપના કરવા તે ઇંતેજાર હોય. આશ્શૂરના રાજનગર નીનવેહનું પતન ૬૦૬ની સાલમાં થયું, ત્યાર પછીની બીજી સાલે બાબેલના સૈન્યથી ફારૂનનો પરાજય કરવામાં આવ્યો. યોશીયાના મરણથી તેમજ આ પરાજયથી યહૂદાહની રાજકીય પરિસ્થિતિ પર કેવી અસર થઇ, તેનું વિવેચન યિર્મેયાના પુસ્તકની પ્રસ્તાવનામાં કરવામાં આવશે.

મિસરની સાથે લડાઈ ભાગ્યે જ કરવામાં આવતી હતી, એવું જોવામાં આવ્યું છે. એનું કારણ એ છે કે અરામ, આશ્શૂર તથા બાબેલોન વચ્ચેનો જે ધોરી રસ્તો હતો, તે પાલેસ્ટાઇનમાં થઈને જતો હતો, તેથી મિસરના રાજાઓ યહૂદાહની સાથે મિત્રાચારીનો સંબંધ રાખવાની ઈચ્છા ધરાવતા હતા. પણ દુશ્મનાવટ કરતાં મિસરની મિત્રાચારી ઈસ્ત્રાએલને વધારે નડતરરૂપ થઈ પડી. સમરૂનનો (૨ રા.૧૭;૪) તેમ જ યરુશાલેમનો (યર.૩૭;૭) નાશ મિસરની સાથે કરાએલાં કાવતરાંને લીધે થયો. હોશીઆના વખતમાં (૭;૧૧ : ૮;૯ : ૧૨;૧) તેમ જ યશાયા (૩૦;૧-૩) અને યિર્મેયાના વખતમાં ઈસ્ત્રાએલ તથા યહૂદાહના દરબારોમાં મિસરની તરફેણ કરનારા જેઓ હતા તેઓને સંબોધીને હિઝકીયાહની ઠઠ્ઠામશ્કરી કરતાં સાન્હેરીબનો સંદેશિયો બોલ્યો, કે મિસર તો છૂંદાઈ ગએલા બરૂરૂપ છે, તેના પર આધાર રાખનારની હથેલીમાં પેસીને તે તેને વીંધી નાખશે. અને બન્યું પણ એમ જ (૨ રા.૧૮;૨૧).

C. અરામ સાથેની લડાઈ.

અરામીઓ અને ઈસ્ત્રાએલીઓ વચ્ચે નિકટનો સંબંધ હતો. ઉત.૧૦;૨૨ પ્રમાણે અરામ શેમનો દીકરો હતો, તેથી લોહી તેમ જ ભાષા અંગે તે બે પ્રજા સગા જેવી હતી. જતે દહાડે અરામી ભાષાની આગળથી અરબી તથા બીજી ભાષાઓનો ક્ષય થયો એઝરા (૪;૮-૬;૧૮) તથા દાનિયેલ (૨;૪-૭;૨૮) તે બન્ને પુસ્તકોનો કેટલોએક ભાગ તે ભાષામાં લખેલો છે. તે બે પુસ્તક હેબ્રી નિયમગણના ત્રીજા એટલે સહુથી નવીન વખતના વિભાગમાં આવેલાં છે. આબ્શાલોમની મા અરામી હતી (૨ શમૂ.૩;૩), તે કારણને લઈને આબ્શાલોમે પોતાના ભાઈ આમ્નોનને મારી નખાવ્યા પછી ગેશૂરીઓ નામના (યહો.૧૨;૫) અરામી પ્રજાની એક કોમના જે લોક હતા, તેમનો આશ્રય લીધો (૨ શમૂ.૧૩;૩૮). આવો નિકટનો સંબંધ હોવા છતાં અરામ ઉત્તર ઈસ્ત્રાએલની સાથે લડયા જ કરતું હતું.

૧. બાઅશા. તેની સાથે અરામના રાજા બેન-હદાદ ૧લાએ કરાર કર્યો હતો, છતાં યહૂદાહના રાજા આસા પાસેથી લાંચ લઈને તેણે તે કરાર તોડી ઈસ્ત્રાએલ પર હુમલો કર્યો.

૨. ઓમ્રી. તેની કારકિર્દીમાં અરામે ફરીવાર હુમલો કર્યો, તેને લીધે ઓમ્રીને અરામી વેપારીઓને સમરૂનમાં ચોકચૌટાં બનાવવાની રજા આપવી પડી (૧ રા.૨૦;૩૪).

૩. આહાબ. પહેલવહેલાં આહાબે બેન-હદાદે મૂકેલી શરતો સ્વીકારી ખરી (૧ રા.૨૦;૧-૪). પણ પછીથી તેણે તેમનો અનાદર કર્યો, ત્યારે અરામીઓ તેની સામા થયાં ; પરંતુ જે યુદ્ધ થયું તેમાં અરામીઓએ હાર ખાધી (૨૦; ૧૧-૨૨). ત્યાર પછીની સાલે બેન-હાદાદે ફરીથી ચઢાઈ કરી, અને બીજી વાર પણ તે હારી ગયો. પરંતુ ઓમ્રીના વખતમાં જીતી લીધેલાં શહેરો તે પાછાં આપે, તેમ જ દમસ્કમાં તે ઈસ્ત્રાએલી વેપારીઓને ચોકચૌટાં બાંધવાની છૂટ આપે, એવી શરતે સમાધાન કરવામાં આવ્યું (૨૦;૨૩-૩૪). પરંતુ આ કરાર પ્રમાણે બેન-હદાદે રામોથ-ગિલઆદ પાછું આપવું જોઈતું હતું, તે તેણે આપ્યું નહિ (૨૨;૩). તે કબજે કરવા સારુ જ્યારે આહાબ ગયો, ત્યારે રણક્ષેત્રમાં તે માર્યો ગયો (૨૨;૩૫).

૪. યોરામ. તેની કારકિર્દીમાં અરામીઓએ બેચાર વાર

ઇસ્રાએલ પર ચઢાઇ કરી, પરંતુ એલીશાની સલાહથી ઇસ્રાએલીઓ દર વખતે તેઓના પર ફાવી ગયા (૨ ૨૧.૬; ૮-૨૩).

૫. યેહૂ. એલીશાના વચનથી ઉશ્કેરાઇને હઝાએલ બેન-હદાદ રાજાનું ખૂન કરીને અરામનો ગાદીપતિ બની ગયો. વળી હઝાએલ તો ઇસ્રાએલને ત્રાસ આપનાર થશે, એવું એલીશાએ અગાઉથી કહ્યું હતું (૮;૧૨). આહાબે પ્રવર્તાવેલી મૂર્તિપૂજાનું તેમ જ યેહૂની નિર્દયતાનું કડવું ફળ ઇસ્રાએલને ભોગવવું પડ્યું. તે દિવસોમાં અરામીઓ ઇસ્રાએલની સર્વ સીમમાં લોકને હેરાન કરતા હતા (૧૦;૩૨,૩૩). તેઓ પલિસ્તીઆ સુધી આગળ ધસ્યા, પણ યરુશાલેમને તેઓએ ઘેરો ઘાલ્યો, ત્યારે યહોઆશે તેમને લાંચ આપીને પાછા કાઢ્યા (૧૨;૧૮).

૬. યેહૂનો દીકરો યહોઆહાઝ. તેના વખતમાં હઝાએલ તથા તેના પુત્ર બેન-હદાદ ઉજાએ ઇસ્રાએલ પરની ચઢાઇઓ ચાલુ રાખી (૧૩;૩).

૭. યહોઆહાઝનો દીકરો યહોઆશ. આવે પ્રસંગે "યહોવાએ ઇસ્રાએલને એક છોડાવનાર આપ્યો," એમ કહેલું છે (૧૩;૫). તે યહોઆશ (૧૩;૨૫) હોય કે યરોબઆમ બીજો (૧૪;૨૭) હોય, તે ખાતરીપૂર્વક કહેવાય એમ નથી. એલીશાના કહ્યા પ્રમાણે (૧૩;૧૯) યહોઆશે ત્રણ વાર અરામીઓને હરાવ્યા (૨૫), તેથી છોડાવનાર તે યહોઆશ હશે એવું સમજી શકાય.

૮. યહોઆશનો દીકરો યરોબઆમ ૨જો. તેના બાપની માફક તેણે પણ અરામીઓને હાંકી કાઢીને દેશની હદ હમાથના નાકા સુધી પાછી સ્થાપન કરી (૧૪;૨૫). આવી ફતેહ પામવાનું કારણ એ હતું, કે આશ્શૂરીઓ પશ્ચિમ તરફ આગળ ધસવા લાગવાથી અરામીઓ પોતાની ઉત્તર તરફની સીમાનું રક્ષણ કરવામાં રોકાએલા હતા.

૯. પેકાહ. આશ્શૂરીઓને અટકાવવા સારુ અરામીઓએ ઇસ્રાએલીઓની સાથે કોલકરાર કર્યા, અને તે બંનેએ યહૂદાહના રાજા આહાઝને પોતાની સાથે જોડાવાની વિનંતી કરી ; પરંતુ આહાઝે એ વિનંતીનો અસ્વીકાર કર્યો, તેથી ભેગાં થઇને તે બંને રાજ્યોએ ૭૩૫ની સાલમાં વિના કારણ યહૂદાહ પર હુમલો કર્યો (૧૬;૫). હવે અરામ તથા ઇસ્રાએલ બંનેનો અંત પાસે આવેલો હતો.

D. આશ્શૂરની સાથે.

આશ્શૂર રાજ્યના કેટલાએક સ્તંભ પર કોતરાએલા લેખોમાં ઇસ્રાએલને લગતી વાતો મળી આવે છે. તે "ઓમ્રીનો દેશ" કહેવાય છે. વળી આશ્શૂરની વિરુદ્ધ આહાબે અરામીઓની સાથે સહકાર કર્યો, તેમ જ યેહૂએ આશ્શૂરને ખંડણી ભરી આપી, એમ પણ એક સ્તંભના લેખમાં લખેલું છે.

(૧) **મનાહેમ.** તેની કારકિર્દીમાં તિગ્લાથ-પિલેસેર (ઉર્ફે પૂલ) ઇસ્રાએલ પર ચઢાઇ કરી, પણ એક હજાર તાલંત રૂપાની બક્ષિશ મળવાથી તે પાછો ગયો (૧૫;૧૯). પરંતુ આશ્શૂરની દાનત તો મિસર કબજે કરવાની હતી. ત્યાં જવાનો એક જ રસ્તો હતો, ને તે ઇસ્રાએલના રાજ્યદરબારમાં બે પક્ષ પડ્યા, એટલે એક તો આશ્શૂરની તરફેણનો, અને બીજો મિસરની તરફેણનો (હો.૭;૧૧ : ૧૨;૧). મનાહેમ પછી તેનો પુત્ર પકાહ્યાહ ગાદીપતિ થયો, પણ તે આશ્શૂરના પક્ષનો હોવાને લીધે તેને મિસરના પક્ષના પેકાહે મારી નાખ્યો (૧૫;૨૫).

(૨) **પેકાહ.** તે વખતે આશ્શૂરની વિરુદ્ધ ઘણાં રાજ્યોએ એક્કો કર્યો, તેમાં ઇસ્રાએલ પણ જોડાઇ ગયું. પણ ઉપર કહ્યા પ્રમાણે યહૂદાહે તેમાં દાખલ થવાની ના પાડી. અરામી તથા ઇસ્રાએલી લશ્કરો હજુ યરુશાલેમને ઘેરો ઘાલવામાં રોકાએલાં હતાં, એટલામાં તિગ્લાથ-પિલેસર ઇસ્રાએલ પર અચાનક હુમલો કરીને દેશનો ઘણોખરો ભાગ કબજે કરીને તેના રહેવાસીઓને કેદ કરી આશ્શૂર લઇ ગયો (૧૫;૨૯. ૭૩૩ની સાલમાં). આશ્શૂર પક્ષનો હોશીઆ પેકાહને મારી નાખીને આશ્શૂરના એક ખંડિયા રાજા તરીકે ગાદીપતિ થયો.

(૩) **હોશીઆ.** જ્યાં સુધી તિગ્લાથ-પિલેસર જીવતો રહ્યો, ત્યાં સુધી હોશીઆ તેને ખંડણી ભરતો રહ્યો. પછી તેણે બંડ કર્યું. પરંતુ જ્યારે શાલ્મોનેસેર ચઢી આવ્યો, ત્યારે તે તેની આગળ નમી ગયો. પણ વધારે વખત આધીન નહિ રહેતાં તે મિસરના રાજાની સાથે કાવતરૂં કરવા લાગ્યો. તે સહન નહિ કરીને શાલ્માનેસેરે સમરૂનને ઘેરો ઘાલ્યો (૧૭; ૪,૫). ઘેરો ત્રણ વર્ષ ચાલ્યો, તે અરસામાં શાલ્માનેસેર મરી ગયો અને સરદાર સાર્ગોન રાજા થયો, તેણે શહેર કબજે કર્યું, અને દેશની લગભગ તમામ વસતિને બંદીવાસમાં લઇ જવામાં આવી, ને

તેની જગાએ તાબે થએલા બીજા જુદા જુદા લોકોને વસાવવામાં આવ્યા. જેઓ પાછળથી "સમરૂની" નામથી ઓળખાવા લાગ્યા, તેઓ આ લોકોનાં સંતાન છે (એઝ.૪; ૨,૯ વગેરે). આ બનાવથી ઉત્તર ઇસ્ત્રાએલનાં દસે કુળનું નામનિશાન ઇતિહાસમાંથી ભૂંસાઇ ગયું.

(૪) હિઝકીયાહ. તેણે પણ આશૂરની વિરુદ્ધ આસપાસનાં રાજ્યોનું સંગઠન કરાવ્યું. એ કારણથી સાન્હેરીબે દક્ષિણ તરફના સર્વ દેશો પર ચઢાઇ કરી. એક સ્તંભ પરના લેખ મુજબ તેણે હિઝકીયાને "પાંજરામાં રાખેલા પક્ષી" પેઠે બંધ કરાવ્યો. પણ હિઝકીયા તેને તાબે થવાથી યરુશાલેમનો બચાવ થયો (૧૮; ૧૩-૧૬). પછીથી કંઇક કારણસર સાન્હેરીબે એલચીઓની મારફતે પોતાને યરુશાલેમ સ્વાધીન કરવાની માગણી કરી. પણ યશાયાના કહેવાથી હિઝકીયાએ તેમ કરવાની ના પાડી, અને રાજાએ તથા પ્રબોધકે કરેલી પ્રાર્થનાના પ્રત્યુત્તરમાં યહોવાએ ચમત્કારિક રીતે શહેરનો બચાવ કર્યો (૭૦૧). આ બનાવનું પૂર્ણ વર્ણન ૨ ૨ા.૧૮ ને ૧૯માં તથા યશ.૩૬ ને ૩૭માં કરેલું છે.

(આ સમયમાં બાબેલોન શહેર આશૂરને તાબે હતું (૧૭;૨૪). પણ મેરોદાખ-બાલઅદાન નામનો એક નાનો ખાલદી રાજા હતો, તેણે ૭૨૧ની સાલમાં તે શહેર કબજે કરીને જ્યાં સુધી ૭૧૦ની સાલમાં સાર્ગોને તેને કાઢી મૂક્યો નહિ, ત્યાં સુધી તેમાં રાજ ચલાવ્યું. ફરીથી ૭૦૨ની સાલમાં થોડા મહિના સુધી બાબેલોન તેના તાબામાં રહ્યું, પણ તે સાલે સાન્હેરીબે તેને તેમાંથી હાંકી કાઢ્યો. શહેર હજુ મેરોદાખ-બાલઅદાનના તાબામાં હતું તે અરસામાં-પછી હોય પહેલા વખતમાં કે હોય બીજા વખતમાં-તેણે એલચીઓ મોકલીને પાલેસ્ટાઇનના લોકને આશૂરની વિરુદ્ધ ઉશ્કેરવાનો પ્રયત્ન કર્યો. એલચીઓ યરુશાલેમ આવ્યા ત્યારે હિઝકીયાહે તેમનો સારો સત્કાર કરીને પોતાના ભંડારોમાં ભરેલી સર્વ ધનદોલત તેઓને બતાવી. એ યશાયાના જાણવામાં આવતાં તેણે રાજાને ધમકી આપીને બંદીવાસ થવાની આગાહી તેને કહી સંભળાવી (૨૦; ૧૨-૧૯)).

E. યહૂદાહ અને બાબેલોન વચ્ચેની લડાઇઓ.

૬૦૬ની સાલમાં નબૂખાદનેસ્સારની સરદારી નીચે માદી તથા ખાલદી લશ્કરોએ નીનવેહ નગર જીતી લઇને આશૂરના રાજ્યનો નાશ

કર્યો. (નબૂખાદનેસ્સારના નામનું જે બીજું રૂપ યિર્મેયાના પુસ્તકમાં (ત્રણેક અધ્યાય સિવાય) મળી આવે છે, એટલે નબૂખાદનેસ્સારે કોર્કેમીશ આગળ ફારૂન-નકોહને હરાવીને (૬૦૫) પાલેસ્ટાઈન તરફના સર્વ દેશો પર પોતાની આણ વર્તાવી. યહૂદાહ પણ બાબેલોનનો તાબેદાર થયો. તેને પૂરી રીતે આધીન રહેવામાં જ યહૂદાહની સહિસલામતી રહેલી હતી.

(૧) **યહોયાકીમ** (૬૦૮-૫૯૭). પણ યહોયાકીમ એશઆરામમાં પોતાના દિવસો ગાળતો હતો. યિર્મેયાએ આપેલી ચેતવણીની તે કશી દરકાર કરતો નહોતો. યિર્મેયાનાં લેખિત ભાષણ તેની આગળ વાંચી સંભળાવવામાં આવ્યાં, ત્યારે જે ઓળિયામાં તે લખેલાં હતાં, તે વાંચનાર પાસેથી ખૂંચવી લઈને તેણે તેનાં પાનાં કાપી કાપીને દેવતામાં ફેંકી દીધાં. ત્રણ વરસ લગી તે બાબેલને ખંડણી ભરતો રહ્યો ખરો, પણ ચોથી સાલે (૫૯૮) તેણે બંડ ઊઠાવ્યું. આમ બન્યું ત્યારે બાબેલની ઉશ્કેરણીથી જાતજાતના લોકની ટોળીઓ યહૂદાહ પર ચઢી આવી. તેમની સાથે લડતાં લડતાં યહોયાકીમ માર્યો ગયો હશે. "જેમ ગધેડાને દાટી દેવામાં આવે છે, તેમ તેઓ તેને દાટશે," એવી આગાહી યિર્મેયાએ તેના વિષે કહી હતી (૨૨;૧૩-૧૯). આશ્શૂરનું સૈન્ય યરુશાલેમ આગળ પહોંચી ગયું, તે પહેલાં યહોયાકીમનું મરણ થયું હતું.

(૨) **યહોયાખીન.** તેની કારકિર્દી માત્ર ત્રણ મહિનાની હતી. કેમકે જેમ ઉપર કહેવામાં આવ્યું, તેમ ૩ મહિના પછી લશ્કર સાથે નબૂખાદનેસ્સારે શહેરને ઘેરો ઘાલ્યો કે તરત રાજા તેને શરણ થયો, એટલે રાજા, રાજમાતા તથા ઊંચ વર્ગના સર્વ લોકને બંદીવાસમાં લઈ જવામાં આવ્યાં. બાકી રહેલા લોકો બહુ ગરીબ હતા. તેઓને યિર્મેયાએ "બગડી ગએલાં અંજીર" ની ઉપમા આપી, પણ બંદીવાસીઓને તેણે "બહુ સારા અંજીર" ની ઉપમા આપી (૨૪;૧-૩). યહોયાખીનને બદલે નબૂખાદનેસ્સારે તેના કાકા સિદકીયાહને ગાદીએ બેસાડ્યો.

(૩) **સિદકીયાહ (૫૯૭-૫૮૬).** તે તેની કારકિર્દીનાં પહેલાં નવ વર્ષ લગી બાબેલોનને આધીન રહ્યો ; પરંતુ યિર્મેયાએ આપેલી ચેતવણી પ્રત્યે આંખ આડા કાન કરીને તેણે પણ ૫૮૮ની સાલમાં પોતાના ભાઈની પેઠે બંડ ઊઠાવ્યું. બીજી સાલે યરુશાલેમ આગળ આવી

પહોંચીને નબૂખાદનેસ્સારે શહેરને ઘેરો ઘાલ્યો. મિસરીઓ સિદકીયાહની કુમકે આવ્યા ખરા, પણ હારી ગયા (યર.૩૭;૩-૧૦). દોઢ વર્ષ ઘેરો ચાલુ રહ્યા પછી નબૂખાદનેસ્સારે શહેર કબજે કરીને રાજાને તથા બાકી રહેલી વસતીના મોટા ભાગને બંદીવાસમાં લઇ ગયો. બાદશાહના ફરમાનથી મંદિર, રાજમહેલ તથા શહેરમાંનું દરેક મોટું ઘર બાળી મૂકવામાં આવ્યાં, તેમ જ કોટ પણ તોડી પાડવામાં આવ્યો.

રાજાની તથા રૈયતની ધર્માંધતાનું તેમ જ તેઓએ કરેલી મૂર્ખાઈનું દુઃખદ વર્ણન યિર્મેયાના પુસ્તકમાં મળી આવે છે. "ઓ યરુશાલેમ, યરુશાલેમ, પ્રબોધકોને મારી નાખનાર ને તારી પાસે મોકલાએલાઓને પથ્થરે મારનાર" (મા.૨૩;૩૭). એ પ્રભુ ઈસુનું વચન પુરાતન કાળથી જ યરુશાલેમને બંધબેસતું આવે છે. જેમ પ્રભુ ઈસુના સમયમાં તેમ યિર્મેયાના સમયમાં પણ યરુશાલેમ પોતાની શાંતિને લગતાં જે વાનાં હતાં તે જાણતું નહોતું.

૬. યહૂદાહ તથા ઈસ્ત્રાએલનું ધાર્મિક જીવન.

A. આ ઓળિયાનાં પહેલાં કેટલાંએક પૃષ્ઠોમાં મંદિર બંધાયાની વાતનું તથા ધામધૂમ સહિત કરાએલી તેની પ્રતિષ્ઠાક્રિયાનું વર્ણન કરેલું છે. તેનાં છેલ્લાં પૃષ્ઠોમાં તેજ મંદિરના નાશનું તથા તેની સર્વ સામગ્રી બાબેલોન લઇ જવાની વાતનું વર્ણન કરેલું છે. કરારકોશ હતો ન હતો થઇ ગયો હતો. તે બાવળનો બનાવેલો હતો (નિ.૨૫;૧૦). તો મંદિર બાળી નાખવામાં આવ્યું, ત્યારે કોશ પણ ભસ્મ થઇ ગયો હશે શું? તે યહોવાની સમક્ષતાનું (હેબ્રી=મુખનું) ચિહ્ન હતો. તો યહોવાએ ઈસ્ત્રાએલીઓ સાથેની પોતાની સંગત બંધ કરી દીધી એમ સમજવું શું? તે તેઓની મધ્યે માત્ર રાતવાસો કરનાર કોઇ વટેમાર્ગુ જેવો હતો શું? શું તે ખરેખર ઈસ્ત્રાએલની અવિચળ આશા નહોતો? (યર.૧૪;૮). પ્રબોધકોનાં પુસ્તકોમાં, વિશેષે કરીને યર્મેયાના પુસ્તકમાં આ પ્રશ્નોનો પ્રત્યુત્તર મળી આવે છે.

વિશ્વાસઘાતને લીધે ઈસ્ત્રાએલનો તેમ જ યહૂદાહનો નાશ થયો હતો, એવું ઉપર કહેવામાં આવ્યું છે. તો જે પ્રજાને "યાજકોનું રાજ્ય તથા પવિત્ર દેશજાતિ થવા સારુ" પસંદ કરવામાં આવી હતી (નિ.૧૯;૬), તેણે આવો વિશ્વાસઘાત કેમ કર્યો હશે? એ વચન

અરણ્યમાં બોલવામાં આવ્યું હતું, પણ જ્યારથી ઇસ્ત્રાએલીઓએ કનાન દેશમાં પ્રવેશ કર્યો, ત્યારથી જ તેઓ બઆલની પૂજારૂપ મોહરૂપ પાશમાં સપડાવા લાગ્યા હતા. પ્રવેશ કર્યા અગાઉ પણ એક પ્રસંગે તેઓ તેમાં ફસાઇ ગયા હતા (ગણ.૨૫;૧-૩). તે પ્રસંગે કરાએલા પાપ સંબંધી હોશીઆએ જે ગંભીર શબ્દો ઉચ્ચાર્યા તે આ છે, કે "તેઓ બઆલ-પેઓર પાસે જઇને તે લજ્જાકારક વસ્તુને સમર્પિત થયા, ને તેઓ પોતાને પ્રિય લાગતી વસ્તુના જેવા ધિક્કારપાત્ર થયા" (૯;૧૦). ઉચ્ચસ્થાનો રહેવા દેવામાં રાજાઓએ ઘણું ખોટું કર્યું, એવો આ પુસ્તકો રચનારાનો જે અભિપ્રાય હતો, તે બેશક ખરો જ છે.

ઇસ્ત્રાએલીઓ આટલા બધા જલદી ફસાઇ ગયા, એનું શું કારણ હશે? અધોગતિના માર્ગમાં તેઓ સહેલાઇથી પડી ગયા, એનાં બે મુખ્ય કારણ હતાં.

(૧) બઆલનું નામ તેઓને નડતરરૂપ નીવડ્યું. બઆલનો અર્થ "ધણી" કે "શેઠ" છે. હવે એવા અર્થવાળું નામ લઇ ને તેઓ યહોવાની ભક્તિ કરે, એમાં કંઇ ખોટું છે, એ તેઓથી સમજાતું નહોતું. "તે દિવસે (એટલે બંદીવાસરૂપ ભઠ્ઠીમાં ઇસ્ત્રાએલીઓ શુદ્ધ કરાઇ રહેશે, તે દિવસે) તું મને ઇશી (=મારા પતિ) કહીને બોલાવશે, અને ફરીથી મને કદી બઆલી (=મારા શેઠ) કહીને બોલાવશે નહિ," એવી અગમવાણી હોશીઆ પ્રબોધકે જાહેર કરી (૨;૧૬). (૨) તેજ રીતે વાછરડાની પૂજા કરતાં અમે યહોવાની જ ભક્તિસેવા કરીએ છીએ, એમ તેઓ સમજતા હતા (નિ.૩૨;૪). સિનાય આગળ જેમ હારુને કહ્યું હતું, તેમ બેથેલ તથા દાનમાં વાછરડાની મૂર્તિઓ પધરાવીને યરોબઆમે કહ્યું, કે "હે ઇસ્ત્રાએલ, તારા જે દેવો મિસર દેશમાંથી તને કાઢી લાવ્યા તે આ રહ્યા" (૧ ૨ા.૧૨;૨૮). આવી રીતે ઇસ્ત્રાએલીઓ મૂર્તિપૂજાના પાપમાં સપડાઇ ગયા.

રાજમહેલના અંત:પુરમાં પોતાની જે પરદેશી સ્ત્રીઓ હતી, તેઓથી મોહિત થઇને સુલેમાન રાજાએ તેની વૃદ્ધાવસ્થામાં તેઓને ખુશ કરવા માટે તેઓનાં વિવિધ દેવદેવીઓને સારુ ઉચ્ચસ્થાનો બંધાવ્યાં, એમ કરવામાં તેણે પણ ધાર્મિક જીવનની અધોગતિનું મૂળ રોપ્યું (૧ ૨ા.૧૧; ૫-૮). ઇસ્ત્રાએલમાં યરોબઆમે પણ પોતાની લોકને એજ માર્ગે ચઢાવ્યા. પરંતુ જ્યાં સુધી સીદોનના રાજાની દીકરી ઇઝેબેલે

પોતાના ધણી આહાબને સીદ્દોની બઆલની મૂર્તિપૂજા દાખલ કરાવવા ને યહોવાના યાજકોને મારી નખાવવા ઉશ્કેર્યો નહોતો ત્યાં સુધી ખરા અને ખોટા ધર્મે વચ્ચે એટલે યહોવા અને બઆલ વચ્ચેની સરસાઈ ખરેખરી અણી પર આવી નહોતી. એલિયાના વિશ્વાસથી તથા તેની હિંમતથી સત્ય ધર્મનો વિજય થયો હતો ખરો, પણ તેની અસર ઝાઝી મુદત ટકી નહિ. ફરીથી બઆલની પૂજા નાબૂદ કરવા સારુ એલીશાએ યેહૂનો રાજ્યભિષેક કર્યો. તેણે બઆલના સેવકોની ભારે ખૂનરેજી કરી, જેનું વર્ણન ૨ રા.૯ ને ૧૦માં કરેલું છે. પણ યેહૂની આસ્થા થોડા જ વખતમાં શિથિલ થઈ ગઈ (૧૦;૩૧), જેથી મૂર્તિપૂજાનો સડો ચોતરફ ફેલાઈ જતાં આખરે તેનાથી રાજ્યનું સત્યાનાશ વળ્યું (૨ રા.૧૭;૭-૨૩).

યહૂદાહ પ્રાંતમાં યરુશાલેમના મંદિરમાં ચાલતી ધર્મક્રિયાઓથી ખરો ધર્મ જળવાઈ રહ્યો હતો ખરો, છતાં ત્યાં પણ બઆલની પૂજા દાખલ થવા પામી હતી, તેને પરિણામે જ્યારે મંદિરમાંથી મળેલા ઓળિયામાં લખેલાં વચનને માન આપીને યોશીયાહ મંદિરનું શુદ્ધિકરણ કરવા ગયો, ત્યારે તેને મંદિરમાં અનેક પ્રકારના દેવતાઓની પૂજા ચાલતી જણાઈ. વળી દેવદાસો તથા દેવદેવીઓએ બંનેને પણ ત્યાં રાખવામાં આવેલાં હતાં (૨ રા.૨૩;૪-૭).

આટલી બધી દુર્દશા કેમ ઉપસ્થિત થઈ હશે? આસા રાજાએ પોતાની કારકિર્દી દરમિયાન ધર્મસુધારો કર્યો હતો ખરો, પણ જે છ વર્ષ રાજમાતા અથાલ્યાહે રાજ્યનો વહીવટ ચલાવ્યો હતો, તે અરસામાં તેણે બઆલની પૂજાને સારુ મંદિર બંધાવીને તેમાં વેદીઓ તથા મૂર્તિઓ મુકાવી હતી (૨ રા.૧૧;૧૮). યહોવાહના ચુસ્ત સેવક યહોયાદાથી દોરવાઈને જુવાન રાજા યહોઆશે મંદિર શુદ્ધ કર્યું ખરું, પણ આહાઝના વખતમાં મૂર્તિપૂજા પુનર્જીવિત થઈ. આહાઝે પોતાના દીકરાને અગ્નિમાં થઈને ચલાવ્યો (૧૬;૩). તે દમસ્ક ગયો, ત્યારે ત્યાંની એક વેદીની ખૂબીથી મોહિત થઈને તેણે તેના નમૂના પ્રમાણે બીજી વેદી બનાવડાવી, અને યરુશાલેમના મંદિરમાં દહનીયાર્પણની જે વેદી હતી, તેને એક બાજુએ ખસેડીને તેની જગાએ તે નવી વેદી ઊભી કરી (૧૬; ૧૦-૧૪). પરંતુ યશાયાના બોધથી પ્રેરાઈને તેના પુત્ર હિઝકીયાહે ઉચ્ચસ્થાનો વગેરે કાઢી નાખ્યાં. વળી પિત્તળનો જે સાપ મૂસાએ અરણ્યમાં બનાવ્યો હતો, તેના તેણે ટુકડેટુકડા કરી નાખ્યા (૧૮;૪),

કારણ કે જે વસ્તુ પહેલવહેલાં ઇસ્ત્રાએલીઓના બાપદાદાઓને સારુ બચાવનું સાધન થયું હતું, તેજ પાછળથી તેઓના સંતાનનો નાશ કરવાનું સાધન બની ગયું હતું. આવી રીતે હિઝકીયાહે ધર્મસુધારો કર્યો ખરો, પરંતુ તેના દીકરા મનાશ્શેહે તથા તેના પૌત્ર આમોને એ સુધારાનું નામનિશાન પણ રહેવા દીધું નહિ. કનાની દેવતાઓને સારુ મનાશ્શેહે ઉચ્ચસ્થાનો પાછાં બંધાવ્યાં કેવળ એમ નહિ, પણ જ્યોતિમંડળની જે પૂજા આશ્શૂરમાં ચાલતી હતી, તે તેણે ઇસ્ત્રાએલમાં દાખલ કરીને મંદિરનાં બન્ને આંગણાંમાં તે માટે વેદીઓ બંધાવી (૨૧; ૩-૫).

ધર્મની આવી દુર્દશા જોતાં યહોવાનું નામ તથા તેની ભક્તિસેવા દેશમાંથી છેક લોપ થઇ ગયાં હશે, એમ આપણને લાગે એ સ્વાભાવિક છે. પણ એમ બન્યું નહિ. યહોવાના કેટલાક વિશ્વાસુ ઉપાસકો નિર્ભય સ્થળે ગુપ્ત રહ્યા હતા, ત્યાં પોતાના લોકની યુવાવસ્થાના (યર.૨;૨,૩). આનંદી દિવસોનો ઇતિહાસ તેમ જ યહોવાના ધર્મના મૂળસિદ્ધાંતો તેઓ ઓળિયામાં નોંધી રાખતા હતા. યોશીયાહની કારકિર્દીને અઢારમે વર્ષે જે ઓળિયું મંદિરમાંથી મળી આવ્યું હતું તે તેજ ઓળિયું હોય, એવો સંભવ છે. તે ઓળિયાના વાંચનને પરિણામે ધર્મજાગૃતિ થઇ, અને મૂર્તિપૂજાનો સમૂળગો નાશ કરવામાં આવ્યો (અધ્ય.૨૩). પણ ભક્તિશીલ યોશીયાહ રણભૂમિમાં માર્યો ગયો તેથી, તેમ જ તેનો ભલો દીકરો કેદ કરાઇને મિસરમાં લઇ જવાયો તેથી લોકની આસ્થાને તેમ જ વિશ્વાસને ભારે ધક્કો પહોંચ્યો. હવે યરુશાલેમનું પતન થવાનાં માત્ર બાવીસ વર્ષ બાકી રહ્યાં હતાં (૬૦૮-૫૮૬). એ વખત દરમિયાન યર્મિયા લોકને યહોવાને જ વળગી રહેવાની આંસુ સહિતની વિનંતી કર્યા કરતો હતો, પણ તેઓ તેનું સાંભળવા ઇચ્છતા નહોતા. તેઓનો વિશ્વાસ બદલાઇને વહેમ બની ગયો હતો. તેઓ મંદિર પર ભરોસો રાખતા હતા ખરા, પણ મંદિરના જીવતા દેવ પર નહિ (યર.૭;૪), તેથી "તમારે લીધે સિયોન ખેતરની પેઠે ખેડાશે, ને યરુશાલેમના ઢગલા થઇ જશે" એવું જે ભવિષ્યવચન મીખાહે પ્રગટ કર્યું હતું (મી.૩;૧૨) તે પ્રમાણે જ બન્યું. એવી રીતે યરુશાલેમના નાશથી પ્રબોધકોના શિક્ષણની સચ્ચાઇ પર મુદ્રા મારવામાં આવી.

(૩) રાજાઓના સમયમાં ઈશ્વર વિષેના જ્ઞાનમાં લોકે કંઇ પ્રગતિ કરી હતી કે કેમ તે પ્રબોધકોનાં પુસ્તકોના અભ્યાસ પરથી માલૂમ પડશે. અહીં આગળ બેચાર વાત પર લક્ષ આપવું ઠીક પડશે.

(અ) આ બાબતના ઇતિહાસમાં સુલેમાને બાંધેલું મંદિર એક માર્ગસ્તંભ જેવું છે. મંદિર બંધાયું નહોતું ત્યાં સુધી યહોવા "તંબુમાં તથા મંડપમાં રહીને ફર્યો હતો" (૨ શમૂ.૭;૬). પણ હવે પછીથી પથ્થરના બંધાએલા ઘરમાં તે રહેવા લાગ્યો હતો. તે ઘર તેના પરાક્રમ તથા મહિમાની નિશાની હતું. તોપણ તે "ગાઢ અંધકારમાં" રહેતો હતો (૧ ૨૧.૮;૧૨). મંદિરનું પરમપવિત્રસ્થાન પ્રકાશ વિનાનું હતું, તે ઈશ્વરત્ત્વના મર્મનું ચિહ્ન હતું (ગી.૯૭;૨). વળી જો માણસ તેની પાસે આવવા માગે તો પસ્તાવો કરીને તે તેમ કરી શકતો હતો. પ્રાયશ્ચિત્તના લોહીદ્વારા દયાસન પાસે જવાય છે.

જેમ મુલાકાતમંડપનો સમય જતો રહ્યો હતો તેમ મંદિરના સમયની સમાપ્તિ પણ થવાની હતી. પણ તેની જગાએ તેના કરતાં ગૌરવી હોય એવું, હાથથી નહિ બંધાએલું પણ અનંતકાળનું, એક મંદિર ઊભું કરવાનું ઈશ્વરે નિર્માણ કર્યું હતું. સમયની સંપૂર્ણતાએ શબ્દ સદેહ થઈને આપણી મધ્યે મંડપમાં રહેવા આવ્યો, તેનામાં આપણને ઈશ્વર પિતાના મહિમાનાં દર્શન થાય છે. પણ સ્વર્ગના રાજ્યમાં મંદિર નથી, કેમ કે સર્વશક્તિમાન પ્રભુ દેવ તથા હલવાન એજ તેનું મંદિર છે (પ્ર.૨૧;૨૨).

(આ) બઆલના યાજકો પર એલિયાએ જે વિજય મેળવ્યો, તે પણ ઈસ્ત્રાએલના ધાર્મિક જીવનના ઇતિહાસમાં અણીનો એક બીજો પ્રસંગ ગણાવા જોગ છે. જો યહોવા દેવ છે, તો તેના સેવકોનાં અંતઃકરણમાં તટસ્થતા કે અનિશ્ચિતપણાને કંઇ પણ સ્થાન રહેલું નથી (૧ ૨૧.૧૮;૨૧). "એક જ પ્રભુ," એક જ વિશ્વાસ, એક જ બાપ્તિસ્મા, સર્વનો એક જ બાપ અને દેવ"--જૂના કરારનો તેમ જ નવા કરારનો બંનેનો એક જ નિયમ છે.

(ઇ) યહોવાએ એલિયાની સાથે વાતચીત કરી, ત્યારે "કોમળ ઝીણા સાદથી" તે બોલ્યો. એ પણ મહત્ત્વની વાત સમજવાની છે. કોમળ સાદથી ઈશ્વરે પોતાના સેવકને શાંતિમય સંદેશો કહી સંભળાવ્યો, તેમાં તેનું મહત્ત્વ રહેલું છે, એમ તો નહિ, કેમ કે આપેલો

સંદેશો તો ભયાવહ હતો. તેના મહત્ત્વનું કારણ એ છે, કે ત્યારે પહેલાં ભારે વાયુ, ધરતીકંપ તથા અગ્નિ એવાં એવાં સાધનો વડે ઈશ્વર પોતાને પ્રગટ કરતો હતો (સિનાય આગળના બનાવનો વિચાર કરો). પણ હવે જે દેખાય નહિ, એવા આત્મિક સાધનની મારફતે તેણે પોતાની ઇચ્છા એલિયાને જણાવી. આ તો પ્રભાતના તારા જેવી વાત હતી, જે આવનાર દિવસની આગાહીરૂપ હતી કે જ્યારે ઈશ્વર આત્મારૂપ છે, અને જે કોઈ તેની ભજનસેવા કરવા માગે તેણે આત્માથી તથા સત્યતાથી તેમ કરવું, એવો ધર્મોપદેશ પ્રભુ ઈસુ પ્રગટ થઈને કરવાનો હતો (યો.૪;૨૪).

"પ્રબોધકોના દીકરાઓ." હેબ્રી રૂઢિ પ્રમાણે આવાં વાક્યોમાં "દીકરાઓ" શબ્દમાં પુત્રના અર્થનું સૂચન રહેલું નથી, પણ તેઓ અમુક વર્ગના છે, એવા અર્થનું સૂચન રહેલું છે. એના અનેક દાખલાઓ છે : ઘણાં ગીતોને મથાળે (૪૨,વગેરે) "કોરાહના દીકરાઓ" એવા જે શબ્દો આવે છે, તેમાં કોરાહના સંતાનનું તો નહિ, પણ કોરાહની ટોળીમાંના ગવૈયાઓનું સૂચન રહેલું છે. "હલકા માણસો"=હેબ્રીમાં "બલીઆલના દીકરા" (પુ.૧૩;૧૩,ને ઘણી વાર. બલીઆલ=દુષ્ટતા). "રસાળ ટેકરી"=હેબ્રીમાં "ટેકરી, કે જે તેલનો દીકરો છે તે" (યશ. ૫;૧). "મરણના સપાટામાં સપડાએલાઓ"=હેબ્રીમાં મરણનાં છોકરાં (ગી.૧૦૨;૨૦). તેજ રીતે "પ્રબોધકના દીકરાઓ"=પ્રબોધકોના વર્ગના જુવાનીઆ.

તેઓ યહોવાના ચુસ્ત ઉપાસકો હતા, એવું શમૂએલના પુસ્તકની પ્રસ્તાવનામાં કહેવામાં આવ્યું છે. ૧ રાજામાં તેઓને લગતી માત્ર એક જ વાત સમાએલી છે (૨૦;૩૫). યહોવાના જે પ્રબોધકોની કતલ ઇઝેબેલ રાણી કરાવવા માગતી હતી (૧૮;૪) તેઓ એ હોય, અથવા જ્યારે આહાબ રામોથ-ગિલઆદ પર હુમલો કરવા ગયો, તેઓ પણ હોય. પરંતુ ૨ રાજાના પુસ્તકના પૂર્વાર્ધમાં તેઓને લગતી ઘણી વાતો મળી આવે છે (૨; ૩ વગ.:૪;૧,૩૮ : ૫;૨૨ : ૬;૧ : ૯;૧), જે પરથી તેઓ વિષે નીચેની હકીકત માલૂમ પડે છે :--(૧) તેઓની વ્યવસ્થિત સંસ્થા હતી; (૨) તેઓ રખડનારા નહિ, પણ જુદા જુદા મઠોમાં રહેનાર હતા; (૩) જેઓ ઉંમર લાયક હતા, તેઓ પરણેલા પણ હતા; અને (૪) લોક તરફથી તેઓને દાન મળતાં હતાં. એલીશા

તેઓનો મઠાધિકારી હોય, એમ લાગે છે. તેના સમય પછી તેઓ વિષે બીજી કોઇ વાત ૨ રાજાના પુસ્તકમાં મળતી નથી. તોપણ આમોસના પુસ્તકમાં તેઓ વિષે જે ટૂંક સૂચના મળે છે (૨;૧૧ : ૭;૧૪), તે પરથી તેઓની સંસ્થા હજુ ચાલુ હોય, એવું અનુમાન કરી શકાય એમ છે. જે અંધકારમય સમયમાં બઆલની પૂજા આખા દેશમાં પ્રવર્તી રહેલી હતી, તે સમય દરમિયાન પ્રબોધકોની આ ટોળીઓએ ઇસ્ત્રાએલના પુરાતન કાળની વાર્તાઓનો સંગ્રહ કર્યો હશે, એમ માનવું સંભવિત લાગે છે, જેમ અગાઉ કહેવામાં આવ્યું છે તેમ.

વિગતવાર કેટલીએક નોંધ.

A. ૧ રાજાઓનું પુસ્તક.

૧; ૧-૨;૧૧. ખરું જોતાં આ પ્રકરણ ૨ શમૂ.ના પુસ્તકની સમાપ્તિરૂપ છે. LXXની કેટલીએક આવૃત્તિમાં તે શમૂએલના પુસ્તકમાં સમાએલું જણાય છે.

દાઉદ રાજાના છેલ્લા દિવસનો હેવાલ વાંચતાં આપણને દુઃખ લાગ્યા વિના રહે એમ નથી. તોપણ રાજાના મરણ વખતે રાજદરબારોમાં એવાં કાવતરાં ઉપસ્થિત થવાનો સંભવ હોય છે, તે આપણે જાણીએ છીએ. પિતાના મરણ પછી તેનો પુત્ર ગાદીપતિ થાય, એ રિવાજ હજુ ઇસ્ત્રાએલના દરબારમાં દાખલ થયો નહોતો, તેથી કાવતરૂં કરનારાઓને લાગ ફાવે એ સંભવિત હતું.

યોઆબ તથા શિમઈને મારી નાખવા, એવો જે હુકમ દાઉદે સુલેમાનને કર્યો હતો તે વેર વાળવાની ઇચ્છાથી જ કરેલો હતો કે કેમ તે ખાતરીથી કહેવાય એમ નથી. યોઆબે જુદા જુદા માણસોનું જે ખૂન કર્યું હતું, તેનો દોષ દેશને લાગેલો છે, એવું સમજીને દાઉદે તેનું પ્રાયશ્ચિત્ત કરવાનું ધાર્યું હોય, એમ કહેવામાં કંઇ બાધ નથી, કેમ કે "જેથી તેણે વહેવડાવેલા રક્તનો દોષ તું મારા પરથી તથા મારા બાપના ઘર પરથી દૂર કર," એવો જે હુકમ સુલેમાને બનાયાહને આપ્યો, તેમાં પ્રાયશ્ચિત્તનો અર્થ સૂચવેલો છે (૨;૩૧).

૨;૩૫. "સાદોક." મંદિર બંધાયા પછી તેનો વહીવટ સાદોક તથા તેના સંતાનના હાથમાં આવ્યો. મક્કાબીઓના સમય સુધી સાદોક વંશના માણસો પ્રમુખયાજકનું પદ ભોગવતા આવ્યા હતા. હઝકીએલના શીખવવા પ્રમાણે એકલા સાદોકના દીકરાઓ યાજકો

કહેવાવા લાયક હતા (૪૦;૪૬). સાદોક (=ન્યાયી) નામ પરથી "સાદુકીઓ" નામ પડ્યું હતું.

અધ્ય.૩-૧૧. સુલેમાનની કારકિર્દી. આ પ્રકરણનું વાતાવરણ તદ્દન જુદું જણાય છે. ચારે બાજુએ શાંતિ છવાઇ રહેલી છે. યુદ્ધના પોકારને ઠેકાણે કારીગરોનાં ઓજારોથી થતો આનંદદાયક અવાજ સંભળાય છે (૬;૭). "વિવેકી હૃદય" (મૂળ અર્થ =શ્રવણ કરનારૂં હૃદય) પસંદ કરીને સુલેમાને પોતાની કારકિર્દીનો માંગલિક આરંભ કર્યો (૩:૯) તેની કારકિર્દી દરમિયાન રાજકિય બાબતોમાં જાતજાતનો સુધારો કરવામાં આવ્યો. દાખલા તરીકે (૧) તેણે રાજ્યની સારી વ્યવસ્થા કરી (અધ્યાય ૪) ; (૨) લગ્નોની મારફતે (૩;૧) તેમ જ કોલકરારો (૫;૧૨) વડે તેણે અન્ય રાજ્યોની સાથે સારો સંબંધ બાંધ્યો ; (૩) તેણે દરિયાઇ વેપારને ઉત્તેજન આપ્યું (૯;૨૬-૨૮ : ૧૦;૨૨) તેમ કરવાથી તેણે દેશની સમૃદ્ધિમાં ઘણો વધારો કર્યો (૧૦;૨૭) ; (૪) તે સર્વ ઉપરાંત તેણે મંદિર બંધાવીને તેની ઉદ્‌ઘાટનક્રિયા કરી (અધ્યાય ૬-૮).

પરંતુ જો કે બહારથી આબાદાનીનો દેખાવ હતો ખરો, તોપણ અંદરખાને તો સડો હતો. ગામડાંને ભોગે રાજનગર યરુશાલેમ સમૃદ્ધ થતું જતું હતું. વેઠિયાઓની મહેનતથી બાંધકામ કરવામાં આવતું હતું. ૯;૨૨ પ્રમાણે સર્વ વેઠિયાઓ પરદેશી હતા, પણ ૫;૧૩ ને ૧૧;૨૮ પ્રમાણે સુલેમાને વેઠ કરનારૂં લશ્કર સર્વ ઇસ્ત્રાએલમાંથી ઊભું કર્યું હતું. અશાંતિના ફેલાવનું તથા આખરે બળવો સળગી ઊઠવાનું એજ કારણ હતું.

૭;૨. "લબાનોન-વનગૃહ." આ ઇમારતમાં થાંભલાની જે ચાર હાર હતી, તેનો દેખાવ લબાનોનનાં મોટાં ઝાડના જેવો હતો, તે પરથી તેનું નામ પાડવામાં આવ્યું હતું.

૭;૨૧. "યાખીન" ને "બોઆઝ." આ નામોના અર્થ વિષે ચોક્કસ ખાતરી નથી. યાખીન="તે સ્થાપન કરશે" ને બોઆઝ ="તેનામાં બળ છે" --એવું ઘણાખરા સાક્ષરોનું માનવું છે. દરેક ઉચ્ચસ્થાનમાં વેદીની પાસે એક મૂર્તિરૂપ થાંભલો હતો, એવું આપણે અગાઉ જોઇ ગયા છીએ. પણ આ થાંભલા જુદા પ્રકારના હતા, તે મંદિરની પરસાળમાં ઊભા કરવામાં આવેલા હતા (જુઓ ૨ રા.૨૫;૧૩).

૮;૪. "લેવીઓ." આ બે પુસ્તકમાં લેવીઓનું નામ આ એક જ વાર આવેલું છે. પણ LXXમાં આ વાક્ય ("એટલે...આવ્યા") મળતું નથી.

૯;૨૬. "વહાણનો કાફલો" ("તાર્શીશી વહાણોનો કાફલો" : ૧૦;૨૨). હેબ્રીઓ તો સ્વભાવે દરિયાઈ વેપાર કરનારા નહોતા ; તેઓ ખેતીવાડી કરનારા લોક હતા. તેથી આ નવો ઉદ્યોગ ચલાવવામાં તેઓને ફૈનિકી ભોમિયા ખારવાઓને બોલાવીને તેનો વહીવટ તેમના હાથમાં સોંપવો પડ્યો. "તાર્શીશી વહાણો." તાર્શીશ એ સ્પેન દેશના એક બંદરનું નામ હતું, ત્યાંની લાંબી સફર કરી શકે, એવું મોટું વહાણ "તાર્શીશી વહાણ" કહેવામાં આવતું હતું.

૯;૨૮. "ઓફીર." તે ક્યાં છે, એ ખાતરીથી કહેવાય નહિ. તે ઈરાનના અખાતને કિનારે અથવા પૂર્વ આફ્રિકાને કિનારે આવેલું બંદર હોય, એવો મત પ્રચલિત છે. પણ "સોનું, રૂપું, હાથીદાંત, વાંદરા તથા મોર" એ સર્વે હિંદુસ્તાનમાંથી મળતી વસ્તુઓ છે, અને સુલેમાનનો કાફલો ગોધે આવતો હતો, એવી લોકકથા પુરાતન કાળથી તે તાલુકામાં ચાલતી આવેલી છે.

૧૦;૧. "શેબા." શેબા નામનો પ્રાંત અરબસ્તાનના નૈઋત્ય ખૂણામાં આવેલો હતો. લશ્કરી પ્રભાવથી નહિ, પણ કેવળ પોતાની બુદ્ધિથી સર્વ આકર્ષણ જે કરી શકે, એવા રાજાનું દૃશ્ય ધ્યાન આપવા લાયક છે. આવનાર મસીહની પ્રભુતા જેમાં રહેલી હતી તેના તે ઈશારારૂપ છે. પરંતુ જે મસીહ આવવાનો હતો તે તો આસન પર બિરાજીને નહિ, પણ વધસ્તંભે જડાઈને સર્વ માણસોને પોતા પ્રત્યે આકર્ષવાનો છે (યો.૧૨;૩૨).

અધ્ય.૧૧મો. આ અધ્યાયના બે જુદા જુદા ભાગ છે : (૧) ૧-૧૩. વૃદ્ધાવસ્થામાં સુલેમાને કરેલો વિશ્વાસઘાત, તથા તેને લીધે થનાર ન્યાયશાસનની ભવિષ્યવાણી ; (૨) ૧૪-૪૦ : સુલેમાનની કારકિર્દીના સર્વ દિવસોમાં (૨૫) ઉપસ્થિત થએલો અસંતોષ.

૧૧; ૩૦-૩૨. "બાર કકડા" -- "દસ કુળ" -- "એક કુળ." તો બાકીના કુળનું શું? ૧૨;૨૦ પ્રમાણે "એકલા યહૂદાહના કુળ સિવાય દાઉદના કુટુંબની કુમકે કોઈ રહ્યું નહિ." પણ ૧૨;૨૧,૨૩ પ્રમાણે બિન્યામીનનું કુળ યહૂદાહની સાથે જોડાઈ ગયું. યરુશાલેમ

બિન્યામીનની હદની અંદર બાંધેલું હતું, તેથી જો કે તે કુળના મોટા ભાગે યરોબઆમનો પક્ષ લીધો હશે, તોપણ તેનાં કેટલાંક કુટુંબો યહુદાહમાં દાખલ થએલાં હશે.

૧૬;૩૪. "જયેષ્ઠ પુત્રને ભોગે....સહુથી નાના દીકરાને ભોગે." હીએલના બે દીકરા અકસ્માત્ મરણ પામ્યા હશે, અથવા કનાની રીત પ્રમાણે તેણે બાંધકામ આરંભતાં પોતાના મોટા દીકરાનું, અને કામ સમાપ્ત થતાં પોતાના નાના દીકરાનું યજ્ઞાર્પણ કરીને યહોશુઆએ ઉચ્ચારેલો શાપ (યહો.૬;૨૬). નાબૂદ કર્યો હશે કે કેમ તે ખાતરીથી કહેવાય નહિ.

અધ્ય.૨૧મો. નાબોથની દ્રાક્ષવાડીની વાત. આ પણ મહત્ત્વનો પ્રસંગ ગણાવાજોગ છે. આહાબ રાજા વાજબી સાટે વાડી વેચાતી લેવા તૈયાર હતો (૨). પણ દરેક ઇસ્ત્રાએલીને તેની જમીન પ્રાણપ્રિય હતી (લે.૨૫;૨૩ : ગણ.૩૬;૭). તેથી જો કે માગનાર તો રાજા હતો, વળી જો કે તે વાજબી કિંમત આપવા માગતો હતો, તોપણ નાબોથે વાડી વેચવાની ના પાડી. એલિયા યહોવાનો પક્ષકાર હતો, વળી તે લોકના હકોની હિમાયત કરનાર પણ હતો. આ બાબતમાં તે બીજા મહાન પ્રબોધકોનો અગ્રગામી હતો.

B. ૨ રાજાઓનું પુસ્તક.

૧;૮. "કેશી પુરુષ" એટલે વાળવાળી ચામડીથી વેષ્ટિત. પ્રબોધક વર્ગના માણસો એવો કંઇ ખાસ પોશાક પહેરતા હોય, એમ જણાય છે (ઝખ.૧૩;૪ : મા.૩;૪).

૩;૧૫. "બજવૈયાએ વાજિંત્ર વગાડ્યું." હેબ્રી ક્રિયાપદ ચાલુ વર્તમાનકાળના સ્વરૂપમાં છે, તેથી જ્યારે જ્યારે એલીશા પ્રબોધ કરવા જતો, ત્યારે ત્યારે બજવૈયાની પાસે વાજિંત્ર વગડાવવાની તેની રીત હતી, એમ સમજવાનું છે.

૩;૨૭. "વડા દીકરાનું...બલિદાન આપ્યું." કમોશ મોઆબનો રાષ્ટ્રિય દેવ હતો (ગણ.૨૧;૨૯), તેના માનમાં સુલેમાને જૈતુન પર્વત પર એક ઉચ્ચસ્થાન બંધાવ્યું હતું (૧ ૨૧.૧૧;૭), જે પાછળથી યોશીયાહે તોડી પડાવ્યું (૨ ૨૧.૨૩;૧૩). આમ્મોનીઓના દેવ મિલ્કોમની માફક તેની આગળ પણ મનુષ્યયજ્ઞ કરવામાં આવતા હતા.

અધ્ય.૧૦મો. હોશીઆ પ્રબોધકે યેહૂનું ઘાતકીપણું વખોડી કાઢ્યું (૧;૪).

૧૪; ૨૩-૨૯. યરોબઆમ બીજાની કારકિર્દીનું વિવેચન આમોસના પુસ્તકની પ્રસ્તાવનામાં કરેલું છે.

૧૮;૨૨. હિઝકીયાહે જે ધર્મસુધારણા કરી હતી, તે લોકને ગમતી નહોતી, એવું આ ઠઠ્ઠામશ્કરી પરથી સમજાય છે.

અધ્ય.૨૫મો. યરુશાલેમને ઘાલેલા ઘેરાની હકીકત નીચે પ્રમાણે છેઃ-

(૧) દસમા માસની દસમે ઘેરાની શરૂઆત થઈ (૨૫;૧).

(૨) બીજી સાલના ચોથા માસની નોમે ઘેરાનો અંત આવ્યો (૨૫;૩,૪).

(૩) પાંચમા માસની સાતમે શહેર બાળી મૂકવામાં આવ્યું (૨૫;૩,૪).

(૪) સાતમા માસની ત્રીજીએ ગદાલ્યાહનું ખૂન થયું (૨૫;૨૫).

યહૂદીઓ ઉપવાસ કરીને ઉપરોક્ત દિવસો પવિત્ર પાળતા (ઝખ.૭;૩-૫ : ૮;૧૯).

પુસ્તકનાં છેલ્લાં વચન આશા ઉપજાવે એવાં છે. હવે તે આશા કેવી અજાયબ જેવી રીતે સંપૂર્ણ કરવામાં આવી, તે યર્મિયા તથા તેની પછીના પ્રબોધકોનાં પુસ્તકો પરથી આપણને માલૂમ પડશે.

ભાગ ૩જો : પાછળના પ્રબોધકો

સામાન્ય વ્યાખ્યાન

૧. હેબ્રી શાસ્ત્રની ગોઠવણ પ્રમાણે આગલા પ્રબોધકોનાં પુસ્તકો એટલે ઐતિહાસિક પુસ્તકો પછી પાછળના પ્રબોધકોનાં પુસ્તકો, એટલે યશાયા વગેરેનાં પુસ્તકો, આવે છે. ગુજરાતી જૂની આવૃત્તિઓમાં **Prophet** શબ્દનો તરજુમો "ભવિષ્યવાદી" એટલે "ભવિષ્ય કહેનાર" કરવામાં આવેલો છે. તે અર્થ અનુસાર પ્રબોધકો ભવિષ્ય ભાખનાર પણ હતા ખરા. પરંતુ હેબ્રી શબ્દ "નાબી" છે, તેના મૂળાર્થમાં ભવિષ્ય કહેવાનું સૂચવાએલું નથી. નાબા (ક્રિયાપદ) =પ્રગટ કરવું, કહી સંભળાવવું. (તેનો મૂળાર્થ =હર્ષઘેલા થઈને બોલવું, એવો કેટલાએકનો મત છે). છેલ્લી આવૃત્તિમાં **Prophet**નો તરજુમો "પ્રબોધક" કરવામાં આવ્યો છે. તે વધારે બંધબેસતો છે, કેમ કે "બીજાની વતી બોલનાર," એજ **Prophet**નો ખરો ને મુખ્ય અર્થ છે. તે કારણને લીધે હારુન મૂસાનો "પ્રબોધક" કહેવાય છે (નિ.૭;૧). એજ રીતે શમૂએલ, એલિયા, વગેરે ઈશ્વરના પ્રબોધકો હતા.

પ્રબોધક શબ્દ પ્રચલિત થયો, તે પહેલાં લોક ઈશ્વરની ઇચ્છા જાહેર કરનાર તેના સેવકોને "દષ્ટા" નામથી સંબોધતા હતા (૧ શમૂ.૯;૯). તેઓ જોનાર અર્થાત્ મનચક્ષુથી નિહાળનાર હતા, અને જો કે પાછળથી તે નામ વપરાતું બંધ પડ્યું, તોપણ સર્વ મહાન પ્રબોધકો દષ્ટા તો હતા જ. "યશાયાને જે સંદર્શન થયું, તે" (મૂળાર્થ =જે દર્શન યશાયાએ જોયું તે", --એવું યશાયાના પુસ્તકનું મથાળું છે. (૧:૧) તેમજ જે વાત યશાયાએ જોઈ તે" -એવું ૨જા અધ્યાયનું મથાળું છે (૨;૧). વળી "જે દેવવાણી યશાયાએ જોઈ તે" એવું ૧૩મા અધ્યાયનું શીર્ષક છે વળી આમ.૧;૧="જે વચનો...આમોસે જોયાં, તે," તેમજ મી.૧;૧ : હબ.૧;૧. દર્શન પામ્યા વગર પ્રબોધકનો હોદ્દો કોણ ભોગવી શકે? સંદર્શન પામ્યા વિના આપણામાંનો કોણ ધર્મોપદેશ કરી શકે? સંદર્શન થતાં બંધ પડ્યાં, એટલે પ્રબોધ કરવાનું પણ બંધ થયું. "વળી તેના પ્રબોધકોને યહોવા તરફથી સંદર્શન થતું નથી," એમ કહીને વિલાપ કરનારે પાયમાલ થએલા યરુશાલેમની દુર્દશાનું વર્ણન કર્યું છે (વિ.૨;૯.જુઓ ગી.૭૪;૯). જ્યાં સંદર્શન નથી, ત્યાંના લોક

ભૂલા પડ્યા વિના રહી શકતા નથી. "જ્યાં સંદર્શન હોતું નથી, ત્યાંના લોક સઘળી માજા મૂકી દે છે" (નીતિ.૨૯;૧૮).

૨. પ્રબોધકોનાં પુસ્તકોમાં સમાએલી સૂચનાઓને આધારે અનુમાન કરીને આપણે એકંદરે તેઓની સાલવાર ટીપ કરી શકીએ છીએ, તે નીચે પ્રમાણે છે :--

સમય	ઇસ્ત્રાએલ	યહૂદાહ
આશ્શૂરનું રાજ્ય આશ્શૂર; રાજ્યનો નાશ --૬૦૬)	આમોસ (૭૬૦-૭૫૦. તે યહૂદાહનો વતની હતો) હોશીઆ (૭૫૦-૭૪૦) (ઇસ્ત્રાએલનો નાશ-૭૨૨)	યશાયા (પૂર્વાર્ધ ૭૪૦-૭૦૦) મીખાહ(૭૪૦-૭૦૦) સફાન્યા (૬૨૬) નાહૂમ (૬૧૦)

સમય	યહૂદાહ
બાબેલનું રાજ્ય	યર્મિયા (૬૨૬-૫૮૬) હબાકકૂક (૬૦૦) (યરુશાલેમનું પતન-૫૮૬) ઓબાદ્યાહ (૫૮૦)
(બાબેલનું પતન-૫૩૯)	હઝકીએલ (૫૯૩-૫૭૧) યશાયા (ઉત્તરાર્ધ-૫૪૦)
ઇરાની રાજ્ય (ઇરાની રાજ્યનો અંત-૩૩૩)	હાગ્ગાય (૫૨૦) ઝખાર્યા (પૂર્વાર્ધ-૫૨૦) માલાખી (૪૫૦)
ગ્રીક રાજ્ય (સલ્યુકીડ વંશ)	દાનીએલ (૧૬૫). (પણ હેબ્રી શાસ્ત્ર પ્રમાણે આ પુસ્તક પ્રબોધકના વર્ગમાં સમાએલું નથી).

યોએલ, યૂના તથા ઝખાર્યાહ (ઉત્તરાર્ધ) ના સમય વિષે ખાતરીથી કંઈ કહેવાય એમ નથી.

૩. પ્રબોધકોનો સમય ઉપરના ખરડામાં બતાવ્યા પ્રમાણે છે, એટલે આમોસના સમયથી માંડીને તે માલાખીના સમય સુધીનો છે, એવું સાધારણ રીતે આપણે સમજીએ છીએ. પરંતુ પ્રબોધકો વગરનો કોઈ સમય ઈસ્ત્રાએલના ઈતિહાસમાં જણાતો નથી. "તે પ્રબોધક છે," એમ યહોવાએ ઈબ્રાહીમ વિષે ગરારના રાજા અબીમેલેખને કહ્યું હતું (ઉત.૨૦;૭). મરિયમ (નિ.૧૫;૨૦) તથા દબોરાહ (ન્યા.૪;૪) પ્રબોધિકાઓ કહેવાય છે. પરંતુ પ્રબોધકોનો ખરો સમય શમૂએલથી માંડીને (પ્રે.૩;૨૪). ગણી શકાય એમ છે. શમૂએલ મોટો થયો પછી તેના ઉપદેશમાંનું કોઈ પણ વચન નિષ્ફળ જતું નહિ, તે પરથી તમામ ઈસ્ત્રાએલે જાણ્યું કે યહોવા તેની સાથે છે, તેથી તેનો ઉપદેશ અધિકારયુક્ત છે, અને "યહોવાનો પ્રબોધક થવા સારુ તે નીમાએલો છે" (૧ શમૂ.૩;૧૯,૨૦). શમૂએલ "દ્રષ્ટા" પણ કહેવાતો હતો (૧ શમૂ.૯;૯). પ્રબોધકોની જે ટોળીઓનું કેન્દ્રસ્થાન રામાહના નાયોથમાં હતું (૧ શમૂ.૧૯;૨૨), તે તેણે વ્યવસ્થિત કરેલી સંભવે છે. પછીથી તે ટોળીઓનું નામ "પ્રબોધકોના દીકરાઓનું મંડળ" પડ્યું, જેમાં એલિયા તથા એલીશાના ચેલાઓ દાખલ થએલા જણાય છે.

દાઉદના સમયથી માંડીને પ્રબોધકો રાજકાર્યમાં ભાગ લેતા હતા, અને શિક્ષણ તથા સલાહદ્વારા રાજાના તેમ જ રૈયતના વર્તન પર અસર કરનારા થયા. આગલા પ્રબોધકોના પુસ્તકોમાં એલિયા તથા એલીશા ઉપરાંત પ્રબોધકોનાં બીજાં ઘણાં નામ આપણા વાંચવામાં આવ્યાં છે, જેવાં કે નાથાન (૨ શમૂ.૭;૨), ગાદ (૨૪;૧૧), અહીયાહ (૧ ૨ા.૧૧;૨૯), શમાયાહ (૧૨;૨૨) વગેરે. ટૂંકમાં મૂસા જે પ્રબોધકોમાંનો સહુથી મહાન હતો, તેના વખતથી માંડીને યહોવાને નામે ઈસ્ત્રાએલીઓને ઉપદેશ કરનાર સેવકોને દરેક સમયે ઊભા કર્યા વગર યહોવા રહ્યો નહોતો. "જે દિવસે તમારા પૂર્વજો મિસર દેશમાંથી નીકળ્યા, ત્યારથી તે આજ લગી હું નિત્ય પ્રાતઃકાળે ઊઠીને મારા સર્વ સેવકોને એટલે પ્રબોધકોને તમારી પાસે મોકલતો આવ્યો છું," એમ યર્મિયાના પુસ્તકમાં યહોવાએ કહ્યું છે (૭;૨૫). બીજાં પુસ્તકોનું પણ એજ કહેવું છે (દા.ત.હો.૧૨;૧૦). પ્રબોધકોનાં પુસ્તકોમાંના સહુથી

પ્રાચીન પુસ્તક આમોસમાં લખેલું છે કે નિર્ગમનના સમયથી ઈશ્વર પોતાના લોકને શીખવવા સારુ પ્રબોધકોને અને નાજીરીઓને સંન્યાસીઓને મોકલતો આવ્યો હતો (૨;૧૧).

આ વાત ઉપરથી ઘણું શીખવાનું છે. (૧) મહાન પ્રબોધકો જે ઉપદેશ કરતા હતા, તેમાં ખાસ નવીનતા જેવું કંઈ નહોતું. જે નામ મૂસાને પહેલવહેલાં પ્રગટ કરવામાં આવ્યું હતું (નિ.૩;૧૪), તે જ નામ તેઓ પણ પ્રગટ કરતા હતા. જીવનનો જે માર્ગ મૂસાએ દેખાડ્યો હતો (પુ.૩૦;૧૯,૨૦), તે જ તેઓ પણ દેખાડતા હતા. પણ કનાની રીતરિવાજોથી મોહિત થતાં ઇસ્ત્રાએલીઓ તે નામ વીસરી ગયા હતા, અને તે માર્ગથી ભૂલા પડ્યા હતા, એવું આપણે અગાઉ શીખી ગયા છીએ. (લોકની ધર્માંધતાનું વિવેચન રાજાઓનાં પુસ્તકોની પ્રસ્તાવનામાં કરવામાં આવેલું છે (ભાગ ૬ઠ્ઠો)). ભટકી ગએલાં ઘેટાંને યહોવાના વાડામાં પાછાં લાવવાં એજ પ્રબોધકોના પ્રયત્નનો મુખ્યાર્થ હતો.

(૨) અણીના પ્રસંગોએ પ્રબોધકો આગળ પડતા હતા, એ વાચકને માલૂમ પડ્યું હશે. રાજાશાહીની સ્થાપના થઇ ત્યારે શમૂએલ, દાઊદ પાપમાં પડ્યો ત્યારે નાથાન, બે ભાગલા થઇ ગયા ત્યારે અહીયાહ, બઆલના અનુયાયીઓના ઝનૂનથી યહોવાની ભક્તિસેવાનો અંત આવવાની દહેશત ઊભી થઇ, ત્યારે એલિયા--એ પ્રમાણે યહોવાએ પ્રસંગયોગ્ય સેવકો ઊભા કર્યા. મહાન પ્રબોધકોની પણ એવી જ વાત છે. આશૂરના બળને વશ થવાનું જોખમ યરુશાલેમ પર ઝઝૂમ્યું, ત્યારે યશાયા, યરુશાલેમનો નાશ થવાની તૈયારીમાં હતો, ત્યારે યિર્મેયા, અને યરુશાલેમની પુનઃસ્થાપના થવાની આશાનો ઉદય થયો, ત્યારે હઝકીએલ--એ પ્રમાણે એક પછી એક નેતાઓ ઊભા થયા. સમયની સંપૂર્ણતાએ તેઓ આવ્યા, એવું દરેક પ્રબોધક વિષે કહી શકાય. આવી રીતે યહોવા પોતાના સેવકોને વારંવાર મોકલીને લોકને પોતાના અનુગ્રહના સંદેશાનું શ્રવણ કરાવતો હતો. પણ "તમે નાજીરીઓને દ્રાક્ષારસ પાયો, અને પ્રબોધકોને તમે આજ્ઞા કરી કે પ્રબોધ કરશો મા," એવું જેમ આમોસે કહ્યું હતું (૨;૯), તેમ સર્વ પ્રબોધકો પણ કહેતા હતા (૨ ૨૧.૧૭; ૧૩,૧૪).

(૩) પ્રબોધકો અણીને સમયે ઊભા થતા હતા, તેથી તેઓનો બોધ પ્રસંગયોગ્ય હોય એ સ્વાભાવિક છે. અંધકારમાં તેઓનાં વચન

જ્યોતિ જેવાં હતાં. **"શાંત રહેવાથી તથા શ્રદ્ધા રાખવાથી તમને સામર્થ્ય મળશે"** (યશ.૩૦;૧૫), એ વચન વાંચીને કેટલા બધા આત્માઓને બળ તથા દિલાસો પ્રાપ્ત થયાં હશે! તોપણ જે વખતે કહી સંભળાવવામાં આવ્યું, તે જાણીને આપણે પણ કેટલો બધો વિશેષ બોધ પામી શકીએ છીએ! **"યહોવાની વાટ જોનારા નવું સામર્થ્ય પામશે, તેઓ ગરૂડની પેઠે પાંખો પ્રસારશે, તેઓ દોડશે ને થાકશે નહિ, તેઓ આગળ ચાલશે ને નિર્ગત થશે નહિ,"** એ દિલાસાદાયક વચન પહેલવહેલાં બંદીવાસમાં પડેલા યહૂદીઓની આગળ પ્રગટ કરવામાં આવેલું. બંને વચન પ્રસંગોપાત બોલાએલાં હતાં ખરાં, તોપણ તે ઈશ્વરદત્ત વચન હોવાને લીધે તેમાં રહેલું સત્ય તથા સામર્થ્ય સદાને માટે છે. પરંતુ બોલવાના પ્રયોજન વિષે જેમ આપણે વધારે જાણીએ, તેમ બોલેલું વચન વધારે અર્થસૂચક લાગે. સત્ય તો કૂવા જેવું છે, એટલે જેમ વધારે ઊંડેથી પાણી કાઢવામાં આવે, તેમ તે વધારે ઠંડું તથા તાજગીદાયક હોય છે. તેજ રીતે જેમ જેમ આપણે આ પુસ્તકોનો અભ્યાસ કરતા જઈએ, તેમ તેમ વચન બોલવાના પ્રસંગ વિષે તેમજ સંદેશાની આવશ્યકતા વિષે વિશેષ માહિતી મેળવવા બનતી મહેનત કરવી એ આપણી ફરજ છે.

(૪) મહાન પ્રબોધકો "લેખિત પ્રબોધ કરનારા" કહેવાય છે. ખરા, તથાપિ બે ચાર અપવાદ સિવાય પ્રબોધકોનાં જે જે વચન જૂના કરારમાં સમાએલાં છે, તે સઘળાં પહેલવહેલાં મૌખિક રીતે પ્રગટ કરવામાં આવેલાં. "આ વચન સાંભળો" એ ને એજ શબ્દો બોલીને આમોસે પોતાનાં ત્રણેય મોટાં ભાષણ શરૂ કર્યાં હતાં (૩;૧ : ૪;૧ : ૫;૧). મીખાહ પણ એવું જ બોલીને શ્રોતાજનોને જાગૃત કરતો (૧;૨ : ૩;૧ : ૬;૧,૨). તો મુખથી પ્રગટ કરાએલાં વચનોનું લેખિત સ્વરૂપ કેવી રીતે થયું, તે યશાયા ને યર્મિયાનાં પુસ્તકો પરથી માલૂમ પડે એમ છે. જ્યારે લોક પ્રબોધકોનો તુચ્છકાર કરે, ત્યારે બોલેલું વચન હતું ન હતું થઈ ન જાય, પણ બીજા કોઈ અણીના પ્રસંગે દિલાસારૂપ થવા સારુ તે મોજૂદ રહે, તે માટે યહોવાના કહેવાથી પ્રબોધક તે લખી લેતો, અથવા કોઈની પાસે લખાવતો. (જુઓ યશ.૮;૧૬ : યિ.૩૬; ૨,૨૮). યશાયા તો સાક્ષર ને શહેરવાસી હતો, અને યર્મિયા તથા હઝકીએલ બંને યાજકવર્ગના ભણેલા માણસ હતા. પણ આમોસ

ગામડામાં રહેનાર ગોવાળ હતો (૧;૧), તેથી તેને લખતાં આવડતું હશે કે કેમ તેની આપણને ખાતરી નથી. પણ આમોસ એકલો નહોતો. જો તેને લખતાં આવડતું નહિ હોય, તો જેઓને આવડે એવા યહોવાના બીજા સેવકો હતા, જેવા કે મઠવાસી "પ્રબોધકોના દીકરાઓ." તેઓને આમોસનાં વચનો તોફાન વખતે ઓથ જેવાં લાગતાં હતાં, જેથી તેઓ તેમનો સંગ્રહ કરીને સાચવે તેમ જ પ્રસંગ મળ્યે બીજાઓને વાંચી સંભળાવે. આમોસના પુસ્તકમાં સમાએલાં બોધભાષણ વ્યવસ્થિત રીતે અને ક્રમવાર ગોઠવેલાં છે, પણ હોશીઆનાં બોલેલાં ઘણાખરાં વચન અવ્યવસ્થિત રીતે ને તૂટક તૂટક લખેલાં છે, જેથી કયું વચન કયે પ્રસંગે બોલાયું હશે તે નક્કી કરવું મુશ્કેલ પડે છે. જૂના સમયમાં પ્રસંગોપાત બોલાએલાં વચનો લેખિત સ્વરૂપમાં આજ સુધી મોજૂદ રહેલાં છે, એ તો મોટા ચમત્કારરૂપ વાત છે. તેથી જ્યારે જ્યારે આપણે પ્રબોધકોનું વાચન કરીએ, ત્યારે ત્યારે યહોવાનો આભાર માનીને આપણે વાંચવું.

(૫) આ ભક્તોનાં બોલેલાં વચનમાં આટલું બધું જે પરાક્રમ રહેલું છે, તે ક્યાંથી? રાજાઓ તથા સરદારો પણ તે સાંભળીને કાંપી જતા, એનું શું કારણ (આમ.૭;૧૨ : યશ.૭;૧૩ : ૩૯;૬ : યર.૩૬; ૧૧-૧૬ વગેરે). અઢી હજાર વર્ષ ઉપર એક ગામડિયા ભરવાડે આવનાર ન્યાયશાસનનાં જે વચન ઉચ્ચાર્યાં, તે વાંચીને આજે આપણને પણ ડર કેમ લાગે છે? યર્મિયાને રૂદન કરતો જોતાં આપણને પણ આંસુ આવે છે, એનું શું કારણ? (અ) યહોવાના સર્વ ખરાં સેવકોની પેઠે જ પ્રબોધકોને પણ તેડવામાં આવેલા. જેવી રીતે પ્રભુએ પ્રેરિત પાઉલને તેડું આપ્યું, તેવી જ વાસ્તવિક રીતે યહોવાએ આમોસને પણ તેડુ આપેલું હતું (૭;૧૫). યશાયા (અધ્ય.૬) તથા યર્મિયાને (૧;૪-૧૯) દર્શનદ્વારા તેડું મળ્યું હતું. અંગત દુઃખદ્વારા હોશીઆની આંખો ઊઘડી હતી (અધ્ય.૧-૩). યહોવાના વૈભવના દર્શનથી હઝકીએલ પ્રબોધક થવાનું નોતરૂં પામ્યો હતો (૧;૨૮). સર્વ પ્રબોધકોને પણ એમ જ થએલું. આ વાત ઉપદેશકને તથા દરેક શિક્ષકને સારુ બોધ ભરેલી છે. (આ) તેડાએલા હોવાથી તેઓ પોતાના તેડાને યોગ્ય ચાલતા હતા. યિર્મેયા પ્રબોધકોના દરજ્જાને છાજે એવી એક વાત કહેલી છે, એટલે કે તેઓ યહોવાનાં મંત્રીમંડળમાં ઊભા રહેનારા છે (૨૩;૧૮,૨૨). તેઓ રાજાની સમક્ષ પોતાના દિવસો ગાળતા હતા, તેથી તેનો મર્મ તેઓ

જાણતા હતા (ગી.૨૫;૧૪), કેમકે "તેઓ મહાન પ્રાર્થનાવાદી હતા (ગી.૯૯;૬). તેઓ જગતમાં રહેતા હતા, છતાં જગતના નહોતા (યો.૧૭;૧૬), તેથી તેઓ અનેક પ્રકારનાં સંકટોમાં આવી પડતા હતા. "ગરીબ હલવાન જે કપાવા સારુ લઈ જવામાં આવે છે," તેની યિર્મેયાએ પોતાને ઉપમા આપી (૧૧;૧૯). માનવપુત્રને પોતાનું માથું મૂકવાનું પણ ઠામ નહોતું, તે જોઈને તે પ્રબોધકોમાંનો એક છે, એમ લોક કહેતા હતા (માર્ક ૮;૨૮). (૬) અણદીઠ રાજાને નિત્ય નિહાળતા હોવાથી તેઓ માણસોથી બીતા નહોતા (હે.૧૧;૨૭). અદૃશ્ય વાનાં જોનાર હોવાથી તેઓ દૃશ્ય વાનાંમાં રહેલું રહસ્ય સમજતા હતા, તેથી ઇસ્ત્રાએલના ઇતિહાસનો અર્થ સમજવાને તેઓ શક્તિમાન હતા, ને તેનો ખુલાસો તેઓ લોકને જણાવી શકતા હતા. આમોસ (૨;૯-૧૬). હોશીઆ (૯;૧૦ : ૧૧;૧ : ૧૨; ૩-૬), યશાયા (૫;૧-૭), યર્મિયા (૨; ૧-૧૩), હઝકીએલ (અધ્ય.૨૩) એ સર્વે ઇસ્ત્રાએલના ઐતિહાસિક બનાવોનો અર્થ લોકને સમજાવવા હતા. ઇસ્ત્રાએલના ગતકાળનું વૃત્તાંત કેવું દુઃખદાયક! કેવું શરમાવનારૂં! ઈશ્વરથી તેડાએલા લોક (હો.૧૧;૧), ઈશ્વરથી પોષાએલા લોક (યર. ૨;૭) ઈશ્વરથી શિખવાએલા લોક (યર.૭;૨૫), છતાં ઈશ્વરનો ત્યાગ કરનાર હોવાથી "જેનાથી હિત થતું નથી, તેને માટે મારા લોકે પોતાનું ગૌરવ બદલ્યું છે," એમ યર્મિયાને કહેવું પડ્યું હતું (૨;૧૧), "બળદ પોતાના માલિકને ઓળખે છે, ને ગધેડા પોતાના ધણીની ગભાણ જાણે છે; પણ ઇસ્ત્રાએલ જાણતો નથી, મારા લોક વિચાર કરતા નથી," એમ યશાયાને કહેવું પડ્યું હતું (૧;૩).

દેશના ઇતિહાસ પરથી જે એક પાઠ તેઓ શીખી ગયા હતા, તે તેઓ હરહંમેશ શીખવતા પણ હતા, એટલે કે પાપનો મુસારો મરણ છે, અને અનાજ્ઞાંકિતપણાનું ફળ આધિ, વ્યાધિ ને ઉપાધિ છે. તેઓનાં પુસ્તકોના દરેક પૃષ્ઠમાંથી એજ શિખામણ નીકળે છે. એજ દૃષ્ટિબિંદુથી રાજાઓનાં પુસ્તકો લખવામાં આવ્યાં હતાં, તે આપણે અગાઉ શીખી ગયા છીએ. ૨ રા.૧૭; ૭-૨૩માં સમાએલી વ્યાખ્યા પ્રબોધકે કરેલા ભાષણ જેવી છે. "મિસરના રાજા ફારૂનના હાથમાંથી તેઓને છોડાવનાર દેવ યહોવાની વિરુદ્ધ પાપ કરીને તેઓએ અન્ય દેવોની ઉપાસના કરી," એવા તેની શરૂઆતના શબ્દો છે; "આથી

(વિશ્વાસઘાતને લીધે) તેઓને પોતાના દેશમાંથી આશ્શૂરમાં લઇ જવામાં આવ્યાં," એવું એનું અંતિમ વાક્ય છે. ખરેખર "જેઓ પવન વાવે છે, તેઓ વંટોળિયો લણશે" (હો.૮;૭).

(૬) પ્રબોધકો ગતકાળમાં બનેલા બનાવોનો મર્મ સમજતા હતા, તેમ જ પોતાના સમયનાં ચિહ્ન પણ પારખી શકતા હતા. તો ભવિષ્યમાં થનારી વાત તેઓ અગાઉથી જાણતા હતા શું? તેઓ પ્રબોધકો હતા ખરા, પણ તેઓ ભવિષ્યવાદીઓ પણ હતા શું? બેશક. આ વાતના ઘણા દાખલા તેઓનાં પુસ્તકોમાં મળી આવે છે. આમોસ તથા હોશીઆએ બંદીવાસની આગાહી તો તે કરે છે જો કે આમોસ દૂતો નથી. તોપણ આશ્શૂરના હાથમાંથી ઇસ્ત્રાએલનો નાશ થશે....આગાહી તો તે કરે છે. (૮;૧૩ : ૯;૩,૬. સરખાવો યશ.૭;૧૮). સાન્હેરીબે યહૂદાહ પર ચઢાઇ કરી, ત્યારે યરુશાલેમ સહીસલામત રહેશે, એવું યશાયા અગાઉથી પ્રગટ કર્યું હતું (૩૭;૩૫). જ્યારે નબૂખાદનેસ્સારે યરુશાલેમને ઘેરો ઘાલ્યો, ત્યારે યર્મિયા (૩૮;૧૮) અને હઝકીએલ (અધ્ય.૫), એ બંનેએ શહેરનું ભાવિ અગાઉથી કહી જણાવ્યું હતું. તેમજ કોરેશ રાજા સંબંધી અગાઉથી કહેવામાં આવ્યું હતું કે બાબેલ જીતી લીધા પછી તે બંદીવાસીઓને છોડશે (યશ.૪૪;૨૮ : ૪૫;૧,૩). પરંતુ ઉપરોક્ત બધી ભવિષ્યવાણીઓ થોડા જ વખત પછી બનવાના બનાવો સંબંધીની હતી. જેઓની આગળ આ આગાહીઓ કરવામાં આવી હતી તેઓને જ લગતી તે હતી. બે વાસ્તવિક વાતને આધારે પ્રબોધકો ભવિષ્યનાં સૂચન કરતા હતા, એટલે (૧) ઇશ્વર પવિત્ર તથા ન્યાયી દેવ છે, અને (૨) સત્યની વાતો ઇશ્વરે કેવળ પોતાના પસંદ કરાએલા લોકને જ પ્રગટ કરેલી છે. એ બે વાતોને આધારે ઇશ્વરપ્રેરિત પ્રબોધકો ઐતિહાસિક કૃત્યોના મર્મનો ખુલાસો કરતા હતા.

પણ નવા કરારમાં વર્ણવેલા ઘણા બનાવો સંબંધી એમ લખેલું છે કે ફલાણી ભવિષ્યવાણી સંપૂર્ણ થાય, તે માટે ફલાણો બનાવ પણ બન્યો. (આ વાતના વિશેષ દાખલા માથ્થીની સુવાર્તામાં મળી આવે છે. જેમ કે ૧;૨૨ : ૨;૬,૧૫,૧૭ : ૩;૩ વગેરે). તો તે વિષે આપણે શું સમજવું? (૧) જૂના કરારના સમયમાં જે જે બન્યું, તે સઘળું નવા કરારના સમયને સારુ અને વિશેષે કરીને જગતના તારનારના

જન્મને સારુ તૈયારીરૂપ હતું. પ્રભુ ઈસુનો જન્મ થયો, એટલે સમયની સંપૂર્ણતા થઈ, એવું પ્રેરિત પાઉલનું માનવું હતું (ગલ.૪;૪). પંચગ્રંથમાં જણાવેલી ધર્મક્રિયાઓ, આગલા તથા પાછળના પ્રબોધકોનાં પુસ્તકોમાં સમાએલો ઈતિહાસ તથા બોધ એ સર્વ માર્ગદર્શક હતાં. જેમકે પહેલવહેલાં હારૂન તથા હારૂનપુત્રો, પછીથી મેલ્ખીસેદેકના ધારા પ્રમાણેનો સનાતન યાજક (હે.૫;૧૦). પહેલવહેલાં દાઉદ તથા તેના વંશજો, પછીથી દાઉદનો જે પુત્ર દાઉદનો પ્રભુ પણ હતો તે (માર્ક ૧૨;૩૭). પહેલવહેલાં મૂસા તથા પ્રબોધકો, પછીથી જે પુત્ર હતો તે (હે.૧;૨). તેથી જૂના કરારમાં નવા કરારના સમયમાં બનવાના બનાવો વિષે આગાહીરૂપ સૂચન સમાએલું હોય, તે સ્વાભાવિક જ છે. (૨) વળી "હું નિયમશાસ્ત્ર ને પ્રબોધવચનો પૂર્ણ કરવા સારુ આવ્યો છું," એમ પ્રભુ ઈસુનું કહેવું હતું (મા.૫;૧૭), મતલબ કે જેમ પ્રભુ ઈસુ નિયમશાસ્ત્રમાં રહેલું આત્મિક રહસ્ય પૂર્ણ કરવા સારુ આવ્યો, તેમ પ્રબોધમાં રહેલો આંતરિક અર્થ પણ પૂર્ણ કરવા સારુ તે આવ્યો. હવે જેમ તેણે નિયમશાસ્ત્રનો માર્મિક અર્થ સ્પષ્ટ દેખાડ્યો ખૂન, વ્યભિચાર, અશુદ્ધતા (મા.૫;૨૧,૨૭ : માર્ક ૭;૧૫) વગેરે બાબતોમાં, અને જેમ યજ્ઞાદિના સર્વ વિધિઓ તેનામાં સંપૂર્ણ થયા (હે.૧૦;૧૪), તેમ પ્રબોધકોએ કદાપિ નહિ ધારેલી એવી અદ્‌ભુત રીતે એટલે અક્ષરશઃ તો નહિ, પણ ઊંડા ભાવાર્થમાં તથા વાસ્તવિકતામાં તેણે પ્રબોધકોએ જાહેર કરેલાં ભવિષ્યવચન પણ સંપૂર્ણ કર્યાં (લૂ.૨૪;૪૪). (૩) પ્રબોધકોનાં બોલેલાં વચન પ્રસંગયોગ્ય હતાં, એ આપણે અગાઉ શીખી ગયાં છીએ, તોપણ તેઓનાં વચનમાં રહેલું સત્ય સાર્વકાળિક છે. દા.ત. બેથલેહેમમાંથી એક અધિકારી ઊભો થવાનો છે, "એ આપણું શાંત્યાસ્પદ થશે...ને આશ્શૂરના હાથમાંથી આપણને છોડાવશે," એવી મીખાહે આગાહી કરી હતી (૫; ૨-૬). આશરે ૭૦૦ની સાલમાં એ ભવિષ્યવાણી બોલવામાં આવેલી, અને આશ્શૂર રાજ્યનો અંત ૬૦૬ની સાલમાં થયો, ત્યારે તે સંપૂર્ણ થઈ. તોપણ આશ્શૂરના નાશથી માનવજાતને પૂર્ણ શાંતિ પ્રાપ્ત થઈ નહિ. ઈસુ, જે મનુષ્યદેહે બેથલેહેમી દાઉદનો વંશજ હતો, તે જ્યાં સુધી આવ્યો નહિ, ત્યાં સુધી ખરી શાંતિ પૃથ્વી પર સ્થાપન થઈ નહિ (મા.૨;૬). તે પરથી જણાય છે કે "તે આપણું શાંત્યાસ્પદ છે" (એફે.૨;૧૪). એ સંજ્ઞા એકલા પ્રભુ ઈસુને

આપી શકાય છે. "ઇસ્ત્રાએલ બાળક હતો, ત્યારે હું તેના પર પ્રીતિ રાખતો હતો, ને મારા પુત્રને મેં મિસરમાંથી બોલાવ્યો," એ વચનથી હોશીઆએ નિર્ગમનનો બનાવ સૂચવ્યો હતો (૧૧;૧). પણ શાસ્ત્રીઓની રીત પ્રમાણે માથ્થીએ તે વચન દૃષ્ટાંતરૂપ સમજીને બાળ ઇસુનાં માબાપ તેને મિસરમાંથી પાછો લાવ્યાં, તે બનાવને તે લાગુ પાડ્યું (૨;૧૫). મસીહની આશાનું જ્યારે આપણે વિવેચન કરીશું, ત્યારે જૂના કરારમાં સમાએલો સંદેશો પ્રભુ ઇસુમાં સંપૂર્ણ કરવામાં આવેલો છે એ માલૂમ પડશે. વળી આ વાત માનવા જોગ છે, કેમ કે "જે કાળ તથા સમય બાપે પોતાના અખત્યારમાં રાખ્યા છે" (પ્રે.૧;૭). તે જાણવા એ જો કે પ્રબોધકોનું કામ નહોતું ખરું, તોપણ જ્યારે ખ્રિસ્તનાં (=મસીહનાં) દુઃખ તથા તે પછીના મહિમા વિષે તેઓએ સાક્ષી પૂરી, ત્યારે તેઓએ પ્રેરણા કરનાર આત્મા તે ખ્રિસ્તનો જ આત્મા હતો (૧ પી.૧;૧૧).

૭. "યહોવા આમ કહે છે," એવા શબ્દો વાપરીને આમોસે એક પછી એક જુદી જુદી પ્રજાઓને સંબોધન કર્યું (૧;૩,૬,૯,૧૧,૧૩ વગેરે). તે શી રીતે ઈશ્વરની ઇચ્છા જાણવા પામ્યો? કંઇ સાધન વડે શું? નહિ. યશાયાની માફક આમોસે પણ ઇસ્ત્રાએલ સંબંધીનાં વચન "દીઠાં" (૧;૧), એટલે દર્શનદ્વારા તે તેને પ્રાપ્ત થયાં હશે (૧;૧.વળી ૭;૧,૪,૭ : ૮;૧ : ૯;૧). વિવિધ રીતોએ ઈશ્વર પોતાની ઇચ્છા પોતાના સેવકો જણાવતો હતો. ગણ.૧૨; ૬-૮ પ્રમાણે યહોવા સંદર્શન તેમ જ સ્વપ્નદ્વારા પ્રબોધકની સાથે વાત કરે છે; પરંતુ બીજા પ્રબોધકો કરતાં મૂસા માનનીય હતો, તેથી તેની સાથે યહોવા સ્પષ્ટ રીતે અને મોઢામોઢ બોલતો હતો. ઉરીમ તથા તુમ્મીમ વડે પણ યહોવા પોતાની ઇચ્છા પ્રગટ કરતો હતો (ગણ.૨૭;૨૧ : ૧ શમૂ.૨૮;૬). એલિયા વિષે લખેલું છે કે "યહોવાનો હાથ તેના પર હતો" (૧ ૨૧.૧૮;૪૬). (એલીશાની પ્રબોધ કરવાની રીત સંબંધી ૨ ૨૧.૧૫ની નોંધ જુઓ).

પરંતુ મહાન પ્રબોધકોની સાથે યહોવા વધારે આત્મિક સંગત રાખતો હતો. યશાયા મંદિરમાં જઈ ને યહોવાની આરાધના કરતો હતો, એ દરમિયાન યહોવાએ તેને તેડ્યો (૬;૧.સરખાવો લૂ.૨;૨૭). બીજા પ્રસંગનું વર્ણન કરતાં તેણે લખ્યું છે, કે "યહોવાએ પોતાના સમર્થ હાથથી મને ઝાલીને મારી સાથે વાત કરી" (૮;૧૧). હઝકીએલને

એમ જ થયું હતું (૧;૩ : ૩;૧૪,૨૨ ને ઘણીવાર). યર્મિયાને જે દારુણ યુદ્ધ નિત્ય ચલાવવું પડતું હતું, તેનું રણક્ષેત્ર તેનું અંતઃકરણ હતું, એવું તેનું પુસ્તક વાંચનાર દરેક જણને તરત જણાઈ આવે છે. "મારાં હાડકાંમાં બળતો અગ્નિ સમાએલો હોય, એવી મારા હૃદયમાં પીડા થાય છે," એવું તેનું કહેવું હતું (૨૦;૯). ઈશ્વરની સાથે પ્રબોધકોનો આવો નિકટનો સંબંધ હતો, તે પરથી દરેક અણીને પ્રસંગે તે તરત પોતાની ઇચ્છા તેઓને જાહેર કરે જ, એમ નહિ સમજવું. હનાન્યાહે યર્મિયાહની ગરદન પરથી ઝૂંસરી ઊતારી લઈને ભાંગી નાખી, તે પ્રસંગે હનાન્યાહને શું કહેવું, તે યર્મિયાને એકદમ નહિ સૂઝયાથી તે ચાલ્યો ગયો હતો. પછીથી યહોવાએ તેની સાથે વાત કરી, ત્યારે હનાન્યાહને શો જવાબ આપવો, તે યિર્મેયાહને જણાયું (૨૮; ૧૦-૧૨). બાબેલનાં સૈન્યોનું નિર્દયપણું જોઈ ને જ્યારે હબાકકૂક સંશયગ્રસ્ત થયો, ત્યારે પોતાના પ્રાર્થનારૂપી બુરજ પર ચઢીને ઈશ્વરના ઉત્તરની રાહ જોવા તેને થોભવું પડ્યું હતું (૨;૧). પ્રબોધક કંઈ જાદુગર નહોતો, તે તો યહોવાનો સેવક હતો. જેમ પ્રબોધકોના અધિકારી ખ્રિસ્તના માર્ગમાં અનેક પરીક્ષણો આવ્યાં કરતાં હતાં, તેમ તેઓ પણ ડગલે ને પગલે પરીક્ષણોથી ઘેરાએલા રહેતા હતા. ઈસુએ જે જે સહ્યું, તેનાથી જેમ તે સંપૂર્ણ કરાયો, તેમ તેઓ પણ દુઃખસહન કરવાથી આત્મિક બળ પામતા ગયા. જેમ ઈસુનો નકાર કરવામાં આવ્યો, તેમ તેઓને પણ ધિક્કારવામાં આવતા. આ બધી વાતોના દાખલા યર્મિયાના જીવનચરિત્રમાં મળી આવે છે, જેમકે ૫૨.૨૦; ૭-૧૮.

પ્રબોધકોનાં મન પ્રકાશિત કરીને યહોવા તેઓને પ્રેરણા કરતો હતો, કેવળ એમ નહિ પરંતુ રોજંદા બનાવો પર પ્રકાશ પાડીને પણ તે તેઓને પોતાની ધારણા જાહેર કરતો હતો. યર્મિયાને તેડું મળ્યું, તે વખતે ખેતરમાં ઊગેલી એક બદામડી તેને બોધ આપનારી બની (૧;૧૧,૧૨). "તું ઊઠીને કુંભારને ત્યાં જા, ત્યાં હું મારાં વચન તને કહી સંભળાવીશ," એવા એક પ્રસંગે તેને હુકમ કરવામાં આવ્યો હતો (૧૮;૧). સીમમાં ઘેટાં ચારતાં ચારતાં આમોસને જે અનુભવ થએલો તે પરથી તેને પણ બોધ પ્રાપ્ત થયો હતો. જે જે તેણે જોયું હતું તે સઘળું બીજાઓનો જોવામાં પણ આવ્યું હશે, તોપણ તેઓ તેનો મર્મ સમજી

શક્યા નહિ. "હે ઈસ્ત્રાએલ, તું તારા દેવને મળવા તૈયાર થા," તે ભયંકર સંદેશો એ સર્વ બનેલા બનાવો જ પોકારતા હતા. આમોસે તે સાંભળ્યો, પણ તે પ્રત્યે બીજા લોકોએ કાન બંધ રાખ્યા હતા (૪; ૬-૧૨). આ બાબતમાં પ્રભુ ઈસુ નમૂનેદાર છે. પૃથ્વી ઈશ્વરની છે, તે તેણે પેદા કરી હતી, તેથી તે સારી છે, એવો વિશ્વાસ તેનામાં હોવાથી બધેથી આવતી દેવવાણી તેના સાંભળવામાં આવતી. સૃજેલી વસ્તુઓદ્વારા તે ઈશ્વરના અદૃશ્ય ગુણો, એટલે તેનું સનાતન પરાક્રમ અને ઐશ્વર્ય નિહાળતો હતો (રૂ.૧;૨૦).

૮. જેઓને આપણે મહાન પ્રબોધકો કહીએ છીએ, તેઓ ઉપરાંત બીજા અનેક પ્રબોધકો હતા. પ્રબોધકવર્ગ મોટો હતો. એલિયા એકલો નહોતો, તેના સિવાય બીજા સોએક પ્રબોધકો હતા, જેમને મારી નંખાવવા ઈઝેબેલ રાણીએ પ્રયત્ન કર્યો હતો (૧ ૨૧.૧૮;૪). અરામીઓની વિરુદ્ધ લડવા સારુ આહાબને ઉત્તેજિત કરનાર એક નનામો પ્રબોધક હતો (૧ ૨૦. ૨૦;૧૩). જ્યારે યુદ્ધમાં પકડાએલા રાજા બેન-હદાદને આહાબે જતો કર્યો, ત્યારે એ કૃત્યને વખોડી કાઢનાર એક નનામો પ્રબોધક હતો (૨૦; ૩૫-૪૩). આહાબનો થનાર પરાજય તથા તેનું મરણ અગાઉથી જાહેર કરનાર મીખાયા નામે એક પ્રબોધક હતો (૧ ૨૦. ૨૨;૨૮). યરુશાલેમના નાશનું ભવિષ્ય ભાખનાર ઉરીયાહ નામનો એક પ્રબોધક હતો. એ ભવિષ્યવચન જાણ્યા પછી યહોયાકીમ રાજાએ તેને મારી નાખવાનો હુકમ કર્યો. ઉરીયાહે મિસરમાં આશ્રય લીધો, પણ ત્યાંથી યહોયાકીમે તેને બોલાવી મંગાવીને તેને મારી નંખાવ્યો, અને તેનું મુડદું લોકોના કબરસ્તાનમાં ફેંકી દેવડાવ્યું (યર. ૨૬;૨૦-૨૩). તેજ રાજાના ક્રૂર હાથે માર્યો જતાં યર્મિયાહ પોતાના મિત્રોની મદદથી બચી ગયો.

પ્રબોધકો યહોવાના સેવકો હતો, તેઓ તેની પ્રેરણાથી બોધ કરતા હતા. વળી જેઓને પ્રભુ ઈસુએ "જૂઠા પ્રબોધકો" કહ્યા (લૂ. ૬;૨૬), એવા પ્રબોધકોની પણ મોટી સંખ્યા હતી. તેઓ પ્રબોધકનો ખાસ પોષાક પહેરતા હતા, તેઓ ઉપદેશ પણ કરતા હતા, વળી ચિહ્નો તથા ચમત્કારો પણ બતાવતા હતા (પુ. ૧૩;૧). આહાબના દરબારમાં એવા ચારસો પ્રબોધકો હતા. (૧ ૨૧. ૨૨;૬). પણ તેઓ યહોવાના સેવકોની આડે આવનાર હતા. યિર્મેયાએ તેઓ વિષે કહેલી વાત આપણે સાંભળીએ :-"ભયંકર તથા ઘોર બનાવ દેશમાં બન્યો છે;

પ્રબોધકો જૂઠું બોલે છે, ને તેઓના કહ્યા પ્રમાણે યાજકો અધિકાર ચલાવે છે, તે મારા લોકને ગમે છે" (૫;૩૦, ૩૧). સાચા પ્રબોધકો અધરી વાતો, પણ જૂઠા પ્રબોધકો લોકને ગમતી વાત બોલતા હતા, એજ મોટી નડતર હતી. "લોક દૃષ્ટાઓને કહે છે કે તમે દર્શન કરશો ના, અને પ્રબોધકોને તેઓ કહે છે કે તમે અમને સત્ય વાતો કહેશો નહિ, પણ અમારી આગળ મીઠી મીઠી વાતો બોલો," એવું યશાયા કહેતો હતો (૩૦;૧૦. જુઓ આમ. ૨;૧૨: મી. ૨;૧૧). આ વાતના બીજા પણ ઘણા દાખલાઓ મળી આવે છે. એવા પ્રબોધકો લોકપ્રિય હતા ખરા, પરંતુ તેઓ લોકનો નાશ કરનારા નીવડ્યા. હનાન્યાહ એવા વર્ગનો હતો (૨૮. અધ્ય. ૨૮). બંદીવાસમાં પણ કેટલાએક જૂઠા પ્રબોધકો હતા, જેમનાં નામ યર્મિયાએ દીધાં છે (૨૯; ૨૧-૨૩). જેમ યરુશાલેમમાં તેઓએ યર્મિયાની વિરુદ્ધ કાવતરાં રચ્યાં હતાં, તેમ બંદીવાસમાં તેઓ હઝકીએલના ઉપદેશ પર પાણી ફેરવવા પ્રયત્ન કરતા હતા (૨૨. ૨૩; ૯-૪૦). એ વર્ગમાં પ્રબોધિકાઓ પણ હતી (હઝ. ૧૩;૧૭).

આ માણસો પ્રબોધકો હોવાનો ડોળ કરતા હતા. ખરા પ્રબોધકોની પેઠે તેઓ પણ કહેતા હતા, કે "સૈન્યોનો દેવ યહોવા આમ કહે છે" (૨૨. ૨૮;૨: હઝ. ૧૩;૬,૭ વગેરે). તો તેઓને શી રીતે પારખી શકાય? ખરાખોટાની શી કસોટી હતી? પુ.૧૮;૨૨ પ્રમાણે જો આગાહી ખરી પડે તો જાણવું કે આગાહી કહેનાર યહોવાને નામે બોલ્યો હતો. પરંતુ જેથી જૂઠા પ્રબોધકો ઓળખી કઢાય, એવાં બેચાર પ્રમાણ યર્મિયાએ આપ્યાં છે (અધ્ય. ૨૩), તે નીચે પ્રમાણે છે :-

(૧) "કંઈ પણ શાંતિ ન છતાં, તેઓએ શાંતિ, શાંતિ બોલીને મારા લોકનો ઘા ઉપર ઉપરથી રૂઝાવ્યો છે" (ક.૧૭:૬;૧૪).
(૨) લોકને તેઓના કુમાર્ગથી તેઓ પાછા વાળતા નથી (ક.૨૨).
(૩) ઘઉંની સાથે સરખાવતાં તેઓનો ઉપદેશ પરાળ જેવો છે (ક.૨૮).
(૪) તેઓ ઈશ્વરપ્રેરિત નથી (ક.૩૨).

જેથી ખરો કે ખોટો પ્રબોધક ઓળખાઈ આવે એવું કંઈ પણ બાહ્ય ચિહ્ન નહોતું. એવી રીતે સાચું જૂઠું પારખવામાં ઈશ્વર પોતાના

લોકને કેળવવા ઇચ્છતો હતો. સત્યનું પ્રમાણ સત્યમાં જ રહેલું છે, અને જેટલા સત્યના છે, તેઓ સર્વે ઇસુ જે સત્યરૂપ છે, તેનું સાંભળીને માની લે છે (યો. ૧૮;૩૭). પ્રભુ ઇસુએ કરેલો ઉપદેશ સાંભળીને લોક બોલી ઊઠ્યા, કે "તેનાં વચન અધિકારયુક્ત છે" (માર્ક ૧;૨૧-૨૮).

૯. **પ્રબોધકોનું શિક્ષણ.** "પાઉલ પ્રેરિતનું શિક્ષણ" નામની ગુજરાતી ખ્રિસ્તી સાહિત્યની એક પુસ્તિકા છે. પણ રૂમીઓના પત્રના પ્રથમ ૮ અધ્યાયમાં પાઉલ પ્રેરિતે ઇશ્વરવિદ્યાને લગતું જે રીતસરનું વ્યાખ્યાન કરેલું છે, તેવું ને તેટલું બીજે કોઇ ઠેકાણે તેણે કરેલું જણાતું નથી. ખ્રિસ્તી મંડળીમાં ઉપસ્થિત થએલી મુશ્કેલીઓ દૂર કરવાને સારુ અથવા તેમાં ફેલાતા પાખંડી મતનું ખંડન કરવાના હેતુથી જેમ પાઉલે જુદી જુદી મંડળીઓ પર પત્રો લખ્યા, તેજ રીતે પ્રબોધકો પણ પ્રસંગને યોગ્ય સંદેશો પ્રગટ કરનારા પ્રેરિતો હતા. તે કારણને લીધે તેઓનો ઉપદેશ વિવિધ પ્રકારનો હતો. આમોસ યહોવાના ન્યાયીપણા પર, હોશીઆ તેના અનુગ્રહ પર, યશાયા તેની પવિત્રતા પર ભાર મૂકતો હતો. યશાયા તો નગરવાસી હતો, તે નગરચર્ચા જાણનાર હતો. પણ મીખાહ ગ્રામવાસી હતો, તેથી ગામડાની હાડમારીનો તે માહિતગાર હતો. પ્રબોધકોની હાલતમાં તેમ જ તેમના બોધમાં આટલી બધી ભિન્નતા હોવા છતાં ઇશ્વર વિષે તથા માણસના મુખ્યાર્થ વિષે આપેલું તેઓનું શિક્ષણ મળતું આવે છે, અને આજે પણ તે શિક્ષણ ઘણું જરૂરનું છે.

તેઓના શિક્ષણનું વિગતવાર વ્યાખ્યાન જુદાં જુદાં પુસ્તકોની પ્રસ્તાવનામાં મળી આવશે. તેની રૂપરેખા નીચે પ્રમાણે છે :-

(૧) **ઇશ્વર સંબંધી.** ઇશ્વર વિષે તેમનું જે માનવું હતું, તેજ તેમના પ્રબોધનો મૂળપાયો હતો. તે છેક નવો ઉપદેશ નહોતો. યહોવા ઇસ્ત્રાએલનો દેવ છે, તે પવિત્ર છે, તે ન્યાયી છે, તે કૃપાળુ છે-એ બધી વાતો સિનાય પહાડ પર મૂસાને પ્રગટ કરવામાં આવી હતી (નિ. ૩૪;૬). પણ ઇસ્ત્રાએલે એ જ્ઞાનનો અનાદર કર્યો હતો, તે પોતાના દેવના નિયમને વીસરી ગયો હતો (હો. ૪;૬). તેઓને અપાએલો જીવનદાયક પ્રકાશ અંધરાઇ ગયો હતો, અને બઆલના નામમાં તથા તેની પૂજામાં યહોવાનું નામ તથા તેની આરાધના ગરક થઇ જાય, એવી દહેશત હતી. વસ્તુસ્થિતિ એવી હોવાથી પ્રબોધકો જૂનો સંદેશો નવી

આસ્થાથી પ્રગટ કરતા હતા. યહોવા પરમપવિત્ર છે; તો શું લઈને પતિત માણસ તેની હજૂરમાં આવીને મહાન દેવને નમસ્કાર કરે, એવો મહત્ત્વનો પ્રશ્ન તેઓ લોકની આગળ રજૂ કરતા હતા (મી. ૬;૬). ઈશ્વરની પ્રેરણાથી તેઓ તેનો પ્રત્યુત્તર પણ આપતા હતા (યશા. ૧;૧૮: ૫૨.૩૧;૩૪: મી, ;૧૮).

(૨) **ન્યાયીપણા વિષે.** યહોવા ન્યાયી છે, તેથી તેના લોક પણ ન્યાયીપણાથી વેષ્ટિત હોય, એ જરૂરનું છે. પણ ઈસ્ત્રાએલનાં સર્વ પુણ્યકર્મ મેલાં વસ્ત્ર જેવાં થયાં હતાં (યશ.૬૪;૬). જ્યારે સિનાય આગળ યહોવાએ ઈસ્ત્રાએલનો દેવ થવાનો કરાર કર્યો, ત્યારે લોક "યાજકોનું રાજ્ય તથા પવિત્ર દેશજાતિ" થાય, એવી તેઓએ તે કરાર પાળવાની શરત સ્વીકારી હતી (નિ. ૧૯; ૬-૮). પણ લોકે તે શરત પાળી નહિ, જેથી સત્ય ને કૃપા ને ઈશ્વરનું જ્ઞાન દેશમાંથી નષ્ટ થઈ ગયા હતાં (હો. ૪;૧,૬: યશ. ૫;૧૩). યહોવાએ પોતાની દ્રાક્ષવાડીની સંભાળ રાખવામાં કશું બાકી રાખ્યું નહોતું, તોપણ જ્યારે તે તેમાં સારી દ્રાક્ષો નીપજવાની આશા રાખતો હતો, ત્યારે તેમાં જંગલી દ્રાક્ષોની એટલે ઇન્સાફને બદલે રક્તપાતની અને નેકીને બદલે પોકારની ઉપજ થઇ (યશ. ૫; ૧-૭). શહેરોમાં એશઆરામ ચાલતો હતો, પણ ગામડામાં દલિતોનો આર્તનાદ સંભળાતો હતો. આખો દેશ નખશિખ રોગિષ્ટ થઇ હતો (યશ. ૧;૬). ચોમેરથી વિધવા તથા અનાથનો પોકાર આકાશ સુધી પહોંચ્યો હતો. તેથી કાંતો ઇન્સાફને આધારે આખા સમાજની પુનરુત્પત્તિ થાય, કાંતો જો લોક બેફિકર રહે, તો ન છૂટકે આખી પ્રજા શિક્ષા પામે ને બંદીવાસરૂપ ભઠ્ઠીમાં શુદ્ધ કરાય, એવી જરૂર હતી. આવા બોધના દાખલા પાને પાને મળી આવે છે.

(૩) **ન્યાયશાસન વિષે.** યહોવા દોષિતને નિર્દોષ નહિ ઠરાવનાર, પણ બાપોના અન્યાયને લીધે છોકરાં તથા છોકરાંનાં છોકરાં પર બદલો વાળનાર દેવ છે, એવી શિખામણ દેશના ઇતિહાસના દરેક પૃષ્ઠ પર સ્પષ્ટતાથી લખેલી હતી. તો ન્યાયશાસન સિવાય બીજો શો અંત હોઇ શકે? મહાન પ્રબોધકોમાં આમોસ પ્રથમ ઊભો થએલો હતો, તોપણ ન્યાયશાસન થશે જ થશે, એજ એના ઉપદેશનો સારાંશ હતો. "તે દિવસે હું ઈસ્ત્રાએલને તેના ગુનાઓની શિક્ષા કરીશ...એ માટે, હે ઈસ્ત્રાએલ, તારા દેવને મળવા તૈયાર થા" (આમો.૩;૧૪:૪;૧૨).

શાંતિ! શાંતિ! કહીને જૂઠા પ્રબોધકો લોકને ભલે ભમાવે, પણ ન્યાયનો માર્ગ ક્યાં દોરી જાય છે, તે જાણતા હોવાથી આમોસ (૫;૨૭) તથા હોશીઆએ (૧૦;૬) ઉત્તર ઇસ્ત્રાએલના નાશની, અને યશાયાહ(૩૯;૬) તથા મીખાહે (૪;૧૦) ઘણાં વર્ષ પછી થનાર યહૂદાહ તથા યરુશાલેમના પતનની આગાહી કહી સંભળાવી હતી.

(૪) **ભક્તિસેવા વિષે.** મૂર્તિપૂજા તેઓ સર્વે વખોડી કાઢતા હતા. ખભા પર મૂર્તિઓ લઈને ઇસ્ત્રાએલના વંશજોને ગુલામગીરીમાં મોકલી દેવામાં આવશે, એમ ૭૬૦ની સાલમાં આમોસે કહ્યું (૫;૨૭); તેમજ જ્યારે ૫૮૬ની સાલમાં યરુશાલેમનો નાશ થયો, ત્યારે અન્ય દેવોની ઉપાસના કર્યાને લીધે તે થયો, એમ યર્મિયાનું કહેવું હતું (૪૪;૩. સરખાવો હઝ. ૩૯;૨૩). મૂર્તિપૂજાથી નૈતિક જીવન ભ્રષ્ટ થાય છે, કેમ કે "તેઓ માણસોના હાથનું કામ છે, અને તેમને બનાવનારા તેમ જ તેમના પર ભરોસો રાખનારા તેઓના જેવા જ થાય છે" (ગી.૧૧૫;૪-૮:હો. ૯;૧૦). બઆલની બાબતમાં ઇસ્ત્રાએલે અપરાધ કર્યો, ત્યારે તે મરણ પામ્યો (હો. ૧૩;૧). મૂર્તિપૂજાથી ઉપજતી ભ્રષ્ટતાનું પ્રબોધકોએ કરેલું વર્ણન વાંચતાં તેઓના ઉદ્‌ગારો ખરેખર આપણને હૃદયભેદક લાગ્યા વગર રહેતા નથી (દા.ત.હો. અધ્ય. ૪:હઝ. અધ્ય. ૧૬.)

તો ખરી ભક્તિસેવા શામાં રહેલી છે? ખરી ભક્તિસેવા હૃદયની છે, અને તે સદાચારથી પૂરવાર થાય છે, એવો દરેક પ્રબોધકનો ઉપદેશ છે. "તમારાં વસ્ત્રો નહિ, પણ તમારાં હૃદયો ફાડો" (યો.૨;૧૩). "મારી આગળ તમે જે પુષ્કળ યજ્ઞો કરો છો, તે શા કામના છે?...સારું કરતાં શીખો, ન્યાય શોધો, જુલમથી દુઃખી થતાં માણસોનું રક્ષણ કરો, અનાથનો ઇન્સાફ કરો, વિધવાની હિમાયત કરો" (યશ.૧;૧૧,૧૭), એવો બોધ તેઓ સર્વે કરતા હતા. "તારાં ગીતોનો ઘોંઘાટ મારાથી દૂર કર...પણ ન્યાયને પાણીની પેઠે ને નેકીને મોટી નદીની પેઠે વહેવા દો" (આમ. ૫;૨૩,૨૪). છતાં લોક કર્મકાંડ પર ભરોસો રાખતા, અને ખરી ભક્તિસેવાની સાથે તેમને કંઈ પણ લેવાદેવા નહોતી. મંદિરને અને બજારને કંઈ લાગતુંવળગતું નહોતું. ખોટાં ત્રાજવાં અને ઠગાઈ ભરેલાં કાટલાંની કોથળી રાખીને કોણ પવિત્ર હોઈ શકે? એવો પ્રશ્ન મીખાહે પૂછયો (૬;૧૧). "દેવ આત્મારૂપ છે, તેનું ભજન આત્માથી

તથા સત્યતાથી કરવું," એવું પ્રભુ ઈસુના વચનનું (યો.૪;૨૪), તેમ જ દુઃખની વેળા વિધવાઓની તથા અનાથોની મુલાકાત લેવામાં નિર્મળ ધાર્મિકત રહેલી છે, એવા પ્રેરિત યાકૂબના વચનનું (યો.૧;૨૭) દર્શન યહોવાના પ્રબોધકોને પણ પોતાના જમાનામાં થતું હતું.

૧૦. **યહોવાનો દિવસ.** (૧) યહોવા સર્વ દેવો કરતાં મહાન છે. તે ઈસ્ત્રાએલનો રક્ષક દેવ છે, તો તેનો દિવસ આવશે, ત્યારે ઈસ્ત્રાએલના સર્વ શત્રુઓને હરાવીને તે ઈસ્ત્રાએલની પુનઃસ્થાપના નહિ કરે શું? એવો જૂઠા પ્રબોધકો બોધ કરતા હતા. એ બોધ માનીને લોક સિયોનમાં એશઆરામમાં તથા સમરૂનના પર્વતોમાં નિર્ભયપણે રહેતા હતા (આમ. ૬;૧). પરંતુ (૧) પ્રબોધક આમોસે તે દિવસનો જુદો ખુલાસો કર્યો (૫;૧૮-૨૦). યહોવા ઈસ્ત્રાએલનો રક્ષક દેવ છે ખરો, પણ તે જ કારણને લીધે જેમ તેણે તેના પર વિશેષ અનુગ્રહ કર્યો હતો, તેમ તે અનુગ્રહનો અનાદર કરવામાં ઈસ્ત્રાએલ વધારે શિક્ષાપાત્ર ઠર્યો હતો (૩;૨).

(૨) સફાન્યાએ (સાલ ૬૨૭) પણ યહોવાનો આવનાર દિવસ પ્રગટ કર્યો. તેના કહેવા પ્રમાણે તે દિવસનું ન્યાયશાસન આખી પૃથ્વી પર આવી પડશે (૧;૨), પરંતુ તેનો અમલ પહેલવહેલાં યહૂદાહ તથા યરુશાલેમમાં કરવામાં આવશે (૧;૪), ત્યાં ચાલતી મૂર્તિપૂજાને તથા ધર્માંધતાને લીધે તેના લોકને નષ્ટ કરવામાં આવશે (૧;૪-૬). પણ ન્યાયશાસન થયા બાદ દેશની પુનઃસ્થાપના થશે. અભિમાનીઓ તથા ગર્વિષ્ટોને દૂર કરવામાં આવશે, અને યહોવાના નામ પર વિશ્વાસ રાખનાર ગરીબોનો શેષ દેશમાં વસશે (૩; ૮-૧૩).

(૩) યહોવાના દિવસને હઝકીએલે યુદ્ધનું દૃષ્ટાંત આપ્યું છે (અધ્ય. ૩૮,૩૯). બંદીવાસીઓ સ્વદેશમાં પાછા રહેવા ગએલા છે. યહૂદાહ તથા ઈસ્ત્રાએલ પહેલાંની માફક અને રાજ્યમાં જોડાએલા છે. ગોગ રાજાની સરદારી તળે પરદેશી પ્રજાઓ ઈસ્ત્રાએલ પર ચઢાઈ કરે છે, પણ તેઓ હાર ખાય છે, અને તેમનો એક પણ યોદ્ધો જીવતો રહેવા પામતો નથી. ત્યાર પછી "હું મારું ગૌરવ સર્વ પ્રજાઓમાં સ્થાપીશ, અને તેનાં પાપને લીધે મેં ઈસ્ત્રાએલનો જે ન્યાય કર્યો છે, તે તથા તેમના પર મેં મારો જે કૃપામય હાથ મૂક્યો છે, તે સર્વ પ્રજાઓ જોશે" (૩૯;૨૧).

(૪) માલાખીના શીખવ્યા પ્રમાણે યહોવાનો દિવસ ધાતુ ગાળનારની ભઠ્ઠી જેવો થશે (૩;૨). પણ તે ભઠ્ઠી નાશ કરનારી તો નહિ, પણ શુદ્ધ કરનારી નીવડવાની છે. યાજકોનું શુદ્ધિકરણ પહેલું થશે, ત્યાર પછી લોકનું (૩;૩:૧ પી. ૪;૧૭). શુદ્ધ કરાયા પછી "યહૂદાહ તથા યરુશાલેમનું અર્પણ પ્રાચીન કાળની પેઠે યહોવાને પસંદ પડશે" (૩;૪).

(૫) યોએલના પુસ્તકના શિક્ષણ પ્રમાણે યહોવાનો દિવસ ન્યાયશાસનરૂપ છે. તેને બધું ઉજ્જડ કરનારાં તીડોની ફોજની ઉપમા આપેલી છે (૨; ૧-૯). પણ "જે વરસો (નો પાક) તીડો ખાઇ ગયાં, તે હું તમને પાછો વાળી આપીશ," એવું યહોવાનું વચન છે (૨;૨૫). વળી સર્વ મનુષ્યો પર તે તેનો આત્મા રેડી દેશે, અને જે કોઇ યહોવાના નામ પ્રત્યે હાંક મારશે, તે તારણ પામશે (૨;૨૮,૩૨).

જૂના કરારમાં જે "યહોવાનો દિવસ" કહેવાય છે, તે નવા કરારમાં જાહેર કરાએલા ન્યાયકાળના દિવસમાં પૂર્ણ થએલો સમજવો. તે દિવસે ખ્રિસ્તીઓ તથા અખ્રિસ્તીઓ સહુ કોઇનો ન્યાય પ્રભુ કરશે. તે દિવસ વિષે આપણે યહૂદીઓના જેવી ભૂલ ખાવી નહિ, કેમકે ઇશ્વરના ન્યાયચૂકાદા સત્ય તથા યથાર્થ છે (પ્ર.૧૯;૨), અને જો આપણે બેપરવા રહીએ, તો તે દિવસે આપણા કરતાં સદોમ તથા ગમોરાહના હાલ સહેલ થશે (મા.૧૦;૧૫).

૧૧. **આવનાર મસીહની આશા.** ઇસ્ત્રાએલના ઇતિહાસ પરથી પહેલી જે વાત પ્રબોધકો શીખી ગયા તે તો "પાપનો મૂસારો મરણ છે," એ હતી, પણ તે પરથી તેમના શીખવામાં આવેલી બીજી વાત તો પાપીઓ પ્રત્યે ઇશ્વર પૂર્ણ દયાળુ છે, એ હતી. યહોવા અન્યાયને લીધે બદલો વાળનાર દેવ છે ખરો, પણ તે અન્યાય તથા ઉલ્લંઘન તથા પાપની ક્ષમા કરનાર દેવ પણ છે, એવું મૂસાને સિનાય પહાડ પર દર્શનદ્વારા પ્રગટ કરવામાં આવ્યું હતું (નિ.૩૪;૭), અને આ દર્શનમાં જે દિલાસો રહેલો છે, તે મંદિરમાં ચાલતા સર્વ વિધિઓમાં, પ્રબોધકોના સર્વ બોધમાં તથા ભક્તોનાં સર્વ સ્તોત્રોમાં દીપી આવે છે. જૂનો કરાર દિલાસાનો ભંડાર છે, કેવળ એમ નહિ પરંતુ તે આશાનો નિધિ પણ છે. યહોશુઆએ કનાન દેશ કબજે કરી લીધેલો ખરો, પણ ઇસ્ત્રાએલીઓને તે પૂર્ણ વિરામ આપી શક્યો નહિ

(હે. ૪;૮). પ્રાયશ્ચિત્તને દિવસે લોક દિલાસો પામતા ખરા, તોપણ તે યજ્ઞાર્પણથી તેઓનાં પાપોનું સ્મરણ વર્ષોવર્ષ થયા કરતું હતું (હે.૧૦;૩). પરમપવિત્રસ્થાનની અંદર દયાસન હતું ખરું, પણ તે ભાગ એક પડદાથી ઢંકાએલો હોવાથી પવિત્ર આત્મા એવું જણાવવા માગતો હતો, કે હજી સુધી તેમાં જવાનો માર્ગ ખુલ્લો કરવામાં આવ્યો નથી (હે. ૯;૮). વળી યહોવાના જેવો બીજો કોઈ દેવ નથી, તેથી એક દિવસ એવો આવશે ખરો, કે જ્યારે તેનું રાજ્ય સાર્વભૌમિક થશે, અને તેના લોક સર્વ દેશો પર સત્તા ચલાવશે. પણ હાલ તો તેમનું રાજ્ય નાનકડું છે, વળી તે બળવાન શત્રુઓથી ઘેરાયેલું છે. તેઓને કોણ છોડાવશે? પર્વતોનાં શિખર પર દેવનું ઉત્કૃષ્ટ રાજ્ય કોણ સ્થાપન કરશે? એવા એવા વિચારોથી, પણ વિશેષે કરીને શત્રુઓના હાથમાંથી વખતોવખત પામેલા બચાવના અનુભવથી એક આવનાર મસીહની આશા ઈસ્ત્રાએલમાં ઉદ્‌ભવી (યશ.૭;૧૪). (મસીહ-અભિષિક્ત. ગ્રીકમાં-ખ્રિસ્તાસ, ને ગુજરાતીમાં ખ્રિસ્ત (યો.૧;૪૧). શાઉલ રાજા યહોવાનો મસીહ કહેવાય છે (૧ શમૂ. ૨૪;૬). ઈરાનનો રાજા કોરેશ યહોવાનો મસીહ કહેવાય છે (યશ.૪૫;૧); પરંતુ પ્રબોધકોના કોઈ પણ પુસ્તકમાં આવનાર ઉદ્ધારનારને મસીહ નામ આપવામાં આવેલું નથી. (પ્રભુ ઈસુ જન્મ્યો તે પહેલાંના સૈકામાં જે માર્મિક (Apocryphal) પુસ્તકો રચવામાં આવ્યાં, તેમાંનાં ઘણાંખરાં પુસ્તકોમાં આવનાર મસીહ નામ મળી આવે છે). એમ છતાં પ્રબોધકોનાં પુસ્તકોમાં આવનાર મસીહ સંબંધી કેટલીએક સૂચનાઓ સમાએલી છે, જેને આધારે મસીહનું ચિત્ર સ્પષ્ટ રીતે આલેખી શકાય એમ છે.

(૧) તે દાઉદનાં વંશનો રાજા થશે. દાઉદે જે પાપકર્મ કર્યા હતાં, તે જતે દહાડે વીસરી જવામાં આવ્યાં હતાં; અને નરેશ તરીકે તેનું ડહાપણ, યોદ્ધા તરીકે તેની સાહસિકતા, માણસ તરીકે તેની કદરદાની, અને વિશેષે કરીને યહોવાના સેવક તરીકે તેની ધર્મનિષ્ઠા-એ તેના સદ્‌ગુણો જ યાદ રાખવામાં આવ્યા હતા, જેથી આખરે લોકની દૃષ્ટિમાં દાઉદ આદર્શ રાજા ગણાવા પામ્યો. ભલો રાજા કોને કહીએ? એ સવાલનો જવાબ આપવામાં આવતો હતો (૧ ૨૧. ૧૧;૬ વગેરે). તેથી પ્રબોધકો પણ આવનાર મસીહને દાઉદની સંજ્ઞાથી ઓળખાવતા

હતા (દા.ત.૪૨. ૩૦;૯:હઝ.૩૪;૨૩:૩૭;૨૪,૨૫). યશાયાએ મસીહના રાજ્યના વૈભવની આગાહી કરતાં કહ્યું હતું કે, તેનું સિંહાસન તથા તેનું રાજ્ય દાઉદનાં છે (યશ. ૯;૬,૭), તેનું નામ ઇમાનુએલ થશે (યશ. ૭;૧૪), અને તેના સમયમાં કૃપા તથા સત્યતા એકબીજાની સાથે મળેલી થશે, અને ન્યાયીપણું તથા શાંતિ એકબીજાને ચુંબન કરશે (યશ.૧૧;૧-૬ : ગી.૮૫;૧૦). તે દાઉદનો દીકરો છે ખરો, પણ તે દાઉદનો પ્રભુ પણ છે. (ગીત.૧૧;૧) તે દાઉદના વંશનો થનાર હોવાને લીધે તે દાઉદના ગામ બેથલેહેમમાં જન્મશે. (મી.૫;૨). વળી જો કે તે રાજા છે ખરો, તોપણ તે શાંતિનો સરદાર પણ છે (યશ.૯;૬). તેથી ઘોડા પર નહિ. પણ ગધેડા પર સવારી કરીને તે પોતાના રાજનગરમાં પધારશે (ઝખ.૯;૯). એ બધું બનશે ત્યારે જૂનો કરાર રદ થશે, અને તેને બદલે માણસોનાં હૃદયપટ પર લખેલો એક નવો કરાર કરવામાં આવશે (૪૨.૩૧;૩૧).

(૨) પણ ઇસ્ત્રાએલ અને યહૂદાહનો નાશ થયો, અને તેના લોકને બંદીવાસની દુઃખી હાલતનો અનુભવ થયો, ત્યારે આવનાર મસીહ સંબંધી આથી જુદા તથા વધારે કૃપામય વિચારો આવવા લાગ્યા, એટલે કે યહોવા પોતે તેના લોકનો ભરવાડ થશે (યશ. ૪૦;૧૧:હઝ. ૩૪;૧૫). યહોવાનો આત્મા પોતાના લોકને બંદીવાસરૂપ મોતમાંથી ઊઠાડીને સજીવન કરશે (હઝ.૩૭; ૧-૧૪), અને કનાન દેશ પહેલાંના જેવો ફળદ્રુપ થશે (હઝ. ૩૪;૨૦-૩૧).

યહોવાનો જે સેવક દુઃખિત પુરુષ તથા દરદનો અનુભવી છે, તેને લીધે ઇસ્ત્રાએલનાં પાપ માફ કરવામાં આવશે, એવો અપૂર્વ વિચાર પણ ઉદ્‌ભવ્યો (યશ.૫૩). તેના ઘાઓથી નખશીખ રોગિષ્ટ પ્રજાને સાજાપણું પ્રાપ્ત થશે. આવા શબ્દોમાં વર્ણવેલા સેવકને મસીહ નામ આપેલું નથી, તેથી તેને સેવક કહીને પ્રબોધક કોને સૂચવવા માગતો હતો તે ખાતરીથી કહેવાય એમ નથી. તોપણ ઘણાંની ખંડણીને સારુ જેણે પોતાનો જીવ આપ્યો (મા.૨૦;૨૮), તેનામાં આ સંદર્ભન થયું, એવું ખ્રિસ્તી મંડળીનું પ્રથમથી જ માનવું છે. યશાયાના ત્રેપનમાં અધ્યાયને આધારે જે ફિલિપે હબશી ખોજાની આગળ ઇસુ ખ્રિસ્તને પ્રગટ કર્યો (પ્રે. ૮; ૩૨-૩૫).

(૩) આવનાર મસીહ દાઉદનો પુત્ર કહેવાય છે, પરંતુ તે કરતાં

મહાન તેનું બીજું નામ છે. યરુશાલેમ મસીહના રાજ્યનું મુખ્ય શહેર થશે, એવું આગલા સમયના પ્રબોધકો ધારતા હતા (જેમકે યશ. ૨;૩), પણ દાનિયેલના પુસ્તકમાં બીજા પ્રકારના રાજ્યનું વર્ણન કરેલું છે. તે વર્ણન પ્રમાણે તે રાજ્ય પરાત્પરના પવિત્રોના પ્રતિનિધિ તરીકેના એક માનવપુત્રને સોંપવામાં આવ્યું, તેનો ભોગવટો પવિત્રો સદાસર્વકાળ કરશે (૭;૧૩-૧૮). તે રાજ્ય દાઉદના રાજ્ય કરતાં બુલંદ છે, કેમ કે તે પરાક્રમ બળનું નથી, પણ તે પવિત્ર આત્મામાં ન્યાયીપણું, શાંતિનું તથા આનંદનું રાજ્ય છે (રૂ.૧૪;૧૭). તેનો રાજા કોણ થશે, એમ દાનિયેલમાં કહેલું નથી. પણ જે "માનવપુત્ર" કહેવાય છે, તે તેનો રાજા થાય, તે સ્વાભાવિક છે, અને તે રાજા થશે, ત્યારે તે સૌનો સેવક થશે, અને જો કે આકાશોમાં થઈને સિંહાસન પર બિરાજમાન થાય, તોપણ પોતાના લોકની નિર્બળતા પ્રત્યે જેને હમદર્દી આવે તેવો તે થશે (હે.૪;૧૫). રાજાધિરાજ હોવા છતાં, તે પોતાના લોકની દીનાવસ્થામાં તેઓની સાથે એકરૂપ થશે, એ માટે કે તેઓ તેની ઉચ્ચાવસ્થામાં તેની સંઘાતે એકરૂપ થઈ જાય (રૂ.૮;૧૭: ગલ,૪; ૪-૭: ૧ યો.૩;૨).

આ પ્રમાણે જુદી જુદી રીતોએ તથા જુદા જુદા વિભાગોમાં યહૂદીઓને આવનાર મસીહનું સંદર્શન પ્રાપ્ત થતું ગયું, જેથી આપણો એક ઉદ્ધારનાર આવશે જ આવશે, એવી આશાને તેઓ દૃઢતાથી વળગી રહ્યા. મસીહ સંબંધી જે જે વચન હતાં, ને તેની જે જે આશાઓ હતી, તે સઘળી પ્રભુ ઈસુમાં સંપૂર્ણ થયાં. તોપણ દાઉદનો પુત્ર રાજાના તેમ જ દુ:ખગ્રસ્ત સેવકના સ્વરૂપના સ્વરૂપમાં દેખાશે એવો ખ્યાલ કોઈ પણ પ્રબોધકને આવ્યો નહોતો. પણ ઈશ્વરના નામને ધન્યવાદ હો કે ઈસુ જે દેવનો ખ્રિસ્ત (મસીહ) છે (લૂ. ૯;૨૦), તે સહુનો રાજા તથા સહુનો સેવક પણ છે. જે દેવપુત્ર તે માનવપુત્ર પણ છે. તેના રક્તથી નવો કરાર મુદ્રિત થયો. તેનામાં ઈસ્ત્રાએલની આશા સંપૂર્ણ થઈ. રાતનો સમય તથા તેમાં ઝગઝગતા તારાઓ એ સર્વ જતું રહ્યું છે, અને ન્યાયીપણાના દિવાકરનો ઉદય થએલો છે.

૧૨. **પ્રબોધકોની છંદબદ્ધ શબ્દરચના.** પ્રબોધકો કવિ પણ હતા, એ આપણે આ પુસ્તકોનું અધ્યન કરતાં યાદ રાખવું જોઈએ.

આપણા બાઇબલમાં તેમની છાપણી ગદ્યરૂપની છે ખરી, તોપણ તેમનું મૂળસ્વરૂપ અયૂબ ને ગીતશાસ્ત્રની પેઠે પદ્યરૂપ છે. હેબ્રી પદ્યનાં ચિહ્ન બધે દેખાઇ આવે છે. સાધારણ શ્લોકની જે બે લીટી હોય છે, તેની રચનામાં તથા તેના વિષયમાં સમાનતા હોય છે, એજ હેબ્રી કાવ્યનું મુખ્ય લક્ષણ છે. તે નિયમાનુસર જો આપણે કોઇપણ અધ્યાયની તપાસ કરીએ, તો તેના ઘણા દાખલા તરત હાથ આવે એમ છે. પ્રબોધકોનાં પુસ્તકોનાં પુસ્તકોનું પહેલું પૃષ્ઠ એટલે યશાયાનો પ્રથમ અધ્યાય જો આપણે લઇએ તો ચાલે.

"બળદ પોતાના માલિકને ઓળખે છે,
અને ગધેડો પોતાના ધણીની ગભાણ જાણે છે ;
(પણ) ઇસ્ત્રાએલ જાણતો નથી,
મારા લોકો વિચાર કરતા નથી" (ક.૩)
"તમારાં પાપ જો કે લાલ વસ્ત્રના જેવાં હોય,
તોપણ તેઓ હીમ સરખાં શ્વેત થશે;
જો કે તેઓ કીરમજના જેવાં રાતાં હોય,
તોપણ તેઓ ઉન સરખાં થશે" (ક.૧૮).

પ્રબોધકોનાં ઘણાંખરાં ભાષણ કાવ્યરૂપ છે, કેવળ એમ નહિ પણ મનોરંજક અલંકારથી ભરપૂર પણ છે :

"અરણ્ય તથા સૂકી ભૂમિ હરખાશે,
ને રણ આનંદ કરશે ને ગુલાબની પેઠે ખીલશે" (યશ.૩૫;૧)
"તમારી આગળ પર્વતો તથા ટેકરીઓ હર્ષનાદ કરશે,
અને ખેતરોનાં સર્વ ઝાડ તાળી પાડશે" (૫૫;૧૨).

સુવાર્તાઓની તપાસ કરતાં માલૂમ પડશે કે પ્રભુ ઇસુનાં બોલેલાં ઘણાંખરાં વચન પણ પદ્યરૂપ છે. દા.ત.

"જે મારા પક્ષનો નથી, તે મારી વિરુદ્ધ છે,
અને મારી સાથે જે સમેટતો નથી તે વેરી નાખે છે" (લૂ.૧૧;૨૩).

"જ્યારે તારી આંખ નિર્મળ હોય છે,
ત્યારે તારું આખું શરીર પ્રકાશે ભરેલું હોય છે;

પણ જ્યારે તે ભૂંડી હોય છે,

ત્યારે તારું શરીર પણ અંધકારે ભરેલું હોય છે" (લૂ.૧૧;૩૪).

પ્રબોધકોનાં પુસ્તકો મોટા પર્વત જેવાં છે, તે પર હવે આપણે ચઢીએ, અને ત્યાંથી પ્રાર્થનાદ્વારા શુદ્ધ થએલી આંખોથી જીવનના વિસ્તારેલા મેદાન પર નજર ફેરવીએ. તેઓ વાડી સમાન છે, કે જ્યાં ઈશ્વર પર્યટન કરવા આવે છે, ત્યાં જઈને આપણે તેનું દર્શન કરીએ, અને વાડીનાં સૌંદર્યથી આપણે આપણા આત્માઓને તૃપ્ત થવા દઈએ. નવા કરારનાં પુસ્તકો બાદ કરતાં આપણાં દુઃખનું નિવારણ કરી શકે, એવાં આ પુસ્તકો જેવાં બોધદાયક તથા દિલાસાદાયક પુસ્તકો બીજાં કોઈ નથી.

આમોસ
("બોજો ઊંચકી લેનાર")

૧. **તેનો સમય.** ઈસ્ત્રાએલના રાજા યરોબઆમ બીજાની કારકિર્દીમાં (૭૮૧-૭૪૦) આમોસ પ્રબોધ કરતો હતો (૧;૧). યરોબઆમની કારકિર્દી ૪૦ વર્ષ જેટલી હતી, તોપણ તેનું વર્ણન બહુ ટૂંકામાં છે, અને એ ટૂંક વર્ણનમાં તેણે કરેલું એક જ કૃત્ય નોંધેલું છે, એટલે કે "તેણે ઈસ્ત્રાએલની સીમા હમાથના નાકાથી (=છેક ઉત્તરમાં) તે અરાબાહના સમુદ્ર સુધી (=મૃત સમુદ્ર) પાછી કબજે કરી" (૨ રા. ૧૪;૨૩-૨૯). ઈસ્ત્રાએલના શત્રુઓ ઈસ્ત્રાએલનું નામ આકાશ તળેથી ભૂંસી નાખવા ઇચ્છતા હતા, પણ યરોબઆમની હસ્તક યહોવાએ તેઓને બચાવ્યા (૨૭). ખરું જોતાં યરોબઆમે સુલેમાન જેટલો યશ મેળવ્યો હતો.

રાજાઓના વૃત્તાંતમાં એટલું જ જણાવેલું છે ખરું, પણ આમોસે તે સમયનું જુદું જ ચિત્ર આલેખેલું છે. યરોબઆમના રાજ્યવહીવટ હેઠળ વેપારરોજગારનું ક્ષેત્ર ઘણું વધી ગયું હતું, અને દેશ ઘણો સમૃદ્ધ થઈ ગયો હતો ખરો, પણ જેમ જેમ લોકની આર્થિક સ્થિતિની પ્રગતિ થતી ગઈ, તેમ તેમ તેઓની આત્મિક સ્થિતિ અધોગતિએ પહોંચતી ગઈ. નગરોનું ક્ષેત્રફળ વિસ્તાર પામતું ગયું, પણ તેમાં જે ભવ્ય વિલાસગૃહ બાંધવામાં આવ્યાં (૩;૧૫), તે ગરીબોની હાય લઈને

બાંધવામાં આવ્યાં (૨;૬, ૭: ૮;૪). બજારોમાં ભોગવિલાસની અનેક લાલસાઓ પથરાએલી હતી. દારૂ પીવા સારુ સાધારણ પ્યાલી બસ નહોતી; અર્પેલું રક્ત મંદિરમાંની વેદી પર રેડવામાં યોજકો જે પ્યાલાં વાપરતા હતા, તે મોટાં પ્યાલામાં દારૂડિયા દ્રાક્ષરસ પીતાં હતા (૬;૬). સ્ત્રીઓ પણ મદ્યપાનના વ્યસનમાં ફસાએલી હતી, અને વળી તે વગર શરમે (૪;૧). સ્ત્રીલંપટતા પાર વિનાની હતી (૨;૭). વેપારી વર્ગ ઘણો ધનાઢય થઈ ગયો હતો, અને શેઠિયા લોક મોટા જમીનદાર પણ થવાની દાનતથી ગરીબ ખેડૂતો પર જુલમ ગુજારતા અથવા ઘરે મૂકેલી જમીન યુક્તિપ્રયુક્તિથી પડાવી લેતા હતા (૨;૭ : ૮;૬). દરેક કચેરીમાં લાંચરુશવતની બદી નિયમરૂપ થઈ ગઈ હતી, અને ગરીબોની ફરિયાદ કોઈ સાંભળતું નહોતું (૫;૧૨). દુકાનદારો ખોટાં ત્રાજવાં કાટલાં રાખતા, અને ગરીબોને ઘઉંને બદલે ભૂસું વેચતા (૮; ૫,૬). નિરાધારોની જરૂરિયાતનો લાભ લઈને શેઠિયાઓ તેમને નિચોવી લેતા (૮;૬). તેઓને ઈશ્વરની કે કોઈની પણ બીક લાગતી નહોતી (૯;૧૦). તેઓના દેખતાં જાતજાતના કુદરતી અનર્થો થયા કરતા, પણ તે વડે ઈશ્વર શું કહી સંભળાવવા માગે છે, તે તેઓ સમજતા નહોતા (૪; ૬-૧૨). તેઓ એટલા બધા દ્રવ્યલોભી તથા નિર્દય બની ગયા હતા, કે પોતાના સહુથી પુરાતન નિયમનો (નિ.૨૨;૨૬,૨૭ : પુન.૨૪; ૧૨.૧૩) પણ અનાદર કરીને તેઓ ગરીબ માણસની ઘરેણે મૂકેલી ચાદર વેળાસર પાછી ન આપતાં તેને વેદી આગળ પાથરીને તેના પર રાતે નિરાંતે સૂઈ રહેતા (૨;૮). જ્યારથી ઈશ્વરે તેઓના બાપદાદાઓને કનાન દેશમાં વસાવ્યા હતા, ત્યારથી માંડીને તે તેઓના પર કૃપા રાખતો આવેલો હતો, એમ છતાં પણ તેઓ એવું દુરાચરણ આચરતાં બીતા નહોતા (૨; ૯,૧૦). દુષ્ટ ખેડૂતોની માફક (માર્ક ૧૨; ૩-૫) તેઓએ ઈશ્વરના સંદેશિયાઓનો ધિક્કાર કરીને તેઓના સંદેશાની અવગણના કરી (૨; ૧૧.૧૨). દારૂનિષેધની બાબતમાં નાજીરીઓ તેઓને સારુ નમૂનેદાર હતા, પરંતુ લોક તેઓને પણ દ્રાક્ષારસ પાતા હતા, અને બોધ કરનારા પ્રબોધકોનાં મુખ તેઓ બંધ કરાવતા હતા. ઈસ્રાએલની આવી હાલતની સાથે દુનિયાની હાલની પરિસ્થિતિ સરખાવી જુઓ.

ઉપર પ્રમાણે જોરજુલમ, ગેરઈન્સાફ, ભ્રષ્ટાચાર બધે ચાલતા

હતા, તોપણ દરેક મેળામાં જાત્રાળુઓની મોટી માનવમેદની જામતી હતી. મંદિરો પૂજનારાઓની ભીડથી ખીચોખીચ ભરાએલાં રહેતાં હતાં. ભજનારા તો નિયમ ઉપરાંતના અર્પણ ચઢાવતા હતા (૪;૪-૬). તોપણ "યૂસફની વિપત્તિને લીધે" કોઈને કંઈ પણ લાગણી થતી નહોતી (૬;૬). "અમને આપત્તિ કદી પકડી પાડશે નહિ, તેમ તે અમારી સામે આવશે પણ નહિ," એવું તેઓનું કહેવું હતું (૯;૧૦). અમારે બીક રાખવાની શી જરૂર છે? મહાન સુલેમાનની કારકિર્દીમાં અમારા દેશની અસલની જે સીમા હતી, તે અમારા રાજાએ પાછી કબજે કરી નથી શું? એવી એવી તેઓ બડાઈ મારતા હતા.

૨. **પ્રબોધક.** આવા વખતે આમોસ ઊભો થયો. તે યહૂદાહ પ્રાંતના કોઈ એક ગામનો વતની હતો (૧;૧). જે મૃત સમુદ્રને પશ્ચિમ કિનારે આવેલું હતું (૨ શમૂ. ૧૪;૨). તે ગોવાળિયો હતો (૧;૧). આમોસ જે ઘેટાં પાળતો હતો, તે કચ્છનાં ઘેટાં જેવાં નાનાં હતાં, પણ તેમના જેવું તેઓનું ઊન પણ વખણાતું હતું. વળી આમોસને જંગલી અંજીરીની એક વાડી હતી. જેમ કોઈ વખત બોરની અંદર એક જાતની ઈયળ પેદા થઈને તે બગાડી નાખે છે, તેમ આ અંજીરમાં પણ બનતું, તેથી તેમ ન થવા પામે, માટે ખેડૂત વખતસર ફળને નખ મારતો હતો. તે કારણને લઈ ને આમોસે પોતાને "ગુલરવૃક્ષોનો સોરનાર" કહ્યો છે. (૭;૧૪). "આમોસ" નામનો અર્થ "બોજો ઊંચકી લેનાર" છે મૂળ શબ્દના બે અર્થ થાય છે, એટલે (૧) ઊંચકી લેવું, ને (૨) લાદવું. તેથી અંગ્રેજી જૂની આવૃત્તિમાં "જે રોજ આપણને આશીર્વાદોથી લાદે છે," એવું ગીત.૬૮;૧૯નું ભાષાંતર કરેલું છે.

પ્રબોધક તરીકે આમોસ એકાએક બેથેલમાં દેખાયો. બેથેલના દેખાવનો કંઈક ખ્યાલ આવે, માટે કાર્તિકી પૂનમે સિદ્ધપુર કે શુકલતીર્થ કે વૌઠામાં ભરાતા મેળાના દેખાવનો ખ્યાલ કરો. કોઈ પ્રખ્યાત મંદિરની આસપાસ ભેગાં થએલાં પુષ્કળ માણસનો જમાવ! બેથેલમાં પણ એક પ્રખ્યાત મંદિર હતું, તે રાજમંદિર પણ ગણાતું હતું (૭;૧૩). તેમાં સોનાના વાછરડાની એક મૂર્તિ ઊભી કરેલી હતી (૧ રા. ૧૨;૨૯). તે બઆલનો પોઠિયો હતો. પણ તેની પૂજા કરવામાં અમે યહોવાની ઉપાસના કરીએ છીએ, એમ ઈસ્ત્રાએલીઓ સમજતા હતા. આમોસે તે મૂર્તિનું નામ "સમરૂનનું પાપ" પાડ્યું (૮;૧૪).

જેમ આ દેશના મેળાઓમાં જાતજાતના દુકાનદારો માંડવા બાંધીને પોતાનો માલ વેચે છે, તેમ બેથેલમાં પણ માલની લેવડદેવડ કરવામાં આવતી હતી. વર્ષોવર્ષ આમોસ પોતાનું ઊન લઈને ત્યાં જતો હતો. તે યહૂદાહથી નીકળીને જેમ જેમ જુદાં જુદાં ગામોમાં થઈને બેથેલ ભણી જતો, તેમ તેમ લોકનો દુષ્ટાચાર જોઈને તથા નગરચર્ચા સાંભળીને તે ઇસ્ત્રાએલ દેશની પરિસ્થિતિથી પૂરો વાકેફ થતો જતો. એક દિવસ દેવવાણી તેના સાંભળવામાં આવી, તેને આધીન થઈને તેણે પ્રબોધક થવાનું સ્વર્ગીય તેડું સ્વીકાર્યું (૭;૧૫). ઊઠીને મોટા તહેવારને દિવસે તે બેથેલ ગયો, ત્યાં ગર્જનાના અવાજથી તેણે ઈશ્વરનો સંદેશો પ્રગટ કરવા માંડ્યો. ત્યાંના રાજમંદિરના પૂજારીએ તેને ધમકી આપીને છાનો રહેવા પ્રયત્ન કર્યો, પણ તે ફાવ્યો નહિ (૭;૧૦-૧૩). "તું યહૂદાહમાં નાસી જા, ને ત્યાં પ્રબોધ કરીને તારું પેટ ભર," એમ કહીને અમાસ્યાહે તેનું અપમાન કરવા ચાહ્યું, પણ આમોસે પ્રબોધક વર્ગનો હોવાની ના પાડી. તે તો વગડામાં રખડનાર ગોવાળિયો હતો. એ વગડો એજ તેની પાઠશાળા થઈ હતી, પણ તેમાં તેનો શિક્ષક તો યહોવાનો આત્મા હતો. યહોવાનું આમંત્રણ સાંભળીને તે આવ્યો હતો, અને યહોવાને નામે જ તે બોલ્યો પણ (૭; ૧૪,૧૫).

૩. **તેનો સંદેશો.** એક જ શબ્દમાં તેના સંદેશાનો સમાવેશ થઈ જાય છે, એટલે ન્યાયશાસન. "હું તને એમ જ કરીશ, માટે, હે ઇસ્ત્રાએલ, તારા દેવને મળવાને તૈયાર થા" (૪;૧૨). લોકે જે વાવ્યું હતું, તેનો જ પાક તેઓએ લણવાનો હતો. "ગિલ્ગાલ નિશ્ચે ગુલામગીરીમાં જશે," એવો સંદેશો તેણે ગિલ્ગાલના મંદિર આગળ ભેગા થએલા સમુદાયને કહી સંભળાવ્યો (૫;૫). "હું તમને દમસ્કની પેલી પાર ગુલામગીરીમાં મોકલી દઈશ," એવું સંદેશો તેણે મૂર્તિની પૂજા કરનારાઓને ઈશ્વરને નામે કહી જણાવ્યું (૫; ૨૬,૨૭). હાથીદાંતના પલંગો પર સૂતેલા, એશઆરામ કરનારાઓને તેણે કહ્યું, કે "જેઓ ગુલામગીરીમાં જશે, તેમને મોખરે તમે ગુલામગીરીમાં જશો" (૬; ૭,૧૪). બેથેલના રાજમંદિરના મગરૂર પૂજારી અમાસ્યાહને તેણે કહી જણાવ્યું, કે "યહોવા કહે છે, કે તારી સ્ત્રી નગરમાં વેશ્યા બનશે, ને તારાં પુત્રપુત્રીઓ તરવારથી માર્યા જશે...ને તું પોતે અપવિત્ર ભૂમિમાં મરણ પામશે, ને ઇસ્ત્રાએલને કેદ કરીને

નિશ્ચે પોતાના દેશમાંથી લઇ જવામાં આવશે" (૭;૧૭). ન્યાયશાસનને દિવસે કોઇ પણ બચી જવા પામશે નહિ. લોક નીચે ઊતરીને શેઓલમાં અથવા ઉપર ચઢીને સ્વર્ગમાં આશ્રય શોધવા જાય, અરે, જો તેઓ કાર્મેલના શિખર પર અથવા સમુદ્રને તળિયે સંતાઇ રહેવા ધારે, તોય જ્યાં યહોવાનો કોપ તેઓને ખોળી કાઢી ન શકે, એવું કોઇ પણ આશ્રયસ્થાન તેઓને મળશે નહિ (૯; ૧-૪).

ન્યાયશાસનનો અમલ કરીને યહોવા પોતાના લોકનું શુદ્ધિકરણ કરવા માગતો હતો, એવું ઉપર કહેવામાં આવ્યું છે. તો આમોસે પ્રગટ કરેલા સંદેશામાં ઇસ્ત્રાએલની પુનઃસ્થાપનાની કંઇ આશા દીપી આવે છે શું? હા, જો પુસ્તકમાં છેલ્લાં વચન (૯; ૧૧-૧૫) આમોસનાં હોય, તો બંદીવાસ પૂરો થયા બાદ યહોવા "દાઉદનો પડી ગએલો મંડપ પાછો ઊભો કરશે," એમ આપણે સમજવું. ખ્રિસ્તમાં મેળવાએલા બિનયહૂદીઓ પર અગત્યની વાતો સિવાય ભારે બોજો નહિ મૂકવાનો જે નિર્ણય ખ્રિસ્તી મંડળીની પહેલી મહાસભાએ કર્યો, તે તેણે આ વચનને આધારે જ કર્યો હતો (પ્રે.૧૫; ૧૫-૨૧). તોપણ જેણે કહ્યું હતું, કે "તેઓમાંનો જે સહુથી છેલ્લો રહેશે, તેનો હું તરવારથી સંહાર કરીશ,...તેઓમાંનો એક પણ બચી જવા પામશે નહિ" (૯;૧), તેણે જ એમ પણ કહ્યું હતું કે "હું મારા ઇસ્ત્રાએલ લોકની ગુલામગીરી પાછી ફેરવીશ" (૯;૧૪), એ માનવું મુશ્કેલ છે. પરંતુ તે વચન આમોસનું હોય કે પછીના વખતના કોઇ દેવભક્તનું લખેલું હોય, તોપણ તે સાચું છે. કારણ કે ઇસ્ત્રાએલનો નાશ કરવા માટે નહિ, પણ તેની શુદ્ધિ કરવા માટે ભઠ્ઠી ચેતાવવામાં આવી હતી.

૪. આમોસે કરેલો ધર્મોપદેશ

(૧) **ઈશ્વર સંબંધી.** સતધર્મની ઉત્ક્રાંતિની બાબતમાં આમોસે કરેલો ઉપદેશ એક માર્ગસ્તંભ જેવો છે, ત્યાંથી માંડીને પ્રકટીકરણનું એક નવું પ્રકરણ શરૂ થાય છે, એમ કહીએ, તો ચાલે. "આખી પૃથ્વીનો ન્યાયાધીશ," એવા નામથી ઇબ્રાહીમે યહોવાનું સંબોધન કર્યું હતું ખરૂં (ઉત.૧૮;૨૫), તોપણ જે "હેબ્રીઓનો દેવ" કહેવાય છે (નિ.૩;૧૮), તેજ અખિલ દુનિયા પર પણ રાજ ચલાવે છે, એવો પહેલવહેલો દાવો કરનાર આમોસ હતો. ન્યાયીપણું તેના રાજ્યાસનનો પાયો છે (ગી.૯૭;૨). તે ન્યાયીપણામાં સંપૂર્ણ છે, અને ન્યાયીપણાનું

એક જ ધોરણ હોવાને લીધે તેના સિવાય બીજો કોઇ દેવ છે જ નહિ. તે સંપૂર્ણ ન્યાયી છે, તેથી કુદરતની સર્વ શક્તિઓ તેના અખત્યારમાં છે (૪;૬-૧૩ : ૫;૮,૯ : ૯; ૫,૬). તે સંપૂર્ણ ન્યાયી છે, તેથી દુનિયાની સર્વ પ્રજાઓ તેની જ છે, તેમના સમયો તથા તથા તેમનાં રહેઠાણ તેણે નિર્માણ કરેલાં છે (૯;૭ : પ્રે. ૧૭;૨૬)." તે સંપૂર્ણ ન્યાયી છે, તેથી તે સંસારવ્યવહારનો સ્વામી છે. સર્વ કૃત્યો તથા તેનાં પરિણામ તેના હાથમાં છે. માણસો ધારે, પણ પરમેશ્વર કરે.

ઉપરોક્ત માન્યતાના આધારે આમોસે પહેલવહેલાં આસપાસની જુદી જુદી પ્રજાઓ પર આવનાર ન્યાયશાસનની આગાહી કરી. તેઓ યહોવાને ઓળખનાર લોક નહોતા, તોપણ યહોવાનો નિયમ તેઓનાં અંત:કરણમાં લખેલો હતો (રૂ.૨;૧૫), તેથી માણસાઈની વિરુદ્ધ તેઓએ જે નિર્દય કૃત્યો લડાઇ તેમ જ સુલેહશાંતિ વખતે કર્યા હતાં, તેને લીધે યહોવા તેઓને યોગ્ય બદલો આપ્યા વગર રહેશે નહિ (૧; ૩-૨;૩).

પરદેશીઓનો દોષ મોટો તથા ભારે હતો ખરો, પણ યહુદાહ તથા ઇસ્ત્રાએલનો દોષ એથી પણ મોટો તથા ભારે હતો. તેઓ યહોવાનું નિયમશાસ્ત્ર જાણનાર હતા (૨;૪). તેઓએ તેની પ્રીતિ તથા તેની કૃપા ચાખી જોઇ હતી (૨;૯-૧૧ : ૩;૨). પણ જેને ઘણું આપેલું છે, તેની પાસેથી ઘણું માંગવામાં આવશે, એ નિયમનો અનાદર કરીને તેઓ પોતાના શેઠની ઇચ્છા જાણ્યા છતાં બેપરવા ચાકરોની પેઠે તેની ઇચ્છા પ્રમાણે વર્ત્યા નહોતા (લૂ. ૧૨;૪૭,૪૮). તેઓની પાસેથી ઇશ્વરે આજ્ઞાંકિતપણું તથા વળતો પ્રેમ માગ્યાં હતાં, પણ તેઓએ ઇનસાફને કડવાશરૂપ કરી નાખ્યો હતો, અને નેકીને તેઓએ પગ તળે છૂંદી નાખી હતી (૫;૭). અમે યહોવાના પસંદ કરાએલા લોક છીએ, એમ કહીને તેઓ વ્યર્થ ભરોસો રાખતા હતા. પૃથ્વીની સર્વ કોમોમાંથી યહોવાએ ફક્ત તેઓની કાળજી રાખી હતી, તે જ કારણને લઇને તેઓનાં પાપની દરગુજર નહિ કરતાં તેઓના સર્વ અન્યાયોની શિક્ષા કર્યા વગર તેનાથી રહેવાય નહિ (૩;૨). ખ્રિસ્તી સુવાર્તા પ્રત્યે બેદરકાર રહેવામાં પણ આના જેવું જોખમ રહેલું છે. "એવા મહાન તારણ વિષે જો આપણે બેદરકાર રહીએ, તો આપણે શી રીતે

બચીશું?" (હે. ૨;૩). દીનદયાળ હલવાનના રક્તથી આપણે આપણાં પાપમાંથી મુક્ત થયાં છીએ, પણ જે રક્તથી આપણે પવિત્ર થયાં, તેને જો આપણે અશુદ્ધ ગણીએ (હે.૧૦;૨૯), તો હલવાનના કોપથી આપણે શી રીતે બચીએ? (પ્ર. ૬;૧૬).

(૨) **યહોવાનો દિવસ.** આમોસના પ્રબોધમાં આ બાબત પહેલવહેલી જ મળી આવે છે, તોપણ તે છેક નવી બાબત નહોતી, એવું તેના કહેવા પરથી માલૂમ પડે છે તે લોકચર્ચામાં પ્રચલિત વાત હતી, પણ તે વિષે તેઓ મોટી ભૂલ ખાઇને મિથ્યાભિમાન કરતા હતા. આમોસે તે દિવસનું ચોંકાવનારૂં વર્ણન કરેલું છે. તેના ત્રાસથી કોઇ પણ માણસ બચાવ પામી શકશે નહિ (૫;૧૮,૧૯). (પ્રસ્તાવના (૧૦) જુઓ).

જે યહોવા એકલો હેબ્રીઓનો દેવ હતો, તે આખી પૃથ્વીનો રાજાધિરાજ છે, એવી માન્યતાનો વિકાસ શી રીતે થતો ગયો, તેમજ ઇસ્ત્રાએલનો જે ધર્મ હતો, તે ઇસ્ત્રાએલની હદ ઓળંગીને ખ્રિસ્તી ધર્મના સ્વરૂપમાં સાર્વજનિક ધર્મ શી રીતે થયો, તે બાબત સંબંધી આમોસના પુસ્તકનો અભ્યાસ કરવાથી આપણને ઘણું શીખવાનું મળી આવે છે.

૫. પુસ્તકના વિભાગ નીચે પ્રમાણે કરી શકાય :-

I. અધ્ય. ૧,૨:- જુદી જુદી પ્રજાઓ પર આવનારું ન્યાયશાસન.
(અ) ૧; ૩-૨;૩. આસપાસની પ્રજાઓ પર.
(આ) ૨; ૪-૧૬. યહૂદાહ ને ઇસ્ત્રાએલ પર.

II. અધ્ય. ૩-૬:- લોકના ભ્રષ્ટાચાર વિષે તથા આવનાર ન્યાયશાસન વિષે ત્રણ ભાષણ.

III. અધ્ય. ૭; ૧-૯; ૧૫:-પાંચ સંદર્શન : (૧) તીડો (૭; ૧-૩); (૨) દાવાનળ (૪-૬); (૩) ઓળંબો (૭-૯); (૪) ઉનાળામાં થતાં ફળની ટોપલી (૮; ૧-૩); (૫) સ્તંભોનાં મથાળાં પર પ્રહાર (૯; ૧-૧૦). તે સંદર્શનો બાદ અમાસ્યાહ પૂજારીએ આમોસને છાનો રહેવા જે નિરર્થક પ્રયાસ કર્યો, તે વાત આ ભાગમાં સમાએલી છે (૭; ૧૦-૧૭). સમાપ્તિવચન (૯; ૧૧-૧૫).

કેટલીએક વિગતવાર નોંધ

૩; ૩-૮. આ ફકરામાંથી આપણને પ્રબોધકોના તેડા વિષે તેમ જ ઈશ્વરે તેઓને કરેલી પ્રેરણા સંબંધી ઘણી સૂચનાઓ મળે છે. કારણ વગર કાર્ય બને જ નહિ (મા.૧૦;૨૯), એવો કુદરતનો એક નિયમ છે. તે વળી આધ્યાત્મિક જીવનનો પણ નિયમ છે. જો ન્યાયશાસન થાય, તો તે કારણસર થાય છે, એમ સમજવું. જો પ્રબોધક પ્રબોધ કરે, તો તે નિષ્પ્રયોજન નહિ બોલ્યો હોય, એમ જાણવું. "યહોવા બોલ્યો છે, તો પ્રબોધ કર્યા વગર કોણ રહી શકે? ખચીત પ્રભુ યહોવા પોતાનો મર્મ પોતાના સેવક પ્રબોધકોને બતાવ્યા સિવાય કંઈ કરશે નહિ." સર્વ ખ્રિસ્તી કામદારોને સારું આ પ્રકરણ બોધ ભરેલું છે (પ્રે. ૧૦;૩૩).

૪;૧. "બાશાનની ગાયો" --સમરૂનમાંની સ્ત્રીઓ (સરખાવો યશ.૩;૧૬-૨૬). બાશાન નામના પ્રાંતમાં પુષ્કળ ઘાસચારો થતો હતો, તેને લીધે ત્યાંનાં ઢોર પુષ્ટ ગણાતાં હતાં (પુ.૩૨;૧૪ : ગી.૨૨;૧૨).

અધ્ય. ૫. આ અધ્યાયમાં સદાચરણ વગરની ભક્તિસેવાનું સચોટ વર્ણન કરેલું છે. આમોસનાં કડવાં વચન સાંભળતાં આપણે જાણે પ્રભુ ઈસુની વાણી સાંભળતા હોઈએ, એમ લાગે છે (મા. ૭;૨૧ : માર્ક ૭; ૧-૧૩).

૭; ૧-૯. ત્રણ સંદર્શન. આમોસની વિનંતી સ્વીકારીને યહોવાએ પ્રથમ બે અનર્થ તીડો અને અગ્નિ થવા દીધા નહિ (૩,૬). પણ ત્રીજો અનર્થ અનિવાર્ય હતો, કેમ કે જો ભીંત પાકી બાંધેલી ન હોય, તો તે તોડી પાડીને નવેસરથી બાંધ્યા સિવાય બીજો કોઇ ઉપાય નથી (૮).

૮; ૧૧,૧૨. આ બે કલમોમાં ભયાવહ ચેતવણી સમાએલી છે. ફરીથી પ્રભુ ઈસુનાં બોલેલાં વચન યાદ આવે છે (લૂ. ૧૭;૨૨ : ૧૯;૪૨).

૯; ૧૧-૧૫. આ કલમોને આધારે પ્રેરિત યાકૂબે બિનયહૂદીઓ પર બીનજરૂરી બોજો નહિ નાખવાનો પોતાનો અભિપ્રાય જાહેર કર્યો હતો (પ્રે. ૧૫; ૧૫-૨૧). પરંતુ યાકૂબે જે વચનને આધારે નિર્ણય

જાહેર કરેલો, તેમાં તેણે હેબ્રી શાસ્ત્રનો નહિ, પણ LXX ના તરજૂમાનો ઉપયોગ કર્યો હતો. પુનઃસ્થાપિત ઈસ્ત્રાએલીઓ અદોમનું તથા બીજી ઘણી પ્રજાઓનું વતન પામે, તે માટે યહોવા દાઉદનો પડી ગએલો મંડપ પાછો ઊભો કરશે, એવું આમોસનું કહેવું છે (૧૨). પરંતુ "બાકી રહેલા લોક તથા જે વિદેશીઓ મારા નામથી ઓળખાય છે, તેઓ સઘળા પ્રભુને શોધે," તે માટે એ મંડપ પાછો ઊભો કરવામાં આવશે, એવો LXX માં આ વાક્યોનો તરજૂમો કરેલો છે. પરદેશીઓનું ખ્રિસ્તના વાડામાં સમેટાવું, એજ મુલાકાતમંડપનું સમારાવું અર્થાત ખ્રિસ્તી મંડળીનું ઊભું કરાવું છે, એમ આ વાક્ય પરથી સમજવાનું છે.

હોશીઆ
("તારણ")

૧. **સમય.** યરોબઆમ બીજાની કારકિર્દીનાં છેલ્લાં વરસોમા તથા ત્યાર પછી જે જુદા જુદા રાજાઓ એક પછી એક ખૂન કરી કરીને ગાદીએ બેઠા, તેઓના સમય દરમિયાન હોશીઆ પ્રબોધ કરતો હતો. તે ઘણી અશાંતિ તથા એકાએક સળગી ઊઠતા બળવાઓનો સમય હતો, જેની છાપ હોશીઆના પુસ્તકના ઉત્તરાર્ધના દરેક પૃષ્ઠ પર પડેલી જણાય છે. રાજાઓની નીચેની ટીપ પરથી તે અરસામાં ફેલાએલી અશાંતિનું બ્યાન થઇ શકે, એમ છે :--

યરોબઆમ બીજો (૭૮૧-૭૪૦).

ઝખાર્યા (૭૪૦ : ૬ માસ). મનાહેમના હાથે તેનું ખૂન થયું.

મનાહેમ (૭૪૦-૭૩૭). તેણે આશ્શૂરના રાજાને ખંડણી ભરી આપી.

પકાહ્યાહ (૭૩૭-૭૩૬). પેકાહે તેનું ખૂન કર્યું.

પેકાહ (૭૩૬-૭૩૩). હોશીઆએ તેનું ખૂન કર્યું.

હોશીઆ (૭૩૩-૭૨૨). મિસરની સાથે સામેલ થઈને તેણે આશ્શૂરની વિરુદ્ધ બંડ ઊઠાવ્યું. ૭૨૨ની સાલમાં ઉત્તર ઈસ્ત્રાએલનું પતન થયું.

તે સમયના ઇતિહાસના ઉપરોક્ત ટૂંકમાં સાર પરથી (૧) ફેલાએલી અશાંતિ, તેમ જ (૨) રાજકીય જુદા જુદા પક્ષો ઉપસ્થિત થવાનો સંભવ સહેજે સમજી શકાય છે. આ બે બાબતો સંબંધી

હોશીઆના પુસ્તકમાં ઘણી વાતો મળી આવે છે. (૧) એ સમય દરમિયાન જે જે ગાદીપતિ થયા, તે સર્વ માત્ર નામના રાજાઓ હતા. તેઓ યહોવા તરફથી નિમાએલા નહોતા (૭;૭ : ૮;૪ : ૧૦;૩). દરબારી અમલદારો ખુશામતિયા તથા વિષયલંપટ હતા (૭;૩). કોઈ પણ ઠેકાણે સત્તાનો અમલ થતો જણાતો નહોતો. બધે લૂટફાટ મચી રહેતી હતી; યાજકો પણ બહારવટિયા બની ગયા હતા (૬;૯). વેપારીઓ ઠગબાજી કરનારા હતા (૧૨;૭). (૨) યહોવાનો ત્યાગ કરવામાં આવ્યો હતો, અને હવે ક્યાંથી સહાય માગવી તેની તેમને સૂઝ પડતી નહોતી. દરબારમાં તડ પડેલાં હતાં, એટલે કેટલાએક અમલદારો મિસરની તરફેણના અને કેટલાએક આશ્શૂરની તરફેણના હતા, જેથી કરીને એમ બનતું કે રાજા કોઈ વાર મિસરને શરણે, તો કોઈ વાર આશ્શૂરને શરણે જાય. "એફ્રાઈમ મૂર્ખ કબૂતરની પેઠે ભોળો છે; તેઓ મિસરને બોલાવે છે, તેઓ આશ્શૂરની પાસે જાય છે" (૭;૧૧ : ૮;૯, ૧૩ : ૯; ૩,૬ : ૧૨;૧). પરંતુ જે દેશ પાસેથી તેઓ મદદ મળવાની આશા રાખે છે, તેજ તેઓને સારુ કારાગૃહરૂપ બની જશે, એવું હોશીઆનું કહેવું છે (૯;૩). રાજનીતિમાં એટલો બધો સડો પેસી ગયો હતો ખરો, પરંતુ તે કરતાં લોકની આત્મિક સ્થિતિમાં પેઠેલો સડો વિશેષ હતો, અને તે પર હોશીઆ પ્રબોધક વિશેષ ધ્યાન ખેંચવા માગતો હતો.

૨. **હોશીઆ.** આ નામનો અર્થ "તારણ" છે. તે યહોશુઆનું મૂળ નામ હતું (ગણ.૧૩;૮). હોશીઆ ઉત્તર ઇસ્ત્રાએલનો વતની હતો. ઉત્તર ઇસ્ત્રાએલમાં આમોસ પ્રબોધ કરતો હતો ખરો, પણ તે યહૂદાહ પ્રાંતનો રહીશ હતો. મહાન પ્રબોધકોમાંનો માત્ર હોશીઆ જ ઉત્તર ઇસ્ત્રાએલનો હતો. તેથી આમોસના કરતાં હોશીઆના પુસ્તકમાંથી ઉત્તર ઇસ્ત્રાએલ પ્રાંતની આપણને વધારે માહિતી મળે છે.

પોતાના જીવન સંબંધી હોશીઆએ પોતે જે થોડુંઘણું જણાવ્યું છે, તેટલું જ આપણે જાણીએ છીએ. પરંતુ તે જૂજ વાત પણ મહત્વની છે, કેમ કે તેના સંદેશાનો મર્મ ઉકેલવાની તે ચાવીરૂપ છે. આમોસની પેઠે તે તે વાત ગર્જનાના અવાજથી જાહેર કરતો નહોતો, પણ કોમળ સાદથી, જાણે કે અશ્રુપાત સહિત તે તે પ્રગટ કરતો હોય, એમ લાગે છે. તેને ઘણી વાર "જૂના કરારનો સુવાર્તિક" એવી સંજ્ઞા આપવામાં આવે છે.

એવી ધગશનું મૂળ કૌટુંબિક જીવનને અંગે તેને જે જાતનુભવ થયો હતો, તેમાં રહેલું છે.

બીજા બધા પ્રબોધકોની જેમ હોશીઆ પણ પોતાના લોકના ઇતિહાસનું અધ્યયન કરનાર હતો, તેમાંથી તેણે અનેક દાખલાનો ઉપયોગ કરેલો છે (દા.ત.૨;૧૫ : ૯;૧૦ : ૧૨; ૨-૧૪). ઇતિહાસનો અભ્યાસ કરતાં જેમ આમોસને તેમ હોશીઆને પણ જણાવ્યું કે તેમાં વિશેષ વર્ણવેલી વાત તો ઇસ્ત્રાએલીઓએ કરેલો વિશ્વાસઘાત છે. તેથી હોશીઆને છોકરાં થયાં, ત્યારે યહોવાની પ્રેરણાથી તેણે તેઓનાં તે બાબતને લગતાં અર્થસૂચક નામ પાડ્યાં. પ્રથમજનિત દીકરાનું નામ તેણે "યિઝ્રએલ" એટલે "જેને દેવ વાવે છે, તે" એવું પાડ્યું. બીજી તો દીકરી હતી, તેનું નામ તેણે "લો-રૂહામાહ," એટલે "દયા પામેલી નહિ" એવું પાડ્યું; અને યહોવાના કહેવાથી બીજા દીકરાનું નામ તેણે "લો-આમ્મી" એટલે "મારી પ્રજા નહિ" એવું પાડ્યું (જુઓ ૨;૨૩). પહેલા દીકરાના નામનો ખુલાસો પછીથી કરવામાં આવશે. બીજાં બે નામ લોકને તથા તેઓની આત્મિક દુર્દશાને લગતાં છે, એ સ્પષ્ટ છે.

અફસોસની વાત છે કે હોશીઆની સ્ત્રી ગોમેર અપતિવ્રતા નીવડી હતી. હોશીઆને મૂકી દઈને તે બીજા પુરુષની સાથે રહેવા ગઇ, તેને ત્યાં તે રખાત તથા દાસી તરીકે રહી હતી. (પછીથી હોશીઆએ જે કિંમત આપીને પોતાની સ્ત્રીને પાછી ખરીદી લીધી, તે પરથી અનુમાન કરી શકાય છે, કે તે પેલા પરપુરુષને ત્યાં ચાકરડી હતી (નિ.૨૧;૩૨).આથી વિશ્વાસઘાતનું દૃષ્ટાંત પૂરેપૂરું બંધબેસતું થઇ ગયું. એવી જ રીતે ઇસ્ત્રાએલ પણ પોતાના ધણી પ્રત્યે વર્ત્યો હતો. તથાપિ જ્યારે દુઃખિત તથા પત્નીથી તજાએલો હોશીઆ પોતાના લોકના ઇતિહાસનું વધારે માનપૂર્વક મનન કરવા માંડ્યો, ત્યારે જો કે તેઓ વિશ્વાસઘાતી તથા બંડખોર લોક છે, તોપણ તેઓનો દેવ યહોવા "દયાળુ તથા કૃપાળુ, મંદરોષી અને અનુગ્રહ તથા સત્યથી ભરપૂર છે" (નિ.૩૪;૬), એ વાતથી આનંદકારક અરુણોદયની માફક તેના નિસ્તેજ મન પર અસર થઇ. ઇસ્ત્રાએલીઓ પાછા હઠી જઈને બીજાં દેવદેવીઓની પૂજા કરવામાં આનંદ માણતા હતા, એમ હોવા છતાં યહોવાએ તેઓને તજી દીધા નથી, તો હું પણ મારી પત્ની પર પ્રેમ

રાખીને તેને દરગુજર કેમ ન કરું, એવો તેને વિચાર આવ્યો હશે. આ વિચાર તો તેના હૃદયમાં ઊંડો ઊતર્યો. તેણે તેની સ્ત્રીને માફ કરીને તેને ખંડી લીધી (૩;૨). કેટલાક દિવસ તેને પોતાના પતિથી અલગ રહેવું પડ્યું (૩;૩), એ વાત પણ દૃષ્ટાંતરૂપ હતી. જેમ આમોસે જાહેર કર્યું હતું, તેમ હોશીઆ પણ માનતો હતો કે અગ્નિરૂપી ભારે શિક્ષા વેઠ્યા વગર પતિત ઇસ્ત્રાએલની શુદ્ધિ કરી શકાય એમ નથી (૩;૪). એ બન્યા પછી જ તેઓ યહોવાનો ભય રાખીને તેનો તથા તેની ઉદારતાનો આશ્રય લેવા પાછા આવશે (૩;૫), તેજ પ્રમાણે અમુક મુદત વીત્યા બાદ હોશીઆની સ્ત્રી તેના સમાગમમાં પાછી આવી. અને સુખશાંતિના દિવસો પાછા આવ્યાની નિશાની તરીકે તેણે પોતાની દીકરીનું તથા બીજા દીકરાનું નામ બદલી નાખ્યું. હેબ્રી ભાષા પ્રમાણે લો=નહિ, તેથી "લો=રૂહામ્માહને" બદલે તેણે તેની દીકરીનું નવું નામ "રૂહામ્માહ" (=દયા પામેલી) અને "લો=આમ્મીને" બદલે તેના બીજા દીકરાનું નામ "આમ્મી" (=મારી પ્રજા) પાડ્યું (૧ પી.૨;૧૦).

"આપણે પ્રેમ રાખીએ છીએ, કેમ કે પ્રથમ તેણે આપણા પર પ્રેમ રાખ્યો," આ જે વાત નવા કરારમાં શિખવેલી છે (૧યો.૪;૧૯), તે હોશીઆ આપોઆપ સમજી ગયો. વળી પોતાની અપતિવ્રતા સ્ત્રી પર દયા રાખીને તથા તેને ક્ષમા આપીને તેણે પ્રેમનો જે અનુભવ કરી લીધો, તેવો બીજા સંતોને ભાગ્યે જ થયો હોય. તે જ કારણને લીધે તેનો સંદેશો ઈશ્વરના પ્રેમ તથા અનુગ્રહની વધામણીથી એટલા બધા પ્રમાણમાં ઓતપ્રોત થઈ રહેલો છે, કે "જૂના કરારનો સુવાર્તિક" એ નામ તેને પૂર્ણ યોગ્ય છે. વળી પાછલા સંકટનો સમય જ્યારે જ્યારે તેના સ્મરણમાં આવતો, ત્યારે ત્યારે તે સર્વમાં ઈશ્વરનો સ્પષ્ટ હાથ તેને દેખાઈ આવતો;જેથી જ્યારે તે તેનું વર્ણન લખવા બેઠો, ત્યારે જેમ યહોવાના હુકમથી તેણે પોતાની સ્ત્રીને માફ કર્યું હતું (૩;૧), તેમ "તું જઈને એક વેશ્યા સાથે લગ્ન કર, ને વેશ્યાનાં છોકરાંને પોતાનાં કરી લે," એવી યહોવાની આજ્ઞાથી તેણે લગ્ન પણ કર્યું, એમ તેણે લખ્યું છે (૧;૨).

આવા અનુભવ પરથી તેનો સંદેશો તેમ જ તે સંદેશાનું સ્વરૂપ ઘડાયાં. જુદી જુદી લાક્ષણિક રીતોએ હોશીઆ ઈશ્વર તથા તેના લોક વચ્ચેના સંબંધનો ખુલાસો કરતો હતો ખરો, પરંતુ વિશેષે કરીને

પતિપત્નીના સંબંધનું દૃષ્ટાંત આપીને તે એ સંબંધનું ભાન કરાવતો હતો (જુઓ અધ્ય.૨). "તે દિવસે તું મને ઈશી (-મારો પતિ) કહીને બોલાવશે, ને મને ફરીથી કદી બઆલી (-મારો ધણી) કહીને બોલાવશે નહિ" (૨;૧૬). હોશીઆએ કરેલા આવા ઉપદેશની ઘણી અસર તેના પછીના બધા પ્રબોધકો પર થએલી જણાય છે (દા.ત.યશ.૫૪;૫ : યર.૨;૨ : ૩;૧૪ : હઝ.૧૬; ૧-૧૪.

ઈષ્ટ દેવ અને તેના સેવકો વચ્ચેના સંબંધને પતિપત્નીનું દૃષ્ટાંત આપવું, એ કંઈ નવીનતા નહોતી. "બઆલ" શબ્દ દ્વિઅર્થી છે, એટલે "પતિ," અને "ધણી કે પ્રભુ." જો સ્વદેશને "માતૃભૂમિ" કહેવામાં આવે, તો લોકના ઈષ્ટદેવને દેશનો તથા તેના લોકનો "પતિ" સમજવો સહેલ છે. યહોવાની ભજનસેવા કરતાં ઈસ્ત્રાએલીઓ "બઆલી" નામનો ઉપયોગ કરતા હોય, એમ લાગે છે. પતિપત્નીનું દૃષ્ટાંત નવું નહોતું ખરું; પણ હોશીઆએ તેનો છેક નવો અર્થ કર્યો, એટલે તેના સમજાવ્યા પ્રમાણે તે યહોવાની સાથે દૈહિક તો નહિ, પણ આત્મિક સંબંધ દર્શાવનારું છે કે જેનામાં ગાઢ પ્રેમ તથા વાત્સલ્ય રહેલાં છે.

(૧) ઈસ્ત્રાએલ પ્રત્યે યહોવાનો પ્રેમ સૂચવનારું એ દૃષ્ટાંત છે. પ્રીતિને લીધે જ તેણે શરૂઆતે ઈસ્ત્રાએલને પસંદ કર્યો હતો (૧૧;૧). પસંદગી કર્યા પછી તે તેની સાથે ને સાથે રહેતો હતો (૧૨;૯). ઈસ્ત્રાએલ કોમળ વયનો હતો, તે દરમિયાન ઈશ્વરે તેને પોતાના પુત્ર તરીકે ઘણા પ્રેમભાવે ઉછેર્યો હતો (૧૧; ૩,૪). ઈસ્ત્રાએલીઓએ કનાન દેશમાં પ્રવેશ કર્યો, ત્યારથી તે પ્રજા ઉંમર લાયક ગણાઈ, તેથી યહોવા તેને પરણ્યો એમ કહેવાય છે. કનાન દેશ તથા તેમાંનું સર્વ દ્રવ્ય યહોવાનાં જ હતાં (૨;૮), તે સર્વ તેણે પોતાની પત્નીને પહેરામણી તરીકે આપ્યું. પણ તે અપતિવ્રતા નીવડી (૨;૫), તેથી હવે વેશ્યાના જેવી શિક્ષા સિવાય બીજું કંઈ તેને માટે બાકી રહેલું નહોતું (૨; ૯-૧૩). તોપણ ઈશ્વરને દયા આવ્યા વિના રહે જ નહિ. "હે એફ્રાઈમ, હું તને શી રીતે સોંપી દઉં?" (૧૧;૮). આખરે પ્રેમભાવના આવેશમાં એવી દેવવાણી થઈ, કે "આ માટે, જુઓ, હું તેને ફોસલાવીને અરણ્યમાં લાવીશ (એટલે બીજું નિર્ગમન) ને ત્યાં તેને દિલાસાનાં વચનો કહીશ... હા, હું નેકીથી, ન્યાયથી, રહેમનજરથી તથા કૃપાથી મારી સાથે તારું વેવિશાળ કરીશ" (૨; ૧૪,૧૯).

સંકટથી શુદ્ધ કરાએલી પ્રજા આવા દૈવી પ્રેમભાવને વશ થઈને જરૂર પરિવર્તન પામશે અને પોતાનાં પાપ કબૂલ કરીને ઈશ્વર આગળ નમીને કહેશે, કે "આશ્શૂર અમારો ઉદ્ધાર કરશે નહિ, અમે ઘોડા (એટલે મિસર) પર સવારી કરીશું નહિ." વળી "તમે અમારા દેવો છો," એમ અમારા હાથોની કૃતિને ફરીથી અમે કહીશું નહિ; "કેમ કે તારી જ પાસેથી અનાથોને દયા પ્રાપ્ત થાય છે" (૧૪;૩).

(૨) ઈસ્ત્રાએલ તથા યહોવા વચ્ચેનો સંબંધ પતિપત્નીના જેવો હોવાને લીધે મૂર્તિપૂજા હોશીઆના સમજવા પ્રમાણે વ્યભિચાર કરવા બરોબર હતી (૪; ૧૦-૧૫). અન્ય દેવોની પૂજા કરવી તે પોતાના પતિનો ત્યાગ કરીને બીજા પ્રિતમોની પાછળ લાગવા સમાન છે (૨;૫). જ્યારથી ઈસ્ત્રાએલીઓ કનાનની સરહદ પર જઈ પહોંચ્યા હતા, ત્યારથી જ એ પાપના પાશમાં તેઓ ફસાઈ પડેલા હતા (૯;૧૦). તે પાપ આખા દેશમાં પ્રસરી રહેલું હતું, જે જોઈને હોશીઆ સ્તબ્ધ બની ગયો (૬;૧૦). આવી ભ્રષ્ટતામાં પડ્યા રહેવા કરતાં મોત પામવું તેને ઇચ્છવાજોગ લાગ્યું. "હે યહોવા, તેઓને આપ. તું શું આપશે? ગર્ભપાત કરનાર ગર્ભસ્થાન તથા સૂકાં સ્તન તેઓને આપ" (૯;૧૪). પત્નીપરાયણ ઈશ્વરની પ્રત્યે અપતિવ્રતાપણાથી વર્તવું એ પાપ છે.

(૩) આ દૃષ્ટાંતમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તદ્વારા ઈશ્વરના પ્રેમનું જે સંપૂર્ણ પ્રકટીકરણ કરાએલું છે, તેની પ્રતિછાયા રહેલી છે. પ્રભુ ઈસુના શીખવ્યા પ્રમાણે તે પડે વરરાજા છે, અને ખ્રિસ્તી મંડળી તેની કન્યા છે (માર્ક ૨;૧૯ : પ્ર.૧૯;૭). ખ્રિસ્તે પોતાની કન્યા પર સંપૂર્ણ પ્રીતિ રાખી છે, તેથી તેની કન્યાએ પણ પવિત્ર તથા નિર્દોષ હોવાની અગત્ય છે (એફ.૫;૨૫,૨૭). જ્યારે હલવાનનું લગ્નજમણ થશે, ત્યારે હલવાનની કન્યાનો એટલે ઉદ્ધાર પામેલાઓનો આનંદ સંપૂર્ણ થશે (પ્ર.૧૯;૯).

૩. તેનું શિક્ષણ : દયા સહિતનું ન્યાયશાસન.

(૧) ઉપર કહ્યા પ્રમાણે હોશીઆએ પ્રગટ કરેલા સંદેશાનો સારાંશ ઈશ્વરકૃપા છે, તોપણ આમોસની માફક તે પણ પાપ પ્રત્યેનો ઈશ્વરનો કોપ જાહેર કરતો હતો. તેણે પોતાના પ્રથમ બાળકનું નામ "યિઝ્રએલ" પાડ્યું હતું. યિઝ્રએલ ગામમાં આહાબનો એક રાજમહેલ

હતો, જ્યાં યેહૂએ આહાબના દીકરાને મારી નાખ્યો હતો, અને તેની સ્ત્રી ઈઝેબેલને પણ મારી નંખાવી હતી (૨ ૨૧.૯;૨૫,૩૦). ત્યાર પછી યેહૂ હદ ઉપરાંતની ધૂર્તતા તથા નિર્દયતાથી વર્ત્યો હતો (૨ ૨૧.૧૦મો અધ્યાય). હવે એલિયા(૧ ૨૧. ૧૯;૧૬) તથા એલીશાની ઉશ્કેરણીથી (૨ ૨૧.૯;૩) યેહૂએ આહાબ તથા તેણે પ્રવર્તાવેલા બઆલના ધર્મની વિરુદ્ધ પોતાનો હાથ ઉઠાવ્યો હતો, પરંતુ તેની નિરંકુશ નિર્દયતા તથા મગરૂબીને લીધે યિઝ્રએલની ખૂનરેજીનો બદલો યેહૂના કુટુંબના માણસો પાસેથી લેવામાં આવશે, ને ઈસ્ત્રાએલના રાજ્યનો અંત આણવામાં આવશે, એવી યહોવાથી પ્રેરાઈને હોશીઆએ આગાહી કરી (૧;૪). ખાલી છ માસ રાજ્ય ચલાવ્યા પછી યરોબઆમના બીજા દીકરાનું ખૂન શાલ્લૂમના હાથે કરવામાં આવ્યું (૨ ૨૧. ૧૫;૧૦), ત્યારે એજ આગાહી અનુસાર બન્યું હતું. યહોવાના કહ્યા પ્રમાણે (૨ ૨૧.૧૦;૩૦) ચોથી પેઢીમાં યેહૂના રાજકુટુંબનો અંત આવ્યો. આવી જ રીતે કાળ વીતતાં માણસોના મનમાં સત્યના પ્રકાશનો વિકાસ થતો જાય છે.

વળી આત્મા રહિતની સર્વ ધર્મક્રિયાઓ કેવી પોકળ છે તે આમોસની માફક હોશીઆ પણ જાહેર કરતો હતો. એવી વ્યર્થ આરાધનાથી બેથેલ ("દેવનું ઘર") તે બેથાવન ("વ્યર્થતાનું ઘર") બની ગયું હતું (૪;૧૫ : ૫;૮ : ૧૦;૫). આવા પ્રકારની ઉપાસના વ્યભિચારરૂપ, હા, જારકર્મરૂપ હતી (૪;૧૩). જેમ જેમ ખેતીવાડીની ઊપજ વધતી જતી હતી, તેમ તેમ વેદીઓ તથા ભજનસ્તંભોની સંખ્યા પણ વધતી જતી હતી (૧૦;૧). પણ જેમ જેમ વેદીઓ તેમ તેમ પાપકર્મ પણ વધતા જતાં હતા કેમ કે વેદીઓ તો પાપ કરાવનાર સાધનરૂપ હતી (૮;૧૧). દરેક ઉચ્ચસ્થાન જારકર્માલય બની રહ્યું હતું; દરેક મંદિરમાં દેવદાસીઓ તથા પુંમૈથુનીઓ રહેતાં હતાં (૪;૧૪). "સમરૂનનો વાછરડો" ઈસ્ત્રાએલીઓને સારુ પાશરૂપ તથા શાપરૂપ નીવડ્યો હતો. (૮;૫,૬ : ૧૦;૫ : ૧૩;૨). ઈશ્વરે તો યજ્ઞાદિની ક્રિયાઓ આશીર્વાદ પ્રાપ્ત કરવાના સાધન તરીકે નિર્મિત કરી હતી, પણ આ વિશ્વાસઘાતી લોકના મનથી યજ્ઞ કરવો તે માત્ર માંસ કાપી ખાવા જેવું હતું (૮;૧૩). એ સર્વ જોઈને પ્રબોધકે યહોવાને નામે એવો પોકાર કર્યો, કે "હું ભલાઇ ચાહું છું," ને યજ્ઞાર્પણ નહિ : અને દહનીયાર્પણ કરતાં હું ઈશ્વરનું જ્ઞાન ચાહું છું" (૬;૬). આ વચન જૂના

કરારમાં સમાએલાં મહાન વચનોમાં એક છે, તે અતિ મૂલ્યવાન મોતી જેવું છે. તે જીવંત વચન છે, તેમાં ત્યાર પછીના ઘણા પ્રબોધકોના ધર્મોપદેશનું મૂળ રહેલું છે. (દા.ત.યશ.૧;૧૦-૧૭ : મી.૬;૮). બે જુદે જુદે પ્રસંગે વાદવિવાદ કરતાં પ્રભુ ઈસુએ પણ તેનો ઉપયોગ કર્યો (મા.૯;૧૩ : ૧૨;૭). વળી પાઉલ પ્રેરિતે પ્રીતિનું જયગાન કરતાં જે મનોહર ગીત રચ્યું (૧ કરિં.૧૩), તેનો વિષય પણ આ વચનથી જ સૂચવાએલો છે.

(૨) ન્યાયશાસન અનિવાર્ય હતું, તોપણ થનાર બંદીવાસની વાત હોશીઆએ માત્ર એક જ વાર કરેલી છે (૬;૧૧). (આ વાક્યનો ખરો સંબંધ ૭;૧ની સાથે છે, તેનો તરજૂમો નીચે પ્રમાણે છે :--

"વળી, હે યહુદાહ, તારે સારુ પણ કાપણી ઠરાવેલી છે.
જ્યારે હું મારા લોકની ગુલામગીરી પાછી ફેરવવા ચાહું,
જ્યારે હું ઈસ્ત્રાએલને સાજો કરવા ચાહું,
ત્યારે એફ્રાઈમનો અન્યાય તથા સમરૂનની દુષ્ટતા જાહેર થાય છે"

એટલે જેમ જેમ યહોવા લોકનો ઉદ્ધાર કરવા વધારે પ્રયત્ન કરતો જતો, તેમ તેમ તેઓની ભ્રષ્ટતા વધુ ને વધુ પ્રગટ થતી. એવો જો આપણે તેનો અર્થ કરીએ, તો તેમાં બાબેલનાં બંદીવાસની સૂચના રહેલી ન હોય, એમ સમજવું). તોપણ થનાર ન્યાયશાસન પાસે આવેલું હતું, અને તેની અટકાયત થાય એવું હતું જ નહિ. મૃત્યુ તથા શેઓલ આવીને પોતાનું કામ સાધે, તે માટે યહોવાએ તેઓને ક્યારનાંય બોલાવ્યાં હતાં.

"હું મૂલ્ય આપીને તેઓને શેઓલના હાથમાંથી છોડાવીશ શું?
મોતમાંથી હું તેઓને છોડાવીશ શું?
અરે મૃત્યુ, તારા અનર્થો લઈને આવ!
અરે, શેઓલ,તારો વિનાશ લઈને આવ!
પશ્ચાત્તાપ મારી આંખોથી ગુપ્ત રહેશે" (૧૩;૧૪).

મિસરમાં તથા આશ્શૂરમાં તેઓ વિખેરાઇ જવાના હતા ખરા (૯;૩), પણ કોની મારફતે અથવા ક્યા સાધન વડે યહોવા ઈસ્ત્રાએલનું શાસન કરવાનો હતો, એ હોશીઆએ કહી જણાવ્યું નહિ. યિઝ્રએલનો બદલો (૧;૪) તથા "સમરૂનના પાપનો" બદલો વાળનાર યહોવા પોતે છે (૯;૧૭ : ૧૩; ૭,૮), એવું હોશીઆનું કહેવું છે

(૫;૬ : ૯;૧૨). (૯;૬ ભૂલથી "મોફ"ને બદલે "મોત" શબ્દ દાખલ થયો છે. મોફ=મેમ્ફીસ, મિસરનું એક નગર).

યહોવા ન્યાયી દેવ છે, તેથી પાપની શિક્ષા કર્યા વિના તે રહી શકે નહિ, એવો આમોસના ઉપદેશનો સાર છે. ઈશ્વર પ્રેમરૂપ છે, તેથી પોતાના લોકનાં ઉલ્લંઘનની દરગુજર કર્યા વિના તે રહી શકે નહિ, એવો હોશીઆએ પ્રગટ કરેલો સંદેશો છે. ઈશ્વરે તેઓનો ત્યાગ કર્યો નહોતો, પણ તેઓએ તેનો ત્યાગ કર્યો હતો (૨;૫). તેઓ સંબંધી તેનો પ્રેમપૂર્વક ઈરાદો અવિકારી છે. લોકને તે શિક્ષા કરશે ખરો, પણ તેઓ આત્મિક તાજગી પામીને ઉન્નત બને તે માટે. તે તેઓને અરણ્યમાં દોરી લાવશે ખરો, પણ ત્યાં તે તેઓને દિલાસાનાં વચન કહી સંભળાવે, તે માટે. ફરી એક વાર આખોરની ખીણ-ખેદ પામવાનું સ્થળ-સમસ્ત પ્રજાને સારુ આશાનું દ્વાર બની જશે. ત્યાં સદાને માટે તે નવે નામે ઈસ્ત્રાએલની સાથે વેવિશાળ કરશે. દેશ ફરીથી યહોવાનો જ થશે. તેને ફળદ્રુપ બનાવવા સારુ આકાશ તથા પૃથ્વી બંને સહકાર કરશે. જેઓએ યહોવાને તજી દીધો હતો, તેઓને "તમે મારા લોક છે," એમ કહેવામાં આવશે, જેનો પ્રત્યુત્તર "તું અમારો દેવ છે," એવો આપીને લોક પણ તેને કબૂલ કરશે (૨; ૧૪-૨૩). પુસ્તકના છેલ્લા અધ્યાયમાં ઉદ્ધાર પામેલાઓનું ગીત સમાએલું છે; અથવા એવાં શુભ વચન બોલીને માયાળુ પિતાએ પોતાના ઉડાઉ દીકરાનો આવકાર કર્યો, એમ કહીએ, તો ચાલે. તેમાં આખી સુવાર્તા સંક્ષેપમાં સમાએલી છે. ઉડાઉ દીકરાનું દૃષ્ટાંત જેણે ઉચ્ચાર્યું તે યરુશાલેમ તથા ત્યાંના વધસ્તંભ ભણી પ્રયાણ કરનાર ઈસુ હતો. પશ્ચાત્તાપ તથા તેથી પ્રાપ્ત થએલી ક્ષમાનું આ સ્વર્ગીય ગીત જે પ્રબોધકે રચ્યું, તે પણ દુઃખિત પુરુષ તથા દરદનો અનુભવી હતો.

૪. અનુક્રમણિકા.

I. અધ્ય. ૧-૩. અપતિવ્રતા સ્ત્રી પ્રત્યે હોશીઆનો, અને વિશ્વાસઘાતી ઈસ્ત્રાએલ પ્રત્યે યહોવાનો દૃઢ પ્રેમભાવ.

II. અધ્ય. ૪-૧૩. ચાર જુદા જુદા રાજાઓની કારકિર્દી દરમિયાન પ્રબોધકે કરેલો ઉપદેશ.

(૧) અધ્ય. ૪,૫. યાજકવર્ગ તથા લોકમાં એટલે સમસ્ત પ્રજામાં ફેલાઈ ગએલી ભ્રષ્ટતા.

(૨) અધ્ય ૬. ઉપરચોટિયો પશ્ચાત્તાપ.

(૩) અધ્ય. ૭,૮. "પવન વાવીને વંટોળિયો લણવો." દેશનેતાઓમાં થએલો બગાડ, અને પરદેશી રાજ્યોની સાથે કરાએલા કરારોની નિરર્થકતા.

(૪) અધ્ય. ૯,૧૦. યહોવાનો ત્યાગ કર્યાને પરિણામે બંદીવાસરૂપ નિસ્તેજ કારાગૃહમાં જવું. તેઓના દેવો તેમ જ તેઓના રાજાઓ તેઓને બચાવવા અશક્ત.

(૫) અધ્ય. ૧૧; ૧-૧૧. પોતાના પુત્ર ઇસ્ત્રાએલ પર યહોવાનું વાત્સલ્ય.

(૬) અધ્ય. ૧૧; ૧૨-૧૩;૧૩. ઇસ્ત્રાએલી પ્રજા પોતાના આદિપિતા યાકૂબના જેવી ઠગ.

(૭) અધ્ય. ૧૩ : ખાતરીપૂર્વક આવનાર ન્યાયશાસન.

III. અધ્ય. ૧૪ : પ્રેમનો વિજય. પશ્ચાત્તાપ કરનાર ઇસ્ત્રાએલને ક્ષમા.

વિગતવાર કેટલીએક નોંધ.

૧;૪. હેબ્રી લિપિ પ્રમાણે યિઝ્રએલ (=યિઝ્રીઆલ) ને ઇસ્ત્રાએલ (=યિશ્રાએલ) શબ્દોમાં ઘણી સમાનતા છે. જ્યારે યહોવા ઇસ્ત્રાએલની પુનઃસ્થાપના કરી રહેશે, ત્યારે જાણે કે તેણે બીજી વાર ઇસ્ત્રાએલી પ્રજાને કનાન દેશમાં રોપી હોય, એમ સમજવાનું છે (યિઝ્રએલ=જેને દેવ વાવે છે,તે). સાફ કરાએલાં બીજમાંથી એક પવિત્ર પ્રજા ઉત્પન્ન થશે.

૩;૧. "સૂકી દ્રાક્ષોની બાટીઓ" અર્પણ કરવાના કામમાં આવતી હતી. પછીથી અર્પણ કરનારાઓ તે ખાતા (જુઓ યશ.૧૬;૭).

૩;૫. "પોતાના રાજા દાઉદ." એ નામે આવનાર મસીહ હવે પછીના સમયમાં ઓળખાવા લાગ્યો (૪૨.૩૦;૯ : હઝ.૩૪;૨૩,વગેરે).

૪;૯. "યથા લોક તથા યાજક." પ્રજામાં પેઠેલી ભ્રષ્ટતાનો દોષ હોશીઆએ યાજકવર્ગ પર મૂક્યો. લોકને નિયમશાસ્ત્ર (તોરાહ) શીખવવું એ તેઓનું મુખ્ય કામ હતું (માલા.૨;૭), પણ તેમ ન કરતાં "તેઓ મારા લોકના પાપ (એટલે વાછરડાની પૂજા) પર પોતાનો નિર્વાહ કરે છે" (૮). યાજકોએ નિયમશાસ્ત્ર વીસારે મૂક્યું હતું (૬), અને દરેક ઉચ્ચાસ્થાને ચાલતા દુષ્કર્મનો ઢાંકપિછોડો કરતા હતા. તેઓ તો આદર્શ પવિત્ર જીવન ગાળનારા હોવા જોઈએ, તેને બદલે તેઓ

સામાન્ય લોકના જેવા જ ભ્રષ્ટ થઈ ગયા હતા. આવનાર ન્યાયશાસનની ચેતવણી આપવા જ્યારે હોશીઆ ઊભો થતો, ત્યારે યાજકો તેમ જ લોકો તેને મૂર્ખ, હા, ઘેલો સમજતા (૯;૭). પ્રભુ ઈસુ સંબંધી પણ કહેવામાં આવ્યું હતું, કે "તે ઘેલો છે" (માર્ક ૩;૨૧).

૪;૧૭. "તેને રહેવા દો." આ વચન સર્વ સદ્‌વચનોમાંનું સહુથી ગંભીર છે. એફ્રાઇમ મૂર્તિઓની સાથે લગ્ન જેવા સંબંધથી બંધાએલો છે. જો ઈશ્વર મને તજી દે, તો મારે બચવાની શી આશા! (મા.૧૫;૧૪ : લૂ.૧૩;૩૫).

૪;૧૯. "વાયુએ...વીંટી દીધી છે." એમ કહીને હોશીઆ આશૂરને સૂચવતો હશે શું?

૫;૧૩. "યારેબ રાજા." આશૂરના રાજાનું ઠઠ્ઠામશ્કરીરૂપ નામ.

૫;૧૫. "તેઓ મને આતુરતાથી શોધશે." LXX અનુસાર "એમ કહેતાં" ઉમેરીને આ કલમ અધ્ય. ૬ઠ્ઠાની પહેલી કલમ સાથે જો જોડી દઈએ, તો "ચાલો,આપણે યહોવાની પાસે પાછા જઈએ, એમ કહેતાં તેઓ મને શોધશે," એવો તરજૂમો થાય. પણ લોકે કરેલો પશ્ચાત્તાપ ઉપર ઉપરનો જ હતો. તેઓની ભલાઈ "સવારની વાદળ જેવી ને જલદીથી ઊડી જનાર ઝાકળ જેવી" હતી (૬;૪).

૭;૪. "તપાવેલી ભઠ્ઠી" એટલે વિષયવાસનાથી બળવું તે.

૭;૮. "ફેરવ્યા વગરની પોળી." યહોવા પર ભરોસો રાખવાનું છોડી દઈને ઇસ્ત્રાએલ કાં તો મિસર તરફથી, કાં તો આશૂર તરફથી મદદ માગતો હતો. પરંતુ કોઈ પણ પક્ષની સાથે જોડાઈ જવું તે એક જ બાજુએ શેકેલી પોળી બરોબર છે. એકલા ખ્રિસ્ત પર વિશ્વાસ રાખવાથી આપણું જીવન સંપૂર્ણ તેમ જ પૂરેપૂરું ફળવંત થાય છે (યો.૧૫;૫).

૭;૧૪. "એકઠા થાય છે. અસલ શબ્દની જોડણીમાં સહેજ ફેરફાર કરવાથી "તેઓ પોતાને કાપે છે," એવો તરજૂમો કરી શકાય. (જુઓ લે.૧૯;૨૮ : પુ.૧૪;૧ : ૧ રા.૧૮;૨૮).

૮;૮. "ઇસ્ત્રાએલ ગરક થઈ ગયો છે." ઇસ્ત્રાએલને સારુ યરોબઆમ બીજાએ જે કંઈ યશ મેળવ્યો હતો, તે હવે લુપ્ત થઈ ગએલો છે.

૯;૩. "અપવિત્ર અન્ન." ઇસ્ત્રાએલ યહોવાનો જ દેશ છે, તે એકલો પવિત્ર છે. સર્વ પારકા દેશો અપવિત્ર ગણાતા હતા, કે જ્યાં યહોવાની ભક્તિસેવા થઇ શકે જ નહિ, એવી સામાન્ય માન્યતા હતી (સરખાવો આમ.૭;૧૭).

૯;૧૦. "બઆલ-પેઓર." જુઓ ગણ.૨૫;૩ : ગી. ૧૦૬;૨૮. "લજ્જાકારક વસ્તુ"=બઆલ (૨શમૂ.૨;૮ની નોંધ જુઓ). આ વાક્યમાં ગંભીર ચેતવણી સમાએલી છે. "તેઓ પોતાને પ્રિય લાગતી વસ્તુના જેવા થાય." જો જગત તથા જગતનાં વાનાં પર આપણે હેત રાખીએ, તો આપણે તેના જેવા થયા વિના રહીશું નહિ (૩.૧૨;૨ : ૧ યો.૨; ૧૫-૧૭). પણ જો પ્રભુ ખ્રિસ્ત પર આપણે પ્રેમભાવ રાખીએ, તો અધિકાધિક મહિમા ધારણ કરીને આપણે તેના જ જેવા થતા જઇશું (૨ કરિં.૩;૧૮).

૧૦;૧૦. "બે અપરાધ," એટલે બેથેલ તથા દાન આગળ વાછરડાની ઊભી કરાએલી બે મૂર્તિ.

૧૨; ૩-૧૪. ઉત્પત્તિ તથા નિર્ગમનનાં પુસ્તકોમાં સમાએલા બનાવોની હોશીઆએ આપેલી આ માહિતી ધ્યાન આપવા લાયક છે. તે વાર્તાઓનો સંગ્રહ (JE) તે સમયે કરવામાં આવ્યો હોય, એવો સંભવ છે.

૧૨;૭. "કનાન ઠગ છે." મૂળાર્થ તો "તે કનાન છે." કનાન શબ્દનો મૂળાર્થ "વેપારી," "સોદાગર" છે. (હઝ.૧૭;૪માં "સોદાગરનો મુલક"=બાબેલોન. પણ મૂળાર્થ="કનાનનો દેશ"). ઇસ્ત્રાએલ કનાની વેપારી જેવો ઠગ બની ગયો છે (જુઓ ઝખ.૧૪;૨૧).

૧૩;૧૪. "અરે મૃત્યુ." જુઓ પ્રસ્તાવના ૩ (૨)

૧૪;૨. "ગોધાની પેઠે અમારા હોઠોનું અર્પણ," એટલે રીતસરના યજ્ઞાર્પણ કરતાં પાપની હૃદયપૂર્વક કબૂલાત ઇશ્વર આગળ માન્ય થાય છે (ગી.૫૧;૧૬,૧૭).

યશાયા (૧-૩૯)
("યહોવા સહાયકારી છે")

૧. **સમય.** યશાયા પ્રબોધકે જે જે સહુથી મહત્ત્વનાં વચનો ઉચ્ચાર્યા તે સર્વ તેણે પોતાના લોકના કટોકટીના પ્રસંગોએ ઉચ્ચાર્યા, તેથી તેના સમયની સાલવાર તપાસ કરવી ઘટે છે. ઉઝઝીયાહના દીકરા યોથામ (૭૪૦-૭૩૫), આહાઝ (૭૩૫-૭૨૫) તથા હિઝકીયાહ (૭૨૫-૬૯૬) એ ત્રણ રાજાઓની કારકિર્દીમાં તે પ્રબોધ કરતો હતો. તે વખત દરમિયાન આશ્શૂર રાજ્યની ઉન્નતિ, તથા પશ્ચિમ દિશા તરફ તેણે કરેલું આક્રમણ, એ સહુથી મહત્ત્વના બનાવ હતા, તેથી અહીં આશ્શૂરના જુદા જુદા રાજાઓની સાલવાર ટીપ આપવી જરૂરની છે. તે નીચે પ્રમાણે છે :--

પુલ ઉર્ફે તિગ્લાથ-પિલેસેર (૨ રા.૧૫;૧૯,૨૯) : ૭૪૫-૭૨૭.
તેણે ૭૩૨ની સાલમાં ગાલીલ પ્રાંત સર કર્યો.
શાલ્માનેસેર (૨ રા.૧૭;૩) : ૭૨૭-૭૨૨.
૭૨૨ની સાલમાં તેના લશ્કરે સમરૂન શહેર સર કર્યું.
સાર્ગોન (યશ.૨૦;૧) : ૭૨૨-૭૦૫.
તેણે ૭૧૧ની સાલમાં આશ્દોદ જીતી લીધું.
સાન્હેરીબ (૨ રા.૧૮;૧૩) : ૭૦૫-૬૮૧.
૭૦૧ની સાલમાં તેણે પલિસ્તીઆ અને યહુદાહ પર ચઢાઇ કરી.

૭૪૦ની સાલમાં ઈશ્વર તરફથી યશાયાને પ્રબોધક થવાનું આમંત્રણ મળ્યું (૬;૧), અને ૭૦૧ની સાલમાં તેણે છેલ્લો પ્રબોધ કર્યો. તે ૪૦ વર્ષ દરમિયાન (૧) આશ્શૂર રાજ્યનું પરાક્રમ કેટલું બધું વધી ગયું તે, અને (૨) તેની પ્રગતિને પરિણામે ઉત્તર ઇસ્ત્રાએલની કેવી દશા થઇ, તેમ જ યહૂદાહ ઇલાકાના રાજકીય તથા આધ્યાત્મિક જીવન પર તેની કેવી અસર થઇ, તે સર્વ ઉપરની ટીપ ઉપરથી સ્પષ્ટ જણાય, એમ છે. (તેનું વિગતવાર વર્ણન ૨ રાજાના પુસ્તકમાં કરેલું છે). પારકા દેશની સાથે કોલકરાર કરવો એ માત્ર લેખિત દસ્તાવેજની બાબત હતી એમ નહોતું.યહૂદાહનો દેવ એકલો યહોવા જ હતો, પણ અન્ય લોકના અન્ય દેવો હતા, એટલે અન્ય દેવદેવીઓની પૂજા કરનારા લોકની સાથે કરાર કરવાથી યહોવાના ઉપાસકો પર અસર ન થાય, એવું ભાગ્યેજ

બને. આવા વ્યવહારમાં રહેલા જોખમનો દાખલો ૨ રા.૧૬; ૧૦-૨૬માં મળી આવે છે. યરુશાલેમ "પૂર્વ તરફના દેશોના રીતરિવાજોથી" ભરપૂર છે, એવું યશાયાનું કહેવું હતું (૨;૬).

આશ્શૂરના પરાક્રમ આગળ વધારે વખત ટકી રહેવાનું ઉત્તર ઇસ્ત્રાએલને માટે અશક્ય બનવાથી ૭૨૨ની સાલમાં તે આશ્શૂરને શરણ થયો, અને તેની સમસ્ત વસતિને બંદીવાસમાં લઇ જવામાં આવી (૨ રા.૧૭;૬). ત્યાર પછીથી એજ આશ્શૂરનો ભય યહુદાહ પર વાદળની પેઠે ઝઝૂમી રહ્યો. એવી રાજકીય પરિસ્થિતિમાં યશાયા પોતાના પ્રબોધનાં જુસ્સાદાર વચનનું ઉચ્ચારણ કરતો હતો.

૨. **તેનો સંદેશો.** ઉપર કહ્યા પ્રમાણે યશાયાએ કરેલો પ્રબોધ પ્રસંગોચિત હતો, તેથી તેનો ઉપદેશ સ્પષ્ટતાથી સમજવા માટે આપણે પ્રબોધ કરવાના જુદા જુદા પ્રસંગો તથા તે જુદે જુદે પ્રસંગે તેણે કરેલા પ્રબોધની ક્રમ વાર તપાસ કરવી જોઇએ. તદનુસાર તપાસ કરવાથી માલૂમ પડે છે, કે પ્રબોધ તરીકે યશાયાએ કરેલી પ્રવૃત્તિઓના ચાર જુદા જુદા વિભાગ કરી શકાય છે, જે નીચે પ્રમાણે છે :--

(૧) ૭૪૦-૭૩૫ :--યશાયાનું તેડું, તથા ત્યાર પછીનાં પાંચ વર્ષ દરમિયાન બનેલા બનાવો.

(૨) ૭૩૫--આહાઝ રાજાની કારકિર્દીમાં અરામ તથા ઉત્તર ઇસ્ત્રાએલે યહૂદાહ પર કરેલો હુમલો.

(૩) ૭૧૧--પલિસ્તીઆ પર આશ્શૂરના રાજા સાર્ગોને કરેલી ચઢાઇ.

(૪) ૭૦૫-૭૦૧ :--પલિસ્તીઆ તથા યહૂદાહ પર સાન્હેરીબ રાજાએ કરેલી ચઢાઇ.

પુસ્તકની ગોઠવણ એકંદરે એજ ક્રમ પ્રમાણેની છે, એટલે :--

(૧) ૭૪૦-૭૩૫=અધ્ય. ૧-૬ (૫;૨૫-૩૦ સિવાય).

(૨) ૭૩૫=અધ્ય. ૭;૧-૧૦;૪;૫; ૨૫-૩૦ : ૧૭:૨૮. (૭૨૫=૧૪;૨૮-૩૨).

(૩) ૭૧૧=અધ્ય. ૧૫ : ૧૬ : ૧૯ : ૨૦.

(૪) ૭૦૫-૭૦૧=અધ્ય.૧૦; ૫-૩૪ : ૧૧ : ૧૨ : ૧૪; ૨૪-૨૭ : ૧૭; ૧૨-૧૪ : ૧૮:૨૨:૨૩: ૨૯-૩૩ : ૩૬-૩૯

જે થોડાં અધ્યાય બાકી રહ્યા છે, તેની નોંધ પછીથી કરવામાં

આવશે. અધ્ય. ૧૩-૨૩ એક જ પ્રકરણ થાય છે, તેમાં આસપાસના જુદા જુદા દેશો સંબંધીના પ્રબોધનો સંગ્રહ સમાએલો છે.

સર્વ પ્રબોધકોમાં યશાયા સહુથી મહાન છે, એવું એકંદરે સર્વમાન્ય છે. કેટલાએક વાચકોને યર્મિયા વધારે પ્રિય લાગવાનો સંભવ છે ખરો; પરંતુ તેનો કટોકટીનો સમય, તેનો સંદેશો તથા રાજદરબારમાં તેમ જ ચોરેચૌટે તેના ઉપદેશે કરેલી અસર-એ સર્વ બાબતો પર જો લક્ષ દેવામાં આવે, તો પ્રબોધક વર્ગમાં યશાયા પ્રધાન સ્થાનને યોગ્ય છે, એમ કબૂલ કર્યા વગર છૂટકો નથી. તેના પ્રબોધમાં યહોવાનો મહિમા તેમ જ તેનો અનુગ્રહ, તેની પવિત્રતા તેમ જ તેનો ઉદ્ધારક પ્રેમ, એ સર્વ બાબતનો સમાવેશ થાય છે. તે શ્રદ્ધાનો મહાન પ્રબોધક પણ હતો. "યહોવા સહાયરૂપ છે," એવો તેના નામનો ભાવાર્થ છે, અને એવો તેના ઉપદેશનો સારાંશ પણ છે. "શાંત રહેવામાં તથા શ્રદ્ધા રાખવામાં તમારું સામર્થ્ય રહેશે" (૩૦;૧૫). વળી તે આશાવાદી પ્રબોધ કરનાર હતો. તેણે મસીહી રાજ્યમાં ફેલાઇ જનાર શાંતિ તથા આનંદનાં અતિ સુંદર ચિત્રો આલેખેલાં છે. "મારાં આખા પવિત્ર પર્વતમાં તેઓ કંઇ પણ ઉપદ્રવ કરશે નહિ, તેમ વિનાશ પણ કરશે નહિ; કેમ કે જેમ સમુદ્ર પાણીથી ભરપૂર છે, તે પ્રમાણે પૃથ્વી યહોવાના જ્ઞાનથી ભરપૂર થશે" (૧૧;૯). તે સર્વ ઉપરાંત જેણે આવનાર મસીહને "અદ્‌ભુત મંત્રી, પરાક્રમી દેવ, સનાતન પિતા, શાંતિનો સરદાર" એ નામ આપવામાં આવશે એવી આગાહી કરી (૯;૬), તેને મસીહ રાજાનો મહાન પ્રબોધક જરૂર કહી શકાય.

૧. **૭૪૦-૭૩૫. યશાયાનું તેડું.** પ્રેરિત પાઉલની માફક તેડાને પ્રસંગે યશાયાને પણ જે અનુભવ થયો, તે દ્વારા તેના જીવનનું રૂપાંતર જ થયું, કેવળ એમ નહિ પણ તેનાથી તેના પ્રબોધનું સ્વરૂપ ઘડાયું. જતે દહાડે ઈશ્વરની ઇચ્છા તથા તેના સંકલ્પ વિષેના જ્ઞાનમાં તે વૃદ્ધિ પામતો ગયો ખરો, તોપણ જે મૂળમાંથી તેનું તમામ શિક્ષણ ઉપજ્યું હતું, તે તેના તેડાની ઘડીએ રોપવામાં આવેલું. તે પ્રસંગે બનેલી વાતો પર આપણે લક્ષ દઇએ.

(૧) યશાયાને જે દર્શન થયું, તે મંદિરમાં જ થયું. જે અંગારથી તેના અશુદ્ધ હોઠો શુદ્ધ કરવામાં આવ્યા, તે મંદિરમાંની યજ્ઞવેદી પરથી ઊપાડી લેવામાં આવ્યો. આમોસ તથા હોશીઆની માફક યશાયાએ

મંદિરમાં ચાલતી વ્યર્થ ધર્મક્રિયાઓનો તુચ્છકાર કર્યો હતો (૧; ૧૦-૧૭), તોપણ તેને યહોવાનું જીવનદાયક દર્શન મંદિરમાં જ થયું, અને ઘણાં સૈકાં પછી યરુશાલેમના એજ મંદિરને બાળક ઈસુએ "મારા બાપનું ઘર" કહ્યું. પ્રભુનું મંદિર આજદિન સુધી પણ નિખાલસ મનવાળાને આશીર્વાદ પ્રાપ્ત કરાવનાર સ્થળ છે.

"ઉઝઝીયાહ રાજા મરણ પામ્યો, તે વરસે મેં પ્રભુને જોયો" (૬;૧). રાજા તો ગયો હતો, પણ રાજાઓનો સર્વસમર્થ રાજા સદા બિરાજમાન છે. તે મરતો જ નથી (જુઓ હબ.૧;૧૨ની નોંધ).

(૨) તેને જે દર્શન થયું, તે યહોવાની પવિત્રતાનું દર્શન હતું. સરાફીમો જે પૂજ્યભાવ દર્શાવતા હતા, તે પરથી એજ સમજાય છે; પણ વિશેષે કરીને યહોવાના સાન્નિધ્યમાં યશાયાના આત્માની જે દીનતા પ્રદર્શિત થઇ તે પરથી આપણે એવી જ અટકળ કરી શકીએ, એમ છે. અયૂબની પેઠે (૪૨;૬) યશાયાને પણ તે દર્શન નિહાળતાં પોતાની જાત પર કંટાળો આવ્યો, પણ પશ્ચાત્તાપ વ્યક્ત કરવામાં યશાયાએ લોકની સાથે પોતાને એકરૂપ ગણ્યો, એ તો તદન નવી જ વાત છે. લોકથી જાણે કે અલગ થઈને આમોસે તથા હોશીઆએ પ્રબોધ કર્યો હતો. તેઓ તથા ઈશ્વર એક પક્ષના, અને લોકો સામા પક્ષના હોય, એમ હતું. પણ યશાયાની વાત જુદી છે. તે પ્રબોધક તેમ જ યાજક પણ હતો, તેથી ખરા યાજક તરીકે તે પોતાના લોકની સાથે એકરૂપ થયો. લોકની માફક હું પણ નિર્બળતાથી ઘેરાએલો છું, એવું તેણે કબૂલ કર્યું (હે.૫;૨). અંત સુધી તેના ચારિત્ર્યનું એજ લક્ષણ દીપી આવે છે.

(૩) વળી તેને જે દર્શન થયું, તે ઈશ્વરના અનુગ્રહનું દર્શન પણ હતું. યહોવાનું દર્શન પામ્યાં છતાં તે જીવતો રહ્યો. ઈશ્વરની પરમપવિત્રતાને લીધે પતિત માણસથી તેની પાસે જવાય નહિ (લૂ.૧૮;૧૩) એવું આપણને લાગે એ સ્વાભાવિક છે, પરંતુ ખરું જોતાં તેની પવિત્રતા અને તેનો અનુગ્રહ એ બંને એક જ છે. "પવિત્ર પિતા" એમ બોલીને પ્રભુ ઈસુએ એક પ્રસંગે ઈશ્વરનું સંબોધન કર્યું (યો.૧૭;૧૧). દીન થએલા યશાયાને તરત ક્ષમા આપવામાં આવી, અને તે યહોવાનો પ્રબોધક થવાનો છે, તેથી તેના અશુદ્ધ હોઠો શુદ્ધ કરવામાં આવ્યા. માફી પામીને તથા પવિત્ર કરાઈને તે યહોવાએ કરેલી હાકલને ઝીલી લેતાં એકદમ બોલી ઊઠ્યો, કે "પ્રભુ, હું આ રહ્યો, મને મોકલ."

(૪) તે દર્શનદ્વારા યહોવાનો સંકલ્પ યશાયાને પ્રગટ કરવામાં આવ્યો. પૃથ્વીનું ભરપૂરપણું યહોવાના મહિમારૂપ છે, તેથી પૃથ્વી તથા તે પર વસનારા સર્વ સંબંધી યહોવાનો કોઈ ખાસ ઇરાદો હોય, એ જરૂરનું છે.

પૃથ્વી સંબંધીનો ઈશ્વરનો ઇરાદો કૃપામય છે, એવું યશાયા પોતાને થએલા કૃપાના અનુભવ પરથી સમજી ગયો. તોપણ ઈશ્વરે તેને જે સેવાકાર્ય સોંપ્યું, તે કેવળ ફાંફાં મારવા જેવું છે, એવું પ્રબોધકને શરૂઆતે લાગ્યું હોય. પરંતુ તેને ઈશ્વરના વચનમાં આશારૂપ તણખો રહેલો જણાયો. ઝાડ કાપી નાખવામાં આવશે ખરું, તોપણ તેના ઠૂંઠામાંથી નવો અંકૂર ફૂટી નીકળશે. નગરો વસતિહીન થશે ખરાં, તોપણ ઈશ્વર પોતાની કૃપાએ નાનો સરખો અવશેષ રહેવા દેશે, કે જે વડે ઇસ્ત્રાએલનો આખરે બચાવ થશે. આગળ જતાં આ વાત યશાયાના શિક્ષણના મુખ્ય સિદ્ધાંતરૂપ બની. (પરંતુ છેલ્લું વાક્ય LXX માં મળતું નહિ હોવાથી દર્શનને પ્રસંગે "પવિત્ર બીજ" સંબંધી કંઈ પ્રગટ કરવામાં આવ્યું નહોતું, એવું કેટલાએકનું માનવું છે).

જ્યારે યશાયા મંદિરમાંથી નીકળીને બજારમાં ગયો, ત્યારે તેના હૃદયમાં ઉપજેલી નિરાશાને પુષ્ટિને આપે, એવાં દશ્યો તેના જોવામાં આવ્યાં. જે જે દુરાચરણ જોઈને આમોસે ક્રોધાવેશમાં ન્યાયશાસનનો પ્રબોધ કર્યો હતો, એજ દુષ્કર્મોનું દશ્ય યશાયાની નજરે પણ પડ્યું, જેથી એમ બન્યું, કે યશાયાએ પ્રથણ જે ભાષણો કર્યાં, તે આમોસે કરેલા પ્રબોધના પ્રતિધ્વનિ જેવાં છે. યશાયાએ પણ યહોવાના ભયાવહ દિવસની આગાહી કરતાં કહ્યું, કે માણસો યહોવાના માહાત્મ્યના પ્રતાપથી સંતાઈ જશે, અને એકલો યહોવા એ શ્રેષ્ઠ મનાશે (૨;૧૦, ૧૭, ૧૯, ૨૧). આમોસની પેઠે યશાયાએ પણ ધનાઢ્યોના ભોગવિલાસ તથા દ્રવ્યલોભ વખોડી કાઢ્યા (૩; ૧૪,૧૫). આમોસની માફક યશાયાએ પણ યહૂદી સ્ત્રીઓના દંભનો તિરસ્કાર કર્યો (૩; ૧૬-૨૪. સરખાવો ૩૨; ૯-૨૦). ઇસ્ત્રાએલ તથા યહૂદાહ યહોવાએ રોપેલી દ્રાક્ષવાડીરૂપ હતા, પણ તે નિષ્ફળ નીવડી હતી. તેમાં ઇન્સાફ ફળશે, એવી આશા યહોવા રાખતો હતો, પણ તેને બદલે જુઓ, રક્તપાત! તે તેમાં નેકીની આશા રાખતો હતો, પણ ત્યાં જુઓ, વિલાપ (૫;૧-૭). એ સર્વ જોઈને યશાયા નિરાશામાં ગરક થઈ ગયો.

એક પણ તારા વિનાની ઘોર અંધારી રાત્રી જેવું વાતાવરણ યશાયાની દૃષ્ટિએ પડ્યું. તોપણ મંદિરમાં થએલા દર્શનનું જ્યારે તેણે મનન કર્યું, ત્યારે આશાનો ઉદય થવા લાગ્યો. યહોવાનું સિંહાસન ઉચ્ચ તથા ઉન્નત છે ખરું, તોપણ દીન તથા નમ્ર ભાવવાળાઓથી તે દૂર નથી. તેથી જ્યારે તેણે પછીથી તે સમયનાં ભાષણનો સંગ્રહ કર્યો ત્યારે ઉપોદ્‌ઘાત તરીકે તેણે પ્રથમ અધ્યાય ઉમેર્યો, તેમાં એક સિવાય (એટલે મસીહ સંબંધીના શિક્ષણ સિવાય) તેના ઉપદેશના મૂળ મુદ્દાની સર્વ વાતો સમાએલી છે, એટલે (૧) યહૂદીઓની ધર્માંધતા (૧; ૨-૮ : ૨૧-૨૩), (૨) શેષ સંબંધીનું શિક્ષણ (૯), (૩) ભાવ વગરની ઉપાસનાની વ્યર્થતા (૧૦-૧૭), (૪) પાપની ક્ષમા (૧૮), (૫) શુદ્ધિકરણ, તથા ખરા સેવકોની પુનઃસ્થાપના (૨૪-૨૭). ("તમારોઃ દેશ ઉજ્જડ થયો છે; તમારાં નગરો આગથી બાળી નાખવામાં આવ્યાં છે," વગેરે (ક.૭). દેશની એવી સ્થિતિ પરથી સમજવું કે પ્રથમ અધ્યાય કાં તો અરામ તથા ઇસ્ત્રાએલે યહૂદાહ પર કરેલી ચડાઇ વખેત (૭૩૫) કાં તો આશ્શૂરીઓએ કરેલા આક્રમણ વખતે (૭૦૪-૭૦૧) લખવામાં આવ્યો હશે).

૨. **૭૩૫. આશ્શૂરની પ્રગતિ** (અધ્ય. ૫; ૨૫-૩૦ : ૭;૧--૧૦; ૪:૧૭; ૧-૧૧). રાજાઓના પુસ્તકની પ્રસ્તાવનામાં પણ આ બાબતનું વ્યાખ્યાન કરેલું છે. તિગ્લાથ-પિલેસેર (ઉર્ફે પૂલ) ૭૪૫ની સાલમાં આશ્શૂરનો ગાદીપતિ થયો હતો, તેની કારકિર્દીનાં પહેલાં દસ વર્ષ દરમિયાન તે તેના રાજ્યની પૂર્વ તથા દક્ષિણ સીમા તરફ ઊઠેલા જુદા જુદા બળવાઓ દાબી દેવામાં રોકાયો હતો, ત્યારબાદ તેણે પશ્ચિમ તરફ આગેકૂચ માંડી. આશ્શૂરની ફોજ અજિંત છે, એવું દરેક નિષ્પક્ષપાતી પ્રેક્ષકને સ્પષ્ટ દેખાતું હતું, છતાં અરામ તથા ઇસ્ત્રાએલે તેની સામે થવાનો સંકલ્પ કર્યો.

(૧) ૯;૮--૧૦; ૪ ને ૫;૨૫-૩૦. આ સમયે યશાયાએ આ વચન ઉચ્ચાર્યાં હશે. દ્રાક્ષવાડીમાં ઊપજેલી જંગલી દ્રાક્ષોને લીધે જે ન્યાયશાસન થવાનું હતું તે સંબંધીના રાસડા જેવાં તે છે. તેની વારંવાર સંભળાતી ટેક આ પ્રમાણે છે :--

"એ સર્વ છતાં તેનો રોષ શમી ગયો નથી,
ને તેનો હાથ હજી ઉગામેલો છે."

તેમાં લોકનું અભિમાન તથા તેઓના નેતાઓમાં એટલે તેઓના પ્રબોધકો ને ન્યાયાધીશોમાં પણ (૯; ૧૫ : ૧૦;૨) ચાલી રહેલો બગાડ જાહેર કરેલાં છે. આખરે ઈશ્વરનો કોપ શમી જાય છે. એક નનામો પણ કટ્ટો વૈરી પૃથ્વીના છેડાથી આવીને યહૂદાહને છૂંદી નાખીને તેને શિક્ષા કરશે (૫; ૨૫-૩૦). આ પદોની સમાપ્તિની કોઈ ટેક નથી.

(૨) ૧૭; ૧-૧૧. આ પ્રબોધ અરામને લગતો છે, પરંતુ કલમ ત્રીજીમાં અરામ તથા ઈસ્ત્રાએલ વચ્ચેનો કરાર સૂચવાએલો છે, અને કલમ ૪-૧૧માં એનો નાશ થનાર છે. તે ઉત્તર ઈસ્ત્રાએલ છે, તે સ્પષ્ટ દર્શાવેલું છે. તેઓ પોતાના તારણના દેવને વીસરી ગયાં છે, તેથી પોતાના ઈષ્ટ દેવ આડોનીસની વાડીનાં ફૂલની માફક તે નષ્ટ થશે (૧૦,૧૧).

(૩) અરામ તથા ઈસ્ત્રાએલે યરુશાલેમ પર કરેલી ચઢાઈનો બારીક પ્રસંગ (૭૩૫ : અધ્ય.૭,૮). આ પ્રસંગે યહોવાના સેવક તથા પ્રબોધક તરીકે યશાયાનો પ્રભાવ પૂરા પ્રમાણમાં દેખાઈ આવે છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તની માફક યશાયા પણ દેખીતા પરાજયદ્વારા વિજય પામ્યો. (આ બે અધ્યાયનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરવામાં આવે, તો સારું).

આશ્શૂરની આગળ ચાલતી ફોજનો સામનો કરવામાં અરામ તથા ઉત્તર ઈસ્ત્રાએલે આહાઝ રાજાને પોતાની સાથે સામેલ થવાની આજ્ઞા કરી હતી, પણ આહાઝે તેમ કરવાની ના પાડી. તિગ્લાથ-પિલેસેર તે બે રાજાઓનો જરૂર પરાજય કરશે, એવું સમજીને તેઓની સાથે સંધિ કરતાં તિગ્લાથ-પિલેસેરની સાથે કરાર કરવાનું આહાઝે ઈચ્છવાજોગ ગણ્યું. તોપણ તે બે રાજાઓએ કરેલા આક્રમણને લીધે રાજા તથા રૈયત ઘણાં ગભરાઈ ગયાં હતાં. તેઓએ એલાથ ગામ ક્યારનુંય કબજે કરી લીધું હતું (૨ રા. ૧૬;૬), જેથી જો તેઓ યરુશાલેમ સર કરવા પામે, તો જરૂર તેઓ આહાઝ રાજાને પદભ્રષ્ટ કરીને બીજા કોઈને ગાદીએ બેસાડે (૭;૬). તેથી "આહાઝનું તથા તેના લોકોનાં મન જેમ વનનાં ઝાડ પવનથી હાલે છે, તેમ હાલી ઊઠ્યાં" (૭;૨). એવા સંજોગોમાં યશાયા ઊભો થયો.

(અ) "ધોબીના ખેતરની સડકે" (૩:૩૬;૨. રાજમહેલમાં નહિ, પણ જાહેરાતમાં, રાજમાર્ગ પર યશાયા આહાઝને મળવા ગયો. ઉચ્ચ

વર્ગનો તથા કાબેલ મુત્સદી હોવા છતાં જ્યારથી યશાયાએ ઈશ્વરનું તેડું સ્વીકાર્યું હતું, ત્યારથી લોકની સાથે તે એકરૂપ બની ગયો હતો. તોપણ લોકોનું મન કેવું ચંચળ હોય છે તેનો તેને થોડા જ વખતમાં અનુભવ થયો

(આ) "શઆર-યાશૂબ" (૩) ="અવશેષ પાછો આવશે." નિરાશાના તરંગો શમી ગયા હતા. ઉત્તર ઈસ્ત્રાએલનો નાશ થનાર છે ખરો, પણ ઈશ્વરની કૃપાએ યહૂદાહ બચાવ પામે ને તેની જગાએ એક નવા તથા વધતા સારા ઈસ્ત્રાએલનું પવિત્ર બીજ થાય, એ સંભવિત નથી શું?

(ઇ) આહાઝને સહીસલામતીની આપેલી ખાતરી (૪).અરામ તથા ઈસ્ત્રાએલ ધૂમાતા ખોયણાના બે છેડા સમાન છે, કે જે થોડી વારમાં બૂઝાઈ જવાના છે. તેમનાથી કંઈ બીવાનું નહોતું, કેમ કે આશ્શૂર તેઓનો સમૂળગો નાશ કરશે જ કરશે (૮).

(ઇ) આહાઝને ચિહ્ન દર્શાવવાની યશાયાની આતુરતા (૧૧). યશાયાની ઉપરોક્ત વાત સાંભળી આહાઝને સંતોષ વળ્યો, કેમ કે આશ્શૂરની સાથે કરાર કરવાનો પોતાનો વિચાર વ્યાજબી છે, એવો તેણે ખ્યાલ કર્યો. પણ યશાયાનું કહેવાનું હજુ બાકી હતું. તેણે રાજાને કહ્યું, કે "આ સર્વનો કર્તાહર્તા યહોવા છે, તે આપ માનો છો કે કેમ? આપ જો તે માનતા હો, તો આપ યહોવા પર શ્રદ્ધા રાખવા તૈયાર છો શું? એમ જો હોય, તો આપનો વિશ્વાસ વધારે દૃઢ થાય તે માટે યહોવા આપને પ્રમાણ આપવા તૈયાર છે." પણ પોતાની બુદ્ધિ પર ભરોસો રાખીને જ્યારે રાજાએ ચિહ્ન માગવાની ના પાડી (૧૨), ત્યારે યશાયાએ જવાબ આપ્યો, કે "તોપણ યહોવા તમને ચિહ્ન આપશે જ-- એક બાળક કે જેનું નામ ઇમાનુએલ (-દેવ આપણી સાથે છે) પાડવામાં આવશે તે જનમશે, અને જો આપે શ્રદ્ધા રાખી હોત, તો તે બાળક બચાવનું ચિહ્ન થાત. પણ હવે તો તે થનાર નાશનું ચિહ્ન થશે. તે છોકરો મોટો થશે તે પહેલાં અરામ તથા ઈસ્ત્રાએલનો નાશ થયો હશે (૧૬). ત્યાર પછી ઠરાવેલે વખતે આપનો તથા આપના લોકનો પણ નાશ થશે" (૧૭).

ઇમાનુએલ નામનું બાળક આપણે કોને સમજવું? ૯;૬ તથા

૧૧;૧માં જેનું વર્ણન કરેલું છે, તેજ એ હશે શું? કહેવું મુશ્કેલ છે. ૮;૮ પ્રમાણે યહૂદાહ "તારો દેશ, હે ઈમાનુએલ કહેવાય છે તો ઈમાનુએલને રાજા પણ સમજવો પડે. પરંતુ ચિહ્ન બાળકમાં નહિ, પણ તેના નામમાં રહેલું છે. એકલો યહોવા ઈસ્ત્રાએલનો ઉદ્ધારનાર છે, અને "દેવ આપણી સાથે છે" એવું તે બાળકનું નામ તેઓને યાદ દેવડાવ્યા કરશે. આ નાના સરખા બીજરૂપ વચનમાંથી આગળ જતાં મસીહ વિષેનો મહાન સિદ્ધાંત ઉત્પન્ન થયો.

અધ્ય. ૯;૬ પ્રમાણે જે છોકરો અવતરવાનો હતો, તેના સંબંધી વધુ માહિતી આપેલી છે. તે બાળકને ઐશ્વરી નામ આપેલાં છે; અને તેનો ઈશ્વર સાથે એવો ગાઢ સંબંધ છે, કે તે લગભગ દેવસમાન છે. તેનું રાજ્ય શાંતિ તથા ન્યાયીપણાનું છે, તે સદા ટકી રહેવાનું છે (૭). જેમ ઝાડ કાપી નંખાય છે, તેમ આશ્શૂરનું રાજ્ય બળવાનના હાથથી પાડી નાખવામાં આવશે (૧૦;૩૩,૩૪). પણ જેમ કાપેલા ઝાડના ઠૂંઠામાંથી ફણગો ફૂટી નીકળે છે (૬;૧૩), તેમ યહૂદાહના અવશેષમાંથી દાઉદનું રાજકુટુંબ ઊગશે, અને ફરીથી દાઉદના વંશનો એક રાજા ગાદીપતિ થશે (૧૧;૧). રાજા તો મનુષ્યપુત્ર, દાઉદના વંશનો છે ખરો (૩.૧;૨), પણ તે દેવના આત્માથી એવો વેષ્ટિત છે, કે તે બુદ્ધિ તથા નેકીમાં ભરપૂર થએલો આદર્શ રાજા છે. વળી ૩૨;૧ પ્રમાણે તે પોતાનું રાજ્ય એવા ન્યાયથી ચલાવે છે, કે તેનો દરેક અમલદાર રાજાના જેવો ગરીબોનો બેલી થાય છે, ને તેના દરેક માણસની કદર બૂઝવામાં આવે છે (૬-૮). મસીહી રાજ્યનો રાજા ઈમાનુએલનું જે મનોહર લાક્ષણિક ચિત્ર યશાયાએ દોર્યું છે, તે પ્રથમ નાતાલે તબેલામાં અવતરેલા ને ગભાણમાં સુવાડેલા બાળકમાં મૂર્તિમાન થયું.

(૬) "કુમારી" (૧૪). મૂળાર્થ પ્રમાણે "પુખ્ત ઉંમરની કન્યા," પછી તે હોય પરણેલી યા અપરિણીત. મા ૧;૨૩માં તેનો તરજૂમો "અવિવાહીત" કરેલો છે, અને એજ તમામ ખ્રિસ્તી મંડળીની માન્યતા પણ છે. આવનાર ઉદ્ધારનારનો જન્મ આમવર્ગમાં થશે એવી માન્યતા તે સમયે ચાલતી હશે કે કેમ, તે કહેવાય નહિ. અત્યાર સુધી કોઈ પણ પ્રબોધકે એવું કહી સંભળાવ્યું નહોતું. પરંતુ આમોસે યહોવાના દિવસ વિષેની વાત પ્રગટ કરી (૫;૧૮), તે પહેલાં જેમ તે વાત સાધારણ

લોકમાં પ્રચલિત થઇ ગએલી હતી, તેમ આવનાર મસીહ વિષેની વાત પણ પ્રજામાં ક્યારનીય ફેલાઇ ગએલી હશે, એવું માનવામાં કંઇ વાંધારૂપ જણાતું નથી.

(૩) "માહેર-શાલાલ-હાશ-બાઝ" (૮; ૧-૪). આહાઝ રાજાએ ચિહ્ન સ્વીકારવાની ના પાડી હતી, તેથી વર્ષ દહાડા પછી લોક પાસે જઇને યશાયાએ તેઓને એક ચિહ્ન આપ્યું, જે ચિહ્ન તેનું બાળક હતું. તેનું નામ તેણે "માહેર-શાલાલ-હાશ-બાઝ" (=લૂટ ઉતાવળ કરે છે, ચોરેલો માલ તાબડતોબ ચાલે છે) પાડ્યું. તે નામ તેણે એક પાટિયા પર સાધારણ લિપિમાં લખીને તેનો અર્થ લોકને સમજાવ્યો (૪). પરંતુ તેઓ પણ રાજાની પેઠે બેદરકાર રહ્યા.

(એ) "શિલોઆહનું ધીમે ધીમે વહેતું પાણી" (૮; ૫-૮). શિલોઆહનો અર્થ "મોકલાએલો" છે (યો.૯;૭). શહેરના ટેકરા તળેના ખડકમાં ખોદી કઢાએલા નાળાદ્વારા શહેરના કોટની બહારના એક ઝરણમાંથી તે પાણી શહેરમાં મોકલવામાં આવતું હતું, તે પરથી તેનું નામ એવું પડ્યું હતું. તે યહોવાના સાનિધ્યનાં દૃષ્ટાંતરૂપ હતું પરંતુ તે નાની નદીનું પાણી તરછોડીને લોકે મોટી ફાત નદી પસંદ કરી હતી, મતલબ કે ઇશ્વરના રાજ્યને બદલે તેઓએ જગતનું આડંબરવાળું રાજ્ય પસંદ કર્યું હતું. એની પસંદગીનું પરિણામ અનિવાર્ય હતું. આજે આશ્શૂર યહુદાહને મદદ કરે ખરો, પણ કાલે તે તેમનો નાશ પણ કરે. તોપણ યહોવા તેઓનો સંપૂર્ણ નાશ થવા ન દે. રેલ તો આવશે ખરી, પણ તેનું પાણી માત્ર ગળા સુધી પહોંચશે (૮), જેથી યરૂશાલેમ બચી જશે (અધ્ય.૩૬). યહુદાહ તો "તારો દેશ છે, હે ઇમાનુએલ," આ દૃષ્ટાંત બોધભરેલું છે. પ્રભુ ઇસુ આપણો શિલોઆહ છે, તેનું પાણી ભલે ધીમે ધીમે વહે, પણ તેમાં આત્મિક જેટલાં અંધાપાવાળાં સ્નાન કરે, તેઓ સર્વે દેખતાં થયા વિના રહે જ નહિ.

(એ) યશાયાના શિષ્યોની ટોળી (૮; ૧૬-૧૮). આ તો પ્રકટીકરણનો એક બીજો માર્ગસ્તંભ છે. સમસ્ત યહુદાહ ઇશ્વરનો ઇસ્ત્રાએલ નથી. દેહ પ્રમાણે જેટલાં ઇબ્રાહીમનાં સંતાન છે, તેઓ સર્વ તો નહિ, પણ જેઓ તેના જેવો વિશ્વાસ રાખનાર છે, તેઓ જ તેનાં ખરાં વંશ જ છે (૩.૪;૧૨). આ વાત આજે સર્વમાન્ય છે, પણ યશાયાના સમયમાં તે નવીન હતી. સાક્ષી બાંધી દઇને અને પોતાના

શિક્ષણ પર મહોર મારીને યશાયાએ ખ્રિસ્તી મંડળી જેવી સંસ્થાની સ્થાપના કરી, કે જે સંસ્થા જગતમાં હોવા છતાં જગતમાંની નહોતી (યો.૧૭;૧૬). તે લોટમાં સંતાડેલા ખમીર જેવી હતી (મા. ૧૩;૩૩). તે ઇસ્ત્રાએલનો વિશ્વાસુ અવશેષ હતો, કે જે વડે આખરે ઇસ્ત્રાએલનો બચાવ થવાનો હતો (૧;૯). (તેની સાક્ષી સદા રહે, તે માટે એક બીજે પ્રસંગે યશાયાને પોતાનું શિક્ષણ પુસ્તકમાં નોંધી રાખવાનું ફરમાવવામાં આવ્યું (૩૦;૮).

લોકે કરેલાં પાપકર્મ વિરુદ્ધ આમોસ અને હોશીઆ અંત સુધી બોધ કરતા રહ્યા હતા, પણ યશાયાનું વર્તન જુદું હતું. તેણે શરૂઆતે કરેલો બોધ તેઓના જેવો હતો ખરો (અધ્ય. ૧-૫), પણ જ્યારથી રાજા તથા રૈયતે શિલોઆહનું હળવે હળવે વહેતું પાણી તરછોડ્યું, ત્યારથી તેણે બોધ કરવાની તે રીત છોડી દીધી. યહોવાનો અનાદર કર્યા પછી બીજું શું પાપ બાકી રહેલું હોય? તેથી આ સમયથી માંડીને યશાયા પોતાના ઉપદેશદ્વારા લોક તથા તેમના નેતાઓને યહોવા ભણી પાછા ફરવાની વિનંતી કર્યા કરતો હતો.

"રાજાઓ પર ભરોસો ન રાખ,
તેમ જ માણસજાત પર પણ નહિ, તેની સહાય મિથ્યા છે.
જેની સહાય યાકૂબનો દેવ છે...તેને ધન્ય છે" (ગી.૧૪૬;૩,૫).

(ઓ) "શાંતિનો સરદાર" (૮; ૧૯-૯; ૭). યશાયા તથા તેના અનુયાયીઓ એકાંતમાં ભેગા થઈને સર્વત્ર છવાઈ રહેલાં અંધેર તથા વહેમ વિષે એકબીજાની સાથે સંભાષણ કરતા હતા. નિરાશા ઉપજાવે એવી દેશની પરિસ્થિતિ હતી ખરી, છતાં યશાયા તેઓને આશાજનક સંદેશો કહી સંભળાવ્યે જતો હતો. "ઇમાનુએલ--દેવ આપણી સાથે છે," રાત વીતી જશે, ને સૂર્યોદય થશે જ. જેમ ગિદીઓન તથા તેની ત્રણસો જેટલાની નાની સરખી ટોળીએ મિદ્યાનીઓનો પરાજય કર્યો હતો. (ન્યા.૭;૧૯), તેમ આશ્શૂરનો પણ પરાજય થશે; અને "અદ્‌ભુત મંત્રી, પરાક્રમી દેવ, સનાતન પિતા, શાંતિનો સરદાર" કહેવાએલો ઇશ્વરનિયત રાજા અવતરશે, જેની સત્તાની વૃદ્ધિનો તથા શાંતિનો પાર રહેશે નહિ. "સૈન્યના દેવ યહોવાની ઉત્કંઠાથી આ થશે."

(૪) "દૃઢ પાયો" (૨૮;૧૬). યશાયાનાં વચન સાંભળીને તેના ચેલા દિલાસો પામ્યા હશે. પણ પ્રબોધક બહાર નીકળીને બજારમાં જતો, ત્યાં તો લોક તેને ગાળો ભાંડીને તથા તેની ઠઠ્ઠામશ્કરી કરીને તેનું અપમાન કરતા હતા; પણ મૂસાની પેઠે તેણે માન કરતાં ખ્રિસ્તની સાથે નિંદા સહન કરવી, એ સંપત્તિ અધિક છે, એમ માન્યું.

આહાઝની સાથે કરાએલા કરાર પ્રમાણે તિગ્લાથ-પિલેસેરે અરામ તથા ઉત્તર ઇસ્ત્રાએલ પર ચઢાઇ કરી, જેથી યહુદાહ બચી જવા પામ્યો. ત્યાર પછી યશાયાએ સમરૂનના થનાર પતનની આગાહી કરી (૧-૪). સમરૂન શહેર એક પહાડની ટોચે બાંધેલું હતું, જેથી તેને ફરતો કોટ માથે મૂકેલા મુગટ જેવો દેખાતો હતો (૧). સમરૂનના પતનથી જો યહૂદીઓ ચેતીને યહોવા ભણી પાછા ફરે, તો તેઓમાંના બાકી રહેલા શેષને સારુ યહોવા મહિમાનો મુગટ તથા સૌંદર્યનો તાજ થશે, એમ યશાયાએ લોકને કહી સંભળાવ્યું (૫). પણ આશ્શૂરની મદદથી થએલા બચાવને લીધે તેઓ મદોન્મત બની ગયા હતા, જેથી લોક તથા યાજકો એ બંને યશાયાના શિક્ષણને બાળવર્ગને યોગ્ય ગણી તેની ઠઠ્ઠામશ્કરી કરવા લાગ્યા (૯,૧૦). તેઓને યશાયાએ ચોંકાવનારો પ્રત્યુત્તર આપ્યો. તેણે કહ્યું, કે "ઠીક, તમને શીખવવા સારુ યહોવા બીજા શિક્ષકોને, અન્ય ભાષા બોલનારા માણસોને મોકલશે. આશ્શૂરીઓ તમને શીખવીને છૂંદી નાખશે. તેઓની સાથે તમે જે કરાર કર્યો તે જૂઠાણાનો આશ્રય છે, તે કરાના આવનાર તોફાનથી તણાઇ જશે, અને તમારી સંતાવાની જગા પર પાણી ફરી વળશે. એ સર્વ છતાં સિયોનમાં યહોવાએ દૃઢ પાયાનો ખૂણાનો મૂલ્યવાન એક પથ્થર મૂક્યો છે. તેના પર જે કોઇ વિશ્વાસ રાખે, તે ઉતાવળો થશે નહિ. આશ્શૂર તો ટૂંકા પલંગ જેવો છે, તેના પર જે કોઇ સૂએ તેને આરામ મળે નહિ. તે સાંકડી ચાદર જેવો છે, તેને જે કોઇ ઓઢે, તેને ગરમી મળે નહિ" (૯-૨૨). (પણ વિગતવાર નોંધ જુઓ).

યહોવા ખેડૂત જેવો છે (૨૩-૨૯ : યો.૧૫;૧) તે જ્ઞાનસંપન્ન તથા ધૈર્યવાન પણ છે. જેવું તેનું ધ્યેય, તેવી ધ્યેય સિદ્ધ કરવાની તેની રીત છે. ગભરાયા વગર તેના ભક્તો તેની રાહ જુએ છે, કેમ કે સૈન્યની દેવ યહોવાની સૂચના અદ્‌ભુત છે, તેની બુદ્ધિ મહાન છે.

(૫) ૧૪; ૨૮-૩૨. ૭૨૭ની સાલમાં આહાઝ રાજા ગુજરી ગયો. તેજ સાલે તિગ્લાથ-પિલેસેર પણ મરણ પામ્યો. જ્યારે જ્યારે કોઈ ચક્રવર્તી રાજાનો દેહાંત થાય, ત્યારે ત્યારે અહીંતહીં બળવા સળગી ઊઠ્યા વગર રહે જ નહિ, એ ઇતિહાસની જાણીતી વાત છે. પૂલ રાજાના મરણની તકનો લાભ લઈને પલિસ્તીઓએ બળવો ઉઠાવી આહાઝના દીકરા હિઝકીયાહની પાસેથી મદદ માગી (૩૨), પણ યશાયાએ બળવો કરવાની મૂર્ખાઈ પ્રત્યે વિરોધ દર્શાવીને પલિસ્તી ખેપિયાઓને ચેતાવતાં કહ્યું, કે "સાપના મૂળમાંથી નાગ નીકળશે" (૨૯), એટલે તિગ્લાથ-પિલેસેર કરતા શાલ્માનેસેર તમારા પર વધારે જોરજુલમ ગુજારશે. વળી યહૂદીઓને તેણે યહોવા પર ભરોસો રાખવાનું સૂચવીને કહ્યું, કે "યહોવાએ સિયોનનો પાયો નાખ્યો છે, તેમાં ઈશ્વરના લોકના નિરાશ્રિતો આશ્રય પામશે, એવો પ્રત્યુત્તર પલિસ્તી ખેપિયાને આપજો" (૩૨).

૩. ૭૧૧. પલિસ્તીઆ પર આશ્શૂરે કરેલી ચઢાઈ

(અધ્ય.૧૫:૧૬: ૧૯:૨૦).

(૧) અધ્ય. ૨૦ ઉપર કહ્યા પ્રમાણે ૭૨૭ની સાલમાં પલિસ્તીઓએ બળવો ઉઠાવવાનો પ્રયત્ન કર્યો હતો. આશ્દોદ તો ઇલાકાનાં પાંચ મોટાં નગરોમાંનું એક હતું (૧ શમૂ.૫;૧), તે કાવતરાં કરવાનું કેન્દ્રસ્થાન હોવાને લીધે સાર્ગોને ૭૧૧ની સાલમાં લશ્કર મોકલીને તે જીતી લીધું. તે પહેલાંનાં ત્રણ વર્ષથી યશાયા વગર ઝલ્લે તથા ઉઘાડે પગે ફરતો હતો, તેમ કરવાના કારણનો ખુલાસો તેણે આ સાલે કર્યો, એટલે કે તે કાર્ય મિસર તથા પલિસ્તીઆ પર ભરોસો રાખવાની વ્યર્થતાના ચિહ્નરૂપ હતું (૩).

(૨) અધ્ય. ૧૯. આ અધ્યાયમાં મિસર સંબંધીની જે આગાહી મળી આવે છે, તે તે જ અરસામાં કહેવામાં આવી હોય, એવો સંભવ છે. તેના બે ભાગ છે, એટલે (અ) ૧-૧૫ : ધર્મનો લય (૧-૪), ખેતીવાડી તથા ઉદ્યોગોની પાયમાલી (૫-૧૦), અને તેના રાજકારભારની અવ્યવસ્થાના રૂપમાં યહોવાથી આવનાર ન્યાયશાસન (૧૧-૧૫). (આ) ૧૬-૨૫ : પણ ન્યાયશાસન થયા બાદ મિસર તથા યહૂદાહ વચ્ચેના સંબંધમાં અજાયબ જેવો ફેરફાર થવા માંડશે, કેમ કે મિસરમાંનાં પાંચ નગર કનાની ભાષા બોલનારાં થશે (૧૮), અને

મિસર દેશ યહોવાને ઓળખશે અને તેનું ભજન કરવા લાગશે (૧૯-૨૨). વળી પાલેસ્ટાઈન દેશ મિસર તથા આશૂર વચ્ચેનો રાજમાર્ગ થશે, અને તે ત્રણે દેશ રાજયમાં જોડાઈને પૃથ્વી મધ્યે આશીર્વાદરૂપ થશે.

(૩) **અધ્ય. ૧૫-૧૬. મોઆબ પર આવી પડનારા ન્યાયશાસન સંબંધીની અગમવાણી.** અગમવાણી જૂના સમયની છે, પણ તેનો અમલ વર્તમાન સમયમાં કરવામાં આવશે, એમ યશાયાનું કહેવું હતું (૧૬;૧૩). એવી જ આગાહી યર.૪૮માં પણ મળી આવે છે. એમાં યહૂદાને કાઢી મૂકાએલા મોઆબીઓને આશ્રય આપવાનું કહેલું છે (૧૬; ૧-૫), પણ ગર્વિષ્ઠ મોઆબીઓ તે સ્વીકારવાની ના પાડે છે (૬). યશાયાએ આ જૂની અગમવાણી ક્યારે જાહેર કરી, તે ખાતરીથી કહેવાય એમ નથી.

૪. ૭૦૫-૭૦૧. સાન્હેરીબે કરેલું આક્રમણ (અધ્ય.૧૦; ૫-૩૪:૧૧:૧૨:૧૪;૨૪-૨૭:૧૭;૧૨-૧૪:૧૮:૨૨:૨૩:૨૯-૩૩:૩૬-૩૯). આ સમય ૭૩૫ની સાલ કરતાં વધારે જોખમ ભરેલો હતો. તે ખરેખર બારીક વખત હતો. ૭૦૫ની સાલમાં સાન્હેરીબ આશૂરનો ગાદીપતિ થયો, કે તરત ચારે બાજુએ જુદા જુદા બળવા સળગી ઊઠ્યા. કૂશ દેશનો નવો તથા કાબેલ નરેશ રાજગાદીએ બેઠેલો હતો, તે યહૂદાહ તથા આસપાસનાં બીજાં રાજયોને આશૂરની વિરુદ્ધ ઉશ્કેરવામાં રચ્યોપચ્યો રહેતો હતો. મેરોદોખ-બાલઅદાને ફરીથી બાબેલોન સર કર્યું હતું, પણ નવ માસ સુધી ઘેરો ઘાલ્યા બાદ સાન્હેરીબે તે પાછું જીતી લીધું.

આવા સંજોગોમાં ઈશ્વરભક્ત તરીકે તેમ જ અડીઅલ પ્રજાને સારુ ઈશ્વર તરફના સંદેશિયા તરીકે યશાયાનો પ્રભાવ સહુથી સ્પષ્ટ દેખાઈ આવ્યો. ઊછળતાં મોજાંની વચ્ચે તે ખડક સમાન હતો. તોફાન થતી વેળા તે ઓથ જેવો હતો. તેણે ડગમગતા રાજાને તેમ જ બીકણ રૈયતને પોતાના વિશ્વાસથી સ્થિર કર્યા, અને આખરે તેના વિશ્વાસ તથા પ્રાર્થનાને પરિણામે (૩૭;૨૧) જે તરવાર માણસની નથી (૩૧;૮. સર.ઉત.૩;૨૪) તેનાથી યરુશાલેમના કોટ આગળ એક રાતમાં આશૂરની મહાન ફોજનો નાશ થયો (૩૭;૩૬). આ વિભાગમાં અને વિશેષે કરીને અધ્ય.૨૯-૩૩માં યશાયાએ કરેલો સહુથી ગુહ્ય પ્રબોધ સમાએલો છે.

(૧) ૧૦; ૫-૩૪. આ સમયના આરંભમાં (આશરે ૭૦૪) યશાયાએ આશ્શૂર સંબંધી જે ઊંડા અર્થનો પ્રબોધ કર્યો, તે આ અધ્યાયમાં સમાએલો છે. આશ્શૂરની આગેકૂચ ઈશ્વરનિર્મિત તેમ જ અનિવાર્ય છે, એમ તેનું કહેવું છે. પરંતુ તેનું સૈન્ય યહોવાના હાથમાં માત્ર સાધનરૂપ છે. જુદી જુદી પ્રજાઓ તથા તેમના દેવોને તાબે કરી લેવામાં સફળ નીવડવાથી સાન્હેરીબમાં ગર્વિષ્ઠપણું આવ્યું હતું, અને ગર્વિષ્ઠપણામાં તે બોલ્યો, કે મેં તેમને જોઈ લીધાં, તેમ હું યરુશાલેમ તથા તેની મૂર્તિઓને પણ જોઈ લઈશ (૫-૧૧). પરંતુ બીજા લોકના દેવો નિર્માલ્ય હતા, તેથી તે તેમના પર જીત પામી શક્યો હતો, એ તેણે સમજવું જોઈતું હતું. પણ યરુશાલેમમાં તો જીવતો દેવ યહોવા બિરાજેલો છે; અને અન્ય પ્રજાઓ સંબંધી તેનો જે મનોરથ છે, તે પૂર્ણ કરવા સારુ આશ્શૂર તેના હાથમાં માત્ર રોષના દંડરૂપ છે, તેથી જેમ સુથાર કામ આટોપી લઈને કરવત મૂકી દે છે, તેમ યહોવા આશ્શૂરની પાસે પોતાનો ઈરાદો પૂર્ણ કરાવીને તેને ફેંકી દેશે. સિયોનમાં દૃઢ પાયાનો એક પથ્થર મૂકેલો છે, તેની સાથે પછડાવાથી આશ્શૂરના રાજ્યના ટુકડેટુકડા થઈ જશે. તેનો નાશ કરવા સારુ ઈસ્ત્રાએલનો પવિત્ર દેવ જ્વાળારૂપ થશે, પણ તેના પર વિશ્વાસ રાખનાર શેષ સહીસલામત રહેશે (૨૦-૨૨). જેમ આશ્શૂરે બીજાઓને કાપી નાખ્યા હતા, તેમ આશ્શૂર પણ એક બળવાનના હાથથી કપાઈને પડશે (૩૩,૩૪).

પોતાના સમયના ઇતિહાસનો જે મર્મ યશાયાએ પ્રદર્શિત કર્યો તે એજ હતો. આશ્શૂરની મારફતે યહોવા મનુષ્યોને અજમાવીને પારખી જોવા માગતો હતો. ક્યા ક્યા વાનાં ચલિત છે, અને ક્યા ક્યા વાનાં નિશ્ચલ છે, તેની અજમાયશ તે આશ્શૂરની મારફતે કરતો હતો. એજ સર્વ પ્રસંગે ઈશ્વરનો ઈરાદો હોય છે (હે.૧૨;૨૭). તેમ કરવાનું એક ને એક પરિણામ આવ્યા કરે છે, એટલે જગત તથા તેની લાલસા જતાં રહે છે, પણ દેવની ઇચ્છા જે કોઈ પૂર્ણ કરે છે, તે સદા રહે છે (૧ યો.૨;૧૭). યશાયાએ આશ્શૂરી ફોજોને રેલની માફક આગળ ધસી આવતી જોઈ (૨૮-૩૨), છતાં તેનો વિશ્વાસ ડગ્યો નહિ. સમર્થ આશ્શૂરની સામે તે થયો, અને હિઝકીયાહ તથા તેના લોકને દિલાસાનાં વચન કહી સંભળાવીને તેણે કહ્યું, કે "સિયોનમાં રહેનાર મારા લોક, આશ્શૂરથી બીતા મા" (૨૪).

(૨) ૧૪; ૨૪-૨૭ : ૧૭; ૧૨-૧૪. આશ્શૂર જગતમાંનો હતો, તેથી તે જગતનાં બીજાં વાનાંની પેઠે જતો રહેવાનો હતો. વળી જે દેશનો તેણે કબજો લીધો હતો, ત્યાં ને ત્યાં જ યહોવા જોતજોતાંમાં તેનો વિનાશ કરવાનો છે. "સંધ્યાકાળે જુઓ, ભય; સવાર થતાં પહેલાં તેઓ હતા નહોતા થઇ જશે" (૧૭;૧૪). યહોવાનો ઇરાદો પૂર્ણ કરવામાં આશ્શૂરે ફાળો આપવાનો હતો ખરો, પણ તે ઇરાદો યહોવાનો જ છે, એવું કબૂલ નહિ કર્યાને લીધે તે સંપૂર્ણ થયાની ખુશાલીમાં તે ફાળો આપી શકશે નહિ. "જે સંકલ્પ આખી પૃથ્વી વિષે નિયત કરેલો છે, તે એ છે; અને જે હાથ સર્વ દેશો સામે ઉગામેલો છે, તે એજ યહોવાનો છે" (૧૪;૨૬). ઈશ્વરના સંકલ્પનું યશાયાને જે દર્શન થયું હતું, તે કેવું ઊંડું અને કેવું વિશાળ હતું!

(૩) અધ્ય.૧૮. મહાન વચનો ખરાં, તોપણ કાન તળેથી તે કાઢી નાખવામાં આવ્યાં. હિઝકીયાહ રાજા યહોવાનો ચુસ્ત ભક્ત હતો, તોપણ આશ્શૂરની ઝૂંસરી તળેથી છૂટી જવા માટે કૂશ રાજ્ય જે મદદ કરવા તૈયાર હતું, તે સ્વીકારવા તે તૈયાર પણ હતો. કૂશના ખેપિયાઓ યરુશાલેમ આવી પહોંચ્યા સૂચવ્યું તે આ અધ્યાયમાં જણાવેલું છે, એટલે કે ફળ પાકતી વેળા જેમ દ્રાક્ષવેલાની ડાંખળીઓ સોરવામાં આવે છે, તેમ યહોવા પોતે જીત વેળાએ આશ્શૂરને કચરી નાખશે (૪-૬), અને યહોવાનું સામર્થ્ય જોઈને અન્ય પ્રજાઓ ભેટો લાવીને સિયોનના દેવ યહોવાની આગળ નમન કરશે (૭).

(૪) અધ્ય.૨૩. આ તો તૂર વિષેની આગાહી છે. એ આગાહીની સાલ ચોક્કસ આપી શકાય એમ નથી. ત્રણ જુદી જુદી વાર ફૈનિકે દેશ પર આશ્શૂરે ચઢાઇ કરી, એટલે શાલ્મોનેસેરે ૭૨૫ની સાલમાં, સાર્ગોને ૭૧૧ની સાલમાં, અને સાન્હેરીબે ૭૦૧ની સાલમાં. આ છેલ્લે પ્રસંગે આ દેવવાણી જાહેર કરવામાં આવી હોય, એવો સંભવ છે.

(૫) અધ્ય.૨૯-૩૩. જેમ જેમ આશ્શૂરી ફોજ પાસે આવતી ગઇ, તેમ તેમ લોકનો ભય વધતો ગયો, અને તેઓના બંડખોર તથા વિશ્વાસઘાતક નેતાઓ યહોવાથી પોતાની યોજના સંતાડીને (૨૯;૧૫) મિસરની સાથે કરાર કરી તેની પાસેથી સહાય મંગાવવાની દોડધામ

કરવા મંડ્યા (૩૦;૨:૩૧;૧). તેઓએ કરેલા કાવાદાવાનું વર્ણન આ અધ્યાયોમાં કરેલું છે.

(અ) અધ્ય.૨૯. યશાયાએ આશૂરના થનાર વિનાશની બીજી વાર કરેલી આગાહી. અકસ્માત, એક પળમાં, સ્વપ્નની પેઠે, રાતનાં સંદર્શનની પેઠે, તેનું સામર્થ્ય નષ્ટ થશે (૫-૭). પણ બીજા પ્રબોધકોએ તેમ જ યાજકોએ યશાયાનાં વચન ગણકાર્યાં નહિ (૧૦). લોકોની ધાર્મિકતા માત્ર ઉપર ઉપરની હતી (૧૩). જેઓ આડકતરી રીતે મિસરની સાથે કાવતરાં કરે છે, તેઓને સારુ અફસોસ સિવાય બીજું કંઇ રહ્યું નથી (૧૫,૧૬), પણ કંગાલ તથા દીનોને સારુ તારણનો મહિમાવંત દિવસ ઊગ્યા વિના રહેશે નહિ (૧૭-૨૪).

(અરીએલ=વેદીનું મથાળું (હઝ.૪૩;૧૫). અહીં તે યરુશાલેમ સૂચવે છે).

(આ) અધ્ય.૩૦. નેગેબમાં (=દક્ષિણ પ્રદેશમાં) થઈને યહૂદી એલચીઓના મિસર તરફ જનાર કાફલાનું દૃશ્ય આપેલું છે (૬-૧૧). મિસરની સાથે કોલકરાર કરવાનું કેવું માઠું પરિણામ આવશે (૧૨-૧૪), તે યશાયા કહી જણાવે છે. ત્યાર પછી મસીહી રાજ્યના મહિમાનું ચિત્ર આલેખેલું છે. તે આવશે ત્યારે સર્વ પ્રકારની મૂર્તિપૂજા નષ્ટ થશે (૨૨), તેમ જ આખી સૃષ્ટિનું રૂપાંતર થશે (૨૩-૨૬). એવું રૂપાંતર મસીહી રાજ્યનું એક કાયમનું લક્ષણ છે (૧૧; ૬-૯). આપણ ખ્રિસ્તીઓ પણ તેજ આશા રાખીએ છીએ. માણસે કરેલા અપરાધથી તમામ સૃષ્ટિ દાસત્વમાં આવી પડેલી છે, ને દેવના દીકરાઓ મુક્ત થઈને મહિમામાં પ્રવેશ કરે તે દિવસની રાહ જુએ છે (રૂ.૮;૨૦,૨૧). છેલ્લા ફકરામાં આશૂરી ફોજના નાશની ખુશાલીમાં રચેલું જયાનંદનું ગીત સમાએલું છે (૨૭-૩૩). તે ફોજના માર્યા ગએલાને સારુ એક મહાન શ્મશાન કયારનુંયે તૈયાર કરવામાં આવેલું છે, એમ કહેલું છે.

(ઇ) અધ્ય.૩૧. માણસની મદદ વ્યર્થ છે (૧-૪), પણ જેનું રક્ષણ ઇશ્વર કરે છે, તેની સલામતી નિઃસંશય છે (૫-૯), એ બે વાત આ ટૂંક અધ્યાયમાં વ્યક્ત કરેલી છે. તેનો અર્થ તો સ્પષ્ટ છે પણ તે સંબંધી પ્રબોધકે કરેલું વ્યાખ્યાન ઘણું માર્મિક છે. તે ક્યારડારૂપ છે, જેમાંથી નવા કરારમાં સમાએલા કેટલાએક મોટા સિદ્ધાંતો ઊપજેલા છે; જેમ કે દેવ આત્મા છે, અને જે જીવાડે છે તે પણ આત્મા છે

(યો.૪;૨૪ : ૬;૬૩), "દેહની વૃત્તિ મોત છે, પણ આત્માની વૃત્તિ જીવન તથા શાંતિ છે" (૩.૮;૬) વગેરે. યશાયાને જે દર્શન થયું, તે કેવળ યહુદાહ અને આશ્શૂર વચ્ચે ચાલતા વિગ્રહનું હતું એમ નથી. તેની દૃષ્ટિ એ કરતાં વધારે ઊંડે ઊતરેલી હતી. આશ્શૂર અને યહૂદાહ વચ્ચેનું યુદ્ધ તે દેહ અને આત્મા, માણસ અને ઈશ્વર વચ્ચેનું યુદ્ધ છે, એવું તે સમજતો હતો. તે યુદ્ધનો અંત નિયુક્ત છે. "ત્યારે આશ્શૂર તરવારથી માર્યો જશે, પણ માણસની તરવારથી નહિ; એક તરવાર, જે માણસની નથી, તે તેનું ભક્ષણ કરશે" (૮).

(૬) અધ્ય.૩૨. આમાં મસીહી રાજ્યનું બીજું વર્ણન સમાએલું છે. તે રાજ્યમાં દયા સહિતનો ઇન્સાફ થશે, અને દરેક જણની ખરી કદર કરવામાં આવશે. "(તેમાંનો) દરેક માણસ...." વગેરે, એવો જે ખુલાસારૂપ તરજૂમો ગુજરાતીમાં કરેલો છે, તે બરાબર છે. દરેક સરદાર પોતાના લોકને સારુ ઓથરૂપ થશે, એવું નિવેદન યશાયા કરે છે ખરો, પણ માત્ર એક જ માણસમાં એટલે માનવપુત્ર ઈસુમાં આ વચન સંપૂર્ણ થએલું જણાય છે, કેમ કે તે એકલો ખરું વિશ્રામસ્થાન છે.

બેદરકાર સ્ત્રીઓને પસ્તાવો કરવાની આજ્ઞા કરવામાં આવે છે (૯-૧૨), કેમ કે બેદરકારીનું પરિણામ તો ઉજ્જડપણું છે (૧૩-૧૪). જો તેઓ પસ્તાવો કરે તો તોફાન વીતી ગયા પછી શાંતિસહિતની આબાદાની સર્વત્ર થશે (૧૫-૨૦).

(૬) અધ્ય.૨૨; ૧-૧૪. સાન્હેરીબે યરુશાલેમને ઘેરો ઘાલ્યો હતો. ("જેમ માણસ પંખીને પાંજરામાં પૂરી દે, તેમ મેં હિઝકીયાહને રોકી રાખ્યો," એમ સાન્હેરીબના એક વિજયસ્તંભ પરના શિલાલેખમાં કોતરેલું છે). પણ ખંડણીની મોટી રકમ આપીને હિઝકીયાહે પોતાનો બચાવ કર્યો હતો (૨ રા.૧૮;૧૩-૧૫), એટલે એ રકમ સ્વીકારીને સાન્હેરીબ પોતાની ફોજ લઈને જતો રહ્યો હતો. રાજા સાહેબે કરેલા વિશ્વાસઘાતની કંઈ પણ દરકાર નહિ કરતાં શત્રુઓના પંજામાંથી થએલા બચાવની ખુશાલીમાં નગરવાસીઓ ધાબાં પર ચઢીને મોજમઝા કરવા લાગ્યા, તે જોઈને જેમ જૈતુન પહાડ પરથી યરુશાલેમને નિહાળીને પ્રભુ ઈસુ રુદન કર્યું, તેમ યશાયાએ પણ રુદન કર્યું (૪), અને ઈસુની પેઠે યશાયાએ પણ થનાર ન્યાયશાસનની આગાહી કહી

સંભળાવી. વળી મોત સિવાય જેનું પ્રાયશ્ચિત બીજા કશાથી થઈ ન શકે, એવું મોટું પાપકર્મ તમે કરો છો, એમ પણ તે બોલ્યો (૧૪).

રાજતંત્રી શેબ્નાને પદભ્રષ્ટ કરવામાં આવ્યો, અને તેની જગાએ એલ્યાકીમને નીમવામાં આવ્યો (૧૫-૨૩). પરંતુ પોતાનાં સગાંવહાલાંને રાજદરબારમાં ઘુસાડ્યાને લીધે એલ્યાકીમને થોડા જ વખતમાં હોદ્દા પરથી બરતરફ કરવો પડ્યો (૨૩-૨૫). એલ્યાકીમને એક ખૂંટીની ઉપમા આપવામાં આવેલી છે, જેના પર તેણે ગજા ઉપરાંતનાં વાસણો ટાંગ્યાં હતાં.

(૩) અધ્ય.૩૩. કયે પ્રસંગે આ વચન બોલવામાં આવ્યું; તે ખાતરીથી કહેવાય એમ નથી. યહૂદી એલચીઓ સાન્હેરીબ પાસે યરુશાલેમ દયા રાખવામાં આવે એવી વિનંતી કરવા ગયા હોય, એટલું સ્પષ્ટ છે. પણ તેણે તેઓની અરજ સ્વીકારી નહિ, જેથી તેઓ રડતાં રડતાં પાછા આવ્યા (૭-૯). છતાં યશાયાનો વિશ્વાસ ડગ્યો નહિ. પાપીઓ તો ભયભીત થાય ખરા, પણ ન્યાયીઓ તથા સદાચારી સહીસલામત રહેશે, અને યરુશાલેમ આબાદ થઈને શાંતિ ભોગવશે (૧૦-૨૪). યરુશાલેમ ખડક પર બંધાએલું નગર હોવાથી તેને હરહમેશ પાણીની તંગી વેઠવી પડતી હતી, પણ હવે પછી ત્યાં પહોળી નદીઓ તથા નાળાં થશે. પણ તે નિર્ભય રહેશે, કેમ કે તે નદી પર શત્રુઓનું કોઈ પણ નાવ કે મોટું વહાણ કદી દેખાશે નહિ.

આપણી જાણ બહારના કંઈ કારણસર હિઝકીયાહની સાથે કરેલા કરારનો અનાદર કરીને સાન્હેરીબે પોતાની ફોજ બિનશરતે યરુશાલેમ સર કરવા પાછી મોકલી (૩૬;૨), પણ ત્યાર પહેલાં હિઝકીયાહનું આધ્યાત્મિક પરિવર્તન થયું હતું. ડરને બદલે તે વિશ્વાસ રાખવા મંડ્યો હતો, જેથી આશૂરી સૈન્ય શહેર આગળ આવી પહોંચ્યું ત્યારે તે યશાયા તથા યશાયાના દેવને શરણે આવ્યો (૩૭;૪). આ બનાવનો શો અંત આવ્યો, તે સહુ કોઈ જાણે છે. સાન્હેરીબ બાદશાહ તો ઈશ્વરના હાથમાં કેવળ સાધનરૂપ હતો. તેણે ઘણા દેશોને કબજે કરી લીધા હતા ખરા, પણ તેણે મેળવેલો દરેક વિજય યહોવાથી નિર્મિત કરવામાં આવ્યો હતો (૩૭; ૨૬-૨૮). હવે તેણે પોતાને સોંપેલું કાર્ય પતાવી દીધું હતું. "તારી ઉદ્ધતાઈ મારા સાંભળવામાં આવ્યાને લીધે હું તારા નાકમાં મારી કડી અને તારા હોઠોની વચ્ચે મારી લગામ ઘાલીને

જે માર્ગે તું આવ્યો છે, તે માર્ગે થઈ ને હું તને પાછો ફેરવીશ....તે આ નગર પાસે આવશે નહિ, એમ યહોવા કહે છે, કેમકે હું મારી પોતાની ખાતર તથા મારા સેવક દાઉદની ખાતર આ નગરનું રક્ષણ કરીને તેને બચાવીશ" (૩૭;૨૯,૩૪,૩૫). આત્માથી દેહનો પરાજય થયો. સાન્હેરીબ પોતાની ફોજ પાછી ખેંચી લઈને નિનવેહ જતો રહ્યો. જ્યાં વીસ વર્ષ પછી (૬૮૧) તેના દીકરાઓના હાથે તેનું ખૂન થયું (૩૭;૩૮).

એજ યશાયાએ કરેલા પ્રબોધનું છેલ્લું વચન છે. ત્યાર પછી મનાશ્શેહ રાજાના સમય સુધી તે હયાત હતો, તેને તે રાજાએ લાકડાના થડની અંદર નાખીને કરવતથી વહેરી નંખાવ્યો, એની દંતકથા યહૂદીઓમાં ચાલે છે (હે.૧૧;૩૭).

૫. **બાકીના અધ્યાયો.** જે અધ્યાયો યશાયાના સમય પછીના છે (૧૩,૧૪,૨૧, ૨૪-૨૭,૩૪ ને ૩૫) તેનો થોડોઘણો ખુલાસો ઉપર કરવામાં આવ્યો છે, પણ અધ્ય.૨૪-૨૭ સંબંધી વધુ ખુલાસો કરવાની જરૂર છે.

અધ્ય. ૨૪-૨૭. ઉપદેશ તેમ જ શૈલીની બાબતમાં આ અધ્યાયો બાકીના અધ્યાયોથી જુદા છે, એવું દરેક વાચકને તરત માલૂમ પડે છે. તેમનો વિષય તો યહોવાનો દિવસ છે. તે દિવસે યહુદાહના શત્રુઓનો નાશ થશે. પરંતુ તે વાતનું વર્ણન લાક્ષણિક ભાષામાં કરેલું છે (૨૭;૧-૬). વળી તે દિવસે જે ન્યાયશાસન થશે, તે સાર્વત્રિક હશે, એવું કહેલું છે (૨૪;૧-૬). ધર્મપુસ્તકોનો જે વર્ગ Apocalyptic-પ્રકટીકરણ કહેવાય છે, તેમાં આવાં લક્ષણ મળી આવે છે. દાનિયેલ એવા પ્રકારનું પુસ્તક છે. આ અધ્યાયોમાં પુનરુત્થાન સંબંધીનો ઉપદેશ સમાએલો છે, તે દાનિયેલના પુસ્તકમાં તે જ બાબત સંબંધી મળતા બોધના જેવો જ છે. તે ઉપદેશ બે જુદાં જુદાં વાક્યોમાં મળી આવે છે, એટલે (૧) "તેણે સદાને માટે મરણ રદ કર્યું છે (૨૫;૮.--"તેણે મરણ ગરક કર્યું છે." ૧ કરિં.૧૫;૫૪માં પાઉલે આ વાક્યનો ઉપયોગ કર્યો છે. પરંતુ LXX પ્રમાણે તેણે વચન ઉતાર્યું છે, જેનો તરજૂમો "મરણ જયમાં ગરક થઈ ગયું છે." એવો કરી શકાય છે). મરણ પછી શું, એ સવાલનો આના જેવો સ્પષ્ટ જવાબ જૂના કરારના બીજા કોઈ પુસ્તકમાં આપેલો નથી. (૨) "તારા મરેલાં જીવશે; મારાં મુડદાં ઊઠશે" (૨૬;૧૯).

ઇસ્ત્રાએલને હેરાન કરી નાખનારા મરી ગએલા છે ને તેઓ પાછા ઊઠવાના નથી (૨૬;૧૪). પરંતુ ઇશ્વરના મૂએલા, એટલે મરણ પામેલા તેના સંતો ઊઠીને સદા જીવતા રહેશે. એ મૂએલાઓ માત્ર ઇસ્ત્રાએલીઓ છે ખરા, પણ ઇસ્ત્રાએલી સંતોને પુનરુત્થાન પામવાની જે આશા હતી, તે પ્રભુ ઇસુના પુનરુત્થાન દ્વારા સાર્વજનિક આશા થઇ ગઇ છે, સંપૂર્ણ આશીર્વાદ તો માણસો આ લોકમાં પામી શકશે નહિ, તોપણ મરણ જયમાં ગરક થઇ ગયા પછી પરલોકમાં તે સંપૂર્ણપણે પ્રાપ્ત થશે, એવી માન્યતાનો ઉદય આવી રીતે ધીમે ધીમે થવા પામ્યો.

આ અધ્યાયોમાં એટલે ૨૫; ૧-૮ : ૨૬; ૧-૬ : ૨૭; ૧-૬માં ન્યાયશાસનનાં ભયાવહ વચનો વચ્ચે વિનંતી સહિતની ઉપકારસ્તુતિનાં ત્રણ આનંદજનક ગીત સમાએલાં છે.

કેટલીક વિગતવાર નોંધ

૧;૨૯. "વાડીઓને." ૧૭;૧૦ જુઓ.

૨;૨-૪. એજ વચન મી.૪; ૧-૩માં મળી આવે છે. તે બંને પ્રબોધકે ઉતારી લીધેલી જૂના સમયની કોઇ અગમવાણી હોય, એવો સંભવ છે (સરખાવો ૧૬;૧૩). પોતાના જમાનાની દુર્દશા પ્રસિદ્ધિમાં લાવવા સારુ તેઓએ જૂના વખતનું આ આશામય ભવિષ્યવચન પ્રગટ કર્યું હશે.

૫;૧. "રસાળ"-મૂળ ભાષામાં "તેલનો પુત્ર." એમ બોલવાની હેબ્રી ભાષાની એક રૂઢિ છે. સરખાવો ગીત.૧૦૨;૨૦. "મરણના સપાટામાં સપડાએલાં"="મરણનાં છોકરાં." બલીયઆલપુત્રો =ઉદ્ધતાઇના પુત્રો (ન્યા.૧૯;૨૨ વગેરે.પુ.૧૩;૧૩માં "હલકા"= બલીયઆલપુત્રો. જુઓ ૨ કરિં.૬;૧૫).

૫; ૮-૨૪. આ પ્રકરણમાં વર્ણવેલાં જુદાં જુદાં પાપકર્મ. એ તો દ્રાક્ષવાડીમાં ઉપજેલી જંગલી દ્રાક્ષ છે.

૧૩; ૧-૧૪;૨૩. કોરેશ રાજાના હાથથી બાબેલોનનું પતન થયું (૫૩૮), તે સમયનાં આ પ્રબોધ વચનો છે.

૧૩; ૧૭. "માદીઓ." બાબેલોનને સર કરનાર તો ઇરાનનો રાજા કોરેશ હતો, પરંતુ તે પહેલાં તેણે માદીઓને જીતી લીધા હતા, તેમાંના કેટલાકને તેણે પોતાની ફોજમાં પણ દાખલ કર્યા હતા.

૧૫-૧૬. આમાં મોઆબ સંબંધી બોલાએલું એક જૂના સમયનું

ભવિષ્યવચન સમાએલું છે (૧૬;૧૩. જુઓ ૪૨.૪૮). મોઆબીઓને યહૂદીઓની સાથે કરાર કરીને તેને ખંડણી ભરી આપવાની જે સલાહ આપેલી છે, તે પ્રમાણે તેઓએ કરાર કર્યો (૧૬; ૧-૪).

૧૭; ૧૦. "આડોનીસ (દેવ) ના રોપ." ફૈનીકી લોક આડોનીસની (આડોન=પ્રભુ) પૂજા વસંતઋતુ બેસતાં જ કરતા હતા. (આની સાથે અલુણાના તહેવાર પ્રસંગે વાવવામાં આવતા જવારા સરખાવો). "રોપ" તો વસંતઋતુમાં ઉપજવાની વનસ્પતિના દૃષ્ટાંતરૂપ છે, પણ યશાયાએ તેનો જુદો અર્થ કર્યો, એટલે કે થોડી વારમાં જે ઊગી નીકળે, તે થોડી જ વારમાં કરમાઇ પણ જાય. તેની માફક ઇસ્ત્રાએલની આશા લુપ્ત થઇ જશે (૧૧).

૧૮; ૧-૭. કૂશ દેશથી આવેલા એલચીઓને પાછા જવાનું કહેવામાં આવે છે (૩-૬), ત્યાર પછી કૂશીઓ યરુશાલેમ આવીને યહોવાને નજરાણું ધરશે (૭).

૧૯; ૧-૨૫. મિસર સંબંધીની આગાહી. તે કહેવાનો ચોક્કસ પ્રસંગ જણાવેલો નથી. ત્રણ જુદી જુદી વખતે આશ્શૂરે દક્ષિણ દિશામાં કૂચ કરી હતી, એટલે ૭૨૦,૭૧૧ ને ૭૦૫ની સાલમાં. આ ત્રણ આક્રમણમાંના ગમે તે એક સમયે યશાયા આ અગમવાણી બોલ્યો હશે.

મિસર, આશ્શૂર તથા ઇસ્ત્રાએલ સહકાર કરીને યહોવાની ઉપાસના કરનારા થશે, તેમ જ તેઓ પૃથ્વી મધ્યે આશીર્વાદરૂપ થઇ જશે, એવું જે સ્વર્ગીય દર્શન યશાયાએ નિહાળ્યું હતું તે પ્રમાણે હજુ બન્યું નથી. આજે તો તે ત્રણે દેશોની ઘણીખરી વસતિ મુસ્લિમ ધર્મ પાળનારી છે. તોપણ એવો એક દિવસ આવશે ખરો, કે જ્યારે આ અગમવાણી સંપૂર્ણ થશે.

૨૦;૧. "સાર્ગોન." આ એક જ ઠેકાણે સાર્ગોન રાજાનું નામ આવેલું છે. તે આશ્શૂરનો એક પ્રખ્યાત સેનાપતિ હતો. સમરૂન શહેરને ઘેરો ઘાલનાર તો શાલ્માનેસેર હતો ખરો (૨ ૨૧.૧૭;૩), પણ શહેર સર થયા પહેલાં તે મરણ પામ્યો. તેથી સાર્ગોને મુખ્ય સેનાપતિ થઇને શહેર જીતી લીધું, અને પછીથી તે ગાદીપતિ પણ થયો. તેની કારકિર્દી ૭૨૨-૭૦૫ સુધીની હતી, તે સાન્હેરીબનો બાપ હતો. જ્યારે મેરોદાખ બાલઅદાને બીજી વાર (૭૧૧) બંડ ઊઠાવીને હિઝકીયાહ તથા આસપાસના બીજા રાજાઓ પાસેથી મદદ માગવા એલચીઓ મોકલ્યા

(૩૯;૧), ત્યારે તેઓનાં કાવતરાં નિષ્ફળ કરવા સારુ સાર્ગોને પાલેસ્ટાઇન પર આક્રમણ કર્યું. આશ્શૂરની આગળ મિસર તથા કૂશ નમન કરશે, એવું યશાયાએ કૃતોપમાદ્વારા એટલે ત્રણ વર્ષ લગી કેદીનો વેશ પહેરીને જાહેર કર્યું.

૨૦;૬. "આપણે"=યહૂદીઓ.

૨૧; ૧-૧૦. બાબેલોનને ઘેરો ઘાલ્યાને લીધે પ્રબોધકને થતા ખેદનું વર્ણન. મેરોદાખ બાલઅદાને ઘાલેલા ઘેરાની વાત હોય, એવું સંભવિત છે (૭૧૧). અધ્ય.૧૪માં બાબેલોનના નાશને લીધે વર્ણવેલાં હર્ષાનંદની સાથે આ અધ્યાય પ્રમાણે યશાયાને થતી લાગણી સરખાવવા લાયક છે,

૨૧;૧૨. "ફરીને આવો." ફરી આવજો, એટલે ફરીથી આવીને તપાસ કરજો, એવો તરજૂમો પણ કરી શકાય છે.

૨૨; ૮. "વનનાં શસ્ત્રાગાર" =વનગૃહમાં રાખી મૂકેલાં શસ્ત્રો. મંદિરની નજદીકમાં સુલેમાન રાજાએ બંધાવેલા શસ્ત્રાગારમાં ઘણા થાંભલા હતા, જેને લીધે તે મકાન "વનગૃહ" કહેવાતું હતું (૧ રા.૭;૨ : ૧૦;૧૭).

૨૩;૧. "તાર્શીશ" =સ્પેન દેશનું એક બંદર. "તાર્શીશનાં વહાણ" =તાર્શીશ આવજા કરનારાં વહાણ. પણ ૧ રા.૧૦;૨૨;ને ૨૨;૪૮માં જે "તાર્શીશી" વહાણોની વાત છે, તે કેવળ કદમાં મોટાં વહાણો સૂચવે છે.

૨૪;૧૦. "ઉજ્જડ નગર"=મૂળ ભાષામાં "અસ્તવ્યસ્તતાનું નગર" (ઉત.૧;૨).

અધ્ય.૨૪-૨૭. (૧) ૨૪--જગત તથા તેના નગરની થનારી પાયમાલી. (ક્યું નગર? બાબેલોન?). (૨) ૨૫--ઉદ્ધાર પામેલાઓનો વૈભવ. (૩) ૨૬--તેઓનું ઉપકારસ્તુતિનું ગીત. (૪) ૨૭--મૂર્તિપૂજાનો નાશ થયા બાદ થનાર પુનઃસ્થાપના.

૨૪;૨૧. "ઉચ્ચસ્થાનનું સૈન્ય"--મૂળાર્થ "ઊંચામાં ઊંચા." તે કોણ? તે તારામંડળ (૨૩), અથવા દેવદૂતો હોઈ શકે.

૨૭;૧. "વેગવાન સર્પ લિવયાથાન" =આશ્શૂર (તિગ્રિસ કાંઠે). "ગૂંછળિયા સર્પ લિવયાથાન" =બાબેલોન (ફ્રાંત કાંઠે). "અજગર" = મિસર (સમુદ્ર કાંઠે).

૨૭;૧૨. "મિસરની નદી" =મૂળાર્થ "મિસરનું નાળું," એટલે પાલેસ્ટાઈન તથા મિસર વચ્ચેની સરહદ પર આવેલું એક નાળું.

૨૮; ૭-૨૨. સમરૂનનું પતન ૭૨૨માં થયું હતું, તે પરથી ૭૯૪ની સાલમાં એટલે સાન્હેરીબે યહુદાહ પર કરેલી ચઢાઇ વખતે યશાયા યરુશાલેમવાસીઓને શિખામણ આપવા માગતો હોય, એવું પણ સંભવિત છે.

૨૮;૧૫. "શેઓલની સાથે સંપ"--મિસરની સાથે કરાએલો કરાર.

૨૯;૧. "અરીએલ" =વેદીનું મથાળું (હઝ.૪૩;૧૫). જેમ વેદી યજ્ઞના રક્તથી તરબોળ થઇ જાય છે, તેમ માર્યા ગએલાના લોહીથી યરુશાલેમ તરબોળ થઇ જશે.

૩૦; ૬,૭. જે એલચીઓને મિસરમાં મોકલવામાં આવ્યા હતા, તેઓને લગતું આ દર્શન હશે. "બેસી રહેનારી રાહાબ" =મિસરને મશ્કરીમાં આપેલું નામ. જુઓ ગી.૮૭;૪ : ૮૯;૧૦ : યશ.૫૧;૯. રાહાબ=મગરમચ્છ. યૂ.૯;૧૩માં "અભિમાની"-રાહાબ. યૂ.૨૬;૧૨માં "અજગર" = રાહાબ.

૩૦; ૧૮-૨૬. આશ્શૂરના હાથથી શિક્ષા પામ્યા પછી ઇસ્ત્રાએલ સુખી તથા આબાદ થશે. ત્યાર પછી આશ્શૂરનું સત્યાનાશ વળશે (૨૭-૩૩). "તારો શિક્ષક" (૨૦)-ઇશ્વર.

૩૦;૨૯. "રાતે ગાનતાન." પાસ્ખા પર્વની વાત હોવાનો સંભવ છે, કેમ કે માત્ર તેજ પર્વ રાતે પાળવામાં આવતું હતું.

૩૪; ૧-૧૭. અદોમ પર વેર વાળવામાં આવશે, તે સંબંધીની અગમવાણી ક.૧-૪માં વર્ણવેલું ન્યાયશાસન સાર્વત્રિક જણાય છે, પણ ૫-૧૭ સુધીની વાત અદોમને લગતી છે. આ પ્રકરણ અધ્ય.૨૪-૨૭ના જેવું છે, તે એજ પ્રકારના પ્રબોધનું હોય, એવો સંભવ છે, એટલે ન્યાયશાસન સાર્વત્રિક થશે, અને અદોમ તો જગતના એક ભ્રષ્ટ રાજ્યની માત્ર ઉપમા છે.

૩૫; ૧-૧૦. આ અધ્યાયમાં સમાએલાં વચન પુસ્તકના ઉત્તરાર્ધમાં આવેલા બોધના જેવાં છે, જેમ કે ક.૬=૪૧;૧૮ : ૭=૪૮;૨૧ : ૮-૪૦;૩ : ૧૦=૫૧;૧૧ વગેરે, એટલે તે બંદીવાસ સમયનો હશે.

૩૬-૩૯. આ ઐતિહાસિક વર્ણનમાંથી એક વાત એટલે હિઝકીયાહે સાન્હેરીબ પ્રત્યે દર્શાવેલી આધીનતા (૨ ૨૧.૧૮; ૧૪-૧૬) પડતી મૂકવામાં આવી છે, પરંતુ હિઝકીયાહની માંદગીને લગતી એક વાત છે કે જે રાજાઓના પુસ્તકમાં સમાએલી નથી, તે ઉમેરવામાં આવી છે.

મીખાહ
("યહોવા જેવો કોણ છે?")

૧. **સમય.** ક્યા સમયમાં મીખાહ પ્રબોધ કરતો હતો, તે જાણવાનાં બે સબળ પ્રમાણ છે. (૧) ૧;૬ પ્રમાણે હજુ સમરૂનનું પતન થયું નહોતું. તેનું પતન ૭૨૨ની સાલમાં થયું, તેથી તે પહેલાં મીખાહે પ્રબોધ કરવા માંડ્યો હશે. (૨) "હિઝકીયાહના સમયમાં મીખાહ મોરાશ્તી ભવિષ્ય કહેતો હતો," એમ સો વર્ષ પછી યર.૨૬;૧૮માં કહેલું છે. યરુશાલેમ તથા ત્યાંના મંદિરના થનાર નાશ વિષે મીખાહે આગાહી કરી હતી (૩;૧૧), છતાં હિઝકીયાહ રાજાએ તેને મારી નંખાવ્યો નહોતો, એવો દાખલો આપીને યર્મિયાના મિત્રોએ તેને તેના શત્રુઓના હાથમાંથી છોડાવ્યો.

વળી હિઝકીયાહના દીકરા મનાશ્શેહના વખતમાં પણ મીખાહ પ્રબોધ કરતો હતો, જે વિષે હવે પછી કહેવામાં આવશે. મૂર્તિપૂજાની પુનઃસ્થાપના કરીને મનાશ્શેહે નવાં દેવદેવીઓની ઉપાસના દાખલ કરાવી હતી, જેને અંગે તેણે પોતાના દીકરાને હોમ્યો હતો (૨ ૨૧.૨૧;૬). મી ૬;૭માં એવા પ્રકારનો નરમેધ સૂચવેલો છે.

ઉપરોક્ત હકીકત પરથી મીખાહ યશાયાનો સમકાલિન હતો એવું સમજી શકાય છે. વળી તેના પર યશાયાના બોધની ઊંડી છાપ પણ પડી હતી. જે જુદાં જુદાં પાપકર્મ યશાયા વખોડી કાઢતો હતો, તેજ પાપ મીખાહ પણ વખોડી કાઢતો હતો. બંનેની ભાષાના સમાનતાના દાખલા મળી આવે છે, જેવા કે મી.૧;૯-૧૬ ને યશા.૧૦; ૨૮-૩૨ : મી.૨;૧,૨ ને યશ.૫,૮ : મી.૨;૧૧ ને યશા.૨૮;૧ વગેરે.

૨. **મીખાહ.** તેના નામનું ખરું સ્વરૂપ મીખાયાહ છે, જેનો અર્થ "યહોવા જેવો કોણ છે," એવો છે. (૭;૧૮માં તેના નામને આધારે શ્લેશાલંકારનો દાખલો મળી આવે છે). તે સાધારણ નામ હતું. આહાબ તથા યહોશાફાટ રાજાઓને નીડરપણાથી સત્ય કહી જણાવનાર ઈશ્વરભક્તનું નામ પણ મીખાયાહ-બેન-યિમ્લાહ હતું (૧ ૨૨.૨૨;૮). મીખાહ પ્રબોધકના બાપનું નામ આપેલું નથી, પણ યર.૨૬;૧૮માં તે "મીખાયાહ મોરાશ્તી" કહેવાય છે, જેમાં જે ગામડાનો તે વતની હતો તે ગામનું નામ જણાવેલું છે. તે મોરેશેથ-ગાથનો વતની હતો

(૧;૧૪), તે ગામ યહૂદાહના પહાડો તથા ભૂમધ્ય સમુદ્રના કિનારા વચ્ચેના ફળદ્રુપ પ્રદેશમાં આવેલું છે. યશાયા યરુશાલેમવાસી હતો, અને રાજદરબારમાં જે છળકપટ ચાલતું હતું, તે તેની જાણ બહાર નહોતું. પણ મીખાહ ગામડાનો રહેવાસી હતો, તેથી ગ્રામ્યદૃષ્ટિથી તે બધું જોતો હતો. તેના સમજવા પ્રમાણે સમરૂન તથા યરુશાલેમ, એટલે ઇસ્ત્રાએલ તથા યહુદાહનાં જે રાજનગર હતાં, તે તે બે દેશનાં દુષ્ટતાનાં કેન્દ્રસ્થાન હતાં. તે ગામનો રહેવાસી હતો, તેથી ગરીબ ખેડૂતો પાસેથી તેમની જમીન પડાવી લેવી, તે પાપને તે વિશેષ વખોડી કાઢતો હતો (૨;૨,૯).

જેમ બીજા ખરા પ્રબોધકોનો તેમ મીખાહનો પણ ખોટા પ્રબોધકો સામનો કરતા હતા. જે પ્રબોધકો એશઆરામ પ્રત્યે આંખ આડા કાન કરતા (૨;૧૧), અને લાંચ આપનારાની ખુશામત કરતા (૩;૫), એવા પ્રબોધકો લોકપ્રિય હોય, એ સ્વાભાવિક હતું. પરંતુ એથી જુદું જ કર્તવ્ય બજાવવા સારુ યહોવાએ મને તેડીને આત્માના સામર્થ્યની વેષ્ટિત કર્યો છે, એવું મીખાહને ભાન થયું હતું. યાકૂબને તેનો અપરાધ અને ઇસ્ત્રાએલને તેનું પાપ કહી બતાવવાની મારી ફરજ છે, એમ તે સમજતો હતો (૩;૮). તેથી પોતાનું ગામ છોડીને તે યરુશાલેમ ગયો, ત્યાં કોઇનું મોં રાખ્યા વગર તેણે પોતાનો ઈશ્વરપ્રેરિત સંદેશો સર્વ વર્ગના લોકોને સંબોધીને પ્રગટ કર્યો. "હે પ્રજાઓ, તમે સર્વ સાંભળો" (૧;૨), "હે યાકૂબના નેતાઓ તથા ઇસ્ત્રાએલના અધિકારીઓ, તમે સાંભળજો" (૩;૧), "હે ન્યાયને ધિક્કારનારા તથા ઇન્સાફને ઊંધો વાળનારા, આ સાંભળજો" (૩;૮). તે ગામમાં ઊછરેલો હતો ખરો, તોપણ સો વરસ વીતી ગયા બાદ તેણે કહેલી આગાહીનું હજુ તાજું સ્મરણ હતું, એવું આપણે ઉપર જોઇ ગયાં છીએ. હિઝકીયાહની કારકિર્દીમાં જે ધર્મજાગૃતિ થઇ, તેમાં જેટલો સાથ યશાયાએ આપ્યો તેટલો જ સાથ મીખાહે પણ આપ્યો હોય, એવો સંભવ છે.

બીજા પ્રબોધકોની માફક મીખાહે પણ પાપ, ન્યાયશાસન તથા પુનઃસ્થાપના એવી ત્રણ જુદી જુદી બાબતો વિષે શિક્ષણ આપ્યું. તે બાબતોને આધારે તેના પુસ્તકની અનુક્રમણિકા નીચે પ્રમાણે થઇ શકે છે.

૩. અનુક્રમણિકા

(૧) **પાપ.** ઇસ્ત્રાએલ તથા યહુદાહમાં થતાં પાપકર્મને લીધે યહોવા કોધાવેશમાં આકાશમાંથી ઊતરનાર છે (૧;૩). તે સમયે જાતજાતના અન્યાય તથા ભ્રષ્ટાચાર ચાલતા હતા. આર્થિક પ્રગતિથી આત્મિક અધોગતિ થઇ હતી. દેશની સર્વ સમૃદ્ધિ રાજનગરોમાં સંઘરવામાં આવી હતી, જ્યાં ગરીબો નોકરીને વાસ્તે ભેગા થતા હતા. કરવેરાનો ઘણોખરો બોજો ગ્રામવાસીઓ પર પડતો હતો. તેઓની કંગાલાવસ્થાનો લાભ લઇને શેઠિયાઓ તેઓની જમીન નજીવા મૂલ્યે પડાવી લઇ તેમને ગામોમાંથી નીકળી જવાની ફરજ પાડતા હતા (૨;૨,૯. "મારું ગૌરવ" =લોકનું વતન. બધી જમીન યહોવાની જ હતી લે.૨૫;૨૩). આવા જોરજુલમની વિરુદ્ધ જ્યારે પ્રબોધકે ઉપદેશ કર્યો, ત્યારે જેમ યરુશાલેમવાસીઓએ યશાયાની નિંદા કરી હતી (યશ.૨૮;૯,૧૦), તેમ તેઓએ મીખાહનું પણ અપમાન કર્યું (૨;૬).

૨ ૨૩.૧૮;૪ ને ૨ કાળ.૩૧;૪ પ્રમાણે હિઝકીયાહે ગામોમાં રહેનાર યાજકોને યરુશાલેમ તેડી મંગાવ્યા હતા, તેથી કોઇ પણ ફરિયાદનો નિકાલ કરાવવા સારુ ગામના લોકોને યરુશાલેમ જવાની ફરજ પડતી હતી. પણ ત્યાં કપાવા સારુ લઇ જનાર ઘેટાંની પેઠે તથા ઘાણીમાં પીસાતાં બીની માફક તેમને નીચોવી લેવામાં આવતા હતા (૩;૧-૪). ન્યાયાધીશો, યાજકો, પ્રબોધકો એ સર્વ લાંચિયા થઇ ગયા હતા (૩;૧૧). પ્રબોધકો પણ પોતાની પેટની પૂજા કરનારા હતા (૩;૫). "યહોવા આપણી સાથે નથી શું? આપણા પર કાંઇ પણ આપત્તિ આવશે નહિ," એમ કહેતાં તેઓ આવું વર્તન ચલાવતાં આંચકો ખાતા નહિ (૩;૧૧). ૬;૯-૭;૬માં આના જેવું દૃશ્ય ફરીથી આપણને દેખાઇ આવે છે, પણ પહેલા કરતાં આ બીજું દૃશ્ય વિશેષ કરુણ છે. ઇશ્વરભક્ત હિઝકીયાહ રાજા ગુજરી ગએલો છે, અને તેની કારકિર્દીમાં થએલી ધર્મજાગૃતિ હતી નહતી થઇ ગઇ છે. અન્ય દેવદેવીઓનો ઉપાસક મનાશ્શેહ ગાદીપતિ થયો છે, મૂર્તિપૂજાની પુનરુત્પત્તિ થઇ છે, અને "ઓમ્રીના વિધિઓનું તથા આહાબના કુટુંબના સર્વ રીતરિવાજોનું પાલન થતું જાય છે" (૬;૧૬). દેવભક્તોની સતાવણી થાય છે (૭;૨ : ૨ ૨૩.૨૧;૧૬). પાર વિનાનાં

યજ્ઞાર્પણો કરવામાં આવે છે ખરાં, પણ તે હૃદયપૂર્વક નહિ (૬;૭). ખરી ધાર્મિકતા વીસારે પડી છે, અને ઈશ્વરને ગમતું યજ્ઞાર્પણ કોઈ કરતું નથી (૬;૬).

(૨) **ન્યાયશાસન.** ક્રોધાવેશમાં યહોવા ઊતરી આવેલો છે, સમરૂનનો થનાર નાશ અનિવાર્ય છે. થોડા જ સમયમાં યરુશાલેમનો વારો પણ આવવાનો છે. જાણે કે તેનો અંત છેક પાસે આવ્યો હોય, તેમ મીખાહને તેનો નાશ કરવા આવનારી આશ્શૂરી ફોજનું દર્શન થાય છે (૧; ૧૦-૧૬). યશાયાને પણ એવું દર્શન થયું હતું (૧૦; ૨૮-૩૨). યશાયાને થએલા દર્શન પ્રમાણે આશ્શૂરી સૈન્ય ઉત્તર તરફના પહાડોના રસ્તામાં થઈને યરુશાલેમ ભણી સીધું ધસી આવતું હતું. પરંતુ મીખાહને થએલા દર્શન પ્રમાણે શત્રુઓ સમુદ્ર કિનારાના મેદાનમાં થઈને આવવાના હતા. એજ રસ્તે થઈને સાર્ગોને આશ્દોદ પર ૭૧૧ની સાલમાં ચઢાઈ કરી હતી (યશ.૨૦;૧), અને ૭૦૧ની સાલમાં સાન્હેરીબ પણ તેજ રસ્તે થઈને આવ્યો.

દર્શનને વિલંબ તો થાય, તોપણ નિયત વખતે તે આવશે જ આવશે (હબ.૩;૩). "યહોવા આપણી સાથે છે," એવો ભરોસો રાખતાં લાંચિયા ન્યાયાધીશો તથા યાજકો ને પેટની પૂજા કરનારા પ્રબોધકો બેદરકાર બની ગયા હતા, પણ મીખાહે તેમના દાવાના ખંડનમાં તેમને એવો ભયંકર જવાબ આપ્યો, કે "એથી જ તમારે લીધે સિયોન ખેતરની પેઠે ખેડાશે, ને યરુશાલેમના ઢગલેઢગલા થઈ જશે, ને ઘરનો પર્વત (એટલે મંદિર) વનમાંની ટેકરીઓના જેવો થઈ જશે" (૩;૧૨). વળી અગાઉથી ચેતવણી આપ્યા વગર તે દિવસ આવનાર નથી. તેના થયા અગાઉ ઘણાં ચિહ્ન દેખાઈ આવશે. ન્યાયાધીશો યહોવાને વિનવ્યા કરશે, પણ તે તેઓનું સાંભળશે નહિ : રાત આવી પડશે, કે જ્યારે પ્રબોધકોને સંદર્શન થશે નહિ : યાજકો તથા દૃષ્ટાઓ શરમાઈ જશે, કેમ કે ઈશ્વર તરફથી તેઓને કંઈ પણ પ્રત્યુત્તર મળશે નહિ (૩;૪,૬,૭). ઝાડનું ઠૂંઠું રહેવા દેવામાં આવશે (૬;૧૩), જેમાંથી ફણગો ફૂટશે (૧૧;૧), એવું યશાયાનું કહેવું હતું. પરંતુ આમોસની જેમ મીખાહે પહેલવહેલાં કહેલા બોધમાં આશાજનક, દિલાસાદાયક એક પણ વચન રહેલું નથી. યરુશાલેમના ઢગલેઢગલા થઈ જશે જ.

૩. **પુનઃસ્થાપના.** અધ્યાય ૩જો ઉપર પ્રમાણે સમાપ્ત થાય છે ખરો, પણ પુસ્તકના બાકીના અધ્યાયો પુનઃસ્થાપનાનાં શુભ વચનથી ભરપૂર છે. તેમ હોવાનું શું કારણ હશે, તે ખાતરીપૂર્વક કહેવાય નહિ. તોપણ નીચેની સૂચનારૂપ વાતમાં તેનું કારણ ગર્ભિત હોય, એવો સંભવ છે.

(૧) મીખાહ મનાશ્શેહ રાજાના સમયમાં પણ હયાત હતો. તે રાજાની કારકિર્દીમાં ખોટી ધર્માસ્થા બધે ફેલાવા પામી હતી. મીખાહની નજર આગળ નિર્દોષ રક્ત વહેવડાવવામાં આવતું હતું, પણ ઈશ્વરની દૃષ્ટિમાં તેના ભક્તોનું મરણ કિંમતી છે, એ તે જાણતો હતો, તેથી ઈશ્વર પોતાના ભક્તોનું વેર વાળ્યા વગર રહેશે નહિ (પ્ર.૬;૧૦), એવો વિશ્વાસ રફતે રફતે તેના હૃદયમાં ઉત્પન્ન થવા પામ્યો. અધર્મીને સારુ શિક્ષા નિર્મિત કરેલી હોય, તો ભક્તને સારુ પણ કંઈ પ્રતિફળ હોવું જોઈએ.

(૨) વળી શેષ રહેશે, તેની ખાતર યરુશાલેમ ફરીથી "ન્યાયનગર, ધર્મપુરી" કહેવાય, એવું યશાયાનું કહેવું હતું (૧;૯,૨૬). તેણે એમ પણ કહ્યું હતું, કે દાઉદના વંશમાંના એક અભિષિકત રાજાની મારફતે ઈશ્વર પોતાના લોકનો બચાવ કરશે (૯; ૬,૭).

(૩) છેલ્લું, તે અંધકારમય દિવસોમાં ઈશ્વરભક્તોએ પુનર્નિયમનું પુસ્તક રચ્યું હોય, એવું ઉપર કહેવામાં આવ્યું છે, અને જો એમ હોય, તો તે મહાન કાર્યમાં મીખાહે જરૂર સાથ આપ્યો હશે. મી.૬; ૧-૬માં પુનર્નિયમના પુસ્તકનું તાત્પર્ય સમાએલું છે, એટલે નિર્ગમનના સમયથી માંડીને ઈસ્ત્રાએલ પ્રત્યે ઈશ્વરના પ્રેમભાવ તથા અનુગ્રહના બદલામાં તેના પ્રત્યે ઈસ્ત્રાએલની આધીનતા તથા વળતો પ્રેમ. **"તું યહોવા તારા દેવનો ડર રાખે, તેના સર્વ માર્ગોમાં તું ચાલે, ને તેના પર તું પ્રીતિ કરે, ને તારા પૂરાં અંતઃકરણથી તથા પૂરા જીવથી તું તારા દેવ યહોવાની સેવા કરે, તે સિવાય યહોવા તારો દેવ તારી પાસે બીજું શું માગે છે?** એવા જે શબ્દો પુ.૧૦;૧૨માં મળી આવે છે, તે ને જ શબ્દો, તે ને તે જ સ્વરૂપમાં મી.૬;૬માં પણ સમાએલા છે.

આવી જુદી જુદી રીતિએ મીખાહને જે આશાજનક સંદર્શન આખરે થયું, તેને લીધે તેના પુસ્તકના છેલ્લા અધ્યાયોમાં નીચેનાં શુભ ભવિષ્યવચનો મળી આવે છે :--

(૧) યરુશાલેમની પુનઃસ્થાપના થશે. તે ફરીથી "ટોળાનો બુરજ," દેવના રાજ્યનું મુખ્ય શહેર થઇ જશે, અને "અગાઉનું રાજ્ય," જે દાઉદના રાજ્યના જેવું વિસ્તારવાળું છે, તે તેને પાછું સોંપવામાં આવશે (૪; ૬-૫;૧).

(૨) એક ઉદ્ધારનાર રાજા પણ ઊભો થશે. તે ધનાઢ્ય નગરવાસીઓના વર્ગમાંથી નહિ, પણ ગરીબ તથા નમ્ર સ્વભાવવાળા વર્ગમાંથી ઉત્પન્ન થશે. દાઉદના ગામમાં એટલે બેથલેહેમમાં તેનો જન્મ થશે. તે આવશે, ત્યારે શાંતિ પણ થશે, અને આશૂરના રાજ્યને પાયમાલ કરી નાખવામાં આવશે. દેશપરદેશમાં જે ઇસ્ત્રાએલીઓ વિખેરાઇ ગએલા છે, તેઓ તે દેશોમાં ઓસનાં ટીપાં જેવા અસંખ્ય તથા સિંહના જેવા બળવાન થશે. પછીથી ઇસ્ત્રાએલ ફરી ઘોડા તથા રથો પર આધાર રાખશે નહિ, તેમ જ મૂર્તિઓની આગળ પણ તે નમશે નહિ (૫; ૨-૧૫).

(૩) છેલ્લા વિભાગમાં મીખાહે પોતાનો વિશ્વાસ વ્યક્ત કરેલો છે (૭; ૭-૨૦). "પણ હું તો યહોવા તરફ જોતો રહીશ. હું મારું તારણ કરનાર દેવની વાટ જોઇશ...મેં તેની વિરુદ્ધ પાપ કર્યું છે. તે મને અજવાળામાં બહાર લાવશે, અને હું તેનું ન્યાયીપણું જોઇશ" (૭; ૭-૯). તેડાની વખતે જેમ યશાયાને ઇશ્વરના અનુગ્રહનો જે અનુભવ થયો હતો. તે દ્વારા તેને પોતાનો દિલાસામય સંદેશો પ્રગટ કરવાની હિંમત પ્રાપ્ત થઇ, તેમ મીખાહને પણ થયું. પાઉલને પણ એવો જ અનુભવ થયો, તેને આધારે "જેના પર મેં વિશ્વાસ રાખ્યો, તેને હું ઓળખું છું," એમ તેણે તીમોથી પર લખ્યું છે (૨ તી.૧;૧૨). ઇશ્વરનો સંદેશિયો અનુભવસિદ્ધ વાત સિવાય બીજો કોઇ સંદેશો પ્રગટ કરી શકતો નથી.

૪. બાકી રહેલાં બે ટૂંકાં પ્રકરણ

(૧) ૨; ૧૨,૧૩. આ તો બંદીવાસ વખતનું વચન હોય, એમ લાગે છે. બંદીવાસીઓને વાડામાં પૂરેલાં ઘેટાંની ઉપમા આપેલી છે. છીંડું પાડનાર તે યહોવા છે, તે તેઓના રાજા તથા આગેવાન તરીકે તેઓની આગળ આગળ ચાલીને તેઓને સારુ છૂટકાનો માર્ગ ખુલ્લો કરશે (૧ કરિં.૧૦;૧૩).

(૨) ૪; ૧-૫. આ ફકરો યશ.૨; ૨-૪માં પણ મળી આવે છે. ગુજરાતી ભાષાંતર પ્રમાણે તેનો પ્રથમ શબ્દ "પણ" છે, જેથી વાચક એમ સમજે છે, કે મીખાહ હખંડિયેર થએલા યરુશાલેમને ફરીથી સ્થપાએલા યરુશાલેમની સાથે સરખાવવા માગે છે, પરંતુ મૂળભાષા પ્રમાણે પ્રથમ શબ્દ તો "અને" છે. યશ.૨; ૨-૪ની નોંધ જુઓ.

કેટલીએક વિગતવાર નોંધ

૧;૮. "વસ્ત્રરહિત તથા નાગો" =ઝભ્ભા વગર (યશ.૨૦;૨).

૧; ૧૦-૧૫. ગામોનાં જુદાં જુદાં નામ અર્થસૂચક છે. તેના અર્થને આધારે પ્રબોધક શ્લેશાલંકાર વાપરે છે. દા.ત. "બેથ-લે-ઓફ્રાહ" = ધૂળનું ઘર છે, તેથી "ધૂળમાં આળોટ," એમ પ્રબોધક કહે છે (૧૦).

૨;૪. "અમે છેક પાયમાલ," વગેરે મહેણારૂપ ટૂંકું ગીત છે

૪;૧૦. "બાબેલમાં પણ." આ શબ્દો પછીથી ઉમેરવામાં આવ્યા હશે. મીખાહના સમયમાં જે રાજ્યની બીક યહુદાહને લાગતી હતી, તે તો આશ્શૂર હતું, જેનું રાજનગર નિનવેહ હતું.

૫;૬. "એ (આપણું) શાંત્યાસ્પદ થશે." મૂળાર્થ તો "એ શાંતિ થશે," એ છે, એટલે "સાત પાળકો તથા આઠ સરદારો" આશ્શૂરનો પરાજય કરશે, ત્યારે શાંતિ થશે (૫). "નિમ્રોદનો દેશ" =આશ્શૂર (ઉત.૧૦;૧૦,૧૧).

૬;૨. "યહોવાનો વિવાદ." સરખાવો યશ.૧;૧૮ : હો.૪;૧.

સફાન્યા
("જેને યહોવાએ સંતાડી રાખ્યો છે")

૧. **સમય.** સફાન્યા યોશીયા રાજાની કારકિર્દીમાં (ઇ૩૯-ઇ૦૮) પ્રબોધ કરતો હતો, એમ પુસ્તકને મથાળે કહેલું છે. જે વડે સમય લગભગ નક્કી કરી શકાય, એવાં કેટલાંક પ્રમાણ પુસ્તકની અંદર જ મળી આવે છે. (૧) યોશીયાની આગેવાની નીચે જે ધર્મજાગૃતિ થઇ, તે ઇ૨૧ની સાલમાં થઇ, તે વખતે મૂર્તિપૂજાની સમૂળગો નાશ કરવામાં આવ્યો હતો (૨ રા.૨૩; ૪-૮). પરંતુ સફાન્યા પ્રબોધ કરતો હતો, તે સમયે મૂર્તિપૂજા બધે ચાલતી હતી, તેથી ઇ૨૧ની સાલ પહેલાં તે પ્રબોધ કરવા લાગ્યો હશે, તે નિર્વિવાદ છે. (૨) ઇ૨૭ની સાલમાં સ્કૂથી નામના લોકે પાલેસ્ટાઇન પર ચઢાઇ કરી. તેઓ રૂસ દેશના દક્ષિણ પ્રદેશમાં રહેનાર લોક હતા. તેઓ શરીરે કદાવર અને સ્વભાવે તામસી પ્રકૃતિ તથા નિર્દય હતા. તેઓ સવારી કરનારા હતા, અને ઘોડા પર બેઠાં બેઠાં તેઓ લડતા પણ હતા. (યર. ૬;૨૨,૨૩) વખતો વખત સ્વદેશમાંથી નીકળીને તેઓ લૂંટ કરવા માટે ચઢાઇ કરતા હતા. વળી જે કોઇ રાજા તેમને પગાર આપે તેનો પક્ષ લઇને તેઓ તેની મદદે લડવા તૈયાર હતા. તેઓના સહકારને લીધે બાબેલોનનો રાજા નિનવેહ જીતી લેવા પામ્યો (ઇ૦૬).

જ્યારે સ્કૂથીઓએ પાલેસ્ટાઇન પર ચઢાઇ કરી, ત્યારે બીજા બધા ચઢાઇ કરનારાની પેઠે તેઓ પણ ભૂમધ્ય સમુદ્રના કિનારા પરના પ્રદેશમાં થઇને આવ્યા (મી.૧; ૧૦-૧૬ની નોંધ જુઓ). મિસરની સરહદ સુધી તેઓ આગળ ધસી ગયા, પણ મિસરના રાજાએ તેમને મોટી રકમની લાંચ આપી, તે લઇને તેઓ પાછા ફર્યા. હવે ચઢાઇની અફવા સાંભળીને યરુશાલેમવાસીઓ ઘણા ગભરાયા. પણ લોકનાં પાપની શિક્ષા કરવા સારુ આશ્શૂરનો રાજા યહોવાના હાથમાં એક સાધનરૂપ છે, એવું સૂચવવાનું જે દર્શન યશાયાને થયું હતું (યશ.૧૦;૫), તેવું સંદર્શન સફાન્યાહને પણ થયું, જે પરથી તે સમજી ગયો કે નિર્દય સ્કૂથીઓ સજા કરવા સારુ ઈશ્વરના ક્રોધની તરવારરૂપ છે. સફાન્યાના પુસ્તકનો મુખ્ય વિષય તો યહોવાનો દિવસ છે, જેનું વર્ણન ચઢાઇના સ્વરૂપમાં કરેલું છે. તેથી આસરે ઇ૨૭ની સાલે સફાન્યા

પ્રબોધ કરવા લાગ્યો હશે, એવું અનુમાન લગભગ ખાતરીપૂર્વક કરી શકાય છે. (યર્મિયાના પુસ્તકના પહેલા છ અધ્યાયોમાં "ઉત્તર તરફથી" આવેલી ક્રૂર પ્રજા સંબંધી જે સૂચનાઓ મળી આવે છે, તે ઉપરના સ્કૂથી લોકને લગતી છે, એવું આજકાલ સર્વમાન્ય છે (૧;૧૩ વગેરે). હવે ૬૨૬ની સાલમાં યિર્મેયાને પ્રબોધક થવા સારુ તેડવામાં આવ્યો). આખરે સ્કૂથીઓ યહૂદાહ પર હુમલો કર્યા વિના પાછા જતા રહ્યા.

કોલોસીઓને લખેલા પત્રમાં સ્કૂથી નામ આવે છે (૩;૧૧, તે નામથી પ્રેરિત પાઉલ સંસ્કૃતિ રહિતના લોક સૂચવવા માગે છે, સંસ્કૃતિવાળા ગ્રીકો કે યહૂદીઓ જેવા ન હોવા છતાં તેઓ તે પ્રજાઓની સાથે ખ્રિસ્તમાં એકરૂપ છે.

૨. પ્રબોધક તથા તેનો સંદેશો. "જેને યહોવાએ સંતાડી રાખ્યો છે," એટલે જેનું રક્ષણ યહોવા કરે છે, એવો તેના નામનો અર્થ છે. ચોથી પેઢીથી માંડીને તેની વંશાવળી આપેલી છે, તેમાં જે હિઝકીયાહ નામ આવે છે, તે હિઝકીયાહ રાજા હશે, તેથી યોશીયા રાજાનો સગો હોવાને લીધે સફાન્યાને ભાયાત તરીકે રાજદરબારમાં સ્થાન મળ્યું હશે. યોશીયા ગાદીપતિ થયો, ત્યારે તે સગીર વયનો હતો, અને તેને ઉછેરવામાં તથા તેને તેના ભ્રષ્ટાચારી બાપ આમોનના કુમાર્ગથી ફેરવવામાં સફાન્યાએ ભાગ લીધો હશે. વળી તેને દરબારમાં આવજા કરવાની છૂટ હતી, તેથી કેવી રીતે તે વખતના સરદારો તથા રાજકુમારો પોતાના બાપદાદાઓની રીતભાત છોડી દઈને મૂર્તિપૂજક પરદેશીઓના રીતરિવાજો અપનાવતા હતા (૧;૮), તે સર્વ સફાન્યાએ પ્રત્યક્ષ જોયું હશે.

સફાન્યા યશાયાની પેઠે યરુશાલેમનો રહીશ હતો. તેનું પુસ્તક નાનું છે ખરું, તોપણ તેમાં નગરનું સ્વરૂપાલેખન એટલી બધી ઝીણવટથી કરેલું છે, કે નકશાના જેવો તેનો ચિતાર આપણી આગળ ખડો થાય છે. સફાન્યા યરુશાલેમનો રહીશ તેમ જ રાજાનો સગો હતો, તે ઉપરથી રાજમહેલમાં (૧;૮) તેમ જ બજારોમાં (૩; ૧-૪) ચાલતો દુરાચાર વખોડી કાઢવાની તે કેટલી બધી હિંમત ધરાવતો હતો, તે સમજી શકાય છે.

તે પોતાની અગાઉના પ્રબોધકોના જેવું શિક્ષણ આપતો હતો.

પાપ, ન્યાયશાસન તથા પુનઃસ્થાપના એજ ત્રણ શબ્દોમાં તેના શિક્ષણનો સાર સમાઈ જાય છે. તેના ઉપદેશમાં આમોસ, યશાયા તથા મીખાહના બોધથી થએલી અસર સ્પષ્ટ દેખાઈ આવે છે. આમોસના બોધનું અનુકરણ કરીને તેણે "યહોવાનો દિવસ" તે વાતને અગ્રસ્થાન આપ્યું છે (૧; ૧૪-૧૮). યશાયાની માફક તે બચી જનાર શેષનો સિદ્ધાંત પ્રગટ કરતો હતો (૩;૧૨,૧૩), અને જે ન્યાયાધીશો, પ્રબોધકો તથા યાજકોએ પ્રજાના નેતાઓ હોવું જોઈતું હતું, તેઓમાં પેસી ગએલી ભ્રષ્ટતા તે મીખાહની પેઠે જાહેર કરતો હતો (૩; ૩,૪). તેના ઉપદેશમાં યશાયાના જેવી મસીહવિષયકવાત તો મળી આવતી નથી. યહોવા પોતે પોતાના લોકના ઉદ્ધાર કરીને "ઇસ્ત્રાએલના રાજા" તરીકે તેઓની મધ્યે વાસો કરશે (૩; ૧૫-૧૯), એવું તેનું શિક્ષણ હતું. ૬૨૧ની સાલમાં જે મહાન ધર્મજાગૃતિ થઈ, તેનો માર્ગ તૈયાર કરનાર સફાન્યા હોય, એવું તેના ઉપદેશ પરથી અનુમાન કરવું ઘટે છે.

૩. **અનુક્રમણિકા.** વિષયાનુસાર પુસ્તકનો સારાંશ નીચે પ્રમાણે આપી શકાય છે :--

(૧) **પાપ.** આખી પૃથ્વી પર ન્યાયશાસન થવાનું છે. (૧; ૨,૩). પણ બીજા દેશો કરતાં યહૂદાહ તથા યરુશાલેમને અને વિશેષે કરીને જેઓ યહોવાનો ત્યાગ કરીને અન્ય દેવદેવીઓની પૂજા કરે છે, તેઓને તથા જેઓ પોતાના પરધણીઓની ખુશામત કરવા સારુ પરદેશી વસ્ત્રો પહેરે છે, તેઓને પણ શિક્ષા થશે (૧; ૪-૮). "યહોવા તો ભલું નહિ કરે, તેમ ભૂંડુંયે નહિ કરે," એમ કહીને તેઓ પોતાનું નાસ્તિકપણું જાહેર કરે છે (૧;૧૨). આખી પ્રજા ભ્રષ્ટ થઈ ગઈ છે. "મારું કહ્યું તેણે માન્યું નહિ; તેણે શિખામણ (=તોરાહ) સ્વીકારી નહિ" (૩;૨). સરદારો, ન્યાયાધીશો, યાજકો, પ્રબોધકો-એ ચારે વર્ગના લોક ભ્રષ્ટ થએલા છે (૩; ૩,૪). યહોવા તેઓની મધ્યે છે ખરો, પણ તેઓ તેનાથી ડરતા નથી (૩;૫). આસપાસની પ્રજાઓ પર યહોવા પોતાનું ન્યાયશાસન ચલાવી રહ્યો હતો, તે જોયા છતાં યહૂદીઓ કંઈ પણ ચેતવણી પામ્યા નહિ (૩; ૬,૭). મગરૂરી કરવી, એ તેમનું મોટામાં મોટું પાપ હતું. ગર્વિષ્ટોને યહોવા પોતાના પવિત્ર પર્વત પરથી હાંકી કાઢશે, પણ ગરીબો તથા દુઃખીઓનું તે આશ્રયસ્થાન થશે (૩;૧૧,૧૨).

૨. ન્યાયશાસન

(૧) **યહુદાહ પર.** ખુદ યહોવા વિશ્વાસઘાતીઓને શિક્ષા કરશે. યહોવાનો દિવસ હોમયજ્ઞ કરવાનો થશે. હોમવાનું પશુ (એટલે યહુદા) તો ક્યારનુંય કપાઇ ચૂક્યું છે, અને મહેમાનો (એટલે સ્કૂથીઓ)ને ક્યારનાય પાવન કરવામાં આવ્યા છે (૧;૭). વળી યહોવાનો દિવસ યુદ્ધનો દિવસ પણ છે, કે જ્યારે પાપીઓનું રક્ત ધૂળની પેઠે વહેવડાવવામાં આવશે, ને તેમનું માંસ વિષ્ટાની પેઠે ફેંકી દેવામાં આવશે (૧;૧૭). એક પણ બચી જશે નહિ. બત્તીઓ લઇને યહોવા યરુશાલેમની ઝડતી લેશે (૧;૧૨). ભૂંસુ ઊડાડી દેવામાં આવશે, પણ ઘઉંના દાણા સંઘરવામાં આવશે. તે દિવસે યહોવા નમ્રને આશ્રય આપશે (૨;૨,૩).

(૨) **આસપાસના દેશો પર.** રેલની માફક યહોવાનું ન્યાયશાસન આગળ ચાલે છે. એક પછી એક આસપાસની પ્રજાઓ તેના સપાટામાં આવી જાય છે, એટલે (અ) પશ્ચિમમાં પલિસ્તિઆ (૨; ૪-૭) : (આ) પૂર્વમાં મોઆબ તથા આમ્મોન (૮-૧૧) : (ઇ) દૂર દક્ષિણમાં કૂશ દેશ (૧૨) : અને ઉત્તરમાં આશૂર (૧૩-૧૫). અહીં પહેલવહેલાં નિનવેહનો નાશ ભાખવામાં આવેલો છે.

(૩) **સાર્વત્રિક.** બંડખોર તથા ભ્રષ્ટ થએલી જુલમી નગરી યરુશાલેમની વિરુદ્ધ અફસોસનું ઉચ્ચારણ ફરીથી કરવામાં આવે છે (૩;૧૭), પણ ત્યાર પછી સર્વ પ્રજાઓ પર આવનાર ન્યાયશાસન જાહેર કરવામાં આવે છે, "કેમ કે આખી પૃથ્વી મારા આવેશના અગ્નિથી ભસ્મ થશે," એવું યહોવા કહે છે (૩;૮).

૩. પુનઃસ્થાપના. ઈશ્વરે કરેલા ન્યાયશાસનનો આશય હમેશાં તારણસાધક હોય છે, એ આપણે અગાઉ શીખી ગયા છીએ. સર્વ પ્રજાઓ તેને ઓળખીને તારણ પામે, એવો ક્રોધનો અમલ કરવામાં ઈશ્વરનો ઈરાદો હોય છે. તેથી એવો આશામય સંદેશો જાહેર કર્યા બાદ સફાન્યા પ્રબોધ કરતો બંધ પડ્યો. (૧) ન્યાયશાસન થયા પછી યહોવા સર્વ લોકના હોઠોને શુદ્ધ કરશે, જેથી "તેઓ તેના નામની વિનંતી કરીને એકમતે તેની સેવા કરે" (૩; ૯,૧૦). (૨) ઇસ્રાએલ યહોવાના નામ પર સંપૂર્ણ શ્રદ્ધા રાખશે. માણસોના આચારવિચાર સર્વ

પ્રકારના પ્રપંચથી મુક્ત થશે, અને ડર રાખવાનું કંઈ પણ કારણ રહેશે નહિ (૧૧-૧૩). (૩) વિખરાએલા ઈસ્ત્રાએલીઓને પાછા લાવવામાં આવશે, તેઓની મધ્યે યહોવા રાજ કરશે. શાંતિ સહિતનો આનંદ બધે ફેલાઈ જશે. ઈસ્ત્રાએલને પ્રસંશનીય તથા નામીયા બનાવીને યહોવા ઈસ્ત્રાએલ સંબંધીની પોતાની પૂર્વધારણા પૂર્ણ કરાવશે (૧૪-૨૦).

કેટલીએક વિગતવાર નોંધ.

૧;૪. "કમારીમ" =કનાની ઉચ્ચસ્થાનોના પૂજારીઓ. ૨ રા.૨૩;૫ પ્રમાણે તેનો અર્થ "મૂર્તિપૂજક યાજકો" છે. હો.૧૦;૫માં તેનો અર્થ "યાજકો" કરેલો છે.

૧;૫. "માલ્કામ" ="તેઓનો રાજા," એટલે તેઓનો દેવ મોલેખ (૧ રા.૧૧;૭).

૧;૯. "ઉંબરાઓ કૂદી જઈને." વહેમને લીધે દાગોન દેવતાના મંદિરમાં જનારા તેના ઉંબરા પર પગ મૂકતા નહિ (૧ શમૂ.૫;૫). પરંતુ અહીંના કૂદી જનારા તો ઘરો લૂંટનારા છે.

૨;૫. "કરેથીઓની પ્રજા" =પલિસ્તિઓ કે જેઓ ક્રીત ટાપુથી આવેલા હતા તેઓ. કરેથીઓ તથા પલેથીઓ (=પલિસ્તિઓ) પગારદાર સિપાઇઓ હતા, તેઓ પરદેશી હોવાને લીધે રાજાના અંગરક્ષકો હતા (૨ શમૂ.૮;૧૮ : ૧ રા.૧;૩૮).

૨;૧૫. "હું જ છું, ને મારા સિવાય બીજું કોઇ નથી." મગરૂર બાબેલોન પણ એમ જ બોલ્યો (યશ.૪૭;૧૦). ખ્રિસ્તવિરોધી હોવાનું ખરું લક્ષણ એજ છે. "હું છું," એવું કહેવાનો હક એકનો જ છે (નિ.૩;૧૪ : યો.૮;૫૮).

યર્મિયા
("યહોવા ઊંચો છે")

જે પ્રબોધક વિષે આપણને બીજા બધા પ્રબોધકો કરતાં વધારે માહિતી છે, તે યર્મિયા છે. તેનું પુસ્તક પ્રબોધનો સંગ્રહ છે, કેવળ એમ નહિ પણ તે આત્મકથા છે. વળી તે ઘણી આંતરિક કથા છે. ઘણાં વર્ષો સુધી યર્મિયા આત્મામાં બહુ કષ્ટાતો હતો, તે વખત દરમિયાન તેણે ઈશ્વર આગળ જે ઉદ્‌ગારો એકાંતમાં કાઢ્યા, તે સર્વ આ પુસ્તકમાં આપણી આગળ ખુલ્લા કરાએલા છે.

યશાયાના શિક્ષણ તરફ તેમ જ કટોકટીના પ્રસંગોમાં તેના બોધમાં અસર તરફ જોતાં તેને પ્રબોધકગણમાં પ્રાધાન્ય આપતાં બાધ નથી. યર્મિયા પણ મહાન પ્રબોધક કહેવાવા યોગ્ય છે. પરંતુ તેનું ખરું મહત્ત્વ તેના શિક્ષણમાં યા તેના પોતાના લોક પર થએલી તેના બોધની અસરમાં રહેલું નથી. ઈશ્વરે તેને સોંપેલું જીવનકાર્ય બીલકુલ પાર પડવા પામ્યું નહિ, એમ કદાપિ આપણને લાગે, પણ તેણે વેઠેલું દુઃખ તથા તેણે કરેલો શ્રમ નિષ્ફળ નીવડ્યાં છતાં તેને તેડનાર યહોવા પ્રત્યેની તેની સહૃદય આધીનતામાં તેની પ્રતિષ્ઠા રહેલી છે, અને જો ખ્રિસ્તસમાનતા ખરી મહત્તાનું ચિહ્ન છે, તો સર્વ પ્રબોધકોમાં યર્મિયા સૌથી મહાન ગણાવા યોગ્ય છે.

જિંદગી પર્યંત તે માણસોથી ધિક્કારાએલો તથા તજાએલો હતો. પણ અમારી મધ્યે એક મહાન પ્રબોધક તેમ જ ઈશ્વરભક્ત આવી ગયો છે, એવું જતે દહાડે યહૂદીઓ સમજવા લાગ્યા. તેના નામને માન આપવાની આ નવી લાગણીનું એક એવું પરિણામ આવ્યું, કે શાસ્ત્રના સંપાદકો તેનાં બોલેલાં તેમ જ લેખિત સર્વ વચન સંઘરી રાખવા ઘણા આતુર થયા. હઝકીએલનું પુસ્તક એક જ જણે રચેલું પુસ્તક છે, તેથી તેના બધા અધ્યાયો એક પછી એક કાળાનુક્રમે ગોઠવેલા જણાય છે. પણ યર્મિયાનું પુસ્તક એવું નથી. તેના જુદા જુદા અધ્યાયો જુદા જુદા સંપાદકોના હાથથી ગોઠવાએલા હોવાથી તેમનો ચોક્કસ કાળાનુક્રમ જાળવી રાખી શકાયો નથી. પરંતુ પાછલા જમાનાની પ્રબોધક સંબંધી વધારે જાણવાની જિજ્ઞાસાના આપણે આભારી છીએ, કેમ કે તે કારણને લીધે યર્મિયાના જીવનચરિત્રની વધારે માહિતી આપણને જાણવા મળી

છે. તેનું બીજું પરિણામ એ આવ્યું, કે પ્રબોધક વિષે નાના પ્રકારની દંતકથાઓ ઉપસ્થિત થઈ. એવી બે વાર્તા મક્કાબીઓના બીજા પુસ્તકમાં મળી આવે છે. એકનું કહેવું એવું છે, કે ૫૮૬ની સાલમાં યરુશાલેમનું પતન થયું, ત્યારે મંડપ, કોશ, તથા ધૂપવેદી લઈને યર્મિયા શહેરમાંથી નાસી ગયો, અને નબો પહાડ પર ચઢીને તેણે તે વસ્તુઓ ત્યાં સંતાડી મૂકી. "જ્યાં સુધી ઈશ્વર પોતાના લોકને ન સમેટે અને કૃપાની પ્રભાત ન થાય, ત્યાં સુધી ત્યાં ને ત્યાં તેઓને રાખી મૂકવામાં આવશે." બીજી વાર્તા પ્રમાણે યર્મિયાને "ક્લેશબંધુ" અને "પોતાના લોક તથા તેઓના પવિત્ર નગરને સારુ મધ્યસ્થી કરનાર," એવી એવી સંજ્ઞાઓ આપવામાં આવેલી છે. વળી તેમાં કહેલું છે, કે યર્મિયા અદૃશ્ય લોકમાંથી આવીને યહુદા મક્કાબીના હાથમાં એક સુવર્ણ તરવાર મૂકતાં કહ્યું, કે "આ પવિત્ર તરવાર તું સ્વીકાર, તે ઈશ્વરદત્ત છે. તે વડે તું તારા શત્રુઓને જમીનદોસ્ત કરશે." આ વાર્તાઓ ખાલી દંતકથાઓ છે. વળી તેઓ યર્મિયાના શિક્ષણ તેમ જ તેના જીવનચરિત્રને બંધબેસતી નથી. તોપણ તેઓ દૃષ્ટાંતરૂપ તો છે. યહૂદીઓની દૃષ્ટિએ મંડપ, કોશ તથા ધૂપવેદી પોતાના ધર્મની સહુથી મૂલ્યવાન તથા પવિત્ર વસ્તુઓ હતી. તે જડ વસ્તુઓનો યર્મિયાથી બચાવ થયો, એમ તો નહિ, પણ તેના બોધથી તથા તેના ઈશ્વરપરાયણ જીવનથી યહૂદી ધર્મમાં રહેલા સત્યનો બચાવ થયો. વળી આત્માની તરવાર, એટલે તેના મુખમાં ઈશ્વરે મૂકેલાં વચન સિવાય (૧;૯) તેણે પોતાના જીવનભરના યુદ્ધમાં બીજા કોઈ શસ્ત્રનો ઉપયોગ કર્યો નથી.

I. તેનો સમય. યર્મિયાના પ્રબોધને યહુદાહ રાજ્યની સાથે નિકટનો સંબંધ છે, માટે એ પુસ્તકનો અભ્યાસ શરૂ કરતાં પહેલાં તે સમયની સાલવાર હકીકત ધ્યાન પર લેવામાં આવે, તો સારું. તેની નોંધ પ્રમાણે છે :--

(૧) યોશીયા રાજાની કારકિર્દી (૬૩૯-૬૦૮).

૬૨૭. સ્કૂથીઓએ કરેલો હુમલો.

૬૨૬. યર્મિયાનું તેડું (અધ્ય.૧લો).

૬૨૧. મંદિરમાંથી મળી આવેલું ઓળિયું; તેને પરિણામે થએલી ધર્મજાગૃતિ.

૬૦૮. મગિદ્દોના રણક્ષેત્રમાં યોશીયા રાજાનું માર્યા જવું.

(૨) યહોઆહાઝ રાજાની કારકિર્દી (૬૦૮-૩માસ). તે યોશીયાનો ત્રીજો દીકરો હતો (૨ રા.૨-૩; ૩૧-૩૪ : ૪૨.૨૨;૧૧).

(૩) યહોયાકીમ રાજાની કારકિર્દી (૬૦૮-૫૯૭). તે યોશીયાનો બીજો દીકરો હતો.

૬૦૭. મંદિર આગળ યર્મિયાએ કરેલું ભાષણ. તેની થએલી ધરપકડ. અમીરો તથા લોકોના સમજાવ્યાથી તે બચાવ પામ્યો (અધ્ય.૨૬).

૬૦૬. નિનવેહ નગરનું પતન. આશ્શૂર રાજયનો નાશ ને બાબેલનો ઉદય.

૬૦૫. કાર્કમીશના રણક્ષેત્રમાં ફારૂન-નકોહનો નબૂખાદનેસ્સારના હાથથી થએલો પરાજય. ત્યારથી માંડીને ખાલદી રાજય પશ્ચિમ આસિયાનું સર્વોપરી રાજય થવાનું છે, એવી યર્મિયાને ખાતરી થઇ (અધ્ય.૨૫). મંદિરના મુખ્ય અધિકારી પાશહૂરે યર્મિયાના પગ હેડમાં ઠોકીને તેને શહેરના એક દરવાજા પાસે બેસાડી મૂક્યો. (૨૦;૨).

૬૦૦. યહોયાકીમ બાબેલનો ખંડિયો રાજા થયો.

૫૯૮. મિસર સાથે સામેલ થઇને યહોયાકીમે બળવો ઉઠાવ્યો. જુદા જુદા શત્રુઓની ટોળીઓએ યહુદાહ દેશ પર હુમલા કર્યા. રેખાબીઓએ યરુશાલેમમાં આશ્રય લીધો (અધ્ય.૩૫). યહોયાકીમનું મરણ.

(૪). યહોયાકી રાજાની કારકિર્દી (૫૯૭-૩ માસ). તે યહોયાકીમનો દીકરો હતો.

૫૯૭. નબૂઆખદનેસારે યરુશાલેમને ઘેરો ઘાલ્યો. યહોયાકીન તેને તાબે થયો. રાજા તથા રાજમાતા અને વસ્તીમાંના સર્વ ખાનદાન માણસોને તેમ જ કારીગરોને બંદીવાસમાં લઇ જવામાં આવ્યા. તે વખતે હઝકીએલ પણ કેદ કરાયો હતો. (૧૩;૧૮ : ૨૨; ૨૪-૩૦).

(૫). સિદકીયા રાજાની કારકિર્દી (૫૯૭-૫૮૬). તે યોશીયાનો વડો દીકરો હતો.

૫૯૩. યર્મિયાની સલાહથી રાજાએ બાબેલની વિરુદ્ધ બંડ ઊઠાવવાનું માંડી વાળ્યું. હનાન્યા પ્રબોધક તેની સામો થયો. યર્મિયા બંદીવાસમાં ગએલા યહૂદીઓ પર એક મહત્ત્વનો પત્ર લખ્યો (અધ્ય.૨૭-૨૯).

૫૮૮. સિદકીયાએ બાબેલ સાથે કરેલો કરાર તોડીને મિસરના રાજા ફારૂન-હોફ્રાહની સાથે કરાર કર્યો. યરુશાલેમને ફરીવાર ઘેરો નાખવામાં આવ્યો. અનાથોથ જવા નીકળતી વખતે યર્મિયાની થએલી ધરપકડ : તેને મારી નંખાવવા સારુ સરદારોએ કરેલી સંતલસ : હબસી ખોજાથી કરાએલો યર્મિયાનો બચાવ (અધ્ય.૩૭,૩૮). ત્યાર પછીથી તે શહેરનું પતન થતાં સુધી યર્મિયા કાચી કેદમાં રહ્યો.

૫૮૭. ગામમાં યર્મિયાના કુટુંબનું એક ખેતર વેચવાનું હતું, તે તેણે ખંડી લીધું (અધ્ય.૩૨). તે કેદમાં પડેલો હતો, એટલામાં તેણે "દિલાસાનું પુસ્તક" રચ્યું (અધ્ય.૩૦-૩૩).

૫૮૬. યરુશાલેમનું પતન. શહેર સમૂળગું બાળી મૂકવામાં આવ્યું. ગદાલ્યાહ સૂબો નિમાયો. તેનું ખૂન. મિસર દેશમાં નાસી જનાર યહૂદીઓ યર્મિયા તથા બારૂખને જબરદસ્તીથી સાથે લઈ ગયા (અધ્ય.૩૯-૪૪).

ઉપરોક્ત ખરડા પરથી બે વાત પૂરવાર થાય છે, એટલે (૧) અધ્યાયોની અનિયમિત ગોઠવણ, (૨) પ્રબોધકે ઉઠાવેલા પરિશ્રમની નિષ્ફળતા.

II. યર્મિયાનું જીવનચરિત્ર

૧. તેના તેડાથી યોશીયા રાજાના મરણ સુધી (૬૨૬-૬૦૮).

(૧) તેનું તેડું (૬૨૬). યર્મિયાનો જન્મ અનાથોથ નામના એક ગામમાં થયો હતો. તે નાનકડું ગામ છે, તે યરુશાલેમથી ઈશાન ખૂણે દોઢ ગાઉ દૂર આવેલું છે. પ્રબોધકનું કુટુંબ યાજકવર્ગનું હતું (૧;૧). અબ્યાથાર યાજકને પદભ્રષ્ટ કરીને સુલેમાન રાજાએ તેને અનાથોથ ગામમાં રહેવા ફરમાવ્યું હતું (૧ ૨ા.૨;૨૬), પણ યર્મિયા તેના કુટુંબનો હતો કે કેમ, તે ખાતરીથી કહેવાય નહિ.

ગામમાં જન્મેલો તથા ઉછરેલો હોવાને લીધે યર્મિયા ગામડાંની રીતભાતનો ભોમિયો હતો. તે વાતના ઘણા દાખલાઓ તેના બોધમાંથી મળી આવે છે (દા.ત.૨;૧૩ : ૧૮;૨ વગેરે). પક્ષીઓ પ્રત્યે તેનો મોહ ધ્યાન આપવા લાયક છે (૮;૭ : ૯;૧૦ : ૧૨;૪૯); ન્યાયકાળના દિવસે સર્વ આકાશોનાં પંખીઓ જતાં રહ્યા એવું દર્શન નિહાળીને તેની લાગણી દુખાઈ (૪;૨૫). જ્યારે તે હૈયા-શોકમાં ગરક

થઈ જતો, ત્યારે કોઈ દૂરની ધર્મશાળામાં એકાંતવાસ કરવાની તેને ઝંખના થતી (૯;૨). જે દર્શનદ્વારા યશાયાને પ્રબોધક થવાનું તેડું કરવામાં આવ્યું, તે તો શહેરના મંદિરમાં તેને થયું. ક્યે સ્થળે યર્મિયાને તેડવામાં આવ્યો તેની આપણને ખબર નથી, પરંતુ તેનું તેડું થયા પછી ઈશ્વરે ગામની જ સીમમાં ઊગતા એક ઝાડની પ્રથમ ફૂટેલી કળીઓદ્વારા તેને ઉત્તેજિત કર્યો. અનાથોથમાં તેના કુટુંબની માલિકીની જમીન હતી. જ્યારે ઘેરો ચાલતી વખતે તેમાંનું એક ખેતર હરાજ થવાનું હતું ત્યારે નજીકના સગાનો જે હક હતો, તેની રૂએ યર્મિયા તે ખેતર વેચાતું રાખ્યું (૩૨; ૬-૧૫). તેના કુટુંબની જમીનની ઉપજમાંથી તેને અમુક ભાગ મળવાનો હક હતો (૩૭;૧૨). પોતાના કુટુંબની સાથે આવો ગાઢ સંબંધ હોવા છતાં પણ ઈસુના સંબંધમાં જેમ બન્યું (માર્ક ૩;૨૧ : ૬;૩), તેમ તેના સૌથી કટ્ટા દુશ્મનો તે તેનાં પોતાનાં જ સગાંવહાલાં હતાં. એક વખતે તેઓએ તેનો જાન લેવાનો પ્રપંચ રચ્યો (૧૧;૨૧). (તેઓ ગામના પૂજારીઓ હતા, તેથી યોશીયા રાજાએ કરેલા ધર્મસુધારાથી તેઓ નાખુશ થયા હોય એવું સંભવિત છે).

પ્રબોધક થવાનું તેનું તેડું ૬૨૬ની સાલમાં થયું (૧;૨). પરંતુ તે અગાઉ તેનાં હૃદયચક્ષુ ઉઘાડવામાં આવ્યાં હતાં. મનાશ્શેહ તથા આમોન રાજાઓની કારકિર્દીમાં જે દુષ્ટતા સર્વત્ર ફેલાઈ ગઈ હતી, તે યહોવા કેમ કરીને સહન કરે? બધે ચાલતી મૂર્તિપૂજા તથા અનીતિ ઈશ્વરની આંખો કેમ કરીને નિહાળી શકે?--એવા એવા વિચારો તેને આવ્યા હશે. પણ જ્યારે સ્કૂથીઓએ દેશ પર હુમલો કર્યો, ત્યારે યર્મિયા સમજી ગયો કે યહોવા તો બેફિકર નથી. સો વર્ષ ઉપર જેમ યરુશાલેમવાસીઓને શિક્ષા કરવા સારુ સાન્હેરીબ યહોવાના હાથમાં રોષના દંડરૂપ બન્યો હતો (યશા.૧૦;૫), તેમ હાલની દુષ્ટતાનું શાસન કરવા સારુ સ્કૂથીઓ યહોવાએ નિર્માણ કરેલા સાધનરૂપ છે, એવું યર્મિયા સમજી ગયો (૪;૬ વગેરે). યર્મિયાનું તેડું થયું, તે પહેલાં એવા એવા બનાવો દ્વારા યહોવાએ પોતાના સેવકની સાથે વાત કરી હતી. જેમ પાઉલનું પરિવર્તન થયું તે પહેલાં તેને આર ઘોંચવામાં આવી હતી, તેમ તેના તેડા અગાઉ યર્મિયાનું મન પણ શંકા તથા ચિંતાની લાગણીથી જાગૃત થયું હશે.

એવા સંજોગોમાં યહોવાએ યર્મિયાનું તેડું કર્યું. યશાયાને તેડું મળતાં જ "હું આ રહ્યો. મને મોકલ," એવો તેણે પ્રત્યુત્તર આપ્યો. પણ જ્યારે યર્મિયાએ દેવવાણી સાંભળી, ત્યારે તેણે આંચકો ખાધો. તે બીનઅનુભવી અને વ્યાવહારિક જ્ઞાનમાં બાળક જેવો હતો. વળી તે બીકણ સ્વભાવનો હતો, અને જે સાંભળીને ભલભલા સાહસિકો બી જાય, એવું ભગીરથ કાર્ય ઈશ્વરે તેને સોંપવાનું કહ્યું. ઉખેડવા તથા પાડી નાખવા, વિનાશ તથા ખંડન કરવા સારુ ઈશ્વરે પ્રજાઓ તથા રાજ્યો પર તેને નીમવાનું નિર્માણ કર્યું હતું. પરંતુ "તેઓથી બીતો મા, કેમ કે હું તારી સાથે છું," એવું ઈશ્વરે તેને વચન આપ્યું, અને જેમ યશાયાને જણાવેલો સંદેશો પ્રગટ કરવા સારુ તેના હોઠ શુદ્ધ કરવામાં આવ્યા હતા, તેમ યહોવાએ પોતાનો હાથ યર્મિયાના મુખને અડકાડીને પોતાનાં વચન તેના મુખમાં મૂક્યાં (૧; ૪-૯).

તે ઉપરાંત બે દર્શનદ્વારા યહોવાએ તેને નવું બળ આપ્યું. (અ) એક દહાડો ગામની સીમમાં એક બદામડી યર્મિયાને દૃષ્ટિગોચર થઈ. તે પહેલાં તે ઝાડ ઘણી વાર તેના જોવામાં આવ્યું હશે. પરંતુ આ પ્રસંગે ઈશ્વરે તે દ્વારા તેને બોધ કર્યો. હેબ્રી ભાષામાં તે ઝાડનું નામ "શાકેદ," એટલે "જાગી ઊઠનાર" છે, કેમ કે વસંતઋતુ બેસતાં પ્રથમ જે ઝાડ ફૂટી નીકળે છે, તે તો શાકેદ-બદામડી છે. (બદામડીને પાંદડાંની કુંપળો ફૂટે તે પહેલાં તેના ફૂલની કળીઓ ખીલે છે). તે જીવનનું દૃષ્ટાંત છે, એમ યર્મિયા સમજી ગયો. શિયાળાનું હિમ પણ તેની સૂકવી શક્યું નહિ. વળી તે આશાનું દૃષ્ટાંત પણ હતું. વસંતઋતુ આવનાર તો છે, અને અખિલ સૃષ્ટિ ફરી લીલીછમ બની જશે જ. મારું વચન સંપૂર્ણ કરવા સંબંધી હું "જાગૃત" (હેબ્રીમાં : શોકેદ) છું, એવી દેવવાણી તેજ વખતે યર્મિયાના સાંભળવામાં આવી. મારા મુખમાં મૂકેલાં વચન યહોવાનાં જ છે, અને યહોવા પોતે તે સંપૂર્ણ કરાવ્યા વગર રહેશે નહિ, એવી ખાતરી યર્મિયાને આ દર્શનદ્વારા કરી આપવામાં આવી.

(આ) તેને બીજું દર્શન પણ થયું, એટલે ઉત્તર તરફથી વળેલું એક ઉકળતું હાંલ્લું (૧; ૧૩,૧૪). ઈસ્ત્રાએલ પર જેટલી જેટલી આપત્તિઓ આવી પડી હતી, તે સર્વ ઉત્તર દિશાથી આવી હતી. તે સમયે પાલેસ્ટાઈન દેશ પર આક્રમણ કરનાર નિર્દય સ્કૂથીઓ ઉત્તર તરફથી આવેલા હતા (૬૨૬), પણ ઈશ્વરકૃપાએ યહુદાહ પર હુમલો

કર્યા વગર તેઓ પાછા જતા રહ્યા. ૬૦૪ની સાલમાં યર્મિયાએ બારૂખની પાસે પોતાનાં પાછળથી બોલેલાં વચન લખાવ્યાં (અધ્ય.૩૬), ત્યારે ૬૨૬ની સાલમાં ઉચ્ચારેલાં શબ્દો તેણે એમ ને એમ જ રહેવા દીધા, કેમકે સ્કૂથીઓ જતા રહ્યા હતા ખરા, પણ ૬૦૪ની સાલમાં ઉત્તર તરફથી ખાલદી રાજયના ભયનો પડછાયો યહુદાહ દેશ પર લંબાએલો હતો, તે કારણને લીધે "ઉત્તર તરફથી" એવા શબ્દો પ્રથમ કેટલાક અધ્યાયોમાં વારંવાર આપણને મળી આવે છે (૧;૧૪ : ૪;૬ : ૬;૧,૨૨ : ૧૦;૨૨).

(૨) ધર્મજાગૃતિ (૬૨૧) તથા તેની પાછળની નિષ્ફળતા. પુસ્તકના પ્રથમ છ અધ્યાય આ સમયના છે. તેઓનો અભ્યાસ જેમ આપણે કરતા જઈએ, તેમ હોશીઆના શિક્ષણે યર્મિયા પર કરેલી અસરનાં ઘણાં ચિહ્ન મળી આવે છે. હોશીઆ જેવો યર્મિયા પણ દુઃખિત પુરુષ તથા દરદનો અનુભવી હતો. બંનેનો બોધ માયાળુપણાથી ભરપૂર છે. યહોવાની કન્યારૂપ છે. (૨;૨: હો.૨;૧૯) અને ઈશ્વરના પ્રેમને બંનેએ એની એજ ઉપમા આપેલી છે. ઈસ્ત્રાએલ યહોવા તેનો ધણી છે (૩;૧૪ : હો.૨;૧૬). બંનેના શિખવ્યા પ્રમાણે ઈશ્વરનો પ્રેમ વાત્સલ્યરૂપ છે (અધ્ય.૨ : હો.અધ્ય.૧૧), અને પાપ તથા દુઃખ જ્ઞાનના અભાવથી ઉત્પન્ન થાય છે (૩; ૧૫ : ૪;૨૨ : હો.૪;૬). હોશીઆનાં બોલેલાં કેટલાંક વચન યર્મિયાએ અક્ષરશ ઉતારી લીધાં છે--"હે મારો ત્યાગ કરનાર પુત્રો, તમે પાછા ફરો, તમારી ઈશ્વરવિમુખતા હું સુધારી લઈશ" (૩;૨૨ : હો.૧૪;૪).

ઈસ્ત્રાએલ તથા યહૂદાહ ફરીથી એક રાજ્ય થઈ જશે, એવી આશા યર્મિયા શરૂઆતમાં રાખતો હતો (૨;૪ : ૩;૧૨). ઈસ્ત્રાએલી રાજ્ય ૧૦૦ વર્ષ ઉપર (૭૨૨) આશ્શૂર રાજ્યને તાબે થયું હતું. પણ હાલ આશ્શૂરની પડતી થવા લાગી હતી, જેથી જ્યારે યોશીયા રાજા યહુદાહ તથા યરુશાલેમમાં ધર્મસુધારો કરવા લાગ્યો (૬૨૧), ત્યારે ઉત્તર ઈસ્ત્રાએલનાં બેથેલ તથા સમરૂન જેવાં નગરમાં તે વગર અટકાવે યહુદાહના જેવો સુધારો કરવા પામ્યો (૨ રા.૨૩;૧૯). તે કારણને લઈને ઈસ્ત્રાએલની પુનઃસ્થાપના થશે, એવી આશા યર્મિયા કેટલાક વખત સુધી રાખતો હતો, અને તે વ્યાજબી પણ હતું, કેમ કે વિશ્વાસઘાતી યહુદા ઈશ્વરનો ત્યાગ કરનાર પોતાની બહેન ઈસ્ત્રાએલ કરતાં વધારે દોષપાત્ર છે, એવું યહોવાનું વચન હતું (૩;૧૧).

શાસ્ત્રમાંના જે સૌથી મનોહર લેખો છે, તેમાંના આ પુસ્તકના પહેલા બેચાર અધ્યાયો પણ છે. તેમાં સમાએલો બોધ ચેતવણીરૂપ તેમ જ આગ્રહપૂર્વક વિનંતીરૂપ છે. પરંતુ જ્યારે સ્કૂથીઓના હુમલાથી ઉદ્‌ભવેલો ભય જતો રહ્યો, ત્યારે લોક પહેલાં કરતાં વધારે બેદરકાર તથા હઠીલા બની ગયા. તેઓ મનસ્વીપણે બઆલ્‌નું પૂજન ફરીથી કરવા લાગ્યા. રોજ સ્ત્રીપુરુષો તથા છોકરાં આકાશની રાણીનો પૂજાપાઠ કરતાં દરેક મહોલ્લામાં નજરે પડે (૭;૧૭;૧૮.જુઓ ૪૪; ૧૫-૧૯). ગેરઇન્સાફ (૫;૨૮), અનીતિ (૫;૭), દ્રવ્યલોભ (૬;૧૩), અને ખાલી આડંબરવાળી આરાધના (૬;૨૦) બધે જોવામાં આવતાં હતાં. વળી શાંતિનું નામનિશાન ન હોવા છતાં "શાંતિ! શાંતિ!" એવું પોકારીને દંભ પ્રબોધકો લોકને ફોસલાવતા (૬;૧૪). એવા હડહડતા યુગમાં ૬૨૧ની સાલે જે ધર્મજાગૃતિ થઇ (૨ ૨૩.અધ્ય.૨૩), તેનો યર્મિયા તથા તેના સમકાલિન સફાન્યાનો બોધ વેગ આપનાર તથા તેનો માર્ગ તૈયાર કરનાર જેવો નીવડ્યો હશે.

ધર્મજાગૃતિ થઇ ત્યારે યર્મિયાને ઘણો હર્ષાનંદ થયો હશે, તોપણ અજાયબ જેવું છે, કે તે માત્ર એક જ વાર ભલા રાજા યોશીયા વિષે પોતાના વિચાર વ્યક્ત કરે છે (૨૨;૧૫). વળી મંદિરમાંથી જ્યારે ઓળિયું મળી આવ્યું, ત્યારે તે સંબંધી રાજાએ જેઓની સલાહ પૂછી તેઓમાં યર્મિયા નહોતો (૨ ૨૩.૨૨;૧૪). એમ છતાં રાજાની જે દોરવણીથી ધર્મસુધારો થયો, તે જોઈને યર્મિયા જરૂર આનંદ પામ્યો, અને ઓળિયામાં સમાએલા બોધનો આખા પ્રાંતમાં પ્રચાર કરવામાં તેણે કિંમતી મદદ પણ કરી (૧૧; ૧-૮).

પરંતુ થએલા સુધારામાં છૂપાઇ રહેલું જોખમ તેની આંખોથી ઝાઝો વખત ઢાંક્યું રહ્યું નહિ. ઓળિયાના શિક્ષણ અનુસાર આખા યહુદા દેશને સારુ યરુશાલેમનું મંદિર રીતસરની ભક્તિસેવા કરવાનું એકલું એક જ સ્થળ ઠરાવવામાં આવ્યું. હિઝકીયાહે પણ તે મંદિરને એવું જ સ્થાન આપ્યું હતું, (૨ ૨૩.૧૮;૪), પરંતુ યરુશાલેમમાં ભેગા થએલા પુષ્કળ પ્રબોધકો તથા યાજકોમાં પ્રવર્તેલા બગાડ સિવાય તેમ કરવાનું બીજું કંઇ સારુ પરિણામ આવ્યું નહિ (જુઓ મી.૩;૧૧). યોશીયા રાજાએ કરાવેલા સુધારાનું એજ પરિણામ આવ્યા વિના રહેશે નહિ, એવું યર્મિયાને સ્પષ્ટ દેખાયું. લોક તો સુનતી હતા ખરા, પણ

તેઓના હૃદયની સુનત થઈ નહોતી (૪;૪). ગામોમાં છૂટાછવાયાં ઉચ્ચસ્થાનોને પાડી નાખવામાં આવ્યાં હતાં ખરાં, પણ તેમના પરની લોકની શ્રદ્ધા તેઓનાં હૃદયમાંથી ઉખેડી નાખવામાં આવી નહોતી. આખરે તે હિલચાલ શોષાઈ ગઈ, એમ ૧૧; ૯-૧૪ પરથી માલૂમ પડે છે. ("કાવતરૂં" =વિશ્વાસઘાત, ધર્મત્યાગ). પછીથી "કરારના પુસ્તક" તથા તેના પર રાખેલા વ્યર્થ આધાર સંબંધી યર્મિયા કેટલાંએક કડવાં વચન ઉચ્ચાર્યાં. "અમે જ્ઞાની છીએ ને યહોવાનું નિયમશાસ્ત્ર અમારી પાસે છે, એમ તમે કેમ કહો છો? પણ જુઓ, શાસ્ત્રીઓની જૂઠી કલમે તેને જૂઠું કરી નાખ્યું છે" (૮;૮). સુધારો થવાની બધી આશા છોડી દઈને યર્મિયા તે પ્રવૃત્તિમાં ભાગ લેતો બંધ પડ્યો, ત્યારથી તે યોશીયા રાજાનું મરણ થતાં સુધી (૬૦૮) તેણે મૌન ધારણ કર્યું.

૨. તેના પર ફરી વળેલાં પરીક્ષણરૂપ મોજાં તથા છોળો (૬૦૮-૬૦૪). ૬૦૮ની સાલમાં મગિદ્દો નામના રણક્ષેત્રમાં યોશીયા રાજા માર્યો ગયો (૨ ૨ા.૨૩;૨૯). યરુશાલેમમાં તેની પોતાની કબર હતી, તેમાં તે દફનાયો, અને તેની સંઘાતે ધર્મસુધારો થવાની રહી સહી જે જૂજ આશા હતી તે પણ ઊડી ગઈ. યહોઆહાઝ નામનો યોશીયાનો ત્રીજો દીકરો હતો. તે લોકના કહેવાથી ગાદીપતિ થયો, પરંતુ ત્રણ માસ પછી ફારૂન-નકોહે તેને કેદ કરીને મિસરમાં લઈ જઈને તેને બદલે તેના ભાઈ યહોયાકીમને ખંડિયા રાજા તરીકે યહુદાહની ગાદીએ બેસાડ્યો.

આ પ્રસંગે એક મેળા વખતે યર્મિયાએ મંદિરના એક દરવાજા પાસે ઊભા રહીને સર્વ લોકોના સાંભળતાં ભાષણ કર્યું (અધ્ય.૭ ને ૨૬). મીખાહ પ્રબોધકના સમયમાં "શું યહોવા આપણી સાથે નથી? આપણા પર કોઈ પણ આપત્તિ આવશે નહિ," એમ કહેતાં રાજા તથા રૈયત પોતાની બેદરકારી વ્યક્ત કરતા હતા (મી.૩;૧૧). તેજ રીતે યર્મિયાના વખતમાં, "યહોવાનું મંદિર! યહોવાનું મંદિર! યહોવાનું મંદિર આ છે!" એવો પોકાર કરતાં યરુશાલેમવાસીઓ પોતાનું વ્યર્થાભિમાન જાહેર કરતા હતા (૭;૪).

પણ જ્યાં સુધી તમે તમારી રહેણીકરણીઓમાં સુધારો ન કરો, ત્યાંસુધી એવો વિશ્વાસ રાખવો વ્યર્થ છે, એવા આ પ્રસંગે યિર્મેયાએ

તેઓની આગળ બોધ કર્યો. મંદિર યહોવાનું ઘર છે ખરું, પણ તમે તેને લૂંટારાની ગુફા બનાવી દીધી છે (મા.૨૧;૧૩). પુરાતન સમયમાં મુલાકાતમંડપ શિલોહમાં ઊભો કરેલો હતો (૧ શમ.૧;૩), પણ યાજકો તથા લોકોના ભ્રષ્ટાચારને લીધે ઈશ્વરે તેનો નાશ કર્યો, અને હવે તે હતો ન હતો થઈ ગયો છે. યરુશાલેમના મંદિરનું પણ એમ જ થશે. નગર તથા મંદિર બંને સદા રહેશે, એવી આગાહી યશાયા પ્રબોધકે કરી હતી ખરી (૩૩;૨૦), પણ સદા ટકી રહે એવું જીવતા પથ્થરનું બંધાએલું મંદિર ઊભું કરવામાં આવે, તે માટે નાશવંત પથ્થરના બાંધેલા મંદિરનો વિનાશ થાય એ આવશ્યક છે, એવું તે દિવસે યર્મિયાએ કરેલા બોધનું રહસ્ય છે. "એવી વેળા આવે છે, અને હાલ આવી છે, કે જ્યારે ખરા ભજનારા આત્માથી તથા સત્યતાથી ઈશ્વરપિતાનું ભજન કરશે." (યો.૪;૨૩). તે દિવસનું યર્મિયાને છેટેથી દર્શન થએલું હોય, એવો ઊંડો અર્થ તેનાં વચનમાં રહેલો છે.

તે બોલી રહ્યો, ત્યારે યાજકો તથા પ્રબોધકોની ઉશ્કેરણીથી લોક તેને પકડીને લઈ ગયા, અને સરદારોની આગળ તેને હાજર કરીને તેના પર આરોપ નાખીને કહ્યું, કે "આ માણસ મરણદંડને યોગ્ય છે" (અધ્ય.૨૬ : મા.૨૬;૧૬). પરંતુ યર્મિયા પોતાના બચાવમાં જે કહ્યું, તે ઈશ્વરનું બોલેલું વચન માનીને લોકોએ તેનો પક્ષ લીધો, અને જ્યારે કેટલાએક વડીલોએ મીખાહ પ્રબોધકનો દાખલો રજૂ કર્યો, ત્યારે તે પણ ધ્યાનમાં લઈને લોકે તથા સરદારોએ યર્મિયાની તરફેણમાં ઊતરીને તેને છોડાવ્યો.

૬૦૬ની સાલમાં નિનવેહનું પતન થયું. ત્યાર પછીની સાલે કાર્કમીશની રણભૂમિમાં નબૂખાદનેસ્સારના હાથથી ફારૂન-નકોહનો પરાજય થયો, તેને પરિણામે બાબેલનું રાજ્ય પશ્ચિમ આસિયામાં સર્વોપરી રાજ્ય બની ગયું (અધ્ય.૨૫). કાર્કમીશનું યુદ્ધ તો ઇતિહાસનો એક માર્ગસ્તંભ છે. તે વિજયને પરિણામે અરામ તથા પાલેસ્ટાઈન દેશ તરત બાબેલને તાબે થઈ ગયા, અને બાબેલના રાજયને પૂર્ણ વફાદારીથી આધીન રહેવા સિવાય યહુદાહની સહીસલામતીનો બીજો એકે ઉપાય નથી, એવું યર્મિયાને સ્પષ્ટ દેખાયું. મિસર પર આધાર રાખવો વ્યર્થ છે. યહુદા બળવિહોણો નાનો દેશ છે, અને યહોવા પર ભરોસો રાખીને બાબેલની સાથે જે કરાર કરવામાં આવ્યો હતો, તે તે

વિશ્વાસુપણાથી પાળે, એવું યહોવાએ તેને સારુ નિર્માણ કરેલું છે, એમ કહીને યર્મિયા કાળે અકાળે રાજા તથા રૈયતને સમજાવવા માગતો હતો. પણ તેનો સંદેશો નિર્જન અરણ્યમાં થતા અવાજ જેવો હતો. કોઈએ તેના કહેવા પર લેશમાત્ર ધ્યાન દીધું નહિ. તેના પોતાનાં સગાંવહાલાં પણ તેનાં વિરોધી થઈ પડ્યાં. એવે સમયે તે બોલી ઊઠ્યો, કે "સાલસ હલવાન કપાવા સારુ લઈ જવામાં આવે છે, તેના જેવો હું છું" (૧૧; ૧૮-૨૩).

આ સમય દરમિયાન તેની ભારે કસોટી કરવામાં આવી. બહારથી જે જુદી જુદી આપત્તિઓ તેના પર આવી પડતી હતી, તે કરતાં તેના હૃદયમાં જે આંતરિક યુદ્ધ ચાલ્યા કરતું હતું, તે વધુ દારુણ હતું. ઈશ્વરનો દૂત હોવાને લીધે તે પોતાને સોંપેલો સંદેશો ન છૂટકે પ્રગટ કરવા બંધાએલો હતો. તોપણ પોતાના લોકની સાથે એકસંપ હોવાને લીધે તેઓના દુઃખમાં દુઃખિત થયા વિના તેનાથી રહેવાય નહિ (૧૪; ૧૯-૨૨). એમ છતાં તેઓને સારુ પ્રાર્થના કરવાની ઈશ્વરે તેને મના કરી (૭;૧૬ : ૧૧;૧૪ : ૧૪;૧૧). શોક કરનારના ઘરમાં તેમ જમણવારના ઘરમાં પેસવાની તેને સખત મના હતી (૧૬; ૫-૮). કૌટુંબિક જીવનથી પ્રાપ્ત થતી સુખશાંતિના અનુભવનો ખ્યાલ તેને કદી થઈ શકે જ નહિ, કેમ કે ઈશ્વરે તેને પરણવાની ના પાડી હતી (૧૬;૨). બંદીવાસીઓ જ્યાં બેઠા હોય, ત્યાં હઝકીએલ પ્રબોધક તેઓની સાથે બેસતો હતો (૩;૧૫), પણ ઈશ્વરનો હાથ યર્મિયા પર હોવાને લીધે તેને એકાંતિક જીવન કાઢવું પડ્યું (૧૫;૧૭). તેનું કોમળ હૃદય અશ્રુઓના ઝરારૂપ હતું, તોપણ ગુપ્તમાં તેણે પાડેલાં આંસુ કોઈ જોવા ન પાસે (૧૩;૧૭) પરીક્ષારૂપે અરણ્યમાં તે ઈસુના જેવો એકલો પડેલો હતો, તોપણ જેવી રીતે દેવદૂતોએ આવીને ઈસુની સેવાચાકરી કરી (માર્ક ૧;૧૩), તેવી જ રીતે યર્મિયાના આત્માનું પાલણપોષણ પણ કરવામાં આવતું. તેને થતાં પરીક્ષણો કેવા પ્રકારનાં હતાં?

દુષ્ટોની આબાદી જોઈને, જેમ હબાકકૂકને (૧;૧૩), તેમ યર્મિયાને પણ ઈશ્વરના ન્યાયીપણા સંબંધી શંકા આવતી હતી (૧૨;૧). પણ યહોવા મને ઓળખે છે, મને જુએ છે, એવા તેના દૃઢ વિશ્વાસ આગળ તેની સર્વ શંકાઓ જતી રહી (ક.૩). પણ એ કરતાં સખ્ત પરીક્ષણો હજુ થવાનાં હતાં. "પાયદળોની સાથે જ્યારે તું દોડ્યો,

ત્યારે જો તેઓએ તને થકવ્યો, તો ઘોડાઓની બરાબરી તું કેમ કરીને કરશે?" (ક.૫). તેને સોંપેલો સંદેશો શાસનનો હતો, એટલે પ્રબોધકો, યાજકો, તથા લોકનો બધાનો એક સાથે સંહાર થશે, એવો તેનો સાર હતો (૧૪; ૧૪-૧૮). તેઓને સારુ યર્મિયા વિનંતી કરવા લાગ્યો (૧૪; ૧૯-૨૨). પણ યહોવા તેનું સાંભળે જ નહિ (૧૫;૧). "હું પશ્ચાત્તાપ કરતા થાકી ગયો છું," એમ પ્રભુનું કહેવું હતું (૧૫;૬). જ્યારે જ્યારે પ્રભુ ઈસુ વધસ્તંભની વાત પ્રગટ કરે, ત્યારે જેમ તેના શ્રોતાજનો ઠોકર ખાય, તેમ યર્મિયાનો બોધ પણ તેના સમયના લોકને ઠેસરૂપ લાગતો. તો તેવી ઘડીમાં તે કોને શરણ જાય? જેમ રૂપાંતરના પહાડ પર ઈસુએ પ્રાર્થનાદ્વારા પોતાના આકાશમાંના પિતાનો આશ્રય લીધો, તેમ યર્મિયા યહોવાની પાંખ તળે આશ્રય લેવા ગયો. માણસોના સહવાસથી તે અલગ રહ્યો હતો, તોપણ એમ કરવાથી તે પરીક્ષણોથી બચી ગયો નહોતો (૧૫; ૧૦,૧૧). તો ઈશ્વર તેની યાચના પર ધ્યાન દે શું? "હે યહોવા, તું મારું બધું જાણે છે, મને સંભાર, મને દર્શન દે" (ક.૧૫), આ તેના કાલાવાલા સાંભળીને યહોવાએ તેને પ્રત્યુત્તર આપ્યો. "જો તું પાછો ફરીશ (એવા શંકામય બધા વિચારો જો તું છોડી દે), તો હું તને આ લોકને સારુ પિત્તળની મજબૂત ભીંતરૂપ બનાવીશ ; કેમ કે તને બચાવવા હું તારી સાથે છું," એવું યહોવાએ તેને કહ્યું. આ વચન તથા તેના જેવાં બીજાં વચનથી યહોવાએ તેને તેની પ્રાર્થનાનો જવાબ આપ્યો, જેથી તેનું તેડું થતી વેળા તેનામાં જેવું બળ આવ્યું હતું (૧; ૧૮;૧૯), તેવા બળથી તે ફરીથી વેષ્ટિત થયો (ક.૧૯-૨૧).

પાયદળોની સાથે તે દોડવા શક્તિમાન થયો હતો ખરો, પણ હવે ઘોડાઓની બરાબરી કરવાનું બાકી રહ્યું. આ સમયે કુંભારવાડામાં તેને જે શિખવવામાં આવ્યું હતું, તે તેણે જાહેર કર્યું (અધ્ય.૧૮). જેમ કુંભાર ગારાના લોંદાનું સુંદર ઘાટનું વાસણ બનાવે છે, તેમ પોતાનાં પાપ મૂકી દઈને ઈશ્વરેચ્છાને જેટલા આધીન થાય, તેઓ સર્વેને ઈશ્વર સુંદર તથા પવિત્ર પાત્રરૂપ બનાવે છે. પણ આડેઅવળે ચાલનારા સર્વ સ્વચ્છંદીઓને તે ફેંકી દે છે. એમ કહીને આશાનો સંદેશો પ્રગટ કરવાની ઈચ્છા રાખતો હતો, પણ સાંભળનારાઓએ તેની અવગણના કરી. "હવે અમને કંઈ આશા રહી નથી; અમે અમારી પોતાની યોજના પ્રમાણે ચાલીશું," એવો તેને જવાબ આપીને તેઓ તેની વિરુદ્ધ

સંતલત કરવા લાગ્યા. તેમના કાવતરાની ખબર યર્મિયાને પડી, ત્યારે એકદમ અધીરો બની જઈને તેણે તેમના પર વેર વાળવાની યહોવાને વિનંતી કરી (ક.૧૨-૨૩).

ત્યારપછી તે હિન્નોમના પુત્રના નામની ખીણમાં ગયો, ને ત્યાં ભેગા થયેલા લોક તથા યાજકોમાંના વડીલોના દેખતાં તેણે એક માટલું ફોડી નાખીને યરુશાલેમના થનાર નાશની અગમવાણી તેઓને કહી સંભળાવી (૧૯; ૧-૧૩). તેજ ખીણમાં તોફેથ નામનું એક સ્થળ હતું, ત્યાં તેઓ બઆલ દેવતાના માનમાં પોતાનાં છોકરાંનું બલિદાન આપતા હતા (ક.૫ : ૭;૨૯-૮;૩). પણ હવે પછી તે સ્થળનું નામ "કતલની ખીણ" કહેવાશે, અને મૂર્તિપૂજાથી વટળી ગએલું આખું નગર એક અપવિત્ર સ્મશાન બની જશે, એમ તેણે તેઓને કહ્યું (૧૩).

આવું ગૂઢ કાર્ય કર્યા બાદ યર્મિયા શહેરમાં પાછો ગયો, અને મંદિરના આંગણામાં ઊભા રહીને તેણે તેનો તેજ સંદેશો ફરી વાર પ્રગટ કર્યો (ક.૧૪;૧૫). એટલામાં મંદિરના મુખ્ય અધિકારી પાશહૂરે તેને પકડાવ્યો, અને તેને ફટકા મરાવીને તેના પગ હેડમાં નાખીને બિન્યામીન નામના દરવાજા આગળ તેને બેસાડી રાખ્યો, એ માટે કે ત્યાં થઈને સર્વ આવજા કરનારાઓને સારુ તે તમાશારૂપ થાય (૨૦; ૧,૨). આ વખતે જાણે કે ગેથસેમાને વાડીમાં તે કષ્ટાતો હોય એમ લાગે છે.

શું યહોવાએ તેને તજી દીધો હતો? સ્વેચ્છાથી તેણે પ્રબોધકપદ સ્વીકાર્યું નહોતું. ઈશ્વરે તેને ફોસલાવ્યો, અને તે ફસાઈ ગયો હતો. યહોવા યર્મિયાથી સમર્થ હતો, તેથી તેણે તેને હરાવ્યો હતો (૨૦;૭). ન્યાયશાસન પ્રગટ કરવાની યર્મિયાની ઇચ્છા નહોતી, પણ કંઈ છૂટકો નહોતો. "જો હું છાનોમાનો રહેવા જાઉં, તો મારાં હાડકાંમાં બળતો અગ્નિ સમાએલો હોય, એવી મારા હૃદયમાં પીડા થાય છે, જેથી મારાથી મૂંગા રહેવાય નહિ" (૯). તોપણ યહોવા પરાક્રમી તથા ભયાવહ શૂરવીર તરીકે મારી સાથે છે, એવી તેને ખાતરી થઈ (૧૧), એટલે તેના હૃદયમાં વિશ્વાસરૂપી દીવો ફરી સળગતો થયો (૧૩). ત્યાર પછી યર્મિયાનો આત્મા ફરી કદી આવો અંધરાઈ ગયો નહિ. કસોટીનું સ્થળ તો વિજયની ભૂમિકા થઈ પડી. છતાં શહેરના દરવાજા પાસે જે વખતે તે હેડમાં બેઠો હતો, ત્યારે જેઓનું કલ્યાણ તે કરવા માગતો

હતો, તેઓએ કરેલી ઠઠ્ઠામશ્કરી જ્યારે તે વેઠી નહિ શક્યો, ત્યારે ફરી એક વાર નિરાશાનો ઉદ્‌ગાર કાઢીને યર્મિયાએ પોતાના જન્મદિવસને શાપ દીધો (૧૪--૧૮. સર.યુ.૩;૩). એવી જ રીતે ગેથસેમાને વાડીમાં વિજય પામ્યા છતાં, વધસ્તંભે જડાએલો ઈસુ મોટે ઘાંટે બોલી ઊઠ્યો, કે "મારા દેવ, મારા દેવ તે મને કેમ મૂકી દીધો છે?" પણ જેમ ચઢી આવેલું વાદળ તરત વેરાઈ જતાં "સંપૂર્ણ થયું છે," એમ કહીને પ્રભુ ઈસુએ પૂરી શાંતિમાં પ્રાણ છોડ્યો, તેમ આ અંધકારમય ઘડી વીત્યા બાદ યર્મિયા પાછી પાની કર્યા વગર અંત સુધી દૃઢ વિશ્વાસમાં ટકી રહીને આગળ ચાલ્યો.

કાર્કમીશના રણક્ષેત્રમાં નબૂખાદનેસ્સારે ફારૂન-નકોહને હરાવ્યો છે, એ સમાચાર જ્યારે યરુશાલેમ પહોંચ્યા, ત્યારે તેનાથી યર્મિયાનો સંદેશો, સાબિત કરવામાં આવ્યો, કે જેથી તે સર્વપ્રકારની શંકાથી મુક્ત થયો. (યર્મિયાની આવી જે કસોટી કરવામાં આવી, તેના વર્ણન પરથી તેના તથા બીજા બધા પ્રબોધકોના આધ્યાત્મિક જીવન સંબંધી ઘણું શીખવાનું મળે છે. તેનાથી તેઓને થતી પ્રેરણાનો તથા તેમના પ્રભાવના રહસ્યનો આપણને ખ્યાલ થાય, એવું છે).

ઉપરોક્ત જુદા જુદા અનુભવોથી પ્રબોધકને પ્રાપ્ત થએલી હિંમતનો એક દાખલો અધ્ય.૨૫માં મળી આવે છે. તેમાં સમાએલાં વચન ૬૦૪ની સાલમાં એટલે કાર્કમીશના યુદ્ધ પછીની બીજી સાલમાં પ્રગટ કરવામાં આવ્યાં. તેનું તેડું થયું (૬૨૬), ત્યારથી માંડીને તે અત્યાર સુધી યર્મિયાએ જે પ્રબોધ કર્યો હતો, તેનો સાર આ અધ્યાયમાં આપેલો છે. તેનું કહેવું એવું છે, કે લોકોએ યહોવાની સહનશીલતાની અવગણના કરેલી છે, તેમ જ તેઓએ તેના સેવકો, એટલે તેના પ્રબોધકોના બોધ પર ધ્યાન આપ્યું નથી, તેથી હવે તે બીજા એક સેવક, એટલે નબૂખાદનેસ્સારને મોકલશે, તે તો મહાન સંહારક તરીકે આવીને તેઓને બંદીવાસમાં લઈ જશે. તોપણ બંદીવાસના સમયની હદ યહોવાએ નિર્માણ કરેલી છે. બંદીવાસ સિત્તેર વર્ષ જેટલો થશે, ત્યાર પછી બાબેલના રાજ્યનાં પાપનો ઘડો ભરાઈ જવાથી તેનો વારો પણ આવશે (૯-૧૨). ખાલદીઓએ કરેલા હુમલાને ક્રોધરૂપી પ્યાલાનું દૃષ્ટાંત આપીને યહુદાહને, મિસરને તથા આસપાસના બીજા સર્વ દેશોને તે પીવડાવવામાં આવશે, એવું ભવિષ્યવચન યર્મિયાએ જાહેર કર્યું

(૧૫-૩૧). સર્વ પ્રજાઓ પર ન્યાયશાસન ઠરાવવામાં આવ્યું છે ખરૂં, પણ તેનો આરંભ તો પવિત્ર નગરથી થશે (૧ પી.૪;૧૭). ("સમ્મતિ" તરજુમામાં કલમ ૧૩ અને ૧૪ની વચ્ચે અધ્યાય ૪૬-૫૧ મૂકેલા છે, કે જેમાં જુદા જુદા પરદેશી રાજ્યો સંબંધીનાં ભવિષ્યવચનો સમાએલાં છે. "જે બધું આ પુસ્તકમાં લખેલું છે" તે તે ભવિષ્યવચનો છે, એમ "સમ્મતિ" અનુવાદકો સમજયા હોય, એમ લાગે છે).

૩. પ્રથમ ઘેરા (૫૯૭) પહેલાં બનેલા બનાવો.

(૧) ઓળિયું લખાવું (૬૦૪, અધ્ય.૩૬). પોતાના તેડાના વખતથી માંડીને યર્મિયાએ જેટલો પ્રબોધ ઈસ્ત્રાએલ, યહુદાહ તથા બીજી બધી પ્રજાઓ વિરુદ્ધ કર્યો હતો, તે સર્વનાં વચન તેણે આ સમયે ઈશ્વરની આજ્ઞાથી બારૂખ નામના લહિયાની પાસે લખાવ્યાં (૩૬; ૧-૮). તે વચન સાંભળીને લોક પસ્તાવો કરે ને પોતાપોતાના દુષ્ટ માર્ગથી પાછો ફરે, એવા ઈરાદાથી ઈશ્વરે યર્મિયાને તે લખવાની પ્રેરણા કરી (૩), તેથી તે લખાવ્યા બાદ પોતે કેદમાં પડેલો હોવાને લીધે યર્મિયા બારૂખને તે વચન તહેવાર વખતે મંદિરમાં જે લોક આવેલા હોય તેઓને વાંચી સંભળાવવા મોકલતો હતો (૫,૬). ("કેદમાં" =મૂળાર્થ રોકાએલો. તો તે વખતે પ્રબોધક હેડમાં બેસાડાએલો હોય શું?) બીજી સાલે ઉપવાસનો બીજો દહાડો પાળવાનું જાહેરનામું કરવામાં આવ્યું (૯), તે દહાડે પણ બારૂખને બોલાવીને જયારે ઓળિયામાં લખેલાં વચન સાંભળ્યાં, ત્યારે તેઓ ઘણા ગભરાયા, અને બારૂખને સંતાઈ જવાનું કહીને તેઓએ ઓળિયાની વાત યહોયાકીમ રાજાને જણાવી. રાજાએ તે ઓળિયું મંગાવીને પોતાની આગળ વંચાવ્યું, પણ તેનાં વચન સાંભળીને તેને ઘણો ક્રોધ આવ્યો, જેથી દરેક ત્રીજે ચોથે પાને વાંચી સંભળાવનારને રોકી રાખીને તે એટલાં પાનાં કાપી કાપીને સગડીમાં નાખી દેતો. આખું ઓળિયું વંચાવ્યા બાદ તેણે યર્મિયા તથા બારૂખને કેદ કરવાનો હુકમ કર્યો. પણ "યહોવાએ તેઓને સંતાડી રાખ્યા" (૧૨-૨૬).

ત્યાર પછી ઈશ્વરની આજ્ઞાથી બીજું ઓળિયું લઈને બાળી નાખેલા ઓળિયામાં જેટલાં વચન સમાએલાં હતાં, તે સર્વ તથા "તેના જેવાં બીજાં ઘણાં વચન" યર્મિયાએ બારૂખની પાસે લખાવ્યાં. (અધ્ય.૪૫માં જે બનાવ વર્ણવેલો છે, તે જે સમયે બારૂખે પ્રથમ

ઓળિયું તૈયાર કર્યું, ત્યારે જ બન્યો હોય, એવું સંભવિત છે. અધ્ય. ૩૪-૪૪ બારૂખની કલમે લખાએલા છે. તેથી યર્મિયા સંબંધીનો હેવાલ સમાપ્ત કરીને તેણે જાણીબુજીને આ વાત છેલ્લામાં છેલ્લી નોંધી. તે તો "સહી દસ્તક પોતે" જેવી નિશાની છે).

પ્રથમ લખેલું ઓળિયું બાળી મૂકવામાં આવ્યું, ત્યારથી યરુશાલેમના પતન સુધી યર્મિયા શહેર બહાર રહેવા ગયો હોય, એવું દીસે છે. પરંતુ જ્યારે યહોયાકીમ રાજાએ બંડ ઊઠાવ્યું, ત્યારે નબૂખાદનેસ્સાર રાજા પોતાની આજુબાજુ જાગેલા બળવા સમાવવામાં રોકાએલો હોવાથી પોતે ન જતાં તેણે બહારવટીઓના જેવી જુદી જુદી ટોળીઓને યહૂદીઓને હેરાન કરવા મોકલી (૨ રા.૨૪;૨). તે સમયે (૫૯૮) યર્મિયા પ્રબોધક શહેરમાં પાછો આવેલો જણાય છે.

(૨) રેખાબીઓ. એજ સમયે લૂંટારૂઓની બીકને લીધે રેખાબી નામના એક પંથના અનુયાયીઓ શહેરમાં આશ્રય લેવા નાસી આવ્યા (અધ્ય.૩૫.) રેખાબનો દીકરો યોનાદાબ બઆલની મૂર્તિપૂજાને નાબુદ કરવામાં યેહૂની કૂમકે રહ્યો હતો (૨ રા.૧૦;૧૫). તે પંથનો એવો સિદ્ધાંત હતો કે જ્યારથી ઈસ્ત્રાએલીઓ કનાન દેશમાં વસવાટ કરીને ભરવાડ જેવું જીવન છોડી દઈને ખેતીવાડી કરવા લાગ્યા, ત્યારથી તેઓની અધોગતિ થવા માંડી હતી. કનાનીઓની ધાર્મિક રીતભાતોમાં ફસાઈ જવાનું મોટું જોખમ છે, તે તેઓ સારી રીતે સમજી ગયા હતા. તેથી દ્રાક્ષારસ ન પીવાનું,બી ન વાવવાનું તેમ જ દ્રાક્ષવાડી ન રોપવાનું અને ઘર ન બાંધતાં જીંદગીભર તંબુઓમાં રહેવાનું તેઓએ વ્રત લીધું હતું. બસો વર્ષથી તેઓ આ વ્રતનું ચુસ્તપણે પાલન કરતા આવ્યા હતા, અને હાલ તેઓ શહેરનાં ઘરોમાં રહેવા આવ્યા હતા, તે તો લૂંટારાઓની ટોળીઓની લીધે માત્ર હંગામી વ્યવસ્થા હતી. એ પંથના સ્થાપક પ્રત્યે તેના અનુયાયીઓ જે વિશ્વાસપણું દર્શાવતા હતા, તે યહોવા પ્રત્યે બીજા ઈસ્ત્રાએલીઓએ કરેલા વિશ્વાસઘાતની સાથે સરખાવતાં યર્મિયાએ રેખાબીઓને આશીર્વાદ દઈને યરુશાલેમવાસીઓને ચેતવણી આપી.

(૩) યરુશાલેમનું પતન (૫૯૭). યહોયાકીમને ગધેડાની જેમ દફનાવવામાં આવશે, એવું યર્મિયાએ અગાઉથી કહ્યું હતું (૨૨;૧૯). અને લૂંટારાઓની કોઈ એક ટોળીના હાથથી તેને મારી નાખવામાં

આવ્યો હોય, એવો સંભવ છે. તે માર્યો ગયો, ત્યાર પછી તેનો દીકરો યહોયાકીન ગાદીએ બેઠો. તે માત્ર અઢાર વર્ષની કિશોર વયનો હતો. તે રાજા થયો, ત્યાર પછી થોડા જ વખતમાં નબૂખાદનેસ્સારે ચઢી આવીને શહેરને ઘેરો ઘાલ્યો. બચવાની કંઈ પણ આશા નથી, તે જોઈને યહોયાકીન તેને આધીન થયો, એટલે તેને તથા રાજમાતાને, અમીરોને, લડવૈયાઓને, તથા દેશના સર્વ કારીગરોને બાબેલના બંદીવાસમાં લઈ જવામાં આવ્યાં. આ તો પ્રથમ થએલો બંદીવાસ કહેવાય છે (૨ ૨૧.૨૪; ૮-૧૭). યહોયાકીન સંબંધી જે થોડાં વચન યર્મિયા બોલ્યો, તે પરથી સમજી શકાય છે કે તે ચારિત્ર્યવાન રાજકુમાર હતો, અને તે ન્યાયની રૂએ રાજ ચલાવશે, એવી તેના વિષે પ્રબોધક આશા રાખતો હતો (૨૨; ૧૩-૧૯).

૪. યરુશાલેમના પ્રથમ પતન પછીના બનાવો (૫૯૬-૫૯૩).

(૧) જૂઠા પ્રબોધકો (અધ્ય.૨૭-૨૯). યહોયાકીનને કેદ કરીને તેના કાકા સિદકીયાહને કે જે યોશીયા રાજાનો વડો દીકરો હતો, તેને નબૂખાદનેસ્સારે ખંડિયા રાજા તરીકે ગાદીએ બેસાડીને તેની સાથે કોલકરાર કર્યા. યર્મિયા(૨૭; ૧-૧૧) તથા હઝકીએલના (૧૭; ૧૧-૨૧) માનવા પ્રમાણે આ કરાર ઈશ્વરે કરેલા કરાર જેવો હતો, એટલે તેનું પાલન કરવા સિદકીયાહ પૂરો બંધાએલો હતો. પરંતુ તેની કારકિર્દીની ચોથી સાલે (૨૭;૧માં લહિયાની ભૂલચૂકથી સિદકીયાહના નામને બદલે યહોયાકીનનું નામ દાખલ કરવામાં આવ્યું છે). આસપાસના જુદા જુદા રાજાઓએ બાબેલની વિરુદ્ધ કાવતરું રચીને સિદકીયાહને પણ કરાર તોડીને પોતાની સાથે સામેલ થવાનું આમંત્રણ આપ્યું. તે સાંભળીને યહોવાની આજ્ઞાથી યર્મિયા ઝૂંસરીઓ બનાવીને જુદા જુદા રાજાઓ પર મોકલાવી, ને તેઓને કહાવ્યું, કે જો તમે બાબેલને તાબે રહેશો, તો જ તમારાં રાજ્ય નભી રહેશે, નહિ તો નહિ. સિદકીયાહને પણ તેણે એ જ ચેતવણી આપી. વળી જે પ્રબોધકો આવી આગાહી કરે છે, કે થોડા વખતમાં મંદિરનાં પાત્રા બાબેલમાંથી પાછાં લાવવામાં આવશે, તેઓના કહેવા પર વિશ્વાસ નહિ રાખવો, એમ કહીને તેણે વધુમાં જણાવ્યું, કે મંદિરમાં જેટલા પાત્રો હજુ બાકી રહ્યાં છે, તે પણ બાબેલમાં લઈ જવામાં આવશે, અને તે ક્યારે પાછાં લાવવામાં આવશે, તે યહોવા એકલો જ જાણે છે.

યર્મિયાની આ અગમવાણી સાંભળીને હનાન્યાહ નામના એક પ્રબોધકે સામા થઈને તેને જવાબ આપ્યો, કે "સૈન્યોના દેવ યહોવાનાં વચન બોલનાર હું પણ છું. મને યહોવાએ એમ કહેલું છે, કે મેં બાબેલના રાજાની ઝૂંસરી ભાંગી નાખી છે. બે વરસ પૂરાં થયા પહેલાં મંદિરનાં જે પાત્ર લઈ જવામાં આવ્યાં છે, તે હું આ ઠેકાણે પાછાં લાવીશ." તેને આવો ભરોસો તથા આવી હિંમત ક્યાંથી? મંદિર સદા ટકી રહેવાનું છે, એવું યશાયાનું જે ભવિષ્યવચન હતું તે તેના વાંચવામાં આવ્યું હતું, અને તે વચન અક્ષરશ : સ્વીકારીને વિના મંદિરે યહોવાની ભક્તિસેવા થઈ શકે નહિ, તેથી જો મંદિરનો નાશ થાય તો સતધર્મનું પણ સત્યાનાશ વળ્યા વગર રહેશે નહિ, એવી તે વચનને આધારે તેની માન્યતા બંધાઈ હશે. તેથી યહોવા પોતાના મહિમાની ખાતર મંદિરનો બચાવ કરશે, અને બંદીવાસમાં લઈ જવાએલા રાજાને તેમ જ તેની સંઘાતે મંદિરનાં લઈ જવાએલાં પાત્રો પણ જરૂર પાછાં લવડાવશે, એવી માન્યતાથી દોરાઈને હનાન્યાહે યર્મિયાનો વિરોધ કર્યો. તેના શબ્દો સાંભળીને, "તથાસ્તુ; યહોવા એવું કરો," એમ યર્મિયા બોલ્યો. પરંતુ તે ઉપરાંત તેણે કહ્યું કે અત્યાર સુધી જેટલા પ્રબોધકો થઈ ગયા છે, તેઓ સઘળા સુલેહશાંતિ તથા આબાદી સંબંધી તો નહિ, પણ લડાઈ, વિપત્તિ, તથા મરકી સંબંધી પ્રબોધ કરતા હતા. શાંતિ સ્થાપન થાય, ત્યારે જ શાંતિ વિષેનું ભવિષ્યવચન સાબીત કરી શકાય, તે પહેલાં નહિ. યર્મિયા બોલી રહ્યો કે તરત જ હનાન્યા યર્મિયાની ગરદન પરથી ઝૂંસરી ઊતારી લઈને તેને ભાંગી નાખી. તેને યર્મિયાએ એકદમ જવાબ દીધો નહિ, પણ મારે તેને શો જવાબ આપવો, તે વિષે ઈશ્વરની શી ઈચ્છા હશે, તેની રાહ જોતાં તે ઘેર જઈને બેઠો. આ તો આપણને નજીવી જેવી વાત લાગે, તોપણ ઈશ્વરના સંદેશવાહકોના આંતરિક જીવન વિષે તે ઘણું સૂચનરૂપ છે. ઈશ્વરની ઈચ્છા જાણવા સારુ જેમ હોરેબ પહાડ પર એલિયા, જેમ પોતાના બુરજ પર હબાકકૂક, જેમ અરબસ્તાનમાં પ્રેરિત પાઉલ, અને વિશેષે કરીને જેમ પ્રભુ ઈસુ સર્વત્ર તથા સર્વદા ઈશ્વરપિતાની ઈચ્છા પ્રગટ થવાની રાહ જોતો હતો, તેમ યર્મિયા પણ ધીરજથી તેની રાહ જોતો હતો. આખરે હનાન્યાને શો પ્રત્યુત્તર આપવો તે ઈશ્વરે તેને જણાવ્યો, એટલે કે, "રે હનાન્યા, સાંભળ. યહોવાએ તને મોકલ્યો નથી. આ લોક જૂઠી

વાત પર વિશ્વાસ રાખે, એવું તું કરાવે છે. તેં લાકડાની ઝૂંસરી ભાંગી નાખી, પણ તેને બદલે લોઢાની ઝૂંસરીઓ પ્રજાઓની ગરદન પર મૂકવામાં આવશે." જીવંત વિશ્વાસ કોઈ પણ મંદિર અથવા તેનાં પાત્રો પર નહિ પણ જીવતા દેવ પર રહેલો છે. શરૂઆતથી આજ લાલસાથી ઈસ્ત્રાએલીઓ, હા, આપણે સર્વે પણ ઘેરાએલાં છીએ. આ વર્ષ પૂરું થયા અગાઉ તારું મરણ થશે, એવું ભવિષ્ય યર્મિયાએ તેજ પ્રસંગે હનાન્યા સંબંધી ભાખ્યું, અને સાત મહિના પછી પ્રબોધકના કહેવા પ્રમાણે તેનું મરણ પણ થયું. પણ તે પહેલાં સિદકીયાહ રાજાએ યર્મિયાની વાત માનીને બંડ ઊઠાવવાનું કાવતરૂં માંડી વાળ્યું હતું.

(૨) બંદીવાસીઓ પર યર્મિયાએ લખેલો પત્ર (અધ્ય.૨૯).

યરુશાલેમવાસીઓ પસ્તાવો કરીને સદાચારના માર્ગે ચઢી જશે, એવી આશા છોડી દઈને બાબેલમાં રહેતા બંદીવાસીઓ પર યર્મિયાએ એક પત્ર લખ્યો. તેઓના પર ઈસ્ત્રાએલની પુનઃસ્થાપનાનો સર્વ આધાર રહેલો છે, એવી તેની માન્યતા હતી. હઝકીએલ પ્રબોધક પણ એજ મતનો હતો (૧૧; ૧૪-૨૦). યરુશાલેમવાસીઓને તેણે બગડી ગએલાં અંજીર, ખવાય નહિ એવાં ખરાબ અંજીરની ઉપમા ક્યારની આપી હતી. પણ બંદીવાસીઓને સૌથી પ્રથમ પાકેલાં સારાં અંજીરની ઉપમા તેણે આપી હતી (અધ્ય.૨૪). લોકોનું ધારવું આથી જુદું હતું. જેમ બગડી ગએલાં અંજીર કોઈ ફેંકી દે, તેમ યહોવાએ બંદીવાસીઓને બાબેલમાં ફેંકી દીધા છે, એમ તેઓ સમજતા હતા. યહોવાએ પોતાના મંદિરમાંથી તથા પોતાની સમક્ષતા આગળથી તેઓને કાઢી મૂક્યા નહોતા શું? એકલા યહુદાહ દેશમાં યહોવાની આરાધના કરી શકાય. બીજા સર્વ દેશો અશુદ્ધ છે, એવું તેઓનું માનવું હતું. યોશીયા રાજાએ જે ધર્મસુધારો કર્યો હતો, તેનાથી આ માન્યતાને ઘણી પુષ્ટિ મળી હતી, કેમકે ગામમાંનાં ઉચ્ચસ્થાનોને પાડી નાખીને તેણે યરુશાલેમનું મંદિર ભજનસેવા કરવાનું એક જ સ્થળ બનાવી દીધું હતું.

બંદીવાસીઓ પર યર્મિયા જે પત્ર લખ્યો તેનાથી તેણે આ ખોટી માન્યતાનું ખંડન કર્યું. તે પત્રમાં તેણે તેઓને બાબેલમાં ઘર બાંધીને તેમાં રહેવાની, બાગબગીચા બનાવીને તેમાંનાં ફળફળાદિ ખાવાની અને વિશેષે કરીને બાબેલનું કલ્યાણ શોધવાની સલાહ આપી.

"બાબેલને સારુ યહોવાને વિનંતી કરો, કેમ કે તેના કલ્યાણમાં તમારું કલ્યાણ સમાએલું છે," એવો તેણે પોતાનો અભિપ્રાય લખી જણાવ્યો.

આ સાદા શબ્દોમાં સારી સલાહ કરતાં કંઈક વધારે સમાએલું છે. તેઓમાં માર્મિક બોધ પણ રહેલો છે. ઈશ્વરની કૃપા એક જ સ્થળે બંધાઈ રહેતી નથી, તેના સાંનિધ્યનું દર્શન એકલા એક જ દેશમાં તેના ભક્તોને થાય એમ નથી. અખિલ સૃષ્ટિ તેનું મંદિર છે. યરુશાલેમનાં મંદિરનો સમય પૂરો થઈ ગયો છે. બંદીવાસીઓ જ્યાં છે ત્યાં ને ત્યાં જ જો તેઓ યહોવાની આરાધના કરે, તો યરુશાલેમમાં તેની ભક્તિ કરનારાઓને તેના અનુગ્રહ તથા તેના પરાક્રમનું જે કંઈ દર્શન થાય તે કરતાં વધુ વિસ્તીર્ણ તથા ગૌરવી દર્શન બાબેલમાં તેઓને થયા વગર રહેશે નહિ.

આ પત્રના શબ્દોનું જો આપણે મનન કરીએ, તો શખેમ પાસેના કૂવા પર બેઠાં બેઠાં આપણો પ્રભુ સમરૂની સ્ત્રીની સાથે જે માર્મિક વચન બોલ્યો, તેજ વચન આપણે સાંભળતા હોઈએ એમ ભાસે છે, એટલે કે "એવી ઘડી આવે છે, ને હાલ આવેલી છે, કે જ્યારે ખરા ભજનારા ઈશ્વરપિતાનું ભજન આત્માથી તથા સત્યતાથી કરશે."

તે પત્રમાં યર્મિયા લખેલાં બોધરૂપ વચનોથી સતધર્મનો બચાવ થયો, એમ આપણે સમજવું. કેમ કે યરુશાલેમનું મંદિર, તેની વેદી તથા ત્યાં થતી યજ્ઞક્રિયા પરનો ભરોસો છોડી દેવાથી યહૂદી ધર્મ સંપૂર્ણ આધ્યાત્મિક બની ગયો, અને આ ક્યારડારૂપ ધર્મમાંથી આગળ જતાં ખ્રિસ્તી ધર્મ ઊગી નીકળ્યો. બંદીવાસના વખતમાં સભાસ્થાનોમાં સ્તુતિ, પ્રાર્થના તથા શાસ્ત્રવાચનસહિતની જાહેર ભજનસેવા કરવાની પ્રથા ઉપસ્થિત થઈ.

બંદીવાસીઓની સામાજિક વ્યવસ્થા ઘણી સારી હતી. તેમને પોતાના યાજકો તથા પ્રબોધકો હતા. હઝકીએલ પ્રબોધક તેઓમાંનો એક હતો. પણ અફસોસની વાત છે, કે બીજા બધા પ્રબોધકો હઝકીએલના જેવા ઈશ્વરના વિશ્વાસુ સેવકો નહોતા. ખોટી ઉશ્કેરણી આપે એવા બે જૂઠા પ્રબોધકોનો યર્મિયાએ તેજ પત્રમાં શાપ દીધેલો છે. વળી બંદીવાસીઓમાં યર્મિયાના દુશ્મનો પણ હતા, તેઓએ યર્મિયાએ લખેલા પત્રની વાત યરુશાલેમવાસી યાજકોને લખી જણાવીને તેને કેદમાં તથા બેડીમાં નાખવાનું સૂચવ્યું (૨૬). અંધશ્રદ્ધા કેવી ભયંકર છે!

૫. બીજા ઘેરા દરમિયાન બનેલા બનાવો (૫૮૮-૫૮૬).

(૧) **ગુલામના શેઠિયાએ કરેલો વિશ્વાસઘાત.** પાંચ વર્ષ વિત્યા બાદ બાબેલની સાથે કરેલો કરાર તોડીને સિદકીયાહે આમ્મોન તથા મોઆબ સાથે સામેલ થઈને ફારૂન-હોફ્રાહ પાસે બાબેલની વિરુદ્ધ મદદ માગી. એ વાત જાણતાં જ નબૂખાદનેસ્સારે એકદમ તેના પર ચઢી આવીને યરુશાલેમને ઘેરો ઘાલ્યો. યહોવાની મહેરબાની સંપાદન કરવા તેમ જ શહેરના રક્ષણાર્થે વધારે મજૂરો મળે, એવા હેતુથી શેઠિયાઓએ પોતાના ગુલામોને એટલે દેવું વાળી ન શક્યાને લીધે જે યહૂદીઓ ગુલામ બની ગયા હતા તેઓની સાથે કરાર કરીને છોડી મૂક્યા. પરંતુ એજ સમયે એક લશ્કર યહૂદીઓની મદદમાં મિસરમાંથી નીકળ્યું. તેની સામે થવા ખાલદીઓ યરુશાલેમનો ઘેરો ઊઠાવી લઈને તે તરફ ધસ્યા. તેઓ જરૂર પાછા આવશે, એવું જો કે યર્મિયાએ સાફ પ્રગટ કર્યું (૩૭;૮), તોપણ તેનું ન માનીને ગુલામની સાથે માલિકોએ છૂટકારાનો જે કરાર કર્યો હતો તે તોડીને તેઓએ તેમને ફરી ગુલામ કરી રાખ્યા (૩૪;૧૧). માલિકોનો આ નિર્દય વિશ્વાસઘાત જોઈને યર્મિયાના ક્રોધની પરિસીમા રહી નહિ. "તમારા ગુલામોને તમે જે છૂટકારો આપ્યો હતો, તે તમે તેઓની પાસેથી છીનવી લીધો છે, તેથી, જુઓ, તરવાર, મરકી તથા દુકાળ તમારો ભક્ષ કરે, તે સારુ હું તેમને છૂટકારો આપું છું" (૩૪; ૮-૧૭).

ખાલદી લશ્કર હજુ પાછું ફર્યું નહોતું, એ અરસામાં યર્મિયા અનાથોથથી પોતાનો હિસ્સો લેવા સારુ ત્યાં જવા નીકળ્યો (૩૭;૧૧). ("હિસ્સો લેવો" એટલે શું? તેનો અર્થ સ્પષ્ટ નથી. કાંતો અનાજનો તેનો હિસ્સો જે હોય તે, કાંતો ખંડી લીધેલા ખેતર અંગેની વાત હોય. પછીના ફકરામાં ખેતરની વાત આવશે). બિન્યામીનના દરવાજામાં થઈને તે જતો હતો, ત્યારે તું ખાલદીઓની સાથે ગુપચૂપ મળી જવા માગે છે, એવો રોજદ્રોહનો આરોપ તેના પર નાખીને તેઓએ તેને પકડ્યો, અને તેને ફટકા મારીને કારાગૃહમાં પૂર્યો (૩૭; ૧૧-૧૫). ત્યાં તે ઘણા દિવસ પડી રહ્યો હતો, ત્યારે સિદકીયાહ રાજાએ તેને હજુર બંગલામાં બોલાવી મંગાવીને ગુપ્તમાં પૂછયું, કે "યહોવા તરફથી કંઈ વચન આવ્યું છે કે?" ઘેરો શરૂ થયો, તે વખતે પણ જ્યારે રાજાએ સંદેશિયાને યર્મિયાની પાસે મોકલીને તેનો અભિપ્રાય પૂછાવ્યો હતો,

ત્યારે પ્રબોધકે જે પ્રત્યુત્તર મોકલાવ્યો હતો, તેનો તેજ પ્રત્યુત્તર તેણે અત્યારે પણ આપ્યો, એટલે કે નબૂખાદનેસ્સારને સ્વાધીન થયા વગર શહેર બચાવવાને બીજો કોઇ ઉપાય નથી, કેમ કે આ નગરથી હું વિમુખ થયો છું, એવું યહોવાનું વચન છે (૨૧; ૧-૧૧). રાજાની સાથે ચર્ચા કર્યા બાદ યર્મિયાએ તેની આગળ અરજ કરી, કે યોનાનના ઘરમાં જે કામચલાઉ કેદખાનું છે, ત્યાં મને પાછો ન મોકલશો, નહિ તો હું ત્યાં મરી જઇશ. તેની અરજ સ્વીકારીને રાજાએ તેને પહેરેગીરોની ચોકીમાં રહેવાની રજા આપી, અને નગરમાંની રોટલી ખલાસ થતાં સુધી તે ત્યાં રહ્યો (૩૭;૨૧).

(૨) યર્મિયાની બીજી વાર થએલી ધરપકડ (અ.૩૭,૩૮). પણ યર્મિયા પોતાના બોધથી સિપાઈઓના હાથ કમજોર કરી નાખે છે, એમ કહીને યર્મિયા નિમકહરામ છે, તેમ જ બીજાઓને ખોટી ઉશ્કેરણી આપનાર છે, એવું સરદારોએ રાજાને સમજાવ્યું, અને કાચા કાનનાં રાજાએ તે વાત માની લઈને પ્રબોધકને તેઓને સ્વાધીન કર્યો. હવે ચોકી તળે એક ટાંકું હતું, જેમાં કીચડ સિવાય બીજું કંઈ નહોતું, તેમાં તેઓએ તેને ઊતાર્યો. યર્મિયા કીચડમાં હળવે કળતો ગયો, તેમાંથી એક હબસી ખોજાએ દયા રાખીને તેને કાઢયો ન હોત, તો ત્યાં ને ત્યાં જ તે જરૂર મૃત્યુ પામત (૩૮; ૧-૧૩).

યર્મિયાને ફરીથી પહેરેગીરોના થાણામાં રહેવાની સગવડ કરી આપવામાં આવી, ત્યાંથી બીજી વાર સિદકીયાહ રાજાએ તેને છાનામાના તેડી મંગાવીને તેની સલાહ પૂછી. યર્મિયા રાજાને નબૂખાદનેસ્સારને સ્વાધીન થવાની એની એજ સલાહ આપી. પણ સરદારો તથા લોકો યુદ્ધ ચાલુ રાખવાના મતના હતા, તેઓની સામે ઊભા રહેવાની હિંમત રાજાને નહોતી. તેથી શહેરનો નાશ થતાં સુધી યર્મિયાને ત્યાં ને ત્યાં જ રાખવામાં આવ્યો (૩૮; ૧૪-૨૮).

(૩) **તેણે ખંડી લીધેલું ખેતર** (અધ્ય.૩૨). ઘેરો હજુ ચાલુ હતો, તેમ જ યર્મિયા હજુ કાચી કેદમાં પડેલો હતો, એટલામાં નિયમસર સહુથી નજીકના સગાનો જે હક હતો, તેનો અમલ કરીને પોતાના કુટુંબનું જે ખેતર વેચાઇ જવાની તૈયારીમાં હતું, તે તેણે સાક્ષીઓની રૂબરૂ વેચાતું રાખ્યું (૩૨; ૬-૧૫). દુર્દશાના સમયમાં કરાએલા આ કૃત્યથી યર્મિયા ઇસ્ત્રાએલની થનાર પુનઃસ્થાપના વિષેના પોતાના

વિશ્વાસ પર મુદ્રા મારી. આ બનાવના વર્ણન પરથી પ્રબોધકના આત્મિક જીવન સંબંધી, તેમ જ તે સમયની સામાજિક રીતભાતો સંબંધી આપણને ઘણું શીખવાનું મળે છે. ધ્યાન આપવા લાયક કેટલીએક વાતો નીચે પ્રમાણે છે :--ખંડી લેવાનો જે હક હતો, તે. આ હક સહુથી નજીકના સગાનો હતો (લે.૨૬;૩૫). ખંડી લેવાનો સહુથી રસિક દાખલો રૂથના પુસ્તકમાં મળી આવે છે (૪; ૩-૯). યહોવા મારો ખંડી લેનાર છે, એવો વ્યાધિગ્રસ્ત અયૂબનો વિશ્વાસ હતો (૧૯;૨૫). યશાયાના પુસ્તકના ઉત્તરાર્ધમાં "ખંડી લેનાર," સહુથી નજીકના સગાની સંજ્ઞા ઘણી વાર યહોવાને આપવામાં આવેલી છે (૪૧;૧૪ : ૪૩;૧૪,વગેરે).

યર્મિયાને મળેલું વચન ઈશ્વરદત્ત છે, તેની પછીથી થએલી ખાતરી (૮). જ્યાં સુધી તેનો ભાઇ હનામએલ તેની મુલાકાત લેવા આવ્યો નહોતો, ત્યાં સુધી તે વચન ઈશ્વરપ્રેરિત છે તેની યર્મિયાને ખાતરી થઇ નહોતી. આવા બનાવનો બીજો એક દાખલો ઉપર આવી ગયો છે (૨૮;૧૧). "મારો સમય હજી આવ્યો નથી," એવા જે શબ્દોનું ઉચ્ચારણ પ્રભુ ઈસુ વખતોવખત કરતો હતો, તેનો એવો અર્થ હોય શું? મૃત્યુ શય્યાએ પડેલા લાજરસની બહેનોએ જ્યારે પ્રભુ ઈસુને તેડી મંગાવ્યો, ત્યારે તે જ્યાં હતો ત્યાં ને ત્યાં જ બીજા બે દિવસ રોકાયો, તેનું કારણ એ હશે શું?

સાક્ષીઓની રૂબરૂ વેચાણખત કરવાની તથા તેને સહીસલામત સંભાળી રાખવાની રીત. વેચાણખતના શબ્દો કાદવની બનેલી ભૂંગળી પર કોતરવામાં આવતા (જે ખત મહોર મારેલું કહેવાય છે (૧૧)), અને જો મહત્ત્વનું કારણ હોય, તો તેને બીજી નકલ કોતરવામાં આવતી (જે ઉઘાડી કહેવાય છે (૧૧)). ત્યાર પછી એ બંને ભૂંગળીઓને એક માટલામાં રાખી મૂકવામાં આવતી હતી. કાદવની ભૂંગળીઓ પર કોતરેલાં ઘણાં વેચાણખત બાબેલ નગરનાં ખંડિયેરમાંથી આજકાલ હાથ આવેલાં છે.

છેલ્લું, યર્મિયાનો જયવંત વિશ્વાસ. આ બનાવ બન્યો, તે વખતે ઘેરાનું બીજું વર્ષ ચાલતું હતું. ખાલદીઓની જુદી જુદી ટૂકડીઓ શહેરની ચારે બાજુએ પડાવ નાખીને પડેલી હતી. શહેરનો સમૂળગો નાશ થવાનો છે એવો યર્મિયાએ પોતે પોકાર કર્યો હતો, અને શહેરનો

નાશ થયા પછી બંદીવાસ! એમ છતાં પણ એના ભાઈએ તેને હરાજ થવાનું ખેતર વેચાતું રાખવાની વિનંતી કરી, ત્યારે યહૂદીઓ બંદીવાસમાંથી પાછા આવશે, અને વળી પાછા આવીને પહેલાંની માફક લેવડદેવડ કરશે, એવો પોતાનો જે દૃઢ વિશ્વાસ હતો, તે તેણે આ કૃત્યથી પૂરવાર કર્યો.

તોપણ વેચાણખત લખવાનું તથા તેના પર મહોર મારવાનું કામ પૂરું થઈ જતાં પ્રબોધક ફરીથી શંકાશીલ વિચારવમળમાં ડૂબી ગયો (૧૬-૨૫). પણ નિરાશાના અંધકારમાં ઈશ્વર તરફ પોતાની દૃષ્ટિ રાખીને તે પ્રકાશ પામ્યો. યરુશાલેમ શહેર ખાલદીઓના કબજામાં આવી પડશે (૨૮), તોપણ એવો મંગળમય દિવસ આવશે, કે જ્યારે યહૂદાહ તથા બિન્યામીનમાં ખેતરોનું વેચાણ તથા તેની ખરીદી પહેલાંની માફક ચાલુ થશે, એવી ઈશ્વરે તેને ખાતરી કરી આપી (૨૬-૪૪).

(૪) **"દિલાસાનું પુસ્તક"** (અધ્ય. ૩૦-૩૩). પણ આર્થિક આબાદાની કરતાં ઇસ્ત્રાએલને સારુ કંઇ વધારે સારુ નિર્માણ કરેલું હતું. ઇસ્ત્રાએલની સાથે કરાએલો જૂનો કરાર રદ થાય, અને એવો નવો કરાર કરવામાં આવે, કે જેથી ઇસ્ત્રાએલની આત્મિક પુનરુત્પત્તિ થાય, એવો ઈશ્વરનો ઇરાદો છે, એવા મહિમાવંત ભાવીનું દર્શન તેણે આ સમયે પોતાના દુઃખગ્રસ્ત સેવકને આપ્યું. આ દર્શન એવા મહત્ત્વનું હતું, કે તેનું વર્ણન એક અલાહિદા પુસ્તકમાં કરવામાં આવ્યું છે (૩૦;૨). સાધારણ રીતે અધ્ય.૩૦-૩૩ ને "દિલાસાનું પુસ્તક" એવું નામ આપવામાં આવે છે. જેમ રોમ શહેરના કારાગૃહમાં પૂરેલા પાઉલ પ્રેરિતને ખ્રિસ્તી મંડળીના થનાર વૈભવનું દર્શન થયું (એફ.૨; ૧૧-૨૨), તેમ પહેરેગીરોની ચોકીમાં રોકાએલા પ્રબોધકને ફરીથી સંયુક્ત થએલા (૩૦;૩) ઇસ્ત્રાએલના થનાર વૈભવનું દર્શન દેવામાં આવ્યું. "તેઓ મારા લોક થશે, ને હું તેઓનો દેવ થઈશ. હું તેઓને એક જ હૃદય આપીશ, ને એક જ માર્ગમાં તેઓને ચલાવીશ. વળી હું તેઓની સાથે સદાનો કરાર કરીશ, અને તેઓ મારાથી દૂર ન જાય માટે હું મારો ડર તેઓનાં હૃદયમાં મૂકીશ" (૩૨; ૩૮-૪૧).

દિલાસાના પુસ્તકનું રહસ્ય નવા કરારને લગતાં વચનોમાં સમાએલું છે (૩૧; ૩૧-૩૪). પુનરુત્પત્તિનો આધાર તે કરાર પર રહેલો છે. વળી આ "નવા કરારમાં" જૂના કરારના સર્વ પ્રબોધકોના

ઉપદેશનો સંપૂર્ણ થએલો વિકાસ દીપી આવે છે. જે "નવો કરાર" આપણા પ્રભુ ઈસુએ પોતાના રક્તથી મુદ્રિત કર્યો, તે એજ છે. જૂના કરારના સંદેશાનો મુગટ તે છે, અને હેબ્રીઓને લખેલા પત્રમાં શીખવ્યા પ્રમાણે તેમાં કૃપાની સુવાર્તાનો સાર પણ સમાએલો છે (૧૦; ૧૪-૧૮).

તેનાં મુખ્ય લક્ષણ નીચે પ્રમાણે છે :--

(૧) તે શિલાપટ પર નહિ પણ હૃદયપટ પર કોતરેલો છે. (૨) તે સાર્વજનિક છે. (૩) તેનો આધાર ઈશ્વરની કૃપાએ કરેલી પાપની ક્ષમા પર રહેલો છે. (આપણા ગુજરાતી બાઈબલમાં ક.૩૪માં "કેમ કે" શબ્દ રહી ગએલો છે. "કેમ કે હું તેઓના અન્યાયની ક્ષમા કરીશ, અને તેઓનાં પાપનું સ્મરણ ફરી કરીશ નહિ," તે વચન કરારનું પાયારૂપ વચન છે).

૬. શહેરનું પતન થયા પછીના બનાવો (૫૮૬.અધ્ય.૪૦-૪૪).

બે વર્ષ લગી ઘેરો ચાલુ રહ્યા પછી ૫૮૬ની સાલમાં યરુશાલેમનું પતન થયું. યર્મિયાના જીવનચરિત્રની ત્યાર પછીની વાતો સ્પષ્ટ છે. તેનો સાર નીચે પ્રમાણે છે :--

(૧) યર્મિયા પ્રત્યે નબૂખાદનેસ્સારે તથા તેના અમલદારોએ દર્શાવેલી સહાનુભૂતિ (૩૯; ૧૧-૧૪).

(૨) ગદાલ્યાહની સૂબા તરીકેની નિમણૂક (૪૦ ૭-૧૨).

(૩) ગદાલ્યાહ વિરુદ્ધનું છળકપટ ને તેનું ખૂન (૪૦; ૧૩-૪૧;૧૦).

(૪) યહૂદીઓની એક ટોળીનું મિસર નાસી જવું (અધ્ય.૪૨-૪૪).

(૧) યર્મિયાનું મિસર લઈ જવાવું (અધ્ય.૪૨-૪૪). મિસર જઈને ત્યાં વસવાટ કરવા સંબંધી યોહાનને તથા તેના સાથીઓએ જ્યારે યર્મિયાની સલાહ પૂછી, ત્યારે તેણે પ્રાર્થનાદ્વારા, તે વિષેની ઈશ્વરેચ્છા જાણવાની શોધ કરી. દસ દહાડા વીત્યા પછી ઈશ્વરે પોતાની ઇચ્છા તેને જણાવી, કે તેઓ મિસર ન જાય. સલાહ પૂછતી વેળા તું જે કંઈ કહે તેજ અમે કરીશું, એવી તેઓએ પ્રતિજ્ઞા લીધી હતી, છતાં યર્મિયાએ ઈશ્વરની ઇચ્છા તેઓને કહી જણાવી, ત્યારે લીધેલી પ્રતિજ્ઞા તેમ જ પ્રબોધકની સલાહની તદ્દન અવગણના કરીને યોહાનાને તથા તેના સાથીઓએ યર્મિયા તથા બારૂખને સાથે લઈને મિસર જવાનું ઠરાવ્યું. તેઓ મિસર પહોંચી ગયા, ત્યારે યહોવાના ઇરાદાનુસાર

નબૂખાદનેસ્સારની તરવાર તેઓની પાછળ આવી પડશે, અને મિસર પર ચઢાઇ કરીને જેમ ભરવાડ પોતાનું વસ્ત્ર ઓઢે છે, તેમ મિસર દેશથી નબૂખાદનેસ્સાર પોતાને શણગારશે, એવું યર્મિયાએ તેઓને કહી જણાવ્યું (૪૩;૧૨). વળી તેઓમાં ચાલતી મૂર્તિપૂજા તેણે વખોડી કાઢી, પણ આકાશની રાણીનું પૂજન કરવાનું અમે છોડી દીધું ત્યારથી જ આ બધું અમારા પર આવી પડ્યું છે, એવો તેઓએ તેને જવાબ આપ્યો (૪૪; ૧૧-૧૯). એથી ઊલટું તમારો દેશ ઉજ્જડ થવાનું એજ કારણ છે, એમ કહીને તમારામાંના ઘણા થોડા જ યહૂદાહ પાછા જવા પામશે, એવી યર્મિયાએ યહોવાને નામ તેઓને આગાહી કરી (૨૦-૨૮). વળી ફારૂન-હોફ્રાહનો પરાજય થશે ત્યારે મારી વાત સત્ય છે, તે તમે જાણશો (૨૯,૩૦). અને એમ જ બન્યું, કેમ કે જેમ યર્મિયાએ અગાઉથી કહ્યું હતું તેમ ૫૭૦ની સાલમાં નબૂખાદનેસ્સારે મિસર દેશનો ઉત્તર વિભાગ કબજે કરી લીધો.

બાબેલના બંદીવાસીઓને યર્મિયાએ ત્યાં રહેવાની તથા ત્યાં જ યહોવાની આરાધના કરવાની સલાહ આપી હતી (૨૯;૧૩). તો કયા કારણને લીધે તેણે યોહાનાન તથા તેના સાથીદારોને મિસર જઈને આવે તેવી તેઓ સંબંધી ઈશ્વરની પ્રધારણા હતી, પણ બીજા યહૂદીઓ મિસરમાં જઈને આશ્રય લે, એવી તેની ઈચ્છા નહોતી. "જો તમે સ્વદેશમાં રહેશો, તો હું તમારી સંસ્થાપના કરીશ. બાબેલના રાજાથી બીતા મા, કેમ કે તમને બચાવવાને સારુ હું તમારી સાથે છું." એવું ઈશ્વરે તેઓને વચન આપ્યું હતું (૪૨; ૧૦,૧૧). તે કારણને લઈને મિસરમાં જઈને આશ્રય લેવો એ ઈશ્વરત્યાગ કરવા બરાબર હતો.

યહૂદીઓમાં ચાલતી લોકકથા પ્રમાણે મિસરમાં યર્મિયાના જાતિભાઈઓએ તેને પથરા મારી મારી નાખ્યો. એ વાત ગમે તેવી હોય, તોપણ તેણે ઉઠાવેલી જહેમતનું પરિણામ ધૂમાડામાં બાચકા ભરવા જેનું નીવડ્યું હોય, એવો તે કથાનો અર્થ થાય છે. પ્રભુ ઈસુ સંબંધી એમ જ બન્યું (લૂ.૨૪;૨૧). તોપણ જેમ તેનો મરણસ્તંભ તેનું સિંહાસન બની ગયું, તેમ યર્મિયાએ કરેલા આત્મભોગથી તે વિજય પામ્યો. આજકાલ તે મહાન પ્રબોધકોમાંનો સૌથી મહાન ગણાય છે. તેના જીવનચરિત્ર તથા તેના ઉપદેશ તરફ જોતાં તે બીજા બધા પ્રબોધકો કરતાં ઈસુ સમાન દેખાય છે. જેવો તેનો ઉપદેશ તેવું તેનું આચરણ.

જ્યારે બંદીવાસના નનામા મોટા પ્રબોધકે યહોવાના દુઃખગ્રસ્ત સેવકની રૂપરેખા ચીતરી (યશ.૫૩), ત્યારે યર્મિયા સંબંધી તેના જાણવામાં જે આવ્યું હોય, તેને આધારે તેણે તે સેવકનું વર્ણન આલેખ્યું ન હોય, એમ માનવું મૂશ્કેલ છે. યર્મિયા દુઃખિત પુરુષ તથા દરદનો અનુભવી હતો. અપરાધીઓની સાથે તે ગણાયો; તેઓને સારુ તેણે રૂદન કર્યું, તેઓને સારુ તેણે કાલાવાલા કર્યા. તે સર્વ કારણોને લીધે પ્રભુ ઈસુની દયામય વર્તણૂક જોઈને માણસો બોલી ઊઠે, કે "આ તો યર્મિયા છે," એમાં કંઈ અજાયબ જેવું નહોતું (મા.૧૬;૧૪).

(૨) **તેનો ઉપદેશ.** યર્મિયાના ઉપદેશ સંબંધી ખાસ નોંધ કરવાની કંઈ જરૂર હવે રહેતી નથી. જેમ ઉપલા પ્રકરણમાં કહેવામાં આવ્યું, તેમ ખરો ધર્મસિદ્ધાંત એટલે શું તે તેણે પોતાના જીવનચરિત્રથી પ્રદીપ્ત કર્યું. તેની શીખવ્યા પ્રમાણે ખરી ધાર્મિકતાનાં બે મુખ્ય લક્ષણ છે : (૧) તે આધ્યાત્મિક છે, "હું મારો નિયમ તેઓનાં હૃદયમાં મૂકીશ" (૩૩), અને (૨) તે વ્યક્તિગત છે, "તેઓ સર્વ મને ઓળખશે" (૩૪). આ બે સત્ય વચનોનો ધ્વનિ ગીતશાસ્ત્રમાંનાં ઘણાં ગીતોમાં સંભળાય છે, જેમ કે

"તું યજ્ઞથી રીઝતો નથી, નહિ તો હું તે અર્પણ કરત :
ઈશ્વરના યજ્ઞો તો રાંક મન છે" (૫૧; ૧૬,૧૭).
"તારા વિના આકાશમાં મારો બીજો કોણ છે?
અને પૃથ્વી પર મારો બીજો કોઈ પ્રિય નથી" (૭૩;૨૫).

આવા ઉપદેશનું સંપૂર્ણ વિકસેલું ફૂલ નવા કરારમાં દેખાઈ આવે છે. ખરી ભક્તિ આધ્યાત્મિક છે, કેમ કે જે કોઈ ઈશ્વરપિતાનું ભજન આત્માથી તથા સત્યતાથી કરે, તેજ ખરો ભક્ત છે, એવું જગદ્‌ગુરુ ઈસુનું કહેવું છે (યો.૪;૨૪). ઈશ્વર સાથેની સંગત અંગત હોય છે. "ઈસુ જે ખ્રિસ્ત કહેવાય છે, તેને હું શું કરું?" (મા.૨૭;૨૨) એ સવાલનો જવાબ પ્રત્યેક માણસે પોતપોતાને સારુ આપવો જ જોઈએ. વળી ઉત્તમ ઘેટાંપાળક પણ પોતાનાં ઘેટાંને ઓળખે છે, અને જ્યારે તે તેઓને બહાર કાઢે છે, ત્યારે તે તેઓને નામ દઈને બોલાવે છે (યો.૧૦;૩).

યર્મિયાના એવા ઉપદેશનું બીજું પરિણામ થયું. ઈશ્વરની સાથે તેના દરેક સેવકને અંગત સંબંધ છે, તે માન્યતા જેમ જેમ પ્રચલિત થતી

ગઈ, તેમ તેમ માણસોનાં હૃદયમાં મૂએલામાંથી થનાર પુનરુત્થાનની આશાની ઝાંખી પણ થતી ગઈ.

(૩) જુદાં જુદાં પરદેશી રાજ્યોને લગતાં ભવિષ્યવચનો (અધ્ય.૪૬-૫૧),

(૪) યરુશાલેમના પતનનું વર્ણન (અધ્ય.૫૧).

અધ્યાયોની સાલવાર ગોઠવણ

આ પુસ્તકનું ઓળિયું જુદા જુદા સંપાદકોના હાથથી તૈયાર કરવામાં આવ્યું, તે આપણે જોઈ ગયા છીએ. તે કારણને લીધે તેના અધ્યાયો અનુક્રમે ગોઠવેલા નથી. યર્મિયા ૬૨૬ની સાલમાં પ્રબોધ કરવા લાગ્યો ખરો, પરંતુ ૬૦૪ની સાલ પહેલાં તેણે પોતાનાં વચનોની કંઈ પણ નોંધ કરાવી નહિ (૩૬;૪). વળી તે સાલમાં જે ઓળિયું તેણે બારૂખ શાસ્ત્રીની પાસે લખાવ્યું, તે જ્યારે યહોયાકીમ રાજાએ બાળી મૂક્યું, ત્યારે યર્મિયાએ બીજું અને પહેલાં કરતાં લાંબું ઓળિયું તૈયાર કરાવ્યું.

(૧) અધ્ય. ૧-૨૦. આ અધ્યાયોમાંના પ્રથમ બાર અધ્યાયો પ્રથમ લખેલા ઓળિયામાં સમાએલા હોય, એવો સંભવ છે (૯;૩૩-૧૦;૧૬નો વિભાગ "સત્પતિ" તરજૂમામાં દાખલ કરેલો નથી). "તેમના જેવાં જે બીજાં ઘણાં વચન" યર્મિયાએ બીજી વાર લખેલા ઓળિયામાં ઉમેર્યાં, તે અધ્ય. ૧૪-૨૦માં મળી આવે છે. (૧૩-૧૮ની કલમમાં યહોયાકીન તથા રાજમાતાની વાત આવે છે, તેથી તે આખો અધ્યાય ૫૯૭ની સાલનો સમજવો (૨ રાજા.૨૪;૧૨)).

(૨) અધ્ય. ૨૧; ૧-૧૦. યરુશાલેમને બીજી વાર ઘેરો ઘાલેલો હતો, તે સમયનો છે, એટલે ૫૮૮ની સાલની વાત.

૨૧; ૧૧-૨૩; ૪૦માં જુદા જુદા વર્ગના લોક, એટલે રાજાઓ (અધ્ય.૨૨), સરદારો (૨૩; ૧-૮), પ્રબોધકો (૯-૪૦) સંબંધી કરેલાં ભાષણનો સંગ્રહ મળી આવે છે. વર્ણવેલા રાજાઓ નીચે પ્રમાણે છે :--

યોશીયાહ તથા યહોઆહાઝ (૨૨; ૧૦-૧૨), યહોયાકીમ (૨૨; ૧૩-૧૯), અને યહોયાકીન (૨૨; ૨૦-૩૦).

(૩) અધ્ય.૨૪ તથા ૨૭-૨૯ સિદકીયાહના પ્રથમ બેચાર વર્ષના છે (૫૯૭-૫૯૩).

(૪) અધ્ય.૨૫મો ૬૦૪ની સાલનો છે, એટલે કાર્કમીશની

રણભૂમિમાં નબૂખાદનેસ્સારે ફારૂન-હોફાહને હરાવ્યો, તે પછીની સાલનો છે.

(૫) અધ્ય.૨૬માંનો સંબંધ અધ્ય.૭માની સાથે છે, ને યહોયાકીમની કારકિર્દીની શરૂઆતમાં એટલે ૬૦૮ની સાલનો છે.

(૬) અધ્ય.૩૦-૩૩ "દિલાસાનું પુસ્તક" કહેવાય છે, કે જે યર્મિયા હજુ ચોકીમાં હતો તે વખતે લખવામાં આવ્યું (૫૮૭ : ૩૨;૧)

(૭) અધ્ય.૩૪ ઘેરો ચાલતી વેળાનો છે (૫૮૮).

(૮) અધ્ય.૩૫ પ્રથમ ઘેરો ઘાલવામાં આવ્યા પહેલાં લૂંટારાઓની ટોળીઓ દેશ પર ચઢાઇ કરતી હતી, તે વખતનો છે (૫૯૮).

(૯) અધ્ય.૩૬માં યર્મિયાએ પોતાનાં ભાષણોનું એક ઓળિયું બારૂખની પાસે લખાવ્યું, તે જયારે બારૂખે લોકને વાંચી સંભળાવ્યું, ત્યારે તેનું જે પરિણામ આવ્યું, તે વિષે વર્ણન કરેલું છે (૬૦૪).

(૧૦) અધ્ય.૩૭-૪૪ના બે વિભાગ છે : (૧) ઘેરો દરમિયાન (૩૭-૩૯), ને (૨) યરુશાલેમનું પતન થયા બાદ યર્મિયાને શું શું કરવામાં આવ્યું તે (૪૦-૪૪). આ અધ્યાયો બારૂખની કલમે લખેલા હોય, તેમ જ પ્રસ્તાવના તરીકે તેણે અધ્ય.૩૬મો તથા સમાપ્તિ તરીકે અધ્ય,.૪૫મો ઉમેર્યો હોય, એમ કહેતાં બાધ નથી.

(૧૧) અધ્ય.૪૬-૫૧. (અ) આ અધ્યાયોમાં જુદાં જુદાં પરદેશી રાજ્યો સંબંધી યર્મિયાએ ઉચ્ચારેલાં ભવિષ્યવચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જયારથી કાર્કમીશ આગળ બાબેલના રાજાના હાથથી મિસરનો પરાજય થયો, ત્યારથી પશ્ચિમ આસિયાના તમામ દેશો બાબેલને તાબે થયા વિના રહેશે નહિ, એવી યર્મિયાની દૃઢ માન્યતા હતી (જુઓ અધ્ય.૨૫). અધ્ય.૪૬-૪૯માં તેમાંના કેટલાક જુદા જુદા દેશો વિષે યર્મિયાએ કહેલાં ભવિષ્યવચન મળી આવે છે, તે દેશો નીચે પ્રમાણે છે :--

(૧) મિસર (અધ્ય.૪૬), પલિસ્તીઆ (અધ્ય.૪૭), મોઆબ (અધ્ય.૪૮), આમ્મોન (૪૯; ૧-૬), અદોમ (૭-૨૨), દમસ્ક (૨૩-

૨૭), કેદાર (૨૮-૩૩), અને એલામ (૩૪-૩૯). ("LXX"ના તરજૂમામાં આ અધ્યાયો ૨૫;૧૩ ને ૧૪ વચ્ચે દાખલ કરેલા છે).

આમાં સમાએલાં કેટલાંક વચન યર્મિયાનાં ન હોય, એવો સંભવ છે. દા.ત.૪૯; ૧૯-૨૧માંનું વચન અદોમ વિરુદ્ધનું છે, પણ ૫૦; ૪૪-૪૬માં એજ વચન મળી આવે છે,ત્યાં તે બાબેલ વિરુદ્ધનું છે. ૪૮; ૩૪-૩૬ યશ.૧૫; ૪-૬ : ૧૬;૧૧ના જેવું છે, વગેરે. (એલામ દેશ બાબેલની પૂર્વ દિશાએ આવેલો છે, તે સંબંધીનું ભવિષ્યવચન ૫૯૭ની સાલનું છે (૪૯;૩૯)).

(આ) અધ્ય.૫૦,૫૧. આ બે અધ્યાયોમાં બાબેલ વિરુદ્ધ એક લાંબું તથા ઘણું કડવું વેણ સમાએલું છે. તે ભવિષ્યવચન યર્મિયાનું બોલેલું કહેવાય છે (૫૦;૧. "LXX"માં આ મથાળું નથી), પરંતુ એમ માનવું મુશ્કેલ છે. બાબેલ પ્રત્યે યર્મિયા હરહંમેશ સારો ભાવ રાખતો હતો. વળી આ વચનો બોલવામાં આવ્યાં, તે વખતે યહૂદીઓ બંદીવાસમાં ગએલા હતા, એવું ૫૦;૪,૬,૮,૧૭,૩૩ પરથી માલૂમ પડે છે, એટલે આ ભવિષ્યવચન યર્મિયાના સમય પછીનું છે, એમ સમજવું.

(૧૨) અધ્ય. ૫૨મો એકંદરે ૨ ૨૩.૨૪; ૮-૨૫,૩૦ પરથી ઉતારી લીધેલો છે.

નાહૂમ
("દિલાસો દેનાર")

નાહૂમનું પુસ્તક બીજા બધા પ્રબોધકોનાં પુસ્તકોથી જુદા પ્રકારનું જણાય છે. બીજાં પુસ્તકોમાં સમાએલા મુખ્ય વિષયો ત્રણ છે, એટલે ઇસ્ત્રાએલ તથા યહુદાહે કરેલો વિશ્વાસઘાત, તેને લીધે થનાર ન્યાયશાસન, અને ત્યાર પછી પાવન કરાએલા લોકની પુનઃસ્થાપના. નાહૂમના પુસ્તકમાં પણ પાપ તથા તેની શિક્ષાની વાત મળી આવે છે ખરી, પણ પાપ કરનાર તો આશ્શૂર રાજ્ય છે, અને જેના પર ન્યાયશાસન આવી પડવાની તૈયારીમાં છે, તે તો તેનું રાજનગર નિનવેહ છે. નિનવેહનું પતન ૬૦૬ની સાલમાં થયું, તેથી નાહૂમ દેવભક્ત રાજા યોશીયાની કારકિર્દીમાં પ્રબોધ કરતો હોય, તેમ જ યર્મિયા, સફાન્યા તથા હબાકકૂકનો સમકાલિન પણ હોય, છતાં યહુદાહમાં ચાલતી પરિસ્થિતિને લગતી એક પણ વાત તેના પુસ્તકમાં મળી આવતી નથી. તેનું મન આશ્શૂરે ગુજારેલા જોરજુલમમાં એટલું બધું પરોવાએલું હતું કે તે જાણે કે ઈશ્વરના ક્રોધથી ક્રોધાયમાન થએલો જણાય છે, જેથી ગર્વિષ્ઠ શત્રુના થનાર નાશ સિવાય તેના મુખમાંથ બીજું કાંઇ વચન નીકળતું નથી. નિનવેહની પાયમાલીની ખબર સાંભળીને સર્વ પ્રજાઓને કેટલો બધો આનંદ થશે! "જેટલાં તારી ખબર સાંભળશે તેઓ સઘળા તાળીઓ પાડશે; કેમ કે તારી દુષ્ટતા કોના પર સતત ચાલી ન હોય?" (૩;૧૯). "જે વધામણી લાવે છે...તેનાં પગલાં પર્વતો પર કેવાં શોભાયમાન છે," એવું બાબેલોનમાંના બંદીવાસના થનાર અંતના સમાચાર લાવનાર સંબંધી યશાયાના પુસ્તકના ઉત્તરાર્ધમાં લખેલું છે (૫૨;૭). તે અગાઉ સિત્તેર વર્ષે નાહૂમે એજ શબ્દોનું ઉચ્ચારણ કર્યું હતું--"જુઓ, વધામણી લાવનારનાં, શાંતિની જાહેરખબર આપનારનાં પગલાં પર્વતો પર દેખાય છે"--પણ તે સમયની વધામણી તો નિનવેહના નાશની હતી (૧;૧૫). "તેનું નિકંદન થયું છે!"

આ પુસ્તકમાં નિનવેહને લગતી વાત સિવાય બીજો કોઇ ઉપદેશ મળતો નથી, તો જૂના કરારના નિયમગણમાં તે કેમ દાખલ થવા પામ્યું, એવું પૂછવું સ્વાભાવિક છે. આશ્શૂરના ક્રૂર હાથથી યહુદાહ

તથા તેની આસપાસના દેશોને એટલું બધું વેઠવું પડ્યું હતું કે તેની પાયમાલીના સમાચાર સાંભળીને તેઓ અત્યાનંદ પામ્યા હોય, એવું તે સવાલના જવાબમાં કહી શકાય એમ છે. પરંતુ તેનો ખરો પ્રત્યુત્તર એથી ઊંડો છે. જેમ અગાઉ આમોસે અન્ય પ્રજાઓએ કરેલા ગુન્હાઓ વખોડી કાઢયા હતા (૧; ૩-૨;૩). તેજ રીતે દોઢસો વરસ વીત્યા બાદ તે ને તેજ પ્રકારના ગુન્હાઓને લીધે નાહૂમે આશ્શૂર રાજ્યને વખોડી કાઢ્યું. ઈશ્વરના જે સાર્વત્રિક નિયમો સર્વ માણસોના હૃદયપટ પર કોતરેલા છે, તે નિયમોનો ભંગ કર્યાને લીધે આશ્શૂરનો નાશ થવાનો હતો. "ઉદયથી કે અસ્તથી, કે દક્ષિણથી પણ ઉન્નતિ આવતી નથી; પણ ઈશ્વર છે, તે ન્યાયાધીશ છે, તે એકને પાડી નાખે છે, અને બીજાને ઊંચો કરે છે" (ગી.૭૫;૬). પાપ કરનાર એક વ્યક્તિ હોય કે એક પ્રજા હોય, તોપણ પાપનો મુસારો મરણ છે. દુષ્ટ માણસ અનુકૂળ જમીનમાં રોપેલા વૃક્ષની પેઠે ભલે વૃદ્ધિ પામે, પણ વહેલો કે મોડો ન્યાયશાસનરૂપી કુહાડો તેની જડ પર મૂકવામાં આવશે, અને તે ત્યાં થઈને જનારાના જોવામાં ફરી આવશે નહિ (ગી.૩૭;૩૬). નિનવેહનો નાશ આ નિયમનું એક આકર્ષક ઉદાહરણ છે.

આશ્શૂર રાજ્યે બે મોટા ગુના કર્યા હતા. (૧) તેની નિર્દયતા પાર વિનાની હતી, અને (૨) તે પોતાના તાબામાંના જુદા જુદા લોકને ચૂસી લેનાર હતો. (૧) તેની ક્રૂરતાનાં પ્રમાણ આજ સુધી મોજુદ છે, કેમ કે આશ્શૂર-બાનીપાલ નામના બાદશાહે જે જે વિજયસ્તંભ ઊભા કરાવ્યા હતા તે પર કેદીઓને રીબાવવાનું દૃશ્ય કોતરાવતાં તેણે કંઈ પણ આંચકો ખાધો નહિ. તેમને જે પીડા દેવામાં આવતી હતી, તે અવર્ણનીય છે. (૨) જે જે દેશોને આશ્શૂર કબજે કરી લે, તેની તમામ પ્રજાને લઈ જઈને નિનવેહની આસપાસના પ્રદેશમાં વસાવવાની તેની રીત હતી (૩;૧૦). બે વાર તેણે ઉત્તર ઇસ્ત્રાએલના લોકને એમ કર્યું હતું (૨ રા.૧૫;૨૯ : ૧૭;૬). તે કારણને લઈને નાહૂમે આશ્શૂરને સરોવરની ઉપમા આપી છે (૨;૮). જેમ ચારે બાજુથી વહી આવેલું વરસાદનું પાણી તળાવમાં ભરાઈ રહે છે, તેમ સર્વ દેશોમાંથી પકડાએલા કેદીઓને નિનવેહમાં વસાવવામાં આવ્યા હતા. તે ઉપરાંત નાહૂમ પ્રબોધકે આશ્શૂરને સિંહના બીલનું દૃષ્ટાંત પણ આપ્યું છે (૨;૧૧). જેમ સિંહ શિકાર કરીને સિંહણ તથા તેનાં બચ્ચાંને માટે

મારેલું માંસ તાણી જાય છે, તેમ આશ્શૂરના રાજાઓ જીતેલા દેશોની ધનદોલત લૂંટી લઈને પોતાના દરબારી લોકને વહેંચી આપતા. જેમ સિંહ વનમાં નિડરપણે ફરતો ફરે, તેમ અત્યાર સુધી આશ્શૂરના રાજાઓ દંભમાં વગર અટકાવે ચાલી આવ્યા હતા! પણ હવે "જો, હું તારી વિરુદ્ધ છું," એવું સૈન્યોનો દેવ યહોવા બોલ્યો છે (૩;૫). તો સિંહના બીલનું શું થયું? સિંહના બચ્ચાં રાડ પાડ્યા કરે, પણ હવે તેમને ખવડાવનાર કોઈ નથી. ક્રૂરતા તથા જોરજુલમનો બદલો આપોઆપ મળ્યા વગર રહેશે જ નહિ.

ઈશ્વર સંબંધી નાહૂમ કેવો ઉપદેશ કરતો હતો? "યહોવા સારો છે, સંકટ સમયે તે ગઢરૂપ છે, અને તેના પર ભરોસો રાખનારાઓને તે ઓળખે છે" (૧;૭). પણ "યહોવા આવેશી દેવ છે, ને તે બદલો લેનાર છે; યહોવા બદલો લે છે, ને તે ક્રોધાયમાન થયો છે" (૧;૨). "યહોવા કોપ કરવામાં ધીમો છે" (૧;૩), તોપણ વેરની વસૂલાતનો દિવસ જરૂર આવશે. બીજાની જબરદસ્તીએ સ્વદેશથી ખસેડાએલા લોક સદા તાબામાં ન રહે. ઘણા વખતથી આશ્શૂરના તાબામાંના કેદીઓ બંડ ઊઠાવવાનો પ્રપંચ કરી રહ્યા હતા; હવે તે સળગી ઊઠવાની તૈયારીમાં છે, તેના જુસ્સામાં આશ્શૂરના રાજ્ય તથા રાજનગરનો નાશ થયા વિના રહેશે નહિ.

અને તેમ જ બન્યું. પશ્ચિમ તરફના દેશો પર આશ્શૂર જે સત્તા ચલાવતું હતું, તેને ચઢાઈ કરનાર સ્કૂથીઓએ ભારે ધક્કો લગાડ્યો હતો (સફાન્યામાં જુઓ). વળી તેની પૂર્વ સરહદ પર રહેનાર માદી લોક તેને હેરાન કરવા મંડ્યા હતા (૬૨૬), તેઓને કબજે કરી લેવાને સારુ નબોપોલાસ્સરને મોકલવામાં આવ્યો. તેણે બંડ દાબી દીધું ખરું, પણ ત્યાર પછી સ્વતંત્ર થઈને તેણે બાબેલોનમાં ખાલદી રાજ્યની સ્થાપના કરી, જેથી જ્યારે માદીઓએ ફરી બળવો કર્યો (૬૦૭), ત્યારે નિનવેહ જીતી લેવામાં તેણે તેઓને મદદ કરી.

નિનવેહનો ઘેરો બે વર્ષ સુધી ચાલુ રહ્યો. તે ઘણું મોટું નગર હતું, તે તિગ્રિસ નદીને પૂર્વ કાંઠે બંધાએલું હતું. તેને સો ફૂટ ઊંચો ફરતો કોટ હતો, તેના પર ત્રણ રથ સાથે સાથે ચાલી શકે, એટલો તે પહોળો હતો. કોટને ફરતી પાણીથી ભરેલી મોટી ખાઈ પણ હતી

(૨;૬). એ ઘેરાનો અંત અચાનક આવ્યો, કેમ કે માદીઓએ નદીનો પ્રવાહ ખાળી દીધો. તેથી નદી તરફના કોટનો અમુક ભાગ તૂટી પડ્યો. પ્રાચીન વખતના એક ભવિષ્યવચન અનુસાર આમ થયું છે, એમ સમજીને બાદશાહે પોતાની સ્ત્રીઓને તથા પોતાના ખજાનાને રાજમહેલમાં લઇ જઇને તેને આગ લગાડી. આવી રીતે તે સર્વેને અગ્નિદાહ દેવામાં આવ્યો. ત્યાર પછી કોઇના અટકાવ વગર માદીઓએ શહેરમાં પેસીને તેને સમૂળગું બાળી મૂક્યું. તેનું નામનિશાન તેઓએ રહેવા દીધું નહિ. આવી રીતે નાહૂમની અગમવાણી અક્ષરશ : પૂર્ણ થઇ.

નાહૂમ તો સર્વ ગરીબો તથા દલિતોનો હિમાયતી છે. તેનો સંદેશો વેર લેવા વિષે તથા ન્યાયશાસનને લગતો છે ખરો, તોપણ તેનાં જુસ્સાભેર બોલેલાં વચનોની વચમાં આવું દિલાસાદાયક વચન આવેલું છે, કે "યહોવા સારો છે, સંકટ સમયે તે ગઢરૂપ છે" (૧;૭).

અનુક્રમણિકા

I ૧; ૧-૨;૨. બદલો લેનાર યહોવા. (૨;૧ પ્રમાણે માદીઓ નિનવેહ આગળ આવી પૅહોંચ્યા છે, તેથી નાહૂમ આશ્શૂરીઓને જાગી ઊઠવાની મશ્કરીરૂપ વિનંતી કરે છે).

II.(અ) ૨; ૩-૧૩, ઘેરાનું આબેહૂબ દૃશ્ય.

(આ) ૩; ૧-૧૯. ઘેરાનું બીજું વર્ણન.

કેટલીએક વિગતવાર નોંધ.

૧;૧. "નાહૂમ એલ્કોશી." નાહૂમ વિષે આટલું જ જણાવેલું છે. તેના નામનો ભાવાર્થ "દિલાસો" છે. તે એલ્કોશ ગામનો વતની હતો (સરખાવો "મીખાહ મોરાશ્તી"). તે ગામ ક્યાં આવેલું હતું, તેની આપણને કંઇ પણ ખબર નથી. પરંતુ ૧;૧૫માં યહૂદાહને લગતી જે વાત મળી આવે છે, તે પરથી નાહૂમ યહુદાહ દેશનો વતની હોય, એવું સંભવિત લાગે છે. (કાપરનાહૂમ=નાહૂમનુ ગામ. પરંતુ નાહૂમ પ્રબોધકનું ગામ બીજું હતું).

૨;૭. "હુસ્સાબ." આ શબ્દના અર્થની ખબર નથી. તે કોઇ રાણીને લગતો શબ્દ હશે, પણ તે વિશેષણરૂપ છે કે નામરૂપ છે, તે કહેવાય નહિ.

૩;૮. "નો-આમ્મોન." યર.૪૬;૨૫ પ્રમાણે આ નગર "નાનો આમોન" કહેવાતું હતું. હઝ.૩૦;૧૪માં તેનું નામ "નો" છે. આમોન સૂર્યદેવનું નામ હતું. તે શહેરનું સાધારણ નામ થેબ્સ હતું. તેનાં ભવ્ય મંદિરો તથા તેના પુષ્કળ દ્રવ્યને લીધે તે શહેર પ્રખ્યાત હતું.

નો-આમ્મોન મિસરના દક્ષિણ ભાગનું મુખ્ય શહેર હતું, તે નીલ નદીને કાંઠે બાંધેલું હતું. "તેનો કિલ્લો સમુદ્ર (એટલે નીલ નદી) હતો" (૩;૮), તેજ રીતે તિગ્રિસ નદીથી પણ નિનવેહનું રક્ષણ થતું હતું. પણ નદી, કોટ તથા નગરને ફરતી મોટી ખાઇ હોવા છતાં જેમ આશ્શૂરના રાજાએ ૬૪૪ની સાલમાં નો-આમોન જીતી લીધું હતું, તેમ તેના શત્રુની સામે નિનવેહનું પતન થશે, અને નો-આમોનના રહીશો પ્રત્યે આશ્શૂરે જેવું નિર્દય વર્તન ચલાવ્યું હતું (૩;૧૦), તેવું જ નિનવેહવાસીઓ પ્રત્યે ચલાવવામાં આવશે (૩;૧૫-૧૮).

હબાક્કૂક
("આલિંગન")

વિષયની બાબતમાં હબાક્કૂકનું પુસ્તક નાહૂમના પુસ્તક જેવું છે, એટલે સ્વદેશ પર નહિ, પણ એક પરદેશ પર આવનાર ન્યાયશાસન, એ જેમ નાહૂમના પુસ્તકનો મુખ્ય વિષય છે, તેમ હબાક્કૂકનો પણ એજ વિષય છે. પરંતુ તેમાં ફરક પણ છે. નાહૂમે આશ્શૂર રાજ્ય પર થનાર નાશનું આલેખન કર્યું, પણ હબાક્કૂકના પુસ્તકમાં બાબેલોન રાજ્યે કરેલા ગુન્હાઓ તથા તેને લીધે તે રાજ્યનો થનાર પ્રલય જાહેર કરાએલા છે. પુસ્તક નાનું છે ખરું, પણ તે પરથી દેવભક્તોની પ્રબોધવૃત્તિ વિષે ઘણું શીખી શકાય એમ છે.

૧. **સમય.** તે સમયનો ટૂંક ઈતિહાસ નીચે પ્રમાણે છે :-- યોશીયા રાજા ૬૦૮ની સાલમાં મગિદ્દોના રણક્ષેત્રમાં ફારૂન-નકોહને હાથે માર્યો ગયો હતો (૨ રા.૨૩;૨૯). યોશીયા મરણ પામ્યો, ત્યારે તેની કારકિર્દીમાં થએલી ધર્મજાગૃતિનો અંત પણ આવ્યો. યોશીયાને બદલે લોકે તેના ત્રીજા દીકરા યહોઆહાઝને ગાદીપતિ ઠરાવ્યો, પણ ત્રણ માસ પછી ફારૂન-નકોહ તેને કેદ કરીને મિસર લઈ ગયો, ને તેની જગાએ તેણે તેના મોટા ભાઈ યહોયાકીમને (યોશીયાનો બીજો દીકરો) ગાદીએ બેસાડયો. યહોયાકીમ રાજા તરીકે તદ્દન નકામો હતો (૨૨.૨૨;૧૩-૧૯). તેની કારકિર્દીમાં (૬૦૮-૫૯૭) મૂર્તિપૂજા તથા દરેક પ્રકારની દુષ્ટતા બધે ફેલાવા પામી. એટલામાં માદીઓ તથા ખાલદીઓના હાથે આશ્શૂર રાજ્યનો પરાજ્ય થયો, જેથી બીજી સાલે કાર્કમીશ રણભૂમિમાં ફારૂન-નકોહની હાર થયાથી એશિયા ખંડના સર્વ પશ્ચિમ દેશો બાબેલના રાજા નબૂખાદનેસ્સારના કબજામાં આવી ગયાં. તે વખતથી માંડીને તે યરુશાલેમનો નાશ થતાં સુધી યહુદાહના ઈતિહાસમાં નબૂખાદનેસ્સાર પ્રધાનસ્થાન ભોગવતો માલૂમ પડે છે. યર્મિયાના પુસ્તકની પ્રસ્તાવનામાં તે સમયનો પૂરો ઈતિહાસ મળી આવે છે. હવે તે અરસામાં એટલે ૬૦૬ ને ૬૦૫ની સાલ વચ્ચે હબાક્કૂક પ્રબોધક ઊભો થયો.

૨. **હબાકકૂક.** તેના નામનો અર્થ "આલિંગન" છે. વળી તે "પ્રબોધક" કહેવાતો હતો (૧;૧ : ૩;૧). તે સિવાય તેના વિષે બીજું કંઈ જણાવેલું નથી. અમુક રાગ પ્રમાણે તેણે પોતાની પ્રાર્થના રચી (૩;૭), જે ઉપરથી તે સંગીતમાં પ્રવીણ હોય, એવું અનુમાન કરી શકાય છે. તેના વિષે ચાલતી જુદી જુદી દંતકથાઓ ઉપરથી તે પ્રખ્યાત દેવભક્ત જણાય છે. દા.ત.આપોક્રિફામાં "બેલ તથા અજગર" નામની વાર્તામાં કહેલું છે, કે એક દિવસ કાપણી વખતે હબાકકૂક પોતાના નોકરોને સારુ ખેતરમાં ખાવાનું લઈ જતો હતો, એટલામાં એક દેવદૂતે તેના વાળ પકડીને તેને ઊંચકી લઈને જ્યાં દાનિયેલ સિંહોના બીલમાં પડેલો હતો, ત્યાં તેને ઊતાર્યો. તેની ઝોળીમાં જે ભાતું હતું, તે ખાઈને જે સાત દિવસ (તે વાર્તા પ્રમાણે) દાનિયેલની બીલમાં રહેવું પડ્યું, તે દરમિયાન તે ટકી રહી શક્યો.

પુસ્તક ટૂંકું છે, તોપણ તેમાંથી પ્રબોધકના ધાર્મિક સ્વભાવ વિષે ઘણી ઘણી સૂચનાઓ હાથ આવે છે. પોતાના લોકનું દુરાચરણ જોઈને તે ઘણો ખેદિત થતો હતો ખરો, તોપણ તેમનાં પાપકર્મને લીધે થનારી શિક્ષા વ્યાજબી છે, એવું તે કબૂલ કરતો હતો (૧; ૨-૪). પરંતુ જે લોકને હાથે ઈશ્વર તેઓને શિક્ષા કરાવવા માગતો હતો, તેઓ સંબંધી હબાકકૂકને મનમાં શંકા આવી. આખરે પ્રાર્થના તથા મનનદ્વારા તેની શંકાનું કેવું સમાધાન થયું, તેનું વર્ણન તેણે પોતાના પુસ્તકમાં કરેલું છે. પુસ્તકની અનુક્રમણિકા પરથી એ વાતનું સ્પષ્ટીકરણ થશે.

૩. અનુક્રમણિકા

(૧) અધ્ય.૧. પ્રબોધ આરંભતાં હબાકકૂકે યહુદાહ દેશની ભ્રષ્ટ થએલી પરિસ્થિતિ જાહેર કરેલી છે. તેની થતી અધોગતિ તેનાથી સહન કરાઈ નહિ, યહૂદાહ શિક્ષાપાત્ર છે, એવું તેણે કબૂલ કર્યું (૧-૪).

હબાકકૂક એવો ઉપદેશ કરતો હતો, એટલામાં દેવવાણી તેના સાંભળવામાં આવી. યહુદાહને શિક્ષા કરવાનું સાધન ઈશ્વરે ક્યારનુંય તૈયાર કરેલું છે, એમ તેને કહી સંભળાવવામાં આવ્યું. ત્યાર પછી ખાલદીઓનું પરાક્રમ, તેઓનો ગર્વ, તેઓની ક્રૂરતા તથા પોતાના શત્રુઓને કચરી નાખવાનો તેઓનો જુસ્સો, એ સર્વે જણાવેલું છે. તેઓનું બળ એજ તેઓનો દેવ છે, એમ કહેલું છે (૧૧). તોફાનની પેઠે તેઓ આગળ ધસી આવશે. જેમ માછીમાર માછલાં પકડે છે, તેમ

તેઓ માણસોને પોતાની જાળમાં પકડીને લઇ જાય છે (૫-૧૧).

ન્યાયશાસનનું એવું સંદર્શન હબાકકૂકને થયું. યર્મિયા ને હઝકીએલને જ્યારે એના જેવાં જ દર્શન થયાં, ત્યારે તે દ્વારા અપાએલો સંદેશો તેઓએ આનાકાની કર્યા વગર સ્વીકારી લીધો. પણ હબાકકૂકે એમ કર્યું નહિ. વિચાર કરતાં કરતાં તેના મનમાં એવો પ્રશ્ન ઉપસ્થિત થયો કે શિક્ષા કરનાર ખાલદીઓ મૂર્તિપૂજક છે. તેઓ પોતાનાં શસ્ત્રોની પણ પૂજા કરે છે; તેઓ શિક્ષાપાત્ર યહૂદીઓ કરતાં વધારે ભૂંડા છે. તો એવો અન્યાય ઇશ્વર કેમ સહન કરી શકે? (૧૨-૧૭) તે પ્રશ્ન જગત જેટલો પુરાણો છે. યર્મિયાને એજ શંકા આવી હતી, અને અયૂબના પુસ્તકમાં જે વાતનું નિરૂપણ કરેલું છે, તે પણ એના જેવો જ છે.

(૨) અધ્ય. ૨. હબાકકૂકે પોતાને નડતો સવાલ ઇશ્વરની આગળ રજૂ કર્યો. પ્રાર્થનારૂપ બુરજ પર ચઢીને એ પ્રશ્નોનો જવાબ મેવવવા માટે તે ઇશ્વરની રાહ જોતો હતો. આ તો મનોહર દેખાવ છે, તે દ્વારા મહાન પ્રબોધકોનાં આત્મિક જીવન પર ઘણો પ્રકાશ પડે છે વખત જતાં ઇશ્વર તરફથી જે પ્રત્યુત્તર મળ્યો તે આ પ્રમાણે છે : ધીરજ રાખજે. ઇશ્વરનો ઇરાદો વિકાસ પામતાં વાર લાગે છે. દર્શનને વિલંબ તો થાય, પણ આખરે તે આવશે જ આવશે. ત્યાર પછી ઇશ્વરની વાટ જોનાર પ્રબોધકને માનવી જીવનનો નૈતિક પાયો શું છે, તે કહી જણાવવામાં આવ્યું. "તેનું (એટલે ખાલદીનું) મન ફૂલાઇ ગયું છે, તે તેની અંદર પાધરૂં નથી; પણ ન્યાયી પોતાના વિશ્વાસથી (મૂળાર્થ=વિશ્વાસુપણાથી) જીવશે" (૧-૪). એકના ઘરનો પાયો રેતી પર નાખેલો છે, અને બીજાનો પાયો ખડક પર નાખેલો છે. રેલ આવશે ને વાવાઝોડાં થશે, ત્યારે તે બે ઘરની કેવી જુદી જુદી હાલત થશે, તે પ્રબોધકને જણાવવાની જરૂર નથી. આ તો સાર્વજનિક નિયમ છે, તેથી તે સહેલાઇથી ઊકેલી શકાય. હબાકકૂકને તે સ્પષ્ટ રીતે પાટીઓ પર લખવાનો હુકમ કરવામાં આવ્યો. ("જે તે વાંચે, તે દોડે" =દોડતાં દોડતાં પણ વાંચી શકાય, એવા મોટા અક્ષરોથી તે લખવો. સરખાવો યશ. ૮;૧).

ન્યાયી "પોતાના વિશ્વાસુપણાથી" એટલે પોતાની ઇશ્વરપરાયણતાથી જીવશે, એ વચનમાં અને "પોતાના વિશ્વાસથી"

જીવશે એ બેમાં ફેર છે. બે જુદી જુદી વખતે પાઉલ પ્રેરિતે પોતાના પત્રોમાં તે વાક્યનો ઉપયોગ કર્યો છે (રોમન.૧;૧૭ : ગલા.૩;૧૧), અને તે બંને ઠેકાણે વિશ્વાસ શબ્દ મળી આવે છે. તેનું કારણ એ છે, કે પાઉલે તે વચન હેબ્રી શાસ્ત્ર પરથી નહિ, પણ તેના LXXના ભાષાંતર પરથી ઉતાર્યું હતું. LXXમાં મૂળ શબ્દનો તરજુમો "વિશ્વાસ" કરેલો છે. પરંતુ ખરું જોતાં વિશ્વાસમાં અને વિશ્વાસુપણામાં કંઈ ફરક નથી. વિશ્વાસુપણું એ રાખેલા વિશ્વાસનું ફળ છે. થનાર અંતનું દર્શ હબાકકૂકના જોવામાં આવ્યું નહિ, પણ ઈશ્વર પોતાના ન્યાયી સેવકોનું રક્ષણ કર્યા વગર રહેશે નહિ, એવો તે દૃઢ વિશ્વાસ રાખે છે. પણ તે કરતાં આપણો વિશ્વાસ વિશેષ તેજસ્વી હોવો જોઈએ, કેમ કે આપણું જીવન "ખ્રિસ્તની સંઘાતે ઈશ્વરમાં ગુપ્ત રાખેલું છે," એ ખાસ જ્ઞાન આપણને મળેલું છે (કોલોસી.૩;૩).

પ્રબોધકના મનમાંથી સર્વ સંદેહ કાઢી નાખવામાં આવ્યો, ત્યારે તેણે ખાલદીઓ પર આવી પડનાર પાંચ અફસોસ જાહેર કર્યા, એટલે :- (૧) સર્વ દેશોને પોતાને કબજે કરી લેવાની તેમની તત્પરતાને લીધે તેઓને અફસોસ (૫-૮). (૨) લૂંટ પડાવી લેવાના તેમના લોભને લીધે અફસોસ (૯-૧૧). (૩) રક્તપાત કરીને નગરો બાંધવાના તેઓના શોખને લીધે અફસોસ (૧૨-૧૪). ભવ્ય મકાનો બંધાવવાના શોખને લીધે નબૂખાદનેસ્સાર નામાંકિત છે. બાબેલોન શહેરની શોભા જગજાહેર થાય, એવો તેણે તેના દેખાવમાં સુધારોવધારો કર્યો. (૪) ખંડિયા રાજાઓ તથા પ્રજાઓ પ્રત્યે તેઓના ધિક્કાર સહિતના વર્તનને લીધે અફસોસ (૧૫-૧૭). (૫) તેઓમાં ચાલતી મૂર્તિપૂજાને લીધે અફસોસ (૧૮-૨૦). ઉપરોક્ત અફસોસમાંનાં બે અફસોસ વચનમાં દ્રાક્ષારસ (૫) તથા મદ્યની વાત (૧૫) આવેલી છે. પરંતુ કલમ ૫મીની મૂળ ભાષાનો કંઈ સ્પષ્ટ અર્થ કરી શકાય એમ નથી. દ્રાક્ષારસ તો નહિ, પણ "અન્યાયી માણસ" જેવી કોઈ વ્યકિત સૂચવનારો એ શબ્દ હોવો જોઈએ. કલમ ૧૫માં મદ્યની જે વાત છે, તે જીતેલા લોક પ્રત્યેની ખાલદીઓની નિર્દય વતર્ણૂકની ઉપમા છે. તેઓ તેમને શરમાવવામાં આનંદ માણે છે.

કલમ ૨૦માં મળતા સરસ દૃષ્ટાંત વડે નિર્જીવ મૂર્તિઓ અને જીવતા ઈશ્વરમાં આભ જમીનનો જે તફાવત છે, તે દર્શાવેલો છે.

"પણ યહોવા તેના પવિત્ર મંદિરમાં છે;
તેની આગળ આખી પૃથ્વી ચૂપ રહો."

(૩) અધ્ય. ૩. આમાં પદ્યરૂપે પ્રબોધકે કરેલી પ્રાર્થના સમાએલી છે. તે શિગ્યોનોથ નામના રાગ પ્રમાણે ગોઠવેલી છે (ગીત.૭નું મથાળું), ખરું જોતાં પ્રબોધકે કરેલી પ્રાર્થના કલમ બીજીમાં જ સમાએલી છે, એટલે "હે યહોવા, વર્ષોની મધ્યે (એટલે આજકાલ) તારા કામનું પુનર્જીવન કર...કોપમાં દયા સંભાર." જે "કામનું પુનર્જીવન" હબાકકૂક જોવા માગતો હતો, તે મિસરમાંથી યહોવાએ ઇસ્ત્રાએલીઓને છોડાવ્યા, તે તારણસાધક મહાન કાર્ય હતું. શત્રુઓના તેમ જ પાપના બંધનમાંથી ઈશ્વર ફરીથી ઊતરીને પોતાના લોકને છોડાવે, એવી પ્રબોધકની તીવ્ર ઇચ્છા હતી, તેથી ગીતની બાકીની કલમોમાં (૧૫ સુધી) નિર્ગમનની વેળાએ થએલા આશ્ચર્યકારક બનાવોનું વર્ણન કરેલું છે. તેમ બનવાનું શું કારણ હતું, એવો પ્રબોધકના મનમાં સવાલ ઉપસ્થિત થયો (૮-૧૧), કે તરત તેની એવી સૂઝ પડી, કે યહોવાએ પોતાના લોકના ઉદ્ધારને સારુ એવાં અદ્‌ભુત કાર્યો હતાં (૧૨-૧૫). નિર્ગમનની વાતોનું મનન કરતાં કરતાં હબાકકૂકને જરા શંકા આવી હતી ખરી, પરંતુ થોડી જ વારમાં પ્રથમના જેવી શાંતિ તેને પ્રાપ્ત થઇ, જેથી ઈશ્વરનું જયગાન કરીને તેણે પોતાનું પ્રાર્થનારૂપ ગીત સમાપ્ત કર્યું. વિશ્વાસથી તેણે જગત પર જીત મેળવી હતી (૧ યો.૫;૪). જો કે સર્વ પાર્થિવ વાનાં ખૂટી જાય, તોય મોક્ષદાતા ઈશ્વરમાં આનંદ કરવાનો તેણે દૃઢ નિશ્ચય કર્યો (૧૮). "કેમ કે મારી ખાતરી છે, કે મરણ કે જીવન.....ઊંચાણ કે ઊંડાણ, કે કોઇ પણ બીજી સૃષ્ટ વસ્તુ દેવની જે પ્રીતિ ખ્રિસ્ત ઈસુ આપણા પ્રભુમાં છે, તેનાથી આપણને જુદા પાડી શકશે નહિ" (રોમન.૮;૩૮,૩૯), એવો જે સમાપ્તિરૂપ જયપોકાર પ્રેરિત પાઉલે રચેલા ખ્રિસ્તમય જીવન વિષેના ગીતમાં મળી આવે છે, તેવું જ હબાકકૂક પ્રબોધકના ગીતનું સમાપ્તિવચન પણ છે.

હઝકિયેલ
("દેવ સામર્થ્યવાન છે")

૧. **સમય.** યરુશાલેમના પ્રથમ પતન વખતે એટલે ૫૯૭ની સાલમાં, જે યહૂદીઓને બાબેલોનના બંદીવાસમાં લઈ જવામાં આવ્યા, તેઓમાંનો એક હઝકિયેલ હતો. ત્યાર પછી ૫૯૨ની સાલમાં પ્રબોધક થવાનું તેનું તેડું થયું (૧;૨). યરુશાલેમનું બીજું પતન ૫૮૬ની સાલમાં થયું. હઝકિયેલના મુખનું છેલ્લું વચન ૫૭૦ની સાલમાં બોલવામાં આવ્યું (૨૯; ૧૭-૨૧). હવે ૬૨૬ની સાલમાં યર્મિયાહ પ્રબોધકની પ્રતિષ્ઠા થઈ હતી, અને તેનું બોલેલું છેલ્લું વચન આશરે ૫૮૪ની સાલનું હતું, તેથી હઝકિયેલ હજી જુવાન હતો, એ દરમિયાન યર્મિયા તેના જોવામાં આવ્યો હશે અને તેનો ઉપદેશ તેના સાંભળવામાં આવ્યો હશે, એવું અનુમાન કરી શકાય, એમ છે. હઝકિયેલના મન ઉપર યર્મિયાએ કરેલાં બોધની કેટલી બધી અસર થઈ, તે આગળ જતાં જોવામાં આવશે,

૨. **હઝકિયેલ.** તેના જીવનચરિત્રની આપણને ઘણી ઓછી માહિતી છે. તે યાજકવર્ગનો હતો (૧;૩). તેલ-આબીબ (=ઘઉંનો ઢગલો) નામનો જે પડાવ પાણી પાવાના એક મોટા નાળાને કાંઠે હતો, ત્યાં બીજા બંદીવાસીઓની સાથે તે રહેતો હતો (૩;૧૫). તે પરણેલો હતો, તેની સ્ત્રીનું અચાનક મરણ થયું (૨૪; ૧૫-૧૮). તેણે કરેલી આત્મકથા થોડી જ છે ખરી, પણ તેમાં યરુશાલેમની રાજકીય તથા ધાર્મિક પરિસ્થિતિનું તેણે સવિસ્તર વર્ણન કરેલું છે, તેમજ બંદીવાસીઓની પણ થોડીઘણી માહિતી તેણે આપેલી છે.

૩. **તેનું પુસ્તક.** યશાયા તથા યર્મિયાનાં ઓળિયાંથી હઝકિયેલનું ઓળિયું તદ્દન જુદું છે. તેના પૃષ્ઠ ઘણી કાળજીથી ગોઠવવામાં આવ્યાં છે. તેના જુદા જુદા અધ્યાયો (૨૯; ૧૭-૨૦ સિવાય) સાલ વાર ગોઠવેલા છે, અને દરેક પ્રકરણને મથાળે તારીખ સૂચવતી નોંધ પણ કરેલી છે. વળી પુસ્તકની રૂપરેખા તેમ જ તેનો સંદેશો ખુલ્લાં છે. જુદા જુદા પરદેશો સંબંધીના અધ્યાયો (૨૫-૩૨) જો આપણે પડતા મૂકીએ, તો બાકીના અધ્યાયોના મુખ્ય વિષયો નીચે પ્રમાણે છે : (૧) ઇસ્ત્રાએલની શિક્ષાપાત્ર હાલત (૧-૨૪), (૨) તેનું

શુદ્ધિકરણ (૩૩-૩૯), અને (૩) તેની પુનઃઘટના (૪૦-૪૮). પણ પરદેશી પ્રજાઓ એ ઇસ્ત્રાએલને સજા કરાવવાનું ઈશ્વરનું નિર્મિત સાધનરૂપ હતું, તેથી તે કાર્ય તેઓ પતાવી રહ્યા, ત્યારે યરુશાલેમ નવેસરથી બંધાય તે માટે તેઓને ખસેડવાની જરૂર હતી, તે કારણને લીધે પુસ્તકની ઉપરોક્ત રચના કરવામાં આવી. પુસ્તકની રૂપરેખા સ્પષ્ટ હોવાને લીધે તેના ઉપદેશની વ્યાખ્યા કર્યા પહેલાં તેની અનુક્રમણિકાની તપાસ કરવામાં આવે તો સારું.

અનુક્રમણિકા

A. અધ્યાય. ૧-૨૪. ઇસ્ત્રાએલની ભ્રષ્ટાવસ્થા તથા યરુશાલેમના થનાર નાશને લગતાં વચન.

હઝકિયેલ બાબેલોનના બંદીવાસમાં પડલો હોવા છતાં તેના પુસ્તકમાં વર્ણવેલી લગભગ બધી વાતો યરુશાલેમમાં ચાલતી ધર્માંધતા સંબંધીની છે. એ તો સ્વાભાવિક છે, કેમ કે યરુશાલેમવાસીઓની પેઠે (૨૨.૭;૪) બંદીવાસીઓ પણ યરુશાલેમના મંદિર પર ભરોસો રાખનાર હતા. બંદીવાસીઓની આગળ તેવો જ વિશ્વાસ રાખવાનો બોધ કરનારાં પ્રબોધકો તથા પ્રબોધિકાઓ બાબેલોનમાં પણ રહેતાં હતાં (૧૩:૨૨.૨૯;૨૧). એવા વિશ્વાસની વ્યર્થતા હઝકિયેલ પ્રગટ કરતો હતો, તોપણ જ્યાં સુધી યરુશાલેમના પતનના સમાચાર બાબેલોન પહોંચ્યા નહોતા, ત્યાં સુધી બંદીવાસીઓ તેના બોધની અવગણના કરતા હતા. તે સમાચારના આવ્યાથી જ્યારે હઝકિયેલનો ઉપદેશ સાબિત કરવામાં આવ્યો, ત્યારે જ અમારામાં એક પ્રબોધક ઊભો થયો છે, એવું બંદીવાસીઓ સમજી ગયા (૩૩;૩૩).

લોકના હઠીલા મનોભાવને લીધે ઈશ્વરે હઝકિયેલને મૂંગો રહેવાનું ફરમાવ્યું (૩;૨૬). એકાંતમાં જે કોઈ તેની મુલાકાત કરવા આવે, તેની સાથે તે વાત કરવા રાજી હતો ખરો (૮;૧ : ૧૪;૧ :૨૦;૧ : (૧૧,૨૫)), પણ તે જાહેરમાં ઉપદેશ કરતો નહોતો. પરંતુ યરુશાલેમના પતનની ખબર લાવનાર ખેપિયો બાબેલોન જઈ પહોંચ્યો, કે તરત ઈશ્વરે પોતાના વચનાનુસાર તેનું મુખ ખોલ્યું, જેથી તેને ફરીથી જાહેરમાં બોધ કરવાની છૂટ મળી (૩૩;૨૨). વળી ઇસ્ત્રાએલની પુનઃસ્થાપનાનું તેને દર્શન થયું, ત્યારે તેને જેટલું દેખાડવામાં આવ્યું હતું, તે બધું સર્વ લોકને કહી સંભળાવવાની તેને ખાસ આજ્ઞા

આપવામાં આવી (૪૦;૪ : ૪૩;૧૦). તે મૂંગો રહેતો હતો, તે વખત દરમ્યાન તે ઘણી વાર કૃત્યોમા દ્વારા બોધ કરતો હતો. (અધ્ય. ૪,૫,૧૨) પરંતુ તે કૃત્યોમાંનાં કેટલાંએક કરેલાં કાર્યરૂપ તો નહિ, પણ બોલેલાં દૃષ્ટાંતરૂપ હોય, એવો સંભવ છે (દા.ત ૪;૪).

૧. અધ્ય.૧-૩ હઝકિયેલનું તેડું તથા તેની પ્રતિષ્ઠા

(૧) ૧; ૧-૨૮. યશાયા અને યર્મિયાનુ જે તેડાં થયાં હતાં, તેનાથી હઝકિયેલનું તેડું તદ્દન જુદું હતું. યશાયાએ પ્રભુને જોયો (૬;૧). યર્મિયાએ દેવવાણી સાંભળી (૧;૪). હઝકિયેલ સંદર્શન થયું, તે અવર્ણનીય પણ હતું. જે તેના જોવામાં આવ્યું, તેનું વર્ણન માત્ર ચિહ્નોદ્વારા કરી શકાય, એવું તે દર્શન હતું. તે "ફલાણાના જેવું," "ફલાણા દેખાવનું" હતું, એવું કહેતાં કહેતાં તેણે તેનું આલેખન કર્યું છે. આંધીરૂપ મહા વાદળની અંદર ચળકતો અગ્નિ (૪), ચાર પ્રાણીઓ (૫), આંખોથી ભરપૂર પૈડાં (૧૮) એ સર્વથી યહોવાનો રથ બનેલો જણાય છે. તેનાં પૈડાંમાં પ્રાણીનો આત્મા હતો (૨૦). ("પ્રાણી" એકવચનરૂપ છે, કેમ કે ચારે પ્રાણીઓ એકરૂપ હતાં). એ પ્રાણીનાં જે ચાર જુદાં જુદાં મુખ હતાં, તે ચારે જુદી જુદી દિશા તરફ વળેલાં હતાં, અને "જ્યાં આત્માને જવું હોય, ત્યાં તેઓ જતાં" (૧૨,૨૦). આવી રીતે જુદાં જુદાં ચિહ્નોની મારફતે હઝકિયેલ (૧) ઈશ્વરનું સર્વસામર્થ્ય, (૨) તેની સર્વવ્યાપકતા તથા (૩) તેની સર્વજ્ઞતાનું વર્ણન કરવા માગતો હતો.

ત્યાર પછી તેને થએલા ખુદ યહોવાના દર્શનનું વર્ણન કરવામાં આવે છે, તે પણ ચિહ્નો દ્વારા કરેલું છે. વાદળરૂપ રથ ઉપર ઘુમટ જેવો દેખાવ હતો (૨૨). મોટી રેલના જેવો અવાજ સાંભળવામાં આવતો હતો (૨૪). ઘુમટ ઉપર રાજ્યાસનનો આભાસ પડતો હતો, તે રાજ્યાસનની પ્રતિમા પર બેઠેલા એક મનુષ્ય જેવો દેખાતો હતો (૨૬). આવું દર્શન નિહાળીને માણસ ભયભીત થઇ જાય, પરંતુ જેથી તેનો બિહામણો દેખાવ પ્રબોધકથી સહન થાય, એવું તેનું એક તત્ત્વ હતું, એટલે તેનો ચળકાટ વરસાદને સમયે થતાં મેઘધનુષ્યના જેવો હતો (૨૮). હવે મેઘધનુષ્ય તો ઈશ્વરના અનુગ્રહનું ઠરાવેલું ચિહ્ન છે (ઉત.૯;૧૩). યહોવાના ગૌરવના આવા દર્શનની સમક્ષ હઝકિયેલે સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા.

આ દર્શન પુસ્તકની પ્રસ્તાવનારૂપ છે. વળી પુસ્તકમાં સમાએલા સર્વ બોધના તે પાયારૂપ છે. તેમાં સૂચવાએલી કેટલીક વાત નીચે પ્રમાણે છે :--

(૧) **ઈશ્વર બધે સન્નિધ છે.** માત્ર યરુશાલેમમાં જ તેના ભક્તો તેનાં દર્શન પામી શકે, એમ નથી. બાબેલોનમાં પણ બંદીવાસીઓની મધ્યે તે પોતાનાં સેવકોને દર્શન દે છે, અને તેઓને પોતાની વાણી સંભળાવે છે. (૨) જો કે તેનું રાજ્યાસન ઉચ્ચ તથા ઉન્નત છે, તોપણ જેટલા તેને હાંક મારે છે, તેઓ સઘળાની પાસે ને પાસે તે છે. તે જીવંત દેવ છે. વળી તે વ્યક્તિરૂપ પણ છે. તેના દેખાવનું ચિત્ર આપવા સારુ હઝકિયેલે મનુષ્યનું દૃષ્ટાંત વાપર્યું છે (૨૬). (૩) આખું દર્શન ઈશ્વરની અવર્ણનીય પવિત્રતા સૂચવે છે. આંધીરૂપ વાદળની મધ્યે, એટલે ઈશ્વરના વાહનની મધ્યે, સતત ચમકતો અગ્નિ દેખાઈ આવતો હતો (૪). (૪) એનું એજ દર્શન હઝકિયેલને વખતોવખત થતું હતું. મંદિરમાં ચાલતી અશુભ ધર્મક્રિયાઓ જેણે તેને દેખાડી, તે એજ પરમપવિત્ર યહોવા હતો (૮;૨). જેણે ભ્રષ્ટ થએલું યરુશાલેમ બાળી નાખવાની આજ્ઞા આપી, તે એજ હતો (૧૦; ૧,૨). અન્યાયનું નગર તજી દઈને જે જતો રહ્યો, તે એજ ન્યાયી પ્રભુ હતો (૧૧; ૨૨,૨૩), અને શુદ્ધ કરાએલા નગરમાં સદા રહેવા સારુ જે પાછો આવ્યો, તે એજ પરમપવિત્ર, પરમકૃપાળુ યહોવા હતો (૪૩; ૧-૩). તે કારણને લીધે તેના તેજ અર્થનું વચન પુસ્તકમાં મળ્યા કરે છે, એટલે કે "ઈસ્ત્રાએલની મધ્યે હું મારું નામ પ્રગટ કરીશ, અને હું યહોવા ઈસ્ત્રાએલનો પવિત્ર દેવ છું, એવું સર્વ પ્રજાઓ જાણશે" (૩૬;૨૩, વગેરે).

(૨) **૨; ૧-૭. હઝકિયેલનું તેનું "મનુષ્યપુત્ર"** એ સંજ્ઞાથી હઝકિયેલને દરેક પ્રસંગે સંબોધવામાં આવતો હતો. તે સંજ્ઞા સોએક વખત મળી આવે છે. ઈશ્વરના સામર્થ્યની સાથે તેને સરખાવતાં તે માણસની નિર્બળતા સૂચવે છે. ઊભો થઈને હઝકિયેલ ઈશ્વરની સાથે વાત કરી શકે, તે માટે ઈશ્વરે તેને આત્માથી વેષ્ટિત કર્યો (૨). તેને સોંપેલું સેવાકાર્ય ઘણું અઘરું હતું. જેઓની પાસે તેને મોકલવામાં આવ્યો, તેઓ સ્વભાવે ઉદ્ધત, બંડખોર તથા કઠણ હૃદયના હતા, તોપણ તેઓ જાણશે કે તેઓમાં એક પ્રબોધક ઊભો થયો છે, એવું તેને ઉત્તેજનદાયક વચન આપવામાં આવ્યું (૫).

(૩) ૨; ૮-૩;૧૫. **તેનો સંદેશો.** જે સંદેશો તેણે પ્રગટ કરવાનો હતો, તે ઈશ્વરપ્રેરિત હતો. "પ્રભુ યહોવા આમ કહે છે," એમ તારે બોલવું, એવી તેને દેવવાણી થઈ (૨;૪:૩;૧૧,૨૭). જ્યારે યશાયાને તેડવામાં આવ્યો, ત્યારે જે વાત તેણે જાહેર કરવાની હતી, તે યહોવાએ તેને કહી સંભળાવી (૬;૯). જ્યારે યર્મિયાનું તેડું થયું, ત્યારે યહોવાએ તેના મુખને અડકીને પોતાનાં વચન તેના મુખમાં મૂક્યાં (૧;૯). પણ પુસ્તકના ઓળિયાની મારફતે ઈશ્વરે પોતાનો સંદેશો હઝકિયેલને જણાવ્યો (૩;૧). આ તો અર્થસૂચક વાત છે. જે ઓળિયું ૬૨૧ની સાલમાં મંદિરની મરામત કરનારાને મળી આવ્યું, તેમાં લખેલાં વચનની ઘણી ઊંડી અસર આખા સમાજ પર થઈ હતી, ત્યારથી લેખિત બોધને વધારે માન આપવામાં આવતું હતું.

પરંતુ હઝકિયેલ ઓળિયું હાથમાં લઈને તે વાંચે, એટલું બસ નહોતું. ઈશ્વરે તેને તે ખાઈ જવાની આજ્ઞા આપી, એટલે તે તે વાંચે, સમજે, ને માની લે, અને વિશેષે કરીને તે તેને પોતાના હૃદય તથા જીવનમાં ઊતરવા દે એ અવશ્યનું હતું. ઓળિયામાં સમાએલાં અફસોસ વચન હતાં ખરાં, તોય તે તેના મોંમાં મધ જેવાં ગળ્યાં લાગ્યાં હતાં. ઈશ્વરની ઇચ્છા જાણીને તેનું અનુકરણ કરવું, એ કદી આનંદ ઊપજાવ્યા વગર રહે જ નહિ (યો.૪;૩૪).

આ પ્રમાણે સજજ થયા બાદ જ્યાં બંદીવાસીઓ રહેતા હતાં, ત્યાં હઝકિયેલને આત્માથી લઈ જવામાં આવ્યો, તેઓની સાથે સાત દિવસ લગી સ્તબ્ધ થઈને તે બેસી રહ્યો.

(૪) ૩; ૧૬-૨૧. **તેની પાળકપ્રતિષ્ઠા.** હઝકિયેલ જન્મથી યાજકવર્ગનો હતો; ઈશ્વરના તેડાથી તે પ્રબોધક પણ થયો. અત્યારે ઈશ્વરના હાથે તેની પાળક તરીકેની પ્રતિષ્ઠાક્રિયા થઈ. હવે પછીથી આત્માઓની ચોકી કરવાનું તેનું કર્તવ્ય હતું (હે.૧૩;૧૭). પાળકના સેવાકાર્યનું વર્ણન ફરીથી ૩૩;૧-૯માં કરેલું છે.

(૫) ૩; ૨૨-૨૭. **તેનું મૌનધારણ.** ફરીથી "યહોવાનો હાથ" તેના પર આવી રહ્યો. એવો અનુભવ પ્રબોધકને વખતોવખત થતો (૧;૩ : ૮;૧ : ૩૨;૨૨ : ૩૭;૧), એટલે એવે પ્રસંગે જાણે કે સમાધિદ્વારા તે ઈશ્વરમાં એકતાન થઈ ગયો હોય, એવો સંભવ છે.

ઈશ્વરે તેને ઘરમાં ને ઘરમાં રહીને મૂંગો રહેવાનું ફરમાવ્યું. એ દર્શન ૫૯૨ની સાલમાં થયું (૧;૨). યરુશાલેમનું બીજું પતન થયું (૫૮૭), ત્યાં સુધી ઈશ્વરે હઝકિયેલનું મુખ ફરીથી ખોલ્યું નહિ.

૨. અધ્યાય. ૪-૭. યરુશાલેમનો થનાર નાશ. પ્રબોધકે જુદી જુદી ચાર કૃતોપમાદ્વારા તે વાત જાહેર કરી, એટલે (૧) ૪; ૧-૩,ઘેરાનું ચિહ્ન; (૨) ૪; ૧-૮, બંદીવાસની મુદત; (૩) ૪; ૯-૧૭, બંદીવાસમાં ચાલતી હાડમારી; અને (૪) ૫; ૧-૪, યરુશાલેમવાસીઓની થનારી દયાપાત્ર સ્થિતિ.

(દુષ્ટતાના બોજનાં વર્ષ ૩૯૦ જેટલાં છે, એમ કહેલું છે (૪;૫). પણ LXX પ્રમાણે તેની મુદ્દત તો માત્ર ૧૯૦ વર્ષની છે. તે આંકડો બરોબર છે, એટલે સમરૂનને ઘેરો ઘાલવાની શરૂઆતથી માંડીને (૭૨૪ની સાલ) તે બંદીવાસના અંત સુધી (૫૩૮ની સાલ) લગભગ ૧૯૦ વર્ષ જેટલો વખત થાય છે).

બંદીવાસમાં થતી હાડમારી કરતાં ત્યાંની અશુદ્ધતા બંદીવાસીઓને વધારે નડતી હતી, કેમ કે તેઓના માન્યા પ્રમાણે પરદેશમાં ખાધેલો સર્વ ખોરાક અશુદ્ધ હતો (હો.૯;૩). વળી યહૂદીઓને કોઈ પણ પ્રકારની મેળવણી કરવાની મનાઈ હતી (પુ.૨૨; ૯-૧૧), પણ બંદીવાસમાં મેળવણીની બનેલી રોટલી ખાવી પડશે (૧૦-૧૭). અશુદ્ધ અન્ન ખાવાની જરૂર પડશે, તે હઝકિયેલને એવું ભારે લાગ્યું કે ઈશ્વરની પ્રાર્થના કરીને તેણે તેમાં રાહત માગી (૧૪.પ્રબોધકે કરેલી બીજી પ્રાર્થનાઓમાંની માત્ર થોડી જ તેના પુસ્તકમાં ઉતારવામાં આવેલી છે, એટલે ૯;૮ : ૧૧;૧૩ : ૨૦;૪૯).

યરુશાલેમ નગર પૃથ્વીની મધ્યે જ બંધાએલું હતું (૫;૫), તેથી સર્વ પ્રજાઓના દેખતાં ઈશ્વર તેના પર તેના ન્યાયશાસનનો અમલ કરે, એવું જરૂરનું હતું (૮). તે ન્યાયશાસન થોડી જ વારમાં યહુદાહ પર આવી પડશે (અધ્ય.૬ ને ૭). યહુદાહ પહાડી મુલક છે, તેથી "હે ઇસ્રાએલના પર્વતો," એ પ્રમાણે દેશને સંબોધીને હઝકિયેલે પ્રબોધ કર્યો (૬;૩ : ૩૬;૧). ઉચ્ચસ્થાનોમાં ચાલતી મૂર્તિપૂજાથી આખો દેશ અશુદ્ધ થઈ ગયો હતો (૩). યોશીયા રાજાએ તે ઉખેડી નાખવાનો પ્રયત્ન કર્યો હતો (૨ ૨૩.૨૩;૮), પણ હઝકિયેલના કહેવા પરથી સમજવું કે તેની મહેનત નિષ્ફળ થઈ ગઈ હશે. (મૂર્તિઓની વાત કરતાં

જેનો અર્થ થડ જેવાં મોટાં તથા ખડબચડાં લાકડાં, આમતેમ ગબડાવી શકાય, એવાં લાકડાં થાય છે. એવા શબ્દનો હઝકિયેલ ઉપયોગ કરતો હતો (તેના પુસ્તકમાં તે ૩૬ વાર ને બાકીનાં સર્વ પુસ્તકોમાં કેવળ ૯ વાર મળી આવે છે). વળી ૬; ૧૧-૧૪માં મૂર્તિઓનો નાશ થયાને લીધે પ્રબોધકે પોતનો હર્ષાનંદ વ્યક્ત કર્યો છે. તેથી "તમને અફસોસ" ને બદલે (૧૧) આનંદસૂચક શબ્દની જરૂર છે. મૂળ ભાષામાં "તમને" શબ્દ મળતો નથી).

અધ્ય.૭મો હૃદયભેદક જણાય છે. યરુશાલેમનો નાશ થવાને હજી ચાર વરસ બાકી રહ્યાં છે, તોપણ "અંત! દેશના ચારે ખૂણાઓ પર અંત આવ્યો છે," એવું યહોવાનું કહેવું છે (૨). "આફત, એક જ આફત! જો તે આવે છે" (૫); "જો, તે દિવસ! જો, તે આવે છે!" (૧૦), અને "વખત આવ્યો છે" (૧૨), એ પ્રમાણે કહી કહીને યહોવાએ પોતાના ઈરાદાનો અમલ કરવાની ત્વરાનું ભાન હઝકિયેલને કરાવ્યું.

III. અધ્યાય. ૮-૧૧ (૫૯૧ની સાલ). થનાર ન્યાયશાસનને લગતાં બીજાં દર્શન. હઝકિયેલ ફરીથી જાણે કે સમાધિમાં છે (૮;૧).

(૧) ૮; ૧-૧૮. યરુશાલેમમાં ચાલતી જુદી જુદી જાતની મૂર્તિપૂજા. મંદિરમાં પણ એ પૂજા ચાલતી હતી (૩). ચાર પ્રકારની પૂજા વર્ણવેલી છે, એટલે (અ) "રોષજનક મૂર્તિ," યહોવાને કોપાયમાન કરે એવી મૂર્તિ (૩-૬). આ મૂર્તિ વિષે કંઈ પણ માહિતી મળતી નથી. મનાશ્શેહે મંદિરમાં અશેરાહની જે મૂર્તિ ગોઠવી હતી, તે કદાચ હોય (૨ ૨૧.૨૧;૭). (આ) જુદાં જુદાં પશુઓની પૂજા (૭-૧૩). "યહોવાએ દેશને તજી દીધો છે," એવું બહાનું આગળ ધરીને વડીલો એવી પૂજા કરતા હતા (૧૨). (ઈ) તામ્મૂઝની પૂજા (૧૪,૧૫). તામ્મૂઝ નામનો ખાલદીઓનો એક દેવ હતો, તે વસંત ઋતુનો દેવ હતો. દર સાલે ગ્રીષ્મ ઋતુ બેસતાં તામ્મૂઝ માર્યો જાય છે, અને ઇષ્ટર નામની એક દેવી મૃતલોકમાં તેની શોધ કરવા ઊતરે છે. તે વખતે સ્ત્રીઓ બેઠાં બેઠાં વિલાપ કરે, એ હવે સમજાય. (સરખાવો ન્યા.૧૧;૪૦. ફૈનીકી લોકમાં તામ્મૂઝની પૂજા દાખલ થઈ, પણ તેઓએ તેનું નામ બદલીને "આડોન" (=પ્રભુ) પાડ્યું. આડોન નામ

પરથી ગ્રીકોના દેવનું નામ આડોનીસ પડ્યું જુઓ યશ.૧૭;૧૦ની નોંધ). (૨) સૂર્યની પૂજા (૧૬-૧૮). સવારે ઊગતા સૂર્ય ભણી તેઓ ઊભા રહેતા, માટે મંદિર ભણી પીઠ ફેરવવાની જરૂર પડતી, કેમ કે મંદિરનો દરવાજો પૂવ તરફ હતો (૧૦;૧૯). ("તેઓ પોતાને નાકે ડાળી અડકાડે છે." પુરાણા સમયમાં પારસીઓ સૂર્યની આરાધના જ્યારે કરતા, ત્યારે તેઓ પોતાના મોં આગળ ઝાડની એક ડાળી ધરી રાખતા, એમ કહેલું છે). યર્મિયાએ ૬૦૪ની સાલમાં યરુશાલેમના મંદિરને "લૂંટારાની ગુફા" કહી હતી (૭;૧૧). હઝકિયેલે ૫૯૧ની સાલમાં તેને "ધિક્કારપાત્ર કૃત્યોનું ગૃહ" કહ્યું. એવે સ્થળેથી યહોવાનો મહિમા જતો રહેવાની તૈયારીમાં હોય (૯;૩), તેમાં કંઈ નવાઈ નથી.

(૨) ૯; ૧-૧૧. મૂર્તિપૂજા કરનારાઓ સંહાર. પહેલવહેલાં યહોવાનાં ચૂસ્ત સેવકોનાં કપાળ પર ચિહ્ન કરવામાં આવ્યું (૪;પ્ર.૭;૩ : ૧૪;૧ : ૨૨;૪). જે ચિહ્ન કરવામાં આવતું હતું, તે હેબ્રી અક્ષરવાળાનો છેલ્લો અક્ષર હતો. તેનો આકાર ("+"), એટલે વધસ્તંભ સમાન હતો. સંહાર કરવાનું મંદિરથી શરૂ થયું (૧ પી.૪;૧૭). તે જોઈને પ્રબોધકે ઈશ્વરને દયા રાખવાની વિનંતી કરી (૮),પણ "મારી આંખ દરગુજર કરશે નહિ ને હું પણ દયા રાખીશ નહિ," તે સિવાય તેને બીજા પ્રત્યુત્તર મળ્યો નહિ (૧૦). આ દર્શન ગાંભીર્ય ભરેલું છે.

(૩) ૧૦; ૧-૮. યરુશાલેમનું બાળી નંખાવું. તેના શહેરીઓને ક્યારનાયે મારી નાખવામાં આવ્યા હતા. હવે તેઓનું શહેર બાળી નાખવાનું હતું. ઈશ્વરનું ગૌરવ કરૂબ પરથી ઊપડીને મંદિરના ઉમરા આગળ ચાલ્યું ગયું હતું (૯;૩). પણ હવે અંદરના ચોકમાં તે પાછું આવ્યું (૧૦;૩), ત્યાંથી એટલે પૈડાંની વચમાંથી શણના વસ્ત્ર પહેરેલા માણસે (૯;૩). અંગારા લઈને શહેર પર ફેંક્યા (૧૦;૨). થનાર નાશનું આટલું જ દર્શન થયું, ત્યાર પછી કબાર નામની નદી આગળ (૨૦) પ્રબોધકે યહોવાના ગૌરવનું જે દર્શન દીઠું હતું, તેજ દર્શન તેને ફરીથી દેખાયું, અને તેમાં તે નિમગ્ન થઈ ગયો. ફરીથી યહોવાનું. ગૌરવ મંદિર માંહેથી બહાર આવ્યું (૪) અને બહારથી માંહે પાછું ગયું (૧૮). ત્યાં જો તે રહ્યું હોત, તો કેવું સારું! પણ ત્યાં ન થોભતાં કરૂબો પરથી ઊપડીને તે મંદિરનાં આંગણાં છોડી દઈને પૂર્વ તરફના દરવાજા

આગળ થંભી રહ્યું (૧૯). શું યહોવા પોતાનો પવિત્ર પર્વત તજી દેવાનો છે? હા, કેમ કે બંદીવાસીઓ વિશ્વાસુઓનો અવશેષ હતા, તેઓ ભણી તેનું મુખ ફેરવવામાં આવેલું હતું. થોડી વારમાં યરુશાલેમનું ઘર તેને સારુ ઉજજડ મૂકવામાં આવશે (લૂ.૧૩;૩૫). છ વર્ષ પછી ઉપરોક્ત દર્શન પ્રમાણે ખાલદીઓએ યરુશાલેમ બાળી નાખીને તેનો સમૂળગો નાશ કર્યો (૨ રા.૨૫;૯).

(૪) ૧૧; ૧-૧૩. પાપકર્મ કરનારાની બીજી ટોળી. તેઓએ શું ખોટું કર્યું હતું? તેઓ લોકના સરદારો હતા (૧). તેઓ તરકટો રચતા અને દુષ્ટ સલાહ આપતા (૨). હનાન્યાની પેઠે (યર.૨૮) તેઓ બચી જવાની ખોટી આશા લોકમાં ફેલાવતા હતા. "શહેર તો કઢાઈ છે, અને અમે એમાં નાખેલા માંસ જેવા છીએ. ભલે આગ લાગે! અમે તો સહીસલામત રહીશું," એમ તેઓ કહેતા હતા (૩). તેઓને જવાબ આપીને હઝકિયેલે કહ્યું, કે શહેર તો કઢાઈ છે ખરું, પણ સહીસલામત રહેનારા તો એકલા તમારામાંના ક્યારનાય કતલ કરાએલા છે (૭). તમને કઢાઈમાંથી કાઢીને યહોવા અગ્નિમાં નાખશે, મતલબ કે તમે ઊલમાંથી ચુલમાં પડશો. (દરબારી નોકરોને શહેરમાંથી કાઢીને ખાલદીઓએ રિબ્લાહ આગળ મારી નાખ્યા (૨ રા.૨૫; ૧૯-૨૧)). સરદારોમાંનો એક અકસ્માત્ મરી ગયો છે, એવું પ્રબોધકે દર્શનદ્વારા જોયું, ત્યારે ફરીથી તેણે યહોવાને ઇસ્ત્રાએલના શેષ પર દયા રાખવાની વિનંતી કરી (૧૩).

(૫) ૧૧; ૧૪-૨૫. દિલાસાદાયક વચન. ઇસ્ત્રાએલની પુનઃસ્થાપના થવાની આશાનો આધાર બંદીવાસીઓ પર રહેલો છે, એવું યર્મિયાની પેઠે (અધ્ય.૨૯) હઝકિયેલ પણ માનતો હતો. બાબેલોનમાં મંદિર નહોતું, તેથી ત્યાં ચાલતી ધર્મક્રિયાઓ વિધિસર નહોતી ખરી, તોપણ "હું તેઓનું પવિત્રસ્થાન થઈશ. હું તેઓમાં નવો આત્મા મૂકીશ. હું તેમના દેહમાંથી પથ્થર જેવું હૃદય દૂર કરીને તેમને માંસના જેવું હૃદય આપીશ," એવું એવું યહોવાએ બંદીવાસીઓને વચન આપ્યું (૧૬,૧૯). પણ યરુશાલેમવાસીઓએ જેવું વાવ્યું, તેવું તેઓ લણશે (૨૧).

ત્યાર પછી ભ્રષ્ટ થએલા નગરનો ત્યાગ કરીને યહોવાનું ગૌરવ કિદ્રોન નાળાની પેલી પાર જઈને જૈતુન પહાડ પર થંભ્યું (૨૩),

ત્યાંથી જ્યાં સુધી શહેરની પુનઃસ્થાપના તથા તેનું શુદ્ધિકરણ કરવામાં આવ્યાં નહોતાં, ત્યાં સુધી તે પાછું આવ્યું નહિ (૪૩; ૧-૪). તે વખતે જાણે કે સમાધિમાંથી જાગી ઊઠીને હઝકિયેલે દર્શનદ્વારા જે જે દીઠું હતું, તે સર્વ તેણે બંદીવાસીઓને કહી સંભળાવ્યું (૨૫).

IV. અધ્ય. ૧૨-૧૯. યરુશાલેમનો નાશ થવાની આવશ્યકતા.

(આ પ્રકરણ લખવાનો સમય જણાવેલો નથી, પરંતુ આગળના ભાગ પછી તે બહાર પડ્યું હશે, એમ સમજવું).

(૧) ૧૨; ૧-૨૦. ઘેરો (૧-૧૬) તથા તેનાથી થતી હેરાનગતિ (૧૭-૨૦) સૂચવનારી એક કૃતોપમા. સિદકીયાહ રાજાની આંખો ફોડી નાખવામાં આવશે (૨ ૨૧.૨૫;૭), એવું પોતાનું મોં ઢાંકી દઈને પ્રબોધક ભવિષ્ય ભાખતો હતો (૧૨).

(૨) ૧૨; ૨૧-૧૩; ૨૩. જૂઠાં પ્રબોધકો તથા પ્રબોધિકાઓ. (અ) "તમારાં વચન પ્રમાણે કદી બનવાનું નથી" (૨૧-૨૫), અને (આ) "ઘણા દૂરના સમય વિષે તમે ભવિષ્ય કહો છો" (૨૫-૨૮), એવા બે આરોપ લોક સાચા પ્રબોધકો પર મૂકતા હતા. હઝકિયેલે જૂઠા પ્રબોધકોને વખોડી કાઢીને કહ્યું, કે તમે લોંકડા જેવા છો, કેમ કે તમે બાંધનારા તો નહિ, પણ ખોદી કાઢનારા છો (૧૩; ૧-૭). તમે નકામા કડિયા જેવા છો, કેમ કે ભાંગી ગએલી ભીંતને સમારવાને બદલે તમે તેને કેવળ ધોળો છો (૮-૧૬). તેજ રીતે તે જૂઠી પ્રબોધિકાઓને પણ વખોડી કાઢતાં કહેતો હતો, કે (અ) તમે કમાણીને સારુ પ્રબોધ કરો છો (૧૯) : (આ) તમે યહોવાના નામને બટ્ટો લગાડો છો (૨૦,૨૧), અને (ઇ) દુષ્ટ માણસોના હાથ બળવાન કરો છો (૨૨,૨૩).

(૩) ૧૪; ૧-૧૧. પ્રબોધકો તેઓના હકમાં ઈશ્વરની પ્રાર્થના કરે, એવી અરજ રજૂ કરવા કેટલાએક વડીલોએ તેની મુલાકાત લીધી. પરંતુ મતલબીઓને યહોવા કંઈ પણ પ્રત્યુત્તર આપતો નથી, એવો હઝકિયેલે તેઓને જવાબ આપ્યો. એવાઓને ખુશ કરવા સારુ જે કોઈ પ્રબોધક તેઓની સાથે સંમત થાય, તે તેઓના દોષનો ભાગિયો પણ થશે, અને સલાહ માગનારા લોક તથા ખોટી સલાહ આપનાર પ્રબોધક બન્ને સાથે નાશ પામશે.

(૪) ૧૪; ૧૨-૨૩. શહેરનો નિયુક્ત થનાર નાશ. દસ ન્યાયી માણસોની ખાતર યહોવા સદોમનો બચાવ કરવા તૈયાર હતો

(ઉત.૧૮;૩૨), તો યરુશાલેમમાં જે થોડા ઘણાં સદાચારી લોક છે, તેઓની ખાતર તે તેના પર દયા ન રાખે શું? ના, કેમકે જો કે તેઓ નૂહ, દાનિયેલ કે અયૂબ જેવા ન્યાયી હોય, તોય તેઓ માત્ર પોતાનો જ બચાવ કરી શકે (૧૪,૨૦). ત્રણે નામ પુરાણા વખતના પ્રસિદ્ધ દેવભક્તોનાં જાણીતાં નામ હતાં. (૨૮;૩ પ્રમાણે દાનિયેલ જ્ઞાનમાં પ્રખ્યાત હતો. "દાનિયેલ" નામના પુસ્તકમાં જે દાનિયેલની વાત કરેલી છે, તે દાનિયેલથી જુદો હતો. પુસ્તકવાળો દાનિયેલ હઝકિયેલનો સમકાલિન કહેવાય છે). એમ કહીને હઝકિયેલે વ્યક્તિગત જવાબદારીનો જે સિદ્ધાંત ટૂંકમાં જાહેર કર્યો, તેનું સવિસ્તર વિવેચન અધ્ય.૧૮માં કરેલું છે. છતાં એક શેષ પડતો રાખવામાં આવશે, તે જોઈને પ્રબોધકના મનનું શાંત્વન થશે, એમ કહેલું છે (૨૨). પણ તે શેષ દુષ્ટનો છે, તેઓનાં દુષ્કર્મ જોઈને યહોવાએ તેઓને જે વિતાડ્યું, તે વગર કારણે તેણે નથી કર્યું, એમ પ્રબોધક કબૂલ કરીને દિલાસો પામશે (૨૩).

(૫) ૧૫; ૧-૮. નકામું દ્રાક્ષવૃક્ષ. દ્રાક્ષવેલાની કિંમત તેની દ્રાક્ષાઓમાં રહેલી છે. ઇસ્ત્રાએલ યહોવાનું દ્રાક્ષવૃક્ષ હતું, પરંતુ તેમાંથી જંગલી દ્રાક્ષ સિવાય બીજું કંઇ ફળ્યું નહોતું (યશ.૫;૨). જેમ તેનું લાકડું બાળવા સિવાય બીજું કંઇ ઉપયોગનું નથી (૪), તેમ યરુશાલેમ બાળી નાખવામાં આવશે (૭). વળી તેના બે છેડા ક્યારનાય ભસ્મ કરાએલા છે, તે ઉપમાથી સમરૂનનું પતન (૭૨૨) ને યરુશાલેમનું પ્રથમ પતન (૫૯૭) સૂચવાય છે.

(૬) ૧૬; ૧-૬૩. પછીથી જે અપતિવ્રતા નીવડી. તે અનાથ છોકરીનું દૃષ્ટાંત. આ અધ્યાયમાં હઝકિયેલે પોતાના લોકના ઇતિહાસનો માર્મિક ખુલાસો કર્યો છે, તેમાં તેના પર હોશીઆના (અધ્ય.૨) તથા યર્મિયાના બોધની (અધ્ય.૨) થએલી અસર સ્પષ્ટ દેખાઇ આવે છે. જન્મથી તો આ છોકરી પરધર્મી હતી, એમ પ્રબોધકનું કહેવું છે (૩). તે કદરૂપી હોવાને લીધે તેનાં માબાપે તેને બહાર ફેંકી દીધી, ત્યાં થઇને જતાં યહોવાને તેના પર દયા આવી, એટલે તેણે તેને બચાવીને તથા ઉછેરીને પ્રજાઓમાં તેને ઊંચી પાયરીએ ચઢાવી (૧-૧૪).

પણ કૃતઘ્ન નીવડીને તેણે પોતાના બચાવનારને તજી દીધો (૧૫-૩૪). તેનો નાશ નક્કી થશે, વેશ્યાની માફક તેનાં વસ્ત્ર કાઢી

નાખીને તેઓ તેને પથ્થરા મારી મારી નાખીને બાળી મૂકશે (૩૫-૫૯). આ ઉદાહરણથી યરુશાલેમને ઘેરો ઘાલવાનું તથા શહેરને બાળી નાખવાનું સૂચવવામાં આવે છે. એ સર્વ છતાં યુવાવસ્થામાં કરાએલો કરાર યહોવાને સાંભરશે, અને યહુદાહ તથા તેની બે બહેનોનો (સમરૂન તથા સદોમ (૪૬)) પાછો સ્વીકાર કરવામાં આવશે (૬૦-૬૩). ("તારી સાથે કરેલા કરારમાં નથી" =મૂળાર્થ "પણ તારા કરારથી નહિ," એટલે સમરૂન તથા સદોમનો સ્વીકાર માત્ર ઈશ્વરની દયાથી થશે. યહુદાહે તેની સાથે કરાર તોડ્યો હતો, તેથી તેની બહેનોના તારણથી તેની કંઈ પણ આબરૂ વધનાર નથી). જુઓ અધ્ય.૨૩મો.

(૭) ૧૭; ૧-૨૧. ઢચુપચુ મનનો સિદકીયાહ રાજા દૃષ્ટાંતનો અર્થ છે (૧-૧૧). "એરેજવૃક્ષની ટોચ" યહોયાકીમ રાજા છે. "મોટો ગરુડ" નબૂખાદનેસ્સાર રાજા છે. "કુમળી ડાંખળીઓ" રાજકુમારો છે. રાજા તથા રાજકુમારોને બાબેલોન લઈ જવામાં આવ્યા (૫૯૭). "દેશનું બી" તો સિદકીયાહ રાજા છે. તે બાબેલોનનો ખંડિયો રાજા હતો. "બીજા મોટો (આ શબ્દ ઉમેરવો) ગરૂડ" મિસર છે, જેની સાથે તેણે બાબેલોનની વિરુદ્ધ મસલત કરી. "પૂર્વનો વાયુ" નબૂખાદનેસ્સાર છે. નિષ્ફળ દ્રાક્ષવેલો ઊખેડી નાખવામાં આવશે.

વળી નબૂખાદનેસ્સારની સાથે કરેલો કરાર તોડીને સિદકીયાહે ઈશ્વરની વિરુદ્ધ પાપ કર્યું કહી શકાય, કેમ કે તે કરાર ઈશ્વરની સાથે કરાએલા કરારની બરોબર હતો (૧૧-૨૧). પહેલી વખતે યરુશાલેમ જીતી લીધા પછી તે શહેરના રહીશો બાબેલોનની સાથે સારો સંબંધ રાખે, એવી નબૂખાદનેસ્સારની ઈચ્છા હતી. સિદકીયાહના વિશ્વાસઘાતને લીધે તેને બીજી વાર યરુશાલેમ જીતી લઈને તેનો સમૂળગો નાશ કર્યા વગર છૂટકો નહોતો. તેજ કારણને લીધે હઝકિયેલને વિશેષ ક્રોધાવેશ આવ્યો.

(૮) ૧૭; ૨૨-૨૪. દાઉદના વંશની પુનઃસ્થાપનાને લગતું વચન. "કુમળી કુંપળ" =યિશાઈના ઠૂંઠામાંથી ફૂટેલો ફણગો (યશ.૧૧;૧). તેનું રાજ્ય સાર્વત્રિક થશે, તેના ઓથે સર્વ પ્રજાઓ ભેગી થશે.

(૯) ૧૮; ૧-૩૨. ઈશ્વરની સમક્ષ માણસોની વ્યક્તિગત

જવાબદારી. ગુન્હો થાય તો તેને માટે રાજા કરવામાં આવે તે વાજબી છે, એવું સર્વમાન્ય હતું. પરંતુ કોને સજા કરવી એ સવાલ તે સમયે બધે ચર્ચવામાં આવતો હતો (૪૨.૩૧;૨૯,૩૦). તેનો જે જવાબ પ્રબોધકે આપ્યો, તે બંદીવાસીઓને સારુ આશાજનક હતો. રાજા મનાશ્શેહ તથા આમોનની દુષ્ટતાને લીધે અમારે આ બધું વેઠવું પડે છે, એવો બંદીવાસીઓનો મત હતો. પરંતુ જે આત્મા પાપકર્મ કરે, તે જ મરણ પામશે, એમ હઝકિયેલે તેમને કહી દીધું. વળી જો પાપી માણસ પશ્ચાત્તાપ કરે તો પોતાનાં માબાપનાં પાપથી તેમ જ ગતકાળમાં પોતે કરેલાં પાપથી તે મુક્ત થાય છે. ઈશ્વર કોઈના મોતમાં આનંદ પામતો નથી; દરેકનું તારણ થાય, એવું તે ચાહે છે (૨૩ લૂ.૧૯;૧૦). ઈશ્વરનો વ્યવહાર અદલ છે (૨૫-૨૯). તે પોતાના લોકને પસ્તાવો કરવાની પ્રેમમય વિનંતી કરે છે (૩૦-૩૨). (આ બાબત વખતોવખત પ્રબોધકના મનમાં ઉપસ્થિત થતી હતી, જેમ કે ૩;૧૮-૨૧ : ૧૪;૧૮ : ૩૩;૧૦-૨૦).

(૧૦) ૧૯; ૧-૧૪. થઈ ગએલા રાજાઓને સારુ વિલાપ. ફરીથી હઝકિયેલે રાજતંત્ર પર આધાર રાખવાની આશાની વ્યર્થતા જાહેર કરી છે, યહુદાહને બે ઉપમાઓ આપેલી છે, એટલે (૧) સિંહણ (૧-૯) ને (૨) દ્રાક્ષવૃક્ષ (૧૦-૧૪). પ્રથમ જુવાન સિંહ (૩) તો યહોઆહાઝ રાજા છે, તેને મિસરમાં લઈ જવામાં આવ્યો. બીજો (૫) યહોયાકીન રાજા છે, તેને બાબેલોનમાં લઈ જવામાં આવ્યો. "ખૂબ ફાલીને ડાળીમાંથી ભરપૂર" દ્રાક્ષવૃક્ષ સિદકીયાહ રાજા હતો (૧૦). "ડાળીઓના સોટામાંથી અગ્નિ;" એટલે સિદકીયાહના પોતાના જ વિશ્વાસઘાતથી શહેરનો નાશ થવાનો હતો.

V. અધ્યાય. ૨૦-૨૩. ઈસ્ત્રાએલને સજા થવાની આવશ્યકતા.

તે બાબત વિષે આ તો પ્રબોધકે કહેલાં છેલ્લાં વચન છે (૫૯૦ની સાલમાં). જેમ જેમ શહેરનો અંત પાસે આવતો ગયો, તેમ તેમ પ્રબોધકનો ઉપદેશ તીવ્ર બનતો ગયો.

(૧) ૨૦; ૧-૪૪. બંદીવાસની હાડમારીથી કંટાળીને કેટલાએક લોક યહોવાનો ત્યાગ કરી મૂર્તિઓને શરણે જવા તૈયાર હતા (૩૨), તેઓને હઝકિયેલ આ પ્રકરણમાં સમાએલો બોધ કર્યો. શરૂઆતથી જ (૮) ઈસ્ત્રાએલીઓનું વલણ મૂર્તિપૂજા તરફ હતું, પણ યહોવાની નરી

દયાએ તેઓ બચાવ પામ્યા હતા. વળી ઈસ્ત્રાએલ તો યહોવાના ઈરાદાપૂર્વક પસંદ કરાએલા લોક હતા, ને ઈશ્વરનો ઈરાદો સિદ્ધ થયા વગર રહે જ નહિ (૩૩-૩૪). પહેલવહેલાં બંદીવાસરૂપ અરણ્યમાં તેનું શુદ્ધિકરણ કરવામાં આવશે (હો.૨;૧૪), પછીથી તેના પૂર્વજોને આપેલું વચન પૂર્ણ કરવામાં આવશે.

(૨) ૨૦; ૪૫-૨૧;૩૨. નબૂખાદનેસ્સારની સંહારક તરવાર. પણ પહેલવહેલાં યરુશાલેમના થનાર નાશને દાવાનળની ઉપમા આપેલી છે (૪૫-૪૮). "દક્ષિણનું વન" =યહુદાહ. તેની વાત સાંભળીને લોકે પ્રબોધકને હસી કાઢ્યો (૪૯), તેથી તેઓની આગળ તેણે રાગ કાઢીને "તરવાર વિષે" નીચેનું ગીત ગાયું (૨૧; ૮-૧૭). તરવાર તો નબૂખાદનેસ્સારની હતી, પણ ખરું જોતાં તે યહોવાની જ હતી (૩). પોતાની લાગણી દુખાયાને લીધે હઝકિયેલે નિસાસા નાખ્યા (૭). ત્યાર પછી "તરવારનું ગીત" આપેલું છે. નબૂખાદનેસ્સાર પાલેસ્ટાઈન તરફ કૂચ કરવા માંડે છે. માર્ગના બે ફાંટા થાય છે, ત્યાં આગળ તે શુકન જુએ છે. યરુશાલેમના માર્ગે વળવાનું ચિહ્ન તેને મળે છે (૧૮-૨૩). સિદકીયાહ (="પ્રાણઘાતક ઘા વાગેલો દુષ્ટ માણસ") પાસેથી રાજચિહ્નો લઈ લેવામાં આવશે, અને "જે હકદાર છે" (ઉત.૪૯;૧૦) તે આવશે નહિ, ત્યાં સુધી યરુશાલેમ ખંડિયેર થઈ રહેશે (૨૪-૨૭). આમ્મોનનો પણ નાશ થશે અને તેનું કંઈ જ નામનિશાન રહેશે નહિ (૨૮-૩૨).

(૩) ૨૨; ૧-૩૧. તમામ પ્રજાની થએલી ભ્રષ્ટતા. તેમનું મહાન પાપ તો મૂર્તિપૂજા એટલે યહોવાનો ત્યાગ છે. દુષ્ટ હૃદયનું ફળ તો દુષ્ટ જીવન છે (૧-૧૬). શહેરના થનાર ઘેરાને ભઠ્ઠીની ઉપમા આપેલી છે (૧૭-૨૨). સર્વ વર્ગના લોક-યાજકો (૨૬), સરદારો (૨૭), પ્રબોધકો (૨૮), અને સામાન્ય લોક પણ ભ્રષ્ટ થઈ ગયા છે. શહેરનું રક્ષણ કરવા સારુ એક પણ ભલો માણસ જડી આવતો નથી (૨૩-૩૧).

(૪) ૨૩; ૧-૪૯. પરરાજ્યોની સાથે કરેલા હાનિકારક કરારો. આ પ્રકરણમાં પણ યહુદાહ અને ઈસ્ત્રાએલને બે બહેનોની ઉપમા આપેલી છે (અધ્ય.૧૩). મોટી બહેનનું એટલે ઈસ્ત્રાએલનું નામ ઓહલાહ (="તેણીનો તંબુ") અને નાની બહેનનું એટલે યરુશાલેમનું

નામ ઓહલીબાહ (="તેનામાં મારો તંબુ" છે) હતું. આ અધ્યાયમાં ઇસ્ત્રાએલીઓના ધાર્મિક જીવનનું તો નહિ, પણ તેના રાજકીય વ્યવહારનું વિવેચન કરેલું છે ખરું, તોપણ પરદેશીઓના સંબંધમાં આવવાથી ઇસ્ત્રાએલના ધાર્મિક જીવન પર માઠી અસર થયા વગર રહેતી નહોતી (દા.ત.૧ ૨ા.૧૬;૩૧).

પહેલાં ઉત્તર ઇસ્ત્રાએલના આશ્શૂર સાથેના સંબંધનું વર્ણન કરેલું છે (૫-૨૧). તે સંબંધને પરિણામે સમરૂનનું પતન થયું. ત્યાર પછી બાબેલોનની સાથે યહુદાહ જે સંબંધ રાખતો હતો, તેની વાત કરેલી છે (૨૨-૩૫), તેનું એનું એજ પરિણામ આવશે. બેઉએ કરેલાં પાપ સરખાં, તેથી બેઉને કરાએલી સજા સરખી છે (૩૬-૪૯).

ત્યાર પછી બેએક વર્ષ લગી એટલે ખાલદીઓએ જે દિવસે યરુશાલેમનો ઘેરો શરૂ કર્યો, તે દિવસ લગી હઝકિયેલ મૂંગો રહ્યો (૨૪;૧,૨ : ૨ ૨ા.૨૫;૧). તે દિવસે ઘેરો શરૂ થયો છે, એવું દર્શનદ્વારા જ્યારે હઝકિયેલને જણાવવામાં આવ્યું, ત્યારે છેલ્લી કૃતોપમાની મારફતે શહેરને ઘલાએલો ઘેરો તથા તેના રહીશોની નાસભાગ તેણે જાહેર કર્યાં.

(૫) ૨૪; ૧-૧૪. છેલ્લી કૃતોપમા. "કઢાઈ" =શહેર. "માંસના ટુકડા" =લોક. "સારાં સારાં હાડકાં" =નેતાઓ. ઘેરો તો દેવતા છે. પકાવ્યા પછી ટુકડા ગમે તેમ બહાર કાઢવામાં આવે છે (૬.=લોકનું વિખેરાઇ જવું). પરંતુ કઢાઇને ચઢેલો કાટ (૬,૧૧,૧૨) ચોંટી રહેલો છે (="કાટ" -બાળયજ્ઞાદિમાં રેડેલું રક્ત), તે પણ કાઢી નાખવાની જરૂર છે.

(૬) ૨૪; ૧૫-૨૭. હઝકિયેલની સ્ત્રીનું ચિહ્નરૂપ અચાનક મરણ. હઝકિયેલની આંખોને તેની સ્ત્રી જેવી પ્રિય હતી, તેવું યહૂદીઓને યરુશાલેમનું મંદિર પ્રિય હતું (૨૧). વળી તેની સ્ત્રીનું મરણ થયે હઝકિયેલ મૂંગો રહ્યો, તેમ મંદિરનો નાશ થવાના સમાચાર સાંભળીને બંદીવાસીઓ સ્તબ્ધ થઇ જશે (૨૨). પણ તેજ વખતે પ્રબોધકને બોલવાની છૂટ મળશે (૨૭ : ૩૩;૨૨).

આથી ભ્રષ્ટ થએલા યરુશાલેમના થનાર નાશને લગતું ભવિષ્યવચન સમાપ્ત થયું. કૃત્યોદ્વારા તેમ જ તેના સેવકો એટલે પ્રબોધકોના મુખદ્વારા ઇશ્વરે પોતાના લોકને જે સંદેશો કહી સંભળાવ્યો

હતો, તેનો સ્વીકાર તેઓએ કર્યો નહોતો. પરિણામે સમરૂન સર કરવામાં આવ્યું હતું. યરુશાલેમનું પતન પણ એક વાર થયું હતું. હવે બીજીવાર સર થઈને તે બાળી નખાવાની તૈયારીમાં છે.

તોપણ યહોવાનો ઈરાદો અટકાવી શકાય નહિ. ઈસ્ત્રાએલનું શુદ્ધિકરણ તેમ જ તેની પુનઃસ્થાપના કરવામાં આવશે, એવો આશાવાદી બોધ સર્વ પ્રબોધકો કરતા આવ્યા હતા. પરંતુ તેમ થાય તે પહેલાં તેના શત્રુઓને ખસેડી દેવામાં આવે, એવું જરૂરનું હતું, તેથી પુસ્તકના બીજા વિભાગમાં પરદેશી રાજ્યો વિષેનો પ્રબોધ દાખલ કરાએલો છે.

B. અધ્યાય. ૨૫-૩૨. અન્ય પ્રજાઓ વિષેનાં ભવિષ્યવચન.

૧. અધ્ય.૨૫; ૧-૧૭. જે જે પ્રજાઓની વાત અહીં મળી આવે છે, તે નીચે પ્રમાણે છે :--

આમ્મોન (૧-૭), મોઆબ (૮-૧૧), અદોમ (૧૨-૧૪) અને પલિસ્તીઆ (૧૫-૧૭). અદોમ તો ઈસ્ત્રાએલનો જાથુ દુશ્મન હતો (ઉત.૨૫;૨૩).

(૨) અધ્યાય.૨૬-૨૮. તૂરની વિરુદ્ધ. આખા શાસ્ત્રમાં સમાએલાં કાવ્યોમાં આ સહુથી વધારે અલંકૃત છે. યશ.૧૩; ૩-૨૩માં બાબેલોનના પતન વિષેનું મહેણારૂપ જે ગીત મળી આવે છે, તેમાં તેમજ પ્રક.૧૮;૮-૨૪માં રોમ શહેરના થનાર નાશના દર્શનમાં આ કાવ્યથી થએલી અસરનાં ચિહ્ન દેખાઈ આવે છે.

તૂરનું પાપ તેના ગર્વમાં રહેલું હતું. "હું સૌંદર્યમાં સંપૂર્ણ છું" (૨૭;૩), "હું દેવ છું, હું દેવના આસનમાં બેઠેલો છું" (૨૮;૨), એવું તેનું કહેવું હતું. તે સુંદર છે ખરો, પણ તે ત્રાસરૂપ થઈ જશે (૨૬;૨૧ :૨૭;૩૬). તે દેવ હોવાનો દાવો કરે છે, પણ જે તેને મારી નાખનાર છે, તેને "હું દેવ છું," એવું તેની આગળ કહેવાની હિંમત ચાલશે શું? (૨૮;૯). સીદોનની તૂરના જેવી દશા થશે (૨૮; ૨૦-૨૪). એમ બનશે ત્યારે યહોવા તેમનો દેવ છે, એવું યહુદાહની આસપાસની સર્વ પ્રજાઓ જાણશે (૨૬). (આ ત્રણ અધ્યાયો પરથી પુરાણા વખતમાં ચાલતા વેપારરોજગાર સંબંધી ઘણી માહિતી મળી આવે છે).

૨. અધ્ય. ૨૯-૩૨. મિસર વિરુદ્ધ (૫૮૭ની સાલ. "દસમું વર્ષ" =યહોયાકીને કેદ કરાયાને દસમું વર્ષ).

(૧) ૨૯; ૧-૧૬. મિસરની પડતી તથા તેની પુનઃસ્થાપના. મિસરને અજગરની (=મગરમચ્છ) ની ઉપમા આપેલી છે (યશ.૨૭;૧). "નદીઓ" =પાણી પાવાની નીકો (૩). જેમ તૂરનું તેમ મિસરનું પાપ પણ ગર્વ કરવામાં રહેલું હતું. "મારી નદી મારી પોતાની છે, તે મેં મારે પોતાને માટે બનાવી છે," એવું તેનું બોલવું હતું (૨૯;૩). વળી તે ઢચુપચુ કરનાર પણ હતું (૨૯;૭ : યશ.૩૦;૩). તેનો દેશ ઉજજડ કરવામાં આવશે, પણ ચાળીસ વર્ષ પછી તેની પુનઃસ્થાપના થશે (૧૩,૧૪). ઇસ્ત્રાએલ ફરીથી તેના પર ભરોસો રાખશે નહિ.

(૨) ૨૯; ૧૭-૨૧. નબૂખાદનેસ્સારને મળનારું પ્રતિફળ. આ તો હઝકિયેલનું છેલ્લું ભવિષ્યવચન છે (૫૭૦ની સાલ). વળી તે વાંચીને અજાયબી લાગે એવું તે છે, કેમ કે નબૂખાદનેસ્સારને હાથે તૂરનું પતન થશે, એવું ભવિષ્ય હઝકિયેલે ક્યારનુંય ભાખ્યું હતું (૨૭;૨૬). પરંતુ જો કે તેર વર્ષથી (૫૯૭-૫૮૪) તે તેને ઘેરો ઘાલતો હતો, તોપણ તે તેને કબજે કરી શક્યો નહોતો. તે કારણને લીધે તૂરને બદલે મિસર તેને તથા તેની ફોજને પગારરૂપે આપવામાં આવશે, એમ કહીને અગાઉનું ભવિષ્યવચન પૂરવાર થયું નથી, એમ પ્રબોધકે કબૂલ કર્યું.

(૩) ૩૦; ૧-૧૯. મિસરનું ઉજજડપણું. જીતનારનું નામ પહેલી વખતે જાહેર કરેલું છે (૧૦).

(૪) ૩૦; ૨૦-૨૬. (૫૮૬ની સાલ). મિસરનો એક પરાજય ક્યારનો થયો હતો, એમ આપણે સમજવું (૨૧). મિસરી ફોજ યરુશાલેમની મદદે આવવા નીકળી તે વખતે તેની જે હાર થઈ તેને લગતી આ વાત હશે (યર.૩૭; ૩-૧૦ની નોંધ જુઓ).

(૫) ૩૧; ૧-૧૮. મિસરની પાયમાલી. મિસરને એરેજવૃક્ષની ઉપમા આપેલી છે (૩. "આશ્શૂરી" શબ્દનો શો અર્થ કરવો તે મુશ્કેલ છે. તેને તો આ ઉપમા બંધબેસતી છે ખરી, પણ પાછળનાં વાક્ય મિસરને લગતાં છે). મિસરીઓ સુન્નત સંસ્કારના ચુસ્ત પાળનારા હતા, પણ મૃતલોકમાં તેઓને બેસુનતીઓની મધ્યે પડી રહેવાનું છે (૧૮, અને અધ્ય.૩૨માં ઘણી વાર).

(૬) ૩૨; ૧-૩૨. મિસરને લીધે વિલાપ (૫૮૫ની સાલ).

મિસરને બે જુદી જુદી ઉપમા આપેલી છે, એટલે (૧) અજગરની (૧-૬). ને (૨) જ્યોતિની (૭-૧૬). આખરે મૃતલોકમાં તેના ઊતરવાનું વર્ણન કરેલું છે)૧૭-૩૨).

C. અધ્યાય. ૩૩-૩૯. ઈસ્ત્રાએલની પુનઃસ્થાપના તથા ઈશ્વરના રાજ્યનું નવું સ્વરૂપ.

યરુશાલેમમાંથી નાસી આવેલો એક માણસ શહેરના પતનના સમાચાર બાબેલોન લઈ આવ્યો (૩૩;૨૧). હઝકિયેલે કહેલું ભવિષ્યવચન પૂરવાર થઈ ગયું છે, તે જોઈને અમારામાં એક પ્રબોધક ઊભો થયો છે, એમ લોકે કબૂલ કર્યું (૩૩). હવે ઈશ્વરના કહેવા પ્રમાણે ફરીથી વાત કરવાની છૂટ મળી (૩;૨૭), તેથી પવિત્ર નગરની પુનઃસ્થાપનાને લગતો બોધ તે તરત કરવા લાગ્યો. પ્રથમ બોધભાષણ તો વ્યક્તિગત જવાબદારી સંબંધી છે, એટલે ચોકીદાર તરીકેની તેની પોતાની જ જવાબદારી અને ઈશ્વર પ્રત્યેની લોકની જવાબદારી.

(૧) ૩૩; ૧-૯. ચોકીદાર તરીકેની પ્રબોધકની જવાબદારી. ૩; ૧૭-૨૧માં ચોકીદારની ફરજનો ખુલાસો કરેલો છે, તે કરતાં અહીંનું વર્ણન સવિસ્તર છે.

(૨) ૩૩; ૧૦-૨૦. નાસીપાસ થએલા બંદીવાસીઓને પ્રબોધકે કરેલો આશામય ઉપદેશ. અધ્ય. ૧૮માં વ્યક્તિગત જવાબદારી વિષે જે બોધ સમાએલો છે, તેના સારાંશ આ પ્રકરણમાં ફરી આપેલો છે.

(૩) ૩૩; ૨૧-૨૯. યરુશાલેમના પતનના સમાચાર. ("બારમા વર્ષમાં" એટલે ૫૮૫ની સાલમાં તે આવી પહોંચ્યા એમ કહેલું છે, અર્થાત્ તે પહોંચતા ૧૭ મહિના થયા. પણ અરામી ભાષાના તરજુમામાં "અગિયારમાં વર્ષમાં" એ શબ્દો મળી આવે છે, એટલે શહેર સર થયા પછી સમાચાર બાબેલોન આવતાં માત્ર પાંચ માસ થયા, જે વધારે સંભવિત લાગે છે) હવે સંખ્યાબંધ લોક પ્રબોધકનું સાંભળવા ભેગા થવા લાગ્યા. સાંભળવાની તેમની આતુરતાથી પ્રબોધક ફસાઇ ગયો નહિ. કોઇ મધુર ગીતના સાંભળનારા જેવા તેઓ છે, એવું તે જાણતો હતો, એટલે વચન તેઓ સાંભળે ખરા, પણ તેમનો અમલ તેઓ કરતા નથી.

(૪) ૩૪; ૧-૩૧. પુનઃસ્થાપિત થએલા ઈસ્ત્રાએલનો પાળક. જૂના વખતના જે ભરવાડો પોતાના પેટની પૂજા કરનારા હતા, તેઓને

ખસેડવામાં આવશે (૧-૧૦), અને યહોવા પોતે લોકનો પાળક થશે (૧૧-૧૬). ધનાઢ્ય લોક હવે પછી ગરીબો પર જોરજુલમ કરશે નહિ (૧૭-૨૨). યહોવાને નામે તેનો "સેવક દાઉદ" તેઓના પર રાજ કરશે, અને દેશ ઘણો આબાદ થશે. "આશીર્વાદનાં ઝાપટાં થશે," અને યહુદાહ તથા ઇસ્ત્રાએલ એક ભરવાડના હાથ નીચે (૨૩) એક ટોળું થઇ જશે (૩૭;૨૨).

(૫) અધ્ય.૩૫-૩૭. ઇસ્ત્રાએલની પુનઃસ્થાપના થાય, તે પહેલાં દેશનું (અધ્ય.૩૫,૩૬) અને લોકનું (૩૭) શુદ્ધિકરણ કરવાની જરૂર.

(અ) ૩૫; ૧-૧૫. અદોમના તાબામાંથી મુક્ત કરાએલો યહુદાહ દેશ. અદોમે રાખેલો વેરભાવ યોગ્ય હતો (૫). યરુશાલેમનું પતન થયું, ત્યારે અદોમે યહુદાહનો કંઇક ભાગ કબજે કર્યો હશે (૧૦-૧૨). પણ હવે અદોમ દેશને સદાને માટે ઉજજડ કરી નાખવામાં આવશે.

(આ) ૩૬; ૧-૧૫. આશીર્વાદિત કરાએલો દેશ. તેને દુશ્મનોના હાથમાંથી મુક્ત કરવામાં આવશે (૧-૭), તેમ જ તે ઘણો ફળદ્રુપ તથા નિર્ભય થશે (૮-૧૫).

(ઇ) ૩૬; ૧૬-૩૮. શુદ્ધ કરાએલા ઇસ્ત્રાએલની પુનઃસ્થાપનાથી ઇશ્વરનો થતો મહિમા. આ તો જૂના કરારમાંનું એક મહત્ત્વનું પ્રકરણ છે. જેમ યર્મિયાએ (અધ્ય. ૩૧), તેમ હઝકિયેલે પણ પાપનિવારણના તથા નવા હૃદયના સુસમાચાર પ્રગટ કર્યા છે. ઇશ્વરના પસંદ કરાએલા લોકને તેમનાં પાપની જે સજા કરવામાં આવી હતી, તેનો મર્મ અન્ય પ્રજાઓ સમજી શકી નહોતી. ઇશ્વરની નિર્બળતાને પરિણામે ઇસ્ત્રાએલીઓને બંદીવાસમાં લઇ જવામાં આવ્યા, એમ તેઓ સમજતા હતા (૨૦).તેથી તેઓ યહોવાનું સર્વોપરીપણું કબૂલ કરે, તે માટે તે પોતાના નામના મહિમાની ખાતર ઇસ્ત્રાએલની પુનઃસ્થાપના કરશે (૧૬-૨૪). પરંતુ એમ બની શકે માટે પહેલવહેલાં (૧) ઇસ્ત્રાએલનાં પાપની ક્ષમા થાય, અને (૨) તેને નવું હૃદય પ્રાપ્ત થાય, એ આવશ્યક હતું. ત્યાર પછી તેઓ ઇશ્વરના આત્માથી દોરવાશે. દેશ તો એદન વાડી જેવો થઇ જશે. આ બધું ઇશ્વરના અનુગ્રહથી કરવામાં આવશે, જેથી સર્વ માણસો જાણે કે તેજ યહોવા છે (૨૫-૩૮).

(ઇ) ૩૭; ૧-૨૮. બંદીવાસીઓનું પુનરુત્થાન તથા યહૂદાહ ને ઇસ્ત્રાએલ વચ્ચેનું સમાધાન. "હું પુનરુત્થાન તથા જીવન છું" એમ આપણે પ્રભુ ઈસુને કહેતાં સાંભળતાં હોઈએ, એવો આ અધ્યાયમાં સમાએલો બોધ છે. જાણે મૂએલાંઓને દફનાવવામાં આવ્યાં હોય, એવી બંદીવાસીઓની આત્મિક સ્થિતિ હતી (૧૧). "આ હાડકાં જીવતાં થઇ શકે?" એમ તેઓને કોઇ પણ જોનાર પૂછે, એવી તેઓની સ્થિતિ હતી (૩). માણસને તે અશક્ય, પણ ઇશ્વરને સર્વશક્ય છે. જો ઇશ્વરનો આત્મા તેઓના પર ફૂંકવામાં આવે, તો જ તેઓ જીવતાં થાય. પણ એમ બને માટે પ્રબોધક જીવનદાયક વચન પહેલવહેલાં પોકારે, એ જરૂરનું હતું (૪). સર્વ ઉપદેશકોને સારુ આ તો અર્થસૂચક વાત છે (પ્રે.૧૦;૩૩). ત્યાર પછી મૂએલાઓનું પુનરુત્થાન થયું. આશ્ચર્યકારક તોપણ સુંદર દૃશ્ય! આપણામાં પણ જે કાર્યસાધક પરાક્રમ આપણને ખ્રિસ્તની સંઘાતે સજીવન કરે છે (એફ.૨;૫), તે એ જ છે. (જેના ત્રણ જુદા જુદા તરજુમા કરેલા છે, એટલે "શ્વાસ" (૫,૬,૧૦), "પવન" (૯), ને "આત્મા" (૧૪), તે મૂળભાષામાં એક જ શબ્દ છે. સરખાવો યો.૩;૮).

બંદીવાસીઓનું પુનરુત્થાન થશે, તે દિવસે યહુદાહ તથા ઇસ્ત્રાએલ ફરીથી જોડાઇને એક પ્રજા થશે, અને ઇશ્વરનો "સેવક દાઉદ" તેમનો એક જ રાજા થશે (૨૨-૨૪).

(ઙ) અધ્ય.૩૮,૩૯. ઇસ્ત્રાએલનું શુદ્ધિકરણ તેમ જ તેની પુનઃસ્થાપના કરાઇ ચૂક્યાં છે. આસપાસનાં રાજ્યોને નાબૂદ કરવામાં આવ્યાં છે. હવે એક જ કાર્ય કરવાનું બાકી રહ્યું છે, એટલે કે દૂરની પ્રજાઓ આવીને યહોવાના નામનું શ્રવણ કરે તથા તેના મહિમાનું દર્શન પામે.

(૧) ૩૮; ૧-૨૩. માગોગ દેશના રાજા ગોગે કરેલો હુમલો. માગોગ દેશ વિષે કંઇ પણ ખબર નથી. (ઉત.૧૦;૨ પ્રમાણે માગોગ તો યાફેથના એક દીકરાનું નામ છે). તે ઉત્તર તરફનો એક દેશ છે (૩). હેબ્રીઓના માનવા પ્રમાણે સર્વપ્રકારની આફતો ઉત્તર તરફથી આવતી હતી (જુઓ યર.૧;૧૪).

(૨) ૩૯; ૧-૨૦. ગોગની ફોજોનું સત્યાનાશ. સાત વર્ષ ચાલે, એટલું બળતણ યહૂદીઓને રણક્ષેત્ર પરથી મળે (૧-૧૦). માર્યા

ગએલાની આટલી બધી સંખ્યા થશે કે શબો દાટતાં દાટતાં સાત માસ લાગશે (૧૧-૧૬). તેઓની કતલ યજ્ઞ સમાન છે, અને પક્ષીઓ તથા જંગલી શ્વાપદો તે માંગલિક પ્રસંગે તેડાએલા મહેમાનો જેવાં છે (૧૭-૨૦).

(૩) ૩૯; ૨૧-૨૯. તે સર્વ કરવામાં ઈશ્વરનો ઈરાદો. ઈશ્વર પોતાના લોકનું રક્ષણ કરી ન શક્યો, તેથી તેઓને બંદીવાસમાં લઈ જવામાં આવ્યા હતા, એમ પરદેશી લોકનું માનવું હતું, તે આપણે ઉપર શીખી ગયા (૩૬;૨૦). પણ તે સર્વસમર્થ છે, એવું તેઓ હવે સમજી ગયા છે. પાપદ્વેષી હોવાને લીધે તેણે પોતાના લોકને બંદીવાસમાં જવા દીધા, પણ દયાનિધિ હોવાને લીધે તેણે તેઓને પાછા સમેટ્યા (૨૮ : યશા.૫૪;૮). હવે તેના નિયમો જગજાહેર થશે. સર્વ પ્રજાઓ "જાણશે કે હું યહોવા તેઓનો દેવ છું" (૨૮). તેનું નામ તથા તેના નિયમો સર્વત્ર જાહેર કરવાનું સાધન તો ખ્રિસ્તી મંડળી છે. તે મહાન કર્તવ્ય પાર પાડવાની જવાબદારી આપણે માથે છે, કેમ કે "જ્યારે પ્રજાઓની નજર આગળ હું તમારામાં પવિત્ર મનાઈશ, ત્યારે જ તેઓ જાણશે કે હું યહોવા છું" (૩૬;૨૩).

D. અધ્યાય. ૪૦-૪૮. પુનઃસ્થાપિત થએલા ઈસ્ત્રાએલનું આદર્શ બંધારણ.

ઈસ્ત્રાએલના છેલ્લા વૈરીનો નાશ થઈ ચૂક્યો છે. તેઓનાં પાપની ક્ષમા કરવામાં આવેલી છે, તેઓના પર ઈશ્વરનો આત્મા રેડી દેવામાં આવ્યો છે (૩૯;૨૯). પુસ્તકના બાકીના વિભાગમાં તેઓની શાંત્યાનંદની અવસ્થા વર્ણવેલી છે. પ્રથમ ત્રણ વિભાગ આ છેલ્લા વિભાગની પ્રસ્તાવના સમાન છે. તેઓનો બંદીવાસ થયા અગાઉ દેશ તથા તેનું મંદિર પણ મૂર્તિપૂજાના અમંગળપણાથી અશુદ્ધ કરવામાં આવ્યાં હતાં, પણ હવે પુનઃસ્થાપિત ઈસ્ત્રાએલ યહોવા જેવો પવિત્ર થાય, એ જરૂરનું છે. યહોવાના મહિમાએ અશુદ્ધ કરાએલા શહેરનો ત્યાગ કર્યો હતો, પણ હવે ત્યાં સદા રહેવા સારુ તે પાછો આવનાર છે. વળી લોક ફરીથી ભૂલા ન પડે, તે માટે આત્મિક જીવનના બધા માર્ગો ચોક્કસ તથા સ્પષ્ટ બનાવવાની જરૂર છે. તે કારણને લઈને નવા યરુશાલેમનો તથા તેમાંના નવા મંદિરનો નકશો ઘણી જ બારીકાઈથી કાઢેલો છે. આવી ઝીણી ઝીણી વીગતો ખાલી મૃત્યુકારક અક્ષરરૂપ ન

સમજવી; તેઓ જીવનદાયક આત્મારૂપ છે. શહેરનું નવું નામ "યહોવા-શામ્માહ" (=યહોવા ત્યાં છે) પડશે, તેની સમક્ષતાનો પ્રકાશ બધે પડશે અને જીવનવ્યવહારને લગતાં સર્વ વિધિઓ તથા સર્વ ક્રિયાઓ તેના આત્માથી પ્રેરાએલાં થશે.

I. અધ્ય. ૪૦-૪૨. મંદિરનાં જુદાં જુદાં મકાન.

૪૦; ૧-૪. પ્રસ્તાવના.

(૧) ૪૦; ૫-૨૭. બહારનું આંગણું તથા તેના જુદા જુદા દરવાજા.

(૨) ૪૦; ૨૮-૪૭. અંદરનો ચોક, તેના દરવાજા તથા તેની કમાડવાળી ઓરડીઓ.

(૩) ૪૦; ૪૮-૪૧;૧૫ અ. પવિત્રસ્થાન તથા તેની પશ્ચિમ બાજુનાં મકાન.

૪૧;૧૫ આ.--૪૨;૨૦. માંહેના ભાગનું નકશીકામ ને યાજકોના ઓરડાઓ. મંદિરનાં ઉપરોક્ત મકાનોનું વર્ણન સમાપ્ત કરીને મંદિરનું ક્ષેત્રફળ નોંધેલું છે.

II. અધ્ય. ૪૩. નવા બંધાએલા મંદિરમાં ફરીથી ચાલુ થનારી ધર્મક્રિયાઓ.

(૧) ૪૩; ૧-૧૨. મંદિરની પ્રતિષ્ઠાક્રિયા. યહોવા મહિમા સહિત મંદિરમાં પાછો આવ્યો. આ તો છેલ્લા વિભાગમાં વર્ણવેલો સહુથી મહત્વનો બનાવ છે. જેમ પૂર્વ બાજુના દરવાજામાં થઈને યહોવાનું ગૌરવ જતું રહ્યું હતું (૧૧;૨૩), તેમ તેજ દરવાજેથી તે પાછું આવ્યું. પરંતુ તેના પગોનું સ્થાન મહિમાવંત હોવું જોઈએ (૫૨.૬૦;૧૩), તેથી ત્યાં આગળ જે મૂર્તિઓ હતી તે તેમ જ જે રાજાઓને દાટવામાં આવ્યા હતા, તેમનાં મુડદાં ત્યાંથી ખસેડવાની જરૂર છે. તેમ કરાયા પછી યહોવા પોતાના લોકની સાથે સદા રહેવા આવશે. (સુલેમાને મંદિર પોતાના મહેલની નજીકમાં બંધાવ્યું હતું).

હઝકિયેલને મંદિરનો નકશો લોકને બતાવવાનો હુકમ કરવામાં આવ્યો, તે જ્યારે તેઓ જોશે, ત્યારે તેઓ પોતાનાં દુષ્કૃત્યોને લીધે લજવાશે (૧૦).

(૨) ૪૩; ૧૩-૨૭. દહનીયાર્પણની વેદીની પ્રતિષ્ઠાક્રિયા.

અધ્ય.૪૪-૪૬. નવા મંદિરને લગતા વિધિઓ.

(૧) ૪૪; ૧-૩. પૂર્વ તરફના બહારના દરવાજાને લગતો નિયમ. તેમાં થઈને યહોવાના ગૌરવે મંદિરમાં પ્રવેશ કર્યો હતો, તેથી હવે પછીથી તે દરવાજો બંધ જ રાખવામાં આવે. પણ તેમાં સરદાર યજ્ઞનો પ્રસાદ ખાવા બેસે.

(૨) ૪૪; ૪-૩૧. યાજકો તથા લેવીઓને લગતા નિયમો. બેસુનત કોઈ પણ પરદેશી તેમ જ વિશ્વાસઘાત કરનાર કોઈ પણ લેવી (એટલે ગામમાંનાં ઉચ્ચસ્થાનોના પૂજારીઓ) મંદિરને લગતો કંઈ પણ હોદ્દો ન ભોગવે (૪-૧૪). એકલા સાદોકના પુત્રો યાજકપદ ભોગવી શકે (૧૫,૧૬). (તેઓ પણ "લેવીઓ" કહેવાય છે. પરંતુ યરુશાલેમમાં રહીને ગામના પૂજારીઓની માફક તેઓ હઠી ગયા નહોતા. જુઓ ૧ ૨ા.૨;૨૭,૩૫).

(૩) ૪૫; ૧-૮. મંદિરની આજુબાજુની જમીનની વહેંચણી. (અ) મંદિરના યાજકો તથા લેવીઓના ખપને સારુ, તેમ જ (આ) નગર તથા સરદારના ખપને સારુ જમીનનો અમુક ભાગ જુદો રાખવામાં આવ્યો (જુઓ અધ્ય.૪૮).

(૪) ૪૫; ૯-૧૨. માપવા તથા તોળવા સંબંધીના નિયમો.

(૫) ૪૫; ૧૩-૧૭. સરદારનો નિભાવ, અને યજ્ઞાદિ વગેરે ચાલુ રાખવાની તેની ફરજ.

(૬) ૪૫; ૧૮-૪૬;૧૫. જુદા જુદા તહેવાર વખતે નિયમિત અર્પણો. પ્રાયશ્ચિત્તનો દિવસ (૧૮-૨૦), પાસ્ખાપર્વ (૨૧-૨૪), માંડવાપર્વ (૨૫), સાબ્બાથ તથા ચંદ્રદર્શનનો દિવસ (૪૬; ૧-૭).

ધર્મક્રિયાના જુદા જુદા નિયમો (૮-૧૨), દરરોજનું દહનીયાર્પણ (૧૩-૧૫). જમીનને અંગે સરદારનો હક (૧૬-૧૮). યાજકોના ખપને સારુ (૧૮-૨૦) તથા લોકના ખપને સારુ રસોડાં (૨૧-૨૪). (ઉપરના ખરડામાં પચાસમાના દિવસની અને રણશિંગડાના દિવસની વાત (લે.૨૩), તેમ જ પ્રાયશ્ચિત્તની દિવસની વાત (લે.૧૬) અને સાંજના અર્પણની વાત (૧ ૨ા.૧૮;૨૯) મળતી નથી).

IV. અધ્ય.૪૭. જીવનના પાણીથી દેશના રૂઝાએલા ઘા.

૪૭; ૧-૧૨. જીવનની નદી. આ દર્શન કરતાં જૂના કરારમાં

બીજું મનોહર દર્શન મળી આવતું નથી. તેનો ખુલાસો કરવાની કંઈ જરૂર જણાતી નથી. જ્યાં કંઈ તે પાણી જાય, ત્યાં ફળદ્રુપતા, અન્નની પુષ્કળતા તથા શારીરિક આરોગ્યતા પ્રાપ્ત થાય છે. અરણ્ય ગુલાબની પેઠે ખીલે છે. મૃતસમુદ્ર જીવનદાયક સરોવર થઈ જાય છે. આ તો પવિત્ર આત્માની કાર્યવૃત્તિનું એટલે ખ્રિસ્તી મંડળીમાંથી વહેતા જીવનદાયક સામર્થ્યનું દૃષ્ટાંત છે. પાત્મસ બેટમાં કેદ કરાએલા પ્રેરિતના માનવા પ્રમાણે તે સ્વર્ગીય યરુશાલેમમાં બધે પ્રસરી રહેલા જીવન તથા આનંદનું ઉદાહરણ છે (પ્રક.૨૨; ૧-૫).

V. અધ્ય.૪૭; ૧૩-૪૮; ૩૫. બાર કુળોમાં જમીનની કરાએલી વહેંચણી.

(૧) ૪૭; ૧૩-૨૦. દેશનું ક્ષેત્રફળ.

(૨) ૪૭; ૨૧-૨૩. પરદેશી રહીશોને લગતો નિયમ. તેમને ઇસ્ત્રાએલી ગણવા.

(૩) ૪૮; ૧-૭, ૨૩-૨૯. પવિત્ર નગર એજ દેશનું કેન્દ્રસ્થાન. પરંતુ યરુશાલેમ પાલેસ્ટાઇનના દક્ષિણ ભાગમાં હોવાને લીધે તે તો મધ્યબિંદુ ગણી ન શકાય. તેથી સાત કુળ ઉત્તર વિભાગમાં (૧-૭) અને પાંચ કુળ દક્ષિણ વિભાગમાં (૨૩-૨૯) આવે. એવી ગોઠવણ કરવામાં આવી.

(૪) ૪૮;૯-૨૨. પવિત્ર ભૂમિ. યહુદાહ તથા બિન્યામીન વચ્ચે પવિત્ર ભૂમિ આવેલી છે. માપ પ્રમાણે તે આઠ ચોરસ માઇલ જેટલી છે. જેમ દરેક અર્પણનો અમુક ભાગ અગ્નિદ્વારા ઈશ્વરને અર્પી દેવામાં આવતો હતો, અને બાકીનું યાજકો તથા લેવીઓને આપવામાં આવતું હતું, તેમ પવિત્ર ભૂમિનો થોડો ભાગ મંદિરમાં ચઢાવેલાં અર્પણોને સારુ (૯), અને બાકીનો ભાગ યાજકો (૧૧), લેવીઓ (૧૩) તથા પવિત્ર નગરના ખપને સારુ જુદો રાખવામાં આવ્યો. સર્વ કુળોના લોકને નગરમાં રહેવાની છૂટ હતી (૧૯). તે નગર પ્રજાના ઐક્યનું ચિહ્ન હતું. દેશની વહેંચણી નીચેના નકશા પ્રમાણે કરવામાં આવી.



(૫) ૪૮; ૩૦-૩૪. નગરના બાર દરવાજા. નગરનો કુલ ઘેરાવો આશરે ૬ માઈલ જેટલો હતો.

(૬) ૪૮;૩૫. નગરનું નામ. "યહોવા-શામ્માહ," એટલે "યહોવા ત્યાં છે, એવું તેનું નામ પડવાનું હતું. યહોવાએ પોતાનું મંદિર તજી દીધું હતું (૧૧;૨૩), પણ હવે તે ત્યાં પાછો આવેલો છે

(૪૩;૪). તે પોતાના લોકની મધ્યે સદા રહેવા આવ્યો છે. એજ દર્શનથી નવો કરાર પણ સમાપ્ત કરવામાં આવેલો છે. "જુઓ, દેવનો મંડપ માણસોની સાથે છે, તેઓની સાથે દેવ વાસો કરશે. તેઓ તેના લોક થશે, અને દેવ પોતે તેઓની સાથે રહીને તેઓનો દેવ થશે" (પ્ર.૨૧;૩).

૫. શિક્ષણ

૧. નવા; રાજયનો જે આત્મિક પાયો યર્મિયાએ નાખ્યો હતો, તેજ પાયા પર હઝકિયેલ પણ રાજય બાંધવા માગતો હતો, એવું તેના પુસ્તકનો અભ્યાસ કરવાથી દરેક વાચકને માલૂમ પડ્યું હશે. યર્મિયાની પેઠે હઝકિયેલ પણ નવું હૃદય તથા નવો આત્મા પ્રાપ્ત કરવાની અગત્ય પ્રગટ કરતો હતો. જો દેવના રાજયમાં પ્રવેશ કરવો હોય, તો નવો જન્મ પામવાની જરૂર છે, એવો જે ઉપદેશ પ્રભુ ઈસુ કરતો હતો, એવો જ ઉપદેશ હઝકિયેલ પણ કરતો હતો (૧૧;૧૯,૨૦ : ૧૮;૩૧ : ૩૬;૨૬). આખું પુસ્તક સુવાર્તારૂપ છે--પાપ, પસ્તાવો, ક્ષમા તથા પુનઃસ્થાપના. તે તો જૂના કરારને બંધબેસતી ભાષામાં વર્ણવેલું ઉડાઉ દીકરાના દૃષ્ટાંતરૂપ છે.

બીજા પ્રબોધકો કરતાં હઝકિયેલ ઈશ્વરાત્માનો સિદ્ધાંત સ્પષ્ટ રીતે પ્રગટ કરતો હતો. જે કોઈ ખરો પસ્તાવો કરે, તેને નવો આત્મા પામવાનું વચન આપેલું છે (૧૧;૧૯ : ૩૬;૨૬). અપરાધોમાં તથા પાપોમાં જેઓ મૂએલાં છે, તેઓને જે સજીવન કરનાર છે, તે ઈશ્વરાત્મા છે (૩૭;૧-૧૪). ("હું તેઓમાંના કોઈને પડતો મૂકીશ નહિ; હું પછીથી તેઓનાથી કદી વિમુખ થઈશ નહિ; કેમ કે મેં ઈસ્ત્રાએલ લોક પર મારો આત્મા રેડ્યો છે, એમ યહોવા કહે છે,") એવું દિલાસાદાયક વચન શત્રુઓના ભયથી મુક્ત થએલા લોકને આપવામાં આવ્યું (૩૯;૨૮,૨૯).

(૨) વ્યક્તિગત જવાબદારી સંબંધી હઝકિયેલે જે શિક્ષણ આપ્યું, તે કેટલું મહત્ત્વનું છે, તે ઉપર દેખાડવામાં આવ્યું છે (અધ્ય.૧૮:૩૩; ૧૦-૨૦).

(૩) પ્રબોધક આવનાર મસીહની રાહ જોતો હોય, એવું તેના

સર્વ બોધનું લક્ષણ છે. મસીહ દેવનું હલવાન કહેવાશે, એવું યર્મિયાએ શીખવ્યું હતું (૧૧;૧૯). મસીહ તો ઉત્તમ ઘેટાંપાળક થશે, એવું દૃષ્ટાંત હઝકિયેલના પુસ્તકમાં મળી આવે છે (૩૪; ૧૧-૧૬). (જે "મજાના એરેજવૃક્ષની છાયા તળે સર્વ પ્રકારનાં પાંખોવાળાં પક્ષીઓ રહેશે) (૧૭;૨૩), તે તો આવનાર મસીહ છે. તે દાઉદના વંશમાંનો થશે (૩૪;૨૩ : ૩૭;૨૪,૨૫). જ્યારે તે આવશે, ત્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્ત જે આપણો પ્રમુખયાજક તથા આપણો રાજા છે, તેનો પ્રમુખ યાજકની પાઘડી પહેરવાનો (નિર્ગ.૨૮;૪) તથા રાજાનો મુગટ પહેરવાનો હક થશે (૨૧; ૨૬,૨૭).

(૪) હઝકિયેલ યર્મિયાના જેવો મહાન આત્મિક બોધ કરનાર હતો, એવું હવે માલૂમ પડ્યું હશે. તથાપિ તે "ક્રિયાકાંડવાળો," "ફરોશી મતનો ઉત્પાદક" કહેવાય છે. પુનઃસ્થાપિત ઈસ્ત્રાએલને સારુ જે નવું બંધારણ તેણે યોજી કાઢ્યું, તેની તેમ જ મંદિર તથા તેમાં ચાલતી ભજનસેવાને સારુ જે નવા વિધિઓ તેણે ઘડ્યા, તેમની ઘણી અસર યહૂદીઓના ભક્તિભાવની થતી ઉત્ક્રાંતિ પર થએલી જણાય છે. પરંતુ ઈસ્ત્રાએલના દેવનું પવિત્ર નામ જળવાઈ રહે તે સિવાય એવાં ધારાધોરણ રચવામાં હઝકિયેલના બીજો કોઈ ઈરાદો નહોતો. "યહોવા-શામ્માહ" તે નામ પર પવિત્ર નગરનો પાયો નાખેલો છે. હઝકિયેલનો ઉપદેશ સાચો તથા જીવનદાયક હતો ખરો, પણ તે સાચવવા સારુ ફરોશી જેવા મતવાદીઓએ જે વાડ તેની આસપાસ કરી, તેનાથી એ બોધરૂપી સુંદર વૃક્ષ જીવતું રહેવાને અને વિશેષ ફાલવાને બદલે આખરે તે રક્ષણાત્મક વાડથી જ દબાઈ ગયું.

ઓબાદ્યા
("યહોવાનો સેવક")

૧. **સારાંશ.** આ પુસ્તક જૂના કરારમાં સહુથી ટૂંકું છે. તેનો વિષય તથા તેનો સંદેશો સ્પષ્ટ છે ખરો, તોપણ તે પ્રસિદ્ધ કરવાનો પ્રસંગ નક્કી કરવો, એ સહેલું નથી. પુસ્તકનો સારાંશ નીચે પ્રમાણે છે.

(૧) ૧-૧૪. અદોમ પર આવી પડેલું ન્યાયશાસન. (અ) ૧-૯ મજબૂત ગઢો, ડહાપણ, સાહસિકતા, એ બધું હોવા છતાં અદોમ બચી શકે એમ નહોતું. અદોમ તો પહાડી મુલક છે. તેનું રાજનગર સેલા હતું (યશ.૧૬;૧), તેમાંનાં ઘણાંખરાં ઘર આજસુધી મોજૂદ છે. તે ઘરો ઊંચા ખડકોમાં કોતરી કાઢેલી ગુફા જેવાં છે. (રાજનગરનું આધુનિક નામ પેત્રા (નારીજાતિ=ખડક) છે. સરખાવો પીતર = "પેત્રોસ," નરજાતિ. તેનો અર્થ પણ ખડક કે પથ્થર = અરામી ભાષામાં "કેફાસ" (યો.૧;૪૨)).

(આ) ૧૦-૧૪,૧૫ **આ.** ન્યાયશાસન થયાનું પ્રયોજન. યરુશાલેમનો નાશ થયો (૫૮૬), તે પ્રસંગે હાર પામેલા યહૂદીઓ પ્રત્યે અદોમીઓએ ઘણું નિર્દય વર્તન ચલાવ્યું હતું (ગીત.૧૩૭;૫). તે વખતે પ્રબોધક જાણે કે હાજર હોય, એવી રીતે તે અદોમીઓને યહૂદીઓ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવાની વિનંતી કરે છે (૧૨-૧૪).

(૨) ૧૫ **અ**, ૧૬-૨૧. અદોમની પડતી અને ઇસ્ત્રાએલની ચઢતી. (અ) ૧૫ **અ**, ૧૬. યહોવાનો દિવસ સાર્વજનિક છે. તે દિવસે બધી અન્ય પ્રજાઓની સાથે અદોમનો પણ ન્યાય કરવામાં આવશે.

(આ) ૧૭-૨૧. પણ ઇસ્ત્રાએલની પુનઃસ્થાપના થશે. યરુશાલેમના પતન વખતે દુશ્મનોએ તેના જે જે પ્રદેશો પડાવી લીધા હતા, તે સર્વને યહુદાહ તથા ઇસ્ત્રાએલ પાછા કબજે કરી લેશે, અને "રાજ્ય યહોવાનું થશે." (ક.૧૯ LXX પ્રમાણે જો આ કલમમાં સુધારો કરવામાં આવે, તો તેનો એવો તરજુમો થાય, કે "નેગેબ (=યહુદાહનો દક્ષિણ ભાગ) એસાવના પર્વતનો (=અદોમ) કબજો, ને શેફેલાહ (=સમુદ્ર કિનારાનો પ્રદેશ) પલિસ્તિઓનો કબજો, ને પહાડ

(=યહુદાહનો પહાડી પ્રદેશ) એફ્રાઈમ તથા સમરૂનના મેદાનનો કબજો, ને બિન્યામીન ગિલઆદનો કબજો લેશે").

ક.૨૦. "સફારાદ." તે એશિયા માઈનરના ઉત્તર વિભાગમાંનો કોઈ પ્રાંત હશે. પણ હેબ્રી ટીકાકારોના સમજવા પ્રમાણે સારફાથ તે ફ્રાન્સ દેશ ને સફારાદ તે સ્પેન દેશ છે. એ ખુલાસા અનુસાર સ્પેનમાં વસતા યહુદીઓ આજદિન સુધી સફારાદી કહેવાય છે.

ક.૨૧ "ઉદ્ધારકો" = યહૂદી વંશના રાજાઓ.

૨. **સમય.** ઉપર કહ્યા પ્રમાણે ક.૧૦-૧૪માં મળતી વાત યરુશાલેમના આખરી નાશને લગતી છે, તેથી આ પુસ્તક ૫૮૬ની સાલ પછી રચવામાં આવ્યું, તે નિઃશક વાત છે. પરંતુ કલમ ૧-૬,૮,૯માં સમાએલી ઘણીખરી વાતો ય૨.૪૯;૭-૧૬માં પણ મળી આવે છે. તે અધ્યાય ૬૦૫ની સાલના સમયનો છે (ય૨.૪૬;૨). આ બાબત સંબંધી લાંબું વિવેચન કરી શકાય એમ છે; પરંતુ બે જુદાં જુદાં પુસ્તકોમાં એકની એક વાત મળે છે. તેનો સહુથી માનવાજોગ ખુલાસો એ છે, કે બંને પ્રબોધકે અદોમ વિષેના કોઈ પુરાણા ભવિષ્યવચનમાંથી ઉતારો કર્યો હશે. એવા બનાવના બીજા દાખલા અગાઉ આવી ગયા છે, જેવા કે યશા.૨;૨-૪ = મીખા. ૪; ૧-૩ અને યશા. ૧૬;૧૩. તેથી ઉપર સૂચવાએલો સમય, એટલે તે ૫૮૬ પછીનો છે, એમ સ્વીકારતાં બાધ આવે એમ નથી.

૩. **સંદેશો.** ઈસ્ત્રાએલ તથા અદોમ વચ્ચેની દુશ્મનાવટ "જાથુ" હતી (હઝ. ૩૫;૫). યાકૂબ તથા એસાવે તેઓની માના ઉદરમાં પણ બાઝાબાઝ કરી હતી (ઉત.૨૬;૨૨). પણ યરુશાલેમનો નાશ થયો, તે પ્રસંગે તો અદોમીઓ હદ બહારની નિર્દયતાથી વર્ત્યા. અદોમીઓની બુદ્ધિની કીર્તિ જગજાહેર હતી (યુ.૪;૧), પણ ભક્તિભાવમાં તેઓ ધર્માંધ હતા. તેમનો પૂર્વ જ એસાવ હતો. તે "ભ્રષ્ટ" (મૂળાર્થ=જડ મનવાળો, નાસ્તિક) કહેવાય છે (હે.૧૨;૧૬). તેથી અદોમનો પરાજય તે દેહનો પરાજય અને ઈસ્ત્રાએલનો વિજય તે આત્માનો વિજય આપણે સમજવો. ઓબાદ્યાનો સંદેશો કેવળ અદોમ તથા ઈસ્ત્રાએલને લગતો છે, એમ તો નહિ પણ ઈશ્વરના રાજ્ય તથા તેના થનાર દિગ્વિજયને લગતો પણ છે. "અને રાજ્ય યહોવાનું થશે," એજ તેનો ખરેખરો સંદેશો છે (પ્રક.૧૧;૧૫).

યશાયા

૧. **સમય.** (૧) અધ્ય. ૩૯મો વાંચ્યા બાદ અધ્ય.૪૦મો જે કોઈ વાંચવા જાય, તેને તે બે અધ્યાયોમાં ઘણો તફાવત તરત માલૂમ પડશે. લખવાની શૈલી જુદી જણાય છે. સંદેશો પણ જુદો છે. શ્રોતાજનોની પરિસ્થિતિ જુદી છે. યરુશાલેમ ઘણા વખતથી ખંડિયેર થઈ ગયું છે (૪૪;૨૬,વગેરે). જેઓની આગળ પ્રબોધક ઉપદેશ કરે છે, તેઓ પરદેશમાં કેદ કરાએલા લોક છે (૪૨;૭,૨૨ : ૪૫;૧૩ : ૪૯;૯, વગેરે). પરંતુ કેદની મુદ્દતનો અંત પાસે આવ્યો છે; તેઓની લડાઈ પૂરી થઈ છે (૪૦;૨ : ૪૬;૧૩). સ્વદેશ પાછો જવાનો માર્ગ અરણ્યમાં તૈયાર કરવામાં આવે છે, અને યહોવા પોતે તેમના સૈન્યની મોખરે ચાલે છે (૪૦;૧૦). કેદીઓને કારાગૃહ, એટલે બાબેલોનને, છોડી દેવાનું કહેલું છે (૪૮;૨૦ : ૫૨;૧૧). બાબેલોનનો નાશ થવાની તૈયારીમાં છે (૪૬;૧ : અધ્ય.૪૭). થોડા સમયમાં પાયમાલ થઈ ગએલું યરુશાલેમ ફરીથી બાંધવામાં આવશે (૪૪;૨૬).

(૨) રંગભૂમિ પર આવેલાં પાત્રો પણ જુદાં છે. યશાયાના પૂર્વાર્ધમાં જે સંહારક રાજાનું નામ ખાસ મળી આવે છે, તે તો સાન્હેરીબ છે. પણ ઉત્તરાર્ધમાં વિશેષ વર્ણવેલો રાજા તો ઇસ્ત્રાએલનો ઈશ્વરદત્ત છોડાવનાર ઈરાનનો કોરેશ નામનો રાજા છે. કોરેશની કારકિર્દીની મુખ્ય વાતો નીચે પ્રમાણે છે :--

૫૫૮. તે એલામ ઇલાકાનો ગાદીપતિ થયો (૪૧;૨, ૨૫). એલામ દેશ તિગ્રિસ નદીને પૂર્વ કાંઠે આવેલો છે, તેની ઉત્તરે માદીઓ ને તેની દક્ષિણે ઈરાનીઓ વસેલા હતા. સૂસા તેનું રાજનગર હતું (એસ્ત.૧;૨).

૫૪૮. તેણે માદી લોકને વશ કર્યા.

૫૪૯-૫૪૬. તેણે ઈરાન કબજે કરી લીધો. હવે પછી તેનું રાજ્ય માદી-ઈરાની કહેવાતું હતું.

૫૪૦. વાયવ્ય તરફ આગળ ધસતાં તેણે એશિયા માઇનરનું સાર્દીસ (પ્ર.૩;૧) નામનું મોટું શહેર કબજે કર્યું (૪૧;૨૫).

૫૩૮. તેણે બાબેલોન જીતી લીધું, ને ત્યાર પછી ઇસ્ત્રાએલી બંદીવાસીઓને છોડાવ્યા (એઝ.૧;૩).

પુસ્તકના આ વિભાગના પ્રથમ અધ્યાયો લખવામાં આવ્યા, તે

અગાઉ કોરેશે જુદી જુદી ઘણી જીત મેળવી હતી. લખતી વેળા તે ઉત્તર તરફ પહોંચી ગએલો જણાય છે, અને જેમ કુંભાર કાદવને ગૂંદે છે, તેમ તે ત્યાંના લોકને ગૂંદે છે (૪૧;૨૫). આવા શબ્દો પરથી સમજવું કે તેણે સાર્દીસ શહેર ક્યારનુંય જીતી લીધું હતું. બાબેલોન પર તેણે હજુ હુમલો કર્યો નહોતો, પરંતુ થોડા વખતમાં યહોવા તેની આગળ પિત્તળની ભાગળના ટુકડેટુકડા કરી નાખશે (૪૫; ૨,૩), અને બાબેલોન શહેર પર હુમલો કરવામાં આવશે. હવે બાબેલોનનું પતન થયું ૫૩૮ની સાલમાં, તેથી આ અધ્યાયો ૫૪૦ ને ૫૩૮ની વચમાં લખવામાં આવ્યા હોય, એવું અનુમાન કરી શકાય છે.

(૩) ઉપર કહ્યા પ્રમાણે જેમ આ વિભાગનો સમય પૂર્વાર્ધના સમયથી જુદો જણાય છે, તેમ તેમાં સમાએલું શિક્ષણ પણ જુદું માલૂમ પડે છે. ઈશ્વર વિષેના સિદ્ધાંતોનો વિકાસ થએલો જણાય છે, તે પૂર્વાર્ધમાં જાહેર કરેલા બોધ કરતાં ઊંડો તેમ જ વિસ્તૃત પણ છે. વિશેષે કરીને મસીહ સંબંધીના બોધમાં ફેરફાર થએલો જણાશે. યશાયાના પૂર્વાર્ધમાં (૯;૭), યર્મિયામાં (૨૩;૫) ને હઝકિયેલમાં (૩૪;૨૩) દાઉદના વંશજની જે વાત મળી આવે છે, તેના જેવી વાત આ વિભાગમાં મળતી નથી. ઉદ્ધારનાર તો આવનાર છે, પણ તે "યહોવાનો સેવક," "દુઃખિત પુરુષ તથા દરદનો અનુભવી" કહેવાય છે (૫૩;૩).

(૪) છેલ્લું, ઢબ તથા ભાષામાં ઘણું જુદાપણું જણાય છે. પ્રબોધકના બોધનું વક્તૃત્ત્વ ઘણું હૃદયભેદક છે. બંદીવાસીઓના છુટકારાનો વિજય જેવો ઉમદા છે, તેવી બોલનારની છટા પણ ઉમદા તથા અલંકારિક છે.

વળી પૂર્વાર્ધમાં મળતા ઘણા શબ્દો ઉત્તરાર્ધમાં મળતા નથી, દા.ત. "શેષ" (૧;૯,વગેરે) અને મૂર્તિસૂચક શબ્દ, એટલે "શૂન્ય" અર્થનો જે શબ્દ છે, તે (૨;૮, વગેરે). તેથી ઉલટું ઉત્તરાર્ધમાં એવા ઘણા શબ્દો મળી આવે છે કે જે પૂર્વાર્ધમાં મળતા નથી, દા.ત. "સર્વ દેહધારીઓ" (૪૦;૫ - માણસો : ૪૦;૬ - મનુષ્યો : ૬૬;૨૩,૨૪ - માનવજાત, માણસજાત, વગેરે), ને "બીશ મા" (૪૧;૧૦,૧૪ : ૪૩;૧,૫ વગેરે). પણ એવું એક વચન છે ખરું, કે જે પુસ્તકના બંને વિભાગમાં ઘણી વાર આવે છે, એટલે "ઇસ્ત્રાએલનો પવિત્ર (દેવ)," તે પૂર્વાર્ધમાં ૧૨ વાર ને ઉત્તરાર્ધમાં ૧૩ વાર મળી આવે છે.

૨. અનુક્રમણિકા તથા શિક્ષણ.

આ પ્રકરણના ત્રણ વિભાગ થાય છે :--

(૧) અધ્ય.૪૦-૪૮ : (૨) અધ્ય.૪૯-૫૫ : (૩) અધ્ય.૫૬-૬૬. પ્રથમના બે વિભાગનો એક જ વિષય છે, એટલે બંદીવાસીઓનો થોડા સમયમાં થનાર છૂટકારો. પરંતુ તેનું વિવેચન બે જુદાં જુદાં દૃષ્ટિબિંદુથી કરેલું છે. ત્રીજો વિભાગ બીજા બે વિભાગથી ઘણી બાબતોમાં જુદો પડે છે.

અધ્યાય ૪૦-૪૮. દિલાસાનું પુસ્તક.

"મારા લોકને દિલાસો દો, દિલાસો દો," એ શબ્દો આ વિભાગના આધારવાક્ય જેવા છે. પ્રબોધકના માનવા પ્રમાણે એવો આશામય સંદેશો પ્રગટ કરવાનાં બે સબળ પ્રમાણ હતાં, એટલે (અ) ઈશ્વર વિષેનો સિદ્ધાંત, અને (આ) (૧) કોરેશ તથા (૨) ઈસ્ત્રાએલને સોંપેલા કાર્ય સંબંધી ઈશ્વરનો ઈરાદો.

(અ) ઈશ્વર વિષેનો સિદ્ધાંત અધ્ય.૪૦માં જાહેર કરેલો છે. આ વિભાગમાં જે કંઈ શીખવેલું છે, તે સર્વનો આધાર આ વાત પર રહેલો છે.

બંદીવાસીઓ આશાહીન થઈ ગયા હતા. યહોવાએ અમારું વિસ્મરણ કર્યું છે, એમ તેઓનું કહેવું હતું (૨૭). પણ યહોવાનું જ્ઞાન તેમ જ તેનું સામર્થ્ય અપાર છે, એવું પ્રબોધક તેઓને સમજાવવા માગે છે. વિશ્વને ઉત્પન્ન કરવામાં તથા તેને ચલાવવામાં યહોવાનું માહાત્મ્ય દીપી આવે છે. તેની દૃષ્ટિમાં દુનિયાની સર્વ પ્રજાઓ ત્રાજવાની રજ સમાન, હા, ડોલ પરથી ઊડતા છાંટા જેવી છે. મૂર્તિઓ તો કૃત્રિમ વસ્તુઓ છે. (પ્રબોધક વખતોવખત મૂર્તિઓનો ધિક્કાર કરે છે (૪૧;૬, ૭ : ૪૪;૯-૨૦ : ૪૬; ૬-૮). જો બંદીવાસીઓ સૃષ્ટિમાં તથા કાળચક્રમાં યહોવાના દીપી આવતા સામર્થ્યનું મનન કરે, તો તે તેમનું વિસ્મરણ કદી નહિ કરે, એવી તેઓને ખાતરી થયા વગર રહે જ નહિ. તે સનાતન દેવ છે. તેનું પરાક્રમ કદી ખૂટે જ નહિ. તેનું જ્ઞાન પાર વિનાનું છે. જેટલા તેની રાહ જુએ છે, તેઓ સઘળાનું બળ તથા તેઓની આશા તાજાં કરાય છે (૧૨-૩૧).

પરંતુ "પૂર્વમાંથી" પોતાના લોકનો ઉદ્ધારનાર થવા સારુ તેણે એકને ઊભો કર્યો છે, તે કાર્યમાં તેનું સામર્થ્ય તથા જ્ઞાન વિશેષ દીપી

આવે છે (અધ્ય.૪૧). ઉત્તર તરફ ચાલતાં (૨૫) કોરેશ જુદા જુદા ત્રણ દેશોને સર કરતો જાય છે, તેનું શું કારણ છે, તે અન્ય પ્રજાઓ જાહેર કરી શકે કે કેમ, એમ તેઓને પૂછવામાં આવે છે. (૪). પણ તેઓ નિરુત્તર રહે છે. તે કાર્ય સાધનાર માત્ર એક જ છે. "યહોવા, જે આદિ, જે છેલ્લાની સંઘાતે છે, તેજ હું છું" (૧-૪). મૂર્તિઓ પણ પ્રજાઓના જેવી મૂંગી છે. તેઓ કંઈ પણ ઐશ્વર્ય સાબિત કરી શકતી નથી. તેઓ ભવિષ્ય ભાખી શકતી નથી. કોરેશને આગળ ધસતો જોઈને તેઓ સ્તબ્ધ બની જાય છે (૨૧-૨૯). પણ ઈસ્ત્રાએલ નિર્ભય છે, કેમ કે યહોવા તેનો રક્ષક દેવ છે (૮-૨૦). જે બનાવો બનવાના છે તે યહોવા પહેલાંથી જાણે છે, તે જ તેના દેવત્ત્વનો પૂરાવો છે. એ વાતનાં ઘણાં ઉદાહરણ આ અધ્યાયોમાં મળી આવે છે. જે કંઈ ઈશ્વર કરે છે, તે તે ઇરાદાપૂર્વક કરે છે, એવી એ કહેવાની મતલબ છે. અમુક હેતુથી તેણે સૃષ્ટિ ઉત્પન્ન કરી (૪૫;૧૮). સર્વ જમાનાનો કર્તાહર્તા તે છે (૪૧;૪). પણ તેણે ઈસ્ત્રાએલને પસંદ કરીને પૃથ્વીને છેડેથી બોલાવ્યો હતો, એ તેના ભવિષ્યજ્ઞાનનું સહુથી સબળ પ્રમાણ છે (૪૧;૮૭. તેમ જ રીતે કોરેશ રાજા ઈસ્ત્રાએલના શત્રુઓનો નાશ કરે, તે માટે ઈશ્વરે તેને ઊભો કર્યો હતો (૪૧;૨,૨૫ : ૪૪;૨૮ : ૪૫;૧ : ૪૬;૧૧ : ૪૮;૧૫). આવી માન્યતા સર્વ પ્રબોધકો રાખતા હતા, પણ બીજા બધા કરતાં આ અધ્યાયોના લેખકે તેનું વધારે વિવેચન કરેલું છે.

આ વિભાગમાં યહોવાના ઐશ્વર્યનું બીજું જે ખાસ લક્ષણ દેખાઈ આવે છે, તે તો તેનું ન્યાયીપણું છે. તેમાં ઈશ્વરનું વિશ્વાસુપણું, તેની અચલતા, તેનો સંકલ્પ સાધવાની તેની અવિકારી ઇચ્છા, એ સર્વ સૂચવેલાં છે. "ન્યાયીપણાએ" યહોવાએ કોરેશને ઊભો કર્યો છે (૪૫;૧૩). "ન્યાયીપણાએ" તેણે ઈસ્ત્રાએલને બોલાવ્યો છે (૪૨;૬). "ન્યાયીપણાએ" તેના મુખમાંથી વચન નીકળ્યું છે (૪૫;૨૩). તે "ન્યાયી દેવ છે," તેથી તે ત્રાતા પણ છે, અને તેથી તેણે પૃથ્વીના છેડા સુધીના સર્વ માણસોને પોતા તરફ ફરીને તારણ પામવાની આજ્ઞા કરી છે (૪૫; ૨૧,૨૨).

ઈશ્વર વિષેના એવા શ્રેષ્ઠ સિદ્ધાંતો જાહેર કરીને પ્રબોધક બંદીવાસીઓની આગળ દિલાસા તથા આશાનો સંદેશો પ્રગટ કરતો હતો. સદાને માટે તથા સર્વ લોકને સારુ તેજ સતવચન દિલાસા તથા આશાના પાયારૂપ છે.

(આ) (૧) કોરેશ સંબંધીની વાત ધ્યાન આપવા લાયક છે. શરૂઆતમાં આ વાત પ્રગટ કરતાં પ્રબોધકે કોરેશનું નામ જાહેર કર્યું નહિ (૪૧; ૧-૪), પણ પછીથી તેનું નામ જણાવેલું છે (૪૪;૨૮ : ૪૫;૧). તે યહોવાનો "ઘેટાંપાળક," તે "અભિષિક્ત" (-મસીહ) કહેવાય છે. વળી ક્યા હેતુથી યહોવાએ તેને બોલાવ્યો હતો, તે પણ જાહેર કરેલું છે. તે યહોવાનો મનોરથ પૂરો કરનાર થશે. બંદીવાસીઓને તે છોડાવશે, અને યરુશાલેમ તથા મંદિર બંનેને તે ફરી બંધાવશે. યહોવા તેને નિભાવશે. "જો કે તેં મને ઓળખ્યો નથી, તોપણ હું તારી કમર બાંધીશ." છેલ્લે, તેમ કરાવવામાં યહોવાનો શો સંકલ્પ છે, તે વ્યક્ત કરેલો છે, એટલે કે "તેઓ જાણે કે ઉગમણથી તે આથમણ સુધી મારા વિના બીજો કોઇ નથી." હું જ યહોવા છું, ને બીજો કોઇ નથી" (૪૫;૬). "ખચીત દેવ તારામાં છે, એમ કહેતાં અન્ય પ્રજાઓ ઇસ્ત્રાએલને નમસ્કાર કરશે" (૪૫;૧૪ : ઝખ.૮;૨૩). વળી ઇસ્ત્રાએલનો ઉદ્ધાર થશે, ત્યારે પૃથ્વીના છેડા સુધીના સર્વ લોકો યહોવાની ભણી ફરીને તારણ પામશે (૨૨). ઇશ્વરનો માનવજાત સંબંધીનો મનોરથ તેમ જ સર્વ સામાજિક ઇતિહાસનો મર્મ આ વાતમાં ગર્ભિત રહેલો છે.

(૨) કોરેશ રાજા ઉપરાંત ઇશ્વરનો સંકલ્પ પૂર્ણ કરવાનું બીજું સાધન તો તેનો સેવક ઇસ્ત્રાએલ છે. (૪૨; ૧-૪નાં પ્રકરણમાં "સેવક" શબ્દ મળી આવે છે ખરો, પણ "ઇસ્ત્રાએલ" શબ્દ મળતો નથી. આ કલમોનું વ્યાખ્યાન પછીથી કરવામાં આવશે). ઇબ્રાહીમનું તેડું ઇરાદાપૂર્વક હતું (ઉત.૧૨;૩). અમુક હેતુથી ઇશ્વરે ઇસ્ત્રાએલની સાથે કરાર કર્યો હતો (નિ.૧૯;૬). બંદીવાસીઓ પણ યહોવાના પસંદ કરાએલા તથા તેડાએલા સેવકો છે, એમ કહીને પ્રબોધક તેઓને ઉત્તેજિત કરવા માગતો હતો (૪૧;૮ : ૪૨;૧૯ : ૪૪;૧,૨,૨૧ : ૪૫;૪ : ૪૮;૨૦). યર્મિયા (૩૦;૧૦) અને હઝકિયેલ (૨૮;૨૫) એજ સંજ્ઞા ઇસ્ત્રાએલને આપી હતી. યહોવાએ ઇસ્ત્રાએલને અમુક કાર્ય કરવાનું સોંપ્યુ છે, એવો અર્થ આ નામમાં રહેલો છે. "તમે મારા સાક્ષી છો," એવું જે વચન આપણા પ્રભુ ઇસુએ પોતાના પ્રથમ શિષ્યોને કહી સંભળાવ્યું (પ્રે.૧;૮), તે પહેલવહેલાં ઇસ્ત્રાએલી પ્રજાને યહોવાથી કહેવામાં આવ્યું (૪૩; ૧૦,૧૨). યહોવાનો સંદેશિયો તેનો સુવાર્તિક થવા સારુ ઇસ્ત્રાએલી પ્રજાને પસંદ કરવામાં આવી હતી (૪૨;૬,૭,૧૯).

II. અધ્યાય ૪૯-૫૫

આ વિભાગનો વિષય પહેલાના જેવો જ છે, એટલે બંદીવાસીઓનો છૂટકારો તથા સિયોનનો થનાર મહિમા. પરંતુ તેમાં યહોવાના સેવકના સેવાકાર્ય પર વિશેષ લક્ષ દેવામાં આવે છે. કોરેશ રાજાની તેમ જ બાબેલોનના થનાર નાશની એક પણ વાત તેમાં મળી આવતી નથી. યહોવા વિષેના સિદ્ધાંત પર તેમ જ તેના ભવિષ્યજ્ઞાન પર કંઈ ખાસ આધાર રાખવામાં આવતો નથી. પરંતુ ૪૨; ૧-૪માં યહોવાના સેવક સંબંધી જે જૂજ વાત આવેલી છે, તેનો સવિસ્તર ઉલ્લેખ આ વિભાગમાં કરેલો છે, જેથી તેમાં રહેલો મર્મ વિકસતો જઈને અધ્ય.૫૩માં સ્વર્ગીય બોધના મનોહર સ્વરૂપમાં પૂર્ણ રીતે ખીલી રહેલો જણાય છે.

યહોવાના સેવક સંબંધીનું શિક્ષણ જે ચાર જુદાં જુદાં પ્રકરણમાં સમાએલું છે, તે નીચે પ્રમાણે છે :--

(૧) ૪૨; ૧-૪. આ ફકરામાં બે જુદી જુદી વાત જાહેર કરેલી છે. (અ) સેવકને સોંપેલું કાર્ય, એટલે કે તે વિધર્મીઓને ન્યાય પ્રગટ કરે, અને (આ) ફરજ બજાવવાની તેની પદ્ધતિ, એટલે ધૈર્ય તથા સહનશીલતા.

(૨) ૪૯; ૧-૬. અન્ય પ્રજાઓની આગળ યહોવાનો સેવક પોતાને સોંપેલી ફરજ સંબંધી (૧-૩) તથા પોતે કરેલી મહેનતની નિષ્ફળતા (૪) સંબંધી વાત કરે છે. પણ જે ઈરાદાથી તેને તેડવામાં આવ્યો છે, તેનું તેને દર્શન દઈને યહોવા તેની નિરાશા દૂર કરે છે. વિખેરાઈ ગએલા ઈસ્ત્રાએલીઓને તે પાછા સમેટે, તેમ જ પૃથ્વીના છેડા સુધી તારણનો સંદેશો કહી સંભળાવે, એવો ઈશ્વરનો મનોરથ છે.

સેવક ઈસ્ત્રાએલનાં કુળોને ફરી ઊભાં કરે, એવી તેની ફરજ છે, તે વાત પરથી એવું અનુમાન કરવું પડે છે, કે સેવકની સંજ્ઞામાં તમામ ઈસ્ત્રાએલનો સમાવેશ થતો નથી.

(૩) ૫૦; ૪-૯. અહીં પણ સેવક પોતે બોલે છે. તે એકાંતમાં બેઠેલો છે, અને જે જે સંકટો તેને સહન કરવાં પડ્યાં છે, તેનું તે મનન કરે છે. તેનાં વચન વાંચતાં યર્મિયા તથા તેનાં દુઃખ વાચકને સાંભરે છે. યર્મિયાની પેઠે, હા, પ્રભુ ખ્રિસ્તની પેઠે યહોવાનો સેવક દુઃખસહનથી સંપૂર્ણ કરાય છે. તેઓની પેઠે તે પણ ઈશ્વરેચ્છાને આધીન થઈને વિજય

પામવાની પોતાની દૃઢ આશા વ્યક્ત કરે છે.

"સેવક" તો સમસ્ત ઇસ્ત્રાએલી કોમ હોઇ ન શકે, એવું આ ફકરા પરથી પણ સાબિત થાય છે. ઇસ્ત્રાએલને સારુ પ્રાયશ્ચિત્ત કરવાનું છે, અને ઇસ્ત્રાએલીઓમાંના જેટલા તેનું માને છે, તેઓ બધા તેના વિજયના ભાગિયા થશે. સેવકને ત્રાસ આપનારા તો માણસો છે. ઇશ્વરના તેમ જ માણસોના હાથથી તેની સતાવણી થાય છે, એવું હવે પછીના પ્રકરણમાં જણાવવામાં આવશે.

(૪) ૫૨; ૧૩-૫૩;૧૨. આ વિભાગમાં યહોવાના સેવકનાં દુઃખ તથા તેનું મરણ તેમ જ તેનો થનાર મહિમા વર્ણવેલાં છે. પ્રથમ ચાર કલમોમાં સેવકની નમ્રાવસ્થા તેના થનાર વૈભવની સાથે સરખાવવામાં આવે છે (૧૩-૧૫). પછી તેની ઉત્તમાવસ્થા જોઇને વિદેશી રાજાઓ વિસ્મિત થશે, કેમ કે અગાઉથી કોઇએ તેમને એવી ખબર આપી નહોતી. પણ રાજાઓ કરતાં ઇસ્ત્રાએલીઓ વધારે શિક્ષાપાત્ર છે, કેમ કે અગાઉથી તેઓને ખબર આપવામાં આવી હતી, પણ તે તેઓએ માની લીધી નહોતી. યહોવાના દુઃખિત સેવકનો તેઓએ ધિક્કાર કર્યો હતો. તે કોઇ મેલા રોગથી પીડાય છે, એમ સમજીને તેઓએ તેને પડતો મૂક્યો હતો. પોતાનાં જ પાપકર્મનું ફળ તે પામતો હોય, એવું તેઓ સમજતા હતા. પણ હવે તેઓની આંખો ઊઘડી ગએલી છે. સેવક નિર્દોષ છે, અને આવાં દુઃખ વેઠીને તેણે અમારા અપરાધોનો ભાર પોતા પર ઊંચકી લીધો છે, અને તેઓને ભાન થયું. તેથી તેઓ પસ્તાવો કરીને પોતાનાં પાપ કબૂલ કરે છે. તેના સોળથી અમોને શાંતિ પ્રાપ્ત થઇ છે, એવું તેઓ જાહેર કરે છે. જેમ હલવાનને કપાવા સારુ લઇ જવામાં આવે છે, તેમ પૂર્ણ નમ્રતા તથા આધીનતાથી સેવક મરણ પામ્યો, અને જો કે મરણ સમયે તેનો તિરસ્કાર કરવામાં આવ્યો, તોપણ મરણદ્વારા તેણે ઇશ્વરના લોકના અપરાધોનું પ્રાયશ્ચિત્ત કર્યું. તેનું મરણ દોષાર્થાર્પણરૂપ હતું.

સેવકના દુઃખસહનથી ઇશ્વરનો સનાતન ઇરાદો પૂર્ણ કરવામાં આવશે, એવું આ વિભાગની છેલ્લી કલમોમાં જણાવેલું છે. તે દ્વારા પાપનિવારણ થશે, અને ઘણા નવજીવન પામશે. મહાન ચક્રવર્તીઓના મંડળમાં તેને સ્થાન મળશે. તેના પુનરુત્થાન વિષે કંઇ કહેલું નથી. પણ જેમ પાપનું પ્રાયશ્ચિત કરવા સારુ યહોવાનો સેવક મરણ પામ્યો, તેમ તે

ઉત્થાન પામીને સદા જીવતો રહીને પોતાનું રાજ્ય ચલાવે એ જરૂરનું છે.

સેવકની બાબત ઉપરાંત આ બીજા વિભાગમાં સિયોનની પુનઃસ્થાપનાને મોટું સ્થાન આપવામાં આવેલું છે. જે સ્ત્રીનાં છોકરાંનું હરણ કરવામાં આવ્યું હોય, તેની (૪૯; ૧૪-૨૬), તથા છૂટાછેડા કરાએલી સ્ત્રીની (૫૦; ૧-૩ : ૫૪;૬), તેમ જ જેને યહોવાના કોપનો પ્યાલો પીવડાવવામાં આવ્યો હોય (૫૧; ૧૭-૨૩), તેવી સ્ત્રીની ઉપમા યરુશાલેમને આપેલી છે. પરંતુ તેનાં છોકરાં તેને પાછાં આપવામાં આવશે (૪૯;૨૨). તેનો પતિ તેને સદાને માટે પાછી રાખશે (૫૪;૮). સિયોન સુંદર વસ્ત્રાભુષણથી વેષ્ટિત કરાશે, જેથી તેનો વૈભવ અવર્ણ્ય થશે (૫૪; ૧૧-૧૭).

હવે યહોવાનો સેવક આપણે કોને સમજવો? તે સંજ્ઞાનો શો અર્થ કરવો?

(૧) અધ્ય. ૪૦-૪૮ પ્રમાણે સેવક પરથી તમામ ઈસ્ત્રાએલ કોમ સમજવી. સજીવારોપણ નવાઈ પમાડે એવું ચોક્કસ છે ખરું (દા.ત.૪૬; ૩,૪), તોપણ સેવકના નામથી સમસ્ત ઈસ્ત્રાએલ સૂચવાય છે, એમાં કંઈ પણ શક નથી.

(૨) યહોવાના સેવક વિષેની બીજી કેટલીએક વાતો છે, કે જે તમામ પ્રજાને બંધબેસતી આવતી નથી. સેવકના દુઃખસહનથી બીજા ઈસ્ત્રાએલીઓને આશીર્વાદ પ્રાપ્ત થશે, એમ કહેલું છે. તેની સહાયથી બીજા બંદીવાસીઓને કારાગૃહમાંથી છોડાવવામાં આવશે (૪૨;૬). તે દ્વારા ઈસ્ત્રાએલનાં કુળોને ફરી ઊભાં કરવામાં આવશે (૪૯;૬). પોતાના જ લોકને હાથે તેને દુઃખ દેવામાં આવ્યું (૫૦;૬), અને પોતાના જ લોકનાં પાપનું તેણે મરણદ્વારા પ્રાયશ્ચિત્ત કર્યું (૫૩;૮). શાહેદ તરીકે તે પોતાના જ લોકને હાથે મરણ પામ્યો (૯).

વળી ઈસ્ત્રાએલ નામનો સેવક આંધળો તથા મૂંગો હતો (૪૨;૧૯ : ૪૮;૮), પણ આ સેવક તો જાગૃત છે. શિષ્યને શોભે એવી જીભ તથા એવા કાન ઈશ્વરે તેને આપ્યાં હતાં (૫૦;૪). પોતાના લોકના કલ્યાણને સારુ તેણે જે શ્રમ ઊઠાવ્યો હતો, તે નિષ્ફળ થયો હતો ખરો, પણ ઈસ્ત્રાએલની સરહદ બહારના દૂર દેશોમાં તે પોતાની મહેનતનું ફળ પામશે, એવી યહોવાએ તેને ખાતરી આપી (૪૯; ૪-

૬). એ ભગીરથ કાર્ય પાર પાડવામાં તે મંદ કે નાઉમેદ થનાર નથી (૪૨;૪).

તો યહોવાનો સેવક કોણ છે? યશાયાના કહેવા પ્રમાણે (૧;૯) જે વિશ્વાસુ અવશેષથી ઇસ્ત્રાએલનો બચાવ થશે, તે એ હશે શું? અથવા શું તે કોઇ દેવભક્ત હશે? આ સવાલનો નિર્ણય કરવો મૂશ્કેલ છે. યહોવાના સેવકના ચિત્રની રૂપરેખા પરથી વાચકને યર્મિયા પ્રબોધક યાદ આવ્યા વગર રહે, એમ નથી. યર્મિયા પોતાના લોકથી ધિક્કારાએલો તથા તજાએલો હતો. "ગરીબ ઘેટાને કાપવા સારુ લઇ જવામાં આવે છે, તેના જેવો હું હતો," એવું તે પોતા વિષે કહે છે (૧૧;૧૯). વળી યરુશાલેમનું પતન થયું, ત્યારે જ નિર્દોષ હોવા છતાં તેણે અમારાં પાપ માથે લીધાં, એવું તે સમયના બંદીવાસીઓને ભાન થયું.

પરંતુ ઉપરના જેવા વિચારો પ્રબોધકને આવ્યા હોય, એવું સંભવિત નથી. તેના સમજવા પ્રમાણે યહોવાનો સેવક ઇસ્ત્રાએલ એટલે સમસ્ત ઇસ્ત્રાએલી પ્રજા હતી. તે પ્રજા નિરુપયોગી સેવક જેવી નીવડી હતી ખરી. તેના લોકમાંના ઘણા એવા હતા કે જેઓનાં પાપનું પ્રાયશ્ચિત્ત સેવકને કરવાની જરૂર હતી. તોપણ આદર્શ ઇસ્ત્રાએલી પ્રજા પણ હતી, કે જે યર્મિયાના જેવા દેવભક્તોની બનેલી હતી. બંદીવાસીઓમાં પણ એવા ઘણા ભક્તો હતા. બીજા બંદીવાસીઓ ભલે કચકચ કરે (યશા.૪૦;૨૭ : હઝ ૧૮;૨૫), પણ ઈશ્વરપરાયણ ભક્તો છાનામાના દુઃખ સહન કર્યા કરે. આખરે તેમની સહનશીલતા જોઇને ઈશ્વરનો દોષ કાઢનારા હૃદયભંગિત થઈને કબૂલ કરવા લાગ્યા, કે ખરેખર અમ દોષિતોની ખાતર આ નિર્દોષ ભાઇઓ દુઃખ વેઠે છે. તેઓનો આવો પસ્તાવો જોઇને પ્રબોધકે તેઓને દિલાસો દઇને વચન પણ આપ્યું, કે નિર્દોષોએ કરેલા દુઃખસહનના બદલા તરીકે મૂએલાંના પુનરુત્થાનની પેઠે તમ બંદીવાસીઓનો છૂટકારો થશે.

આ સવાલનો જવાલ ગમે તેવો હોય, તોપણ એકલા એક જ ભક્તમાં આ અધ્યાયનાં વચન પૂર્ણ થએલાં જણાય છે. સાબ્બાથ દિવસની સમીસાંજે કાપરનાહૂમ ગામનાં જેટલાં માંદાં હતાં, તેઓ સર્વને જ્યારે પ્રભુ ઈસુ સાજાં કરી રહ્યો, ત્યારે તેના હાથનાં સુકૃત્યો જોઇને "તેણે પોતે આપણાં માંદવાડ માથે લીધા ને આપણા રોગ

ભોગવ્યાં," એવું યશાયાનું વચન હતું (યશ.૫૩;૪), તે તેનામાં પૂર્ણ કરવામાં આવેલું છે, એમ તેના શિષ્યો કહેવા લાગ્યા (મા.૮;૧૭). હું "યહોવાનો સેવક છું," એવું જાણીને "હું સેવા કરવા તથા ઘણાંની ખંડણીને સારુ મારો પ્રાણ અર્પી દેવા સારુ આવેલો છું," એવું ઈસુનું પોતાનું બોલવું હતું (મા.૨૦;૨૮). પ્રભુભોજન સંસ્કાર પાળતી વખતે જેટલી વાર યશ.૫૩મો અધ્યાય વાંચી સંભળાવવામાં આવે છે, તેટલી વાર તેના વાચનદ્વારા આપણ સર્વને ઈસુ જે દેવનું હલવાન છે, તેનું, હા, તેના એકલાનું જ દર્શન થાય છે.

અપરાધીઓની ખાતર ન્યાયીને દુ:ખ સહન કરવું પડે છે (૧ પી.૩;૧૮), તે સિદ્ધાંતરૂપી વાતની ઊંડી છાપ પુરાતન ખ્રિસ્તી મંડળી પર પડી. અધ્ય.૫૩માંથી લીધેલાં વચન યોહા.૧૨;૩૮: રોમન ૧૦;૧૬ : ૧ પીત.૨;૨૪,૨૫ અને પ્રેરિ.૮;૩૨માં મળી આવે છે. તે ઉપરાંત યહોવાના સેવક સંબંધીનાં ગીતોનો પડતો પ્રતિધ્વનિ આખા નવા કરારમાં સંભળાય છે. ૪૯;૬માં સમાએલું વચન શિમઓનના વિદાયગીરીના ગીતમાં (લૂ.૨;૩૨), તેમ જ અંત્યોખ શહેરમાં પાઉલે કરેલા ભાષણમાં (પ્રેરિ.૧૩;૪૭) મળી આવે છે. વળી ૫૦; ૪૦-૯માં યહોવાના સેવકનું ચિત્ર આલેખેલું છે, તેની રૂપરેખા, એટલે યહોવાની સાથે સેવકની આંતરિક સંગત, તેનું સહનશીલપણું તથા તેની દૃઢ શ્રદ્ધા, એ સર્વ સુવાર્તાઓના દરેક પૃષ્ઠ પર દેખાઈ આવે છે. ખરેખર યહોવાના સેવક વિષેનું ભવિષ્યવચન પ્રભુ ઈસુમાં, હા, એકલા પ્રભુ ઈસુમાં મૂર્તિમાન થએલું જણાય છે.

III. અધ્યાય ૫૬-૬૬

વાતાવરણ બાબત આ વિભાગ પણ બીજા બે વિભાગથી જુદો પડે છે. તેમાં સિયોનની પુર્નઘટનાની વાત મળી આવે છે, ખરી, પણ તે ઉપરાંત તેમાં બીજા ઘણા જુદા જુદા વિષયો સમાએલા છે. તેમાં વર્ણવેલા લોક જુદા જણાય છે. તેમાં ઈસ્ત્રાએલના આત્મિક જીવનમાં દાખલ થએલું ઘણું અંધેર પ્રગટ કરવામાં આવેલું છે. લોકની પરિસ્થિતિ તેમ જ તેનું વર્ણન કરવાની ઢબ એટલી બધી જુદી જણાય છે, કે અધ્ય. ૬૦-૬૨ સિવાય બાકીના અધ્યાયો અધ્ય.૪૦-૫૫ સુધીના જુદી કલમના છે, એમ કહી શકાય.

આ વિભાગના સારના ખરડાની તપાસ કર્યા પછી હરેક વાચક તે વિષે પોતપોતાનો મત બાંધી શકશે.

(૧) **૫૬; ૧-૮. પ્રજા** વ્યવસ્થિત થએલી છે, એવું આ પ્રકરણ પરથી માલૂમ પડે છે. યરુશાલેમનું મંદિર કાયમ છે (૫). પુ.૨૩; ૧-૮ પ્રમાણે ખોજાઓ તથા પરદેશીઓને ઇસ્ત્રાએલી કોમમાં દાખલ કરી શકાય નહિ. પણ હવે સાબ્બાથ પાળવાની શરતે તેઓને દાખલ કરવા. તો બંદીવાસ પહેલાં આવી પરિસ્થિતિ ઉપસ્થિત થઇ હતી, કે બંદીવાસ પછી, એ સવાલ રહેલો છે.

(૨) **૫૬; ૯-૫૭;૨૧.** નિશ્ચિત, લોભી નેતાઓને (૫૬;૧૧) તેમ જ ખરો ધર્મ તજી દેનારાઓને (૫૭; ૩-૧૩) ગંભીર ચેતવણી આપવામાં આવે છે, પણ નમ્ર સ્વભાવના ધર્મચુસ્ત સેવકોને દિલાસો દેવામાં આવે છે (૧૪-૨૧). દેશના સરદારો આંધળા તથા મૂંગા કૂતરા કહેવાય છે. ધર્મિષ્ઠ માણસો મરી જાય છે, પણ તેઓના વિષે કોઇને કંઇ પણ ફિકર થતી નથી. કનાનીઓમાં ચાલતી મૂર્તિપૂજાના પાશમાં ઇસ્ત્રાએલીઓ ફસાઈ ગએલા છે. દરેક નાળામાં, દરેક પહાડની ટોચે, અન્ય દેવદેવીઓની પૂજા કરવામાં આવે છે. ("ખેતરનાં સર્વ શ્વાપદ" (૫૬;૯) -પરદેશી પ્રજાઓ.)

ઉપરોક્ત હકીકત સંબંધી એ પૂછવાનું છે કે, તે મનાશ્શેહ તથા આમોનની કારકિર્દીમાં ચાલતી ભ્રષ્ટતાને લગતી વાત છે, કે તેમાં બંદીવાસ પછીની પરિસ્થિતિ વર્ણવેલી છે?

(૩) અધ્ય.૫૮. પુરાણા નિયમ પ્રમાણે વર્ષ દરમિયાન એક જ દિવસે એટલે પ્રાયશ્ચિતને મોટે દિવસે ઉપવાસ કરવો ફરજિયાત હતો (લે.૧૬;૨૯). બંદીવાસ વખતે ઉપવાસ કરવાની રીત પ્રચલિત થઇ, તે બાબત સંબંધી પાછા આવેલા બંદીવાસીઓ ઝખાર્યા પ્રબોધકની સલાહ પૂછવા આવ્યા (ઝખ.૮).

(૪) અધ્ય.૫૯. આ પ્રકરણ પ્રમાણે શ્રોતાજનો નાસીપાસ થએલા જણાય છે. "યહોવાનો હાથ ટૂંકો થઇ ગયો છે," એવું તેઓનું કહેવું હતું. પણ "તમારી તથા ઇશ્વરની વચ્ચે જે આડ આવેલી છે, તે તો તમારા અપરાધો છે;" એવો પ્રબોધકે તેઓને જવાબ આપ્યો. તમામ સમાજ ભ્રષ્ટ થઇ ગએલો છે. લોક નાસીપાસ થયા છે ખરા, પણ પ્રબોધકના બોધથી ચેતીને તેઓએ પોતાનાં પાપ કબૂલ કર્યાં (૯-૧૫

અ). એટલામાં સશસ્ત્ર શૂરવીરના સ્વરુપમાં ખુદ યહોવા ઊતરી આવીને તેઓના હકમાં મેદાને પડે છે (૧૫ આ-૨૧ જુઓ એફ.૬; ૧૪-૧૮).

સમાજ વ્યવસ્થિત થએલો છે, એટલે આ તો બંદીવાસ પછીની વાત છે, એવું આ અધ્યાયમાં વર્ણવેલી તેની સ્થિતિ પરથી સમજાય એમ છે.

(૫) અધ્ય.૬૦-૬૨. વિષયમાં તેમજ શૈલીમાં આ ત્રણ અધ્યા[illegible] પ્રથમ વિભાગના (૪૦-૫૫) સમાન છે. પણ એ સર્વ અધ્યાયનો એક[illegible] લેખક હોય, તો આ ત્રણ અધ્યાય કેમ જુદા પડે છે?

અધ્ય. ૬૦માં આદર્શ સિયોનનું વર્ણન કરેલું છે. તેની પુનઃસ્થાપના થશે, ત્યારે તેના વિખેરાએલાં છોકરાં સર્વે પાછાં લાવવામાં આવશે, અને અન્ય સર્વ પ્રજાઓ તેને નજરાણાં ધરશે. અધ્યાય ૬૧ પ્રમાણે એક સંદેશિયો બંદીવાસીઓનો થોડા વખતમાં થનાર છૂટકારો પ્રગટ કરે છે (૧-૩). આ ભવિષ્યવચન લઈને પ્રભુ ઈસુએ પોતાના સેવાકાર્યને લાગુ પાડ્યું. (લૂ.૪;૧૮). ઈસ્ત્રાએલનું મહિમાવંત ભાવી દર્શાવવામાં આવે છે. જે હેતુથી યહોવાએ ઈસ્ત્રાએલને પસંદ કર્યો હતો, તે આખરે તેનાથી સફળ થશે. ઈસ્ત્રાએલીઓ "યાજકોનું રાજ્ય" બની જશે (નિ.૧૯;૬). અધ્ય.૬૨ અનુસાર ઈશ્વરની સાથે યરુશાલેમવાસીઓનો જે નવો સંબંધ બાંધવામાં આવેલો છે, તે યરુશાલેમના નવા નામથી જાહેર થશે. તે ફરીથી "તજાએલું" કે "ઉજ્જડ" કહેવાશે નહિ, પણ તેનું નામ "હેફ્સીબાહ" (તેનામાં મારો આનંદ રહેલો છે) ને "બેઉલાહ" (વિવાહિતા) પડશે (૧-૫). તેના હકમાં વિશ્વાસુ ભક્તો સર્વદા પ્રાર્થના કરશે (૬-૯). વળી તેના બંદીવાસીઓનું બીજી વાર થનારું પુનરાગમન જાહેર કરલું છે (૧૦-૧૨).

(૬) ૬૩; ૧-૬. અદોમ ઈસ્ત્રાએલનો જાથુ દુશ્મન હતો, એવું આપણે ક્યારના શીખી ગયા છીએ (હઝ.૩૫;૫), તેથી ઈસ્ત્રાએલનો ઉદ્ધાર થાય, તે માટે અદોમનો નાશ થાય એવું જરૂરનું હતું. જેમ દ્રાક્ષાઓ ખુંદાય છે, તેમ યહોવા પોતાના કોપરૂપ દ્રાક્ષકુંડમાં (પ્ર. ૧૯;૧૫) અદોમીઓને નિચોવી નાખશે. આ તો બાઈબલમાં વર્ણવેલું સહુથી ભયાવહ દર્શન છે, તે તારણદાયક દિવસનું નહિ, પણ યહોવાના વેર વાળવાના દિવસનું દૃષ્ટાંત છે.

(૭) ૬૩;૭-૬૪;૧૨. આ પ્રકરણમાં એક ઘણી મનોહર પ્રાર્થના સમાએલી છે. યહોવા પુરાતન સમયનું સ્મરણ કરે, તેમ જ અમારા બાપદાદાઓ પરના જેવી જ દયા તે અમારા પર પણ રાખે, એવી વિનંતી લોક કરે છે. આ પ્રાર્થના ઈસ્ત્રાએલીઓને થતા ત્રાસ પર, તેમ જ બંદીવાસના દુ:ખદ અનુભવદ્વારા તેમનામાં ઉપજેલા નવા પૂજ્યભાવ તથા વિશ્વાસ પર ઘણો પ્રકાશ પાડે છે. "હે યહોવા, તું અમારો બાપ છે. પ્રાચીનકાળથી અમારો ઉદ્ધાર કરનાર એવું તારું નામ છે" (૬૩;૧૬), એ વચનમાં પ્રભુની પ્રાર્થનાનું આદિવચન ગર્ભિત રહેલું છે.

ઈશ્વરનું પવિત્ર તથા સુંદર ઘર બાળી નાખવામાં આવ્યું છે. યરુશાલેમ પાયમાલ થઇ ગયું છે (૬૪; ૧૦,૧૧). આ તો યરુશાલેમના પતનને લગતી વાત હોય (૫૮૬), એમ લાગે છે. પરંતુ "થોડો જ વખત તારા પવિત્ર લોકે વતન ભોગવ્યું" (૬૩;૧૮), એમ પણ કહેલું છે. તો તેનો શો અર્થ કરવો? ઈસ્ત્રાએલીઓ સદાને માટે કનાન દેશનું વતન પામશે, એવું યહોવાનું જે વચન હતું, તેની સાથે સરખાવતાં યહોશુઆથી માંડીને તે બંદીવાસના સમય સુધીનો વખત "થોડો જ" કહી શકાય, એમ છે. એવો અર્થ જો બંધબેસતો હોય, તો આ અધ્યાયો પણ બંદીવાસ સમયના જ ગણી શકાય.

(૨) **અધ્ય.૬૫,૬૬.** અધ્ય.૫૭માં લોકના જેવા બે વર્ગ થએલા જણાય છે, તેવા બે વર્ગ, એટલે વિશ્વાસુ તથા અવિશ્વાસુ, એવી વાત આ બે અધ્યાયમાં પણ મળી આવે છે. એક વર્ગને ઐશ્વરી પ્રેમમય વચન, અને બીજાને ઐશ્વરી ધમકીવચન ઉચ્ચારવામાં આવે છે (૬૫;૧૩-૨૫ : ૬૬;૩). મંદિરનો ત્યાગ કરીને હઠી ગએલાઓ સૌભાગ્ય દેવી તથા વિધાતા જેવાં દેવદેવીઓની પૂજા કરવા લાગ્યા હતા (૬૫;૧૧). બંને પક્ષના અનુયાયીઓએ એકબીજાને જમાત બહાર મૂક્યા હતા (૬૬;૫). મૂર્તિપૂજકોનો સંપૂર્ણ નાશ થવાનું વચન પણ જાહેર કરેલું છે (૬૫;૬,૭,૧૨ : ૬૬; ૧૫-૧૭). પણ ઈશ્વરના સેવકોની ખાતર ઈસ્ત્રાએલનો પૂરો નાશ થશે નહિ (૬૫;૮). તેઓને સારુ મસીહી કાળનાં વરદાન રાખી મૂકવામાં આવ્યાં છે (૬૫;૧૭-૨૫). તેઓ પોતાના સતાવનારાઓ પર જીત પામશે (૬૬; ૫-૯), અને યરુશાલેમની દયાપાત્ર હાલતને લીધે જેટલાઓને લાગણી થાય છે,

તેઓ સઘળાં શાંતિ તથા આનંદ પામશે (૧૦-૧૪). સાર્વત્રિક ન્યાયશાસન પણ કરવામાં આવશે (૧૫-૧૭), તે થયા બાદ યહોવાનો મહિમા સર્વ પ્રજાના દેખાતાં પ્રગટ થશે (૧૮-૨૨). યહોવાનું જ્ઞાન આખી પૃથ્વીમાં પ્રસરી રહેશે, અને સર્વ દેશના લોક યહૂદીઓના ઠરાવેલા તહેવારનું પાલન કરશે, અને યરુશાલેમ આવીને વિશ્વાસઘાતીઓમાં બહાર ફેંકાએલાં મુડદાં જોશે (૨૩,૨૪).

કયા સમયે આ અધ્યાયો લખવામાં આવ્યા, તેમ જ તેમનો લેખક કોણ હતો એ નક્કી કરવું કેટલું બધું મુશ્કેલ છે, તે ઉપરોક્ત સારાંશ પરથી માલૂમ પડ્યું હશે. તે જુદા જુદા સમયના હોય, એટલે કેટલીએક વાત રાજાશાહી સમયની, કેટલીએક બંદીવાસના સમયની અને કેટલીએક વાત બંદીવાસ પછીની હોવાનો સંભવ હોય, એમ લાગે છે. પરંતુ એઝરા તથા નહેમ્યાનાં પુસ્તકનો અભ્યાસ જે કોઇ કરે, તેને તે પુસ્તકોમાં તથા આ અધ્યાયોમાં વર્ણવેલી પરિસ્થિતિની ઘણી સમાનતાનું ભાન થયા વગર રહેશે નહિ. તેના કેટલાક દાખલા નીચે પ્રમાણે છેઃ--

(૧) પરદેશીઓ સાથેનો સંબંધ (૫૬; ૧-૮ = એઝ.૯;૧ : નહે.૧૩:૨૩: માલ.૨; ૧૦-૨૬). એઝરા તથા નહેમ્યા કરતાં આ લેખક ઉદાર મતનો હતો.

(૨) સાબ્બાથ દિવસનું નિયમિત પાલન (૫૮;૧૩ = નહે.૧૩; ૧૫-૨૨).

(૩) દ્રવ્યલોભ તથા નોકરો પર ગુજારવામાં આવતો જોરજુલમ (૫૬;૧૧ : ૫૭;૧૭ = નહે. ૫;૫).

(૪) હલકી જાતની મૂર્તિપૂજા (૫૭; ૩-૧૩ : ૬૫; ૧-૫,૧૧). એવી જાતની પૂજા ઇસ્ત્રાએલમાં અગાઉ જોવામાં આવી નહોતી. તો તે ક્યાંથી દાખલ થઇ હશે? સમરૂનનું પતન થયા બાદ (૭૨૨) જે મિશ્ર થએલી પ્રજાને ઉત્તર ઇસ્ત્રાએલના પ્રદેશમાં વસાવવામાં આવી હતી, તેઓમાં ચાલતો ધર્મ હલકા પ્રકારનો હતો (૨ ૨ા.૧૭; ૨૯-૩૩), તેથી ત્યાંથી તે પૂજા દાખલ થઇ હોય, એવો સંભવ છે.

(૫) લોકમાં પડેલા બે પક્ષ, એટલે ધર્મચુસ્ત અને ધર્મત્યાગી.માલાખીના સમયમાં પણ એવા બે પક્ષ ઉપસ્થિત થયા હતા (૨;૧૭ : ૩;૧૩-૪;૩).

(૬) લોકમાં ફેલાએલી નિરાશા (૫૯;૯-૧૧). યશ.૪૦-૫૫માં તેમ ૪ હા.૨;૭માં પ્રગટ કરાએલાં વચન હજી પૂર્ણ થયાં નહોતાં. સર્વ

પ્રજાઓ યહોવાનું નવું મંદિર શોભાવવા સારુ પોતાની કિંમતી વસ્તુઓ લઈને આવી નહોતી. આ તો બાબેલોનમાં પડેલા બંદીવાસીઓનું નહિ, પણ યરુશાલેમ પાછા આવેલા નિર્ગત થએલા બંદીવાસીઓમાં ઊપજેલી નિરાશાનું ચિત્ર છે.

ઉપર વર્ણવેલી પરિસ્થિતિ આશરે માલાખી પ્રબોધકના સમયની હોય, એવું કહેવું તે માત્ર સૂચનારૂપ છે, તોપણ આવી માન્યતાથી આ છેલ્લા વિભાગમાં જે જે વાતો સમજવી મુશ્કેલ છે (વિશેષે કરીને હલકી જાતની મૂર્તિપૂજાને લગતી વાતો), તેમનો ઓછોવત્તો ખુલાસો થાય છે. પરંતુ સમય કે લેખક ગમે તે હોય, તોપણ બંદીવાસ સમયનો જે મહાન નનામો પ્રબોધક ઊભો થયો હતો, તેનો ઝભ્ભો આ પ્રબોધકે પણ પરિધાન કરેલો છે. (૨ રા.૨;૧૩), અને તેનો જ સંદેશો તે પણ પ્રગટ કરે છે. યહોવાનો હાથ ટૂંકો થઈ ગયો નથી, તેમ જ તેનો કાન મંદ થયો નથી (૫૯;૧), એટલે તેની કૃપા તથા તેનું સામર્થ્ય એવાં ને એવાં જ રહેલાં છે. નવાં આકાશ તથા નવી પૃથ્વી ઉત્પન્ન કરવામાં આવશે (૬૫;૧૭ : ૬૬;૨૨ : ૨ પી.૩;૧૩), તે નવી પૃથ્વીમાં ઈશ્વરભક્તો મહાશાંત્યાનંદમાં પોતાના દિવસો પસાર કરશે (૬૫; ૧૭-૨૫). ઈશ્વર આત્મારૂપ છે, તેથી હવે પછીથી તેના સેવકો આત્મિક ભાવનાથી તેની આરાધના કરશે (૬૬; ૧-૪). સિયોનને પ્રસવવેદ થશે, ત્યારે તેનામાંથી એક નવી પ્રજા ઉત્પન્ન થશે (૮). જેમ મા પોતાના છોકરાને દિલાસો દે છે, તેમ યહોવા પાછા આવેલા બંદીવાસીઓને દિલાસો દેશે (૧૩). સિયોનમાં નદીની પેઠે શાંતિ વહેતી થશે (૧૨ : ગી.૪૬;૪). આખરે સર્વ દેશનાઓ યહોવાના ગૌરવનું દર્શન પામશે (૧૮). તેઓ વિખેરાએલા ઈસ્ત્રાએલીઓને પાછા લાવશે (૨૦), અને સર્વ દેહધારી મનુષ્યો યહોવાની આગળ પ્રણામ કરવા આવશે (૨૩). સિયોનનું નામ સદા ટકી રહેશે, અને તેના સંતાનદ્વારા આખી માનવજાતને આશીર્વાદ પ્રાપ્ત થશે (૨૨).

(અધ્ય.૪૦-૬૬ બંદીવાસ (૫૮૬-૫૩૮) તથા ત્યાર પછીના સમયના છે, તો યશાયાનું ઓળિયું કે જે ૭૪૦-૭૦૧ની સાલનું છે, તેમાં તે કેમ દાખલ કરાયા હશે? આ સવાલનો કોઈ ચોક્કસ જવાબ આપી શકાય, એમ નથી. પરંતુ બીજા મહાન પ્રબોધકોનાં પુસ્તકોની સરખામણીમાં યશાયાનું પુસ્તક (અધ્ય.૧-૩૯) ટૂંકું છે, તે બીજાં

ઓળિયાં જેવું મોટું થાય, તે માટે છેલ્લા સત્તાવીસ અધ્યાય તેમાં દાખલ કરવામાં આવ્યા હશે, એમ કહી શકાય.

તે ઉમેરવાનું કારણ ગમે તે હોય, તોપણ તેમ કરવું છાજતું છે, કેમ કે જો કે યશાયા નામના પુસ્તકના બે વિભાગ જુદા જુદા સમયના છે, તોપણ યહોવાની પવિત્રાઇ, ઇસ્ત્રાએલનો ઉદ્ધાર કરીને તેની મારફતે આખી દુનિયામાં સત્‌ધર્મનો ફેલાવ કરાવવાનો યહોવાનો મનોરથ, એ મૂળસિદ્ધાંતો સોનેરી દોરીની પેઠે બંને વિભાગમાં ગુંથાએલા માલૂમ પડે છે.

ઈરાની રાજ્યનો સમય

ઈસ્ત્રાએલના બંદીવાસ પછીનો ઇતિહાસ બે જુદા જુદા સમય પ્રમાણે વિભાજિત છે, એટલે (૧) ઈરાની રાજ્યનો સમય (૫૩૯-૩૩૧) અને (૨) ગ્રીક રાજ્યનો સમય (૩૩૧-૧૫૩). એક ત્રીજો સમય, એટલે મક્કાબીઓનો સમય ઈ.સ. પૂર્વે ૧૬૮થી શરૂ થયો ખરો, પરંતુ યહૂદીઓ ૧૫૩ પહેલાં સ્વતંત્ર થયા નહોતા. ત્યારથી માંડીને જ્યાં સુધી રોમનોએ યરુશાલેમ ઈ.સ.પૂર્વે ૬૩ની સાલમાં જીતી લીધું નહિ, ત્યાં સુધીનો સમય યહૂદી રાજ્યનો સમય કહેવાય છે. મક્કાબીઓના સમયની શરૂઆતનાં વર્ષની હકીકત દાનિયેલના પુસ્તકની પ્રસ્તાવનામાં મળી આવે છે.

ઈરાની રાજાઓની ટીપ નીચે પ્રમાણે છે :--

કોરેશ	: ૫૩૯-૫૨૯ (યશ.૪૪;૨૮).
કાંબુસેસ	: ૫૨૯-૫૨૨.
ગૌતમ	: ૫૨૨-(સાત માસ).
દાર્યાવેશ	: ૫૨૧-૪૮૫ (હા.૧;૧)
અહાશ્વેરોશ	: ૪૮૫-૪૬૪ (એસ.૧;૧)
આર્તાહશાસ્તા	: ૪૬૪-૪૨૪ (એઝ.૭;૧)
બાકીના નાના મોટા રાજાઓ	: ૪૨૪-૩૩૧

(ઉપરના કેટલાએક રાજા વિષેની વધુ હકીકત એઝરાના પુસ્તકના પ્રકરણમાં આપેલી છે).

ઈરાની રાજ્યનો સ્થાપનાર કોરેશ રાજા હતો, તે યહોવાનો "ઘેટાંપાળક" તથા "અભિષિક્ત" કહેવાય છે (યશ.૪૪;૨૮ : ૪૫;૧), કેમ કે તે બંદીવાસમાં પડેલા ઈસ્ત્રાએલીઓનો છોડાવનાર થાય, તે માટે યહોવાએ તેને ઊભો કર્યો હતો (યશ.૪૧;૨). યશાયાએ અગાઉ કહ્યું હતું, તે પ્રમાણે કોરેશે બંદીવાસીઓને છોડાવ્યા, તેઓને નબૂખાદનેસ્સારે લૂંટી લીધેલાં પવિત્ર પાત્રો પાછાં આપ્યાં, અને શેશ્બાસ્સારને (ઝરુબ્બાબેલ) યહૂદાહનો સૂબો નીમ્યો (એઝ.અધ્ય.૧). આ ઉપરથી કોરેશ યહૂદી ધર્મનો અનુયાયી થયો હોય, એવું ન સમજવું. ઈરાની રાજ્યના તાબામાં જુદી જુદી ઘણી પ્રજાઓ હતી, તેઓ સર્વે પ્રત્યે તથા તેઓના જુદા જુદા ધર્મો પ્રત્યે કોરેશ રાજા સમભાવ રાખતો હતો. તાબેદાર લોકો અસંતુષ્ટ થયાને લીધે આશૂરના રાજ્યનો નાશ થયો હતો, એવું નાહૂમના પુસ્તક પરથી આપણે જાણીએ છીએ.

પણ કોરેશ પોતાના તાબાના લોકની સાથે ઉદાર ભાવથી વર્તીને પોતાના રાજ્યની સંસ્થાપના કરી. યશાયાએ "યહોવાનો ઘેટાંપાળક" એવી સંજ્ઞા કોરેશને આપી હતી ખરી, પરંતુ થોડા વખત ઉપર એક શિલાલેખ હાથ આવ્યો છે, તેમાં માર્દુક નામના બાબેલોનના ઈષ્ટ દેવના હુકમથી કોરેશે બાબેલોન જીતી લીધું, એવું કહેલું છે. કોતરેલો લેખ નીચે પ્રમાણે છે :--

"મિત્ર તથા સહાયકારીની પેઠે માર્દુક મારી સંઘાતે આવ્યો...જે દેવતાઓને નાબૂનાઈદે (બાબેલોનનો છેલ્લો રાજા) ગામોમાંથી લાવીને બાબેલોનમાં બેસાડ્યા હતા, તે દરેકને મેં તેમના મંદિરમાં પાછા બેસાડ્યા, એ માટે કે જેટલા દેવતાઓને મેં પાછા બેસાડ્યા, તેઓ સઘળો બેલ તથા નબો (યશ.૪૬;૧) આગળ દિનપ્રતિદિન વિનંતી કરતાં કરતાં મારે માટે દીર્ઘાયુષ્યની યાચના કરે." એઝ. ૧;૨-૪ ને ૬;૩-૫માં જે હુકમનામાં સમાએલાં છે, તેમની સાથે આ શિલાલેખમાં જે ઉદાર ભાવ દીપી આવે છે, તે મળતો આવે છે.

દાર્યાવેશની કારકિર્દી બીજે વર્ષે (૫૨૦) હાગ્ગાય (૧;૧) ને ઝખાર્યા (૧;૧) પ્રબોધકો ઊભા થયા. કાંબુસેસ ઘેલા રાજાનું અચાનક મરણ થયું (તે આપઘાતથી થયું કે ખૂનથી, તે કહેવાય નહિ), ત્યાર પછી ચારેક વર્ષ સુધી આખા ઈરાનમાં ઘણી અશાંતિ ફેલાઇ રહી. કાંબુસેસની વિરુદ્ધ જેઓએ બળવો કર્યો હતો, તેઓનો આગેવાન દાર્યાવેશ નામનો હતો, તે જ્યારે ગાદીપતિ થયો, ત્યારે તેને જુદે જુદે વખતે નવ જુદા જુદા બળવાખોરોને દાબી દેવા પડ્યા, એમ તેના સમયના એક શિલાલેખમાં જણાવેલું છે. તેવા પ્રસંગોમાં હાગ્ગાય પ્રબોધ કરવા લાગ્યો. "હું સર્વ પ્રજાઓને હલાવીશ" (હા.૨;૬). તે વચન આ પ્રસંગોને લગતું છે. હાગ્ગાયે તે વચન ઉચ્ચાર્યાને બીજે માસે ઝખાર્યાને પ્રથમ દર્શન થયું. તે પ્રમાણે "આખી પૃથ્વી સ્વસ્થ બેઠી છે અને શાંતિમાં છે" (૧;૧૧). દાર્યાવેશે કોઇ એક બળવો દાબી દીધો હશે, તે અરસામાં ઝખાર્યાને તે દર્શન થયું, એમ આ વચન પરથી સમજી શકાય છે. દાર્યાવેશ કોરેશ રાજા જેવો બાહોશ રાજકર્તા હતો. તેનું રાજ્ય ઘણું વ્યવસ્થિત હતું. યૂરોપ ખંડના થ્રેસ તથા મકદોનીઆ પ્રાંત પણ તેણે કબજે કરી લીધા. પાકી સડકો બધે બાંધવામાં આવી, અને તે વખતે પત્રવ્યવહારનો ઉત્તમ બંદોબસ્ત ચાલતો હતો (જુઓ એસ.૩; ૧૩-૧૫). યહોવાના ઘોડેસ્વારોનું જે દર્શન ઝખાર્યાને થયું

(૧;૭-૧૭), તે સરકારી ડાક ગાડીને આધારે તેને થયાનો સંભવ છે. દાર્યાવેશની કારકિર્દી દરમિયાન ઈરાની રાજ્યનું પરાક્રમ તેની પરાકાષ્ટાએ પહોંચી ગયું હતું, ત્યાર પછી તેની પડતી થવા લાગી. દાર્યાવેશના સમયમાં યરુશાલેમનું પાયમાલ થએલું મંદિર ફરીથી બાંધવામાં આવ્યું.

તે મહાન રાજ્યની પાયમાલીનાં ક્યાં ક્યાં કારણ હશે? આર્થિક આબાદાનીથી જેમ ઉત્તર ઈસ્ત્રાએલના આધ્યાત્મિક જીવનની બરબાદી થઈ હતી (આમોસમાં વાંચો), તેમ એશઆરામ, કાવતરાં, લાંચરૂશ્વત, વગેરેથી ઈરાનના રાજ્યને સડો લાગ્યો. પરંતુ જો કે ગ્રીક લોક સંખ્યામાં થોડા હતા, તોપણ તેઓની આસ્થા તથા કળાકૌશલ્યની આગળ ઈરાનીઓ ટકી શકતા નહિ, એ તો ઈરાની રાજ્યની પડતીનું મુખ્ય કારણ હતું. દાર્યાવેશે યૂરોપમાંના જે બે મોટા ઈલાકા કબજે કરી લીધા હતા, તેમાંથી તેના પછીના રાજા અહાશ્વેરોશની કારકિર્દીમાં ગ્રીક લોકે ઈરાનીઓને ચાર જુદાં જુદાં રણક્ષેત્રમાં હરાવીને હાંકી કાઢ્યા, અને એશિયા માઈનરમાં જે જુદાં જુદાં ઘણાં ગ્રીક નગર સમુદ્ર કિનારે વસાવવામાં આવ્યાં હતાં, તે તેઓએ પાછાં જીતી લીધાં (૪૯૦-૪૭૯). આવા પરાજયથી ઈરાની રાજ્યને ભારે ફટકો પડ્યો, જેથી દોઢસો વર્ષ પછી મહાન સિકંદરને હાથે તેનો પૂરેપૂરો નાશ થયો (૩૩૧).

દાર્યાવેશે પોતાના રાજ્યમાં જુદે જુદે ઠેકાણે ઘણાં સંસ્થાનો વસાવ્યાં હતાં, તેઓની મારફતે ઈરાની ધર્મની અસર બધે ફેલાવા પામી. તે સ્થળોએ જે વિખેરાએલા યહૂદીઓ વસતા હતા, તેઓના પર પણ તેની અસર થયા વગર રહી નહિ હોય. તે ધર્મનો સ્થાપક જરથુષ્ટ્ર હતો, તે આજકાલના કેટલાએક સાક્ષરોના મત પ્રમાણે મૂસાનો સમકાલિન હતો. મૂસાના નિયમશાસ્ત્ર તથા જરથોસ્તી ધર્મના મૂળ સિધ્ધાંનો વચ્ચે ઘણી સમાનતા છે એ નિર્વિવાદ છે. હેબ્રી ધર્મનો આધાર જરથોસ્તી ધર્મ પર લેશમાત્ર પણ રહેલો નથી એમ જો કે કહેવાય ખરું, તોપણ ઈરાની રાજ્યના સમય દરમિયાન જે હેબ્રી પુસ્તકો લખવામાં આવ્યાં, તેમાં જે જે સિદ્ધાંતોનો વિશેષ વિકાસ થએલો જણાય છે, તે જરથોસ્તી ધર્મના સિદ્ધાંતો જેવા જ છે. એમ કબૂલ કરવું પડે છે. આ વાતના મુખ્ય દાખલા નીચે પ્રમાણે છે :--

૧. **દેવદૂતો.** દૂતો ઈશ્વરના કાસદો છે, યહૂદીઓ શરૂઆતથી જ

માનતા આવ્યા હતા (ઉત.૧૬;૭ : ૧૯;૧, વગેરે). આગલા પ્રબોધકોનાં પુસ્તકોમાં (યશ.૬ સિવાય) દૂતો વિષે કંઈપણ વાત મળી આવતી નથી, પણ હઝકિયેલ, ઝખાર્યા અને વિશેષે કરીને દાનિયેલના પુસ્તકમાં તે સિદ્ધાંતોમાં ઘણો સુધારોવધારો થએલો જણાય છે.ઝખાર્યાના લખ્યા પ્રમાણે જુદા જુદા વર્ગના દૂતો છે (૧;૮,૯,૧૨ : ૨;૧;૩;૧). તેને થતાં દર્શનોનો ખુલાસો કરનાર એક દૂત હતો, એટલે જે દૂત તેની સાથે વાત કરતો હતો તે (૧;૯, વગેરે). હઝકિયેલને ઈશ્વરના ગૌરવનું સંદર્શન થયું, પણ ઈશ્વર ઝખાર્યાના જોવામાં આવ્યો નહિ, તેમ જ (૧;૧-૬ સિવાય) તેની વાણી પણ તેના સાંભળવામાં આવી નહિ. વળી યહોવા તથા પ્રબોધક વચ્ચેના મધ્યસ્થ તરીકે એક દૂત દેખાઈ આવ્યો. જ્યારે યહોશુઆને ઈશ્વરના દરબારમાં હાજર કરવામાં આવ્યો, ત્યારે પણ ઈશ્વરે શેતાને કરેલી ફરિયાદનો જે ફેંસલો કર્યો તે જાહેર કરનાર તો "યહોવાનો દૂત" હતો (૩;૬). હઝકિયેલના સમયથી માંડીને ઈશ્વર સંબંધીની માન્યતામાં પણ ફેરફાર થવા લાગ્યો હતો, એટલે તે ઉચ્ચ તથા ઉન્નત, પૃથ્વીથી તદન અલગ છે, જેથી તેની તથા માણસો વચ્ચે મધ્યસ્થી કરવાને દેવદૂતોની આવશ્યકતા છે, એવી માન્યતા ચાલુ થઈ હતી. આવી માન્યતાના પરિણામના બીજા દાખલા દાનિયેલના પુસ્તકમાં મળી આવશે.

હવે જરથોસ્તી ધર્મમાં દૂતોને વિશેષ સ્થાન આપેલું છે. ભલા દૂતો "ફ્રવશી" કહેવાય છે. તેઓ બળવંત અને હિતકારી ગણાય છે, તેમને માણસો આરાધે છે. "ફ્રવશીઓની મૈત્રી સારી છે. તેઓ ભલું કરી જાણે છે અને તેઓની મૈત્રી લાંબી મુદત ટકે છે," એમ અવસ્તા નામના ગ્રંથમાં કહેલું છે. તો રક્ષક દેવદૂતો પણ છે, એવો સિદ્ધાંત ઈરાની રાજ્યના સમયે યહૂદી ધર્મમાં પણ દેખાઈ આવે, એમાં નવાઈ જેવું કંઈ નથી, કેમ કે જરથોસ્તી ધર્મમાં એના જ જેવો જે સિદ્ધાંત હતો, તે વડે યહૂદીઓની માન્યતાને પુષ્ટિ મળી હશે.

(૨) શેતાન. અયૂબના પુસ્તકની પ્રસ્તાવનામાં આ વાતનું કંઈક વિવેચન કરવામાં આવ્યું છે. તે પુસ્તકમાં શેતાન દેવદૂતોમાંના એકના સ્વરૂપમાં દેખાય છે. ઝખ.૩;૧ પ્રમાણે તે પ્રમુખયાજક યહોશુઆના "વિરોધી" (=દોષ મૂકનાર) તરીકે દેખાય છે. ૨ કાળ.૧;૧ પ્રમાણે તે ઈસ્ત્રાએલ તથા ઈસ્ત્રાએલના દેવનો વૈરી છે, તેણે દાઉદને લાલચમાં

નાખ્યો. (કાળવૃત્તાંતનું પુસ્તક આસરે ૩૦૦ની સાલનું લખેલું છે). નવા કરારના શીખવ્યા મુજબ શેતાનનું પોતાનું રાજ્ય છે (મા.૧૨;૨૬), તે ભૂંડા આત્માઓનો સરદાર (મા.૧૨;૨૪), આ જગતનો અધિકારી છે (યો.૧૬;૧૧ : એફ.૨;૨). "પેલો અજગર, ઘરડો સાપ તથા દોષ મૂકનાર" (પ્ર.૨૦;૨), એવી જુદી જુદી સંજ્ઞાઓથી તે ઓળખાય છે.

જરથોસ્તી ધર્મના સિદ્ધાંત પ્રમાણે પણ ભલાઈનું તથા ભૂંડાઈનું, સતનું તથા અસતનું, એવાં બે જુદાં જુદાં રાજ્યો છે. એકનો પ્રભુ અહૂરમજદ અને બીજાનો પ્રભુ અહ્રિમાન કહેવાય છે. અંતે અહ્રિમાનના રાજ્યનો નાશ થશે.

(૩) પુનરુત્થાન. જૂના કરારમાં આ સિદ્ધાંતનો સહુથી સ્પષ્ટ દાખલો દાનિયેલના પુસ્તકમાં મળી આવે છે. (૧૨;૨), તે જુઓ. પરંતુ હેબ્રી શાસ્ત્રના નિયમગણમાં જે પુસ્તકો દાખલ થવા પામ્યાં નહિ, તેમાંનાં ઘણાં પુસ્તકોમાં એથી વધારે વિસ્તૃત દાખલાઓ આપેલા છે. વળી પુનરુત્થાન વિષેના સિદ્ધાંત ઉપરાંત જે ન્યાયકાળ (કયામત) કહેવાય છે, કે જ્યારે ઈશ્વર દરેક માણસને પોતપોતાના આચરણ પ્રમાણે બદલો ભરી આપશે, તે વાત વિકસતી ગઈ. હવે જરથોસ્તી ધર્મનો આ તો એક સિદ્ધાંત ગણાય છે. આમોસના સમયથી માંડીને (૫;૧૮) હેબ્રી પ્રબોધકો "યહોવાનો દિવસ" એ વાત પ્રગટ કરતા આવ્યા હતા. તે દિવસે અમારા સર્વ શત્રુઓનો આખરનો પરાજય થશે, એવી તે સંબંધી લોકમાં પ્રચલિત થએલી માન્યતા હતી, પણ પ્રબોધકો તેનો એ કરતાં વધારે ઊંડો મર્મ સમજતા હતા, કે જેમાંથી નવા કરારમાં વ્યક્ત કરાએલો સિદ્ધાંત ઉદ્ભવ્યો, એટલે કે તે દિવસે માનવપુત્ર પ્રભુ ઈસુ પોતાના રાજ્યાસન પર બેસશે અને સર્વ દેશજાતિઓ તેની આગળ એકઠી કરાશે (મા.૨૫;૩૧).

ઈરાની રાજ્યના સમયમાં જ્યારે યહૂદી બંદીવાસીઓ જરથોસ્તીઓના સહવાસમાં રહેતા હતા. તે સમય દરમિયાન આવા સિદ્ધાંતોનો વિશેષ વિકાસ થવા પામ્યો હોય, તેમાં નવાઇ જેવું કંઇ નથી. "તારણ યહૂદીઓમાંથી છે" ખરું (યો.૪;૨૨), પણ યહૂદીઓ જગતને પ્રકાશ આપનારા થાય, તે માટે આવી જુદી જુદી રીતોએ તેઓને કેળવીને ઈશ્વર તેઓની મારફતે પોતાનો તારણસાધક ઈરાદો સિદ્ધ કરાવવા માગતો હતો.

હાગ્ગાય
("આનંદોત્સવ")

૧. **સમય.** બંદીવાસ પછીના સમયનો સાલવાર ખરડો.

૫૩૮ - ઝરુબ્બાબેલની આગેવાની હેઠળ કેટલાએક બંદીવાસીઓ યરુશાલેમ પાછા આવ્યા (એઝ.અધ્ય.૧,૨)

૫૩૬ - નવા મંદિરનો પાયો નાખવામાં આવ્યો (એઝ.૩; ૩-૧૩). ત્યાર પછી સમરૂનીઓનાં કાવતરાંથી બાંધકામ સોળ વર્ષ લગી બંધ રહ્યું.

૫૨૦ - હાગ્ગાય અને ઝખાર્યા ઊભા થયા. બાંધકામ ફરી શરૂ કરવામાં આવ્યું (એઝ.૪;૨૪).

૫૧૬ - મંદિર બંધાઈ રહ્યું (એઝ.૬;૧૫).

૨. **સમાજની પરિસ્થિતિ.** સૈકડો વર્ષથી જે સ્વતંત્રતા મેળવવા ઇસ્ત્રાએલે બાહુબળથી તેમ જ કાવતરાંથી પ્રયત્ન કર્યો હતો, તે મેળવાની આશા યરુશાલેમના પતનથી લોપ થઈ ગઈ હતી. પરંતુ જો કે તેઓએ પોતાની સ્વતંત્રતા ખોઈ નાખી હતી ખરી, તોપણ બંદીવાસદ્વારા તેઓને સર્વ પ્રકારની ભ્રષ્ટતાથી શુદ્ધ કરાએલો એવો ધર્મ પ્રાપ્ત થયો હતો. હાર પામેલી પ્રજા તરીકે તેઓ યરુશાલેમમાંથી નીકળ્યા હતા, પણ જીત પામેલી મંડળી (=Church) તરીકે તેઓ યરુશાલેમ પાછા આવ્યા. બંદીવાસને લીધે યહોવા પરનો તેઓનો વિશ્વાસ બિલકુલ ડગ્યો નહોતો, ઊલટું તેઓ પહેલાં કરતાં વધારે એકનિષ્ઠાથી યહોવા પર અવલંબન કરતાં શીખ્યા હતા. તેઓને પોતાના સમાજનો પુરાતન કાળનો ઇતિહાસ ઘણો પ્રિય થઇ પડ્યો હતો. તેમાં યહોવાએ તેઓના બાપદાદાઓના ઘણી વાર કરેલા ઉદ્ધારનું વર્ણન કરેલું હતું. આવાં "બચાવકૃત્યો કરનાર ઈશ્વર અમારો દેવ છે" (ગી.૬૮;૨૦). "જેણે ગર્ભસ્થાનથી માંડીને અમને ઊંચકી લીધા, તે પળિયાં આવતાં સુધી અમને ઊપાડી લેશે," એવો તેઓનો હાલનો ભરોસો હતો (યશ.૪૬;૪). યહોવા એકલા યરુશાલેમમાં રહેનાર દેવ નથી, એવું તેઓ હવે શીખી ગયા હતા. ખાલદીઓના દૂર દેશમાં કબાર નદીની પાસે હઝકિયેલ પ્રબોધકને યહોવાના ગૌરવનું દર્શન થયું નહોતું શું? વળી વગર મંદિરે, વગર વેદીએ, યજ્ઞાર્પણની જાતજાતની

ધર્મક્રિયા વગર યહોવાની ભક્તિસેવા કરી શકાય, એવું પણ તેઓ હવે સમજી ગયા હતા. સ્તુતિ તથા પ્રાર્થનાદ્વારા ઈશ્વર સાથે મેળાપ કરી શકાય, એવો તેઓને અનુભવ થયો હતો. પાછળના સમયમાં આવા અનુભવનું ઉત્તમ પરિણામ આવ્યું. તેઓનું પુનરાગમન થયું, ત્યારે જે યહૂદીઓએ બાબેલોનમાં રહેવાનું પસંદ કર્યું હતું, તેઓના આપણે ત્રણ બાબતે આભારી છીએ, એટલે જૂના કરારમાં સમાએલાં પુસ્તકોનો સમૂહ, સભાસ્થાન, તથા પ્રાર્થનારૂપી જાહેર ભક્તિસેવા. એઝરા મૂસાના નિયમશાસ્ત્રમાં પ્રવીણ શાસ્ત્રી હતો, તે બાબેલોનમાં ઉછરેલો હતો. જે લોકમાં સુવાર્તાનો ફેલાવ વધારે વેગે થયો, તે તો દેશપરદેશમાં વિખેરાએલા યહૂદીઓ હતા (૧ પીત.૧;૨). તેઓમાંના સ્તેફન તથા પાઉલ પણ હતા.

પરંતુ બંદીવાસીઓ કોરેશ રાજાઓ પિટાવેલા ઢંઢેરાનો લાભ લઈને યરુશાલેમ પાછા ગયા, તેઓ જો કે બાકી રહેલા યહૂદીઓના જેવા ધર્મચુસ્ત ઈશ્વરસેવક હતા, તોપણ તેમના જેટલા ઉદાર મનના નહોતા. યર્મિયાનો સંદેશો તેઓના મનમાં ખરેખરો ઊતર્યો નહોતો. તેઓના સમજવા પ્રમાણે યહોવાની આરાધના બરોબર થાય, માટે મંદિર તથા યજ્ઞવેદીની જરૂર છે. મંદિર તો સમસ્ત યહૂદી કોમનું કેન્દ્રસ્થાન હતું ખરું, છતાં જે દેવની આરાધના એકલા એક જ સ્થળે કરી શકાય, તે સ્થાનિક દેવ થયા વિના ન રહે, તેમ જ જે દેવની ભક્તિસેવા કેવળ યહૂદી વિધિઓ પ્રમાણે કરી શકાય, તે યહૂદીઓનો જ દેવ બન્યા વગર રહે નહિ. તોપણ જેમ બાબેલોનમાં તેમ યરુશાલેમમાં પણ કેટલાએક દેવભક્તો હતા, જેઓ ઈશ્વરનાં વચનના વધારે ઊંડા મર્મનું ગ્રહણ કરીને એવું સમજી ગયા હતા, કે ઈશ્વરની આગળ માન્ય કરાએલો યજ્ઞ તો રાંક અને નમ્ર હૃદય છે (ગી.૫૧;૧૭). જે ભક્તો યરુશાલેમના ઉદ્ધારની રાહ જોતા હતા, તેઓ એજ હતા (લૂ.૨; ૨૫-૩૮). ગીતશાસ્ત્રમાં સમાએલાં તેઓએ રચેલાં સ્તુતિ તથા પ્રાર્થનારૂપ ગીત તો તે તે પુસ્તકનો સહુથી મૂલ્યવાન વિભાગ ગણાય છે.

આપણે યાદ રાખવું કે બંદીવાસ વખતે યહુદાહ દેશ સાવ નિર્જન રહ્યો નહોતો, તે સાચવવા સારુ નબૂખાદનેસ્સારે સહુથી ગરીબ લોકને તેમાં રહેવા દીધા હતા, અને જો કે મંદિરનો સમૂળગો નાશ થયો હતો, તોપણ ત્યાં તેઓએ ઓછાવત્તા પ્રમાણમાં યહોવાની ભક્તિસેવા ચાલુ

રાખી હતી. મંદિર પાયમાલ થયા બાદ ઉત્તર ઇસ્ત્રાએલથી એંસી જણ ત્યાં દર્શન કરવા આવ્યા હતા, એવી નોંધ મળી આવે છે (યર.૪૧;૫). પરંતુ ઉત્તર ઇસ્ત્રાએલમાં વસેલા મિશ્ર લોકમાં ચાલતો ધર્મ ઘણો ભ્રષ્ટ થઇ ગએલો હતો, તેની જે માઠી અસર યહૂદી ધર્મ પર થએલી જણાય છે, તે યશાયાના પુસ્તકના છેલ્લા અધ્યાયો પરથી આપણને માલૂમ પડે છે.

૨. **હાગ્ગાયનો સમય.** એઝરા તથા નહેમ્યાના લખ્યા પ્રમાણે ગુલામો તથા ગવૈયાઓ ઉપરાંત ૪૨,૩૬૦ યહૂદીઓ યરુશાલેમ પાછા આવ્યા. તેઓને હાગ્ગાય "શેષ" કહે છે (૧;૧૨,૧૪ : ૨;૨ ઝખ.૮;૬). "યહોવાએ છોડાવેલા પાછા આવીને હર્ષનાદ કરતાં કરતાં સિયોન પહોંચશે," એવું યશાયાનું ભવિષ્યવચન તેઓ વિષે હતું (૩૫;૧૦ : ૫૧;૧૧). પણ એવું બન્યું નહોતું. જો કે થોડીઘણી વસતિ કાયમ રહેવા દેવામાં આવી હતી, તોપણ યરુશાલેમ હજુ ખંડિયેર પડી રહેલું હતું, અને આસપાસનો પ્રદેશ ઉજ્જડ જેવો થઇ ગયો હતો. બંદીવાસીઓએ પાછા આવીને તરત જ વેદી બાંધીને યજ્ઞાર્પણો ફરી ચાલુ કર્યાં હતાં. પરંતુ સમરૂનીઓની ખટપટથી તથા ઇરાની અમલદારોની ઈર્ષાથી મંદિરનું બાંધકામ સોળ વર્ષ સુધી ખોળંબે પડ્યું (એઝ.૪; ૧-૫). તે અરસામાં હાગ્ગાય અને ઝખાર્યા પ્રબોધકો ઊભા થયા.

હાગ્ગાયનો સંદેશો સમજાય, માટે બે વાત ધ્યાનમાં રાખવાની જરૂર છે. (૧) એઝ.૩; ૮-૧૦ પ્રમાણે બાબેલોનથી પાછા આવ્યાને બીજે વર્ષે (૫૩૬) નવા મંદિરનો પાયો નાખવામાં આવ્યો હતો, ત્યાર પછીથી દાર્યાવેશની કારકિર્દીના બીજા વર્ષ સુધી (૫૨૦) તેનું બાંધકામ બંધ રહ્યું (એઝ.૪;૨૪). પરંતુ હાગ્ગા. ૨;૧૮ પ્રમાણે ૫૨૦ની સાલે નવમા માસની ચોવીસમી તારીખે નવા મંદિરનો પાયો નંખાયો. આ બે નોંધમાં જણાતો ફરક માત્ર ઉપર ઉપરનો છે. જે કામ સોળ વર્ષ બંધ રહ્યું હતું, તે જ્યારે ફરી હાથ ધરવામાં આવ્યું, ત્યારે તે નવા જ કામની શરૂઆત જેવું લાગ્યું હશે.

(૨) ઇરાની સજા કાંબુસેસનું મરણ થયું (૫૨૨), ત્યાર પછી ઇરાની સામ્રાજ્યમાં ઘણી અશાંતિ ફેલાઇ ગઇ હતી. બીજા બધા

પ્રબોધકોની પેઠે હાગ્ગાયે પણ તે અશાંતિનો એવો અર્થ કર્યો કે યહોવાના ઇરાદાનુસાર તે ઇસ્ત્રાએલનો ઉદ્ધાર કરવાના અને મસીહી રાજય સ્થાપવાના સાધનરૂપ છે (૨; ૬-૯).

૩. **પ્રબોધનો સાર.** (૧) અધ્યા.૧ પ્રથમ બોધભાષણ (તા.૧-૬-૫૨૦). મંદિર બાંધવા સંબંધી લોક બેફિકર રહ્યા હતા, તેથી યહોવા તેઓના પર નારાજ થયો હતો, અને લોકે કરેલી મહેનતની વ્યર્થતા તથા ખેતરમાંના પાકની નિષ્ફળતા તો ઇશ્વરના કોપનાં ચિહ્ન છે, એવું હાગ્ગાયનું કહેવું છે. આવા બોધથી ચેતીને તે માસને ચોવીસમે દિવસે કાટમાળ વગેરે ભેગો કરીને લોકોએ મંદિરનું બાંધકામ ફરી શરૂ કર્યું.

(૨) ૨; ૧-૯. બીજું બોધભાષણ (તા.૨૧-૭-૫૨૦). સુલેમાનના ભવ્ય મંદિરની સરખામણીમાં આ નવું મંદિર કેટલું નાનકડું તથા કેવું બેડોળ થવાનું છે, તે જોઈને લોક શિયાવિયા બની ગયા. તેઓને હાગ્ગાયે એવો ઉત્તેજનદાયક સંદેશો કહી સંભળાવ્યો, કે "આ મંદિરનું પાછળનું ગૌરવ આગલા કરતાં વિશેષ થશે." થોડા વખતમાં સર્વ પ્રજાઓને હલાવવામાં આવશે, ત્યાર પછી મસીહી રાજય સ્થાપના થશે, અને મંદિર શણગારવા સારુ પરદેશીઓ પોતાની સહુથી કિંમતી વસ્તુઓ લઈને આવશે. જુઓ હેબ્રી.૧૨;૨૬-૨૯.

(૩) ૨;૧૦-૧૯. ત્રીજું બોધભાષણ (તા.૨૪-૯-૫૨૦). ભલાઈ કરતાં ભૂંડાઈ, અને શુદ્ધતા કરતાં અશુદ્ધતા વધારે ચેપી હોય છે, એવું એક દૃષ્ટાંતદ્વારા હાગ્યાયે લોકને શીખવ્યું. તેના કહેવાની મતલબ એજ કે લોકની બેફિકરાઇરૂપ ભૂંડાઇ આખા સમાજના સર્વ આચારવિચારને ધક્કો પહોંચાડનારી છે. પરંતુ તે દિવસે મંદિર બાંધવાનું જે કામ તેઓએ શરૂ કર્યું હતું, તે જો તેઓ ઉત્સાહથી ચાલુ રાખે, તો તેઓ આશીર્વાદ પામ્યા વગર રહેશે નહિ.

("યાજકોને પૂછ કે નિયમશાસ્ત્ર," વગેરે (૧૦)=મૂળાર્થ "યાજકોની આગળ પ્રશ્ન રજૂ કરો કે તેઓ તેનો વિધિસર ફેંસલો કરે." વિધિઓને લગતી શંકામય બાબતોનો નિર્ણય કરવાની યાજકોની જુદી જુદી ફરજોમાંની એક મુખ્ય ફરજ હતી. એમ પંચગ્રંથની પ્રસ્તાવનામાં કહેવામાં આવ્યું છે. હઝકિયેલનું પણ એવું કહેવું છે, એટલે "તેઓ

(=યાજકો) મારા લોકને પવિત્ર તથા સાધારણ વચ્ચેનો ભેદ શીખવે, ને શુદ્ધ તથા અશુદ્ધ વચ્ચેનો ભેદ પારખવાનું સમજાવે" (૪૪;૨૩).

(૪) ૨;૨૦-૨૩. ચોથું બોધભાષણ (તા.૨૪-૯-૫૨૦). આ એકલા ઝરૂબ્બાબેલને સંબોધેલું છે. લોક પસ્તાવો કરીને જાગૃત થયા હતા, તેથી અશાંતિ સર્વત્ર ફેલાયા છતાં યહુદાહ શાંતિ ભોગવશે અને ઝરૂબ્બાબેલ યહોવાને નામે તેનું રાજતંત્ર ચલાવશે.

ઝરૂબ્બાબેલ યહોયાકીન રાજાનો ગોત્રજ હતો (૧ કાળ. ૩; ૧૭,૧૯). હવે યહોયાકીન વિષે મુદ્રિકાના દૃષ્ટાંતનું જે ભવિષ્યવચન યર્મિયાએ ઉચ્ચાર્યું હતું (૨૨.૨૨;૨૪), તે રદ કરીને યહોવાએ ઝરૂબ્બાબેલને એવું વચન આપ્યું, કે "હું તને લઈને મુદ્રિકાના કરીશ." એવું વચન ઝરૂબ્બાબેલને કહીને મસીહી રાજા થવા સારુ યહોવાએ ઝરૂબ્બાબેલને પસંદ કર્યો છે, એવો આ વચનનો અર્થ સમજવો. તે દાઉદના વંશનો હતો, એટલે તે મસીહના પ્રતીકરૂપ હતો.

હાગ્ગાયે કરેલો બોધ બીજા સર્વ પ્રબોધકોના શિક્ષણ જેવો પ્રસંગોચિત હતો, એવું તેના પુસ્તકના ઉપરોક્ત સારાંશ પરથી માલૂમ પડ્યું હશે. મહાન પ્રબોધકોની પેઠે હાગ્ગાય પણ પ્રસંગોપાત બોધ આપતો હતો, પણ જે પ્રસંગોપાત બોલાએલું હતું, તેમાં રહેલું સનાતન સત્ય તે પણ તેઓની પેઠે જાહેર કરતો હતો. જે વખતે વિશ્વાસનો દીવો ઝાંખો પડ્યો હતો, તેવે સમયે તેને વધારે પ્રદિપ્ત કરીને હાગ્ગાયે ઇસ્ત્રાએલની આશાની જ્યોત સળગતી રાખી.

ઝખાર્યા; અધ્યાય ૧-૮
("યહોવા પ્રભાવશાળી છે")

૧. **સમય.** ઝખાર્યા હાગ્ગાયનો સમકાલિન હતો. જે સાલે હાગ્ગાય પ્રબોધ કરતો હતો (૫૨૦), તેજ સાલને આઠમે માસે ઝખાર્યા પણ પ્રબોધ કરવા લાગ્યો (૧;૧), અને તેજ સાલને અગિયારમે માસે તેણે પોતાને થતાં જુદાં જુદાં સંદર્શનો પ્રગટ કર્યા (૧;૭). ત્યાર પછીના ત્રીજા વર્ષે (૫૧૮) અધ્ય.૭ ને ૮ માં વર્ણવેલા બનાવ બન્યા (૭;૧).

હાગ્ગાય અદીક્ષિત વર્ગનો હતો, પણ ઝખાર્યા યાજકવર્ગનો હતો (નહે.૧૨;૧૬). હાગ્ગાયની માફક તે પણ પોતાનાં બોધભાષણથી લોકને મંદિર બાંધવાનું ઉત્તેજન આપતો હતો. જ્યારે મંદિર બંધાઇ રહેશે, ત્યારે દાઉદના રાજ્યની પુનઃસ્થાપના થએલી સમજવી, એવી તેની પણ માન્યતા હતી. તે રાજ્યનો રાજા ઝરૂબ્બાબેલ થશે, કેમ કે જેના વિષે યર્મિયાએ અગાઉથી કહ્યું હતું, કે "હું દાઉદના વંશમાંથી એક ન્યાયી અંકુર ઉગાવીશ" (૨૩;૫ : ૩૩;૧૫), તેજ એ છે, એમ ઝખાર્યા સમજતો હતો (૩;૮ : ૬;૧૨). ઝરૂબ્બાબેલે નવા મંદિરનો પાયો નાખ્યો હતો, અને મારા આત્માથી બળવાન કરાઈને તારા હાથ તે પૂરું કરશે, એવું ઈશ્વરે તેને વચન આપ્યું હતું (૪;૯). મસીહી રાજ્ય આવશે, ત્યારે યાજકપદ યહોશુઆ અને રાજપદ ઝરૂબ્બાબેલ ભોગવશે (૩;૮), અને તેઓની વચ્ચે સલાહશાંતિ રહેશે (૬;૧૩), એવું તેનું કહેવું છે.

બીજા બધા પ્રબોધકોની પેઠે ઝખાર્યાના બોધમાં પણ નીચેનાં ત્રણ મુખ્ય તત્ત્વ સમાએલાં છે :--(૧) પસ્તાવો કરવાની અગત્ય (૧; ૧-૬), (૨) સિયોન પ્રત્યે યહોવાનો દયાભાવ (૧; ૭-૬;૧૫), અને (૩) સત્‌ધર્મની આંતરિકતા, અને મસીહનું સનાતન રાજ્ય અને યહોવાની આગળ સર્વ પ્રજાઓ આવીને નમન કરશે, તે સંબંધીની આગાહી (અધ્ય.૭,૮). તોપણ ઝખાર્યાની પ્રબોધ કરવાની પદ્ધતિ બીજા પ્રબોધકથી કંઇક જુદી જણાય છે. (૧) બીજા પ્રબોધકો સરળ શબ્દોથી ઉપદેશ કરનારા હતા, પણ ઝખાર્યા માર્મિક દર્શનોથી પોતાનો સંદેશ વ્યક્ત કરતો હતો. હઝકિયેલ પહેલવહેલાં સંદર્શનની પદ્ધતિનો

ઉપયોગ કર્યો હતો, પણ બંદીવાસ થયા બાદ તે પદ્ધતિ વધારે પ્રચલિત થઈ. (૨) આ દર્શનોમાં યહોવા તથા પ્રબોધકની વચ્ચે મધ્યસ્થ તરીકે દેવદૂતો દેખાય છે. (૩) ચોથા દર્શનમાં શેતાન નામનો એક દૂત ઊભેલો દેખાય છે (૩;૧). તે શબ્દનો ભાવાર્થ "વિરોધી" છે, તે ગણ.૨૨;૨૨ ("સામે થવા") ને ૧ ૨૧.૧૧;૧૪,૨૫ ("શત્રુ"), વગેરે ઘણે ઠેકાણે મળી આવે છે. (જુઓ "ઇરાની રાજ્યના સમય" વિષેનું પ્રકરણ).

ઉપરનાં લક્ષણને લીધે તેમ જ તેમાં સમાએલા આધ્યાત્મિક સંદેશાને લીધે ઝખાર્યાનું પુસ્તક ઘણું મહત્ત્વનું ગણી શકાય એમ છે. આમોસના પુસ્તકની સરળતાથી માંડીને પ્રબોધનો જે માર્ગ આખરે ગહન માર્મિક દર્શનોથી ભરેલા દાનિયેલના પુસ્તકમાં પહોંચી જાય છે, તે માર્ગનો એક મજલદર્શક સ્તંભ એ તો ઝખાર્યાનું પુસ્તક છે.

૨. પુસ્તકનો સાર

I. ૧; ૧-૬. પ્રસ્તાવનારૂપ બોધભાષણ (૫૨૦ની સાલના ૮મા માસે). પશ્ચાત્તાપ કરવાની વિનંતી. લોક ગતકાળમાં બનેલા બનાવો પરથી ધડો લઈને તેઓના બાપદાદાઓ જેવા અણકહ્યાગરા ન થાય, એવી પ્રબોધકે તેઓને વિનંતી કરી. (ઝખાર્યા બંદીવાસ પહેલાંના પ્રબોધકોની વાત ("આગલા પ્રબોધકો") ઘણી વાર કરે છે (૧; ૪-૬ : ૭; ૩,૭,૧૨ : ૮;૯). તેઓનાં વચનોને આટલું બધું માન આપેલું છે, કે લોક તેઓને જુદા યુગના ગણતા હોય, એમ લાગે છે).

II. ૧; ૭-૬;૮. આશાજનક તથા ઉત્તેજનદાયક આઠ જુદાં જુદાં દર્શન.

૧. ૧; ૭-૧૭. યહોવાના ચાર ઘોડેસ્વાર. આખી પૃથ્વી સ્વસ્થ થઈને બેઠી છે, એવા સમાચાર આ બાતમીદારો લાવે છે (૧૧). યહોવા પોતાના લોક પર દયા રાખશે, જેથી થોડા વખતમાં યરુશાલેમ તથા તેનું મંદિર ફરીથી બાંધવામાં આવશે (૧૬).

૨. ૧; ૧૮-૨૧. ચાર શિંગડાં તથા ચાર લુહાર. ઇસ્ત્રાએલના શત્રુઓનો નાશ કરવામાં આવશે.

૩. ૨; ૧-૧૩. માપવાની દોરી લઈને આવેલો એક જુવાન પુરુષ. તે નવા નગરના પાયાની માપણી કરવા આવ્યો હતો, પણ કોટની માંહે સમાઈ ન શકે એટલી બધી તેની વસતિ થવાની છે, એવું

બીજા દૂતે તેને કહી જણાવ્યું. યહોવા પોતે નવા નગરની આસપાસ અગ્નિના કોટરૂપ થશે.

યહૂદીઓ હજુ બંદીવાસમાં પડેલા હોય, એવી રીતે તેઓને આ ગીતદ્વારા સંબોધવામાં આવે છે (૬-૧૩).

[૬. LXX પ્રમાણે -"વાયુઓની ચારે દિશાથી હું તમને સમેટીશ." "તમે જાણશો" વગેરે (૯). આ વાક્ય ચાર વાર આ વિભાગમાં મળી આવે છે (૨;૧૧ : ૪;૯ : ૬;૧૫). લોક પ્રબોધક તરીકે ઝખાર્યાનો આવકાર કરવા રામજી નહોતા શું? (સરખાવો હઝ.૨;૫ : ૩૩;૩૩)].

૪. ૩; ૧-૧૦. પ્રમુખયાજક યહોશુઆનું નિર્દોષ ઠરાવવાનું. મેલાં વસ્ત્ર પહેરેલો યહોશુઆ લોકનો પ્રતિનિધિ હતો, તેથી જ્યારે દૂતે તેનાં મેલાં વસ્ત્ર ઊતારીને તેને શુદ્ધ વસ્ત્રો પહેરાવ્યાં, ત્યારે અમારાં પાપ માફ થયાં છે, એમ સમજીને નિરાશ થએલા સમાજને આનંદ થયો હશે. ત્યાર પછી એવું વચન પણ તેઓને આપવામાં આવે છે, કે યહોવાના અંકુર કહેવાએલા સેવકને પ્રગટ કરવામાં આવશે, અને યરુશાલેમ આબાદાની તથા શાંતિથી ઊભરાઇ જશે.

૫. ૪; ૧-૧૪. આ અધ્યાયના બે વિભાગ કરવામાં આવે, તો તેનો ખુલાસો વધારે સ્પષ્ટ થાય એમ છે :--

(૧) ૧-૬ અ ને ૧૦ આ-૧૪. સાત નળીવાળું સોનાનું દીપવૃક્ષ તથા બે જૈતવૃક્ષ. (૬અ ને ૧૦ આ -"ત્યારે તેણે મને ઉત્તર આપીને કહ્યું કે આ સાત જે યહોવાની આંખો છે, તે આખી પૃથ્વી પર આમતેમ દોડતી ફરે છે. "આવી રીતે જો વાક્ય ગોઠવવામાં આવે, તો તેમાં "મારા મુરબ્બી, અં (એટલે સાત દીવા) શું છે," તે સવાલનો જવાબ મળે). યહોવા તો ઇસ્ત્રાએલનો જાગૃત રક્ષક છે, તે નિદ્રાવશ થતો નથી (ગી.૧૨૧;૪). બે જૈતવૃક્ષ યહોશુઆ તથા ઝરુબ્બાબેલને સૂચવે છે. યાજકપદ તથા રાજપદદ્વારા ઇશ્વર પોતાના લોકને કૃપા પમાડે છે.

(૨) ૬આ--૧૦અ. ઝરુબ્બાબેલને આપેલું ઉત્તેજનદાયક વચન. ૬આ.--"ઝરુબ્બાબેલને યહોવાનું વચન એ છે, કે પરાક્રમથી નહિ, તેમ જ બળથી પણ નહિ, પણ મારા આત્માથી, એવું સૈન્યનો (દેવ) યહોવા કહે છે." આ કલમ શાસ્ત્રમાંનાં સત્યાર્થ ભરેલાં મહાન વચનોમાંનું એક છે. ૧૦અ ="કેમ કે નાનાં કામોના દિવસને કોણે

તુચ્છકાર્યો છે? કેમ કે ઝરુબ્બાબેલના હાથમાં ઓળંબો જોઈને તેઓ હરખાશે."

૬. ૫; ૧-૪. ઊડતું ઓળિયું. પાપકર્મ સર્વેને દેશમાંથી ઝાટકી નાખવામાં આવશે. બે જુદા જુદા પ્રકારનાં ખાસ પાપ નોંધેલાં છે : (૧) ચોરી કે જે સમાજની વિરુદ્ધ કરેલું પાપ છે તે, ને (૨) જૂઠા સોગન કે જે ઈશ્વરની વિરુદ્ધ કરેલું પાપ છે તે. પણ એ બે પાપ સર્વ પ્રકારનાં પાપ સૂચવે છે. ઓળિયું તો યહોવાની હજૂરમાંથી આવેલું છે (૪). વળી તે ઊડતું ઓળિયું છે, એટલે ઠરાવેલી શિક્ષા જલદીથી થશે. ("ઘરમાં ટકી રહેશે" (૪) -મૂળાર્થ રાતવાસો કરશે).

૭. ૫; ૫-૧૧. એફાહની અંદર બેઠેલી સ્ત્રી. ઉપર કહ્યા પ્રમાણે સર્વપાપીઓને દેશમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. હવે સર્વપ્રકારના પાપથી પણ દેશને શુદ્ધ કરવામાં આવે છે. ("શિનઆર દેશ" (૧૧) - બાબેલોન).

૮. ૬; ૧-૮. ચાર રથ. ઈશ્વરે ઠરાવેલું ન્યાયશાસન પાર પાડવા સારુ ચાર રથને ચાર જુદા જુદા દેશમાં મોકલવામાં આવે છે. ઉત્તર તરફનો દેશ બાબેલોન છે (૬,૮), તેના પર વિશેષ શિક્ષા આવી પડવાની છે. દક્ષિણ દિશાનો મિસર દેશ છે (૬). બાબેલોન પર જે વેર વેળાવામાં આવ્યું હતું, તેનાથી ઈશ્વરનો આત્મા ઠર્યો હતો (૮).

III. ૬; ૯-૧૫. યહોશુઆને પહેરાવેલો મુગટ. આ પ્રકરણનો ખરો અર્થ કરવો મુશ્કેલ છે. એક જ વ્યક્તિનું એટલે યહોશુઆનું નામ આપેલું છે (૧૧).

(૧) પરંતુ જેમ ક.૧૪માં "મુગટો" શબ્દ મળી આવે છે, તેમ ક.૧૧માં પણ "મુગટો" (બહુવચન) શબ્દ હોવો જોઈએ. (૨) તો એકથી વધારે મુગટો કોને કોને માટે છે? વળી ક.૧૩માં "તે બંને સાથે રહીને સુલેહશાંતિ જાળવશે," એમ કહેલું છે. તો "તે બંને" એટલે કોણ? (૩) વળી "અંકુર નામનો પુરુષ" (૧૨) ઝરુબ્બાબેલ સિવાય બીજો કોઈ હોઈ શકે નહિ. ૩;૮ પ્રમાણે ઝરુબ્બાબેલ "અંકુર" કહેવાય છે. ૪;૯ પ્રમાણે યહોવાનું મંદિર બાંધનાર (૧૨) તેજ છે. તો ક.૧૧માંથી "ને ઝરુબ્બાબેલને" (માથે) તે શબ્દો લુપ્ત થઈ ગયા છે,

એમ જો આપણે સમજીએ તો "મુગટો" મૂકવાના દર્શનનો અર્થ તરત સુલભ થાય છે. તે બંનેને એટલે યહોશુઆને તથા ઝરૂબ્બાબેલને માથે મુગટો મૂકવામાં આવ્યા. એક તો પ્રમુખયાજક છે, બીજો તો મસીહી રાજ્યનો રાજા થવાનો છે (હા.૨;૨૩). (પછીથી ઝરૂબ્બાબેલ સંબંધી કંઈ પણ જણાવેલું નથી. તેના વિષે રાજા થવાની જે આશા હતી, તે પૂર્ણ થઈ નહિ હોય, એમ લાગે છે).

IV. ઉપવાસ કરવા સંબંધી પૂછેલો પ્રશ્ન.

(૧) ૭; ૧-૧૪. બેથેલથી આવેલા પ્રતિનિધિઓ. બંદીવાસ વખતે ઉપવાસના જે જુદા જુદા શોકરૂપ તહેવારો મુકરર કરવામાં આવ્યા હતા, તે સર્વેને હવે ચાલુ રાખવા કે કેમ, તે સંબંધી પ્રબોધકની સલાહ પૂછવા તેઓ આવ્યા હતા (સરખાવો હા.૨;૧૨ : માલ.૨;૭). યરુશાલેમના નાશની યાદગીરીમાં નિયત કરાએલા શોકરૂપ ચાર તહેવારો નીચે પ્રમાણે હતા (૮;૧૯) :--

(૧) ૪થો માસ : ૯મી તારીખે--યરુશાલેમનું પતન (૨ રા.૨૫;૩).

(૨) ૫મો માસ : ૭મી તારીખે--યરુશાલેમનું બાળી નંખાવું (૨ રા.૨૫;૮).

(૩) ૭મો માસ : ૨જી તારીખે--ગદાલ્યાહનું ખૂન (૨ રા.૨૫;૨૫).

(૪) ૧૦મો માસ : ૧૦મી તારીખે--ઘેરો ઘાલવાની શરૂઆત (૨૨ા.૨૫;૧).

ઉપરના બીજા ઉપવાસ વિષે તેઓએ પ્રબોધકને ખાસ પ્રશ્ન પૂછ્યો, તેનો તેણે તેઓને એવો જવાબ આપ્યો કે તેઓ દેહકષ્ટ કરે, એવી તો નહિ, પણ આગલા પ્રબોધકોની મારફતે ઈશ્વરે જે જે આજ્ઞાઓ જાહેર કરાવી હતી, તે સર્વેનું તેઓ પાલન કરે, એવી ઈશ્વરની ઇચ્છા છે (૭). તે આજ્ઞાઓ તેમના બાપદાદાઓએ ગણકારી નહોતી, તે કારણને લીધે યરુશાલેમ પાયમાલ થઈ ગયું હતું. પ્રબોધકોએ જાહેર કરેલી આજ્ઞાઓનો સાર કલમ ૯ ને ૧૦માં સમાએલો છે.

(૨) ૮; ૧-૨૩. દસ વચન. દેશનું શુદ્ધિકરણ કરવામાં આવ્યું છે (૫; ૧-૧૧). લોક આત્માથી તથા સત્યતાથી ઈશ્વરની આરાધના કરવા લાગ્યા છે (૭; ૯,૧૦). ત્યાર પછી દેશની સુખી સ્થિતિનું વર્ણન કરેલું છે. યરુશાલેમ "સત્યનું નગર" અને સિયોન "પવિત્ર પર્વત" કહેવાશે (૩). જે જે આશીર્વાદો લોકોને પ્રાપ્ત થશે, તે દસ જુદાં જુદાં વચનના સ્વરૂપમાં જાહેર કરેલા છે. "સૈન્યોનો દેવ યહોવા કહે છે," એવો દરેક વચનનો આરંભ છે.

(૧) યહોવાનો પોતાના લોક પ્રત્યેનો પ્રેમભાવ (૧,૨).

(૨) સિયોનમાં યહોવાનું સાન્નિધ્ય (૩).

(૩) જુવાનોની તેમ જ વયોવૃદ્ધોની સુખશાંતિ (૪,૫).

(૪) યહોવાએ કરેલાં અદ્‌ભુત કૃત્યો (૬).

(૫) વિખેરી નંખાએલાઓનું પુનરાગમન (૭,૮).

(૬) વિગ્રહ તથા હાડમારીને બદલે શાંતિ તથા પુષ્કળતા (૯-૧૩).

(૭) સદાચરણથી ઉપજતા આશીર્વાદો (૧૪-૧૭).

(૮) ઉપવાસને બદલે આનંદોત્સવ (૧૮,૧૯).

(૯) સૈન્યોના દેવ યહોવાનો શોધ કરવા સારુ પ્રજાઓએ એકબીજાને આપેલું ઉત્તેજન (૨૦-૨૨).

(૧૦) યહૂદીઓના દેવ યહોવાની ભક્તિસેવા કરવા સારુ સર્વ દેશોમાંથી આવેલા પ્રતિનિધિઓ (૨૩).

આ સુંદર આગાહી ઝખાર્યાના પુસ્તકના પ્રથમ ભાગનું સમાપ્તિવચન છે.

માલાખી
("મારો દૂત")

૧. **સમય.** યરુશાલેમનું નવું મંદિર ૫૧૬ની સાલમાં બંધાઈ ગયું હતું. ત્યાર પછીનાં ૬૦ વર્ષ સુધીની યહૂદીઓ સંબંધીની માહિતી ઘણી જ ઓછી છે. જે એક જ વાત જણાવેલી છે, તે એઝ.૪;૬માં સમાએલી છે, એટલે કે અહાશ્વેરોશ બાદશાહની કારકિર્દીની શરૂઆતે (૪૮૫-૪૬૫) સમરૂનીઓએ પત્ર લખીને યહૂદીઓ પર અમુક તહોમતો મૂક્યાં. તેથી યરુશાલેવાસીઓની પરિસ્થિતિ જો જાણવી હોય, તો એકલું માલાખીનું પુસ્તક તે જાણવાના સાધનરૂપ છે. પુસ્તક ટૂંકું છે ખરું, પણ તે વખતના લોકની સામાજિક તેમ જ ધાર્મિક સ્થિતિ વિષે તે માહિતીનો ભંડાર છે. તેમાં સમાએલી ત્રણ મુખ્ય બાબત આ પ્રમાણે છે:-- (૧) યાજકોનો ઘટતો જતો વિશ્વાસ અને ધર્મક્રિયા વિધિસર પાળવાની તેઓની વધતી જતી બેદરકારી (૧; ૧-૨;૯); (૨) અન્યધર્મી સ્ત્રીઓની સાથેનાં લગ્ન (૨; ૧૦-૧૬); (૩) ઉપસ્થિત થએલા બે પક્ષ, એટલે નાસ્તિકો જેઓ કહેતાં હતા કે ઈશ્વરની સેવા કરવી, તે નકામું છે તેઓ (૩;૧૪), ને દેવભક્તો જેઓ ઈશ્વરનો ભય રાખતા હતા તેઓ (૩; ૧૬-૪;૩).

ઉપરોક્ત વાતો પરથી ઘણું શીખવાનું છે. લોક નિરાશામાં ગરક થઈ ગયા હતા. તેઓએ આગલા પ્રબોધકોનાં ભવિષ્યવચન અક્ષરશ : માની લીધાં હતાં. તેઓએ આર્થિક સુખશાંતિની રાહ જોઈ હતી. તેઓએ એક રાજ્ય સ્થાપન કરવાની અભિલાષા રાખી હતી, અન્ય પ્રજાઓ પોતપોતાની મૂલ્યવાન વસ્તુઓ લઈને યહોવાને અર્પી દેશે. એમ હાગ્ગાયે કહ્યું હતું, પણ એમ હજુ બન્યું નહોતું યરુશાલેમ નગર વસતિવાળું થશે, ને કોટ બહાર તેનો વિસ્તાર થશે, એવી ઝખાર્યાએ આગાહી કરી હતી, પણ હજુ સુધી યહોવાનું પવિત્ર નગર ઉજ્જડ તથા નિર્જન જેવું પડી રહ્યું હતું. આસપાસના લોક દુશ્મનાવટ રાખતા હતા, એટલે પાછા આવેલાં બંદીવાસીઓની આશા કરમાતી જતી હતી. વિશ્વાસને અભાવે અવિશ્વાસ વધવા પામ્યો હતો (૨; ૧૭ : ૩;૧૪). શરૂઆતની આસ્થા શોષાઈ ગઈ હતી. પોતાના ધર્મની શુદ્ધતા જાળવવા સંબંધી તેઓ બેદરકાર બન્યા હતા. યહૂદી પુરુષો પરધર્મી સ્ત્રીઓને

પરણવા લાગ્યા હતા. જડવાદીઓ ઘણા જોર પર આવ્યા હતા. જેથી જેટલા યહોવાની આરાધના ખરા ભાવથી કરવા માગતા હતા, તેઓને એકબીજાના હાથ ઈશ્વરમાં મજબૂત કરવા માટે એકાંતે ભેગા થવું પડતું હતું (૩;૧૬).

ઉપર વર્ણવેલી પરિસ્થિતિ એઝરા તથા નહેમ્યાનાં પુસ્તકોમાં જણાવેલી સ્થિતિ સમાન છે. તે સેવકોના સમયમાં પણ પરધર્મી સ્ત્રીઓને પરણવાનું યહૂદી સમાજને ઠેસરૂપ લાગતું હતું (એઝ.૧૦ : નહે.૧૩;૨૩,૨૪). ગરીબો પર તવંગરો જોરજુલમ કરતા હતા (નહે.૫; ૧-૫ : માલ.૩;૫), અને મંદિરની સેવાને અર્થે તેમ જ યાજકોના નિભાવને અર્થે જે જે ફાળા ઠરાવેલા હતા, તે આપવા વિષે લોક બેફિકર થઈ ગયા હતા (નહે.૧૦). આ પરથી માલાખી, એઝરા તથા નહેમ્યાના સમયનો હોય. એવું અનુમાન કરી શકાય છે. તેઓ બાબેલોનથી આવી પહોંચ્યા, તે પહેલાં માલાખી પ્રબોધ કરવા લાગ્યો હશે, જેથી સમાજની રીતભાતમાં જોઈતો સુધારો કરવાનું તેઓને સુલભ થયું, એવો સંભવ છે.

૨. **સંદેશો.** માલાખી વિષે કંઈ ખાસ જણાવેલું નથી. તેના નામનો અર્થ "મારો દૂત" (સંદેશિયો) છે, તે ૩;૧માં મળી આવે છે. તે સંજ્ઞાવાચક નામ નથી. LXX પ્રમાણે પ્રબોધકનું નામ "માલાખીયાહ" છે, એટલે "યહોવાનો દૂત." પરંતુ તે મથાળું કોઈ લહિયાએ દાખલ કર્યું હશે, કેમકે LXX માં પણ ૧;૧ પ્રમાણે પ્રબોધકનું નામ માલાખી છે; એટલે "માલાખીદ્વારા" વગેરે. એઝરા "યહોવાનો દૂત" હતો, એવી યહૂદીઓની દંતકથા છે, અને "મારા દૂત એઝરા નામના શાસ્ત્રીદ્વારા" એવું વાક્ય તાર્ગમમાં મળી આવે છે. (તાર્ગમ = હેબ્રી શાસ્ત્રોનું અરામી ભાષાંતર).

તેથી આ પુસ્તકનો લેખક નનામો હોય, એવું સંભવિત છે. ઝખ.૯;૧ : ૧૨;૧ ને માલ.૧;૧માં એકનું એક મથાળું મળી આવે છે, એટલે "યહોવાના વચનરૂપી દેવવાણી" ("the burden"). તે મથાળું પ્રબોધકોનાં પુસ્તકોને બીજે કોઈ ઠેકાણે મળતું નથી. ઝખ.૯-૧૧, ૧૨-૧૪ ને માલ. ૧-૪ એ ત્રણે ટૂંકા પ્રકરણ નનામાં હોય, ને "બાર પ્રબોધક" નામના ઓળિયાનું જે છેલ્લું પુસ્તક હતું, એટલે ઝખ.

૧-૮, તેની સાથે તેઓને જોડી દેવામાં આવ્યાં હોય, એવો સંભવ છે.

પુસ્તક પર હસ્તાક્ષર હોય કે નહિ હોય, તોપણ તેમાં સમાએલો સંદેશો સ્પષ્ટ તેમ જ ધ્યાન ખેંચે એવો છે. વિધિસર પાળેલીં ધર્મક્રિયાઓ પર, એટલે યજ્ઞાર્પણો તથા દશાંશો વગેરે પર, પ્રબોધક જોઇએ તે કરતાં વધારે ભાર મૂકે છે, એવું કેટલાએકનું માનવું છે. પરંતુ તેનું ધ્યેય એ કરતાં પણ જુદું છે. ઇશ્વરની આરાધના વિષેની જે બેદરકારી ચાલતી હતી, તે તેના પ્રત્યેના પૂજ્યભાવથી ઉણપનું પરિણામ હતું. ચારિત્ર્ય તથા આચરણનાં મૂળ હૃદયમાં કોતરેલાં હોય છે. ઇશ્વરનો ભય રાખનારા એ તેની સેવા કરનારા પણ છે (૩;૧૮). જેઓ તેનો ભય રાખતા નથી, તેઓ જ ગુલામો, વિધવાઓ તથા અનાથો પર અન્યાય કરનારા પણ છે (૩;૫). જે કોઇ યહૂદી પોતાની સ્ત્રીને ફારગતી આપીને પરધર્મી સ્ત્રીને પરણે, તેણે યહોવા જે સઘળા યહૂદીઓનો પિતા છે, તેની વિરુદ્ધ પાપ કર્યું સમજવું (૨;૧૦). જે સહુનો પિતા તથા પતિ છે, તેને એબવાળું અર્પણ ચઢાવવું, તે તેનું અપમાન કરવા બરોબર છે (૧;૬). પણ હનોખની પેઠે જે કોઇ યાજક યહોવાની સાથે શાંતિમાં ચાલે છે, તેજ આદર્શ યાજક કહેવાય છે (૨;૬). મહાન પ્રબોધકોની માફક માલાખી પણ આધ્યાત્મિક ધર્મનો સંદેશો પ્રગટ કરતો હતો. "મને શોધો એટલે તમે જીવશો, પણ બેથેલની શોધ કરતા નહિ," એવો જે આમોસે કરેલા બોધનો સાર હતો, તેજ માલાખીએ કરેલા ઉપદેશનું મૂળતત્ત્વ પણ હતું.

આ પુસ્તકમાં અન્ય પ્રજાઓની થનારી પાયમાલી તથા યરુશાલેમની થનારી પુનઃસ્થાપના, એ બાબતો સંબંધી કંઇ કહેલું જણાતું નથી. તેમ હોવાનું શું કારણ હશે? કેમ કે ઇસ્ત્રાએલ જાતે પોતાનો જ હાનિકારક દુશ્મન છે. બંદીવાસરૂપી ભઠ્ઠીમાં નાખીને તેને પારખવામાં આવ્યો હતો ખરો, તોપણ તે હજુ પૂરો શુદ્ધ થયો નહોતો. યહોવા પોતાના લોકનું રક્ષણ કરનાર થવા ઊતરે (ઝખ.૨;૫), તે પહેલાં તેઓનો ન્યાય કરનાર તરીકે તે આવે, એવું જરૂરનું છે, એમ માલાખીનું કહેવું છે (૩; ૨,૩). જ્યાં સુધી પાપ છાવણીમાં સંતાડેલું હોય, ત્યાં સુધી ઢાંકણ વધી શકાય નહિ (યહો.૭; ૧૧,૧૨).

અન્ય પ્રજાઓને લગતી એકલી એક જ વાત આ પુસ્તકમાં મળી આવે છે, પણ તે નવાઇ પમાડે એવી છે. ૧;૧૧માં કહેલું છે, કે

"સૂર્યોદયથી તે સૂર્યાસ્ત સુધી મારું નામ વિદેશીઓમાં મહાન મનાય છે." યરુશાલેમમાં યાજકો પણ ઈશ્વરના નામનું અપમાન કરે છે અને ખોડખાંપણવાળાં અર્પણ ચઢાવે છે (૧; ૬-૮), પણ વિદેશીઓમાં યહોવાનું નામ પૂજય મનાય છે, અને તેની આગળ રજૂ કરાએલા અર્પણ પવિત્ર ગણાય છે. કોઈ પણ દેશમાં ઈશ્વર પોતાને વિષે સાક્ષી આપ્યા વગર રહ્યો નથી (પ્રે.૧૪;૧૭). "ઈશ્વર પક્ષપાતી નથી, પણ દરેક જે કોઈ તેનો ભય રાખે છે ને ન્યાયીપણું કરે છે, તે તેને માન્ય છે" (પ્રે.૧૦; ૩૪,૩૫). આ તો નવા કરારમાં સમાએલું શિક્ષણ છે. તે જૂના કરારમાં પણ મળી આવે છે, તે જોઈને આપણે નવાઈ પામ્યા વગર રહી શકતા નથી. યહોવાને પવિત્ર અર્પણ કરનારા દેશપરદેશમાં વિખેરાએલા યહૂદીઓ હતા, એવો કેટલાએકનો મત છે. પણ આ ઠેકાણે આવો ખુલાસો બંધબેસતો આવતો નથી. આ વચન યહૂદીઓને જ સારુ ચેતવણીરૂપ હતું. રૂમી સૂબેદારના જેવો વિશ્વાસ પ્રભુ ઈસુએ સમસ્ત ઈસ્ત્રાએલમાં પણ જોયો નહોતો (મા.૮;૧૦). ખ્રિસ્તી મંડળીને સારુ પણ તે ચેતવણીરૂપ છે. તેજ સિદ્ધાંત યૂનાના પુસ્તકમાં સમાએલો છે, તેનું ગ્રહણ કરતાં કેટલો બધો વિલંબ થયો, તે યૂના પ્રબોધકના દાખલા પરથી માલૂમ પડે છે. આ વાત સમજતાં તથા માનતાં ખ્રિસ્તી મંડળીને પણ ઘણો સમય લાગ્યો છે.

માલાખીની સવાલજવાબદ્વારા ઉપદેશ કરવાની પદ્ધતિ છે. પહેલવહેલાં તે અમુક વાત વ્યક્ત કરે છે, જેવી કે "મેં તમારા પર પ્રીતિ રાખી છે." પછીથી તે સંબંધી લોક જે કંઈ વાંધો લે છે તે, જેવા કે "તેં કઈ બાબતે અમારા પર પ્રીતિ રાખી છે?" આખરે તે વાંધાનો તે પોતે જવાબ આપે છે (૧; ૨,૭ વગેરે).

સારાંશ

(૧) ૧; ૨-૫. ઈસ્ત્રાએલ પ્રત્યે યહોવાનો પ્રેમભાવ. એજ વાત પ્રબોધકના ઉપદેશની મૂળ પાયાની વાત છે. અદોમીઓ એસાવના વંશજો હતા. તેઓના બૂરા હાલથી યહોવાનો યાકૂબ તથા તેના વંશજો પરનો પ્રેમ સાબિત થયો.

(૨) ૧; ૬-૨; ૯. ઈસ્ત્રાએલની કૃતઘ્નતા. યાજકવર્ગ વિશેષ શિક્ષાપાત્ર છે (૧;૬-૧૪). તેઓની સાથે યહોવાએ જીવન તથા

શાંતિનો જે કરાર કર્યો હતો. તે તેઓએ પાળ્યો નહોતો (૨; ૧-૯). ૨;૫-૭માં આદર્શ પાળકનું સુંદર ચિત્ર આલેખેલું છે. પણ પાળકપદનું ધોરણ જેટલું ઊંચું છે, તેટલો નીચો તે ધોરણનું ઉલ્લંઘન કરનાર પડે છે. જે કોઈ પાળક માણસોનું જ મોં રાખીને ઉપદેશ કરે છે, તે આખરે માણસોની દૃષ્ટિમાં કંટાળાપાત્ર થયા વગર રહે જ નહિ.

(૩) ૨; ૧૦-૧૬. પરધર્મી સ્ત્રીઓની સાથે કરાએલાં લગ્ન. એવી સ્ત્રીઓ "પારકા દેવની પુત્રીઓ" હતી (૧૧). યહૂદીઓ તો એક જ બાપનાં (૧૦), એક જ કુટુંબનાં સંતાન હતાં, તેથી તેઓ એક બીજા પર દયા રાખવા બંધાએલાં હતાં. વળી આવી ખોટી રીતથી ધર્મને ધક્કો લાગે છે. ("તમે આંસુથી વેદી ઢાંકી દો છો"=(૧) ફારગતી અપાએલી દુઃખિત સ્ત્રીઓ વેદી આગળ આવીને રડે છે, કે (૨) પસ્તાવો કરીને યહૂદી પુરુષો આવીને આંસુઓ પાડે છે). પણ ખાલી પસ્તાવો કરવો એ બસ નથી, એમ પ્રબોધક કહેવા માગે છે.

(૪) ૨; ૧૭-૩;૬. થનાર ન્યાયકાળનો દિવસ. ઈશ્વર અન્યાય કરે છે, ભૂંડું તે તેની દૃષ્ટિમાં સારું ગણાય છે (૧૭), એવું કેટલાએકનું કહેવું છે. ન્યાયકાળનો દિવસ આવશે, કે જ્યારે યહોવા પહેલવહેલાં મંદિર તથા તેમાં સેવા કરનાર યાજકોને અને પછીથી તમામ દેશને શુદ્ધ કરશે, એવું પ્રબોધકનું વચન છે.

(૫) ૩; ૭-૧૨. દેશની નિષ્ફળતા તેઓની બેપરવાઈનું ફળ. હાગ્ગાયે પણ એજ બોધ કર્યો હતો (૧;૯,૧૦). જો લોક દશાંશો વગેરે નિયમસર ભરી આપે, તો દેશ ફરીથી ફળદ્રુપ થશે (૧૦).

(૬) ૩; ૧૩-૪;૩. અવિશ્વાસથી ઉપજતી નિરાશા. "ઈશ્વરની સેવા કરવી એ નકામું છે. ભલા તથા ભૂંડાં બંને તેની આગળ સરખા જ છે," એવું નિમકહરામીઓનું કહેવું હતું. પણ વિશ્વાસીઓએ એકબીજાને દિલાસો આપ્યો. તેઓને યહોવાનું એવું વચન કહી સંભળાવવામાં આવ્યું, કે "ન્યાયકાળને દિવસે તમે મારું ખાસ દ્રવ્ય થશો." ભૂંડાઓને સારુ તે દિવસ ભસ્મ કરી નાખનાર ભઠ્ઠી જેવો, પણ ભલાઓને સારુ તે અરુણોદય જેવો થશે, કે જ્યારે ન્યાયીપણાનો સૂર્ય ઊગીને સર્વ પ્રકારનાં અંધેર નાબૂદ કરશે, અને ન્યાયીઓ ભૂંડાઓને હરાવશે.

યોએલ
("યહોવા દેવ છે")

૧. પ્રબોધક. તેના પિતાના નામ સિવાય (૧;૧) આપણે યોએલ વિષે કશું વધુ જાણતાં નથી. પરંતુ સિયોન તથા યરુશાલેમ સંબંધીની ઘણી વાતો તેના પુસ્તકમાં મળી આવે છે તે પરથી અનુમાન કરી શકાય છે, કે તે યરુશાલેમમાં અથવા તો યરુશાલેમની નજદીક કોઇ ઠેકાણે રહેતો હતો. વળી ધર્મક્રિયાઓનું યોગ્ય પાલન કરવાની તે જે ઘણી કાળજી રાખતો જણાય છે, તે પરથી કહી શકાય કે તે યાજકવર્ગનો હતો. તે ક્યા સમયનો હતો, તે નક્કી કરવાનો આધાર તેના પુસ્તકમાં સમાએલી વાતો પર રહેલો છે. તેથી તેના સારાંશની તપાસ આપણે પહેલવહેલાં કરીએ.

૨. સારાંશ

(૧) ૧; ૧-૨;૧૭. તીડોની આફત તથા તેનો ખુલાસો.

(અ) ૧; ૧-૨૦. દેશનું સંપૂર્ણ ઉજ્જડપણું તથા માણસોની તેમ જ ઢોરઢાંકરની દયાપાત્ર હાલત. દુકાળને લીધે ખાદ્યાર્પણો તથા પેયાર્પણો યહોવાના મંદિરમાં આવતાં બંધ પડી ગયાં હતાં (૯). સવારે તથા સાંજે એકેક હલવાન અર્પણ કરવાનો નિયમ હતો. તેની સંઘાતે તેલમાં મોહેલો મેંદો તથા પા હીન દ્રાક્ષારસ પણ ચઢાવવામાં આવતો હતો (નિ.૨૯; ૩૮-૪૨), એવાં યજ્ઞાર્પણો બંધ પડ્યાં હતાં, તે ભારે હોનારત જેવું ગણાતું હતું (૧૩;૨;૧૪).

પ્રબોધકે યાજકોને પોતાને નમાવીને લોકને સારુ યાચના કરવાની વિનંતી (૧૩), તેમ જ વડીલોને ઉપવાસ પાળવાની વ્યવસ્થા કરવાની વિનંતી (૧૪ : ૨;૧૫). કરી હતી, કેમ કે ન્યાયકાળનો વિનાશરૂપ દિવસ પાસે આવેલો છે, એવું તીડોની આફતથી સૂચવાએલું છે, એમ તેનું કહેવું છે (૧૫).

(આ) ૨ : ૧-૧૭. સૈન્યના દૃષ્ટાંતદ્વારા વર્ણવેલી તીડોની આફત. તે સૈન્ય યહોવાનું છે (૧૧,૨૫). તીડો યહોવાના હાથમાં તેની ઇચ્છા પૂર્ણ કરવાનું સાધન છે (સૈન્યની ઉપમા તીડોને કેવી બંધબેસતી આવે છે, તે અનુભવસિદ્ધ વાત છે). તોપણ યહોવા લોકને પસ્તાવો કરીને પાછા આવવાની વિનંતી કરે છે (૧૨). "તમારાં વસ્ત્રો નહિ,

પણ તમારાં હૃદયો ફાડો" (૧૩). હજુ સુધી પણ ન્યાયશાસન નિવારણ કરવાની તક રહેલી છે, એમ પ્રભુનું કહેવું છે. બીજી વાર (૧૫-૧૭) યહોવા લોકને ઉપવાસ તથા પ્રાર્થના કરવાને આગ્રહ કરે છે. ગાયનને બદલે જો રૂદન થાય, અને જો યાજકો લોકને સારુ મધ્યસ્થીની પ્રાર્થના કરે, તો કેવું સારું!

(૨) ૨; ૧૮-૨૯. લોકે યહોવાનું માનીને પસ્તાવો કર્યો, તેથી તેણે તેમના પર દયા રાખી (૧૮), અને દેશ (૨૧), ઢોરઢાંકર (૨૨), તેમ જ લોક (૨૩) સુખશાંતિ ભોગવશે, એવું વચન તેણે તેઓને આપ્યું.

આર્થિક સુખ ઉપરાંત યહોવા આત્મિક આશીર્વાદો પણ તેમને પમાડવાનું વચન આપે છે. "હું મારો આત્મા સર્વ મનુષ્યો પર રેડી દઈશ" (૨૮). "સર્વ મનુષ્યો" (-દેહધારીઓ) ઈસ્ત્રાએલના સર્વ માણસોને, એટલે દાસો તથા દાસીઓ સિવાય, "તમારી દીકરીઓ, તમારા દીકરાઓ, તમારા વૃદ્ધો, તમારા જુવાનો," એવા જુદા જુદા વર્ગોના સર્વે માણસોને સૂચવે છે. તોપણ "મનુષ્યો" શબ્દ માત્ર ઈસ્ત્રાએલીઓને જ નહિ, પણ તમામ માનવજાતને લાગુ પડે, એવો છે, અને પચાસમાને દિવસે જે આત્મા પહેલવહેલાં ભેગા થએલા યહૂદીઓ પર રેડી દેવામાં આવ્યો, તેને સર્વ દેશનાઓને સારુ આપવામાં આવ્યો છે. તોપણ જ્યાંસુધી પવિત્ર આત્મા રૂમી સૂબેદાર કરનેલ્યસ તથા તેના કુટુંબ પર ઊતરી આવ્યો નહોતો, ત્યાંસુધી તે સાર્વજનિક દાન છે, એવું ખ્રિસ્તી મંડળીના આગેવાનો પણ સમજ્યા નહોતા (પ્રે.કૃ.૧૧;૧૮).

(૩) ૨;૩૦-૩;૨૧. યહોવાનો મહાન તથા ભયાવહ દિવસ. તે દિવસ ઈસ્ત્રાએલને સારુ બચાવરૂપ (૩૨), પણ તેના શત્રુઓને સારુ નાશરૂપ (૩;૨-૮) થશે. યહોશાફાટ (="યહોવા ન્યાય કરે છે") નામની ખીણમાં યહોવા સર્વ પ્રજાઓને એકઠી કરશે (૩;૨).

(અ) ૩; ૪-૮. પાસેના દેશોને લગતી વાત. તેઓએ ઈસ્ત્રાએલની ધનદોલત લૂંટી લીધી હતી (૫), તેનાં છોકરાં તેઓએ ગ્રીક લોકને વેચી દીધાં હતાં (૬), તેથી યહોવા તેઓનું વેર તેમના માથા પર પાછું વાળશે.

(આ) ૯-૧૫. દૂર દેશોને લગતી વાત. યહોશાફાટની ખીણમાં બેસીને યહોવા તેઓનો ન્યાય કરશે. તેની આગળ તેઓ પાકેલા દાણા,

પાકી ચૂકેલી દ્રાક્ષોની લૂમ સમાન છે (૧૩). અનાજ વાઢવામાં અને દ્રાક્ષો ખૂંદી નાખવામાં આવશે (પ્ર.૧૪;૧૪-૨૦).

(ઇ) ૧૬-૨૧. યરુશાલેમની સહીસલામતી. તે દિવસે મિસર તથા અદોમ જેવા દેશો ઉજ્જડ થશે (૧૯), પણ સિયોન પર રહીને યહોવા પોતાના લોકનો આશ્રય થશે (૧૬,૧૭), અને જેવો યહુદાહ દેશ તીડોના ત્રાસથી વેરાન કરી નાખવામાં આવ્યો હતો, તેવો તે તે દિવસે ફરીથી ફળદ્રુપ થશે (૧૮). યહોવા સિયોનમાં રહે છે, તેથી યહુદા સદા ટકી રહેશે (૨૦,૨૧ : સરખાવો હઝ.૪૮;૩૫).

૩. **તેનો સમય.** ઉપરોક્ત સારાંશ પરથી નીચેની વાત શીખી શકાય છે.

(૧) બીજા પ્રબોધકોનાં પુસ્તકોમાં જે જે વાતો મળી આવે છે, તેમાંની ઘણી વાતો આ પુસ્તકમાં મળતી નથી. તેમાં રાજાને લગતી કોઈ પણ વાત સમાએલી નથી. યાજકો તથા વડીલો સમાજના નેતાઓ છે. વળી ઉત્તર ઇસ્ત્રાએલ સંબંધી કોઈ પણ વાત નથી. ઇસ્ત્રાએલ શબ્દ ઘણી જગ્યાએ મળી આવે છે ખરો, પણ તે યહુદાહ તથા યરુશાલેમ સૂચવે છે (૨;૨૭ : ૩;૨ (=૧),૧૬). મૂર્તિપૂજાની વાત પણ નથી. લોકો તો યહોવાથી વિમુખ થયા હતા (૨;૧૨), પણ કઈ બાબતે તે જણાવેલું નથી. બીજા મહાન પ્રબોધકના કહેવા પ્રમાણે ઇસ્ત્રાએલનું મહાપાપ મૂર્તિપૂજા હતું. છેલ્લું, સર્વ આગલા પ્રબોધકોના સમયમાં ઇસ્ત્રાએલના જે ત્રણ મોટા શત્રુઓ હતા, એટલે અરામ, આશ્શૂર તથા બાબેલોન, તેઓમાંના કોઈને લગતી વાત યોએલના પુસ્તકમાં મળી આવતી નથી.

(૨) યહૂદી સમાજ વ્યવસ્થિત થએલો જણાય છે, અને મંદિરમાં ચાલતી જુદી જુદી ધર્મક્રિયાઓ રીતસર કરવામાં આવતી હતી.

(૩) ગુલામ તરીકે યહૂદી છોકરાં ગ્રીક લોકોને વેચી દેવામાં આવતાં હતાં (૩;૬). ઇ.સ. પૂર્વે પાંચમાં તથા ચોથા સૈકામાં આવી જાતનો વેપાર ધમધોકાર ચાલતો હતો.

(૪) ઇસ્ત્રાએલીઓ વિખેરાઇ ગએલા છે, તેમ જ યહૂદાહ દેશની વહેંચણી થએલી જણાય છે (૩;૨). આ તો યરુશાલેમના પતનને લગતી વાત છે (સાલ ૫૯૭ ને ૫૮૬).

(૫) મંદિરમાંથી નીકળતા ઝરાનું વચન હઝ.૪૭; ૧-૧૨માં સમાએલા સુંદર દૃષ્ટાંત જેવું છે (૩;૧૮).

(૬) "તમે દાતરડું ચલાવો....ચાલો, ખૂંદો" (૩;૧૩) દેવદૂતોને આપેલો હુકમ છે (પ્ર.૧૪;૧૫). દૂતોને લગતી વાતો વિશેષે કરીને પાછળના સમયનાં પુસ્તકોમાં મળી આવે છે, એમ ઉપર કહેવામાં આવ્યું છે. (ક.૧૧,"તારા યોદ્ધાઓ" =દેવદૂતો).

ઉપરના દાખલા પરથી આપણે સમય વિષે શો નિર્ણય કરવો? (૧) "બાર પ્રબોધકોનું" જે ઓળિયું છે, તે એકંદરે કાળાનુક્રમે ગોઠવેલું છે. યોએલ તો તે બાર પુસ્તકોમાંનું બીજું છે, તેથી ઘણાઓનું એવું માનવું છે, કે તે આગલા સમયનું છે, આ મતને ઉપરોક્ત પ્રથમ પ્રમાણથી ઓછોવત્તો ટેકો મળે છે.

(૨) પરંતુ તે બંદીવાસ પછીના સમયનું લખેલું છે, એવું બાકીનાં સર્વ પ્રમાણોથી સાબિત થાય છે. એઝરા તથા નહેમ્યાના પ્રયત્નથી સામાજિક સ્થિતિનો સુધારો થયો, ત્યાર પછીના શાંત સમયમાં આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું હોય, એવો કેટલાક સાક્ષરોનો મત છે.

૪. તેનો સંદેશો. સમય ગમે તે હોય, તોપણ સંદેશો સ્પષ્ટ છે. હઠી ગએલા લોકને પાછા ફરવાની આગ્રહપૂર્વક વિનંતી કરનાર તો ખુદ યહોવા છે (૨;૧૨,૧૩). પ્રાર્થનાનો સાંભળનાર તથા પસ્તાવો કરનારા પર દયા રાખનાર યહોવા છે (૨;૧૮). ધર્મક્રિયાઓ પાળવા પર ભાર મૂકેલો છે ખરો, પણ ખરી ધાર્મિકતા આંતરિક છે, એવું પ્રબોધકે આકર્ષક શબ્દોથી જાહેર કરેલું છે--"તમારાં હૃદય ફાડો, તમારાં વસ્ત્રો નહિ." જુદાં જુદાં ઘણાં સુંદર દૃષ્ટાંતોદ્વારા ઈશ્વરભક્તોને પ્રાપ્ત થતા આશીર્વાદો વર્ણવેલા છે (૨; ૨૧-૧૭). વળી "હું મારો આત્મા સર્વ મનુષ્યો પર રેડી દઈશ," એવું યહોવાનું વચન જાહેર કરનાર યોએલ તો પવિત્ર આત્માનો પ્રબોધક કહેવાવા યોગ્ય છે (પ્રે.૨; ૧૬-૨૧). અને ૨;૩૨ને આધારે સુવાર્તા સાર્વજનિક છે, એવું પાઉલે સાબિત કર્યું (રોમન ૧૦;૧૩). અંતે શેતાનનું રાજય નાશ પામશે, અને "જગતનું રાજય આપણા પ્રભુનું તથા તેના ખ્રિસ્તનું" થશે (પ્ર.૧૧;૧૫), એવું આ ટૂંક પુસ્તકમાં પણ શીખવેલું છે.

ઝખાર્યા અધ્યાય ૯-૧૪.

ઝખાર્યા પુસ્તકના ઉત્તરાર્ધનો અભ્યાસ કરતી વખતે યશાયાના પુસ્તકના બે વિભાગમાં (૧-૩૯ ને ૪૦-૬૬) જેટલો તફાવત માલૂમ પડ્યો, તેટલો જ આ પુસ્તકના બે વિભાગમાં પણ ફેરફાર માલૂમ પડશે. પૂર્વાર્ધના જે જે મુખ્ય વિષયો હતા, એટલે શહેર તથા મંદિરનું બાંધકામ, યહોશુઆ ને ઝરૂબ્બાબેલ, તે ઉત્તરાર્ધમાં મળી આવતા નથી. પહેલા પ્રકરણમાં બોધ દર્શનોદ્વારા આપવામાં આવતો હતો, પણ બીજા પ્રકરણમાં એકે સંદર્શન આવતું નથી. પ્રથમ પ્રકરણમાં સમાએલાં દૃષ્ટાંતરૂપ દર્શનનો સ્પષ્ટ ખુલાસો આપેલો છે, પણ બીજા પ્રકરણમાં સમાએલા બોધનો ઘણોખરો ભાગ સમજવો મૂશ્કેલ છે. તો લખવાના સમયનું વિવેચન કર્યા પહેલાં આપણે આ અધ્યાયોનો સારાંશ તપાસી જોઇએ.

૧. સારાંશ

I. ૯;૧-૧૭.

(૧) ૯;૧-૮. અરામ, ફૈનિકીઆ અને પલિસ્તિઆ પર આવનાર ન્યાયશાસન. વર્ણશંકર પ્રજા મૂર્તિપૂજાથી શુદ્ધ કરાશે, અને બાકી રહેલો શેષ યહોવાનો ઉપાસક થશે (૬,૭. "યબૂસી જેવો" - યરુશાલેમવાસી જેવો. યહો.૧૫;૬૩). યહોવા પોતાના પવિત્ર મંદિરનું રક્ષણ કરશે.

૯;૯,૧૦. મસીહી રાજા તથા તેનું રાજ્ય. આવનાર મસીહનો આ ચિતાર ખ્રિસ્તી મંડળીનો ઘણો પ્રિય લાગે છે. શાંતિના સરદાર તરીકે તે ગધેડા પર સવાર થઈને આવવાનો છે. તેની આગળ અન્ય પ્રજાઓ નિઃશસ્ત્ર થશે અને તેનું રાજ્ય શાંતિમય તથા સાર્વત્રિક થશે (૧૦).

("તારણ સાધનાર" =મૂળાર્થ તારણ પામીને, એટલે ઈશ્વરની સહાયથી "વિજય મેળવીને").

૯; ૧૧-૧૭. વિખેરાએલા ઈસ્ત્રાએલીઓનું પુનરાગમન તથા ગ્રીક લોકનો પરાભવ. કેવળ બાબેલોનમાં નહિ, પણ મધ્યપૂર્વના સર્વ દેશોમાં ઈસ્ત્રાએલીઓ છૂટાછવાયા રહેતા હતા, તે વાતનાં બેચાર પ્રમાણ નવા કરારમાંથી મળી આવે (યો.૭;૩૫ : પ્રે.૨;૯-૧૧ : યા.૧;૧પી.૧;૧;). ("તારા બંદીવાનો" (૧૧) =બંદીવાસમાં પડેલાં

તારાં છોકરાં). પાછા આવ્યા પછી સિયોનના પુત્રો ગ્રીક લોકો પર મહાન જીત મેળવશે. ("પ્યાલાઓ" ની પેઠે (૧૫) =દુશ્મનોના રક્તથી ભરપૂર. જુઓ લે.૧;૧૧)

(૨) ૧૦; ૧,૨ વરસાદને માટે યાચના. આ તો અલાયદું એક વચન છે. તરાફીમ મૂર્તિઓ કે શકુન જોનારાઓ પર ભરોસો ન રખાય.

(૩) ૧૦; ૩-૧૨. જુલમ કરનારા પરદેશી રાજાઓની પડતી. તેઓનો નાશ કર્યા પછી ડહાપણથી ચાલનારા દેશી અધિકારીઓ ઊભા થશે, અને બંદીવાસીઓને પાછા લાવવામાં આવશે. મિસર તથા આશ્શૂરને ભોંયભેગા કરી નાખવામાં આવશે. ("તે....ઓળંગશે," એટલે યહોવા (૧૧)).

(૪) ૧૧; ૧-૩. જુલમી રાજાઓની પડતીને આપેલું દાવાનળનું દૃષ્ટાંત. ("યરદનનો ગર્વ" =નદીને બન્ને કાંઠે ગાઢું જંગલ છે, કે જ્યાં હિંસક પ્રાણીઓ રહેતાં હતાં. જુઓ યર.૧૨;૫).

(૫) ૧૧; ૪-૧૭ ને ૧૩; ૭-૯. ઉત્તમ તથા નકામો એવા બે ઘેટાંપાળક. ઇસ્ત્રાએલીઓ નિર્દય તથા સ્વાર્થી પાળકોનો ભોગ બન્યા હતા. તેઓ કતલ થઇ જતાં ટોળા જેવા છે (૪), તેઓને ભોગે ભરવાડોએ તેમ જ ઘેટાં ખરીદનારાઓએ બંનેએ નફો કર્યો હતો. ("માલિકો" (૫). તે કરતાં ખરીદનારા એવો અર્થ વધારે બંધબેસતો છે). એવા સંજોગોમાં પ્રબોધકને ઉત્તમ ઘેટાંપાળકનો ભાગ ભજવવાનું ફરમાવવામાં આવ્યું. તેની બે લાકડીથી (ગી.૨૩;૪) તે પોતાનાં ઘેટાંને સાચવે છે. એક માસમાં તેણે ત્રણ ભૂંડા ભરવાડોને નષ્ટ કર્યા, પરંતુ જો કે તેણે પોતાના લોકની આવી સંભાળ રાખી હતી, તોપણ તેઓ તેનાથી કંટાળી ગયા. તેમ જ તે તેમનાથી પણ (૮). તેથી તેણે તેઓને તજી દીધા (૯). વળી "કરુણા" નામની લાકડી કાપી નાખીને તેણે બે વાત દૃષ્ટાંતરૂપે જાહેર કરી, એટલે (૧) યહોવા ઇસ્ત્રાએલ પર દયા રાખતો બંધ પડ્યો છે, અને (૨) અન્ય પ્રજાઓની સાથે તેણે ઇસ્ત્રાએલ પર ચઢાઇ ન કરવાનો જે કરાર કર્યો હતો, તે તેણે રદ કર્યો છે (૧૦). આમ બન્યું, ત્યારે જે ભલો ભરવાડ હતો, તે યહોવાનો સેવક છે, એવું ગરીબ લોક સમજી ગયા. (પણ LXXમાં કંગાલોને બદલે "સોદાગરો" એવો શબ્દ મળી આવે છે). ત્યારે ભલા ભરવાડે પગાર માગ્યો, અને તેને ત્રીસ રૂપિયા (જે એક ગુલામની ખરીદ કિંમત ગણાય છે

(નિ.૨૧;૩૨)) તોળી આપવામાં આવ્યા. તે કમતી હોવાને લીધે યહોવાએ તેને મંદિરના ભંડારમાં (અરામી તરજુમાં પ્રમાણે) નાખી દેવાનો હુકમ કર્યો, તેથી "યહોવાના ઘરમાંના ભંડારમાં તેણે તે નાખ્યાં." (મા.૨૭;૯ પ્રમાણે આ વચન યર્મિયાનું બોલેલું છે. એક પ્રસંગે યર્મિયા કુંભારને ત્યાં ગયો હતો (૧૮;૨), તેથી લહિયાની આવી શરતચૂક થઇ હશે). ત્યાર પછી પ્રબોધકે "ઐક્ય" નામની બીજી લાકડી પણ ભાગી નાખી (૧૪).

પછીથી નકામા ભરવાડનો ભાગ ભજવવાનું પ્રબોધકને કહેવામાં આવ્યું. ઘેટાંની તે કંઇ પણ સંભાળ રાખતો નથી (જુઓ ઉત.૩૧;૩૮-૪૦). તે પોતાનો જ સ્વાર્થ સાધ્યા કરે છે, પણ અંતે તેને તેનો યોગ્ય બદલો મળશે, એમ કહેલું છે.

(૬) ૧૩;૭-૯. મૂર્ખ ભરવાડ પર તેમ જ ભલા ભરવાડનો નકાર કરનારા લોક પર આવેલું ન્યાયશાસન. ("મારો પાળક...મારો સાથી" -પ્રમુખયાજક. તેણે પોતાના ઉચ્ચ પદનો દુરુપયોગ કર્યો હતો). ટોળાનો તૃતિયાંશ બચાવ પામશે. સંકટોદ્વારા તેઓ શુદ્ધ કરાઇને યહોવાના ચુસ્ત સેવકો થશે. યશાયાના કહેવા પ્રમાણે વિશ્વાસુ શેષથી સમાજનો બચાવ થશે. (કલમ ૭મી માથ્થી ૨૬;૩૧ ને માર્ક ૧૪;૨૭માં મળી આવે છે. તે બે ઠેકાણે "પાળક" તો પ્રભુ ઇસુ છે, અને જે ઘેટાં વિખેરાઇ જશે, તેઓ તેના શિષ્યો છે).

II. ૧૨; ૧-૧૩;૬ : ૧૪; ૧-૨૧. યરુશાલેમનો બચાવ તથા ભવિષ્યમાં તેનું થનાર ગૌરવ.

(૧) ૧૨; ૧-૧૩;૬. આ પ્રકરણમાં સમાએલી ત્રણ વાત નીચે પ્રમાણે છે : (અ) શત્રુઓના હાથમાંથી યરુશાલેમનો બચાવ. યરુશાલેમ પર હુમલો કરવા સારુ અન્ય પ્રજાઓ એક્કો કરવાની છે (૨,૩). પણ યહોવા તેમને ગભરાટમાં નાખી દેશે (૪). યહુદાહનાં ગામનાં રહેવાસીઓએ પહેલવહેલાં હુમલાખોરોનો પક્ષ લીધો હતો ખરો, પણ યહોવાએ યરુશાલેમનો પક્ષ લીધો છે, તે જોઇને તેઓ પાછા ફર્યા, અને દાવાનળની પેઠે તેઓએ સર્વ શત્રુઓનો નાશ કરીને યરુશાલેમને બચાવ્યું (૬-૯).

ગામોના લોક શહેરની સામા કેમ થાય છે? ખબર નથી. જેમ આમોસના (૨; ૬,૭), યશાયાના (૫;૮), ને મીખાહના (૨;૨)

સમયમાં શહેરમાં રહેનારા ધનાઢ્ય શેઠિયા તથા ગામના ગરીબ ખેડૂતો વચ્ચે અંટસ ચાલતો હતો, તેમ હમેશાં ગામ તથા શહેર વચ્ચે તાણાતાણી તો હોય છે. નહિ તો બંદીવાસ થયા પછી યરુશાલેમ યહુદાહનું ધાર્મિક તેમ જ સામાજિક મથક બની ગયું, તેને લીધે ગામના રહેવાસીઓને ઈર્ષા આવી હોય, એવો સંભવ છે. દુશ્મનાવટનું કારણ ગમે તે હોય, તોપણ એવા પ્રકારનો સંબંધ બંને સ્થળોને હાનિકારક થઈ પડે છે. શહેર તથા ગામને અરસપરસ સહાય કરવાની આવશ્યકતા છે. યરુશાલેમમાં મારું પણ બળ છે, એવું કહીને યહુદાહનાં ગામના લોકે આ વાત કબૂલ કરી. (કલમ ૫- "યરુશાલેમવાસીઓ પોતાના દેવ સૈન્યોના યહોવામાં મારું બળ છે" (૧૯૦૩) એટલે "યરુશાલેમમાં મારું બળ રહેલું છે," એમ ગામના સરદારો મનમાં કહેશે. ૧૪;૧૪ પ્રમાણે "યહુદાહ પણ યરુશાલેમની સામે યુદ્ધ મચાવશે." પણ "સામે" ને બદલે મૂળ ભાષાનો અર્થ "પાસે" થઈ શકે છે).

(આ) ૧૨; ૧૦-૧૪. **મહાન વિલાપ.** જેને તેઓએ વીંધ્યો હતો, તેને લીધે સમસ્ત સમાજ વિલાપ કરે છે. આ વાત કોને લગતી છે, તે ખાતરીથી કહેવાય એમ નથી. યહૂદી લોકે પ્રભુ ઈસુ ખ્રિસ્તનો નકાર કર્યો, તે બનાવનું આ વચન બંધબેસતું દૃષ્ટાંત છે (યો.૧૯;૩૭ : પ્ર.૧;૭). (૧૦. "મને" શબ્દ પડતો મૂકવામાં આવે તો સારું (૧૯૦૩)].

"કૃપાનો તથા વિનંતીનો આત્મા" -કૃપા યાચનાનો ભાવ (૧૦). લોક પસ્તાવો કરીને કૃપાની માગણી કરશે, અને ખેદ સહિત જેને તેઓએ વીંધ્યો હતો, તેને તેઓ નિહાળશે.

"હાદાદ-રિમ્મોનો વિલાપ" (૧૧). યોશીયાહના મરણની યાદગીરીમાં દર વર્ષે જે વિલાપ કરવામાં આવતો હતો, તે કદાપિ હોય (૨ કાળ.૩૫;૨૫), અથવા તે તામ્મૂઝના વાર્ષિક તહેવારને લગતી વાત કદાપિ હોય (હઝ.૮;૧૪), એવો સંભવ છે.

(૩) ૧૩; ૧-૬. દેશ તથા લોકનું શુદ્ધિકરણ. શુદ્ધ કરનારો ઝરો ઉઘાડવામાં આવે છે (૧ યો.૧;૭). મૂર્તિપૂજાનો નાશ થશે, અને શુકન જોનારા સર્વને કાઢી મૂકવામાં આવશે. મહાન પ્રબોધકો આવી ગયા હતા, અને હાલના કહેવાએલા પ્રબોધકો જોષી જેવા ગણાતા હતા. જો

કોઈ સાચો પ્રબોધક ઊભો થાય, તો તેનાં માબાપ તેને મારી નાખે (૩), અને તે પોતે ભયભીત થઈને ઈશ્વરદત્ત દર્શનોની વાત છાની રાખશે. જે રૂઆંવાળો ઝભ્ભો જૂઠા પ્રબોધકો પહેરે છે, તે તે પહેરશે નહિ. ("કેશી પુરુષ" (૨ રા.૧;૮) =રૂઆંવાળો ઝભ્ભો પહેરનાર માણસ (RVm)). તે પોતે પ્રબોધક હોવાની ના પાડશે. હું તો પાટીદારનો નોકર છું, એમ તે કહેશે. છતાં છાતી પર ("તારા હાથો પર" (વચ્ચે, ૧૯૦૩) -છાતી) જે ઘા દેખાય છે, તે પરથી લોક જાણી જાય છે, કે પ્રબોધક હોવાને લીધે જેનું ખૂન તેનાં માબાપે કરવા ચાહ્યું હતું, એજ તે છે (૬).

(૪) ૧૪; ૧-૫. વિધર્મીઓના હાથમાંથી બચી ગએલું યરુશાલેમ. શહેરને સર કરીને વિધર્મીઓ તેની વસતિનો અર્ધ ભાગ બંદીવાસમાં લઈ જશે, પણ બાકી રહેલા લોકને યહોવા આવીને બચાવશે.

(૫) ૧૪; ૬-૧૯. મસીહી યુગનો આરંભ. પ્રકાશ સર્વદા કાયમ રહેશે. યરુશાલેમ ઊંચું કરાશે, તેમાંથી જીવતું પાણી વહ્યા કરશે. યહુદાહ પહાડી પ્રદેશ છે ખરો, પણ તે સપાટ મેદાન જેવો થઈ જશે, કે જ્યાં પાણી બધે પાવામાં આવશે. તે દિવસે યહોવા આખી પૃથ્વીનો એક જ દેવ તથા રાજા થશે. તેઓને બંદીવાસમાં ફરીથી જવું નહિ પડે (૬-૧૧). ઈસ્ત્રાએલના શત્રુઓ પર યહોવા મરકી લાવશે, તેમાંથી જેટલા બચી જશે, તેઓ સર્વે યહોવાના ભક્ત થઈને દર વર્ષે માંડવાનું પર્વ પાળવા યરુશાલેમ આવશે. જેઓ ત્યાં આવવાની ના પાડે છે, તેઓના પર (મિસર સિવાય) દુકાળનો માર પડશે. નીલ નદી હોવાને લીધે મિસરમાં વરસાદની તંગી પડે જ નહિ, તેથી મિસરના હઠીલાઓ પર સજારૂપ મરકી આવી પડશે (૧૨-૧૯).

(૬) ૧૪; ૨૦,૨૧. યરુશાલેમની પવિત્રાઈ. પુસ્તકનું મુગટરૂપ વચન આ છે. સર્વ વસ્તુઓ તેમ જ સમસ્ત જીવનવ્યવહાર યહોવાની સેવાને અર્થે દીક્ષિત થશે. રણસંગ્રામ વખતે જે ઘોડાઓનો ઉપયોગ થાય છે, તે ઘોડાઓ પણ યહોવાના જ થશે. પ્રમુખયાજકની પાઘડી પર જે સૂત્રલેખ, એટલે કે "યહોવાને સારુ પવિત્ર" (નિ.૨૮;૩૬), બાંધેલો છે, તે ઘોડાની ઘંટડીઓ પર કોતરવામાં આવશે. મંદિરનાં સાધારણ તપેલાં વેદી પર લોહી રેડી દેવાનાં પ્યાલાં જેવાં પવિત્ર

ગણાશે. ઘેરઘેર પડેલાં તપેલાં પણ પવિત્ર થશે. એ સંતોષકારક વાત છે, કેમ કે વાર્ષિક તહેવાર વખતે એટલા બધા યાત્રાળુઓ યરુશાલેમ આવશે કે મંદિરની સેવામાં એવાં તપેલાંનો ઉપયોગ કરવો પડશે. વળી તપેલાં વેચનાર અથવા ભાડે આપનાર કોઈ દલાલ મંદિરમાં દેખાશે નહિ (મા.૨૧;૧૨). ("કનાની" (૨૧).જુઓ હો.૧૨;૭).

૨. સમય.

(૧) ઉપર કહ્યા પ્રમાણે આ વિભાગમાં ચર્ચાએલા વિષયો તેમ જ તેની ઢબ પ્રથમ વિભાગથી જુદાં જણાય છે. પૂર્વાર્ધમાં સમાએલાં સંદર્શન શાંતિ તથા આબાદાનીનાં હતાં, પણ ઉત્તરાર્ધમાં યરુશાલેમ પર આવી પડનાર બે જુદા જુદા હુમલાની આગાહી સમાએલી છે.

(૨) આ વિભાગમાં બંદીવાસ પહેલાંનાં કેટલાંક ચિહ્ન મળી આવે છે. જેમ કે (અ) યહુદાહ તથા ઈસ્ત્રાએલ એ બે જુદાં જુદાં રાજ્ય હજુ મોજૂદ છે, એમ સમજવું (૯;૧૦,૧૩ : ૧૧;૧૪). (આ) બંદીવાસીઓ તો બાબેલોનમાં નહિ, પણ મિસર તથા આશૂરમાં પડેલા છે (૧૦;૧૦). (ઇ) તરાફીમ નામની મૂર્તિ મારફતે માણસો હજુ શકુન જુએ છે (૧૦;૨). (ઈ) જે જુદાં જુદાં રાજ્યોની સંબંધીની વાત ઝખ.૯;૧-૬માં મળી આવે છે, તેનાં નામ આમો. ૧;૩-૧૦માં પણ મળી આવે છે.

(૩) પરંતુ બંદીવાસ પછીના સમયનાં પણ કેટલાંક પ્રમાણ મળે છે.

(અ) ઉત્તર ઈસ્ત્રાએલના લોક હજુ બંદીવાસમાં પડેલા હોય, એમ લાગે છે ખરું, પણ એ વાત પરથી સમય નક્કી કરી શકાય નહિ. ઉત્તર ઈસ્ત્રાએલીઓને ૭૨૨ની સાલમાં બંદીવાસમાં લઈ જવામાં આવ્યા હતા, છતાં સો વર્ષ પછી ઈસ્ત્રાએલ જાણે હજુ સ્વતંત્ર રાજ્ય હોય, એવી રીતે યર્મિયા તેને સંબોધે છે (૩;૧૨ : ૪;૧,વગેરે). વળી યહૂદીઓને બાબેલોનમાં લઈ જવામાં આવ્યા હતા, ત્યાર પછી લાકડીની કૃતોપમાથી હઝકિયેલે પણ યહુદાહ તથા ઈસ્ત્રાએલનું ઐક્ય કરી દેખાડ્યું (૩૭;૧૬).

(આ) મહાન સિકંદરે ઈરાની રાજ્યનો પરાજય કર્યો (ઇ.સ.પૂર્વે ૩૩૩), ત્યાર પછી આશૂર તથા મિસર ગ્રીકોના કબજામાં આવ્યા, ને તે બંને દેશ હજુ યહૂદીઓનો બંદીવાસના દેશ જેવા લાગતા હતા.

(ઇ) ૧૩; ૨-૬ પરથી સમજવું કે પુસ્તક લખવાને સમયે પ્રબોધકો કંઇ પણ વિસાતમાં ગણાતા નહોતા. લોક તો તરાફીમ, મૂર્તિઓ તથા શકુન જોનારાની સહાય માગતા હતા (૧૦;૨).

(ઉ) ઝખાર્યાના પુસ્તકનો ઉત્તરાર્ધ લખવાનો ક્યો સમય હતો, તે ઉપરનાં બે જુદાં જુદાં પ્રકારનાં પ્રમાણોથી ખાતરીથી કહી શકાય નહિ, પણ ત્રણ દાખલા છે, કે જે બંદીવાસ પછીના સમયનાં પ્રમાણ જેવા લાગે છે, તે નીચે પ્રમાણે છે :

(૧) ગ્રીકો સંબંધીની વાત (૯;૧૩). આશ્શૂર, બાબેલોન તથા ઇરાન એ ત્રણ રાજ્યો નાબૂદ થયાં છે, અને હાલ જેની સાથે યુદ્ધ કરવાનું છે, તે તો "ગ્રીસના પુત્રો" છે. મહાન સિકંદરના સમય અગાઉ એમ કહી શકાય નહિ.

(૨) પ્રબોધકપદનું હલકું ગણાવું (૧૩; ૨-૬). જ્યાં સુધી મહાન પ્રબોધકોનો સમય ચાલતો હોય, ત્યાં સુધી એમ બની ન શકે.

(૩) માર્મિકતા (અધ્ય.૧૪). માર્મિક દર્શનોદ્વારા ઈશ્વરનાં વચન વ્યક્ત કરવાની રીત (Apocalypse) સંબંધી દાનિયેલના પુસ્તકની પ્રસ્તાવનામાં જે વિવેચન કરેલું છે, તે જોજો. પ્રથમ મહાન પ્રબોધકોના શીખવ્યા પ્રમાણે યહોવા અમુક અમુક સાધનો વડે પોતાનો ઇરાદો સંપૂર્ણ કરાવે છે, દા.ત. સાન્હેરીબ (યશ.૧૦;૫) ને કોરેશ (યશ.૪૫;૧). પણ આ રીતના જે બેચાર દાખલા આવી ગયા (જેવા કે સફ.૨ : હઝ.૩૮ : યોએ.૧,૨), તે સર્વમાં એકલો યહોવા પોતે કર્તાહર્તા દેખાય છે. તેનો સહુથી સ્પષ્ટ દાખલો દાનિયેલના પુસ્તકમાં મળી આવે છે.

તેથી એકંદરે આ છેલ્લા અધ્યાયો ગ્રીક રાજ્યના સમયના હોય એવું અનુમાન કરી શકાય, એમ છે. તે સમય યહૂદીઓને સારુ ઘણો ત્રાસરૂપ હતો. જે જુદા જુદા સરદારોને તે રાજ્ય વહેંચી આપવામાં આવ્યું હતું, તેઓ વચ્ચે કાયમ તાણાતાણી ચાલતી હતી. અરામ તથા મિસર વચ્ચે વિશેષ દુશ્મનાવટ થતી જતી હતી, જેથી તેઓની વચ્ચે આવેલો પાલેસ્ટાઇન દેશ ઘણી વાર રણક્ષેત્રરૂપ બનતો હતો. આવા સંજોગોમાં આ નનામા પ્રબોધકનાં વચનથી તે દલિત લોકને ઉત્તેજન તથા આશા પ્રાપ્ત થતાં હોય, એવું અનુમાન કરવું વાજબી છે.

૩. સંદેશો.

(૧) પરદેશોમાં તેમ જ પરદેશી લોકના સહવાસમાં રહેવાથી યહૂદીઓ પર જે અસર થઈ હતી, તેનાં ચિહ્ન બંદીવાસ પછી પ્રસિદ્ધ કરાએલાં પુસ્તકોમાં દેખાઈ આવે છે. તેઓ વધારે ઉદાર વૃત્તિવાળા બની ગયા હતા. માલાખી પ્રબોધક જે દૃષ્ટિબિંદુથી પરદેશીઓનો ભક્તિભાવ જોતો હતો (૧;૧૧), તેનો દાખલો ક્યારનોય આવી ગયો છે. જે સમયે એકેશ્વરવાદ મત સર્વત્ર માનવામાં આવશે, તેનું દર્શન પણ આ વિભાગમાં આપેલું છે (૧૪;૯). "યહોવા આખી પૃથ્વી પર રાજા થશે; તે દિવસે યહોવા એક જ મનાશે, અને તેનું નામ પણ એક જ હશે."

(૨) આવનાર મસીહને લગતી વાતનો ખુલાસો ઉપર કરવામાં આવ્યો છે. દર્શનદ્વારા પ્રબોધકે જે જોયું, તે વાસ્તવિક રીતે બન્યું પણ ખરું. ગધેડા પર સવાર થઈને પ્રભુ ઈસુએ શાંતિના સરદારના સ્વરૂપમાં યરુશાલેમમાં પ્રવેશ કર્યો (માથ્થી. ૨૧; ૧-૧૪). તે ઉત્તમ ઘેટાંપાળક હતો, પણ તેના પોતાના લોકે તેનો અંગીકાર કર્યો નહિ. તોપણ તેનો પ્રાણ લેનાર તેઓ નહોતા. પોતાનો પ્રાણ તેણે જ અર્પી દીધો, તે તેણે પોતાનાં ઘેટાંને સારુ આપ્યો (યોહા.૧૦;૧૧).

(૩) બીજાં બધાં પુસ્તકોની માફક આ ઓળિયામાં પણ સુવાર્તા ગર્ભિત રહેલી છે. (અ) મોટો ગુનો (૧૨;૧૦). જે તેઓને બચાવવા ચાહતો હતો, તેને તેઓએ વીંધ્યો. (અ) મોટો પસ્તાવો (૧૨; ૧૧-૧૪). (ઇ) પાપ તથા અશુદ્ધતા દૂર કરવાને માટે ઊઘાડેલો ઝરો (૧૩;૧). (ઇ) ઈશ્વરને સ્વાર્પણ કરાએલું આખું જીવન (૧૪; ૧૯-૨૧). આપણે ખાઈએ કે પીઈએ કે જે કંઈ કરીએ, તે સર્વ ઈશ્વરના મહિમાને અર્થે કરીએ (૧ કરિં.૧૦;૩૧), એવું દરેક ખ્રિસ્તમય જીવનનું લક્ષણ હોવું જોઈએ.

(આ વિભાગમાંથી લીધેલાં ઘણાં અવતરણો નવા કરારમાં મળી આવે છે, તે વાત ધ્યાન આપવા લાયક છે, દા.ત.૯;૯ =માથ્થી. ૨૧;૫ : યોહા. ૧૨;૧૫. ૧૨;૧૦ =યોહા. ૧૯;૩૭ : પ્રકં. ૧;૭. ૧૩;૭ =માથ્થી. ૨૬;૩૧ : માર્ક ૧૪;૨૭. ૧૪;૪ =લૂક. ૨૪;૫૦. ૧૪;૫ =માથ્થી. ૧૬;૨૭.૧૪;૭ =માથ્થી. ૨૪;૩૬. ૧૪;૮=યોહા. ૪;૧૦ : પ્રક. ૨૨;૧.૧૪;૯ -પ્રક. ૧૧;૧૫).

યૂના
("હોલો")

૧. પ્રબોધક. યૂના નામનો પ્રબોધક ગાથ-હેફેર ગામના રહેવાસી અમિત્તાયનો દીકરો હતો. "ઇસ્ત્રાએલની સીમા હમાથના નાકાથી તે અરાબાહના (મૃત) સમુદ્ર સુધીની તું પાછી કબજે કરીશ," એવી આગાહી તેણે યરોબઆમ બીજાની કારકિર્દીમાં (૭૮૦-૭૪૦) કરી હતી (૨ રા.૧૪;૨૫). તે સિવાય આપણને યૂના વિષે બીજી કંઈ ખબર નથી. સારાફાથની વિધવાના જે દીકરાને એલિયાએ સજીવન કર્યો (૧ રા.૧૭;૨૨), તેજ તે હતો, તેમ જ યેહૂની દીક્ષા કરવા સારુ જે જુવાન પ્રબોધકને એલીશાએ મોકલ્યો (૨ રા.૯;૧-૩), તેજ યૂના હતો, એવી યહૂદીઓની એક દંતકથા છે. પુરાતન ખ્રિસ્તી મંડળીમાં તેનો બચાવ ઈશ્વરની કૃપાનો સહુથી સરસ દાખલો ગણાતો હતો. સમુદ્ર કિનારે પડેલા અથવા વેલાને ઓથે બેઠેલા યૂનાનો દેખાવ તે સમયની ઘણી કબરોના સ્મારકસ્તંભો પર કોતરેલો દેખાય છે.

૨. પુસ્તક. (૧) ૩;૩ પ્રમાણે નિનવેહનો નાશ ક્યારનો થઈ ગયો હતો, એવું "હતું" શબ્દ પરથી સમજવું. હવે નિનવેહનું પતન ૬૦૬ની સાલમાં થયું. (૨) પુસ્તકની ભાષા હેબ્રી છે ખરી, પણ તેમાં ઘણા અરામી ભાષાના શબ્દો પણ મળી આવે છે. દા.ત.૧;૫-- "વહાણના અંદરના ભાગમાં" વગેરે. મૂળ ભાષામાં વહાણના અર્થનો જે શબ્દ છે, તે આ એક જ ઠેકાણે મળી આવે છે. તે તો અરામી શબ્દ છે. તેમજ ૩;૭માં "ઠરાવ" શબ્દ મળે છે, તે એઝરાના પુસ્તકનો જે અરામી ભાષાનો વિભાગ છે, તેમાં તેજ શબ્દ નવ વાર, અને દાનિયેલના અરામી ભાષાના વિભાગમાં ચાર વાર મળી આવે છે. અરામી શબ્દો પાછળના સમયના લેખોનું એક લક્ષણ છે. (૩) ૨; ૨-૯માં ઉપકારસ્તુતિનું જે સુંદર ગીત છે, તેમાં ગીતશાસ્ત્રમાંનાં ગીતોમાંથી લીધેલા ઘણા શ્લોક મળી આવે છે. જેવા કે ૩;૪,૮ : ૩૦;૩ : ૩૧;૬,૨૨ : ૪૨;૭ : ૫૦;૧૪ : ૧૧૮;૫ : ૧૨૦;૧, વગેરે. ગીતશાસ્ત્રનું પુસ્તક પાછળના વખતમાં ગોઠવવામાં આવ્યું હતું.

૩. સંદેશો. જૂના કરારનાં સર્વ પુસ્તકોમાં આ પુસ્તકનો સંદેશો સુવાર્તાને સહુથી વધારે બંધબેસતો છે. જગતના તારણને અર્થે ઈશ્વરે

પોતાનો પુત્ર આપ્યો, એવું શુભ વચન તેમાં મળતું નથી ખરું, પણ ઇસ્ત્રાએલનો દેવ યહોવા તમામ જગત પર પ્રેમ રાખે છે, એવી તેમાં પ્રગટ કરાએલી સાક્ષી મળી આવે છે.

ઇસ્ત્રાએલ અખિલ દુનિયાને પ્રકાશ આપનાર થાય, એવો યહોવાનો ઇરાદો છે, તે આપણે યશ.૪૦-૫૫ પરથી શીખી ગયા છીએ. વળી "અમે તારી સાથે આવીશું, કેમ કે દેવ તારી સાથે છે," એવું કહીને સર્વ દેશોના પ્રતિનિધિઓ યહૂદી માણસની ચાળ પકડી રાખશે, એમ ઝખાર્યાનું કહેલું ભવિષ્યવચન હતું (૮;૨૩), અને પરાધર્મીઓ પણ યહોવાની ભક્તિસેવા કરનારા છે, એવું માલાખીનું કહેવું હતું (૧;૧૧). પરંતુ મૂર્તિપૂજક તથા વહેમી એવી જુદી જુદી પ્રજાઓથી ઘેરાએલા હોવાને લીધે યહૂદીઓ વધારે ધર્મઝનૂની થતા ગયા, જેથી તેઓએ પોતાની તથા અન્ય પ્રજાઓની વચ્ચે આડી ભીંત ઊભી કરીને તેમની સાથેનો સંબંધ ઘટાડી દીધો. રૂથનું પુસ્તક છે ખરું, તે પ્રમાણે એક મોઆબેણ ઇસ્ત્રાએલના દેવ યહોવાની પાંખ તળે આશ્રય પામીને ઇસ્ત્રાએલના રાજાઓની આદિમાતા થઇ. પણ તે ઉપરાંત એસ્તેરનું પુસ્તક પણ છે, તેમાં ઇસ્ત્રાએલનો પરધર્મીઓ પરનો વેરભાવ વર્ણવેલો છે.

પણ યૂનાના પુસ્તકમાં ઈશ્વરનો સાર્વજનિક પ્રેમ જાહેર કરેલો છે. ઇસ્ત્રાએલીઓ ઊઠીને આખા જગત પર પ્રકાશ પાડે, પોતપોતાનાં હૃદયમાંથી વેરભાવ કાઢીને ઈશ્વરપિતાના જેવા પ્રેમભાવથી (મા.૫; ૩૩-૩૫) તેઓ ભરપૂર થાય, એવી આગ્રહપૂર્વક વિનંતી યૂનાના હઠીલાપણાની વાર્તાદ્વારા તેઓને કરવામાં આવેલી છે. આ બાબતની સાથે યૂનાની વાર્તાના દરેક શબ્દનો તેમ જ તેમાં વર્ણવેલા દરેક બનાવનો નિકટનો સંબંધ છે.

(૧) યૂના યહોવાની હજૂરમાંથી નાસી જવા માગતો હતો (૧;૩,૧૦). તે યહોવાનો ખરો ભક્ત હતો. "હું સમુદ્ર તથા કોરી ભૂમિના કર્તા સૈન્યોના દેવ યહોવાનો ભક્ત છું," એમ તેનું કહેવું છે (૧;૯). પરંતુ જેવી તેની કહેણી તેવી તેની કરણી નહોતી. હું હવે યહોવાથી દૂર છું, એમ સમજીને તોફાન વખતે તે સૂઇ જઇને ભરનિદ્રામાં પડ્યો (૫). તોફાન વખતે પ્રભુ ઈસુ પણ શાંતિએ ઊંઘી ગયો હતો, કેમકે મારો જીવ ઈશ્વરપિતાના હાથમાં છે, એમ તે જાણતો

હતો (માર્ક ૪;૩૮). યહૂદીઓના માનવા પ્રમાણે દરેક પારકો દેશ અશુદ્ધ ગણાતો હતો (હો.૯;૩), ત્યાં જે કોઈ યહૂદી રહેવા જાય, તે યહોવાથી દૂર થએલો છે (૧ શમૂ.૨૬;૧૯), એવી તેઓની માન્યતા હતી.

(૨) પરધર્મી નાખુદા તથા ખલાસીઓનો ભક્તિભાવ દેખાડવામાં આવે છે (૧;૫,૬,૧૦,૧૪,૧૬). ખરી રીતે તે તો તેમનો ભક્તિભાવ નહિ, પણ તેઓનો વહેમ કહી શકાય, પણ માલાખીના માનવા પ્રમાણે તે યહોવાનો ભય હતો. ઘવાએલા મુસાફર પર દયા રાખનાર તો યહૂદી યાજક કે લેવી નહોતો, પણ એક સમરૂની હતો (લૂ.૧૦;૩૩). જેવો વિશ્વાસ પ્રભુ ઈસુએ સમસ્ત ઈસ્ત્રાએલમાં જોયો નહોતો, તે એક રૂમી સૂબેદારમાં તેને માલૂમ પડ્યો હતો (લૂ.૭;૯). ઘણી વાર બિનખ્રિસ્તીઓની આસ્થા ખ્રિસ્તીઓને શરમાવે એવી હોય છે. યહોવાનું નામ સાંભળીને તથા તેનું સામર્થ્ય નિહાળીને ખલાસીઓ તરત તેને શરણે આવ્યા. ઝખાર્યાનું ભવિષ્યવચન સાચું પડ્યું. (ક.૬ પ્રમાણે તેઓએ પહેલવહેલાં "એલોહીમ" (દેવ) નામનો ઉપયોગ કર્યો. પછીથી જ્યારે તેઓ પ્રાર્થના કરવા લાગ્યા, ત્યારે "યહોવા" નામથી તેઓએ ઈશ્વરને યાચના કરી (૧૪,૧૬)).

(૩) મોટી માછલીની વાત દૃષ્ટાંતરૂપ છે, તે હેબ્રી વાચકો સહેલાઈથી સમજે, એમ છે. યર.૫૧;૩૪ ને ૪૪ માં ગળી જવાની અને ઓકી કાઢવાની ઉપમાઓ યરુશાલેમના પતન તથા ત્યાર પછીના બંદીવાસને તેમ જ યહૂદીઓના પુનરાગમનને આપેલી છે. તેજ દૃષ્ટાંત પ્રમાણે યૂનાનો વિશ્વાસઘાત તથા તેનું પાછા ફરવું વર્ણવેલાં છે. વળી મિસર, આશ્શૂર તથા બાબેલોનને લિવયાથાનની (=મગરમચ્છ જેવું મોટું જળચર પ્રાણી) તથા અજગરની ઉપમાઓ આપેલી છે (યશ.૨૭;૧ : ૫૧;૯ : હઝ.૨૯;૩). જેમ આપણે પ્રભુ ઈસુનાં દૃષ્ટાંતોનો ઉપયોગ કરીએ છીએ, તેમ ઉપદેશ કરતાં પ્રભુ ઈસુએ બે જુદે જુદે પ્રસંગે યૂનાના ઉદાહરણનો ઉપયોગ કર્યો છે (મા.૧૨;૪૦ : ૧૬;૪).

(૪) ખલાસીઓની પેઠે નિનવેહના લોકે પશ્ચાત્તાપ કર્યો, ને યહોવાને શરણે આવીને તેઓ તારણ પામ્યા (૩;૧૦). હવે નિનવેહ ઘણું ભૂંડું નગર હતું (૧;૨). ઈસ્ત્રાએલના બીજા શત્રુઓ કરતાં

નિનવેહના લોક નિર્દય હતા (નાહૂમના પુસ્તકનો ખુલાસો જુઓ). તોપણ દુષ્ટ નિનવેહવાસીઓ પોતાનાં પાપનો પસ્તાવો કરીને ઈશ્વરની કૃપાથી બચી ગયા.

(૫) પણ યૂના તેઓનો હૃદયપલટો જોઈને રીસાઇ ગયો (૪;૧) તેમ થવાનું શું કારણ હતું? તેણે કહેલી નાશની આગાહી જૂઠી ઠરી હતી, તેથી શું? એમ બની ન શકે, કેમ કે નિનવેહના લોક જાગૃત થાય, તેજ માટે તેણે તેઓને યહોવાનું વચન કહી સંભળાવ્યું હતું, અને તે પર લક્ષ દઈને તેઓએ પસ્તાવો કર્યો હતો. તેની મહેનત સફળ થઇ હતી. રીસાઈ જવાનું કારણ તેણે પોતે જણાવ્યું છે. યહોવા કૃપાળુ તથા કરુણાળુ દેવ, ક્રોધ કરવામાં ધીમો ને ઘણો દયાળુ છે, તે જાણીને તેણે નિનવેહ જવાનો હુકમ માન્યો નહોતો (૪;૨), કેમ કે જો કે યહોવાએ તેને તે શહેરની વિરુદ્ધ પોકાર કરવાનું કહ્યું હતું, તોપણ વખતે ઈશ્વર ફરી જાય અને દુષ્ટ નિનવેહવાસીઓને ક્ષમા આપે, એવી યૂનાને બીક હતી. તે શું કરવા ઇસ્ત્રાએલના ક્રૂર દુશ્મનને માફ કરે? છોકરાંની રોટલી લઈને તે શું કરવા કૂતરાંને આપે? જો દેવ પર ભરોસો ન રખાય, તો જીવવા કરતાં મરવું બહેતર છે (૪;૩). બેફિકરાઇ કરનાર યરુશાલેમને જોઈને પ્રભુ ઈસુએ રૂદન કર્યું. પસ્તાવો કરનાર નિનવેહને નિહાળીને યૂના રીસાઇ ગયો.

(૬) એવી ભાવનાવાળો માણસ ઈશ્વરનો ઇરાદો તથા તેનો પ્રેમભાવ કેમ કરીને સમજી શકે? પ્રભુ ઈસુનો અસ્પૃશ્યો પ્રત્યેનો પ્રેમભાવ તે સમયના ફરોશીઓ તથા શાસ્ત્રીઓ સમજી શકયા નહિ (લૂ.૧૫;૨). પરંતુ યૂના સમજે, માટે તેને વિષે યહોવાએ ધીરજ રાખીને વચનોદ્વારા નહિ, પણ કૃત્યોથી તેને કેળવ્યો.

નગરનું શું થાય છે, તે જોવા સારુ યૂનાએ શહેર બહાર જઈને તેની પૂર્વ બાજુએ એક માંડવો બાંધ્યો, અને તેની છાયામાં તે બેઠો (૪;૫). તાપ પુષ્કળ પડતો હતો. તેથી તેના પર દયા રાખીને યહોવાએ એક વેલો ઉત્પન્ન કર્યો (મૂળ ભાષામાં - નિર્માણ કર્યો), તેની છાયાથી આરામ પામીને યૂનાને ઘણો જ આનંદ થયો (૬). પણ બીજે દિવસે સવાર થતાં યહોવાએ તે વેલાનો નાશ કરવા સારુ એક કીડો ઉત્પન્ન (=નિર્માણ) કર્યો (૭). ત્યાર પછી ઈશ્વરે લૂ પણ વાતી (=નિર્માણ) કરી, તેના ત્રાસથી કાયર થઈને યૂનાએ ફરીથી રીસે

ભરાઈને મોતની માગણી કરી (૮). આખરે ઈશ્વરે તેને પૂછયું કે "વેલાને સારુ તું ગુસ્સે થાય છે, તું ઠીક કરે છે શું? તે તેં રોપ્યો છે શું? શું તેને સારુ તેં મહેનત કરી? એક વેલો! રાતોરાત તે જન્મ્યો, ને રાતોરાત તે મરી પણ ગયો! તને તેની જ દયા આવી! પણ નિનવેહ!! તે વિસ્તારવાળું, વસતિવાળું નગર જે એક રાતમાં નહિ, પણ ઘણા સૈકાનું બનેલું છે, વળી જે માણસોથી તથા ઢોરઢાંકરથી ભરપૂર--તેના પર મારે દયા ન રાખવી શું? વેલો તો તારો નહોતો, તોય તે સૂકાઈ ગયો, ત્યારે તને તેની દયા આવી. પણ નિનવેહ, તેનાં સઘળાં સ્ત્રીપુરુષો તથા તેમાંનાં ૧,૨૦,૦૦૦ છોકરાં, તેમાંનાં ઢોરઢાંકર સુદ્ધાં--સર્વે મારાં જ છે. મેં મારે પોતાને સારુ તે સર્વેને ઉત્પન્ન કર્યાં. મારાથી તેઓ વિમુખ થયાં હતાં ખરાં, પણ હવે તેઓ પોતાના બાપને ઘેર પાછાં આવ્યાં છે, તે જોઈને હું આનંદ ન પામું શું?"

૭. આ વચનથી પુસ્તક સમાપ્ત થાય છે. શું યૂના તે સમજી ગયો હશે? તેણે પોતાનો ગુનો કબૂલ કર્યો હશે? ખબર નથી. શું ઈસ્ત્રાએલે તેનો સંદેશો સ્વીકાર્યો હશે? આ સવાલનો જવાબ નવા કરારમાં મળી આવે છે.

તે અઘરો પાઠ છે. યહૂદી લોક તે કદી શીખી ગયા શું? ઉડાઉ દીકરાના દૃષ્ટાંતમાં તેઓને અદેખા મોટા ભાઈની ઉપમા આપેલી છે (લૂ.૧૫;૨૮). ઘરનાં છોકરાં અમે છીએ; અન્ય પ્રજાઓ તો કૂતરા જેવી ધિક્કારપાત્ર છે, એવું તેઓનું માનવું હતું (માર્ક ૭;૨૭). જ્યારે કેદ કરાએલા પાઉલ પ્રેરિતે કોઠીની સીડી પર ઊભા રહીને પોતાના બચાવમાં અમુક દલીલો રજૂ કરી, ત્યારે હાજર થએલા યહૂદીઓ પહેલવહેલાં ધ્યાનથી તેનું સાંભળતા હતા, પણ "વિદેશીઓ" શબ્દ તેના મુખમાંથી નીકળ્યો--"હું તને અહીંથી વેગળે વિદેશીઓની પાસે મોકલી દઈશ" (પ્રે.૨૨;૨૨)--કે તરત તે ન સંખવાથી તેઓ પોકારવા લાગ્યા કે એવા માણસને પૃથ્વી પરથી દૂર કરો. કેમ કે તે જીવવાને લાયક નથી." તોપણ આનંદ સહિત જેઓએ સુવાર્તા સાંભળીને તેનો સ્વીકાર કર્યો, તેઓ તો વિદેશી ગણાતા "કૂતરાઓ" હતા (પ્રે.૧૩; ૪૬-૪૮).

તેજ પાઠ હજુ પણ અઘરો લાગે છે. ખ્રિસ્તી મંડળી ધીમે ધીમે તેનું ગ્રહણ કરતી જાય છે. પ્રજાઓ પણ તે હજુ સુધી સમજતી નથી.

રાષ્ટ્રવાદ એ સર્વોત્તમ સિદ્ધાંત છે, તેનો સદુપયોગ આશીર્વાદરૂપ છે, પણ તેનો દુરુપયોગ શાપરૂપ છે--જેમ આજકાલ જોવામાં આવે છે તેમ

આ નાનકડું પુસ્તક પ્રબોધકોનાં પુસ્તકોમાં છેલ્લું ગણાવા લાયક છે (દાનિયેલનું પુસ્તક જુદા વર્ગનું છે) ; કેમ કે તે બીજાં કરતાં કૃપાની સુવાર્તાથી ભરપૂર છે. તેમાં પ્રભુ ઈસુની જ કરુણા દેખાઈ આવે છે (મા.૯;૩૬ : ફિલ.૨;૧). ઈસુના જેવાં ચક્ષુથી જો આપણે નજર કરીએ--તેના જેવું મન જો આપણે રાખીએ, તો કેવું સારું!

ગ્રીક રાજ્યનો સમય

આ સમય દરમિયાન બનેલા મુખ્ય બનાવો નીચે પ્રમાણે છે :--

૩૩૧--મહાન સિકંદરને હસ્તે ઈરાની રાજ્યની પાયમાલી (પાલેસ્ટાઈન દેશ ગ્રીક સરદારોના કબજામાં આવ્યો).

૩૨૩--સિકંદરનું અવસાન. તેનું રાજ્ય તેના ચાર જુદા જુદા સરદારોએ વહેંચી લીધું.

૨૮૫--૧૫૦. જૂના કરારનો "સપ્તતિ." નામનો ગ્રીક ભાષાનો તરજુમો તૈયાર તથા પ્રસિદ્ધ કરવામાં આવ્યો.

૧૭૬--૧૬૪. અરામ તથા પાલેસ્ટાઈનના રાજા અંત્યોખસ એપિફાનીસની કારકિર્દી (તેનું વિગતવાર વર્ણન દાનિયેલના પુસ્તકની પ્રસ્તાવનામાં કરેલું છે).

એશિયા ખંડ પર મહાન સિકંદરે જે આક્રમણ કર્યું, તે દુનિયાના ઈતિહાસમાં એક માર્ગસ્તંભરૂપ છે. ઘણાં સૈકાંઓથી એશિયા તથા યૂરોપ વચ્ચે અવરજવર ચાલતી આવેલી હતી ખરી, તોપણ સિકંદરે કરેલી આગેકૂચ પછીના સમયમાં તે બે ખંડના લોક પહેલવહેલાં એકબીજાના સહવાસમાં આવવા લાગ્યા હોય, એમ છે; કેમ કે સિકંદરે પોતાના રાજ્યની હદનો વિસ્તાર કર્યો, કેવળ એમ નહિ પણ જ્યાં કંઈ તેનું સૈન્ય આગળ વધતું, ત્યાં તેઓ ગ્રીક સંસ્કૃતિ દાખલ કરતા જતા, તે નિર્વિવાદ છે. દાર્યાવેશની માફક તેણે ઠેકાણે ઠેકાણે ગ્રીક સંસ્થાનો વસાવ્યાં. તેમાંનું દરેક નગર સરકારી મથક તેમ જ વેપારનું કેન્દ્રસ્થાન બન્યું, કેવળ એમ નહિ પણ તે ગ્રીક કેળવણીનું ધામ પણ બન્યું. તે સંસ્થાનોમાંનાં મુખ્ય તો અરામમાં અંત્યોખ અને મિસરમાં સિકંદરાબાદ (આલેકઝાંડ્રિયા) હતાં. તાર્સસ પણ તેમાંનું એક હતું. પ્રેરિત પાઉલ તાર્સસ શહેરનો વતની હતો, તે ગમાલીએલ ન્યાયશાસ્ત્રીના ચરણ

આગળ બેસીને શીખવા યરુશાલેમ ગયો (પ્રે.૨૨;૩), તે પહેલાં તેણે તાર્સસની ગ્રીક પાઠશાળામાં અભ્યાસ કર્યો હશે. યહૂદીઓ પ્રત્યે સિકંદર ઉદાર ભાવ રાખતો હતો, અને તેણે તેઓમાંના ઘણાને સિકંદરાબાદમાં વસાવ્યા, જેથી તેઓ ગ્રીક સાહિત્યથી તથા તે લોકની રીતભાતથી માહિતગાર થયા. તેઓ ગ્રીક ભાષા બોલતાં શીખી ગયા, એટલું જ નહિ પણ ગ્રીક નાગરિક થઈને તેઓએ પોતાનાં હેબ્રી ભાષાનાં નામ ઉપરાંત ગ્રીક ભાષાનાં નામ પણ ધારણ કર્યાં. (દા.ત.યોહાન (હેબ્રી) માર્ક (ગ્રીક), શાઉલ (હેબ્રી) પાઉલ (ગ્રીક)). ભાષાની આવડતદ્વારા તેઓ ગ્રીક સાહિત્ય તથા તત્ત્વજ્ઞાનના વિશાળ ક્ષેત્રમાં પ્રવેશ કરવા પામ્યા. પરદેશમાં રહેતા યહૂદીઓ કરતાં યરુશાલેમવાસી યહૂદીઓ જૂના સંપ્રદાયના વધારે ચુસ્ત અનુયાયીઓ હતા, એમ છતાં યરુશાલેમમાં પણ ગ્રીક સંસ્કૃતિની અસર ફેલાવા પામી હતી, જેથી અંત્યોખસ એપિફાનીસ યરુશાલેમમાં ગ્રીક ધર્મની સ્થાપના કરવા ગયો, ત્યારે તેનો સ્વીકાર કરવા તૈયાર થએલો યહૂદીઓનો પણ એક પક્ષ તેને માલૂમ પડ્યો. યહૂદી લોક પર ગ્રીક સંસ્કૃતિની જે અસર થવા પામી, તે જુદા જુદા પ્રકારની હતી, તેના કેટલાક દાખલા નીચે પ્રમાણે છે.

૧. "સપ્તતિ" નામનો જૂના કરારનો ગ્રીક તરજુમો (LXX). હિંદુઓને સંસ્કૃત ભાષા અને મુસ્લિમોને અરબી ભાષા જેવી પ્રિય છે, તેવી યહૂદીઓને હેબ્રી ભાષા પ્રિય છે. એમ છતાં પણ જ્યારે સિકંદરાબાદમાં વસતા યહૂદીઓ હેબ્રી ભાષા અને અરામી ભાષા પણ ભૂલી જવા લાગ્યા, ત્યારે જે ગ્રીક ભાષાનો તેઓ રોજિંદા વ્યવહારમાં ઉપયોગ કરતા હતા, તેમાં તેઓએ હેબ્રી શાસ્ત્રનું ભાષાંતર કરાવ્યું. ગ્રીક રાજયના સમય દરમિયાન જે સહુથી મહત્ત્વનો બનાવ બન્યો તે એજ છે.

LXXનું ભાષાંતર કરવા સંબંધી યહૂદી લોકમાં ચાલતી આવેલી દંતકથા એવી છે, કે એક વખત મિસર દેશના રાજાને જૂના કરારની એક નકલ પોતાના પુસ્તકાલયમાં રાખવાની ઇચ્છા થઇ, તેથી હેબ્રી શાસ્ત્રનો ગ્રીક ભાષાનો તરજુમો કરી આપવા માટે બારે યહૂદી કુળોમાંથી છ છ વડીલો મોકલવામાં આવે, એવી તેણે યરુશાલેમના પ્રમુખયાજકને અરજી કરી. તે પ્રમાણે ૭૨ સાક્ષરોને મોકલવામાં આવ્યા, તેઓએ ૭૨ દિવસમાં પોતપોતાનો તરજુમો તૈયાર કર્યો.

અજાયબ જેવું એ છે કે જ્યારે એ જુદા જુદા ૭૨ તરજુમા તપાસી જોવામાં આવ્યા, ત્યારે તે સઘળા સરખા જ માલૂમ પડ્યા.

પણ તે ભાષાંતર બોંતેરના નામથી નહિ, પણ સિત્તેરના નામથી ઓળખાય છે, તેનું શું કારણ હશે? દુનિયામાં સિત્તેર જુદી જુદી ભાષાઓ બોલાય છે, વળી જ્યારે સિનાય પહાડ પરથી નિયમશાસ્ત્ર પ્રગટ કરવામાં આવ્યું, ત્યારે તે સિત્તેર જુદી જુદી ભાષાઓમાં તે જાહેર કરવામાં આવ્યું, એવી યહૂદી લોકની દંતકથા છે, એટલે યહૂદીઓ સિત્તેર સંપૂર્ણતાસૂચક આંકડો ગણતા હતા, એમ સમજવું. અને જૂના કરારનો ગ્રીક તરજુમો દુનિયાની સિત્તેર જુદી જુદી પ્રજાઓને સારુ ધર્મનો ભંડાર બન્યો પણ ખરો. જૂના કરારમાં સમાએલું નીતિશિક્ષણ LXXદ્વારા પહેલવહેલાં ગ્રીક રાજયના અને પછીથી રૂમી રાજયના સર્વ દેશોમાં પ્રચલિત થયું. તે ધર્મફેલાવ કરવાવાળું પુસ્તક છે, તેના બોધથી આકર્ષાઈને ઘણા બિન-યહૂદીઓ દર સાબ્બાથે યહૂદી સભાસ્થાનોમાં ભેગા થતા. પ્રે.કૃ.ના પુસ્તકમાં જેઓ "દેવનું ભય રાખનારા," "ધાર્મિક" કહેવાય છે, તેઓ એ લોક હતા (૧૩;૧૬ : ૧૬;૧૪, વગેરે). તે વર્ગમાંનાં ઘણાં ખ્રિસ્તી મંડળીમાં જોડાયાં (૧૭;૪, વગેરે). LXXના તરજુમાને લીધે ખ્રિસ્તી મંડળીની પહેલી મહાસભાનો પ્રમુખ એવું કહી શક્યો, કે "પ્રાચીન કાળથી મૂસાના ઉપદેશકો દરેક શહેરમાં છે, અને દર વિશ્રામવારે તેનાં વચનો સભાસ્થાનોમાં વાંચી સંભળાવવામાં આવે છે" (પ્રે.૧૫;૨૧). સુવાર્તાના સાર્વત્રિક ફેલાવાને સારુ તે ઈશ્વરના હાથમાં માર્ગ તૈયાર કરવાનું મોટું સાધન બન્યું.

૨. **મૂર્તિપૂજા.** હિંદુધર્મની પેઠે ગ્રીક ધર્મ ઘણે ભાગે તત્ત્વજ્ઞાનના સ્વરૂપનો હતો, પણ હિંદુધર્મની પેઠે તેને પણ મૂર્તિપૂજાનું કલંક લાગેલું હતું. (આ વાતનો એક દાખલો દાનિયેલની પ્રસ્તાવનામાં મળી આવશે). તેથી જો કે યહૂદીઓને ગ્રીક ભાષાનું સાહિત્ય રસિક લાગતું હતું ખરું, તોપણ મૂર્તિપૂજાનું ખંડન કરવા સારુ તેઓએ ગ્રીક ભાષાનો ઉપયોગ કરતાં આંચકો ખાધો નહિ. તે બાબતે લખેલાં પુસ્તકોમાંનાં કેટલાંક LXXમાં મળી આવે છે. દા.ત."યિરિમેનો પત્ર" નામનું એક પુસ્તક છે. તે પત્ર યર્મિયા પ્રબોધકે બાબેલોનમાં ગએલા બંદીવાસીઓ પર લખ્યો હોય, એવા રૂપમાં તે પ્રસિદ્ધ કરાએલો છે. પણ ખરું જોતાં તે ગ્રીક ભાષામાં લખેલો એક પત્ર છે, તેમાં સિકંદરાબાદ તથા બીજાં

પરદેશી નગરોમાં વસતા યહૂદીઓને મૂર્તિપૂજામાં રહેલી લાલસાઓ સંબંધીની ચેતવણી આપવામાં આવેલી છે. LXXમાં જે વધારાનાં પુસ્તકો મળી આવે છે, તેમાંનું સહુથી મનોહર તો "જ્ઞાનનું પુસ્તક" છે, તેમાં પણ મૂર્તિપૂજાની વિરુદ્ધ એવી જ ચેતવણી સમાએલી છે.

૩. **જ્ઞાન.** ગ્રીક લોક અને યહૂદી લોક છેક જુદા જુદા દૃષ્ટિબિંદુથી સંસાર જોતા હતા. "યહૂદીઓ ચિહ્ન માગે છે, અને ગ્રીક લોક જ્ઞાન શોધે છે," એવું તે બે પ્રજાઓ સંબંધી પાઉલ પ્રેરિતનું કહેવું છે (૧ કરિં.૧;૨૨). પુરાતન કાળથી હિંદુઓની માફક ગ્રીક લોક પણ તત્ત્વજ્ઞાનની શોધમાં પરોવાએલા હતા. તેઓનું સૂત્ર "જ્ઞાન" હતું. પણ ઇબ્રાહીમના તેડાથી માંડીને યહૂદીઓ ઈશ્વરપરાયણ હતા, અને તેઓનું સૂત્ર "વિશ્વાસ" હતું (ઉત.૧૫;૬). જ્યારે જગતે પોતાના જ્ઞાનથી ઈશ્વરે ઓળખ્યો નહિ, ત્યારે ધિક્કારાએલા દલિત યહૂદીઓ જગતની આગળ સંત્‌ધર્મનો સંદેશો પ્રગટ કરનારા થયા (૧ કરિં.૧;૨૧).

આ બે પ્રજાઓ વચ્ચે આવો તફાવત હોવા છતાં ગ્રીક લોકોના સહવાસમાં આવ્યાને લીધે યહૂદી ધર્મગુરુઓ પર તેની ઘણી અસર થઇ. બંદીવાસના સમય સુધી તેઓ કોઇ પણ જાતના સંકોચ વગર ઈશ્વરની પૂર્વધારણાને લગતો સિદ્ધાંત સ્વીકારતા આવ્યા હતા, પણ ત્યાર પછીથી શંકાઓ ઉપસ્થિત થવા લાગી. નિરાશ થઇને યર્મિયાએ ઈશ્વર પર અન્યાય કરવાનો આક્ષેપ મૂક્યો હતો ખરો. "હે યહોવા, તેં મને ફોસલાવ્યો ને હું ફસાઇ ગયો" (૨૦;૭). અયૂબે પણ પોતાના બાપદાદાઓએ સ્વીકારેલા સિદ્ધાંત વિષે વાંધો લઇને યહોવા પર ગેરઇન્સાફ કરવાનું તથા નિર્દયતા ગુજારવાનું તહોમત મૂક્યું હતું (૩૦; ૨૦-૩૧). સદાચારનું પરિણામ સુખ અને દુરાચરણનું પરિણામ દુઃખ છે, એવો નીતિવચનોના પુસ્તકના શિક્ષણનો સાર છે. પણ સભાશિક્ષકનું પુસ્તક શંકાઓ તથા નિરાશાથી ભરપૂર છે; અને જો કે "જ્ઞાનના પુસ્તક" માં ગ્રીક લોકમાં ચાલતી મૂર્તિપૂજાનું ખંડન કરેલું છે ખરું, તોપણ તેમાં ગ્રીકોમાં ચાલતો પુનર્જન્મનો સિદ્ધાંત સ્વીકારાએલો જણાય છે. તે વર્ગના સાહિત્યની પ્રસ્તાવનામાં આ વાતના બીજા દાખલાઓ મળી આવશે. ટૂંકમાં એવું કહી શકાય, કે ગ્રીક લોકના સહવાસથી થએલી અસરને લીધે યહૂદી ધર્મશાસ્ત્રીઓ પણ સાંસારિક વાતોનું વિવેચન કરવા લાગ્યા, જેથી જૂની માનસિક હદો ઓળંગીને

તેઓ સત્‌ધર્મના મૂળ પાયાના સિદ્ધાંતો સર્વ દેશના માણસ સમજી શકે, એવી સાર્વત્રિક ભાષામાં તેઓ તે જાહેર કરવા પ્રયત્ન કરવા લાગ્યા. યોહાનની સુવાર્તા "સાર્વજનિક સુવાર્તા" કહેવાય છે, તેના પ્રાસ્તાવિક વચનમાં આખા જૂના કરારનો સંદેશો આવા પ્રકારની ભાષાદ્વારા વ્યક્ત કરાએલો છે. "આદિએ **શબ્દ** હતો...અને **શબ્દ** સદેહ થયો." તે વચનમાં હેબ્રીઓનો વિશ્વાસ તથા ગ્રીકોનું તત્ત્વજ્ઞાન મળતાં આવેલાં દેખાય છે. વળી "પર્વમાં જેઓ ભજન કરવા આવ્યા હતા, તેઓમાંના કેટલાક ગ્રીક લોક હતા. તેઓએ ફિલિપની પાસે આવીને તેને વિનંતી કરી કે અમે ઈસુનાં દર્શન કરવા ચાહીએ છીએ" (યો.૧૨; ૨૦,૨૧), તે બનાવ એજ સુવાર્તામાં નોંધાએલો છે. આવી જુદી જુદી રીતોએ જૂના કરારના સમયમાં ઈશ્વરના રાજ્યની સુવાર્તાના ફેલાવાને સારુ તૈયારી કરવામાં આવતી હતી.

"ઈશ્વરે પોતાના જ્ઞાન પ્રમાણે જેમ નિર્માણ કર્યું હતું, તેમ જગતે પોતાના જ્ઞાન વડે ઈશ્વરને ઓળખ્યો નહિ" (૧ કરિં.૧;૨૧). પણ દુષ્ટની સત્તામાં પડી રહેલા જગતની આગળ (૧ યો.૫;૧૯) પ્રગટ કરવાને સારુ ઈશ્વરકૃપાએ આપણને બીજો સંદેશો આપવામાં આવ્યો છે, જેનો સારાંશ આપતાં પ્રેરિત પાઉલે કહેલું છે, કે "વધસ્તંભે જડાએલો ખ્રિસ્ત યહૂદીઓને ઠોકરરૂપ અને ગ્રીકોને મૂર્ખતારૂપ લાગે છે, પરંતુ જેઓને તેડવામાં આવ્યા છે, પછી તે યહૂદી હોય કે ગ્રીક હોય, તેઓને સારુ તો ખ્રિસ્ત એજ ઈશ્વરનું સામર્થ્ય તથા ઈશ્વરનું જ્ઞાન છે" (૧ કરિં.૧;૨૩,૨૪).

જૂના કરારમાં મળી આવતી ભાષાઓ.

૧. દિવસે દિવસે સર્વે ભાષાઓનું રૂપાંતર થતું જાય છે, એ જગજાહેર વાત છે. દરેક ભાષામાં અપભ્રંશો થયા કરે છે. વળી પરદેશીઓની સાથે વધતા જતા સહવાસને લીધે પરદેશી શબ્દો દાખલ થતા જાય છે. જતે દહાડે કોઈ ભાષા લુપ્ત પણ થઈ જાય એવો સંભવ પણ રહે છે. સંસ્કૃત ગુજરાતીની માતૃભાષા છે, તોપણ તે આજકાલના થોડા જ ગુજરાતી લોકને આવડે છે.

૨. હેબ્રી ભાષાની પણ એવી જ વાત છે. શરૂઆતે તે શુદ્ધ ભાષા હતી. પણ ઉત્તર ઈસ્ત્રાએલનું પતન થયા બાદ (૭૨૨) પરદેશીઓને સમરૂન પ્રાંતમાં વસાવવામાં આવ્યા (૨ રા.૧૭;૨૪),

તેઓની સાથેના સંબંધથી હેબ્રી ભાષા પર ઓછીવત્તી અસર થઇ. વળી યરુશાલેમ જીતી લેવામાં આવ્યું (૫૮૬), ત્યાર પછી યહૂદીઓ જુદા જુદા પરદેશોમાં વિખેરાઇ ગએલા હોવાને લીધે રફતે રફતે હેબ્રી ભાષા બોલાતી બંધ પડતી ગઇ, ને તેને બદલે અરામી ભાષા રૂઢ થવા લાગી. હિઝકીયા રાજાના વખતમાં (૭૦૧) દરબારી અમલદારો સિવાય બીજા યહૂદીઓને અરામી ભાષા આવડતી નહોતી (૨ રા.૧૮;૨૬), પણ મક્કાબીઓના સમયમાં (૧૬૫) તે યહૂદીઓની સામાન્ય ભાષા બની ગઇ હતી. પ્રભુ ઇસુ તથા તેના શિષ્યો એજ ભાષા બોલતા હતા. મંદિરમાં જાહેર ભજનસેવા વખતે હેબ્રી ભાષાનો ઉપયોગ કરવામાં આવતો હતો ખરો, પણ સામાન્ય ભાષા તરીકે તો એકલા શાસ્ત્રીઓ તથા ચુસ્ત યરુશાલેમવાસી યહૂદીઓ જ તે જાણતા હતા (પ્રે.૨૧;૪૦).

૩. તેથી ભાષાના સામાન્ય ધોરણ પ્રમાણે જૂના કરારનાં પુસ્તકો પ્રસિદ્ધ કરવાનો સમય એકંદરે નક્કી કરી શકાય એમ છે.

(૧) પંચગ્રન્થમાંની વાર્તાઓમાં તથા ઐતિહાસિક પુસ્તકોમાં શુદ્ધ હેબ્રી ભાષા મળી આવે છે.

(૨) બંદીવાસના સૈકાનાં પુસ્તકોમાં, જેવાં કે હઝકિયેલ, હાગ્ગાય તથા ઝખાર્યામાં (૫૯૭-૫૨૦) અશુદ્ધ ભાષાનાં કોઇ કોઇ ચિહ્ન દેખાઇ આવે છે.

(૩) માલાખી તથા એઝરા-નહેમ્યામાં અશુદ્ધતાનાં વધારે ચિહ્ન મળી આવે છે, અને સભાશિક્ષક, એસ્તેર તથા દાનિયેલનાં પુસ્તકોમાં તો હેબ્રી ભાષા વિશેષ અશુદ્ધ થએલી માલૂમ પડે છે (૪૦૦-૧૬૫).

(૪) તે ઉપરાંત બંદીવાસ થયા પછી ઈરાની તથા ગ્રીક ભાષાઓના શબ્દો તેમાં દાખલ થવા પામ્યા. સભાશિક્ષકમાં કેટલાએક ઈરાની શબ્દો, અને એસ્તેર તથા દાનિયેલમાં તો ઈરાની તથા ગ્રીક એ બંને ભાષાના શબ્દો મળી આવે છે. દા.ત. દાનિયેલમાં ૧૫ ઈરાની ને ૩ ગ્રીક શબ્દો દાખલ થએલા જણાય છે.

(૫) એઝરા (૪; ૮-૬;૧૮ : ૭; ૧૨-૨૬) ને દાનિયેલ (૨; ૪-૭;૨૮)માં અરામી ભાષાનાં લાંબાં લાંબાં પ્રકરણ સમાએલાં છે.

(૬) નવો કરાર ગ્રીક ભાષામાં લખાએલો છે, કેમ કે જેમ આજે અંગ્રેજી ભાષા બધે, તેમ તે સમયે ગ્રીક ભાષા ભૂમધ્ય સમુદ્રના કિનારાના સર્વ દેશોમાં સહુથી પ્રચલિત ભાષા હતી. પરંતુ તેમાં બેચાર

અરામી શબ્દો મળી આવે છે, દા.ત. "તાલીથા કુમી," "એફફાથા," ને "આબ્બા" (માર્ક ૫;૪૧ : ૭;૩૪ : ૧૪;૩૬). ત્રણે દાખલા માર્ક ની સુવાર્તામાં મળે છે, જે ચારે સુવાર્તાઓમાં પ્રથમ તેમ જ સહુથી તાદૃશ્ય રીતે લખાએલી સુવાર્તા છે. વળી ત્રણે દાખલા તો પ્રભુ ઈસુના બોલેલા શબ્દો છે. પ્રથમ શબ્દદ્વારા તેનો દયાભાવ દેખાઈ આવે છે. બીજામાં તેને પાપને લીધે થતી લાગણી દર્શાવેલી છે. ત્રીજો શબ્દો સંકટ સમયે ઉચ્ચારાએલો શબ્દ છે. એ ત્રણે અરામી શબ્દો તેના શિષ્યોને પ્રિય લાગ્યા હશે, જેથી બાકીની ગ્રીક ભાષારૂપ ચોકઠામાં તે શબ્દો ચળકતા રત્નરૂપે જડી દીધેલા દેખાય છે. "આપણો પ્રભુ આવનાર છે" (૧ કરિં.૧૬;૨૨), એ નાનું વાક્ય "મારાન આતા" એ બે અરામી શબ્દોનો તરજુમો છે. તે વાક્ય પ્રાચીન મંડળીમાં જયપોકારના સૂત્રરૂપે વપરાતું હતું, અને પ્રાર્થના કરતી વેળા અથવા જાહેર ભજનસેવાની સમાપ્તિ વેળા તે બોલવામાં આવતું હોય, એવું સંભવિત લાગે છે. તેના જેવા શબ્દો એટલે "આમેન; હે પ્રભુ ઈસુ, આવ," એ શબ્દો પ્રકટીકરણના પુસ્તકનું તેમ જ નવા કરારનું સમાપ્તિરૂપ વચન છે.

ગીતશાસ્ત્ર

બંદીવાસમાંથી પાછા આવ્યા પછી ઝરૂબ્બાબેલે બંધાવેલા મંદિરમાં ભજનસેવો વખતે વાપરી શકાય, એવાં ગીતોનો જે સંગ્રહ કરવામાં આવ્યો હતો, એજ આપણું ગીતશાસ્ત્રનું પુસ્તક છે.તે સંગ્રહમાં સમાએલાં ગીતો સ્તુતિ તેમ જ પ્રાર્થનારૂપ છે. તેમાં સંકટ સમયે તેમ જ આનંદોત્સવ વખતે, આપત્તિ તેમ જ વિજયની વેળાએ યહોવાના સેવકોએ કાઢેલા હૃદયોદ્‌ગારો સમાએલા છે, તેથી જેવી રીતે આપણે બીજાં પુસ્તકોની તપાસ કરી, તેજ રીતે આ પવિત્ર પુસ્તકની કરવી એ શોભતું નથી. પ્રાર્થના કરતા સંતનું નિરીક્ષણ કરવા માગે, એવો જિજ્ઞાસુ કોણ હોય? સંત જ્યાં ઘૂંટણે પડેલો હોય, તે તો પવિત્ર ભૂમિ છે. ગીતશાસ્ત્ર પણ એવું એક પુસ્તક છે. તેને પ્રસ્તાવનાની કંઇ પણ જરૂર ન હોય. તે વિશાળ દેશ સમાન છે, કે જ્યાં રાજાના સૌંદર્યનું દર્શન આપણને થાય છે (યશ.૩૩;૧૭). તેમાં પ્રવેશ કરતાં તે બગીચારૂપ માલૂમ પડે છે. તેના જેવું સૌંદર્ય, તેના જેવું મનોહર સંગીત અન્યત્ર છે કે નહિ, તે આપણે જોઇએ. તેમાં રહેલી મીઠાશ કેવી છે, તે જો જાણવું હોય, તો ચાખીને જુઓ (૧૯;૧૦ : ૮૧;૧૬). તે સમયના ઇશ્વરભક્તોના વિશ્વાસનો તથા તેઓને થતા ઉલ્લાસનો અનુભવ જો આપણે કરવો હોય, તો તેઓની સાથે સાથે આપણે ચાલીએ, અને તેઓની સંઘાતે આપણે આનંદ તેમ જ રૂદન પણ કરીએ. તે તો યહૂદી પ્રજાનું ધર્મપુસ્તક છે, છતાં તેના ગીતકર્તાઓ એટલે સુધી ઇશ્વરપરાયણ હતા, કે તેઓએ રચેલું પુસ્તક સર્વ દેશનાં ખ્રિસ્તી ભાઇબહેનોને પ્રિય લાગે છે. તે સમાન ખ્રિસ્તી મંડળીનું કાવ્યપુસ્તક બની ગએલું છે. જે પાળક ગીતશાસ્ત્રમાં તલ્લીન થએલો છે, તેને ભજનપદ્ધતિના બીજા કોઇ પુસ્તકની જરૂર રહેતી નથી.

હેબ્રી જૂના કરારની ગોઠવણી અનુસાર ઇતિહાસ તથા પ્રબોધનાં પુસ્તકો પછી ગીતશાસ્ત્ર આવેલું છે. એ ગોઠવણી યોગ્ય જ છે, કેમ કે તે પુસ્તકોમાં સમાએલાં વચન તથા વર્ણવેલા બનાવો પરથી શો આધ્યાત્મિક બોધ ઇશ્વરભક્તે લેવો, તે ગીતશાસ્ત્રમાં વ્યકત કરાએલો છે. તે દ્વારા આપણે સત્‌ધર્મના મૂળ ઝરણ આગળ પહોંચી શકીએ છીએ. મી.૬;૮માં મહાન પ્રબોધકોએ કરેલા બોધનો સારાંશ સમાએલો છે. આખા ગીતશાસ્ત્રમાં પણ એ વચનની ખુશબો પ્રસરી રહેલી માલૂમ

પડે છે. વળી જો કે મંદિરને લગતી તથા તેમાં ચાલતાં વિશાળ કર્મકાંડને લગતી ઘણી વાતો ગીતશાસ્ત્રમાં મળી આવે છે ખરી, તોપણ તેમાં વર્ણવેલી ભક્તિસેવા આત્મા તથા સત્યતાથી ભરપૂર જ છે.

ગીતશાસ્ત્રના પુસ્તકમાં સમાએલાં ગીતોની રચના વિષે જે કંઈ થોડુંઘણું તે પુસ્તક પરથી શીખી શકાય, તે નીચેની સંક્ષિપ્ત નોંધમાં આપેલું છે.

I. મથાળાં. ઘણાંખરાં ગીતો મથાળાવાળાં છે, તે તરત માલૂમ પડે છે. બધાં મળીને ૧૫૦ ગીત છે, જેમાંનાં ૧૧૬ ગીત મથાળાવાળાં છે. મથાળા વગરનાં બીજાં જે ૩૪ ગીત છે, તેમને યહૂદીઓ "અનાથ" કહે છે. મથાળા જુદા જુદા પ્રકારનાં છે :

(૧) સંગીતવાળાં. આમાં બે પ્રકારનાં છે, એટલે (અ) ગીત ગાતી વેળા ક્યાં વાજાંનો ઉપયોગ કરવો, તે સૂચવનારાં મથાળાં ; જેવાં કે ગી.૪,૫,૬,૭, વગેરે. (આ) રાગસૂચક મથાળાં; જેવાં કે ગી.૮,૯,૨૨,૪૬,૫૭, વગેરે. ("ભજનસંગ્રહ" માં પણ એવાં ઘણાં મથાળાં મળી આવે છે. દા.ત.૬૩મું ગીત="ગુણવંતી ગુજરાત"=એ રાગે).

પરંતુ આવા પ્રકારના ઘણાંખરાં મથાળામાં એવા હેબ્રી ભાષાના શબ્દો મળે છે, કે જેના મૂળાર્થની ચોક્કસ ખબર નથી. LXX તરજુમો કરવામાં આવ્યો તે સમયના સાક્ષરો પણ તેમનો અર્થ સમજતા નહોતા.

(૨) પ્રસંગસૂચક મથાળા. દા.ત.ગી.૯૨ ("વિશ્રામવારને માટે"), ૧૦૦ ("ઉપકારાર્થાર્પણને સારુ" =લે.૭;૧૧-૨૧), ૩૮,૭૦ ("સંભારણાને અર્થે =જુઓ લે.૨;૨,૯,૧૬), અને ૩૦ ("ઘરની પ્રતિષ્ઠા કરતી વખતનું ગાયન"). અંત્યોખસ એપિફાનીસના સૈન્યને હરાવીને યહૂદા મક્કાબીએ યરુશાલેમ પાછું જીતી લીધું, ત્યારે, એટલે ૧૬૫ની સાલના ડિસેમ્બરની ૨૫મી તારીખે, તેણે મંદિરની પુનઃ પ્રતિષ્ઠાક્રિયા કરીને પ્રતિષ્ઠા નામના ઉત્સવની સ્થાપના કરી. (યો.૧૦;૨૨માં સમાએલી વાત એ તહેવારને લગતી છે). એ ઉત્સવ આખા દેશમાં આનંદોત્સવ ગણાતો હતો, તે દરમિયાન રોશની ઘણી થતી હોવાને લીધે તેનું નામ "દિવાળી" પર્વ પાડવામાં આવ્યું હતું. ગીત ૩૦મું તે પ્રસંગને સારુ રચવામાં આવ્યું હોય, એમ નથી. પણ સંકટનો સમય વીતી ગયા બાદ કોઈ ભક્તે પહેલવહેલાં તે ગીતદ્વારા

પોતાના હૃદયના સ્તુતિરૂપ ઉદ્‌ગારો વ્યક્ત કર્યા હશે, અને જેમ તેને માટે રૂદનની રાત આનંદમય સવારમાં ગરક થઈ ગઈ હતી, તેમ યહૂદીઓ પર જે દુ:ખરૂપી રાત આવી પડી હતી, તેનો પણ જ્યારે અંત આવ્યો અને હર્ષાનંદરૂપી ઉદય થયો ત્યારે તેજ ગીતદ્વારા તમામ પ્રજાએ ઈશ્વરની આગળ પોતાનું સ્તુત્યર્પણ રજૂ કર્યું. એક ભક્તનું ઉપકારસ્તુતિનું જે અંગત ગીત હતું, તે રાષ્ટ્રિય ગીત બની ગયું. બીજાં ઘણાં ગીતોનું પણ એમ જ થયું હશે.

(૩) **કર્તાસૂચક.** (અ) ૭૩ ગીત "દાઉદનાં" કહેવાય છે. હવે દાઉદ તો પ્રખ્યાત કવિ હતો (૨ શમૂ.૧; ૧૭-૨૭ : ૩;૩૩ : ૨૨; ૧-૨૩;૭), તેથી તેણે કેટલાંક ગીત રચ્યાં, એમાં શક નથી. પણ ગીત.૧૮માં સિવાય તેણે ક્યા ક્યા ગીત રચ્યાં તે ખાતરીથી કહેવાય એમ નથી, કેમકે જે શબ્દોનું "દાઉદનું" એવું ભાષાંતર કહેલું છે, તેનો ભાવાર્થ "દાઉદને સારૂ" છે. તો તે પરથી આપણે શું સમજવું? જો કે ગીતશાસ્ત્રમાંના બીજા વિભાગમાંનાં (ગી.૪૨-૭૨). ઘણાંખરાં ગીતો "દાઉદનાં" નથી. તોપણ "યિશાઈના પુત્ર દાઉદની પ્રાર્થનાઓ સમાપ્ત થઈ છે," એવું તે વિભાગનું સમાપ્તિવચન છે (૭૨;૨૦). હે.૪;૭ પ્રમાણે તો આખું ગીતશાસ્ત્ર "દાઉદનું" કહેવાય છે.

કયા કયા ગીતો દાઉદકૃત નથી. તે અમુક અમુક સાદી નિશાનીઓથી નક્કી કરી શકાય એમ છે.

(૧) **મંદિર.** દાઉદના સમયમાં મંદિર નહોતું. તેથી જે જે ગીતોમાં મંદિરને લગતી વાતો મળે છે, (જેવાં કે ૫;૭ : ૧૧;૪ : ૨૭;૪, વગેરે). તે ગીતો દાઉદનાં રચેલાં હોઈ શકે નહિ.

(૨) **બંદીવાસ.** ૧૪;૭ (આબાદીને બદલે "દાસત્ત્વ" (કે "બંદીવાસ") : જુઓ ૫૩;૬) : ૫૧;૧૮ : ૬૯; ૩૫ના જેવા શ્લોક દાઉદના રચેલા હોઈ શકે નહિ.

(૩) **યજ્ઞ.** ૪૦;૬ : ૫૧;૧૬,૧૭માં યજ્ઞાર્પણ સંબંધી સમાએલું શિક્ષણ દાઉદના સમય પછીનું છે. મહાન પ્રબોધકોએ પહેલવહેલાં એવું શિક્ષણ જાહેર કર્યું (આમ.૫;૨૧ : હો.૬;૬ : યશ.૧; ૧૦-૧૭). વળી ૧૩૯ની જેવું ગીત આગલા સમયનું હોઈ શકે નહિ. ઈસ્રાએલ દેશની હદ બહાર યહોવાનાં દર્શન થઈ શકે નહિ, એવું દાઉદનું માનવું હતું (૧ શમૂ.૨૬;૨૦), પણ જે દેવની આગળ ગીત ૧૩૯નો રચનાર

પ્રણામ કરે છે, તે તો સર્વજ્ઞ, સર્વવ્યાપી પરમેશ્વર છે.

(આ) દાઉદકૃત કહેવાતાં ૧૩ ગીતનાં પ્રસંગસૂચક મથાળાં છે (૩:૭:૧૮:૩૪:૫૧:૫૨:૫૪:૫૬:૫૭:૫૯:૬૦:૬૩:૧૪૨). પરંતુ જો એ ગીતોની આપણે તપાસ કરીએ, તો ગી.૫૧માં સિવાય એ ગીતો તથા મથાળામાં દેખાડેલા પ્રસંગો વચ્ચેનો સંબંધ શોધી કાઢવો મૂશ્કેલ છે.

II. ગીતશાસ્ત્રનાં પાંચ જુદાં જુદાં પુસ્તકો.

ગીતશાસ્ત્રના પાંચ જુદા જુદા વિભાગ છે. (૧૯૨૭ની ગુજરાતી આવૃત્તિમાં ૫માં ભાગનું મથાળું શરતચૂકથી રહી ગએલું છે). વિભાગો સહેલાઈથી ઓળખી કાઢી શકાય છે. દરેક વિભાગનું સમાપ્તિવચન આશિષરૂપ છે (૪૧;૧૩ : ૭૨; ૧૮,૧૯ : ૮૯;૫૨ : ૧૦૬;૪૮ : ૧૦૫મું આખું ગીત તે ૫માં વિભાગનું સમાપ્તિવચન ગણાય છે). પરંતુ ગી.૧૦૬ને અંતે જે આશિષરૂપ વચન મળી આવે છે, તે બીજાં સમાપ્તિવચનથી જુદું છે, તે દરેક વાચકને માલૂમ હશે. વળી ગીત ૧૦૫,૧૦૬ ને ૧૦૭નાં આદિવચન સરખાં છે, એટલે "યહોવાનો આભાર માનો," તે પરથી પહેલવહેલાં તે ત્રણે ગીત એક જ સમૂહનાં હશે, એમ આપણે સમજી શકીએ.

જુદા જુદા વિભાગનાં ખાસ લક્ષણ નીચે મુજબ :--

૧. ભાગ ૧લો : ૧-૪૧. (અ) ગી.૧,૨,૧૦ ને ૩૩ સિવાય આ વિભાગનાં બાકીનાં બધાં ગીત દાઉદનાં કહેવાય છે. કેટલાંક ગીત મથાળા વિનાનાં છે, જેનો ખુલાસો આ પ્રમાણે છે :--(૧) ગી.૧લું આખા ગીતશાસ્ત્રની પ્રસ્તાવનારૂપ છે. (૨) ગી.૨જું ઐતિહાસિક છે. પરંતુ તે કયા પ્રસંગને લગતું છે, તે ખાતરીથી કહી શકાય એમ નથી. તેમાં ઈસ્ત્રાએલના આદર્શ રાજા, "યહોવાના અભિષિક્ત," તેના મસીહનું ચિત્ર આલેખેલું છે, તેથી તેને આ પ્રધાન સ્થાન આપવામાં આવ્યું છે. (૩) ગી.૧૦મું ને ગી.૯મું જોડાઇ ને એક જ ગીત થાય છે, તે કક્કાનુક્રમે રચેલું છે. (૪) ગી.૩૩મું મથાળા વગરનું છે, કેમ કે ગી.૩૨માંની સાથે તેનો નિકટનો સંબંધ છે. "હે ન્યાયીઓ, તમે યહોવામાં આનંદ કરો," એવું ગી.૩૩નું આદિવચન છે. (આ) આ વિભાગમાં ઈશ્વરને "યહોવા" નામથી સંબોધવામાં આવે છે. તેમાં "યહોવા" ૨૭૨ વાર ને "એલોહીમ" શબ્દ માત્ર ૧૫ વાર મળી આવે છે.

૨. ભાગ ૨જો. ૪૨-૭૨, ને ભાગ ૩જો : ૭૩-૮૯. (અ) આ બે વિભાગ જો આપણે સાથે લઈએ, તો માલૂમ પડશે કે (૧) ગી.૫૧-૭૨ (૬૭,૭૧ ને ૭૨ સિવાય) દાઉદનાં કહેવાય છે; (૨) ૫૦, ૭૩-૮૩ "આસાફને સારુ" એવા મથાળાવાળાં છે : ને (૩) ગી.૪૨-૪૯ ને ૮૪-૮૮ (ગી.૮૬મા સિવાય) "કોરાહના દીકરાઓનું ગીત" એવા મથાળાવાળાં છે. (ગી.૪૨ ને ૪૩ એક જ ગીત છે). આ ઉપરથી માલૂમ પડે છે કે જો આપણે ગી. ૪૨-૪૯ (કોરાહના દીકરાઓનાં, ને ૫૦ (આસાફનું, એક બાજુએ મૂકીએ, તો ગી.૬૭,૭૧ ને ૭૨ સિવાય ગી.૩-૭૦ સર્વ "દાઉદનાં" છે, જેથી "યિશાઈના પુત્ર દાઉદની પ્રાર્થનાઓ સમાપ્ત થઈ છે," એ વાક્ય બરાબર બંધબેસતું આવે છે. વળી "દાઉદનાં" અથવા "દાઉદને સારુ" કહેવાએલાં જે ગીતો છે, તેમનો આ સંગ્રહ સહુથી પહેલો કરવામાં આવ્યો હશે, એવું અનુમાન કરતાં કંઈ બાધ આવે એમ નથી.

(આ) આ બે વિભાગમાં સમાએલાં સઘળાં ગીત મથાળાંવાળાં છે. "મુખ્ય ગવૈયાને સારુ," એવા જે શબ્દો ઘણાંખરાં મથાળાંમાં મળી આવે છે, તે ઉપરથી સમજી શકાય કે આ સંગ્રહ ખાસ મંદિરમાં ચાલતી ભજનસેવાને અર્થે કરવામાં આવ્યો હશે. (દાઉદની જિંદગીને કયે જુદે જુંદે પ્રસંગે જુદાં જુદાં ગીત રચવામાં આવ્યાં, તે દર્શાવનારાં મથાળાંવાળાં ૮ ગીત બીજા વિભાગમાં મળી આવે છે (૫૧,૫૨,૫૪,૫૬,૫૭,૫૯,૬૦,૬૩).

"આસાફના દીકરાઓ" એ તો ગવૈયાઓની એક ટોળી હતી (એઝ.૨;૪૧), તેમ જ "કોરાહના દીકરાઓ" ની પણ બીજી એક ટોળી હશે (૨ કાળ.૨૦;૧૯). [ફલાણાના "દીકરા" -અમુક જાતનું મંડળ. સરખાવો "પ્રબોધકોના પુત્રો" (૨ ૨ા.૨;૩, વગેરે)].

(ઇ) ગી.૪૨-૮૩માં ઈશ્વરનું "એલોહીમ" નામ વિશેષ મળી આવે છે, એટલે "એલોહીમ" ૨૦૦ વાર ને "યહોવા" ૪૩ વાર. પરંતુ ૮૪-૮૯માં "યહોવા" ૩૧ ઠેકાણે ને "એલોહીમ" માત્ર ૭ ઠેકાણે મળી આવે છે.

ભાગ ૩જામાં કેટલાંએક મહાન ઐતિહાસિક ગીત સમાએલાં છે (૭૮-૮૧ ને ૮૯).

(ઇ) યહોવા શબ્દને બદલે એલોહીમ શબ્દ દાખલ કરીને એનું એજ ગીત બીજી વાર પ્રસિદ્ધ કરવાના કેટલાએક દાખલા આ વિભાગમાં મળી આવે છે. ગી.૫૩ (એલોહીમ) =ગી.૧૪ (યહોવા) ને ગી.૭૦ (એલોહીમ) =૪૦;૧૩-૧૭ (યહોવા) જતે દહાડે યહૂદીઓને "યહોવા" શબ્દ ઉચ્ચારવાની બીક લાગતી ગઇ, જે પરથી સમજી શકાય કે ગી.૧૪મું તથા ૪૦મું ગી.૫૩માં ને ૭૦માં કરતાં આગલા સમયનાં છે, અર્થાત વિભાગ પ્રથમ વિભાગ બીજા વિભાગ કરતાં જૂનો છે. (કાળવૃત્તાંત નવા સમયનું પુસ્તક છે, તેમાં પણ ઘણે ઠેકાણે "યહોવા" શબ્દને બદલે "એલોહીમ" શબ્દ દાખલ કરેલો છે. દા.ત.૧ કાળ.૧૩;૮-૧૪ -૨ શમૂ. ૬;૫-૧૬).

૩. ભાગ ૪થો. ૯૦-૧૦૬. (અ) ઉપર કહ્યા પ્રમાણે ગી.૯૦-૧૫૦ પહેલવહેલાં એક જ સમૂહનાં હશે, એવો સંભવ છે. પછીથી નિયમશાસ્ત્રના જેવા પાંચ ગ્રન્થ છે, તેવા ગીતશાસ્ત્રના પણ પાંચ વિભાગ થાય એવી ગોઠવણ કરવામાં આવી હશે.

આ વિભાગમાં પણ ગીતોના જુદા જુદા નાના સમૂહ મળી આવે છે; દા.ત.ગી.૯૩ ને ૯૫-૧૦૦ જયપોકારનાં ગીત છે. "યહોવા રાજ કરે છે," એ તે સર્વનો વિષય છે (૯૩;૧ : ૯૬;૧૦ : ૯૭;૧: ૯૯;૧). રાજાધિરાજ તરીકે ઇશ્વરની આરાધના કરવામાં આવે છે. "યહોવા રાજાની આગળ હર્ષનાદ કરો, કેમ કે પૃથ્વીનો ન્યાય કરવા આવે છે" (૯૬;૧૩ : ૯૮;૯). બંદીવાસમાંથી પાછા આવ્યા પછીના સમયમાં આ ગીત રચેલાં હોય એમ દેખાય છે. અમને બંદીવાસમાંથી છોડાવીને યહોવાએ આખી પૃથ્વી પરનું પોતાનું ધણીપણું સાબિત કર્યું છે, એવું યહૂદીઓનું માનવું હતું. એ સિવાયનાં અન્ય કેટલાંક ગીત તો ઇશ્વરના લોકને ઘેરી લેનારાં દુઃખ તથા સંકટના સમયને લગતાં છે (૯૦,૯૧,૧૦૨), જે બંદીવાસના સમયમાં હોવાનો સંભવ છે.

(આ) આ વિભાગનાં ઘણાંખરાં ગીત મથાળાં વગરનાં છે. ગી.૧૦૧ ને ૧૦૩ "દાઉદને સારુ" કહેવાય છે. (LXXમાં બીજાં ચાર ગીત (૯૧,૯૩,૯૪,૧૦૪) "દાઉદને સારુ" એવાં મથાળાવાળાં છે). ગી.૧૦૩ ને ૧૦૪ એક જોડ બને છે. બંનેનાં આદિવચન તથા સમાપ્તિવચન સરખાં જ છે.

(ઇ) આ વિભાગમાં "યહોવા" નામ વિશેષ વપરાએલું છે. "ઈશ્વર" (કે "દેવ") નામ વપરાએલું છે ખરૂં, પણ ઘણે ભાગે તે "યહોવા" નામની સાથે જોડાએલું છે, જેમ કે ૯૧;૨ : ૯૨;૧૩ : ૯૪;૭, વગેરે. આ વિભાગનાં ગીતોનો સંગ્રહ મંદિરમાં ચાલતી ભજનસેવા અર્થે કરવામાં આવ્યો હશે, એવું દરેક વાચકને માલૂમ પડ્યા વગર રહેશે નહિ.

"રે આવો, આપણે યહોવાની આગળ ગાઈએ;
આપણે આપણા તારણના ખડકની આગળ હર્ષનાદ કરીએ" (૯૪;૧);

યહોવાની આગળ નવું ગીત ગાઓ,
આખી પૃથ્વી યહોવાની આગળ ગાઓ" (૯૬;૧).

આવાં મધુર વચનોનું શ્રવણ કરતાં જ મંદિરમાં પવિત્ર પર્વ પાળવા સારુ આનંદ તથા સ્તુતિના નાદ સહિત જનારાઓના મોટા સમુદાયનું દૃશ્ય આપણી આંખ આગળ ખડું થયા વગર રહેતું નથી (૪૨;૪). આજદિન સુધી ચર્ચ ઓફ ઈંગ્લાંડની જાહેર ભજનસેવાની શરૂઆતનું ગીત ૯૫મું છે.

૪. વિભાગ પાંચ : ૧૦૭-૧૫૦. (અ) આ વિભાગનાં ઘણાંખરાં ગીત પાછળના સમયનાં છે. ગી.૧૦૭માં બંદીવાસ તથા તેમાંથી કરાએલો છૂટકારો દૃષ્ટાંતરૂપે વર્ણવેલા છે. ગી.૧૨૬મું બંદીવાસમાંથી થએલા છૂટકારાને લીધે કરેલી ઉપકારસ્તુતિનું છે. ગી.૧૩૭મું બંદીવાસને લગતાં ગીતોમાંનું સહુથી હૃદયભેદક છે. ગી.૧૨૪મું દરેક પૂરીમ પર્વ વખતે ગવાય છે, કેમ કે તે ઈરાનીઓના હાથમાંથી યહૂદીઓના કરાએલા બચાવને લીધે (એસ્ત.૯;૨૬) સ્તુત્યર્પણરૂપ છે. પણ તે ગીત પહેલવહેલાં બંદીવાસમાંથી નીકળતી વેળા રચવામાં આવ્યું હોય, એવો સંભવ છે.

(આ) આ વિભાગનાં ઘણાંખરાં ગીત ભજનપદ્ધતિના ખાસ ઉપયોગને સારુ રચવામાં આવ્યાં હોય, એમ લાગે છે. દા.ત.ગી.૧૩૬મું તથા જે ગીતોની શરૂઆતે કે અંતે "હાલેલુયાહ" શબ્દ મળી આવે છે, એટલે ૧૧૧-૧૧૭ (૧૧૪ સિવાય), ૧૩૫, ને ૧૪૬-૧૫૦. (હાલ્લેલુ=યાહ+યાહની (-યહોવાની) સ્તુતિ કરો).

ગીત ૧૧૮મું કોઈ મોટા તહેવાર વખતે ગાવા સારુ રચવામાં આવ્યું હોય, એમ સ્પષ્ટ લાગે છે. ૧૧૩-૧૧૮ સુધીનાં ગીતો "મહાન હાલ્લેલ" કહેવાય છે. તે એક જ ગીત તરીકે સર્વ મુખ્ય પર્વ વખતે ગાવામાં આવે છે. પ્રભુએ યરુશાલેમમાં કરેલા પ્રવેશ વખતે "હોસાના" નામનો જે જયપોકાર કરીને લોકે તેને વધાવી લીધો હતો, તે ગી.૧૧૮માંથી (ક.૨૫) લીધેલો છે. (મા.૨૧;૯ હોસાના-હોસા (બચાવ) + ના (હું તને વિનંતી કરું છું)). વળી મેડી પરથી ઊતરીને પ્રભુ ઈસુ તથા તેના શિષ્યો જૈતુન પહાડ પર જવા નીકળ્યા તે પહેલાં તેઓએ જે ગીત ગાયું હતું, તે પણ "મહાન હાલ્લેલ" એજ હતું (માર્ક ૧૪;૨૬). ગીત ૧૧૯મું તો નિયમશાસ્ત્રનું સ્તુતિરૂપ ગીત છે.

(ઇ) આ વિભાગમાં પણ જુદા જુદા વર્ગનાં ગીતોના નાના નાના સમૂહ સમાએલા છે, જેવો કે "હાલ્લેલવાળાં" ગીતો. પણ એવા સમૂહોમાંનો સહુથી મોટો સમૂહ ગી.૧૨૦-૧૩૪ છે. એ બધાં ગીત "ચઢવાનાં ગીત" કહેવાય છે. દૂર દેશથી અથવા પાસેનાં ગામમાંથી જુદાં જુદાં પર્વ પાળવા યરુશાલેમ પર ચઢનારા યાત્રાળુઓ રસ્તે ચાલતાં ચાલતાં તે ગીતો ગાતા હતા. એ ગીતો ઘણાં મનોરંજક છે, અને યરુશાલેમ જનારા યહૂદી યાત્રાળુઓને જેટલાં પ્રિય તેઓ લાગતાં હતાં, તેટલાં જ હાલ સ્વર્ગીય યરુશાલેમ જનાર સર્વે ખ્રિસ્તી યાત્રાળુઓને પણ પ્રિય તથા સુંદર લાગે છે.

(ઇ) ગીત ૧૩૯મું ઘણું સુંદર તેમ જ ધ્યાન આપવા લાયક છે. તેમાં સર્વવ્યાપક તથા સર્વજ્ઞ દેવ તરીકે યહોવાને સંબોધવામાં આવે છે. તેમાં મળતા ગૂઢ વિચારો પાછળના સમયના છે. તેમાં અરામી શબ્દો પણ મળી આવે છે.

III. ગીતો અંગત છે કે રાષ્ટ્રિય, એ સવાલનો નિકાલ કરવો મુશ્કેલ છે. અંગત છે, એમ સમજીને આપણે તેમનો ઉપયોગ કરતા આવ્યા છીએ, અને આપણું આત્મિક પોષણ કરવાના સાધન તરીકે કીમતી જવાહીર કરતાં પણ તે વિશેષ મૂલ્યવાન છે. પરંતુ જેમ જેમ આપણે ઈસ્ત્રાએલના ઇતિહાસનો વધારે અભ્યાસ કરતા જઈએ, તેમ તેમ એ બે વર્ગનાં ગીતો વચ્ચે ઘણો ફેર નથી, એમ આપણને માલૂમ પડતું જાય છે.

(અ) જે જે ગીતોમાં "આપણે" મળી આવે છે, તે સઘળાં ગીત બેશક રાષ્ટ્રિય સમજવાં (દા.ત.૪૬,૪૭,૪૮, વગેરે). આ વર્ગનાં ૨૭ ગીત છે.

(આ) બીજાં કેટલાંએક ગીતોમાં વિશેષનામનું એકવચન તેમ જ બહુવચનનું રૂપ બન્ને મળી આવે છે, જેવાં કે ૮ (ક.૧,૩,૯), ૧૭ (ક.૧,૧૧), ૨૨ (ક.૧,૪), ૪૪ (ક.૧,૪,૬, ૭-૨૬) વગેરે. એવા પ્રકારનાં ૨૫ ગીત છે. તેમાંનું સહુથી લોકપ્રિય ગીત ૨૨મું છે. તેની તપાસ કરતાં તેમાં બે ભાગ માલૂમ પડે છે, એટલે (૧) ૧-૨૧ : સંકટને સમયે કોઇ એક દેવભક્તે કરેલા કાલાવાલા, અને (૨) ૨૨-૩૧ : સ્તુત્યર્પણ. તે કોઇ ભક્તને થએલા અનુભવ પરથી રચવામાં આવ્યું હશે, એ ખાતરીપૂર્વક વાત છે. યશ. ૫૨,૫૩માં યહોવાના સેવકનું જે ગીત સમાએલું છે, તેના જેવાં વચન આ ગીતમાં પણ મળી આવે છે. તેનો અભ્યાસ કરવાથી આપણને માલૂમ પડશે કે તે સંકટગ્રસ્ત ઇશ્વરભક્ત એકલો નથી, પણ "યહોવાના સેવક" ની માફક તે દુઃખના માર્યા સર્વેની ખાતર પીડાય છે; અને જેમ "યહોવાના સેવક" ના દુઃખસહનથી ઘણા ન્યાયી ઠર્યા, તેમ આ ભક્તની સહનશીલતા જોઇને "પૃથ્વીની સર્વ સીમાના લોક યહોવાને સંભારીને તેની ભણી ફરશે" (૨૭). ત્રાસની અતિશય દુઃખની લાગણીથી પાડેલી ચીસ (ક.૧-૨૧) જયપોકાર બની ગઇ છે (૨૨-૩૧), જેનો ધ્વનિ આખી દુનિયામાં ગુંજી રહેલો છે. તો આ ગીત અંગત છે કે રાષ્ટ્રિય તે પ્રશ્ન "યહોવાનો સેવક" કોને કહેવો, તેના જેવો પ્રશ્ન પણ છે, અને બંને પ્રશ્નનો એક જ નિર્ણય પણ છે. કેમકે આ ગીતના વચનદ્વારા વધસ્તંભે જડાએલા પ્રભુ ઇસુએ પોતાની ખેદિત લાગણી વ્યક્ત કરી (ક.૧ : મા.૨૭;૪૬). જેમ યશ.૫૩માં, તેમ ખરેખર આ ગીતમાં પણ જગતના તારનારની રૂપરેખા સ્પષ્ટ દેખાઇ આવે છે.

(ઇ) બાકીનાં ગીત તો "હું" વાળાં અર્થાત એકવચનવાળાં છે, જે પરથી તે કોઇ ઇશ્વરભક્તનો અંગત અનુભવ પ્રગટ કરનારાં છે, એમ સમજવું. પરંતુ ૧૨૯;૧માં "હું" એટલે "ઇસ્ત્રાએલ" એવો ખુલાસો કરેલો છે, તે પરથી સમજી શકાય છે, કે આ બાબતનો નિર્ણય કરવો સહેલ નથી. આજકાલ વ્યક્તિવાદ ઘણો પ્રચલિત થતો જાય છે, પણ પુરાણા સમયમાં સમાજને પ્રધાન સ્થાન આપવામાં આવતું હતું,

તેથી કાવ્ય રચતાં કે પ્રબોધ કરતાં હેબ્રી કવિ કે પ્રબોધક સમસ્ત સમાજની સાથે પોતાને એકરૂપ ગણે, તે સ્વાભાવિક હતું. દા.ત. યર્મિયા યહોવાનો વિશ્વાસુ સેવક હતો, છતાં લોકે કરેલાં પાપકર્મ પોતાનાં જ સમજીને તેણે પાપની કબૂલાત કરી (૧૪; ૧૯-૨૨).

ગીત સામાજિક છે કે વ્યક્તિગત, તે મોટી વાત નથી, કેમ કે વ્યક્તિગત ધર્મગીતો ઘણી વાર સામાજિક પણ બની જાય છે, તે આપણા જોવામાં આવ્યું છે. ભજનસંગ્રહમાંનું ૩૬૭મું ગીત--"ઈસુ, મુજ આત્માના વા'લ" દેવભક્ત ચાર્લ્સ વેસ્લેકૃત છે. તે તેઓ સાહેબને થએલા અમુક અનુભવને આધારે રચવામાં આવેલું. તે એક અંગત ગીત છે ખરું, તોપણ સંકટ સમયે

"જ્યારે રેલ ચડે ચોપાસ,
ને તોફાન ઘેરે આસપાસ"---

સામાજિક ગીત તરીકે ગવાય છે. ગીતશાસ્ત્રમાંનાં ઘણાંખરાં ગીતોની વાત એવી જ છે, એટલે પહેલવહેલાં કોઈ દુઃખદ કે આનંદમય અંગત અનુભવ પરથી તે રચવામાં આવ્યાં હશે, પણ પછીથી જાહેર ભક્તિસેવા વખતે તે દ્વારા આખો સમાજ ઈશ્વર પરનો પોતાનો વિશ્વાસ વ્યક્ત કરતો હતો.

(ઈ) શાપરૂપ ગીત. આ વર્ગનાં ગીત વિષે આપણે શું સમજવું? તેમાંનું સહુથી ચોંકાવનારૂં તો ૧૦૯મું ગીત છે. (પણ જુઓ ૫૮,૬૮,૬૯, વગેરે). પવિત્ર શાસ્ત્રમાં એવાં ગીતોને સ્થાન મળવાનું શું કારણ હશે?

(૧) નવા કરારના નીતિધોરણ પ્રમાણે જૂના કરારના સમયનાં કૃત્યોની કસોટી કરવી વાજબી નથી.

(૨) આશ્શૂર. બાબેલોન, અદોમ અને વિશેષે કરીને અંત્યોખસ એપિફાનીસન હસ્તે ઈસ્ત્રાએલીઓને કેવું કેવું વિતાડવામાં આવ્યું, તેનો ખ્યાલ કરવો.

(૩) વળી આ ગીતોદ્વારા જે જે દુશ્મનોને શાપ દેવામાં આવતો હતો, તેઓ કોઈના અંગત વૈરીઓ નહોતા. તેઓ યહોવાના જ વૈરી હતા.

"હે યહોવા, તારો દ્વેષ કરનારાઓનો દ્વેષ શું હું નહિ કરું?...તેઓને હું મારા શત્રુઓ ગણું છું" (૧૩૯; ૨૧,૨૨).

(૪) આપણ ખ્રિસ્તીઓને અનંતકાળના જીવનનો જેવો ખ્યાલ છે, તેવો એ ગીતકર્તાઓને નહોતો. કૃત્યો પ્રમાણે આ જીવનમાં દરેકને યોગ્ય બદલો અથવા સજા મળનાર છે, એવી તેમની માન્યતા હતી, અને જેવી તેમની માન્યતા તેવી સ્વર્ગ તથા નર્ક વિષેની તેમની કલ્પના પણ હતી. દુષ્ટને શિક્ષા ભોગવવાની હોય, તો આ જ ભવમાં તે ભોગવવી, એવું તેઓ માનતા હતા.

(૩) વંશપરંપરાથી જે "પશ્ચાત્તાપનાં ગીત" તરીકે ઓળખાતાં આવ્યાં છે, એવાં સાત ગીત છે (૬,૩૨,૩૮,૫૧,૧૦૨,૧૩૦, ને ૧૪૩). સર્વ જમાનાઓમાં આ ગીતોના મનનદ્વારા ઈશ્વરભક્તો પોતાનાં પાપ તથા અધમતાને લીધે ઉપજતી લાગણી વ્યક્ત કરતા આવ્યા છે. ગીતકર્તાઓ યહૂદી ભક્તો હતા ખરા, તોપણ ઈશ્વરની સમક્ષ તો યહૂદી તેમ જ ખ્રિસ્તી સરખા જ છે, "કેમ કે આપણ સઘળાંએ પાપ કર્યું છે" (૩.૩;૨૩).

IV. ગીતોનો સંગ્રહ ક્યારે કરવામાં આવ્યો હશે?

(૧) ઉપર કહ્યા પ્રમાણે અમુક ગીતો રચવાની સાલ એકંદરે નક્કી કરી શકાય એમ છે, જેવાં કે ૧૨૬મું, ૧૩૭મું, વગેરે, એટલે કે જે જે ગીતોમાં યરુશાલેમ તથા તેના મંદિરના નાશને લગતી વાતો મળી આવે છે, તે સર્વે ૫૮૬ની સાલ પછીનાં સમજવાં. પરંતુ જે અશુભ કૃત્યો કરીને અંત્યોખસ એપિફાનીસે મંદિર તથા તેના દેવનો તિરસ્કાર કર્યો, તેનું વર્ણન જયારે આપણે મક્કાબીઓના પહેલા પુસ્તકમાં વાંચીએ છીએ, ત્યારે કેટલાએક ગીતોમાં સમાએલી મંદિર સંબંધીની વાતો (૪૪,૭૪,૭૯,૮૦,૮૩) નબૂખાદનેસ્સારના સમયની નહિ, પણ અંત્યોખસની કારકિર્દીની હોય, એમ લાગ્યા વગર રહેતું નથી.

"હે દેવ, વિદેશીઓ તારા વતનમાં આવ્યા છે; તેઓએ તારા પવિત્ર મંદિરને અશુદ્ધ કર્યું છે" (૭૯;૧). યહોવાના મંદિરમાં અંત્યોખસે ઝૂસની મૂર્તિ (પ્રે.૧૪;૧૨) બેસાડી, તે બનાવને લગતી આ વાત ન હોય શું? "ડુક્કર જંગલમાંથી આવીને તેને બગાડે છે, અને રાની પશુઓ તેને ખાઇ જાય છે" (૮૦;૧૩). આ તો એક દૃષ્ટિએ નબૂખાદનેસ્સાર સંબંધીની વાત હોય એમ લાગે છે, પરંતુ એ વચનની કટૂતા તરફ જોતાં તે અંત્યોખસ સંબંધીનું હોય, એમ પણ લાગે.

ગી.૭૪;૯માં દેશની પરિસ્થિતિનું ચિત્ર આલેખેલું છે, કે જે ૧ મક્કાબી ૪;૪૬માં વર્ણવેલી સ્થિતિના જેવું છે. ત્યાં એવું લખેલું છે કે "જ્યાં સુધી વેદીના પથ્થર વિષે સલાહ આપનાર કોઈ પ્રબોધક ઊભો થાય નહિ, ત્યાં સુધી તે પથ્થરો મંદિરની અંદર રાખી મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો."

(૨) ઘણાં ગીત પુરાતન કાળનાં છે, પણ તે રચવાનો સમય નક્કી કરી શકાય એમ નથી. ગી.૯૦મું મૂસાનું કહેવાય છે. પરંતુ "પેઢી દરપેઢી" (=સર્વ પેઢી પર્યંત) એ શબ્દો મૂસા પછીનો કોઈ સમય સૂચવે છે. પણ આખો સંગ્રહ ક્યારે પૂરો કરવામાં આવ્યો, તે ખાતરીથી કહી શકાય એમ છે, કેમ કે બંદીવાસને, નહિ તો બંદીવાસ પછીના સમયને લગતી કોઈ પણ વાત ગીતશાસ્ત્રમાંના પાંચે વિભાગમાં મળી આવે છે. દા.ત.ભાગ ૧લામાં ગી.૧૪;૭ (બંદીવાસ (૧૯૦૩ = દાસત્વ)); ભાગ ૨જામાં ગી.૫૧;૧૮ (બંદીવાસ) ; ભાગ ૩જામાં ૭૯;૧ (બંદીવાસ, નહિ તો મક્કાબીઓનો સમય) ; ભાગ ૪થામાં ૧૦૨; ૧૨-૨૨ (બંદીવાસ) ; ભાગ ૫માંમાં ગી.૧૨૬ (બંદીવાસમાંથી પુનરાગમન) આ પરથી એવું અનુમાન કરી શકાય કે બંદીવાસ પહેલાં કોઈ પણ વિભાગ પૂરો કરવામાં આવ્યો નહોતો. બંદીવાસ પછી ઘણા વખતે, એટલે મક્કાબીઓના સમયમાં, આખરનો સંગ્રહ કરવામાં આવ્યો હોય, એવો ઘણો સંભવ છે.

ટૂંકમાં "ગીતશાસ્ત્ર" ના પુસ્તકની રચના આપણા ભજનસંગ્રહની રચના જેવી છે, કેમ કે (૧) "ભજનસંગ્રહ" બીજા જુદા જુદા સંગ્રહમાંથી પસંદ કરાએલાં ગીતોનો બનેલો છે, અને (૨) તેની જે જુદી જુદી આવૃત્તિઓ બહાર પડે છે, તે સર્વમાં સુધારોવધારો પણ કરવામાં આવે છે. આ બે વાતને લાગુ પડે, એવા ઘણા દાખલા ગીતશાસ્ત્રમાંથી પણ હાથ આવે છે.

પણ રચવાની કે સંગ્રહ કરવાની સાલ જાણવી એ મહત્ત્વની વાત નથી. ગીતશાસ્ત્રનાં ગીત જીવંત છે, વળી તે સર્વ જમાનાને સારુ છે. ગી.૪૬માંને આધારે લુથરે જે કાવ્ય રચ્યું હતું, તે ધર્મસુધારણા વખતે કોઈ ફરકતા રણધ્વજની પેઠે નિર્ગત થએલાઓને તાજગી આપનારું નીવડ્યું હતું. અનેક સંકટ સમયોમાં ગી.૧૨૪મું ખ્રિસ્તી મંડળીને ઉત્તેજન આપનારું માલૂમ પડ્યું છે. ગી.૧૧૬મું આપણ સર્વેને પ્રિય

લાગે છે, કેમ કે તે પ્રથમ પ્રભુભોજન સંસ્કાર વખતે ગવાએલું ગીત હતું, અને તે સંસ્કાર પાળતી દરેક વખતે હજુ પણ ગાવામાં આવે છે. જગતના અંત સુધી ગી.૨૩મું મરણશય્યા પર પડેલાંને નિર્ભયતા તથા વિશ્રાંતિ આપ્યા કરતું રહેશે.

જો દરેક પાળક તથા દરેક ઉપદેશક પોતપોતાને સારુ અમુક વિષયો પ્રમાણે ગીતોનો સંગ્રહ કરે, તો જ્યારે તે કોઈ કુટુંબની મુલાકાતે જાય, ત્યારે જો સ્થિતિ ને સંજોગ પ્રમાણે તે, તે સંગ્રહમાંથી ગીતોનો ઉપયોગ કરે, તો તે બોધદાયક, દિલાસાદાયક અને શાંતિદાયક નીવડ્યા વગર રહેશે જ નહિ.

V. મરણ પછી શું?

(૧) મરણ થયા પછી આત્મા જીવતો રહે છે, એવી બીજા લોકોની પેઠે યહૂદીઓની પણ માન્યતા હતી. પણ મરણ પછીનું જે આત્મિક જીવન છે, તે તદન સુખશાંતિ વિનાનું છે, એવું તેઓનું માનવું પણ હતું. ખરું કહેતાં તે મોત સમાન જ ગણાતું હતું. આ વાતની સાબિતી ઘણાં ગીતોમાં મળી આવે છે. દા.ત.--

"મરણાવસ્થામાં તારું સ્મરણ થતું નથી;

શેઓલમાં (અદૃશ્ય લોકમાં) તારી ઉપકારસ્તુતિ કોણ કરશે" (૬;૫. સરખાવો ૩૦;૯ : ૮૮;૧૦-૧૨ : ૧૧૫;૧૭).

(૨) તો પરલોકમાં સુખશાંતિ પ્રાપ્ત થવાની છે, એવી કોઈ આશા યહૂદી લોકમાં નહોતી શું? હા, તે સમયની અંધારી રાતમાં કેટલાએક ચળકતા તારાઓ દેખાતા હતા ખરા, હબ. ૧;૧૨માં "અમે માર્યા જવાના નથી," એવું વચન મળે છે ખરું, પણ હેબ્રી ટીકાકારો પ્રમાણે તો "તું (એટલે યહોવા) મરી જતો નથી," એવા અર્થના અસલ શબ્દો તે વાક્યમાં હતા. યહોવા જીવંત દેવ (પુ.૫;૬) હોવાથી તેઓ જીવતાજીવંત ઈશ્વર સાથે જે સંગત પામ્યા હતા, તેને મરણ તોડી નાખી શકે નહિ, એવી ખાતરી રાખ્યા વગર ઈશ્વરપરાયણ હેબ્રી ભક્તો રહી શકતા નહી. જે જીવતો દેવ છે, તે જીવતાઓનો દેવ છે (મા.૨૨;૩૨), એવા વિશ્વાસ પર તેઓએ પોતાની આશાનો પાયો નાખ્યો (૧૬; ૯-૧૧ : ૧૭;૧૫ : ૪૯;૧૫, અને વિશેષે કરીને ગી.૭૩;૨૪,૨૫). તોપણ એ આશારૂપ તારાઓનાં કિરણ કંઈક ઝાંખાં

હતાં, જેથી જ્યાં સુધી પ્રભુ ઈસુ ખ્રિસ્ત મૂએલામાંથી ઊઠીને જીવન તથા અમરપણું પ્રકાશમાં લાવ્યો નહોતો (૨તી.૧;૧૦), ત્યાં સુધી કબરમાં છવાઈ રહેલો અંધકાર નાબૂદ થયો નહિ.

VI. આવનાર મસીહની આશા.

(૧) આવનાર મસીહની આગાહી ગીતશાસ્ત્રમાં સમાએલી છે, તે નિર્વિવાદ વાત છે, કેમ કે ખ્રિસ્તે (=મસીહ) પોતે એમ કહ્યું છે (લૂ.૨૪;૪૪). મસીહ વિષેની વધામણી પ્રગટ કરતાં પ્રેરિતો પોતાના ઉપદેશમાં (પ્રે.૧;૨૦ : ૨;૨૫,૩૪ : ૪;૨૫, વગેરે). તેમ જ મંડળીઓ પર લખેલા પોતાના જુદા જુદા પત્રોમાં (૨.૩;૪ : ૪;૭ : ૮;૩૬,વગેરે) ગીતોનો ઘણો ઉપયોગ કરતા હતા, અને એમ કરવું તે સ્વાભાવિક જ છે.

(૨) ગીતોમાં સમાએલી આવનાર મસીહને લગતી વાતો આગાહીરૂપ છે ખરી, તોપણ વસ્તુત : તે દૃષ્ટાંતરૂપ પણ છે. આખું ગીતશાસ્ત્ર આશામય છે. વિશેષે કરીને બંદીવાસમાંથી આવ્યા પછી જે ગીતો રચવામાં આવ્યાં, તેમાં ઈશ્વરનું થનાર પ્રકટીકરણ સ્પષ્ટ રીતે તેમ જ ખાતરીપૂર્વક જાહેર કરેલું છે.

"યહોવાએ પોતાનું તારણ જણાવ્યું છે;
તેણે પોતાનું ન્યાયીપણું વિદેશીઓની દૃષ્ટિમાં પ્રગટ કર્યું છે" (૯૮;૨).

તેજ દૃઢ વિશ્વાસ "જયપોકારનાં ગીતોમાં" (૯૬-૯૯) વિશેષ દીપી આવે છે. યહોવા પૃથ્વીનો ન્યાય કરવા આવશે (૯૬;૧૩ : ૯૮;૯). તેનું સાર્વત્રિક રાજ્ય સ્થાપન કરવામાં આવશે (૯૬;૧૦), અને સિયોન તેનું રાજનગર થશે (૮૭).

(૩) ગીત.૨જામાં આદર્શ રાજાનું ચિત્ર આલેખેલું છે, તે વિજય પામેલા મસીહનું ચિત્ર છે, એવી પહેલાંથી માંડીને ખ્રિસ્તી મંડળીને દૃઢ માન્યતા છે. બીજાં ગીતો કરતાં તે ગીતમાંથી લીધેલાં અવતરણ નવા કરારમાં વિશેષ પ્રમાણમાં મળી આવે છે (મા.૩;૧૭: ૧૭;૫ : પ્રે.૪;૨૫ : ૧૩;૩૩ : હેબ.૧;૫ : ૫;૫). ગી.૭૨માં પણ આદર્શ રાજાનું વર્ણન કરેલું છે.

ગી.૧૧૦માં જે રાજાનું વર્ણન કરેલું છે, તે યાજક પણ છે. પ્રભુ

ઈસુ ખ્રિસ્ત સિવાય બીજા કોઈનું ચિત્ર એ હોઈ શકે એમ નથી. ઝખાર્યાને રાજયાસન પર બિરાજમાન યાજકનું દર્શન થયું ખરું (૬;૧૩), પરંતુ ઝરૂબ્બાબેલ એવું યાજકપદ ભોગવનાર રાજા થશે, એવી પ્રબોધકની જે આશા હતી તે નિષ્ફળ નીવડી. સીમોન મક્કાબી રાજા તથા યાજક એ બંને હતો, (૧ મક્ક.૧૦;૨), પરંતુ યહૂદીઓનું જે રાજય તેણે સ્થાપ્યું, તે થોડો જ વખત ટકી રહ્યું. જે સદા ટકી રહે, એવો રાજપદ તેમ જ યાજકપદ ભોગવનાર એક જ છે, એટલે ઈસુ જે "મેલ્ખીસેદેકના ધારા પ્રમાણે સનાતન યાજક છે." હેબ્રીઓ પર લખેલા પત્રનો એજ વિષય છે. પ્રથમ થએલા ખ્રિસ્તીઓને ગી.૧૧૦મું રજા ગીતના જેવું જ પ્રિય લાગતું હતું (માથ્થી.૨૨;૪૪: પ્રે.૨;૩૪ : હેબ.૧;૧૩ : ૫;૬).

(૪) મસીહ દુઃખ સહન કરે તે જરૂરનું છે, એવું ગીતો તથા પ્રબોધકોનાં વચનમાંથી પ્રમાણો લઈને પ્રભુ ઈસુએ પોતાના શિષ્યોને સાબિત કરી બતાવ્યું (લૂ.૨૪;૨૭). વધસ્તંભનો વિકટ માર્ગ તે વિજય પામવાનો માર્ગ પણ છે, એવું જૂના કરારના સમયના સંકટપીડિત ભક્તોએ દેખાડ્યું. જે આપણે ગી.૨૨ તથા યશ.૫૩ પરથી જોઈ શક્યાં છીએ. ગી.૨૨,૩૫,૪૧,૫૫,૬૯ તથા ૧૦૯ પ્રમાણે તેઓએ વેઠેલાં સંકટો તો પ્રભુ ઈસુ પર આવી પડનાર દુઃખોના પ્રતિબિંબરૂપ છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તે નિરાશાનો જે પોકાર કર્યો (મા.૨૭;૪૬-ગી.૨૨;૧) તેમ જ જે વચનદ્વારા તેણે ઈશ્વરપિતા પરનો પોતાનો વિશ્વાસ વ્યક્ત કર્યો (લૂ.૨૩;૪૬=ગી.૩૧;૫), તે બંને વચન ગીતશાસ્ત્રમાં મળી આવે છે.

VII. હેબ્રી કાવ્યનાં લક્ષણ.

૧. (અ) જે કંઈ કહેવું હોય, તે ટૂંકમાં જ કહેવું, એવો હેબ્રી ભાષાનો મૂળ પાયાનો નિયમ છે. ઘણાંખરાં ગીતોમાં દરેક શ્લોકની જુદી જુદી લીટીમાં માત્ર ત્રણ જ શબ્દ મળી આવે છે, અને દરેક લીટીમાં ત્રણ તાલ પણ મળી આવે છે.

(૨) અંગ્રેજી ગીતોમાં તેમ જ ગુજરાતીમાં રચેલા ઘણાંખરાં ગીતોમાં લીટીઓના છેલ્લા શબ્દોના સ્વરોમાં જે મળતાપણું છે, તે હેબ્રી કાવ્યોમાં દેખાતું નથી. દરેક બબ્બે લીટી વચ્ચે જે સમાનતા છે, તે તેમના સ્વરોમાં નહિ, પણ કાવ્યદ્વારા પ્રસિદ્ધ કરાએલા વિચારોમાં

રહેલી છે. ત્રણ જુદી જુદી રીતે તે સમાનતા દર્શાવવામાં આવે છેઃ

(અ) શ્લોકની જે બે જુદી જુદી લીટી છે, તેમાં એકસરખો અર્થ રહેલો છે. દા.ત.

"વિદેશીઓ કેમ તોફાન કરે છે,
અને લોકો વ્યર્થ કલ્પના કેમ કરે છે"? (૨;૧).
"હે યહોવા, તારા મંડપમાં કોણ નિવાસ કરશે?
તારા પવિત્ર પર્વતમાં કોણ વસશે"? (૧૫;૧).
સમાનતાનું સહુથી સાધારણ સ્વરૂપ એજ છે.

(આ) શ્લોકની બે લીટીમાં કોઈ કોઈ ઠેકાણે ઉલટો જ અર્થ મળી આવે છે. દા.ત.

"તેનો કોપ કેવળ ક્ષણિક છે,
પણ તેની મહેરબાની જીંદગીભર ટકે છે;
રૂદન રાત પર્યંત રહે,
પણ સવારમાં હર્ષાનંદ થાય છે" (૩૦;૫).
આ સ્વરૂપ નીતિવચનોના પુસ્તકના અધ્ય. ૧૦-૨૧માં વિશેષ મળે છે.

(ઇ) કોઈક વખત શ્લોકમાં બે કરતાં વધારે લીટી પણ હોય છે. એવે ઠેકાણે પહેલી લીટીમાં જે કંઈ વિચાર વ્યક્ત કરેલો હોય, તે બાકીની બે લીટીમાં વિકાસ પામતો જતો હોય, એમ દેખાય છે. દા.ત.

"ત્યારે પાણીની રેલો અમને તાણી જાત;
અમારા જીવ પર રેલ ચઢત;
ત્યારે ગર્વિષ્ઠ રેલો અમારો જીવ ઉપર ફરી વળત" (૧૨૪; ૪,૫).
કેટલાંએક ગીત ટેકવાળાં છે, જેવાં કે ૪૨+૪૩, ૮૦,૧૦૭.

૨. **સેલાહ.** આ શબ્દ ૭૧ જુદાં જુદાં ગીતોમાં મળી આવે છે. (હબ.૩જામાં ૩ વાર). તેનો શો અર્થ કરવો તે વિષે ઘણો મતભેદ છે. પરંતુ હિંદી સંગીતમાં ધૂન લગાવવાની જે પ્રથા છે, એટલે ગાનારા ગાતા બંધ રહે એ દરમિયાન વાજિંત્રવાળાઓ વાજિંત્ર વગાડવાનું ચાલુ જ રાખે, એવી જે પ્રથા છે, તે આ શબ્દથી સૂચવાએલી હોય, એ લગભગ ખાતરીપૂર્વક વાત છે. "સેલાહ" શબ્દ જ્યાં જ્યાં મળી આવે છે, ત્યાં એકંદરે ગીતના વિષયમાં ઓછુંવત્તું બદલાણ પણ થએલું જણાય છે.

૩. **કક્કાનુક્રમે ગોઠવેલાં ગીત.** આ વર્ગનાં ૮ ગીત છે, એટલે ૯+૧૦,૨૫,૩૪,૩૭ ૧૧૧+૧૧૨ ને ૧૪૫. હેબ્રી અક્ષરમાળામાં ૨૨ અક્ષર છે. ઉપલાં ગીતોમાં દરેક શ્લોકના આદ્યક્ષરો હેબ્રી કક્કાનુક્રમે ગોઠવેલા છે. આ સ્વરૂપના ત્રણ સહુથી સારા દાખલા તો ગી.૨૫,૩૪, ને ૧૪૫ છે. (ગી.૧૪૫માં "ન" નામનો એક અક્ષર ખૂટે છે, તેથી તે ગીતની માત્ર ૨૧ કડી છે). આ બાબતે બાકીનાં ગીતો ઓછાવત્તા પ્રમાણમાં અનિયમિત છે.

ગીત ૧૧૧ ને ૧૧૨માં દરેક લીટીનો જુદો જુદો આદ્યક્ષર છે.

(ઇ) ગીત ૧૧૯માં ૨૨ શ્લોકસમૂહ સમાએલા છે, તેમાંના દરેક સમૂહમાં આઠ આઠ શ્લોક છે, અને તે સર્વના આદ્યક્ષર એક જ છે. ગુજરાતી બાઇબલમાં દરેક શ્લોકસમૂહને મથાળે તે સમૂહમાં વપરાએલો આદ્યક્ષર છાપેલો છે. નીતિ.૩૧; ૧૦-૩૧, વિલ.૧-૪, અને ના.૧; ૧-૯માં પણ કક્કાનુક્રમે ગોઠવેલા શ્લોક મળી આવે છે.

જ્ઞાનવર્ગનું સાહિત્ય તથા તેનાં લક્ષણ

આ વર્ગનાં ૫ પુસ્તક છે, તેમાંનાં ૩, એટલે "અયૂબ," "નીતિવચનો" તથા "સભાશિક્ષક," જૂના કરારમાં, અને બાકીનાં ૨, એટલે "યેસૂનું જ્ઞાન" તથા "સુલેમાનનું જ્ઞાન" LXXમાં સમાએલાં છે.

૧. યરુશાલેમનું પતન થયું, તે પહેલાં "જ્ઞાની" નામનો એક વર્ગ તે શહેરમાં ઊભો થયો હતો, એવું ય૨.૧૮;૧૮ પરથી માલૂમ પડે છે. પ્રાચીન વાટો તજી દઈને તમે કાચા પગદંડે ચાલવા લાગ્યા છો, એમ કહીને પ્રબોધકે તેમને ચેતવ્યા હતા (૧૫). પણ "યાજકની પાસે નિયમશાસ્ત્ર (=તોરાહ, શિક્ષણ), જ્ઞાની પાસે સલાહ તથા પ્રબોધકની પાસે પ્રબોધનું વચન ખૂટવાનું નથી," એમ કહીને લોકે યર્મિયાને જવાબ આપ્યો. નિયમશાસ્ત્ર તથા ચાલતા આવેલા રિવાજોને આધારે શિક્ષણ આપવાની યાજકની ફરજ હતી. યહોવાનું વચન પ્રગટ કરવાની પ્રબોધકની ફરજ હતી, આ સામાન્ય જીવનવ્યવહાર સંબંધી સલાહ આપવાની જ્ઞાનીની ફરજ હતી. આ વચન પરથી જ્ઞાનીઓમાં મુખ્ય બે લક્ષણ કયા કયા હતાં, તે સમજી શકાય છે, એટલે (અ) તેઓ વાનપ્રસ્થ નહોતા. ગામ હોય કે શહેર, તોય તેઓ લોકના સહવાસમાં રહેતા હતા. "મનુષ્યોમાં મને આનંદ થતો હતો," એવું જ્ઞાનનું કહેવું છે (ની.૮;૩૧). (આ) તેમ જ તેઓ તત્ત્વજ્ઞાનીઓ પણ નહોતા. હવે તત્ત્વજ્ઞાની કોને કહીએ? વિશ્વવહીવટની સૂક્ષ્મ તપાસ કરતાં તે ઈશ્વરની શોધખોળ કરનાર છે. પણ હેબ્રી જ્ઞાનીઓ બાંધકામ કરનારા જેવા હતા. ઈશ્વર છે, તે સહુનો ઉત્પન્નકર્તા તથા નિભાવનાર અને અંતે સહુનો ન્યાય કરનાર તથા સહુને યોગ્ય બદલો આપનાર છે, એવા વિશ્વાસરૂપી પાયા પર તેઓ બાંધકામ કરતા હતા (ની.૮; ૩૫,૩૬). તેથી હેબ્રી જ્ઞાનીના સમજવા પ્રમાણે "યહોવાનો ભય એ જ્ઞાનનો આરંભ છે" (ની.૧;૭).

૩. હવે જ્ઞાન એટલે શું? કોઈ પણ પ્રકારનું કળાકૌશલ્ય એ જ્ઞાન કહેવાય છે. બુદ્ધિના (જ્ઞાનના) આત્માથી ભરપૂર માણસોએ પ્રમુખ યાજકનાં પવિત્ર વસ્ત્રો સીવ્યાં (નિ.૨૮;૩), તેમ જ બસાલએલ મુલાકાતમંડપને સારુ જોઈતો સરસમાન બનાવી શકે, તે માટે યહોવાએ તેને "બુદ્ધિ, સમજણ, જ્ઞાન, તથા સર્વ પ્રકારના કળાકૌશલ્યની બાબતમાં ઈશ્વરના આત્માથી ભરપૂર કર્યો" (નિ.૩૧;૩). વળી જ્ઞાન કહે છે કે

"મારા વડે રાજાઓ રાજ કરે છે,
અને હાકેમો ન્યાય ચૂકવે છે" (ની.૮;૧૫).

યૂસફ (ઉત.૪૧;૩૩), સુલેમાન (૧ ૨૧.૩;૧૨) તથા બીજા ઘણા હેબ્રી નેતાઓ આ વર્ગના હતા. સુલેમાનમાં "દેવનું જ્ઞાન" હોવાને લીધે તે ન્યાય કરવામાં બાહોશ ગણાતો હતો (૧ ૨૧.૩;૨૮), અને તેજ જ્ઞાનને લીધે તે સઘળી જાતની વિદ્યામાં પ્રખ્યાત બની ગયો (૧ ૨૧.૪; ૨૯-૩૪). જ્ઞાન એ તો ઈશ્વરે આપેલું દાન છે (ની.૨;૬).

જ્ઞાન ઈશ્વરનું એક ખાસ લક્ષણ છે. "જ્ઞાન વડે યહોવાએ પૃથ્વી રચી" (ની.૩;૧૯). તે પોતાના જ્ઞાનથી જગતને ધરી રાખે છે (૪૨.૧૦;૧૨). એકલો ઈશ્વર જ્ઞાનનો માર્ગ જાણે છે (યૂ.૨૮;૨૩). તેની શોધખોળ કરવામાં માણસો તનતોડ મહેનત કરે, તોપણ તે તેમને જડે નહિ (યૂ.૨૮; ૧૨-૨૧).

વળી નીતિવચનોના પુસ્તકમાં જ્ઞાનનું સજીવારોપણ કરીને જે શબ્દો વડે દેવનો શબ્દ ઈસુ ખ્રિસ્ત તથા પવિત્ર આત્મા નવા કરારમાં વર્ણવેલા છે, તેવા જ શબ્દો વડે તે પુસ્તકના લેખકે જ્ઞાનનું વર્ણન પણ કરેલું છે. સૃષ્ટ વાનાંમાં પ્રથમ ઉત્પન્ન કરેલું તો જ્ઞાન હતું (ની.૮; ૨૨-૨૬. સર.કલ.૧;૧૫). ઉત્પત્તિ વખતે "કુશળ કારીગર" તરીકે જ્ઞાન પણ ઈશ્વરની સાથે હાજર હતું (ની.૮;૩૦.સર.યો.૧;૩ : કલ.૧;૧૬). જ્ઞાનનું પોતાનું વિદ્યાલય છે. તે શિક્ષણ આપે છે, ને તેના શિષ્યો પર તે પોતાનો આત્મા રેડી દે છે (ની.૧;૨૦-૨૩.સર.યો.૧૪;૧૬,૧૭ : ૧૬;૭). તેનો પોતાનો રાજમહેલ પણ છે, ત્યાં તે પોતાના મિત્રોને જમાડે છે (ની.૯;૧-૫. સર.પ્ર.૧૯;૯). કાળાંતરે આ સિદ્ધાંતનો જે વિકાસ થતો ગયો તેનું વિવેચન ચોથા ફકરામાં કરેલું છે.

૩. આપણે પોતે આવું જ્ઞાન સંપાદન કરી શકતા નથી, તો તે પ્રત્યે આપણી શી ફરજ છે? યહોવાનું ભય રાખવું, એજ માણસની ફરજ છે, તેમ કરવામાં માણસની બુદ્ધિ રહેલી છે (૧;૭ : ૯;૧૦ : ગી.૧૧૧;૧૦). "દેવનું ભય રાખ અને તેની આજ્ઞાઓ પાળ-એજ સર્વ માણસોની ફરજ છે" (સભ.૧૨;૧૩). એમ છતાં આવા જ્ઞાનને પ્રાપ્ત કરવા સારુ પ્રયત્ન કરવાની દરેકની ફરજ છે. "જ્ઞાન એજ મુખ્ય વસ્તુ છે, તેથી તે પ્રાપ્ત કર" (૪;૭). માણેક કરતાં તે મૂલ્યવાન છે

(૮;૧૧), જેને તે મળે તે ધન્ય છે (૩;૧૩). જે જ્ઞાની છે, તે શીખવાની ઇચ્છા રાખે છે; તે દુષ્ટતાથી બીને દૂર થાય છે (૧૪;૧૬). ધ્યાન આપીને તે વિદ્યામાં વધતો જાય છે (૧;૫), અને જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ તે બીજાઓનું કલ્યાણ કરનાર બને છે. તેની જીભ આરોગ્યરૂપ છે (૧૨;૧૮), અને તેનું શિક્ષણ જીવનના ઝરારૂપ છે (૧૩;૧૪). તેનાં વચન બીજાઓને પ્રકાશ આપનારાં થાય, તે માટે તે સંઘરી રાખવામાં આવે છે. "નીતિવચનો" ના પુસ્તકમાં એવાં વચનના જુદા જુદા સમૂહ સમાએલા છે. LXX પ્રમાણે ૨૨;૧૬ ને ૧૭ વચ્ચે તેમ જ ૨૪;૨૨ ને ૨૩ વચ્ચે "જ્ઞાનીઓનાં વચન" એવાં મથાળાં મળી આવે છે.

પરિણામે જ્ઞાનીઓ ગૌરવનો વારસો પામે છે (૩;૩૫), અને તેઓનું ધન તેઓનો મુગટ છે (૧૪;૨૪). જે જ્ઞાની, એટલે જે યહોવાનું ભય રાખે છે, તેનાં બીજાં ઘણાં લક્ષણ નીતિવચનોના પુસ્તકમાં વર્ણવેલાં છે.

૪. વંશપરંપરાથી ચાલતા આવેલા ધર્મસિદ્ધાંતો, વિશેષે કરીને હેબ્રી ધર્મનો જે મૂળ પાયાનો સિદ્ધાંત, એટલે કે "હે ઇસ્ત્રાએલ, સાંભળ; યહોવા આપણો દેવ, યહોવા એક," તે હેબ્રી જ્ઞાનશાસ્ત્રીઓને માન્ય હતો. વળી ન્યાયી માણસ સુખશાંતિ પામે છે, પણ દુષ્ટ માણસની જિંદગી દુ:ખગ્રસ્ત હોય છે, એવો બીજો સિદ્ધાંત હેબ્રીઓને સર્વમાન્ય હતો.

"દુષ્ટના માર્ગથી યહોવા કંટાળે છે,
પણ નેકીને અનુસરનાર પર તે પ્રેમ કરે છે" (૧૫;૯), એજ મત નીતિવચનોના પુસ્તકમાં બધે મળી આવે છે.

પરંતુ ઇસ્ત્રાએલ લોકો પર જે જે સંકટો આવી પડ્યાં હતાં, તેને લીધે ઉપરના બીજા સિદ્ધાંત વિષે માણસોના મનમાં જાતજાતનો સંદેહ આવવા લાગ્યો હતો. વિશેષે કરીને જ્ઞાનીઓ તે સિદ્ધાંતમાં ગર્ભિત રહેલા સત્ય વિષે વાદવિવાદ કરવા લાગ્યા હતા. જ્યારે પ્રબોધ કરનાર કોઇ નહોતો, ત્યારે સત્યનો દીવો સળગતો રાખનારા તો જ્ઞાનીઓ હતા, અને જાતઅનુભવદ્વારા તેઓને જે કોઇ ઇશ્વરદત્ત નવી પ્રેરણા થાય, તે સ્વીકારવા તેઓ આતુર હતા. આ વાતનું વિવેચન અયૂબના પુસ્તકની પ્રસ્તાવનામાં કરવામાં આવશે.

આ સમય દરમિયાન બે જુદી જુદી બાબતનો વિશેષ વિકાસ થયો, કે જેથી જાણે કે અત્યાર સુધી જૂના કરાર તથા નવા કરારના સિદ્ધાંત વચ્ચે ખાઈ જેવું જે અંતર હતું, તે બેના પર અનુસંધાનરૂપી પૂલ બાંધવામાં આવ્યો. પરંતુ જે પુસ્તકમાંથી (એટલે "સુલેમાનનું જ્ઞાન") આ વાતના દાખલા મળી આવે છે, તે હેબ્રી જૂના કરારના નિયમગણમાં સમાએલું નથી. તે તો LXXમાં મળી આવે છે. તે બે બાબત નીચે પ્રમાણે છે :---

(૧) **જ્ઞાનનું સજીવારોપણ.** આનો એક દાખલો ની.૮;૧૨-૩૬માં મળે છે ખરો, તોપણ "સુલેમાનના જ્ઞાન" માં તેની વધુ ખીલવણી થએલી જણાય છે. દા.ત :

"જ્ઞાન તો ઈશ્વરના પરાક્રમનો શ્વાસ,
સર્વસમર્થના ગૌરવનું તેજ,
તથા તેના સત્ત્વની પ્રતિમા છે.
વળી જ્ઞાન એકરૂપ હોવાને લીધે સર્વશક્તિમાન છે.
પેઢી દરપેઢી સંતોનાં અંતઃકરણોમાં દાખલ થઈને તે ઈશ્વર તથા પ્રબોધકો વચ્ચે મૈત્રીનો સંબંધ બાંધે છે."

હે.૧;૩ પ્રમાણે પ્રભુ ઈસુ ઈશ્વરના "ગૌરવનું તેજ" કહેવાય છે, અને ઉપરના છેલ્લા શબ્દો પવિત્ર આત્માને લાગુ પડે એવા છે.

(૨) **અમરપણું.** મરણ પછીના જીવન સંબંધી હેબ્રીઓની માન્યતા કેવી ઝાંખી હતી, તે વિષે આપણે ક્યારનાય શીખી ગયા છીએ. પણ મક્કાબીઓના સમયમાં તેઓના પર આવી પડેલી જાતજાતની સતાવણીથી નિર્ગત થએલા ઈશ્વરના લોકના હૃદયમાં અમરપણાની આશાનો દિલાસારૂપ સંચાર થવા પામ્યો. સભાશિક્ષકના પુસ્તકમાં જીવનમરણને લગતી જે નિરાશા વ્યક્ત કરેલી છે, તેનું ખંડન સુલેમાનના જ્ઞાનના લેખકે કર્યું છે. દા.ત.

"આપણી જિંદગી ક્ષણભંગુર તથા વ્યાધિગ્રસ્ત છે,
એવું ભૂલભરેલા તર્કવિતર્ક કરીને તેઓએ પોતાના મનમાં કહ્યું."

પછી સભાશિક્ષકનો સારાંશ આપીને લેખકે આ વાતનો એવો સચોટ રદિયો આપ્યો, કે--

"ઈશ્વરે માણસને અવિનાશીપણાને સારુ ઉત્પન્ન કરીને
પોતાના સનાતનપણાની પ્રતિમા પ્રમાણે (સભ.૩;૧૧) બનાવ્યો.

ન્યાયીઓના આત્માઓ ઈશ્વરના હાથમાં છે,
તેઓને કંઈ પણ ઈજા થશે નહિ.
દુષ્ટોની આશા પવનથી ઊડી જતાં ફોતરાં જેવી,
તોફાન આગળ ઊડતા ફીણ જેવી છે,
પણ ન્યાયીઓ સદા જીવતા રહે છે."

જગતનું અજવાળું તથા જીવન જે છે, તેના પગોને સારુ ઈશ્વરે જ્ઞાનીઓના વર્ગની મારફતે અરણ્યમાં માર્ગ તૈયાર કરાવ્યો, તે આવા દાખલા પરથી માલૂમ પડે છે.

જ્ઞાનીઓએ રચેલાં પુસ્તકો પુરાતન કાળના કોઈ મહાન પુરુષને નામે પ્રસિદ્ધ કરવાની રીત હતી, એવું તે વર્ગના સાહિત્યનું એક લક્ષણ છે. તદનુસાર નીતિવચનો, સભાશિક્ષક અને ગીતોનું ગીત તેમ જ આપોક્રિફામાંનું "જ્ઞાન" એ સર્વ સુલેમાનકૃત કહેવાય છે.

નીતિવચનો

આ પુસ્તકને લગતી પ્રસ્તાવના આગલા પ્રકરણમાં સમાએલી છે. વળી પુસ્તકની ગોઠવણ તથા તેનો સંદેશો સરળ તથા સ્પષ્ટ છે, તેથી તેને આધારે જ્ઞાનનાં લક્ષણોના કેટલાક દાખલા આપવા સિવાય બીજું કંઇ બાકી રહેતું નથી.

આ પુસ્તક ઉઘાડતાં જ નવા પ્રકારનું વાતાવરણ તરત માલૂમ પડે છે. મહાન પ્રબોધકોના શિક્ષણની મૂળ મુદ્દાની વાતો, એટલે (૧) યહોવા એકલો ખરો દેવ છે; (૨) દરેક જણનાં કૃત્યોની જવાબદારી દરેકને શિર રહેલી છે; અને (૩) સદાચારનું પરિણામ એ આબાદાની ને દુરાચારનું પરિણામ સત્યાનાશ છે, એ વાતો નીતિવચનોમાં સમાએલી છે ખરી, પરંતુ પ્રબોધકોનાં પુસ્તકોમાં જેવું આત્મિક દૃષ્ટબિંદુ, અયૂબના પુસ્તકમાં સત્યની જેવી શોધખોળ કે ગીતશાસ્ત્રમાં જેવી ઈશ્વરપરાયણતા જણાઈ આવે છે, તેવાં લક્ષણો નીતિવચનોમાં દેખાતાં નથી. તેમાં રાષ્ટ્રિયવાદ પણ જણાતો નથી. "ઇસ્ત્રાએલ" એ શબ્દ (૧;૧ સિવાય) તેમાં મળી આવતો જ નથી. નિયમશાસ્ત્ર, ધર્મક્રિયાઓ, યાજક કે પ્રબોધક, એવા વિષયને લગતી એક પણ વાત તેમાં હાથ આવતી નથી, તેમ જ ઇસ્ત્રાએલના માર્મિક ઇતિહાસ સંબંધી કે તે લોકમાં પ્રવર્તેલી મૂર્તિપૂજા સંબંધી પણ કંઇ પણ લખેલું નથી. તે જ્ઞાનનું જ એક પુસ્તક છે, એટલે સર્વ માણસોને અનુભવથી જે જ્ઞાનની પ્રાપ્તિ થઇ શકે, તેવા જ્ઞાનનું. (આ પુસ્તકની બાઇબલ સોસાયટી તરફથી બહાર પડેલી એક આવૃત્તિ અગાઉ ચાલુ હતી, તે બિનખ્રિસ્તીઓમાં સારા પ્રમાણમાં ખપતી હતી). પરંતુ આ પુસ્તકને હેબ્રી શાસ્ત્રમાં સ્થાન મળવાનું જે એક જ કારણ જણાય છે, તે તો યહોવાનું નામ છે. આ નામ તેનું મુખ્ય લક્ષણ છે. આ જ નામને લીધે નીતિવચનો બીજાં બધાં નૈતિક પાઠ્યપુસ્તકોથી જુદું પડે છે. "યહોવાનું ભય એ વિદ્યાનો આરંભ [અથવા મુખ્ય ભાગ] છે" (૧;૭), એ તેના શિક્ષણનો સાર છે. આપોક્રિફામાં જ્ઞાનને બીજી ઉપમા આપેલી છે, એટલે

"યહોવાનું ભય રાખવું તે જ્ઞાનનું મૂળ છે,
અને દીર્ઘાયુષ્ય તેની ડાળીરૂપ છે."

આવા શુભ મૂળમાંથી બીજું બધું ઉદ્‌ભવે છે. ૮;૧૩ પ્રમાણે "દુષ્ટતાનો ધિક્કાર કરવો એજ યહોવાનું ભય છે." આ તો ખરી બુદ્ધિ છે. "જ્ઞાન

એજ મુખ્ય વસ્તુ છે, તેથી તે પ્રાપ્ત કર," એમ ૪;૭માં કહેલું છે. પણ RVm પ્રમાણે "જ્ઞાનની પ્રાપ્તિ કરવી એજ જ્ઞાનનો આરંભ છે," એવો આ વાક્યનો તરજુમો થાય છે (સરખાવો યો.૭;૧૭).

જો કે ઉપર કહ્યા પ્રમાણે આ પુસ્તકનું વાતાવરણ જૂના કરારનાં બીજાં પુસ્તકોથી જુદું જણાય છે ખરું, તોપણ તેનું તાત્પર્ય તેમના જેવું જ છે. ઈશ્વર જે જીવન તથા અજવાળાનું ઝરણ છે (ગી.૩૬;૯), તેની હજૂરમાં તે આપણને દોરી જાય છે.

I. તેની રચના. કહાણીઓના જે જુદા જુદા સંગ્રહનું આ પુસ્તક બનેલું છે,તે નીચે પ્રમાણે છે :

(૧) ૧;૧-૯;૧૮. ખરું કહેતાં આ વિભાગ તો કહાણીનો સંગ્રહ નથી. જો ૩; ૨૯-૩૫ ને ૬; ૧-૧૯ બાતલ કરવામાં આવે, તો બાકીનાં સર્વ વચનો એકરૂપ તથા એક જ વિષયને લગતાં છે. તે વિષય તો જ્ઞાન છે. "ઇસ્રાએલના રાજા દાઉદના પુત્ર સુલેમાનનાં નીતિવચનો," એવું આ સંગ્રહનું મથાળું છે. પરંતુ જો કે તે સુલેમાનકૃત કહેવાય છે, તોપણ તે જ્ઞાનવાળા સાહિત્યનું છે, અને જ્ઞાનશાસ્ત્રીઓની આવી રીત હોવાને લીધે તે સુલેમાનનું કહેવાય છે, એ નિર્વિવાદ વાત છે.

જ્ઞાનને જે પ્રધાનસ્થાન આપેલું છે, તે આ સંગ્રહનું ખાસ લક્ષણ છે. પ્રબોધકોના શીખવ્યા પ્રમાણે ન્યાયીપણું તથા પવિત્રતા એજ યહોવાના ખાસ સદ્‌ગુણો છે. "પવિત્ર, પવિત્ર, પવિત્ર છે સૈન્યનો દેવ યહોવા," એવું તેની હજુરમાં સરાફીમ નિરંતર પોકાર્યા કરે છે, પણ આ લેખકના શીખવ્યા પ્રમાણે જે "ગલીએ ગલીએ મોટેથી પોકાર કરે છે," તે તો જ્ઞાન છે (૧;૨૦). મનુષ્યોને બોલાવનાર તો જ્ઞાન છે (૮;૪). પોતાનું ઘર બાંધીને ભોળાને માંહે આવીને જમવાનું આમંત્રણ જે આપે છે, તે તો જ્ઞાન છે (૯; ૧-૬). તે સર્વ ઉપરાંત ઉત્પત્તિને સમયે "કુશળ કારીગર તરીકે" ઈશ્વરની સાથે જ્ઞાન હતું (૮;૩૦).

આવા શિક્ષણમાં ગ્રીક તત્ત્વજ્ઞાનથી હેબ્રી જ્ઞાનીઓ પર થએલી અસર કંઈક અંશે દેખાઈ આવે છે. જાણે કે જ્ઞાન ઈશ્વરથી એક જુદી જ જણાએલી વ્યક્તિ હોય, એટલે સુધી જ્ઞાનનું સજીવારોપણ કરેલું છે. (આ વાતનું વિવેચન આગલા પ્રકરણમાં કરવામાં આવ્યું છે). ઈશ્વરના કાર્યકારક આત્માને જ્ઞાનની સંજ્ઞા આપેલી છે, તે વાતમાં ઈશ્વરની આંગળી દેખાઈ આવે છે. આથેન્સ શહેરમાં જ્યારે પ્રેરિત પાઉલે ઈસુના

પુનરુત્થાનની સુવાર્તા પ્રગટ કરી, ત્યારે એપીક્યુરી તથા સ્ટોઇક મતોના તત્ત્વજ્ઞાનીઓએ તેની ઠઠ્ઠામશ્કરી કરી ખરી (પ્રે.૧૭; ૧૮,૩૨), પણ ઘણાં વર્ષ વીતી ગયા પહેલાં ગ્રીસ દેશના બીજા ઘણા સાક્ષરોએ ઈસુ નાઝારીના ચરણ આગળ નમીને તેને પોતાના પ્રભુ તરીકે અંગીકાર કર્યો. તેઓને સારુ યોહાનની સુવાર્તાનું શિક્ષણ, એટલે કે "આદિએ શબ્દ હતો, અને શબ્દ દેવની સંઘાતે હતો, અને શબ્દ દેવ હતો...અને શબ્દ સદેહ થઈને આપણામાં વસ્યો," એજ માર્ગદર્શક શિક્ષણ હતું. હવે કેટલેક અંશે એ સિદ્ધાંત જ્ઞાન સંબંધીના બોધ પરથી ઉત્પન્ન થયો, તેથી જો કે આ પુસ્તક ઘણે ભાગે બીજા સાધારણ પુસ્તકો જેવું દેખાય છે, તોપણ જ્ઞાન સંબંધીનું આ તત્ત્વ ઈશ્વરના રફતે રફતે થતા પ્રકટીકરણનો એક માર્ગસ્તંભ છે. દેવપુત્ર માનવપુત્ર થયો, તે બનાવને સારુ એ તૈયારીરૂપ હતું; કેમ કે જેમ ઉપર બતાવ્યા મુજબ "સુલેમાનનું જ્ઞાન" નામના પુસ્તકમાં સમાએલા વચનને આધારે હેબ્રીઓના પત્રના લેખકે પ્રભુ ઈસુને ઈશ્વરના "ગૌરવનું તેજ" એ શબ્દો લાગુ પાડ્યા, તેમ નીતિવચનોના પુસ્તકમાંથી પાઉલ પ્રેરિતે પ્રભુ ઈસુને લગતા વચનનો ઉતારો કર્યો. RVm પ્રમાણે ૮;૨૨નો એવો તરજુમો કરેલો છે, કે

"તેના સૃષ્ટિકમના આરંભ તરીકે
ઈશ્વરે મને પોતાનાં કૃત્યોમાં પ્રથમ જ ઉત્પન્ન કર્યું."

કલ.૧;૧૫ પ્રમાણે ઈશ્વરનો પ્રિય પુત્ર "અદૃશ્ય દેવની પ્રતિમા, સર્વ સૃષ્ટિનો પ્રથમજનિત" કહેવાય છે. આવી રીતે જૂના કરાર તથા નવા કરારનું અનુસંધાન થાય છે. આવી રીતે ખ્રિસ્તમાં "સર્વ વાનાં વ્યવસ્થિત થઈને રહે છે" (કલ.૧;૧૭). તેથી "હું આલ્ફા તથા ઓમેગા, પ્રથમ તથા છેલ્લો આદિ તથા અંત છું," એવું મહિમાવંત થએલા ખ્રિસ્તનું વચન છે.

(૨) ૧૦; ૧-૨૨;૧૬. "સુલેમાનનાં નીતિવચનો." આ તો કહાણીના ખરા સ્વરૂપમાં રોજના જીવનવ્યવહાર સંબંધીનાં વચનનો મોટો સંગ્રહ છે, અને તે સુલેમાનકૃત કહેવાય છે. સુલેમાન જાણે કે જ્ઞાનીઓનો પિતા હતા, એવું ૧ ૨૧.૪;૨૯-૩૪ પરથી માલૂમ પડે છે. તેણે ૩૦૦૦ જ્ઞાનસૂત્ર કહ્યાં, અને તેનાં જ્ઞાનમય વચનોનું શ્રવણ કરવા સારુ બીજા દેશના રાજાઓ ચોગરદમથી યરુશાલેમ આવતા હતા. તેણે

યોજી કાઢેલી ઘણી ઉક્તિઓ આ સંગ્રહમાં સમાએલી છે, તેમાં કંઈ પણ શક નથી, પરંતુ તે કઈ કઈ કે કેટલી છે, તે ખાતરીથી કહેવાય નહિ.

હેબ્રી પિંગળશાસ્ત્રના નિયમ પ્રમાણે શ્લોકની બે લીટીમાં કહેલો અર્થ (૧) મળતો, (૨) ઉલટો કે (૩) સંબંધરૂપ હોઈ શકે છે. આ સંગ્રહમાં સમાએલા ઘણાખરા શ્લોકમાં વિરોધાર્થ સમતોલપણું જણાય છે. દા.ત.

"જ્ઞાની દીકરો પોતાના બાપને હર્ષ ઉપજાવે છે,
પણ મૂર્ખ દીકરો પોતાની માને ભારરૂપ છે" (૧૦;૧).

(૩) (અ) ૨૨; ૧૭-૨૪;૨૨. (આ) ૨૪;૨૩-૩૪. આ બંને સંગ્રહનું મથાળું "જ્ઞાનીઓનાં વચન" છે. (અ) માં ચાર લીટીવાળા શ્લોક મળે છે, તેમાંના ઘણાખરા શ્લોકની એવી રચના છે, કે પહેલી બે લીટીમાં કંઈ પ્રતિબંધ વ્યક્ત કરેલો છે, અને બાકીની બે લીટીમાં તે પ્રતિબંધ કરવાનાં કારણ જણાવેલા છે. ૨૩; ૨૯-૩૫ મદ્યપાનથી થતાં વિનાશક પરિણામ અને ૨૪; ૩૦-૩૪ આળસથી થતું ખોટું પરિણામ આબેહૂબ રીતે વર્ણવેલાં છે.

(૪) ૨૫; ૧-૨૯;૨૭. "આ પણ સુલેમાનનાં વચન છે, કે જેમનો ઉતારો યહૂદાહના રાજા હિઝકીયાના માણસોએ કર્યો હતો," એવું આ સંગ્રહનું મથાળું છે. તેના ત્રણ વિભાગ છે, તે નીચે પ્રમાણે છેઃ

(અ) ૨૫; ૨-૨૭;૨૨. આમાં પણ ચાર લીટીવાળા શ્લોક સમાએલા છે, જેવા કે રાજાઓને લગતાં વચન (૨૫; ૨-૭), ડહાપણથી બોલવા સંબંધી (૧૧,૧૨), ને શત્રુઓ પ્રત્યેના દયાભાવ સંબંધી (૨૧,૨૨).

(આ) ૨૭; ૨૩-૨૭. ઢોરઢાંકરના મૂલ્ય વિષેનું ટૂંક કાવ્ય.

(ઇ) ૨૮; ૧-૨૯;૨૭. આ સંગ્રહ ઉપરના બીજા સંગ્રહ જેવો છે. તેના ઘણાખરા શ્લોકમાં વિરોધાર્થ સમતોલપણું મળી આવે છે.

(૫) પરિશિષ્ટ.

(અ) ૩૦; ૧-૩૩. આમાં વિવિધ પ્રકારનાં ઘણાં વચન સમાએલાં છે. તેના બે જુદા જુદા વિભાગ થાય છે, એટલેઃ

(a) ૧-૯. "યાકેહના પુત્ર આગૂરનાં વચન, જે દેવવાણી છે." (ક.૧નો અર્થ સ્પષ્ટ નથી. RVm પ્રમાણે તેનો એવો તરજુમો કરી

શકાય છે, કે "હે દેવ, મેં પોતાને થકવ્યો, હે દેવ, મેં પોતાને થકવ્યો, કેમ કે બીજાં બધાં માણસ કરતાં હું વિશેષ પશુવત્ છું").

"આકાશમાં કોણ ચઢ્યો અને પાછો ઊતર્યો છે? કોણે પવનને પોતાની મુઠ્ઠીમાં સમેટી લીધો છે," વગેરે (૪), એવા પ્રશ્ન પૂછીને શું આગૂર અયૂબને યહોવાની આગળ પોતાની ફરિયાદ રજૂ કરવાની હિંમતને લીધે ધમકાવવા માગતો હશે?

(b) ૧૦-૩૩. આંકડાવાળા ઉખાણા. એ પ્રમાણે બોલવું તે હેબ્રી ભાષાની એક રૂઢિ હતી (જુઓ આમ. ૧;૩-૨;૬).

(આ) ૩૧; ૧-૯. "લમૂએલ રાજાનાં વચન એટલે તેની માએ તેને જે દેવવાણી શીખવી તે." તે વચન રાજાઓને આપેલા બોધરૂપ છે, તેઓને મદ્યપાન ન કરવા સંબંધી વિશેષ ચેતવણી આપેલી છે. પરંતુ

"જે મરવાની અણી પર હોય તેને મદિરા,

અને જેનું મન દુ:ખી હોય, તેને દ્રાક્ષારસ આપ" (૬), તે વચનને આધારે જેઓને દેહાંતદંડ ફરમાવવામાં આવ્યો હતો, તેઓને ફાંસી દેતી વેળા પીડામાં કંઈ રાહત મળે, તે માટે ગુનેગારોને યરુશાલેમવાસી ધાર્મિક સ્ત્રીઓમાં નિદ્રાજનક દ્રાક્ષારસ આપવાની પ્રથા ઉપસ્થિત થઈ હતી, એવું યહૂદી સાક્ષરોનું કહેવું છે (માર્ક ૧૫;૨૩).

(ઇ) ૩૧; ૧૦-૩૧. સદ્ગુણી સ્ત્રીની પ્રશંસા. આ પ્રકરણની કલમો હેબ્રી અક્ષરમાળાના ૨૨ અક્ષરોના અનુક્રમે ગોઠવેલી છે.

II. તેનું શિક્ષણ. નીતિવચનો સદાચારી જીવનનું એક માર્ગદર્શક પુસ્તક છે. "જે કંઈ સત્ય, સન્માનપાત્ર, ન્યાયી, શુદ્ધ, પ્રેમપાત્ર, સુકીર્તિમાન છે, તેનો વિચાર કરો," એવું પાઉલ પ્રેરિતનું જે વચન છે (ફિલ.૪;૮), તે આ પુસ્તકનો મુદ્રાલેખ પણ થઈ શકે, એમ છે. ભલા માણસને જે શોભતું કર્તવ્ય, એટલે ગરીબો પ્રત્યે દયાભાવ રાખવો, તે પર વિશેષ ભાર મૂકવામાં આવેલો છે (૧૪;૩૧ : ૧૯;૧૭ તથા બીજી ઘણી કહેવતો), અને બે પાપકર્મ એટલે સ્ત્રીલંપટપણું (૫; ૧-૨૩ : ૬; ૨૦-૩૫, વગેરે), ને મદ્યપાન (૨૦;૧ : ૨૩;૨૯-૩૫, વગેરે), તે સંબંધી ગંભીર ચેતવણી આપેલી છે.

શિક્ષણ ઉમદા છે ખરું, પણ તેમાંના ઘણાખરા ભાગનો આધાર જગતમાં ચાલતી સાદી સમજ પર રહેલો છે. તેમાં અમરપણાની આશા

જણાતી નથી. કેટલાંએક વચન છે ખરાં, કે જેમાં એવી આશા પ્રગટ કરેલી લાગે છે. પરંતુ તે વચનોની જો વધુ તપાસ કરવામાં આવે, તો તેમના મૂળાર્થ વિષે શક આવે, એમ છે.- દા.ત.

"દુષ્ટને પોતાની દુષ્ટતાથી હડસેલી પાડવામાં આવે છે,
પણ સદાચારીને પોતાના મોતમાં આશા (કે,આશ્રય) છે" (૧૪;૩૨).

હેબ્રી નિયમ પ્રમાણે જેમ દુષ્ટનો વિરોધાર્થ તો સદાચારી છે, તેમ બીજી લીટીમાં દુષ્ટતાનો વિરોધાર્થસૂચક શબ્દ હોવો જોઈએ, અને LXXમાં એવો શબ્દ તો છે, એટલે

"પણ સદાચારીનો આશ્રય તે તેનું સદાચરણ છે."

બીજો દાખલો ૧૨;૨૮માં મળે છે, એટલે :--

"નેકીના માર્ગમાં જીવન છે,
અને તેમાં મરણ છે જ નહિ."

પરંતુ આ વચન સિવાય અધ્ય.૧૨-૧૪માં સમાએલી બીજી બધી કહાણીઓ વિરોધાર્થવાળી છે, અને LXXમાં એજ પ્રકારનો તરજુમો મળી આવે છે, એટલે

"નેકીના માર્ગમાં જીવન છે,
પણ દુષ્ટોનો માર્ગ મોતમાં દોરી લઇ જાય છે,"

અમરપણાની આશા રાખવાની સમયની સંપૂર્ણતા હજુ આવી નહોતી, એવું આપણે સમજવું. જ્ઞાનીઓ મહાન પ્રબોધકોના અનુયાયી હતા, કે જેઓનું ધર્મશિક્ષણ જ્યાંસુધી સૂર્યોદય થયો નહોતો ત્યાંસુધી તેઓને સારુ "અંધારે ઠેકાણે પ્રકાશ કરનાર દીવાના જેવું" લાગતું હતું (૨ પી.૧;૧૯).

અયૂબ

I. આ પુસ્તકમાં ચર્ચેલી બાબત

(અ) જે ખાસ બાબત અયૂબના પુસ્તકમાં ચર્ચેલી છે, તે માનવજાત જેટલી પુરાણી છે, અને માનવજાતના અંત સુધી તે ચર્ચાતી રહેશે, કેમ કે તેનો છેવટનો નિર્ણય કરી શકાય એમ નથી. આ દેશમાં પણ એજ પ્રશ્નનું વિવેચન વંશપરંપરાથી ચાલતું આવેલું છે, તેના પ્રત્યુત્તરમાં હિંદના તત્ત્વજ્ઞાનીઓએ કર્મ તથા જન્માંતરનો મત યોજી કાઢ્યો છે. વળી આજે પણ તેજ બાબત સર્વત્ર ચર્ચવામાં આવે છે.

ઈશ્વર ન્યાયી છે, અને જેઓ તેની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરે છે, તેઓ દુઃખ પામે, તે વાજબી છે. પણ દોષિતોની સાથે નિર્દોષ દુઃખગ્રસ્ત થાય છે, તેનું શું કારણ છે? ઈશ્વર સર્વસમર્થ તેમજ દીનદયાળ છે, તો તે શું કરવા પોતાના સેવકો પર આપત્તિઓ આવવા દે છે? એ સવાલની ચર્ચા તે આ પુસ્તકનો વિષય છે, પણ તેનો કંઈ સ્પષ્ટ જવાબ આપવામાં આવતો નથી. તે વિષે આટલો જ નિર્ણય થાય છે, કે અયૂબને ઈશ્વરનાં દર્શન થયાં, ત્યારે જ તેના મનનું સમાધાન થયું, અને તેણે પોતાના ત્રણ મિત્રોની રૂબરૂ જે કચકચ કરી હતી, તેમ જ ઈશ્વરનો જે દોષ તેણે કાઢ્યો હતો, તે સર્વનો પસ્તાવો કરીને તે બોલતો બંધ પડ્યો. નિર્દોષ પર પણ દુઃખ આવી પડે છે, તે વાત મહાન મર્મરૂપ છે, અને જેવી દૃષ્ટિથી ઈશ્વર સર્વ જુએ છે, તેવી જ દૃષ્ટિથી જ્યાં સુધી આપણે અયૂબની પેઠે સર્વ વાનાં નિહાળી શકીએ નહિ, ત્યાં સુધી આપણા મનનું સમાધાન થવાનો સંભવ નથી.

(આ) બાળકો એવો સવાલ કદી પૂછે નહિ, તેમ જ કોઈ પણ પ્રજાની બાલ્યાવસ્થામાં પણ એવો પ્રશ્ન ઉપસ્થિત થાય નહિ. ન્યાયીઓ સુખશાંતિ ભોગવે છે, દુષ્ટો દુઃખી થઈને નાશ પામે છે, એવી પ્રાતઃકાળે ચાલતી માન્યતા હોય છે. ઘણાં સૈકાં સુધી ઈસ્ત્રાએલીઓ એવું માનીને સંતોષ પામતા હતા. તે સંબંધી ગિદીઓનને શક આવ્યો હતો ખરો---"જો યહોવા અમારી સાથે હોય, તો અમારે માથે આ સર્વ વિપત્તિઓ કેમ આવી પડી છે?" (ન્યા.૬;૧૩). પણ ન્યા.૨;૧૧-૨૩માં સમાએલો બોધ, એટલે કે યહોવાને વળગી રહેવાનું પરિણામ શાંતિ તથા નિર્ભયતા અને યહોવાનો ત્યાગ કરવાનું પરિણામ નાશ છે, એવો બોધ સર્વ લોક એકંદરે સ્વીકારતા હતા.

સૌ પ્રથમ જે ભક્તને આ માન્યતા ઠોકરરૂપ લાગી, તે તો યર્મિયા પ્રબોધક હતો. બીજાઓને પણ એજ લાગણી થવા લાગી હતી ખરી (હબ.૧;૧૩), પણ યર્મિયાના જેવી લાગણીથી બીજા કોઈએ પોતાના હૃદયના ઉદ્‌ગારો વ્યક્ત કર્યા નહોતા.

"દુષ્ટોનો માર્ગ શા માટે સફળ થાય છે?

જેઓ અતિશય વિશ્વાસઘાત કરે છે, તેઓ શા માટે સુખી હોય છે?" એવું પૂછીને યર્મિયા યહોવાને કાલાવાલા કરતો હતો (૧૨;૧). ગીતશાસ્ત્રમાંનાં કેટલાંએક ગીતમાં પણ એજ બાબત રજૂ કરેલી છે

(દા.ત.૩૭,૪૯,૭૩ વગેરે). આ ગૂંચવાએલું કોકડું ઉકેલવા સારુ જુદા જુદા મત આપવામાં આવેલા છે, જેમકે (૧) દુષ્ટોનું સુખ ક્ષણભંગુર હોય છે. (ગી.૩૭; ૯,૧૦,૨૦,૩૬ : ૭૩; ૧૮-૨૦, વગેરે); (૨) આખરે ન્યાયીઓ દેશનું વતન પામશે (૩૭;૯) : (૩) દુષ્કર્મીઓ ન જાણે એવો આધ્યાત્મિક વારસો સદાચારીઓનો છે (૭૩; ૨૩-૨૬).

યરુશાલેમના પતન તથા ત્યાર પછીના બંદીવાસને લીધે આ મડાગાંઠરૂપ બાબતને વિશેષ પુષ્ટિ મળી. બંદીવાસથી ઉપજેલી ફજેતી તથા પીડા ઇસ્ત્રાએલના મહિમારૂપ નીવડશે, એવો આશાજનક બોધ યશ.૪૦-૫૫માં આપવામાં આવ્યો હતો ખરો, પરંતુ તેમ બન્યું નહોતું, જેથી કરીને તેઓના પુનરાગમન પછીના સમયમાં નિરાશા બધે છવાઇ રહેવા પામી. સભાશિક્ષકના શીખવ્યા પ્રમાણે આપણું જીવન વ્યર્થ તથા ધુમાડામાં બાચકા ભરવાં જેવું છે (૨;૧૧). દુઃખ પાપમાંથી ઉપજતું પરિણામ છે, એવો મત સુવાર્તાઓમાં પણ મળી આવે છે (લૂ.૧૩; ૧-૪ : યો.૯;૨). અયૂબના પુસ્તકનો લેખક પુરાણા વખતથી ચાલતા આવેલા આવા મતનું ખંડન કરવા માગે છે. આ પુસ્તક ક્યારે રચવામાં આવ્યું તે ખાતરીથી કહેવાય નહિ, પરંતુ બંદીવાસ જેવા પ્રતિકૂળ સંજોગોમાં તે લખવામાં આવ્યું હોય, એવો ઘણો સંભવ છે.

II. તેની રચના. આખી દુનિયાના સાહિત્યમાં અયૂબ કરતાં ચઢિયાતો એક પણ ગ્રંથ નથી. ગીતશાસ્ત્રની માફક તેને પણ ખાસ પ્રસ્તાવનાની જરૂર નથી. ગુજરાતી બાઇબલમાં તેનો જે તરજુમો સમાએલો છે, તે સર્વોત્તમ છે, તેથી આપણે ભાગ્યશાળી છીએ.

સ્વરૂપમાં તે દૃશ્યકાવ્ય છે. (તેની પ્રસ્તાવના તેમ જ પરિશિષ્ટ બંને ગદ્યરૂપ છે). તેનું મુખ્ય પાત્ર અયૂબ છે. અયૂબ વિષે શું જણાવેલું છે? હઝ.૧૪; ૧૪,૨૦ પ્રમાણે તે ત્રણ આદર્શ ન્યાયી માણસોમાંનો એક હતો. તે ત્રણે પુરાતન સમયના ભક્તો હતા, કે જેઓની વાર્તા સર્વ ઇસ્ત્રાએલીઓમાં જાણીતી હતી, એવું સ્પષ્ટ છે. તેઓ આદિપિતાઓના સમયના હતા. અયૂબ ઉસ દેશનો વતની હતો. (૧;૧). તે દેશ ક્યાં આગળ આવેલો હતો, તેની આપણને ખબર નથી, પરંતુ બીજા જે દેશોનાં નામ આ પુસ્તકમાં મળી આવે છે (શબા (૧;૧૫-શેબા, અરબસ્તાનમાં) ને તેમાન (૨;૧૧) - અદોમનો એક તાલુકો)) તે પરથી એવું અનુમાન કરી શકાય છે, કે ઉસ દેશ અદોમ તથા

અરબસ્તાન વચ્ચે આવેલો હતો. અયૂબ "પૂર્વના લોકોમાં સહુથી મોટો પુરુષ મનાતો હતો" (૧;૩), તેથી તે યરદન નદીની પેલી પારના કોઇ દેશનો રહીશ હશે.

અયૂબ બિનઇસ્ત્રાએલી હતો, અને તેના ત્રણ મિત્રો પણ એવા જ હોય એવો સંભવ છે. અયૂબ વિષેની કોઇ પ્રચલિત દંતકથા હોય, કે જેમાં તેના દુઃખસહનનું તથા નિર્દોષ હોવાનો તેણે જે દાવો કર્યો તેનું કંઇ પણ વર્ણન કરવામાં આવ્યું હતું, એવું સમજવું. આવી દંતકથાને આધારે કવિએ પોતાનું દૃશ્યકાવ્ય રચ્યું. કવિ તો છઠ્ઠા સૈકાનો હોય, પણ કાવ્ય પુરાણા વખતમાં રચેલું હોય, એવું તેણે પોતાના કૌશલ્યથી તેને સ્વરુપ આપ્યું છે. આદિપિતાઓના સમયમાં ઇશ્વરનાં જે જુદાં જુદાં નામ--બિનઇસ્ત્રાએલી હોય તોય વાપરવામાં આવતાં હતાં, એવાં નામનો તેણે ઉપયોગ કર્યો છે. દા.ત. પ્રસ્તાવના તથા પરિશિષ્ટના બે વિભાગમાં "યહોવા" તે નામ ૩૧ વાર મળી આવે છે. પણ કાવ્યના વિભાગમાં તે માત્ર એક જ વાર (૧૨;૯) મળી આવે છે. કાવ્યમાં "એલ" ૫૫ વાર (=દેવ : ૫;૮,વગેરે), "એલોઆહ" ૪૧ વાર (-દેવ : ૩;૪,વગેરે); શાદ્દાઇ ૩૧ વાર (=સર્વશકિતમાન : ૫;૧૭, વગેરે) મળે છે. (જૂના કરારનાં બાકીનાં સર્વ પુસ્તકોમાં "એલોઆહ" માત્ર ૧૬ વાર, આવી રીતે કાવ્ય ઘણું પુરાણું લાગે, એવું તેનું સ્વરૂપ છે. પરંતુ પુનર્નિયમનું પુસ્તક પ્રસિદ્ધ થયા પછી (૬૨૨) અયૂબનું પુસ્તક રચવામાં આવ્યું હોય, એવો ઘણો સંભવ છે, કેમ કે યૂ.૩૧; ૨૬-૨૮માં સમાએલાં વચન પુ.૪; ૧૯ ને ૧૭;૩નાં વચનોની સાથે ઘણાં મળતાં આવે છે. વળી તેનાં સંબંધી સમાએલો ઉમદા બોધ યશ. ૪૦-૫૫ માં આવતા બોધના જેવો છે. છેલ્લું, શેતાનને લગતી જે માન્યતા તેમાં વ્યક્ત કરેલી છે, તે પાછળના સમયના શિક્ષણ જેવી છે (ઝખ.૩;૧).

અલીફાઝ, બિલ્દાદ તથા સોફાર નામના અયૂબના ત્રણ મિત્રો છે. અયૂબ તથા તેના દુઃખ સંબંધી તેઓ એક જ મતના હતા. પરંતુ અયૂબને તેની ભૂલ સમજાવવા સારુ તેઓએ જે જુદી જુદી દલીલો તેની આગળ રજૂ કરી, તેની જો ધ્યાનપૂર્વક તપાસ કરવામાં આવે, તો તેઓ જુદા જુદા સ્વભાવના હતા, એવું માલૂમ પડશે. સહુથી વૃદ્ધ તેમ જ સહુથી મોટા મનવાળો અલીફાજ હતો. તે દીર્ઘદર્શી હતો, તેનાં બોલેલાં

વચન કોઈ મહાન પ્રબોધક વચન જેવાં છે. તેણે કરેલા બોધની ભાષા પણ ઘણી સુંદર છે (દા.ત.૪; ૧૨-૨૧).

અલીહૂ નામનો એક ચોથો મિત્ર છે, તેનું નામ પ્રસ્તાવનામાં કે પરિશિષ્ટમાં મળી આવતું નથી. તેણે કરેલાં ભાષણની શૈલી તેમ જ તેણે કરેલો બોધ બીજા મિત્રોની શૈલી તથા બોધથી જુદાં જણાય છે, જેથી અલીહૂનાં ભાષણ પછીથી દાખલ કરવામાં આવ્યાં હોય, એવો ઘણાખરા સાક્ષરોનો મત છે. વળી ૩૧;૪૦, એટલે "અયૂબના શબ્દો સમાપ્ત થયા છે," ને ૩૮;૧, એટલે "ત્યારે યહોવાએ વંટોળિયામાંથી અયૂબને ઉત્તર આપતાં કહ્યું," તે બે કલમ વચ્ચેનો જોઈએ તેવો જ સંબંધ છે, તે સંબંધ અલીહૂનાં ભાષણોથી તૂટી જાય છે.

બીજું એક પાત્ર છે, એટલે શેતાન. તેના વિષે ટૂંકી નોંધ કરવાની જરૂર જણાય છે. આપણ ખ્રિસ્તીઓના સમજવા પ્રમાણે પ્ર.૨૦;૨માં જે "ઘરડો સર્પ" કહેવાય છે, તેજ શેતાન છે, જેથી શેતાનના નામનો પહેલવહેલાં એવો અર્થ નહોતો તે માનવું આપણને મુશ્કેલ લાગે છે. તોપણ તેજ કલમમાં તે "દોષ મૂકનાર" પણ કહેવાય છે, અને અયૂબના પુસ્તકમાં તેનું નામ એજ અર્થનું છે. (શેતાન શબ્દ વિશેષનામ નથી, તે "વાદી" જેવો વિશેષણરૂપ છે). તે દેવદૂતોમાંનો એક હતો, તેથી બીજા દૂતોની માફક તેને પણ દેવભક્તોની સેવા કરવા સારુ મોકલવામાં આવતો હતો (હેબ.૧;૧૪). માણસોની પારખ કરવાની તેની ફરજ હતી. પ્રતિફળની કંઈ પણ આશા રાખ્યા વગર અયૂબ ઈશ્વરની ભક્તિસેવા કરે છે કે કેમ (૧; ૮,૧૨), તે શોધી કાઢવાનું કાર્ય તેને સોંપવામાં આવ્યું. ઝખ.૩;૧ પ્રમાણે શેતાન દોષ મૂકનાર તરીકે અને ૧ કાળ. ૨૨;૧ પ્રમાણે તે લાલસા ધરનાર તરીકે દેખાય છે, તે બે દાખલા પરથી જતે દહાડે શેતાન સંબંધીની માન્યતામાં થતો ફેરફાર જણાઈ આવે છે.

અલીહૂનાં ભાષણ સિવાય એક બીજું ભાષણ છે, કે જેનો ચાલતા વિવેચન સાથેનો સંબંધ સ્પષ્ટ નથી. તે જ્ઞાન સંબંધીનું છે (૨૮). તનતોડ મહેનત કરીને માણસોએ ખાઈ ખોદીને સોનું તો શોધી કાઢ્યું છે (૧-૧૧), પણ જ્ઞાનનો માર્ગ માણસની જાણ બહાર રહેલો છે (૧૨-૨૮). બોલનાર તો અયૂબ છે, અને પુસ્તકમાંના સહુથી સરસ

ભાગોની સાથે તે ગણાવા લાયક છે. તોપણ અયૂબે બીજાં જે ભાષણ કર્યાં, અને વિશેષે કરીને છેલ્લું જે ભાષણ તે પછીથી કરવાનો છે, તે સર્વથી આ ભાષણ આટલું બધું જુદું જણાય છે, કે તે અયૂબકૃત છે, તે માનવું મૂશ્કેલ છે. વળી આ અધ્યાયનો પ્રથમ જે મૂળશબ્દ છે, એટલે "કેમ કે," તે ગુજરાતી બાઇબલમાં પડતો મૂકવામાં આવેલો છે. (અધ્ય.૨૭માંની સાથે અનુસંધાન ન હોવાને લીધે અંગ્રેજી બાઇબલમાં પણ "કેમ કે" ને બદલે "ખચીત" શબ્દ વાપરવામાં આવ્યો છે).

અયૂબના આ વિભાગમાં એક બીજી મૂશ્કેલી નડે છે. સોફારે કરેલું ત્રીજું ભાષણ કયાં છે? બિલ્દાદનું ત્રીજું ભાષણ ઘણું ટૂંકું છે ખરૂં. તો અયૂબે રજૂ કરેલા મુદ્દાઓ અનિવાર્ય છે, એમ ધારીને કવિએ સોફારના મુખમાં કંઇ પણ શબ્દો ન મૂક્યા હોય, એવું સંભવિત છે કે કેમ?

બીજી એક મૂશ્કેલ વાત રહેલી છે. "ન્યાયી માણસ હાસ્યાસ્પદ છે; લૂંટારાઓનાં ઘર આબાદ થાય છે" (૧૨; ૪;૬), એવું શરૂઆતથી જ અયૂબ કહેતો આવ્યો હતો. પણ ૨૭; ૧૧-૨૩ પ્રમાણે તેના ત્રણ મિત્રોની માફક દુષ્ટોનો નાશ થાય છે, અને તેઓએ સંઘરેલું સર્વ ધન ધૂળ બની જાય છે, એવું અયૂબનું પણ કહેવું છે. શું એમ કહેતાં તે પોતાના મિત્રોનો તિરસ્કાર કરવા માગતો હતો? અથવા આ કલમોમાં સોફારનું લુપ્ત થએલું ત્રીજું ભાષણ સમાએલું છે શું? કાવ્યની ગોઠવણમાં કંઇ ગોટાળો થયો હોય, એમ લાગે છે, પણ તે કેવો અને ક્યાં તે આપણાથી કદી ખોળી કાઢી શકાય નહિ.

III ચર્ચાએલી બાબતનો નિર્ણય

(૧) પ્રસ્તાવના. પુસ્તકનું તાત્પર્ય સમજવાની ચાવી પ્રસ્તાવનામાં મળી આવે, એમ છે. પણ પ્રસ્તાવનામાં જે જણાવેલું છે, તે આપણને જ જણાવેલું છે, અને તે અયૂબ તથા તેની મિત્રોની જાણ બહાર છે. અયૂબ પર આવી પડેલું દુ:ખ તે તેના પાપની સજારૂપ નથી, પણ તે વડે તેનું ચારિત્ર્ય પારખી જોવામાં આવે છે, તે આપણને પ્રસ્તાવના પરથી માલૂમ પડે છે. આ વાત કાવ્યમાં પૂરવાર થાય છે, તોપણ આ મડાગાંઠ ઉકેલવાનો જે ઉપાય આપણા હાથમાં રહેલો છે, તે અયૂબ તથા તેના ત્રણે મિત્રો પાસેથી પાછો રાખવામાં આવ્યો હતો. તેઓ મરણછાયાના જેવા અંધકારમાં બેઠેલા હતા. અયૂબ વિષે ઈશ્વરનો જે સંકલ્પ હતો,

તેના જ્ઞાનનો પ્રકાશ કેવળ આપણને આપેલો છે.

(૨) **સંભાષણ.** (અ) નાટકના ત્રણ જુદા જુદા પ્રવેશ છે. સોફાર સિવાય ત્રણે મિત્રો ત્રણ ત્રણ વાર પ્રવેશ કરીને ત્રણ જુદાં જુદાં ભાષણ કરે છે. તેઓમાંના દરેકના ભાષણનો અયૂબ પ્રત્યુત્તર આપ્યે જતો હતો. મિત્રોનો અભિપ્રાય સ્પષ્ટ છે, એટલે કે ભારે દુઃખ એ મોટા પાપનું ફળ છે. જો અયૂબ હજી પણ પસ્તાવો કરીને પોતાને નમાવે, તો ઈશ્વર તેને માફ કરીને પાછી આબાદી આપશે (૫; ૧૭-૨૭; ૮; ૪-૬, વગેરે).

ત્રણે પ્રવેશમાં મિત્રો પોતાની દલીલો વધતી જતી વક્રદૃષ્ટિથી અયૂબની આગળ રજૂ કરતા ગયા. ઈશ્વર સદ્‌ગુણી તથા ન્યાયી છે, તે સ્વચ્છંદીપણે નહિ, પણ દરેક માણસનાં કર્મનાં પ્રમાણમાં દરેકને સુખ દુઃખનો બદલો ભરી આપે છે, એવી મોઘમ વાતો તેઓએ પહેલા પ્રવેશનાં ભાષણોમાં વ્યકત કરી (૪-૧૪). બીજા પ્રવેશનાં ભાષણોમાં (૧૫-૨૧) તેઓએ દુષ્ટોનો નાશના અનુભવસિદ્ધ દાખલા આપ્યા. પરંતુ જ્યારે દુષ્ટોની બૂરી હાલતનું વર્ણન કરતાં તેઓ પોતાનાં ભાષણ સમાપ્ત કરીને આના જેવાં વચન ઉચ્ચારે છે, કે "નિશ્ચે દુરાચારીઓનાં રહેઠાણ એવાં જ છે" (૧૮;૨૧) અથવા "દુષ્ટ માણસને દેવ તરફથી મળેલો હિસ્સો તે આ જ છે" (૨૦;૨૯), ત્યારે "તું જ તે માણસ છે," એમ અયૂબ ભણી આંગળી કરીને તેઓ કહેતા હોય, એવું લાગ્યા વિના રહે જ નહિ. ત્રીજા પ્રવેશમાં (૨૨-૨૭) મોઘમ વાત કહેતા બંધ પડીને તેઓએ અયૂબ પર જુદા જુદા ચોક્કસ આરોપ મૂક્યા. મોટા મનવાળા અલીફાજે પણ અયૂબની અસહ્ય ક્રૂરતાનો દોષ કાઢ્યો (૨૨; ૫-૧૧). અયૂબે પોતાનો બચાવ કરતાં તેઓને તિરસ્કારભર્યો જવાબ આપ્યો (૨૬; ૧-૪), તેમાં કંઈ નવાઈ જેવું નથી. પોતાના મિત્રોને પડતા મૂકીને તે ઈશ્વર ભણી ફર્યો, તેમાં પણ નવાઈ જેવું નથી. "તે મને ક્યાં જડે, એ હું જાણતો હોત, તો કેવું સારું!" (૨૩;૩ : ૩૧;૩૫).

(આ) અયૂબે પોતાના મિત્રોને કેવો પ્રત્યુત્તર આપ્યો? તેના પર અત્યંત દુઃખ આવી પડ્યા છતાં એ સર્વમાં અયૂબે પોતાના મોંથી પાપ કર્યું નહિ, એમ પ્રસ્તાવનામાં કહેલું છે (૧;૨૨). પરંતુ તેના ત્રણ મિત્રો આવી પહોંચ્યા, ત્યારે તેઓને પોકેપોક રડતા જોઈને તેને ઘણી લાગણી થઈ, જેથી સાત દિવસ વીત્યા બાદ યર્મિયાની પેઠે (યર.૨૦;

૧૪-૧૮) તેણે ક્રોધાવેશમાં પોતાના જન્મદિવસને શાપ દીધો (અધ્ય.૩). ત્યારથી માંડીને સંભાષણ શરૂ થાય છે.

(૧) પ્રથમ પ્રવેશ. (અધ્ય.૪-૧૪). "મારી દાદ વાજબી છે," એવો તેણે આપેલા જવાબનો સાર હતો (૬;૨૯). "હું નિષ્પાપ છું," એવું તે કહેતો નહોતો (૭;૨૧ : ૧૩;૨૬ : ૧૪;૧૬,૧૭). "મારું પાપ જેટલું છે, તે કરતાં વધતા પ્રમાણમાં મને દુઃખ થાય છે," એવું તેનું કહેવું હતું. તેથી,

"શું હું સમુદ્ર છું કે મગરમચ્છ છું
કે તું મારા પર પહેરો મૂકે છે?"

એમ પૂછીને તેણે ઈશ્વર પર નિર્દયતા તથા ગેરઇન્સાફનું તહોમત મૂક્યું (૭;૧૨). "હું જાણું છું કે તું મને નિર્દોષ નહિ ગણશે" (૯;૨૮), એટલે ઈશ્વર ન્યાયી છે, એવી અયૂબની કંઈ પણ ખાતરી નથી, એમ સમજવું. "ઠગનાર તથા ઠગાનાર બંને ઈશ્વરના છે" (૧૨;૧૬), એટલે વિશ્વમાં નૈતિક નિયમ છે જ નહિ, એમ અયૂબનું કહેવું હતું.

તથાપિ તેણે ઈશ્વર પરની પોતાની આશાનો સમૂળગો ત્યાગ કર્યો નહિ. "અમ બંને પર જે પોતાનો હાથ મૂકે, એવો જો કોઈ મધ્યસ્થ હોત, તો હું બેધડક ઈશ્વરની આગળ મારી ફરિયાદ રજૂ કરત," એવું તેનું કહેવું હતું (૯; ૩૨-૩૫). "હું નેક છું, અને જો ઈશ્વર મારો મુકદ્દમો સાંભળવાની મારા પર આટલી મહેરબાની રાખે, તો હું મારી વાત સાબિત કરી શકીશ," એવી તેની ખાતરી હતી (૧૩; ૧૮-૨૨). મૃત્યુલોક અંધકારમય તથા અસ્તોવ્યસ્ત સ્થળ છે, એવું તે પોતાના મિત્રોની પેઠે માનતો હતો (૭;૯ : ૧૦;૨૧,૨૨), તોપણ અમરપણાની મંદ પડેલી દીવેટ જેવી આશા તેના હૃદયમાં સળગતી હતી તે તેણે વેઠેલું દુઃખ હોલવી શકી નહિ. તેથી તેના હૃદયમાંથી એવા ઉદ્‌ગારો નીકળ્યા, કે

"તું મને શેઓલમાં સંતાડે,
અને મને મુકરર સમય ઠરાવી આપીને યાદ કરે, તો કેવું સારું!
મારો છૂટકો થાત, ત્યાં સુધી
હું મારા યુદ્ધના સઘળા દિવસો પર્યંત તારી વાટ જોત;
તું મને બોલાવત, એટલે હું તને ઉત્તર આપત" (૧૪; ૧૩-૧૫).

(૨) **બીજો પ્રવેશ** (૧૫-૨૧). જેમ જેમ તેના મિત્રો વધતા જુસ્સાથી અયૂબની આગળ પોતાની દલીલો રજૂ કરતા ગયા, તેમ વધતા જતા જુસ્સાથી અયૂબ પણ પોતા પર આવી પડેલી વિપત્તિ વિષે વાંધો લેતો ગયો (૧૬; ૭-૧૭ : ૧૯; ૭-૨૦). હું મરી જાઉં, ત્યારે હાબેલના રક્તથી માફક મારું રક્ત પણ ભૂમિમાંથી બૂમ પાડશે, તે સાંભળીને ઈશ્વર મારો સાક્ષી થઈને માણસનો ઈશ્વર તરફથી મળેલો જે હક છે (૧૯૦૩ની આવૃત્તિ) તે જાળવી રાખશે, એવું તેણે કહ્યું (૧૬; ૧૮-૨૧).

પરંતુ આશારૂપી દીવેટ ફરીથી મંદ પડી ગઇ (૧૯; ૧૭-૨૦). દુઃખમાં ગરક થઇ જઈને તેણે પોતાના મિત્રોને દયા રાખવાની વિનંતી કરી, પણ દયા રાખવાને બદલે ઉલટા તેઓ તેને સતાવતા હતા (૧૯; ૨૧,૨૨). તેથી તેણે ફરીથી ઈશ્વરનો આશ્રય લીધો.

"મારા શબ્દો લોઢાની કલમથી તથા સીસાથી સદાને માટે ખડકમાં કોતરવામાં આવે, તો કેવું સારું! હું જાણું છું કે મારો ઉદ્ધાર કરનાર (ગોએલ, એટલે વેર વાળનાર સહુથી નજીકનો સગો) જીવે છે,

તે આખરે પૃથ્વી પર ઊભો રહેશે,

અને ભલે મારું શરીર નાશ પામે, તોય વગર શરીરે હું દેવને જોઈશ;

મારી આંખો તેને જોશે, બીજાની નહિ" (૧૯; ૨૧-૨૭). અને આનંદના ઊભરામાં અયૂબને મુર્ચ્છા આવી ("મારું હૃદય નિર્બળ થાય છે").

ઉપલું પ્રકરણ એક શિખર જેવું છે, ત્યાં દુઃખગ્રસ્ત અયૂબનું રૂપાંતર થયું. પણ એ વૈભવનું દર્શન ત્વરાથી જતું રહ્યું, એટલે તે ફરીથી નિરાશાની ખીણની મરણછાયાથી ઘેરાઇ ગયો. દુષ્ટોની આબાદાની એનાથી સમજાઇ નહિ, અને તે વિષે જ્યારે તે વિચાર કરે છે, ત્યારે તેના શરીરમાં કંપારી છૂટે છે (૨૧;૬). દુનિયામાં ઇન્સાફ છે જ નહિ. સર્વ માણસો સરખી જ રીતે ધૂળમાં સૂઇ રહે છે (૨૧;૨૬).

(૩) **ત્રીજો પ્રવેશ** (૨૨-૨૭). આ વિભાગમાં અયૂબના ત્રણ મિત્રો તેના પર જે જે તહોમત મૂક્યા કરતા હતા, તેનો તે તેનોતેજ જવાબ આપતો ગયો, એટલે કે "હું આવી શિક્ષાને પાત્ર નથી," "હું આવા સંકટને લાયક નથી." "ઈશ્વર જડે, એટલું જ જો સંભવિત હોત,

તો હું તેની આગળ મારો દાવો રજૂ કરત, અને તે મારું સાંભળીને મને છોડાવત" (૨૩; ૩-૭), એવું અયૂબનું કહેવું છે. પણ દુનિયામાંથી ઇન્સાફનો લોપ થયાને લીધે દુષ્ટો જેમ ચાહે તેમ કરે છે (૨૪; ૧-૨૧). તેની મોસમે પાકેલા ધાન્યના પૂળાની પેઠે ભલો માણસ પાકી ઉંમરે કબરમાં જાય છે, એમ અલીફાઝ કયારનો કહી ગયો હતો (૫;૨૬). પણ અયૂબે હવે તે વાતની ના પાડી. દુષ્ટો કંઇ પણ દુઃખ પામતા નથી, કેમ કે આંખના પલકારમાં જ તેઓ મરણને શરણ થાય છે (૨૧;૧૩ : ૨૪;૨૪). ઇશ્વર સર્વસમર્થ રાજાધિરાજ છે, અને તેની દૃષ્ટિમાં મનુષ્યપુત્ર એક કીડા સમાન છે, એવું બિલ્દાદનું કહેવું હતું (અધ્ય.૨૫). મને પણ તેના સામર્થ્યનો તારા જેટલો અનુભવ થયો છે, એવો અયૂબે તેને તિરસ્કારયુક્ત જવાબ આપીને નીચેનું મનોહર વચન ઉચ્ચાર્યું, કે

"આ તો તેના માર્ગોનો માત્ર ઇશારો છે :
આપણે તેનો ઝીણો ગણગણાટ સાંભળીએ છીએ ખરા,
પણ તેના પરિપૂર્ણ પરાક્રમની ગર્જના કોણ સમજી શકે?" (૨૬;૧૪).

(૪) **અયૂબનું છેલ્લું ભાષણ** (૨૯-૩૧). પુસ્તકમાં સમાએલું સહુથી હૃદયભેદક પ્રકરણ આ છે. અયૂબના ત્રણે મિત્રો છાનામાના બેઠા છે. ઇશ્વરને પોતાની છેલ્લી વિનંતી કર્યા પહેલાં અયૂબે પોતાની આગલી સુખી સ્થિતિનું વર્ણન કર્યું. તે સમયે ઊંચનીચ, વૃદ્ધ તથા જુવાન સહુ કોઇ તેને માન આપતું હતું. (અધ્ય.૨૯). તેની સાથે તેણે પોતાની હાલની દયાપાત્ર સ્થિતિની સરખામણી કરી (અધ્ય.૩૦). "તું બદલાઇને મારા પર નિર્દય થયો છે," એવું તેનું કહેવું છે (૩૦;૨૧). આખરે આવા ભારે દુઃખને લાયક મેં કદી કંઇ પણ પાપકર્મ કર્યું નથી, એવો તેણે ઉમદા શબ્દોદ્વારા આગ્રહપૂર્વક દાવો રજૂ કર્યો (અધ્ય.૩૧). તે ઊંચ પ્રકારનું ભાષણ છે, તેમાં પહાડ પરના ભાષણના જેવું સત્ત્વ જણાઇ આવે છે. પોતાનું હૃદય શુદ્ધ રાખવા, અને ગુપ્ત પાપોથી પણ પોતાને દૂર રાખવા અયૂબે પ્રયત્ન કર્યો હતો. જે સહુનો ધણી છે, કેમકે તે સહુનો દાસ છે, એવા ભલા સરદારની રૂપરેખા આ અધ્યાયમાં આલેખેલી છે.

મારી દાદ વાજબી છે, એવી ખાતરી રાખીને તેણે ઈશ્વરને છેલ્લા આગ્રહપૂર્વક કાલાવાલા કર્યા.

"અરે! મારી દાદ સાંભળનાર કોઈ હોય તો કેવું સારું!
(જો, આ રહ્યા મારા સહી દસ્કત! સર્વશક્તિમાન મને ઉત્તર આપે!)
અને મારા પ્રતિવાદીએ લખેલું તહોમતનામું મારી પાસે હોત, તો કેવું સારું!
તે હું નિશ્ચે મારા ખભા પર ઊંચકીને ફરત;
તે હું મુગટની પેઠે મારે માથે મૂકત.
હું મારાં પગલાંની સંખ્યા તેને બતાવત,
સરદારની પેઠે હું તે તેની આગળ રજૂ કરત" (૩૧; ૩૫-૩૭ RVm). આ તો અયૂબનાં છેલ્લાં બોલેલાં વચન છે. (જો ક.૩૮-૪૦, ક.૧૨ ને ૧૩ વચ્ચે ગોઠવવામાં આવે, તો વધારે સારું. ક.૫,૯ વગેરેનો પ્રથમ શબ્દ "જો" છે). યહોવા તેનો પ્રતિવાદી તેમ જ તેની દાદ સાંભળનાર ન્યાયાધીશ પણ હતો (જો તે સાંભળે તો), તેથી જ્યારે અયૂબને પોતાના મિત્રો તરફથી કંઈ પણ દિલાસો મળ્યો નહિ, ત્યારે નિડરપણે યહોવાની હજૂરમાં જઈને તેણે પોતા પર નાખેલું તહોમતનામું તેની આગળ રજૂ કરવાની હિંમત કરી. હમેશથી માણસોના હૃદયનો એવો જ ઉદ્‌ગાર થયા કરે છે, તે કદી વ્યર્થ નહિ થાય; કેમ કે અનંતકાળથી આપણને સહાય કરનાર એક વચ્ચેવાળો (૯;૩૩), એક ઉદ્ધારનાર (૧૯;૨૫) યહોવાની દરબારમાં ઊભેલો છે જ. જગતનાં મંડાણથી મારી નંખાએલું હલવાન માનવજાતની વતી મધ્યસ્થી કરનાર છે, અને દાણીના જેવી કોઈ પણ હૃદયપૂર્વક યાચના સંભળાયા વગર, પ્રત્યુત્તર મળ્યા વગર કદી રહેશે જ નહિ.

૫. અલીહૂનાં ભાષણ (૩૨-૩૭). અલીહૂ અયૂબના બીજા મિત્રો કરતાં જુવાન હતો, તેથી અત્યાર સુધી તે છાનો રહ્યો હતો (૩૨;૬). મિત્રો અયૂબને જવાબ આપી શક્યા નહોતા (૩૨;૧૨), અને અયૂબ પોતે નિષ્કલંક હોવાના દાવાને વળગી રહ્યો હતો (૩૩;૯), તેથી અયૂબ તથા તેના મિત્રો એ બંને પક્ષ વિષે તે અસંતુષ્ટ હતો. તેણે અયૂબને નીચે પ્રમાણેનો જવાબ આપ્યો :

(અ) ઈશ્વર જુદી જુદી રીતોએ પોતાની ઇચ્છા માણસોને કહી જણાવે છે. સ્વપ્નો વડે તે માણસને શિખામણ દે છે (૩૩; ૧૪-૧૮). માંદગીદ્વારા પણ તે માણસને શિક્ષણ આપે છે. જે કોઈ દરદી ઈશ્વરની

ઇચ્છાને આધીન થાય છે, તેને તે પાછી તાજગી આપે છે (૩૩; ૧૯-૨૮).

(આ) ઈશ્વરે મારા પ્રત્યે અન્યાય કર્યો છે, એવું અયૂબનું કહેવું હતું (૩૪;૫). પણ જે કોઇ રાજા પોતાનું રાજ્ય બરાબર ચલાવવા માગતો હોય, તે ન્યાયી તથા નિષ્પક્ષપાત હોય, એવું જરૂરનું છે. તો વિશ્વનો રાજા ન્યાયી હોય, તે કેટલું બધું વિશેષ જરૂરનું છે! (૩૪; ૧૩-૩૭).

(ઇ) સદાચારમાં કંઇ લાભ નથી, એવું પણ અયૂબે કહ્યું હતું (૩૫;૩). પણ ઈશ્વર માણસથી પર છે, તેને માણસનું પાપ તેમ જ તેનું ન્યાયીપણું લાગતું નથી. તે વાત માણસ માણસ વચ્ચેની વાત છે (ક.૭,૮). તેઓ સ્વાર્થથી જ દોરવાઇને ઈશ્વરને શોધે છે. તેથી ભલાં માણસોને પણ દુ:ખ વેઠવું પડે છે.

"જે મને રાતે ગાયન કરાવે છે,
તે મારો સરજનહાર ઈશ્વર ક્યાં છે,"

એમ કોઇ કહેતું નથી (ક.૧૦,૧૧) માણસો પોતાનો સ્વાર્થ સાધવા સારુ ઈશ્વરની પ્રાર્થના કરે છે.

(ઇ) વળી ઈશ્વર પોતાનું રાજ્ય ન્યાયીપણે ચલાવે છે (૩૬). જે કંઇ દુ:ખ તે માણસ પર આવવા દે છે, તે વડે માણસ ચેતી જાય ને શિક્ષણ પામે, તે માટે તે એમ થવા દે છે (ક.૫-૧૦). આબાદાનીનો આધાર આજ્ઞાપાલન પર રહેલો છે (ક.૧૧-૧૪). જો અયૂબ પસ્તાવો કરીને ઈશ્વરની આગળ નમી જાય, તો ઈશ્વર તેને તેના સંકટમાંથી ઉગારીને સંકડાશ વગરની બહોળી જગામાં દોરી લઇ જશે (ક.૧૫-૨૫).

(ઉ) છેલ્લું, ઈશ્વરના સર્વસામર્થ્યના કેટલાક દાખલા આપીને અલીહૂમે નીચેનું વચન ઉચ્ચારીને તેનો વાદવિવાદ સમાપ્ત કર્યો :

"સર્વશક્તિમાનનો પાર તો આપણે પામી શકતાં નથી; તે મહા પરાક્રમી છે;
તે ઇન્સાફ તથા પુષ્કળ ન્યાયને ઊંધો વાળશે નહિ" (૩૭;૨૩).

દુ:ખ તો પાપનું પરિણામ છે. ઈશ્વર ન્યાયના ધોરણે ભૂંડાઇ તથા ભલાઇનો બદલો આપે છે, ને વળી અયૂબ દોષિત છે, હા, પોતાના પાપમાં તેણે દંગાનો પણ ઉમેરો કર્યો છે (૩૪;૩૭), એવો અયૂબના

ત્રણ મિત્રોનો જે મત હતો, તેજ અલીહૂનો પણ મત છે. પરંતુ એક બાબતમાં અલીહૂનો મત તેમનાથી જુદો જણાય છે. દુઃખ પાપનું પરિણામ છે, એવું જો કે તેણે કબૂલ કર્યું ખરું, તોપણ માણસ પોતાનો ધારેલો ભૂંડો ઇરાદો છોડી દઈને નરકમાં પડતાં બચી જાય (૩૩; ૧૭,૩૦), તે માટે ઈશ્વર તેને દુઃખ થવા દે, એ સંભવિત છે, એવો અલીહૂનો અભિપ્રાય છે. દુઃખથી માણસનું મન શુદ્ધ કરાય છે, એવું મિત્રોનું માનવું હતું ખરું (૫;૧૭), પણ જેમ જેમ તેઓ સંભાષણ કરતાં આગળ વધતા ગયા હતા, તેમ તેમ આ વાતનું વિસ્મરણ કરીને દુઃખ તો સજારૂપ જ છે, એમ તેઓ કહેતા ગયા.

૬. **યહોવાનાં ભાષણ** (૩૮-૪૨;૬). અયૂબનું પારખું પૂરું થઈ ગયું, અને તેના અંત સુધી તે દૃઢ રહેવા પામ્યો હતો. તેની સહનશીલતા યહોવાની આગળ માન્ય થઈ હતી (૪૨;૭). અધીરો તથા નિરાશ થઈને તે ઈશ્વરની વિરુદ્ધ કડવાં વચન બોલ્યો હતો ખરો, તોપણ શરીરનું અસહ્ય દુઃખ તથા મનની ઘણી અશાંતિ હોવા છતાં તે ઈશ્વરને, તથા અંતે ઈશ્વર મારો ન્યાય કર્યા વિના રહેશે નહિ, એવા વિશ્વાસને વળગી રહ્યો હતો.

તોપણ ઈશ્વર અન્યાયી છે, તે અંત સુધી તે કહ્યા કરતો હતો. તે મારો પ્રતિવાદી છે, તોપણ તેણે મેં કરેલો ગુનો મને જાહેર કર્યો નથી, એવું તેનું કહેવું હતું (૩૧;૩૫). ખરેખર તેનું અંતઃકરણ ઈશ્વરની આગળ ચોકખું નહોતું. જો તેણે ઈશ્વરને ઓળખ્યો હોત, તો તે ક્યારનોય શાંતિ પામત, એવું અલીફાઝનું જે કહેવું હતું (૫; ૧૭-૨૭), તે ખરું છે. તેથી તેના મનમાંથી એ સર્વ અંધેર કાઢી નાખવાનો, ગર્વનું મૂળ ઉખેડી નાખવાનો, અને શાંતિની પ્રાપ્તિ કરવાનો એક જ ઉપાય છે. તે ઈશ્વરનું સામર્થ્ય જાણે, કેવળ એમ નહિ પણ તે ઈશ્વરની સંપૂર્ણતા જાણે, એ અવશ્યનું હતું. એવા પ્રકારના જ્ઞાનના પ્રકાશમાં તેના મનનો અંધકાર લોપ થઈ જશે. એવા પ્રકારના નવજીવનના બળથી જૂના માણસપણાનો રોગ મટાડી દેવામાં આવશે, કચકચને બદલે સ્તુતિના અવાજનું શ્રવણ થશે, અને ગભરાટ તથા નિરાશાને બદલે શાંતિ પ્રાપ્ત થશે. તત્ત્વજ્ઞાનથી નહિ, પણ વિશ્વાસથી માનવી જીવનની મડાગાંઠ ઉકેલવામાં આવે છે.

યહોવાએ વંટોળિયામાંથી ઉત્તર આપતાં અયૂબને એવું જ દર્શન

દીધું. તેમાં ઈશ્વરનું સર્વસામર્થ્ય એકલું દર્શાવવામાં આવ્યું છે, એમ તો નહિ પણ વિશ્વમાં સર્વત્ર ઈશ્વરની બુદ્ધિનાં, તેના પરાક્રમ તથા સત્યનાં ચિહ્ન દેખાઇ આવે છે, એવી તે દર્શન દ્વારા અયૂબને ખાતરી કરી આપવામાં આવી. આકાશના તારાઓ તથા ગગનમાં દોડતાં વાદળ, સમુદ્રની ભરતીઓટ, વનચર પ્રાણીઓ તથા રણક્ષેત્રમાં હણહણતો ઘોડો, એ સર્વ ઈશ્વરનાં છે, અને પોતાનાં સર્વ કામ પર તેની રહેમ પ્રસરેલી છે. તે દર્શન થઇ રહ્યું, ત્યારે "શું નિંદાખોર (હજુ) સર્વશક્તિમાનની સાથે વિવાદ કરવા માગે," એવું ઈશ્વરે અયૂબને પૂછયું (૪૦;૨). તેનો શો જવાબ અયૂબ આપી શકે? તેણે જે જવાબ આપ્યો, તે જ, એટલે કે "હું કંઇ વિસાતમાં નથી. એક વાર, હા, બે વાર હું બોલ્યો ખરો, પણ હવે નહિ બોલું" (૪૦;૫). ક્ષમાવાન ઈસુનું દર્શન પામીને જેમ પાઉલનો ગર્વ નષ્ટ થયો (ફિલ.૩;૭), તેમ ઈશ્વરની સંપૂર્ણતાનું દર્શન નિહાળીને અયૂબની મગરૂરી ધૂળમાં મળી ગઇ.

પરંતુ વિશ્વનું રાજ્ય ચલાવવામાં ઈશ્વર અન્યાય કરે છે, એવી ઈશ્વરની આગળ અયૂબે ફરિયાદ કરી હતી. તેથી ફરી વાર વંટોળિયામાંથી બોલીને ઈશ્વરે અયૂબને રાજપોષાક પહેરીને તથા ગાદીતકીએ બેસીને વિશ્વના રાજાનો ભાગ ભજવવાનું આમંત્રણ આપ્યું (૪૦; ૭-૧૪).

"ગર્વિષ્ઠને નમાવી દે, અહંકારીને નીચો પાડ, તેમને શેઓલમાં પૂરી દે

ત્યારે તો હું પણ તારા વિષે કબૂલ કરીશ

કે તારો પોતાનો જમણો હાથ તને બચાવી શકે" (૪૦; ૧૧-૧૪). વળી જો અયૂબ ગેંડાને તથા મગરને તાબે કરી શકે નહિ, તો તે તેઓના ઉત્પન્નકર્તાની સાથે વાદવિવાદ કરવાની હિંમત કેમ કરીને કરી શકે? (૪૦; ૧૫-૪૧;૩૪).

એ સર્વનો અયૂબ કંઇ પણ જવાબ આપી શક્યો નહિ. તેં મને "અજ્ઞાનપણાથી તારી ઘટનાને અંધારામાં નાખનાર કહ્યો, તે તેં ખરું કહ્યું" (૩૮;૨), એવું તેણે કબૂલ કર્યું (૪૨;૩). વિશ્વને ચલાવવાનો ઈશ્વરનો કોઇ મુકરર મનોરથ છે, તેમ જ તેનો કોઇ પણ ઈરાદો કદી નિષ્ફળ જતો નથી, એવી હવે અયૂબને ખાતરી થઇ હતી. વળી ઈશ્વરનો ઈરાદો પ્રેમમય, હા, કૃપામય પણ છે. પોકાર કરતા કાગડાને

તે ખોરાક આપે છે. જ્યાં કોઈ માણસ વસતું નથી, ત્યાં પણ તે વરસાવે છે (૩૮;૨૬). તો મારા જીવન વિષે પણ ઈશ્વરે એવો કોઈ ઇરાદો નિયત ન કર્યો હોય શું, એવો વિચાર અયૂબના મનમાં ઉપસ્થિત થયો.

યહોવાએ અયૂબને ધ્યાન આપવાનું ફરમાવ્યું હતું, અને ધ્યાન દઈને અયૂબે પણ સાંભળ્યું હતું. પણ હવે બોલેલાં વચન કરતાં વધારે મૂલ્યવાન તેને કંઈક પ્રાપ્ત થયું.

"મેં મારા કાને તારા વિષે સાંભળ્યું હતું;
પણ હવે હું તને પ્રત્યક્ષ જોઉં છું" (૪૨;૫).

તે પ્રકાશમાં પોતાના હૃદયમાંનો અંધકાર તથા તેની પાપીષ્ટતા તેને દેખાઈ આવ્યાં, જેથી તે એકદમ બોલી ઊઠ્યો, કે

"હું મારી જાતથી કંટાળું છું,
અને ધૂળ તથા રાખમાં બેસીને પશ્ચાત્તાપ કરું છું" (૪૨;૬).

દુઃખના કારણનું નિરાકરણ થાય જ નહિ, એવું ઉપર કહેવામાં આવ્યું છે. તોપણ તે પ્રશ્નનો જવાબ તો છે, એટલે યહોવાએ અયૂબને જે જવાબ આપ્યો, તે. તે શું છે? ઈશ્વરનું સંપૂર્ણ પ્રકટીકરણ તે છે, અને ઈસુ ખ્રિસ્તદ્વારા એવું પ્રકટીકરણ કરવામાં આવેલું છે, કેમ કે તેના જ મોં પર દેવનો જે મહિમા છે, તેના સંપૂર્ણ જ્ઞાનનો પ્રકાશ આપણા પર પણ પાડવામાં આવેલો છે (૨ કરિં. ૪;૬). તે આપણો મધ્યસ્થ, આપણો ઉદ્ધારનાર છે. તેનાથી પણ આધિ, વ્યાધિ તથા ઉપાધિની માર્મિક મડાગાંઠ ઉકેલવામાં આવી છે. આપણા તારણનો અધિકારી દુઃખસહનથી પરિપૂર્ણ કરાયો. "પુત્ર હોવા છતાં પોતે જે જે સંકટો સહન કર્યા, તેનાથી તે આજ્ઞાપાલન શીખ્યો," એટલું જ નહિ પણ જેટલાં તેની આજ્ઞા પાળે છે તે સર્વેને સારુ તે અનંત તારણનું કારણ થયો (હેબ.૨;૧૦ : ૫;૮,૯). તે દર્શન પામીને આપણે થોમાની પેઠે ઈસુની આગળ નમીને કબૂલ કરીએ છીએ, કે "મારા પ્રભુ તથા મારા દેવ!" તે દર્શનદ્વારા આપણને શાંતિની પ્રાપ્તિ થાય છે.

(૭) પરિશિષ્ટ (૪૨; ૭-૧૭). નવા કરારમાં શ્રીમંત માણસ અને લાજરસને લગતું જે દૃષ્ટાંત આવે છે તે પ્રમાણે ભિખારી લાજરસ જિંદગી પર્યંત દુઃખ ભોગવતો હતો. તેનું મરણ થયા પછી જ તે દિલાસો પામ્યો. પરંતુ જૂના કરારના સમયમાં અમરપણાની કંઈ પણ દૃઢ આશા ન હોવાને લીધે આજીવનમાં અયૂબનો ન્યાય કરવામાં આવે, તેમ જ

આ લોકમાં તેને તેના વિશ્વાસ તથા પશ્ચાત્તાપ યોગ્ય બદલો મળે, એ અગત્યનું હતું. તે કારણને લીધે આ પરિશિષ્ટ ઉમેરવામાં આવ્યું, કેમ કે ઈશ્વરે ત્રણ મિત્રોનું કહેવું ન સ્વીકારીને અયૂબની દાદ તથા તેણે પોતાના ત્રણ ભાઇઓને સારુ કરેલી પ્રાર્થના માન્ય કરી. તે વાતનું વર્ણન પરિશિષ્ટમાં કરેલું છે. (૭-૯). વળી ઈશ્વરે તેને જાણે કે તેનાં છોકરાં--૭ દીકરા ને ૩ દીકરીઓને--પાછાં આપ્યાં, અને તેનાં જેટલાં ઢોર પહેલાં હતાં, તે કરતાં તેણે તેને બમણાં આપ્યાં (૧૦-૧૩). આવી રીતે જે માણસે તેનું સન્માન કર્યું હતું, તેને યહોવાએ માન આપ્યું (૧ શમૂ.૨;૩૦).

યશાયાના ઉત્તરાર્ધમાં જેવા શબ્દો મળી આવે છે. તેવા કેટલાએક શબ્દ પરિશિષ્ટમાં મળી આવે છે. દા.ત. "મારો સેવક અયૂબ," એ શુભ નામથી ઈશ્વરે અયૂબને ચાર વાર સંબોધ્યો છે (૭,૮). તેવી જ રીતે યશ.૫૩માં જે દુઃખિત પુરુષનું વર્ણન કરેલું છે, તે પણ "મારો ન્યાયી સેવક" કહેવાય છે (ક.૧૧) વળી "તમારી લાજના બદલામાં તમને બમણું મળશે," એવું વચન ઈસ્ત્રાએલી બંદીવાસીઓને કહી સંભળાવવામાં આવ્યું હતું (યશ.૬૧;૭) તેજ રીતે અયૂબને પણ અગાઉ કરતાં બમણું આપવામાં આવ્યું (૪૨;૧૦). તો બાબેલોનમાં પડેલા બંદીવાસીઓને દિલાસો આપવા સારુ આ ઉત્તમ બોધ ભરેલું પુસ્તક લખવામાં ન આવ્યું હોય શું? તે દિલાસામય પુસ્તક છે ખરું, તોપણ બંદીવાસના સમયના નનામા પ્રબોધકને નિર્દોષો પર આવી પડેલા દુઃખના કારણના મર્મ સંબંધી જે મહત્ત્વનું સત્ય પ્રગટ કરવામાં આવ્યું, તે વિષે અયૂબના પુસ્તકનો લેખક સમજ્યો નહિ. "આપણે તો તેને હણાએલો, દેવથી માર પામેલો તથા પીડિત થએલો માન્યો. પણ આપણા અપરાધોને લીધે તે વિંધાયો; આપણાં પાપોને લીધે તે કચડાયો; આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઇ, ને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે" (યશ.૫૩;૪,૫), તે વચનમાં દુઃખસહનના મર્મનું સહુથી વિશ્વસનીય સ્પષ્ટિકરણ કરેલું છે.

પાંચ ઓળિયાં : I. ગીતોનું ગીત

૧. નામ. "સારામાં સારું," "પવિત્રમાં પવિત્ર" ગુજરાતી વ્યાકરણના ધોરણ પ્રમાણે સર્વસાપેક્ષક-તુલનાનો અર્થ વ્યક્ત કરવાની આવી એક રીત છે. હેબ્રી ભાષાની રૂઢિ એના જેવી છે, જેમ કે "પવિત્રોમાં પવિત્ર" પરમપવિત્ર. પરંતુ હેબ્રી રૂઢિ પ્રમાણે વિશેષણો સિવાય સર્વનામો પણ તે અર્થ બતાવવા સારુ વાપરી શકાય છે. દા.ત. "આકાશોનાં આકાશ" સહુથી ઊંચું આકાશ (ગી.૧૪૮;૪). તેજ રીતે "ગીતોનું ગીત" સહુથી મધૂર, મનોહર ગીત.

૨. રચના. હેબ્રી જૂના કરારનો ત્રીજો વિભાગ "પવિત્ર લખાણો" નામનો હતો. તેમાં ત્રણ પેટાભાગ સમાએલા હતા, તેનો બીજો પેટાભાગ "પાંચ, ઓળિયાં" એ નામથી ઓળખાય છે. તે પાંચ ઓળિયાંમાંનું પહેલું તો ગીતોનું ગીત છે. તે પાંચ ઓળિયાં જુદા જુદા પાંચ તહેવારો વખતે વાંચી સંભળાવવામાં આવે છે. ગીતોના ગીતનું અધ્યયન પાસ્ખા પર્વને છેલ્લે દહાડે કરવામાં આવે છે.

આશરે ઈ.સ.૯૦ની સાલમાં જૂના કરારનો નિયમગણ નક્કી કરવામાં આવ્યો, તે પહેલાં ગીતોનું ગીત, સભાશિક્ષક તથા એસ્તેર એ ત્રણ પુસ્તકોની નિયમગણમાં દાખલ થવાની લાયકાત સંબંધી મતભેદ ચાલતો હતો. તોપણ ગીતોનું ગીત ઘણું લોકપ્રિય ગણાતું હતું. તે દાખલ કરવાની તરફેણમાં મત આપીને રાબ્બી આકિબાએ એમ કહ્યું, કે "પવિત્ર લખાણોનાં સર્વ પુસ્તકો પવિત્ર છે ખરાં, પણ ગીતોનું ગીત પવિત્રોમાં પવિત્ર છે. જે દિવસે તે લખવામાં આવ્યું, તેની સરખામણીમાં આખું વિશ્વ પણ કંઈ વિસાતમાં નથી." વળી તાર્ગમમાં આ પુસ્તકનો જે ખુલાસો કરેલો છે, તેની શરૂઆતના શબ્દો નીચે પ્રમાણે છે :--

"જે ગીતો તથા સ્તોત્રો ઈસ્ત્રાએલનો રાજા સુલેમાન પવિત્ર આત્માથી પ્રેરાઈને યહોવાની સમક્ષ બોલ્યો, તે. તે દિવસે જુદાં જુદાં ગીત ગાવામાં આવ્યાં, તે સર્વમાં આ ગીત સહુથી પ્રસંશાપાત્ર જણાયું."

નિયમગણમાં તે દાખલ કરવાનાં બે મુખ્ય કારણ હતાં, એટલે (૧) તે પુરાણા સમયનું હતું, અને (૨) તેમાં ધાર્મિક બોધ સમાએલો હતો (૧) તે પુરાણા વખતનું હતું કેમ કે લોકના માન્યા પ્રમાણે તે

સુલેમાનકૃત ગણાતું હતું. એવું માનવું સ્વાભાવિક હતું. સુલેમાન આદર્શ જ્ઞાની ગણાતો હતો. તેણે ૧૦૦૫ ગીત રચ્યાં હતાં. વળી આ ગીતમાં તેનું નામ વખતોવખત મળી આવે છે (૧;૫ : ૩;૭, વગેરે). પરંતુ તે સુલેમાનકૃત ન હોય, એમ માનવાનાં જે મુખ્ય બે કારણ છે, તે આ છે : (૧) જો તેનો રચનાર સુલેમાન હોત, તો તે અપ્રસિદ્ધ ન રહેત, તેમ જ નિયમગણમાં તે દાખલ કરતાં કંઈ પણ બાધ લેવામાં આવત નહિ. (૨) તેમાં ઘણા પરદેશી શબ્દો મળી આવે છે. ફારસી, અરામી તથા ગ્રીક એ ત્રણે ભાષાના શબ્દો તેમાં આવેલા છે. બંદીવાસ વખતે (૫૮૬-૫૩૮) ફારસી શબ્દો હેબ્રી ભાષામાં દાખલ થયા હશે. નહેમ્યાના સમય પછી (૪૩૨) અરામી શબ્દો, અને ત્યાર પછી ગ્રીક શબ્દો દાખલ થવા પામ્યા. દા.ત.ફારસી "ફિરદૌસ" બગીચો (૪;૧૩: નહે.૨;૮ વન, ને સભા.૨;૫ ચમનબાગો). ગ્રીકોએ તે શબ્દ અપનાવી લીધો, તેથી નવા કરારમાં પણ તે મળી આવે છે (લૂ.૨૩;૪૩ : ૨ કરિં.૧૨;૪ : પ્રક.૨;૭). આ પરથી એવું અનુમાન કરાય છે, કે આ પુસ્તક ૪૦૦ની સાલ પછી રચવામાં આવ્યું હશે. પુરાણા વખતના પ્રખ્યાત ભક્તો કે શૂરવીરોને નામે પાછળના સમયનાં પુસ્તકો પ્રસિદ્ધ કરવાનો રિવાજ હતો, એવું ક્યારનું કહેવામાં આવ્યું છે. તે પ્રમાણે ગીતોનું ગીત પણ સુલેમાનકૃત ગણાતું હતું.

૩. **બોધ.** (૧) તેમાં યહોવા તથા તેના પસંદ કરાએલા લોક વચ્ચેનો પ્રેમમય સંબંધ દૃષ્ટાંતરૂપે જાહેર કરેલો છે, એવી યહૂદીઓની માન્યતા છે. એમ માનવું સ્વાભાવિક છે. એજ દૃષ્ટાંત, એટલે પતિપત્ની વચ્ચેના સંબંધનું દૃષ્ટાંત, હોશીઆ (૨; ૧૬-૧૯), યર્મિયા (૨;૨ : ૩;૧૪), હઝકિયેલ (૧૬;૮), ને યશાયા (૫૪;૫), તેઓ સર્વેએ તે સંબંધને આપ્યું હતું. ઈસ્ત્રાએલ અપતિવ્રતા સ્ત્રી જેવી કોમ હતી, તે જુદા જુદા પ્રીતમો પાછળ વંઠી ગઈ હતી (હો.૨;૫), પણ તેની પ્રત્યેનો યહોવાનો પ્રેમ અવિકાર હતો. તેના જેવી બીજા કોનો પ્રેમ છે? ઈશ્વરના પ્રેમ સિવાય કોની પ્રીતિ મોત સમાન બળવાન છે? ઈશ્વરની પ્રીતિ "તેને ઘણાં પાણી હોલવી શકે નહિ, રેલ તેને ડૂબાડી શકે નહિ" (૮;૬,૭).

તેજ કારણોને લીધે આ પુસ્તક પાસ્ખા પર્વને છેલ્લે દહાડે વાંચી

સંભળાવવામાં આવતું હતું, કેમ કે તે દહાડાને ઇસ્ત્રાએલીઓ પોતાના મહાન ઉદ્ધારની યાદગીરીમાં પવિત્ર પાળતા હતા.

(૨) એવો આ ગીતનો લાક્ષણિક અર્થ હોઇ શકે. પરંતુ તેનો અસલ અર્થ એવો નહોતો. જેમ એસ્તેરના પુસ્તકમાં, તેમ આ ગીતમાં પણ દેવનું નામ મળી આવતું નથી. તેમાં ઇશ્વરની સ્તુતિ કે ઇશ્વરની પ્રાર્થના પણ આવતી નથી. તેમાં એક જ વિષય એટલે વરકન્યા, પતિપત્નીનો સંબંધ વર્ણવેલો છે. તે જુદાં જુદાં ઘણાં પ્રકરણનું બનેલું છે, તેમાંના દરેકમાં વર તથા કન્યા એકબીજાનાં વખાણ કરીને અરસપરસ પોતાની પ્રીતિ વ્યક્ત કરે છે. ટૂંકમાં આ દેશમાં લગ્ન પ્રસંગે જેવાં ગીત ગાવાની રીત છે. તેવાં ગીતોનો એક સંગ્રહ આ પુસ્તકમાં સમાએલો છે. એ માંગલિક પ્રસંગે વર તો "વરરાજા" કહેવાય છે. લગ્નમંડપ તેનું દીવાનખાનું છે, અને વરને રાજા જેવું માન આપવામાં આવે છે, તેથી આ ગીતમાં નીચેનાં જેવાં વચન મળી આવે છે :

"રાજા મને પોતાના ઓરડામાં લાવ્યો છે" (૧;૪).

"રાજા પોતાના ભાણા પર (૧૯૦૩) બેઠેલો હતો,
તે વખતે મારી સુગંધી બહેક બહેક થઇ રહી હતી" (૧;૧૨).

(ભાણાનો મૂળાર્થ-ગોળ મેજ, ગોળ તકિયો કે ગોળ સાદડી) તેજ કારણને લીધે સુલેમાનનું નામ તેમાં ઘણી વાર આવે છે, જેવું કે "સુલેમાનના પડદા" (૧;૫), "સુલેમાનની પાલખી" (૩;૭), વગેરે.

આ ગીત નાટકરૂપ છે, એવો કેટલાએકનો મત છે. તેમના માન્યા પ્રમાણે તેનું મુખ્ય પાત્ર સુલેમાન છે. વેશ લેનારી સ્ત્રીઓમાંની મુખ્ય તો એક શૂલ્લામી છે (૧ ૨૧.૧;૩ : ૨ ૨૧.૪;૧૨). તે ગામડાની વતની હતી, તેની સગાઇ એક ગામડિયા છોકરાની સાથે અગાઉ કરવામાં આવેલી હતી. આ રૂપસુંદરીથી મોહિત થઇને સુલેમાન તેને પોતાના અંતઃપુરમાં આવી રહેવાની આગ્રહપૂર્વક વિનંતી કર્યા કરતો હતો (૪;૮,૯, વગેરે). તેનો અનાદર કરીને સ્ત્રી પોતાના વેવિશાળી છોકરાને વળગી રહી (૭; ૧૦-૧૨). આ મત સ્વીકારવામાં આવે, તો રાજમહેલમાં મળતા ભોગવિલાસ કરતાં દરિદ્રતા સહિતનો શુદ્ધ પ્રેમ ઇચ્છવાજોગ છે, એવો બોધ આ ગીતમાં કરેલો છે.

પરંતુ ઉપરોક્ત મત બંધબેસતો હોય, એમ લાગતું નથી. જો એ

ગીત નાટકરૂપ હોય, તો તેમાંના પ્રવેશો તથા જુદાં જુદાં પાત્રો વચ્ચેનો સંબંધ સમજવો મૂશ્કેલ છે. આ પુસ્તક તો લગ્ન પ્રસંગે ગવાતાં ગીતનો એક સંગ્રહ છે, એ મત એકદરે માનવાજોગ છે. પરદેશમાં લગ્ન પ્રસંગે એવાં ગીત ગાવાનો રિવાજ નથી, પણ દેશમાં એવી ઘણી જૂની રીત બધે ચાલે છે, જેથી આવો સંગ્રહ કરવાની મતલબ આપણાથી સહેજે સમજાય છે.

(૩) ગીતનું તાત્પર્ય સમજીને આપણને તેનો લાક્ષણિક ઉપયોગ કરવાની છૂટ છે. તેમાં જે પ્રેમની પ્રસંશા ગવાએલી છે, તે સર્વ પ્રકારના પ્રેમભાવની એધાંણીરૂપ છે, કાંતો પતિપત્ની વચ્ચેનો, કાંતો ખ્રિસ્ત તથા તેના શિષ્ય વચ્ચેનો, કાંતો ખ્રિસ્ત તથા તેની મંડળી વચ્ચેનો. તે ખ્રિસ્તે પોતાની મંડળી પર રાખેલા પ્રેમનું દૃષ્ટાંત છે, એમ સમજીને ગીતના પ્રથમ બે અધ્યાયને આધારે ઈશ્વરભક્ત બનડિ (૧૦૯૧-૧૧૫૩) તે બાબતને લગતાં બસો જુદાં જુદાં બોધભાષણ રચ્યાં.

આ ગીતમાંથી પસંદ કરાએલાં કેટલાંક મધૂર વચનોનો ઉપયોગ ઘણી વાર પ્રભુભોજન પાળતી વેળા કરવામાં આવે છે, જેવાં કે ૨;૩,૪,૧૬ : ૬;૩ : ૫;૧,૧૦ : ૭;૧૦). (શિરોમણી, મૂળાર્થ-ધજાથી ઓળખાતો, જેમ પ્રાંતનો સૂબો જ્યાં ઊતરેલો હોય, ત્યાં રાષ્ટ્રિય ધજા ફરકાવવામાં આવે છે, તેમ). ખરેખર આ સુંદર ગીત જેમ યહૂદીઓનાં હૃદયમાં, તેમ ખ્રિસ્તીઓનાં હૃદયમાં પણ ઊતરી રહેલું છે.

પાંચ ઓળિયાં : II. રૂથ

૧. **રચના.** પાંચ ઓળિયાંમાંનું બીજું ઓળિયું તે રૂથ છે. આપણા બાઈબલમાં આ પુસ્તક ન્યાયાધીશો તથા શમૂએલ વચ્ચે ગોઠવેલું છે. પરંતુ હેબ્રી ગોઠવણ પ્રમાણે તે જૂના કરારના ત્રીજા વિભાગની વચમાં આવેલું છે, ત્યાંથી કાઢીને LXXના સંપાદકોએ તેને "આગલા પ્રબોધકો" નામના વિભાગમાં સ્થાન આપ્યું. "હવે ન્યાયાધીશો ન્યાય કરતા હતા, તે વખતે, વગેરે," આ પુસ્તકના જે પ્રથમ શબ્દો છે, તેને લીધે રૂથ ન્યાયાધીશોનું અનુસંધાન છે, એમ સમજીને LXXવાળાઓએ તે ફેરફાર કર્યો હશે. એના જેવા કારણને લીધે તેઓએ "એસ્તેર" તથા "સભાશિક્ષક" એ બે પુસ્તકોની પણ જુદી ગોઠવણ કરી, એટલે એસ્તેર ઐતિહાસિક હોવાને લીધે નહેમ્યાના પુસ્તક પછી, અને "સભાશિક્ષક" સુલેમાનકૃત ગણાવાને લીધે

"નીતિવચનો" પછી ગોઠવવામાં આવ્યાં. પણ હેબ્રી નિયમગણનો જે ક્રમ છે, તે વધારે બંધબેસતો છે, કેમ કે એકંદરે તે સમયાનુસાર છે.

૨. **તેનું જાહેર અધ્યયન.** આ પુસ્તક પચાસમાને દિવસે વાંચી સંભળાવવામાં આવે છે. તે તહેવાર જવ તથા ઘઉંની કાપણીને અંતે આવે છે (નિ.૨૩;૧૬ : ૩૪;૨૨, વગેરે). પાસ્ખા પર્વ પછી બેખમીર રોટલીનું પર્વ આવે છે, તેના સાત દિવસ દરમિયાન કાપણીની શરૂઆત થાય છે, કે જેની ખુશાલીમાં પ્રથમ ફળનું અર્પણ કરવામાં આવે છે. તે વખતથી માંડીને પચાસ દિવસ એટલે કાપણીને જોઈએ તેટલો વખત ગણીને પચાસમાનો દિવસ આનંદોત્સવ તરીકે પાળવામાં આવતો હતો (લે.૨૩; ૯-૨૧). (આ નિયમ લેવીયના "પવિત્રાઈનું નિયમશાસ્ત્ર" નામના વિભાગમાં મળી આવે છે). તે અઠવાડિયાંનું પર્વ (નિ.૩૪;૨૨ : ગણ.૨૮;૨૬ : પુ.૧૬;૧૦), કાપણીનું પર્વ (નિ.૨૩;૧૬), ને પ્રથમફળનું પર્વ (ગણ.૨૮;૨૬) કહેવાય છે. જવની કાપણીની શરૂઆતે નાઓમી તથા રૂથ બેથલેહેમ આવી પહોંચી (રૂ.૧;૨૨), તેના અંત સુધી રૂથ બોઆઝનાં ખેતરોમાં સળો કરવા જતી હતી (૨;૨૩), તેથી પચાસમાને દિવસે આ સુંદર વાર્તા વાંચી સંભળાવવામાં આવે, તે તદ્દન યોગ્ય છે.

વળી, આ પુસ્તકમાં કાપણીને લગતા કેટલાક રીતરિવાજોના દાખલા પણ મળી આવે છે. ખેડૂત પોતાના ખેતરના ખૂણા પૂરેપૂરા ન કાપતાં ગરીબ તથા પરદેશીને સારુ તેમાંનું કંઈક રહેવા દે, એવો નિયમ હતો (લે.૨૩;૨૨. વટેમાર્ગુને બદલે પરદેશી સમજવો, જેમ પુ.૨૪;૧૯માં "તે પરદેશી, અનાથ તથા વિધવાને સારુ રહે" તેમ). રૂથ પરદેશી હતી, વળી તે ગરીબ વિધવા પણ હતી, તેથી સળો કરવાનો તેનો હક હતો. એમ છતાં પણ તેણે ઘણી સભ્યતાથી એમ કરવાની રજા માગી (૨;૭). તે ઉપરાંત ખુશાલીનો વખત હતો, તેથી માલિકના કુટુંબ સિવાય ત્યાં "રહેનાર પરદેશી, અનાથ તથા વિધવા" તેમાં ભાગ લે, એવો નિયમ હતો (પુ.૧૬;૧૧). રૂથ પણ એવી જ, એટલે "પરદેશી, અનાથ તેમ જ વિધવા" હતી, તેને બોઆઝે નિયમાનુસાર પોતાના આનંદમાં ભાગ લેનારી બનાવી. ગમે તે રીતેએ આપણે આ પુસ્તક તરફ લક્ષ દઈએ, તોય પચાસમાના દિવસના શુભ તહેવાર વખતે તે વાંચી સંભળાવવા લાયક છે, એવું કબૂલ કરવું પડે છે.

૩. **લખવાનો સમય.** (૧) હેબ્રી નિયમગણના ત્રીજા વિભાગમાં સમાએલાં બધાં પુસ્તકો પાછળના સમયનાં છે. (૨) જેમ ગીતોનાં ગીતમાં, તેમ રૂથમાં પણ કેટલાક અરામી શબ્દો મળી આવે છે, તે પરથી સમજવું કે તે નહેમ્યા પછીના વખતનું છે (૪૩૨). (૩) ૪;૭માં વેચવાસાટવાનો જે રિવાજ વર્ણવેલો છે, તે "પ્રાચીન કાળમાં" ચાલતો રિવાજ હતો, તેથી રૂથના પુસ્તકના લેખકને તેનો ખુલાસો કરવાની જરૂર પડી. તે રિવાજને લગતો નિયમ પુ.૨૫ ૭-૧૦માં આપેલો છે.

વાર્તા તો જૂના વખતની છે, તે ન્યાયાધીશોના સમયમાં બની (૧;૧), પણ ત્યાર પછી લાંબે વખતે તે લખવામાં આવી. તેમાં દાઉદ રાજાના પૂર્વજો વિષે કેટલીએક જાણવા જેવી વીગતો આપેલી છે (૪; ૧૮-૨૨), તે જો રાજાઓના સમયમાં પ્રસિદ્ધ કરવામાં આવી હોત, તો બેશક રૂથના પુસ્તકને હેબ્રી નિયમગણના બીજા વિભાગમાં સ્થાન આપવામાં આવ્યું હોત. છતાં પુસ્તક લખવાના વખતનું ચોક્કસ નિરાકરણ કરી શકાય એમ નથી. ઉપરની બધી વાતો પરથી એવું અનુમાન કરી શકાય છે, કે બંદીવાસ પછી (મોટે ભાગે એઝરા તથા નહેમ્યાના વખત પછી) તે લખવામાં આવ્યું હશે.

૪. **તેનો સંદેશો.** (૧) યહૂદીઓને રૂથનું પુસ્તક ઘણું મૂલ્યવાન લાગે છે, કેમ કે તેઓની દૃષ્ટિમાં દાઉદ તથા તેના વંશજોને લગતી સર્વ વાતો મહત્ત્વની ગણાય છે. તે ઈસ્ત્રાએલનો આદર્શ રાજા હતો, અને તેના દાદી ઓબેદની મા તો મોઆબેણ હતી.

(૨) રૂથનું પુસ્તક યૂનાના પુસ્તકના જેવું હાકલરૂપ છે. યહૂદીઓ પરદેશીઓ પ્રત્યે પ્રેમભાવ તથા દિલસોજી ધરાવે એવો બોધ તેમાં સમાએલો છે. પુનર્નિયમનાં પુસ્તકનું તાત્પર્ય ઉદાર મતનું છે, એમ છતાં પણ કોઈ પણ આમ્મોની કે મોઆબી છેક દસમી પેઢી સુધી (સદાકાળ સુધી) ઈસ્ત્રાએલી સમાજમાં દાખલ થઈ શકે નહિ, એવો નિયમ તેમાં મળી આવે છે (૨૩;૩). કેવી સખ્તાઈથી એઝરા તથા નહેમ્યાએ તે નિયમનો અમલ કર્યો, તે પછીથી જોવામાં આવશે. હવે રૂથ તો મોઆબેણ હતી. તે ધાર્મિક સ્વભાવની હતી. તે સદ્‌ગુણી સ્ત્રી છે, એવું સહુ કોઈ કબૂલ કરતું હતું (૩;૧૧). સાસુ તથા પુત્રવધૂ વચ્ચેનો સંબંધ ઘણી વાર આકરો જણાય છે, પણ રૂથ સગી દીકરીની માફક નાઓમી પર પ્રેમ રાખીને તેની સેવાચાકરી કરતી હતી. છ જુદી

જુદી વખતે તે "મોઆબેણ" કહેવાય છે (૧;૨૨ : ૨;૨,૬,૨૧ : ૪;૫,૧૦). છતાં પોતાના દેવતાનો ત્યાગ કરીને (૧;૧૬) તેણે નાઓમીના દેવને પોતાનો જ દેવ માની લીધો. મોઆબેણ હોવા છતાં તેણે ઇસ્રાએલના દેવ યહોવાની પાંખો તળે આશ્રય લીધો (૨;૧૨). જેમ જેમ આપણે આ રસિક વાર્તા વાંચતા જઈએ, તેમ તેમ યૂનાના પુસ્તકના રચનારની પેઠે આ પુસ્તકનો લેખક પણ પોતાના જાતભાઈઓને પરદેશીઓ પર દયા રાખવાની હાકલ કરતો હોય, એમ આપણને લાગ્યા વિના રહેશે જ નહિ.

(૩) ગોએલ (એટલે સહુથી નજીકના સગા) નો ખંડી લેવાનો જે હક હતો, તેનો એક આકર્ષક દાખલો આ પુસ્તકમાં આપેલો છે (૪; ૧-૧૧). તે હકના નિયમ પ્રમાણે યર્મિયા પ્રબોધકે પોતાના કાકાનું ખેતર મૂલ્ય ભરી આપીને છોડાવ્યું (૩૨;૭). ગોએલ તો વેર વાળનાર પણ ગણાતો હતો (ગણ.૩૫;૧૨). એવા ઉદ્ધારનાર પર પીડાતા અયૂબે ભરોસો રાખ્યો (૧૯;૨૫). આપણો આધાર પણ એક ખંડી લેનાર પર રહેલો છે (માર્ક ૧૦;૪૫).

(૪) આ ઓળિયું પૂર્ણ થએલી કાપણીના તહેવાર વખતે વાંચી સંભળાવવામાં આવતું હતું. તેથી પચાસમાને દિવસે જ્યારે માણસો પર પવિત્ર આત્મા રેડી દેવામાં આવ્યો અને વધસ્તંભે જડાએલા તેમ જ ઉત્થાન પામેલા ખ્રિસ્તની સુવાર્તા પહેલવહેલાં પ્રગટ કરવામાં આવી, તે દિવસે આ પુસ્તકનું જાહેર અધ્યયન કરવામાં આવે, તે કેવું બંધબેસતું હતું! દેવનું બીરૂપી વચન વાવવામાં આવ્યું હતું (માર્ક ૪;૧૪ : લૂ.૮;૧૧). પ્રભુ ઈસુનું બીરૂપી જીવન પણ મોતરૂપી ક્ષેત્રમાં નાખવામાં આવ્યું હતું (યો.૧૨;૨૪), અને પચાસમાને દિવસે તેનું પ્રથમ ફળ કાપવામાં આવ્યું. તે દિવસે જેઓએ સુવાર્તાનો અંગીકાર કર્યો, તેઓ સર્વે યહૂદી કોમના હતા ખરા, તોપણ યરુશાલેમથી માંડીને થોડા વખતમાં ખ્રિસ્તના સાક્ષીઓ સમરૂન તથા પૃથ્વીના છેડા સુધી પહોંચી ગયા. ખ્રિસ્તમાં દેશી ને પરદેશી, એવી કોઈ પણ ભિન્નતા હોઈ શકતી નથી (કલ.૩;૧૧). જેમ મોઆબેણ રૂથ ઇસ્રાએલના દેવ યહોવાની પાંખો તળે આશ્રય પામી, તેમ ગ્રીક તથા યહૂદી, બર્બર તથા સિથિયન, દાસ તથા સ્વતંત્ર સઘળાંને તારનાર ખ્રિસ્તમાં આશ્રય મળે છે.

નોંધ

૪;૫,૧૦. બંને વાક્યમાં મૂળાર્થ રૂથને ખરીદવી (જેમ ૪;૧૦માં (૧૯૦૩ની આવૃત્તિમાં)). પરંતુ આ તો કન્યાવિક્રય ન સમજવો. એમ કરવાથી બોઆઝે સહુથી નજીકના સગાની (ગોએલની) ફરજ બજાવવાનું કબૂલ કર્યું. તેને લગતો નિયમ પુ.૨૫,૬માં આપેલો છે.

૪;૭. "ખાસડું." પ્રાચીન કાળમાં આપલેના સાટામાં મતુ કરવાની આવી રીત હતી. તે કાળમાં થોડા જ લખી જાણતા, તેથી સહી દસ્કત કરવાને બદલે સાક્ષીઓની રૂબરૂ ખાસડું આપવું તે દસ્તાવેજમાં સહી કરવા બરોબર ગણાતું હતું. પણ ખાસડું કેમ? ગી.૬૦;૮ પ્રમાણે યહોવા અદોમ પર પોતાની સત્તા સાબિત કરવા સારુ તેના ઉપર પોતાનું "ખાસડું" ફેંકે છે. ખાસડું તો માલિકીનું ચિહ્ન હતું, કેમ કે ખાસડાં પહેરીને ખેતરોમાં ફરવાની જેને છૂટ હોય, તે ઘણું કરીને ખેતરોનો માલિક હોય. (જો કોઈ માણસ પોતાના ભાઈની વિધવા પ્રત્યે નિયમસર પોતાની જે ફરજ હતી, તે બજાવવા ન ઇચ્છતો હોય, તો તેવે પ્રસંગે પણ તિરસ્કારની રૂએ ખાસડાનો ઉપયોગ કરવામાં આવતો હતો (પુ.૨૫ ૭-૧૦)).

પાંચ ઓળિયાં : III. યર્મિયાનો વિલાપ

૧. **નામ.** હેબ્રી રૂઢિ પ્રમાણે આ પુસ્તકનું મથાળું "કેમ" છે. પણ LXXમાં "(યર્મિયાનો) વિલાપ" એવું તેનું મથાળું છે. ("યર્મિયાનો" એ શબ્દ કૌંસમાં મૂકેલો છે). લાટિન ભાષાંતર (વેલ્ગેટ) કરીને ધર્મપિતૃ જેરોમે LXXમાં મળેલું નામ ઉતારીને તેમાં જરાક ફેરફાર કર્યો, એટલે "વિલાપ, એટલે યર્મિયા પ્રબોધકે ગાએલા રાજિયા." પછીથી અંગ્રેજી બાઇબલમાં એજ નામ દાખલ કરવામાં આવ્યું છે.

૨. **લખવાનો પ્રસંગ.** આ કાવ્ય યરુશાલેમના પતનને લીધે કરાએલા વિલાપગીતના સ્વરૂપનું છે. શહેર જીતી લઈને (૫૮૬) નબૂખાદનેસ્સારે સિદકીયાહ રાજાને કેદ કરીને તેના દીકરાઓને તેઓના બાપની નજર આગળ મારી નંખાવીને રાજાની આંખો પણ ફોડી નાખી (૨ રા.૨૫;૭). મંદિર તથા રાજમહેલ તારાજ કરી નાખવામાં આવ્યાં હતાં. શહેરને ફરતો કોટ તોડી પાડવામાં આવ્યો, અને સહુથી ગરીબો

સિવાય બીજા બધા લોકને બંદીવાસમાં લઈ જવામાં આવ્યા હતા. આ ત્રાસદાયક બનાવથી ઈસ્ત્રાએલીઓની લાગણી કેવી દુખાઈ, તે ગીતશાસ્ત્રમાંનાં કેટલાંએક ગીત પરથી માલૂમ પડે છે (દા.ત.૧૦૨; ૧૨-૧૮). આ પુસ્તકમાં એવાં પાંચ ગીત સમાએલાં છે. તે એક આખી પ્રજાના નાશને અંગે ગવાએલા રજિયા જેવું છે. વળી જે જે બન્યું હતું, તે સર્વમાં ઈશ્વરનો શો સંકલ્પ હતો, તેના મર્મનો કંઈક ખુલાસો પણ તેમાં કરેલો જણાય છે.

૩. **તેની રચના.** (૧) અધ્ય.૧. યરુશાલેમનો નાશ તથા બંદીવાસીઓની દયાપાત્ર હાલત. કલમ ૧-૧૧માં ગાનાર તો કવિ છે. કલમ ૧૨-૨૨માં નગરને સજીવારોપણ કરેલું છે, અને તેમાં ગાનાર તો નગર છે. તેના ઉદ્‌ગારો ખરેખર હૃદયભેદક છે.

"રે પાસે થઈને જનારા, શું તમારી નજરમાં આ કંઈ નથી?
મારા દુઃખ જેવું બીજું કોઈ દુઃખ છે કે કેમ, તે જુઓ (૧૨)."

આ વાક્ય હાન્ડલકૃત પ્રખ્યાત "મસીહગીતા" માંથી મળી આવેલું છે, તે વડે વધસ્તંભે જડાએલા પ્રભુ ઈસુનું આત્મકષ્ટ વ્યક્ત કરેલું છે.

(૨) અધ્ય.૨. દુઃખરૂપી કડવું પ્યાલું. કોપરૂપી વાદળાંથી સિયોનની દીકરીને ઢાંકી દેનાર તો યહોવા હતો (૧), જેથી તેના શત્રુઓને તેનો તિરસ્કાર કરવાનું પ્રયોજન મળ્યું હતું (૧૬). "યહોવા શત્રુ જેવો થયો છે; તેણે ઈસ્ત્રાએલને પાયમાલ કર્યો છે" (૫). કલમ ૧-૫માં "પ્રભુએ...ઢાંકી દીધી છે," "પ્રભુએ દયા રાખી નથી," "તેણે...કાપી નાખ્યું છે," વગેરે. એવી રીતે દરેક વાક્યના આદિ શબ્દો લુહારના હથોડાના ઠપકારાના અવાજના જેવા સંભળાય છે, તે પર ધ્યાન આપવું. સિયોનને ત્રાસ આપનાર યહોવા છે, તે જોઈને ત્યાં થઈને જનારા તેની ઠઠ્ઠામશ્કરી કરીને કહે છે, કે

"જે નગરને લોક "સુંદરતાની સંપૂર્ણતા," "આખી પૃથ્વીનું આનંદાસ્પદ" કહેતા હતા, તે શું આ છે?" (૧૫).

(૩) અધ્ય.૩. સ્વરૂપ પ્રમાણે આ કાવ્ય વિલાપનું ગીત છે, પણ ખરું જોતાં તે વિજયના પોકાર સમાન છે. તે ઉમદા વિચારો તથા વિવિધ શબ્દાલંકારથી ભરપૂર છે. તેમાં ઈસ્ત્રાએલી પ્રજાના ઇતિહાસના મર્મનો ગુઢ ખુલાસો કરેલો છે. તેના નીચે પ્રમાણે ત્રણ વિભાગ થાય છે: (અ) ૧-૧૮ : લોકની દયામણી હાલત.

(આ) ૧૯-૩૯ : આ બનાવોદ્વારા પ્રગટ કરાએલો ઈશ્વરનો ઈરાદો.
(ઇ) ૪૦-૬૬ : પશ્ચાત્તાપ કરવાની વિનંતી.
તેમાં વિજયી વિશ્વાસનાં ગુણગાન કરેલાં છે. "પ્રભુ સર્વકાળ સુધી (૧૯૦૩) કાઢી મૂકશે નહિ" (૩૧). "આપણે આપણા માર્ગોની શોધ તથા પારખ કરીએ, ને યહોવાની તરફ પાછા ફરીએ" (૪૦). પ્રભુ ઈસુના મરણ તથા પુનરુત્થાનદ્વારા આપણા ખ્રિસ્તીઓનો જે વિશ્વાસ સાબિત કરવામાં આવ્યો, તેજ છે. જે અવિચળ વિશ્વાસનું વર્ણન પાઉલ પ્રેરિતે કર્યું છે, તે છે (૩.૮;૩૮,૩૯).

(૪) અધ્ય.૪. આગલા સમયની સુખશાંતિ યાદ રાખતાં કવિએ ઘેરા વખતે વેઠેલા અતિશય દુઃખનું વર્ણન કરેલું છે. લેખક તો તે સર્વનો પ્રત્યક્ષ જોનાર હતો.

"સોનું કેવું ઝાંખું પડ્યું છે! કુંદન કેવું બદલાઇ ગયું છે!
પવિત્રસ્થાનના પથ્થર સર્વ મહોલ્લાને નાકે વિખેરાઇ પડેલાં છે!" (૧). તોપણ અમે સજાપાત્ર હતા, એમ લોક કબૂલ કરે છે (૬).

(૫) અધ્ય.૫. ઈશ્વરને આગલા સમયના જેવી કરુણા રાખવાની વિનંતી.

"હે યહોવા, અમારા પર જે આવી પડ્યું છે, તેનું સ્મરણ કરઃ
પ્રાચીન કાળના જેવા દિવસો અમને પાછા આપ" (૧,૨૧).

૪. કાવ્યનાં સ્વરૂપ. અધ્ય.૧,૨,૪, તેમાંના દરેક અધ્યાયમાં ૨૨ કલમો છે, તેમજ અધ્ય. ૩જામાં ૨૨x૩=૬૬ કલમો છે, એવું દરેક વાચકને માલૂમ પડ્યું હશે. વળી હેબ્રી અક્ષરમાળાના ૨૨ અક્ષર છે, એ પણ સહુ કોઈને યાદ હશે. તે પરથી ચારે કાવ્ય કક્કાનુક્રમ પ્રમાણે રચેલાં છે, એવું જે અનુમાન કરવામાં આવ્યું છે, તે બરોબર છે. (અધ્ય.૫માની પણ ૨૨ કલમ છે, પરંતુ તે કક્કાનુક્રમે ગોઠવેલી નથી). અધ્ય.૧લા ને ૨જામાં શ્લોક ત્રિપદવાળા છે, અને દરેક પદની ત્રણેય લીટીનો એક જ આદ્યક્ષર છે. અધ્ય.૩જામાં જે ૬૬ શ્લોક છે, તે એકપદવાળા છે. પરંતુ દરેક ત્રણે શ્લોક એકનાએક આદ્યક્ષરના છે, જેથી ૨૨ આદ્યક્ષર થાય છે. તાલ તો વિલાપગીતનો જ છે. એજ તાલ યશ.૧૪; ૪-૨૧ ને આમ.૫;૨માં મળી આવે છે.

૫. રચનાર. (૧) પુસ્તકની અંદર લેખકનું નામ આવતું નથી,

પણ "યર્મિયાએ યોશીયાહને માટે વિલાપનું કાવ્ય રચ્યું, ને આજ સુધી સર્વ ગવૈયાઓ તથા ગાનારીઓ વિલાપ કરતાં યોશિયાહ સંબંધી ગાતાં આવ્યાં છે; વિલાપોના પુસ્તકમાં તે લખેલા છે," એવું ૨ કાળ.૩૫;૨૫માં જણાવેલું છે. પરંતુ તે વિલાપનું કાવ્ય આ કાવ્યથી જૂદું છે. યોશિયાહ રાજા મગિદ્દોના રણક્ષેત્રમાં ૬૦૮ની સાલમાં માર્યો ગયો હતો, પણ આ કાવ્ય યરુશાલેમના પતન સંબંધીનું છે (૫૮૬). પણ યર્મિયા વિલાપનાં ગીત રચતો હતો, એવી દંતકથા ચાલતી આવી હતી, એવું કાળવૃત્તાંતમાં (આશરે ૩૦૦ની સાલ) જણાવેલી વાત પરથી સાબિત થાય છે. તે દંતકથા પ્રમાણેનું મથાળું LXXના તરજુમામાં દાખલ થયું. વળી "યરુશાલેમ ઉજજડ કરી નાખવામાં આવ્યું હતું, ત્યાર પછી યર્મિયા બેઠાં બેઠાં રડતો હતો, અને યરુશાલેમને લીધે વિલાપ કરીને તેણે કહ્યું, કે...," એવું પ્રસ્તાવનારૂપી વાક્ય LXXમાં સમાએલું છે. આજદિન સુધી "યર્મિયાની ગુફા," એવા નામની એક ગુફા યરુશાલેમમાં દમસ્ક નામની ભાગળ બહાર છે, ત્યાં બેઠાં બેઠાં યર્મિયાએ આ કાવ્ય રચ્યું, એવી યહૂદીઓની માન્યતા છે.

કાવ્યોની સુંદરતા તરફ જો આપણે જોઈએ, તો તે યર્મિયાકૃત છે, એમ માનવું સહેલું થઈ પડે છે, કેમ કે તેના પ્રબોધના પુસ્તકના પ્રથમ બેચાર અધ્યાયો આખા જૂના કરારમાં સુંદરમાં સુંદર ગણાવા લાયક છે, એવું આપણે અગાઉ જોઈ ગયા છીએ. તોપણ આવા અવર્ણનીય સંકટને સમયે યર્મિયા પોતાના હૃદયમાં ઉછળતા તરંગો કક્કાનુક્રમવાળાં સંકુચિત કાવ્યોમાં વ્યક્ત કરે, એમ માનવું ખરેખર મુશ્કેલ છે. તોપણ જો ગવૈયાઓ તથા ગવૈયણો માટે આ ગીતો રચવામાં આવ્યાં હોય, તો તે કક્કાનુક્રમ પ્રમાણેનાં હોવાને લીધે વધારે સહેલાઈથી યાદ રાખી શકાય એમ છે.

(૨) યર્મિયાના બોધથી કંઈક જુદી લાગે, એવી કેટલીએક વાત આ કાવ્યોમાં મળી આવે છે. દા.ત. "તેના પ્રબોધકોને યહોવા તરફથી સંદર્શન થતું નથી" (૨;૯). "અમને બચાવી શકે નહિ એવા દેશની અમે ઘણી અપેક્ષા કરી છે" (૪;૧૭ મિસર. પણ જુઓ યર.૧૭;૭).

"અમારા પૂર્વજોએ પાપ કર્યું, તેઓ જતા રહ્યા છે;

અને તેઓના અપરાધોનું ફળ અમને મળ્યું છે" (૫;૭.સરખાવો યર.૩૧;૨૯).

(૩) વળી યરુશાલેમ સર કરવામાં આવ્યું, ત્યાર પછી થોડા જ વખતમાં યર્મિયાને મિસરમાં લઈ જવામાં આવ્યો (૪૩:૬), ત્યાં થોડા વર્ષ પછી તેના જાતભાઈઓએ તેનું ખૂન કર્યું. તેથી

"તું શા કારણથી અમને હમેશને માટે વીસરી જાય છે?

તું આટલા બધા દિવસ સુધી અમને કેમ તજી દે છે?" (૫:૨૦),

એવું વચન યર્મિયાથી લખાય નહિ.

તો રચનાર વિષે આપણે ક્યા નિર્ણય પર આવીએ? કાવ્યમાં વ્યક્ત કરાએલાં ઊંચા વિચારો તથા ઊંડી લાગણી, તેમ જ તેની શૈલીની સુંદરતા જો આપણે ધ્યાનમાં લઈએ, તો તે યર્મિયાકૃત અથવા તેના જેવા સ્વભાવના કોઈ અનુયાયીકૃત છે, એવું કબૂલ કરવું પડે છે.

૬. **તેનું અધ્યયન.** યરુશાલેમના પતનની યાદગીરીમાં વર્ષના ૪થા માસના ૯મા દિવસે (જુઓ ઝખ.૮:૧૯) આ ઓળિયું વાંચી સંભળાવવામાં આવે છે. વળી યરુશાલેમના પુરાતન મંદિરના ખંડિયેરની એક દીવાલ હજુ સુધી મોજુદ છે, અને તે "વિલાપની દીવાલ" એ નામથી ઓળખાય છે. ત્યાં દર શુક્રવારે આવીને રૂઢિચુસ્ત યહૂદીઓ યર્મિયાનો વિલાપ તથા ગીતશાસ્ત્રમાંનાં અમુક ગીત વાંચીને રૂદન સહિત દુઃખગ્રસ્ત સિયોનને માટે શોક કરે છે અને તેના પુનરુદ્ધારને સારુ પ્રાર્થના કરે છે.

પાંચ ઓળિયાં : IV સભાશિક્ષક

૧. **તેનું શિક્ષણ.** પ્રસ્તાવનારૂપે ઘણું લખવાની જરૂર નથી. જો આપણે એકે વખતે આખા પુસ્તકનું અધ્યયન કરીએ, તો જેમ જેમ આપણે વાંચતા જઈએ, તેમ તેમ તેનું તાત્પર્ય સ્પષ્ટ સમજાશે. તે જૂના કરારનાં બીજાં બધાં પુસ્તકોથી જુદું છે, એવું તરત માલૂમ પડશે. "ઇસ્ત્રાએલની આકાંક્ષા," એવા શબ્દોમાં જૂના કરારનો સંદેશો સમાએલો કહેવાય, પણ આ પુસ્તક નિરાશાથી ભરપૂર છે. સભાશિક્ષક કહે છે, કે "વ્યર્થતાની વ્યર્થતા, સઘળું વ્યર્થ છે," એવા તેના પહેલા (૧:૨) તથા છેલ્લા (૧૨:૮) શબ્દો છે. હેબ્રી ભાષા પ્રમાણે વ્યર્થતાનો ભાવાર્થ "ધૂમર, શ્વાસ" છે. તે સર્વ વાનાંની નિર્માલ્યતા સૂચવે છે. "સર્વ વ્યર્થ અને ધુમાડામાં બાચકા ભરવા જેવું છે" (૧:૧૪). સર્વ મહેનત નિષ્ફળ હોય છે, અને "અધિક જ્ઞાનથી અધિક શોક થાય છે"

(૧;૧૮). "તેથી મેં જિંદગીનો ધિક્કાર કર્યો," એવા નિર્ણય પર સભાશિક્ષક આવ્યો (૨;૧૭). તેના શિક્ષણના કેટલાએક દાખલાની આપણે તપાસ કરીએ.

(૧) ૧;૨-૨;૧૧. પુસ્તકનો વિષય. ("વ્યર્થતાની વ્યર્થતા" તદ્દન વ્યર્થ. સરખાવો "ગીતોનું ગીત." વ્યર્થતા શબ્દ ૪૦ વાર આ પુસ્તકમાં મળી આવે છે). પૃથ્વી પર કંઈ જ નવું નથી. સર્વ વાનાં વર્તુળમાં ફર્યા કરે છે, કોઈ પ્રકારની પ્રગતિ છે જ નહિ. માણસનું હૃદય કદી તૃપ્ત થઈ શકતું નથી. એક પછી એક જુદી જુદી પેઢીઓ જતી રહે છે, અને આગલી પેઢીઓને થએલો અનુભવ હાલની પેઢીને કંઈ લાભનો નથી, કેમ કે "આગલી પેઢીઓનું સ્મરણ નથી" (૧;૧૧). (આની સાથે યુગોને લગતો વૈદિક સિદ્ધાંત સરખાવો). વળી નવા આકાશ તથા નવી પૃથ્વી ઉત્પન્ન થશે, એવી જે હેબ્રીઓની (યશ.૬૫;૧૭) અને ખ્રિસ્તીઓની (૨ પી.૩;૧૩) માન્યતા છે, તેની સાથે આ વાતની સરખામણી કરો. સભાશિક્ષકની માફક આપણે પણ માનીએ છીએ, કે "આખી સૃષ્ટિ નિસાસા નાખતાં પ્રસૂતિની વેદનાથી કષ્ટાય છે," પણ ખ્રિસ્તી સિદ્ધાંત પ્રમાણે કષ્ટાતી હોવા છતાં સૃષ્ટિ દાસત્ત્વમાંથી મુક્ત થવાની ઉત્કંઠા રાખે છે (રૂ.૮; ૧૯-૨૨).

નિરાશામય શિક્ષણના બીજા દાખલા :--(૨) ૧;૧૮. જ્ઞાન કેવળ શોકરૂપ છે. (૩) ૨;૧-૧૧. મોજશોખ વ્યર્થ છે. (૪) ૨;૧૨-૧૭. મૂર્ખ તથા જ્ઞાની સરખા છે. "મૂર્ખની પેઠે જ્ઞાની પણ મરી જાય છે." આ વાત વારંવાર આવ્યા કરે છે. "મૂર્ખના કરતાં જ્ઞાનીને શું વધારે મળે છે?" (૪) ૨;૧૮-૨૩. મહેનત પણ શોકરૂપ છે. દ્રવ્યસંગ્રહ શા કામનો? કેમ કે મારો વારસ જ્ઞાની થશે કે મૂર્ખ, તે કોણ જાણે છે? (૫) ૩;૧૬. ન્યાયને ઠેકાણે દુષ્ટતા બિરાજમાન છે. (૬) ૩;૧૮-૨૨. "પશુઓ કરતાં માણસ કંઈ શ્રેષ્ઠ નથી. સર્વ એક જ જગાએ જાય છે" (૭) ૪;૧. દલિતો દિલાસાહિન છે. (૮) ૪;૨,૩. નહિ જન્મવું સહુથી ઇચ્છવાજોગ છે. (આ તો સોફાકલેસ નામના ગ્રીક કવિના એક નાટકમાંથી ઉતારી લીધેલું વચન છે, એટલે "ઊંચામાં ઊંચી ખ્યાતિ હોવા કરતાં તે ન હોય, તે ઉત્તમ છે"). એ ઉપરાંત બીજા ઘણા દાખલા તેમાં મળી આવે છે. તેમાંના આપણે માત્ર થોડાક લઈએ. લોકપ્રિયતા ઘણી ક્ષણભંગુર છે (૪; ૧૩-૧૬). ધનદોલતથી કંઈ તૃપ્તિ

થતી નથી. માણસ સંતાનવાળો હોય કે નિઃસંતાન હોય, તોય વાત એકનીએક છે. "એના કરતાં અધૂરે ગએલો ગર્ભ સારો છે" (૫; ૧૦-૬;૯). સ્ત્રીઓ પણ પાશરૂપ છે (૭; ૨૩-૨૯). મનુષ્યજીવન મડાગાંઠરૂપ છે. "નેકના તથા દુષ્ટના એક જ હાલ થાય છે." પ્રસંગ તથા દૈવયોગની અસર સર્વને લાગુ પડે છે." "બુદ્ધિને તુચ્છ ગણવામાં આવે છે" (૮; ૧૬-૯; ૧-૬, ૧૧-૧૬). "યુવાવસ્થા તથા ભરજુવાની પણ વ્યર્થતા છે" (૧૧; ૯-૧૨;૮).

જીવન માયારૂપ છે, તે વ્યર્થ એટલે અર્થ વિનાનું છે, એવો આવા શિક્ષણનો સારાંશ છે. જો મનુષ્યજીવનને લગતો ઈશ્વરનો કોઈ ઈરાદો હોય, તો તે સંતાડી રાખવામાં આવ્યો છે (૩;૧૧ ને બીજી ઘણી વાર). ઈશ્વરે સનાતનપણું (એટલે સનાતન વાનાંની આકાંક્ષા) માણસના હૃદયમાં મૂક્યું છે ખરું, તોપણ તે પણ વ્યર્થ છે, કેમ કે તેની તૃપ્તિ કદી થશે નહિ. "ઈશ્વરે જે કંઈ કર્યું છે, તેનો પાર માણસ પામી શકે નહિ" (૩;૧૧). "વ્યર્થતાની વ્યર્થતા, સઘળું વ્યર્થ છે," એમ લખીને સભાશિક્ષકે પોતાનું પુસ્તક સમાપ્ત કર્યું (૧૨;૮).

(૨) હવે જો આપણી જિંદગી વ્યર્થ છે, તો આપણે શું કરવું? "દરેક મનુષ્ય ખાય પીએ, ને પોતાની સર્વ મહેનતમાં સુખ ભોગવે, એ ઈશ્વરનું વરદાન છે" (૩;૧૩). ઘેરા વખતે જેમ યરુશાલેવાસીઓએ કર્યું (યશ.૨૨;૧૩), તેમ "આપણે પણ ખાય પી લઈએ, કેમ કે કાલે આપણે મરી જવાના છીએ." જો પ્રભુ ઈસુને મૂએલાંમાંથી ઊઠાડવામાં આવ્યો ન હોત, તો આપણું કહેવું પણ એવું જ હોત (૧ કરિં. ૧૫;૩૨). આશાહીન હોવાને લીધે સભાશિક્ષકનો પણ એવો જ અભિપ્રાય છે. દરેક અવસરનો લાભ લેવો, "ખાવું, પીવું તથા પોતાના કામકાજમાં પોતાના જીવને મોજ કરાવવી, એ કરતાં માણસને માટે બીજું કશું શ્રેષ્ઠ નથી" (૨;૨૪). એજ શિખામણ વખતોવખત આપવામાં આવે છે (૩;૧૨,૧૩,૨૨ : ૫;૧૮,૧૯ : ૮;૧૫ : ૯;૭-૧૦ : ૧૧; ૧-૧૦ (કલમ ૯આ સિવાય)).

ખ્રિસ્ત રહિતનું, અમરપણાની આશા રહિતનું જીવન એવું જ છે (એફ.૨;૧૨). ઈસુ ખ્રિસ્તના પુનરુત્થાનથી મનુષ્યજીવનનું કેવું રૂપાંતર થયું છે! કેવા આનંદ સહિત પ્રેરિત પાઉલ પોકારી ઊઠ્યો, કે "તારનાર

ખ્રિસ્ત ઈસુએ મરણને નાબૂદ કર્યું, અને સુવાર્તાદ્વારા જીવન તથા અમરપણું પ્રકાશિત કર્યું છે" (૨ તી.૧;૧૦).

(૩) પરંતુ નિરાશાવાદના શિક્ષણ ઉપરાંત બીજાં વચન પણ છે, કે જેમાંનો બોધ તેની સાથે બરોબર મળતો આવતો નથી. તે વચન બે જુદા જુદા પ્રકારનાં છે, એટલે (અ) કહાણીઓને (આ) જેમાં ઈશ્વરનું ભય રાખવાનું તથા સારાનરસાનો બદલો પામવાનું શિક્ષણ આપેલું છે. એવાં કેટલાંએક વચન નીચે પ્રમાણે છે :--

(અ) કહાણીઓ. તેનો સહુથી મોટો સંગ્રહ ૭; ૧-૧૨માં સમાએલો છે. બીજા સંગ્રહો ૪;૯-૧૨ : ૯;૧૭-૧૦;૧૩, ૧૮-૨૦માં મળી આવે છે. આ કહાણીઓ નીતિવચનોના પુસ્તકમાં સમાએલી કહાણીઓ જેવી છે. તેમાંનો બોધ જાતજાતનો છે, તેનું કંઈ ખાસ લક્ષણ નથી. દા.ત.૪;૯-૧૨માં સહકારને લગતો બોધ ; ૭; ૧-૧૨માં સુખમય જીવન ગાળવા વિષેનો વ્યાવહારિક બોધ ; તથા ૯; ૧૭-૧૦;૧૩માં પરચુરણ શિખામણ, પણ વિશેષે કરીને દરબારી લોકને શોભતી વર્તણૂકને લગતી શિખામણ મળી આવે છે.

(આ) ઉપરોક્ત કહાણીઓમાં સમાએલો બોધ સામાન્ય છે, તેનો આ પુસ્તકના બાકીના ભાગમાં મળતા બોધની સાથે કંઈ વિશેષ સંબંધ હોય, એમ જણાતું નથી. પરંતુ "નેકના તથા દુષ્ટના એક જ હાલ થાય છે" (૯;૨), તે વચનમાં આ પુસ્તકના બોધનો જે સારાંશ છે, તે આ વાળાં વચનથી રદ કરવામાં આવે છે. દા.ત.૮; ૧૦,૧૧,૧૪,૧૫ પ્રમાણે ભલા તથા ભૂંડાઓ બંનેનું વિસ્મરણ થાય છે. ઘણી વાર નેક માણસોને દુષ્ટનાં કામનાં ફળ પ્રમાણે ફળ મળે છે, ને દુષ્ટને નેકના કામનું ફળ મળે છે. તેથી વિનોદ કરવા કરતાં કંઈ સારું નથી. પણ કલમ ૧૨ ને ૧૩ પ્રમાણે ખરી વાત એથી જુદી છે. "જેઓ દેવનો ડર રાખે છે, તેમનું ભલું થશે જ ; પણ દુષ્ટનું ભલું થશે નહિ." આ વાતના બીજા ઘણા દાખલા છે, જેવા કે ૨;૨૬ : ૩;૧૭ : ૧૫;૧-૭;૧૮ : ૧૧;૯. પણ સહુથી સ્પષ્ટ દાખલો પુસ્તકના સમાપ્તિવચનમાં મળી આવે છે, એટલે "બોધનો સાર આપણે સાંભળીએ, તે આ છે- દેવનું ભય રાખ ને તેની આજ્ઞાઓ પાળ, કેમ કે સર્વ માણસનો એવો મુખ્યાર્થ છે (RVm). કેમ કે દેવ દરેક ભલી કે ભૂંડી ગુપ્ત વાત સુદ્ધાં દરેક કામનો ન્યાય કરશે" (૧૨;૧૩,૧૪).

તો એવા બોધનાં વચન ક્યાંથી દાખલ થયાં હશે? આ સવાલના ત્રણ જુદા જુદા જવાબ આપી શકાય એમ છે. તેઓ નીચે પ્રમાણે છેઃ--

(૧) લેખક તો સુત્રધાર (૧૨;૧૧ (RVm)) તેમ જ સભાશિક્ષક હતો. હવે સોક્રેટિસ જેવા ગ્રીક તત્ત્વવેત્તાઓ સવાલજવાબની રૂએ શિક્ષણ આપતા હતા, અને હેબ્રી ધર્મશાસ્ત્રીઓની પણ શીખવવાની એજ પદ્ધતિ હોય, એવો સંભવ છે. છોકરો ઈસુ યૂસફ તથા મરિયમને મંદિરમાંથી જડ્યો, ત્યારે "તેઓએ તેને ધર્મગુરુઓની વચમાં બેઠેલો તેઓનું સાંભળતો તથા તેઓને સવાલ પૂછતો દીઠો" (લૂ.૨;૪૬). તો સભાશિક્ષકના વિદ્યાલયમાં ચર્ચેલા પ્રશ્નના કેટલાએક પ્રત્યુત્તર આવાં વચનમાં સમાએલા નહિ હોય શું?

(૨) દેવભક્તોને સારુ એ સમય આકરો હતો, એવું આપણે અગાઉ શીખી ગયા છીએ. તો જેમ ઈશ્વરભક્ત યર્મિયા કોઈ કોઈ વખત નિરાશાકલણમાં ફસાઈ જતો હતો, તેમ આ ભક્તને નહિ થયું હોય શું? અને યર્મિયાને પેઠે તે પણ તે કલણમાંથી નીકળીને દર્શનરૂપી પહાડ પર ચઢવા પામ્યો હોય, અને જેમ પ્રસંગો વિવિધ પ્રકારના તેમ તેણે કરેલો ઉપદેશ પણ વિવિધ પ્રકારનો હોય, એવું સંભવિત છે.

(૩) અથવા સભાશિક્ષકનો બોધ કેટલો બધો અધૂરો છે, સત્ય શિક્ષણથી તે કેટલો બધો અલગ છે, તે જોઈને તેની અપૂર્ણતા પૂર્ણ કરવા ને તેના અસત્યનું ખંડન કરવા સારુ બીજા કોઈ ઈશ્વરભક્તે એ વચન ઉમેર્યા નહિ હોય શું? એવો સંભવ હતો, તેની એક સાબિતી જ્ઞાનીવર્ગના સાહિત્યના પ્રકરણની પ્રસ્તાવનામાં આપેલી છે. આપોક્રિફાવાળા "જ્ઞાનનું પુસ્તક" એ નામના પુસ્તકમાં સભાશિક્ષકનો જે સારાંશ આપેલો છે, તે નીચે પ્રમાણે છે :--

"આપણી જિંદગી ક્ષણભંગુર તથા દુઃખગ્રસ્ત છે, તેના અંત આવે, ત્યારે તાજગી પામવાની આશા રખાય નહિ,

અને હાડેસમાંથી (મૃત્યુલોક) જે પાછો આવ્યો હોય, એવો કોઈ નથી. જતે દહાડે આપણું નામ વિસારે મૂકવામાં આવશે, અને આપણાં કામનું સ્મરણ કોઈ કરશે નહિ (સર.૮;૧૦).

વાદળના પડછાયાની માફક આપણું જીવન જતું રહેશે,

અને ધૂમરની પેઠે તે હતું ન હતું થઈ જશે.

કેમ કે આપણો નિર્માણ કરાએલો સમય જતા રહેનાર પડછાયા

જેવો છે, અને આપણા જીવનનો અંત મુલતવી રાખી શકાય નહિ (સર.૮;૮). તેથી આવો, અને હાલનાં સારાં વાનાંનો આપણે ઉપભોગ કરી લઈએ (સરખાવો ૨;૨૪, વગેરે).

એવો જ આપણો હિસ્સો, આપણો વિભાગ છે, માટે આપણે મોંઘામૂલો દ્રાક્ષારસ તથા સુગંધીદાર દ્રવ્યથી આનંદ માણીએ."

એવા શિક્ષણના પ્રત્યુત્તરમાં કવિએ જે આશામય મનોહર વિચારો વ્યક્ત કર્યા, તે પેલી પ્રસ્તાવનામાં આપવામાં આવ્યા છે. તેનું સમાપ્તિવચન ફરીથી આપવામાં આવે તો સારું. તે આ છે, કે

"ન્યાયીઓ સદા જીવતા રહે છે,
અને યહોવા તેઓનું પ્રતિદાન છે."

ખરેખર સભાશિક્ષકને આવતી શંકા તથા તેને થતી નિરાશા મટાડવાનો ઉપાય ઉપલા શ્લોકમાં રહેલો છે. ન્યાયી માણસને આ લોકમાં પોતાના સદાચરણનો બદલો મળે છે, એવી પુરાતન કાળમાં દૃઢ માન્યતા હતી. પણ બંદીવાસના સંકટને લીધે, અને વિશેષે કરીને મક્કાબીઓના સમયના ભારે સંકટને લીધે ઈશ્વરભક્તો તે બાબત વિષે સંદેહમાં પડવા લાગ્યા હતા. જો માત્ર આ જીવનમાં સારાનરસાનો બદલો મળતો હોય, તો ખરેખર મનુષ્યજીવન મડાગાંઠરૂપ છે, એવું તેઓનું કહેવું હતું. પણ જતે દહાડે માણસોના હૃદયમાં અનંતકાળના જીવનની આશાનો ઉદય થયો, તે દરેક અંધારકાળે દિવા સમાન થઈ પડતો, જેથી ઈસુ ખ્રિસ્ત જે જગતનું અજવાળું છે તેને માટે તે માર્ગદર્શક થયો.

૨. **રચનાર.** ભાષાના ધોરણ પ્રમાણે પુસ્તક પાછળના વખતનું છે, એ કરતાં ખાતરીપૂર્વક બીજું કંઈ શકાય નહિ. પ્ટોલેમી પાંચમો ૨૦૫ની સાલમાં પાંચ વરસની ઉંમરે મિસરનો રાજા થયો, તેથી જો ૪;૧૩ તથા ૧૦;૧૬માં જુવાન રાજાની જે વાત આવે છે તે તેને લગતી હોય, તો લખવાની સાલ નક્કી કરી શકાય, એમ છે. પણ રચનાર તો નનામો છે. તે જ્ઞાની વર્ગમાંનો કોઈ ભક્ત હતો, અને તે સમયે ચાલતી રીત અનુસાર તેણે સુલેમાનનું નામ પોતાના પુસ્તકમાં દાખલ કર્યું.

૩. **હેબ્રી નિયમગણ.** પણ આવું પુસ્તક સતશાસ્ત્રમાં કેમ દાખલ થવા પામ્યું? ગીતોનું ગીત, એસ્તેર તથા સભાશિક્ષક એ ત્રણે પુસ્તક મહામુસીબતથી જૂના કરારના નિયમગણમાં દાખલ થવા પામ્યાં, એવું

ઉપર કહેવામાં આવ્યું છે. એમ છતાં તે દાખલ કરવા લાયક છે, એવું આપણું માનવું છે. કેવી રીતે ઈશ્વર પોતાની ઇચ્છા માણસોની આગળ રફતે રફતે પ્રગટ કરતો જઈને અતિઘણી ધીરજથી માણસોને આત્મિક કેળવણી આપતો જાય છે, તેની આવવાની આવશ્યકતા આ પુસ્તકમાં છવાઇ રહેલા અંધકાર તથા આશાના અભાવથી પુરવાર કરવામાં આવે છે.

૪. **તેનું જાહેર અધ્યયન.** આ ઓળિયું માંડવાપર્વના દિવસો દરમિયાન વાંચી સંભળાવવામાં આવે છે. કાપણીની મહેનતથી માણસો પરવારી જતાં, ત્યારે આ તહેવાર ખરો આનંદોત્સવ થઇ રહેતો. તો આવા શુભ પ્રસંગે નિરાશામય બોધ ભરેલું પુસ્તક શું કરવા વાંચી સંભળાવવામાં આવે? "વ્યર્થતાની વ્યર્થતા, સઘળું વ્યર્થ છે," એવાં વચનોને લીધે નહિ, પણ "હરેક મનુષ્ય ખાયપીએ ને પોતાની સર્વ મહેનતમાં સુખ ભોગવે, એ ઈશ્વરનું વરદાન છે," એવાં તેમાં મળી આવતાં દીવારૂપ બીજાં વચનોને લીધે તે જાહેરમાં વાંચી સંભળાવવામાં આવે છે. નિરાશા આશામાં, અને ઉદાસીનતા ઉલ્લાસમાં ગરક થઇ ગએલી છે.

"અને જેવી અગાઉ ધૂળ હતી, તેવી જ પાછી ધૂળ થઇ જશે, અને દેવે જે આત્મા આપ્યો, તે તેની પાસે પાછો જશે" (૧૨;૭), એ વચનમાં અમરપણાની આશા ગુપ્ત રહેલી નથી શું? આપણ ખ્રિસ્તીઓના સમજવા પ્રમાણે એવો એનો અર્થ થાય છે. પણ "મનુષ્યનો આત્મા ઉપર જાય છે, અને પશુનો આત્મા નીચે પૃથ્વીમાં જાય છે, તેની કોને ખબર છે"? (૩;૨૧) એવું વચન જો આપણે ધ્યાનમાં લઇએ, તો સભાશિક્ષકની અમરપણાની જે આશા હતી, તે ઘણી ઝાંખી હતી, એમ કબૂલ કરવું પડે. જાણે કે મનુષ્યજીવન જ્યોત જેવું છે, કે જે શરીર મરતાંવેતમાં હોલવાઇ જાય છે. પણ જો તે ખરી આશા હોય, તો તે પળવારની જ હતી. તે દેખાય છે, પણ બીજી પળે તે હતી ન હતી થઇ જાય છે, અને સભાશિક્ષકનું છેલ્લું વચન તેના પ્રથમ બોલેલા વચન જેવું જ છે, એટલે "વ્યર્થતાની વ્યર્થતા, સઘળું વ્યર્થ છે."

પાંચ ઓળિયાં : V. એસ્તેર

૧. તેનું જાહેર અધ્યયન. પૂરીમપર્વ વખતે આ ઓળિયું વાંચી સંભળાવવામાં આવે છે. તેમાં તે પર્વની સ્થાપનાનું વર્ણન કરેલું છે. તે પર્વ હેબ્રી વર્ષના અદાર (ફેબ્રુઆરી-માર્ચ) નામના બારમા માસના ૧૪ અને ૧૫મા દિવસે પાળવામાં આવે છે. તે માસને ૧૩મે દિવસે "એસ્તેર" નામનો ઉપવાસ જે "શ્યામ ઉપવાસ" પણ કહેવાય છે, તે પળાય છે. (યો.૫;૧માં "એક પર્વ" વિષેની વાત મળી આવે છે. ત્યાર પહેલાં "ખેતરો કાપણીને સારુ પાકી ચૂક્યાં છે," એમ પ્રભુ ઈસુ બોલ્યો હતો. હવે પાલેસ્ટાઇનમાં માર્ચ માસના અરસામાં પાક થાય છે, તેથી ત્યાર પછીનું પળાતું પર્વ પૂરીમ હતું, એવું કેટલાએક સાક્ષરોનું માનવું છે).

"પૂર" એટલે "ચિઠ્ઠી," એવો એનો ખુલાસો ૩;૭માં આપેલો છે. ખુલાસો કરવાની જરૂર હતી, કેમ કે "પૂર" શબ્દ હેબ્રી ભાષાનો નથી. "નાનકડો લીસો પથ્થર" એવા અર્થનો પૂર જેવો આશૂરી એક શબ્દ છે, એમ હેબ્રી શબ્દકોશમાં કહેલું છે. હવે મત આપતી વેળા નાનકડા ધોળા પથ્થરનો ઉપયોગ કરવામાં આવતો હતો, એવું આપણે જાણીએ છીએ (પ્ર.૨;૧૭), અને તે જ રીતે ચિઠ્ઠીઓ નાખતી વખતે એવા પથ્થરો વાપરવામાં આવતા હોય, એવો સંભવ છે. (ઉરીમ તથા તુમ્મીમ પણ એવા જ પથ્થર હોય, એવો અભિપ્રાય ક્યારનો આપવામાં આવેલો છે (નિ.૨૮;૩૦). "હેબ્રી ભાષામાં બહુવચનનો પ્રત્યય છે).

મોર્દખાય યહૂદી હતો, તેની ઈર્ષા આવ્યાને લીધે હામાન નામે અહાશ્વેરોશ રાજાના દિવાનને મોર્દખાય સુદ્ધાં આખી યહૂદી કોમનો સંહાર કરવાની તીવ્ર ઇચ્છા થઇ (૩;૬). તેથી એ કામને સારુ પાદશાહની આગળ અરજ રજૂ કરવાનો માંગલિક દિવસ કયો હશે, તે જાણવા સારુ જોશીઓ પૂર (એટલે ચિઠ્ઠી) નાખવા લાગ્યા (૩;૭), જેથી આખરે અદાર માસનો ૧૩મો દિવસ નીકળ્યો (૩;૧૩). કેવી રીતે યહૂદીઓ એસ્તેરના સ્વનકારથી એવા ધારેલા નાશથી બચી ગયા, અને તેઓના વેરી હામાનનો તથા બીજા ઘણા ઇરાનીઓનો નાશ થયો, તે સર્વ બાબતોનું વર્ણન આ પુસ્તકમાં કરેલું છે.

આ ચમત્કારિક બચાવની યાદગીરીમાં પૂરીમના તહેવારની

સ્થાપના કરવામાં આવી. ગામેગામ તે પાળવામાં આવતો. અદાર માસની તા.૧૩મીની સાંજે તથા તા.૧૪માની સવારે લોક સભાસ્થાનોમાં સંખ્યાબંધ ભેગા થતા, ત્યાં એસ્તેરનું પુસ્તક વાંચી સંભળાવવામાં આવતું, અને પ્રાર્થનાદ્વારા સ્તુત્યર્પણો કરવામાં આવતાં.

ઘણી મુસીબતથી આ પુસ્તક નિયમગણમાં દાખલ થવા પામ્યું છે, તોપણ જેમ જેમ પાછળનાં સૈકાંમાં યહૂદીઓના સતાવણી વખતોવખત થતી, તેમ તેમ તે તેઓને વધારે પ્રિય થઇ પડતું, એટલે સુધી કે મસીહ આવશે, ત્યારે નિયમશાસ્ત્ર (એટલે પંચગ્રંથ) તથા એસ્તેર માત્ર એ બેજ પુસ્તક કાયમ રહેશે, એવું તેઓના એક સાક્ષરનું કહેવું હતું.

૨. **તેમાં વર્ણવેલી વાર્તા.** તેમાં જે બનાવો વર્ણવેલા છે, તે અહાશ્વેરોશ પાદશાહના સમયમાં (૪૮૫-૪૬૫. એઝ.૪;૬ : દા.૯;૧) બન્યા, એમ કહેલું છે. તેની કારકિર્દીનું ત્રીજું વર્ષ તો ૪૮૩ની સાલ હતી. વાર્તામાં રજૂ કરાએલાં મુખ્ય પાત્રો મોર્દખાય, એસ્તેર નામની તેના કાકાની દીકરી તથા હામાન છે. એસ્તેરનું હેબ્રી નામ હદાસ્સાહ (મેંદી) હતું (૨;૭). એસ્તેર (શુક્ર નામની રાશી) તેનું ઇરાની નામ હતું, તે ઇરાની દેવ ઇષ્ટાર પરથી પડ્યું છે. હામાન "અગાગી" કહેવાય છે (૩;૧), કેમ કે જેમ અગાગ રાજા શાઉલનો શત્રુ હતો (૧ શમૂ. ૧૫;૮), તેવી જ રીતે હામાન પણ ઇસ્ત્રાએલનો શત્રુ થયો. ઇતિહાસકાર યોસેફસે તેને "અમાલેકી" કહ્યો છે.

વાર્તા ખરેખર મનોહર છે. નાટકમાંના જુદા જુદા પ્રવેશોની માફક તેમાં વર્ણવેલા બનાવો એકબીજાની સાથે સંકળાએલા છે. બનેલા બનાવોનું પરિણામ અનિવાર્ય છે. "એમ જે ફાંસી તેણે મોર્દખાયને સારુ તૈયાર કરાવી હતી, તેના પર તેઓએ હામાનને જ ફાંસી દીધી" (૭;૧૦), અને યહૂદીઓના આત્મકષ્ટનો જે દિવસ હતો, તે તેઓને સારુ આનંદોત્સવ બની ગયો. જેમાં છોકરાંને રસ પડે, છોકરાંને યાદ પણ રહે, એવી આ વાર્તા છે. તોપણ જો આપણે રૂથની વાર્તાની સાથે તેની સરખામણી કરીએ, તો તે વાર્તામાં દીપી આવતી સાદાઇ તથા નરમાશને બદલે આ વાર્તામાં આંડબર તથા કૃત્રિમતા, પરદેશીઓ પ્રત્યેના પરોપકારભાવને બદલે રાષ્ટ્રિય અભિમાન તથા વેરભાવ દેખાઇ આવે છે.

૩. **તેની રચના.** (અ) તેના લેખક વિષે આપણને કંઇ પણ

ખબર નથી. તે એક ઝનૂની યહૂદી હતો, કે જે ઇરાન દેશનો તથા તેના લોકની રીતભાતનો માહિતગાર હતો, એટલું જ કહી શકાય છે.

(આ) વળી તે ક્યારે રચવામાં આવ્યું એ બાબતે પણ કંઇ ખાત્રીપૂર્વક કહી શકાય એમ નથી. પણ નીચેની વાતો પરથી કંઇક અટકળ કરી શકાય છે :--

(૧) ૧;૧ પ્રમાણે આ બનાવ "તેના સમયમાં એટલે પેલા દિવસોમાં બન્યો." "પેલા દિવસો" પરથી સમય દૂરનો સમજવો.

(૨) ૩;૮ પ્રમાણે યહૂદી પ્રજા "રાજ્યના સર્વ પ્રાંતોમાં પ્રસરેલી તથા વિખેરાએલી" કહેવાય છે. તે પરથી સમજવું કે બંદીવાસ થયાને (૫૮૬-૫૩૮) ઘણાં વર્ષ વીતી ગયાં હશે.

(૩) ભાષાના ધોરણ પ્રમાણે પુસ્તક પાછળના સમયનું છે, કેમ કે જો કે તે ભાષામાં રચેલું છે ખરું. તોપણ તેમાં અરામી ભાષાની રૂઢિના ઘણા દાખલા મળી આવે છે, એવું સાક્ષરોનું કહેવું છે.

(૪) તેના વાતાવરણ પરથી પણ એ અનુમાનને વિશેષ પુષ્ટિ મળે એમ છે. જે પોતાની જાતિ તથા પોતાના ધર્મને લીધે અભિમાન કરે, તેમ જ જે પોતાના લોક પર ગુજારેલા જોરજુલમને લીધે ઉશ્કેરાઇ ગએલો હોય, એવો આ પુસ્તકનો લેખક છે. મારી માતૃભૂમિ સર્વ દેશોમાંનો સહુથી નાનો દેશ છે. અમારું પાટનગર અમારા શત્રુઓએ જીતી લઈને લૂંટી લીધું તથા સમૂળગું બાળી મૂક્યું છે, છતાં "(યહોવાના દર્શનનો) મહિમા, કરારો, નિયમશાસ્ત્રદાન, ભજનક્રિયા તથા (મસીહને લગતાં) વચન" અમારાં જ છે (૩.૯;૪). યરુશાલેમ "મોટા રાજાનું નગર" છે (ગી.૪૮;૨). જ્યારે "યહોવાનો દિવસ" આવશે, ત્યારે અમારા શત્રુઓનો પરાજય થશે જ થશે, એવી તેની દૃઢ માન્યતા હતી. જેમ જેમ યહૂદીઓને વધારે સાંખવું પડતું, તેમ તેમ તેઓ વધારે ચુસ્તતાથી મંદિર તથા નિયમશાસ્ત્રનો તિરસ્કાર કરીને તેઓની પ્રત્યે તીવ્ર વિરોધ દર્શાવતા હતા. એવા વિરોધનાં પ્રમાણ ગીતશાસ્ત્રમાંનાં ઘણાં ગીતોમાં મળી આવે છે (૭૯;૬ : ૮૩;૧૩, વગેરે). એવું વાતાવરણ આ પુસ્તકમાં પણ દેખાઇ આવે છે. તેમના પર ગુજારેલો જુલમ તથા તેનાથી ઉપજતી ઘૃણા નાના ટોળાથી મોટા સૈન્યનો કરાએલો પરાજય તથા તેથી ઉપજતું અભિમાન--એ સર્વ લક્ષણ

તેમાં મળી આવે છે. એવા સંજોગો મક્કાબીઓના સમયમાં વારંવાર ઉપસ્થિત થતા હતા, તેથી તે અરસામાં એસ્તેરનું પુસ્તક લખવામાં આવ્યું હોય, એવું સંભવે છે.

૪. **તેનો સંદેશો.** (૧) તેમાં દેવનું નામ બિલકુલ આવતું નથી, તે કારણને લીધે તે હેબ્રી શાસ્ત્રના નિયમગણમાં પહેલવહેલાં દાખલ થવા પામ્યું નહિ, અને જો કે આખરે તે દાખલ થયું, તોપણ ઘણા યહૂદી નેતાઓથી તે માન્ય કરવામાં આવતું નહોતું.

(૨) પરંતુ એસ્તેરે કરેલી સાહસિકતા તથા તેણે કરેલા સ્વનકારના નમૂનાને લીધે તે આપણને મૂલ્યવાન લાગે છે. એસ્તેરને મોર્દખાયે કરેલી વિનંતી, એટલે કે "તને રાણીપદ પ્રાપ્ત થયું છે, તે આવા જ સમયને સારુ નહિ હોય, એ કોણ જાણે છે" (૪;૧૪) તથા તેને એસ્તેરે આપેલો પ્રત્યુત્તર, એટલે કે "સર્વ યહૂદીઓને એકઠા કર, અને તમે સર્વ આજે મારે સારુ ઉપવાસ કરો. હું તથા મારી દાસીઓ પણ એવી જ રીતે ઉપવાસ કરીશું. જો કે તે નિયમ વિરુદ્ધ છે, તોપણ હું રાજાની હજૂરમાં જઈશ; ને મારો નાશ થાય, તો ભલે થાય" એવાં વચન કદી કાલાતીત થાય એમ નથી. આજ્ઞાંકિત દીકરી તરીકે, પોતાના લોકની જોખમ ખેડનારી સેવિકા તરીકે, યહોવાની ખરી સેવિકા તરીકે એસ્તેર મહાન હેબ્રી સ્ત્રીઓના વર્ગમાં ગણાવા યોગ્ય છે.

૫. **"એસ્તરના પુસ્તકના બાકીના અધ્યાયો,"** એવા નામની એક પુસ્તિકા આપોક્રિફામાં સમાએલી છે. તે ગ્રીક ભાષામાં રચાએલી છે. એસ્તેરમાં જે વાતોની ઊણપ જણાય છે, તેવી કેટલીએક વાત આ પરિશિષ્ટમાં મળી આવે છે. દા.ત.

(૧) જે બે ખવાસોએ અહાશ્વેરોશનું ખૂન કરવાની કોશિશ કરી હતી (૨;૨૧), તેઓને ઉશ્કેરનાર તો હામાન હતો, એમ કહેલું છે. તેમનું કાવતરૂં મોર્દખાયે ઉઘાડું કર્યું હતું, તે કારણને લઈને હામાન મોર્દખાય પર દ્વેષભાવ રાખતો હતો.

(૨) એસ્તેરમાં દેવનું નામ એક પણ વાર આવેલું નથી. પણ આ પરિશિષ્ટમાં તે બધે આવેલું જણાય છે. દા.ત. "કેમ કે યહોવાએ પોતાના લોકનો બચાવ કર્યો છે, ને આ સર્વ સંકટોમાંથી યહોવાએ

આપણને બચાવી રાખ્યા છે, અને દેવે મહાન ચિહ્ન તથા અદ્‌ભુત કૃત્યો કર્યા છે."

(૩) એસ્તેરમાં પ્રાર્થનાને લગતી એક પણ વાત નથી: પણ આ પુસ્તિકામાં અણીને સમયે મોર્દખાયે તથા એસ્તેરે કરેલી પ્રાર્થનાઓ પૂરી નોંધેલી છે, અને તેઓ ખરેખર હૃદયભેદક છે.

(૪) કોઇ પણ રાજા પોતાના રાજ્યમાં વસતી કોઇ પ્રજાનો સંહાર કરવાની ઇચ્છા રાખે, તેની વાત અત્યાર પહેલાં આપણાથી મનાય નહિ. પરંતુ આપણા પોતાના જમાનામાં કરાએલા એવા નિર્દય પ્રયાસ આપણા જોવામાં આવ્યા છે. યહૂદી પ્રજાનો સંહાર કરવાની રજા આપતી વેળા તેમ જ યહૂદીઓને પોતાનો બચાવ કરવાની રજા આપીને પાદશાહે જે બે જુદાં જુદાં ફરમાન બહાર પાડ્યાં, તે બંને આ પુસ્તિકમાં આપેલા છે. પ્રથમ ફરમાન ધ્યાન આપવા લાયક છે, કેમ કે યહૂદીઓની કતલ કરવાનાં જે કારણો નાઝીઓએ યોજી કાઢ્યાં, તેજ કારણો અહાશ્વેરોશને પણ સૂઝ્યાં હતાં, એટલે કે (અ) આ પ્રજા બીજી બધી પ્રજાઓથી પોતાને અલગ રાખે છે, (આ) પોતાના જ કાયદાઓને તે માન આપે છે, અને (ઇ) રાષ્ટ્રની આબાદાનીમાં તે અટકાવરૂપ છે. પરંતુ બીજા ફરમાનમાં પાદશાહમાં થએલું પરિવર્તન જણાય છે, કેમ કે "યહૂદીઓના કાયદા યથાર્થ છે, અને તેઓ જીવતા તથા સર્વસમર્થ ઇશ્વરના જ અનુયાયીઓ છે, કે જેણે આપણે તથા આપણા પૂર્વજોને સારુ આપણા સામ્રાજ્યની સંસ્થાપના સર્વોત્તમ રીતે કરી છે," એમ કહેલું છે. જે પ્રજામાંનો "ખ્રિસ્ત દેહ પ્રમાણે છે, તે સર્વકાળ સર્વોપરી, સ્તુત્ય દેવ છે. આમેન," તે પ્રજાના ઇતિહાસનું બીજું એક પૃષ્ઠ આ વાર્તામાં સમાએલું દેખાય છે.

દાનિયેલ
("દેવ ન્યાયાધીશ છે")

૧. **સમય.** ભૂમધ્ય સમુદ્ર તથા સિંધુ નદી વચ્ચે આવેલાં સર્વ રાજ્યો મહાન સિકંદરે (૩૩૬-૩૨૩) સર કર્યાં, પરંતુ તેનું મરણ થયા પછી તેનું સામ્રાજ્ય અસ્તવ્યસ્ત થઈ ગયું, અને આખરે તેના ચાર મોટા સરદારોએ તેના રાજ્યના ચાર જુદા જુદા ભાગ પાડીને અંદરોઅંદર વહેંચી લીધા (૮;૮,૨૨ : ૧૧;૪). સિકંદરનો કોઈ વારસ નહોતો (૧૧;૪), કેમ કે તેનું મરણ થયા પછી તેનો એકનોએક દીકરો જન્મ્યો, પણ ૧૩ વર્ષની ઉંમરે તેનું ખૂન કરવામાં આવ્યું. જે ચાર જુદાં જુદાં નવા રાજ્યો ઊભાં થયાં, તેમાંનાં માત્ર બે એટલે અરામ તથા મિસર છે કે જેને લગતી વાત દાનિયેલના પુસ્તકમાં આવે છે. અરામ સેલ્યુક્સ રાજા તથા તેના વંશજોના હાથમાં, અને મિસર પ્ટોલેમી રાજા તથા તેના વંશજોના હાથમાં આવ્યો. ઘણા જુદા જુદા રાજાઓની વાત આ પુસ્તકમાં મળી આવે છે ખરી, પરંતુ મુખ્યત્વે કરીને એક જ રાજાની કારકિર્દીનું વિગતવાર વર્ણન તેમાં કરેલું છે. તે રાજાને જુદી જુદી સંજ્ઞાઓ આપેલી છે, જેવી કે "નાનું શિંગડું" કે જે દશ શિંગડાંમાંથી ફૂટી નીકળ્યું (૭;૮,૨૦ : ૮;૯), "વિકરાળ ચહેરાનો તથા ગહન વાતો સમજનારો રાજા" (૮;૨૩), અને "તિરસ્કારપાત્ર પુરુષ" કે જે ખુશામતથી રાજ્ય પ્રાપ્ત કરનાર છે (૧૧;૨૧). તે તો અંત્યોખસ ૪થો હતો, પણ સાધારણ રીતે તે અંત્યોખસ એપીફાનીસ (પ્રગટ કરાએલો) કહેવાતો હતો (૧૭૫-૧૬૪). "રાજા અંત્યોખસ, પ્રગટ કરાએલો દેવ" એવો ગ્રીક ભાષાનો લેખ તેના સિક્કા પર છાપેલો હતો. તે કાબેલ રાજકર્તા હતો, પરંતુ વારંવાર તેની વર્તણૂક એવી વિચિત્ર થઈ જતી હતી, કે તે "અંત્યોખસ એપીમાનીસ" (દીવાનો) પણ કહેવાતો હતો.

પાલેસ્ટાઈન (૮;૯ : ૧૧;૧૬,૪૧ "રળિયામણો દેશ") અરામ તથા મિસર વચ્ચે આવેલો છે, તેને સિકંદરે અરામની સરહદની અંદર સ્થાન આપ્યું હતું. પરંતુ ૩૦૧ની સાલે મિસરના રાજા પ્ટૉલેમીએ તે કબજે કરી લીધો, ત્યારથી ૨૦૨ની સાલ સુધી તે મિસરને તાબે રહ્યો, પણ તે સાલે અંત્યોખસ ઉજાએ તે ફરીથી સર કર્યો (૧૧;૧૩). મિસર પણ તેની સત્તા તળે આવે, તે માટે અંત્યોખસે પોતાની દીકરી

કલીઓપાત્રાને મિસરના રાજા પ્ટોલેમી સાથે પરણાવી. પણ તેનો ઇરાદો ફળીભૂત થયો નહિ, કેમ કે તેના બાપની વિરુદ્ધ કલીઓપાત્રાએ પોતાના પતિનો પક્ષ લીધો (૧૧;૧૭. "તે એનો (મિસર)નો નાશ કરે, માટે તે તેને (પ્ટોલેમી) સ્ત્રીઓની પુત્રી (કલીઓપાત્રા) આપશે." જુઓ ૧૯૦૮ની આવૃત્તિ). ત્રણ વર્ષ પછી (૧૯૦) રૂમીઓના હાથથી તેનો પરાજય થયો, તે પ્રસંગે કરેલા કરારની શરતો પ્રમાણે તેને બાર વર્ષ લગી રોમના રાજ્યને મોટી ખંડણી ભરવી પડી, કે જેની જામીનગીરી પર તેને પોતાના નાના દીકરા અંત્યોખસને તથા બીજા ખાનદાન જુવાનીઆઓને રોમ મોકલવા પડ્યા.

અંત્યોખસ ઉજાના મરણ પછી તેનો મોટો દીકરો સેલ્યુકસ ૪થો ગાદીપતિ થયો (૧૮૭-૧૭૫). તેની કારકિર્દીની બારમી સાલે તેણે પોતાના દીકરા દેમેત્રીઅસને રોમ મોકલ્યો, એ માટે કે અંત્યોખસને છોડાવીને તે તેનો જામીન થાય. પણ અંત્યોખસ અરામ આવી પહોંચ્યો, તે પહેલાં સેલ્યુકસનું ખૂન થયું હતું, અને જો કે તેનો વારસ તો દેમેત્રીઅસ હતો, તોપણ અંત્યોખસ ગાદીએ ચઢી બેઠો (૧૧;૨૧). ત્યાર પછીનું વર્ણન એકલા અંત્યોખસને લગતું છે.

પોતાના રાજ્યની હદ વિસ્તારવાનો તથા ગ્રીક સંસ્કૃતિ તથા ધર્મનો પ્રચાર બધે કરવાનો અંત્યોખસનો એક જ આદર્શ હતો. યરુશાલેમમાં ઓનીઆસ નામનો પ્રમુખ યાજક હતો, તે ચુસ્ત યહૂદી હતો. પણ તેનો ભાઇ યહોશુઆ ધર્મપલટો કરીને અંત્યોખસની ખુશામત કરનાર થયો. ગ્રીક નામ, એટલે યાસોન નામ ધારણ કરીને અને રાજાને મોટી લાંચ આપીને તે પ્રમુખ યાજક નિમાયો. તેની દોરવણી નીચે ઘણા યહૂદીઓએ રાજાનો પક્ષ લીધો, અને તેઓ ગ્રીક ટોપી તથા ગ્રીક ગણવેશ પહેરવા લાગ્યા. ઉપરકોટની સામે એક વ્યાયામશાળા બાંધવામાં આવી, તેમાં ગ્રીકોની રીત પ્રમાણે અંગકસરતની તાલીમ આપવામાં આવતી હતી. મંદિરમાં સેવા કરનારા યાજકો પણ હઠી ગયા. અખાડામાં જ્યારે ઘંટ વાગે ત્યારે તે સાંભળીને યાજકો પણ પોતાનું કામ પડતું મૂકીને ત્યાંની રમતમાં ભાગ લેવા તરત દોડી જતા, એવું કહેલું છે. યહૂદી લોક ગ્રીક રીતરિવાજો અપનાવી લે, તે માટે યાસોન ઘણો પ્રયાસ કરતો હતો. પરંતુ ત્રણ વરસની આખરે યાસોન મેનેલાઉસ નામના પોતાના એક અનુયાયીના કાવતરાનો ભોગ

થઈ પડ્યો. મંદિરમાંનાં કેટલાંએક પવિત્ર પાત્રો ચોરી લઈને તથા તેમને વેચી દઈને મેનેલાઊસ પોતે રાજાને મોટી લાંચ આપીને યાસોનની જગાએ પ્રમુખયાજક થઈ બેઠો. એ જોઈને માજી પ્રમુખયાજક ઓનીઆસે નિડરપણે વાંધો ઊઠાવ્યો, જેથી કરીને તેને મારી નાખવામાં આવ્યો (૯;૨૬).

પોતાના રાજ્યની સરહદ વધારવાના હેતુથી ૧૭૦ની સાલમાં અંત્યોખસે મિસર પર ચઢાઈ કરી, અને ત્યાંના રણક્ષેત્રમાં તે માર્યો ગયો છે, એવી અફવા યરુશાલેમમાં ઊડી. તે સાચી માનીને જૂના સંપ્રદાયવાળા યહૂદીઓ ઘણા ઉમંગથી સર્વ પરદેશી રીતભાત રદ કરવા લાગ્યા. પણ એ અફવા તો ખોટી હતી, અને જ્યારે અંત્યોખસ મિસરથી પાછો આવ્યો, ત્યારે તેણે ક્રૂર રીતે યહૂદીઓ પર વેર વાળ્યું. તેઓમાંના ચાળીસ હજારની કતલ કરવામાં આવી, અને તેટલી જ સંખ્યાના યહૂદીઓને ગુલામ તરીકે વેચી નાખવામાં આવ્યા. મેનેલાઊસને સાથે લઈને તેણે મંદિરે જઈને કંઈ પણ સભ્યતા દર્શાવ્યા વગર પરમપવિત્રસ્થાનમાં પ્રવેશ કર્યો, અને મંદિરના ભંડારમાં જે કંઈ મળી આવ્યું તે સર્વ તે અંત્યોખસ લઈ ગયો.

બીજી સાલે પણ (૧૬૯) તેણે ફરીથી મિસર પર હુમલો કર્યો, પણ રોમન નાવિકો વચમાં પડ્યાને લીધે ("કિત્તીમનાં વહાણો" ૧૧;૩૦) તે બીજી વાર હારી ગયો. યહૂદી ધર્મનો સમૂળગો નાશ કરીને તેની જગાએ ગ્રીક ધર્મની સ્થાપના કરવાનો દૃઢ નિશ્ચય રાખીને તે ક્રોધાવેશમાં પાછો આવ્યો. "ધર્મોત્સવોના દિવસોને તથા નિયમશાસ્ત્ર ફેરવી નાખવાનું" તેનું ધ્યેય હતું (૭;૨૫). તેના મોટા સૈન્યે યરુશાલેમને ઘેરો ઘાલ્યો. સાબ્બાથ દિવસની રાહ જોઈને તે દિવસે તેઓએ શહેર સહેલાઈથી સર કર્યું. પુરુષોમાંના ઘણાખરાને મારી નાખવામાં આવ્યા, અને તેમનાં સ્ત્રીછોકરાંને ગુલામગીરીમાં વેચવામાં આવ્યાં. શહેર ફરીથી બાળી મૂકવામાં આવ્યું, અને તેમાં પરદેશીઓને વસાવવામાં આવ્યા, જેથી તે "પરદેશીઓનું રહેઠાણ" થઈ ગયું. ત્યાર પછી શહેરમાં તથા ગામેગામ એવો ઢંઢેરો પિટાવવામાં આવ્યો કે મંદિરમાં સકલ દહનીયાર્પણ, યજ્ઞો તથા પેયાર્પણ બંધ કરવામાં આવે (૮;૧૧) ; સાબ્બાથ તથા બીજા તહેવારો પળાય નહિ; મંદિર અશુદ્ધ કરાય; દહેરાં તથા વેદીઓ બધે બાંધવામાં આવે ; અને સુન્નત સંસ્કાર

હવે પછીથી કરાય નહિ. આ જાહેરનામાનો અમલ કરાવવા સારુ અમલદારો બધે ફર્યા. દુઃખની વાત છે, કે "ઘણા યહૂદીઓએ રાજાના એ હુકમને માન આપીને મૂર્તિઓની આગળ અર્પણો ચઢાવ્યાં, તેમ જ સાબ્બાથ દિવસને વટાળ્યો," એમ કહેલું છે (૧ મક્ક.૧;૪૩-૪૭).

દિનપ્રતિદિન અંત્યોખસ વધારે ને વધારે ઝનૂની થતો ગયો. ૧૬૮ની સાલના કિસ્લેવ (ડિસેમ્બર) માસની તા.૧૫મીએ તેણે ઝૂસને નામે (પ્રે.૧૪;૧૨) મંદિરની પ્રતિષ્ઠાક્રિયા કરીને તેમાં ઝૂસની મૂર્તિ પધરાવી. "ઉજ્જડ કરનાર અપરાધ" (૮;૧૩) ને "વેરાનકારક ધિક્કારપાત્ર વસ્તુ" (૧૧;૩૧) જે કહેવાય છે, તે એજ છે (જુઓ માર્ક ૧૩;૧૪). યહોવાની વેદી ઉપર બીજી વેદી બાંધવામાં આવી, તેના પર ડિસેમ્બરની તા.૨૫મીએ ઝૂસના માનમાં ડુક્કરોનો વધ કરવામાં આવ્યો, તેજ દિવસથી "બલિદાન તથા અર્પણ" બંધ કરવામાં આવ્યા (૯;૨૭ : ૧૧;૩૧ : ૧૨;૧૧). મક્કાબીઓ નામના પુસ્તકમાં આ બનાવોનું નીચે પ્રમાણે વર્ણન કરેલું છે : "ચારે બાજુએ તેઓએ મૂર્તિની વેદીઓ બાંધી. ગલીઓમાં તથા ઘરોનાં બારણાં આગળ ધૂપ બાળવામાં આવતો, નિયમશાસ્ત્રની જેટલી નકલ તેઓને હાથ આવી, તે સર્વ ફાડીને તેઓએ બાળી મૂકી. જે કોઈની પાસે નિયમશાસ્ત્રની નકલ મળી આવે, તેને (જો તે તેને વળગી રહે, તો) શાહી ફરમાન પ્રમાણે મારી નાખવામાં આવતો. જે કોઈ સ્ત્રી પોતાના દીકરાની સુન્નત કરાવે, તેને પણ હુકમ પ્રમાણે દેહાંતદંડની સજા કરવામાં આવતી. બાળકને માની ડોકે લટકાવીને તે બંનેને તેમ જ સુન્નત કરનારને પણ તેઓ શહેરના કોટ પરથી હડસેલી પાડતા. છતાં તેઓ અશુદ્ધ આહારથી વટલી ન જાય, તેમ જ પવિત્ર કરારને ધક્કો ન પહોંચે, તે માટે ઘણાઓએ મોત પસંદ કર્યું, અને તેઓ માર્યા પણ ગયા" (૧ મક્ક.૧; ૫૪-૬૩). એવા શબ્દોદ્વારા દાનિયેલના પુસ્તકના દરેક પૃષ્ઠ પર કેટલો બધો પ્રકાશ પાડવામાં આવે છે, તે તરત જણાશે. આવી જ રીતે સતાવણીનાં જે ત્રણ વર્ષનું વર્ણન આ પુસ્તકમાં કરેલું છે (૭;૨૫), તેનો આરંભ થયો.

ત્યાર પછી થોડા વખતમાં રાજાના ફરમાનનો અમલ કરવા સારુ કેટલાએક સરકારી અમલદારો મોડીન નામને ગામ ગયા. તે ગામમાં માત્થાથીઆસ તથા તેના પાંચ શૂરવીર દીકરા રહેતા હતા.

માત્થાથીઆસ યાજક વંશનો હતો, તેથી અમલદારે તેને

પહેલવહેલાં મૂર્તિને અર્પણ ચઢાવવાનો હુકમ કર્યો, માત્થાથીઆસે એમ કરવાની ના પાડી, પણ જ્યારે બીજો માણસ આગળ આવીને અર્પણ ચઢાવવાનું કબૂલ કરવા ગયો, ત્યારે માત્થાથીઆસે તેના પર તેમજ અમલદાર પર તૂટી પડીને તે બેઉને મારી નાખ્યા, અને "નિયમશાસ્ત્ર તથા કરાર પાળવા જે કોઈ ઉત્સુક હોય, તે મારી પાછળ આવે," એવો પોકાર કરીને તેણે ગિદીઓનની પેઠે વેદી તોડી પાડી. ત્યાર પછી માત્થાથીઆ તથા તેના પાંચ દીકરાઓએ પોતાનું સર્વસ્વ મૂકી દઈને પહાડોમાં આશ્રય લીધો. જે બીજા ઘણા ભક્તો પોતાનાં ઢોર તથા ઘરખટલો સાથે લઈને અરણ્યમાં રહેવા ગયા, તેઓની પાછળ સરકારી સૈન્ય પડ્યું. સાબ્બાથ દિવસે સૈન્યે તેઓને પકડી પાડીને તેમાંના એક હજારને મારી નાખ્યા, કેમ કે સાબ્બાથ હોવાને લીધે યહૂદીઓએ શસ્ત્રો ધારણ કરવાની ના પાડી હતી (૧ મક્ક.૨; ૧૫-૩૮). આવી રીતે એક જ વ્યક્તિની ધર્માસ્થાથી મક્કાબીઓના નામનો કહેવાએલો બળવો સળગી ઊઠ્યો. ૧૧;૩૪માં "થોડીઘણી સહાય" ની જે વાત મળી આવે છે, તે એજ હશે. વળી આવા સંજોગોમાં દાનિયેલનું પુસ્તક રચવામાં આવ્યું હોય, એવો ઘણો સંભવ છે.

અંત્યોખસની સામેના યુદ્ધમાં પ્રથમ સરદાર તો વયોવૃદ્ધ માત્થાથીઆસ હતો. થોડા વખત પછી પોતાનો મરણકાળ નજીક આવ્યો જાણીને તેણે પોતાના ત્રીજા દીકરા યહુદાહને સરદાર થવા પસંદ કર્યો. યહુદાહ કાબેલ લડવૈયો હતો, અને તેની દોરવણી નીચે ગ્રીક લશ્કરોને જે જુદા જુદા અચાનક ફટકા મારવામાં આવતા હતા, તેને લીધે તે "મક્કાબીઅસ" કહેવાતો હતો (મક્કાબીનો મૂળાર્થ=હથોડી). જો કે સંખ્યામાં યહૂદીઓ થોડા જ હતા, તોય વિશ્વાસમાં તેઓ બળવાન હતા. યુદ્ધને ત્રીજે વર્ષે તેઓએ યરુશાલેમ પાછું જીતી લીધું, અને મંદિરને શુદ્ધ કરીને ૧૬૫ની સાલના ડિસેમ્બર માસની ૨૫મી તારીખે (અંત્યોખસે તેને વટાળી નાખ્યાને પૂરાં ત્રણ વર્ષ થયા પછી) તેઓએ ઘણા હર્ષાનંદે સહિત તેની પ્રતિષ્ઠાક્રિયા કરી. તે દિવસની યાદગીરીમાં પ્રતિષ્ઠા નામનું પર્વ પાળવામાં આવતું હતું (જુઓ ગી.૩૦નું મથાળું).

સતાવણી તથા તેની વિરુદ્ધ કરેલા સામના વિષેની લાક્ષણિક આગાહી આ પુસ્તકમાં કરેલી છે. ૭;૨૫ પ્રમાણે તે "કાળ તથા કાળો તથા અર્ધકાળ સુધી," એટલે સાડા ત્રણ વર્ષ સુધી ચાલશે. ૮;૧૨

પ્રમાણે તેની "બે હજાર ત્રણસો સાંજસવારની મુદત" છે, એટલે તે એક હજાર એકસો પચાસ પૂરા દિવસની (લગભગ સાડા ત્રણ વર્ષ) છે. ૯;૨૭માં "અઠવાડિયાની અધવચમાં" એ શબ્દો મળી આવે છે, તે પણ સાડા ત્રણ વર્ષની સાંકેતિક સૂચના છે. ૧૨;૧૧ પ્રમાણે સતાવણીના "એક હજાર બસો નેવું દિવસ" થશે. ઝૂસની મૂર્તિ મંદિરમાં પધરાવવામાં આવી, ત્યારથી તે મંદિરનું શુદ્ધિકરણ કરવામાં આવ્યું, ત્યાં સુધી જો આપણે વખત ગણીએ, તો ત્રણ વર્ષ ને દસ દહાડા થાય, એમ છે. જો ૧૬૮-૧૬૭ની સાલમાં પુસ્તક રચવામાં આવ્યું હોય, તો ત્યાર પછીનાં ત્રણ વર્ષની ટૂંકી મુદતમાં અંત્યોખસ જેવા બળવાન પાદશાહની પાયમાલી થશે, એવી ચોંકાવનારી આગાહી ઈશ્વરની પ્રેરણા સિવાય બીજી કોઈ પણ રીતે કરી શકાય નહિ. (પ્રકટીકરણમાં એજ શબ્દો એટલે "સમય તથા સમયો તથા અર્ધો સમય," તે દ્વારા ખ્રિસ્તી મંડળી પર જે સતાવણી આવવાની છે, તેની મુદ્દત સૂચવવામાં આવી છે (૧૨;૧૪). પરંતુ પ્રકટીકરણમાં સાડા ત્રણ વર્ષની મુદ્દત સ્પષ્ટ રીતે પણ જણાવેલી છે (૧૧;૨ : ૧૨;૬ : ૧૩;૫)).

૧૬૪ની સાલમાં અંત્યોખસે ઈરાન દેશ પર હૂમલો કર્યો, પણ ત્યાં માંદો પડવાથી તે મરી ગયો. યહૂદાહ મક્કાબીઅસ ૧૬૧ની સાલમાં લડતાં લડતાં માર્યો ગયો. ત્યાર પછી તેનો ભાઇ યોનાથાન સરદાર થયો. તેણે યરુશાલેમ ફરીથી જીતી લીધું. પરંતુ તેના સમયમાં તો નહિ, પણ તેના સહુથી નાના ભાઇ સીમોનના સમયમાં યહૂદીઓને પૂરું સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું. "જ્યાં સુધી કોઇ વિશ્વાસુ પ્રબોધક ઊભો નહિ થાય, ત્યાં સુધી પ્રમુખયાજક, સરદાર તથા રાજવહીવટ કરનાર તરીકે" ગ્રીક સરકારે સીમોનનો સ્વીકાર કર્યો.

ત્યારથી રોમન લશ્કરે ૬૩ની સાલમાં યરુશાલેમ સર કર્યું, તે વખત સુધી યહૂદી પ્રજા એક સ્વતંત્ર પ્રજા તરીકે ગણાતી હતી.

મક્કાબીઓનો પક્ષ લેનારા યહૂદીઓ "દેવભક્ત" કહેવાતા હતા. તે અર્થ સૂચવનાર મૂળ શબ્દ વિશેષે કરીને ગીતશાસ્ત્રમાં મળી આવે છે (૨૪ વાર. બાકીનાં પુસ્તકોમાં ૭ વાર. તેના જુદા જુદા તરજુમા કરેલા છે, જેવા કે ધાર્મિક (૧૨;૧), ભક્તો (૩૦;૪ ને ઘણી વાર), સંતો (૫૨;૯)). મક્કાબીઓના સમયમાં જેઓ યહોવાના ચુસ્ત ઉપાસકો તથા તેના નિયમો પાળનારા હતા, તેઓ ખાસ કરીને તે

નામથી ઓળખાતા હતા. તેથી ગીતશાસ્ત્રમાં "તેના ભક્તો," "તેના સંતો," તથા "મારા ભક્તો" (૫૦;૫) વારંવાર મળી આવે છે. (એવાં કેટલાંએક ગીત મક્કાબીઓના સમયમાં રચવામાં આવ્યાં હોય, એવું સંભવિત છે).

ઇસ્ત્રાએલમાં જે મીઠા જેવો શેષ રહેલો હતો, તે એજ હતો. ગામેગામ જે "ન્યાયી તથા ધાર્મિક માણસો" "યરુશાલેમના ઉદ્ધારની વાટ જોતા હતા" (લૂ.૨;૨૫,૨૮), તેઓ એજ વર્ગના હતા. જે "નમ્રજનોને" તેઓના રાંક તથા નમ્ર પ્રભુએ પૃથ્વીનું વતન પામવાનું વચન આપ્યું હતું (મા.૫;૫), તેજ તેઓ હતા.

૨. **તેનો સંદેશો.** સમય સંબંધીની જે વ્યાખ્યા ઉપર આપવામાં આવી છે, તે પરથી પુસ્તક રચવાનું શું ધ્યેય હતું, એ સહેજે સમજી શકાય એમ છે. સંકટ સમયે તે પ્રસિદ્ધ કરવામાં આવ્યું. યહૂદીઓ યહોવા તથા તેના નિયમશાસ્ત્રનો ત્યાગ કરીને ગ્રીક સાહિત્ય તથા સંસ્કૃતિનો સ્વીકાર કરે, તેમ જ ગ્રીક ધર્મના દેવતાઓને માન આપે, તે માટે ખુશામતથી (૧૧;૨૧,૩૨), કપટથી (૨૩), લાંચરૂશ્વતથી (૨૪), તરવાર તથા સાતગણી ગરમ કરાએલી ભઠ્ઠીથી, કેદ તથા જોરજુલમથી, એટલે કે શામ, દામ તથા દંડથી તેઓના પર દબાણ કરવામાં આવતું હતું. તેઓને દિલાસો દેવા તથા ઈશ્વરમાં તેઓના હાથ બળવાન કરવા સારુ આ પુસ્તક લખવામાં આવ્યું. શું ઈશ્વરનું વચન એવું નહોતું, કે

"તું પાણીઓમાં થઈને જઈશ, ત્યારે હું તારી સાથે હોઈશ;
તું નદીઓમાં થઈને જઈશ, ત્યારે તેઓ તને ડુબાડશે નહિ;
તું અગ્નિમાં ચાલીશ, ત્યારે તને આંચ લાગશે નહિ, અને જવાળા તને બાળશે નહિ!"

આ પુસ્તકમાં ભક્તોના મક્કમપણાના તેમ જ ઈશ્વરે કરેલી તેઓની રક્ષાના જે દાખલા આપેલા છે, તે વડે આ વચન પુરવાર થાય છે. ઘણી વાર સંકટના એવા સમયો ખ્રિસ્તી મંડળી પર આવી ગએલા છે, ને હવે પછી પણ આવશે, તેથી આપણા પ્રભુના આવતાં સુધી દાનિયેલનું પુસ્તક ઈશ્વરના સેવકોને પ્રિય થઈ પડશે.

વળી તે પુસ્તક પ્રિય તથા દિલાસાદાયક લાગવાનું બીજું પણ કારણ છે. તે સમયના ઇતિહાસનો જે ખુલાસો એટલે તેમાં વર્ણવેલાં

સ્વપ્નો તથા દર્શનોનો જે ખુલાસો કરેલો છે, તે પરથી સમજી શકાય કે ઈશ્વર સર્વ વાનાં પર પોતાની સત્તા ચલાવે છે. તેની ઇચ્છા વગર એક ચકલી પણ ભોંય પર પડતી નથી, તેમ જ રાજ્યોની ચઢતી તથા પડતી દ્વારા તેનો સનાતન સંકલ્પ પૂરો થતો જાય છે (ગી.૭૫;૬,૭), અને જો કે પૃથ્વીના રાજાઓ તથા હાકેમો તેની વિરુદ્ધ મસલત કરે, તોય અંતે તેની જ ઇચ્છા પૂર્ણ કરાય છે, અને તેનું જ રાજ્ય પાસે ને પાસે આવતું જાય છે. આજકાલના જેવા સંજોગોમાં દાનિયેલનું પુસ્તક આપણે સારુ પણ બોધદાયક તેમ જ દિલાસાદાયક છે.

૩. **પુસ્તકનું સ્વરૂપ.** આ પુસ્તક હેબ્રી જૂના કરારના નિયમગણમાંના ત્રીજા એટલે છેલ્લા વિભાગમાંનું છે, એમ હોવાનાં જે બે કારણો છે તે આ પ્રમાણે છે :--(૧) જેઓ "પાછલા પ્રબોધકો" કહેવાય છે, તેઓનાં પુસ્તકોનો જે વિભાગ છે, તે માન્ય થઈ ગયો, ત્યાર પછી જ દાનિયેલનું પુસ્તક લખવામાં આવ્યું, અને (૨) તે પ્રબોધનાં પુસ્તકના વર્ગનું ગણાતું નહોતું. તે પ્રકટીકરણનાં (Apocalypse = જે ગુપ્ત છે, તે પડદો પાછો ખેંચીને ઉઘાડું કરવું) પુસ્તકના વર્ગનું ગણાય છે.

આ વર્ગનાં પુસ્તકોનાં મુખ્ય લક્ષણ નીચે પ્રમાણે છે :--

(૧) સંકટ સમયે જ તે લખવામાં આવતાં હતાં. મહાન પ્રબોધકોએ થનાર સુખશાંતિનાં જે વચન પ્રગટ કર્યાં હતાં, તે પૂર્ણ થયાં નહોતાં. આશાનો દીવો ફરીથી મંદ થઈ ગયો હતો. પૃથ્વીમાં સુખશાંતિ મેળવવાની અપેક્ષા છોડી દઈને યહૂદીઓ જગતના અંતે આકાશમાંથી ઊતરી આવનાર નવા યરુશાલેમ ભણી પોતાની નજર ફેરવવા લાગ્યા. આ વર્ગનાં પુસ્તકમાં પુનરુત્થાનની દૃઢ માન્યતા પહેલવહેલાં વ્યક્ત કરેલી જણાય છે.

(૨) આ વર્ગનાં પુસ્તક ઇતિહાસરૂપ છે. પરંતુ તેમાં સમાએલો ઇતિહાસ બનવાની વાતની આગાહીના સ્વરૂપમાં લખેલો છે. દા.ત. "મૂસાનું સ્વર્ગારોહણ" નામનું આ વર્ગનું એક પુસ્તક છે, તે પ્રમાણે મૂસાનું મરણ થયું, તે પહેલાં કનાન દેશમાં પ્રવેશ કર્યાના દિવસથી માંડીને મહાન હેરોદ મરી ગયો (ઇ.સ.પૂ.૩જી સાલે) ત્યાં સુધી તેણે યહોશુઆને ઇસ્ત્રાએલનો પૂરેપૂરો ઇતિહાસ કહી જણાવ્યો, તેવું તેનું સ્વરૂપ છે.

(૩) એવાં પુસ્તકો પુરાતન કાળના કોઈ જાણીતા ઈશ્વરભક્તને નામે પ્રસિદ્ધ કરવામાં આવતાં હતાં. જુઓ યહૂ.૧૪.

(૪) બોધ તો ચિહ્નો તથા સંકેતોદ્વારા આપેલો છે. સંકટ સમયે વાત ઉઘાડી રીતે કરી ન શકાય. પ્રકટીકરણના પુસ્તકમાં આ વાતના સરસ દાખલા મળી આવે છે, જેવાં કે ૧૩;૧૮ : ૧૭;૧,૯, વગેરે.

(૫) યહોવા પોતાનાં પસંદ કરાએલાં પાત્રોદ્વારા પોતાનો ઈરાદો પૂર્ણ કરાવે છે, એવું મહાન પ્રબોધકોનું કહેવું હતું. દા.ત. કોરેશ રાજાની મારફતે તેણે પોતાના લોકને બંદીવાસમાંથી છોડાવ્યા (યશ.૪૫;૧). પણ આ વર્ગનાં પુસ્તકોના શીખવ્યા પ્રમાણે યહોવા પોતે વચમાં પડીને સ્વહસ્તે ઈસ્ત્રાએલના શત્રુઓને હરાવશે. "હાથે નહિ કાપેલી શિલાથી," એટલે ઈશ્વરે કરેલા કૃત્યથી, મહાન સિકંદરનું રાજ્ય છિન્નભિન્ન થઈ ગયું (દા.૨;૩૪).

પ્રકટીકરણવાળાં પુસ્તકોનાં મુખ્ય લક્ષણ ઉપર પ્રમાણે છે. પ્રથમ સર્વમાન્ય થએલું એવું પુસ્તક દાનિયેલ હતું ખરું, તોપણ તેના જેવાં લક્ષણ પાછલા પ્રબોધકોનાં જૂના વખતનાં કેટલાંક પુસ્તકોમાં દેખાઈ આવે છે, જેમ કે યશ.૨૪-૨૭ તથા ઝખ.૯-૧૪.

તો આપણે દાનિયેલને ("દેવ ન્યાયાધીશ") પુરાતન કાળનો કોઈ પ્રખ્યાત ઈશ્વરભક્ત સમજવો?

૧; ૧-૬ પ્રમાણે તે યહુદાહના રાજવંશનો હતો, તેને જ્યારે "યહોયાકીનની કારકિર્દીને ત્રીજે વર્ષે" નબૂખાદનેસ્સારે યરુશાલેમને ઘેરો ઘાલ્યો, ત્યારે રાજવંશના બીજા "છોકરાઓની" સાથે બાબેલોનમાં લઈ જવામાં આવ્યો હતો. પરંતુ હઝ.૧૪;૧૪,૨૦ પ્રમાણે દાનિયેલ નામનો તો નૂહ તથા અયૂબની સાથે ન્યાયી ગણાતો કોઈ ઈશ્વરભક્ત હતો. "નૂહ, દાનિયેલ તથા અયૂબ," એજ ક્રમ પ્રમાણે નામ નોંધેલાં છે, તે પરથી અનુમાન કરવામાં આવે છે, કે જો કે તેનું નામ જૂના સમયની વાર્તાઓમાં મળતું નથી, તોપણ અયૂબની પેઠે ઈશ્વરભક્ત તરીકે તેનું નામ યહૂદીઓમાં જાણીતું હતું. હઝકિયેલ પણ બંદીવાસી હતો, તે નૂહ તથા અયૂબનાં નામની સાથે પોતાના સમકાલીન "છોકરા" દાનિયેલનું નામ જોડી દે, તે અસંભવિત છે.

મક્કાબીઓના સમયથી માંડીને પ્રકટીકરણવાળાં ઘણાં પુસ્તક લખવામાં આવતાં હતાં. તે તે સમયના યહૂદીઓને ઘણાં પ્રિય લાગતાં

હતાં. તેમાંનાં બેમાંથી લીધેલા ઉતારા નવા કરારમાં મળી આવે છે, એટલે ૨ પી. ૨;૪,૧૧ : યહૂ.૧૪ ("હનોખનું પુસ્તક") ને યહૂ.૯ ("મૂસાનું સ્વર્ગારોહણ"). સિદ્ધાંતની બાબતે હનોખનું પુસ્તક મહત્ત્વનું છે, તેમાં સમાએલી ઘણી વાતો નવા કરારમાં પણ મળી આવે છે. દા.ત. તેમાં "આવનાર યુગનો રાજા" ને પહેલવહેલાં "ખ્રિસ્ત" એ સંજ્ઞા આપવામાં આવી છે. તેમાં આવનાર મસીહ "માનવપુત્ર" કહેવાય છે. તેમાં મસીહને આપેલાં બીજાં નામ પણ નવા કરારમાં મળી આવે છે, જેવાં કે "ન્યાયી વ્યક્તિ" (પ્રે.૩;૧૪ : ૭;૫૨) ને "દેવનો પસંદ કરાએલો" (લૂ.૨૩;૩૫). દાનિયેલ તથા પ્રકટીકરણ વચ્ચેની જે ઘણી સમાનતા છે, તે દરેક વાચકે જોઈ જ હશે.

જો કે આ વર્ગનાં પુસ્તકોમાં આવનાર મસીહને લગતું ઘણું લખેલું છે ખરું, તોપણ યહોવાના દુ:ખગ્રસ્ત સેવકના સ્વરુપમાં તે આવશે, એવો તેમના કોઈ પણ લેખકને ખ્યાલ આવ્યો નહિ. ઈસ્રાએલનો ઉદ્ધારનાર આવશે, ત્યારે માણસો ધિક્કારસહિત તેનો ત્યાગ કરશે, એવું જ દર્શન યશાયાને થયું હતું, તેનું વિસ્મરણ કરીને આ પુસ્તકના લેખકો કોઈ વિજયી સરદારની રાહ જોતા હતા.

૪. **પુસ્તક રચવાની સાલ.** અંત્યોખસ રાજાએ યહૂદીઓની જે સતાવણી કરી, તેની શરૂઆતે (૧૬૮-૭) આ પુસ્તક લખવામાં આવ્યું, એવું ઉપર કહેવામાં આવ્યું છે. એમ કહેવાનાં મુખ્ય પ્રમાણ નીચે પ્રમાણે છે :--

(૧) હેબ્રી નિયમગણના બીજા વિભાગમાં પ્રબોધકોનાં જે પુસ્તકો સમાએલાં છે, તેમાં દાનિયેલના પુસ્તકને સ્થાન આપવામાં આવ્યું નહોતું. તે વિભાગનાં પુસ્તક ઈ.સ.પૂ.૨૦૦ની સાલ પહેલાં માન્ય થયાં હતાં.

(૨) "એક્કલેસીઆસ્ટીકસ" નામનું પુસ્તક આપોક્રિફામાં છે, તે આશરે ૧૮૦ની સાલમાં રચવામાં આવ્યું. તેમાં એક ગીત સમાએલું છે, કે જેમાં હનોખથી માંડીને નહેમ્યા સુધીના ઈસ્રાએલના સર્વ નામાંકિત ભક્તો તથા સરદારોનાં ગુણગાન કરેલાં છે, પણ તેમાં દાનિયેલનું નામ આવતું નથી.

(૩) પ્રબોધકો ભવિષ્યવાદીઓ પણ હતા ખરા, પરંતુ ઈશ્વરપ્રેરિત જે કંઈ સંદેશો તેઓ પ્રગટ કરતા હતા, તે તેઓ પોતાના

જમાનાના લોકના બોધ તથા દિલાસાને સારુ પ્રગટ કરતા હતા. દાનિયેલના પુસ્તકદ્વારા જાહેર કરાએલો સંદેશો અંત્યોખસે કરેલી સતાવણી સમયે (૧૬૮-૧૬૫) પીડિત યહૂદીઓના ઉત્તેજન તથા દિલાસાને સારુ હતો. તો ૫૯૦ની સાલમાં તે પુસ્તક કેમ કરીને લખાય?

(૪) આ પુસ્તકમાં ૧૫ ફારસી ભાષાના તથા ૩ ગ્રીક ભાષાના શબ્દો મળી આવે છે.

(૫) હબ. ૧;૬માં "ખાલદી" શબ્દ મળી આવે છે (૬૦૫), તે બાબેલોનના લોક સૂચવે છે. પરંતુ દા.૧;૪ : ૨;૪, વગેરે પ્રમાણે તે જોશી વર્ગના લોકને સૂચવનારનું નામ છે. ખાલદી રાજ્યનો નાશ ક્યારન ય થઇ ગયો હતો, પણ તેના જોશીઓ પ્રખ્યાત હતા, તેઓ સર્વ દેશોમાં વિખેરાએલા હતા, અને ખાલદી નામથી ઓળખાતા હતા.

(૬) ૨;૪-૭;૨૮નું પ્રકરણ અરામી ભાષામાં લખેલું છે, એટલે તે મોડું લખેલું સમજવું.

(૭) નબૂખાદનેસ્સારના સમયના તેમ જ કોરેશના સમયના ઇતિહાસને લગતી કેટલીએક એવી વાતો આ પુસ્તકમાં મળી આવે છે, કે જે સમજવી મુશ્કેલ છે. દા.ત. બાબેલોન સર કરનાર તો કોરેશ રાજા હતો (યશ.૪૫;૧), પણ દા.૫;૩૧ પ્રમાણે તે જીતી લેનાર દાર્યાવેશ હતો. વળી ૯;૧ પ્રમાણે દાર્યાવેશ અહાશ્વેરોશનો દીકરો હતો, પણ ખરું જોતાં તે તો અહાશ્વેરોશનો બાપ હતો. ઇરાનના રાજા કોરેશ (૧૦;૧) બાબેલોન સર કરીને ઇરાની રાજ્ય સ્થાપવામાં આવ્યું, એમ જે આ પુસ્તકમાં કહેલું છે (૨;૩૨ : ૮;૩), તેની હજુ કંઇ સાબિતી હાથ આવી નથી. જેમ જેમ ઇતિહાસકારો બાબેલોનના મોજૂદ રહેલા પુષ્કળ શિલાલેખોની તપાસ કરતાં જશે, તેમ તેમ ઉપરોક્ત મુશ્કેલીઓનો ઉકેલ આવતો જશે, એવો સંભવ છે. પરંતુ હજુ સુધી તેમનો કોઇ સંતોષકારક ખુલાસો થયો નથી.

(૮) જો બાબેલોનના પતનના સમયની વાતો મોઘમ હોય, તો તેથી ઉલટું અંત્યોખસના સમયનો પૂરેપૂરો વિગતવાર ઇતિહાસ આપેલો છે. આ વાતના કેટલાએક દાખલા આ પ્રસ્તાવનાના પ્રથમ વિભાગમાં ("સમય") આવી ગયા છે, પણ તેનો સહુથી મહત્ત્વનો દાખલો અધ્ય.૧૧માંની નોંધમાં આપવામાં આવેલો છે. તે અધ્ય.ની કલમ ૨૧-૩૯માં વર્ણવેલા બનાવો જેમ બન્યા, તેમ અક્ષરશઃ નોંધેલા છે. પણ

કલમ ૪૦-૪૫માં સમાએલી વાતો ભવિષ્યને લગતી છે, તેથી તેમની નોંધ મોઘમ જેવી છે. વળી ત્યાં જેમ કહેલું છે, તે પ્રમાણે બન્યું પણ નહિ. ત્યાં કહેલું છે કે અંત્યોખસ ફરીથી મિસર પર હુમલો કરશે (૪૦-૪૩), પણ "પૂર્વ તથા ઉત્તર તરફથી ઊડી આવતી અફવાઓ સાંભળીને તે પાછો આવશે, અને સમુદ્ર (ભૂમધ્ય) ને રળિયામણા પવિત્ર પર્વત (સિયોન) વચ્ચે પોતાના તંબુઓ મારીને" ત્યાં મરણ પામશે (૪૪,૪૫). પરંતુ ઈરાન પર ચઢાઈ કરતાં જ અંત્યોખસ મરણ પામ્યો (૧૬૪). તો આવાં પ્રમાણો પરથી પુસ્તક ૧૬૮ ને ૧૬૫ વચ્ચે રચવામાં આવ્યું હોય, એવું અનુમાન કરવું વાજબી લાગે છે.

૫. તેનો સંદેશો. સંદેશો ઉપર આપવામાં આવ્યો છે. પરંતુ તેનાં સમાએલું ખાસ શિક્ષણ ધ્યાન આપવા લાયક છે.

(૧) દેવનું રાજ્ય. જગતનું રાજ્ય આપણા પ્રભુનું તથા તેના મસીહનું થશે જ (પ્ર.૧૧;૧૫), એવી આ પુસ્તકની મૂળ પાયાની વાત છે. દાનિયેલને જે સ્વપ્ન આવ્યું (અધ્ય.૨). તેનો તેમ જ તેને જે જે દર્શન થયાં (અધ્ય.૭-૧૨), તે સર્વેનો એજ સારાંશ છે. તે "પરાત્પરના પવિત્રોનું રાજ્ય" છે (૭;૧૮). તે સાર્વભૌમ તથા સર્વકાળ ટકે એવું છે. ઈસ્ત્રાએલ પર અગ્નિનો વખત આવશે, ત્યારે તેની તરફેણમાં પરાત્પર વચ્ચે પડશે (૨;૩૫), તેનું ન્યાયશાસન સ્થાપન કરવામાં આવશે, અને ઈસ્ત્રાએલના શત્રુઓનો પરાજય થશે (૭;૯-૧૨). પરદેશીઓ પવિત્રોના થનાર રાજ્યના તાબેદાર થશે સદાકાળનું ન્યાયીપણું દાખલ કરાશે (૯;૨૪). યહોવાના સંતો ઉત્થાન પામીને અનંતકાળના જીવનમાં પ્રવેશ કરશે, અને વિશ્વાસઘાત કરનારા પણ જાગી ઊઠીને અનંતકાળ સુધી લજ્જિત તથા ધિક્કારપાત્ર થશે (૧૨;૨). અંત્યોખસ રાજાનો અંત આવશે, કે તરત જ પવિત્રોના રાજ્યની સ્થાપના થશે (૨;૪૪ : ૭;૯-૧૪).

(૨) દેવદૂતો. "ઈરાની રાજ્યનો સમય" તથા ઝખાર્યાના પુસ્તકની પ્રસ્તાવના એ બે પ્રકરણમાં દેવદૂતો વિષેનું વિવેચન પુસ્તકમાં મળી આવે છે, તે નીચે પ્રમાણે :-- દેવદૂતોને નામ આપેલાં છે, જેવાં કે મીખાએલ (૧૦;૧૩,૨૧ : ૧૨;૧) ને ગાબ્રીએલ (૮;૧૬ : ૯;૨૧). જુઓ યહૂ.૯: પ્ર.૧૨;૭ ને લૂ.૧;૧૯,૨૬. તેઓ "જાગૃત રહેનારા" (ચોકી કરનારા) (૪;૧૩,૨૩) તથા "સરદારો"

(૧૦;૧૩,૨૧ : ૧૨;૧) કહેવાય છે. દરેક દેશનો એકેક રક્ષક દૂત છે (૧૦;૨૦,૨૧--"યાવાનનો સરદાર," "તારો સરદાર"). (હનોખના પુસ્તકના કહેવા પ્રમાણે સાત મુખ્ય દૂતો છે ; અને "સાત પવિત્ર દૂતો છે," કે જેઓ સંતોની પ્રાર્થનાઓ ઈશ્વરની આગળ રજૂ કરે છે, એમ ટોબિટ નામના પુસ્તકમાં કહેલું છે).

રક્ષક દૂતોનો મત ક્યાંથી ઉપસ્થિત થયો હશે, તે કહેવાય નહિ. પરંતુ ઈશ્વર ઉચ્ચ તથા પવિત્ર તથા પાપી મનુષ્યોથી પર છે, એવો ખ્યાલ જેમ જેમ માણસોને આવતો ગયો, તેમ તેમ દૂતો ઈશ્વર માણસના વચ્ચેવાળા જેવા છે, એવો ખ્યાલ પણ તેઓને આવે, એ સ્વાભાવિક હતું.

નવા કરારમાં દૂતોએ કરેલી સેવાના ઘણા દાખલા મળી આવે છે (મા.૧;૨૦ : ૨;૧૩ : ૪;૧૧ : લૂ.૨૨;૪૩ : પ્રે.૫;૧૯ : ૧૨;૭, વગેરે). "તેઓ સર્વે સેવા કરનારા આત્મા છે, કે જેઓને તારણનો વારસો પામનારાઓની સેવા કરવા સારુ બહાર મોકલી દેવામાં આવે છે," એવું હેબ.૧;૧૪માં કહેલું છે. નવા કરારના શીખવ્યા પ્રમાણે દેવદૂતો તો ઈશ્વરના સેવકો છે, પણ મધ્યસ્થતા કરનારા નથી. કેમ કે "એક જ દેવ છે, અને દેવ તથા માણસોની વચ્ચે એક જ મધ્યસ્થ પણ છે, એટલે ઈસુ ખ્રિસ્ત પોતે માણસ" (૧ તી.૨;૫).

૩. પુનરુત્થાન. પુનરુત્થાન થવાની જે આશા યહૂદીઓ રાખતા હતા, તે ઘણી ઝાંખી હતી, તે અગાઉ કહેવામાં આવ્યું છે, વળી જે પુનરુત્થાનની આશા તેઓ રાખતા હતા, તે "ઈસ્ત્રાએલના આખા કુળ"નું જ પુનરુત્થાન હતું (હઝ.૩૭;૧૧). પરંતુ યશ.૨૪-૨૭નું પ્રકરણ પ્રકટીકરણવાળું છે, તેમાં તારાં મરેલાં જીવશે ; મારાં મુડદાં ઊઠશે," એમ કહેલું છે (૨૬;૧૯). આ વચનથી વ્યક્તિગત પુનરુત્થાન સૂચવેલું છે ખરું, પણ પુનરુત્થાન પામનારા ઈસ્ત્રાએલના જ ઈશ્વરભક્તો છે. ઈસ્ત્રાએલના શત્રુઓ વિષે કહેલું છે, કે "મરેલા જીવશે નહિ ; તેઓ મરી ગએલા છે, તેઓ પાછા ઊઠશે જ નહિ" (૨૬;૧૪).

આ પુસ્તકના શીખવ્યા પ્રમાણે પણ થનારું પુનરુત્થાન ઈસ્ત્રાએલીઓનું જ છે. વળી તેમાં સર્વ ઈસ્ત્રાએલીઓનો ભાગ નથી. તેને લગતું વચન આ છે, કે "જેઓ પૃથ્વીની ધૂળમાં ઊંઘેલા છે,

તેઓમાંના ઘણા જાગી ઊઠશે; કેટલાએક અનંતજીવનમાં દાખલ થશે, અને કેટલાએક અનંતકાળ સુધી લજ્જિત તથા ધિક્કારપાત્ર થશે" (૧૨;૨). અનંતજીવનમાં પ્રવેશ કરનારા તો "દેવના સંતો," એટલે જે શહીદોએ પોતાના જીવાર્પણ વડે "સારો ઇકરાર" કર્યો હતો, તેઓ છે, અને જેઓએ વિશ્વાસનો નકાર કર્યો હતો, તેઓ લજ્જિત તથા ધિક્કારપાત્ર થશે. દુષ્ટોનું પણ પુનરુત્થાન થશે, એ વાત અહીં પહેલવહેલાં કરેલી છે.

(૪) **ખ્રિસ્તવિરોધી.** ઈશ્વરજ્ઞાની યોહાનકૃત પ્રકટીકરણના પુસ્તકમાં ખ્રિસ્તવિરોધીના જે જુદાં જુદાં લક્ષણ આલેખેલાં છે, તેમાંનાં ઘણાં અંત્યોખસ આપીફાનીસના ચિત્ર પરથી ઊતરેલાં છે, એવું ભાન દરેક વાચકને ક્યારનું થયું હશે. ઘણી વાતોમાં "સમુદ્રમાંથી નીકળતું શ્વાપદ" નું ચિત્ર (પ્ર.૧૩; ૧-૮) અંત્યોખસના ચિત્ર સમાન છે (દા.૭; ૨૧-૨૫). અંત્યોખસના નિર્દયપણાની એટલી ઊંડી છાપ યહૂદીઓના મન પર પાડવામાં આવી હતી, કે તેઓના માનવા પ્રમાણે તે દરેક પ્રકારના વ્યર્થાભિમાનની તથા ઈશ્વર તથા તેના સેવકોના દરેક વૈરીની એંધાણીરૂપ હતો, અને તેણે કરેલી સતાવણીનાં સાડા ત્રણ વર્ષનો સમય ઈશ્વરના સેવકો પર આવનાર દરેક સંકટ સમયના ચિહ્નરૂપ હતો. પણ જેમ અંત્યોખસનો નાશ "હાથ વગર" થયો (દા.૮;૨૫), તેમ જ્યારે "તે અધર્મી પ્રગટ થશે, ત્યારે પ્રભુ ઈસુ માત્ર ફૂંકથી તેનો સંહાર કરશે, અને પોતાના આગમનના પ્રભાવથી તેનો નાશ કરશે" (૨ થેસ.૨;૮).

(૫) **મસીહ.** દાનિયેલના પુસ્તકમાં "મનુષ્યપદ" શબ્દ પહેલવહેલો મળી આવે છે, કે જે નામથી પ્રભુ ઈસુ પોતાને ઓળખાવતો હતો.

(૧) **શબ્દનો અર્થ.** હેબ્રી ભાષાની રૂઢિ પ્રમાણે તે "માણસને" સૂચવે છે. "બલિયાલપુત્રો" દુષ્ટતાના પુત્રો, એટલે "હલકા માણસો" (પુ.૧૩;૧૩, વગેરે). પણ તેના અર્થમાં બે ખાસ માનુષી લક્ષણ સૂચવેલાં છે, એટલે કે અ માણસ પશુથી પર છે, ને આ તે નિર્બળતાથી ઘેરાએલું છે.

(૨) **દર્શન (અધ્ય.૭).** પ્રથમ ચાર પશુવત્ રાજ્યોનો નાશ થયા પછી "મનુષ્યપુત્ર જેવા એક પુરુષને સત્તા, રાજ્ય તથા મહિમા

આપવામાં આવ્યાં" (૭; ૧૩,૧૪). ઉપમારૂપ જુદાં જુદાં જાનવર સમુદ્રમાંથી નીકળી આવ્યાં હતાં (૭;૩), એટલે તેઓનાં રાજ્ય નીચેથી આવેલાં, દૈહિક તથા બાહુબળવાળાં સમજવાં, પણ મનુષ્યપુત્ર જેવો જે પુરુષ હતો, તે "આકાશના મેઘોની સાથે" આવ્યો, એટલે તેને સોંપેલું રાજ્ય ઉપરથી આવેલું, કે આત્મિક સમજવું.

(૩) **દર્શનનો અર્થ.** દર્શનનો એક દૂતે એવો ખુલાસો કર્યો કે "આ ચાર મોટાં જાનવરો ચાર રાજાઓ છે પણ રાજ્ય પરાત્પરના પવિત્રોને આપવામાં આવશે, ને તે રાજ્ય તેઓ સદાસર્વકાળ ભોગવશે" (૭;૧૭,૧૮,૨૭). તે ખુલાસા પરથી સમજવું કે "મનુષ્યપુત્ર જેવો પુરુષ" મસીહને નહિ, પણ વિજય પામેલા ઈશ્વરભક્તોને, એટલે આદર્શ ઈસ્ત્રાએલને, સૂચવે છે. જાણે કે "મનુષ્યપુત્ર જેવો પુરુષ" સંતોનો પ્રતિનિધિ હોય એમ છે.

(૪) **આવનાર મસીહની એક સંજ્ઞા.** તોપણ ત્યાર પછીના લેખકો તે સંજ્ઞા આવનાર મસીહને લાગુ પાડતા હતા. જેમ ઉપર કહેવામાં આવ્યું છે, તેમ તેનો વિશેષ ઉપયોગ "હનોખનું પુસ્તક" નામના પુસ્તકમાં કરેલો છે (ઈ.સ.પૂ.૯૦). દા.ત.જ્યારે જગતના રાજાઓ ઈશ્વરભક્તોને ત્રાસ આપવા લાગશે, ત્યારે "કાળનો શિરપતિ" (મૂળ શબ્દ-દિવસોનો શિર; સરખાવો "વયોવૃદ્ધ પુરુષ" ; English = "ancient of days") પ્રગટ થશે. તેની સાથે "મનુષ્યપુત્ર" પણ આવશે, અને તે સર્વેનો ન્યાય કરશે (સરખાવો યો.૫;૨૭). તેજ સમયે તમામ ઈસ્ત્રાએલને મૂએલામાંથી ઊઠાડવામાં આવશે.

તેથી જોકે કલમ ૭; ૧૩માં વપરાએલી ઉપમા મસીહસૂચક નહિ સમજાય, તોપણ ત્યાર પછી આવેલા ભક્તો તે સંજ્ઞાદ્વારા આવનાર મસીહ વિષેની પોતાની અભિલાષા વ્યક્ત કરતા હતા, જેથી જ્યારે મસીહ આવ્યો, ત્યારે દેવપુત્ર હોવા છતાં તે તે નામ પોતાને લાગુ પાડતો હતો.

તું કોણ છે, તે જીવતા ઈશ્વરને માથે રાખીને અમને કહે, એવું જ્યારે પ્રમુખયાજકે અદાલતમાં હાજર કરાએલા પ્રભુ ઈસુને પૂછ્યું, ત્યારે, "હવે પછી તમે માણસના દીકરાને પરાક્રમના જમણા હાથ પર

બેઠેલો તથા આકાશના મેઘો પર આવતો દેખશો,'' એવો દાનિયેલના પુસ્તકમાં લખેલા શબ્દોને આધારે પ્રભુ ઈસુએ તેને પ્રત્યુત્તર આપ્યો (મા.૨૬;૬૪). એ વચનમાં દુ:ખગ્રસ્ત ''યહોવાનો સેવક'' તે દર્શનનો તથા દાઉદના વંશમાં આવનાર રાજાના દર્શનનો મેળાપ થએલો જણાય છે. મનુષ્યપુત્ર તે પ્રભુઓનો પ્રભુ પણ છે.

૬. સ્વપ્ન તથા દર્શનોનો ખુલાસો. તે સર્વેનો એક જ અર્થ છે, તે નીચેના કોઠા પરથી માલૂમ પડશે.

રાજ્યો	અધ્ય.૨જો	અધ્ય.૭મો	અધ્ય.૮મો
બાબેલોનનું	સોનું	સિંહ	-
માદી	રૂપું	રીંછ	બે શિંગડાંવાળો મેંઢો (=માદી-ઈરાની રાજ્ય)
ઈરાની	પિત્તળ	ચિત્તો	
ગ્રીક	લોહું તથા લોઢાનું તથા માટીનું મિશ્રણ	ભયંકર તથા અતિશય બળવાન જાનવર	બકરો
સંતોનું	હાથ વગર કાપી કાઢેલી શિલા	મનુષ્યપુત્ર જેવો એક પુરુષ	-

વળી થનાર સતાવણી તથા તેના સમયને લગતી જુદી જુદી આગાહીઓ નીચે પ્રમાણે છે :--

અધ્ય.૭મો	અધ્ય.૮મો	અધ્ય.૯મો.	અધ્ય.૧૧મો	અધ્ય.૧૨મો
નાનું શિંગડું (૮;૨૪-૨૬)	નાનું શિંગડું (૯)	—	—	—
—	નિત્યનું દહનિયાર્પણ લઇ લીધું (૧૧)	બલિદાન તથા અર્પણ બંધ (૨૭)	નિત્યનું દહનિયાર્પણ લઇ લેવામાં આવશે (૩૧)	નિત્યનું દહનિયાર્પણ બંધ (૧૧)
—	ઉજ્જડ કરનાર અપરાધ (૧૩)	વેરાન કરનાર (૨૭)	વેરાનકારક, ધિક્કારપાત્ર વસ્તુ (૩૧)	વેરાનકારક, ધિક્કારપાત્ર વસ્તુ (૧૧)
કાળ, કાળો તથા અર્ધો કાળ (૨૫)	૧,૧૫૦ દિવસ પછી મંદિરનું શુદ્ધિકરણ (૧૪)	અઠવાડિયાની અધવચમાં (૨૭)	—	૧,૨૯૦ દિવસ
અંત સુધી (૨૬)	અનંતકાળ વિષેનું (૧૭,૧૯)	-	અંતકાળે (૨૭,૪૦)	અંતનો સમય (૪,૯,૧૩)

અધ્યાયવાર પૃથક્કરણ

૧. નિયમશાસ્ત્ર પ્રત્યેની વફાદારી. અંત્યોખસે યહૂદીઓને અશુદ્ધ ખોરાક ખવડાવવાનો પ્રયત્ન કર્યો (૧ મક્ક.૧; ૫૪-૬૩).

૨. અંત્યોખસના રાજ્યની થનારી પાયમાલી તથા ત્યાર પછી સ્થાપન થનારું દેવનું રાજ્ય (૪૪).

૩. સંતોનું મક્કમપણું તથા યહોવાએ કરેલું તેઓનું સંરક્ષણ. અંત્યોખસે ઝૂસની મૂર્તિ મંદિરમાં બેસાડી.

૪. જેમ ઈશ્વરના હાથથી નબૂખાદનેસ્સારને પદભ્રષ્ટ કરવામાં આવ્યો હતો, તેમ અંત્યોખસનો નાશ પણ થશે (૮;૨૫).

૫. જેમ નબૂખાદનેસ્સારે મંદિર લૂંટી લીધું (૨ ૨ા.૨૫; ૧૩-૧૫), તેમ અંત્યોખસે પણ કર્યું. પણ જેમ બેલ્શાસ્સારનો અંત આવ્યો તેમ અંત્યોખસનો પણ અંત આવશે.

૬. ઈશ્વરદત્ત નિયમોને જેઓ માન આપે, તેઓને માન આપવામાં આવે છે (૧ શમૂ.૨;૩૦).

૭,૮. તેમાં અંત્યોખસે કરેલી સતાવણીની આગાહી કરેલી છે. ઈશ્વર પોતાના ભક્તોનું રક્ષણ કરશે. "નાનું શિંગડું" ભાગી નાખવામાં આવશે, અને "આખા આકાશ તળેનાં રાજ્યોનું મહત્ત્વ પરાત્પરના પવિત્રોની પ્રજાને આપવામાં આવશે" (૭;૧૮).

૯. ૭૦ અઠવાડિયાં-૪૯૦ વર્ષ. તે સમયના નીચેના વિભાગ છે :--

(અ) ૭ અઠવાડિયાં-૪૯ વર્ષ, એટલે યરુશાલેમના પતનથી (૫૮૬) બંદીવાસના અંત (૫૩૮) સુધીનો સમય.

(આ) ૬૨ અઠવાડિયાં-૪૩૪ વર્ષ. બંદીવાસના અંતથી અંત્યોખસની કારકિર્દીના ચોથા વર્ષ (૧૭૧) લગીનો સમય. તે સમયનાં વર્ષ માત્ર ૩૬૭ થાય છે. પણ વાત મોઘમ છે.

(ઇ) ૧ અઠવાડિયું-૭ વર્ષ. એટલે અંત્યોખસની કારકિર્દીનાં છેલ્લાં સાત વર્ષ.

૧૦. છેલ્લા દર્શનની પ્રસ્તાવના.

૧૧,૧૨. ઈરાની રાજ્યની શરૂઆતથી અંત્યોખસની કારકિર્દીના અંત સુધીના ઇતિહાસનો સારાંશ.

છેવટે જો આપણે ૧૧;૨૧-૪૫ની બારીક તપાસ કરીએ તો સારું, કેમ કે તે પરથી અંત્યોખસની કારકિર્દીનો ઇતિહાસ કેવી બારીકાઈથી નોંધેલો છે, તે માલૂમ પડશે.

૨૧. "તિરસ્કારપાત્ર પુરુષ" - અંત્યોખસ. તે ગાદીનો હકદાર વારસ નહોતો. તે ખુશામતથી રાજ્ય પચાવી પડ્યો.

૨૨. "કરારનો સરદાર" - માજી પ્રમુખયાજક ઓનીઆસ. અંત્યોખસે તેનું ખૂન કરાવ્યું.

૨૩. "નાની પ્રજા." શરૂઆતે અંત્યોખસનો પક્ષ લેનારા થોડા હતા.

૨૪. "દક્ષિણના રાજા ઉપર"-મિસર પર અંત્યોખસે કરેલી ચઢાઇ (૧૭૦).

"કાવતરાં કરશે." પોતાના લોકના દ્રોહથી પ્ટોલેમી રાજાનો પરાજય થયો (૨૬).

૨૭. "એક મેજ આગળ બેઠાં બેઠાં તેઓ જૂઠું બોલશે." પ્ટોલેમીના ભાઈને ગાદીએ બેસાડ્યા પછી અંત્યોખસે તેને આપેલા વચન પાળ્યાં નહિ.

૨૮. "પવિત્ર કરારની વિરુદ્ધ." મિસરથી પાછા આવીને અંત્યોખસે યરુશાલેમ પર હુમલો કર્યો.

૨૯. "દક્ષિણમાં આવશે" - મિસર પર કરેલી બીજી ચઢાઇ (૧૬૮).

૩૦. "કિત્તીમનાં વહાણો." રૂમી કાફલાની મદદથી અંત્યોખસનું લશ્કર પાછું હઠાવવામાં આવ્યું. વિશ્વાસઘાત કરનારાની સહાયથી તેણે પોતાના ક્રોધાવેશમાં પાલેસ્ટાઇનને સખત ફટકો માર્યો.

૩૧. "પવિત્રસ્થાનને વટાળશે." આ વાતની પૂરી હકીકત ઉપર આપવામાં આવી છે.

૩૨. "દુષ્કર્મ કરનારાઓ...દેવને ઓળખનારાં" - વિશ્વાસઘાત કરનારા તથા દેવના વિશ્વાસુ સંતો.

૩૩. "જ્ઞાનીઓ...તરવારથી માર્યા જશે." સંતોમાંના ઘણાઓને મારી નાખવામાં આવ્યા (૩; ૧૭,૧૮).

૩૪. "થોડીઘણી સહાય" - મક્કાબીઓએ કરેલો બળવો (૧૬૭).

૩૫. "શુદ્ધ કરવા સારુ" - સતાવણીરૂપી ભઠ્ઠીમાં શુદ્ધ કરાએલા સંતો.

૩૬. "દરેક દેવ કરતાં મોટો." "અંત્યોખસ પ્રગટ કરાએલો દેવ," એવો તેના કેટલાએક સિક્કા પર લેખ હતો.

૩૭. "પોતાના પૂર્વજોના દેવો." અરામી હોવા છતાં અંત્યોખસ ગ્રીક દેવદેવીઓનો પૂજક હતો. "સ્ત્રીઓને પ્રિય લાગતી દેવી" (મૂળાર્થ). તે તામ્મૂઝ નામની અરામી દેવી હતી. (જુઓ હઝ.૮;૧૪).

૩૮. "કિલ્લાઓનો દેવ." અંત્યોખસની નજીકમાં અંત્યોખસે ઉપર કોટવાળો જ્યુપિટર નામનો એક રૂમી દેવતા હતો, તેના માનમાં મંદિર બાંધ્યું.

૩૯. "મૂલ્ય લઈને." અંત્યોખસ લાંચ ખાઈને અમલદારોને નીમતો હતો.

("પારકા દેવની સહાયથી." આ શબ્દનો શો અર્થ કરવો, તે સ્પષ્ટ નથી. અંત્યોખસે પરદેશીઓને યરુશાલેમમાં વસાવ્યા હતા, તેમ જ કિલ્લામાં પરદેશી સૈનિકોનો પહેરો રાખ્યો હતો, એજ તેનો અર્થ હોવાનો સંભવ છે).

૪૦-૪૫. આ કલમોમાં અંત્યોખસના થનાર મરણ વિષેની મોઘમ અગમવાણી કરેલી છે, તેનો ખુલાસો ઉપર કરવામાં આવ્યો છે.

એઝરા - નહેમ્યા

૧. એઝરા

("સહાય")

૧. હેબ્રી નિયમગણ. હેબ્રી જૂના કરારના નિયમગણમાં સમાએલાં છેલ્લાં ત્રણ પુસ્તક એઝરા, નહેમ્યા તથા કાળવૃત્તાંત છે. પહેલવહેલાં તેઓનું એક જ સામટું પુસ્તક ગણાતું હતું. તેમાં કાળવૃત્તાંતનો વિભાગ આગળ આવવાથી આદમથી માંડીને નહેમ્યાના સમય સુધીનો ઈતિહાસ સમાએલો હતો. ૨ કાળવૃત્તાંતના છેલ્લા વાક્યની તપાસ કરવામાં આવે, તો જણાશે કે તે અધૂરું દેખાય છે, અને તેનું અનુસંધાન એઝ.૧;૩ની સાથે છે, એટલે "તેના લોકમાંનો જે કોઈ હોય, તેની સાથે તેનો દેવ યહોવા હો, અને તે જાય...તે યહુદાહના યરુશાલેમ જાય ને યહોવાનું મંદિર બાંધે."

તો પુસ્તકના વિભાગનો ક્રમ કેમ બદલવામાં આવ્યો હશે? કારણ એ હોય, કે કાળવૃત્તાંતમાં સમાએલા ઈતિહાસનો ઘણોખરો ભાગ રાજાઓનાં પુસ્તકોમાં મળી આવે છે, તેથી આગળ જતાં એ વિભાગ પડતો મૂકવામાં આવ્યો. પુસ્તકના બીજા બે વિભાગમાં (એટલે એઝરા તથા નહેમ્યા) સમાએલી હકીકત બીજા કોઈ પુસ્તકમાં મળી આવતી નથી, તેથી તે બે ભાગ તરત સ્વીકારવામાં આવ્યા. ત્યાર પછીથી કાળવૃત્તાંતનો વિભાગ પણ માન્ય થયો, પરંતુ હેબ્રી નિયમગણમાં તે છેલ્લો મૂકવામાં આવ્યો. ક્રમમાં કરેલા ફેરફારનું પ્રમાણ નવા કરારમાં મળી આવે છે. જ્યારે પ્રભુ ઈસુએ શાસ્ત્રીઓ તથા ફરોશીઓ પર ઢોંગ કરવાનો આક્ષેપ મૂક્યો, ત્યારે "ન્યાયી હાબેલના લોહીથી (ઉત.૪;૮) તે ઝખાર્યાના લોહી સુધી (૨ કાળ.૨૪; ૨૦,૨૧) બધા ન્યાયીઓનું જે લોહી વહેવડાવવામાં આવ્યું છે, તે તમારા પર આવશે," એમ તેણે કહ્યું (મા.૨૩;૩૫), એટલે તે સમયના જૂના કરારના પહેલા તથા છેલ્લા એ બે પુસ્તકમાંથી તેણે દાખલા લીધા, એમ સમજવું.

જેને આધારે આ પુસ્તક લખ્યાની તારીખ ચોક્કસ કરી શકાય, એવાં બે પ્રમાણ પુસ્તકમાંથી મળી આવે છે. (૧) પ્રમુખયાજક યહોશુઆ હાગ્ગાયનો સમકાલીન હતો (૫૨૦), તેનાથી માંડીને યાદ્દઆ

છઠ્ઠા જમાનાનો હતો (નહે.૧૨;૧૧). જો એ જમાનાની મુદ્દત ત્રીસ વર્ષ જેટલી ગણીએ, તો યહોશુઆ પછી ૧૮૦ વર્ષ વીત્યાં હશે, એટલે યાદ્દઆ આશરે ૩૪૦ની સાલમાં હયાત હોય, એમ સમજવું. (મહાન સિકંદરના સમયમાં (૩૩૬-૩૨૩) યાદ્દઆ નામનો એક પ્રમુખયાજક હતો, એમ ઇતિહાસકાર જોસેફસે કહેલું છે). (૨) "દાર્યાવેશ ઇરાનીની કારકિર્દી" (નહે.૧૨;૨૨) ૩૩૫-૩૨૦ સુધીની હતી. તેથી હેબ્રી નિયમગણનાં આ છેલ્લાં ત્રણ પુસ્તક આશરે ૩૦૦ની સાલમાં રચવામાં આવ્યાં હોય, એવું ખાતરીપૂર્વક અનુમાન કરી શકાય છે.

એઝરા તથા નહેમ્યા સંપાદિત પુસ્તકો છે, તે એઝરાએ તથા નહેમ્યાએ સ્વહસ્તે લખેલી આત્મકથાને આધારે સંપાદન કરવામાં આવ્યાં. એઝરા, નહેમ્યા તથા કાળવૃત્તાંતનાં પુસ્તકો સંપાદન કરનાર એક જ છે, કેમ કે ત્રણે પુસ્તકની શૈલી મળતી આવે છે.

૨. મુખ્ય બનાવોની સાલવાર ટીપ :--

(અ) ઇરાનના રાજાઓ. જુઓ "ઇરાની રાજ્યનો સમય" તે પ્રકરણની પ્રસ્તાવના.

(આ) યરુશાલેમમાં બનેલા બનાવો :--

૫૩૭ : બંદીવાસમાંથી પુનરાગમન.
૫૩૬ : નવા મંદિરનો પાયો નંખાયો. બાંધકામ અટકાવવામાં આવ્યું.
૫૨૦-૫૧૬ : મંદિર બાંધવામાં આવ્યું.
૪૫૮ : એઝરા બાબેલોનથી આવ્યો.
૪૪૫ : નહેમ્યા આવી પહોંચ્યો. શહેરનો કોટ સમારવામાં આવ્યો.
૪૩૩ : નહેમ્યા બીજી વાર આવ્યો (૫;૧૪).

૩. બંદીવાસ સમયે યહૂદીઓની પરિસ્થિતિ

(૧) યર્મિયા પ્રબોધકે આપેલી સલાહ (૨૯; ૪-૭). સ્વીકારીને ઘણા બંદીવાસીઓ બાબેલોનમાં વસવાટ કરીને સુખી થયા. તેથી જ્યારે ૫૩૭ની સાલમાં ઝરુબ્બાબેલ તથા યહોશુઆ યરુશાલેમ પાછા ગયા, ત્યારે તેઓની સાથે જનારા થોડા જ હતા, એટલે માત્ર ૪૨,૩૬૦ (એઝ.૨;૬૪. પણ ખરી સંખ્યા તો ૨૯,૮૧૮ છે). જેઓએ

બાબેલોનમાં જ રહેવાનું પસંદ કર્યું, તેઓએ ઝરૂબ્બાબેલને (એઝ.૧;૨: ૨;૨૯) ને પછીથી એઝરાને (૭;૧૬ : ૮;૨૫) જે મૂલ્યવાન દાનો આપ્યાં તે પરથી તેઓની સુખી હાલત સમજી શકાય છે.

(૨) પણ યરુશાલેમવાસીઓની સ્થિતિ એથી તદ્ન જુદી હતી. નબૂખાદનેસ્સારે ઈરાદાપૂર્વક સહુથી કંગાલ લોક સિવાય બીજા કોઈને પણ યહુદાહ પ્રાંતમાં રહેવા દીધા નહોતા (૨ ૨૫.૨૪; ૧૪ : ૨૫;૧૨). તેઓની આસપાસ સર્વ રહેનારા લોક તેમના દુશ્મન હતા. તેઓને ઈરાની સરકારને કરવેરો ભરવો પડતો હતો (એઝ.૭;૨૪). વળી તેઓમાં તડ પડી ગયાં હતાં, અને ગરીબ વર્ગમાંનાં ઘણાં સ્ત્રીપુરુષો ગુલામીની અવસ્થામાં આવી પડ્યાં હતાં (નહે.૫; ૧-૫). તે ઉપરાંત "પવિત્ર વંશ" ફરીથી મૂર્તિપૂજાના પાશમાં ફસાઈ ગયો હતો, તેમ જ "દેશના જુદા જુદા લોકોની સાથે મિશ્ર થઈ ગયો હતો" (એઝ.૯; ૧,૨). આ ઉલ્લંઘનમાં યાજકો, લેવીઓ, સરદારો તથા બીજા સત્તાવાળાઓએ પણ આગળ પડતો ભાગ લીધો હતો. જરૂર યહૂદીઓ કરતાં બિન-યહૂદીઓ સુખી હાલતમાં હતા, તેથી લગ્નસંબંધદ્વારા યહૂદીઓ તેઓની સાથે સંબંધ રાખવા માગતા હોય, તે સ્વાભાવિક હતું. શું લગ્નસંબંધદ્વારા સુલેમાન રાજાએ પરદેશી રાજાઓની સાથે મિત્રાચારીનો સંબંધ બાંધ્યો નહોતો? (નહે.૧૩;૨૮). તે ઉપરાંત ધર્મના સર્વ નિયમો પાળવા સંબંધી તેઓ શિથિલ થઈ ગયા હતા. સાબ્બાથ દિવસ પવિત્ર પાળવાની, દશાંશો ભરી આપવાની, મંદિરમાં જઈને જાહેર ભજનસેવા કરવાની, એ સર્વ બાબતમાં તેઓ એઝરા તથા નહેમ્યાને બેફિકર થઈ ગએલા જણાયા (નહે.૧૩;૪-૩૨. સરખાવો માલાખીના પુસ્તકમાં વર્ણવેલી યહૂદીઓની સ્થિતિ).

૪. ૪૮૫ની સાલમાં એઝરા યરુશાલેમ આવી પહોંચ્યો. તે "યહૂદાહ તથા યરુશાલેમ સંબંધી તપાસ કરે," તે માટે રાજા તરફથી તેને મોકલવામાં આવ્યો હતો, એમ કહેલું છે (૭;૧૪). પણ તે તેઓની આત્મિક સ્થિતિની વિશેષ તપાસ કરે, તે તેનું ત્યાં જવાનું ખાસ કારણ હતું, કેમ કે જે કંઈ તપાસ તે તો"તારા હાથમાં તારા દેવનું જે નિયમશાસ્ત્ર છે તે પ્રમાળો તું તપાસ કરે એમ પણ કહેલું છે. એઝરા એવા કાર્યને માટે યોગ્ય હતો. તે "એઝરા યાજક, આકાશના દેવના નિયમશાસ્ત્રનો શાસ્ત્રી" કહેવાતો હતો (૭;૧૧,૨૧). વળી તે હારૂનના

વંશનો હતો (૭;૫), તેથી યહોવાની શુદ્ધ ધર્મસેવા કરવા તથા કરાવવા તે ઇંતેજાર હોય જ. હવે બંદીવાસ દરમિયાન યહૂદીઓને બે ખાસ વાતનું શિક્ષણ પ્રાપ્ત થયું હતું, એટલે કે (૧) જીવતો દેવ યહોવા સર્વત્ર છે, (૨) મંદિર ને વેદી વગર પણ તેની ઉપાસના કરી શકાય છે. (૧) અત્યાર સુધી તેઓના માનવા પ્રમાણે પારકો દેશ અશુદ્ધ દેશ ગણાય છે (આમ.૭;૧૭), અને પરદેશમાં રહેનાર યહૂદીઓ "યહોવાની હજૂરથી દૂર" ગએલા છે (૧ શમૂ.૨૬;૨૦). પણ હવે

"પૃથ્વી તથા તેનું સર્વસ્વ યહોવાનાં છે;

જગત તથા તેમાં રહેનારાં પણ તેનાં છે" (ગી.૨૪;૧), એવું તેઓ સમજી ગયા હતા. (૨) બીજી વાત પણ મહત્ત્વની હતી. દેવ આત્મારૂપ છે, અને તેની ખરી આરાધના આત્માથી જ થાય છે. જે મંદિર પર તેઓનો સંપૂર્ણ ભરોસો બેઠો હતો (યર.૭;૪), તે તો તારાજ થઇ ગયું હતું. તેને બદલે સભાસ્થાન-લોકોને ભેગા થવાનું સ્થળ--ઊભું કરવામાં આવ્યું હતું. યહોવાનો કરારકોશ ફરીથી બનાવવામાં આવશે નહિ, એવા યર્મિયાના કહેવા પ્રમાણે બન્યું હતું (યર.૩;૧૬). મૂર્તિપૂજા કરવા તરફ પહેલાંની પેઠે તેઓ ખેંચાઇ જતા નહોતા ; ધૂપને બદલે પ્રાર્થના ચઢાવવામાં આવતી હતી. જોડેલા હાથો ઊંચાં કરવા, એજ સંધ્યાકાળનો ખરો યજ્ઞ ગણાતો હતો (ગી.૧૪૧;૨).

વળી માતૃભૂમિથી દૂર ખસેડાએલા હોવાને લીધે પોતાના આદિપિતૃઓ વિષેની વાર્તાઓ, પ્રબોધકોનાં ઇશ્વરદત્ત વચન અને વિશેષે કરીને યહોવાની ભજનસેવાની જાતજાતની ક્રિયાઓ-એ સર્વ હવે તેઓને વધારે પ્રિય લાગતાં, જેથી બંદીવાસ તથા ત્યાર પછીના સમયે બાબેલોનમાં રહેનારા ધર્મધુરંધર શાસ્ત્રીઓ એવી વાતનો સંગ્રહ અને વિષયાનુસાર તેમની ગોઠવણી કરવા લાગ્યા હતા. પ્રભુ ઇસુ ઉપદેશ કરવા લાગ્યો, ત્યારે તેના મુખ્ય વિરોધીઓ તો શાસ્ત્રીઓ તથા ફરોશીઓ હતા. તેઓને પ્રભુ ઇસુએ "ઢોંગીઓ" અને "આંધળા દોરનારાઓ" કહીને સંબોધ્યા હતા (મા.૨૩; ૧૩,૧૬). છતાં આપણે તે વર્ગના માણસોના કેટલા બધા ઋણી છીએ! જૂના કરારનું પુસ્તક આપણા હાથમાં છે, તે માટે આપણે તેમના આભારી છીએ. યહોવાએ કરેલો જૂનો કરાર તથા તેણે આપેલું નિયમશાસ્ત્ર, યશાયાએ

કરેલો જૂનો કરાર તથા તેણે આપેલું નિયમશાસ્ત્ર, યશાયાએ કરેલો જયવંત પ્રબોધ, યર્મિયાનું આત્મકથન કે જે વડે જો કે તે ૨૫,૦૦ વર્ષ ઉપર હયાત હતો, તોપણ આજકાલના કોઈ પણ ભક્ત કરતાં તેની આપણને વધારે સારી ઓળખાણ છે-સર્વે વાતો વિષે આપણે તે સમયના શાસ્ત્રીઓના આભારી છીએ.

વળી બંદીવાસ વખતે ત્રીજી એક વાતની તેઓને વધુ સમજણ પડી. પાપની પાપિષ્ટતા કેટલી બધી છે, તેનું પણ વધારે સ્પષ્ટ ભાન યરુશાલેમના પતનથી તથા ત્યાર પછીથી તેમના પર આવી પડેલા સંકટથી તેઓને થયું હતું ; અને જેમ જેમ તેઓને પાપની પાપિષ્ટતાની સમજ પડતી ગઈ, તેમ તેમ તેઓને ઈશ્વરની પવિત્રાઈનું વધતું તેજોમય દર્શન પણ થતું ગયું. તે કારણને લીધે લેવીયના પુસ્તકમાં જે જુદા જુદા પ્રકારનાં પાપાર્થાર્પણ નોંધેલા છે, તે સર્વેની નિયત ક્રિયા પર વિશેષ ભાર મૂકેલો જણાય છે.

જે પુસ્તક સાથે લઈને એઝરા યરુશાલેમ આવ્યો હતો, તે આવા નિયમો તથા એવી વાર્તાઓના બનેલા એક સંગ્રહનું હતું, એટલે તેઓના દેવ યહોવાનું નિયમશાસ્ત્ર તે હતું (નહે.૮;૨ : ૯;૩). (જે કોઈ તે નિયમોનું ઉલ્લંઘન કરે, તેને સજા કરવાની સત્તા એઝરાને પાદશાહ તરફથી આપવામાં આવી હતી (એઝ.૭; ૧૨-૨૬માં તે વિષેનું અખત્યારનામું પૂરેપૂરું આપેલું છે)). તે પુસ્તકના જાહેર અધ્યયનથી તમામ સમાજ પર જે આશ્ચર્યકારક અસર થઈ, તેનું વર્ણન નહે.૮માં કરેલું છે. યહૂદી ધર્મનો જે મૂળપાયો ગણાય છે, તે એજ નિયમશાસ્ત્ર છે.

મંદિર તથા કરારકોશ બંને હતાં ન હતાં થઈ ગયાં હતાં. હવે પછીથી ગામોનાં સભાસ્થાનોમાં ભેગા થઈને યહૂદીઓ એક કિતાબને માન આપનારા લોક થયા, અને એ નામથી તેઓ કુરાનમાં ઓળખાય છે. તો નિયમશાસ્ત્રને આટલું બધું માન આપીને એઝરાએ પ્રબોધકોનાં પુસ્તકોમાં તથા ગીતશાસ્ત્રમાં સમાએલા આત્મિક બોધને મૂસાના નિયમશાસ્ત્રથી ઊતરતા મહત્ત્વનો ગણ્યો કહેવાય શું? તે આપણાથી કહેવાય નહિ. પણ યહૂદી પ્રજાની આસપાસ આ નિયમશાસ્ત્રરૂપી વાડ કરીને તેણે તેઓને જગતના અંધકારમય જંગલમાં રખડી જવાથી બચાવ્યા, તે આપણે જાણીએ છીએ. તે કારણને લીધે જ્યાં સુધી પ્રભુ

ઈસુએ આવીને પોતાના રક્ત વડે માણસોની સાથે એક નવો કરાર કર્યો નહિ, અને તે વાડ તોડી પાડીને આખી માનવજાતને સારુ તારણનો નવો માર્ગ ઉઘાડ્યો નહિ (હેબ.૧૦; ૧૬-૧૮), ત્યાં સુધી યહૂદીઓ જૂના કરારના નિયમોને આધીન રહીને યહોવાનું નામ તથા તેની ભક્તિ શુદ્ધ તથા પવિત્ર રાખવા પામ્યા.

૫. એઝરા યાજક તથા કુશળ શાસ્ત્રી હતો. વળી દૃઢ વિશ્વાસ રાખવામાં તથા પ્રાર્થનામાં લાગુ રહેવામાં તે નમૂનેદાર ઈશ્વરભક્ત હતો. તેણે રજૂ કરેલી જીવનકથા આપણે સારુ બોધ તથા ઉત્તેજનદાયક છે.

સારાંશ

પુસ્તકના બે વિભાગ થાય છે :--

A. અધ્ય. ૧-૬. બંદીવાસમાંથી પુનરાગમન (૫૩૭) ને મંદિરનું બંધાવું (૫૨૦-૫૧૬).

B. અધ્ય. ૭-૧૦. (સાઠ વર્ષ પછી) એઝરા તથા તેણે કરેલા જાતજાતના સુધારા.

A. ૧,૨. ઝરુબ્બાબેલની આગેવાની નીચે (શેશબાસ્સાર (૧;૮ : ૫;૧૬-૨;૨ : ૩;૮)) બાબેલોનથી યહૂદીઓનું પાછું આવવું. પાછા આવેલાંઓનાં નામ ફરીથી (જૂજ ફેરફાર સહિત) નહે.૭;૮-૫૯માં આપેલાં છે.

૩. વેદીનું બંધાવું (૧-૭) : મંદિરના પાયાનું નંખાવું (૮-૧૩).

૪. સમરૂનીઓએ કરેલો તેનો વિરોધ. બાંધકામ ૫૨૦ની સાલ સુધી બંધ રાખવામાં આવ્યું. (૬-૨૩. આર્તાહશાસ્તા પાદશાહ પર રેહૂમ નામના પાલેસ્ટાઈનના સૂબાએ યરુશાલેમના કોટ બાંધવા વિષેનો મોકલેલો કાગળ. પણ આર્તાહશાસ્તાની કારકિર્દી ૪૬૪-૪૨૪ સુધીની હતી, એટલે તે એઝરા તથા નહેમ્યાનો સમકાલિન રાજા હતો. વળી એ કાગળમાં તેણે જે ફરિયાદ કરી હતી, તે મંદિર બાંધવા સંબંધીની નહિ, પણ કોટ તથા શહેર ફરી બાંધવા સંબંધીની છે. પણ બાદશાહે નહેમ્યાને કોટ સમારવાની રજા આપી હતી (નહે.૨;૮). તેથી કેવા સંજોગોમાં સદરહુ કાગળ લખવામાં આવ્યો હતો, તે કહેવાય નહિ).

૫,૬. હાગ્ગાય તથા ઝખાર્યા પ્રબોધકના બોધથી લોકે ઉત્તેજિત થઈને મંદિરનું બાંધકામ પૂરું કર્યું (૫૨૦-૫૧૬).

૭,૮. એઝરાનું આગમન. મુસાફરીને લગતી બધી વાતોમાં તેનો ઘણો વિશ્વાસ તથા તેની ઘણી હિંમત દીપી આવે છે. "અમારા દેવનો હાથ તેને શોધનાર સઘળા પર હિતકારક છે" (૮;૨૨), એજ તેનું સંક્ષિપ્ત વિશ્વાસનામું હતું. ("**According to the (good) hand of the Lord his God upon him**"--એ વચન વારંવાર મળી આવે છે (૭;૬,૯,૨૮ : ૧;૧૮,૩૧)).

૯,૧૦. મિશ્ર લગ્નસંબંધને લીધે એઝરાને આવેલો ક્રોધાવેશ તથા તેણે કરેલી પ્રાર્થના. તેણે એ નિયમનો અમલ કેમ આટલી બધી સખ્તાઈથી કર્યો? મૂર્તિપૂજા ફરીથી લોકમાં દાખલ થઈ જવાની બીકને લીધે. પ્રબોધક માલાખીએ પણ એવાં લગ્ન વખોડી કાઢ્યાં હતાં. "યહૂદાએ વિશ્વાસઘાત કર્યો છે...તેણે પારકા દેવની પુત્રી સાથે લગ્ન કર્યું છે" (૨;૧૧). સુલેમાનનો દાખલો આપીને--"તે પોતાના દેવને વહાલો હતો, તેમ છતાં તેની પરદેશી સ્ત્રીઓની તેની પાસે પણ પાપ કરાવ્યું" (૧૩;૨૬)--એમ કહીને નહેમ્યાએ પણ પરદેશી સ્ત્રીઓ પ્રત્યે એઝરાના જેવું સખત વર્તન દાખવ્યું.

ત્યાર પછી ૧૩ વર્ષ લગી એઝરાએ કરેલાં કાર્યો વિષેની કંઇ પણ નોંધ કરેલી નથી (નહે.૮.સાલ ૪૪૪).

૨. નહેમ્યા
("યહોવા દિલાસારૂપ છે")

૧. નહેમ્યા. સૂસા શહેર એલામ પ્રાંતનું મુખ્ય નગર હતું (૧;૧ : એસ.૧;૨ : દા.૮;૨), તેમાં ઈરાનના રાજાઓનો એક મહેલ હતો, ત્યાં શિશિરઋતુમાં રાજાઓની ઊતરવાની પ્રથા હતી. નહેમ્યાના સમયનો રાજા આર્તાહશાસ્તા ૧લો હતો (૪૬૪-૪૨૪). (આર્તાહશાસ્તા ૨જા રાજાની કારકિર્દી ૪૦૪-૩૫૮ની હતી. તેના સમયમાં આ પુસ્તકમાં વર્ણવેલા બનાવ બન્યા, એવું કેટલાએકનું કહેવું છે. પરંતુ એવો મત માનનારા થોડા જ છે). નહેમ્યા રાજાનો પાત્રવાહક હતો (૧;૧). પાત્રવાહકનો હોદ્દો ઘણો માનનીય ગણાતો હતો (ઉત.૪૦;૧૩ : ૧ રા.૧૦;૫). સર્વ દરબારી અમલદારોમાં તેણે સહુથી વિશ્વસનીય હોવું જોઈએ.

યરુશાલેમની બૂરી હાલતના સમાચાર સાંભળીને જયારે પાદશાહની પાસે નહેમ્યાએ ત્યાં જવાની રજા માગી, ત્યારે પાદશાહે તેની અરજ સ્વીકારીને તેને યહૂદાહ પ્રાંતનો સૂબો નીમ્યો (૫;૧૪). આ હોદ્દો તેણે બાર વર્ષ લગી ભોગવ્યો હતો. પરંતુ "તે બધો વખત હું યરુશાલેમમાં નહોતો ; કેમ કે આર્તાહશાસ્તા રાજાના બત્રીસમા વર્ષમાં (૪૪૩) હું રાજા પાસે પાછો ગયો, ને કેટલાએક દિવસ પછી હું રજા લઈને યરુશાલેમમાં નહિ રહ્યો હોય, પણ જયારે દરબારી નોકરી કરવાનો તેનો વારો આવે, ત્યારે ત્યારે તે કોઈ અવેજીને પોતાના હોદ્દાને લગતું કામ સોંપીને પોતે રાજનગર પાછો જતો હોય, એમ લાગે છે. ૪૪૩ની સાલમાં તેણે છેલ્લી વાર યરુશાલેમ પાછા જવાની રજા લીધી હશે.

૨. પુસ્તકની રચના. અધ્ય.૮-૧૦ ને ૧૨; ૧-૨૬ એ થોડા ભાગ સિવાય આખું પુસ્તક નહેમ્યાની આત્મકથાને આધારે રચેલું છે. જે થોડો ભાગ નહેમ્યાની કલમનો લાગતો નથી, તેમાંના અધ્ય.૯ ને ૧૦ સંપાદકે એઝરાની આત્મકથામાંથી ઊતારી લીધેલા હોય, એવો સંભવ છે. LXX પ્રમાણે ૯; ૬-૩૮માં પાપકબૂલાતની જે લાંબી પ્રાર્થના સમાએલી છે, તે તો એઝરાએ કરેલી પ્રાર્થના છે, કેમકે ૯;૬માં

"એઝરાએ કહ્યું, કે" એવા શબ્દો મળી આવે છે. અધ્ય.૮માં વર્ણવેલા બનાવનું વર્ણન કોઈ પ્રત્યક્ષ જોનાર પ્રેક્ષકે કર્યું હશે, એ ખાતરીપૂર્વક વાત છે, પછી તે હોય એઝરા કે પછી હોય કોઈ બીજો. પુસ્તકનું છેલ્લું સ્વરૂપ ઘડનાર તો કોઈ સંપાદક હતો, એમ સમજવું, કેમ કે યાજકોની જે વંશાવળી ૧૨; ૧-૨૬માં સમાએલી છે, તેમાં દાર્યાવેશ ઈરાનીની કારકિર્દીના સમયનાં (૩૩૫-૩૩૧) નામ આપેલાં છે. વળી જેમ ઉપર કહેવામાં આવ્યું, તેમ એઝરા, નહેમ્યા તથા કાળવૃત્તાંત એ ત્રણે પુસ્તક એક ઢબનાં, એટલે એક જ હાથે તૈયાર કરેલાં જણાય છે.

૩. **નહેમ્યાનું ચારિત્ર્ય.** તેણે સ્વહસ્તે કરેલી રૂપરેખા પરથી આપણને તેના ચારિત્ર્યનો પૂર્ણ ખ્યાલ આવે છે. તે મોટો સરદાર તથા કાબેલ કારભારી, તેમ જ વિશ્વાસ રાખવામાં તથા પ્રાર્થના કરવામાં ખરો ઈશ્વરભક્ત હતો. એઝરાની પેઠે તે નિત્ય ઈશ્વર સાથેની સંગતમાં રહેનાર હતો, તેથી એઝરા જેવો તે પણ હિંમતવાન હતો. તેણે કરેલી પ્રાર્થનાઓનો અભ્યાસ જો પુસ્તકનો દરેક વાચક કરે, તો સારૂ. દરેક પ્રતિકૂળ સંજોગે તે પ્રાર્થના કરતો હતો. તેનું મન તેનું પ્રાર્થનાગૃહ હતું. વળી તે વ્યાવહારિક બુદ્ધિવાળો હતો. શહેરના ભાગી નાખેલા કોટનું બાંધકામ સરળતાથી ચાલે, તે માટે તેણે સહકારની જે વ્યવસ્થા કરી, તેનું અનુકરણ દરેક ગામમાં તથા દરેક મંડળીમાં કરવા લાયક છે. છેલ્લું, નહેમ્યા ધનાઢય હતો (૫;૧૪), પરંતુ તે ગરીબો પર પણ દયા રાખનાર હતો.

LXXમાંના "એક્કલેસીઆસ્ટીકસ" નામના પુસ્તકમાં ઈસ્ત્રાએલના શૂરવીરોનાં ગુણગાન કરેલાં છે, તેમાંનો છેલ્લો નહેમ્યા છે. તેના સંબંધી એમ કહેલું છે, કે

"નહેમ્યાનું સ્મારક પણ મોટું છે ;
ભાગી નાખેલા કોટો તેણે આપણે સારુ પાછા ઊભા કર્યા,
તેના દરવાજાઓ તથા ભૂંગળો તેણે બનાવ્યાં,
અને આપણે સારુ રહેવાનાં ઠેકાણાં ફરીથી બાંધ્યાં" (૪૯;૧૩).

૪. અધ્યાય વાર સારાંશ

૧. નહેમ્યાને યરુશાલેમની હાલતના સમાચાર મળ્યા. તેણે પાપકબૂલાતની પ્રાર્થના કરી. પ્રાર્થનાદ્વારા તે પોતાની પ્રાર્થના સાર્થક કરવાના સાધનરૂપ થવા તૈયાર થયો. સરખાવો મા.૯;૩૮ ને ૧૦;૫. "મજૂરોને મોકલ"..."તમે જાઓ."

૨. રાજાની આગળ તેણે રજૂ કરેલી માગણી. તે યરુશાલેમ આવી પહોંચ્યો. ત્યાં પહોંચ્યા પછીની ચોથી રાતે તેણે છાનામાના કોટની સ્થિતિ તપાસી જોઈ. તેની પાયમાલી જોયા પછી તેણે તે ફરી બાંધવાનો નિર્ણય કર્યો.

૩. બાંધકામ કરવામાં લોકે આપેલો સહકાર. તે કામમાં સ્ત્રીઓએ પણ ભાગ લીધો (૧૨).

૪. સમરૂનીઓએ કરેલાં કાવતરાં. તેની વિરુદ્ધ નહેમ્યાએ કરેલો ઉપાય--પ્રાર્થના તથા જાગરણ (૯: મા. ૨૬;૪૧), તલવાર તથા લેલાનો ઉપયોગ (૧૭).

૫. લોકની હાડમારીમાં રાહત આપવાના ચાંપતા ઉપાયો.

૬. સમરૂનીઓએ યોજેલાં બીજાં કાવતરાં. બાવનમે દિવસે કોટનું બાંધકામ સમાપ્ત થયું.

૭. ઝરુબ્બાબેલની સાથે પાછા આવેલા બંદીવાસીઓની ટીપ (સરખાવો એઝ.૨).

૮-૧૦.લોકની આગળ એઝરાએ નિયમશાસ્ત્ર વાંચી સંભળાવ્યું. તેનાં પરિણામ :--(૧) માંડવાપર્વ પાળવામાં આવ્યું (૮; ૧૩-૧૮) ને (૨) ઈશ્વર સાથેનો કરાર ફરીથી તાજો કરવામાં આવ્યો (અધ્ય.૯,૧૦). જેઓએ તે કરાર પાળવાની સહી કરી, તેઓનાં વર્ગ વાર નામ : યાજકો (૧૦; ૧-૮), લેવીઓ (૯-૧૩) ને લોકના વડીલો (૧૪-૨૭). કરારની જુદી જુદી શરતો (૨૮-૩૯).

૧૧. યરુશાલેમમાં વસતિ કરવાની યોજના.

૧૨; ૧-૨૬. ઝરુબ્બાબેલની સાથે પાછા આવેલા યાજકો તથા લેવીઓ.

૧૨; ૨૭-૪૩. નવા બાંધેલા કોટની પ્રતિષ્ઠાક્રિયા.

૧૨; ૪૪-૪૭. યાજકો, લેવીઓ તથા મંદિરની સેવા કરનાર બીજાઓના નિભાવને સારુ કરેલી વ્યવસ્થા.

૧૩. (અ) મિશ્રિત લોકનું જુદા કરાવું (૧-૩). (આ) નહેમ્યાએ કરેલી જુદી જુદી વ્યવસ્થા : (૧) મંદિરનું સાફસુફ કરાવું (૪-૯). (૨) લેવીઓ તથા ગવૈયાના હિસ્સા (૧૦-૧૪). (૩) સાબ્બાથ પવિત્ર પાળવાની વ્યવસ્થા (૧૫-૨૨). (૪) પરદેશી સ્ત્રીઓની સાથે કરેલાં લગ્નનું રદ કરાવું (૨૩-૨૮). (ઇ) નહેમ્યાએ કરેલી પ્રાર્થનાઓ : "હે મારા દેવ, તેઓનું સ્મરણ કર" (૨૯)..."હે મારા દેવ, મારા હિતને માટે મારું સ્મરણ કર" (૩૧).

૧ ને ૨ કાળવૃત્તાંત

૧. તેનાં લક્ષણ. કાળવૃત્તાંત જે કોઈ ઉપર ઉપરથી અધ્યયન કરે, તેને તે માત્ર શમૂએલ તથા રાજાઓનાં પુસ્તકોની શબ્દેશબ્દની પુનરાવૃત્તિ જેવું લાગે, તે સ્વાભાવિક છે. પરંતુ જો કે એ ત્રણે પુસ્તકોમાં ઘણું જ પુનરાવર્તન છે ખરું, તોપણ તેઓની વચ્ચે અસમાનતા ઘણી છે. તફાવત બે પ્રકારનો છે, એટલે (અ) બીજાં બે પુસ્તકમાં વર્ણવેલી ઘણી વાતો કાળવૃત્તાંતમાં પડતી મૂકેલી છે, ને વળી (આ) તેમાં ઉમેરેલી ઘણી નૂતન વાતો જણાય છે. આ બે વાતના કેટલાએક દાખલાની તપાસ કર્યા પછી કાળવૃત્તાંતનાં મુખ્ય લક્ષણ વધારે સ્પષ્ટ દીપી આવે એમ છે.

A. પડતી મૂકેલી જૂની વાતો.

(૧) ઉત્તર ઇસ્ત્રાએલનાં દશ કુળોનો ઘણોખરો ઇતિહાસ. ઉત્તર તથા દક્ષિણનાં રાજ્યો વચ્ચે જો લડાઈઓ થઈ (૨ કાળ.૧૩), અથવા જો કંઈ કારણસર તેઓ સંપીને એક બીજા પ્રત્યે સહાનુભૂતિ દર્શાવે (૨ કાળ.૧૮), તો જ તે બનાવની નોંધ કાળવૃત્તાંતમાં કરેલી જણાય છે, નહિ તો ઉત્તર ઇસ્ત્રાએલનો બાકીનો બધો ઇતિહાસ પડતો મૂકેલો જણાય છે. દસ કૂળના લોક વિશ્વાસઘાત કરનારા છે, એવી કાળવૃત્તાંતના લેખકની માન્યતા હતી. તો ઈશ્વરના પસંદ કરાએલા લોકના ઇતિહાસમાં તેઓને સ્થાન કેમ કરીને અપાય?

(૨) શમૂએલનું આખું જીવનચરિત્ર.

(૩) શાઉલ રાજાના મરણ સિવાય તેને લગતી બીજી કોઈ પણ વાત તેમાં વર્ણવેલી નથી (૧ કાળ. ૧૦; ૧-૭).

(૪) દાઉદની જિંદગીનું વિસ્તૃત વૃત્તાંત આપેલું છે (૧ કાળ. અધ્ય.૧૧-૨૯). એમ છતાં તેમાં દાઉદની કારકિર્દીની કેટલીએક મહત્ત્વની વાતો વર્ણવેલી નથી. દા.ત.(અ) દાઉદ સંયુક્ત રાજ્યનો રાજા થયો, તે પહેલાં તેને જે જે મુશ્કેલીઓ નડી, તેની કંઈ પણ નોંધ કરેલી નથી (૧ કાળ.૧૧;૧-૯=૨ શમૂ.૨; ૧-૫;૩). (આ) દાઉદે કરેલા મહાપાતકની તેમ જ આમ્મોન તથા તામારની દુઃખદ વાતની કંઈ પણ નોંધ મળી આવતી નથી. (ઈ) વળી આબ્શાલોમે કરેલા બળવાને લગતી કંઈ પણ વાત મળતી નથી.

(૫) સુલેમાનની વૈભવી કારકિર્દીનું લાંબું વર્ણન કરેલું છે ખરું,

તોપણ તેને લગતી ઘણી વાતો પણ પડતી મૂકવામાં આવેલી છે. (અ) સુલેમાન ગાદીપતિ થયો, તેને અંગે દરબારમાં જે કાવતરાં રચવામાં આવ્યાં તેમ જ જે રક્તપાત કરવામાં આવ્યો, તેનું કંઈ પણ વર્ણન કરેલું નથી. (આ) જે પરદેશી સ્ત્રીઓને તે પરણ્યો, તેમ જ તેઓની દોરવણીથી જે મૂર્તિપૂજાના પાપમાં તે ફસાઈ ગયો, તે સંબંધીની બધી વાતો પડતી મૂકેલી છે. (ઇ) તેની કારકિર્દીનાં છેલ્લાં વર્ષો દરમિયાન જે અશાંતિ રાજ્યમાં પ્રસરેલી હતી, તેમ જ તેની વિરુદ્ધ જે જુદા જુદા બળવાઓ કરવામાં આવ્યા, તે સર્વનું કંઈ પણ વર્ણન કરેલું નથી.

ઉપરોક્ત દાખલા પરથી અનુમાન કરી શકાય છે, કે દાઉદ જે ઇસ્ત્રાએલનો આદર્શ રાજા ગણાતો હતો, તેના તેમ જ સુલેમાન જે જગતમાં સહુથી મહાન જ્ઞાની ગણાતો હતો, તેના નામની કીર્તિને જે કંઈ વાતો નડતરરૂપ લાગે, તેવી વાતો પુસ્તકના સંપાદકે ઇરાદાપૂર્વક પડતી મૂકી હશે.

B. ઉમેરેલી નૂતન વાતો.

આ વાતના બધા દાખલા આપી શકાય, એમ નથી. પરંતુ તેના મુખ્ય દાખલાની તપાસ જો આપણે કરીએ, તો તે નીચેની બાબતોને લગતી છે, એવું માલૂમ પડશે.

(૧) મંદિરને તથા તેમાં ચાલતી ભજનસેવાને પ્રધાન સ્થાન આપવામાં આવેલું છે. દા.ત.(અ) મંદિરનો વહીવટ કરવાની વ્યવસ્થા, ભજનસેવાની પદ્ધતિ વગેરે વિસ્તારથી વર્ણવેલી છે (૧ કાળ.અધ્ય.૨૨-૨૯). મંદિર બાંધવામાં આવ્યું, તે પહેલાં દાઉદ રાજા એ સર્વ ગોઠવણો કરી રહ્યો, એમ કહેલું છે. જ્યારે દાઉદ કરારકોશ કિર્યાથ-યઆરીમથી યરુશાલેમ લઇ આવ્યો, તે પ્રસંગે ઉઝઝાના અચાનક મરણથી દાઉદ ભજનસેવાના ગાંભીર્ય સંબંધી ચેતી ગયો હશે, જેથી કોશને સાચવવાની તેમજ તેને રાખવા સારુ તેણે જે તંબૂ ઊભો કર્યો હતો (૨ શમૂ.૬;૧૭), તેમાં ચાલતી ક્રિયાઓની તેણે વિસ્તારપૂર્વક વ્યવસ્થા કરી હોય, એવો ઘણો સંભવ છે. વળી જેમ પાછળના જમાનાઓમાં નિયમશાસ્ત્ર મૂસાકૃત, ગીતશાસ્ત્ર દાઉદકૃત તથા જ્ઞાનીઓના વર્ગનું બધું સાહિત્ય સુલેમાનકૃત કહેવાની પ્રથા પ્રચલિત થઇ, તેમ દાઉદ કે જે "યહોવાને મનગમતો માણસ" (૧ શમૂ.૧૩;૧૪) તથા "ઇસ્ત્રાએલનાં ગીતોમાં કીર્તીમાન" (૨

શમૂ.૨૩;૧) હતો, તેણે મંદિરનો નકશો કાઢ્યો તથા તે બાંધવા સારુ સર્વ જોઈતો સરસમાન પણ અગાઉથી તૈયાર કર્યો, કેવળ એમ નહિ પણ તેના વહીવટને લગતી તથા તેની ભજનપદ્ધતિને લગતી પૂરી વ્યવસ્થા તેણે કરી હશે, એવું માનવામાં આવે, એ સ્વાભાવિક હતું. પુસ્તકનો લેખક મંદિર વિષે માહિતગાર હતો, અને તેને તેમાંનો દરેક પથ્થર પ્રિય હતો. તે લખવા બેઠો હોય, ત્યારે મંદિરનો ચિતાર હમેશાં તેની આંખ આગળ ખડો થઈ જતો હોય એમ હતું. તેથી જો કે દાઉદના સમયમાં મંદિર હજુ બાંધવામાં આવ્યું નહોતું, તોપણ મંદિરના દ્વારપાળોના વારાની નોંધ કરતાં સંપાદકે પશ્ચિમ ભણીની એક પરસાળનું નામ (પાર્બાર) આપ્યું છે (૧ કાળ.૨૬;૧૮), તેમાં નવાઈ જેવું કંઈ નથી.

(આ) તેજ કારણને લીધે તહેવારોને તથા સંગીતને મોટું સ્થાન આપેલું છે (૧ કાળ.૧૬; ૪-૬ : ૨ કાળ.૫;૧૨,૧૩ : ૭;૬ : ૨૦;૧૯, વગેરે).

(ઇ) હિઝકીયાએ (૨ કાળ.અધ્ય.૨૯-૩૧=૨ ૨ા.૧૮;૧-૩) તથા યોશીયાએ (૨ કાળ.૩૫=૨ ૨ા.૨૩; ૨૧-૨૩) પાળેલાં પાસ્ખાપર્વોનું સંપૂર્ણ વર્ણન કરેલું છે. લેખકના દૃષ્ટિબિંદુનો આ સારો દાખલો છે.

(ઇ) લેવીઓને વિશેષ માન આપેલું જણાય છે. કરારકોશ યરુશાલેમમાં લાવવામાં આવ્યો, ત્યારે તે કાર્યમાં ૨ શમૂ.અધ્ય.૬ પ્રમાણે યાજકોનો કે લેવીઓનો કંઈ પણ ભાગ નહોતો. તેજ બનાવનું વર્ણન ૧ કાળ. અધ્ય.૧૫માં કરેલું છે, તેની શરૂઆતે કહેલું છે, કે "લેવીઓ સિવાય કોઈએ દેવનો કોશ ઊંચકવો નહિ" (ક.૨), અને તે નિયમ પ્રમાણે લેવીઓએ કોશને લગતા કામમાં આગળ પડતો ભાગ લીધો જણાય છે. પહેલે પ્રસંગે એ નિયમ પાળવામાં આવ્યો નહોતો, તેથી ઉઝઝા એકાએક મરણ પામ્યો, એમ અહીં કહેલું છે (૧૩).

૨ કાળ.૨૩;૭ પ્રમાણે લેવીઓએ યોઆશ બાળરાજાનું રક્ષણ કર્યું, પરંતુ ૨ ૨ા.૧૧; ૪-૧૦ પ્રમાણે રાજાના અંગરક્ષકો કારીઓ (એટલે પગારદાર પરદેશી સૈનિકો) હતા.

વળી હિઝકીયાહે ફરમાવેલા પાસ્ખાપર્વ પાળવાની વ્યવસ્થામાં લેવીઓએ આગળ પડતો ભાગ લીધો (૨ કાળ.૨૯). એટલે સુધી કે યાજકોએ જે કામ કરવાનું હતું, તે તેઓ પોતે કરતા હતા, "કેમકે

લેવીઓ પોતાને શુદ્ધ કરવા વિષે યાજકો કરતાં વધારે કાળજી રાખતા હતા" (૩૪). (જો આપણે શમૂએલ તથા કાળવૃત્તાંતમાં વર્ણવેલી વાતોની સરખામણી કરીએ, તો દાઉદ તથા મંદિરને વધુ માન મળે તે માટે શમૂએલના પુસ્તકમાં મળી આવતા કેટલાએક આંકડામાં કાળવૃત્તાંતના લેખકે ઘણો વધારો કર્યો જણાય છે. દા.ત.(૧) ૨ શમૂ.૨૪;૨૪ પ્રમાણે દાઉદે ૫૦ શેકેલ રૂપું આપીને અરાવ્નાહની ખળી તથા તેના બળદો વેચાતાં લીધાં. પણ ૧ કાળ.૨૧;૨૫ પ્રમાણે દાઉદે "ઓર્નાનને છસો શેકેલ સોનું તોળી આપ્યું." (૨) વળી ૧ કાળ.૨૨;૧૪ પ્રમાણે દાઉદ "એક લાખ તાલંત સોનું તથા દસ લાખ તાલંત રૂપું તૈયાર રાખ્યાં." પણ જો કે સુલેમાનની કારકિર્દીમાં દેશ દાઉદના સમય કરતાં ઘણો આબાદ થયો હતો તો પણ તેની વધારેનાં વધારે સરેરાશ આવક છસો છાંસઠ તાલંત જેટલી ગણાતી હતી. (૧ ૨ા.૧૦;૧૪. પરદેશથી આવતું સોનુંરૂપું તે તો જુદું). (૩) તેજ ઇરાદાનુસાર બીજા ઘણા આંકડાઓમાં પણ વધારો કરેલો જણાય છે. દા.ત.૨ શમૂ. ૮;૪ પ્રમાણે દાઉદે હદાદએઝેરના ૧૭૦૦ સવારોને પકડાવ્યા, પણ ૧ કાળ.૧૮;૪ પ્રમાણે તેણે તેના ૭૦૦૦ સવારો પકડ્યા. તેમજ ૨ શમૂ. ૧૦;૧૮ પ્રમાણે "દાઉદે અરામીઓના ૭૦૦ રથોમાંના માણસોને મારી નાખ્યા," પરંતુ ૧ કાળ. ૧૯;૧૮ અનુસાર તેઓના રથોની સંખ્યા ૭૦૦૦ જેટલી હતી. આવા તફાવતનો ખુલાસો કરી શકાય એમ નથી. એકંદરે આગલા સમયના હસ્તલેખોમાં આપેલા આંકડા વધારે માનવાજોગ છે).

૨. બીજા પ્રકારનો ઉમેરો કરેલો છે, તે દ્વારા ભલા રાજાઓને વધુ માન આપવામાં આવે છે.

(૧) ૨ કાળ.૧૫;૧-૧૫માં આસા રાજાએ દેશની આત્મિક સ્થિતિમાં જે સુધારો કર્યો, તેનું વિગતવાર વર્ણન કરેલું છે (=૧ ૨ા.૧૫;૧૧-૧૫).

(૨) ૨ કાળ.અધ્ય.૧૭ ને ૧૯માં યહોશાફાટે લોકની ઉન્નતિને સારુ જે જે નવી વ્યવસ્થા કરી, તે વિસ્તારપૂર્વક વર્ણવેલી છે. અધ્ય.૧૭મા પ્રમાણે લોકને નિયમશાસ્ત્ર શીખવવા સારુ તેણે પોતાના મુખ્ય અમલદારોને જુદાં જુદાં ગામોમાં મોકલ્યા, અને અધ્ય.૧૯ પ્રમાણે "તેણે પ્રત્યેક નગરમાં ન્યાયાધીશો નીમ્યા." આ બંને સેવાકાર્યમાં લેવીઓએ ભાગ લીધો હતો (૧૭;૮ : ૧૯;૮).

(૩) ૨ કાળ. અધ્ય.૨૬માં ઉઝઝીયાહની જુદી જુદી પ્રવૃત્તિઓનો પૂરો હેવાલ સમાએલો છે. દેશની રક્ષણાત્મક સ્થિતિ વધારે બળવાન કરવાનું, તેમજ ખેતીવાડીમાં સુધારો કરવાનું તેનું ધ્યેય હતું, ૨ ૨ા.૧૫;૫ પ્રમાણે "યહોવાએ અઝાર્યાહ (=ઉઝઝીયાહે) રાજા પર આફત આણી," એટલે તે કોઢિયો થયો, પણ તેમ કરવાનું કંઇ કારણ જણાવેલું નથી. પરંતુ ૨ કાળ.૨૬;૧૬-૨૦ પ્રમાણે ઉન્મત્ત થઇને "ધૂપવેદી ઉપર ધૂપ બાળવાને તે યહોવાના મંદિરમાં ગયો હતો," તેથી યાજકો તેની સામા થયા (૧૮) અને તેઓના દેખતાં તેના કપાળમાં કોઢ ફૂટી નીકળ્યો (૧૯).

(૪) ૨ ૨ા.૨૧; ૧-૧૮ પ્રમાણે મનાશ્શેહ યહુદાહના રાજાઓમાં સહુથી ભૂંડો હતો. "તેણે યહોવાની દૃષ્ટિમાં સર્વ ભૂંડું કરીને તેને રોષ ચઢાવ્યો" (૬). "વળી તે ઉપરાંત તેણે એટલું બધું નિરપરાધી રક્ત વહેવડાવ્યું, કે જેથી યરુશાલેમ એક છેડેથી તે બીજા છેડા સુધી રક્તથી ભરાઇ ગયું" (૧૬). પરંતુ તેની કારકિર્દી ૫૫ વર્ષની હતી. હવે હેબ્રીઓના માનવા પ્રમાણે દીર્ઘાયુષ્ય તો યહોવાએ રાખેલી મહેરબાનીનું એક ચિહ્ન ગણાતું હતું. તો મનાશ્શેહે શું કરીને ઇશ્વરની કૃપા પ્રાપ્ત કરી હતી? તેનું કારણ ૨ કાળ.૩૩; ૧૦-૧૭માં મળી આવે છે, ત્યાં કહેલું છે, કે "તે સંકટમાં આવી પડ્યો, ત્યારે તે પોતાના પિતૃઓના દેવની આગળ અતિશય દીન થઇ ગયો," જેથી "ઇશ્વરે તેને યરુશાલેમમાં પાછો આણ્યો." પછીથી જે અન્ય દેવદેવીઓની મૂર્તિઓ તેણે યરુશાલેમમાં બેસાડી હતી, તે સર્વ તેણે શહેર બહાર ફેંકી દઇને યહોવાહની વેદી સમારી. (આપોક્રિફામાં જે સહુથી ટૂંકું પુસ્તક છે, તે તો "મનાશ્શેહે કરેલી પ્રાર્થના, એટલે તે બાબેલોનમાં કેદ કરાયો, ત્યારે તેણે જે પ્રાર્થના કરી તે," એ નામનું છે).

૩. પણ તેમાં ઉમેરેલી વાતોમાંની જે વાત સહુથી મહત્ત્વની છે, તે ત્રીજા પ્રકારની છે. જે જે બનાવોમાં ઇશ્વરનો હાથ વધારે સ્પષ્ટ દેખાઇ આવ્યો, તેવા બનાવો સંબંધીની તે છે. પુસ્તકનું મુખ્ય લક્ષણ એજ છે. એજ કારણને લીધે તે ખ્રિસ્તી વાચકોને વિશેષ પ્રિય લાગે છે. ઇશ્વરપરાયણદ્વારા આબાદાની તથા વિજયની પ્રાપ્તિ થાય છે, અને ઇશ્વરવિમુખતાનું પરિણામ દુઃખ તથા પરાજય છે, એ ઐશ્વરી નિયમના ઘણા દાખલાઓ આ વિભાગમાં મળી આવે છે. આ પ્રકરણ વિશેષ

ધ્યાન આપવા લાયક છે, તે ચેતવણી તેમ જ ઉત્તેજન આપનારા વચનથી ભરપૂર છે.

(૧) તેમાંના કેટલાએક ઉમેરા ટૂંકા છે ખરા, પણ તેમાં સમાએલાં વચન વજનદાર છે. દા.ત.

(અ) ૧ કાળ.૧૦;૧૩, ૧૪માં શાઉલ રાજાની પડતીનું કારણ જાહેર કરેલું છે.

(આ) ૨ કાળ.૧૨;૨=૧ રા.૧૪;૨૫. તેમાં જે વધારાના શબ્દો છે, તે અર્થભરેલા છે. આ વાતના દાખલાઓ દરેક પૃષ્ઠ પરથી મળી આવે છે. દા.ત.૨ કાળ.૨૨;૬,૭=૨ રા.૮;૨૯ : ૨ કાળ. ૨૫;૨૦=૨ રા.૧૪;૧૧ : ૨ કાળ.૩૨;૩૧=૨ રા.૨૦;૧૨.

(ઇ) ૨ કાળ.૩૬; ૧૪-૧૭માં યહુદાહના રાજ્યની વધતી જતી પડતી તથા તેના આખરી પતનનાં કારણ વર્ણવેલાં છે.

(૨) પણ વધારાના ઘણાખરા દાખલા લાંબા છે. તેમાં ઉપરોક્ત નિયમના ઘણા દાખલા સમાએલા છે. જુદા જુદા સંજોગોમાં જે મર્મ રહેલો હતો તે સમજાવનાર ઘણું કરીને કોઇ પ્રબોધક હતો. કોઇ જગાએ તે પ્રબોધકનું નામ આપેલું છે, પણ કોઇ જગાએ તે નનામો દેખાય છે. નીચેના જે દાખલા આપેલા છે, તે બધા ૨ કાળવૃત્તાંતમાં મળી આવે છે.

(અ) ૧૨; ૫-૧૩. પ્રબોધક શમાયાહ. તેના બોધને પરિણામે રહાબઆમ રાજા તથા તેના લોક યહોવાની આગળ દીન બની ગયા.

(આ) ૧૫; ૧-૧૫. અઝાર્યાહ. તેના બોધથી ધર્મજાગૃતિ થઇ, જેથી રાજા તથા રૈયત બંનેએ "નવેસરથી પોતાના ખરા અંતઃકરણથી અને સંપૂર્ણ ભાવથી યહોવાની ભક્તિ કરવાનો કરાર કર્યો."

(ઇ) ૧૬; ૭-૧૦. હનાની દ્રષ્ટા. તેણે આસા રાજાને ચેતવણી આપી, પણ રાજાએ તેની અવગણના કરીને "તેને હેડમાં પૂર્યો,"

(ઇ) ૧૯; ૧-૧૧. દ્રષ્ટા હનાનીનો પુત્ર યેહૂ. તેના બોધથી યહોશાફાટ ચેતવણી તેમ જ ઉત્તેજન પામ્યો.

(ઉ) ૨૦; ૧-૩૦. લેવી યાહઝીએલ. તેણે યહોશાફાટને મોઆબીઓ તથા આમ્મોનીઓની સામે પ્રોત્સાહન આપ્યું. "આ મોટા સૈન્યને લીધે તમારે બીવું નહિ; કેમ કે આ યુદ્ધ તમારું નથી, પણ ઇશ્વરનું છે" (૧૫) એ તેનું બોલેલું વચન સર્વ જમાનામાં સત્ય જણાઇ આવે છે.

(ઊ) ૨૧; ૧૨-૧૯. યહોરામ રાજા પર એલિયાએ લખેલો પત્ર. "તું ઇસ્ત્રાએલના રાજાઓને માર્ગે ચાલ્યો છે, તેથી યહોવા તને તથા તારા લોકને ભારે ધક્કો પહોંચાડશે," એવી તે પત્રમાં એલિયાએ આગાહી કરી હતી.

(એ) ૨૪; ૧૫-૨૨. યહોયાદા યાજકનો પુત્ર ઝખાર્યા. તેણે યોઆશ રાજાને જે ચેતવણી આપી, તેનો રાજાએ અનાદર કર્યો. "તેના પિતા યહોયાદાએ તેના પર જે કૃપા કરી હતી, તેનું વિસ્મરણ કરીને રાજાએ તેના પુત્રને મારી નાખ્યો" (મા.૨૩;૩૫).

(ઐ) ૨૫; ૫-૧૩. નનામો ઈશ્વરભક્ત. તેણે અમાસ્યાહને ઇસ્ત્રાએલની મદદ વગર અદોમીઓ પર આક્રમણ કરવાનું ઉત્તેજન આપ્યું.

(ઓ) ૨૫; ૧૪-૧૬. નનામો પ્રબોધક. અદોમીઓને હરાવ્યા પછી અમાસ્યાહ તેઓના દેવોને ઊભા કરીને તેઓની ઉપાસના કરવા લાગ્યો હતો. તેથી આ પ્રબોધકે તેને ધમકાવ્યો, પણ રાજાએ તેના કહેવા પર કંઇ પણ ધ્યાન આપ્યું નહિ.

(ઔ) ૨૮; ૫-૧૫. ઓદેદ નામનો યહોવાનો એક પ્રબોધક. તેની સલાહથી ઇસ્ત્રાએલીઓએ પકડાએલા યહૂદીઓને પાછા મોકલ્યા.

પડતી મૂકેલી તેમ જ ઉમેરેલી વાતોની ઉપરોક્ત તપાસ પરથી કાળવૃત્તાંતનાં મુખ્ય લક્ષણ સ્પષ્ટ દેખાઇ આવે એમ છે.

(૧) ઉત્તર ઇસ્ત્રાએલના ઇતિહાસની થોડી જ નોંધ કરેલી છે; એકલા યહૂદાહનો ઇતિહાસ આપેલો છે, એમ કહીએ તો ચાલે. આ બાબતનો શો ખુલાસો હશે? આપણા માનવા પ્રમાણે જૂના કરારમાં સમાએલો ઇતિહાસ ઇસ્ત્રાએલની અભિલાષાનો (૫૨.૧૪;૮) ઇતિહાસ છે, એટલે આવનાર જગત્રાતાના માર્ગની તે તૈયારીરૂપ છે. પણ ઇસ્ત્રાએલનાં દસ કુળોએ "પોતાના દેવ યહોવાની વિરુદ્ધ પાપ કર્યું" (૨ ૨૧.૧૭;૭). તેઓએ વિશ્વાસઘાત કર્યો હતો. તો ઈશ્વરના લોકના ઇતિહાસમાં તેઓનું શું સ્થાન હોઇ શકે? વળી મસીહ ઈસુ હારૂનના વંશનો નહોતો. "મેલ્ખીસેદેકના ધારા પ્રમાણે" બીજો એક યાજક ઉત્પન્ન થશે, એવું ભવિષ્યવચન કહેવામાં આવ્યું નહોતું શું? "સર્વે જાણે છે, કે આપણા પ્રભુનો જન્મ યહુદાહના કુળમાં થયો" (હેબ.૭; ૧૧-૧૪). તેથી કાળવૃત્તાંતનો લેખક યહુદાહ કુળને વિશેષ માન આપે, તે ઘટતું છે.

(૨) તે લેખકના સમજવા પ્રમાણે દાઉદ રાજા એક આદર્શ રાજા હતો. તેણે માન તથા મહિમાનો મુગટ પહેરાવ્યો છે. તેના કહેવા પ્રમાણે તે આદર્શ સરદાર પણ છે, કેમ કે તે શૂરવીર તેમ જ સંત પણ હતો. દાઉદનું આવું આકર્ષક ચિત્ર કાઢવામાં લેખકે ભૂલ કરી છે શું? તમામ યહૂદી પ્રજાએ તેને પિતાતૂલ્ય--"આપણા પિતા દાઉદનું રાજ્ય" (માર્ક ૧૧;૧૦)--ગણ્યો નથી શું? "હે દાઉદના દીકરા," એવા નામથી લુલા, લંગડા, આંધળા, હા, સઘળા કંગાળો ઈસુને સંબોધતા નહોતા શું? તેનાં દયામય કૃત્યો જોઈને લોકે પૂછયું કે "શું એ દાઉદનો દીકરો નથી?" (મા.૧૨;૨૩). વળી જે છેલ્લી વખતે તે મંદિરમાં હાજર થયો, ત્યારે દાઉદના પ્રભુ તેમ જ દાઉદના દીકરા તરીકે તેણે પોતાને પ્રગટ કર્યો (મા.૨૨;૪૫). તેથી દાઉદને વિશેષ માન આપવામાં લેખકે સારું કર્યું છે.

(૩) યરુશાલેમ તથા ત્યાંના મંદિરને પણ તેણે અતિશય માન આપ્યું છે. જો કે એવો વખત આવનાર હતો ખરો, કે જ્યારે "આ પહાડ પર તેમ જ યરુશાલેમમાં પણ બાપનું ભજન કરાશે નહિ" (યો.૪;૨૧), તોપણ જ્યાં સુધી તે ઘડી ન આવે અને જ્યાં સુધી સવારનો તારો ન ઊગે, ત્યાં સુધી સત્યનો તેમ જ જીવતા દેવના જ્ઞાનનો દીવો યરુશાલેમ તથ તેના મંદિરમાં સતેજ રાખવામાં આવ્યો હતો. "ઘણા લોક આવીને કહેશે, કે ચાલો, આપણે યહોવાના પર્વત પાસે, યાકૂબના દેવના મંદિર પાસે ચઢી જઈએ, કેમ કે નિયમશાસ્ત્ર સિયોનમાંથી ને યહોવાનાં વચન યરુશાલેમમાંથી નીકળશે" (યશ.૨;૩). તેથી લેખકે યરુશાલેમ તથા તેના મંદિરને વિશેષ માન આપ્યું, તે પણ તેણે સારું કર્યું છે.

(૪) પણ તે ઉપરાંત યહુદાહના ઈતિહાસમાં યહોવાની આંગળી કામ કરતી સર્વત્ર દેખાઈ આવે છે, તે વાતનું વિશેષ વર્ણન આ પુસ્તકમાં સમાએલું છે. તે નૈતિક બોધનું એક પાઠ્યપુસ્તક છે. તે વર્ગનાં પુસ્તક યહૂદીઓને ઘણાં પ્રિય લાગતાં હતાં. તેવું પુસ્તક મિદ્રાશ કહેવાતું હતું. ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં પણ તેનો તરજુમો "ટીકાગ્રંથો" કરેલો છે (૨ કાળ.૧૩;૨૨ : ૨૪;૨૭). પણ મિદ્રાશ ટીકાગ્રંથથી કંઈક જુદું હતું. તે ખાસ હેતુથી, એટલે અમુક બનાવમાં

રહેલો બોધ ઊઘાડો કરવાના હેતુથી, લખાએલું હતું. કાળવૃત્તાંતના લેખકે ઉપરના બે ટીકાગ્રંથોનો ઉપયોગ કર્યો હશે, અને એ આખું પુસ્તક "મિદ્રાશ" વર્ગનું છે, એ નિઃશંક વાત છે. ઈશ્વરનો હાથ સ્પષ્ટ દેખાઈ આવે, તેમ જ સર્વ ઇસ્ત્રાએલપુત્રો સંબંધી તેનો ઇરાદો પ્રગટ કરાય, તેવા ધ્યેયથી કાળવૃત્તાંતના લેખકે તેઓના ઇતિહાસની પુનરાવૃત્તિ આ પુસ્તકમાં પ્રસિદ્ધ કરેલી છે.

એવા દૃષ્ટિબિંદુથી કાળવૃત્તાંતનું પુસ્તક ઘણું મૂલ્યવાન ગણાવા લાયક છે. દેવપુત્ર ઈસુ ખ્રિસ્તની સુવાર્તા સિવાય જૂના કરારમાં વર્ણવેલા ઇસ્ત્રાએલના ઇતિહાસ કરતાં વધારે આકર્ષક વાર્તા આખી દુનિયાના સાહિત્યમાં મળતી નથી. કાળવૃત્તાંતમાં તે વાર્તા તથા તેમાં સમાએલો બોધ છોકરાં પણ સમજી શકે એવી સરળ રીતે લખેલાં છે. આશરે ઈ.સ.પૂર્વે ૩૦૦માં આ પુસ્તક સંપાદન કરવામાં આવ્યું, તો મક્કાબીઓના સમયમાં થએલી ભારે સતાવણી દરમિયાન (૧૬૮-૧૬૫) તે દ્વારા તે કચરાએલા લોકને કેટલો બધો દિલાસો મળ્યો હશે, તે સહેજ સમજાય છે. વળી આધુનિક ખ્રિસ્તી મંડળીને સારુ તે બોધથી ભરેલું છે. દાઉદ રાજાએ કરેલી ઉપકારસ્તુતિની પ્રાર્થના (૧ કાળ.૨૯; ૧૦-૧૯), યહોશાફાટે યહોવાને કરેલી યાચના (૨ કાળ.૨૦; ૬-૧૨), લેવી યાહઝીએલે લોકને કરેલી હાકલ (૨ કાળ.૨૦; ૧૫-૧૭)- તેમાં સદા જીવંત તથા પ્રેરક રહે એવાં વચન મળી આવે છે. કાળવૃત્તાંત તો વિશ્વાસ તથા આજ્ઞાંકિતપણાનું એક ઈશ્વરપ્રેરિત પાઠ્યપુસ્તક છે. "આપણે આપણા દેવ યહોવાનો શોધ કર્યો છે, તેથી તેણે આપણને ચોતરફ વિશ્રાંતિ આપી છે," એમ કાળવૃત્તાંતમાં આપેલા હેવાલ પ્રમાણે આસા રાજાએ કહ્યું (૨ કાળ.૧૪;૭. આના જેવાં બીજાં ઘણાં વચન મળી આવે છે : ૧ કાળ.૨૨;૯,૧૮ :૨૩;૨૫ : ૨ કાળ.૧૫;૧૫ : ૨૦;૩૦). જેમ જેમ આ પુસ્તકનું અધ્યયન આપણે કરતા જઈએ, તેમ તેમ ઈસુ, જે ઇસ્ત્રાએલની અભિલાષારૂપ ગણાય છે, તેના વચનનો પ્રતિધ્વનિ આપણા કાનોમાં ગુંજતો જણાય છે, કે "મારી પાસે આવો, અને હું તમને વિશ્રાંતિ આપીશ."

વિભાગ

૧. ૧ કાળ.૧-૧૦. આદમથી દાઉદ રાજા સુધી.

૨. ૧ કાળ.૧૧-૨૯.દાઉદ રાજાની કારકિર્દી.

૩. ૨ કાળ.૧-૯. સુલેમાન રાજાની કારકિર્દી.

૪. ૨ કાળ.૧૦-૩૬.બંદીવાસના છૂટકારા સુધી યહુદાહનો ઇતિહાસ.

સમાપ્ત